ચોર્યાશી
વૈષ્ણવની વાર્તા

ત્રણ જન્મની
લીલા ભાવના વાળી

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

શ્રી આચાર્યજી (શ્રીમદ્ વલ્લભાચાર્યજી)ના

ચૌર્યાસી વૈષ્ણવની વાર્તા

(ત્રણ જન્મની લીલાભાવનાવાળી)


प्रथम मीलन-महाप्रभु-गोवर्धननाथ

મૂ. સંપાદક

ગો. વ. પ. ભ. દ્વારકાદાસ પરીખ

પ્રકાશક

કોઠારી પ્રકાશન ગૃહ

૬૪, પુલ નીચે, ગાંધી માર્ગ,
અમદાવાદ. ટે. નં. ૧૩૫૧૭૮૭

પ્રકાશક
કોઠારી પ્રકાશન ગૃહ
ધર્મેશ ધનરાજભાઈ કોઠારી
૬૪, પુલ નીચે, ગાંધી માર્ગ,
અંમદાવાદ. ટે. નં. ૫૩૫૧૭૮૭

નવ સંસ્કરણ ૧૯૯૮
ન્યોછાવર. રૂ.૧૦૧/-

ટાઈપ સેટિંગ
પૂજા ગ્રાફિક્સ,
અશોકા ચેમ્બર્સ, મીઠાખળી
અમદાવાદ.

પ્રકાશકીય

સમસ્ત વૈષ્ણવગણની કૃપાથી કોઠારી પ્રકાશન ગૃહ દ્વારા આપણા પુષ્ટિ સંપ્રદાયના ઘણા પ્રકાશનો મળતા રહ્યો છે. ઘણા લાંબા સમયથી ૮૪ વૈષ્ણવની વાર્તા ત્રણ જન્મની લીલાભાવના સ્તુતિના પુસ્તકની માંગણી રહ્યા કરતી હતી અનેક સંસ્થાઓ દ્વારા આ પુસ્તકનું સતત પ્રકાશન થતું રહ્યું છે છતાં પણ તેની માંગણી યથાવત રહેવા પામી છે તેની આ માંગણીને ધ્યાનમાં રાખી પુસ્તક પ્રકાશિત કર્યું છે ૮૪ વૈષ્ણવની મૂળવાર્તા વ્રજભાષામાં છે. અન્ય ભાષાંતરની સહાય લઈને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં ખાસ કરીને શ્રી વલ્લભગ્રંથ પ્રકાશન સુરત તથા શ્રી પુષ્ટિસાહિત્ય પ્રકાશન અમદાવાદ દ્વારા પ્રકાશિત પુસ્તકનો સહારો વધારે લીધો છે. માટે આ સંસ્થાઓ તેમજ સંસ્થાઓના સ્થાપકોનો તેમજ તે પુસ્તકના અનુવાદ કર્તાઓનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ તેમના અમે ઋણી છીએ આ ઉપરાંત આ પ્રકાશન કાર્યમાં શ્રી હીરાભાઈ વી. દેસાઈ અને એ પુસ્તકના અનુવાદ કરતા બીપીન બીહારીદાસ તથા રાજકોટના પ.ભ. શ્રી મનસુખભાઈ માવજીભાઈ સોની તેમજ અમદાવાદના પ.ભ.શ્રી દામોદરભાઈ પી. શુક્લના સલાહસૂચન અમને મળતા રહ્યા છે માટે તેમનો પણ ખૂબખૂબ આભાર.

૮૪ વૈષ્ણવ જેવા સૈદ્ધાંતિક ગ્રંથોની પુષ્ટિ માર્ગમાં શરણે આવેલા જીવો માટે ખૂબ આવશ્યકતા છે આ વાર્તાઓ દ્વારા શ્રીમદ્ આચાર્ય ચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજી દ્વારા અંગિકૃત જીવોના અનુભવોનું શ્રવણ ચિંતન મનન કરવાથી પુષ્ટિમાર્ગમાં આંશક્તિ વધે છે. અને ૮૪ વૈષ્ણવોમાંના વૈષ્ણવોએ કઈ રીતે ભગવદ્ પ્રાપ્તિ કરી ? એ જાણી એ પ્રમાણે વર્તન કરી પુષ્ટિમાર્ગનો વિસ્તાર કરવો આજે ખૂબ જરૂરી બન્યું છે.

શ્રીમહાપ્રભુજી વિયોગ સ્વરૂપાત્મક છે એમણો મુખ્ય ૮૪ વૈષ્ણવોને અંગીકૃત કર્યા આવા ભક્તોનાં ચરિત્રનું આપણે શું વર્ણન કરી શકીએ એમના જીવનચરિત્રથી ભગવદ્ભાવનાઓ જો થોડીઘણી પણ આપણા જીવનમાં ઉતરે તો આપણે ધન્ય થઈશું શ્રીઠાકોરજી સમય સમય પર વૈષ્ણવ સૃષ્ટિને ભાવોનું પ્રદાન કરે અને ભગવદ્ચરણમાં અનુરાગ પ્રગટાવે એવી અમારી શ્રીઠાકુરજીને પ્રાર્થના છે.

નિકુંજનાયક શ્રીગોવર્ધનનાથજી

मंगला दर्शन श्रीनाथजी बावा

કલિ્ંદજાકૂલદુકુલહારી કુમારિકા કામ કલાવિતારી
વુંદાવને ગોધનવૃંદચારી મમ પ્રભુ શ્રી ગિરિરાજધારી

સકલ સિદ્ધિદાતા શ્રી યમુના મહારાણીજી



નમોસ્તુ યમુને સદા, તવ ચરિત્રમત્યદ્‌ભુતં
ન જાતુ યમયાતના, ભવતિ તે પયપાનતઃ ।
યમોપિ ભગિનીસુતાન્, કથમુહન્તિદુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકાઃ ॥

આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજી



સૌન્દર્યં નિજહૃદગતં પ્રકટિતં, સ્ત્રીગૂઢભાવાત્મકં
પું રુપું ચ પુનઃ તદન્તરગતં, પ્રાવિવિશત્સ્વપ્રિયે ।
સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ કુષ્ણો હિ યત્સાક્ષિકં
રૂપં તત્ ત્રિતયાત્મકં, પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ।।

પરમદયાલ શ્રી ગુંસાઈજી



સાયંકુંજાલયસ્થાસનમુપવિલસત્ સ્વર્ણ પાત્રં સુધૌતં
રાજદ્યજ્ઞોપવીતં, પરિતનુવસનં ગૌરમમ્ભોજવકત્રમ્ ।
પ્રાણાનાયમ્ય નાસાપુટનિહિતકરં, કર્ણરાજદ્વિમુકતં
વન્દેડર્ધોન્મીલિતાક્ષં મુગમદતિલકં, વિઠ્ઠલેશંસુકેશશં ॥

ચૌરાસી વૈષ્ણવોની વાર્તાઓની સૂચી

વાર્તા અંક	નામ	પૃષ્ઠ
૧	દામોદરાયદાસ હરસાની	૪
૨	કૃષ્ણદાસ મેઘન	૧૨
૩	દામોદરદાસ સંભલવાળા	૧૫
૪	પદ્મનાભદાસ	૨૪
૪-૧	બેટી તુલસાં	૩૧
૪-૨	વહુ પાર્વતી	૩૩
૪-૩	બેટા રઘુનાથદાસ	૩૪
૫	રજોબાઈ ક્ષત્રાણી	૩૫
૬	શેઠ પુરુષોત્તમદાસ	૩૭
૬-૧	બેટી રૂકમણી	૪૪
૬-૨	બેટા ગોપાલદાસ	૪૬
૭	રામદાસ સારસ્વત	૪૭
૮	ગદાધરદાસ	૫૦
૯	વેણીદાસ-માધવદાસ	૫૫
૧૦	હરિવંશ પાઠક	૫૮
૧૧	ગોવિંદદાસ ભલ્લા	૬૦
૧૨	અમ્મા ક્ષત્રાણી	૬૩
૧૩	ગજ્જન ધાવન ક્ષત્રી	૬૫
૧૪	નારાયણદાસ બ્રહ્મચારી	૬૭
૧૫	મહાવનની એક ક્ષત્રાણી	૭૦
૧૬	જીયદાસ સૂરી ક્ષત્રી	૭૪
૭	દેવાકપૂર ક્ષત્રી	૭૫
૮	દિનકદાસ શેઠ ક્ષત્રી	૭૬
૯	દિનકરદાસ-મુકુન્દદાસ	૭૮
૦	પ્રભુદાસ જલોટા	૮૨
૧	પ્રભુદાસ ભાટ	૮૬
૨	પુરુષોત્તમદાસ, સ્ત્રી-પુરુષ	૮૮
૩	ત્રિપુરદાસ કાયસ્થ	૯૧
૪	પૂરણ મલ ક્ષત્રી	૯૫
૫	યાદવેન્દ્રદાસ કુંભાર	૯૭
૬	ગુસાંઈદાસ સારસ્વત	૯૮

વાર્તા અંક	નામ	પૃષ્ઠ
૨૭	માધવભટ્ટ કાશ્મીરી	૯૯
૨૮	ગોપાલદાસ વાંસવાડાના	૧૦૨
૨૯	પદ્મારાવલ સાંચોરા	૧૦૬
૩૦	પુરુષોત્તમ જોષી સંચોરા	૧૧૦
૩૧	જગન્નાથ જોષી ખેરાળુના	૧૧૧
૩૧-૧	જગન્નાથ જોષીની માતા	૧૧૪
૩૧-૨	નરહરિ જોષી	૧૧૭
૩૨	રાણા વ્યાસ સાંચોરા	૧૨૦
૩૩	રામદાસ સાંચોરા	૧૨૫
૩૪	ગોવિંદ દુવે સાંચોરા	૧૨૮
૩૫	રાજા દુવે તથા માધો દુવે	૧૩૩
૩૬	ઉત્તમશ્લોકદાસ સાંચોરા	૧૩૭
૩૭	ઈશ્વરદાસ દવે	૧૩૯
૩૮	વાસુદેવદાસ છકડા	૧૪૦
૩૯	બાબાવેણું, કૃષ્ણદાસ ઘઘરી અને યાદવેન્દ્રદાસ	૧૪૭
૪૦	જગતાનંદ થાનેશ્વરના	૧૫૧
૪૧	આનંદદાસ વિશ્વંભરદાસ	૧૫૨
૪૨	અડેલની એક ક્ષત્રાણી	૧૫૪
૪૩	એક ક્ષત્રાણી પ્રયાગની	૧૫૬
૪૪	ગોરજા-સમરાઈ, સાસુ-વહુ	૧૫૮
૪૫	કૃષ્ણદાસી ખવાસની	૧૬૦
૪૬	બુલામિશ્ર સારસ્વત	૧૬૨
૪૭	રાથદાસ, મીરાંબાઈના પ્રોહિત	૧૬૬
૪૮	રામદાસ ચૌહાણ	૧૬૮
૪૯	રામાનંદ પંડિત	૧૭૦
૫૦	વિષ્ણુદાસ છિપા	૧૭૪
૫૧	જીવનદાસ ક્ષત્રી	૧૭૮
૫૨	ભગવાનદાસ સારસ્વત	૧૮૧
૫૩	ભગવાનદાસ સાંચોરા ભીતરીયા	૧૮૩
૫૪	અચ્યુતદાસ સનોઢિયા	૧૮૫

વાર્તા અંક	નામ	પૃષ્ઠ
૫૫	અચ્યુતદાસ ગૌડ બ્રાહ્મણ	૧૮૬
૫૬	અચ્યુતદાસ સારસ્વત	૧૮૯
૫૭	નારાયણદાસ કાયસ્થ, અંબાલાના	૧૯૦
૫૮	નારાયણદાસ ભાટ	૧૯૩
૫૯	નારાયણદાસ લોહાણા, ઠઠ્ઠાના	૧૯૪
૬૦	સિંહનંદની એક ક્ષત્રાણી	૧૯૮
૬૧	વીરબાઈ, દામોદરદાસની માતા	૨૦૧
૬૨	સ્ત્રી-પુરુષ ક્ષત્રી સિંહનંદના	૨૦૫
૬૩	અડેલના એક સુથાર	૨૦૮
૬૪	એક ક્ષત્રી પૂરવના	૨૦૯
૬૫	લઘુ પુરુષોત્તમદાસ ક્ષત્રી	૨૧૨
૬૬	કવિરાજ ભાટ, મથુરાના	૨૧૩
૬૭	ગોપાલદાસ ઈટોડા મથુરાના	૨૧૪
૬૮	જનાર્દનદાસ ચોપડા ક્ષત્રી	૨૧૫
૬૯	ગડુસ્વામી સનોડીઆં	૨૧૭
૭૦	કનૈયાલાલ ક્ષત્રી આગ્રાના	૨૧૮
૭૧	નરહરદાસ ગોડિયા બ્રાહ્મણ	૨૨૨
૭૨	નરહર સન્યાસી	૨૨૪
૭૩	સદ્દુપાંડે, ભવાની અને નરો	૨૨૭
૭૪	ગોપાલદાસ જટાધારી	૨૩૧
૭૫	કૃષ્ણદાસ સ્ત્રી-પુરુષ	૨૩૪
૭૬	સંતદાસ ચોપડા ક્ષત્રી	૨૩૭
૭૭	સંતદાસ - માધવદાસ	૨૪૧
૭૮	માધવી પટેલ અને વિરજો	૨૪૫
૭૯	ગોપાલદાસ નરોડાના	૨૪૭
૮૦	બાદરાયણદાસ બ્રાહ્મણ	૨૫૦
૮૧	સૂરદાસજી સારસ્વત બ્રાહ્મણ	૨૫૨
૮૨	પરમાનંદદાસ કનોજીયા બ્રાહ્મણ	૨૭૪
૮૩	કુંભનદાસજી ગોરવા ક્ષત્રી	૨૯૭
૮૪	કૃષ્ણદાસ અધિકારી	૩૨૫

અભેદભાવ

તદીય એટલે અંતરંગ, પુષ્ટિભક્તિમાં લૌકિક બુદ્ધિ ન રાખે. એમ જાણે કે તદીય પ્રસન્ન થશે તો મહાપ્રભુજી પ્રસન્ન થઈ દાન કરશે. તે બાબતમાં લૌકિક દૃષ્ટાંત આપે છે કે જે કામી પુરુષ હોય તે દૂતી દ્વારા પરસ્ત્રીને બોલાવે છે, અને તેનું કાર્ય તેના દ્વારા સિદ્ધ થાય છે, પણ દૂતી પ્રસન્ન થઈને કાર્ય કરે તો સિદ્ધ થાય, નહિ તો સિદ્ધ થાય નહિ. માટે જેમ દૂતી પ્રસન્ન રહે તેમજ તે પુરુષ કરે છે. એટલે દૂતી કે જે સિદ્ધ કરનારી છે તેના પર પણ અધિક સ્નેહ હોય છે. તેવી જ રીતે જીવ જ્યારે ભગવાનની સાથે મળે ત્યારે જ એ જીવનું કાર્ય સિદ્ધ થાય છે, પણ ભગવાન તે ભક્તના સંગ વિના મળે નહિ કારણ કે ભગવદીય દ્વારા ભગવાન પ્રસન્ન થાય છે. માટે ભગવદીયમાં અને ભગવાનમાં સમાન બુદ્ધિ સ્થાપન કરવી.

ધન, ઘર વગેરે જેમ ભાવપૂર્વક શ્રીઠાકોરજીમાં વિનિયોગ કરે, તે રીતે ભક્તમાં પણ વિનિયોગ કરે. કારણ કે એવી રીતે કરવાથી જ પ્રભુતિ પ્રસન્નતા થાય છે.

ભગવદીયમાં ભાવ થયો ક્યારે જાણીએ ? જેમ ધન, ઘર વગેરે શ્રીકૃષ્ણને સમર્પણ કરે છે અને ભાવ સહિત પ્રભુની સેવા કરે છે, તેવી જ રીતો ભાવ સહિત ભક્તની સેવા કરે, ધન, ઘર વગેરે મનવાણી અને કાર્યથી પ્રેમપૂર્વક ભગવદીયમાં વિનિયોગ કરીએ, તો પ્રભુ પ્રસન્ન થાય, ભગવદીય પોતે પ્રસન્ન થાય તો પ્રભુ પ્રસન્ન થાય છે તેમ જાણવું એમાં કંઈ પણ સંશય નથી.

—શ્રી હરિરાયજી



શ્રી છીત્ત સ્વામી





શ્રી ગોવિંદ સ્વામી



શ્રી હરિઃ

ચોરાસી વૈષ્ણવની વાર્તા

॥ શ્રી કૃષ્ણાય નમઃ । શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

હવે ચોરાસી વૈષ્ણવોની વાર્તા શ્રી ગોકુલનાથજીએ પ્રગટ કરી, તેનો ભાવ શ્રી હરિરાયજી કહે છે તે એ છીએ-

ભાવપ્રકાશ : ચોરાસી વૈષ્ણવોનું કારણ આ છે જે દૈવી જીવો ચોરાસી લાખ યોનિમાં પડ્યા છે થી મુક્ત કરવાને માટે ચોરાસી વૈષ્ણવો કર્યા, તે જીવ ચોરાસી પ્રકારના છે. રાજસી, તામસી, સાત્વિકી નિર્ગુણ, એ ચાર પ્રકારના જીવો ભૂતકાળમાં આવ્યા, તેમાંથી ગુણમય રાજસી, તામસી, સાત્વિકી વા દીધા તેમનો શ્રી ગુંસાઈજી ઉદ્ધાર કરશે.

શ્રી આચાર્યજી વિના શ્રીગોવર્ધનધર (લીલામાં) રહી ન શક્યા, તેથી પોતાના અંતરંગી નિર્ગુણ વાળા ચોરાસી વૈષ્ણવોને પ્રકટ કર્યા. (ભુતલમાં) તે એક એક લક્ષ નિર્ગુણ ભક્તનો ઉદ્ધાર (આ લાના) વૈષ્ણવો દ્વારા કર્યો.

બીજું રસાયણશાસ્ત્રમાં રસાદિક વિહારનાં આસન ચોરાશી વર્ણન કર્યાં છે તે ભિન્ન ભિન્ન અંગમાં ાવરૂપ એ ચોરાશી વૈષ્ણવો રસલીલા સંબંધી નિર્ગુણ છે. શ્રી ઠાકુરજીના અંગરૂપ છે, તેથી શાસ્ત્રરીતિથી ાસન ચોરાશી, આ ભાવથી અલૌકિક છે.

અને શ્રીઆચાર્યજીનાં અંગ દ્વાદશ છે, તે સ્વરૂપાત્મક છે. એક એક અંગમાં સાત સાત ધર્મ છે. ૈશ્વર્ય, વીર્ય, યક્ષ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ધર્મ અને એકધર્મી સાતમો, આ પ્રકારે બાર સતાં ચોરાશી ૈષ્ણવ અને શ્રીઆચાર્યજીના અંગરૂપ અલૌકિક સર્વ સામર્થ્યરૂપ છે.

વળી સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમની લીલા ચોરાશી કોસ વ્રજમાં છે. તે એક એક જીવનો અંગીકાર કરી, દૈવી જીવ જે ચોરાસી લાખ યોનિમાં પડ્યા છે. તેમનો ઉદ્ધાર કરી, ચોરાશી કોશ વ્રજમાં જે જીવ (જે) લીલા સંબંધી છે તેનો ત્યાં પ્રાપ્ત કરાવવાનો અર્થ ચોરાશી વૈષ્ણવ અલૌકિક પ્રગટ કર્યા.

આ ભાવથી ૮૪ વૈષ્ણવ શ્રીઆચાર્યજીના છે.

આ ભાવપ્રકાશનું રહસ્ય : શ્રી હરિરાયજીનો કહેલો આ ભાવપ્રકાશ નિગૂઢ છે તેથી અત્રે તેના રહસ્યનું ઉદ્‌બોધન કરવું આવશ્યક છે. આ ભાવપ્રકાશમાં દૈવી જીવોનું સ્વરૂપ અને તેના ઉદ્ધારની પ્રક્રિયાને કહેવામાં આવી છે. શ્રીવલ્લભાવતારનાં પુષ્ટિ દૈવી જીવોના મૂળ સ્વરૂપની સંગતિનો સામ્પ્રદાયિક ઈતિહાસ આ પ્રકારે છે.

બૃહદ્‌વામન પુરાણને અનુસાર પુષ્ટિ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનો આવિર્ભાવ સારસ્વત કલ્પમાં મુખ્યતઃ શ્રુતિઓને અર્થે વ્રજમાં થયો હતો. પ્રભુએ આવિર્ભૂત થઈને વ્રજમાં અનેક લીલાઓ કરી તે પર્યંતના બધા જ પ્રયત્નો શ્રુતિરૂપા આદિ ભક્તોના ઉદ્ધારાર્થે જ હતા. યદ્યપિ આપ ઈચ્છતા કે શ્રુતિઓ મારા મૂળ ધામની લીલામાં પ્રાપ્ત થાવ, તો કોઈપણ પ્રકારના પ્રયત્ન વિના જ; આવિર્ભૂત થયા વિના પણ તેમ થતું જ તથાપિ આપને ભૂતલ ઉપર પુષ્ટિમાર્ગને પ્રકટ કરવો હતો તેથી આપે ભૂતલ ઉપર પ્રકટ થઈને સ્વ સ્વરૂપ વડે વિવિધલીલાઓ કરી શ્રીગોપીજનોનો સમુદ્ધાર કર્યો. તે દ્વારા એ સિદ્ધાંતને પણ પ્રકટ કર્યો કે પુષ્ટિમાર્ગમાં જીવના ઉદ્ધાર અર્થે પ્રભુ પ્રયત્ન કરે છે. જ્યારે મર્યાદામાર્ગમાં જીવને સ્વયં પ્રયત્ન કરવો પડે છે. આમ

મર્યાદામાર્ગથી પુષ્ટિમાર્ગની વિલક્ષણતા પણ પ્રગટ થઈ. તદુપરાંત આપે પોતાના પુષ્ટિમાર્ગની સર્વોત્કૃષ્ટતાને પણ સિદ્ધ કરી. જે ગોપી આદિ સ્ત્રી ભક્તોમાં આપે પોતાના સાક્ષાત સ્વરૂપવાળા અનુગ્રહ માર્ગને સ્થાપિત કર્યો. તે ભક્તો શ્રીઉદ્ધવજીના શબ્દોમાં કવેમા સ્ત્રીયો વનચરીવ્યભિચારીદુષ્ટાં એ પ્રકારના હતા. અર્થાત્ કેવળ સાધન રહિત જ નહીં. કિન્તુ લોકવેદના ધર્મોથી વિપરીત ગતિવાળા પણ હતા, છતાં તેમના ઉપર પરમ અનુગ્રહ કરી તેમને પોતાના અપર સ્વરૂપ એવા પ્રેમનું દાન કર્યું, અને તેમને પુષ્ટિમાર્ગના ગુરુની કક્ષાએ સ્થાપ્યાં. તેથી જ બ્રહ્મા મહાદેવ અને ઉદ્ધવ આદિ પરમ ઉચ્ચ શ્રેણીનાં ભક્તો પણ તેમનાં ચરણ-રજની સદાય આંકાક્ષા રાખે છે, એટલું જ નહીં કિન્તુ સ્વયં ભગવાન પુષ્ટિ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પણ તેમની ઈચ્છાને સદાય આધિન રહે છે. આ જ પુષ્ટિમાર્ગની સર્વોત્કૃષ્ટતા છે.

આ પુષ્ટિમાર્ગનો ભવિષ્યમાં પણ ભૂતલ ઉપર પુનઃપ્રકાશ કરવો છે એમ વિચારીને ઉક્ત વ્રજસ્થ ભક્તોમાંથી કેટલાક ભક્તોને આપે ભૂતલ પર રાખ્યા. એ વડે પુષ્ટિસ્થ પ્રભુએ પોતાના કાર્યની 'તકાગોચરતા' 'સર્વત્તમ સ્વતંત્રતા' અને 'વિરુદ્ધ ધર્માશ્રયત્વ'ને પણ પ્રકટ કર્યુ. કેમ કે વૈદિક સિદ્ધાંતને અનુસાર ભગવાનનું જેને દર્શન-સ્પર્શન થાય તેની ભૂતલ ઉપર સ્થિતિ ફરી સંભવતી જ નથી. એટલે કે તેને જન્મ જન્માંતર હોઈ શકે જ નહીં. પરંતુ પુષ્ટિમાર્ગમાં કેવળ ભગવદિચ્છા જ એકમાત્ર પ્રમાણરૂપ હોઈ અત્રે બધું જ શક્ય છે. પ્રભુની ઈચ્છા જે પ્રકારથી જેની સાથે જેવી ક્રીડા કરવાની હોય છે તે પ્રકારથી તેની સાથે પોતે તેવી ક્રીડા કરે છે. તેમાં વેદ આદિ નિયામક હોતા નથી. પ્રભુના સ્વતંત્ર અને વિરુદ્ધ ધર્મ ક્રીડાનનાં અનેક દૃષ્ટાંતો શ્રીમદ્ભાગવતગીતામાં છે. અતઃ તેમાંથી કેવળ અહીં એક જ દૃષ્ટાંત આપી ઉક્ત વાતને સ્પષ્ટ કરવામાં આવે છે.

રાક્ષસી પૂતના છળ કરીને પ્રભુ પાસે આવી, તેનો આપે તત્કાળ મોક્ષ કર્યો અને ભક્ત મુચુકુંદને સ્વયં દર્શન આપ્યાં છતાં તેનો બીજા જન્મમાં ઉદ્ધાર કર્યો. આ પ્રકારનું પ્રભુનું સ્વતંત્ર અને વિરુદ્ધ ધર્મવાળું ક્રીડન છે. એથી એ સિદ્ધ થાય છે કે પુષ્ટિ માર્ગમાં પ્રભુની ઈચ્છા જ એક માત્ર પ્રમાણ છે.

સિદ્ધાંત અનુસાર ભગવદિચ્છાથી જે જીવો ભૂતલ ઉપર રહ્યાં છે તેમને જન્મ જન્માંતરો પ્રાપ્ત થયા અને 'સહસ્ત્ર પરિવત્સર' જેટલો કાળ તેમને પ્રભુથી બિછુરે થયો. તેથી કૃષ્ણ વિયોગ જનિત 'તાપકલેશાનંદ'નું તેમનામાંથી તિરોધાન થયું, ત્યારે ભગવદિચ્છાથી આ ભૂતલજીવોની શુદ્ધિ શ્રીસ્વામીજી દ્વારા પ્રભુને આવી, એટલે આપને તો જીવોના ઉદ્ધારનો વિચાર આવ્યો.

આ સમયે આપે નામાત્મક સ્વરૂપ વડે લીલા કરી જીવોના ઉદ્ધારનો સંકલ્પ કર્યો કેમ કે રૂપ અને નામ એમ બે પ્રકારથી પુષ્ટિમાર્ગમાં આપ સ્થિત થયા છો, રૂપલીલા વડે આપે શ્રી ગોપીજનોનો ઉદ્ધાર પૂર્વે કર્યો છે, તેથી દ્વિતીય નામલીલા રૂપથી આપે આધુનિક દૈવીજીવોના ઉદ્ધારનો સંકલ્પ કર્યો. ત્યારે નામ-સ્વરૂપના અધિષ્ઠાતાવાક્પતિ વૈશ્વાનરને આપે ભૂતલ પ્રકટ થવાની આજ્ઞા આપી, અને વિષ્ણુ અને વ્યાસને પ્રિય એવા ગૂઢાર્થરૂપ શ્રીમદ્ ભાગવતના રહસ્યને પ્રકટ કરી તે દ્વારા જીવોનો ઉદ્ધાર કરવાનો નિર્દેશ કર્યો. આજ્ઞાનુસાર શ્રીમદ્વલ્લભ ભૂતલ ઉપર પ્રકટ થયા.

શ્રીમદ્વલ્લભ ભૂતલ ઉપર પધાર્યા એટલે શ્રીગોવર્ધનધર પણ ત્યાં રહી શક્યા નહીં, કેમ કે ઉભયમાં પરસ્પર અતી સ્નેહ છે. અન્ય પ્રકારે અધિષ્ઠાતા દેવ વિના નામ-સ્વરૂપની સ્થિતિનો સંભવ નથી, તેથી આપ પોતાના અંતરંગી નિર્ગુણ-કેવળ ભાવરૂપ, આનંદરૂપ, દૈવી જીવોને લઈ સાક્ષાત નામાત્મક શ્રીમદ્ભાગવત સ્વરૂપદ્વાદશાંગવાળા ગોવર્ધનધર શ્રીનાથજીના રૂપથી ભૂતલ ઉપર પ્રકટ થયા. આ કેવળ ભાવરૂપ દૈવી જીવો

ભૂતલના જન્મ જન્માંતરને પ્રાપ્ત થયેલા દૈવી જીવોના આધિદૈવિક સ્વરૂપો હતાં. તેમને શ્રીગોવર્ધનધરે બ્રહ્મસંબંધ કરાવવાની આજ્ઞા સમયે શ્રીમદાચાર્યચરણમાં ભવપ્રકારથી સ્થાપ્યા, એટલે એ શ્રીઆચાર્યજીના દ્વાદશ અંગરૂપ સ્વરૂપાત્મક થયા. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, પ્રકારે ૪૮ સંખ્યાત્મક હતા.

સિદ્ધાંતાનુસાર ગુણ-ગુણીનો અભેદ હોવાથી તે સર્વે નિર્ગુણ સર્વ સામર્થ્ય રૂપ હતા. તદુપરાંત રાજસ, તામસ, અને સાત્વિક ભાવ-ભેદવાળા અંશ-અંશી કોટાનકોટિ જીવોને પણ શ્રીગોવર્ધનધરે શ્રીમદાચાર્યચરણમાં ભાવ-તત્વરૂપથી સ્થાપ્યા હતા. તેમને શ્રીમદાચાર્યચરણે પાછળથી શ્રીવિઠ્ઠલેશમાં સ્થાપ્યા હતા, જેમાં ૨૫૨ સગુણ અંશી પ્રકારના ભક્તોનો સમુદ્ધાર પોતે કર્યો. અન્ય અંશાત્મક સગુણ જીવોનો ઉદ્ધાર સ્વવંશ દ્વારા આજ પર્યંત શ્રી વિઠ્ઠલેશ કહી રહ્યા છે. શ્રીમદાચાર્યચરણમાં સ્થિત આ લીલાસ્થા આધિદૈવિક સ્વરૂપો અંગરસ હોવાથી, તેમ જ અંગના ધર્મરૂપ રસના આસનો હોઈ, તે તે અંગના આસનના ભાવરૂપ પણ છે. એથી પણ રસના સંબંધે તેમની નિર્ગુણતા સિદ્ધ થાય છે. એવી રીતે વ્રજચોરીથી કોશમાં પ્રભુની વિશિષ્ટ પ્રકારની એકેએક લીલા સ્થિત હોઈ, તેમ જ અંગના ધર્મરૂપ તે લીલાઓ હોઈ તેમની એક એક કોસમાં તે તે અંગીરૂપી જીવોની પ્રાધાન્યતા માની ગઈ છે. એથી ભૂતલસ્થિત ભૌતિકસ્વરૂપોનો તેમના જ આધિદૈવિક સ્વરૂપો વડે ઉદ્ધાર કરાવી ત્યાં તે તે લીલામાં તેમની સ્થિતિ કરાવી, આ પ્રકારે આધિદૈવિક અને આધિભૌતિક દેવી જીવોના સ્વરૂપોને જાણ્યા પછી હવે દેવીજીવોના ઉદ્ધારની પ્રક્રિયાને કહેવામાં આવે છે.

પુષ્ટિમાર્ગની દેવી જીવોના ઉદ્ધારની પ્રક્રિયા આ પ્રકારે છે. પ્રથમ તેમને તેના આધિદૈવિક સ્વરૂપનો સંબંધ કરાવી તેમને ભગવાન સાથેનો સાક્ષાત સંબંધ યોગ્ય 'કરવામાં આવે છે કેમ કે આધિદૈવિક ભગવાનનો ભૌતિક પદાર્થો સાથે સાક્ષાત સંબંધ થઈ શકે નહીં. એથી જ ભગવાન શ્રીકૃષ્ણ સાક્ષાતરૂપથી વ્રજમાં પ્રાદુભૂર્ત થયા, ત્યારે નિત્ય લીલાના વૃન્દાવન આદિસ્થાનો, શ્રીગિરિરાજજી આદિપર્વતો, અને શ્રીયમુનાજી આદિ નદી તેમજ વૃક્ષાદિની સાથે નિત્યસિધ્ધા શ્રીગોપીજનોનાં ભાવાત્મક રૂપો જે પ્રભુના સ્વરૂપમાં સિદ્ધ હતાં તેમનો તે તે નામરૂપ સ્થલ, વ્યક્તિ આદિમાં તેમના પોતાનાં સ્પર્શ દ્વારા પ્રવેશ કરાવ્યો હતો. જેથી સમગ્ર વ્રજ વ્યાપી વૈકુંઠ ગોલોક રૂપ થયું, અને તેને ભગવાનના અધિદૈવિક ચરણારવિંદનો સ્પર્શ થયો. ગોપીજનો આદિને પણ ભગવાનનો સાક્ષાત સંબંધ થયો.ત્યારે લીલા દ્વારા તે સર્વનો સમુદ્ધાર કર્યો. વેણુગીતના સુબોધિની તથા 'વિદ્વન્મંડન' આદીથી આ વાત સિદ્ધ થાય છે એ પ્રક્રિયાને અનુસાર જ શ્રીમદાચાર્યચરણે બ્રહ્મસંબંધનો પ્રકાર યોજયો છે અને તે દ્વારા તેના આદિદેવિક ભાવરૂપનો તેનામાં પ્રવેશ કરાવ્યો છે. ત્યારે જ તે જીવનિર્ગુણ રસમય બ્રહ્મની સેવાનો અધિકારી થઈ શક્યો. તેથી જ આપે સેવામાં ભૌતિક પાંચ દોષોને ન માનવાની માર્મિક આજ્ઞા કરી છે.

એ જ પ્રકારે કૃષ્ણના લીલાત્મક ભૌતિક સ્વરૂપાદિમાં પણ આચાર્યશ્રી તે તે લીલાના ભાવ સ્થાપન વડે તેમની આધિદેવિકતાનો પ્રકાશ કરાવી તેમને સાક્ષાત કરી આપે છે. એથી જ અત્રે વૈદિક મૂર્તિ પ્રતિષ્ઠા વિધાનનું સ્થાન જોવામાં આવતું નથી.

એક દિવસ શ્રીગોકુલનાથજી ચોરાસી વૈષ્ણવોની વાર્તા કરતાં કલ્યાણ ભટ્ટ આદિ વૈષ્ણવોની સંગે રસમગ્ન થઈ ગયા. તેથી શ્રીસુબોધિનીજીની કથા કહેવાની સુધી રહી નહીં. તે અર્ધ રાત્રિ થઈ ત્યારે એક વૈષ્ણવે શ્રીગોકુલનાથજીને વિનંતી કરી, જે મહારાજાધિરાજ ! આજ કથા ક્યારે કહેશો ! અર્ધરાત્રિ થઈ. ત્યારે શ્રીમુખથી શ્રીગોકુલનાથજીએ કહ્યું, જે આજ કથાનું ફલ કહીએ છીએ, વૈષ્ણવની વાર્તામાં સઘળું ફળ જાણજો. વૈષ્ણ ઉપરાંત બીજો કોઈ પદાર્થ નથી. આ પુષ્ટિમાર્ગ છે તે વૈષ્ણવ દ્વારા ફલિત થશે. શ્રીઆચાર્યજી

કર્યો છે.' તેથી વૈષ્ણવની વાર્તા છે તે સર્વોપરિ
પણ એ જ કહેતાં જે 'દમલા ! તારા માટે આ માર્ગ પ્રકટ કર્યો છે.' તેથી વૈષ્ણવની વાર્તા છે તે સર્વોપરિ
જાણજો. આ પ્રકારે ચોરાસી વૈષ્ણવ શ્રીઆચાર્યજીના નિર્ગુણ પક્ષના મુખિયા જાણવા.
હવે રહ્યા રાજસી, તામસી, સાત્વિકી. ગુણમય તેમના ઉદ્ધાર્થે શ્રીગુંસાઈજીએ ચોરાસી વૈષ્ણવ
રાજસી કર્યા. એ રીતે શરણે લીધા. એ ત્રણે યુથ મળીને બસોબાવન શ્રીગુંસાઈજીના અંગ સંબંધી છે.
આ પ્રકારે શ્રીઆચાર્યજી, શ્રીગુસાંઈજીના સેવકોનો ભાવ રહ્યો.
હવે શ્રી આચાર્યજીના ચોરાસી વૈષ્ણવોની વાર્તાઓમાં ગૂઢ આશય શ્રીગોકુલનાથજી કહે છે. ત્યાં
શ્રીહરિરાયજી કંઈક ભાવ પ્રકટ કરે છે, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને જણાવવાને અર્થે.

॥ વાર્તા ૧ ॥

હવે પ્રથમ સેવક તે શ્રીઆચાર્યજીના મહાપ્રભુજીના દામોદરદાસ, જેમને શ્રી આચાર્યજી 'દમલા'
કહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—
ભાવપ્રકાશ : શ્રીઆચાર્યજી મહાપ્રભુજી દામોદરદાસને 'દમલા' કહેતા, તે એથી જે દમલા તે
અમલા, મલ કરીને રહિત. ત્યાં આ સંદેહ થાય. જે સાધરણ વૈષ્ણવમાં મલ નથી તો દામોદરદાસના
દરશનથી એમનું નામ લેવાથી પાપ જાય તો એમનું નામ દમલા તે અમલા કહ્યું તેનું પ્રયોજન શું ? આ સંદેહ
હોય ત્યાં કહે છે. જે આ ભક્તિ માર્ગમાં શ્રીઠાકુરજીમાં પ્રીતિ હોય ત્યાં સુધી 'અમલ' (મલ રહિત) છે.
જ્યારે શ્રીઠાકુરજી અધિક શ્રીઆચાર્યજીમાં પ્રીતિ હોય ત્યારે તેને અમલા કહીએ દામોદરદાસજીનો એક દઢ
ભાવ શ્રીઆચાર્યજીમાં છે, કેમ ? જો (એક સમય) દામોદરદાસજીની ગોદીમાં શ્રીમસ્તક ધરીને શ્રીઆચાર્યજી
પોઢ્યા હતા. તે (સમયે) શ્રીગોવર્ધનધર સાક્ષાત્ પધાર્યા ત્યારે દામોદરદાસે રોક્યા (જે) નિકટ ન પધારો.
શ્રીમહાપ્રભુજી જાગી જાશે. એવો દઢભાવ છે જે ઊઠીને શ્રી ઠાકુરજીને દંડવત પણ ન કર્યા.
વળી શ્રીગુસાંઈજી પૂછે, જે શ્રીઠાકુરજીથી મોટા કેમ કહ્યા ? ત્યારે દામોદરદાસે કહ્યું, જે દાન મોટું કે
દાતા મોટો ? દાતા જ્યાં ઈચ્છે ત્યાં દાન જાય, જ્યાં ઈચ્છે ત્યાં દાનને રાખે, આ ભાવ દઢ છે તેથી શ્રી
આચાર્યજી દમલા કહેતા જે કોઈ પ્રકારથી અન્ય સંબંધની ગંધ પણ નથી, તેથી 'અમલા' છે.
અને એમનું નામ દામોદરદાસ એથી છે. જે પુરુષોત્તમ સહસ્રનામમાં શ્રીઆચાર્યજી કહે છે.
'દામોદરો ભક્ત વશ્યો.' અને શ્રી સુબોધિનીજીમાં વિસ્તાર કરીને આપ લખે છે, જે પુરુષોત્તમ સાક્ષાત
ભક્તોને વશ દેખાડ્યા તે પોતાનું બંધન છોડી ન શક્યા અને જસોદાજીનું અને વ્રજ ભક્તોનું સ્વરૂપ
દેખાડ્યું. જશોદાજી એટલા ભક્ત છે, જે શ્રીઠાકુરજીને બાંધ્યા તે ભક્તોની સંમતિ જોઈ બંધાયા, જે દોરડું
વ્રજભક્તો લાવ્યા છે, તેનાથી બંધાયા પરંતુ જશોદાજીનું બંધનવ છોડાવવાનું સામર્થ્ય નથી તેથી યમાલર્જુન
વૃક્ષ પડ્યાં ત્યારે કોલાહલ થયો ત્યારે વ્રજભક્તોએ દાંમ (દોરડું) છોડ્યાં છે. તેથી શ્રીઠાકુરજીથી જશોદાજી
મોટા અને શ્રીદામોદરજીથી વ્રજ ભક્તો મોટા તે ભક્ત વત્સલતા પ્રકટ કરી.
તે જ પ્રકારે દામોદરદાસથી નામથી દામોદર, જે અનન્ય ભક્ત છે તેમના વશ શ્રી આચાર્યજી છે.
તેથી કહેતા દમલા આ માર્ગ તારા માટે પ્રકટ કર્યો છે. તેમાં એ આવ્યું જે બીજા ભક્તો ઘણા છે. પરંતુ તારે
હું વશ છું, એમ જણાવ્યું.
અને દામોદરદાસનું અલૌકિક સ્વરૂપ છે, તે લલિતાજીનું પ્રાગટ્ય છે. ત્યાં સઘળી રહસ્ય લીલામાં
શ્રી સ્વામીજીની આજ્ઞાકારી જેમ લલિતાજી છે તે પ્રકારે અહીં શ્રીઆચાર્યજીની આજ્ઞાકારિણી લલિતરૂપ
જે જન્મથી જ બાલબ્રહ્મચારી અને સખીરૂપ હોઈ ગૃહસ્થાશ્રમને જાણતા નથી.

તે લલિતાજીનો ભાવ આ કીર્દનમાં જાણવો

—राग केदारो—

हँसि हँसि द्ध पीवत नाथ ।
मधुर कोमल कहि कहि, प्राणप्यारी साथ ॥१॥
कनक कटोरा भर्यो अमृत दियो ललिता हाथ ।
लादिली अचवाय पहेले, पाछे आप अघात ॥२॥
चितामनि चित बस्यो सजनी, निरखि पिय मुसिकान ।
स्यामा स्वाम की नवल छबि, परि रसिक बलि बलि जात ॥३॥

આનો ભાવ એ છે, જે બંને સ્વરૂપ રત્નજડિત શય્યા પર બિરાજે છે. ત્યાં લલિતાજી કનક કટોરામાં દૂધ ઓટિને મિશ્રી પધરાવી લઈ આવ્યાં. ત્યારે લલિતાજીએ વિચાર કર્યો જે બંને સ્વરૂપ બિરાજે છે. તેથી પહેલાં હું શ્રીસ્વામીજીના હાથમાં દઈશ તો શ્રીઠાકુરજીને પાન કરાવીને (પછી) પોતે પાન કરશે. તો મનોરથ સિદ્ધ થશે નહીં, અને શ્રી ઠાકુરજીના હાથમાં દઈશ તો પહેલાં પાન શ્રીસ્વામિનીજી કરશે. તેથી દૂધનો કટોરો શ્રીઠાકુરજીના હાથમાં દીધો. ('લાડિલી અચવાય પહેલે પાછેં આપ અઘાત.') કેમકે એમના હાથથી એ આરોગે (અને) તેમના હાથથી ચિંતામણીરૂપ શ્રીઠાકુરજી શ્રીસ્વામિનીજીના હૃદયમાં છે તે આરોગે તેથી શ્રીસ્વામિનીજીના પાન કરવાથી શ્રીઠાકુરજી તૃપ્ત થાય છે. આ પ્રકારે લલિતાજીની પ્રીતિ ચાતુર્ય જોઈને શ્રીઠાકુરજી હસ્યા. એ નવલ છબિ દૂધપાન કરવાના સમયની શોભા ઉપર હું-શ્રીહરિરાયજી-બલિહારી જાઉં છું.

આ પ્રકારનો ભાવ દામોદરદાસનો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીમાં છે. તેથી અલગ શ્રીઠાકુરજીની સેવા નહિ પધરાવી. (કેમકે) શ્રીઆચાર્યજી મહાપ્રભુજી ઠાકુર છે. પોતે ('દામોદરદાસજી માનસી સા પરા મતા') માનસી સેવાના અધિકારી છે, લીલા રસમાં મગન રહે છે.

વાર્તાપ્રસંગ ૧ : પછી એક સમય શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપે વ્રજમાં ચરણ ધર્યા ત્યારે દામોદરદાસ સાથે હતા. શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપ દામોદરદાસને 'દમલા' કહેતાં અને કહેવો જે-'દમલા આ માર્ગ તારા માટે પ્રકટ કર્યો છે.'

શ્રી ગોકુલમાં ચોંતરો એક ગોવિંદઘાટ ઉપર હતો, તે જગ્યાએ છોકર (સમીવૃક્ષ)ના નીચેથી આચાર્યજી આપ વિશ્રામ કરતા. તેની પાસે શ્રીદ્વારકાનાથજીનું મંદિર છે. ત્યાં શ્રીઆચાર્યજીને ચિંતા ઉપજી જે—શ્રીઠાકોરજીએ આજ્ઞા આપી છે કે, જીવોને (તમે) બ્રહ્મ(નો) સંબંધ કરાવો. તેથી શ્રીઆચાર્યજીએ વિચાર્યું, કે જીવ તો દોષ સહિત છે, અને શ્રીપૂર્ણ-પુરુષોત્તમ તો ગુણનિધાન છે. એ સંબંધ કેમ થાય ? તેથી ચિંતા ઉપજી તે તેથી અત્યંત આતુર થયા.

તે સમયે શ્રીઠાકુરજીએ તત્કાલ પ્રકટ થઈને શ્રીઆચાર્યજીને પૂછ્યું. જે તમે ચિંતાતુર કેમ છો ? ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ-કહે, જે-જીવનું સ્વરૂપ તો આપ તમો જાણો જ છો (કે) તે દોષવંત છે. (તેથી) આપની સાથે જીવોનો સંબંધ કેવી રીતે થાય ? ત્યારે શ્રીઠાકુરજી કહે, જે-તમે જે જીવને 'નામ' (અષ્ટાક્ષર-પંચાક્ષર મંત્ર) આપશો તેના સકલ દોષ નિવૃત્ત થશે જેથી તમે જીવોનો અંગીકાર કરો.

ભાવપ્રકાશ : જીવોને ઉદ્ધારવાની ચિંતા થઈ તેનું કારણ એ. જે પ્રીતમને ઉત્તમ વસ્તુ અંગીકાર કરાવીએ ? મધ્યમ વસ્તુ દોષ સહિત જે જીવ તેનો કેવી રીતે અંગીકાર કરાવીએ ? માર્ગમાં આ રીતિ છે.

વળી જગતમાં મહાત્મી જીવ છે. જો આપ બ્રહ્મસંબંધ કરાવે તો લોકમાં જીવને દઢ વિશ્વાસ કોઈ એકને થાય. તેથી ઠાકુરજીના શ્રી મુખથી બ્રહ્મસંબંધની આજ્ઞા કરાવી તે વડે જીવોને દઢ વિશ્વાસ કરાવ્યો જે શ્રીઠાકુરજીએ વચન આપ્યું છે કે જેને બ્રહ્મસંબંધ થશે તેને આપ નહીં છોડો આ મહાત્મ્યથી જીવ બ્રહ્મસંબંધ કરશે તેથી શ્રી ઠાકુરજી દ્વારા કહેવડાવ્યું.

એ વાર્તા શ્રાવણ સુદી એકાદશીના દિવસે મધ્યરાત્રિએ થઈ. પ્રાતઃકાલ પવિત્રા દ્વાદશી હતી તેથી પવિત્ર સૂતરનું સિદ્ધ કરી રાખ્યું હતું. તે ધરાવ્યું. તે સમયના અક્ષર છે, તેનો શ્રીઆચાર્યજીએ સિદ્ધાંત રહસ્ય ગ્રંથ કર્યો છે.

તે દામોદરદાસ થોડે દૂર સૂતા હતા, તેથી દામોદરદાસને શ્રીઆચાર્યજીએ પૂછ્યું જે દમલા ! તેં કંઈ સાંભળ્યું ? ત્યારે દામોદરદાસે કહ્યું જે-મહારાજ ! મેં શ્રીઠાકુરજીનાં વચન સાંભળ્યાં તો ખરાં પણ સમજ્યો નહીં.

ત્યારે શ્રીઆચાર્યજી આપ કહે જે મને શ્રીઠાકુરજીએ આજ્ઞા કરી છે જે તમે જીવોને બ્રહ્મસંબંધ કરાવો તેનો હું અગીકાર કરીશ. અને જેને તમે નામ દેશો તેના સકલ દોષ નિવૃત્ત થશે. તેથી બ્રહ્મસંબંધ અવશ્ય કરવું.

ભાવપ્રકાશ : દામોદરદાસે કહ્યું, જે મેં શ્રીઠાકુરજીનાં વચન સાંભળ્યાં પણ સમજ્યો નહીં તેનું કારણ એ સૂચવ્યું, જે-એકાદશ અધ્યાયમાં ભગવદગીતામાં શ્રીઠાકુરજીનાં વચન છે જે આપ મેળ સમજવા ઈચ્છે તો (યથાર્થ) ન સમજાય, જ્યારે ગુરુકૃપા કરે ત્યારે સમજી શકાય. તેથી શ્રી ઠાકુરજીના કહેવાથી દામોદરદાસ સમજે ત્યારે (તો) શ્રીઠાકુરજીના સેવક થયા (કહેવાય) અને દામોદરદાસ તો શ્રીઆચાર્યજી સમજાવે ત્યારે જ સમજે. એમ કહીને એમ સૂચવ્યું જે હૃદયમાં દઢજ્ઞાન ગુરુની કૃપાથી જ થાય. (એમાં) સ્વામી સેવકભાવ પ્રકટ બતાવ્યો. જે દામોદરદાસ સમજે તો શ્રીઆચાર્યજી બરાબરીનું જ્ઞાન દામોદરદાસમાં છે એમ કહેવાય. તેથી કહે હું સમજ્યો નહીં. અથવા કહે, મારે તે સમજવાનું શું પ્રયોજન છે ? મારે તો આપ કહો તેટલું જ સમજવાનું પ્રયોજન છે.

અને કથા કહેતામાં શ્રીઆચાર્યજી દામોદરદાસને કહેતા જે-દમલા ! બહુ વાર થઈ છે, શ્રીઠાકુરજીની વાર્તા નથી કરી.

ભાવપ્રકાશ : તેનું તાત્પર્ય એ છે કે શ્રીઠાકુરજીની વાર્તા આપ શ્રીસ્વામિની રૂપે દામોદરદાસ લલિતા સખી રૂપ સાથે, નથી કરી. લલિતાજી એકાંત રહસ્ય વાર્તા, શ્રીઠાકુરજી મળ્યાનો પ્રસંગ પ્રથમ જે પ્રકારે લીલા કરી, વગેરે વાર્તા કરવાને માટે બધાની આગળ એમ કહેતા 'જે શ્રીઠાકુરજીની વાર્તા નથી કરી.'

વાર્તાપ્રસંગ ૨ : અને શ્રીઆચાર્યજીએ શ્રીઠાકુરજીની પાસે ત્રણવાર એ માગ્યું, જે મારી આગળ દામોદરદાસની દેહ ન છૂટે, તેનો હેતુ એ છે જે શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપે સંન્યાસ ગ્રહણ કરવાનો વિચાર મનમાં કર્યો તે સમયે શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજી બેઉ ભાઈ બાળક હતા. તેથી માર્ગની વાર્તા શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ દામોદરદાસને સમજાવીને તેમના હૃદયમાં સ્થાપી હતી. દામોદરદાસથી કંઈ ગોપ્ય રાખ્યું ન હતું.

અને શ્રીઆચાર્યજી શ્રીભાગવત અહર્નિસ અવલોકતા કથા કહેતા અને દામોદરદાસ સાંભળતા અને માર્ગનો બધો સિદ્ધાંત અને ભગવલ્લીલા રહસ્ય શ્રીઆચાર્યજીએ દામોદરદાસના હૃદય વિશે સ્થાપ્યું હતું.

દામોદરદાસના હૃદય વિશે માર્ગ સ્થાપી કેટલાક દિવસ પછી શ્રીઆચાર્યજીએ આપે સંન્યાસ ગ્રહણ

કર્યો. ત્યારપછી કેટલાક દિવસ બાદ શ્રીગુસાંઈજીએ શ્રીઅક્કાજીને પૂછ્યું જે, આચાર્યજીએ માર્ગ પ્રકટ કર્યો છે, તો ઉત્સવનો શો પ્રકાર છે ? અમે તો કંઈ જાણતા નથી' ત્યારે અક્કાજીએ કહ્યું, જે માર્ગ તથા ઉત્સવનો બધો પ્રકાર દામોદરદાસને કહ્યો છે, એમને તમે પૂછો તમને દામોદરદાસ બધું કહેશે.

એટલે શ્રીગુસાંઈજી દામોદરદાસના ઘરે પધાર્યા. દામોદરદાસે આપનું બહુ સન્માન કરી ભક્તિભાવથી ઘરમાં પધરાવ્યા ત્યારપછી શ્રીગુસાંઈજીએ ઉત્સવનો પ્રકાર પૂછ્યો, તે તે બધો દામોદરદાસે કહ્યો.

ભાવપ્રકાશ : આમાં સંદેહ ઘણો છે જે શ્રીઆચાર્યજી કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સર્વ સામર્થ્યયુક્ત છે. તો શ્રીઠાકુરજી પાસે કેમ માંગ્યું ? તેનો અભિપ્રાય આ છે. જે દામોદરદાસને પ્રેમલક્ષણા ભક્તિ દઢ થઈ ચૂકી છે. અને તેઓ લલિતાજીનું સ્વરૂપ છે અને શ્રીઠાકુરજીને પરમ મિત્ર છે. લલિતાજી મધ્યા છે તેથી બંને સ્વરૂપોની સેવામાં મગ્ન છે.. એમને શ્રીઆચાર્યજીનાં દર્શન અને શ્રીઠાકુરજીનાં દર્શન બંનેમાં ભાવ છે તેથી શ્રીઆચાર્યજીએ શ્રીઠાકુજીને કહ્યું જે-હું દામોદરદાસનો જેમ નિત્ય અનુભવ કરાવું છું તેમ આપ પણ નિત્ય આપના સ્વરૂપનો અનુભવ કરાવજો.

આમ કહીને એ સૂચવ્યું જે દામોદરદાસ ઉપર શ્રીઆચાર્યજીની અત્યંત પ્રીતિ છે. કદાચ એમ ન થાય ને મારી પાછળ દામોદરદાસ કોઈ વાતથી દુઃખ પામે, તેથી શ્રીઠાકુરજીને કહ્યું.

અને માર્ગ દામોદરદાસના હૃદયમાં સ્થાપન કર્યો, ,તે શ્રીગુસાંઈજીને માટે. તેનું તાત્પર્ય એ છે જે યદ્યપિ શ્રીગુસાંઈજી ઈશ્વર છે, બાલક છે તો શું થયું ? પરંતુ આચાર્યજી મહાપ્રભુજીએ પોતાનો ભક્તિમાર્ગ તો દામોદરદાસના હૃદયમાં સ્થાપન કરેલો હતો. આપશ્રીમુખથી કહેતા, 'આ માર્ગ દમલા તારા માટે પ્રકટ કર્યો છે.' તેથી વૈષ્ણવના હૃદયમાં સ્થાપન કરે તો આગળ વૈષ્ણવોમાં ફેલાય. જો શ્રીગુસાંઈના હૃદયમાં પ્રથમ ધર્મ રહે તો ગોકુલમાં જ ધર્મ રહેતો. ગોકુલમાં તો પહેલાથી જ શેષ-અશેષ માહાત્મ્યને ધારણ કરાવ્યું છે. (સ્થાપ્યું જ છે) કેમ કે વલ્લભકુલ એ બિન્દુ સૃષ્ટિ છે. વૈષ્ણવો તો નાદ સૃષ્ટિ છે તેથી એને તો ભક્તિ દીધાથી થાય. તેથી ગોપાલદાસે ગાયું છે 'ભક્તિમાર્ગીય જીવ સ્વતંતર કેવળ ભક્ત ન થાય.' તેથી ભક્તિમાર્ગીય જીવ સ્વતંત્ર છે. દૈવી છે. શ્રીઆચાર્યજી 'નવરત્ન'માં કહે છે જે 'નિવેદન'તું સ્મર્તવ્યં સર્વથા તાદશર્જનૈઃ આ પ્રકારે ભક્તોના હૃદયમાં સંપ્રદાય રાખ્યો તેથી ભક્તિમાર્ગ પ્રકટ થયો, નહીં તો ઈશ્વરમાર્ગ કહેવાત. ભક્તિમાર્ગમાં ઈશ્વરમાર્ગ પણ કહેવાય. જ્યાં ભક્તિ ત્યાં ભગવાન. જ્યાં ભક્તિ નહીં ત્યાં ભક્તિમાર્ગની રીતિથી ભગવાન ન રહે. અંતર્યામી થઈ રહે તેથી ભક્તોનો ઉત્કર્ષ જેમાં હોય તે ભક્તિમાર્ગ કહેવાય.

વાર્તાપ્રસંગ ૩ : ફરી એક સમયે દામોદરદાસ અને આપ શ્રીગુસાંઈજી એકાંતમાં બેઠા હતા ત્યારે શ્રીગુસાંઈજીએ દામોદરદાસને પૂછ્યું જે તમે શ્રીઆચાર્યજીને શું કરીને જાણો છો ? ત્યારે દામોદરદાસે કહ્યું જે અમે તો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને જગદીશ જે જગતમાં સર્વથી મોટા ઠાકુરજી કહેવાય છે તેમનાથી પણ અધિક કરી જાણીએ છીએ. ત્યારે શ્રીગુસાંઈજીએ દામોદરદાસને કહ્યું જે તમે એમ કેમ કહો છો જે શ્રીઠાકુરજીથી મોટા છે ? ત્યારે દામોદરદાસે શ્રીગુસાંઈજીને કહ્યું, જે મહારાજ ! દાન મોટું કે દાતા મોટો ? કોઈની પાસે ધન બહુ છે તો શું કરે ? દે તેનું જાણીએ અને શ્રીઆચાર્યજી મહાપ્રભુનું સર્વસ્વ ધન જે શ્રીનાથજી છે તેનું અમારા જેવા જીવોને આપે દાન કર્યું છે, તેથી અમે શ્રીઆચાર્યજીને સર્વથી મોટા જાણીએ છીએ.

વાર્તાપ્રસંગ ૪ : ફરી એક સમય શ્રી ગુસાંઈજી બેઠકમાં બિરાજતા હતા. બે ચાર વૈષ્ણવો કુંભનદાસ, ગોવિંદદાસ આદિ એકાંતે હસવા ખેલવાને માટે પાસે બેઠા હતા. તે સમયે દામોદરદાસ ત્યાં

આવ્યા. ત્યારે શ્રીગુસાંઈજીએ બહુ આદર સન્માન કર્યું. પછી દામોદરદાસ ત્યાં આવીને દંડવત કરીને બેઠા ત્યારે શ્રીગુસાંઈજીને દામોદરદાસે કહ્યું, જે મહારાજ ! આપણો માર્ગ નિશ્ચિતતાનો નથી. આ માર્ગ તો અત્યંત કષ્ટ આતુરતાનો છે. દુઃખનો છે. ત્યારે શ્રીગુસાંઈજી કહે, જે તમે ધન્ય છો સાચી વાત કહો છો. પરંતુ અમને જ્યારે શ્રીઆચાર્યજીની કૃપા થશે ત્યારે કષ્ટ આતુરતા થશે. આ માર્ગ શ્રી આચાર્યજીના અનુગ્રહ વિના ફુલરૂપ ન બને.

ત્યારે દામોદરદાસે દંડવત કર્યા અને કહ્યું જે અમારે રાજથી એકવાર વિનંતી કરી હતી તે કરી. પછી તો આપં પ્રભુ છો યોગ્ય હશે તેમ કરશો, પરંતુ આ માર્ગ તો આ પ્રકારનો છે. ત્યારે શ્રીગુસાંઈજી બહુ પ્રસન્ન થયા અને કહ્યું, જે અમને વાત શ્રી આચાર્યજી મહાપ્રભુએ તમાંરા દ્વારા કહી. જો તમે ન કહેશો તો બીજો કોણ કહેશે ? તમને જોઈએ છીએ ત્યારે ચિત્ત અતિ પ્રસન્ન થાય છે તેથી સુખેથી કહો. આપના જેવા શ્રીઆચાર્યજીના સેવક યોગ્ય જ કહેતા હોય. આમ કહી દામોદરદાસની શિક્ષા અંગીકાર કરી તેથી મોટા તે મોટા.

ભાવપ્રકાશ : આ લોકરીતિથી વિરુદ્ધ છે, જે સેવક સ્વામીને શિખામણ આપે. આ સંદેહ થાય ત્યાં કહે છે, દામોદરદાસ લલિતારૂપ છે અને શ્રી ચંદ્રાવલીજીને (શ્રીગુસાંઈજીને) પરકીયા રસભાવ છે. પરકીયા રસમાં પ્રીતિ ઘણી છે. અષ્ટપ્રહર ચિત્ત પ્યારાથી લાગ્યું રહે છે. તે જારભાવનો પ્રકાર દેખાડ્યો જે બીજાની સંગે હાંસી કેવી ?

તથા દામોદરદાસની દેહ માત્ર દેખાય છે પરંતુ શ્રીઆચાર્યજીનો આવેશ અષ્ટપ્રહાર રહે છે. તેમના મુખથી શ્રીઆચાર્યજી બોલે છે. તેથી ગુસાંઈજીએ કહ્યું જે અમને આ વાતો શ્રીઆચાર્યજી મહાપ્રભુજી તમારી દ્વારા કહે છે.

વાર્તાપ્રસંગ ૫ : અને એક દિવસ દામોદરદાસના પિતાનો શ્રાદ્ધદિન હતો તે દિવસે શ્રીગુસાંઈજી ત્યાં પધાર્યા. એમના પિતાનું શ્રાદ્ધ કરાવ્યું. પછી ઉત્થાપનના સમયે દામોદરદાસ દર્શને આવ્યા ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું જે મને શ્રાદ્ધની દક્ષિણા આપો ત્યારે દામોદરદાસે કહ્યું જે દક્ષિણામાં એક વાત કહીશ. પછી સિદ્ધાન્તરહસ્યના દોઢ શ્લોકનું વ્યાખ્યાન કહ્યું. ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે આગળ કહો, ત્યારે દામોદરદાસે કહ્યું જે એટલો જ સંકલ્પ કર્યો છે. એટલે શ્રીગુસાંઈજી ચુપ રહ્યા. પછી દામોદરદાસે માર્ગની પ્રણાલિકા કહી શ્રીભાગવતની ટીકા શ્રીસુધોધની શ્રીઆચાર્ય મહાપ્રભુના ગ્રન્થોની ટીકા અને રહસ્ય વાર્તા વગેરે શ્રીગુસાંઈજીની આગળ સર્વ કહ્યું.

તે પછી શ્રીગુસાંઈજી દામોદરદાસને નમસ્કાર કરવા ન દેતા. એથી જે શ્રી ગુસાંઈજી પોતાના મનમાં એમ વિચારે, જે શ્રીઆચાર્યજી મહાપ્રભુ દામોદરદાસના હૃદય વિષે સદા સર્વદા વસે છે. તો એમને નમસ્કાર કેમ કરવા દઈએ ? તેથી નમસ્કાર ન કરવા દેતા. અને દામોદરદાસને શ્રીગુસાંઈજી પોતાનું ચરણોદક પણ ન દેતા.

પછી શ્રીગુસાંઈજી મહાપ્રભુએ દામોદરદાસને દર્શન આપ્યાં અને આજ્ઞા કરી જે તું શ્રીગુસાંઈજીનું ચરણોદક નિત્ય લેજે ત્યારે પ્રાતઃકાલ દામોદરદાસે શ્રીગુસાંઈજીની પાસે આવી ચરણોદક માંગ્યું, ત્યારે શ્રીગુસાંઈજીએ ચરણોદકની ના કહી, ત્યારે દામોદરદાસે શ્રીગુસાંઈજીને કહ્યું જે મને શ્રીઆચાર્યજીની આજ્ઞા થઈ છે, અને શ્રીઆચાર્યજીનાં દર્શન થયાં છે અને કહ્યું છે જે ચરણોદક લેજે ત્યારે શ્રીગુસાંઈજીએ ચરણોદક આપ્યું.

ભાવપ્રકાશ : શ્રાંદ્ધ કરવાનો અભિપ્રાય એ છે જે દામોદરદાસના પિતૃઓનો ઉદ્ધાર તો થઈ ચૂક્યો છે

કારણ કે ભક્ત છે. મર્યાદામાર્ગમાં નૃસિંહજીએ પ્રહલાદને કહ્યું છે જે એકવીશ (પેઢી) પુરખા ભક્તના તરે તે, દામોદરદાસ તો પુષ્ટિમાર્ગીય છે, તેથી એમના પિતૃઓ તરે એમાં શો સંદેહ છે ? પરંતુ પુષ્ટિમાર્ગના સંબંધ વિના પુષ્ટિમાર્ગમાં અંગીકાર ન થાય. તેથી શ્રીગુસાંઈજીનો સંબંધ શ્રાદ્ધ દ્વારા પામી પુષ્ટિમાર્ગમાં અંગીકાર થાય. દામોદરદાસના શ્રાદ્ધ કરવાથી પણ પુષ્ટિમાર્ગમાં અંગીકાર થાય, પરંતુ ગુરુની અપેક્ષા છે. ગુરુ વિના દઢ અંગીકાર નહીં. તેથી શ્રીગુસાંઈજીનો સંબંધ કરાવ્યો.

ત્યાં આ સંદેહ થાય જે દામોદરદાસને શ્રાદ્ધ કરાવ્યું તેથી એમના પિતૃઓનો પુષ્ટિનો સંબંધ થયો, બીજા ભગવંદાયોએ શ્રાદ્ધ નહીં કરાવ્યું તો એમના પિતૃઓનું શું થશે ? આ સંદેહ હોય ત્યાં કહે છે, જે આ પુષ્ટિમાર્ગીય દેવી જીવોના આધિદૈવિક મૂલભૂત સ્વરૂપ દામોદરદાસ છે. જ્યારે એમના પિતૃઓને પુષ્ટિનો સંબંધ થયો એટલે સઘળા પુષ્ટિમાર્ગીઓના પિતૃઓને પુષ્ટિનો સંબંધ થયો. જે પ્રકારે દામોદરદાસના પિતૃઓને પુષ્ટિસંબંધ થયો તે પ્રકારે સંબંધ થયો. મૂલમાં ભક્તિ હોય તો બધામાં ફેલાય. આ પ્રકારે દામોદરદાસની ભક્તિના કારણે જીવોમાં ભક્તિ વધી છે. જીવનું સામર્થ્ય નથી જે પુષ્ટિમાર્ગની ભક્તિ એક ક્ષણ પણ કરી શકે.

અને દક્ષિણામાં દામોદરદાસે 'સિદ્ધાંત રહસ્ય'ના દોઢ શ્લોકનું વ્યાખ્યાન કર્યું, ત્યારે શ્રીગુસાંઈજી કહે, આગળ કહો. ત્યારે દામોદરદાસે કહ્યું જે મેં તો એટલો જ સંકલ્પ કર્યો છે. તેનું કારણ એ છે જે એટલામાં જ બધો સિદ્ધાંત આવી જાય છે.

શ્રીગુસાંઈજી ચરણોદક દામોદરદાસને ન દેતા. દંડવત કરવા ન દેતા, તે એથી જે તેઓ સ્વામિનીજીની અનન્ય સખી છે. તેથી સ્વામિનીજીને જ દંડવત કરે, તેથી દામોદરદાસે હઠ ન કર્યો, ચરણોદક ન લીધું. પછી શ્રીઆચાર્યજીએ દામોદરદાસને સમજાવ્યા. જે તું શ્રીગુસાંઈજીનું ચરમોદક લેજે. દંડવત કરજે. હું શ્રીગુસાંઈજીના હૃદયમાં બિરાજું છું, મારું સ્વરૂપ છે મારાથી પ્રાકટ્ય છે.' ત્યારે દામોદરદાસે શ્રીગુસાંઈજીને આ ભેદ કહ્યા એટલે શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈને ચરણોદક આપ્યું. કારણ કે શ્રીઆચાર્યજીના ભાવથી લે છે, મારા ભાવથી નહીં.

તેથી જ શ્રીગોપીનાથજી (શ્રીઆચાર્યજીના મોટા પુત્ર) યદ્યપિ શ્રીગુસાંઈજીના મોટા ભાઈ છે, પરંતુ કોઈ વૈષ્ણવે ચરણોદક નહીં લીધું. આ પ્રકારથી શ્રીગુસાંઈજીના સાત બાલક અને શ્રીવલ્લભકુલના ચરણામૃતમાં શ્રીઆચાર્યજીનો ભાવ દેખાડ્યો. તેથી બાલકોનું ચરણોદક લેવું, દંડવત કરવા, એ સિદ્ધાંત બતાવ્યો.

વાર્તાપ્રસંગ ૬ : દામોદરદાસને શ્રીઆચાર્યજી ત્રીજા દિવસે દર્શન આપતા, માર્ગની રહસ્યવાર્તા કહેતા, એવી કૃપા કરતા. અને કવચિત ત્રીજા દિવસે દર્શન ન થતું તો તે દિવસે દામોદરદાસના પેટમાં પીડા બહુ થતી, અત્યંત કષ્ટ પામતા અને પછી દર્શન થતું ત્યારે તત્કાલ કષ્ટ નિવૃત્ત થઈ જતું. એ પ્રકારે કેટલાક વર્ષ પર્યંત શ્રીઆચાર્યજીએ દર્શન આપ્યાં. એવી કૃપા કરતા. જે વાત હોય તે બધી દામોદરદાસ શ્રીગુસાંઈજી આગળ કહેતા અને મારગના પ્રકારની વાર્તા અહર્નિશ કરતા. શ્રીગુસાંઈજી દામોદરદાસની ઉપર બહુ કૃપા કરતા અને કહેતા જે દામોદરદાસના હૃદયમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુ સદા બિરાજે છે.

ભાવપ્રકાશ : દામોદરદાસને ત્રીજે દિવસે શ્રીઆચાર્યજી દર્શન દેતા તેનો હેતું એ જે ત્રણ દિવસ પર્યંત દર્શનનો આવેશ રહેતો, તેમાં મગ્ન રહેતા. ત્રીજા દિવસે શરીરની શુદ્ધિ આવતી તેથી વિરહ કષ્ટ થતું. પછી આપશ્રીનાં દર્શન થતાં એટલે સ્વરૂપાનંદમાં મગ્ન થઈ જતા.

વાર્તાપ્રસંગ ૭ : પહેલા દામોદરદાસ શ્રીગુસાંઈજીની અડધી ગાદી વાળીને બેસતા. એક દિવસ શ્રીઆચાર્યજી મહાપ્રભુએ આ જોયું ત્યારે શ્રીઆચાર્યજીએ દામોદરદાસને પૂછયું. જે-દમલા ! તું શ્રીગુસાંઈજીને શું કરીને જાણે છે ? ત્યારે દામોદરદાસે કહ્યું, જે મહારાજ ! હું તો એમને આપના પુત્ર કરીને જાણું છું. ત્યારે શ્રીઆચાર્ય મહાપ્રભુએ દામોદરદાસને કહ્યું, જે-જેમ તું મને જાણે છે તેમ એમનું સ્વરૂપ જાણજે.

વાર્તાપ્રસંગ ૮ : એક સમય શ્રીગુસાંઈજી બિરાજ્યા હતા ત્યારે દામોદરદાસે કહ્યું, મહારાજ ! આપણો માર્ગ નિસંગતતાનો નથી, રૂપ પ્રગટ કર્તા છે. અને કહ્યું, જે એક સમયે શ્રીમહાપ્રભુજી પોઢ્યા હતા ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું જે જીવોનો ઉદ્ધાર કરો. લીલા કર્તા અવલંબન, શુદ્ધિકર્તા ઉદ્દીપનભાવ, એ પ્રકારે દોઢ શ્લોક કહ્યો.

શ્રીવણસ્યામલે પક્ષે એક દૃશં મહાનિશિ ।
સાક્ષાત્ ભગવતા પ્રોક્તં તદક્ષરશઃ ઉચ્યતે ॥
બ્રહ્માંસંબંધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ ।
સર્વદોષ નિવૃત્તિર્હિ................

આ દોઢ શ્લોકમાં બધું આવ્યું.

ભાવપ્રકાશ : તેનો અભિપ્રાય કહે છે. શ્રાવણ મહિનાના પતિ ભગવાન છે. એક અમલ જે ઉજિયારો પક્ષ ભક્તજનોનો છે. એકાદશીનો દિવસ પ્રભુનો છે. એકાદશી એટલે એકાદશ ઈન્દ્રિયોની શુદ્ધિ ભક્તિજનોને કરાવવા માટે મહાનિશિ જે અર્ધરાત્રિએ રાસલીલામાં સાક્ષાત્ ભગવાન ભક્તો સાથે નિઃશંક થઈ તેમ રહસ્ય વાર્તા કરે છે તે જ પ્રકારે શ્રીઆચાર્યજી સાથે પ્રભુ બોલ્યા, તે સઘળા અક્ષર કહે છે. અહીં સુધી શ્રીઆચાર્યજી ઉપર ભાવ શ્રીગોવર્ધનનાથજી કહે છે,' બ્રહ્મસંબંધ બધાને કરાવે, તેથી તેમના સર્વદોષો નિશ્ચયપૂર્વક દૂર થશે. તેથી દામોદરદાસે શ્રીગુસાંઈજીને કહ્યું, જે ભક્તિમાર્ગના વિસ્તારની આજ્ઞા છે તેમ કરો. અજ્ઞાની જીવો છે. આ બ્રહ્મસંબંધથી જ દોષો જશે. (અંગીકાર કરવાથી) એક શ્લોકમાં ભગવદલીલા અડધા શ્લોકમાં માર્ગની રીતિ બધું એમાં આવ્યું આ પ્રકારે શ્રીગુસાંઈજીને દામોદરદાસે કહ્યું, અને ત્યાર પછી દામોદરદાસની સહાયતાથી આપે 'શ્રૃંગાર રસમણ્ડન' ગ્રંથ કર્યો.

વાર્તાપ્રસંગ ૯ : વળી પ્રથમ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ દામોદરદાસને કહ્યું હતું જે આ માર્ગ તારા માટે પ્રકટ કર્યો છે, જ્યાં સુધી શ્રીઆચાર્યજીના આ માર્ગની સ્થિતિ છે ત્યાં સુધી દામોદરદાસની પણ માર્ગમાં સ્થિતિ ગોપ્ય રીતે છે.

અને દામોદરદાસે કહ્યું જે મેં શ્રીઠાકુરજીનાં વચન સાંભળ્યાં પરંતુ સમજ્યો નહીં, તે સમયે શ્રીઆચાર્યજીએ કહ્યું જે હજુ દશ જન્મનો અંતરાય છે.

ભાવપ્રકાશ : તેનો હેતુ એ જ્યાં સુધી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના માર્ગની સ્થિતિ છે ત્યાં સુધી દામોદરદાસનું પ્રાકટ્ય ફરી ફરી છે. (ગોપ્ય રીતિથી) કારણ તેઓ માર્ગના સ્તંભ રૂપ છે. તેથી શ્રીઆચાર્યજીએ દામોદરદાસના હૃદયમાં ભગવલ્લીલા સ્થાપી તે સંપૂર્ણ સૃષ્ટિના ઉદ્ધાર નિમિત્તે સ્થાપી છે. દામોદરદાસના દશ જન્મ સુધી માર્ગની સ્થિતિ છે. જેમ વલ્લભકુળનું પ્રાકટ્ય છે તેવી જ રીતે ભક્તિ દઢ કરવા માટે દામોદરદાસનું પણ અનેક વૈષ્ણવમાં પ્રાકટ્ય છે. V.

વાર્તાપ્રસંગ ૧૦ : એક સમય શ્રીઆચાર્યજી 'સુંદર' શિલાની પાસે (જેને પૂજ્ય શિલા કહે છે, ત્યાં

શમીવૃક્ષ નીચે શ્રીઆચાર્યજીની બેઠક છે ત્યાં) દામોદરદાસની ગોદીમાં મસ્તક ધરીને આપ પોઢ્યા હતા. તે સમયે શ્રીગોવર્ધનનાથજી શ્રીઆચાર્યજીની પાસે પધાર્યા, ત્યારે દામોદરદાસે સાનમાં જ શ્રીગોવર્ધનનાથજીને કહ્યું, જે તમે હમણાં અહીં ન આવો. તમે ચંચલ છો તેથી શ્રી આચાર્યજી જાગી જશે, ત્યારે શ્રીગોવર્ધનનાથજી ઊભા થઈ રહ્યા. એટલામાં શ્રીઆચાર્યજી જાગી ઊઠ્યા ત્યારે કહ્યું, બાવા ત્યાં કેમ ઊભા રહ્યા છો ? પાસે પધારો. ત્યારે શ્રીગોવર્ધનરામ પાસે આવી શ્રીઆચાર્યજીને કહે જે તમારા સેવકે મને રોક્યો. જે અહીં ન આવો. ત્યારે શ્રીઆચાર્યજી દામોદરદાસ ઉપર ખીજવા લાગ્યા જે તેં શ્રીગોવર્ધનનાથજીને કેમ રોક્યા ? ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું જે એને કેમ ખીજો છો ? એણે એનો ધર્મ રાખ્યો, એને એમ જ જોઈએ ત્યારે શ્રીઆચાર્યજી શ્રીગોવર્ધનધરને ગોદીમાં બેસાડી કપોલ પરસ કરી કહે, બાવા કંઈ આજ્ઞા કરો. ત્યારે શ્રીગોવર્ધનધર કહે, મને ગાય બહુ પ્રિય છે. ત્યારે આચાર્યજી સદુપાંડેને બોલાવી પોતાની વેદ કર્મ કરવાની પવિત્ર હતી તે દઈને કહે આનું જે દ્રવ્ય આવે તેમાંથી શ્રીગોવર્ધનનાથજી માટે ગાય લાવી દો. ॥ વાર્તા ૧ ॥

॥ વાર્તા ૨ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક કૃષ્ણદાસ મેઘન ક્ષત્રી, સોરંજીમાં રહેતા તેમની વાર્તાનો ભાવ કહે છે—

ભાવપ્રકાશ : તે કૃષ્ણદાસ વિશાખા સખીથી પ્રકટ્યા છે. વિશાખાજી શ્રીસ્વામિનીજીની છાયારૂપ છે. જેમ શરીરની સંગે લાગી ફરે તેમ વિશાખાજી શ્રીસ્વામિનીજી સંગે રહે છે. તે જ પ્રકારથી કૃષ્ણદાસ પણ આચાર્યજીના સંગે રહે છે. શ્રીકૃષ્ણદાસજીમાં ઐશ્વર્યનો આવેશ ઘણો છે, આગળ વાર્તમાં વર્ણન કરેલ છે.

વાર્તાપ્રસંગ ૧ : શ્રીઆચાર્યજી મહાપ્રભુએ પૃથ્વી પરિક્રમા કરી ત્રણે વાર કૃષ્ણદાસ સંગ રહ્યા. પ્રથમ પરિક્રમામાં બદ્રીનારાયણના 'પરલી' અને 'કીરણી' નામે પર્વતો છે. ત્યાંથી એક મોટી શિલા પડી. તે કૃષ્ણદાસ મેઘને હાથથી રોકી રાખી ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ બહુ પ્રસન્ન થયા અને અલૌકિકી ફલ દેતા. પરંતુ પરીક્ષા જોવા માટે આપે કૃષ્ણદાસને કહ્યું, જે તું માગ, શું માગે છે ? ત્યારે કૃષ્ણદાસે ત્રણ વસ્તુ માગી : (૧) માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થાય, (૨) મુખરતા દોષ જાય, (૩) મારા ગુરુના ઘરે પધારો અને એમનો અંગીકાર કરો. ત્યારે બે વસ્તુ આપી, ગુરુના ઘેર પધારવાની ના કહી.

ભાવપ્રકાશ : આ પહેલાંનો ગુરુભાવ જે હૃદયમાં હતો તે બહાર પ્રકટ્યો. તેથી અલૌકિક દાન શ્રીઆચાર્યજીએ છિપાવી લીધું, બે વસ્તુ આપી, ગુરુની ના કહી તે દૈવી ન હતો દૈવી વિના આ માર્ગમાં અંગીકાર નથી. આ પ્રકારે બે વસ્તુ આપી, પરંતુ બીજાનો ગુરુભાવ રહ્યો તેથી માર્ગનો અનુભવ પણ ન થયો. મુખરતાનો દોષ પણ ન ગયો. પ્રથમ સામર્થ્યથી કંઈક ઘટ્યું.

વાર્તાપ્રસંગ ૨ : પછી શ્રીઆચાર્યજી શ્રીબદ્રીકાશ્રમથી આગળ વ્યાસજીની ગુફામાં પધાર્યા ત્યાં જીવની ગમ્ય નથી, તેથી કૃષ્ણદાસને આચાર્યજીએ કહ્યું, જે તું ઊભો રહેજે. પછી જ્યારે શ્રીઆચાર્યજી ગુફામાં આગળ પધાર્યા ત્યારે વેદવ્યાસજી સામે આવ્યા શ્રીઆચાર્યજીને પધરાવીને પોતાને ધામ લઈ ગયા. પછી વેદવ્યાસજીએ શ્રીઆચાર્યજીને કહ્યું જે તમે શ્રીભગવતની ટીકા કરી છે તે સંભળાવો. ત્યારે શ્રીઆચાર્યજીએ 'યુગલ ગીત'ના અક્યાયનો 'વામ બાહુકૃત્ વામ કપોલો' એ શ્લોક કહ્યો.

આ શ્લોકનું વ્યાખ્યાન કર્યું તે ત્રણ દિવસે સંપૂર્ણ થયું. ત્યારે વેદવ્યાસજીએ કહ્યું જે હું આ વ્યાખ્યાનની અવધારણા કરી શકતો નથી, તેથી હવે ક્ષમા કરો. પછી શ્રીઆચાર્યજીએ કહ્યું જે તમે વેદાંતના એવા સૂત્રો શું કર્યા જે માયાવાદ પર અર્થ લાગ્યો ? ત્યારે વ્યાસજીએ કહ્યું, જે હું શું કરું ? મને આજ્ઞા જ

એવી હતી જે એમ કરજો કે જેમાં બંને અર્થ પ્રાપ્ત થાય ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, જે અમે તો બ્રહ્મવાદ ઉપર અર્થ કર્યો છે અને તે સંભળાવ્યો. તે સાંભળીને વેદવ્યાસજી બહુ પ્રસન્ન થયા તે પછી વેદવ્યાસજીથી વિદાય થઈને શ્રીઆચાર્યજી ત્રીજા દિવસે પધાર્યા ત્યારે કૃષ્ણદાસને તે જ સ્થાને ઉભેલા જોઈ પ્રસન્ન થયા, કહે, 'તું ક્યારનો ઊભો છે ? ગયો નહિ ?' ત્યારે કૃષ્ણદાસે કહ્યું જે મહારાજ ! હું ક્યાં જાઉં ? મને આપના ચરણાવિંદ વિના બીજો કોઈ આશ્રય નથી. ત્યારે આ સાંભળીને શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપ બહુ પ્રસન્ન થયા અને કહ્યું. જે માગ. ત્યારે કૃષ્ણદાસે ફરી તે જ ત્રણ વસ્તુ માંગી. તેમાં બે આપી ગુરુના ઘરની ના કહી.

ભાવપ્રકાશ : બીજી વ્યક્તિનો ગુરુભાવ હતો તેથી પ્રથમથી કંઈક સામર્થ્ય પણ ઘટ્યું. તેથી વ્યાસજીની ગુફામાં શ્રીઆચાર્યજી કૃષ્ણદાસને સાથે નહિ લઈ ગયા કારણ કે યુગલગીતનો પ્રસંગ કહેવો છે, તેની ધારણા હજુ કૃષ્ણદાસથી નહિ થાય. વ્યાસજીથી પણ ધારણા ન થઈ તે માટે કે વ્યાસજી કલા અવતાર છે, તેથી પુરુષોત્તમની વાણી ભાવરૂપની ધારણા કેવી રીતે થાય ? આ શ્રીભાગવત વ્યાસજીમાં પુરુષોત્તમ આપ બિરાજીને કહી ગયા. વ્યાસજી દ્વારા માત્ર છે. તેમને શ્રીભાગવતના રસનો અનુભવ નથી તેનું રહસ્ય હરજીવનદાસે આ પદમાં કહ્યું છે.

જોલો હરિ આપુનપોં ન જનાવે ।
તોલોં વેદ પુરાન સ્મૃતિ સબ પઢે સુને નહિં આવે ॥૧॥
સુનિ વિરંચી નારાયણ મુખ સોં, નારદ સોં કહિ દીનો ।
નારદ કહિ વેદવ્યાસ સોં આપ સોધ નહિ કીનો ॥૨॥
વેદવ્યાસ ઔષધ કી નાંઈ પહિ તન તાપ નસાયો ।
તિનતેં પઢે મુનિ સુકદેવા, પરીક્ષિત કોં જુ સુનાયો ॥૩॥
જદપી નૃપતિ સુનિ વ્રજ લીલા, દસમ કહી સુકદેવા ।
તોઉ સર્વાત્કભાવ ન ઉપજ્યો, તાતેં કરી ન સેવા ॥૪॥
શ્રીભાગવત અમૃત દધિ મથિકેં, શ્રી વલ્લભ સર્વોત્તમ ।
કરિ આવરન દરિ નિજ્જન કે, હાથ દિયે પુરુષોત્તમ ॥૫॥
સેવા અરુ શ્રુંગાર વિવિધ રસ, શ્રી વલ્લભ પ્રગટાયો ।
કરી કૃપા નિજ દૈવી જીવન પર 'હરજીવન' સ્વાદ ચખાયો ॥૬॥

વાર્તાપ્રસંગ ૩ : પછી એક સમય શ્રીઆચાર્યજી "ગંગાસાગર" પંધાર્યા. ત્યાં શ્રીઆચાર્યજી આપ પોઢ્યા હતા અને કૃષ્ણદાસ ચરણ દાબતા હતા. ત્યારે શ્રીઆચાર્યજીએ આપે મનમાં વિચાર્યું જે ધાનના મુરમુરા હોય તો આરોગીએ. ત્યારે આ વાર્તા શ્રી આચાર્યજીના મનની કૃષ્ણદાસ મેઘને જાણી, એટલામાં શ્રીઆચાર્યજીને નિદ્રા આવી ત્યાં કૃષ્ણદાસ ઊઠીને 'ગંગાસાગર' ઉપર આવ્યાં. ત્યાં દેખે તો પાર એક દીવો બળે છે. તેની નિશાનીથી તરીને ગંગાજીની પાર ગયા ત્યાં એક ગામ હતું. ત્યાં ખેતરમાંથી લીલું ધાન કઢાવ્યું. ટકાની જગાએ બે ટકા આપી મુરમુરા સિદ્ધ કરાવ્યાં પછી કૃષ્ણદાસ ગંગાજી તરીને શ્રીઆચાર્યજીની પાસે આવ્યા અને શ્રીઆચાર્યજીના ચરણાવિંદ દાબીને જગાડ્યા. મુરમુરા આગળ રાખ્યા, અને કહ્યું, જે મહારાજ ! આરોગો, ત્યારે આચાર્યજી મહાપ્રભુએ પૂછ્યું. જે 'તું ક્યાંથી લાવ્યો ? ત્યારે કૃષ્ણદાસે સર્વ વૃત્તાંત કહ્યું, ત્યારે શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઈ કહ્યું, જે કંઈ માગ ત્યારે તે જ ત્રણ વસ્તુ માગી ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, જીવ શું માગી જાણે ? આ સમયે જે માગતો તે દેતો. જો કહેતો તો શ્રીઠાકુરજીનું

સ્વરૂપ દેખાડતો. (સાક્ષાત્ દર્શન કરાવતો.)

પછી શ્રીઆચાર્યજી આપ સોરો (સોરમજી) પધાર્યા ત્યારે કૃષ્ણદાસે વિનંતી કરીને કહ્યું, જે મારા ગુરુને લઈ આવું ? શ્રીઆચાર્યજીએ કહ્યું જે તું ખેદ પામીશ. પછી કૃષ્ણદાસ એકલા જ ગુરુને ત્યાં ગયા જ્યારે ગુરુએ કૃષ્ણદાસને જોયા ત્યારે કહ્યું જે તે બીજા ગુરુ કર્યા ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું, જે મેં તો બીજા ગુરુ નથી કર્યા મારા ગુરુ તો આપ જ છો. પરંતુ તમારા પ્રતાપથી મેં પૂર્ણ પુરુષોત્તમને મેળવ્યા છે. ત્યારે તેણે કહ્યું જે પૂર્ણ પુરુષોત્તમ કેમ જાણીએ ? ત્યારે ગુરુની આગળ અગ્નિની અંગીઠી પ્રજ્વલિત હતી તેમાંથી કૃષ્ણદાસે ખોબો ભરીને અંગારા હાથમાં લીધા અને કહ્યું, જે શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ પૂર્ણ પુરુષોત્તમ હોય તો મારા હાથ ન બળો, અને જો અન્યથા હોય તો હાથ બળીને ભસ્મ થઈ જાઓ. તે એક મુહૂર્ત સુધી અગ્નિ હાથમાં રાખ્યો. ત્યારે તે ગુરુ ડર્યો અને કહ્યું કે નાખી દે પછી તે ગુરુએ કૃષ્ણદાસના હાથ પકડી પોતાના હાથથી અગ્નિ નાખી દીધી, કૃષ્ણદાસ ત્યાંથી ખેદ પામીને ઊઠી આવ્યા.

આ પ્રસંગ બધો 'વલ્લભાષ્ટકની ટીકામાં શ્રીગોકુલનાથજીએ' વિસ્તારપૂર્વક કહ્યો છે.

ભાવપ્રકાશ : ગંગાસાગરના તીરે પધાર્યા. ત્યાં રાત્રિએ પોઢ્યા હતા ત્યારે અર્ધરાત્રિએ મુરમુરાની વાત મનમાં આવી. જે ભોગ ધરીએ. તે કૃષ્ણદાસ ઉપર કૃપા કરવાને માટે કેમ જે પુરુષોત્તમને કોઈ વસ્તુની અપેક્ષા હોય નહીં. કદાચિત જ્યારે જાણ્યું હોય તો કોઈના ઉપર કૃપા કરવા માટે કૃષ્ણદાસે જ્યારે જાણ્યું ત્યારે પોતે તરીને પાર ગયા. અને મુરમુરા લઈ આવ્યા. આ ઈશ્વર કાર્ય છે. જીવથી ન થાય. પછી કૃષ્ણદાસે ચરણ દાબીને આપને જગાવ્યા. ત્યોર શ્રીઆચાર્યજી આપ આરોગીને બહુ પ્રસન્ન થયા. ત્યારે કહ્યું માગ પછી તે જ ત્રણ વસ્તુઓ માગી ત્યારે શ્રીઆચાર્યજી કહે, જીવ શું માગે ? જીવનું માગવું જ બાધક છે. તેથી પરમાનંદદાસે ગાયું છે જે 'માગે સર્વસ્વ જાતે હે પરમાનંદ ભાખે.'

અને ગુરુનો ભાવ ચિત્તમાં હતો તેથી મહાપ્રભુજીના વચન ઉપર વિશ્વાસ ન થયો, જે એકતાર દીધું તે દૃઢ છે. ફરી શું માંગવું ? અને માર્ગની દુર્લભતા બતાવી. શ્રીમહાપ્રભુજીના મનની વાત મુરમુરાની જાણી પરંતુ માર્ગ હૃદયારૂઢતા કૃપાથી જ થાય, દોષનું સ્વરૂપ છે મુખરતાં દોષ. જીવનો સ્વભાવ પણ જીવના હાથ નથી, જ્યારે શ્રીઆચાર્યજી છોડાવે ત્યારે છૂટે તેથી શ્રીઆચાર્યજી વિના બીજામાં ઈશ્વર બુદ્ધિ કરે તેને અન્તમાર્ગનું ફલ કોઈ દિવસ સિદ્ધ ન થાય, આ ભાવ જણાવ્યો. પછી કૃષ્ણદાસ ગુરુને ત્યાંથી દુઃખ પામી અન્યાશ્રમ છોડી મહાપ્રભુ પાસે આવ્યા ત્યારે માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થયો, અને મુખરતા દોષ પણ ગયો. એટલે ફરી વખત શ્રીઆચાર્યજી પાસે માગ્યું નહીં. અન્યાશ્રમ એવો બાધક છે.

વાર્તાપ્રસંગ ૪ : ફરી માર્ગ હૃદયારૂઢ થયા પછી કદાચિત ગોપ્યવાર્તા હોય તે બધાની આગળ કહે ત્યારે કોઈ વૈષ્ણવે શ્રીઆચાર્યજીને કહ્યું, જે મહારાજ ! કૃષ્ણદાસ ગોપ્ય વાર્તા બધાની આગળ કહે છે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસને પૂછ્યું, જે તું ગોપ્ય વાર્તા બધાની આગળ કેમ કહે છે ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું, મહારાજ ! આપ એને જ પૂછી જુઓ જે મેં શું કહ્યું છે ? ત્યારે તે વૈષ્ણવને શ્રીઆચાર્યજીએ પૂછ્યું જે તમને આ કૃષ્ણદાસે શી વાર્તા કહી ? ત્યારે વૈષ્ણવે કહ્યું, જે-મહારાજ ! અમને તો કંઈ સુધ રહી નથી. ત્યારે શ્રીઆચાર્યજી હસીને ચુપ થઈ રહ્યા.

ભાવપ્રકાશ : માર્ગ હૃદયારૂઢ થયો એટલે રસના ભરથી રહ્યો ન જાય તેથી રહસ્યવાર્તા વૈષ્ણવથી કરે તેમાં આ સૂચવ્યું જે કૃષ્ણદાસ પોતાના અનુભવાર્થ કહેતા. પરંતુ પાત્ર વિના રસ કરે નહીં, તેથી વૈષ્ણવે કહ્યું, કંઈ સુધી રહી નહીં. અને કૃષ્ણદાસની કંઈક દામોદરદાસથી ઊતરતી દશા, કહ્યા વિના રહી ન શકતા.

એ બંને ભાવ સૂચવ્યા.

વાર્તાપ્રસંગ ૫ : વળી એક સમયે શ્રીઆચાર્યજીને કૃષ્ણદાસે પ્રશ્ન પૂછ્યો જે મહારાજ શ્રીઠાકુરજીને પ્રિય વસ્તુ શી છે ? તેનો પ્રતિઉત્તર શ્રીઆચાર્યજી કહે છે જે શ્રીઠાકુરજી ઉત્તમથી ઉત્તમ વસ્તુના ભોક્તા છે, પરંતુ ગોરસ અતિ પ્રિય છે. ગોરસ શબ્દથી વાણી કહેવાય છે, તેનો ભાવ અનિર્વચનીય છે, અને બધાથી ભક્તનો સ્નેહમય ભાવ અતિપ્રિય છે, તેથી ભક્તવત્સલ કહેવાય છે.

ત્યારે કૃષ્ણદાસે ફરી પૂછ્યું જે શ્રીઠાકુરજીને અપ્રિય વસ્તુ શી છે ? ત્યારે શ્રી આચાર્યજીએ કહ્યું, શ્રીઠાકુરજીને ધુમાડા સમાન અપ્રિય બીજું નથી. તેનાથી અપ્રિય શ્રીઠાકુરજીને ભક્તનો દ્વેષી છે.

ફરી કૃષ્ણદાસે પ્રશ્ન પૂછ્યો, મહારાજ ! રઘુનાથજી સંપૂર્ણ સૃષ્ટિ લઈને સ્વધામ પધાર્યા અને રાજા દશરથને સ્વર્ગ દીધું. તે શાથી ? તેનો પ્રતિઉત્તર શ્રીઆચાર્યજી કહે છે જે શ્રીરઘુનાથજી તો પરમ દયાલ છે. તેથી સ્વર્ગ દીધું, નહિ તો સ્વર્ગનીયે યોગ્યતા રાજા દશરથને ન હતી કેમ જે પોતાનું વચન સત્ય કરવાને શ્રીરામચંદ્રજીને વનવાસ મોકલ્યા. એવું કર્મ કર્યું.

ભાવપ્રકાશ : આ પ્રશ્ન હિનાધિકારીનો છે. સાથી જે સાક્ષાત્ પુરુષોત્તમની લીલાથી મન બહાર કરી આવો પ્રશ્ન શા માટે ? આમાં આ સૂચવ્યું કે કૃષ્ણદાસને હજુ 'માનસી સા પરા મતા' એ ફલ નથી થયું, તેથી કૃષ્ણદાસના સમાધાન અર્થે આપે કહ્યું જે રામચંદ્રજી દયાલ છે.

એ પ્રમાણે કહીને પોતાના માર્ગનો સિદ્ધાંત બતાવ્યો જે પોતાનો હઠધર્મ કરીને ધર્મી જે શ્રીઠાકુરજી તેમને શ્રમ કરાવે તો ધર્મનું હીન ફલ સ્વર્ગ જ મળે, શ્રીઠાકુરજીનું ફળ ન મળે.

વાર્તાપ્રસંગ ૬ : ફરી એક સમયે શ્રીઆચાર્યને કૃષ્ણદાસે પ્રશ્ન પૂછ્યો, જે ભક્ત થઈને શ્રીઠાકુરજીની લીલાનો ભેદ નથી જાણતો તે શા માટે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું જે તે જીવ વિધિપૂર્વક સમર્પણ જે રીતે કહ્યું છે તે રીતે કરતો નથી.

વિધિ એટલે સમર્પણ સંબંધી જ્ઞાન, તે નથી. અહંતા-મમતા, પોતાની સત્તા, અહંકારનું સમર્પથ, જે હવે હું દાસ થયો, પ્રભુને આધીન છું, પ્રભુ કરે તે સર્વોપરી સિદ્ધાંત. વગેરે જ્ઞાન (પોતાનામાં) નથી, અને પોતાની યોગ્યતા માની ભગવદીયનો સંગ નથી કરતો, પોતાની યોગ્યતા માને ત્યારે પ્રભુ અપ્રસન્ન થાય. આ માર્ગ દીનતાનો છે, દેન્ય નથી. ઈત્યાદિ અંતરાયથી પોતાનું સ્વરૂપ, ભગવદીનું સ્વરૂપ અને શ્રીઠાકોરજીનું સ્વરૂપ નથી જાણતો અને ભગવદ્ભક્તનો સંગ કરે તો શ્રીઠાકુરજીની લીલાનો ભેદ જાણે પરંતુ તે તો પોતાની યોગ્યતા સમજી કરતો નથી અને જે કંઈ કરે છે તે અંતઃકરણપૂર્વક નથી કરતો તેથી શ્રીઠાકુરજીનું સ્વરૂપ અને લીલા ભેદ જાણતો નથી.

ઉત્તમ ભક્તનો સંગ અને શ્રીભાગવત, શ્રીસુબોધિની આદિ ગ્રંથનું અહર્નિશ અવગાહન કરે ત્યારે ભગવદભાવ ઉત્પન્ન થાય. શ્રીઠાકુરજી વ્રજભક્તો વિશે સદૈવ રહે છે ત્યાં સેવા વડે બંધાયા છે. તેથી આ માર્ગના વૈષ્ણવો જેમના હૃદયમાં શ્રીઠાકુરજી બિરાજે છે તેમનો સંગ કરવો. આ માટે ગજ્જન ધાવન આદિ વૈષ્ણવોનું દૃષ્ટાંત દીધું. જેણે ભાવપૂર્વક સેવા કરી તેના સકલ મનોરથ સિદ્ધ થયાં છે. તેથી લીલાસ્થ વ્રજભક્તોના ભાવનો વિચાર કરવો.

જે વૈષ્ણવ શ્રીઠાકુરજીનું સ્વરૂપ જાણે છે તેમનું સ્વરૂપ અલૌકિક દૃષ્ટિથી જાણ્યું જાય અથવા તો જેને આજ્ઞા થાય તે જાણે જે વૈષ્ણવ શ્રીઠાકુરજીને જાણે છે તે જે કંઈ કાર્ય કરે છે. તે શ્રીઠાકુરજીના માટે કરે છે, અને શ્રીઠાકુરજી પ્રત્યે વિરહતાપ ભાવ કરે છે અને પોતાના દોષનો વિચાર કરે છે. એનો જીવ નિત્ય પોતાના

સ્વરૂપને વિચારે છે જે હું કોણ છું ? પહેલાં શું હતો ? ભગવદ્સંબંધ ક્યાંથી ? હવે હું કોણ થયો ? હવે મને શું કર્તવ્ય છે ? રાત્રિદિવસ એવા વિચાર કરતો રહે ત્યારે પોતાનું સ્વરૂપ જાણે. એ પ્રાકટ્ય વ્રજભક્તોના માટે છે, તેથી ઉત્તમ સંબંધ હોય તો આ માર્ગના ઠાકુરનું સ્વરૂપ જાણે. અને શાસ્ત્ર પુરાણ અને અનેક ઈતિહાસ જે છે તેનાથી વ્રજરાજના ઘરે જે પ્રગટ્યા તે સ્વરૂપને જાણ્યું ન જાય એ ઠાકુર તો ત્યારે જ જાણ્યા જાય, જ્યારે ભગવદ્ભક્તનો સંગ કરે. સેવાનો પ્રકાર આ માર્ગના વૈષ્ણવો જાણે છે. તેમનાથી મળી ભાવ પૂછીને સેવા કરવી. ત્યારે ભગવદ્ભાવ ઉત્પન્ન થાય. અને શ્રીઠાકુરજીની લીલાનો બધો ભેદ સમજાય.

વાર્તાપ્રસંગ ૭ : વળી એક સમયે શ્રીઆચાર્યજીએ શ્રીબદ્રીનાથજીના મંદિરે ચરણ ધર્યાં ત્યારે વેદવ્યાસજી સાથે હતા. તે સમયે શ્રીઆચાર્યજીએ વેદવ્યાસજીને પૂછ્યું જે ભ્રમરગીતના અધ્યાયમાં ઉદ્ધવજીને વ્રજભક્ત પાસે મોકલ્યા તે પ્રસંગમાં શ્લોક ઘટે છે. ત્યારે વેદવ્યાસજીએ જે અર્ધો શ્લોક કહ્યો એની ટીકા જે શ્રીઆચાર્યજીએ પહેલાંથી કરી હતી તે સંભળાવી. તે સાંભળીને વેદવ્યાસજી કહે જે તમે ધન્ય છો ત્યારપછી શ્રીઆચાર્યજીને મહાપ્રભુ શ્રીબદ્રીનાથજીના મંદિરમાં પધાર્યા. તે દિવસે વામનદ્વાદશી હતી તેથી શ્રીઆચાર્યજીનું વ્રત હતું. ફલાહાર વ્યાસજી ખોળે પરંતુ મળે નહીં ત્યારે શ્રીબદ્રીનાથજીએ શ્રીઆચાર્યજીને કહ્યું, જે મેં ફલાહારની સર્વ તપાસ કરી પરંતુ મળેલ નથી, તેથી આપ રસોઈ કરીને શ્રીઠાકુરજીને ભોગ સમર્પિને ભોજન કરો ત્યારે શ્રીઆચાર્યજીએ વિચાર્યું જે શ્રીઠાકુરજીની ઈચ્છા એવી જ દેખાય છે. એટલામાં કૃષ્ણદાસે આવીને કહ્યું, જે મહારાજ ! અહીં કંઈ ફલાહાર પ્રાપ્ત થતો નથી, ત્યારે વેદવ્યાસજી દ્વારા શ્રીઠાકુરજીએ કહ્યું, જે સામગ્રી કરીને ભોજન કરે, 'ઉત્સવાંતે ચ પારણા' એવું પણ વચન છે તે પછી શ્રીઆચાર્યજી આપે રસોઈ કરીને શ્રીઠાકુરજીને ભોગ સમર્પિત પોતે ભોજન કર્યું.

પછી તે દિવસથી વામનદ્વાદશીના દિવસે વ્રત ન કરતા. પછી શ્રીબદ્રીનાથજીથી વિદાય થઈને કૃષ્ણદાસને સાથે લઈને આપ આગળ પધાર્યા.

ભાવપ્રકાશ : ફલાહાર ન મળ્યો તેનું પ્રયોજન એ જે શ્રીઆચાર્યજી ચાહે તો બધું જ મળે. વ્યાસજી અને કૃષ્ણદાસ સરખા ખોળવાવાળા, છતાં ફલાહાર એ માટે ન મળ્યો જે શ્રીઆચાર્યજીના મનના ઉત્સવની સામગ્રી કરવી એમ હતું. ઉપરથી મર્યાદા રાખવાને માટે ફલાહારનું કહ્યું તેથી ફલાહાર ન મળ્યો. તેથી વેદવ્યાસજી દ્વારા શ્રીઠાકુરજીએ કહેવડાવ્યું.

તેથી શ્રીગુસાંઈજીએ સાત લાલજીઓના ઘરમાં, મોટા ઘરે (પ્રથમ પુત્ર શ્રીગિરિધરજીને ત્યાં) આ રીત ઉપવાસની રાખી, અને બીજી જગ્યાએ (છ ઘરમાં) 'ઉત્સવાંતે ચ પારણા'. શ્રીઠાકુરજી બધી સામગ્રી આરોગે, એ રીત રાખી.

વાર્તાપ્રસંગ ૮ : પછી શ્રીઆચાર્યજી જ્યારે આસુરદવ્યામોહ લીલા કરી ત્યારે કૃષ્ણદાસે પણ વિપ્રયોગ કરી દેહનો ત્યાગ કર્યો. ॥ વાર્તા ૨ ॥

॥ વાર્તા 3 ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સેવક દામોદરદાસ સંભલવાળા ક્ષત્રી, કનોજનાવાસી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : દામોદરદાસને બાલપણથી વિરહ હતો જે શ્રીઠાકુરજીની પ્રાપ્તિ કયા પ્રકારે થાય ? તે દામોદરદાસ એક સમય પ્રયાગમાં મકરસ્નાન માટે આવ્યા હતા. ત્યાં કૃષ્ણદાસથી મિલાપ થયો. ત્યારે ચર્ચા કરતાં કૃષ્ણદાસ મેઘને કહ્યું જે શ્રી વલ્લભાચાર્યજી પ્રકટ થયા છે તે દક્ષિણમાં પધાર્યા છે. આપે કૃષ્ણદેવ

રાજાની સભામાં માયાવાદનું ખંડન કર્યું છે. એમની કૃપાથી નિશ્ચય શ્રીઠાકુરજી મળશે. મારે જે ગુરુથી સ્નેહ છે તેનાથી કંઈ કાર્ય સારું થયું નહીં, તેથી હવે હું જ્યાં શ્રીઆચાર્યજી હશે ત્યાં જાઉં છું. આટલું દામોદરદાસને કહીને કૃષ્ણદાસ દક્ષિણ દેશ ગયા.

જ્યારથી દામોદરદાસની પાસેથી કૃષ્ણદાસ મેઘન શ્રીઆચાર્યજીની પાસે ગયા ત્યારથી દામોદરદાસનો વિરહ ઘણો રહે જે મને શ્રીઆચાર્યજી કેવા પ્રકારે મળશે ? આ પ્રકારે વિરહ કરતાં મહા મહિનામાં મકર-સ્નાન દામોદરદાસે કર્યું. મહાસુદ પુનમે દામોદરદાસ જ્યારે મકર-સ્નાન કરતા હતા તે સમયે તાંબાનો પત્ર ગંગા-યમુનાના સંગમમાંથી દામોદરદાસના હાથમાં આવ્યો. તે દામોદરદાસ ઘરે લાવ્યા. પછી રાત્રિએ જ્યારે દામોદરદાસ સૂતા ત્યારે દામોદરદાસને સ્વપ્ન થયું કે આ પત્ર વાંચે તેની તું શરણે જજે. ત્યારે સવારે ઊઠીને મોટા-મોટા પંડિતો, બ્રાહ્મણો, મલાપુરુષો જેઓ મકર-સ્નાન કરવા પ્રયાગમાં આવ્યા હતા, તે બધાને આ તાંબાનો પત્ર વંચાવ્યો. પરંતુ તેઓ ન વાંચી શક્યા. દામોદરદાસને કાશીમાં શેઠ પુરુષોત્તમદાસની સાથે વ્યવહાર હતો તેથી તેઓ ત્યાં ગયા અને તેમને સઘળી વાત દામોદરદાસે કહી, જે આ પત્ર શ્રીઆચાર્યજી વાંચશે, બીજા કોઈની સામર્થ્ય નથી. મને કૃષ્ણદાસ મેઘન કહી ગયા છે કે શ્રીઆચાર્યજીનાં શરણથી શ્રીઠાકુરજી મળશે. આ સાંભળીને શેઠ પુરુષોત્તમદાસને પણ ચટપટી લાગી કે મને ક્યારે શ્રીઆચાર્યજીના દર્શન થાય ? તે શેઠ પુરુષોત્તમદાસની વાર્તામાં વર્ણન કરીશું. આ પ્રકારે દામોદરદાસ દિવસ ૧૫ કાશી રહ્યા પરંતુ પત્ર કોઈએ ન વાંચ્યો. ત્યારે કનોજમાં પોતાને ઘેર આવ્યા. એમ વિરહ કરતાં કેટલાક મહિનામાં શ્રીમહાપ્રભુજી કનોજ પધાર્યા, અને ગામની બહાર બાગમાં ઊતર્યા.

વાર્તાપ્રસંગ ૧ : જ્યારે શ્રીઆચાર્યજી કનોજ પધાર્યા ત્યારે ત્યાં ગામની બહાર એક બાગ હતો ત્યાં આપ ઊતર્યા અને કૃષ્ણદાસને ગામમાં મોકલ્યો કે સીધુ-સામગ્રી લઈ આવ. પરંતુ કોઈને કહીશ નહીં કે શ્રીઆચાર્યજી આપ પધાર્યા છે.

ભાવપ્રકાશ : આ પ્રમાણે કહ્યું તેનો અભિપ્રાય એ છે કે દામોદરદાસ કૃષ્ણદાસને મળશે અને દામોદરદાસને પહેલાં પોતે જ કહે કે શ્રીઆચાર્યજી પધાર્યા છે, ને ઠીક નહિ, કારણ દામોદરદાસ દ્રવ્યપાત્ર છે તેથી તેમને બોલાવવાની આપશ્રીને અપેક્ષા છે એમ જો કૃષ્ણદાસના મનમાં આવે તો કૃષ્ણદાસનો બગાડ થાય. તેથી રોકી દીધા કે કોઈને કહીશ નહીં. પ્રીતિ હશે તો પોતે જ આવશે. આ અભિપ્રાય જાણવો.

અને બીજો અભિપ્રાય એ છે જે દિવસે શ્રીઆચાર્યજી કનોજ પધાર્યા તેના પહેલાં શ્રીઆચાર્યજી આપને શ્રીઠાકુરજીની આજ્ઞા થઈ હતી કે અહીંના (કનોજના) જીવોને પાવન કરવા છે. તેથી શ્રીઆચાર્યજી આપે વિચાર્યું કે આજ્ઞા થઈ છે તો એની મેળે થશે, તેથી ના કહી.

ત્યારે કૃષ્ણદાસ ગામમાં ગયા, સીધુ-સામગ્રી બધું લીધું. તે બધું લઈને ચાલ્યા ત્યાં દામોદરદાસ રાજદ્વારથી આવતા હતા. તે માર્ગમાં જતાં કૃષ્ણદાસને ઓળખ્યા ત્યારે દામોદરદાસ ઘોડાથી ઊતરીને પાસે આવ્યા અને દંડવત કરીને પૂછ્યું કે શ્રીઆચાર્યજી મહાપ્રભુ પધાર્યા છે ? ત્યારે કૃષ્ણદાસે વિચાર કર્યો કે શ્રીઆચાર્યજીની આજ્ઞા નથી તેથી કંઈ ઉત્તર આપ્યો નહીં. ત્યારે દામોદરદાસે વિચાર્યું, કે શ્રીઆચાર્યજી વિના એ શા માટે આવે ? જ્યારે કૃષ્ણદાસ ચાલ્યા, ત્યારે દામોદરદાસ તેમની પાછળ પાછલ આવ્યા. ઘોડાને ઘેર મોકલી દીધો.

કૃષ્ણદાસને અને દામોદરદાસને દૂરથી આવતાં શ્રીઆચાર્યજીએ જ્યારે જોયા ત્યારે દામોદરદાસે દંડવત કર્યા તે વખતે કૃષ્ણદાસને શ્રીઆચાર્યજીએ પૂછ્યું, કે તે એને કેમ કહ્યું ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું,

મહારાજ ! મેં તો એમને નથી કહ્યું, ત્યારે દામોદરદાસે શ્રીઆચાર્યજીને વિનંતી કરી, જે મહારાજ ! એમણે તો મને નથી કહ્યું, હું તો એમની પાછળ ચાલ્યો આવ્યો છું.

પછી આચાર્યજીએ દામોદરદાસને પૂછ્યું, કે પત્ર મળ્યો છે તે લાવ્યા છો ? ત્યારે દામોદરદાસે વિનંતિ કરી, કે મહારાજ ! પત્રનું શું કાલ છે ? ત્યારે શ્રીઆચાર્યજીએ પોતે કહ્યું, કે તમને આજ્ઞા થઈ છે કે પત્ર વાંચે તેની શરણે જજો, તેથી પત્ર લાવો, ત્યારે પત્ર મંગાવ્યો.

ભાવપ્રકાશ : શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસને કહ્યું, કે તેં એને કેમ કહ્યું ? તેનું કારણ એ કે તેં આજ્ઞા નથી છતાં કહ્યું, એટલે કે અમારું પધારવું તો કહ્યું. ત્યારે દામોદરદાસે કહ્યું એમણે વાત નથી કરી હું એમની પાછળ પાછળ ચાલ્યો આવ્યો છું. આ પ્રકારે દીનતા સિદ્ધ કરી.

અને દામોદરદાસે કહ્યું જે પત્રનું શું કામ છે ? એમ કહી દામોદરદાસે એ બતાવ્યું કે આપ ઈશ્વર છો, મને અનુભવ થયો છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું જે પત્ર લાવો, ભગવદ્‌-આજ્ઞા હોય તેમજ કરવું.

પછી શ્રીઆચાર્યજીએ પત્ર મંગાવ્યો હતો તે વાંચ્યો અને તેનો અભિપ્રાય દામોદરદાસને કહ્યો. પછી દામોદરદાસને નામ સંભળાવ્યું. પછી શ્રી આચાર્યજીને દામોદરદાસે પોતાને ઘેર પધરાવ્યા. દામોદરદાસની સ્ત્રી પણ શરણે આવી. ત્યારે દામોદરદાસને અને તેમની સ્ત્રીને સમર્પણ કરાવ્યું. એક લુંડી દૈવી જીવ હતી તે પણ શરણે આવી.

પછી દામોદરદાસે વિનંતી કરી, હે મહારાજ ! હવે શી આજ્ઞા છે ? હવે અમે શું કરીએ ? ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીમુખથી આજ્ઞા કરી, કે હવે તમે સેવા કરો. ત્યારે દામોદરદાસે કહ્યું, કે મહારાજ ! સેવા કયા પ્રકારે કરું ? ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું, કે કોઈ જગ્યાએ શ્રીઠાકુરજીનું સ્વરૂપ હોય તો જુઓ. પછી એક દરજીને ત્યાં શ્રીઠાકુરજીનું સ્વરૂપ હતું તેને દ્રવ્ય આપીને દામોદરદાસ સ્વરૂપ પોતાને ઘેર લઈ આવ્યા. પછી ઘર બધું પોત્યું. પાત્ર બધાં બદલ્યાં. પછી શ્રીઆચાર્યજીએ સ્વરૂપને પંચામૃત કરાવ્યું અને શ્રીદ્વારકાનાથજી નામ ધર્યું.

ભાવપ્રકાશ : શ્રીદ્વારકાનાથજી નામ એથી ધર્યું કે રાજરીતિથી પ્રથમ સેવાનો વિસ્તાર દામોદરદાસને માથે સોંપ્યો છે.

પછી સિંહાસન ઉપર પાટ બેસાડ્યા. એ રીતે દામોદરદાસના માથે સેવા પધરાવીને પછી શ્રીઆચાર્યજી પોતે રસોઈ કરીને ભોગ સમર્પ્યો. સમયાનુસાર ભોગ સરાવ્યો અને બીડાં સમર્પવા લાગ્યા. ત્યારે જોયું તો પાન લીલાં (કાચાં) છે. તેથી શ્રીઆચાર્યજીએ દામોદરદાસને ખીજીને કહ્યું, લીલાં પાન શ્રીઠાકુરજીને ન સમર્પિએ, પીળાં, પાકેલાં સમર્પિએ ઉત્તમ સામગ્રી હોય તે શ્રીઠાકુરજીને સમર્પિએ શ્રીઠાકુરજી તો ઉત્તમથી ઉત્તમ વસ્તુના ભોક્તા છે, તેથી ઉત્તમ સામગ્રી હોય તે શ્રીઠાકુરજીને સમર્પિએ. તે પછી સ્ત્રી-પુરુષ સુંદર રીતિથી સેવા કરવા લાગ્યા. એ પ્રમાણે શ્રીદ્વારકાનાથજીની સેવા સુંદર રીતિથી થવા લાગી. પછી શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી કે ઊતરેલું (વાપરેલું વસ્ત્રનું થાન હોય તેમાંથી વસ્ત્ર શ્રીઠાકુરજીને ન સમર્પિએ. આખા થાનમાંથી શ્રીઠાકુરજીને માટે વસ્ત્ર લેવું, અને ઉત્તમ સામગ્રી હોય તેમાંથી બીજી જગાએ ન વાપરીએ) તો પછી સ્ત્રી-પુરુષ સુંદર રીતિથી સેવા કરવા લાગ્યા.

અને સેવા સામગ્રી થતી તે સોનાના કટોરામાં અમરસ રાખતા. તે એવી ઉચ્ચતાથી કે બીજા કોઈ ન જાણે કે આમાં કંઈ સામગ્રી ધરી છે. એ રીતથી દામોદરદાસ સેવા કરવા લાગ્યા.

ભાવપ્રકાશ : પછી વસ્ત્રાદિકની રીતિ બતાવી, કે બીજા કાર્યમાં કંઈક લીધું હોય તો તે વસ્તુ

શ્રીઠાકુરજીને માટે બધી સામગ્રીમાંથી પ્રથમ લેવું. શ્રીઠાકોરજી માટે લીધેલી સામગ્રીમાંથી બીજી જગે ખર્ચ ન કરવું. એ પ્રકારે પુષ્ટિમાર્ગની રીતિ બધાને બતાવી.

સામગ્રી પીળી સોનાના પત્રમાં મળી જાય અને ઉજ્જવલ સામગ્રી રૂપાના પાત્રમાં મળી જાય, આ ગૂઢ ભાવ **સૂચવ્યો. સોનાના વિષે શ્રીસ્વામિનીજીના ભાવથી અને રૂપાના વિષે શ્રીચંદ્રાવલીજી**ના ભાવથી સેવા કરતા.

પછી શ્રીઆચાર્યજી પૃથ્વી પરિક્રમામાં પધાર્યા દામોદરદાસ શ્રીઠાકુરજીનું જલ પોતે ભરતા. પછી એક દિવસ દામોદરદાસના સસરા ઘેર આવીને દામોદરદાસને કહેવા લાગ્યા, કે તમે પોતે જલ ભરીને લાવો છો તે અમને જાતિમાં લજ્જા આવે છે, તેથી તમે જલ ન ભરો, લુંડી પાસે જલ ભરાવો.

ત્યારે દામોદરદાસે વિચાર્યું કે સુરદાસજીએ ગાયું છે કે 'સૂર ભજન કલિ કેવલકીજે લજ્જા કા'ન નિવારી' બીજા કીર્તનમાં ગાયું છે 'ક'ન કાહુકી મન ધરિયે, વ્રત કાહુકી અનન્ય એક લહીએ હો' એ વિચારી દામોદરદાસે સ્ત્રીને કહ્યું જે તમે પણ જલ ભરવા ચાલો પછી દામોદરદાસે બીજા દિવસે એક ઘડો તો પોતે લીધો અને એક ઘડો સ્ત્રીના હાથમાં આપ્યો. સ્ત્રી ભગવદીય હતી તેથી બંને જણ ઘડો અને ગાગર લઈ દામોદરદાસના સસરાની દુકાન આગળથી ચાલ્યા. પાછા બંને જણ ફરી એની દુકાનની નીચે થઈને નીકળ્યા. જલ લઈને ઘેર આવ્યા તે પછી દામોદરદાસનો સસરો ત્યાં આવ્યો, તે આવીને દામોદરદાસના પગે પડ્યો, અને કહ્યું જે હું ચૂકયો, કે તમને કહ્યું. હવેથી તમે જ જલ ભરો પરંતુ સ્ત્રીજન પાસે જલ ન ભરાવો. આજ પછી અમે કંઈ નહીં કહીએ. પછી પોતે જ જલ ભરવા લાગ્યા. થોડા દિવસ પછી શ્રીઠાકુરજી દામોદરદાસને સાનુભાવ જણાવવા લાગ્યા. જે કંઈ જોઈએ તે દામોદરદાસ પાસેથી માગી લે, વાતો કરે, સેવા કરીને દામોદરદાસે શ્રીઠાકુરજીને એવા પ્રસન્ન કર્યા કે એમની સેવા જોઈને શ્રીઆચાર્યજી બહુ પ્રસન્ન થયા. ત્યારે પોતાના શ્રીમુખથી કહ્યું, કે જેણે રાજા અંબરીષને ન જોયો હોય તે દામોદરદાસને જુઓ. રાજા અંબરીષ તો મર્યાદામાર્ગીય હતા અને આ દામોદરદાસ પુષ્ટિમાર્ગીય છે. એનામાં એટલી અધિકતા છે.

ભાવપ્રકાશ : દામોદરદાસ જલની સેવા શ્રીયમુનાજીના ભાવથી કરતા. તેથી શ્રીઆચાર્યજીએ કહ્યું જે મર્યાદામાં અંબરિષ અને પુષ્ટિમાં દામોદરદાસે રાજ-સેવા કરી એમને ત્યાં તતહેરા (જલને ગરમ કરવાના હાંડા) રૂપાના હતા. **અંબરિષની ઉપમા કેમ જાણીએ ? જેમ શ્રીઠાકુરજીના** મુખની ઉપમા ઉપમા ચંદ્રમાની, એ રીતે સમજવું. **કારણ ક્યાં મર્યાદા ! અને ક્યાં પુષ્ટિ ! કોટીગણું તારતમ્ય** જાણવું.

જ્યારે દામોદરદાસના સસરાએ કહ્યું, સ્ત્રીથી જલ ન ભરાવો. ત્યારે દામોદરદાસ કહે, જલ નહીં ભરાવીએ. પછી સસરો ગયો ત્યારે દામોદરદાસે વિચાર્યું કે જગની સેવા સ્ત્રીજનથી કરાવી તે જો હવે હું છોડાવું તો મને સસરાની મર્યાદાનો દોષ લાગે, પરંતુ એકવાર જલ ભરવાનું કહીશ. પ્રીતિ હશે તો સ્ત્રી પોતે જ નહીં છોડે. એમ વિચાર્યું જે એકવાર પગલું ભર્યું તો સો વાર ભર્યું, લોકો તો જાણી ચૂક્યા છે, હવે હું સેવા કેમ છોડું ? પ્રીતિ હશે તો આ પ્રકારે (વિચારીને) સ્ત્રી જલ ભરશે. અને હું હઠ કરીને ભરાવું તો પ્રીતિ વિના શ્રીઠાકુરજી અંગીકાર નહીં કરે. તેથી એકવાર રોકું તો ખરો. પછી સ્ત્રીને કહે હવે હું જ જલ ભરીશ, તમે ન ભરો. તમારા પિતાને લાજ લાગે છે. ત્યારે સ્ત્રીએ કહ્યું તમે જ ભરો. આ પ્રકારે પિતાની 'મર્યાદા'નો દોષ થયો અને તેથી આગળ ઉપર અન્યાશ્રય થયો.

જો દામોદરદાસ સસરાના આગ્રહ 'મર્યાદા'થી પોલે થઈને જલની સેવા સ્ત્રી પાસેથી છોડાવતા તો એમને પણ બાધક થાત. તેથી ફરી સેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૨ : વળી એક સમયે ઉષ્ણકાલના દિવસ હતા. ત્યારે દામોદરદાસ શ્રીઠાકુરજીને મંદિરમાં પધરાવી પોઢાવીને પોતે ચોબાર (ઉપર ખુલ્લા ચોરામાં) જઈ સૂતા ત્યારે શ્રીદ્વારકાનાથજીએ લુંડીને આજ્ઞા કરી તું કમાડ ખોલ, મને ગરમી બહુ જ થાય છે ત્યારે લુંડીએ મંદિરનાં કમાડ ખોલ્યાં. પછી શ્રી દ્વારકાનાથજીએ લુંડીને કહ્યું કે તું પંખો કર. ત્યારે લુંડીએ પંખો કર્યો પછી શ્રી ઠાકુરજીએ લુંડીએ જયારે કહ્યું કે તું જા. હવે રહેવા દે, ત્યારે લુંડી કમાડ ખુલ્લાં મૂકીને સૂવા ગઈ. સવાર થયું ત્યારે દામોદરદાસ જુએ છે તો મંદિરનાં કમાડ ખુલ્લાં છે ત્યારે પૂછ્યું કે કમાડ કોણે ખોલ્યાં છે ? ત્યારે લુંડીએ દામોદરદાસને કહ્યું મને શ્રીઠાકુરજીએ આજ્ઞા કરી હતી કે તું કમાડ ખોલ, તેથી મેં કમાડ ખોલ્યાં છે. ત્યારે દામોદરદાસે કહ્યું કે મને કેમ ન કહ્યું, તેં પોતે ખોલ્યાં ? પછી દામોદરદાસના મનમાં આવ્યું કે શ્રીઠાકુરજીએ મને કમાડ ખોલવાનું કેમ ન કહ્યું, અને લુંડીને કેમ કહ્યું ? પરંતુ પ્રભુ તો દયાળુ છે. જેના વિષે સ્નેહ હોય તેનાથી સંભારણ કરે. શ્રીઆચાર્યજીના અંગીકારમાં બધા સમાન છે. લૌકિકમાં કોઈ ઊંચ નીચ કહેજો, પરંતુ શ્રીઠાકુરજી તો સ્નેહને વશ છે. પછી શ્રીઠાકુરર્જીએ કહ્યું કે મેં ખોલાવ્યાં છે, અને એણે ખોલ્યાં છે, તું એને કેમ ખીજે છે ? તું ચોવારે જઈ સૂતો અને મને ભીતર સુવાડ્યો ! ત્યારે દામોદરદાસે કહ્યું, પ્રસાદ ત્યારે લઉં કે જયારે મંદિર નવું સિદ્ધ કરાવું. ત્યારે સ્ત્રીએ કહ્યું, કે એમ કેમ બને આ તો કંઈ પાંચ સાત દિવસનું તો કામ નથી. ત્યારે દામોદરદાસે કહ્યું, કે સખડી મહાપ્રસાદ તો નહીં લઉં. ફલાહાર કરીશ પછી થોડા વખતમાં મંદિર સિદ્ધ થયું ત્યારે સુંદર દિવસ જોઈને શ્રીદ્વારકાનાથજીને મંદિરમાં પાટ બેસાડ્યા અને મોટા ઉત્સવ કર્યો. પછી વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવ્યો. તે પછી પોતે મહાપ્રસાદ લીધો.

ભાવપ્રકાશ : શ્રીઠાકુરજીએ લુંડીની પાસે પંખો કરાવ્યો. પરંતુ સ્ત્રીને નહીં જણાવ્યું, તે પણ સ્ત્રીએ જલની સેવા છોડી તેથી તેને ન કહ્યું. કેમ કે પહેલાં સ્ત્રી જલની સેવા ન કરતી તો હરકત ન હોતી વળી સેવા કરીને છોડવી હતી તો દશ પાંચ દિવસ જલ ભરીને પછી પોતાના મનથી જલ ન ભરતી તો ચિંતા નહીં પરંતુ દામોદરદાસના સસરાના કહેવાથી સેવા છોડી તેથી શ્રીઠાકુરજીએ લુંડી પાસે કમાડ ખોલાવી પંખાની સેવા કરાવી. શ્રીઆચાર્યજીની આ આજ્ઞા છે કે જ્યાં સુધી પૂર્ણ સ્નેહનો પ્રકાર હૃદયારૂઢ ન થાય ત્યાં સુધી સેવા યથા દેહે તથા દેવે કરવી. પોતાના દેહને શીત ઉષ્ણ વિચારીને કરે. દામોદરદાસ તો ચોવારે સૂતા અને શ્રીઠાકુરજીને પવન આવવાનો માર્ગ ન હતો, તેથી મંદિરની રીતિ પ્રગટ કરાવવાને માટે શ્રીઠાકુરજીએ લુંડીથી કમાડ ખોલાવ્યાં, લુંડીને માનસી સેવાનો અધિકાર હતો, આઠે પહોર ગુપ્ત રીતિથી માનસી સેવા કરતી કોઈ જાણે નહીં એ રીતે તેથી શ્રીઠાકુરજી તે લુંડી ઉપર બહુ જ પ્રસન્ન રહેતા.

જયારે દામોદરદાસ લુંડી ઉપર ખીજયા ત્યારે શ્રીઠાકુરજી સહી ન શક્યા. કેમ ? જે એ મને પ્રિય છે, તેના ઉપર ખીજે છે ? તેથી લુંડીનો પક્ષ શ્રીઠાકુરજીએ કર્યો, તથા દામોદરદાસને અપરાધથી છોડાવવાને બોલ્યા કે મેં એની પાસે કમાડ ખોલાવ્યાં છે, તું કેમ ખીજે છે આજ પછી એના ઉપર પ્રીતિ રાખજે. એનું સ્વરૂપ અલૌકિક જાણજે. તું જઈને ચોવારા ઉપર સૂતો અને મને પવન આવવાની જગા નહીં ? ચિત્રા સખી થઈ તારી સેવા ભૂલી ગયો ? ત્યારે દામોદરદાસ ચોંકી ઊઠ્યા. પોતાના સ્વરૂપનો અનુભવ થયો ત્યારે કહે, મંદિર તૈયાર થાય ત્યારે ખાનપાન કરું. આ ટેક ચિત્રસખીના આવેશમાં લીધી. પછી કારીગરને બોલાવી કામે લગાડ્યા પછી સ્ત્રીએ કહ્યું, ખાનપાન વિના કેમ ચાલશે ? એક દિવસનું કામ નથી, તેથી ખાનપાન વિના રહેવાશે નહીં આવેશ રહે ત્યારે ખાનપાન ન કરતા, અત્યારે તો કરો. ત્યારે કહે, ફલાહાર લઈશ. આ પ્રકારે મંદિર સિદ્ધ કરાવ્યું. જાળી ઝરુખા, નિજમંદિર, તિવારી, ચોક, ટેરા પડદા, જેમ લીલા સૃષ્ટિમાં

સજાવટ કરતા હતા તે જ ભાવથી બધા મંદિરની બધી સજાવટ કરી. મુહૂર્ત જોઈને શ્રીઠાકુરજીને પધરાવ્યા. મોટો ઉત્સવ કર્યો, વૈષ્ણવોનું સમાધાન કર્યું. શ્રીઆચાર્યજીની ભેટ કાઢી.

વાર્તાપ્રસંગ ૩ : ફરી એક દિવસ દામોદરદાસ શ્રીઠાકુરજીનો રાજભોગ સમર્પિને શય્યા મંદિરમાં શય્યા સમારતા ગયા ત્યારે જુએ તો દુલીચા (ગાલીચા-ગાદી) ઉપર બિલાડીએ બગાડ કર્યો છે, ત્યારે દામોદરદાસે કહ્યું, શ્રીઠાકુરજી તો પોતાની શય્યા પણ રાખી શકતા નથી. એમ કહ્યું ત્યારે શ્રીઠાકુરજીએ ભોજનનો થાળ ચોકી ઉપરથી લાત મારી ફેંકી દીધો, અને દામોદરદાસને શ્રીઠાકુરજીએ કહ્યું, કે સેવક તું કે સેવક હું ? સેવક થઈને આવું બોલે છે ? એમ બહુ ખીજ્યા, પછી દામોદરદાસે વિનંતી કરી બહુ જ મનુહાર કરી. અને બધી સામગ્રી સિદ્ધ કરીને ભોગ સમર્પ્યો, ત્યારે શ્રીઠાકુરજી આરોગ્યા પરંતુ તો પણ બે મહિના સુધી બોલ્યા નહીં. પછી બહું જ વિનંતિ કરવા લાગ્યા ત્યારે બોલવા લાગ્યા.

ભાવપ્રકાશ : શ્રીઠાકુરજીએ રાજભોગનો થાળ લાત મારીને ફેંકી દીધો તે એ ભાવથી કે શ્રીઆચાર્યજીએ હજુ તો દાસભાવનો અધિકાર દીધો છે, અને આ હાંસી તો સંખ્યભાવનો અધિકાર હોય ત્યારે બને. તેથી શ્રી આચાર્યજીએ આપ્યા વિના તે વિશેષ ભાવ કર્યો તેથી તારો ધર્યો ભોગ અંગીકાર નહીં કરું. આ પ્રકારે શિક્ષા કરી. તેથી અધિકાર વિના વિશેષ કંઈ બોલવું કરવું બાધક છે.

વાર્તાપ્રસંગ ૪ : ફરી એક વખત દામોદરદાસ હરસાની એમને ઘેર પરોણે આવ્યા. તે સંભલવાળાને ઘેર દિવસ પાંચ સાત રહ્યા. ત્યારે એમણે બહુ સારી રીતે સમાધાન કર્યું. પછી દામોદરદાસ હરસાની એમનાથી વિદાય થઈને અડેલ ગયા, ત્યારે શ્રીઆચાર્યજીએ દામોદરદાસને કહ્યું કે દમલા ! તું ક્યાં ઉતર્યો હતો ? શો પ્રસાદ લીધો હતો ? ત્યારે દામોદરદાસ હરસાનીએ શ્રીઆચાર્યજીને વિનંતી કરી મહારાજ ! કનોજમાં દામોદરદાસ સંભલવાળાને ત્યાં ઊતર્યો હતો, અને અનસખડી મહાપ્રસાદ લેતો. ત્યારે શ્રીઆચાર્યજી દામોદરદાસ સંભલવાળા ઉપર અપ્રસન્ન થયા અને કહ્યું. (મનમાં વિચાર્યુ કે) આ મારો અંતરંગ સેવક તેને સખડી મહાપ્રસાદ કેમ ન લેવડાવ્યો ? આ વાત શ્રીઆચાર્યજીના મનની દામોદરદાસ સંભલવાળાએ ઘેર બેઠાં જાણી, કે શ્રીઆચાર્યજી મહાપ્રભુ મારા ઉપર અપ્રસન્ન થયા છે. ત્યારે સ્ત્રીને કહ્યું, કે તું શ્રી ઠાકુરજીની સેવા સારી રીતે કરજે, અને હું તો શ્રીઆચાર્યજીના દર્શન માટે અડેલ જઉં છું. પછી દામોદરદાસ અડેલ ચાલ્યા. ત્યાં જઈ શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યાં. સાષ્ટાંગ દંડવત કર્યા. ત્યારે શ્રીઆચાર્યજી પીઠ દઈને બેઠા ત્યારે દામોદરદાસ સંભલવાળાએ શ્રીઆચાર્યજીને વિનંતી કરીને કહ્યું કે મહારાજ ! મારો અપરાધ શો છે ? અને જીવ તો અપરાધ કરતો જ આવ્યો છે. પરંતુ અપરાધ કર્યો તે જાણીએ તો સારી વાત છે, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, કે તેં દામોદરદાસ હદસાનીને સખડી મહાપ્રસાદ કેમ ન લેવડાવ્યો ? ત્યારે દામોદરદાસ સંભલવાળાએ શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે મહારાજ, દામોદરદાસને જ આપ પૂછો ત્યારે શ્રીઆચાર્યજીએ દામોદરદાસ હરસાનીને પૂછ્યું, કે દમલા ! તેં દામોદરદાસ સંભલવાળાને ત્યાં સખડી મહાપ્રસાદ કેમ ન લીધો ? ત્યારે દામોદરદાસે કહ્યું, મહારાજ ! શ્રીઠાકુરજી પ્રાતઃકાલ બાલભોગ આરોગતા તે જ લેતો, તેથી સખડીની રૂચી રહેતી નહીં તેથી ન લેતો. શ્રીઆચાર્યજીએ કહ્યું, કે તું તારી ઈચ્છાથી નહોતો લેતો પરંતુ મને તો એના ઉપર બહું રીસ આવી હતી. ભક્તોના અંતઃકરણની ભક્તિ જોવા પ્રભુનું આ નાટક છે, કેમકે દામોદરદાસ સંભલવાળાએ કનોજમાં પોતાના ઘર બેઠે શ્રીઆચાર્યજીના અંતઃકરણની વાત જાણી, કારણ શ્રીઆચાર્યજી તો ભક્તના હૃદયમાં સદા બિરાજે છે, તે ભક્તહૃદયની વાત શું ન જાણે ? પરંતુ ભક્ત પરીક્ષાર્થ આ પ્રભુનું નાટય છે. પછી દામોદરદાસને બહુ જ સન્માન કરીને શ્રીઆચાર્યજીએ ઘરે

મોકલ્યા, પછી દામોદરદાસ પોતાના ઘરે કનોજ આવી સ્ત્રીપુરુષ સારી રીતે સેવા કરવા લાગ્યા.

ભાવપ્રકાશ : દામોદરદાસ હરસાની, સંભલવાળાના ઉપર કૃપા કરવાને માટે એમને ત્યાં આવ્યા. દામોદરદાસ સંભલવાળા તનુજા વિત્તજા સેવા સારી રીતથી (રાજસેવા) કરતા અને જે જે વૈષ્ણવ એમને ત્યાં જઈને શ્રીઆચાર્યજીના દર્શને જાય તે બધાની સાથે અલગ અલગ ભેટ મોકલતા, વૈષ્ણવનું સમાધાન કરતા. (ખડિયા થેલા)માં વિના કહે ખર્ચી વૈષ્ણવોને ભરી દેતા. શ્રીઆચાર્યજીની આગળ બહુ બડાઈ થઈ. જે આવે તે બડાઈ કરે. ત્યારે શ્રીઆચાર્યજીના મનમાં એ આવ્યું કે હૃદયની ભીતરનો ભાવ શુદ્ધ હોય તો કામ થાય. અન્યાશ્રય ન થાય. આ શ્રીઆચાર્યજીના હૃદયની ઈચ્છા જાણીને દામોદરદાસ હરસાની એમને ત્યાં પરોણે આવ્યા. (કૃપા કરવાને માટે) તે દામોદરદાસના હૃદયની બધી રીત સુંદર જોઈ, પરંતુ સ્ત્રીમારચક પિતાને મર્યાદા જાણીને સખડી મહાપ્રસાદ ન લીધો દિન પાંચ સાત રહ્યા પણ પોતાના હૃદયનો અભિપ્રાય અગર માર્ગની કંઈ વાર્તા ન કહી. પછી શ્રીઆચાર્યજી પાસે આવ્યા ત્યારે શ્રીઆચાર્યજીએ પૂછ્યું ક્યાંથી આવ્યા ? ત્યારે વિનંતી કરી જે દામોદરદાસ સંભલવાળાને ત્યાં પરોણે ગયો હતો. ત્યાં સખડી નહીં લીધી. અનસખડી લીધી. એમ કહીને એ સૂચવ્યું કે, દામોદરદાસનો ભાવ દ્રઢ છે તેથી અનસખડી લીધી. સ્ત્રીનો ભાવ દ્રઢ નતી તેથી સખડી મહાપ્રસાદ નહીં લીધો. ત્યારે શ્રીઆચાર્યજી દામોદરદાસ સંભલવાળા ઉપર અપ્રસન્ન થયા, કે મારા અંતરંગ સેવકને પ્રાપ્ત કરીને પણ સ્ત્રીનો અન્યાશ્રય ન છોડાવ્યો ? ફરી એવો સમય ક્યારે મળશે ? આ વાત શ્રીઆચાર્યજીના હૃદયની સંભલવાળાએ જાણી પણ સ્ત્રીને પરાશ્રય છે તેથી તેણે ન જાણી.

વાર્તાપ્રસંગ ૫ : વળી સિંહનંદના વૈષ્ણવ જે શ્રીઆચાર્યજીના દર્શને જતા તે કનોજમાં દામોદરદાસના ઘેર ઉતરતા દામોદરદાસ બધાયે પ્રસાદ લેવડાવતા. પછી જ્યારે વૈષ્ણવ અવ્લ માટે વિદાય થતા ત્યારે જેટલા વૈષ્ણવ હોય તે બધા પ્રતિ એકએક મોહર અને એકએક નારિયેલ શ્રીઆચાર્યજીને ભેટ મોકલતા. શા માટે ? કે મારા દંડવત ખાલી હાથે કેમ કરશો ? તે દામોદરદાસ એવા ભવદીય હતા.

વાર્તાપ્રસંગ ૬ : અને દામોદરદાસનો સસરો બહુ જ સંપન્ન હતો. તેણે એકસો લુંડીઓ બેટીના દાયજામાં આપી હતી, કે મારી બેટી સુખી રહેશે, અને કામકાજ બધી લુંડીઓ કરશે. પરંતુ તે લુંડી પાસે કામ ન કરાવતી સેવા સંબંધી કાર્ય બધું આપ જ કરતી અને લુંડી બધી બીજું કામકાજ કરતી. તે એવી ભવદીય હતી.

વાર્તાપ્રસંગ ૭ : વળી એક સમયે શ્રીઆચાર્યજી આપ શ્રી દામોદરદાસ સંભલવાળાના ઘેર પોઢ્યા હતા અને દામોદરદાસ સંભલવાળા ચરણ દાબતા હતા, ત્યારે આચાર્યજીએ એમને પૂછ્યું, કે તને તારા મનમાં કોઈ વાતનો મનોરથ છે ? ત્યારે દામોદરદાસે કહ્યું કે મહારાજ ! મને તો આપના અનુગ્રહથી કોઈ વાતનો મનોરથ રહ્યો નથી ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તારી સ્ત્રીને પૂછી આવ. ત્યારે દામોદરદાસે પોતાની સ્ત્રીને પૂછ્યું જો તને કોઈ વાતનો મનોરથ છે ? ત્યારે સ્ત્રીએ કહ્યું બીજો તો કોઈ મનોરથ રહ્યો નથી, એક પુત્રનો મનોરથ છે ત્યારે શ્રી આચાર્યજી પાસે આવીને દામોદરદાસે કહ્યું કે મહારાજ (સ્ત્રીને) એક પુત્રનો મનોરથ છે. ત્યારે શ્રી આચાર્યજીએ પોતે શ્રીમુખથી આજ્ઞા કરી, પુત્ર થશે. પછી આચાર્યજી પોતે શ્રીનાથજીદ્વાર (જતીપુરા) પધાર્યા. તે પછી સમય થયો. ત્યારે તેને ગર્ભની સ્થિતિ થઈ. તે પછી કેટલા દિવસમાં તે બાખરમાં (લત્તામાં) એક બાખર આવ્યો (જોશ જોનારો આવ્યો) ત્યારે તેને બધી સ્માર્તની સ્ત્રીઓ પૂછવા લાગી, ત્યારે તેમાંથી કોઈએ દામોદરદાસની સ્ત્રીને કહ્યું કે તું પણ પૂછ, તારે શું થશે ? પછી એક લુંડીએ જઈને તે ડાકોતિયાને પૂછ્યું કે મારી શેઠાણીને શું થશે ? બેટો થશે કે બેટી ? ત્યારે તે ડાકોતિયાએ

કહ્યુ કે બેટો થશે.

તે પછી કેટલાક દિવસમાં શ્રીઆચાર્યજી જ્યારે કનોજ પધાર્યા ત્યારે દામોદરદાસ ચરણ સ્પર્શ કરવા ગયા, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, કે તું મને અડીશ નહીં, તને અન્યાશ્રય થયો છે. ત્યારે દામોદરદાસે કહ્યું, કે મહારાજ ! હું તો જાણતો નથી. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, કે તું તારી સ્ત્રીને પૂછ ત્યારે દામોદરદાસે પોતાની સ્ત્રીને પૂછ્યું ત્યારે સ્ત્રીએ જે પ્રકાર થયો હતો તે બધો કહ્યો. તે વાત દામોદરદાસે શ્રીઆચાર્યજીને આવીને કહી, ત્યારે શ્રીઆચાર્યજીએ દામોદરદાસને કહ્યું કે પુત્ર તો થશે, પરંતુ મ્લેચ્છ (વૃત્તિવાળો) થશે પછી શ્રીઆચાર્યજી આપ અડેલ પધાર્યા.

આ વાત દામોદરદાસની સ્ત્રીએ સાંભળી ત્યારથી તે ઠાકુરજીની સામગ્રી તથા પાત્રને પોતે સ્પર્શ ન કરતી, અને કહેતી કે મારા પેટમાં મ્લેચ્છ છે તો હું શ્રીઠાકુરજીની સામગ્રી તથા પાત્રને કેમ અડકું ? આવા પ્રકારથી રહેતી. પછી જ્યારે પ્રસૂતિનો દિવસ આવ્યો ત્યારે દામોદરદાસની સ્ત્રીએ પોતાની માતાને કહ્યું, કે મારે પુત્ર થાય તે થતાં માત્ર જ તું તત્કાલ લઈ જજે. હું એનું મહોડું નહીં જોઉં. એનું મહોડું અમે જોઈએ તો અમારું અનિષ્ટ થાય તેથી તેનું મહોડું ન દેખાય એવો ઉપાય તું કરજે. પછી એની માતાએ તેમજ કર્યું પ્રસૂતિ થતાં માત્ર તત્કાલ તે બાલકને પોતાના ઘેર લઈ ગઈ, અને ધાઈને (બાંદીને) આપીને તેને મોટો કર્યો.

ભાવપ્રકાશ : એક સમયે જ્યારે શ્રીઆચાર્યજી કનોજ પધાર્યા ત્યારે દામોદરદાસને આજ્ઞા કરી કે તારે કંઈ મનોરથ હોય તો માગી લે. આ પ્રકારે ફરી દામોદરદાસની પરીક્ષા કરી. કેમ કે સ્ત્રીને પરાશ્રય છે, તેના સંગથી આને પણ પરાશ્રય થાય તો કંઈ વરદાન આપીએ, એટલે પુષ્ટિમાર્ગના ફલથી રહિત થાય. પરંતુ દામોદરદાસ તો દઢ છે, તેથી તેમણે કહ્યું મહારાજ ! આપના ચરણાવિંદની સેવા મળી હવે મને કોઈ વાતનો મનોરથ નથી. ત્યારે શ્રીઆચાર્યજીએ દામોદરદાસને કહ્યું. સ્ત્રીને પૂછી આવ એમાં એમ સમજવું કે, શ્રીઆચાર્યજી દામોદરદાસ સાથે બોલ્યા, પરંતુ સ્ત્રીથી કંઈ બોલ્યા નહીં. અને સ્ત્રીએ પણ પોતે આવીને શ્રીઆચાર્યજી પાસે વિનંતી ન કરી. એમ જાણીએ કે સ્ત્રી શ્રી મહાપ્રભુજીની પાસે પણ વધુ વખત આવતી નહીં અને મનમાં અનાશ્રય હતો તેથી કહ્યું જે એક પુત્ર સેવા અર્થે થાય તો સારું પણ એમ વિચાર ન આવ્યો કે પુષ્ટિમાર્ગની સેવા કાંઈ માગ્યાથી મળે ? પુત્રનું શું પ્રમાણ છે કે સેવા કરશે ? એટલા વચનમાં (શ્રીઆચાર્યજીએ જાણ્યું) કે મારો આશ્રય છૂટ્યો. પુત્રને લઈને સઘળી ભક્તિ સકામી થઈ ગઈ. સપ્તમસ્કંધમાં પ્રહલાદજી નરસિંહજી પ્રતિ કહે છે કે "સ્વામીસોં નિજ અર્થ હી ચાહે, નિંદન ભક્તિ અવગાહે" સ્વામી પાસે લૌકિક વૈદિક પોતાનું સુખ કંઈ ચાહે તો નિંદિત છે. એને ભક્તિ ન મળે. આ પ્રકારે પુત્ર આપી શ્રીગોવર્ધનધર પાસે ગિરિરાજ પધાર્યા. પછી જ્યારે સ્ત્રીએ અન્યાશ્રય કર્યો. એવામાં આપ કનોજ પધાર્યા અને દામોદરદાસને ચરણસ્પર્શ એથી ન કરવા દીધા કે સ્ત્રીના હાથનું ખાનપાન દામોદરદાસે કર્યું છે તેથી ચરણસ્પર્શ કરવાનો અધિકાર નથી. આ પ્રમાણે દામોદરદાસને જણાવ્યું.

તેથી અન્યાશ્રય બરાબર બીજો દોષ નથી. જેમ એક પતિ છોડીને બીજો પતિ કરે તો સ્ત્રીનો સઘળો ધર્મ જાય, તે જ પ્રકારે અન્યાશ્રય રંચક કરે તો વૈષ્ણવનો ધર્મ નાશ થાય. પછી ફરી સ્ત્રીને અનન્યતા થઈ. મ્લેચ્છ પુત્રને કારણે શ્રીઠાકુરજીની સામગ્રી-સેવાનો સ્પર્શ તે ન કરતી તેનો અન્યાશ્રય પુત્ર દ્વારા હૃદયથી નીકળ્યો. શ્રી ભાગવતમાં કહે છે, કે જે ભક્તને શ્રીઠાકુરજી વિના બીજી જગ્યાએ જો મમત્વ હોય તો તે વસ્તુનો શ્રીઠાકુરજી તત્કાલ નાશ કરે છે. અને ત્યારે જ્ઞાન વૈરાગ્ય દઢ થઈને આશ્રય સિદ્ધ થાય છે. તે સ્ત્રીની પુત્રમાં મમતા જોઈને શ્રીઆચાર્યજીએ પોતાના જાણી તે મમમતા નષ્ટ કરી. ત્યારે સ્ત્રીને જ્ઞાન થયું એટલે

પોતાની માતાને કહ્યું કે પુત્રનું મહોડું નહીં જોઉં. પુત્ર થવાના સમયે નેત્રો ઉપર પટ્ટી બાંધી લીધી. પછી એની માતા પુત્રને જન્મથી જ પોતાના ઘેર લઈ ગઈ. ત્યાં પુત્ર વરસ ૦નો મ્લેચ્છ બુદ્ધિનો થયો ત્યારબાદ સ્ત્રીપુરુષે મન લગાડીને શ્રીદ્વારકાનાથજીની સેવા કરી.

વાર્તાપ્રસંગ ૮ : પછી એક સમયે જયારે દામોદરદાસનો દેહ છૂટ્યો. ત્યારે સ્ત્રીએ તે ઘરમાં સંતાડી રાખો, પછી વૈષ્ણવોને કહ્યું, કે તમે નાવ અડેલની ભાડે કરી લાવો. વૈષ્ણવો નાવ ભાડે કરી લાવ્યા. ત્યારે શ્રીદ્વારકાનાથજી અને ઘરની બધી સામગ્રી અને તૃણ પર્યંત બધું નાવમાં ભર્યું. ઘરમાં કંઈ રાખ્યું નહીં. પછી વૈષ્ણવોને કહ્યું કે આ નાવ અડેલ લઈ જાવ બધું શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના મંદિરમાં પહોંચાડો, તે વૈષ્ણવો નાવ લઈને ચાલ્યા, કોસ ૩૦-૪૦ ઉપર નાવ ગઈ ત્યારે સ્ત્રીએ વાતને પ્રગટ કરી કે દામોદરદાસની દેહ છૂટી છે. એટલે વૈષ્ણવો બધાએ આવીને દામોદરદાસના દેહનો સંસ્કાર કર્યો. પછી દામોદરદાસનો પુત્ર જે તુરક થયો છે તે આવ્યો. તે આવીને જુએ તો ઘરમાં કંઈ નથી, માટીના જલનો કરથો ભર્યો છે. આ જોઈને માથું કુટીને ચાલ્યો ગયો પછી દામોદરદાસનો સસરો આવ્યો. તેણે બેટીને કહ્યું તેં ઘરમાં કાંઈ રાખ્યું નહીં ? હવે તું શું ખાઈશ ? ત્યારે તેણે કહ્યું કે તમે દેશો તે ખાઈશ. ક્ષત્રી લોકોમાં આ સમયે સગાંસંબંધી કંઈક દે છે. એવી જ્ઞાતિની રીતિ છે. ત્યાર પછી દામોદરદાસની સ્ત્રીએ જલપાન ન કર્યું. થોડા જ દિવસમાં તેનો દેહ છૂટ્યો ક્રિયા બન્નેની સાથે થઈ. આ વાત કેટલાક દિવસ પછી કોઈ વૈષ્ણવે શ્રીઆચાર્યજી આગળ કહી, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એને એમ જ જોઈએ. દામોદરદાસ તથા તેમની સ્ત્રીએ બેઉ શ્રીઆચાર્યજીના સેવ એવા કૃપાપાત્ર ભગવદીય હતા. તેથી તેમની વાર્તાનો પાર નથી. તે કયાં સુધી કહીએ ?

ભાવપ્રકાશ : દામોદરદાસનો દેહ સ્ત્રીએ એ માટે સંતાડી રાખ્યો કે પુત્ર મ્લેચ્છ છે, સઘળી વસ્તુ શ્રીજીની છે તે લઈ જશે. તેથી નાવ ભરીને બધી વસ્તુ શ્રીઆચાર્યજીને ત્યાં મોકલાવી જયારે કોસ ૪૦ નાવ ગઈ ત્યારે સ્ત્રીએ જાહેર કર્યું દામોદરદાસના શ્વસુર આદિ જ્ઞાતિના બધાએ દામોદરદાસના દેહનો સંસ્કાર કર્યો. પછી બેટો દોડીને આવ્યો, તે જુએ તો માટીનો કરથો જલથી ભર્યો છે. બીજું કંઈ નથી, તેથી ચાલ્યો ગયો. લૌકિક થઈને અલૌકિક વસ્તુ લેવાનો ઉપાય કરે તો દુઃખ જ પામે પરંતુ હાથ લાગે નહીં. દામોદરદાસના શ્વસુરે કહ્યું કે કંઈ રાખ્યું નહીં, હવે તું શું ખાઈશ ? આ લૌકિક-રીતે પૂછ્યું, ત્યારે સ્ત્રીએ અલૌકિક વાત કહી, કે હવે તમે દેશો તે કાઈશ. આ સમયે ક્ષત્રી લોકોમાં દે છે, તેનાથી નિર્વાહ કરીશ. તેનો અર્થ એ છે કે શ્રીઠાકુરજી પધાર્યા, તેથી સેવા વિના ઘરની વસ્તુ કેમ લઉં ? સેવા વિના હવે હું લૌકિક છું તેથી લૌકિકથી નિર્વાહ કરીશ, આ પ્રકારે સ્ત્રીએ પણ દેહ છોડી દીધો. ક્રિયા કર્મ બધું દામોદરદાસની સાથે જ થયું.

લુંડીની વાર્તા : તે લુંડી ભગવદીય હતી. તેની વાર્તા નથી લખી તે એ માટે કે તે શ્રીયમુનાજીની સખી છે. લીલામાં એનું નામ 'કૃષ્ણાવેશીની' છે સદા કૃષ્ણના સ્વરૂપનો આવેશ તેનામાં રહેતો દ્વાપરમાં વિદુરજીની સ્ત્રી આ લુંડી હતી. તેને શ્રીઠાકુરજીમાં અત્યંત સ્નેહ હતો. વિદુરજીના ઘેર બોલાવ્યા વિના શ્રીઠાકુરજી જતા. તે હવે દામોદરદાસને ત્યાં આવી તે લુંડી દામોદરદાસના લગ્નમાં દાયજામાં આવેલી. એને પુષ્ટિ સંબંધ થયો. એ માનસીમાં મગ્ન રહેતી.

એક દિવસે સેવા કરતાં દામોદરદાસના મનમાં આવ્યું કે નકાસમાં (ગુજરીમાં) જઈ ઘોડા ખરીદીએ. તે જ સમયે એક વૈષ્ણવ દામોદરદાસને મળવાને આવ્યો અને દામોદરદાસ વિષે પૂછ્યું, ત્યારે લુંડીએ કહ્યું કે નકાસમાં ઘોડા ખરીદવા ગયા છે. ત્યારે તે વૈષ્ણવ ચાલ્યો ગયો. પછી એ વાત કોઈએ દામોદરદાસને કહી કે તમે સેવામાં હતા ત્યારે લુંડીએ આ પ્રમાણે કહ્યું. જયારે દામોદરદાસને લુંડીને આ

બાબત પૂછ્યું ત્યારે લુંડીએ કહ્યું, તમારું મન તે સમયે કયાં હતું ? જયાં મંન ત્યાં દેહ જાણજો, ત્યારે દામોદરદાસ ચૂપ થઈ રહ્યા.

જયારે નાવમાં સઘળી સામગ્રી ધરી ત્યારે સામગ્રી સદશ (સમાન) લુંડી પણ છે. તે પણ નાવ ઉપર શ્રીદ્વારકાનાથજીની સાથે ગઈ. શ્રીઆચાર્યજીને વૈષ્ણવે આવીને કહ્યું, મહારાજ ! શ્રીદ્વારકાનાથજી વૈભવ સહિત પધાર્યા છે. તે સમયે શ્રીનાથજી ઊભા હતા. ત્યારે કહે લક્ષ્મી સહિત નારાયણ પધાર્યા છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, ઠાકુરનો વૈભવ જોઈને શ્રીગોપીનાથજી તમારું મન પ્રસન્ન થયું છે ? ત્યારે શ્રીગોપીનાથજી કહે, તમારો કહેવાઈને શ્રીઠાકુરજીની વસ્તુમાં પોતાનું મન કરશે તેનો નિર્મૂલ નાથ થશે. ત્યારે શ્રીઆચાર્યજી કહે અમારો માર્ગ તો એવો જ છે. તે દ્રવ્યથી કંઈક શ્રીગોપીનાથજી પ્રસન્ન થયા હતા તેથી એક પુત્ર થયો પરંતુ વંશ ન ચાલ્યો. પછી શ્રીઆચાર્યજીએ વૈષ્ણવોને આજ્ઞા કરી જે સઘળી સામગ્રી શ્રીયમુનાજીમા પધરાવી દો અને દ્વારકાનાથજીને અમારા ઘેર પધરાવી લાવો ત્યારે તે લુંડી પણ જે સામગ્રી રૂપ છે તે દેહ સહિત શ્રીજમુનાજીની પાસે ચાલી ગઈ. સઘળી સામગ્રી શ્રીજમુનાજીમાં પધરાવી, શ્રીદ્વારકાનાથજી શ્રીઆચાર્યજીની ઘરે બિરાજ્યા. આ લુંડીની અલૌકિક વાર્તા હતી. તે લોકમાં વિરુદ્ધ જેવી લાગી તેથી શ્રી ગોકુલનાથજીએ પ્રકાશ ન કર્યો. પછી કોઈ વૈષ્ણવે શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! સામગ્રી તો દામોદરદાસની સ્ત્રી વૈષ્ણવે મોકલી તે આપે અંગીકાર કેમ ન કરી ? ત્યારે તેવા શ્રીઆચાર્યજી કહે કે તે તેનો બેટો મ્લેચ્છ છે, સાંભળીને આવે તો ઝઘડો કરે દ્રવ્ય દુઃખનું મૂલ છે. દામોદરની સ્ત્રીએ મોકલ્યું અને શ્રીમહારાણીજીને અંગીકાર પણ કરાવ્યું. લૌકિક ઝઘડો પણ પતાવ્યો. પછી કોઈ વૈષ્ણવે દામોદરદાસની સ્ત્રીએ પણ દેહ છોડી એ વાત કહી ત્યારે શ્રીઆચાર્યજી કહે સ્ત્રીપુરુષ સારી વૈષ્ણવ ટેકના હતા.

॥ વાર્તા ૪ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક પદ્મનાભદાસ કનોજિયા બ્રાહ્મણ, કનોજમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ-

વાર્તાપ્રસંગ ૧ : તે પદ્મનાભદાસ પ્રથમ વ્યાસાસાને બેસતા ને કનોજમાં પોતે પોતાના ઘરે કથા કહેતા ઊંચા આસને બેસતા, કોઈના ઘરે જવું ન પડતું. વૃત્તિ ઘર બેઠાં ચાલી આવતી, એ રીતે રહેતા. એક સમય શ્રીઆચાર્યજી આપ કનોજ પધાર્યા ત્યારે પદ્મનાભદાસ દર્શને આવ્યા ત્યારે પદ્મનાભદાસે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના શ્રીમુખથી ભગવદ્ વાર્તાનો પ્રસંગ સાંભળ્યો. ત્યારે જાણ્યું કે એ સાક્ષાત્ ઈશ્વર છે, શ્રીપૂર્ણ પુરુષોત્તમ એ જ છે પુરુષોત્તમ જાણીને પદ્મનાભદાસે શ્રીઆચાર્યજીને શરણે આવ્યા, નામ પામ્યા, પછી સમર્પણ કર્યું, પછી ઉત્થાપનના સમયે શ્રીઆચાર્યજીએ પોથી ખોલી. ત્યારે આપશ્રી દામોદરદાસ સંભલવાળાના ઘેરે બિરાજ્યા હતા, પદ્મનાભદાસ પોતાના ઘેરેથી ત્યાં આવ્યા. પછી શ્રીઆચાર્યજીને દંડવત કરીને બેઠા, ત્યારે શ્રીઆચાર્યજીએ નિબંધનો શ્લોક કહ્યો, તે શ્લોક-

પઠનીયં પ્રયત્ને ન સર્વહતુવિવર્જિતમ્ ।
વૃત્ત્યર્થં નૈવ ગુંજીત પ્રાણે કણ્ઠગતૈરપિ ॥૧॥
તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમાચારેત્ ।
ત્રયાણાં યેન કદાપી ભજન કૃષણમવાપ્નુંયાત્ ॥૨॥

એ શ્લોક આપ જયારે બોલ્યા ત્યારે પદ્મનાભદાસજીએ ખોબો ભરી સંકલ્પ કર્યો કે કથા કહીને વૃત્તિ નહીં કરું. એમ શ્રી આચાર્યજીની આગળ સંકલ્પ કર્યો ત્યારે શ્રી આચાર્યજીએ કહ્યું કે શ્રીભાગવત વૃત્ત્યર્થ ન

કહેવું, બીજું તો તમારી વૃત્તિ છે. તમે બ્રાહ્મણ છો, તેથી બીજું મહાભારત ઈત્યાદિ કહેવું, ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે મહારાજ ! હવે તો સંકલ્પ કર્યો તે તો કહો, તેથી કંઈ ન કહેવું ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે તો ગૃહસ્થ છો, કઈ રીતે નિર્વાહ કરશો ? ત્યારે પદ્મનાભદાસે શ્રીઆચાર્યજીને કહ્યું કે શ્રીભાગવત વૃત્તિ અર્થે નહીં કહું, અને જજમાનને ત્યાથી વૃત્તિ કરી લાવીશ, તેનાથી નિર્વાહ કરીશ, પછી જજમાનને ત્યાં વૃત્ત્યર્થ ગયા. તેણે બહુ જ આદર કર્યો, ત્યારે પદ્મનાભદાસના મનમાં ગ્લાનિ આવી કે પહેલાં તો ક્યાંયે ભિક્ષા માગી નથી. હવે વૈષ્ણવ થયા પછી ભિક્ષા માગવા નીકળ્યો તે ઉચિત નહીં. પહેલાં તો જનોઈ ગળામાં હતી, તેને તો ઉચિત છે જે ભિક્ષાવૃત્તિ કરે. પરંતુ હવે તો ગળામાં માળા પહેરી, તેને તો આ ભિક્ષાવૃત્તિ ઉચિત નથી. ત્યારે ફરી સંકલ્પ કર્યો કે આ ભિક્ષાવૃત્તિ નહીં કરું. ત્યારે ફરી શ્રીઆચાર્યજીએ પૂછ્યું કે હવે નિર્વાહ કેવી રીતે કરશો ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે વૈશ્યવૃત્તિ કરી નિર્વાહ કરીશ. પછી કોડી વેચતા, લાકડા લઈ આવતા, પરંતુ બીજી વાત ના વિચારી. દેહાદિ પર્યંત સેવા કરી, એવા ટેકી હતા.

ભાવપ્રકાશ : પદ્મનાભદાસ ચંપકલતા સખી છે, જ્યારે પદ્મનાભદાસે શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે અમે બ્રાહ્મણ છીએ. ભિક્ષાવૃત્તિ કરીશું, ત્યારે એ ટેક જોઈ શ્રીઆચાર્યજી બહુ પ્રસન્ન થયા, અને કહ્યું કે વૈષ્ણવને ટેક જ મોટો ધર્મ છે. પછી પદ્મનાભદાસના સઘળા કુટુંબને જ્યારે અંગીકાર કર્યું. ત્યારે પદ્મનાભદાસે કહ્યું, મહારાજ ! અમારું કર્તવ્ય શું છે ? ત્યારે શ્રી આચાર્યજીએ કહ્યું, ભગવત્સેવા કરો, ત્યારે પદ્મનાભદાસે કહ્યું મહારાજ ! મેં તો પુરાણ, મહાભારત આદિ શાસ્ત્રો બહુ જોયાં છે. મને શ્રીઠાકુરજીના સ્વરૂપમાં વિશ્વાસ આવવો કઠિન છે. જો સ્વરૂપનું મહાત્મ્ય પ્રગટ થતાં જોઉં ત્યારે મારો વિશ્વાસ દઢ થાય. વિશ્વાસ જ ફલરૂપ છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે અમારી સાથે વ્રજમાં ચાલો, તમને મહાત્મ્ય દેખાડીશું. પછી પદ્મનાભદાસ આપશ્રીની સાથે વ્રજમાં ગયા, મહાદેવની પાસે રમણસ્થલ છે ત્યાં શ્રીજમ્નાજીના કિનારે (સામે પાર કર્ણાવલમાં) શ્રીઆચાર્યજી બિરાજ્યા. પ્રાતઃકાલનો સમય છે, અને જમનાજીનો કરાડો તૂટ્યો તેમાંથી એક ભગવત્સ્વરૂપ તાડનું વૃક્ષ નીકળ્યું અને હોય એટલું મોટું સ્વરૂપ નીકળ્યું અને શ્રીઆચાર્યજીની આગળ આવીને કહે, મારી સેવા કરો, ત્યારે શ્રીઆચાર્યજી કહે, મહારાજ ! આ કાળમાં વૈષ્ણવોની સામર્થ્ય નથી કે આપની સેવા શૃંગાર કરે. સેવા કરાવવાનો મનોરથ હોય તો ભકતોથી પધરાવ્યા જાય એવા ગોદ જેવા (ગોદમાં બીરાજો એટલા ઊંચા થઈ) બેસો, ત્યારે સેવા થાય, ત્યારે શ્રીઠાકોરજીએ નાનું સ્વરૂપ કરી શ્રીઆચાર્યજીના ચિબુકથી મસ્તક શ્રીઠાકુરજીનું લાગ્યું એટલા મોટા થયા. તે સ્વરૂપ શ્રી યમુનાજી, ગિરિરાજજી, સખા, સખી, ગામ, કુંજ, ચૌરાશી, કોસ વ્રજ, સઘળું સ્વરૂપાત્મક ચિહ્નસહિત છે. તેથી શ્રીઆચાર્યજીએ શ્રીમથુરાનાથજી નામ પાડ્યું અને પદ્મનાભદાસને કહ્યું, કેમ ? તારો મનોરથ પૂરો થયો ? ત્યારે પદ્મનાભદાસ પ્રેમથી વિહ્વલ થઈને કહે, મહારાજ ! આપ જેવા મારા ધણી છો, આપની કૃપાથી શું ન થાય ? ત્યારે શ્રીઆચાર્યજી કહે 'યથા લાભ સંતોષ' કરી ભાવપૂર્વક સેવા કરજે. પછી આજ્ઞા માગી શ્રીમથુરાનાથજીને કનોજમાં પોતાના ઘરે પધરાવી લાવ્યા. પહેલાં ભિક્ષાવૃત્તિ કરતાં પછી પદ્મનાભદાસના મનમાં આવ્યું કે હું વૈષ્ણવ કહેવાઈને ભીખ માંગુ ? શ્રીઆચાર્યજી તો 'યથા લાભ સંતોષ' રહેવાનું કહે છે, અને ઉત્તમ પક્ષ તો એ જ છે, 'અવ્યાવૃત્તો ભજેત કૃષ્ણ પૂજ્યા શ્રવણાદિભિ.' આ પ્રકારે અવ્યાવત્તાનું નીમ (નિયમ) સેવા મન લગાવીને કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૨ : એક સમયે શ્રીઆચાર્યજી પ્રયાગમાં હતા, ત્યાં પદ્મનાભદાસ પાસે હતા. રાત્રિ પ્રહર એક ગઈ હતી, ત્યારે પદ્મનાભદાસને શ્રીઆચાર્યજીએ કહ્યું, કે શ્રી અક્કાજી સામે પાર છે તો ત્યાંથી

પધરાવી લાવો. એટલું સાંભળીને તેઓ તરત ઊઠી ચાલ્યા. ત્યારે પાંચ-સાત વૈષ્ણવો જે ત્યાં સૂતા હતા તે કહેવા લાગ્યા કે બ્રાહ્મણ બાવરો થયો છે, આ સમયે ક્યાં જશે ? નાવ બધી બાંધેલી છે, ઘાટાવાળા બધા ઘરે ગયા છે. તેથી આ સમય જવાનો નથી પરંતુ પદ્મનાભદાસને તો શ્રી આચાર્યજી મહાપ્રભુની આજ્ઞાનો વિશ્વાસ છે કે આ કામ અવશ્ય થશે, તેથી ઘાટ ઉપર આવ્યા અને આમતેમ જોવા લાગ્યા, એટલામાં આકસ્મિક એક બાલક એક ડોંગી (હોડી) લઈને આવ્યો. તેણે પદ્મનાભદાસને પૂછ્યું કે તું સામે પાર જઈશ ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે હા ! હા ! જઈશ, એટલે એણે પાર ઉતારી દીધા પછી ફરી પૂછ્યું કે તું પાછો આવીશ ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે ઘડી બેમાં આવીશ. ત્યારે તે બાલકે કહ્યું ડોંગી રાખું છું. જલદી આવજે પછી અડેલમાં આવીને અક્કાજીને પધરાવી લાવ્યા. અને તે જ ડોંગીમાં બેસાડીને પાર ઉતાર્યા. ત્યારે પાછું ફરીને જુએ છે તો ડોંગી નથી બાલક પણ નથી. પછી શ્રી અક્કાજીને પધરાવી લાવ્યા ત્યારે શ્રીઆચાર્યજીએ પદ્મનાભદાસને આજ્ઞા આપી કે જાવ સૂઈ જાવ. સૂઈ રહો. પદ્મનાભદાસ જ્યાં વૈષ્ણવો બધા સૂઈ રહ્યા હતા ત્યાં આવ્યા. એટલે વૈષ્ણવો પૂછવા લાગ્યા કે તમે શું કરી આવ્યા ? ત્યારે પદ્માનાભદાસે કહ્યું કે આવી રીતે શ્રી અક્કાજીને પધારાવી આવ્યો છું. ત્યારે બધા વૈષ્ણવોએ કહ્યું કે તમે શ્રીઠાકુરજીને બહુ જ શ્રમ કરાવ્યો પછી એ વૈષ્ણવોએ જ્યારે શ્રી આચાર્યજીને કહ્યું કે મહારાજ ! પદ્મનાભદાસે શ્રીઠાકુરજીને બહુ જ શ્રમ કરાવ્યો, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે આ જે કંઈ થયું છે તે મારી ઈચ્છાથી થયું છે, તેથી તમે પદ્મનાભદાસને કંઈ ન કહો.

ભાવપ્રકાશ : આ વાર્તામાં એ સિદ્ધાંત થયો કે ગુરુના કાર્યાર્થે પ્રભુને શ્રમ કરાવે, તો વૈષ્ણવને બાધક નથી. ગુરુ પ્રસન્ન થયે બધું કાર્ય સિદ્ધ થાય. તે રાત્રિ શ્રીગુસાંઈજીના પ્રાગટ્યના ગર્ભ-સ્થિતિનું મુહૂર્ત હતું, તેથી શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી અને ઠાકુરજીને ડોંગી લાવ્યા. તેથી એ બતાવ્યું કે શ્રીગુસાંઈજીને માટે બધું કાર્ય શ્રીઠાકુરજી કરે તેમાં શું કહેવું ? એમાં શ્રીગુસાંઈજીના સ્વરૂપની શ્રીઠાકુરજીથી અધિકતા દેખાડી, અને પ્રધનાભદાસજીનો પૂરણ વિશ્વાસ દેખાડ્યો કે શ્રીઆચાર્યજીના વચન ખાલી કદીયે ન જાય. સર્વથા કાર્ય સિદ્ધ થાય જ.

વાર્તાપ્રસંગ ૩ : ફરી એક સમય શ્રીઆચાર્યજી મહાપ્રભુ શ્રીગોકુલથી અડેલ પધારતા હતા ત્યારે એક વેપારી છત્રી કેટલીક વસ્તુ લઈને સાથે ચાલ્યો. તે કનોજની આ તરફ રહ્યો અને શ્રીઆચાર્યજી તો કનોજ પધાર્યા. વેપારી પાછળ રહ્યો એવામાં એના ઉપર ચોર પડ્યા. વસ્તુ બધી લૂંટી લીધી. હવે શ્રી આચાર્યજી આપે રસોઈ કરીને શ્રીઠાકોરજીને ભોગ સમર્પ્યો એટલામાં જ વેપારી રોતો કૂટતો આવ્યો. અને બોલ્યો કે શ્રીઆચાર્યજી શું કરે છે ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે ભોજન કરતા હશે, ત્યારે વેપારીએ કહ્યું કે અમારો સઘળો માલ લૂંટાઈ ગયો છે અને શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ ભોજન કરે છે ! ત્યારે પદ્મનાભદાસે મનમાં વિચાર્યું કે આ વાત શ્રીઆચાર્યજી સાંભળશે તો ભોજન નહીં કરે. તેથા આ વાત સાંભળે નહીં એમ કરવું.

ત્યારે પદ્મનાભદાસ તેને બાંહ પકડીને બહાર લઈ આવ્યા. અને પૂછ્યું કે સાચું કહે, તારો કેટલો માલ ગયો છે ! ત્યારે એ વેપારીએ બતાવ્યું. એટલે તે વેપારીનો હાથ પકડીને પદ્મનાભદાસ એક શાહની દુકાને લઈ ગયા. તે શાહે પદ્મનાભદાસની બહુ જ આગતાસ્વાગતા કરી પછી તે શાહે કહ્યું કે આજ્ઞા કરો, કેમ પધાર્યા છો ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે આ વેપારીને આટલું દ્રવ્ય તો આપવું જ જોઈએ. એ દ્રવ્યનું ખતપત્ર વ્યાજ અમે લખી દઈશું. ત્યારે તે શાહે કહ્યું કે પદ્મનાભદાસજી ! તમને જેટલું જોઈએ તેટલું દ્રવ્ય લો, ખતપત્રની શી વાત છે ? ત્યારે પદ્મનાભદાસે કહેલું કે પહેલાં ખતપત્ર લખીશ પછી દ્રવ્ય લઈશ.

ખતપત્ર લખ્યા વિના તો હું લઈશ નહીં. ત્યારે શાહે કહ્યું કે તમારી ઈચ્છા. પછી પદ્મનાભદાસે ખતપત્ર વ્યાજબી લખી પોતાનો ધર્મ ઘરેણે લખી આપ્યો. પછી વેપારી તો દ્રવ્ય લઈને પોતાને ઘેર ગયો. ત્યારે પદ્મનાભદાસને આચાર્યજીએ પૂછ્યું કે તું ક્યાં ગયો હતો ? ત્યારે પદ્મનાભદાસે કહેલું કે મહારાજ ! એક કામ હતું ત્યાં ગયો હતો. શ્રીઆચાર્યજી આપ તો ઈશ્વર છો, તત્કાલ વાતને જાણી ગયા, પછી પદ્મનાભદાસને શ્રીઆચાર્યજીએ કહ્યું કે અમે એ વેપારીની સાથે કંઈક માલનો વીમો કર્યો હતો શું ? એનો માલ અમારે પાછો આપવો ? તે પાછળ રહ્યો તો અમે શું કરીએ ? પરંતુ તેં ખોટું કર્યું કે ઋણ કાઢીને પૈસા આપ્યા.

ત્યારે પદ્મનાભદાસે કહ્યું-મહારાજ ! રૂણ તો કાલે ચૂકવી દઈશ, એ કેટલીક વાત છે ? પરંતુ તે વેપારી બૂમ પાડતો. તો રાજભોજન બે ઘડી મોડું કરત, તો મારો સઘળો જન્મ વ્યર્થ થઈ જતો ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તે ધર્મ ઘરેણે લખી દીધો તે શું છે ? ત્યારે પદ્મનાભદાસે કહેલું કે મહારાજ ! એવું કઠિન લખ્યા વિના કરજ ચૂકવી ન શકાય. પછી શ્રીઆચાર્યજી આપ અડેલ પધાર્યા. ત્યાર બાદ પદ્મનાભદાસ એક રાજા પાસે ગયો, ત્યારે તે રાજાએ કહ્યું કે મને કૃપા કરી કથા સંભળાવો. ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે રાજા શ્રીભાગવત તો કહીશ નહીં, કહો તો મહાભારત સંભળાવું. ત્યારે રાજાએ કહ્યું કે ભલે, મહાભારત જ સંભળાવો પછી મહાભારત કહેવા લાગ્યા. જ્યારે યુદ્ધનો પ્રસંગ આવ્યો ત્યારે બધાના હથિયાર છોડાવી દીધા પછી આગળ કહેવા લાગ્યા. તે કથામાં એવો સરસ વીરરસ ઉપજ્યો આપસમાં લાત મુક્કાઓથી લડવા લાગ્યા પછી કેટલાક દિવસમાં મહાભારત સમાપ્ત થયું ત્યારે રાજા બહુ જ દક્ષિણા દેવા લાગ્યો. ત્યારે પદ્મનાભદાસે કહેલું કે એટલું દ્રવ્ય લઈશ નહીં, મારે માથે ઋણ છે તેટલું લઈશ. પછી તે શાહુકારને જેટલું દ્રવ્ય દેવાનું હતું તેટલું જ લીધું, બાકી પાછું દીધું ને પદ્મનાભદાસ એવા ભગવદીય હતા.

ભાવપ્રકાશ : વેપારીએ કહ્યું કે અમારો માલ બધો લૂંટાઈ ગયો અને આપ ભોજન માટે પધાર્યા છે ? એમ કહ્યું તેનું કારણ એ કે પોતે દયાલુ થઈને જીવ દુઃખી હોવા છતાં ભોજન કેમ કરે છે ? જે દયાલુ છે તે પારકું દુઃખ દૂર કરીને ભોજન કરે છે. શ્રીઆચાર્યજીએ કહ્યું કે તે વેપારીને દ્રવ્ય કેમ અપાવ્યું, ઋણ કાઢીને ? કંઈ અમે વિમો કર્યો હતો ? પાછળ રહ્યો તેથી લૂંટાઈ ગયો તે ખોટું કર્યું. તેનું કારણ એ કે ઋણ-હત્યા માથે લીધી તે ખોટું કર્યું. શરીરનો શો ભરોસો છે ? દેહ છૂટી જાય તો ઋણ માથે રહે.

ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે આ વેપારીનું રૂદન સાંભળી બે ઘડી આપ ભોજન મોડું કરતાં તો મારો જન્મ વૃથા થઈ જતો. તેનો અભિપ્રાય એ કે સેવકની હાજરીમાં સ્વામીને કંઈ શ્રમ થાય અને સેવક જો શ્રમ દૂર ન કરે તો સેવકનો ધર્મ જાય, પછી ધિક્કાર એ સેવકને, જીવે તો વૃથા છે. અને ઋણની કેટલી વાત છે ? હમણાં ચૂકવી દઈશ. તેનું કારણ એ કે કાળની શી સામર્થ્ય છે ? આપની કૃપાથી બાધક થશે નહીં. અને ધર્મ ઘરેણે ધર્યો. એ ગૌણ ભાવ છે, કેમ કે શ્રીઆચાર્યજીને શરણે આવ્યા ત્યારે બધું સમર્પણ કર્યું છે. જો વૈદિક ધર્મ અલગ રહે તો પુણ્યનું ફલ સ્વર્ગ ભોગવવું પડે તેથી એમણે તો સર્વ સમર્પણ કરી એક પુષ્ટિ ભક્તિરૂપ ધર્મ રાખ્યો છે. તેથી શ્રી આચાર્યજીએ પૂછ્યું કે એવો ધર્મ શાહુકારને ત્યાં ઘરેણે કેમ ધર્યો ? પરંતુ પદ્મનાભદાસને શ્રીઆચાર્યજીનું સ્વરૂપ હૃદયારૂઢ હતું. શ્રીઆચાર્યજીના સુખને માટે ધર્મની પણ અપેક્ષા રાખી નહીં, ઘરેણે ધર્યો. અને વેપારીને દ્રવ્ય દઈને બહુ જ મનમાં પ્રસન્ન થયા. ભલું થયું વેપારી અહીં આવ્યો જો અન્યત્ર ચાલ્યો ગયો હોત તો જ્યાં ત્યાં દેશમાં નિંદા કરતો, કે હું શ્રીઆચાર્યજીની સાથે હતો છતાં

લૂંટાઈ ગયો. કેમ કે લૌકિકમાં રાજાની સાથે હોય તો લૂંટાય નહીં. તો આવા ઈશ્વરની સાથે લૂંટાઈ ગયો ? એટલે પદ્મનાભદાસ કહે મારા ધર્મની પરીક્ષા માટે લૂંટાઈ ગયો હશે તે વેપારીને દ્રવ્ય દીધું તેથી હવે જ્યાં જશે ત્યાં શ્રીઆચાર્યજીની બડાઈ કરશે ને મને નફા સહિત દ્રવ્ય આપ્યું. આ ભાવથી પદ્મનાભદાસની શ્રીઆચાર્યજીએ અનિવર્ચનીય પ્રીતિ છે અને રાજા વધારે દ્રવ્ય દેવા લાગ્યો તે પદ્મનાભદાસે પોતે એથી ન લીધું કે એમને અવ્યાવૃત્તનો નિયમ છે, વૃત્તિના અર્થે કથા નહીં કહેવી એ સંકલ્પ છે. આ બધું કામ શ્રીઆચાર્યજીના સુખના માટે કર્યું. શાહને રૂપિયા અપાવી ધર્મનો કાગળ લખ્યો હતો તે લઈ આવ્યા પછી ઘેર આવીને સેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૪ : પદ્મનાભદાસના ઘરે બેટી કુંવારી હતી. તેમના નિમિત્ત એક વાર શ્રીઆચાર્યજીનો સેવક જોઈતો હતો, તેથી વૈષ્ણવોને પૂછવા લાગ્યા. ત્યારે એક વૈષ્ણવે કહ્યું કે એક વર શ્રીઆચાર્યજીનો સેવક હતો, પરંતુ સનોઢિયા બ્રાહ્મણ છે. શ્રીઆચાર્યજીનો સેવક છે તે સાંભળતાં જ પદ્મનાભદાસને લૌકિક વ્યવહારની તો સુધ ન રહી. વૈષ્ણવે કહ્યું કે આ વૈષ્ણવ છે. એને કન્યા આપો. ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે સારું. પછી પદ્મનાભદાસે કંકુ મંગાવીને તે વૈષ્ણવને તિલક કર્યું. અને કહ્યું કે હું મારી બેટી તમને દઈ ચૂક્યો. લગ્નનો દિવસ તમે પૂછીને કહો તે દિવસે લગ્ન કરું. એ પ્રમાણે વિવાહ ખરો કરી પ્રસન્ન થઈ પોતાને ઘરે આવ્યા. તેમની મોટી બેટી એક તુલસાં હતી. તે લગ્ન થતાં જ વિધવા થઈ હતી, લૌકિક પતિનું મુખ ન જોયું તે શ્રીમાથુરામજીની સેવામાં તત્પર હતી. તેને કહ્યું કે આપણી બેટીનો વિવાહ અમુક વૈષ્ણવની સાથે નક્કી કરી આવ્યો છું. ત્યારે તુલસાંએ કહ્યું કે એ તો સનોડિયા બ્રાહ્મણ છે, અને અમે કનોજીયા બ્રાહ્મણ છીએ, તે વિવાહ કેમ થાય ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે છરી લાવો, અંગુઠો કાપો, કેમ કે અંગુઠાથી તિલક કર્યું છે તે કાપો ! ત્યારે તુલસાંએ કહ્યું કે અંગુઠો કેવી રીતે કાપીએ ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું તો સગાઈ કેવી રીતે ફેરિયે ? અંગુઠો કપાય તો સગાઈ ફરે, પછી પદ્મનાભદાસે વિવાહ કરી દીધો. જાતિના બધા જખ મારી રહ્યા. વૈષ્ણવના કહેવાનો એવો વિશ્વાસ તેથી સગાઈ ન ફેરવી.

ભાવપ્રકાશ : જ્યારે તુલસાએ કહ્યું અંગુઠો કેવી રીતે કપાય ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું શ્રીઆચાર્યજીના સેવક ઉપર તન, મન, ધન, ન્યોછાવર કરીએ તો સગાઈ કેમ ફેરવી જાય ? આ પ્રકારે તુલસાને માર્ગનો અભિપ્રાય બતાવ્યો. તે દિવસથી તુલસાંને પ્રેમ વૈષ્ણવોએ પદ્મનાભદાસની સંગથી થયો. તેથી શ્રીઠાકુરજી તુલસાંને પણ અનુભવ બતાવવા લાગ્યા. પછી પ્રસન્ન થઈને તે વૈષ્ણવની સાથે પોતાની બેટીનો વિવાહ કરી દીધો. જાતિ બધી જખ મારીને રહી. તેનું કારણ એ છે કે જ્યાં સુધી દઢ સ્નેહ નથી ત્યાં સુધી લૌકિક વૈદિકનો ડર છે. જ્યારે દઢ સ્નેહ પ્રભુમાં થાય ત્યારે સઘળી ચિંતા માટે લૌકિક વૈદિક પણ બધા ન કરી શકે. એવા એક વૈષ્ણવ પદ્મનાભદાસ થયા.

વાર્તાપ્રસંગ ૫ : વળી એક ક્ષત્રાણી પદ્મનાભદાસના ઘરે નિત્ય આવતી. ત્યારે પદ્મનાભદાસની બેટી તુલસાને એક દી એણે કહ્યું, કે ક્ષત્રાણી, તું નિત્ય કેમ આવે છે ? ત્યારે તે ક્ષત્રાણીએ કહ્યું કે એ મહાપુરુષ છે. મોટા ભવદીય છે. અને મારે સંતતિ નથી થતી. તેથી હું આવું છું. તમે મારી વિનંતી પદ્મનાભદાસને કરજો. ત્યારે એક દિવસ તુલસાંએ પદ્મનાભદાસને કહ્યું કે આ ક્ષત્રાણીને સંતતિ નથી. તે માટે તમને વિનંતી કરે છે. ત્યારે પદ્મનાભદાસે તુલસાંને કહ્યું કે જલ લાવ. ત્યારે તુલસાંએ જલ આપ્યું એટલે તે જલ લઈને ચરણોદક કરી ક્ષત્રાણીને આપ્યું અને કહ્યું કે જા તને પુત્ર થશે, એનું નામ મથુરદાસ રાખજે. પછી તેને પુત્ર થયો, નામ મથુરદાસ રાખ્યું.

ભાવપ્રકાશ : પોતાનું ચરણોદક આપ્યું ? ભવદીય પોતાની મોટાઈ તો કરાવતો નથી, તેથી શ્રીઠાકોરજીનું ચરણોદક લીધું હશે. ત્યાં કહે છે કે પદ્મનાભદાસે વિચાર્યું કે તુચ્છ કામના પુત્રાદિકની છે, એને માટે શ્રી ઠાકોરજીનું ચરણોક શું કામ આપવું ? શ્રીઠાકોરજીને શ્રમ શું કામ કરાવું ? તેથી પોતાનું ચરણોદક આપ્યું. પદ્મનાભદાસ સદા શ્રી આચાર્યજીના સ્વરૂપમાં મગ્ન રહેતા હતા, તે જલ લઈ શ્રીઆચાર્યજીના ભાવથી આપ્યું. અન એમને કંઈક કામના કે મોટાઈની અપેક્ષા ન હતી, ભગવદીયનો આશ્રય કરે તો સઘળો મનોરથ તેનો પૂર્ણ થાય, તો પુત્રની શી વાત છે ? તેને (ક્ષત્રાણીને) પુત્ર કામના હતી તેથી પુત્ર આપ્યો, પરંતુ બાધક નહીં. કેમકે પોતાના કર્યાનો અહંકાર નથી. તે સમયે જે બુદ્ધિની પ્રેરણા થઈ તે ભગવદિચ્છાથી કાર્ય કર્યું. પોતાના કાર્ય જાણતા નથી શ્રીગુસાંઈજી લખે છે કે-"બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદદ્મપ્રસીદતું" ભક્ત દ્વારા જ કાર્ય થાય છે. તે શ્રીઠાકુરજીની પ્રેરણાથી જ થાય છે. તેથી તે કાર્ય બધું શ્રીકૃષ્ણનું જ જાણવું. જે પોતાનું કે બીજાનું જાણે તે જ આ સંસાર સમુદ્રમાં ભમે છે. તેથી પદ્મનાભદાસે પોતાનું ચરણોદક આપ્યું, પરંતુ એ ભાવથી નહીં કે મારા ચરણોદકથી પુત્ર થશે. ભગવદિચ્છાથી બધું થાય છે. આ સિદ્ધાંત દેખાડ્યો.

વાર્તાપ્રસંગ ૬ : વળી એક સમયે મોટા રામદાસજી પોતાના સેવ્ય શ્રીઠાકુરજીને પદ્મનાભદાસજીના ઘરે પધરાવીને શ્રીનાથજીના દર્શને ગયા. તે શ્રીનાથજીની સેવામાં શ્રીઆચાર્યજીની આજ્ઞાથી રહ્યા, અને શ્રીનાથજીની સેવા કરવા લાગ્યા. શ્રીનાથજીના ભીતરિયા થયા ત્યારે પદ્મનાભદાસ તેમના શ્રીઠાકુરજીની સેવા કરવા લાગ્યા કેટલાક દિવસ પછી મુગલની ફોજ આવી, તેણે ગામ લૂટ્યું. તે શ્રીઠાકુરજીને એક મુગલ લઈ ગયો. ત્યારે પદ્મનાભદાસ એ મુગલોની સાથે દિવસ સાત સુધી રહ્યા, જલપાન પણ ન કર્યું, ત્યારે આઠમા દિવસે મુગલને મુગલાનીએ કહ્યું કે બ્રાહ્મણ જલપાન નથી કરતો તેને અન્નજલ છોડ્યાને સાત દિવસ થયા છે, તેથી જો આ મરશે તો તારે માથે હત્યા લાગશે. માટે તેના દેવતા છે તે એને આપી દે. ત્યારે મુગલે શ્રીઠાકુરજી પદ્મનાભદાસને આપ્યા. તે લઈને પદ્મનાભદાસ પોતાના ઘરે આવ્યા, તે પછી પોતે સ્નાન કરી શ્રીઠાકુરજીને પંચામત સ્નાન કરાવ્યાં. અંગવસ્ત્ર કરી શૃંગાર કર્યો. રસોઈ કરી ભોગ સમર્પ્યો પછી સમયાનુસાર ભોગ સરાવી અનોસર કરી પછી વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવ્યો. પછી પોતે મહાપ્રસાદ લીધો, અને જે દિવસે શ્રીઠાકુરજી કનોજમાં મુગલના હાથે પડ્યા, તે દિવસે મોટા રામદાસજીએ પણ એ વાત જાણી, ને તે દિવસથી મોટા રામદાસજીએ પણ સાત દિવસ સુધી ભોજન ન કર્યું, પરંતુ શ્રીનાથજીની સેવા સાવધાનીથી કરતા. આ વાત પદ્મનાભદાસજીએ પોતાના ઘર બેઠાં જાણી જે રામદાસજી પણ આ વાતના ઉપર બહુ જ દુઃખ પામ્યા છે. એ જાણી પદ્મનાભદાસ શ્રીનાથજીનાં દર્શને તથા રામદાસજીને મળવા માટે શ્રીનાથજીદ્વાર ગયા. શ્રીનાથજીનાં દર્શન કર્યા પછી, રામદાસજીને મળ્યા ત્યારે રામદાસજીને પદ્મનાભદાસે કહ્યું કે હું તો દુઃખ પામ્યો તે તો ન્યાય છે કે તમે મારા માથે સેવા પધરાવી પરંતુ તમે દિવસ સુધી પ્રસાદ ન લીધો તે શા માટે ? ત્યારે રામદાસજીએ કહ્યું કે તમે છો તે સાચું, પરંતુ મેં પણ ઘણા દિવસ સેવા કરી છે તેથી એટલો સંબંધ તો જોઈએ. પછી કેટલાક દિવસ રહીને પદ્મનાભદાસ શ્રીનાથજીથી તથા રામદાસજીથી વિદાય થઈને પોતાના ઘર કનોજ આવ્યા અને ફરીથી સેવા કરવા લાગ્યા.

ભાવપ્રકાશ : આ વાર્તામાં આ સિદ્ધાંત દેખાડ્યો કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવના ઠાકુર પોતાને ઘરે પધારે તો ભિન્ન ભાવ ન રાખવો. શ્રીઆચાર્યજીનો સંબંધ જાણી પધારે છે એમ જાણી સેવા કરવી. અને રામદાસજીના ભાવમાં એ બતાવ્યું કે પોતાના સેવ્ય શ્રીઠાકોરજીને કોઈ જગાએ પધરાવી નિશ્ચિંત ન થવું. એમના દુઃખથી દુઃખી થાય અને એમના સુખથી સુખ પામે. એ સિદ્ધાંત દેખાડ્યો.

વાર્તાપ્રસંગ ૭ : ફરી એક સમય પદ્મનાભદાસે વિચાર્યું કે શ્રીઠાકુરજી સહિત શ્રીઆચાર્યજીનાં દર્શન કરીએ. તેથી શ્રીઠાકુરજીને પધરાવીને કુટુંબ સહિત અડેલમાં આવ્યા. ત્યાં કેટલાક દિવસ રહ્યા. પરંતુ દ્રવ્યનો સંકોચ ઘણો હતો. તેથી શ્રી આચાર્યજીને જે ભોગ સમર્પ્યો તે છોલા (ચણા) તળીને સમર્પ્યા. તે છાલા સુંદર રીતિથી વીણીને પહેલા દિવસે ભીંજવી રાખ્યા. બીજા દિવસે સુંદર રીતિથી તળીને સમર્પ્યા. તે આ પ્રકારે-(કે) પાતળમાં એક મૂઠી ચણા મૂકી તેમાં દાળની ભાવના કરતાં. એક મૂઠી ભાતની, એક મૂઠી ખીરની, શાકાદિક બધાનું નામ લઈને દરેકની અલગ અલગ મૂઠી ધરતા. અને શ્રીઠાકોરજી તે સઘળી સામગ્રીના ભાવથી આરોગતા. એ પ્રકારે નિત્ય કરતા પછી એક દિવસે એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને આ બધો પ્રકાર કહ્યો, કે મહારાજ ! પદ્મનાભદાસ શ્રીઠાકોરજીને આ પ્રકારે છોલા સમર્પે છે. તેથી એક દિવસ શ્રીઆચાર્યજીના ભોગ સમર્પવાની વખતે પદ્મનાભદાસને ઘેર પધાર્યા. અને પદ્મનાભદાસને પૂછ્યું કે આ ઢગલી ન્યારી ન્યારી કેમ છે ? ત્યારે પદ્મનાભદાસે કહ્યું, આ દાળ છે, આ ભાત છે, આ ખીર છે, આ કઢી છે, આ શાકાદિક છે, આ પ્રકારે બધી ઢગલીઓ ને સામગ્રી બતાવી. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુનું હૃદય ભરી આવ્યું અને જાણ્યું, કે આને દ્રવ્યનો સંકોચ છે તેથી એમ કરે છે, પરંતુ દ્રવ્યનો ઉપાય કરતા નથી. બહુ ધૈર્ય છે. તેથી તેના ઉપર શ્રીઠાકુરજી બહુ પ્રસન્ન છે.

શ્રીઆચાર્યજી પછી ઘરે પધાર્યા. અને ભોજન કર્યું અને શ્રીઅક્કાજીને કહ્યું કે પદ્મનાભદાસના ઘરે દ્રવ્યનો બહુ જ સંકોચ છે, તેથી છોલા નિત્ય ઠાકુરજીને ધરે છે. ત્યારે શ્રીઅક્કાજીએ સંધ્યા સમય બધી સામગ્રી સિદ્ધ કરીને એક વૈષ્ણવના મારફત ત્યાં મોકલી. ત્યારે તુલસાંએ પદ્મનાભદાસને કહ્યું કે શ્રીઆચાર્યજીને ત્યાંથી સામગ્રી આવી છે. ત્યારે પદ્મનાભદાસે કહ્યું કે હવે અમને કાઢવાનો ઉપાય આપે કર્યો છે. સામગ્રી બધી સાવચેતીથી ધરી રાખો. ત્યારે તુલસાંએ ધરી રાખી પછી બીજા દિવસે સાંજે ફરી સામગ્રી શ્રીઅક્કાજીએ મોકલી, ત્યારે તુલસાંએ ફરી પદ્મનાભદાસને કહ્યું ત્યારે પદ્મનાભદાસે કહ્યું, અમને વહેલા વિદાય કર્યા. તેથી સવારે ચાલીશું હમણાં આ ધરી રાખો, પછી પ્રાતઃકાલે ઠાકોરજીને વહેલા જ રાજભોગથી પહોંચી શ્રીમથુરાનાથજીને પૂછ્યું કે મહારાજ આપને શ્રીઆચાર્યજીના ઘરે પધારવાની ઈચ્છા હોય તો ત્યાં નાના પ્રકારની સામગ્રી છે. મારે ત્યાં તો જે તે સમયે જેવું પ્રાપ્ત હશે તેવું ધરીશ ત્યારે શ્રીમથુરાનાથજીએ કહ્યું મને તારું કર્યું રુચે છે, તેથી જે ધરીશ તે પ્રીતિથી આરોગીશ. પછી અનોસર કરાવી એક નાવ ભાડે કરી લાવ્યા અને તુલસાંને કહ્યું, બન્ને દિવસનું સીધું સામગ્રી છે તે શ્રીઅક્કાજીને દઈ આવ. ત્યારે તુલસા બધી સામગ્રી શ્રીઆચાર્યજીને ત્યાં દઈ આવી.

પછી સઘળી વસ્તુ નાવ નવા ઉપર ધરી શ્રીમથુરાજીને નાવ નવા પર પધરાવી શ્રીઆચાર્યજીના પાસે વિદાય થવા આવ્યા અને દંડવતકરી વિનંતી કરી કે મહારાજ ! આજ્ઞા હોય તો ઘરે જાઉં ત્યારે શ્રીઆચાર્યજીએ પૂછ્યું કે શ્રીઠાકુરજી ક્યાં છે ત્યાં પદ્મનાભદાસે કહ્યું મહારાજ ! નાવ ઉપર પધાર્યા છે. ત્યારે શ્રીઆચાર્યજીએ વિદાય કર્યા. અને મનમાં વિચાર્યું કે અચાનક પદ્મનાભદાસ કેમ ગયા ? ત્યારે અક્કાજીએ કહ્યું જે બે દિવસનું સીધુ મોકલ્યું તે પાછું દઈ ગયાં છે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે સીધુ મોકલ્યું તેથી ગયા. નહીં તો ન જાત એમ શ્રીઆચાર્યજીએ શ્રીમુખથી કહ્યું. પછી પદ્મનાભદાસ પોતાને ઘેર આવી સેવા કરવા લાગ્યા.

ભાવપ્રકાશ : આ વાર્તામાં એમ જણાવ્યું છે કે ગુરુ-દ્રવ્ય શ્રીઠાકોરજીના દ્રવ્યથી પણ ભારે છે. શ્રીભાગવતમાં (૧૧-૧૭-૨૮માં) કહે છે કે ભિક્ષા માંગી લાવીને શિષ્યે ગુરુ આગળ ધરવી, અને જો ગુરુ આજ્ઞા દે તો તેમાંથી ખાવું, નહીં તો ભૂખ્યા રહેવું. જો માંગેલી ભીક્ષા પણ આજ્ઞા વિના ન લેવાય તો ગુરુનું

(દ્રવ્ય) કેમ્ લેવાય ? તેથી શ્રીઆચાર્યજી 'વિવેકધૈર્યાશ્રય'માં લખે છે કે "ત્રિદુઃખ સહનંધૈર્યમ્"

જ્યારે મુગલ ઠાકુરને લઈ ગયો ત્યારે પદ્મનાભદાસ ધારે તો (તેને) ભસ્મ કરી નાખે પરંતુ પદ્મનાભદાસે કષ્ટ સહ્યું, પોતે રાતદિવસ ભૂખ્યા રહ્યાં પણ એને કંઈ ન કહ્યું (આ અલૌકિક દુઃખ કહ્યું) લૌકિક દુઃખ એ જે બેટી પરજ્ઞાતિને સહન કરી આપી તેની જ્ઞાતિમાં નિંદા થઈ તે સહન કરી આનપાનાદિકનું દુઃખ સહન કર્યું પરંતુ ધર્મ ન છોડ્યો. તેથી શ્રીગોકુલનાથજી શ્રી સર્વોત્તમજીની ટીકામાં લખે છે જે કરોડો વૈષ્ણવોમાં પદ્મનાભદાસ સરખા દુર્લભ છે. તે શ્રીઆચાર્યજીના માર્ગને અને શ્રીઆચાર્યજીના સ્વરૂપને સારી રીત જાણે છે.

તે પદ્મનાભદાસની ઉપર શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ સદા પ્રસન્ન રહેતા. તેથી તેમની વાર્તાનો પાર નથી. તે ક્યાં સુધી કહીએ.

॥ વાર્તા ૪ (૧) ॥

હવે શ્રીઆચાર્યજીના સેવક પદ્મનાભદાસની બેટી તુલસાં, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ-

ભાવપ્રકાશ : એ લીલામાં પદ્મનાભદાસની સખી છે. પદ્મનાભદાસ તો ચંપકલતા અષ્ટસખીઓમાં છે અને ચંપકલતાની સખી મણિકુંડલા છે. જેમ મણીની જ્યોતિની કુંડલી ચારે તરફ ફૂલ તેમ આ તુલસાં સાત્વિક ભક્ત છે.

વાર્તાપ્રસંગ ૧ : એક દિલસ તુલસાંને ઘરે એક વૈષ્ણવ આવ્યો. તે આચાર્યજીનો સેવક હતો. તેણે શ્રીમથુરાનાથજીના દર્શન રાજભોગ આરતીના કર્યા. ત્યારે તુલસાંએ તે વૈષ્ણવને કહ્યું કે ઊઠો, સ્નાન કરો મહાપ્રસાદ લો. ત્યારે તે વૈષ્ણવે કહ્યું કે હું તો ઘરે સ્નાન કરીશ, ત્યારે તુલસાં ચૂપ રહી પછી તે વૈષ્ણવ ઊઠીને પોતાના ઘરે ગયો. તુલસાંના મનમાં ઘણો જ ખેદ થયો. કે મારા ઘરેથી ભૂખ્યા ગયા.

ભાવપ્રકાશ : તેનું કારણ એ કે મહાપ્રસાદની ના કહી, કેમ કે જ્ઞાતિ-વ્યવહારને માટે પ્રસાદ લીધો નહીં. આ વાત તુલસાં સમજી ગઈ, તેથી આગ્રહ ન કર્યો. એ ગૌડ બ્રાહ્મણ હતો અને લીલામાં લલિતાજીની સખી છે સૌરભા એનું નામ છે. એના શરીરમાંથી અત્તર ગુલાબની સુગંધ આવતી. વૈષ્ણવ લલિતાજીની સખી છે અને તુલસા ચંપકલતાની સખી છે. અને તુલસાંને વશ શ્રીમથુરાનાથજી છે. તેથી એ વૈષ્ણવે મહાપ્રસાદ ના લીધો. કારણ કે લલિતાજીની આજ્ઞા વિના કેમ લઉં ? તેથી આ વૈષ્ણવ પોતાને ઘરે ચાલ્યો ગયો. તેથી તુલસાંમાં મનમાં ખેદ થયો.

ત્યારે મનમાં આવ્યું, કે જ્ઞાતિ વ્યવહારને માટે સખડી નહીં લીધી હોય તો ભલે પરંતુ સવારે પૂરી કરી પ્રસાદ લેવડાવીશ પછી મેંદો છાણીને સિદ્ધ કરી રાખ્યો. પછી સૂઈ રહી. તે દિવસે તુલસાંએ મહાપ્રસાદ ન લીધો. તે રાત્રિએ શ્રીમથુરાનાથજીએ તુલસાંને સ્વપ્નમાં કહ્યું કે સવારે એ વૈષ્ણવને મહાપ્રસાદ લેવડાવજે. એ વૈષ્ણવ પોતાના ઘરે મહાપ્રસાદ લેશે નહીં.

ભાવપ્રકાશ : એમાં જણાવ્યું છે કે કાલે એ વૈષ્ણવ મહાપ્રસાદ લેશે, તું ચિંતા ન કરીશ, પછી શ્રીઠાકુરજીએ તે વૈષ્ણવને જણાવ્યું કે તુલસાંને ત્યાં મહાપ્રસાદ કેમ ન લીધો ? સવારે લે જે. લલિતાજીની પણ આજ્ઞા છે. લલિતાજીએ પણ કહ્યું છે કે તુલસાંને ત્યાં મહાપ્રસાદ લેજે અમારા અને એમના ભાવમાં ભેદ નથી.

વાર્તાપ્રસંગ ૨ : પછી પ્રાતઃકાલ તુલસાંએ પૂરી કરી. શ્રીઠાકુરજીને જગાડ્યા. સેવા શૃંગાર કરવા લાગી. એટલામાં તો વૈષ્ણવ સવારે ન્હાઈને શ્રીઠાકુરજીની સેવાથી પહોંચીને તુલસાંને ઘરે આવ્યો. જ્યારે

તુલસાં ભોગ સમર્પીને બહર આવી ત્યારે તે વૈષ્ણવને જયશ્રીકૃષ્ણ કર્યા અને કહ્યું કે ઊઠો, સ્નાન કરો, ભગવદ્સ્મરણ કરો ત્યારે વૈષ્ણવે કહ્યું. હું સ્નાન કરીને અપસરમાં જ આવ્યો છું. (કોઈ વાર્તામાં એમ પણ છે કે સ્નાન કરી તિલક-મુદ્રા કરી સ્મરણ કર્યું) સમય થયે તુલસાંએ રાજભોગ સરાવ્યો આરતી કરી વૈષ્ણવે દર્શન કર્યા. પછી તુલસાં શ્રીઠાકુરને અનોસર કરાવી બહાર આવી અને તે વૈષ્ણવને પ્રસાદની પાતર ધરી. તેમાં પૂરી, (ખાંડ) દહીંથરા, અને અથાણું ધર્યું, અને કહ્યું કે મહાપ્રસાદ લો. ત્યારે તે વૈષ્ણવે કહ્યું કે આ નહીં લઉં, સખડી મહાપ્રસાદ ધરો, તે લઈશ. ત્યારે તુલસાંએ કહ્યું કંઈ સંકોચ ન કરો આ તો જ્ઞાતિનો વ્યવહાર છે, ત્યારે વૈષ્ણવે કહ્યું કે એ તો સાચું, પહેલાં તો મારા મનમાં એમ જ હતું . પરંતુ આજ્ઞા થઈ છે, તેથી હવે તો સખડી મહાપ્રસાદ લઈશ ત્યારે તુલસાંએ તે વૈષ્ણવને સખડી અનસખડી બંને ધરી. પછી તે વૈષ્ણવે સખડી મહાપ્રસાદ લીધો. પ્રસાદ લઈ વૈષ્ણવ પોતાને ઘેર ગયો. તુલસાં મનમાં બહુ જ પ્રસન્ન થઈ.

ભાવપ્રસંગ : એમાં જણાવ્યું કે વૈષ્ણવ ઘરે આવે તેનું યથાશક્તિ સન્માન કરવું શા માટે ? શ્રીભાગવતમાં કહ્યું છે કે જે ઘરમાં જલાદિકનું પણ સન્માન નથી. તેનું ઘર સર્પના દર જેવું જાણવું. તે તુલસાંને વૈષ્ણવો પર મમત્વ હતું.

વાર્તાપ્રસંગ ૩ : ફરી એક સમયે તુલસાંના ઘરે શ્રીગુસાંઈજી પધાર્યા, ત્યારે તુલસાંએ બહુ જ સારી રીતિથી સેવા કરી. શ્રીઠાકુરજીથી અધિક જાણીને સેવા કરી. ત્યારે શ્રીગુસાંઈજી બહુ જ પ્રસન્ન થયા. વળી એક સમયે શ્રીગુસાંઈજી ભોજન કરીને પોઢ્યા હતા ત્યારે તુલસાં સાથે સતિ પ્રસન્નતામાં ભગદેતવાર્તા કરતાં શ્રીગુસાંઈજીએ શ્રીમુખથી કહ્યું, કે પદ્મનાભદાસની સંતતિ આવી જ જોઈએ.

ભાવપ્રકાશ : એનો અર્થ એ કે લીલામાં સખી છે. એવી કેમ ન હોય ? ત્યાં શ્રીગુસાંઈજી શ્રીચંદ્રાવલીરૂપ છે. એમને પરકીયા ભાવ શ્રી ઠાકુરજીથી છે. તેથી હાસ્ય બહુ પ્રિય છે. તેથી કટાક્ષના વચનો પૂછ્યાં કે શ્રીઠાકુરજી પોતાના સ્વરૂપાનંદનો અનુભવ જણાવે છે ? તમે પણ સખી છો. ઠાકોરજીને સેવા કરીને વશ કર્યા છે, તેથી અમારા વાટામાં તમે પણ છો. આ પ્રમાણે વ્યંગનાં વચનો કહ્યાં. પરંતુ તુલસાં શુદ્ધ સાત્વિક છે, એને કટાક્ષ (વ્યંગ) બહુ નથી, સીધી છે.

પછી શ્રીગુસાંઈજીએ તુલસાંને પૂછ્યું કે શ્રી ઠાકુરજી સાનુભાવ ધરાવે છે ? ત્યારે તુલસાંએ કહ્યું કે મહારાજ ! અમે તો પેટ ભરીને ખાઈએ છીએ અને નિંદ ભરીને સૂઈએ છીએ, પરંતુ શ્રીઆચાર્યજીનાં ગ્રંથનો પાઠ નિત્ય કરીએ છીએ. ત્યારે શ્રીગુસાંઈજી બહુ જ પ્રસન્ન થયા.

ભાવપ્રકાશ : પેટ ભરીને ખાઈએ છીએ અને નીંદ ભરીને સૂઈએ છીએ. તે એ કે જેટલો રસ અમારા પેટમાં સમાય છે. જેટલાં અમે પાત્ર છીએ, તેટલો શ્રીઠાકુરજી અનુભવ જણાવે છે. તેથી શ્રીઠાકુરજીની સાથે નીંદ ભરીને સૂઈએ છીએ. કેમ કે અમારો સ્વકીય ભાવ છે તેથી સુખી છીએ, ચિંતા નથી. મુખ્ય અર્થ આ.

અને ગુરુભાવથી એ અર્થ કે મહારાજ અમે શ્રીઠાકુરજીથી બિછડીને અનેક જન્મ પામ્યા., પરંતુ કોઈ યોનિમાં પેટ ન ભરાણું અને સુખની નિદ્રા ન આવી. હવે કૃપા કરીને શરણે લીધાં. તે આ જન્મમાં પેટ પણ ભર્યું. અને શ્રીઠાકુરજીનો એક આશ્રય કરીને સૂતાં પણ ખરાં. બધા જન્મો અવિદ્યા કરી દુઃખમાં વિતાવ્યા. એનો એક અર્થ એ પણ છે.

અને દૈત્ય પક્ષમાં એ કે અમને શો અનુભવ કરાવે ? પેટ ભરીને ખાઈએ છીએ નીંદ ભરીને સૂઈએ છીએ. જેમ પશુને ખાવાનું અને સૂવાનું કામ. બીજું કામ પરવશથી સોઈ બલાત્કારે લાદે કે મારે તો કરે.

તેમ અમારી પ્રીતિ ખાનપાનમાં છે સેવા લોકોની નીંદા ન થાય તે માટે છે. એટલે કે આવા મોટા પદ્મનાભદાસની સંતતિ (થઈને) સેવા નથી કરતી ! આ પ્રકારે લોકોમાં પ્રતિષ્ઠા અર્થે સેવા છે તેથી અમને શો અનુભવ જણાવે ? સૂરદાસજીએ ગાયું છે કે 'સૂર અધમ કી કોન ચલાવે, ઉંદર ભરે અરુ સોયે' એવા અધમ છીએ જે લોકો શરીરનું સુખ ચાહે છે આ પ્રકારના અમે છીએ. પરંતુ શ્રીઆચાર્યજીના ગ્રંથનો પાઠ સદા કરીએ છીએ. તેનો ભાવ એ કે એવા અધમને પણ શ્રીઆચાર્યજીના ગ્રંથમાત્રથી, તે ભાવ પણ જાણતો ન હોય તો પણ પાઠ કર્યાથી શ્રીઠાકુરજીનો પ્રતાપ કહ્યો જે એમના ગ્રંથના પાઠથી પ્રભુ કૃપા કરે છે. આ પ્રકારે પ્રેમમાં લપેટેલા વચન તુલસાનાં સાંભળીને શ્રીગુસાંઈજીનું હૃદય ભરાઈ આવ્યું.

એવી ભવદીય તુલસાં હતી. તેની ઉપર શ્રીગુસાંઈજી સદા પ્રસન્ન રહેતા. તેથી એમની વાર્તાનો પાર આવે નહીં. તે ક્યાં સુધી કહીએ.

॥ વાર્તા ૪ (૨) ॥

હવે શ્રીઆચાર્યજીના સેવક પદ્મનાભદાસના બેટા અને તેની વહુ પાર્વતી, તેની વાર્તાનો ભાવ કહીએ છીએ-

ભાવપ્રકાશ : એ રાજસી ભક્ત છે, પદ્મનાભદાસ તો ચંપકલતા અષ્ટસખીઓમાં છે. તેની સખી સુચરિતા તે અહીં પુરુષોત્તમદાસ મહેરા ક્ષત્રી થયા. તે સુંદર ચરિત્ર એટલે બધાને સુખરૂપ કાર્યના કર્તા છે. અને સુચરિતાની સખી રૂપવિલાસની છે. તે અહીં પાર્વતી થઈ. લીલામાં પાર્વતીનું રૂપ બહુ સુંદર હતું. એ રાજસી છે, પોતાનું રૂપ બહુ સમ્હારતી. રૂપના ગર્વથી તે લીલામાંથી પડી.

વાર્તાપ્રસંગ ૧ : એ પાર્વતી શ્રીઠાકુરજીની સેવા સુંદર રીતિથી કરવી. પુરુષોત્તમદાસ મહેરા એને સુંદર રીતિથી જાણતા તેઓ જ્યારે કનોજ જતા ત્યારે એને ઘેર ઊતરતા એક સમય પુરુષોત્તમદાસ મહેરા કનોજ આવી ચડેલ શ્રીગુસાંઈજીના દર્શને ગયા. એવામાં પાર્વતીના હાથ-પગ સફેદ થયા. ત્યારે ગ્લાનિ અને દૈન્યતા આવી. કામ એમના દ્વારા થશે. ત્યારે પત્ર પુરુષોત્તમદાસને લખ્યો કે મારી વિનંતી તમે શ્રીગુસાંઈજીને કરજો. થરા દેહનો આ પ્રકાર થયો છે. તેથી મને સેવા વગેરે કરતાં બહુ જ ગ્લાનિ આવે છે.

ભાવપ્રકાશ : એનો આશય એ છે કે મેં શ્રીઠાકોરજી પાસે રૂપનો ગર્વ કર્યો હતો. તેનું ફલ મલ્યું. હવે ક્યારે કૃપા કરશે તે શ્રીગુસાંઈજીને વિનંતી કરીને લખો.

આ પત્ર મોકલ્યો અને એક મોહોર શ્રીગુસાંઈજીને ભેટ મોકલી. તે પુરુષોત્તમદાસે શ્રીગુસાંઈજીને વાંચી સંભળાવ્યો. મોહોર ધરી વિનંતી કરી. ત્યારે શ્રીગુસાંઈજી પુરુષોત્તમદાસને કહે, કે દિવસ બે ચારમાં કહીશ.

ભાવપ્રકાશ : તે એથી કે લીલામાં રૂપનો ગર્વ કર્યો. તે અપરાધથી આ થયું. તથા બીજો પણ કોઈ અપરાધ છે કે કેમ તે વિચારે. પછી બીજો અપરાધ તો જોયો.

ફરી ત્રણ દિવસ પછી શ્રીગુસાંઈજીએ પુરુષોત્તમદાસને કહ્યું, કે પાર્વતીને પત્ર લખો, કે થોડા દિવસમાં શરીરનો ભોગ નિવૃત્ત થશે. સેવામાં ગ્લાનિ ન કરતી શ્રીઠાકુરજી થોડા દિવસમાં શરીરનો ભોગ નિવૃત્ત કરશે. ત્યારે પુરુષોત્તમદાસ મહેરાએ પાર્વતીને પત્ર લખ્યો. તેમાં શ્રીગુસાંઈજી શ્રીમુખનાં વચન લખી મોકલ્યા તે પત્ર પાર્વતીની પાસે પહોંચ્યો તે વાંચીને પાર્વતી પ્રસન્નતાથી સેવા કરવા લાગી. સેવા કરતાં ગ્લાનિ મનમાં ન લાવે, પછી મહિના ત્રણ-ચારમાં હાથપગ સારા થયા, ત્યારે પાર્વતી બહુ જ પ્રસન્નતાથી સેવા કરવા લાગી, પછી ફરી શ્રીગુસાંઈજીને પત્ર લખી પુરુષોત્તમદાસ મહેરાની પાસે મોકલ્યો. તેમાં લખ્યું

કે મહારાજના પ્રતાપથી હું સારી થઈ છું, અને ભેટ પણ મોકલી તે પત્ર પુરુષોત્તમદાસ મહેરાએ શ્રીગુસાંઈજીને વાંચી સંભળાવ્યો ત્યારે શ્રીગુસાંઈજી બહુ જ પ્રસન્ન થયા. તે પાર્વતી એવી ભગવદીય હતી. જે પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલતી તેથી શ્રીગુસાંઈજી સદા એમના ઉપર પ્રસન્ન રહેતા. તેથી એની વાર્તાનો પાર નથી.

॥ વાર્તા ૪ (૩) ॥

હવે શ્રીઆચાર્યજીના સેવક પદ્મનાભદાસના નાતી, પાર્વતીના બેટા રઘુનાથદાસ તેની વાર્તાનો ભાવ કહીએ છીએ-

ભાવપ્રકાશ : પાર્વતી લીલામાં રૂપવિલાસીની રાજસી ભક્ત છે, અને રઘુનાથદાસનું નામ ગુણાભિંસમાં છે. એમાં તામસ બહુ છે. જે કોઈ કાર્ય અન્યગી એક દિવસમાં થાય તે કાર્ય એ ઘડીમાં કરે. એવા તામસી છે, તે બંને સુચરિતાની સખી બરાબરીની છે. પુરુષોત્તમદાસ મહેરાની બંને આજ્ઞાકારિણી છે.

વાર્તાપ્રસંગ ૧ : તે રઘુનાથદાસ કાશી ગયા ત્યાં બહુ જ શાસ્ત્ર ભણીને શ્રીગોકુલ આવ્યા. શ્રીગુસાંઈજીના દર્શન કર્યા દંડવત કર્યા. ત્યારે શ્રીગુસાંઈએ શ્રીઆચાર્યજીના સેવક જાણીને બહુ જ આદર સન્માન કર્યું. પોતે કથા શ્રીસુબોધિનીજી કહેતા ત્યારે રઘુનાથજીને આગળ બેસાડતા . એક દિવસ પરમાનંદ સોનીએ રઘુનાથદાસને પૂછ્યું કે તું તો કાશીમાં બહુ શાસ્ત્ર ભણ્યો છે, તો આજ શ્રીગુસાંઈજીએ શી કથા કહી છે તે કહે.

ભાવપ્રકાશ : શ્રીઆચાર્યજી સેવક પદ્મનાભદાસની સખી જાણી શ્રીગુસાંઈજી રઘુનાથદાસનો બહુ આદર કરતા. પરમાનંદ સોનીનું નામ લીલામા ચંદ્રિકા છે. ચંદ્રિકાની ઉજળિયાત એમના દેહની કાંતિ છે. શ્રીગુસાંઈજી (શ્રી ચંદ્રાવલીજી) અનેક ચંદ્રમાં રૂપ છે. તેમની અંતરગિની આ છે. તેથી રઘુનાથદાસને કટાંક્ષનાં વચન કહ્યાં.

ત્યારે રઘુનાથદાસે પરમાનંદ સોનીને કહ્યું કે તમે સાચું પૂછો તો હું કંઈ સમજતો નથી. શ્રીઆચાર્યજીના માર્ગની પારપાટી અને માર્ગની વાર્તા નથી જાણતો એમ રઘુનાથદાસને મન બધું મર્દ ન થઈ ગયું.

ભાવપ્રકાશ : એમાં એ બતાવ્યું કે શાસ્ત્રદિક વેદપુરાણના ભણવાથી શ્રીઆચાર્યજીના ગ્રન્થનો સિદ્ધાંત જાણ્યો ન જાય. આ કૃપાનો જ માર્ગ છે, તેથી કૃપાથી જ બધું સમજાય.

પછી પરમાનંદ સોનીએ શ્રીગુસાંઈજીને કહ્યું કે મહારાજ ! રઘુનાથદાસ તો કંઈ સમજતા નથી. ત્યારે શ્રીગુસાંઈજીએ રઘુનાથદાસને ચાર ગ્રન્થો અર્થ સહિત ભણાવ્યા. અને માર્ગની પ્રણાલિકા બધી કહી તે ગ્રન્થો (૧) 'સિદ્ધાંત રહસ્ય' ગ્રન્થમાં સઘળો માર્ગનો સિદ્ધાંત બતાવ્યો. (૨) 'કૃષ્ણાશ્રય' ગ્રન્થમાં એક આશ્રય દૃઢ કરી દીધો. (૩) 'નવરત્ન' ગ્રન્થમાં લૌકિક વૈદિક ચિંતા દૂર કરી દીધી. અને (૪) 'સેવાફલ'માં સેવાનું ફલ બતાવી દીધું. પછી રઘુનાથદાસ સમજવા લાગ્યા. શ્રીગુસાંઈજીની કથાનો ભેદ લીલાનો પ્રકાર બધું જાણવા લાગ્યા મોટા પંડિત થયા.

વાર્તાપ્રસંગ ૧ : કેટલાક દિવસ પછી રઘુનાથદાસ કનોજમાં પોતાના ઘરે આજ્ઞા માંગીને આવ્યા. ભગવત્સેવામાં મમત્વ વધ્યું. માતા પાર્વતીએ કહ્યું કે હું તો અલગ થઈશ શ્રીઠાકુરજીની સેવા કરીશ.

ભાવપ્રકાશ : આ પ્રમાણે કહેવાનો અભિપ્રાય એ છે કે પાર્વતી અને રઘુનાથદાસ બરાબરની સખી છે. તેમાં પાર્વતી રાજસી છે અને રઘુનાથદાસ તામસી ભક્ત છે. તે પાર્વતીએ શ્રીઠાકુરજીને વશ કર્યા છે.

સેવા કરીને તે ભેદ રઘનાથદાસે જોયો. એ પણ બરાબરીના તામસી છે તેથી સહન થયું નહીં. તેમણે વિચાર્યું કે મારા શ્રીઠાકુરજીને એમણે મન લગાડીને વશ કર્યા છે તો હવે હું વશ કરું. તેથી પાર્વતીને કહ્યું કે હું અલગ રહીને સેવા કરીશ.

ત્યારે પાર્વતીએ કહ્યું કે ભલે, સેવા કરો. પ્રીતિ કોઈના ભાગમાં વહેંચાતી નથી, શ્રીઆચાર્યજીની કૃપાથી થશે. પછી રઘુનાથદાસ અલગ થયા. એમની માતા પાર્વતી જલ ભરી લાવે, પાત્ર માંજે શ્રીઠાકોરજીની પરચારગી બધી કરે. પછી પોતાના ઘરમાં આવી એકલી લીટી (ઘઉં ચણાની પીળી રોટી) કરી ભાવથી ભોગ ધરે. પછી જલના ઘૂંટથી ઉતારી લે. શ્રીઠાકુરજીની સેવા શૃંગાર વિના સઘળું રાજસ ખાનપાન દેહસુખ બધું ત્યાગ કર્યું, એ પ્રકારે રહેતા બેચાર દિવસ વિત્યા. પછી શ્રીમથુરાનાથજીએ કહ્યું તું ધન્ય છે, મારી સેવા ન છોડી પોતાનું સુખ બધું છોડ્યું. મનમાં તાપ પણ ઘણો કર્યો. હવે તું કોઈક વખત તો દાળ કર. મારું ગળું એકલી લીટી લેતા છોલાય છે, ત્યારે પાર્વતીએ કહ્યું કે મહારાજ ! તમે તો રઘુનાથદાસને ત્યાં દાળ, ભાત, ખીર, શાક સામગ્રી નિત્ય આરોગો છો તો ગળું કેમ છોલાય છે ? ત્યારે ઠાકુરજીએ પાર્વતીને કહ્યું, કે મને તો તારું કર્યું ભાવે છે, તેથી લીટી એકલી આરોગું છું.

ભાવપ્રકાશ : એમ કહીને જણાવ્યું કે પ્રીતિની લીટી મને પ્રિય છે. અહંકાર કરી છપ્પનભોગ ધરે તે પ્રિય નથી. રઘુનાથદાસને ત્યાં પણ આરોગું છું. શ્રીઆચાર્યજીની કા'નિથી પરંતુ તારી કરી સામગ્રી બહુ રુચે છે. એમ કહી એ બતાવ્યું કે ભક્તજનને સુખ થાય તો શ્રીઠાકુરજીએ લીધું જાણીએ અને પાર્વતીએ એવું એટલા માટે કહ્યું કે, હું મારા ગળાનું નામ લઈશ તો બધી સામગ્રી કરશે અને પછી પોતે પ્રસાદ લેશે , ત્યારે મને સુખ થશે.

આ પ્રકારે પાર્વતીનું સુખ વિચાર્યું. ત્યારે પાર્વતી બધી સામગ્રી પોતાને ઘરે કરવાને દોડી આવતી. દાળ, ભાત, શાક, બધું કરતી. પાર્વતીએ વિચાર્યું કે શ્રીઠાકુરજી સુખી થાય તેમ કરવું.

પછી રઘુનાથદાસે કેટલાક દિવસ સેવા કરી, ત્યારે જ્ઞાન થયું કે પાર્વતીની સેવા અહંકાર કરી છોડાવી તેથી પ્રભુ મારા ઉપર અપ્રસન્ન છે. ભગવદીથી મળીને ચાલીશ તો શ્રીઠાકુરજી પ્રસન્ન થશે. અહંકાર કરવાથી મારી આ સેવા પણ જશે. આ જ્ઞાન કરાવી શ્રીગુસાંઈજીએ માર્ગનો સિદ્ધાંત બતાવ્યો હતો. તેથી એમની કૃપાથી થયું, ત્યારે રઘુનાથદાસે પાર્વતીને કહ્યું : માતા ! હવે તમે જ સેવા કરો, તમે આજ્ઞા કરો તે હું કરું. હું ચૂક્યો ત્યારે પાર્વતીને કંઈ ઈર્ષ્યા તો હતી જ નહીં, શુદ્ધ ભક્ત છે, તેથી પ્રસન્ન થઈ રસોઈ કરવા લાગી. રઘુનાથદાસ પાસે શગારાદિ કરાવે આ પ્રકારે એમ કરતાં પાર્વતીના સંગથી રઘુનાથદાસને પ્રીતિ થઈ ત્યારે બંનેને બરાબર અનુભવ થવા લાગ્યો. આ પ્રકારે પદ્મનાભદાસનો પરિવાર અલૌકિક થયો. આ પ્રકારે વૈષ્ણવ સાત થયા. પરંતુ પદ્મનાભદાસના કુટુંબ સહિત વાર્તા એક જાણવી. તેથી વૈષ્ણવ ચાર થયા. ॥ વાર્તા ૪ ॥

॥ વાર્તા ૫ (૧) ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુની સેવક રજો ક્ષત્રાણી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ-

ભાવપ્રકાશ : તે રજો ક્ષત્રાણી લીલામાં લલિતાજીની સખી છે, એમનું નામ રતિકલા છે. રતિ જે પ્રીતિ તેની કલા, અથવા રતિ જે વિહાર તેની કલા કે જેમને શ્રીસ્વામીજીનો વિહાર સિદ્ધ કરતો હતો. આ પ્રકારની સામગ્રી છે, બીજું જાણતા જ નથી. શ્રીસ્વામિનીજીને માટે નાના પ્રકારની સામગ્રી કરવી, નિકુંજાદિકમાં રાત્રિએ દૂધાધિક આરોગાવવું એ લલિતાજીની સેવા છે. તેથી અહીં પણ રજોને એ નેમ કે

રાત્રીની સામગ્રી નિત્ય નેમથી શ્રીઆચાર્યજીને આરોગાવવી. લીલામાં રતિકલાને બહુ તાપ હતો જે શ્રીસ્વામિનીજીને પીરસું એવું ભાગ્ય મારું ક્યારે થશે ? કેમ કે આરોગાવવું એ લલિતાનીજી સેવા છે તે કેમ મળે ? લલિતાજી તો અત્યંત પ્રિય મધ્યાજી છે, સઘળી લીલાની સિદ્ધિકર્તા છે. અને આ તાપ રતિકલાના હૃદયનો છે તેથી શ્રી આચાર્યજી (શ્રીસ્વામિનીજી સ્વરૂપ) એમણે એ મનોરથ પૂર્ણ કર્યો. તાપ મટાડ્યો. કેમ કે નારાયણદાસ બ્રહ્મચારી બ્રાહ્મણ હતો. તેમની કરેલી ખીર આરોગવા માટે શ્રીગોકુલચન્દ્રમાજીએ શ્રીઆચાર્યજીને કહ્યું, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, પાક કેમ લઈ શકાય ? પછી શ્રીગોકુલચન્દ્રમાજીની આજ્ઞાથી લીધો.

અને અહીં રજો તો ક્ષત્રાણી હતાં છતાં તેની અનસખડી પોતે નિત્યનેમથી લેતા. તે લીલા સંબંધનો ભાવ વિચારીને તથા રજો એકાંગી. અનન્ય ભક્તના ભાવને વશ થઈને આરોગ્યા. પ્રેમના ભારથી મર્યાદા છૂટી જાય. એમાં રજોને પ્રેમ બતાવ્યો. રજોના પ્રેમથી મર્યાદા સ્વરૂપનું નિરોધાન થઈ જતું લીલા રસમાં મગ્ન થઈ સામગ્રી અંગીકાર કરતા.

વાર્તાપ્રસંગ ૧ : તે રજો નિત્ય પકવાન સામગ્રી કરી રાત્રીએ લઈ આવતી. તે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આરોગતા. એને એવો નેમ હતો. એક દિવસ લક્ષ્મણ ભટ્ટનો શ્રાદ્ધનો દિવસ હતો. તેથી શ્રીઆચાર્યજીએ બ્રાહ્મણોને ભોજન અર્થે બોલાવ્યા હતા. ત્યાં ઘી થોડુંક જોઈતું હતું, ત્યારે શ્રીઆચાર્યજીએ એક વૈષ્ણવને કહ્યું કે રજોને ત્યાંથી ઘી લઈ આવો. તે એક વૈષ્ણવે જઈને રજોને કહ્યું કે આચાર્યજીએ ઘી મંગાવ્યું છે, ત્યારે રજોએ તે વૈષ્ણવને કહ્યું, કે ઘી શા માટે માટે મંગાવ્યું છે ? ત્યારે વૈષ્ણવે કહ્યું કે લક્ષ્મણ ભટ્ટજીના શ્રાદ્ધનો દિન આજે છે અને બ્રાહ્મણને ભોજન અર્થે બોલાવ્યા છે, ત્યાં ઘી ઘટ્યું છે. તેથી આવ્યો છું. ત્યારે રજોએ કહ્યું કે ઘી મારે ત્યાં નથી, જઈને કહેજો તેથી વૈષ્ણવ પાછો આવ્યો. અને શ્રીઆચાર્યજીને કહ્યું કે મહારાજ ! રજોનાં ત્યાં ઘી નથી ત્યારે શ્રી આચાર્યજી કહે કે એકવાર ફરી જા, ખીજીને કહેજે કે ઘી દે. ત્યારે વૈષ્ણવ ફરીને આવ્યો. રજોને કહ્યું કે શ્રીઆચાર્યજી ખીજે છે તેથી ઘી દે. તો પણ રજોએ ઘી દીધું નહીં નહીં અને કહ્યું, મારે ઘી નથી, ક્યાંથી દઉં ? ત્યારે વૈષ્ણવે પાછા આવીને શ્રીઆચાર્યજીને કહ્યું કે મહારાજ ! રજો ઘી નથી આપતી. પછી બીજી જગ્યાએથી ઘી મંગાવી કામ ચલાવ્યું.

રાત્રિ થઈ ત્યારે રજો સામગ્રી સિદ્ધ કરી શ્રીઆચાર્યજીની પાસે આવી ત્યારે શ્રીઆચાર્યજી પીઠ દઈ બેઠા. ત્યારે રજોએ કહ્યું મહારાજ ! જીવ તો દોષથી ભર્યો છે. અપરાધ શો કે આપ દર્શન નથી દેતા. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, કે આજ લક્ષ્મણ ભટ્ટજીનું શ્રાદ્ધ હતું, તેં ઘી કેમ ન આપ્યું ? ત્યારે રજોએ કહ્યું, મહારાજ ! આપના ઘરમાં પણ ઘી હતું તે કેમ નહીં લીધું ! ત્યારે શ્રીઆચાર્યજી કહે, તે તો શ્રીઠાકુરજીનું હતું, તેમાંથી કેમ લેવાય ? ત્યારે રજોએ કહ્યું, મારા ઘરમાં કોણ છે ? શ્રીઠાકુરજીથી અધિક આપનું સ્વરૂપ બિરાજે છે, તે આપની લીલા સંબંધી સામગ્રીમાંથી શ્રાદ્ધમાં કેમ દઉં ? અને હું લ[illegible]ણ ભટ્ટજીની લુંડી નથી, હું તો આપની લુંડી છું. આપે મારી પરીક્ષા લેવા માટે ઘી મંગાવેલું. પહેલાં વૈષ્ણવ જયારે મોકલ્યો ત્યારે તો લૌકિક આવેશથી ઘી ઘટ્યું એટલે આપ કહે, રજો પાસેથી લઈ આવો. આ લૌકિક પ્રવાહ આજ્ઞા જાણીને મેં ઘીની ના કહી. પછી આપે મનમાં વિચાર્યું કે શ્રાદ્ધને માટે બ્રાહ્મણ ભોજનમાં જલદી જોઈએ તેથી ફરી તે વૈષ્ણવને આપે મોકલ્યો તેણે આવીને કહ્યું કે આપે ખીજીને કહ્યું છે કે ઘી દેં, ત્યારે મેં મર્યાદા જાણી. કેમ જે પુષ્ટિકાર્યમાં ક્રોધનું પ્રયોજન નહીં, ભાવથી જ બધી વસ્તુ સિદ્ધ છે, અને મર્યાદામાં તો તે વસ્તુ વિના કર્મનો નાશ થાય. વસ્તુથી પૂર્ણતા જે. તેથી વસ્તુને માટે ક્રોધ કેમ ? અને આવશ્યક વસ્તુ તો જોઈએ. તેથી મર્યાદાની

આજ્ઞા પણ ન માની, અને મર્યાદા કાર્યને અર્થે ઘી પણ ન આપ્યું. ત્રીજી વખત પુષ્ટિના આવેશથી માગતા તો હું ઘી દેતી અને આપને ઘી મંગાવવું હતું તો એટલું જ તે વૈષ્ણવને કહ્યું હોત કે રજોને કહેજે તારા પુષ્ટિ ધર્મમાં હાનિ નથી ઘી આપજે તો હું શું કામ કહેતી અને મહારાજ જાણી જોઈને કૂવામાં કેમ પડું ? આપની કૃપાથી આટલું જ્ઞાન થયું તેથી મેં ઘી ન આપ્યું. આપ તો બુદ્ધિપ્રેરક છો મારા હૃદયમાં બેસીને ઘી દેવાની ના કહી. હું તો વિના મોલની દાસી છું, માટે આ કૃપા કરો.

ભાવપ્રકાશ : તેથી જ શિક્ષાપત્રમાં કહ્યું છે જે શ્રીઠાકુરજીની આજ્ઞા ત્રણ પ્રકારની છે. લૌકિક આજ્ઞા પ્રવાહ જેવું કરવાને માટે. શ્રી ભાગવતમાં પણ લૌકિક આદિ કાર્ય ત્રણ પ્રકારના વર્ણન કર્યા છે. અલૌકિક કાર્યમાં શ્રીઠાકુરજીનો પણ આશ્રય અને ભગવદીયનો સંગ. વૈદિક કાર્યમાં તીર્થ દેવ-પૂજા કર્માદિ. લૌકિક કુટુંબ પાળવું, ખાનપાન, શરીરનું સુખ, તે ત્રણેના વલ પણ અલગ અલગ કહ્યાં છે. લૌકિકથી સંસાર વૈદિકથી સ્વર્ગાદિક અને અલૌકિકથી ભગવદપ્રાપ્તિ, એ પ્રકારના ભેદથી ઘી નહીં દીધું.

ત્યારે શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઈને દર્શન આપ્યાં, પછી રજોએ સામગ્રી શ્રીઆચાર્યજીના આગળ રાખી અને કહ્યું કે આરોગો. ત્યારે શ્રીઆચાર્યજીએ રજોને કહ્યું કે આજ શ્રાદ્ધનો દિવસ છે. તેથી બીજી વાર લેવું નહીં ત્યારે રજોએ કહ્યું કે મહારાજ ! ઘરની હોઈ તો લોકોની મર્યાને માટે ન લો, આ તો લેવી જોઈએ.

ભાવપ્રકાશ : તેનો અર્થ એ કે લીલાના ભાવથી પોતાના નિજ સ્વરૂપથી આરોગો હવે આ મર્યાદાનો આવેશ ક્યાં સુધી રાખશો ? લીલાના આવેશનાં મન દો. ભક્તોનો મનોરથ પૂર્ણ કરો, આટલું સાંભળતાં જ આપમાં પુષ્ટિલીલાનો આવેશ થઈ ગયો. મર્યાદાની આજ્ઞા બધી જતી રહી. સામગ્રી આરોગ્ય. જેમ પરમાનંદદાસજીએ ગાયું કે હરિ તેરી લીલાકી સુધી આવે, એટલું સાંભળતાં જ ત્રણ દિવસ સુધી શરીરનું અનુસંધાન આપને ન રહ્યું. એ પ્રકારે લીલામાં આવેશ થઈ રજોનો મનોરથ પૂર્ણ કર્યો. તેથી રજો એકાંગી ભવદીય છે.

પછી રજોના આગ્રહથી શ્રીઆચાર્યજી તે દિવસે પણ સામગ્રી આરોગ્યા તે રજો ક્ષત્રાણી શ્રીઆચાર્યજી મહાપ્રભુની એવી કૃપા પાત્ર ભગવદીય હતી તેથી એની વાર્તાનો પાર નહીં. તે ક્યાં સુધી કહીએ ॥ વાર્તા ૫ ॥

॥ વાર્તા ૫ (૨) ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક, શેઠ પુરુષોત્તમ કાશીમાં રહેતા હતા તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : શેઠ પુરુષોત્તમદાસ અને દામોદરદાસ સંભલવાળાને સંગ છે. જ્યારે તાંબાનો પત્ર વંચાવવા દામોદરદાસ કાશી ગયા તે દિવસથી શેઠને શ્રીઆચાર્યજીના દર્શનની આરતી થઈ શ્રીઆચાર્યજી પહેલી પૃથ્વી પરિક્રમા કરી કાશી પધાર્યા ત્યારે શેઠને મણિકર્ણિકા ઘાટ ઉપર શ્રીઆચાર્યજીનાં દર્શન થયાં અને કૃષ્ણદાસને પૂછ્યું કે શ્રીઆચાર્યજીએ દક્ષિણ દેશમાં કૃષ્ણદેવ રાજાની સભામાં માયાવાદ ખંડન કર્યો છે તે જ આ છે ? ત્યારે કૃષ્ણદાસ મેઘને કહ્યું, એ જ છે ત્યારે શેઠ પુરુષોત્તમદાસે શ્રીઆચાર્યજીના સન્મુખ જઈને દંડવત કર્યા, વિનંતી કરી, મહારાજ ! કૃપા કરીને શરણે લો. કૃપા કરી ઘર પાવન કરો ત્યારે શ્રીઆચાર્યજી તેમની દીનતા જોઈ શેઠ પુરુષોત્તમદાસના ઘરે પધાર્યા. શેઠ, શેઠની બેટી રૂકમણી, શેઠના બેટા ગોપાલદાસ હવે એમનું શું કર્તવ્ય છે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, ભગવત્સેવા પુષ્ટિમાર્ગથી રીતિથી કરો તે શેઠના ઘેર શ્રી મદનમોહનજી ઠાકુર હતા. પાસે દશ-પંદર હજાર રૂપિયા હતા, ઘર બનાવ્યું તેના નીમમાંથી (મકાનના

પાયામાંથી) શ્રીમદનમોહનજી ઠાકુરજી નીકળ્યા અને દ્રવ્ય પણ ઘણું નીકળ્યું. કરોડધ્વજી કહેવાયા. સાઠ કરોડ રૂપિયા દ્રવ્ય મળ્યું. તેમના પિતાએ થોડાક દિવસ સુધી શ્રીમદનમોહનજીની પૂજા કરી દેહ છોડ્યો. પછી શેઠે પુજા બહુ દિવસ સુધી કરી, દ્રવ્ય ઘણું કમાયો તે શ્રીમદનમોહનજી શ્રીઆચાર્યજીએ પંચામૃત સ્નાન કરાવી પાટ બેસાડ્યા અને શેઠના માથે પધરાવ્યા.

તે શેઠ પુરુષોત્તમદાસ લીલામાં શ્રીસ્વામિનીજી સખી છે. ઈન્દુલેખા એમનું નામ છે. અને શેઠની બેટી રૂકમણી ઈન્દુલેખાની સખી, મોદિની નામ છે, અને ગોપાલદાસ શેઠના બેટા તે ઈન્દુલેખાની સગી ગાનકલા છે તે શેઠ પુરુષોત્તમદાસ શ્રીમદનમોહનજીની રાજસેવા કરતા બાવન બીડાના નેગ હતો. એનું કારણ એ છે કે લીલામાં બીડાં આરોગાવવાની સેવા ઈન્દુલેખાની છે તેથી પુરુષોત્તમદાસે બાવન બીડાં રાખ્યાં, તેમાં શ્રીઠાકુરજીના ભાવથી વીસ અને બત્રીસ બીડાં શ્રીસ્વામીજીના ભાવથી એનો આશય એ કે શ્રીઠાકુરજીને વિશ્વાસ પ્રિય છે. તેથી વીસો એટલે વિશ્વાસ અને નિશ્ચયાત્મક એટલે દ્રઢ વિશ્વાસ દેખાડવાને વીસ બીડાં શ્રીઠાકુરજીના ભાવથી. અને શ્રીસ્વામિનીજીને શ્રૃંગાર પ્રિય છે, તેથી જુગલ રૂપનો શ્રૃંગાર સોલ દુના બત્રીસ થયા. એ પ્રકારે શ્રીસ્વામિનીજીને પ્રસન્ન કર્યા. આ પ્રકાર કહી એ સૂચવ્યું કે જેટલી સેવા શેઠ પુરુષોત્તમદાસ કરતા તે બધી ભાવપૂર્વક કરતા, સામગ્રી વસ્ત્ર આભૂષણમાં પણ.

અને શ્રીમદનમોહનજીની સેવા ઠાકુરજીના ભાવથી અધિક શ્રીઆચાર્યજી મહાપ્રભુના ભાવથી કરતા. શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઈને શ્રીમદનમોહનજીના બંને ચરણ શ્યામદર્શન કરાવ્યાં. તેનો આશય એ કે બધું અંગ ગૌર, એ તો શ્રીઆચાર્યજી મહાપ્રભુનું નિજ સ્વરૂપ સ્વામીજીના શ્રીઅંગનો વર્ણ, અને ચરણ બન્ને શ્યામ તે શ્રીકૃષ્ણના શ્રીઅંગનો વર્ણ તેમાં ચરણ શ્યામનો અભિપ્રાય નિકુંજાદિક લીલામાં શ્રીઠાકુરજી બીજા સ્વરૂપે (શ્રીસ્વામિનીજી)ના ચરણ આશ્રિત છે. તેથી ઠાકુરજીના ભાવથી શ્રીઆચાર્યજીની સેવા દેખાડી, એ પ્રકારે શેઠ પુરુષોત્તમ ઉપર અનુગ્રહ શ્રીઆચાર્યજીએ કર્યો. આ શ્રીમદનમોહનજીને શ્રીઆચાર્યજીએ પંચામૃત સ્નાન કરાવી પાટ બેસાડ્યા અને શેઠને માથે પધરાવ્યા.

વાર્તાપ્રસંગ ૧ : કાશીમાં મુખ્ય વિશ્વેશ્વર મહાદેવ કે જે કાશીના રાજા છે, તેમના દર્શને કદીયે જતા ન હતા. એક દિવસ વિશ્વેશ્વર મહાદેવે સ્વપ્નમાં શેઠ પુરુષોત્તમદાસને કહ્યું કે ગામનો નાતો તમે નથી રાખતા, તો વૈષ્ણવનો નાતો તો રાખો, કોઈવાર અમને મહાપ્રસાદ તો આપ્યા કરો ! ત્યારે સવારે શેઠ પુરુષોત્તમદાસ સેવાથી પહોંચીને મહાપ્રસાદનો ડબરો અને બીડાં લઈ વિશ્વેશ્વર મહાદેવના દેવાલયે ચાલ્યા. ત્યારે ગામના લોકો બધા આશ્ચર્યવંત થઈ રહ્યા કે શેઠ કોઈ દિવસ નથી આવતા તે આજે કેમ આવ્યા ? કેટલાક લોકો તો શેઠ સાથે ગયા, શેઠ તો મહાપ્રસાદનો ડબરો અને બીડાં ચાર ધરી શ્રીકૃષ્ણ સ્મરણ કરી ઊઠી ચાલ્યા ત્યારે મોટા મોટા શૈવ બ્રાહ્મણ હતા તે શેઠ પુરુષોત્તમદાસને કહે તમે દંડવત નમસ્કાર કેમ ન કર્યા ? શ્રીકૃષ્ણસ્મરણ કરી ઊઠી ચાલ્યા આ પ્રમાણે ઉચિત નહીં, ત્યારે શેઠ પુરુષોત્તમદાસે કહ્યું મારે અને તેમને ભગવત્સ્મરણનો વ્યવહાર છે. તમે પૂછી લેજો. તમને વિશ્વેશ્વર મહાદેવ કહેશે.

પછી તે બ્રાહ્મણોમાં એક કૃપાપાત્ર હતો. તે બ્રાહ્મણને મહાદેવજીએ કહ્યું કે અમે શેઠ પાસે મહાપ્રસાદ માગ્યો હતો. અમારે અને એમને ભગત્વસ્મરણનો વ્યવહાર છે. તેથી એમને બીજું કંઈ કહેતો નહીં. તે પછી શેઠ મોટા ઉત્સવની પાછળ મહાપ્રસાદ વિવેશ્વર મહાદેવને માટે લઈ જતા.

ભાવપ્રકાશ : એ કહેવાનો અભિપ્રાય એ કે શેઠ પુરુષોત્તમદાસ હવે શ્રીમહાપ્રભુજીના સેવક થયા. એમની આજ્ઞામાં બધા લોકો દ્રવ્ય માટે રહે. તેથી મહાદેવજીએ વિચાર્યું કે હવે બધા જો અનન્ય થશે તો

અમારું માહાત્મ્ય ઘટી જશે અને ભગવદાજ્ઞા તો કવિકાલ આવ્યો છે તેથી જીવોને બહિર્મુખ કરવાની છે તેનું શું ? અને શેઠ પુરુષોત્તમદાસે તો ભક્તિ ફેલાવી છે. અને એમની ઉપર તો અમારું કાંઈ ચાલે નહીં. ત્યારે મહાદેવજીએ આ પ્રમાણેનો ઉપવાસ કર્યો, શેઠજી તો મહાપ્રસાદ દેવા જાય પણ તેથી સઘળા લોકો મહાદેવજીના દેવાલયે જવા લાગ્યા. જો કોઈ ટોકે તો ઉત્તર આપે કે શેઠજી સરખા જાય છે તો અમારી શી વાત ? તો મહાદેવજી મોટા ભગવદીય છે. એ પ્રકારે જીવ બહિર્મુખ થયા પરંતુ એ ન જાણે કે શેઠને તો આજ્ઞા થઈ તેથી ગયા પરંતુ રુકમણી અને ગોપાલદાસ ક્યારેય ગયા નહીં તો અમે કેમ જઈએ ? એમ ન જાણ્યું. બધાએ ઉત્તમ ફળ દેવું નથી તેથી શેઠ પુરુષોત્તમદાસ પણ મહાપ્રસાદ નિમિત્તે ગયા.

વાર્તાપ્રસંગ ૨ : પછી એક દિવસે વિવેશ્વર મહાદેવજીએ કાલભૈરવ જે કાશીના કોતવાલ હતા એમને કહ્યું, કે શેઠ પુરુષોત્તમદાસના વૈષ્ણવોની ઘેરથી મોડા વહેલા અડધી રાત્રે આવે છે. તેથી શેઠ પુરુષોત્તમદાસના ઘરની ચોકી દેજે. કોઈ છળીઓ ચોર વિગેરે ન આવે. ત્યારથી કાલભૈરવ નિત્ય શેઠ પુરુષોત્તમદાસના ઘરની ચોકી પહેરો દેતા.

એક દિવસ વૈષ્ણવના ઘરેથી અર્ધ રાત્રિ સમયે શેઠ પુરુષોત્તમદાસ આવતા હતા તે વખતે ઘરના દ્વાર ઉપર કોઈને જોયો. પાછું ફરીને જોયું અને પૂછ્યું તું કોણ ત્યારે કાલભૈરવે કહ્યું, કે મને મહાદેવજીએ તમારા ઘરનો પહેરો દેવાનું કહ્યું છે, તે નિત્ય પહેરો દઉં છું. ત્યારે શેઠ પુરુષોત્તમદાસ બોલ્યા નહીં. કમાડ દઈને ઘરમાં આવ્યા.

ભાવપ્રકાશ : આ કહીને એમ જણાવ્યું કે શેઠ એવા કૃપાપાત્ર ભગવદીય હોવા છતાં વૈષ્ણવના સંગ અર્થે પોતે ચાલીને જતા. તેથી વૈષ્ણવનો સંગ અવશ્ય કરવો કેમ કે શ્રી આચાર્યજી લખે છે કે "પોષકભાવે તું શૈથિલ્યમ્ અર્થાત પોષકનો અભાવ હોય તો મન શિથિલ થઈ જાય, ભક્તિ ઘટી જાય અને પોષણ તો સત્સંગથી થાય. અને કાલભૈરવને મહાદેવજીએ રાખ્યા તે એથી કે કાશીમાં ભૂત, છળીઓ, ચોર, આદિ ઘણા, તેથી મહાદેવજી વિચારે છે કે મને ભગવાને કાશીનું રાજ આપ્યું છે, તેથી આ ગામમાં અન્યાય થાય તો મારા માથે દોષ આવે, અને ભગવદીયનો કંઈ બિગાડ થાય તો ભગવાન મારા ઉપર અપ્રસન્ન થઈ જાય. અને શેઠજીએ અમને મહાપ્રસાદ પણ કૃપા કરીને આપ્યો છે અને અમારું તો કંઈ લેતા નથી. તેથી એટલી ચોકી તો કરવી જોઈએ. કાલભૈરવને ચોકીપહેરાનું કહ્યું તે એથી કે કદાચિત કંઈ બગાડ પણ થાય તો દંડ કાલભૈરવના માથે આવે.

વાર્તાપ્રસંગ ૩ : વળી એક દક્ષિણ દેશનો બ્રાહ્મણ કાશીમાં આવ્યો. તે શૈલી મહાદેવજીનો કૃપા પાત્ર હતો જ્યારે તેને મહાદેવજી દર્શન દે ત્યારે તે બ્રાહ્મણ ખાનપાન કરે. એમ કરતાં જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો. શેઠ પુરુષોત્તમદાસ મોટા મંડાણ એટલે બંધારણથી જન્માષ્ટમીનો ઉત્સવ કરતા. તેથી મહાદેવજી જન્માષ્ટમીના દિવસે શેઠ પુરુષોત્તમદાસના ઘરે આવ્યા. તે નવમીના નંદ મહોત્સવ પછી બપોરના દેવાલયમાં જ્યારે ગયા ત્યારે બ્રાહ્મણને દર્શન થયા ત્યારે તે બ્રાહ્મણે વિશ્વેશ્વર મહાદેવજીને પૂછ્યું કે કાલ તમારા દર્શન ન થયાં, આજે બપોરે થયાં તેનું કારણ શું ? ત્યારે મહાદેવજીએ કહ્યું કે જન્માષ્ટમીનો ઉત્સવ જોવાને શેઠના ઘરે ગયો હતો. કાલ સવારથી તે આજે આવ્યો. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે એવા શેઠ કોણ છે જેમના ઘરે તમે ઉત્સવ જોવા જાવ છો ? ત્યારે વિવેશ્વર મહાદેવજીએ કહ્યું કે એ મોટા ભગવદ્ભક્ત છે, અમારાથી શ્રેષ્ઠ છે.

ભાવપ્રકાશ : તેનો અર્થ એ કે શેઠ પુષ્ટિમાર્ગીય ભગવદ્ભક્ત છે. અમે મર્યાદામાર્ગીય છીએ.

ત્યારે બ્રાહ્મણે કહ્યું કે એવા ભગવદ્ભક્ત અમને પણ કરો. ત્યારે મહાદેવજીએ કહ્યું કે શેઠ પુરુષોત્તમદાસના સેવક ત્યાં જઈને થાય તે નામ સંભળાવશે, એમને શ્રીઆચાર્યજીની આજ્ઞા છે. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે તમે જ નામ સંભળાવો. ત્યારે મહાદેવજીએ કહ્યું કે અમારું દીધેલું નામ ફલશે નહીં.

ભાવપ્રકાશ : તેનો અર્થ એ કે અમારું નામ દીધે મર્યાદા ભક્તિનો ઉપરી અધિકારી થઈશ. પુષ્ટિમાર્ગનો અધિકાર તો એમનો જ છે.

ત્યારે એ બ્રાહ્મણે પુરુષોત્તમદાસના દ્વાર ઉપર આવીને શેઠને ખબર કરાવી ત્યારે મનુષ્યોને કહ્યું એક બ્રાહ્મણ તમને મળવા આવ્યો છે, ત્યારે શેઠે કહ્યું કે માથું ખાલી કરવા આવ્યો હશે.

ભાવપ્રકાશ : એનો અર્થ એ કે મહાદેવજીનો ભક્ત છે, નામ સાંભળશે પરંતુ દૃઢ ભક્તિ તો બહુ દિવસ સુધી મહેનત કરીશું ત્યારે થશે.

પછી શેઠ સેવાથી પહોંચીને બહાર આવ્યા. ત્યારે બ્રાહ્મણે દંડવત કર્યા. પછી શેઠ પુરુષોત્તમદાસે કહ્યું કે તમે આ અનુચિત કેમ કરો છો ? અમે ક્ષત્રિય છીએ, તમે બ્રાહ્મણ થઈને દંડવત કરો છો. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે અમને નામ આપો, સેવક કરો ત્યારે શેઠે કહ્યું, અમે તો કોઈને નામ આપતા નથી. સેવક પણ કરતા નથી.

ભાવપ્રકાશ : તેનો અર્થ એ કે નામ આપવાવાળા અને સેવક કરવાવાળા તો શ્રીઆચાર્યજી મહાપ્રભુ છે. આ વાત તે બ્રાહ્મણ સમજ્યો નહીં.

ત્યારે બહુ આગ્રહ કર્યો, પરંતુ શેઠે નામ ન દીધું એટલે મહાદેવજી પાસે પાછો આવ્યો અને કહ્યું શેઠ તો નામ નથી આપતા. ત્યારે વિશ્વેશ્વર મહાદેવે કહ્યું કે તું ફરી જઈને શેઠને કહેજે કે મને મહાદેવજીએ મોકલ્યો છે, તેથી તને પાછો નહીં મોકલે ત્યારે તે બ્રાહ્મણે ફરી આવીને શેઠજીને કહ્યું કે મને મહાદેવજીએ મોકલ્યો છે, તેથી નામ આપો.

ભાવપ્રકાશ : તેનો અર્થ એ કે જીવ પુષ્ટિમાર્ગનો છે. તેથી નામ દો.

ત્યારે શેઠે તે બ્રાહ્મણને નામ સંભળાવી હાથ જોડીને જયશ્રીકૃષ્ણ કર્યા. ત્યારે તે શેઠ બ્રાહ્મણે કહ્યું તમે મને નામ સંભળાવ્યું, હવે હાથ જોડીને નમસ્કાર કેમ કરો છો ? શેઠે કહ્યું, અમે શ્રીઆચાર્યજીની આજ્ઞાથી નામ આપીએ છીએ. અમારા તમારા ગુરુ તો શ્રીઆચાર્યજી મહાપ્રભુજી જ છે. જ્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ પધારે ત્યારે તેમની પાસે ફરી નામ સાંભળજો. અમારે તમારે ભગવદ્સ્મરણનો વ્યવહાર થયો. પછી તો બ્રાહ્મણ અડેલમાં જઈ શ્રીઆચાર્યજીની પાસે નામ નિવેદન પામ્યો પછી તે થોડા દિવસ રહી દક્ષિણ દેશ ગયો, વૈષ્ણવ થયો.

ભાવપ્રકાશ : આ વાર્તામાં એ સંદેહ છે કે મહાદેવજી જન્માષ્ટમીનો ઉત્સવ જોવા શેઠ પાસે આવ્યા. તે જન્માષ્ટમી શ્રીઆચાર્યજી સંબંધી પુષ્ટિ લીલા છે અને મહાદેવજી તો મર્યાદા છે તેનું કેમ ? ગોપાલદાસ ગાય છે કે -"આવો મારગ શ્રીવલ્લભવરનો રે, જહાં નહીં પ્રવેશ વિધિ હરનો રે."

અહીં એ ભાવ જાણવો કે શેઠના ઘરે સારસ્વત કલ્પની પૂર્ણાવતારની લીલા છે, એટલે તેમાં બધી લીલા છે, અને મહાદેવજીને કલ્પાંતરની લીલા જે અંશકલાની છે. તેનો અનુભવ થયો. એ અહીં જણાવ્યું છે કે જ્યાં આચાર્યજીના ઠાકુરજી છે ત્યાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને પૂર્ણ પુરુષોત્તમના સ્વરૂપનાં દર્શન થાય. અન્ય માર્ગીયને એવાં દર્શન ન થાય. તેથી મહાદેવજી તે બ્રાહ્મણને કહે તું શેઠનો સેવક થા. ત્યારે તારો પુષ્ટમાર્ગમાં અંગીકાર થશે

વાર્તાપ્રસંગ ૪ : વળી શેઠ પુરુષોત્તમદાસ એક દિવસ મંદિરમાં બેઠા હતા. મંદિર વસ્ત્ર કરતા હતા, તે દૂરથી ગોપાલદાસે જોઈને મનમાં વિચાર કર્યો કે હવે શેઠજી વૃદ્ધ થયા છે. તેથી હવે હું સેવામાં તત્પર થાઉં. પછી ગોપાલદાસ જ્યારે ન્હાઈને બહાર આવ્યા ત્યારે શેઠે ગોપાલદાસના મનની વાત જાણીને તેમને બોલાવ્યા, અને કહ્યું, બેટા ! આગળ આવ. ગોપાળદાસ પાસે આવીને જુએ તો વીસ-પચીસ વર્ષના શેઠ છે ત્યારે પુરુષોત્તમદાસે કહ્યું, કે ભગવદીય સદા તરુણ છે, પરંતુ જે અવસ્થા હોય તેને માન આપવું જોઈએ. તેથી જ પછી મનમાં એવું ન લાવીશ.

ભાવપ્રકાશ : એનો અર્થ એ કે ગોપાલદાસના મનમાં એ આવ્યું કે હું તરુણ છું, શેઠજી વૃદ્ધ છે. હવે હું સેવામાં તત્પર થાઉં. તે વાતમાં ગોપાલદાસનો શેઠજીએ બગાડ જાણ્યો કે તું અગર હું શું સેવા કરીશ ? શ્રીઆચાર્યજી જેના ઉપર કૃપા કરશે તેનાથી શ્રીઠાકુરજીની સેવા કરાવશે. તે તરુણ શું કે વૃદ્ધ શું ? આજ પછી મનમાં એવું કદી ન લાવીશ. આ પ્રકારે માન-મર્દન કરી તુર્ત જ સમજાવ્યા કેમ કે ગોપાલદાસ લીલામા શેઠની સખી છે તેથી એ ન સમજાવે તો કોણ સમજાવે ?

વાર્તાપ્રસંગ ૫ : વળી એક સમય શેઠ દક્ષિણમાં ગયા. ત્યાં ઝારખંડમાં 'મંદાર' પર્વત છે તેના ઉપર 'મંદાર મધુસૂદન' ઠાકુર છે. તે પર્વતથી મનુષ્ય પડે તો ચોટ ન લાગે, અનજાણે પડે તો અને જાણીને બધા પાપ કહીને ઉપરથી પડે તો દેહ છૂટે, પછી બીજા જન્મમાં કામની સિદ્ધિ થાય. એવું તે પર્વતનું માહાત્મ્ય લોકમાં પ્રસિદ્ધ છે.

ત્યાં એકવાર શ્રીઆચાર્યજી પૃથ્વી પરિક્રમા કરતા પધાર્યા હતા. ત્યાં એક સમયે શેઠ પુરુષોત્તમ અને એક બ્રાહ્મણ વૈષ્ણવ વિરક્ત બંને જણ સાથે ગયા. રાત્રિ થઈ ગઈ તેથી પર્વત ઉપર સૂઈ ગયા. પછી અર્ધ રાત્રિના સમયે શ્રીઠાકુરજી બ્રાહ્મણ-સિદ્ધિનું રૂપ ધરી પોતે ત્યાં પધાર્યા. ત્યારે શેઠ તો બોલ્યા નહીં. પણ તે વૈષ્ણવ જે શેઠની સાથે હતો તેણે પૂછ્યું કે તમે કોણ છો ? ત્યારે તેણે કહ્યું કે હું બ્રાહ્મણ છું . આ પર્વત ઉપર રહું છું. તમે કોણ છો ? ત્યારે વિરક્ત વૈષ્ણવે કહ્યું અમે શ્રીવલ્લભાચાર્ય સેવક છીએ ત્યારે તે બ્રાહ્મણે (શ્રીઠાકુરજીએ) કહ્યું, અમારી પાસે મણિ છે, તમે લેશો ? ત્યારે વિરક્ત વૈષ્ણવે કહ્યું, મણિમાં શું ગુણ છે ? ત્યારે તે બ્રાહ્મણે કહ્યું, જેટલું દ્રવ્ય જોઈએ તેટલું તે મણિથી મળે, ત્યારે વિરક્ત વૈષ્ણવે કહ્યું, કે હું મણિને શું કરીશ ? જગદીશ શેર ચૂન આપશે. અને આ શેઠ પુરુષોત્તમદાસ ગૃહસ્થ છે, એમને બહુ ખર્ચ છે, એમને આપો. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે શેઠજીને જગાડો ત્યારે તે વૈષ્ણવે શેઠને જગાડીને કહ્યું કે, આ મણિ લો, એનાથી જેટલું દ્રવ્ય જોઈએ તેટલું મળશે. ત્યારે શેઠ પુરુષોત્તમદાસે કહ્યું, કે અમારે તો મણિ જોઈતો નથી પછી તે સિદ્ધ બ્રાહ્મણ મણિ લઈને પાછો ગયો. પછી વિરક્ત વૈષ્ણવે શેઠજીને કહ્યું, તમે મણિ કેમ ન લીધો ? ત્યારે શેઠે કહ્યું, તે કેમ ન લીધો ? પહેલાં તો તને એ આપતો હતો. ત્યારે તે વૈષ્ણવે કહ્યું કે હું વિરક્ત છું, મણિ લઈને શું કરું ? જગદીશ શેર ચૂન જ્યાં ત્યાંથી આપે છે. ત્યારે શેઠે કહ્યું તને શેર ચૂન દે છે તો મને દસ શેર ચૂન પણ દેશે. શું જગદીશને ઘેર ટોટો છે ! તેથી હે બ્રાહ્મણ બાવરા ! શ્રીઠાકુરજીનો આશ્રય છોડી મણિનો આશ્રય કરું ? પછી શેઠ પોતાના ઘરે આવ્યા.

ભાવપ્રકાશ : આ વાર્તામાં બહુ સંદેહ છે કે શેઠ સેવા છોડીને દક્ષિણ કેમ ગયા ? એમને કંઈ કામના તો હતી નહીં ? તો પછી દક્ષિણમાં મધુસૂદન ઠાકુરને ત્યાં કેમ ગયા ? ત્યાં કહે છે કે શેઠના મનમાં એમ આવ્યું કે દક્ષિણમાં શ્રીઆચાર્યજીનું પ્રાગટ્ય છે, તે જન્મસ્થળમાં દર્શન કરી આવું તે માટે દક્ષિણ ગયા. ત્યારે મંદાર મધુસૂદન ઠાકુરે શેઠજીને કહ્યું કે તમે કૃપા કરીને આ પર્વતમાં મારી પાસે આવો તો આ સ્થળના પાપ

દૂર થાય, કેમ કે મારે ત્યાં અનેક પાપી આવે છે તે કોઈ પર્વતથી માહાત્મ્ય સાંભળીને પડે છે. તેથી એમના પાપ ઘણા ભેગા થયાં છે, બધાં તીર્થ ગંગાજી આદિ ભવદીયના આવવાની રાહ જુએ છે, તેથી તમે આ દેશમાં આવ્યા છો તો પવિત્ર કરો. તમે આવશો તો આ તીર્થનું માહાત્મ્ય પણ વધશે. તમારું તો કંઈ બગડતું નથી. કારણ તેમને પ્રભુનો દૃઢ આશ્રય છે એ પ્રકારે મંદાર મધુસૂદને કહ્યું ત્યારે શેઠજી તે પર્વત પર ગયા. પછી મણિ લઈને લાભ દેખાડ્યો. પરંતુ શેઠજી નિષ્કામ છે, એમને કાં ડર અગર અપેક્ષા નથી. જે એવા નિષ્કામ હોય એમનામાં તીર્થોને પવિત્ર કરવાનું સામર્થ્ય હો, તેમને કંઈ બાધક ન થાય અને સકામીને તો તીર્થ પણ બાધક છે, એથી જેઓ સ્થળના માહાત્મ્યથી પર્વત ઉપરથી પડે. તેઓ મનોરથનું ફળ પામે. એ કહી એમ જણાવ્યું કે કોઈ વસ્તુની કામના થઈ ત્યારે પુષ્ટિમાર્ગથી પડ્યો જાણવું. અને દ્રઢમાંથી મણિ ન લીધો તેનો અભિપ્રાય એ જણાવ્યો કે વિના માર્ગે અન્ય ફળ મળે તો પણ તેના લેવાથી અન્યસંબંધ થાય, તો કામનાથી તો નિશ્ચય અન્યાશ્રય થાય તેથી શેઠે એ વિરક્ત વૈષ્ણવને કહ્યું કે 'બાવરો.' તેનું કારણ એ કે મણિ આદિ કંઈ ફલ દેવા કોઈ આવે તેનાથી બોધવું નહીં. એની મેળે ચાલ્યો જાય. આ પ્રકારે શેઠને દૃઢાશ્રય હતો.

વાર્તાપ્રસંગ ૬ : વળી એક સમયે શ્રી આચાર્યજી મહાપ્રભુ કાશી પધાર્યા. ત્યાં શેઠ પુરુષોત્તમદાસને ઘેર આપ ઊતર્યા. પછી શેઠ પુરુષોત્તમદાસના ઠાકુરજી શ્રીમદનમોહનજીને સ્નાન કરાવી પોતે ભોગ ધરી ભોજન કર્યું, ત્યારે દામોદરદાસ હરસાનીએ શ્રીઆચાર્યજીને વિનંતી કરી, કે મહારાજ ! આ શું ? અહીં પંચામૃતથી ઠાકુરજીને નવરાવ્યા ત્યારે શ્રીઆચાર્યજી કહે, યદ્યપિ એ અમારી આજ્ઞાથી નામ આપે છે, તો પણ એટલી મર્યાદા રાખવી જોઈએ.

ભાવપ્રકાશ : એનો આશય છે કે સેવક કરે તેના સન્મુખ શિષ્યના પાપ આવે છે, તે જો ગુરુ સામર્થ્યવાન હોય તો પાપને બાળે. શેઠ યદ્યપિ શ્રીઆચાર્યજીની આજ્ઞાથી નામ દે છે, ભગવદીય છે, તેથી એમને પાપ શું કરે ? તો પણ મર્યાદા દૃષ્ટિથી સેવ્ય સ્વરૂપને પંચામૃત વડે ન્હવાયાથી શેઠનું પંચતત્વનું શરીર શુદ્ધ થાય. એક આ ગૌણભાવ અને ઉત્તમભાવ એ કે શેઠ શ્રી મદનમોહનજીની શ્રીઆચાર્યજી મહાપ્રભુના ભાવથી સેવા કરે છે તેથી શ્રીઆચાર્યજી પંચામૃત સ્નાન કરાવી તે સ્વરૂપને શ્રીગોવર્ધનધર રૂપ કરીને ભોગ ધરે છો. એ મુખ્ય ભાવ જાણવો.

વાર્તાપ્રસંગ ૭ : ફરી એક દિવસ કાશીના રાજાના મનમાં આવ્યું કે શેઠ પુરુષોત્તમદાસને અમે મળીએ. તે રાજા ગંગાપાર રહેતો હતો. ત્યાંથી પ્રાતઃકાલ આવ્યો તે સમયે શેઠજી નાની પરદની (પોતડી) પહેરીને છાણ એકઠું કરતા હતા. ત્યારે એ શેઠના માણસોએ શેઠને કહ્યું કે તમને મળવા રાજા આવે તો સારાં વસ્ત્ર પહેરીને ગાદી ઉપર બેસો ત્યારે શેઠ કહે કે, આવવા દે. રાજાનો શું ડર છે ? પછી રાજા આવ્યો ત્યારે શેઠ છાણ ભરેલા હાથથી રાજાની આગળ આવ્યા. રાજા ચતુર હતો તે કહે શેઠજી ! તમે ધન્ય છો આ સંસારમાં મોટાઈ એક તમારી છૂટી છે. ત્યારે શેઠે કહ્યું અમે ગૃહસ્થ છીએ ઘરનું કામ કરવું જોઈએ. ત્યારે રાજા પ્રસન્ન થઈને ઘરે ગયો, આ પ્રકારે પ્રતિષ્ઠાની ચાહના રંચક પણ ન હતી. ગાયની ટહલને પોતાના ઘરનું કામ કહ્યું.

ભાવપ્રકાશ : એનો આશય એ છે કે જેમ શ્રીઠાકુરજીની સેવા એમ જ ગાયની સેવા એ જ ઘરનું કામ છે. લૌકિક વૈદિક કામ છે. એ બહારનું કામ છે. એ પ્રકારે શેઠે કહ્યું.

વાર્તાપ્રસંગ ૮ : એમ સેવા કરતાં જન્માષ્ટમી આવી ત્યારે શ્રીઆચાર્યજીએ, નંદરાયજીના, ઘરે જન્મ ઉત્સવ થયો હતો તે લીલાના ભાવથી પલના નંદ-મહોત્સવ કર્યો. ત્યારે નંદલાલજી, યશોદાજી, ગોપી

ગ્વાલથી રહેવાયું નહીં. સાક્ષાત બધા પધાર્યા. તેથી નંદમહોત્સવ અનિર્વચનિય તે દર્શન શેઠ પુરુષોત્તમદાસને, રૂકમણીને, અને ગોપાલદાસને થયાં કારણ કે તેઓ લીલા સંબંધી પાત્રો હતાં.

પછી આચાર્યજીએ યશોદાજી અને ગોપીગ્વાલને કહ્યું કે આ કાળમાં તમે સાક્ષાત પધાર્યા તે ઉચિત નહીં. ત્યારે બધાએ કહ્યું જ્યાં આપ સાક્ષાત સ્વામિનીરૂપ થઈ ઉત્સવ કરો ત્યાં અમારાથી કેમ રહેવાય ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે, હવેથી અમે બધાને વેષ ધરાવીશું. તેમનામાં ભાવરૂપથી પધારજો, ત્યારે કહે કે સારું તે રીતે વિચારીશું તે દિવસથી શ્રીઆચાર્યજીએ વેષની રીતિ જન્માષ્ટમી ઉપર કરી, આ પ્રકારે પ્રથમ જ જન્મ ઉત્સવ શેઠ પુરુષોત્તમદાસના ઘરે કર્યો. તે પછી શેઠ પુરુષોત્તમદાસ નિત્ય શ્રી મદનમોહનજીને પાલને ઝુલાવતા જન્મમહોત્સવના ભાવમાં સદા મગ્ન રહેતા.

વાર્તાપ્રસંગ ૯ : વળી આચાર્યજીની પાસે વાદી શાસ્ત્રાર્થ કરવા ઘણા આવે અને વાત કરતાં સાંજ થઈ જાય. તેથી આપના ભોજન કર્યા વિના વૈષ્ણવો મહાપ્રસાદ લે નહીં. ત્યારે શ્રીઆચાર્યજીએ 'પત્રાવલંબન'ગ્રંથ કરીને એક કાગળ ઉપર તેને લખ્યો. પછી એક વૈષ્ણવને આપ્યો, કે વિશ્વેશ્વર મહાદેવજીના દેવાલયમાં ભીંત ઉપર લગાડી એમ કહેજે કે જેટલા પંડિતો, બ્રાહ્મણો, શૈવ, વાદી આવે તેમને જો સંદેહ હોય તો આમાં જોઈ લેવું. જો ઉત્તર ન મળે તો શ્રીઆચાર્યજી પાસે આવજો.. એટલે તે વૈષ્ણવે 'પત્રાવલંબન' ગ્રંથ લઈ જઈ મહાદેવજીની પાસે ભીંતમાં લગાડ્યો. બધા માયાવાદી ત્યાં આવતા હતા તેમને વૈષ્ણવે કહ્યું કે, કાંઈ સંદેહ શ્રીઆચાર્યજીને પૂછવો હોય તો આને વાંચી લો. તેમાં બધાનો ઉત્તર મળ્યો. તેથી બધા ચૂપ થઈ ગયા. અને કહે કે શ્રીઆચાર્યજી ઈશ્વર છે. આટલા નાના ગ્રંથમાં હજારો માયાવાદીઓ નિરુત્તર કર્યા.

ભાવપ્રકાશ : મહાદેવજીની પાસે લગાડવાનો આશય એ છે કે અમારું કર્યું તમારા ઈષ્ટ મહાદેવજીને પ્રમાણ છે તો તેમને જીતવા તે કેટલી વાત છે ? અને એટલા માટે આ કાશીના રાજા વિશ્વેશ્વર છે તેમની પાસે આ ઝઘડો નાખ્યો છે. ખોટા-ખરાના મહાદેવ સાક્ષી છે. હવે જો નહીં માનો તો તમને મહાદેવ દંડ દેશે. એ પ્રકારે મહાદેવથી કહેવડાવીને બધા પંડિતોને જીત્યા, જેમ પુષ્ટિમાર્ગીયનાં ઈષ્ટ વ્રજભૂમિ અને શ્રીકૃષ્ણ તેમ શૈવીના ઈષ્ટ કાશીને મહાદેવ અને કાશીમાં મહાત્મ્ય દૃઢ જણાવ્યા વિના જગતમાં ભક્તિમાર્ગનો વિસ્તાર ન થાય. વૈષ્ણવોને પાછળથી શૈવ દ્વેષ કરી દુઃખ દે, તેથી શ્રીઆચાર્યજીએ કાશીમાં આ પ્રકારનું મહાત્મ્ય 'પત્રાવલંબન' દ્વારા બધાને જણાવ્યું તે એથી કે કોઈ પંડિત વાદી કોઈ વૈષ્ણવથી બોલી ન શકે.

વાર્તાપ્રસંગ ૧૦ : અને શેઠના સગા સંબંધીમાં શેઠના એક મામા હતા. તે શેઠજીને નિત્ય કહે કે ગયાંજી ચાલો તો હું તમારી સાથે આવું ત્યારે શેઠ કહે નવરાશે ચાલીશું. પછી ચૈત્ર મહિનો આવ્યો ત્યારે મામાએ આગ્રહ કર્યો કે ગયાંજી ચાલો. ત્યારે શેઠે બે ગાડી તૈયાર કરાવી. એક ગાડી ઉપર રાજભોગ પછી શેઠ ચાલ્યા તે કોશ પાંચ-છ ચાલ્યા ત્યારે એક રીંગણનું ખેતર આવ્યું તેમાંથી ખેતરવાળાએ સુંદર રીંગણાં વીણીને મોટો ટોકરો ભરીને ધર્યો. શેઠની દૃષ્ટિ તેના ઉપર પડી, ત્યારે શેઠજીએ ગાડી ઊભી રખાવી અને વિચાર્યું કે, શ્રી મદમનમોહજીના સેનભોગ લાયક શાક થશે, પછી તેને કહ્યું તે આ રીંગણાનું શું લઈશ ? ત્યારે તે બોલ્યો, એક રૂપિયો લાગશે. ત્યારે શેઠે રૂપિયો આપી રીંગણા બધા ગાડીમાં ધરી ગાડીવાનને કહે જલદી ગાડી ઘર તરફ પાછી હાંક. તને એક રૂપિયો આપીશ. અહીં શ્રીમદનમોહનજી રૂકમણીને કહે, તું વહેલી ઊઠીને સ્નાન કરીને પૂરી કર શેઠ શાક લઈને આવે છે. ત્યારે રૂકમણીએ કહ્યું મહારાજ એમ ? શેઠ તો ગયાજી ગયા છે. ત્યારે શ્રી ઠાકુરજીએ કહ્યું, શેઠ 'ગયા' કરી આવ્યો એમની 'ગયા' પૂરણ થઈ તું ઊઠીને

પૂરી જલદી કર ત્યારે રૂકમણી ન્હાઈને મેંદો જે ઘરમાં સિદ્ધ હતો તેની પૂરી કરવા લાગી. પ્રહર એક રાત્રિ ગઈ હતી. થોડીક પૂરી બાકી રહી ત્યારે શેઠે ઘરે આવીને અવાજ કર્યો ત્યારે ગોપાળદાસે કમાડ ખોલ્યા પછીં શેઠે રૂકમણીને પૂછ્યું કે શો સમય છે ? ત્યારે રૂકમણીએ કહ્યું, જલદી સુધારી દો, થોડી પૂરી કરવી બાકી છે. એટલે શેઠજી અને ગોપાલદાસે રીંગણાં સુધારી દીધાં, રૂકમણીએ સામગ્રી સિદ્ધ કરી. શેઠે પણ ન્હાઈને ભોગ ધર્યા. ત્યારે શેઠ ગોપાલદાસને કહે જે દસ-પાંચ વૈષ્ણવો જલદી મળે તેને બોલાવી લાવો. પછી ગોપાલદાસ વૈષ્ણવોને બોલાવી લાવ્યા. એટલામાં સમય થયો. ભોગ સરાવ્યા, સેન આરતી કરી શ્રીઠાકુરજીને પોઢાડ્યા. અનોસર કરાવી વૈષ્ણવો સાથે મળીને મહાપ્રસાદ લીધો. પછી તે મામો કેટલાક દિવસમાં ગયાજી જઈને આવ્યો ત્યારે તેણે શેઠને કહ્યું તમે કેમ પાછા આવ્યા ? ત્યારે શેઠે કહ્યું, મારા ઘરમાં જરૂરી કામ હતું તેથી પાછો આવ્યો.

ભાવપ્રકાશ : આ વાર્તા એ સિદ્ધાંત થયો કે સામગ્રી ઉત્તમ જોઈએ. તેમાં પોતાના પ્રભુનું સ્મરણ કરવું. તે ઘણા મૂલ્યથી ખરીદવું ઝઘડો ન કરવો, પોતાની સામર્થ્ય પ્રમાણે લઈએ, અને ભગવત્સેવારૂપ આ ધર્મની આગળ બધા વૈદિક ધર્મો તુચ્છ જાણીએ, તો શ્રીઠાકુરજી પ્રસન્ન થાય. શેઠની પ્રીતિ માટે ફરી બીજી વખત સેનભોગ શ્રીઠાકુરજી આરોગ્યા. તેથી સ્નેહ છે તે જ પ્રભુનું પ્રસન્નતાનું કારણ છે.

તે શેઠ પુરુષોત્તમદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. તેમની વાર્તાનો પાર નહીં તે ક્યાં સુધી કહીએ.

॥ વાર્તા ૬ (૧) ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક શેઠ પુરુષોત્તમદાસની બેટી રૂકમણી તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ રૂકમણી લીલામાં શ્રીસ્વામિનીજી સખી ઇંદુલેખા જે છે તેની સખી મોદિની છે. શ્રીઠાકુરજીની સેવામાં તત્પર છે. મોદિની જે આનંદ તેને પ્રકટ કરવાવાળી છે તેથી તેનું નામ મોદિની છે.

વાર્તાપ્રસંગ ૧ : એક સમયે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની શરણે રૂકમણી આવી, ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ તેને નામ સંભળાવ્યું. પછી નિવેદન કરાવ્યું. રૂકમણી બહુ કૃપાપાત્ર હતી.

એક સમય શ્રીગુસાંઈજી કાશી પધાર્યા હતા. ત્યાં સૂર્યગ્રહણ થયું, પછી શ્રીગુસાંઈજી મણિકર્ણિકા માટે સ્નાન કરવા પધાર્યા ત્યારે રૂકમણી પણ શ્રીમદમોહનજીને સ્નાન કરાવીને પોતે મર્ણિકણિકા સ્નાન માટે આવી, તે શ્રીગુસાંઈજી પધાર્યા છે તે વાત જાણીને આવી. ત્યાં સ્નાન કરીને વસ્ત્ર પહેર્યાં. ત્યાં એક વૈષ્ણવે શ્રીગુસાંઈજીને કહ્યું, મહારાજ ! શેઠ પુરુષોત્તમદાસની બેટી ગંગા સ્નાને આવી છે ત્યારે શ્રીગુસાંઈજી કહે રૂકમણી આગળ આવ. એટલે રૂકમણી આગળ આવી. ત્યારે શ્રીગુસાંઈજીએ પૂછ્યું તું કેટલા દિવસે ગંગાસ્નાને આવી છો ? ત્યારે રૂકમણીએ કહ્યું મહારાજ ! ચોવીસ વર્ષ પછી ગંગાસ્નાને આવી છું. રૂકમણીના આ વચન સાંભળીને શ્રીગુસાંઈજીનું હૃદય ભરી આવ્યું, કે એવી સેવામાં મગ્ન છે કે ગંગાસ્નાન માટે પણ નવરાશ નથી !

ભાવપ્રકાશ : ત્યાં એ સંદેહ થાય છે કે ચોવીસ વર્ષ પહેલાં તો ગંગાજી સ્નાન માટે આવી હતી, હવે શ્રીગુસાંઈજી પધાર્યા તેથી આવી. પરંતુ ગંગાસ્નાન કરવું એ આગ્રહથી રૂકમણી સેવક થયા પછી આવી નહીં, એવી સેવામાં મગ્ન છે.

તેથી શ્રીગુસાંઈજી રૂકમણીને જોઈને કહેતા કે "એનાથી શ્રીઠાકુરજી અઋણી કદી પણ નહીં થાય."

ભાવપ્રકાશ : તેનો અર્થ એ કે રાસપંચાધ્યાયીમાં શ્રીઠાકુરજી વ્રજભક્તોને કહે છે તમારું ભજન એવું છે કે સદા ઋણી રહીશ. તેમ રૂકમણીથી શ્રીઠાકુરજી ઋણી રહેશે. એ ભાવથી શ્રીગુસાંઈજીએ કહ્યું.

વાર્તાપ્રસંગ ૨ : વળી ક્ષત્રી લોકોમાં વહુ બેટી કાશીમાં કાર્તિક, મહા, વૈશાખ, મહિનામાં ગંગાસ્નાન કરે છે ત્યારે રૂકમણીએ શેઠ પુરુષોત્તમદાસને કહ્યું કે તમે કહો તો હું કાર્તિક સ્નાન કરું. ત્યારે શેઠે કહ્યું કરો. જે જોઈએ તે લો. ત્યારે રૂકમણીએ કખ, ઘી, ખાંડ મંગાવી દો, મેંદો તો ઘરમાં છે. ત્યારે શેઠે ઘી-ખાંડ મંગાવી દીધાં. રૂકમણી પ્રહર રાત્રિ પાછલીએ ઊઠી નિત્ય નિયમપૂર્વક અધિક સામગ્રી કરે અને મંગલાથી રાજભોગ પંર્યંત આરોગાવે પછી ઉત્થાપનના એક પ્રહર ગહેલાં ન્હાઈને સામગ્રી કરે. ઉત્થાપનથી શયન પર્યન્ત આરોગાવે. એમ કરતાં કેટલાંક દિવસ વિત્યા ત્યારે શેઠે રૂકમણીને પૂછ્યું કાર્તિકે નહાતાં તો કદીયે જોઈ નહીં ! તું ગંગાજી કયા સમયે જાય છે ? ત્યારે રૂકમણી કહે, મારે કાર્તિક ન્હાવાનું શું કામ ? જેને કંઈ કામના હોય તે કાર્તિક ન્હાય હું તો આ પ્રકારે ન્હાઉં છું ત્યારે શેઠ પુરુષોત્તમદાસ બહુ પસન્ન થયા.

ભાવપ્રકાશ : ત્યાં સંદેહ થાય કે રૂકમણીએ કાર્તિક ન્હાવાનું નામ લઈને શેઠ પાસે સામગ્રી કેમ લીધી ? આરોગવાનું નામ લેતી તો શું શેઠ સામગ્રી ન આપતા ? ત્યાં કહે છે કે જ્યારે કુમારિકાનું મન શ્રીઠાકુરજીને લાગ્યું ત્યારે અલગ મનોરથ કર્યો. પછી યશોદાજીને કહેવું જોઈએ એટલે યશોદાજીને કહ્યું કે તમે કહો તો અમે કાત્યાયની દેવીનું પૂજન કરીએ. માર્ગશીર્ષ મહિનો શ્રીયમુનાજીનું સ્નાન કરે ત્યારે શ્રીયશોદાજીએ શ્રીનદરાયજીને કહીને ન્યારી સામગ્રી પૂજાની ઘી-ખાંડ બધું કુમારિકાઓને આપ્યું. એટલે કત્યાયની દેવીનું મિષ (બહાનું) કરીને શ્રીયમુનાજીનું પૂજન કર્યું. કેમ કે શ્રીઠાકુરજી અને શ્રીયમુનાજી એક જ છે. 'પુરુષોત્તમ સહસ્રનામ'માં શ્રીઆચાર્યજી કહે છે. 'કાત્યાયનીવ્રત વ્યાજસર્વભાવાશ્રિતાંગનઃ' કાત્યાયની વ્રતનું વ્યાજ એટલે મિષ કરી સર્વ પ્રકારના ભાવનો બધા અંગમાં આવેશ કરી પ્રભુનો આશ્રય કર્યો. તે જ પ્રકારે રૂકમણીએ પણ કાર્તિક, માર્ગશીર્ષ, મહા, વૈશાખ, ઈત્યાદિનું નામ લઈ વ્રજભક્તોની ભાવપૂર્વક સેવા કરી. એમાં એ બતાવ્યું કે જેમ વ્રજભક્તોના ભાવની ખબર કોઈને ન પડી તેમ રૂકમણીના ભાવની ખબર કોઈને ન પડી. બીજાને તો શું શેઠ પુરુષોત્તમદાસ પણ રૂકમણીના હૃદયના ભાવને પહોંચી ન શકતા, એવું અગાધ હૃદય હતું.

વાર્તાપ્રસંગ ૩ : પછી એક સમય રૂકમણીનો દેહ અશક્ત થયો ત્યારે રૂકમણીએ કહ્યું, હવે દેહ છૂટે તો સારું. જે દેહથી ભગવાનની સેવા ન થઈ શકે, તે દેહ શું કામનો ? પછી ભગવદ્ ઇચ્છાથી દેહ છૂટ્યો. ત્યારે કોઈ વૈષ્ણવે શ્રીગુસાંઈજીને કહ્યું મહારાજ ! રૂકમણીએ ગંગા મેળવી, ત્યારે શ્રીગુસાંઈજી કહે એમ ન કહો કે ગંગાજીએ રૂકમણીને મેળવ્યાં.

ભાવપ્રકાશ : કેમ કે ગંગાજીને કિનારે તો અનેક જીવો દેહ છોડે છે. પરંતુ ગંગાજીને એવી ભગવદીય ક્યાં મળે ! એ પ્રકારે શ્રીમુખથી કહ્યું, તેનું કારણ એ કે ભગવદીય ગંગાજી આદિ તીર્થોને પવિત્ર કરે છે, તેથી નંદદાસજીએ પણ પંચધ્યાયીમાં ગાયું છે કે 'ગંગાદિનક પવિત્ર કરન અવની પર ઠોલે.' ભગવદીયનું પ્રાગટ્ય જીવોના ઉદ્ધારાર્થે જ છે જેમ ભગવાનનું પ્રાગટ્ય છે તેમંજ ભગવદીયનું પ્રાગટ્ય છે. 'પુષ્ટિપ્રવાહ મર્યાદા' ગ્રંથમાં શ્રીઆચાર્યજી ભગવદીયનું સ્વરૂપ લખે છે-

"તસ્માજજીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્ના એવ ન સંશય."

પુષ્ટિમાર્ગના જીવ આ સંસારના જીવોથી ભિન્ન (જુદા) છે, તેમાં સંશય નથી. ભગવાનનું રૂપ જ

જે, ભગવાનની સેવાને માટે જ, જગતમાં પુષ્ટિધર્મ પ્રકટ કરવાને અર્થે જન્મ્યા છે ભગવાનના સ્વરૂપમાં ભગવાનના અવતારમાં ભગવાનના જેવા ગુણ છે, ભગવાનની જેવી ક્રિયા છે, તેવા જ લક્ષણો ભગવદીયોમાં છે, તેથી ભગવાનના અને ભગવદીયમાં તારાતમ્ય નથી આ પ્રકારે શ્રીગુસાંઈજી પણ ભગવદીયના બધા ગુણ રૂકમણીમાં કહે છે.

આ રૂકમણી શ્રીઆચાર્યજી મહાપ્રભુની સેવક એવી કૃપાપાત્રમાં ભગવદીય હતી. તેથી એની વાર્તાનો પાર નથી તે ક્યાં સુધી કહીએ.

॥ વાર્તા ૬-(૨) ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક પુરુષોત્તમદાસના બેટા ગોપાલદાસ, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ-

ભાવપ્રકાશ : શેઠ પુરુષોત્તમદાસ લીલામા ઈન્દુલેખા શ્રીસ્વામીજીની સખી છે, તેની સખી ગાયન કલા તે આ છે વ્રજભક્તોના વિરહ સંયુક્ત ગાયન તેની કળા ગોપાલદાસમાં ઝળકે છે એમ કહી એ જણાવ્યું કે ગોપાલદાસ વિરહમાં સદા મગ્ન રહેતા.

ભાવપ્રસંગ ૨ : તે ગોપાલદાસને શ્રીમદનમોહનજી સાનુભાવ હતા. જે જોઈએ તે માંગી લેતા. એવી સદૈવ કૃપા કરતા અને ગોપાલદાસ કીર્તન કરતા. એક સમયે હોળીના દિવસોમાં ગોપાલદાસનો વિરહ થયો. હોળીના ભાવરૂપ સંયોગ રૂપની સ્મૃતિ થઈ ગઈ. ત્યારે વ્રજભક્ત જેમ વેણુગીત-યુગલ ગીત થાય છે તે ભાવથી બે કીર્તન 'લલના' કહીને ગાયાં.

ભાવપ્રકાશ : તે 'લલના'નો અર્થ એ કે વ્રજની લલના એ પ્રકારે વિરહભાવ કરે છે.

તે લલના ગાતાં જ શ્રીઠાકુરજીએ લીલા સહિત દર્શન દીધાં ત્યારે ગોપાલદાસે બલિહારી લીધી. (ઓવરી ગયા) તેથી ગાયું છે કે-"મદનમોહમકે વારને બલિબલિદાસ ગોપાલ"

વાર્તાપ્રસંગ ૨ : કેટલાક દિવસ પછી ગોપાલદાસનો દેહ અશક્ત થયો. તેઓ ભગવાન્નામનો ઉચ્ચાર કરતા ત્યારે શ્રીમદનમોહનજી આપ હુંકારી દેતા, આવી કૃપા કરતા એમ કરતા રાત્રિએ ગોપાલદાસને નીંદ આવતી, પણ ચોકીને વિરહમાં પુકારતા. "શ્રીમદનમોહનજી" ત્યારે મંદિરમાંથી શ્રીઠાકુરજી કહેતા, કેમ પુકારે છે ? હું તો તારી પાસે જ છું. ત્યારે ગોપાલદાસ કહેતા મહારાજ ! આપ જાગો છો ? મારો તો પુકારવાનો સ્વભાવ પડ્યો છે. ત્યારે શ્રીમદનમોહનજી કહેતા 'મને તારો વિરહ સહી શકાતો નથી તેથી તારું સમાધાન કરું છું." એ પ્રકારે ગોપાલદાસ મંદિરનું અને ચોકનું તાળું લગાડી ચોખટ ઉપર માથું ધરીને એક વસ્ત્ર બિછાવી વિરહમાં પડ્યા રહેતા. શરીરના સુખની ખબર જ ન રહેતી. તેમણે વિરહનાં કીર્તન બહુ ગાયાં છે.

અને શ્રીઆચાર્યજીનાં ગ્રન્થ સુબોધિની, નિબંધ, શ્રીગુસાંઈજીના રહસ્ય ગ્રન્થો બધા ગ્રન્થો ગોપાલદાસ અનોસરમાં જોયાં કરતા. સમય થાય ત્યારે ભગવત્સેવા કરતા. વેપાર, વાણિજ્ય, લૌકિક, વૈદિક બધું ત્યાગ કરી લીલા રસમાં મગ્ન રહેતા. તેથી શ્રીગુસાંઈજી ગોપાલદાસ ઉપર બહુ જ પ્રસન્ન રહેતા. કેમકે શેઠ પુરુષોત્તમદાસનો પરિવાર તો એવો જ જોઈએ એમ કહેતા. વિરહની દશા અનિર્વચનીય છે, તેથી ગોપાલદાસની વાર્તાનો વિસ્તાર નથી કર્યો. શેઠ પુરુષોત્તમદાસના પરિવાર સહિત વાર્તા એક આ પ્રકારે વૈષ્ણવ અગિયાર થાય. પરંતુ પરિવાર સહિત વાર્તા ગણવાથી વૈષ્ણવ છ થયા.

॥ વાર્તા ૭ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક રામદાસજી સારસ્વત બ્રાહ્મણ પૂર્વમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહે છે—

ભાવપ્રકાશ : એ રામદાસલીલામાં રાધા સહચરીની સખી છે. પ્રેમમંજરી એમનું નામ છે એ કુમારિકાના યુથમાં છે. રામદાસના પિતાની પાસે દ્રવ્ય ઘણું હતું. પરંતુ પુત્ર ન હતો તેમણે સૂર્યની ઉપાસના બહુ કરી તેથી સૂર્યપ્રસન્ન થઈને એક પુત્ર આપ્યો. તે રામદાસજી વરસ આઠના થયા ત્યારે પિતાએ રામદાસનો વિવાહ કર્યો, પછી દેહ છોડી તે રામદાસને એક મર્યાદામાર્ગીય વૈષ્ણવનો સંગ થયો. ત્યારે મર્યાદામાર્ગીય વૈષ્ણવે કહ્યું, કોઈ તીર્થ કર્યું છે ? ત્યારે રામદાસજીએ કહ્યું, પિતાને દેહ છૂટ્યો હવે ઘર છોડીને કેવી રીતે જવાય ? ત્યારે તે મર્યાદામાર્ગીય વૈષ્ણવે કહ્યું, ભલે ગંગાસાગર તો તારી પાસે છે. ત્યાં તો નાહી આવો. ચાલો, હું સાથે આવું ત્યારે રામદાસ ચાલ્યા પછી રામદાસ તે મર્યાદામાર્ગીયના સાથે ગંગાસાગર જઈ ન્હાયા, ત્રણે દિવસ ત્યાં રહ્યા. ચોથા દિવસે ત્યાં ન્હાઈને ગંગાસાગરના કિનારે રસોઈ કરવા માટે થોડીક રેતી ખોદી તો લાલજીનું સ્વરૂપ ત્યાંથી નીકળ્યું. તે સ્વરૂપને રામદાસજી એ ગંગાસાગરના જલથી ન્હવડાવી તે મર્યાદામાર્ગીય વૈષ્ણવને કહ્યું, કે મને ભગવત્સ્વરૂપ પ્રાપ્ત થયું છે. ત્યારે મર્યાદામાર્ગીય વૈષ્ણવે કહ્યું, તારાં મોટાં ભાગ્ય છે તમે એની પૂજા કરજો, પરંતુ તમે સેવક કોઈના છો ? ત્યારે રામદાસજી વર્ષ સોળના હતા, તે કહે, હું સેવક તો હજુ નથી થયો. ત્યારે મર્યાદામાર્ગીય વૈષ્ણવે કહ્યું, હું તને સેવક કરું. જો તમારું મને હોય તો. ત્યારે રામદાસજી કહે, ઘેર જઈને સ્ત્રી સહિત સેવક થઈશ. પછી તે મર્યાદામાર્ગીય વૈષ્ણવે કહ્યું, કે શ્રીવલ્લભાચાર્યજી કે જેમણે દક્ષિણમાં અને કાશીમાં માયાવાદ ખંડન કર્યો છે તેઓ પુરુષોત્તમપુરીમાં પધાર્યા છે. એમનું શરણ તને મળે તો તારાં મોટાં ભાગ્ય.

ત્યારે આ સાંભળતાં રામદાસજી શ્રીઠાકુરજીને લઈને ઘરે વહેલા ચાલ્યા તે મર્યાદામાર્ગીય તો ગંગાસાગર ઉપર રહ્યો, રામદાસ ચોથી મજલ (મુકામ) કરી પોતાના ગામના બહાર એક બગીચો છે ત્યાં મધ્યાન્હ સમે આવ્યા તે સમયે આચાર્યજી પણ પુરુષોત્તમપુરી (જગન્નાથજી) એક દિવસ પહેલાં ત્યાં આવીને ઊતર્યા હતા. શ્રીઆચાર્યજી રામદાસને કહે, તમને ગંગાસાગરમાં ભગવત્સ્વરૂપ પ્રાપ્ત કેવું થયું છે ? તે અમને દેખાડ ત્યારે રામદાસ ચકિત થઈ રહ્યા. મનમાં કહે હું હમણાં જ ચાલ્યો આવું છું. કોઈને ભગવત્સ્વરૂપ દેખાડ્યું પણ નથી. તેતી એ મહાપુરુષ છે. ત્યારે પાસે જે વૈષ્ણવો હતા તેમને પૂછ્યું કે આ મહાપુરુષનું નામ શું છે ? ત્યારે કૃષ્ણદાસ મેઘને કહ્યું, શ્રીવલ્લભાચાર્યજી સઘળે પ્રસિદ્ધ છે. માયાવાદ ખંડન કરી ભક્તિમાર્ગને સ્થાપન કર્યો છે. રામદાસે ત્યારે સાષ્ટાંગ દંડવત કરીને વિનંતી કરી ! મહારાજ મ્હારા ઘરે પધારો અને મને શરણે લ્યો ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે સારસ્વત બ્રાહ્મણ છો, તમારે ક્ષત્રીથી ખાનપાનનો વ્યવહાર કેમ છૂટશે ? ત્યારે રામદાસ કહે આપની કૃપાથી મ્હારે દ્રવ્ય ઘણું છે. હું તો કોઈથી જલનો વ્યવહાર પણ નહીં રાખું. આપ આજ્ઞા કરશો તેમ કરીશ પછી શ્રીઆચાર્યજી પ્રસન્ન થઈને રામદાસના ઘરે પધાર્યા અને સ્ત્રી સહિત રામદાસને નામ સમર્પણ કરાવ્યું. શ્રીઠાકુરજીને પંચામૃતથી સ્નાન કરાવી પાટ બેસાડ્યા. શ્રીઠાકુરજીનું નામ શ્રીનવનીતપ્રિયાજી ધર્યું. પાંચ રાત્રિ રામદાસના ઘરે રહીને બધી રીતિ સેવાની બતાવી પછી પૃથ્વી પરિક્રમા કરવા પધાર્યા.

વાર્તાપ્રસંગ ૧ : તે રામદાસજી આઠે પહોર અપરસમાં રહેતા. જલપાન બીડાં અપરસમાં લેતા.

ભાવપ્રકાશ : એ કહી એમ જણાવ્યું કે લૌકિક કોઈથી બોલતાં નહિ, વ્યવહાર વાણિજય કંઈ ન

કરતા. સ્રીવર્ગ પણ છોડ્યો.

આ પ્રકારે ભગવત્સેવા કરતા શ્રીઠાકુરજીનો નેક પણ ઘણો હતો. દ્રવ્ય પણ ઘણું હતું પછી કેટલાક દિવસમાં દ્રવ્ય ઘટ્યું થોડુંક બાકી રહ્યું.

ભાવપ્રકાશ : તેનો અભિપ્રાય એ કે તેમને રંચક દ્રવ્યોનો અહંકાર હતો, તે અન્યાશ્રય છોડાવી શ્રીઠાકોરજીને દીનતા કરાવવી છે તેથી દ્રવ્ય થોડુંક રહ્યું.

ત્યારે રામદાસે વિચાર કર્યો કે કંઈ દ્રવ્યનો ઉપાય કરવો જોઈએ. પૂર્વ દેશમાં કપડાં વણાવે છે. તેને તાંતી (વણકરોનો મુખી) કહે છે. તે તાતી-લોકોને રામદાસે વ્યાજે દ્રવ્ય આપ્યું. તેનું વ્યાજ ઘણું આવવા લાગ્યું, ત્યારે રામદાસજીના મનમાં કંઈક હર્ષ થયો. તેથી ઠાકુરજીએ આજ્ઞા કરી કે મને તાંતી લોકો ઉપર રાખ્યો ?

ભાવપ્રકાશ : તેનો આશય એ કે હું તો ભાવ-પ્રીતિથી પ્રસન્ન છું. તે પહેલા દ્રવ્ય ઉપર રાખ્યો, દ્રવ્ય ઘટયું ત્યારે વ્યાજ ઉપર રાખ્યો, તાતીનું વ્યાજ આવે તેનાથી મારી સેવા કરી વ્યાજનું દ્રવ્ય મહાહીન, દ્રવ્યનો મેલ, તેનાથી સેવા કરે તેના ઉપર હું કેમ રહીશ ?

ભાવપ્રકાશ : તે એથી કે મેં ખોટું કામ કર્યું. હવે ભગવદીચ્છા હશે તે થશે. પરંતુ એવું કામ ન કરવું.

પછી તાંતી લોકો પાસે ગયા અને કહે, મારું બધું દ્રવ્ય દો. ત્યારે તાંતી લોકોએ કહ્યું, તમને વ્યાજ આપી જઈએ છીએ તો દ્રવ્ય કેમ દઈએ ? શું થોડા દિવસોમાં જ માગવા લાગ્યા ? ત્યારે રામદાસજી કહે, મારે બાલક સાથે કામ પડ્યું છે બાલક કહે તેમ કરવું જોઈએ.

ભાવપ્રકાશ : ઓ કહી એમ જણાવ્યું કે બાલકના વિચાર પરસ્પર વિરુદ્ધ હોય જે હોય છે. રમકડાંને ઊંચે બેસાડે, કોઈને નીચે બેસાડે, કોઈને તોડી નાખે તેવો જ પ્રભુનો સ્વભાવ, કર્તુ, અકર્તુ, અન્યથા કર્તુમ સર્વસામર્થ્ય વાન જે મનમાં આવે તે કરે, એ સિદ્ધાંત કહ્યો. પરંતુ તાંતીએ જાણ્યું કે કોઈ બાલક ઘરમાં હશે.

પછી બધું દ્રવ્ય ભેગું કરીને રામદાસજીને આપ્યું તે ઘરે લાવ્યા. પછી સેવા કરવા લાગ્યા. પછી થોડા દિવસમાં બધું દ્રવ્ય ખૂટી ગયું.

ભાવપ્રકાશ : હવે દ્રવ્યનો આશ્રય છૂટ્યો, પરંતુ પહેલાંનો ગર્વ છે. તેનું બીજ છે તે શ્રીઠાકુરજી હવે દૂર કરશે.

પછી રામદાસજી એક વાણિયાને ત્યાંથી ઉધાર લાવવા લાગ્યા. ત્યારે માથે ઋણ થયું. તેથી વાણિયો એમને ટોકે, ત્યારે તે વાણિયાને ત્યાંથી ઉપાડવું છોડીને બીજા વાણિયાને ત્યાંથી ઉપાડવા લાગ્યા ત્યારે એક દિવસે એ વાણિયાએ બહુ તકાદો કર્યો અને કહ્યું કે હવે મારે ત્યાંથી ઉપાડ નથી કરતા તો મારા પૈસા ચુકાવી દો ત્યારે વાણિયાને બહુ કહી-સંભળાવીને વિદાય કર્યો. પરંતુ લાજને મારે રામદાસને બહુ દુઃખ થયું.

ભાવપ્રકાશ : એમાં પાછળનો અહંકાર દોષ દૂર થયો.

પછી શ્રીઠાકુરજીએ રામદાસનું રૂપ કરીને તે વાણિયાનું કરજ બધું ચુકાવી દીધું. રૂપિયા સો વિશેષ આપી પોતાના શ્રીહસ્તથી રામદાસના ખાતામાં જમા લખી આપ્યા. કેમકે રામદાસજીનું દુઃખ સહ્યું ન ગયું.

ભાવપ્રકાશ : જાણ્યું કે મારા માટે એટલું દુઃખ થયું છે તેથી શ્રીઠાકુરજીએ કરજ ચુકાવ્યું. પરંતુ સો રૂપિયા વિશેષ ધર્યા તેનું કારણ એ કે વિશેષ ધર્યાથી કદાચિત દ્રવ્ય સબંધી પ્રસન્નતા કે ગર્વ થાય તો પુષ્ટિમાર્ગીયફલ ન મળે, દાસભાવ જતો રહે. શ્રીઠાકુરજીએ કરજ ચુકાવ્યું. રામદાસ બેસી રહે તેથી રૂપિયા

સો વધુ આપ્યા. આ પરીક્ષા માટે અને કંઈક બીજા વાણિયાનું પણ કરજ થયું છે તે માટે અને કંઈક ખર્ચને માટે.

પછી એક દિવસ રામદાસને વૈષ્ણવો બોલાવવા આવ્યા. તેમની સાથે રામદાસજી ચાલ્યા. તે પેલા વાણિયાની દુકાન આગળ થઈને નીકળ્યા ત્યારે વાણિયાની નજર બચાવી આનાકાની કરીને નીકળ્યા, કેમકે જે એ માંગશે... તે વાણિયાએ રામદાસને જોયા અને વિચાર્યું, કે એ નજર બચાવીને એથી આગળ નીકળ્યા કે મેં તેમનાથી તકાદો ઘણો કર્યો છે, એટલે વાણિયો રામદાસની આગળ આવી પગે પડ્યો અને કહ્યું, મારું અભાગ્ય કે તમે મારી દુકાનથી ઉપાડ નથી કરતા. પરંતુ સો રૂપિયા વધારે ધર્યા તે તો તમે લઈ જાવ ! ત્યારે રામદાસજીએ કહ્યું કે હું આવીશ, હમણાં કામે જાઉં છું. ત્યારે વાણિયો દુકાન ઉપર આવ્યો. પછી રામદાસજીએ વિચાર કર્યો કે મેં તો દ્રવ્ય આપ્યું નથી, તેથી રખેને ઠાકુરજીએ એને આપ્યું હોય ! પછી વૈષ્ણવને ત્યાં જઈ કંઈ અડકા-અડકીનું કામ હતું તે બતાવી પછી રામદાસજી તે વાણિયાને દુકાન પર આવી કહે, તારો હિસાબ દેખાડ. ત્યારે વાણિયાએ કહ્યું , તમે હિસાબ ચુકાવી રૂપીઆ સો અધિક ધરી તમારા હાથથી લખી ગયા છો, છતાં ફરી જોઈ લો ત્યારે ખાતાવહીમાં શ્રીઠાકુરજીના હસ્તાક્ષર જોયા. પણ ચૂપ કરી કરી રહ્યા. પછી ઘરમાં આવીને વિચાર્યું કે હવે ઘરમાં રહેવું નહિ, ચાકરી કરીશ.

ભાવપ્રકાશ : એનું કારણ એ કે ઘરમાં રહું તો શ્રીઠાકુરજીને શ્રમ થાય. દ્રવ્ય ખાવું પડે, સ્ત્રીની પ્રીતિ સાધારણ છે. તેથી તે ખાશે.

પછી એક ઘોડો લીધો, હથિયાર બાંધી ચાકરી કરવા પ્રયાગમાં આવ્યા. ત્યાં જલપાન, બીડાં,અપરસ વગેરે લેવા લાગ્યા.

ભાવપ્રકાશ : એનું કારણ એ કે કંઈક અપરસનો અહંકાર હતો, કે બીજાથી આવી અપરસ નથી રાખી શકાતી, પછી શ્રીઠાકુરજીએ તે છોડાવી અહંકાર મટાડ્યો. વળી એ જણાવ્યું કે અપરસ શા કામની, જેમાં શ્રીઠાકુરજીને શ્રમ પડે ?

પછી એક દિવસ રામદાસજી પ્રયાગથી અડેલમાં શ્રીઆચાર્યજીએ મહાપ્રભુનાં દર્શન કરવા આવ્યા તે પાંચે કપડાં પહેરી, હથિયાર બાંધી દંડવત કર્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ રામદાસને જોઈને કહ્યું ધન્ય છે, ત્યારે વૈષ્ણવ પાસે બેઠા હતા, તે કહેવા લાગ્યા, મહારાજ ! હવે એને ધન્ય કેમ કહો છો ? એની અપરસ તો છૂટી, સિપાઈઓમાં રહે છે. અને હથિયાર બાંધે છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, એ ધન્ય છે. શ્રીઠાકુરજીને શ્રમ કરાવતો નથી. એના સમાન ધીરજ કોઈનો નથી, એમ શ્રીમુખથી કહ્યું.

ભાવપ્રકાશ : તેનું કારણ એ કે શું ઘણી અપરસ રાખવાથી કામ થાય છે ? પુષ્ટિમાર્ગીય ધર્મ ઘણો કઠિન છે, દ્રવ્ય બધું ગયું, ઋણ માથે થયું, પરંતુ ધીરજ નહિ છોડી મન શ્રીઠાકુરજીમાં રહ્યું. હૃદયમાં ચિંતારૂપી કષ્ટ નહીં થયું, પછી શ્રી ઠાકુરજીએ ઋણ ચુકાવ્યું તેથી મનમાં પ્રસન્ન ન થયા અને ચાકરીનું કામ કર્યું હવે દૈન્યતા થઈ અને મન શ્રીઠાકુરજીમાં છે, તે આશયથી શ્રીઆચાર્યજીએ (એમને) ધન્ય કહ્યા.

વાર્તાપ્રસંગ ૨ : બીજું આચાર્યજીના દ્વાર આગળ એક ખાડો હતો. તે પોતે ન્હાવાને પધાર્યા. ત્યારે કહે આ ખાડો હજુ પૂર્યા નથી ? એમ કહીને આપ તો યમુનાજી સ્નાન માટે પધાર્યા (પછી) બધા વૈષ્ણવો ખાડા પૂરવા લાગ્યા. ત્યારે રામદાસજીએ એક મોટો ટોકરો લઈ જ્યાં સુધી શ્રીઆચાર્યજી પોતે રામદાસને ખાડો ભરતા જોઈ અને બધા કપડા ધૂળથી ભર્યા. જોઈ ફરી આપ પ્રસન્ન થઈને કહે, રામદાસ ધન્ય છે.

ભાવપ્રકાશ : તે એથી કે બીજા વૈષ્ણવો સારાં કપડાં ઉતારી એક ધોતી પહેરી ખાડો ભરવા લાગ્યા

ત્યારે રામદાસે શ્રીઆચાર્યજીની આજ્ઞા સાંભળીને પરમભાગ્ય અને સેવા માની ખાડો ભર્યો. સિપાઈપણાની લાજશરમ બધી છોડી. તે ઉપર શ્રીઆચાર્યજી બહુ પ્રસન્ન થયા. આ પ્રકારે ભગવત્સેવામાં પણ પ્રતિષ્ઠા મનમાં ન લાવવી નાની મોટી સેવા ભાગ્ય માનીને કરવી એ સિદ્ધાંત સૂચવ્યો.

પછી રામદાસજી વર્ષ એકમાં દ્રવ્ય બહુ કમાઈ આવ્યા પછી સારી રીતે સેવા કરવા લાગ્યા.

ભાવપ્રકાશ : શ્રીઠાકોરજીને ધીરજ જોવી હતી, દ્રવ્યની તો શી વાત છે ? જે જોઈએ તે બધું સિદ્ધ છે.

વાર્તાપ્રસંગ ૩ : પછી એક દિવસ સ્ત્રીએ કહ્યું, તમે બીજો વિવાહ કરો તો સંતાન થાય.

ભાવપ્રકાશ : તેનું કારણ એ કે સ્ત્રીને રામદાસના અભિપ્રાયની ખબર નથી. તેથી જાણ્યું કે મારાથી રાજી નથી તો બીજો વિવાહ કરો. વિવાહ કરવાથી એક પુત્ર થાય.

ત્યારે રામદાસે કહ્યું કે મને પુત્રની ઇચ્છા નથી. સ્ત્રીએ કહ્યું કે મારે એક પુત્રની ઇચ્છા છે. ત્યારે રામદાસે કહ્યું કે તારી ઇચ્છા છે તો શ્રીનવનીતપ્રિયાજીની સેવા બાલ ભાવેથી કર. જેમ ખાનપાનથી પુત્રને લૌકિકમાં પ્યાર કરે છે તેમ ઠાકુરજીને કર, તારો મનોરથ પૂરો થશે. પછી કેટલાક દિવસમાં પુત્ર થયો.

ભાવપ્રકાશ : રામદાસજીએ તો ભાવરૂપ અલૌકિક વાત કહી છે કે શ્રીઠાકુરજીનો બાલભાવથી લાડ કરાવીશ (પ્રેમ કરીશ) તો તેજ બાલરૂપ થશે. (બાલકવત સુખ આપશે) યશોદાજીના સૌભાગ્યને મેળવીશ. પરંતુ સ્ત્રી ઉત્તમ અધિકારી હોય તો સમજે. તેથી પુત્રની કામના સહિત શ્રી ઠાકુરજીની બાલભાવથી સેવા કરી એટલે શ્રીઠાકુરજીએ પુત્ર આપ્યો. પરંતુ રામદાસનું કહેલું ફળ ન મળ્યું. રામદાસનું મન કોઈ દિવસ લૌકિક કામમાં ન ગયું તેથી શ્રીઆચાર્યજી પ્રસન્ન રહેતા. તેથી રામદાસના ભાવની વાત ક્યાં સુધી કહીએ ?

તે રામદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. એમની વાર્તાનો પાર નથી, તે ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૭ ॥

॥ વાર્તા ૮ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક ગદાધરદાસ, કપિલ, સારસ્વત બ્રાહ્મ કડામાં રહેતા તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ-

ભાવપ્રકાશ : તે ગદાધરદાસ મકર સ્નાન માટે તીર્થરાજ પ્રયાગ વર્ષે વર્ષે જતા. એક સમય ગદાધરદાસ જ્યારે પ્રયાગમાં હતા ત્યાં શ્રીઆચાર્યજી પધાર્યા. ત્યાં પંડિત બધા શ્રીઆચાર્યજી સાથે ચર્ચા કરવા આવતા. ગદાધરનો કાકો પ્રયાગ રહેતો ત્યાં ગદાધરદાસ ઊતરતા. તે ગદાધરદાસનો કાકો પંડિત હતો પરંતુ શૈવ હતો. તે કાકાએ ગદાધરદાસને કહ્યું, શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે, તેમનાથી મારે કંઈ સંદેહ પૂછવો છે તેથી હું ત્યાં જાઉં છું, ત્યારે ગદાધરદાસ કહે કે હું પણ ચાલીશ પછી બન્ને આવ્યા. ત્યારે ગદાધરદાસના કાકાએ શ્રીઆચાર્યજીને પૂછ્યું કે મહારાજ ! ઠાકુર તો એક છે પરંતુ વૈષ્ણવ સમ્પ્રદાયમાં અલગ અલગ કેમ છે ? કોઈ કૃષ્ણને, કોઈ રામને, કોઈ નૃસિંહને, કોઈ નારાયણ આદિને માને છે, તેમાં નિશ્ચય ક્યા ઠાકુર છે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, ચક્રવર્તી રાજાનું રાજ્ય બધી પૃથ્વી ઉપર છે અને બીજા રાજા દેશના અને ગામ ગામના, તે બધા પણ રાજા કહેવાય, પરંતુ ચક્રવર્તી રાજાના આજ્ઞાકારી, તે પ્રમાણે જ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તે સર્વોપરી બીજા અવતાર અંશકલા કરીને થાય. બધા શ્રીકૃષ્ણના આજ્ઞાકારી. ઠાકુર તો બધાને કહીએ. ત્યારે ગદાધરદાસનો કાકો ચૂપ કરી રહ્યો. ગદાધરદાસ દેવી જીવ, તેમના મનમાં સિદ્ધાંત બેસી ગયો કે શ્રીઆચાર્યજીની શરણે જઈએ તો શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થશે. ત્યારે ગદાધરદાસે શ્રીઆચાર્યજીને દંડવત પ્રણામ કરી, વિનંતી કરી, મહારાજ ! શરણે લો. સંસારમાં બહુ ભટક્યો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે તમે તમારા

કાકાને પૂછો, એનું ચિત્ત દુઃખ પામે તો સેવક શા માટે થાવ ? ત્યારે ગદાધરદાસના કાકાએ કહ્યું મહારાજ ! અમારે તો ગાયત્રી મંત્રથી કામ છે, બીજું અમે જાણતા નથી. ગદાધરદાસની એ જાણે, ન અમે હા કહીએ , ન અમે ના કહીએ. ત્યારે ગદાધરદાસે કહ્યું કે હવે હું આપનો દાસ થયો. હવે સંસારી જીવથી વ્યવહાર મારે નથી. હું આપને શરણે આવ્યો છું કૃપા કરીને મને શરણે લો અને આ બહિર્મુખ ક્યારે કહેશે કે તું સેવક થા. આ પ્રકારે ગદાધરદાસના વચન સાંભળીને ગદાધરદાસનો કાકો ત્યાંથી ઊઠીને બહાર આવીને ઊભો રહ્યો.

ત્યારે શ્રીઆચાર્યજી ગદાધરદાસના ઉપર બહુ પ્રસન્ન થયા અને કહ્યું કે વિના સેવક આવી ટેક છે તો સવક થયે ભલો વૈષ્ણવ થશે. પછી આચાર્યજી કહે જા ત્રિવેણીમાં ન્હાઈ આવ. ત્યારે ગદાધરદાસ ન્હાઈને અપરસમાં આવ્યા. પછી શ્રીઆચાર્યજીએ નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું, એટલે ગદાધરદાસે વિનંતી કરી, મહારાજ ! હવે મારું શું કર્તવ્ય છે ? ત્યારે ગદાધરદાસને શ્રીઆચાર્યજી કહે છે કે તમે ભગવત્સેવા કરો, સ્વરૂપ ક્યાંકથી લાવો. ત્યારે ગદાધરદાસે વિચાર્યું કે એક સ્વરૂપ આ મારા કાકાને ઘરે છે તે કેવી રીતે મળે ? હું તો આ બહિર્મુખથી બોલતો નથી, એમ વિચાર કરતા બહાર નીકળ્યા, માળા તિલક કરીને. ત્યારે ગદાધરદાસના કાકાએ કહ્યું, જે સેવક થયો તે સારું કર્યું પરંતુ મારે ઘેર તો ચાલો, ત્યારે ગદાધરદાસે કહ્યું, મને તમારા ઘરમાં ઠાકુર છે તે આપો તો હું ચાલું. ત્યારે તેણે કહ્યું કે લઈ જાવ, મારે ઠાકુરથી શું કામ છે ? ત્યારે ગદાધરદાસ કાકાની સાથે ઘરે ગયા અને ઠાકુરજી માગ્યા. ત્યારે તેણે કહ્યું કે ખાનપાન તો કરો, બપોર થયો છે, શ્રીઠાકુરજી પછી લઈ જજો. ત્યારે ગદાધરદાસે કહ્યું, હવે અમારે તમારે જલ-વ્યવહાર નહીં. શ્રીઠાકુરજી દો. અમે શૈવમાર્ગીય છીએ. અમારે ઠાકુરથી શું કામ ? અમે તો મહાદેવજીને જાણીએ તેથી જલદી લઈ જાવ.

શ્રીઠાકુરજીએ ગદાધરદાસના કાકાનું મન એથી ફેરવ્યું કે ભગવદીય જેનું ઘર છોડે ત્યાં ઠાકુરજી પણ ન રહે, તેથી જલદી આપ્યા. પછી આચાર્યજીએ તે ઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવીને શ્રીમદનમોહનજી નામ ધર્યું ગૌર સ્વરૂપ છે. ત્રણ દિવસ ગદાધરદાસ શ્રીઆચાર્યજી પાસે રહ્યા, સેવાની બધી રીતિ શીખ્યા. શ્રીઆચાર્યજીએ 'ભક્તિવર્દ્ધિની' ગ્રન્થ કર્યો છે તેનું વ્યાખ્યાન કર્યું છે તેમાં આપે આજ્ઞા કરી છે કે,

"અવ્યાવૃત્તો ભજેત્કૃષ્ણં પૂજ્યા શ્રવણાદિભિઃ ।
વ્યાવૃત્તોઽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌયતેત્સદા ॥"

તેમાં સેવા અવ્યાવૃત્ત થઈને કરવી એમ કહ્યું તેથી ઊતરતી કક્ષાએ કે વ્યાવૃત્તિ કરે અને હરિમાં મન રાખે. આ સાંભળતાં જ ગદાધરદાસે સંકલ્પ કર્યો કે વ્યાવૃત્તિ કંઈ ન કરવી. પછી ગદાધરદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુથી વિદાય થઈ ઓડછા ગામે પોતાના ઘરે આવ્યા. એમનું લગન તો થયું ન હતું. મા-બાપ પણ ન હતા, એમની અવસ્થા પણ વર્ષ તીસની હતી. તેથી તેમણે સગાસંબંધીઓને કહ્યું, હવે તમે બીજા ઘરમાં જઈને રહો. હું વૈષ્ણવ થયો છું હવે મારે તમારે જલનો વ્યવહાર નથી રહ્યો. ત્યારે તેઓ બીજા ઘરમાં જઈ રહ્યાં પછી ગદાધરદાસ બધું ઘર ખામા કરી સેવા શ્રી મદનમોહનજીની પ્રીતિથી કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ : તે ગદાધરદાસને શ્રીમદનમોહનજી સાનુભાવ જણાવતા. પહેલાં ગદાધરદાસ યજમાનના ઘરે જતા. જે જોઈએ તે લઈ આવતા વૈષ્ણવ થયા પછી આવ્યા વૃત્ત જેવા રહેતા, બધી જગાએ જવું છોડી દીધું. જે આવે તેમાં નિર્વાહ કરે. એમનું ચિત્ત ફલરૂપ માનસી સેવામાં લાગ્યું "ચેતસ્તત્પ્રવણં સેવા" એ ભાવમાં મગન રહે તનુજાવિત્તજા જે બને તે કરે, બહુ સંગ્રહ કરે નહીં, જે આવે તેની સામગ્રી શ્રીમદનમોહનજી ભોગ ધરે અને વૈષ્ણવને મહાપ્રસાદ લેવડાવી દેતા. એ પ્રકારે ત્યાગપૂર્વક રહેતા. પછી

એવું બન્યું કે એક દિવસ ભગવદિચ્છાથી યજમાનના ઘરેથી કંઈ આવ્યું નહીં.

ભાવપ્રકાશ : તેનું કારણ એ કે શ્રીઠાકુરજીએ પરીક્ષા લીધી કે અવ્યાવૃત્તનો સંકલ્પ થવો સહજ છે, પરંતુ ન મળે ત્યારે ધીરજ રહે એ મહા કઠણ છે. તેથી કંઈ ન આવ્યું.

ત્યારે મંગલામાં જલની લોટીનો ભોગ ધરી શ્રૃંગારમાં અને રાજભોગમાં પણ જલ જ ધર્યું પછી ઉત્થાપન અને સેનપર્યંત જલ જ ધર્યું, પરંતુ ઉધાર ન લીધું.

ભાવપ્રકાશ : કેમ કે એવો વ્યવહાર છે કે જે ઉધાર લે તો લેણદારનું જ્યાં સુધી દ્રવ્ય ન દે ત્યાં સુધી તેની સેવા ગણાય, પોતાની નહીં, અને કાળનું પ્રમાણ નહીં ઉધાર લીધું ને દેહ છૂટી જાય તો ૠણ માથે રહે, જન્મ લેવો પડે એમ શાસ્ત્રમાં કહે છે. પરંતુ આમને તો કાળનો ડર નથી. અવ્યાવૃત્ત થઈ શ્રીઆચાર્યજી મહાપ્રભુના ગ્રન્થનો આશ્રય કર્યો છે.

એમ કરતાં રાત્રિ પ્રહર દોઢ ગઈ. છાતીમાં આગ જેવું લાગ્યું કે આજ મારા ઠાકુર ભૂખ્યા રહ્યા.

ભાવપ્રકાશ : એનો હેતુ એ કે યદ્યપિ જલ ધરીને માનસીમાં બધું આરોગાવ્યું છે અને શ્રીઠાકોરજી આરોગ્યા પણ છે, કેમ કે એ પણ શ્રીરાધા સહચરીની સખી છે, 'કલકંઠી' એમનું નામ છે, કુમારિકાના યૂથમાં છે. એમને શ્રીયમુનાજીનો આશ્રય છે. રાધા સહચરીના ગાન સમયે એ સ્વર પૂરે છે. એમનો પણ કંઠ બહુ સુંદર છે, તેથી શ્રીયમુનાજીના ભાવથી બધા ભોગમાં જલ જ ધર્યું. તેથી સઘળી સામગ્રી ભાવ વડે સિદ્ધ છે પરંતુ આ સામગ્રીમાં વૈષ્ણવનું સમાધાન નથી, બધી ઈન્દ્રિયોની સેવા નથી સામગ્રી હાથથી ધરે અને વ્રજભક્તિની માનસી પણ કરે, અને શ્રીઠાકુરજીને અલગ મનોરથ પણ કરે એ પુષ્ટિમાર્ગની રીતિ છે, જો સામગ્રી હાથથી ભોગ ધરવામાં પ્રીતિ ન હોય તે વ્રજભક્તોને ભાવ પણ છૂટી જાય જ્ઞાનમાર્ગથી રીત થઈ જાય. પત્ર, પુષ્પં, ફલ તોયેં "યોમે ભક્તયા પ્રયચ્છતી" આ વાક્યમાં ગૂઢ અર્થ છે. મર્યાદા માર્ગીયના ભાવમાં પત્ર, પુષ્પ, ફલ, જલ, જેવું બન્યું તેવું ધર્યું. સામગ્રીનો આગ્રહ નથી. અને ગીતામાં કહે કે ભક્ત (થઈને) ધરે. એમાં એ અર્થ છે કે ભક્ત હોય તે ચારે વસ્તુ વિવેકપૂર્વક ધરે. સ્નેહી હોય તેને ભક્ત કહીએ. તેમાં જે પત્ર તથા પોઈનાં પત્તાં, અરવીનાં પત્તાં, તેનાં પત્રોડાં વગેરે સ્નેહથી સિદ્ધ કરીને ધરે. જ્યારે આજ્ઞાનીને સ્નેહ નથી. તે મીઠાં કડવાં પત્તા ધરે અને ફૂલમાં ગુલાબનાં ફૂલને ખાંડમાં મેળવી સામગ્રી કરી પ્રેમથી આરોગવે ફલ પણ સુંદર મીઠાં કડવાં ચાખીને ધરે. ભક્ત હોય તો ચાખે. યદ્યપિ મર્યાદામાં ભીલડી 'શબરી' હતી, તે પણ વનમાં ફળને ખાઈને ધરતી કેમ કે ફળ ઝેરી હોય, કોઈ ક્રીડાનું ખાધેલું હોય તો પહેલાં મને દુઃખ થાય, પરંતુ શ્રીરામચંદ્રજીને ન થાય, આમ સ્નેહપૂર્વક વિચારતી તેથી શ્રીરામચંદ્રજીએ વખાણ કર્યાં કે આવાં ફળ દશરથ પિતાને ત્યાં અને જનક વિદહીને ત્યાં લગ્નમાં પણ નથી ખાધાં. કેમકે ત્યાં આવી પ્રીતિ નહીં. ભક્ત સિદ્ધ કરીને ધરે, જ્ઞાની જેવું મળે તેવું ધરે, અને ગદાધરદાસ તો પુષ્ટિમાર્ગીય લીલા સંબંધી છે. તેથી ભાવપૂર્વક જલ તો ધર્યું. પરંતુ સ્નેહી છે તેથી છાતીમાં આગ લાગી, કે આજ કંઈ ન આવ્યું. તેથી છાતીમાં વિરહ રૂપી આગ લાગી કે આજ કંઈ ધર્યું નહીં. કારણ જે વૈષ્ણવને લેવડાવ્યા વિના શ્રીઠાકુરજી ભૂખ્યા જ છે, આ પ્રકારનો ગૂઢ ભાવ, તેમના હૃદયનો છે. શ્રીઠાકુરજીને વિરહનું દાન તેમને કરવું છે તેથી કંઈ ન આવ્યું તેથી છાતીમાં વિરહરૂપી અગ્નિ લાગી અને મુખ્ય અધિકારી થયા જેને વિરહ નથી તેને પુષ્ટિ માર્ગનું ફલ નથી. આ પ્રકાર દોઢ પ્રહર રાત્રિ ગઈ.

ત્યારે એક યજમાન આવ્યો. ગદાધરદાસને પોકારીને કમાડ ખોલાવીને રૂપિયા ચાર અને કંઈક વસ્ત્રાદિક આપ્યાં, અને કહ્યું કે આજ અમારે શુદ્ધ શ્રાદ્ધ હતું તેની દક્ષિણા લો, એમ કહી ઘરે ગયો.

ગદાધરદાસના હૃદયમાં વિરહ તો બહુ કે જલદી કઈ વસ્તુ ધરું ? એ ભાવથી એક રૂપિયો લઈ સામગ્રી લેવાને બજારમાં ગયા. બજારમાં એક હલવાઈ જલેબી કરતો હતો. તે જોતાં જ તેને પૂછ્યું, આમાંથી કોઈને આપી તો નથી ? ત્યારે તેણે કહ્યું, હમણાં કરી છે, વેચી નથી. ત્યારે રૂપિયો દઈ કહે, જલદી તોલી દે. તે લઈને ઘેરે આવ્યા. ન્હાઈને શ્રીઠાકુરજીને જલેબી ભોગ ધરી. પછી શ્રીઠાકુરજીને પોઢાવી વૈષ્ણવોને બોલાવી મહાપ્રસાદ બધો લેવડાવી દીધો. પોતે ભૂખ્યા સૂઈ રહ્યા પરંતુ મનમાં સુખ પામ્યા કે શ્રીઠાકુરજી આરોગ્યા અને વૈષ્ણવના સમાધાનનો દિવસ ખાલી ન પડ્યો. પછી ત્રણ રૂપિયાનું સીધું સામાન લાવી સામગ્રી કરી ભોગ ધર્યા. પછી શ્રીઠાકુરજીને પોઢાવી વૈષ્ણવોને બોલાવી મહાપ્રસાદની પાતળ ધરી. ત્યારે વૈષ્ણવો મહાપ્રસાદ લેતાં બોલ્યા, કે ગદાધરદાસ ! રાત્રિએ મહાપ્રસાદ દીધો તે સામગ્રી તો અમે પણ કરીએ છીએ પરંતુ એવો સ્વાદ નથી આવતો. માટે એવી ક્રિયા અમને પણ બતાવો. ત્યારે ગદાધરદાસે કહ્યું, કાલ મારા ઘરમાં કંઈ ન હતું, પરંતુ રાત્રિએ રૂપિયા ચાર આવ્યા, તેમાંથી એક રૂપિયાની જલેબી બજારમાંથી લાવ્યો, વગેરે પ્રકાર બધો કહ્યો. ત્યારે બધા વૈષ્ણવો ગદાધરદાસની ઉપર પ્રસન્ન થયા.

ભાવપ્રાકશ : તેનો હેતુ એ છે કે શ્રીઠાકુરજી અને શ્રીઆચાર્યજી એમના ઉપર પ્રસન્ન છે, બધા વૈષ્ણવોના હૃદયમાં તેઓ છે, બુદ્ધિપ્રેરક તો શ્રીકૃષ્ણ છે અને નિષ્કપટ શુદ્ધ ભાવવાળા વૈષ્ણવ પર કોઈ અપ્રસન્ન ન થાય. આ પ્રકારે વૈષ્ણવો પ્રસન્ન થયા ત્યારે ગદાધરદાસજીએ એક કીર્તન ગાયું.

"ગોવિંદ-પદ-પલ્લવ સિર પર બિરાજમાન
તિનકો કહા કહિ આવે, સુખકોં પ્રમાન ।
બ્રજ-દિનેસ દેળ બસત, કાલાનલ હુ ન ત્રસત,
બિલસત મન હુલળત, કરિ લીલા દસ પાન ।
ભીંજે નિત નેન રહત, વરિ કે ગુનગાન કહત
જાનત નહિં ત્રિવિધ તાપ માનત નહિં આન ।
તિનકે મુખ-કમલ દરસ, પાવન પદરેનું પરસ.
અધમ જન 'ગદાધર' સે, પાવત સન્માન !"

કહે છે કે હું અધમજન છું, પરંતુ તમે ભગવદીય છો તેથી મારા જેવાનું સન્માન કરો છો. આ પ્રકારે વૈષ્ણવોમાં અને શ્રીઠાકુરજીમાં દૃઢ પ્રીતિ એક રસ હતી. તેથી શ્રીઠાકુરજી અને વૈષ્ણવો એમને વશ હતા. એવા ગદાધરદાસ ઉત્તમ ભગવદીય હતા..

વાર્તાપ્રસંગ : ૨ વળી એક દિવસ ગદાધરદાસે વૈષ્ણવોને મહાપ્રસાદ લેવા માટે બોલાવ્યા હતા. બધી સામગ્રી કરી પરંતુ શાક કંઈ ન હતું. ત્યારે ગદાધરદાસે વૈષ્ણવો બેઠા હતા તેમને કહ્યું કે, એવો કોઈ વૈષ્ણવ છે, કે શાક લઈ આવે ? ત્યારે માધવદાસ (વેણીદાસના ભાઈ) કે જેમણે વેશ્યા ઘરમાં રાખી હતી તે બોલ્યા, કહો તો હું લઈ આવું.

ભાવપ્રકાશ : એનો આશય એ કે મે વેશ્યા રાખી છે, મારું લાવ્યું લેશો ? ત્યારે ગદાધરદાસ કહે, લઈ આવો. કારણ ગદાધરદાસના હૃદયમાં દોષ દૃષ્ટિ નથી શ્રીઆચાર્યજીનો સંબંધ જાણે છે, તેથી કહે લઈ આવો.

ત્યારે માધવદાસ બરુવાની ભાજી લઈ આવ્યા. ગદાધરદાસે પ્રસન્ન થઈને કહ્યું, જલદી સુધારી દો.

ભાવપ્રકાશ : એમાં એ સૂચવ્યું કે પ્રીતિથી લાવ્યા, ત્યારે સુધારવાની મુખ્ય સેવા પણ આપી. તેમાં

જણાવ્યું કે સેવા પ્રીતિથી કરવી પછી કેવો પણ જીવ હોય તો પણ તેના હાથનું શ્રીઠાકુરજી પ્રીતિથી અંગીકાર કરે છે.

પછી સામગ્રી સિદ્ધ કરી શ્રીઠાકુરજીને ભોગ ધર્યો. સમય થયે ભોગ સરાવી અનોસર કરી બધા વૈષ્ણવોને મહાપ્રસાદની પાતળ ધરી ત્યારે વૈષ્ણવોએ મહાપ્રસાદ લેતાં શાકને વખાણ્યું. ગદાધરદાસ પીરસતાં પીરસતાં જ્યારે માધવદાસ પાસે આવ્યા ત્યારે પ્રસન્ન થઈને માધવદાસને કહે કે તારું લાવેલું શાક શ્રીઠાકોરજી આરોગ્યા છે તેથી તને હરિભક્તિ દશ્ય થશે. એ આશીર્વાદ દીધો.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે રંચક સેવા શાકની માધવદાસે દીનતાથી કરી તો ઠાકોરજી પ્રીતિથી આરોગ્યા. શ્રીઠાકુરજી પ્રીતિથી આરોગ્યા એ ત્યારે જાણીએ કે જ્યારે વૈષ્ણવ પ્રસાદ લઈ વખાણ કરે. એટલે બન્ને સેવા સિદ્ધ થાય. વળી ભગવદીય સમાન ઉદાર કોઈ નથી કે રંચક શાકની સેવા કરી તેમાં જન્મ જન્મનો સંચાર મટાડી હરિ-ભક્ત કરી દીધા. એવા ગદાધરદાસ ભગવદીય છે.

વાર્તાપ્રસંગ ૩ : બીજું, એક દિવસ ગામ બહાર વણઝારો આવી ઉતર્યો હતો. તેને બળદ જોઈતા હતા. તે ગામમાં આવ્યો હતો. ગામમાં ગદાધરદાસના સગાં, બ્રાહ્મણ હતા. તેઓ ગદાધરદાસની ઈર્ષા કરતા કે ભગત થયો છે, તે વણઝારાએ આ બ્રાહ્મણને પૂછ્યું કે અમારે બળદ મોલથી (વેચાતા) લેવા છે તે ક્યાં મળશે ? ત્યારે બ્રાહ્મણોએ કહ્યું, ગદાધરદાસ ભગત છે, તેમને ત્યાંથી જેટલા બળદ જોઈએ તેટલા લો. પરંતુ આમ તો એ નહીં આપે એમની પાસે પહેલા રૂપિયા આપો અને કહેજો કે જ્યાંથી ઇચ્છા હોય ત્યાંથી મંગાવી દો. પછી બીજા દિવસે જજો, ત્યારે બળદ તમને મળશે. એટલે તે વણઝારો રૂપિયા સો લઈ ગદાધરદાસની પાસે આવ્યો અને કહ્યું, અમને બળદ લેવા છે તે અમને મંગાવી આપો. ત્યારે ગદાધરદાસે કહ્યું ભાઈ ! અમારે બળદ ક્યાં ? ગામમાં પૂછો. અમે તો જાણતા નથી. ત્યારે વણઝારાએ રૂપિયા સો ગદાધરદાસની આગળ મૂક્યા, પછી ઊઠીને ચાલ્યો અને કહ્યું કાલે બળદ લેવા આવીશ, મને ગામના લોકોએ આ પ્રકારે બતાવ્યું છે. ત્યારે ગદાધરદાસે જાણ્યું કે અમારી જ્ઞાતિનાએ આને ભરમાવ્યો છે. પછી ગદાધરદાસે કહ્યું, કાલ મધ્યાન્હ સમે તો તમો રૂપિયા નહીં જોઈ શકો, તો પણ વણઝારો પ્રસન્ન થઈને કહે કે ભલે. એ રૂપિયા રાખો. પછી ગદાધરદાસજીએ રૂપિયા સોની સામગ્રી મગાવી, બધો પાક સિદ્ધ કરી બીજા દિવસે ભોગ ધર્યો પછી બધા વૈષ્ણવોને પીરસતા હતા, મધ્યાન્હ થતો ત્યારે વણઝારો આવ્યો, ત્યારે ગદાધરદાસે કહ્યું, ઠીક સમય ઉપર આવ્યો. આ બધા ઠાકુરજીના બળદ છે. આમાં વાછડા પણ છે, તારણ પણ છે, જેવા જોઈએ તેવા જોઈને લો.

ભાવપ્રકાશ : એનો આશય એ કે બળદ ધર્મનું રૂપ છે. તેથી ગદાધરદાસ કહે, આજના કાળમાં ધર્મ આ વૈષ્ણવોમાં છે. ધર્મ લેવો હોય તો જોઈ લે, બળદ ને જે કામમાં લગાડો તે કરે, ના ન કહે, જે ખવડાવો તે જ ખાય, સંતોષ કરે. તેવા આ વૈષ્ણવો છે, જે બધા કામમાં ચાલે છે અને તેને જે પ્રાપ્ત થાય તેમાં સંતોષ છે.

તે વણઝારાની સામગ્રી શ્રીઠાકુરજી આરોગ્યા, વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધો અને ગદાધરદાસે પ્રસન્ન થઈને ઉપર પ્રમાણે કહ્યું, તેથી તે વણઝારાને જ્ઞાન થઈ ગયું કે આ તો ભગવદ્ભક્ત છે. ગામના લોકોએ મશ્કરી કરી લડાવવાનો ઉપાય કર્યો હતો, પરંતુ મારા તો મોટા ભાગ્ય છે કે આ બહાને મારા સરખા પાપીની સત્તા અંગીકાર કરી. હવે હું એમને શરણે જઈ કૃતાર્થ થઉં. ત્યારે સાષ્ટાંગ દંડવત કરીને ગદાધરદાસને તેણે કહ્યું, 'હું રાત્રિ દિન સંસાર સમુદ્રમાં ભટકું છું, હવે તમારી શરણે આવ્યો છું, મારો ઉદ્ધાર

કરો. ત્યારે ગદાધરદાસે કહ્યું અમે તો સેવક કરતા નથી, પરંતુ આ બધા વૈષ્ણવો અને અમે શ્રીઆચાર્યજીના સેવક છીએ, તેઓ અડેલમાં બિરાજે છે. તેમનો સેવક થા. પછી ગદાધરદાસે તેને દૈવી જીવ જાણીને એને મહાપ્રસાદ આપ્યો. પછી વણઝારો અડેલ આવી શ્રીઆચાર્યજી પાસે નામ પામી કૃતાર્થ થયો.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે ભગવદીયના એક ત્રણના સંગથી ઉત્તમ જીવ હોય તો તેનું કાર્ય થઈ જાય. ગદાધરદાસ એવા ભગવદીય હતા, એમના હૃદયનો અગાધ ભાવ છે, તે કેવી રીતે કહી શકાય ?

ગદાધરદાસજી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. તેથી એમની વાર્તાનો પાર નથી, તે ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૮ ॥

॥ વાર્તા ૯ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સેવક વેણીદાસ માધવદાસ બે ભાઈ ક્ષત્રી હતા, કડામાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ-

ભાવપ્રકાશ : વેણીદાસ વૃષભાનજીના ગાડાનો બળદ છે. તેણે ઋષભસખાને શિંગડું માર્યું. તેથી ત્રણ દિવસ સુધી ઋષભ સખા દુઃખ પામ્યા. તેના શાપથી તે પૃથ્વી પર પડ્યા. અને માધવદાસ તે રત્નપ્રભા લલિતાજીની સખી છે. અહીં ભગવદિચ્છાથી બંને ભાઈ થયા. પરંતુ મન મળે નહીં. તે માધવદાસે વેશ્યા ઘરમાં રાખી હતી. તેથી વૈષ્ણવો બધા નિંદા કરતા. પરંતુ તે વેશ્યા પણ દૈવીવૈષ્ણવ હતી. ચંદ્રાવલીની સખી, ચંદ્રલતા લીલામાં એમનું નામ હતું. અલૌકિક સંબંધ વિના દૈવી જીવની આ રીતે દૃઢ પ્રીતિ બંધાય નહીં.

વાર્તાપ્રસંગ ૧ : એક સમય શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કડામાં પધાર્યા ત્યારે બધા વૈષ્ણવો દર્શને આવ્યા. માધવદાસે આ સાંભળ્યું એટલે તેમણે પણ આવી શ્રીઆચાર્યજીને દંડવત કર્યા. ત્યારે સઘળા વૈષ્ણવો જે દર્શને આવ્યા હતા તેમણે શ્રીઆચાર્યજીને કહ્યું મહારાજ ! માધવદાસે વેશ્યા રાખી છે. ત્યારે શ્રીઆચાર્યજીએ પૂછ્યું. કેમ માધવદાસ ! તેં વેશ્યા રાખી છે ? ત્યારે માધવદાસે કહ્યું મહારાજ ! મારું મન એના ઉપર આસક્ત છે તેથી રાખી છે. એ પ્રકારે ત્રણવાર શ્રીઆચાર્યજીએ પૂછ્યું અને ત્રણેવાર માધવદાસે કહ્યું, મહારાજ ! મારું મન તેના ઉપર આસક્ત છે તેથી રાખી છે. ત્યારે શ્રીઆચાર્યજી ચૂપ થઈ રહ્યા.

ભાવપ્રકાશ : એનો અભિપ્રાય એ કે પ્રથમ વૈષ્ણવો નિંદા કરતા તે પણ માધવદાસને વેશ્યાનો સંગ છોડાવવા માટે. કે નિંદાથી લાજ પામીને છોડી દે તેથી કરતા. પોતાનો ભાઈ જાણીને. ઈર્ષ્યાદ્વિષભાવ નહીં હતો. જો દોષ હોય તો બંધાને બાધક થાય. પછી શ્રીઆચાર્યજીને વૈષ્ણવોએ કહ્યું તે પણ માધવદાસના માટે, શ્રીઆચાર્યજીના કહેવાથી છૂટે તો સારું. લૌકિકમાં વૈષ્ણોની નિંદા થાય છે તેથી છૂટે તો સારું. પરંતુ શ્રીઆચાર્યજી તો સર્વ લીલાનો પ્રકાર જાણે છે તેથી કહે, કેમ માધવદાસ ! તું વેશ્યા રાખે છે ? એમ કહ્યું, એમ કહેતા કે વેશ્યાનો સંગ છોડી દે. તને બાધક છે, તો માધવદાસ તેને છોડી દેત. પરંતુ ગર્ભિત રીતે પોતે વખાણ કર્યા, કેમ માધવદાસ ! વેશ્યા જેવી હીનને અંગીકાર કરી ? સંસારમાં વહી જતી હતી તેને રાખી ? લૌકિકથી યે ન ડર્યો ? ત્યારે માધવદાસે કહ્યું, મન એની ઉપર આશક્ત થઈ ગયું છે એટલે રાખી છે. એનું ક્યાંય ઠેકાણું નથી તેથી સંસારની લાજ શરમ તથા વૈષ્ણવની કા'નિ છોડીને પણ રાખી છે. તે મેં નથી રાખી, મનના પ્રેરક આપ છો, આપે જ તેના ઉપર મન આસક્ત કર્યું, આ પ્રકારે ત્રણવાર કહ્યું. તે એથી કે જો સાચી પ્રીતિ હશે તો એક દૃઢવચન સાચાં નીકળશે અને સાચે જ ત્રણ વાર એ જ પ્રમાણે માધવદાસે કહ્યું ત્યારે પોતે પ્રસન્ન થયા કે આવા ટેકના વૈષ્ણવ દુર્લભ છે, (બીજી કાંઈ જ આજ્ઞા ન કરી.)

ત્યારે સઘળા વૈષ્ણવો શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને કહે, મહારાજ ! હજુ સુધી આપની મર્યાદા હતી,

હવે આપને પણ કહી છૂટ્યો, આપે એને કંઈ ન કહ્યું ?

ભાવપ્રકાશ : એનો આશય એકે વૈષ્ણવોને મોટી ચિંતા થઈ કે આપ આગળ સ્પષ્ટ કહી દીધું. હવે એનું કલ્યાણ કેમ થશે ? એ ચિંતા કરી ફરી વૈષ્ણવોએ કહ્યું, 'આપે એને કંઈ ન કહ્યું ? તેમને કહો' એમ જણાવ્યું.

ત્યારે શ્રીઆચાર્યજીએ વૈષ્ણવોનું સમાધાન કર્યું. તમે ચિંતા ન કરો. એનું મન એના ઉપર આસક્ત છે તે શ્રીઠાકુરજીને ફેરવતાં કેટલી વાર લાગશે. અને ગદાધરદાસે એને આશીર્વાદ આપ્યો છે કે "હરિભક્ત દૃઢ થશે" તે જ આ માધવદાસ છે.

ભાવપ્રકાશ : એમ કહી એ જણાવ્યું કે આની ચિંતા તમે ન કરો. આ પોતે સંસારમાં પડવાવાળો નથી. વેશ્યા વગેરેને બીજાને પણ તે સંસારમાંથી કાઢવાવાળો છે. ગદાધરદાસે દૃઢ ભક્તિ આપી તે મેં આપી છે. હવે જો હું હઠ કરીને છોડવું તો ગદાધરદાસ ભગવદીયની કૃપા કેમ જાણી જાય ? તે ગદાધરદાસે હરિભક્તિ આપી તે દૃઢ થશે, તમે આની ચિંતા ન કરો.

ત્યારે બધા વૈષ્ણવો પ્રસન્ન થઈને ચૂપ રહ્યા. પછી માધવદાસનું મન ફર્યું અને વેશ્યાને દૂર કરી. વૈષ્ણવની રીતે મર્યાદામાં ચાલવા લાગ્યા, સારા વૈષ્ણવ થયા.

ભાવપ્રકાશ : આમાં આ જણાવ્યું કે, વેશ્યાને દૂર કરી તેનો એ અર્થ એ કે વેશ્યાને એ બતાવ્યું કે તું શ્રીગુસાંઈજીની સખી છે જ્યારે શ્રીગુસાંઈજી પધારશે ત્યારે કાર્ય થશે. તેથી હવે મારે તારે ન બને, એમ કહીને કાઢી, ત્યારે તે વેશ્યાએ પંદર વરસ વિના ઘીની લુખી અંગાખરી ખાઈને નિર્વાહ કર્યો. પછી શ્રીગુસાંઈજી કડામાં પધાર્યા ત્યારે વેશ્યાએ સાંભળ્યું. એટલે શ્રીગુસાંઈજીને આવીને વિનંતી કરી. મહારાજ ! મને અંગીકાર કરો. ત્યારે શ્રીગુસાંઈજી કહે અમે વેશ્યાને સેવક નથી કરતા, ત્યારે ઘરે આવીને પડી રહી. અન્નજલ છોડી દીધું. આઠ દિવસ શ્રીગુસાંઈજી કડામાં રહ્યા, દૂરથી વેશ્યા દર્શન કરી જાય. નવમા દિવસે શ્રીગુસાંઈજી પધારવા લાગ્યા ત્યારે વેશ્યા બે મનુષ્યોના હાથ પકડીને આવી અને કહ્યું મહારાજ ! આજે નવમો દિવસ અન્ન છે. જલ વિના હવે મારા પ્રાણ છૂટશે, જો આપ અંગીકાર નહીં કરો તો શ્રીગુસાંઈજીએ જાણ્યું કે હવે આનો દોષ દૂર થયો છે, શુદ્ધ થઈ છે. એટલે તે વેશ્યાને નામ સંભળાવ્યું. પછી તેણીએ બ્રહ્મસંબંધની વિનંતી કરી, મહારાજ માધવદાસ કહી ગયા છે કે તું શ્રીગુસાંઈજીની દાસી છે. તેથી આપને માટે વરસ પંદર સુધી સુકી અંગાખરી ખાઈને દેહ રાખી છે. હવે જે આજ્ઞા કરો તે હું કરું હું. તો દુષ્ટ છું, પરંતુ માધવદાસના સંબંધથી મને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનાં દર્શન પણ થયાં છે અને આપનાં દર્શન પણ થયાં. તેથી મને બ્રહ્મસંબંધ કરાવી મારા માથે ભગવત્સેવા પધરાવો તો મારા પ્રાણ રહેશે. ત્યારે શ્રીગુસાંઈજીએ તેનો શુદ્ધ ભાવ જોઈને તેને બ્રહ્મસંબંધ કરાવ્યું. લાલજી પધરાવી દીધા, પછી વૈષ્ણવોને આપે કહ્યું, આને સેવાની રીતિ ભાંતિ બધી બતાવી દેજો, તે પ્રકારે એ સેવા કરે.

એ પ્રમાણે સેવા કરતાં વેશ્યાને અટકાવ થયો, ત્યારે વૈષ્ણવો રોકે કે ચાર દિવસ સુધી જલાદિ કોઈ વસ્તુને ન અડો. પરંતુ એને પ્રેમ ઘણો તેથી રહેવાય નહિ, અટકાવમાં પણ સેવા કરે. પછી પાંચમાં દિવસે અપરસ કાઢે, શ્રીઠાકુરજીને પંચામૃત સ્નાન કરાવે. તેથી વૈષ્ણવોએ તેનાથી વ્યવહાર છોડી દીધો. પછી થોડા દિવસમાં શ્રીગુસાંઈજી કડા પધાર્યા ત્યારે બધાએ શ્રીગુસાંઈજીને કહ્યું. મહારાજ ! એ વેશ્યા અટકાવમાં પણ ઘણું રોકવા છતાં માનતી નથી, સેવા કરે છે. એવું સાંભળી શ્રીગુસાંઈજીએ વેશ્યાને પાસે બોલાવી પૂછ્યું, અટકાવમાં લોટી (ઝારી) કેમ ભરો છો ? ત્યારે વેશ્યાએ કહ્યું મહારાજ ! મારા જેટલા રૂંવાડાં છે તેટલા ઘણી

લૌકિકમાં કર્યા છે. હવે અલૌકિક ધણી આપે કહી દીધા. તેના વિના ચાર દિવસ કેમ રહી શકાય ? આપ તો અંતર્યામી છો, એક ક્ષણનો અંતરાય સહ્યો જતો નથી. વળી પાંચમા દિવસે અપરસ કાઢી પંચામૃતથી શ્રીઠાકુરજીને સ્નાન કરાવું છું. આ મર્યાદા પણ રાખું છું. હવે આપ બધાના અંતરની જાણો છો, જેમ આજ્ઞા કરો તેમ કરું આ સાંભળીને શ્રીગુસાંઈજીએ કહ્યું જેમ કરે છે તેમ જ કરજે... એ પ્રકારે એનું સમાધાન કરી ઘરે મોકલી અને કહ્યું, જા જલદી, તારા માટે શ્રીઠાકુરજી બેસી રહ્યા છે. ત્યારે દંડવત કરીને ગઈ.

પછી શ્રીગુસાંઈજી વૈષ્ણવોને કહે કે એ વેશ્યા જે કરે તે કરવા દો. એને કંઈ કહેતા નહીં, અને દેખાદેખી બીજા કોઈ ન કરતા. એના ઉપર શ્રીઠાકુરજી એ જ પ્રકારે પ્રસન્ન છે. તમારા ઉપર મર્યાદાથી જ પ્રસન્ન થશે. આ પ્રકારે તે વેશ્યાને માધવદાસના સંગથી પ્રમે થયો.

વાર્તાપ્રસંગ ૨ : માધવદાસ વેણીદાસને મળીને રહેતા. એક દિવસ મોતીની માળા બહુ મૂલ્યની વેચવા આવી. તે જોઈને માધવદાસે વેણીદાસને કહ્યું, આ માળા શ્રીનવનીતિપ્રિયાજીને લાયક છે, તે લો, ત્યારે વેણીદાસે કહ્યું, માળાની શી વાત છે ? અમારે જે કંઈ વસ્તુ છે તે બધી શ્રીઠાકુરજીની જ છે, એમ કહી વાતને ટાળી દીધી.

ત્યારે માધવદાસે કહ્યું કે બધું ઠાકુરજીનું છે ત્યારે શ્રીઠાકુરજીને માટે માલા કેમ નથી લેતા ? ત્યારે વેણીદાસે કહ્યું કે અમારાથી કેવી રીતે લીધી જાય ? (કેમ કે અમે ગૃહસ્થ છીએ,) ત્યારે માધવદાસે કહ્યું, મારું દ્રવ્ય વાટી દો, હું તમારાથી અલગ રહીશ.

ભાવપ્રકાશ : એમાં એમ જણાવ્યું કે સંસારમાં આસક્ત હોય તે લોકોને દેખાડવાને માટે બધું શ્રીઠાકુરજીનું છે એમ કહે પરંતુ શ્રીઠાકુરજીના માટે ખર્ચ ન કરે.

ભાવપ્રકાશ : એમાં એ કહ્યું તમે બળદ છો તેથી ગૃહસ્થાશ્રમનો વ્યવહાર રૂપી બોજ ઉઠાવો. હું તો અલગ રહી મનોરથ કરીશ.

પછી દ્રવ્ય અડધું વાટીને અલગ થયા. દ્રવ્ય થોડું તેથી માલા લેવાઈ નહીં પરંતુ મનમાં એવું કે એવી માલા શ્રીનવનીતપ્રિયાજીને અંગીકાર થાય તો સારું પછી દ્રવ્ય લઈને દક્ષિણ તરફ કમાવા ગયા અહીં આ માલાનો માધવદાસે અલૌકિક રીતે અંગીકાર વિચાર્યો છે તેથી તે લૌકિકમાં જાય નહીં. તેમ માલા પ્રયાગમાં વેચવા આવી ત્યારે પ્રયાગના વૈષ્ણવોએ વેચાતી લઈ તે શ્રીઆચાર્યજીને આપી. શ્રીઆચાર્યજીએ તે શ્રીનવનીતપ્રિયાજીને પહેરાવી. દક્ષિણમાં માધવદાસ દ્રવ્ય બહુ કમાણા તેથી પહેલી માળાથી પણ ઉત્તમ માળા લઈને ચાલ્યા માર્ગમાં એક મોટી નદી આવી, ત્યાં નાવ ઉપર બેઠાં બીજા પણ ઘણા લોકો બેઠા. પછી નાવ મધ્યધારામાં જ્યારે આવી ત્યારે શ્રીનવનીતપ્રિયાજી લાલ છડી લઈને આવ્યા. એક માધવદાસને આ દર્શન થયાં. ત્યારે શ્રીમુખે કહ્યું, નાવ ડુબાડું ? ત્યારે માધવદાસે કહે, 'નિજેચ્છાત કરિષ્યતિ' ત્યારે શ્રીનવનીતપ્રિયાજી કહે તું ક્યાં ગયો હતો ? ત્યારે માધવદાસ કહે માળા લેવા ગયો હતો. ત્યારે શ્રીનવનીતપ્રિયાજી કહે શું અમારે માળા નથી ? જો એ જ માળા શ્રીઆચાર્યજીએ ધરાવી છે, બીજી પણ મારે ઘણી છે. ત્યારે માધવદાસે કહ્યું મહારાજ ! આપને ઘણી છે પરંતુ સેવકોનો એ ધર્મ નથી કે બેસી રહે, ઉદ્યમ કરવો જોઈએ. ત્યારે નાવ ડુબવાથી રહી.

ભાવપ્રકાશ : શ્રીઠાકુરજીએ નાવ ઉપર આવીને એટલા માટે કહ્યું કે તારી પાછળ મારે પણ દક્ષિણ જવું પડ્યું, તું કેમ ગયો ? મારે શું માળા નથી ? તેથી નાવ ડુબાડું તો શું કરે ? મનોરથ તારો ધર્યો રહે. ત્યારે માધવદાસ કહે નિજેચ્છાતઃ કરિષ્યતિ એટલે "નિજાનાં સેવકાનાં ઇચ્છાત કરિષ્યતિ" ભક્તોની જે ઇચ્છા

હોય તે પ્રમાણે જ આપ સદા કરતા આવ્યા છો. ભક્ત મનોરથ પુરકાય નમઃ આપનું નામ છે, તેથી માળાનો અંગીકાર શ્રીઆચાર્યજી મહાપ્રભુજી દ્વાર થશે, તે પછી શરીરરૂપી નાવ ડુબે તેની મને કંઈ ચિંતા નથી. જ્યારે આપની ઈચ્છામાં આવે ત્યારે ડુબાડજો અને તમારે માળા ઘણી છે તેમાં સેવકનો ઉદ્યમ શો ? તેથી આપના વિશે જે કંઈ મનોરથ મારાથી બની આવે તે કરું તો ઉદ્યમ સફળ છે. નહીં તો ગ્રહસ્થાશ્રમમાં તો વૃથા પછી મરવું છે જ. તેથી સેવકોનો ધર્મ એ કે સદા અંગીકાર સંબંધી મનોરથ કરતા રહે. ત્યારે શ્રીઠાકુરજીએ નાવ ડુબવાથી રાખી, નહીં તો જેમ શ્રીઠાકુરજી નાવ ડુબાવવાનું કહે તેમ માધવદાસ પણ ભગવદ્ઈચ્છા કહેતા. ભક્તની આજ્ઞા હોય તો ડુબે જ. પરંતુ 'નિજેચ્છાત' કહ્યું, નિજજે ભક્ત તેમની ઈચ્છા માળા અંગીકાર કરાવવાથી છે એ પ્રકારે કહ્યું અને માધવદાસને તો નાવ ડુબવાની ચિંતા નથી પરંતુ બીજા પણ નાવ ઉપર જે છે તે ભક્તના સંગથી બચવા જોઈએ. એમને માધવદાસ કેમ ડુબવા દે ? ભગવદીય બેઠા વાણી ગૂઢ હોય છે. ભગવાન સમજે કે કૃપા હોય તે સમજે. અને નાંવ ડોલવા લાગી હતી ત્યારે બધાનું મુખ સુકાઈ ગયું હતું. નાવિકે કહ્યું નાવ અમારે હાથ નથી. તે સમયે એક માધવદાસનું મન પ્રસન્ન હતું તેથી નાવ ડુબવાથી રહી. ત્યારે બધાએ કહ્યું કે એ મહાપુરુષ બેઠા છે તેથી નાવ બચી, નહીં તો બધા ડુબત.

પછી પાર ઊતર્યા ત્યારે કેટલાક દિવસોમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની પાસે માધવદાસ આવ્યા. ત્યારે માધવદાસને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું નાવ ડુબવાથી કેવી રીતે રહી ? ત્યારે માધવદાસે શ્રીઆચાર્યજીને બધા સમાચાર કહ્યા. શ્રીઆચાર્યજી બધા વૈષ્ણવોને કહે કે જુઓ, આ એ જ માધવદાસ છે, કેવો ટેકનો વૈષ્ણવ થયો ? તે દિવસથી માળાનું નામ માધવદાસ કહે છે. આજે પણ બધા તે પ્રમાણે કહે છે.

ભાવપ્રકાશ : એ કહી બતાવ્યું કે જેમ લીલામાં એમનું નામ રત્નપ્રભા છે તેવો જ રત્ન જેવો પ્રકાશ માધવદાસની વાર્તાનો છે. આ વાર્તામાં ભગવદીય આશીર્વાદનો ઉત્કર્ષ પ્રકટ કર્યો.

તે માધવદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા, તેથી એમની વાર્તાનો પાર નહી. તે ક્યાં સુધી કહીએ ॥ વાર્તા ૯॥

॥ વાર્તા ૧૦ ॥

હવે શ્રીઆચાર્યજીના સેવક હરિવંશ પાઠક, સારસ્વત બ્રાહ્મણ કાશીના તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ-

ભાવપ્રકાશ : એ લીલામાં ગતિઉત્તાલિકા વિશાખાજીની સખી છે. સઘળી સેવાસામગ્રી તત્કાલ સિદ્ધ કરે છે. એમની ચાલ, એમની ક્રિયા ઉતાવળી છે. તેથી વિશાખાજી એમની ઉપર બહુ પ્રસન્ન રહેતા.

તે હરિવંશ પાઠક પહેલાં ગણેશના ઉપાસક હતા. તે જ્યારે શ્રીઆચાર્યજીએ-'પત્રાવલંબન' ગ્રંથ કાશીમાં કર્યો અને પંડિતોને જીત્યા ત્યારે હરિવંશ પાઠકના મનમાં આવ્યું કે હું પણ શ્રીઆચાર્યજી મહાપ્રભુનાં દર્શન કરી આવું. પછી દર્શન માટે આવ્યા ત્યારે વિપ્રરૂપ જોઈને મનમાં આવ્યું કે એ પણ બ્રાહ્મણ છે, અમે પણ બ્રાહ્મણ છીએ. એ પંડિત છે તેથી મારે એમનાથી શું કામ છે ? મને ગણેશના દર્શનમાં ઢીલ થાય તે ઠીક નથી. એમ વિચારી દૂરથી જોઈને પાછા ફર્યા અને ઘરમાં આવી ગણેશની પૂજાનો સામાન લઈ ચાલવા લાગ્યા. પણ દ્વાર ઉપર ઠોકર વાગી તેથી પડી ગયા અને મૂર્છા આવી ગઈ. ત્યારે ગણેશ સ્વપ્નમાં હરિવંશ પાઠકને કહે, તું શ્રીઆચાર્યજીના દર્શન કર્યા વિના મારી પાસે આવતો હતો તેથી હું તારું મુખ નહીં જોઉં. તેં શ્રીઆચાર્યજીનો અપરાધ કર્યો છે. શ્રીઆચાર્યજી પૂર્ણ પુરુષોત્તમ છે, તેમની પાસે અપરાધ ક્ષમા કરાવી મારી પાસે આવજે. ત્યારે હરિવંશ પાઠકને શરીરની શુધ આવી એટલે શ્રીઆચાર્યજી

મહાપ્રભુજી પાસે આવી દંડવત કરી વિનંતી કરી મહારાજ ! આપ પૂર્ણ પુરુષોત્તમ છો એ મેં જાણ્યું. હવે મારો અપરાધ ક્ષમા કરી મને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, કેમ ? અમે પણ બ્રાહ્મણ છીએ. તમે પણ બ્રાહ્મણ છો. શરણે આવવાનું કેમ કહો છો ? ત્યારે હરિવંશ પાઠકે કહ્યું, મહારાજ ! અમે તો અજ્ઞાની જીવ છીએ, સંસાર સમુદ્રમાં પડ્યા છીએ. તે આપના સ્વરૂપને શું જાણીએ ? અમે તો ગણેશના ઉપાસક છીએ, તે ગણેશ પણ આપના અપરાધથી ડરે છે. તેથી મને આપની પાસે મોકલ્યો છે કે અપરાધ ક્ષમા કરાવીને આવો. તેથી મેં હવે જાણ્યું કે અમારાથી મોટા આપ છો, હવે મને શરણે લ્યો. શ્રીઆચાર્યજી શેઠ પુરુષોત્તમદાસને ત્યાં ઊતાર્યા હતા ત્યાં હરિવંશ પાઠકને નામ સંભળાવ્યું, ત્યારે હરિવંશ પાઠકે વિનંતી કરી મહારાજ ! ઘરમાં સ્ત્રી છે, એક બેટો એક બેટી છે, તેનો અંગીકાર કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, તું ભગવત્સ્વરૂપ કોઈ જગેથી લાવ, પછી તારે ઘરે પધારી બધાને નામ નિવેદન કરાવી શ્રીઠાકુરજી પધરાવી દઈશ, તેમની તમે સેવા કરજો બીજાની સેવા ન કરતા. ત્યારે હરિવંશ પાઠકે કહ્યું, મહારાજ ! પુરુષોત્તમ મળ્યા પછી એવો કોણ અભાગી છે કે બીજા દેવતાની પાછળ ભટકાશે ? એમ કહી બજારમાં આવી કંઈ ન્યોછાવર દઈને નાનું સરખું લાલજીનું સ્વરૂપ લીધું. પછી શ્રીઆચાર્યજી પાસે આવી વિનંતી કરી. મહારાજ ! હવે કૃપા કરીને જલદી પધારો, કેમકે શરીરનો ભરોસો નહીં. અને જો કદાચિત કોઈનો કાળ આવી જાય તો જીવનું અકાજ થાય આવી આરતી જોઈ શ્રીઆચાર્યજી મહાપ્રભુ પ્રસન્ન થઈ હરિવંશ પાઠકના ઘરે પધાર્યા. બધી અપરસ સિદ્ધ કરાવી, બધા કુટુંબને નામ નિવેદન કરાવી, શ્રીઠાકુરજીને પંચામૃતથી સ્નાન કરાવી પાટ બેસાડ્યાં. પછી પોતે પાક કરી ભોજન કર્યું, બધાને જુઠણ ધર્યું. પછી પુરુષોત્તમદાસના ઘરે પધાર્યા.

પછી પોતે પૃથ્વી પરિક્રમા માટે જ્યારે પધાર્યા ત્યારે હરિવંશ પાઠકને કહે કે સંદેહ હોય તો શેઠ પુરુષોત્તમદાસને પૂછી લેજે. તે હરિવંશ પાઠક સેવા સારી રીતિથી કરતા તેથી શ્રીઠાકુરજી સાનુભવતા જણાવવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ : એક સમય હરિવંશ પાઠક પટણા વ્યવહાર માટે ગયા હતા તેમને પટણાના હાકેમથી બહુ મેળ હતો. તે હાકેમ પોતાના મનમાં જાણે કે એ કંઈ માગે તો હું એમને દઉં તેથી એક દિવસ એ હાકેમે કહ્યું હું તમારા ઉપર ઘણો પ્રસન્ન છું તેથી તમે જે કાંઈ માંગો તે હું દઉં ત્યારે હરિવંશ પાઠકે કહ્યું, કોઈ દિવસ કંઈ કામ પડશે તો કહીશ. એમ કરતાં ડોલ ઉત્સવના દિવસો નજીક આવ્યા ત્યારે શ્રીઠાકુરજીએ હરિવંશ પાઠકને જણાવ્યું કે તું ડોલ મને નહીં ઝુલાવે ? ત્યારે હરિવંશ પાઠકે મનમાં વિચાર્યું કે હવે શું કરીએ ? દિવસ થોડા રહ્યા, ચાલીએ તો ન પહોંચાય ત્યારે તે હાકેમ પાસે ગયા અને કહ્યું, કંઈ માંગુ છું, તે મને આપવું જોઈએ ત્યારે તે હાકેમે કહ્યું કે જે જોઈએ તે માગો. ત્યારે હરિવંશે કહ્યું કે મારે દિન ત્રણમાં કાશી પહોંચવું છે. એટલે તે હાકેમે ઘોડાં અને મનુષ્યો સાથે આપ્યાં, તે મુકામે ઘોડાની ખેપ ઉપર જાય. ઘોડા મનુષ્ય બદલાતા જાય એમ કરતાં બીજા દિવસે કાશી આવી પહોંચ્યા. રાત્રિએ બધી ડોલની તૈયારી સિદ્ધ કરી રાખી અને બીજા દિવસે ડોલ ઝુલાવ્યા. બહુ સુખ થયું પછી દશ-પંદર દિવસ રહીને ફરી પટણામાં આવ્યા ત્યારે તે હાકેમે હરિવંશ પાઠકને પૂછ્યું, એવું ઘરમાં શું જરૂરી કામ હતું કે આ માંગ્યું ? કંઈ દ્રવ્યાદિક માગતા તો લાખ રૂપિયાનું ઈનામ આપત. ત્યારે હરિવંશ પાઠકે કહ્યું કે અમે ગૃહસ્થ છીએ, અનેક કામ ઘરના છે તેથી ગયો હતો. એ પ્રકારે પોતાનો ધર્મ ગોપ્ય રાખ્યો. એવા ભગવદીય હતા. તે પછી મોટા નાના ઉત્સવો ઘરે આવીને કરતા.

ભાવપ્રકાશ : આમાં આ સિદ્ધાંત જણાવ્યો કે સ્નેહી હોય તે ઉત્સવ પોતાના ઠાકુર પાસે કરે તો ઠાકુર પ્રસન્ન રહે. વળી શ્રીઠાકુરજીની સેવાનો પ્રકાર કોઈને કહેવો નહિ, જેમ હરિવંશ પાઠકે તે હાકેમને કંઈ ન કહ્યું. ઘરમાં પણ યદ્યપિ બધા વૈષ્ણવો હતા. તો પણ શ્રીઠાકુરજીના અનુભવની વાત ન કરી.

તે હરિવંશ પાઠક શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા, તેથી એમની વાર્તાનો પાર નહીં, તે ક્યાં સુધી કહીએ ॥ વાર્તા ૧૦ ॥

॥ વાર્તા ૧૧ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક ગોવિંદદાસ ભલ્લા ક્ષત્રી, થાનેશ્વરમાં રહેતાં, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ-

ભાવપ્રકાશ : તે ગોવિંદદાસ થાનેશ્વરમાં સિપાઈગીરી કરતા, હથિયાર બાંધતા અને થાનેશ્વરના હાકેમ પાસે રહેતા, રૂપિયા પાંચ-સાતનો પગાર મળતો. થાનેશ્વરમાં જ્યારે શ્રીઆચાર્યજી પધાર્યા ત્યારે ઘણા જીવો શરણે આવ્યા ત્યારે ગોવિંદદાસ ભલ્લાએ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને વિનંતી કરી કે મહારાજ, મારે દ્રવ્ય ઘણું છે, શું કરું ? ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું, ભગવત્સેવા કરો. ત્યારે ગોવિંદદાસ ભલ્લાએ કહ્યું, મહારાજ સ્ત્રી અનુકૂલ નથી. તેનો આશય એ કે દેવી નથી. શ્રીઆચાર્યજી કહે સ્ત્રીનો ત્યાગ કર. એટલે ગોવિંદદાસે સ્ત્રીનો ત્યાગ કરી બધું દ્રવ્ય લાવી શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી મહારાજ ! આ દ્રવ્ય હવે હું શું કરું ? સ્ત્રીનો તો ત્યાગ કર્યો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું આ દ્રવ્યના ચાર ભાગ કર. એક ભાગ શ્રીનાથજીને ભેટ કર, એક ભાગ સ્ત્રીને દે. તે એથી કે લગન થયું તેને છોડ્યાનો દોષ પૂંજી આપ્યાથી મટે અને બે ભાગ લઈને તું ભગવત્સેવા કર ત્યારે ગોવિંદદાસ ભલ્લાએ કહ્યું મહારાજ ! કંઈક આપ અંગીકાર કરો ત્યારે શ્રીઆચાર્યાજીએ કહ્યું ભલે એક ભાગ અમને આપ પછી ગોવિંદદાસે દ્રવ્યના ચાર ભાગ કર્યા. એક ભાગ શ્રીનાથજીને ભેટ કર્યો, એક ભાગ શ્રીઆચાર્યજી મહાપ્રભુને ભેટ કર્યો એક ભાગ સ્ત્રીને દીધો અને એક ભાગનું દ્રવ્ય લઈ મહાવનમાં આવી રહ્યા. તે એ માટે કે ગામમાં સ્ત્રીનો પ્રતિબંધ પડે તેથી મહાવન આવી શ્રીમથુરાનાથજીની સેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ : તે ગોવિંદદાસ મહાવનમાં નિત્ય ચોવીસ ટકાની સામગ્રી કરે અને ભોગ ધરે. પછી ત્યાં જ મર્યાદા માર્ગીય વૈષ્ણવોને લેવડાવી દે. બચે તે ગાયને ખવડાવી દે. તેમાંથી પોતે કંઈ ન લે. પોતે અલગ લીટી (પીળી રોટી) કરી ભોગ ધરીને ખાય.

ભાવપ્રકાશ : એનો આશય એ કે મહાવનમાં નંદરાયજીએ દેવાલય કરાવી બ્રાહ્મણોને પૂજા સોંપી હતી. તે પૂજા મર્યાદા રીતિથી કરતા, ખર્ચ નંદરાયજી દેતા, તે ઠાકુર બ્રાહ્મણ પૂજા કરતા, તેથી દેવાલયનું પોતે કેમ લે ? તેથી અલગ લીટી કરી મનથી જ ભોગ ધરી લેતા.

એમ કરતાં દ્રવ્ય બધું ઘટ્યું ત્યારે શ્રીનાથજીદ્વાર આવી શ્રીગોવર્ધનધરની પરચારગી કરવા લાગ્યા. બન્ને સમયના વાસણો માંજે રાત્રિ પ્રહર દોઢ રહે ત્યારે ઊઠી દેહકૃત્ય કરી ન્હાઈને ગાગર લઈ મથુરા આવી શ્રીયમુનાજીની ગાગર ભરી રાજભોગ પહેલાં પાછા આવતા પછી વાસણો બધા માંજી રસોઈ પોતી પોતાની બધી સેવાથી પહોંચીને પર્વતથી નીચે આવી, તિલક ધોઈ, માલા ઉતારી ગાંઠ બાંધી ગોવર્ધનના આસપાસથી કોરી ભિક્ષા માંગી લાવતા. શેર પાંચ-સાતનો તેમનો આહાર હતો. આહાર પૂરતું અનાજ આવે ત્યારે પોતાના હાથથી પીસીને રોટી કરી શ્રીગોવર્ધનધરની ધ્વજાને દેખાડી ચરણામૃત મેળવીને લેતા. પછી સેનભોગનાં પાત્ર માંજતા અને રસોઈ પોતી સેવાથી પહોંચી સેન કરતા. આ પ્રકારે સેવા કરતા પરંતુ

શ્રીગોવર્ધનનાથજીને આ રીત સારી ન લાગતી.

ભાવપ્રકાશ : તેનું કારણ એ કે પ્રીતિથી એવી સેવા કરે તો શ્રીગોવર્ધનધર એની પાછળ ડોલવા લાગતા, પરંતુ ગોવિંદદાસ ભલ્લા તામસી હતા, અહંકારથી સેવા કરતા સ્ત્રીનો ત્યાગ પણ અહંકારથી કર્યો. મહાવનમાં પણ ચોવીસ ટકાની સામગ્રી નિત્ય કરતા તે અંહાકરાથી કરતા. અહીં પણ બધી સેવા અહંકારથી કરતા, કષ્ટ પામતા પરંતુ સેવકોને નીચે કરી દીધા કે મારી બરોબર સેવા કોણ કરશે ? તેથી શ્રીગોવર્ધનધરને સારું ન લાગતું.

તેથી શ્રીગોવર્ધનધરે અડેલમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને કહ્યું કે તમારો સેવક મને બહુ ખિજાવે છે.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે અહંકારથી બહુ સેવા કરે છે, મને ખિજાવે છે અને અપ્રસન્ન કરે છે. અને તમારો સેવક એમ કહ્યું તેમાં એ જણાવ્યું કે હું તો એને દંડ દેતો, પરંતુ તમારો સેવક છે તેથી તમે જ સમજાવો.

ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ અડેલથી આગ્રા પધારી બધા વૈષ્ણવોને પૂછ્યું, શ્રીઠાકુરજીને કોણે અપ્રસન્ન કર્યા છે ?

ત્યારે બધા વૈષ્ણવોએ કહ્યું કે મહારાજ ! અમે તો કંઈ જાણતા નથી, અહંકાર કઈ વાતનો કરીએ ? અમારાથી તો કંઈ બનતું નથી. ત્યારે પ્રસન્ન થઈ આગ્રાથી આપ મથુરા પધાર્યા અહીં પણ બધા કહે મહારાજ ! અમે તો કંઈ જાણતા નથી. ત્યાંથી આપ શ્રીનાથજી પધાર્યા અને સ્નાન કરીને મંદિરમાં પધાર્યા. શ્રીગોવર્ધનધરના બન્ને કપોલો ઉપર હાથ ફેરવીને પૂછ્યું બાવા ! અસન્ન કેમ છો ? ત્યારે ગોવર્ધનધરે કહ્યું તમારો સેવક મને બહુ ખિજાવે છે. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ બધા સેવકોને બોલાવી તેમને સેવા-ટહેલ, મહાપ્રસાદ, વગેરે બાબત પૂછ્યું અર્થાત્ બધાને શિક્ષા દીધી કે અહંકાર ન કરતા. પછી ગોવિંદદાસને પૂછ્યું ત્યારે તેમણે બધું કહ્યું. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે, શ્રીનાથજીની રસોઈમાં બધા સેવકો પ્રસાદ લે છે. ત્યાં તમે પણ લીધા કરો.

આપ તો જાણો છો કે ગોવિંદદાસ ભલ્લાએ શ્રીજીને અપ્રસન્ન કર્યા છે. પરંતુ બધાને પૂછ્યું તેનું તાત્પર્ય એ કે અહંકાર સહિત બીજો પણ કોઈ સેવા કરે તો શ્રીઠાકુરજી અપ્રસન્ન થશે એમ જણાવ્યું.

ભાવપ્રકાશ : આ કહીને એમ જણાવ્યું કે બધા સેવકોની રીતિએ ચાલો, અહંકાર છોડો, વળી પ્રભુ તો અક્લિષ્ટકર્મા છે દુઃખ પામી અહંકારથી કરીએ તે પ્રભુ રુચે નહીં.

ત્યારે ગોવિંદદાસે કહ્યું મહારાજ ! દેવઅંશ કેવી રીતે લઉં ?

ભાવપ્રકાશ : એમાં એ ભાવથી કહ્યું કે બધા દેવઅંશ લે છે, હું કેવી રીતે લઉં ? ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે કે અમારી રસોઈમાં મહાપ્રસાદ લો.

ભાવપ્રકાશ : તેનો આશય એ કે શ્રીગોવર્ધનધરની સેવા ને બદલે અમારી સેવા કરો. અહીં રહો બધા સેવકોને મળીને ચાલો તો સારું કહેવાય નહીં તો અમારી પાસે રહો અને મહાપ્રસાદ લો.

ત્યારે ગોવિંદદાસે ફરી અહંકાર કરીને કહ્યું કે દેવઅંશ કેમ લઉં ? ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ કહ્યું કે સેવા છોડી દો.

ભાવપ્રકાશ : એમાં એમ જણાવ્યું કે શ્રીનાથજીને ત્યાં અહંકાર કર્યો તેથી સહજમાં સેવા છૂટી ગઈ. તેમણે સેવા છોડી દીધી. પરંતુ આજ્ઞા ન માની તેથી શ્રોગોકુલનાથજીએ કહ્યું કે ક્ષત્રી અહંકારીએ સેવા છોડી દીધી. એનો આશય એ કે શ્રીઠાકુરજીને અહંકાર પ્રિય નથી. “તામસાનાં અધોગતિ” અહંકાર દાસ ભાવમાં

વિરોધી છે તેથી "ક્ષત્રી અહંકારી" એમ કહ્યું, તેનો આશય એ કે બીજા ક્ષત્રી સેવક ઘણા થયા પરંતુ તેમણે ક્ષત્રીપણાનો અહંકાર છોડી દીધો. અને આમને વૈષ્ણવ ન કહ્યા, ક્ષત્રી અહંકારી કહ્યા, ક્ષત્રીપણું દાસ થયા છતાંયે ન ગયું. તેથી ઉત્તમ કુલ-મદ બાધક દેખાડ્યો. અને પરિણામે એક દિવસ અહંકારને કારણે સેવા છૂટી. અહંકાર હોય તો સેવા ઠાકુર ન કરાવે એ સિદ્ધાંત દેખાડ્યો. તેથી શિક્ષાપાત્રમાં લખ્યું છે કે :-

અસાધનઃ સાધનો વા ન સાધુઃ સાધુરેવ વા ।
શરણાદેવ નિખિલં ફલં પાપ્નોત્યસંયયઃ ।।

આ માર્ગમાં કેટલાક અસાધન છે, જેમનાથી ભગવત્ધર્મ નથી બનતો. કેટલાક સાધન બહુ કરે છે, સેવા-સ્મરણ, જપ-પાઠ વગેરે તેમાં વળી કોઈ સાધુ એટલે સાત્ત્વિક છે અને કોઈ અસાધુ એટલે રાજસી-તામસી છે. પરંતુ જેમને પ્રભુનું શરણ રાત્રિ-દિવસ દઢ છે તેમને જ ફલ પ્રાપ્તિ નિશ્ચર્યપૂર્વક છે એ જણાવ્યું.

વાર્તાપ્રસંગ ૨ : પછી ક્ષત્રી અહંકારીએ સેવા છોડી દીધી અને મથુરા આવ્યો, પરંતુ વિના સેવા-પૂજા રહેવાય નહીં. કારણ કે દૈવી છે તેથી કેશવરાયજીની સેવા ઈજારે લીધી. તે કાર્ય પણ વિપરીત કર્યું.

ભાવપ્રકાશ : કેમ કે પહેલાં મહાવનમાં શ્રીમથુરાજીની સેવા છોડી દીધી અને શ્રીગોવર્ધનધરની સેવા કરી તે તો ઠીક કર્યું, પરંતુ ગોવર્ધનનાથજીની સેવા છોડીને ફરી મર્યાદામાં ગયા તેથી વિપરીત થયું એમ કહે છે.

પછી એક દિવસ ગોવિંદદાસે કેશવરાયજીની શૈયાની પાટી ભરાવી તે ભરવાળાને મેવો ખવડાવી ભરાવી જે બહુ સુંદર થઈ તે પ્રમાણે મથુરાના હાકેમે પણ ખાટલામાં પાટી ભરાવી ત્યારે કોઈએ કહ્યું જે કેશવરાયજીની શૈયા થઈ છે તેવી થઈ એ સાંભળીને તે હાકેમ કેશવરાયજીના મંદિરમાં આવ્યો અને તિબારીમાં કેશવરાયજીની શૈયા હતી તેના ઉપર બેઠો. ગોવિંદદાસે આ જોયું ત્યારે ગુપ્તી લઈને આવ્યા અને હાકેમને માર્યો પછી હાકેમના મનુષ્યોએ ગોવિંદદાસનો અપરાધ કર્યો (પહોંચાડી દીધા) આ વાત મથુરાના વૈષ્ણવોએ સાંભળી એટલે ગોવિંદદાસના દેહનો અગ્નિ-સંસ્કાર કર્યો.

એક વૈષ્ણવે આ વાત શ્રીઆચાર્યજી કહીને પૂછ્યું કે મહારાજ, આવા વૈષ્ણવની આવી ગતિ કેમ થઈ ? શ્રીઆચાર્યજી મહાપ્રભુએ ત્યારે કહ્યું કે એના પરલોકમાં તો કંઈ હાનિ નથી. પરંતુ મારી આજ્ઞા ન માની તેથી આવું થયું. એ જન્મમાં નંદરાયજીનો પાડો હતો, એની ઉપર શ્રીઠાકુરજી ચઢતા. તેણે એક દિવસ શ્રીઠાકુરજીને પૂંછડી મારી, તેનો આ દંડ થયો. અને શ્રીનંદરાયજીને ત્યાં શ્રીઠાકુરજીનું મંદિર ત્યારે એની પીઠ ઉપર લાદીને પાણી-માટી બહુ જ લાવ્યા છે.

ભાવપ્રકાશ : એ કહીને એમ જણાવ્યું કે ત્યાં પણ ભારો ઉઠાવ્યો અને અહીં પણ ભાર ઉઠાવ્યો પરંતુ પ્રીતિથી સેવા ન કરી. જેવો અધિકાર પૂર્વનો હોય તેવું જ કાર્ય બને.

બીજું ગોવિંદદાસ સારસ્વત કલ્પમાં નંદરાયજીની પાસે હથિયાર બાંધીને રહેતા. મથુરામાં કંસને નંદરાયજી કર આપતા. તે આમના હાથથી દેતા લીલામાં આમનું નામ મનસુખ ગોપ છે. શ્રીઠાકુરજીએ જ્યારે ધોબીનાં વસ્ત્ર લુંટ્યાં, તેમને માર્યા, ત્યારે મનસુખાએ કંસના પૈસા ટકા જે રાખતો તેને લૂંટીને બહુ જણાને માર્યા હતા, તે બધા અધમરા દશ-પાંચ થયા. તે વેર-ભાવ એમનો ચાલ્યો આવ્યો પછી શ્વેત વારાહકલ્પ આવ્યો ત્યારે શ્રીનંદરાયજીને ઘેર ભેંસ થયા. તે વાતને પાંચ હજાર વર્ષ થયા ત્યાં શ્રીઠાકુરજીને પૂંછ મારી, તે અપરાધ પડ્યો, અને મથુરાનો હાકેમ મ્લેચ્છ હતો તે કંસનું તોષા-ખાનું (બહુમૂલ્ય વસ્ત્ર આભરણનો ભંડાર) એની રખવાલી કરતો, તેને ગોવિંદદાસે માર્યો. તે એથી કે તેણે નંદરાયજી પાસેથી પૈસો

બહુ લીધો છે અને હવે શ્રીઠાકુરજીની શૈયા ઉપર બેઠો છે તેથી મારવા લાયક છે. તેથી માર્યો અને દશ પાંચ અધમૂવા પહેલા કર્યા, તે બધાએ મળીને ગોવિંદદાસને માર્યા બધાનું વેર છૂટ્યું. હવે એ નંદરાયજી પાસે ફરી ગોપ થયા, આ પ્રકારે કહી એ જણાવ્યું કે પાછલા વેરથી વેર થાય, પાછલા સ્નેહથી સ્નેહ થાય. તે ગોવિંદદાસ એવા ભગવદીય હતા, એમની વાર્તામાં આ સિદ્ધાંત બતાવ્યો કે અહંકાર ન કરવો. પોતે હઠ કરીને ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું વળી પુષ્ટિમાર્ગીય શ્રીઠાકુરજીની સેવા છોડીને મર્યાદામાર્ગીય શ્રીઠાકુરજીની સેવા ન કરવી.

તે ગોવિંદદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા, તેથી એમની વાર્તા ક્યાં સુધી કહીએ ।। વાર્તા ૧૧ ।।

।। વાર્તા ૧૨ ।।

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સેવક અમ્મા ક્ષત્રીણી, કડામાં રહેતી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ લીલામાં રોહિણી હતી. તે શ્રીનંદરાયજીને ત્યાં રહી પછી મથુરા ગઈ. પરંતુ વ્રજમાં એમનું મન રહ્યું. તેથી હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો સંબંધ પ્રાપ્ત કરીને વ્રજલીલામાં અંગીકાર થયો. તેથી એમને પુત્રભાવ જ રહ્યો છે. અમ્મા ક્ષત્રાણી કડામાં રહેતી કુટુંબ બહુ હતું, તે અમ્માને બે બેટા થયા. એક વર્ષ બેનો અને એક વર્ષ ચારનો પછી અમ્માનો પતિ, સાસુ, સસરા મા-બાપ, બધા મરી ગયા. અમ્મા અને બે બેટા જ રહ્યા. એક સમય ગદાધરદાસ કડામાં રહેતા ત્યાં શ્રીઆચાર્યજી પધાર્યા હતા. આ અમ્માને એક રાત્રિએ શ્રીઠાકુરજીએ સ્વપ્ન આપ્યું કે તું શ્રીઆચાર્યજી મહાપ્રભુની શરણે સવારે જજે. હું શ્રીઆચાર્યજી મહાપ્રભુની પાસે છું. ત્યાંથી મને પધરાવી સેવા કરજે. એવામાં અમ્માની નિદ્રા ખુલી ને વિરહ ઘણો થયો કે ક્યારે સવાર થતાં જ ન્હાઈને શ્રીઆચાર્યજી મહાપ્રભુ પાસે આવી અને દંડવત કરીને કહ્યું.

મહારાજ ! મને શરણે લો, અને આપની પાસે શ્રીબાલકૃષ્ણજી છે તે કૃપા કરીને પધરાવી આપો. મને રાત્રિએ સ્વપ્નમાં આ પ્રકારે આજ્ઞા કરી છે. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ અમ્માનો શુદ્ધ ભાવ જોઈને પોતે તેને નિવેદન કરાવ્યું. વળી એક બ્રાહ્મણ દક્ષિણથી આવ્યો હતો એની પાસે નાના સરખા લાલજી હતા. તે શ્રીઆચાર્યજી મહાપ્રભુને દઈ બ્રાહ્મણે બદ્રીકાશ્રમમાં જઈ થોડા દિવસ તપસ્યા કરી દેહ છોડેલો તે ઠાકુર જે આપની પાસે હતા તે અમ્માને માથે પધરાવી દીધા. અને આજ્ઞા કરી કે એનું નામ શ્રીબાલકૃષ્ણજી છે, તેમની બાલભાવથી પુત્રની માફક સેવા કરજે એ પ્રકારે કૃપા કરી. બીજું અમ્માના બે બેટા તે શ્રીઠાકુરજીના અંતરંગ સખા છે. મોટો અર્જુન અને નાનો ભોજ તેમને પણ નિવેદન કરાવી અમ્માને આજ્ઞા કરી કે આ બે બેટાને કોઈનાં હાથનું ખાવા દઈશ નહીં. આ ઠાકુરની મહાપ્રસાદી તેમને આપજે. એ પણ લીલા સંબંધી છે, મહાપ્રસાદ વિના બીજું ખાશે તો તેને અંતરાય પડશે. એ પ્રકારે અમ્માનો અંગીકાર કરી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપ કાશી પધાર્યા પછી સંન્યાસ ગ્રહણ કરી આસુરવ્યામોહ લીલા કરી.

વાર્તાપ્રસંગ ૧ : આ અમ્મા ક્ષત્રાણી શ્રીઠાકુરજીની સેવા બાલભાવથી પ્રીતિપૂર્વક કરે, એના બે બેટા તેને અમ્મા (માતા) કહેતા શ્રીઠાકુરજી પણ સાનુભાવ જણાવીને તેને અમ્મા કહેતા. એમ કરતા શ્રીઠાકુરજી પણ બન્નેની સાથે ખેલતા, ઇંટ ઘસીને પરસ્પર લગાડતા, ઉડાવતા. તે જોઈને અમ્મા મનમાં બહુ સુખ પામતી પુત્રભાવથી રોકતી કે આ શી રમત ? કંઈ આંખોમાં પણ પડશે. એમ કરતાં થોડા દિવસોમાં એનું મોટો પુત્ર મરી ગયો. ત્યારે અમ્મા શ્રીઠાકુરજીની સેવાથી પરવારીને રોવા બેસતી. ક્ષત્રીઓમાં બહુ રુએ છે

અમ્માને રોતી જોઈ શ્રીઠાકુરજી કહેતા, અમ્મા ! તું રોઈશ નહીં. આ પ્રકારે રોકતા, ખેદ કરતા પરંતુ અમ્મા માનતી નહીં એમ કરતાં અમ્માનો બીજો નાનો પુત્ર પણ મરી ગયો. ત્યારે અમ્મા બહુ રોવા લાગી. ત્યારે પણ શ્રીઠાકુરજી રોકતા, પરંતુ રોયા વિના ન રહેતી. એટલે શ્રીઠાકુરજીએ અડેલમાં શ્રીગુસાંઈજીને કહ્યું કે અમ્મા રૂવે છે તેથી હું બહુ દુઃખ પામું છું. તેથી તમે આવીને સમજાવો.

ભાવપ્રકાશ : એ બન્ને બેટાની દેહ એથી છૂટી કે મોટા થાય તો સંસારના કાર્યમાં લાગે, અને અમ્માનું મન એમના લગન આદિમાં લાગે. તે બંને શ્રીઠાકુરજીના અંતરંગ સખા છે તેથી જલદી બોલાવી લીધા. પરંતુ અમ્મા ભગવદીય થઈને કેમ રોઈ ? તેનો આશય એ છે કે લોકમાં પુત્ર શોક બહુ હોય છે પરંતુ તે તો અમ્મામાં નથી. પરંતુ શ્રીઠાકુરજી બન્ને પુત્રોની સંગે રમતા ઈંટ ઘસીને પરસ્પર દેહથી લગાડતા, ઉડાવતા, આવી ક્રીડા અનેક પ્રકારની કરતા તેના અમ્મા દર્શન કરતી તે ક્રીડાનું સુખ ગયું. બન્ને પુત્ર શ્રીઠાકુરજીનાં રમકડાં હતાં, તે હવે કોની સાથે રમશે ? એ ભાવથી અમ્મા રોતી. તેથી શ્રીઠાકુરજી અમ્મા ઉપર પ્રસન્ન થઈને રોકતા, અમ્માનું દુઃખ સહન કરી શકતા નહીં અને જો પુત્રનું મમત્વ હોત તો શ્રીઠાકુરજી ન બોલતા.

ત્યારે **શ્રીગુસાંઈજી અડેલથી** કડા પધારીને અમ્માને ઘેર જઈ અમ્માને કહે તું રોઈશ નહીં, **શ્રીઠાકુરજી** ક્લેશ પામે છે.

ભાવપ્રકાશ : આ પ્રકારે કહી અમ્માના પુત્રોનું સ્વરૂપ દેખાડ્યું કે બંને અંતરંગ સખા છે. મોટા થાય તો સંસારમાં ઠીક ન પડે, તેથી તું રોઈશ નહીં.

ત્યારે અમ્મા રોતી બંધ થઈ. તે અમ્માનો એવો સ્નેહ હતો કે જ્યારે શ્રીઠાકુરજીને જગાવે ત્યારે બંને હાથથી સોંધે, અત્તર આદિ લગાવીને શ્રીઅંગનો સ્પર્શ કરતી કેમ કે મારા હાથ કઠણ છે, બાલકનું શ્રીઅંગ કોમલ છે, આ પ્રકારે બધી સેવા પ્રીતિપૂર્વક કરતી.

ભાવપ્રકાશ : સોંધો છે તે શ્રીસ્વામિનીજીના સ્નેહરૂપ સચિક્કણ છે. તેથી એ જણાવ્યું કે અમ્મા વ્રજભક્તોના અર્થાત્ યશોદારોહિણીજીના ભાવથી સેવા કરતી તેથી શ્રીઠાકુરજી અમ્માના ઉપર પ્રસન્ન રહેતા.

વાર્તાપ્રસંગ ૨ : વળી એક સમય અમ્માએ શ્રીઠાકુરજીની આગળ દૂધનો કટોરો ભરીને ધર્યો ટેરો લગાડીને અમ્મા બહાર આવી. એટલામાં શ્રીગુસાંઈજી અમ્માના ઘેર આવી પધાર્યા ત્યારે અમ્માને પૂછ્યું કે શ્રીઠાકુરજીનો શો સમય છે ? ત્યારે અમ્માએ કહ્યું બાવા ! પધારો આપને સદા સમય છે. એટલે ગુસાંઈજી ટેરો (પડદો) ખસેડીને અંદર પધાર્યા, જુવે તો શ્રીઠાકુરજી કટોરો હાથમાં લઈને દૂધપાન કરે છે. તેથી શ્રીગુસાંઈજી ટેરો લગાડીને એમ જ પાછા પધાર્યા. ત્યારે અમ્માએ કહ્યું, કે બાવા ! પાછા કેમ ફરી આવ્યા ? ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું, કે શ્રીઠાકુરજી પોતે દૂધ પીવે છે. એટલે અમ્માએ કહ્યું એ તો બાલક છે, શું તમે નથી જાણતા ? શ્રીગુસાંઈજીએ કહ્યું, એ દૂધ અમારા મુકામે પહોંચાડી દેજો ત્યારે અમ્માએ કહ્યું, તમે જ આરોગવાવાળા છો, ચાહે અહીં આરોગો, ચાહે ત્યાં આરોગો, અમ્માના આવા સ્નેહાળ વચનો સાંભળીને શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા. પછી પોતે મુકામે પધાર્યા. અમ્મા પણ દૂધ લઈને મુકામે આવી અને ગુસાંઈજીને પાન કરાવ્યું.

ભાવપ્રકાશ : તેનું કારણ એ કે અમ્મા રોહિણીજીનું સ્વરૂપ છે અને શ્રીબાલકૃષ્ણજી પણ રોહિણીજીના ભાવથી છે, તેથી શ્રીબાલકૃષ્ણજી દૂધ આરોગતા હતા ત્યારે શ્રીગુસાંઈજી પાછા ફર્યા. તે એ

માટે કે શ્રીનવનીતપ્રિયાજી શ્રીગુસાંઈજીના ઠાકુર છે. તે હોત તો આપ પાન કરાવતા, પરંતુ રોહિણીજી અને શ્રીચંદ્રાવલીજીને સ્નેહ ઘણો છે. રોહિણીજી ચંદ્રાવલીનો ભાવ જાણે છે. તેથી શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈને કહ્યું જે આ પ્રસાદી દૂધ અમને મોકલજે. એ પાછલો લીલાનો સ્નેહ જણાવ્યો. ત્યારે અમ્માએ કહ્યું, ચાહે અહીં આરોગો અગર ત્યાં આરોગો તેનું કારણ એ કે તમે જ આરોગવાળા છો. એટલે કે શ્રીઠાકુરજીને તમે જ રાખવાવાળા છો, એ ઠાકુરજી તમારા છે.

પછી શ્રીગુસાંઈજીએ અમ્માની દેહ છૂટ્યા પછી તેના ઠાકોરજીને શ્રીનવનીતપ્રિયાજીની પાસે પધરાવ્યા.

ભાવપ્રકાશ : કેમકે રોહિણીજીનો અને શ્રીગુસાંઈજીનો ભાવ મળે છે. રોહિણીજી પણ લીલાની સાધક છે તેથી અમ્માની કા'નિ શ્રીગુસાંઈજી ઘણી રાખતા.

આ વાર્તામાં એ સિદ્ધાંત જણાવ્યો, કે ભક્તોનો કલેશ શ્રીઠાકુરજીથી સહેવાય નહીં. તેથી લૌકિક વૈદિક દુઃખ આવી પડે તો વૈષ્ણવે ધીરજ રાખવી અને કલેશ ન કરવો. જો કલેશ પણ કરે તો તે શ્રીઠાકુરજી સંબંધી કરે. (વિપ્રયોગ કરે.)

તે અમ્મા શ્રીઆચાર્યજીની એવી કૃપાપાત્ર ભગવદીય હતી, એની વાર્તા કયાં સુધી કહીએ ॥ વાર્તા ૧૨ ॥

॥ વાર્તા ૧૩ ॥

હવે શ્રીઆચાર્યજીના સેવક ગજ્જનધાવન ક્ષત્રી, આગ્રામાં રહેતા. તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

વાર્તાપ્રસંગ ૧ : એમના માથે શ્રીનવનીતપ્રિયાજી શ્રીઆચાર્યજીએ પધરાવ્યા. એ પ્રકાર એક ક્ષત્રાણીની વાર્તામાં કહીશું.

ભાવપ્રકાશ : એ ગજ્જન શ્રીચંદ્રાવલીની સખી છે. લીલામાં શુભ આનના એમનું નામ છે. શ્રીઠાકુરજી પ્રકટ્યા ત્યારે તેના બીજા દિવસે એ પ્રકટી છે. શ્રાવણ વદી દસમીએ તે ઠાકુરજીની સાથે બાલલીલાની રમત ઘણી રમીને શ્રીચંદ્રાવલીજીને બધી ક્રીડાના મિલાપનો ભેદ એ બતાવતી. તેથી શ્રીચંદ્રાવલીજીને અતિ પ્રિય છે. શ્રીઆચાર્યજીએ ગજ્જનના માથે શ્રીનવનીતપ્રિયાજી પધરાવ્યા, કેમકે એ શ્રીગુસાંઈજીના ઠાકુર છે. ગજ્જન શ્રીગુસાંઈજીની સખી છે, સદા ખેલે છે, તે સંબંધથી હવે ફરી ખેલશે.

થોડા દિવસમાં ગજ્જનને શ્રીનવનીતપ્રિયાજી સાનુભવતા જણાવવા લાગ્યા. ગજ્જનને ગાય કરતા, ઘોડો કરતા, પોતે ઉપર ચઢતા, તેથી ગજ્જનના ઢીંચણ ઘસાઈ ગયા. પરંતુ દેહનું ભાન નહીં. એક દિવસ ગજ્જનને શ્રીનવનીતપ્રિયાજી કહે, મને શ્રીઆચાર્યજીને ત્યાં પધરાવીને તમે પણ ત્યાં રહો.

ભાવપ્રકાશ : તેનું કારણ એ કે ગજ્જનનો એવો સ્નેહ વધ્યો કે સેવાની રીતિ ભૂલી ગયા. રમતમાં અનોસર આદિ યાદ ન આવે, ત્યારે શ્રીઠાકુરજીએ વિચાર્યું કે આને વ્યસન અવસ્થાની સિદ્ધિ થઈ ચૂકી છે. હશે આ જો પોતાના ગામ-ઘરમાં રહેશે તો બાધક થશે.

ત્યારે ગજ્જન તત્કાલ શ્રીનવનીતપ્રિયાજીને ગોકુલ પધરાવી આવ્યા. શ્રીઆચાર્યજીને દંડવત કરીને કહે કે મહારાજ ! શ્રીનવનીતપ્રિયાજી આપના ઘરે પધાર્યા છે. ત્યારે આચાર્યજી મહાપ્રભુ કહે, શય્યા અલગ નથી, કંઈ પાત્ર નવા નથી. આ પ્રકારે અચાનક કેમ પધાયા છે ? ત્યારે ગજ્જને કહ્યું, શ્રીનવનીતપ્રિયાજીની ઈચ્છા એવી છે. એટલે શ્રીઆચાર્યજીએ જે કંઈ સામગ્રી બની આવી તે સિદ્ધ કરીને

આરોગાવી. પછી પોતાના શ્રીઅંગમાં સુગંધી દ્રવ્ય લગાડી પાસે લઈ પોઢ્યા.

ભાવપ્રકાશ : સુગંધી દ્રવ્ય લગાડવાનું કારણ એ કે અત્તર આદિ સુગંધ શ્રી સ્વામિનીજીના શ્રીઅંગનો ગંધ સ્નેહરૂપ છે. તેથી પ્રકટ નહીં કહ્યું. તેમાં એ જણાવ્યું કે આપ શ્રીસ્વામિનીજી સ્વરૂપ સાથે પોઢ્યા.

પછી મર્યાદા રાખવાને માટે નાની સરખી પલંગડી બનાવડાવી. તે ઉપર બીજા દિવસે શ્રીનવનીતપ્રિયાજીને પોઢાવ્યા. ત્યારે શ્રીનવનીતપ્રિયાજીએ કહ્યું, શય્યા નાની છે, મારા પગ નીચે લટકે છે, હું તમારી સાથે પોઢીશ.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે શું હું તમારા ભાવથી બાલક છું ? તમારા ઘરે તો તરુણ છું અને યશોદાના ભાવથી બાલક છું. અમે મારું નાનું સ્વરૂપ જોઈને શય્યા નાની કેમ બનાવડાવી ? તેથી હું તમારી સાથે પોઢીશ, મને દુઃખે છે.

ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ ફરી સુગંધિત દ્રવ્ય શ્રીઅંગે લગાડી પાસે પોઢ્યા. પછી સવારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ મોટી શય્યા સિદ્ધ કરાવીને તેમાં પોઢાવ્યા. ત્યારે ફરી શ્રીનવનીતપ્રિયાજી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને કહે, કે હું તો તમારી પાસે પોઢીશ. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે કે મહારાજ ! લોકોમાં મર્યાદા રાખવી જોઈએ, અને આપની પાસે મૂંડા (શ્રીસ્વામીજીના વસ્ત્ર આભરણ આદિ)નો સાજ બધો રાખીશું અને શ્રીસ્વામિની સ્વરૂપથી હું પાસે જ છું, એમ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ પોતે કહ્યું.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે ઉપરની મર્યાદા છોડવાથી જીવનો બગાડ થાય, દેખાદેખી કોઈ કરે પછી શ્રીનવનીતપ્રિયાજી શય્યામાં પોઢવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૨ : તે ગજ્જન મંદિરના દ્વારમાં સન્મુખ સેવા સમય બેસી રહે અનોસરમાં પણ મંદિરમાં રહે, શ્રીનવનીતપ્રિયાજી સાથે ખેલે, અલગ ન રહે એક દિવસ બીડાં માટે પાન ન હતાં. તે અક્કાજીએ ગજ્જનને કહ્યું, આ પૈસા લઈ જાવ, પાન લઈ આવો.

ભાવપ્રકાશ : પાન મંગાવ્યા ત્યારે ગજ્જન અક્કાજીને કહી ન શક્યા કે મારાથી શ્રીનવનીતપ્રિયાજી હળી ગયા છે, તેમાં એ સિદ્ધ જણાયો કે યદ્યપિ શ્રીઠાકુરજી વૈષ્ણવથી બોલે, પાસે રાખે, તો પણ ગુરુ આજ્ઞા કરે તો આજ્ઞા માથે ચડાવીને ગુરુના કાર્યો માટે જાય તો ધર્મ રહે અને ઠાકુર પણ પ્રસન્ન રહે. તેથી ગજ્જન ગયા અને શ્રીનવનીતપ્રિયાજીએ પણ રોક્યા નહીં, વૈષ્ણવનો ભાવ જોવાને માટે.

ગજ્જન પાન લેવાને ગયા, તે બહાર નીકળતાં જ તેમને વિહરજ્વર એવો ચઢ્યો કે એક દુકાન ઉપર પડી રહ્યા.

ભાવપ્રકાશ : કેમકે એમને વ્યસન અવસ્થા થઈ ચૂકી છે. તેથી શ્રીઆચાર્યજી અને કોઈ ભગવદીય કે જે ભાવમાં મગ્ન છે તેમના સાથે બોલતા મળતા. બીજોથી બધો દેહ સંબંધ છુટી ગયો.

અહીં આચાર્યજીએ શ્રીનવનીતપ્રિયાજીને રાજભોગ ધર્યા. ત્યારે શ્રીનવનીતપ્રિયાજીએ કહ્યું. ગજ્જન આવે ત્યારે આરોગું. ત્યારે શ્રીઆચાર્યજીએ બધાને પૂછ્યું કે ગજ્જન ક્યાં ગયો છે ? ત્યારે અક્કાજીએ કહ્યું કે મેં પાન લેવા મોકલ્યો છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે ગજ્જનને કેમ મોકલ્યો ? ગજ્જનથી શ્રીનવનીતપ્રિયાજી હળ્યા છે. આજ પછી એને કંઈ કહેશો નહીં, ક્યાંય મોકલતા નહીં.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે તે ફલદશાને પામ્યા છે, એને માનસી સિદ્ધ થઈ ચૂકી છે.

ત્યારે શ્રીઅક્કાજીએ કહ્યું કે હવે એને કંઈ ટહલ નહીં કહું. પછી એક વૈષ્ણવને શ્રીઆચાર્યજીએ કહ્યું, ગજ્જનને જલદી મોકલી દેજો. દુકાન ઉપર પડ્યો છે. તમે પાન લાવજો. વૈષ્ણવ જઈ દેખે તો દ્વારની પાસે જ એક દુકાન ઉપર તે પડ્યો છે. ત્યારે તેમને કહે જલદી જાવ, તમને શ્રીઆચાર્યજીએ બોલાવ્યા છે. એ સાંભળતાં જ ગજ્જનને વિરહજ્વર ઉતરી ગયો, દોડીને આવ્યા ત્યારે શ્રીનવનીતપ્રિયાજીને કહે, બાવા ! ભોજન કેમ નથી કરતા ? ત્યારે શ્રીનવનીતપ્રિયાજી કહે તું આવ્યો ? હવે હું ભોજન કરીશ. આ પ્રકારે ગજ્જન અને શ્રીનવનીતપ્રિયાજીને સ્નેહ હતો, તે ગજ્જન એવા ભગવદીય હતા. એમની વાર્તાનો પાર નહીં. તે ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૧૩ ॥

ભાવપ્રકાશ : એમની આ વાર્તામાં આ સિદ્ધાંત જણાવ્યો કે વ્યસન અવસ્થા સર્વોપરી છે. જેમાં ઠાકુરજી વશ થાય. કુંભનદાસજીએ ગાયું છે કે ''જો પે વિરહ પરસ્પર વ્યાપે, તો કછું જિય બાનિ આવે.'' તે ગજ્જનની પરસ્પર પ્રીતિ દેખાડી વૈષ્ણવ ॥ ૧૩ ॥

॥ વાર્તા ૧૪ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક નારાયણ બ્રહ્મચારી, સારસ્વત બ્રાહ્મણ મહાવનમાં રહેતા તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

વાર્તાપ્રસંગ ૧ : તે નારાયણદાસ બ્રહ્મચારીને માથે શ્રીગોકુલચંદ્રમાજી પધરાવ્યા, તે પ્રકાર એક ક્ષત્રાણીની વાર્તામાં કહીશું. જ્યાં ચાર સ્વરૂપો વૈષ્ણવોના માથે પધરાવ્યા છે.

ભાવપ્રકાશ : નારાયણદાસ લીલામાં સોળ હજાર અગ્નિકુમારિકાં છે. તેમાં મુખ્ય જે રાધા સહચરી છે તેમની સખી છે. મધુરેક્ષણા એમનું નામ છે. મધુર છે ઈક્ષણ એટલે દૃષ્ટિ જેની તે મધુરેક્ષણા શ્રીઠાકુરજીના શ્રીઠાકુરજીના મુખની સુંદરતાં જોતાં જ તે દેહનું ભાન ભૂલી જતી. એવી સ્વરૂપાશક્તિ હતી. સ્વરૂપનું ચિત્વન અષ્ટ પ્રહર કરતી.

તે નારાયણદાસ શ્રીગોકુલચંદ્રમાજીની સેવા સારી રીતિથી કરતા, ગાયને ઘાસ ધોઈને ખવડાવતા. કેમ જે રખે દૂધમાં રજ આવે કારણ શ્રીઠાકુરજી અત્યંત સુકુમાર છે.

ભાવપ્રકાશ : એ કરી એમ જણાવ્યું કે દૂધમાં રજનો સંદેહ કરતા. શાક સામગ્રી જલ બધામાં સારી રીતિથી ચોકસાઈ રાખતા કે જેથી પ્રભુને કોઈ વસ્તુમાં શ્રમ ન થાય.

અને નારાયણદાસ ત્યાગ દશામાં રહેતા. ઉત્તમ પ્રકારની ચુટી લેતા. કોરું અન્ન અલગ અલગ તથા વિના માંગે ઘરે આવે તેમાં નિર્વાહ કરતા. તે નારાયણદાસ જ્યાં જ્યાં પગ ધોવાને માટી લેતાં ત્યાં ત્યાં દ્રવ્ય જોતા. ત્યારે તેના ઉપર માટી નાખી દેતા પરંતુ દ્રવ્યોનો સ્પર્શ પણ ન કરતા. એક દિવસ રાત્રિએ તેમની ખાટની આસપાસ દ્રવ્ય ઘણું ફેલાયું. તે સવારે જોઈને ભત્રીજીને કહે, ઘરમાં બગાડ પડ્યો છે તે ઝાડીને નાખી આવ. ત્યારે ભત્રીજીએ સાવરણીથી ઝાડીને નાખી દીધું. જગ્યા પણ લીપી નાખી.

ભાવપ્રકાશ : એનો આશય એ કે નારાયણદાસે બ્રહ્મચાર્ય બાલ્યકાલથી ધારણ કરી દ્રવ્ય મળવાના ઉપાયો ઘણા કર્યા પણ કંઈ પ્રાપ્ત ન થયું. પછી ચાલીસ વર્ષના થયા ત્યારે શ્રીઆચાર્યજીના સેવક જ્યારે થયા ત્યારે શ્રીઠાકુરજીના સ્વરૂપનું જ્ઞાન થયું અને દ્રવ્યનું પણ જ્ઞાન થયું, દ્રવ્યને અગ્નિની વિષ્ટા (બગાડ) પણ કહે છે. તે આ પ્રકારે દ્રવ્યને જાણવા લાગ્યા ત્યારે રિદ્ધિ સિદ્ધિ એમને છળવાને આવી. તેથી જ્યાં ત્યાં દ્રવ્ય જોયું. પરંતુ વિષ્ટાવત જાણ્યું તેથી તેના ઉપર માટી નાખી. તે એથી કે બીજાનો હાથ આ માયા

રૂપ દ્રવ્ય ઉપર પડશે તો તેનું પણ અનિષ્ટ થશે. તેથી ઉપર માટી નાખી દેતા અને જ્યારે ઘરમાં દ્રવ્ય ફેલ્યું દેખે ત્યારે ભત્રીજીને કહે કે બગાડ પડ્યો છે, પરંતુ પોતે ન અડે ન ઝાડે, ભત્રીજી પણ શ્રીઆચાર્યજીની સેવક અને કૃપાપાત્ર હતી અને નારાયણદાસના સ્વરૂપને જાણતી.

નારાયણદાસ તો 'મધુરેક્ષણા' રાધા સહચરીની સખી છે, અને સખી 'ચતુરા' તે ભત્રીજીનું નામ છે. તે નારાયણદાસને બહુ પ્રિય એ કારણે છે કે સામગ્રી કરવામાં બહુ ચતુર છે. બાલ વિધવા થઈ છે તેથી નારાયણદાસને ત્યાં રહેતી. તે લીલાનું નામ અહીં પણ ચતુરા હતું. તે ચતુર ભત્રીજીએ નારાયણદાસનો શબ્દ સાંભળતાં જ દ્રવ્ય ઝાડીને બહાર નાખી દીધું. નારાયણદાસે તો ફક્ત ઝાડવાનું કહ્યું હતું પરંતુ એણે જાણ્યું કે નારાયણદાસે બગાડ કહ્યો છે તેથી જગા પણ લીપવી એવી ઉત્તમ બુદ્ધિ ભત્રીજીની જોઈ શ્રીઠાકુરજી એનાથી બહુ પ્રસન્ન રહેતા. આ પ્રકારે બન્ને શ્રીગોકુલચંદ્રમાજીની સેવા કરતા.

વાર્તાપ્રસંગ ૨ : વળી એક દિવસ શ્રીનારાયણદાસે ન્હાઈને મંદિરમાં જઈ શ્રીઠાકુરજીને મંગલ ભોગ ધરી પછી શૃંગાર કર્યો. તે સમયે શ્રીઠાકુરજીના મુખચંદ્રની શોભા જોઈ ચક્તિ (વિસ્મિત) થઈ ગયા. ઘણીવાર સુધી જોઈ રહ્યા. પછી પૂછ્યું કે મહારાજ ! આ ઘટા ક્યાં વરસશે ! ત્યારે શ્રીઠાકુરજી પ્રસન્ન થઈને કહે કે રઘુનાથજીના ઉપર વરસશે. ત્યારે નારાયણદાસ પ્રસન્ન થયા.

ભાવપ્રકાશ : તેનું કારણ એ કે શ્રીરઘુનાથજીનું પ્રાકટ્ય રાધા સહચરીનું છે. એમને દંડકારણ્યમાં શ્રીરામચંદ્રજીનું વરદાન છે કે વ્રજમાં મનોરથ પૂરણ થશે, તેથી શ્રીગુસાંઈજીએ પણ પાંચમાં લાલજીનું નામ શ્રીરઘુનાથજી ધર્યું. જે બહુ રમાવે, બધાના મનને હરે તેને "રામ" કહીએ. શ્રીરઘુનાથજી પણ પરમ સુંદર રાધા સહચારી રૂપ અને તેવા સુંદર શ્રીગોકુલચંદ્રમાજી છે, અને રાધા સહચરી સખી નારાયણદાસ છે. તેથી શ્રીરઘુનાથજીના ઉપર ઘટાની વૃષ્ટિ થવાનું સાંભળીને પોતે ઘણા પ્રસન્ન થાય કેમ કે અમારા સ્વામીનો સંબંધ સદા રહેશે.

વાર્તાપ્રસંગ ૩ : વળી એક દિવસે નારાયણદાસ શ્રીઠાકુરજીને રાજભોગ ધરીને બહાર આવીને બેઠા, ત્યારે હૃદય ભરી આવ્યું. ભત્રીજીને કહે, શ્રીઠાકુરજી કેવી રીતિથી આરોગતા હશે ? એ વિચાર કરવા લાગ્યા. ત્યારે ભત્રીજીએ કહ્યું, તમે આવું કેમ વિચારો છો ? શ્રીઆચાર્યજીના સાધારણ સેવક શ્રીઆચાર્યજીની કા'નીથી (મર્યાદાથી) જે ભોગ ધરે છે તે પણ શ્રીઠાકુરજી આરોગે છે, તો તમે તો શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર છો, તેથી તમારું સમર્પ્યું તો આરોગે જ, ત્યારે નારાયણદાસે કહ્યું, બેટી ! સાંભળ, શ્રીઠાકુરજી સુંદર રીતિથી આરોગ્યા ત્યારે જાણીએ, કે જ્યારે કોઈ વૈષ્ણવ અચાનક આવી મહાપ્રસાદ લે. ત્યારે જાણીએ જે સુંદર રીતિથી આપ આરોગ્યા છે.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે ભોગ ધરીએ તો આરોગે જ, પરંતુ અચાનકનો ભાવ એ છે કે વૈષ્ણવ નોતર્યા હોય ત્યારે તો વૈષ્ણવના ભાવથી અધિક સામગ્રી થાય અને શ્રીઠાકુરજી વૈષ્ણવના ભાવથી આરોગે, પરંતુ નોતર્યા ન હોત તો નિત્ય પોતાના ઘરે જે ખર્ચ થતો હોય તેટલી સામગ્રી થાય અને તેમાંથી વૈષ્ણવને લેવડાવે ત્યારે પોતાના ભાગમાંથી વૈષ્ણવે લીધું જાણીએ. એમ તો શ્રીઠાકુરજી બધાને મહાપ્રસાદ દે છે, એ કહી વૈષ્ણવે લીધું જાણીએ. એમ તો શ્રીઠાકુરજી બધાને મહાપ્રસાદ દે છે, એ કહી વૈષ્ણવમાં પ્રીતિ દેખાડી કે અચાનક વૈષ્ણવ આવ્યા. વૈષ્ણવ પર પ્રીતિ હોય તો પોતે ભૂખ્યો રહે અને વૈષ્ણવને લેવડાવે તો ઠાકુર આરોગ્યા જાણીએ તેથી શિક્ષાપાત્રમાં પણ કહ્યું છે કે—

"તદીવાશ્ચેત્સ્વતસ્તુષ્ટાસ્તુષ્ટઃ કૃષ્ણો ન સંશયઃ" તદીય સંતુષ્ટ આ રીતે થાય ત્યારે શ્રીઠાકુરજી સંતુષ્ટ (પ્રસન્ન) થયા જાણીએ. આ પ્રકારે નારાયણદાસના હૃદયમાં અનિવચનીય પ્રતિ વૈષ્ણવ પર પણ હતી.

વાર્તાપ્રસંગ ૪ : વળી એક સમય નારાયણદાસે શ્રીગોકુલચંદ્રમાજીનો શ્રૃંગાર કરીને શ્રૃંગાર ભોગની ખીર સિદ્ધ કરી થાળમાં પધરાવી. એટલામાં એક વૈષ્ણવે નારાયણદાસને વધાઈ આપી કે શ્રીગોકુલમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પધાર્યા છે. ત્યારે નારાયણદાસ તાતી ખીર ભરેલો થાળ શ્રીગોકુલચંદ્રમાજીને ભોગ ધરીને શ્રીઆચાર્યજીના દર્શને શ્રીગોકુલ ચાલ્યા. તે સમયે શ્રીઆચાર્યજી મહાપ્રભુ મહાવન પધારતા હતા, માર્ગમાં દર્શન થયું. ત્યારે નારાયણદાસે દંડવત કર્યા. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ શ્રીમુખથી કહે, નારાયણદાસ શ્રીઠાકુરજીનો શો સમય છે ? ત્યારે નારાયણદાસે વિનંતી કરી કે મહારાજ શ્રૃંગાર ભોગ ધરી આપના દર્શને આવ્યો છું. ત્યારે શ્રીઆચાર્યજી ઉતાવળે પધાર્યા. તત્કાલ સ્નાન કરી મંદિરમાં પધાર્યા. ઝારી લઈને ત્યાં જુએ તો શ્રીગોકુલચંદ્રમાજી હાથ ખેંચી રહ્યા છે. શ્રીહસ્ત ખીરથી ભર્યા છે, સિંહાસન ઉપર, વસ્ત્રો ઉપર, ખીરના છાંટા પડ્યા છે. ત્યારે શ્રીઆચાર્યજીએ ગોકુલચંદ્રમાજીને પૂછ્યું. કે બાવા ! હાથ કેમ ખેંચી રહ્યા છો ? ત્યારે શ્રીગોકુલચંદ્રમાજીએ કહ્યું. નારાયણદાસ ગરમ ખીર સમર્પીને ગયો મેં હસ્તથી ખીર ઉઠાવી તે ગરમ લાગી મેં હાથની આંગળી ચાટી છે. તેથી મારો હોઠ, હસ્ત વગેરે દાઝ્યા છે અને મંદિરમાં જ્યાં ત્યાં છાંટા પડ્યા છે. ત્યારે શ્રીઆચાર્યજી શ્રીહસ્તથી ઓષ્ટ દેખ્યા તો અત્યંત લાલ છે. પછી ખીર પંખાથી ઠંડી કરીને ભોગ ધર્યો. આપ બહાર આવ્યા ત્યારે નારાયણદાસને ખીજીને કહ્યું, કેમ તેં શ્રીઠાકુરજીને ગરમ ખીર સમર્પી ? ત્યારે નારાયણદાસને કહ્યું, મહારાજ ! આપની વધાઈ સાંભળી ઉતાવળમાં ખીર સમર્પી. ત્યારે શ્રીઆચાર્યજી કહે આજ પછી એવું કામ ક્યારેય ન કરીશ.

ભાવપ્રકાશ : એનો આશય એ કે નારાયણદાસ શ્રીઆચાર્યજીની વધાઈ સાંભળી પરવશ થઈ ગયા. તે જાણે કે ગરમ હશે તો શ્રીઠાકુરજી ઠંડી કરી લેશે પરંતુ શ્રી આચાર્યજીના દર્શન માટે વિલંબ કરવો એ ધર્મ નથી. આ ભાવથી ગયા ત્યારે શ્રી ગોકુલચંદ્રમાજી નારાયણદાસના હાથનું ધર્યું ગરમ પણ હું આરોગું છું એ જણાવવાને માટે આખો હાથ ખીરમાં નાખીને ઝાટક્યો, તેમજ ઉતાવળમાં જો કોઈ ભોગ ધરે. શ્રૃંગાર કરે, તો કંઈ અપરાધ પડે એ પણ જણાવ્યું. વળી નારાયણદાસે શ્રીઆચાર્યજીની પાસે જવાનું અલૌકિક મન કર્યું તો પણ સેવામાં આટલો શ્રમ શ્રીઠાકુરજીને થયો. તો પછી જો લૌકિક વૈદિક કાર્ય માટે કોઈ સેવામાં ઉતાવળ કરે તેને તો બહુ જ અપરાધ પડે એમાં કહેવું શું ? તેથી સેવા કરતાં મન ઠેકાણે રાખવું. અથવા ખીરની સામગ્રીનું સ્વરૂપ પ્રકટ કર્યું કે ખીર શ્રીસ્વામીજીની ભાવની છે, અને શ્રૃંગાર ભોગ પણ એમના જ ભાવનો છે. તેથી ખીરને જોતાં જ શ્રીઠાકુરજી પ્રેમથી પ્રથમ હસ્ત ખીરમાં નાખે છે, તેથી ખીર ઠંડી કરીને આંગળી નાખી તપાસી જોઈએ. ખમાય ત્યારે ભોગ ધરવો. એ સિદ્ધાંત દેખાડ્યો.

પછી સમય થયે શ્રીઆચાર્યજીએ આચમન. મુખ-વસ્ત્ર કરાવી બીડી આરોગાવીને ભોગ સરાવ્યા ત્યારે શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીઆચાર્યજીના બંને શ્રીહસ્ત પકડીને કહે આ ખીર-મહાપ્રસાદ આપ લો. ત્યારે શ્રીઆચાર્યજી કહે કે મહારાજ ! જ્ઞાતિ-વ્યવહાર કઠણ છે તેથી મર્યાદા રાખવી જોઈએ. ત્યારે શ્રીગોકુલચંદ્રમાજી કહે મારી આજ્ઞા છે તેથી લો. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રસાદ આરોગ્યા. તે દિવસથી

ખીર અનસખડીમાં થાય છે.

ભાવપ્રકાશ : આમાં આ કારણથી શ્રીગોકુલચંદ્રમાજીએ કહ્યું કે ખીર જેવી સામગ્રીમાં જ્ઞાતિની મર્યાદા પોતાના ભક્તોમાં ન રાખો, ત્યારે આપ આરોગ્યા. તે દિવસથી ખીર અનસખડીમાં ગણી તેનું કારણ એ કે અનસખડી શ્રીઠાકુરજી બધા ભોગમાં આરોગે છે. અને ખીર ઉત્સવના ભોગમાં ન રાખી, નિત્યમાં રાખી. તેનું કારણ એ કે ઉત્સવમાં રાખે તો વૈષ્ણવો ઉત્સવમાં જ કરે, તેથી ખીર જે સદા પ્રિય છે એમાં ઋતુનો કે ઉત્સવનો વિચાર નહીં, જ્યારે બને ત્યારે કરીએ.

વાર્તાપ્રસંગ ૫ : આ પ્રકારે નારાયણદાસે સેવા બહુ કરી પછી એમની દેહ થાકી ત્યારે એક દિવસ નારાયણદાસને શ્રીઠાકુરજીએ કહ્યું કંઈ માગ ! ત્યારે નારાયણદાસે શ્રીગોકુલચંદ્રમાજીને કહ્યું હું તમારી પાસે એ માગું છું કે શ્રીગુસાંઈજીને ઘરે પધારીને સેવા કરાવજો.

ભાવપ્રકાશ : તેનું કારણ એ કે શ્રીગુસાંઈજીના ઘર વિના શ્રીઠાકુરજી સુખ નહીં પામે. ત્યારે શ્રીગોકુલચંદ્રમાજી ઘણા પ્રસન્ન થયા કે તે મારું સુખ માગ્યું. પોતાનું સુખ કંઈ ન માગ્યું. પછી નારાયણદાસની ભત્રીજીની દેહ છૂટી તેના ત્રીજા દિવસે નારાયણદાસની દેહ પણ છૂટી. પછી એક કૃષ્ણદાસ સ્વારી મહાવનમાં રહેતા, જે નારાયણદાસની જ્ઞાતિના હતા અને શ્રીગુસાંઈજીના સેવક હતા તેમની પાસે થોડાંક દિવસ શ્રીગોકુલચંદ્રમાજીએ સેવા કરાવી.

ભાવપ્રકાશ : તે એથી કે લીલામાં એ પણ નારાયણદાસની સખી છે. મૃદુબેની એનું નામ છે. તેથી સેવા કરાવી. પછી મથુરામાં શ્રીગુસાંઈજીના ઘરે પધાર્યા. એમની વાર્તામાં આ સિદ્ધાંત થયો કે બ્રહ્મચારીના ધર્મ દેખાડ્યા જે પોતાની મહાપ્રસાદની પાતળ વૈષ્ણવને ધરી પ્રસન્ન થવું. શ્રીઠાકુરજી પાસે પોતાનું સુખ ન માગ્યું, પ્રભુનું સુખ વિચાર્યું. આ પુષ્ટિમાર્ગની રીતિ છે.

તે નારાયણદાસની વાર્તાનો પાર નથી. તે ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૧૪ ॥

॥ વાર્તા ૧૫ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સેવક ક્ષત્રાણી મહાવનમાં રહેતી, તેની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ ક્ષત્રાણી લીલામાં શ્રીસ્વામીજીની અંતરંગિની સખી છે, ભદ્રા એનું નામ છે. તે એક ક્ષત્રીના ઘરે જન્મી, તે અગિયાર વર્ષની થઈ ત્યારે માતા-પિતા તેના લગ્ન કરવાનું કહે ત્યારે એ કહે : જે દિવસે મારું લગ્ન કરશો તે દિવસે વર મરશે, અને તમે પણ મરશો, ત્યારે એ ડરીને ચૂપ થઈ રહેતા. તે તેર વર્ષની થઈ ત્યારે જ્ઞાતિમાં મા-બાપની નિંદા થવા લાગી, તેથી એકની સાથે સગાઈ કરી. પછી તે પરણવા આવ્યો, તે ફેરા ફરતાં જ એનાં મા-બાપ અને એનો વર, એ ત્રણે મરી ગયા. પછી એ ઘરમાં એકલી રહે તેનાથી ગામમાં સંબંધી વગેરે કોઈ ન બોલે કેમ જે તેણે લગ્ન થતાં જ મા-બાપ અને વર બધાને માર્યા, તેથી એમાં પ્રીતિ કરશે તે પણ મરશે આવું લોકો કહેતા.

પછી નારાયણદાસના ઘરે શ્રીઆચાર્યજી પધાર્યા ત્યારે આ ક્ષત્રાણીને દર્શન થયાં. તે શુદ્ધ જીવ હતી તેથી જાણ્યું કે આમની શરણે જઈએ. ત્યારે શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી મહારાજ ! મને અંગીકાર કરો. હવે મારે પ્રતિબંધ લૌકિક બધું છૂટ્યું છે ત્યારે શ્રીઆચાર્યજીએ નામ નિવેદન કરાવ્યું. પછી આ ક્ષત્રાણીએ કહ્યું મહારાજ ! હવે મને શી આજ્ઞા છે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું. ભગવત્સેવા કરો. કરો ત્યારે ક્ષત્રાણીએ કહ્યું, મહારાજ ! લીલામાં સદા આપની સેવા કરી છે અને આપે તો ભગવત્સેવા

કરવાનું કહ્યું અને ભગવત્સેવા તો ઘણા લોકો કરે છે પરંતુ ચરણારવિંદ મળવા તો બહુ દુર્લભ છે. મને સાધનામાં ન નાખો, મને સદા આપની સેવા દો. જેથી સદા આપની પાસે રહું, અને આપના દર્શન કરું, મને એક આપના ચરણાવિંદનો આશ્રય છે ત્યારે શ્રીઆચાર્યજી પ્રસન્ન થઈને કહે કે તે સાચું કહ્યું, પરંતુ અમારે પૃથ્વી પરિકમ્મા કરવી છે તેથી સ્ત્રીજનનો સંગ ઠીક નહીં. પછી શ્રીઆચાર્યજીએ કુમ કુમ મંગાવી એક વસ્ત્ર ઉપર બન્ને ચરણમાં કુમકુમ લગાવી છાપ કરીને ક્ષત્રાણીને વસ્ત્ર આપ્યું અને કહ્યું, આની સેવા કરજે. હું તારી ઉપર પ્રસન્ન છું, તારા બધા મનોરથ પૂર્ણ થશે. ત્યારે ક્ષત્રાણી શ્રીઆચાર્યજીને સુંદર રીતથી ઘરમાં પધરાવી, શ્રીઆચાર્યજીની શ્રીસ્વામિનીજીના ભાવથી સેવા કરતી. શ્રીઆચાર્યજી તેને દર્શન આપતાં. બધા રસનો અનુભવ કરાવતા. પછી શ્રીઆચાર્યજી પૃથ્વી-પરિકમ્મા કરતા કાશીમાં પધાર્યા.

અહીં એક દિવસ તે ક્ષત્રાણી શ્રીયમુના જલ ભરવા અપરસમાં ગાગર લઈને બ્રહ્માંડ ઘાટે ગઈ. તે ગાગર લઈ શ્રીયમુનાજીમાં પેઠી ત્યારે કિનારા ઉપર થોડા જલમાં ચાર સ્વરૂપો જોયાં. ત્યારે ક્ષત્રાણીએ કહ્યું, તમે પરમ સુંદર જલમાં કેમ બિરાજો છો ? ત્યારે ચારે સ્વરૂપે કહ્યું કે તું અમને ઘેર પધરાવ. હવે થોડા દિવસોમાં શ્રીઆચાર્યજી પધારશે ત્યારે એમને આપજે. ત્યારે તે ક્ષત્રાણીએ કહ્યું હું ઘરમાં શ્રીઆચાર્યજીને પૂછી આવું, પછી પધરાવું. પછી ગાગર ભરીને જલદી દોડી આવી અને મંદિરમાં જઈ વિનંતી કરીને કહ્યું, મહારાજ ! ચાર સ્વરૂપ શ્રીયમુનાજી કિનારે છે, તે કહે છે કે અમને પધરાવો તો શી આજ્ઞા છે ! ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, જા જલદી પધરાવી લાવ પછી આવીને ચારે સ્વરૂપને પધરાવીને મંદિરમાં વસ્ત્ર પહેરાવીને ભોગ ધર્યો, તેમાં આ જણાવ્યું કે તે ક્ષત્રાણીનું મમત્વ શ્રીઆચાર્યજીની સેવામાં હતું, ભગવત્સેવા ઉપર ન હતું છતાં શ્રીઠાકુરજી ચાર સ્વરૂપે થઈ આપ જ પધાર્યા. તેથી શ્રીઆચાર્યજીની સેવા જેને છે તે વૈષ્ણવની પાસે શ્રીઠાકુરજી વિના યત્ન પોતાની મેળે પધારે છે.

એ વાત કાશીમાં શ્રીઆચાર્યજીએ જાણી ત્યારે આપ ત્યાંથી વ્રજમાં પધાર્યા. પ્રથમ અડેલ આવ્યા. પછી કડામાં પધાર્યા. કડામાં દેવાકપુર ક્ષત્રી હતા. ગદાધરના પાસે જ એમનું ઘર હતું. એક દિવસ ગદાધરદાસને ત્યાં વૈષ્ણવો મહાપ્રસાદ લેતા હતા અને ગદાધરદાસ પરોસતા હતા. આ દેવાકપુરનું ઘર કંઈક ઊંચું હતું. ત્યાંથી તેઓ જોતા હતા. ત્યારે એક વૈષ્ણવની પાસે બેસી શ્રીઠાકુરજી ભોજન કરતા હતા તેવા દર્શન થયાં. તે જોઈને દેવાકપુરને મૂર્છા આવી પછી ઘડી એકમાં સાવધાન થઈ ગદાધરદાસની પાસે આવીને દેવાકપુર કહે, બધા વૈષ્ણવો ક્યાં ગયા ? ત્યારે ગદાધરદાસે કહ્યું, મહાપ્રસાદ લઈને ઘરે ગયા. ત્યારે દેવાકપુરે કહ્યું તમારા વૈષ્ણવોની વચમાં શ્રીઠાકુરજીને ભોજન કરતા મેં જોયા અને મને મૂર્છા આવી, તેથી હવે હું દોડ્યો આવ્યો છું. હવે મને શ્રીઠાકુરજીનાં દર્શન કેવી રીતે થાય ? ત્યારે ગદાધરદાસે કહ્યું, તારાં બહુ ભાગ્ય છે કે તને દર્શન થયાં. હવે દર્શન ક્યાં ? ત્યારે દેવાકપુરે કહ્યું, કોઈ ઉપાય બતાવો, હું તમારી શરણે છું. બધો જન્મ મેં એમ જ ખોયો. ત્યારે ગદાધરદાસે કહ્યું શ્રીઆચાર્યજીની શરણે જાવ, શ્રીઆચાર્યજીની કૃપાથી વૈષ્ણવોને શ્રીઠાકુરજી મળે છે, એમની કૃપાથી તમને પણ મળશે. હવે કાશીથી પધારે છે તે બે ચાર દિવસમાં અહીં પધારશે. દેવાકપુર ત્યારથી નિત્ય ગદાધરદાસને ત્યાં આવીને પૂછે કેમ ? શ્રીઆચાર્યજી પધાર્યા ? તમને એટલી આર્તિ વધી કે ઘરનું કામ ભૂલી ગયા.

પછી બે ચાર દિવસ બાદ શ્રીઆચાર્યજી કડામાં પધાર્યા, ત્યારે દેવાકપુરે આવીને શ્રીઆચાર્યજીને દંડવત કર્યા અને વિનંતી કરી, મહારાજ ! કૃપા કરીને શરણે લો, ત્યારે ગદાધરદાસે શ્રીઆચાર્યજીને દેવાકપુરના સમાચાર કહ્યા કે આ પ્રકારે આમને વૈષ્ણવોમાં શ્રીઠાકુરજીનાં દર્શન આર્તિ થઈ છે. દેવી જીવ

છે. ત્યારે શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઈ દેવાકપુરને નામનિવેદન કરાવ્યું. પછી દેવાકપુરે વિનંતી કરી, હવે મને શી આજ્ઞા છે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે તમે પણ અમારી સાથે વ્રજમાં ચાલો. ત્યાં શ્રીઠાકુરજી તમારા માથે પધરાવી દઈશું. તમે સેવા કરજો. ત્યારે દેવાકપુરની સ્ત્રી ઘરે રહી અને દેવાકપુર સાથે ચાલ્યા.

પછી શ્રીઆચાર્યજી આગ્રે પધાર્યા. ત્યાં ગજ્જનધાવન ક્ષત્રી હતા. એમના પિતા પાસે દ્રવ્ય ઘણું હતું. ચાર બેટા હતા, તેમાં ગજ્જન નાના હતા. અને ઘરમાં ગજ્જનની માતા હતી. સ્ત્રીજનમાં બીજું કોઈ ન હતું. તે ગજ્જનના પિતાએ નાવના ઉપર ભવૈયાનો નાચ કરાવ્યો તેમાં ગજ્જન સહિત ચારે બેટા અને ગામના મેળાપી સગાંસંબંધી મળી પચાસ-સાઠ મનુષ્યો હતા. રાત્રી અડધી ગઈ એટલામાં નાવ અકસ્માતે ફાટી એટલે બધા ડૂબ્યા, ગજ્જનના હાથે એક નાવનો ટુકડો પડ્યો તે ગજ્જને પકડ્યો. તે લાકડાનો ટુકડો વહીને આગ્રાથી કોસ ચાર ઉપર આવ્યો. પછી સવાર થયું. ત્યારે ગજ્જન ઘરે આવ્યા. પોતાની માને બધા સમાચાર કહ્યા. જે ભાઈ-પિતા બધા ડૂબ્યા. ત્યારે ગજ્જનની માતા સતી થઈ, ગજ્જન હવે એકલા રહ્યા. વેંપાર કરવો છોડી દીધો. બે ચાર ઘડી શ્રીયમુનાજી ઉપર જઈ બેસે પછી પોતાના ઘરમાં બેસી રહે. બહુ કોઈથી બોલવું નહીં. મનમાં વૈરાગ્ય આવ્યો કે પિતા-ભાઈ બધા મર્યા. અમે પણ મરીશું. શું કરીએ ? ભગવાન કૃપા કરે તો સારું છે. આ પ્રકારે બધાથી ઉદાસ રહે.

અને જીયદાસ સૂરી ક્ષત્રી પણ આગ્રામાં રહેતા. તે જીયદાસ વર્ષ સાઠના થયા ત્યારે તેણે આગ્રામાં કોતવાલી લીધી. આખા આગ્રા ગામનો ન્યાય કરતા. એક દિવસ એક બ્રાહ્મણીનો અને એક શુદ્રનો ઝઘડો આવ્યો. તે બ્રાહ્મણીની પાસેથી શુદ્ર લીધું હતું તે દે નહીં ત્યારે બ્રાહ્મણી પુકારી (કોતવાલીમાં ગઈ.) ત્યારે શુદ્ર થોડા રૂપિયા જીયદાસને આપ્યા અને કહ્યું, બ્રાહ્મણીને જૂઠી કરજો, જીયદાસે બ્રાહ્મણીને લોભના વશે જૂઠી કરી અને બળજબરીથી ફારગતી લખાવી દીધી. તેથી તે બ્રાહ્મણી કલ્પાંત કરવા લાગી. પછી જીયદાસના શરીરમાં કોઢ થયો. હવે જીયદાસ દેવી છે. તેથી જ્ઞાન થયું કે મેં બ્રાહ્મણીને લોભના વશે જૂઠી કરી છે. આ કોતવાલીનું કામ બહુ ખોટું છે એમ સમજી કોતવાલી છોડી, પછી બ્રાહ્મણીને બોલાવીને કહે, માતા ! મેં લોભના વશ થઈને તમને આ પ્રકારે જૂઠી કરી છે. તેથી વ્યાજ સહિત રૂપિયા મારી પાસેથી લઈ જાવ. તમારા અપરાધથી મારી આ ગતિ થઈ છે. પછી વ્યાજ સહિત એને રૂપિયા આપ્યા અને દશ રૂપિયા બીજા પોતાની તરફથી આપ્યા ત્યારે તે બહુ આશીર્વાદ દેવા લાગી. ત્યારથી જીયદાસ પણ વૈરાગ્ય કરી શ્રીયમુનાજીના કિનારે જઈને બેસે તે ત્રીજા પ્રહરે ઘરે આવી ખાનપાન કરતા. પછી થોડાક દિવસમાં જીયદાસની દેહ સારી થઈ, કોઢ બધો જતો રહ્યો.

પછી એક દિવસ ગજ્જન શ્રીયમુનાજીના તીરે બેઠા હતા ત્યારે જીયદાસ પણ ત્યાં આવી પાસે બેઠા ત્યારે પરસ્પર વાતો કરી ત્યારે ગજ્જને પોતાની વાત બધી કહી કે અમારે પિતા-ભાઈ બધા ડૂબી મર્યા. માતા સતી થઈ. ત્યારથી વૈરાગ્ય થયો છે. ત્યારે જીયદાસે પોતાની વાત કહી કે મેં બ્રાહ્મણીનું દ્રવ્ય અન્યાય કરીને લીધું તેથી મારી દેહ બગડી. ત્યારે જ્ઞાન થયું. હવે કોઈ પ્રકારથી ભગવાનની પ્રાપ્તિ થાય તો સારું. ત્યારે ગજ્જને કહ્યું, ચાહના તો મારેય છે પરંતુ કેવી રીતે મળે ? ભગવાન તો કોઈ મોટા મહાપુરુષની કૃપા થાય તો મળે ત્યારે જીયદાસે કહ્યું કે તે તો સાચું પરંતુ અમે મહાપાપી ? અમને મહાપુરુષ ક્યાં મળે ? તેથી હવે ભગવાનનો આશ્રય કરી શ્રીયમુનાજીનો આશ્રય કર્યો છે. જે બને તે ખરું. એ પ્રકારે બન્ને જણા નિત્ય મળે અને વાતો કરે.

એમ કરતાં કડાથી શ્રીઆચાર્યજી આગ્રા પધાર્યા. આપ શ્રીયમુનાજીના તીરે સંધ્યા વંદન કરતા

હતા. એટલામાં ગજ્જન અને જીયદાસ આવ્યા. તેમને શ્રીઆચાર્યજીનાં દર્શન થયાં ત્યારે બન્નેએ વાતો કરી કહ્યું કે આ મહાપુરુષ છે. એમની શરણે જઈને પછી ગજ્જને કૃષ્ણદાસ મેઘનને પૂછ્યું કે આ કોણ છે ? ત્યારે કૃષ્ણદાસ મેઘને કહ્યું, શ્રીઆચાર્યજી છે. દક્ષિણમાં અને કાશીમાં, માયાવાદ ખંડન કરી ભક્તિમાર્ગ સ્ફૂટ કર્યો છે. ત્યારે ગજ્જને અને જીયદાસે દંડવત કર્યા અને વિનંતી કરી મહારાજ ! મને સંસાર સમુદ્રમાં ડૂબીએ છીએ અમને શરણે લઈ ઉદ્ધાર કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીયમુનાજીમાં સ્નાન કરાવીને નામનિવેદન કરાવ્યું, પછી જીયદાસે કહ્યું, **મહારાજ** ! અમારા ઘરે પધારો. ત્યારે જીયદાસના ઘરે પધારી જીયદાસના બે બેટા હતા, **પુરુષોત્તમદાસ** અને છબીલદાસ. તેમને નામ-નિવેદન કરાવ્યું. પછી ગજ્જનનું ઘર ખાલી હતું. ત્યાં પધારીને સામગ્રી કરી ભોગ ધરી ભોજન કર્યું ગજ્જન અને જીયદાસે વિનંતી કરી, મહારાજ ! હવે અમને શું આજ્ઞા છે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમારી સાથે શ્રીગોકુલ ચાલો. બન્ને જણાને શ્રીઠાકુરજી પધરાવી દઈશું. તે સેવા કરજો, ત્યારે ગજ્જન અને જીયદાસ સાથે ચાલ્યા. દેવાકપુર તો કડાથી સંગ આવ્યા જ હતા.

અને નારાયણદાસ બ્રહ્મચારી મહાવનમાં રહેતા. એમનો પિતા, મથુરામાં જઈ ક્ષત્રી પાસેથી જીવિકા લાવતો, તેનાથી નિર્વાહ થતો. એક દિવસ નારાયણદાસને સાથે લઈ તે મથુરા આવ્યો, ત્યાં એક ક્ષત્રીના ઘરે જઈ કંઈ માગ્યું. ત્યારે ક્ષત્રીએ રીસ કરીને કહ્યું કે ધિક્કાર છે બ્રાહ્મણને, નિત્ય સવાર થતાં જ તારો જન્મ માગતાં વીત્યો પરંતુ ક્યારેય પેટ ન ભરાણું. તને ક્યારેય લાજ પણ ન આવી ! એ સાંભળતાં જ નારાયણદાસને ખોટું લાગ્યું તે મહાવન ચાલી આવ્યા પિતા બીજી જગ્યાએથી માગીને મહાવન આવ્યા ત્યારે નારાયણદાસે કહ્યું, હવે મારું મુખ ન જુઓ હું તારી લાવી ભીખ આદિ કંઈ નહીં ખાઉં **ત્યારે** પિતાએ સમજાવ્યા કે આપણા બ્રાહ્મણનું એજ કર્મ છે, માગવા જઈએ ત્યાં તો અનાદર પણ **થાય અને** માગીએ નહિ તો કામ કેમ ચાલે ? ત્યારે નારાયણદાસે કહ્યું તમારું કર્મ માગવાનું છે તે માંગો, હું **તમારે** ત્યાં નહીં રહું. એમ કહીને તે તો શ્રીયમુનાજીના તીરે બ્રહ્માંડ ઘાટે જઈ બેઠા અને જે આવે તેમાં નિર્વાહ કરે. ગાયત્રી જપે કોઈથી બોલે નહીં. એમ કરતાં નારાયણદાસના પિતા-માતાની દેહ છૂટી. તે પછી ઘરમાં રહ્યા. તેમણે દ્રવ્યનો ઉપાય સાધન ઘણાં કર્યા પરંતુ દ્રવ્ય ન મળ્યું, પછી એકાદશ સ્કંધમાં અષ્ટ સિદ્ધિનું વર્ણન છે તેના પણ સાધન ઘણાં કર્યા, પરંતુ સાધન કોઈ સિદ્ધ ન થયું. તેથી હાર માની રહ્યા. એમ કરતા ચાલીસ વર્ષના થયા ત્યારે વૈરાગ્ય આવ્યો જે દ્રવ્યની પાછળ આટલા વૃથા ખોયા. હવે મથુરા જઈ ભગવાનને માટે તપ કરું, જ્યાં ધ્રુવજીએ તપ કર્યું છે. પછી ત્યાં આવીને આખો દિવસ ગાયત્રી જપે રાત્રિએ પાશેર દૂધ લે. એ પ્રકારે છ દિવસ વીત્યા.

એટલામાં શ્રીઆચાર્યજી આગ્રાથી મથુરા પધાર્યા. આપ ધ્રુવઘાટની ઉપર મધ્યાન્હની સંધ્યા કરતા હતા ત્યારે આપે નારાયણદાસની તરફ જોયું. ત્યારે નારાયણદાસના મનમાં એ આવ્યું કે એમનાં સેવક થઈએ તો શ્રીઠાકુરજી કૃપા કરે. એટલે શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! મને કૃપા કરી સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે બ્રહ્મચારી છો. પહેલાં તો દ્રવ્યને માટે બહુ ઉપાય કર્યો તે સિદ્ધ ન થયો. હવે તું શ્રીઠાકુરજીને માટે તપ કરે છે, તો પછી સેવક થવાનું કેમ કહે છે ? ત્યારે નારાયણદાસે કહ્યું, મહારાજ ! આપ પૂર્ણ પુરુષોત્તમ છો. મારા જન્મની સઘળી વાત કહી દીધી. આપની કૃપા વિના શ્રીઠાકોરજી દુર્લભ છે. હું બહુ ભટક્યો છું. આપે મારા ઉપર કૃપા દૃષ્ટિ કરી ત્યારે મારું મન સેવક થવાનું થયું. તેવી જ કૃપા કરીને હવે શરણે લો.

પછી શ્રીઆચાર્યજીએ નારાયણદાસને નામ-નિવેદન કરાવ્યું, ત્યારે નારાયણદાસે વિનંતી કરી, મહારાજ ! હવે અમારું શું કર્તવ્ય છે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમારી સાથે મહાવન ચાલો તમારે માથે શ્રીઠાકુરજી પધરાવી દઈશું, તેમની તમે સેવા કરજો. ત્યારે નારાયણદાસે કહ્યું, મારું ઘર મહાવનમાં છે ત્યાં આપ પધારો અને મારે ભત્રીજી છે તેને સેવક કરો પછી શ્રીઆચાર્યજી સાંજના શ્રીગોકુલ પધાર્યા. રાત્રિએ રહ્યા. પ્રાતઃકાળ નારાયણદાસના ઘરે મહાવન પધારીને નારાયણદાસની ભત્રીજીને નામ નિવેદન કરાવ્યું. એટલામાં મહાવનમાં તે ક્ષત્રાણીને ચારે સ્વરૂપે કહ્યું, શ્રીઆચાર્યજી નારાયણદાસના ઘરે પધાર્યા છે ત્યાં અમને લઈ ચાલો.

વાર્તાપ્રસંગ ૧ : તે એક સમય શ્રીઆચાર્યજી મહાપ્રભુ પૃથ્વી પરિક્મ્મા કરતાં મહાવન પધાર્યા, ત્યારે તે ક્ષત્રાણીને બ્રહ્માંડ ઘાટ ઉપર શ્રીયમુનાજીમાંથી ચાર સ્વરૂપો પ્રાપ્ત થયાં હતા તે ચારે સ્વરૂપો લાવીને આચાર્યજીની પાસે રાખ્યા. શ્રીઆચાર્યજીએ ચારે સ્વરૂપો ચાર વૈષ્ણવોને માથે પધરાવ્યા. શ્રીનવનીતપ્રિયાજી ગજ્જનધાવનને માથે પધરાવ્યા, શ્રીગોકુલચંદ્રમાજી નારાયણદાસના માથે પધરાવ્યા, લાડિલેશજી જીયદાસ સૂરી ક્ષત્રીના માથે પધરાવ્યા, શ્રીલલિતત્રિભંગીજી દેવાકપુરને માથે પધરાવ્યા. અને ચારે વૈષ્ણવોને શ્રીઆચાર્યજીએ કહ્યું, જે આ મારું સર્વસ્વ છે, તે તમારા માથે પધરાવ્યા છે, તો સેવા પ્રીતિથી સુંદર રીતિથી કરજો અને જ્યારે તમારી સેવા ન બને ત્યારે અમારા ઘરે પધરાવજો. પછી તે ચારેયને સેવાની રીતિ આપે બતાવી.

પછી દેવાકપુર અને જીયદાસને કહે, તમે ઠાકોરજીને ઘરે પધરાવી લઈ જાવ, ગજ્જન પછીથી આવશે. ત્યારે જીયદાસ આગ્રા પોતાના ઘરે આવ્યા અને સેવા કરવા લાગ્યા. આ બધો પ્રકાર એમની વાર્તામાં આગળ કહીશું. અને દેવાકપુર કડામાં આવ્યા તેમની સેવાનો પ્રકાર દેવાકપુરની વાર્તામાં કહીશું. નારાયણદાસને સેવાની રીતિ બતાવી. નારાયણદાસે જે રીતે સેવા કરી તે પ્રકાર નારાયણદાસની વાર્તામાં પહેલાં કહી આવ્યા છીએ.

વાર્તાપ્રસંગ ૨ : હવે શ્રીઆચાર્યજી ગજ્જનને અને શ્રીનવનીતપ્રિયાજીને સાથે લઈને શ્રીગોકુલ પધાર્યા. આપની સાથે દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ વગેરે છે. આપે શ્રીગોકુલ આવ્યા. પ્રાતઃકાલ જન્માષ્ટમી હતી તેથી શ્રીગોકુલમાં ઉત્સવ કર્યો, એક દહેડી (દહીંનું માટીનું વાસણ-મટકી) દહીંથી દધિ-કાદવ કર્યો. એક ઉપરાણામાં શ્રીનવનીતપ્રિયાજીને ઝુલાવ્યા. એક તરફ દામોદરદાસ હરસાની અને એક તરફ કૃષ્ણદાસ મેઘને પકડ્યા. ગજ્જને નૃત્ય કર્યું. શ્રીઆચાર્યજીએ પાલને ઝુલાવ્યા સાક્ષાત્ નંદરાય, યશોદાજી વ્રજભક્તો, ગોપ-ગોપી બધી નંદાલયની લીલાને પ્રગટ કરી અને તેનો અનુભવ સેવકોને કરાવ્યો. પછી ગજ્જનને શ્રીનવનીતપ્રિયાજી પધરાવી આગ્રા વિદાય કર્યા. હવે ગજ્જને આગ્રા આવી જે પ્રકારે સેવા કરી તે પ્રકાર ગજ્જનની વાર્તામાં ઉપર કહી આવ્યા છીએ.

પછી શ્રીઆચાર્યજી પૃથ્વી પરિક્મ્મા કરવા પધાર્યા. તે ક્ષત્રાણી શ્રીઆચાર્યજી એવી કૃપાપાત્ર હતી. તેને શ્રીઆચાર્યજીની સેવા ઉપર દ્રઢભાવ હતો ચાર સ્વરૂપ પ્રથમ જ પધાર્યા પરંતુ શ્રીઆચાર્યજીની સેવામાં મમત્વ રાખ્યું, એની વાર્તા ગૂઢ છે, તેનો બહુ પ્રકાશ કર્યો નથી. ॥ વાર્તા ૧૫ ॥

॥ વાર્તા ૧૬ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક જીયદાસ સૂરી ક્ષત્રી, આગ્રામાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : જીયદાસ લીલામાં શ્રીયમુનાજીની સખી છે, શ્યામા એનું નામ છે. તે શ્યામાની પાંચ સખી છે, તેના નામ કહીએ છીએ. કાવેરી સખી અહીં પુરુષોત્તમદાસ થયા. મનોહર સખી તે અહીં છબીલદાસ થયા. હીરા સખી તે અહીં કૃષ્ણદાસ થયા, છબીધામા સખી અહીં હરજી થયા અને મંજુકી સખી તે અહીં મથુરામલ્લ થયા. હવે છએ જણ જે પ્રકારે શ્રીલાડલેશજીની સેવા કરી અને લીલામાં પ્રાપ્ત થયા તે પ્રકાર કહે છે.

વાર્તાપ્રસંગ ૧ : હવે જીયદાસ સૂરી ક્ષત્રીના માથે શ્રીઆચાર્યજીએ શ્રીમાડલેશજી પધરાવ્યા, તે આગ્રા આવ્યા. પ્રાત:કાલથી સાયંકાલ સુધી સેવા મન લગાડીને તનુજા-વિત્તજા માનસી સેવા કરી પછી અનોસર કરતાં વિરહ એવો થયો કે દેહ છૂટી ગયો. આ પ્રકારે શ્રીલાડલેશજીએ ફક્ત ચાર પ્રહર જીયદાસ પાસે સેવા કરાવી.

ભાવપ્રકાશ : કેમ કે જીયદાસ ઉત્તમ અધિકારી છે, લીલામાં તેઓ મગન થઈ ગયા. લૌકિક વૈદિક કંઈ ન જોયું.

પછી જીયદાસના બે દીકરા હતા. પુરુષોત્તમદાસ અને છબીલદાસ, એમણે કેટલાક દિવસ સેવા કરી. આ બે ભાઈને સંતતિ ન થઈ.

ભાવપ્રકાશ : કેમ કે જીયદાસનો દેહ છૂટ્યા પછી બન્ને ભાઈઓએ લૌકિકમાં વ્યવહાર છોડીને શ્રીઠાકુરજીમાં મન લગાડી સેવા કરી.

પછી જ્યારે જાણ્યું કે હવે દેહ છૂટશે ત્યારે એ બે ભાઈના મામા કૃષ્ણદાસ ચોપડા ક્ષત્રી હતા તેમના માથે શ્રીલાડલેશજીને પધરાવ્યા તે કૃષ્ણદાસ ચોપડાએ કેટલાક દિવસ સારી રીતે સેવા કરી. પછી એક સમય મહામારી (મહામૃત્યુ, કોલેરા)નો રોગ આવ્યો ત્યારે કૃષ્ણદાસના બધા કુટુંબનું મરણ થયું કૃષ્ણદાસ પોતે એકલા રહ્યા.

ભાવપ્રકાશ : કેમ કે કુટુંબ દેવી ન હતું તેથી કોઈ સેવક ન થયા, અને દ્રવ્ય જેટલું દેવી હતું તેટલું શ્રીઠાકોરજીએ અંગીકાર કર્યું. પછી આસુરી રહ્યું તે આગ્રામાં પઠાણે આવીને ગામ લૂટ્યું તેમાં ગયું. સૌને માર્યા ફક્ત કૃષ્ણદાસ અને શ્રીલાડલેશજી રહ્યા હતા. એમનું દ્રવ્ય બધું લૂંટાઈ ગયું.

ત્યારે કૃષ્ણદાસના એક મિત્ર હરજી મથુરામલ્લા હતા, તે શ્રીઆચાર્યજીના સેવક હતા. તેમના ઘરે કૃષ્ણદાસ જઈને રહ્યા. તે મથુરામલ્લે ત્રણ દિવસ સુધી સેવા કરી દેહ છોડ્યો, ભગવત્પ્રાપ્તિ થઈ, પછી હરજી અને કૃષ્ણદાસે મળીને સેવા કરી. પછી કૃષ્ણદાસ પણ લીલામાં પ્રાપ્ત થયા. પછી હરજીએ દોઢ વર્ષ સુધી શ્રીલાડલેશજીની સેવા કરી પછી આપ શ્રીગુસાંઈજીના ઘરે શ્રીગોકુલ પધાર્યા તે જીયદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. એમની વાર્તાનો પાર નહીં, તે ક્યાં સુધી કહીએ ?

ભાવપ્રકાશ : પછી હરજીનો દેહ બગડી. તેથી મોટા શ્રી ગિરિધરજીના લાલજી શ્રીદામોદરજી, શ્રી મુરલીધરજી, શ્રી ગોપીનાથજી એમના ઘરે શ્રી ગોકુલમાં શ્રી ઠાકુરજીને બધી સામગ્રી વસ્ત્ર-આભૂષણ સહિત પધરાવી, વિરહ કરી દેહ છોડ્યો. તેથી એ છએ શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીય હતા. લીલા સંબંધી હતા. તે એક જન્મમાં પ્રભુને પામ્યા. ॥ વાર્તા ૧૬॥

॥ વાર્તા ૧૭ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક દેવાકપુર ક્ષત્રી કડામાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : દેવાકપુર અને દેવાકપુરની સ્ત્રી બન્ને શ્રીયશોદાજીની સખી છે દેવાકપુરનું નામ પ્રવીણા લીલામાં છે અને દેવાકપુરની સ્ત્રીનું નામ લીલામાં રસલીના છે.

વાર્તાપ્રસંગ ૧ : તે દેવાકપુરના માથે શ્રીઆચાર્યજીએ શ્રીલલિતત્રિભંગીજીની સેવા પધરાવી. તેમણે સ્ત્રી સહિત બહુ દિવસ પર્યંત શ્રીલલિતત્રિભંગીજીની સેવા કરી. પછી દેવાકપુરનો દેહ છૂટ્યો, પછી દેવાકપુરની સ્ત્રીએ બહુ દિવસ સેવા કરી. કેટલાક દિવસ પછી દેવાકપુરની સ્ત્રીનો દેહ છૂટ્યો ત્યારે એનાં સગાંસંબંધીઓએ એનો અગ્નિ-સંસ્કાર કર્યો. તે પછી ઘરે આવી મંદિરનાં કમાડ ખોલીને પુત્રોએ જોયું, તો સઘળી સામગ્રી જેમની તેમ સ્થિત છે પણ શ્રીઠાકુરજી નથી, શય્યા ખાલી પડી છે. શ્રીઠાકુરજી અંતર્ધ્યાન થયા તે કોઈથી જાણ્યું ન ગયું. દેવાકપુરના ચાર દીકરા હતા. પરંતુ શ્રીઠાકુરજીએ એમની પાસે સેવા ન કરાવી.

ભાવપ્રકાશ : કેમ કે યદ્યપિ તે સર્વેએ નામ શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજીના મોટા ભાઈ પાસે પામ્યું હતું, પરંતુ તેઓ લૌકિક વૈદિક કાર્યમાં આસક્ત હતા તેથી શ્રીઠાકુરજીએ સેવા ન કરાવી. વળી શ્રીગોપીનાથજીએ જેમને નામ દીધું તે મર્યાદામાર્ગીય થયા એ બલદેવજી મર્યાદા રૂપ છે. અને શ્રીલલિતત્રિભંગીજી શ્રીઆચાર્યજીના સેવ્ય પુષ્ટિ પુરુષોત્તમ છે, તે સંબંધ કેમ બને ? અને ચાર પુત્રોની આગળ વૈષ્ણવોને સેવા કેવી રીતે મળે ? તેથી શ્રીઠાકુરજી અંતર્ધ્યાન થઈ ગયા. પછી સિંહનદમાં એક શ્રીગુસાંઈજીની સેવકની બ્રાહ્મણી હતી તેને ઘરે પ્રગટ થઈ બધી વાત તે બ્રાહ્મણીને કહી. ગોપ્ય રીતિથી ઘણા દિવસ સુધી તેની પાસે સેવા કરાવી. તે પ્રકારે શ્રીગુસાંઈજીની વાર્તાના ભાવમાં લખેલ છે, (જે પ્રકારે શ્રીગુસાંઈજીના કુલમાં પધાર્યા તે પ્રકાર લખ્યો છે.)

તે દેવાકપુર અને દેવાકપુરની સ્ત્રી મહાન ભગવદીય હતાં. તેથી તેમની વાર્તા ક્યાં સુધી કહીએ ?

ભાવપ્રકાશ : એમની વાર્તામાં આ સિદ્ધાંત કે દેવી જીવ વિના શ્રીઠાકુરજીમાં સ્નેહ ન હોય અને શ્રીઠાકુરજી સેવા પણ ન કરાવે. ॥ વાર્તા ૧૭ ॥

॥ વાર્તા ૧૮ ॥

હવે શ્રીઆચાર્યજીના મહાપ્રભુના સેવક દિનકર શેઠ ક્ષત્રી, પ્રયાગમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ દિનકર શેઠ લીલામાં ભગવદ્‌સંબંધિની સખી શ્રીઠાકુરજીની છે. એને શ્રીસ્વામિનીજીથી બહુ પ્રીતિ છે. શ્રીઠાકુરજીની વાર્તા બધી પૂછતી શ્રીસ્વામિનીજી એને બધી પોતાની પ્રીતિની વાત કહેતાં. લીલામાં એનું નામ 'મનઆતુરી' છે. સદા શ્રીસ્વામિનીજીની વાર્તા સાંભળી શ્રીઠાકુરજીને કહેતી. બન્નેની વાર્તા સાંભળવામાં મન ખૂબ જ આતુર રહી ન શકે. વાર્તા સાંભળવાનું વ્યસન હતું. તેથી શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજીને પરમપ્રિય છે.

તે દિનકર શેઠ પ્રયાગમાં એક મોટો દ્રવ્યપાત્ર ક્ષત્રી હતો તેના ઘરે જન્મ્યા. તે પાંચ વર્ષના થયા તે દિવસથી શ્રીઠાકુરજીની કથા-વાર્તા જ્યાં થાય, તે સાંભળવામાં એમનું મન લાગ્યું. પછી વર્ષ દશ-બારના થયા, ત્યારે ઘરેણાં, કપડાં પોતાનાં તથા ઘરમાં જે હાથ લાગે તે કથા કહેવાવાળાને દઈ આવે. તેથી એમનાં મા-બાપ તથા ત્રણ ભાઈ હતા, તે બધા દિનકર શેઠને ચોર કહેતા. ઘરમાં એનો વિશ્વાસ ન કરતા. એક સમય દિનકર શેઠના મોટા ભાઈનું લગ્ન હતું તેથી એને પણ સુંદર જરીનો વાઘો, (વસ્ત્ર) ચીરો (લહેરિયાદાર પાઘ) વગેરે આભૂષણો પહેરાવ્યા. ઘોડા ઉપર ચડાવ્યા અને જાનમાં લઈ ચાલ્યા.

ત્યારે દિનકર શેઠના મનમાં આવ્યું કે આજ જો ભાગવાનો મોકો પડે તો આ બધું કથા કહેવાવાળાને આપી આવું. પછી જ્યારે જાન છોકરીવાળાના દ્વારે ગઈ ત્યારે બધા કુટુંબીજનો લગ્નના કાર્યમાં લાગ્યા. ત્યારે દિનકર શેઠ ભાગીને દશ-પાંચ કથા કહેવાવાળાના ઘરે જઈ તેમને બધાં આભૂષણ-વસ્ત્ર વહેંચી આપ્યાં અને કહ્યું કે અમારા ભાઈ, પિતા, કુટુંબી કોઈને કહેશો નહીં. પછી દિનકર શેઠ ધોતી પહેરી ઘરમાં આવી બેઠા. ત્યારે માતાએ પૂછ્યું, આભૂષણ વસ્ત્ર ક્યાં છે ?

પછી પિતાએ ખોળતા ખોળતા આવીને દિનકર શેઠને બહુ માર્યા. ત્રણ દિવસ સુધી કોઠામાં પૂરી રાખ્યા પરંતુ દિનકર શેઠ બોલ્યા નહીં. કંઈ ન બતાવ્યું ત્યારે પિતા-ભાઈ હાર માનીને બેસી રહ્યા. દિનકર શેઠ આખો દિવસ કથા વાર્તા સાંભળે. જ્યાં જાય ત્યાં શ્રોતા અને વક્તા એમને શેઠ કહે, એમની વડાઈ કરે. અને લોકોમાં, જ્ઞાતિમાં અને કુટુંબીઓમાં એને ચોર કહે, તે પ્રમાણે દિનકર શેઠ કહેવાયા. હંમેશાં સાંજે ઘરે આવે ત્યારે બાપ ખાવાનું દે તે ખાય, જેવું પહેરવાનું દે તેવું પહેરે. સાંજે એક વખત ખાય. કથા કહેવાવાળાના ઘરે કે કોઈ જગે પહેરવાનું દે તેવું પહેરે. સાંજે એક વખત ખાય. કથા કહેવાવાળાના ઘરે કે કોઈ જગે જાગરણ હોય, ભગવદ્‌વાર્તા હોય તો ત્યાં જ સૂઈ રહેતા. માતાપિતા ઘરમાં રહેવા ન દે, કેમ કે વસ્તુ નજરે પડશે તો ચુકાવીને લઈ જશે. તેથી જ્ઞાતિમાં તેઓ ચોર કહેવાયા. તેથી એમનું લગ્ન ન થયું.

એમ કરતાં માતા-પિતા રહ્યા ત્યાં સુધી ખાનપાનનું ચાલ્યું. માતાપિતા મર્યા ત્યારે ભાઈથી ન બને ! એટલે દિનકર શેઠે વિચાર્યું, હવે આ ગામ છોડીએ તો સારું. પછી પ્રાતઃકાલ ત્રિવેણી ન્હાવાને ઘાટ ઉપર દિનકર શેઠ આવ્યા. અહીં શ્રીઆચાર્યજીએ અડેલથી કૃષ્ણદાસ મેઘનને કહ્યું કે શહેરમાંથી ખાંડ બે-ચાર રૂપિયાની લઈ આવો. તેથી કૃષ્ણદાસ મેઘન ત્રિવેણીમાં આવ્યા. તેઓ સ્નાન કરતા હતા ત્યારે દિનકર શેઠે કૃષ્ણદાસજીને કહ્યું, તમે કોણ છો ! ત્યારે કૃષ્ણદાસે પૂછ્યું, તમે કોણ છો ! અમને પૂછો છો તે તમારે કંઈ કામ છે ? ત્યારે દિનકર શેઠે કહ્યું, આ ગામ છોડવું છે, તેથી તમને પરદેશી જાણીને પૂછ્યું કોઈ ભગવદ્‌વાર્તા કથા આવડતી હોય તો હું એમની સાથે જઉં. મારા ઘરમાં દ્રવ્ય ઘણું છે. માતાપિતા હતા ત્યાં સુધી નિર્વાહ થયો, હવે ત્રણ ભાઈ છે તે મને ચોર કહી ખોટાં વચન કહે છે. મારું લગ્ન થયું નથી તે ઠાકુરે સારું કર્યું. ત્યારે કૃષ્ણદાસ તેમને દૈવી જાણીને કહે, 'તમારે કથા સાંભળવાનું વ્યસન છે તો અડેલમાં શ્રીઆચાર્યજીના શ્રીમુખની કથા તો એક દિવસ સાંભળો.' પછી જ્યાં મન હોય ત્યાં જજો.

દિનકર શેઠ એટલું સાંભળીને તુર્ત જ ત્યાંથી નાવ ઉપર ચઢી અડેલ આવ્યા. તે સમયે શ્રીઆચાર્યજી પોઢીને જાગ્યા હતા. પ્રહર સવા દિવસ પાછલો હતો ત્યારે દિનકર શેઠે દંડવત્ કર્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, આવો દિનકર શેઠ ! બેસો, કથા સાંભળો. પછી પોતે દશમસ્કંધમાં 'ભ્રમર ગીત'નું વ્યાખ્યાન કર્યું. તે સાંભળી દિનકરદાસની આંખોમાંથી આંસુનો પ્રવાહ વહ્યો. મનમાં કહે, હાય, આટલા દિવસ મારા વૃથા ગયા. હવે તો એમની શરણે જઈ સદા એમની પાસે રહી કથામૃતનું પાન કરું. પછી કથા થઈ ચૂકી ત્યારે દિનકર શેઠે વિનંતી કરી, મહારાજ ! મને કૃપા કરીને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું તમે કથા તો સાંભળી પરંતુ હજુ સુધી સેવક કેમ નહીં થયા ? તમને મોટા મોટા પંડિત-સ્વામી મળ્યા, તેમના સેવક કેમ નહીં થયા ? ત્યારે દિનકર શેઠે કહ્યું, મહારાજ ! જેટલા સ્વામી પંડિત મળ્યા તેટલા દ્રવ્યથી સંગી મળ્યા. જ્યાં સુધી ભેટ કરી ત્યાં સુધી પ્રીતિ બહુ જ કરતા. હવે કોઈ મારાથી બોલતું નથી ! આપ સાક્ષાત્ ભગવાન છો, હું કોઈ બીજા દેશમાં જતો તો મારો જન્મ બગડતો.

હવે મારો ઉદ્ધાર કરો, મારે કોઈ લૌકિક પ્રતિબંધ નથી, ત્યારે શ્રીઆચાર્યજી કહે શ્રી યમુનાજીમાં બ કપડાં સહિત ન્હાઈ આવો. ત્યારે દિનકર શેઠ ન્હાઈ આવ્યા. એટલે શ્રીઆચાર્યજીએ નામ-નિવેદ કરાવ્યું. પછી આપ કહે ભગવત્સેવા કરો. ત્યારે દિનકર શેઠે કહ્યું, મહારાજ ! આપ તો અંતઃકરણી જાણ છો. હું તો આપના મુખથી કથા સાંભળીશ. એમાં બધી સેવા છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે ભલે, અમા સાથે રહો. દિનકર શેઠ પાસે સો રૂપિયા હતા તેમાંથી પચાસ શ્રીઆચાર્યજીની ભેટના ધર્યા, અને પચા રહ્યા તેમાં નિત્ય અંગાખરી-દાળ કરતા અને નિર્વાહ કરતા.

વાર્તાપ્રસંગ ૧ : તે દિનકરદાસની કથા ઉપર બહુ જ આસક્તિ હતી. શ્રીઆચાર્યજી મહાપ્ર આપ નિત્ય અડેલમાં કથા કહેતા, હવે એક દિવસ દિનકર શેઠ શ્રીયમુનાજીના તીરે રસોઈ કરવાને ગયા ત્યાં ન્હાઈને ચુન બાંધી અંગાખરી વાણીને પાતળ ઉપર ધરી અને તે શેકવા માટે છાણાં ચેતાવ્યા. તે જ સમયે શ્રીઆચાર્યજીનો એક જલધરીયો જલ ભરવા આવ્યો. તેને દિનકરદાસે પૂછ્યું કે શ્રીઆચાર્યજ મહાપ્રભુજી પોતે શું કરે છે ? ત્યારે જલધરીયાએ કહ્યું, શ્રીઆચાર્યજીએ પોથી ખોલી છે, હવે કથા કહેશે ત્યારે દિનકર શેઠે એ જલધરીઆનાં વચન સાંભળતાં જ કાચી લીટી ખાઈને જલપાન કર્યું, શેકી નહીં. અને તરત જ આવીને કથા સાંભળી, પછી શ્રીઆચાર્યજી કથા કહી ચૂક્યા ત્યારે જલધરીયાએ શ્રીઆચાર્યજીને કહ્યું મહારાજ ! દિનકર શેઠ કાચી અંગાખરી, વિના શેકેલી ખાઈને આવ્યા છે.' શ્રીઆચાર્યજીએ દિનકર શેઠને પૂછ્યું કે વિના શેકી અંગાખરી કેમ ખાધી ? ત્યારે દિનકર શેઠ બોલ્યા, મહારાજ ! અંગાખરી તો નિત્ય શેકીને લઈશ પરંતુ આપના મુખથી કથામૃત ક્યારે સાંભળીશ ? જો અંગાખરી શેકતો, તો આ અમૃત કેવી રીતે મળતું ? ત્યારે શ્રીઆચાર્યજી બહુ પ્રસન્ન થઈને કહે, આજ પછી રસોઈ સિદ્ધ કરી ભોગ ધરીને મહાપ્રસાદ લઈને આવજો. જ્યારે તમો આવશો ત્યારે કથા કહીશ, તમારા આવ્યા વિના કથા નહીં કહું. આજથી મુખ્ય કથાના શ્રોતા તમે છો. તે પછી દિનકર શેઠ પણ જલદી રસોઈ કરતા, કેમ જે પોતાના માટે શ્રી આચાર્યજી બેસી રહે તે ઠીક નહીં અને કોઈ દિવસ રંચક વાર પણ થાય તો દિનકર શેઠ આવે ત્યારે પોતે કથા કહેતા.

ભાવપ્રકાશ : આમાં એ સિદ્ધાંત થયો કે કાચી અંગાખરી અસમર્પિત ખાધાનો મહાદોષ છે. પરંતુ શ્રીઆચાર્યજીની કથામાં દ્રઢ સ્નેહ છે, તેને માટે લીધી તેથી બાધક નહીં, અને શ્રીમહાપ્રભુજી પણ પ્રસન્ન થયા. તેથી શ્રીઆચાર્યજીમાં દૃઢ સ્નેહ હોય તેને કોઈ દોષ બાધક ન થાય એ જણાવ્યું.

પછી જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી શ્રીઆચાર્યજીના મુખની કથા સાંભળી રાત્રિદિવસ લીલાની ભાવનામાં મગન રહેતા. લીલામાં પણ શ્રી સ્વામિનીજી જેમ એમનાથી બધી વાર્તા કરતા તે જ પ્રમાણે શ્રીઆચાર્યજીએ પણ કથા સંભળાવી પોતાના સ્વરૂપનો અનુભવ જણાવ્યો દિનકર શેઠ એવા ભગવદીય હતા. તેમની વાર્તાનો પાર નથી.

ભાવપ્રકાશ : એમની વાર્તામાં એ સિદ્ધાંત વૈષ્ણવોને જણાવ્યો કે કથા સાંભળવાનું મન હોય તો પહેલાં જલદી રસોઈ કરી શ્રીઠાકુરજીને પહોંચીને જઈએ. શ્રીઆચાર્યજી 'ભક્તિવર્ધ્ધની'માં કેહ છે કે 'સેવાયાં વા કથાયાં વા, યસ્યાસક્તિર્દ્રઢા ભવેત્' પ્રથમ સેવા છે, પછી કથા છે. બન્ને વડે પ્રભુમાં સર્વોપરી આસક્તિ દિનકર શેઠની થઈ, જે વડે તેમની લીલામાં પ્રાપ્તિ થઈ. ॥ વાર્તા ૧૮ ॥

॥ વાર્તા ૧૯ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, દિનકરદાસ મુકુન્દદાસ સહનિયા કાયસ્થ, માળવા

દેશમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ લીલામાં નંદરાયજીના ભાઈ હતા. દિનકરદાસ તો 'ધરાનન્દ' છે અને મુકુન્દદાસ 'ધ્રુવનંદ' છે. તે માળવામાં એક કાયસ્થને ત્યાં જન્મ્યા. એમના પિતા ઉજ્જૈનમાં હાકેમ પાસે રહેતા. એક દિવસ હાકેમથી બોલાચાલી થઈ ગઈ. ત્યારે દિનકરદાસ મુકુન્દદાસનો પિતા ચાકરી છોડી ઘરે ચાલ્યો આવ્યો, અને દિવસ દશ પાંચમા દેહ છોડી બન્ને ભાઈ વરસ દશ બારના થયા. ઘરમાં દ્રવ્યનો સંકોચ થવાથી ઘરેથી નીકળીને કાશી ગયા ત્યાં દ્રવ્ય ઘણું કમાયા. પછી બન્ને જણ ઘરે આવવા રવાના થયા, તેઓ કાશીથી ગાઉ એક આવ્યા ત્યારે એક સર્પ નીકળ્યો. તે મુકુન્દદાસને કાટીને દરમાં ઘસી ગયો. તેનું વિષ ચઢ્યું. ત્યારે દિનકરદાસ તેને કાશીમાં ઉઠાવી લાવ્યા. પછી ઝાડવાવાળાએ (ઉતારવા વાળાએ) યત્ન કર્યા પરંતુ વિષ ઊતરે નહિં, ત્યારે દિનકરદાસે પોકારીને રૂદન કર્યું.

શ્રીઆચાર્યજી ત્યારે કાશીમાં શેઠ પુરુષોત્તમદાસને ઘરે બિરાજતા હતા અને કૃષ્ણદાસ બજારમાં કંઈ કામ માટે આવ્યા હતા. તે કૃષ્ણદાસે દિનકરદાસનું રૂદન સાંભળ્યું. ભગવદીયનું હૃદય કોમળ તેંથી પૂછ્યું, આવું દુઃખ તમે કેમ કરો છો ? ત્યારે દિનકરદાસે કહ્યું, પહેલાં દ્રવ્યના દુઃખથી ઘરથી નીકળી અહીં આવ્યા, દ્રવ્ય કમાયા. હવે ઘરે જતા હતા તે અમારા ભાઈને સર્પ કાટ્યો. બહુ યત્ન કર્યો પરંતુ વિષ ઊતર્યું નહીં. હવે અમે પણ કાશીમાં ડૂબી મરીશું. ઘરે જઈ શું કરીએ ? ત્યારે કૃષ્ણદાસને દયા આવી. વળી દેવી જીવ જાણ્યા, તેથી શ્રીઆચાર્યજીનું ચરણામૃત પાસે હતું તે મુકુંદદાસને પાણીમાં ઘોળીને પીવડાવ્યું. એટલે તત્કાલ વિષ ઊતરી ગયું, મુકુંદદાસ ઊઠીને બેઠા થયા. ચરણામૃતથી બુદ્ધિ નિર્મલ થઈ ગઈ.

પછી મુકુંદદાસે કૃષ્ણદાસને ભગવદસ્મરણ કરી દંડવત્ કર્યા અને પૂછ્યું કે શ્રીઆચાર્યજી કયાં બિરાજે છે ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું, તમે અમને દંડવત કેમ કર્યા ? ત્યારે મુકુંદદાસે કહ્યું તમારા હૃદયમાં શ્રીઆચાર્યજીએ બિરાજીને મારા ઉપર કૃપા કરી. અમે તો સંસારસમુદ્રમાં પડ્યા હતા, તેથી શ્રીઆચાર્યજીને પણ ન જાણ્યા અને તમને પણ ન જાણ્યા પરંતુ તમે કૃપા કરીને બનાવ્યા તેથી ભગવદીયને દંડવત કરવામાં બાધક નથી. ત્યારે કૃષ્ણદાસે કહ્યું, આ ચરણામૃતની વાત શ્રીઆચાર્યજીને ન કહેતા, નહીં તો મારા ઉપર ખીજશે. અને ગામમાં યે કોઈને નહીં કહેતા, અમને બધા આવીને દુઃખ દેશે, ત્યારે અહીં રહેવું કઠણ પડશે. પછી મુકુંદદાસે કૃષ્ણદાસને પૂછ્યું કે શ્રીઆચાર્યજી કયાં બિરાજે છે ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે શ્રીઆચાર્યજી શેઠ પુરુષોત્તમદાસને ત્યાં બિરાજે છે. એમ કહી કૃષ્ણદાસ તો કાર્ય માટે ગયા.

પછી મુકુંદદાસે કહ્યું, ભાઈ ! શ્રીઆચાર્યજીના શરણે ચાલો, ત્યારે દિનકરદાસે કહ્યું, શ્રીઆચાર્યજી કોણ છે ? ત્યારે મુકુંદદાસે કહ્યું, સાક્ષાત્ ભગવાન છે. મને એમનાં ચરણામૃત મળવાથી જ્ઞાન્ન થયું. તમે પણ જ્યારે ચરણામૃત લેશો ત્યારે શ્રીઆચાર્યજીના સ્વરૂપને જાણશો. તેથી જલદી ચાલો, ઢાલ ન કરો, ત્યારે બન્ને ભાઈએ આવી શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! અમે મહા અપરાધી છીએ. સંસારના દુઃખસુખમાં પડ્યા છીએ, અમારો ઉદ્ધાર કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે તમે કાયસ્થ છો. તે આ પુષ્ટિમાર્ગ કેવી રીતે સધાશે ? ત્યારે મુકુંદદાસે કહ્યું, મહારાજ ! આપની કૃપાથી બધું સધાશે. આપની કૃપા શુદ્ર, ચાંડાલ ઉપર હોય તો તેનાથી પણ બધું સધાય, અને આપની કૃપા મોટા બ્રાહ્મણ ઉપર ન હોય તો એનાથી પણ ન સધાય. તેથી આપ અમારા ઉપર કૃપા કરી શરણે લો. શરણના પ્રતાપથી

અમારું કલ્યાણ થશે. ત્યારે શ્રીઆચાર્યજી પ્રસન્ન થઈને કહે, અમે જાણ્યું જે આ કૃષ્ણદાસ મેઘનનું કામ છે.

પછી દિનકરદાસ અને મુકુંદદાસને ન્હવડાવીને નામ નિવેદન કરાવ્યું. પછી તેઓ કેટલાક દિવસ શ્રીઆચાર્યજીની પાસે રહીને માર્ગની રીતિ શીખ્યા. પછી વિનંતી કરી, મહારાજ ! આજ્ઞા હોય તો ઘેર જઈએ. અમને હવે શું કર્તવ્ય છે ? ત્યારે શ્રીઆચાર્યજીએ બ્રહ્મસંબંધની પત્રી લખીને હસ્તાક્ષર દીધા, અને કહ્યું આની સેવા કરજો. જે કંઈ ખાનપાન કરો તે આને ભોગ ધરીને લેજો. પછી બન્ને ભાઈ વિદાય થઈને માળવામાં પોતાના ઘરે આવ્યા. પોતે રસોઈ કરી ભોગ ધરી સ્ત્રીજનને અલગ ધરી દે, કેમકે દેવી નથી. શ્રીઆચાર્યજીનાં સેવક થવાનું મન નથી. પછી મુકુંદદાસને શ્રીઆચાર્યજીનું ચરણામૃત મળ્યું, તેથી બધાં શાસ્ત્રો, વેદ-પુરાણ વગેરે કંઠગ્ર થયાં.

વાર્તાપ્રસંગ ૧ : તે મુકુંદદાસ કવિતા બહુ સુંદર કરતા. શ્રીઆચાર્યજી શ્રીગુસાંઈજી અને શ્રીઠાકુરજીનાં, એક સરખા કરતા. વળી મુકુંદદાસે એક મુકુંદસાગર ગ્રંથ વ્રજભાષામાં કર્યો છે. તેમાં શ્રીભાગવત દ્વાદશ સ્કંધ પર્યંતનો અર્થ ધરી દીધો છે. પછી મુકુંદદાસ એક સમય ઉજ્જૈનના કારકુન થઈને ગયા. ત્યારે ઉજ્જૈનના બ્રાહ્મણ પંડિત બધા આવીને તેમને મળ્યા, અને કહ્યું અમે તમને શ્રીભાગવત સંભળાવીએ. ત્યારે મુકુંદદાસે કહ્યું, નવરાશ નથી, નવરાશ હશે ત્યારે સાંભળીશું.

ભાવપ્રકાશ : એનું કારણ એ કે શ્રીઆચાર્યજીના સુબોધિની આદિ જે ગ્રંથો છે તેની આગળ તમારી કથા સાંભળવાની નવરાશ ક્યાં ? બ્રાહ્મણનું મન ઉદાસ ન થાય તેથી કહે નવરાશ હશે ત્યારે સાંભળીશું.

પછી તે બ્રાહ્મણ બીજે ચોથે દિવસ મુકુંદદાસને પૂછે કે જ્યારે કહેશો ત્યારે શ્રીભાગવત સંભળાવીશ એમ કરતાં ઘણા દિવસો વીત્યા, પછી એક દિવસ મુકુંદદાસ ચોપડ રમતા હતા તે એ પંડિતે જોયું. ત્યારે વિચાર્યું કે આજે વાત કહેવાનો દાવ મળ્યો છે. એટલામાં ચોપડ રમી ચૂક્યા ત્યારે પંડિતે કહ્યું, તમે કહો તો શ્રીભાગવત તમને સંભળાવ્યું. ત્યારે મુકુંદદાસે કહ્યું નવરાશ હશે ત્યારે સાંભળીશું, ત્યારે પંડિતે કહ્યું, ચોપડ રમવાની નવરાશ છે અને શ્રીભાગવત સાંભળવાને માટે કહો છો કે નવરાશ હશે ત્યારે સાંભળીશું, એનું કારણ શું ? ત્યારે મુકુંદદાસે વિચાર્યું. બ્રાહ્મણે તો પ્રતિ ઉત્તર જબરો આપ્યો. હવે આપણે તેને જવાબ દેવો, ત્યારે મુકુંદદાસે કહ્યું, અમારું શ્રીભાગવત જાણે છે ? ત્યારે પંડિતે કહ્યું, તમારું ભાગવત શું જુદું છે ? ત્યારે એમણે કહ્યું, અમારું શ્રીભાગવત જુદું છે. ત્યારે પંડિતે કહ્યું, તમે જ તમારું ભાગવત સંભળવો. એટલે મુકુંદદાસે કહ્યું, કોઈ સમય મેળવીને સંભળાવી દઈશું. એ પ્રકારે કહીને ટાળ્યા. પરંતુ તે માર્ગીય બ્રાહ્મણ ન હતો તેથી તેના મુખની કથા ના સાંભળી.

ભાવપ્રકાશ : 'છાસઠ અપરાધ'માં લખ્યું છે કે અવૈષ્ણવોના મુખથી શ્રીભાગવત શ્રવણં, વૃક્ષ જન્મ ત્રયં, ઇત્યાદિ બીજાના મુખથી સાંભળે તો પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને દોષ લાગે, જીવને આ વાતનો બહુ સંદેહ છે, કેમકે ભગવન્નામમાં તો બધાનો અધિકાર છે. શુદ્રાદિ, ચાંડાલ પર્યંત અધિકાર છે. જે કહે-સાંભળે તે બધાનું કલ્યાણ થાય. શ્રીભાગવતમાં પણ અજામિલ આદિ પવિત્ર થયા છે એ બધું મહાત્મ્ય જગતમાં પ્રસિદ્ધ છે. અને પુષ્ટિમાર્ગમાં ભગવદ્નામ, કીર્તન અગર શ્રીભાગવત અન્યમાર્ગીયથી સાંભળવાનું કેમ નહીં ? ભગવદનામ સાંભળવાથી દોષ કેમ ? આ સંદેહ બહુ ગૂઢ છે. ત્યાં કહે છે કે મર્યાદામાર્ગમાં તો મુક્તિ ફલ છે, અને પુષ્ટિમાર્ગમાં એકાંગી પુષ્ટિભક્તિ તે ફળ છે અને ભક્તિ તો શ્રીઆચાર્યજીના આશ્રયથી થાય. તેમાં આશ્રય અને અન્યાશ્રયનો ભેદ બતાવે છે. આપણું હૃદય તે કમલ

છે ત્યાં આશ્રય, પ્રેમ વગેરે બધા ધર્મો આવે, અને ભગવાનને બિરાજવાનું પણ તે જ ઠેકાણું છે. હૃદયમાં શ્રીઆચાર્યજી સંબંધી આનંદ સર્વ પ્રકારથી પ્રવેશ કરે તો આશ્રય સિદ્ધ થાય છે. વળી હૃદયમાં રસ-આનંદને જવાના આટલા પ્રકાર (દ્વાર) છે. એક તો નેત્ર, તેનાથી સુંદર કોઈ વસ્તુને જોઈને હૃદયમાં આનંદ થાય. તેથી શ્રીઆચાર્યજી સંબંધી ઠાકુરના દર્શન કરીને જ સુખ પામવું. બીજી જગાએ દર્શન તથા લૌકિક વૈદિક કંઈ સંસાર સંબંધી સુંદર વસ્તુ જોઈને શ્રીઆચાર્યજીના સંબંધ વિનામાં આનંદ આવે તો પણ અન્યાશ્રય છે. નેત્રનો આ અન્યાશ્રય મહાદોષરૂપ છે.

બીજું શ્રવણ દ્વારા દુઃખ સુખનો રસ હૃદયમાં જાય, છે, તેથી જેના મુખથી સાંભળીએ તેના જુઠણનો રસ કર્ણ દ્વારા હૃદયમાં જાય તેથી જ્યાં દાસભાવ રાખીએ તેમના જ મુખથી સાંભળવું દાસભાવ છો વલ્લભકુળમાં કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવમાં હોય, તેથી તેમના મુખથી સાંભળવું કે જેથી હૃદયમાં ધર્મ દઢ થાય. બીજાના મુખથી પ્રીતિથી સાંભળે તો અન્યાશ્રય થાય કારણ કે તેનું ઉચ્છિષ્ટ હૃદયમાં જવાથી શ્રીઆચાર્યજીનો આશ્રય દઢ ન થાય. કદાચ કોઈનો સંકોચ કરીને સાંભળવું પડે તો તેમાં મન ન લગાડે અષ્ટાક્ષરમાં પોતાનું મન લગાડે તેથી મુખ્ય સિદ્ધાંત તો આ માર્ગમાં એ છે કે બીજાથી વાણી-વિલાસ કરવો નહીં. વાણી દ્વારા પણ મિલાપ થાય છે. તેથી "મૌનં સર્વાર્થ સાધકમ્" એમ કહ્યું. તેથી અન્યમાર્ગીથી ન ભગવદ્ધર્મની વાત પૂછવી ન પોતાની કહેવી. આ પ્રકારે બધી ઈન્દ્રિયો અને મન શ્રીઆચાર્યજીના સંબંધ વિના સુખ ન પામે, શ્રીઆચાર્યજીના આશ્રયનું આ સાધન છે. મુકુંદદાસે તો શ્રીઆચાર્યજીનો આશ્રય દઢ તેથી એ જો તે પંડિતની કથા સાંભળત તો પણ તેમને બાધક ન થાત. પરંતુ એમની દેખાદેખી બીજા સાધારણ વૈષ્ણવો સાંભળે તો તેમનો બગાડ થાય. તેથી એ જતાવ્યું જે આટલું જ્ઞાન દઢ ન હોય તો અન્યમાર્ગીયથી કથા વગેરે ન સાંભળે, કેમકે મનનો ભરોસો નહિ, એના વચનનાં વિશ્વાસ થઈ જાય તો ધીરે ધીરે આ માર્ગમાંથી તેના બતાવેલા સાધનોમાં મન જાય. તેથી ન સાંભળીએ. અને કાચી દશાવાળાએ તો એક શ્રીઆચાર્યજીના સંબંધથી જ ભગવદ્ધર્મ કહેવો, સાંભળવો.

અને મુકુન્દદાસજી ચોપડ રમતા હતા તે એથી કે જ્યારે એમ લાગે કે કોઈ અન્યમાર્ગીય અનેક ધર્મની વાત કહેવા સાંભળવા આવે ત્યારે મુકુંદદાસ ચોપડ કાઢીને બેસતા. તેથી બધા અન્યમાર્ગીય ઉદાસ થઈને ઊઠી જતા. ચોપડના મિષથી કોઈને ખોટું ન મનાવવું પડતું લોકો જાણતા હતા કે એમની ચોપડમાં આસક્તિ છે. આ પ્રકારથી પોતાના હૃદયમાં પુષ્ટિમાર્ગીય ધર્મ છુપાવી રાખ્યો હતો.

એક સમય સૂર્યગ્રહણ થયું. ત્યારે મુકુંદદાસ નદીમાં સ્નાન કરી ભગવત્નામ નદીમાં ઊભા ઊભા લેતા હતા. તે સમયે પેલા પંડિતે આવીને કહ્યું કે આ સમયે તો તમારું શ્રીભાગવત કંઈક સંભળાવો. ત્યરે મુકુંદદાસે એક શ્લોક શ્રીભાગવતનો કહીને એનો અર્થ કરવા લાગ્યા. તે આખો દિવસ ને આખી રાત્રિ વીતી ગઈ. સવાર થયું. ગામના લોકો નદીએ ન્હાવાને આવ્યા ત્યારે તે પંડિતે કહ્યું, બીજો દિવસ થયો છે, હવે આ શ્લોકનો અર્થ પૂરો કરશો ? ત્યારે મુકુંદદાસે કહ્યું, આ શ્લોકનો ભાવ છ મહિના સુધી થશે. ત્યારે તે પંડિત ચકિત થઈ ગયો અને કહ્યું, તમને ઈશ્વરની આપેલી શક્તિ છે, જીવ શું જાણે ? ત્યારે મુકુંદદાસે કહ્યું, અમારું શ્રીભાગવત આવું છે, કંઈ જાણતા હો તો સંભળાવો. ત્યારે તે પંડિત હાર માનીને ઘરે ગયો. અને બીજા કોઈ પંડિતો આવીને કંઈ પૂછતા એમનો પ્રશ્નને બહુ દૂષણ લગાડીને પ્રતિ ઉત્તર આપતા કે જેથી ફરી વખત તે પંડિત ન આવે. એવું શ્રીઆચાર્યજીનું કૃપાબલ તેમને હતું. શ્રીસુબોધિની આદિ બધા શસ્ત્રોમાં તેમને પ્રવેશ હતો.

પછી તે મુકુંદદાસે કેટલાક દિવસ પછી માનસી સેવાની ભાવના કરી અને દેહ છોડીને લીલામાં પ્રાપ્ત થયા. ત્યારે વૈષ્ણવે આવીને શ્રીઆચાર્યજીને કહ્યું, જે મુકુંદદાસ અવંતિકા (ઉજ્જૈન) પામ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ તે વૈષ્ણવને રોકયા જે એમ ન કહો. એમ કહો કે અવંતિકાએ મુકુંદદાસને પ્રાપ્ત કર્યો તે મુકુંદદાસ એવા ટેકના ભગવદીય થયા.

ભાવપ્રકાશ : તે શાથી કે સંસારી લોકો છે તેમને તીર્થની ચાહના છે અને તીર્થ છે તે ભગવદીયોને ચાહે છે. કેમ કે ભગવદીય જે તીર્થનો સ્પર્શ કરે, જે તીર્થની પાસે જાય તે તીર્થ બધા પાપોથી મુક્ત થાય અને દિનકરદાસના મોટા ભાઈની વાર્તાનો વિસ્તાર એથી ન કર્યો કે જે દિવસે તે આચાર્યજીના સેવક થઈ માલવામાં આવ્યા તે દિવસથી શ્રીમહાપ્રભુજીના હસ્તાક્ષર બ્રહ્મસંબંધનો પ્રકાર વાંચી વાંચીને નિત્ય માથું પીટીને રોતા કે અમે લીલામાં નંદરાયજીના ભાઈ થઈને હવે આટલા દિવસથી સંસારમાં ભટકીએ છીએ, તે અમને ધિક્કાર છે. આ પ્રકારે વિરહ કરી ત્રણ મહિનામાં લીલાની પ્રાપ્તિ થઈ. તેથી એમની વાર્તા અનિવર્ચનીય વિરહ દશાની છે. તેથી ઘણો પ્રકાશ નથી કર્યો. આ બન્ને ભાઈ દિનકરદાસ, મુકુન્દદાસ મોટા ભગવદીય કૃપાપાત્ર હતા. તેમની વાર્તાનો પાર નથી. ॥ વાર્તા ૧૯ ॥

॥ વાર્તા ૨૦ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સેવક, પ્રભુદાસ જલોટા ક્ષત્રી, સિંહનંદના વાસી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ-

ભાવપ્રકાશ : એ પ્રભુદાસ જલોટા ક્ષત્રી લીલામાં લલિતાજીની સખી છે, 'મન્મથમોદા' એનું નામ છે. કામલીલાંની સામગ્રી બધી સિદ્ધ કરે છે, અને વિહારલીલાની વાર્તામાં લલીતાજીથી વાર્તા કરી મગ્ન રહે છે. તેથી એમનું નામ મન્મથમોદા છે. તે સિંહનંદમાં એક ક્ષત્રીના ઘરમાં જન્મ્યા. પછી વર્ષ તેરના થયા ત્યારે એમનું લગ્ન થયું. સ્ત્રી મહાકુપાત્ર આવી, બધાને ગાળો દે. જે વસ્તુ મળે તે ચોરીને માબાપને દઈ આવે. એમ કરતાં પ્રભુદાસના માબાપે દેહ છોડી. બધાં સંબંધી તે સ્ત્રીના દુઃખથી ઘરમાં આવે નહીં. પછી એક દિવસ તે સ્ત્રીએ પ્રભુદાસને કહ્યું, ક્યાંયથી દ્રવ્ય લાવ. ત્યારે પ્રભુદાસે કહ્યું, દ્રવ્ય કયાં છે ! મળશે તો લાવીશ. ત્યારે સ્ત્રીએ પ્રભુદાસને માર્યો. પ્રભુદાસને રીસ ચઢી તેને સ્ત્રીને મારી. ત્યારે સ્ત્રી ચૂડી ફોડી માથું મુંડાવી ગામના હાકેમને કહી આવી. જે હું આ પ્રભુદાસની હવે સ્ત્રી નથી. જો આ ઘરમાં આવશે તો એના ઉપર હું મરીશ, ત્યારે પ્રભુદાસ પણ આવ્યા અને કહ્યું, હું ઘર છોડીને જાઉં છું, મારે, તારે કોઈ દાવો નહીં. આ પ્રકારે છૂટાછેડા કરીને ગામથી નીકળી ગયા. તે રાજનગર સિકંદરપુરમાં આવ્યા. ત્યાં રામદાસ ક્ષત્રી એમની જ્ઞાતિના હતા ત્યાં ઊતર્યા. તે રામદાસને મર્યાદામાર્ગીય વૈષ્ણવનો સંગ થયો હતો. ત્યાં પ્રભુદાસ થોડાક દિવસ રહ્યા.

એ અરસામાં શ્રીઆચાર્યજી રાજનગર સિકંદરપુરની પાસે બગીચી હતી ત્યાં ઊતર્યા હતા. તે બગીચામાં પ્રભુદાસ આવ્યા, પછી આચાર્યજીના દર્શન કરીને મનમાં આવ્યું કે એમના સેવક થઈએ. ત્યારે શ્રીઆચાર્યજીને વિનંતી કરી મહારાજ ! કૃપા કરીને મને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, તારે રામદાસ મર્યાદામાર્ગીયનો સંગ છે તેથી અમારો સેવક ન થા. ત્યારે પ્રભુદાસે કહ્યું : મહારાજ ! આપ કહો તો તે રામદાસને પણ આપનો સેવક કરાવું. તો મને સેવક કરશો ? મારું કહ્યું રામદાસ કરશે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, શું થયું સેવક કરાવે ? તેનો અંગીકાર મર્યાદામાં જ છે. પરંતુ જા, રામદાસને લઈ આવ, બન્નેને સંગ સેવક કરીશું. ત્યારે પ્રભુદાસે રામદાસની પાસે આવીને કહ્યું, શ્રીવલ્લભાચાર્યજી

સાક્ષાત્ પુરુષોત્તમ છે. તેઓ ગામ બહાર બગીચામાં પધાર્યા છે. તો અમે-તમે બન્ને સેવક થઈએ તો મળીને સેવા કરીએ. ત્યારે રામદાસે કહ્યું : મારે તો એક વૈરાગી ગુરુ છે, તેની કંઠી બાંધી છે. હવે બીજો ગુરુ કેવી રીતે કરું ? ત્યારે પ્રભુદાસ કહે, હવે અમારે અને તારે નહીં બને, મારાં વસ્ત્ર, પાત્ર દે. ત્યારે રામદાસે કહ્યું, તમારે લીધે સેવક થઈશ, પરંતુ હું મારી ટેવ નહીં છોડું ત્યારે પ્રભુદાસ કહે સેવક તો થા, રીતિ ન કરીશ. ત્યારે પ્રભુદાસ-રામદાસ બન્ને આવ્યા. શ્રીઆચાર્યજીએ ન્હવડાવીને બન્નેને નામ સંભળાવ્યું. ત્યારે પ્રભુદાસને તો શ્રીઆચાર્યજીના સ્વપરૂપનું જ્ઞાન થયું પરંતુ રામદાસને ન થયું. પછી પ્રભુદાસે વિનંતી કરી, મહારાજ ! બન્નેને કૃપા કરીને નિવેદન કરાવો. ત્યારે આચાર્યજી કહે, રામદાસને નહીં એટલે પ્રભુદાસ સમજી ગયા. પછી કહે, મને જ કૃપા કરીને કરાવો. ત્યારે શ્રીઆચાર્યજીએ પ્રભુદાસને બ્રહ્મ-સંબંધ કરાવ્યું. પછી ભગવદ્સેવાનું પણ પ્રભુદાસ અને રામદાસે મળીને પૂછ્યું, ત્યારે શ્રીઆચાર્યજી કહે હમણાં નહીં, થોડા દિવસ પછી એમ કહીને આપ તો શ્રીગોકુલ પધાર્યા.

પછી પ્રભુદાસ તો પુષ્ટિમાર્ગીય રીતે બતાવે પરંતુ રામદાસ મર્યાદામાર્ગની રીતિ કરે. એમ કરતાં થોડા દિવસમાં શ્રીઆચાર્યજીના મોટા પુત્ર શ્રીગોપીનાથજી રાજનગર સિકંદરપુરમાં પધાર્યા. ત્યારે રામદાસે વિનંતી કરી, મહારાજ ! સેવા પધરાવી આપો. ત્યારે શ્રીગોપીનાથજીએ એક બ્રાહ્મણના ઘરે શ્રીમદનમોહનજી હતા તે બ્રાહ્મણને કંઈ આપીને બન્નેના માથે ઠાકોરજી પધરાવ્યા, પછી શ્રીગોપીનાથજી અડેલ પધાર્યા, રામદાસ તો મર્યાદા-માર્ગની રીતિ પ્રમાણે આહવાન-વિસર્જન વગેરે પૂજાની રીતિ કરે. પછી એક દિવસ પ્રભુદાસ અડધી રાત્રિએ પોતાની વસ્તુ લઈને ભાગી ચાલ્યા. કેમ કે રામદાસના સંગે ક્યાં સુધી માથું દુઃખાવવું ! એને તો જ્ઞાન નથી, જેવા રામદાસ તેવા જ મર્યાદામાર્ગીય ઠાકર શ્રીગોપીનાથજીએ પધરાવી આપ્યા. તેથી ત્યાંથી ચાલી શ્રીગોકુલમાં આવીને શ્રીઆચાર્યજીને દંડવત કર્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, પ્રભુદાસ આવ્યા ? ત્યારે પ્રભુદાસે વિનંતી કરી, મહારાજ ! માંડ માંડ દુઃસંગથી છૂટ્યો ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, અમે તો તને પહેલાં જ કહ્યું હતું કે તે મર્યાદામાર્ગીયનો અધિકારી છે. અને તું પુષ્ટિમાર્ગીય છે. સારું કર્યું જે સંગ છોડીને આવ્યો. ત્યારે પ્રભુદાસે વિનંતી કરી, મહારાજ ! હવે મને ચરણાવિંદની પાસે રાખો. હું બહુ જ સંસારમાં ભમ્યો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, હવે અમારી પાસે સુખેથી રહો. પછી તે દિવસથી પ્રભુદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુ સાથે જ રહ્યા.

વાર્તાપ્રસંગ ૧ : એક દિવસ શ્રીઆચાર્યજી મહાપ્રભુ મથુરા પધાર્યા, તે વિશ્રાંત ઘાટ પાસે બેઠક છે ત્યાં સંધ્યાવંદન કરતા હતા પાસે ચાર વૈષ્ણવ ઊભા હતા દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન, પ્રભુદાસ અને એક વૈષ્ણવ મથુરાનો હતો, ત્યારે ત્યાં રૂપ-સનાતન જે કૃષ્ણચૈતન્યના સેવક છે તેમણે શ્રીઆચાર્યજી પાસે આવી દર્શન કરીને દંડવત કર્યા. પછી રૂપ સનાતને શ્રીઆચાર્યજીને પૂછ્યું કે મહારાજ ! આ વૈષ્ણવો કોણ છે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે એ અમારા સેવક છે. ત્યારે રૂપ સનાતને કહ્યું, મહારાજ ! આપનો માર્ગ તો પુષ્ટિ છે અને એ સેવક દુબળા કેમ છે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, અમે તો એમને રોક્યા કે આ માર્ગમાં ન પડો, પરંતુ એમણે અમારું કહ્યું ન માન્યું. તેનું ફલ ભોગવે છે. આ પ્રકારે ગૂંઢ રીતિથી શ્રીઆચાર્યજીએ કહ્યું, પરંતુ રૂપ સનાતન કંઈ સમજ્યા નહીં. પછી રૂપ-સનાતન આજ્ઞા માગી શ્રીજગન્નાથરાયજીના દર્શને ગયા. ત્યારે કૃષ્ણચૈતન્યે પૂછ્યું, તમે ક્યાંથી આવ્યા ? ત્યારે રૂપ-સનાતને કહ્યું અમે વ્રજના દર્શન કરીને આવ્યા છીએ. ત્યારે કૃષ્ણચૈતન્યે પૂછ્યું ત્યાં શ્રીવલ્લભાચાર્યજીનાં દર્શન થયાં ? ત્યારે રૂપ-સંનાતને કહ્યું, મથુરામાં વિશ્રાંત ઘાટ ઉપર દર્શન થયાં.

એટલે કૃષ્ણચૈતન્યે પૂછ્યું, કંઈ વાર્તાનો પ્રસંગ કર્યો ? ત્યારે રૂપ-સનાતને કહ્યું, અને પૂછ્યું કે આપનો માર્ગ પુષ્ટિ અને આપના વૈષ્ણવો દુર્બલ બહુ જ ! ત્યારે આપે કહ્યું, અમે તો એમને રોક્યા કે આ મર્ગામાં ન પડો પરંતુ એમણે કહ્યું ન માન્યું તેનું ફલ ભોગવે છે.આ સાંભળતાં જ શ્રીઆચાર્યજીના ભાવ (હાર્દ) કૃષ્ણચૈતન્યને સમજાઈ ગયો. તેથી એક મુહૂર્ત સુધી મૂર્ચ્છા આવી. રૂપ-સનાતને એમ ત્રણ વાર કહ્યું, અને ત્રણે વાર તેમને મૂર્ચ્છા આવી. પછી ચોથી વાર પૂછ્યું ત્યારે રૂપ-સનાતને કહ્યું, જે હવે મારાથી કહી શકાશે નહિ (કારણ રૂપ-સનાતન પણ થોડો ભાવ સમજ્યા.)

ભાવપ્રકાશ : કેમ કે શ્રીઆચાર્યજીના સ્વરૂપનું રૂપ-સનાતનને કંઈક જ્ઞાન હતું તેથી કંઈક સમજ્યા બધું જો સમજત તો એમની દેહ છૂટી જતી. અને શ્રીઆચાર્યજીએ કહ્યું જે આ માર્ગમાં ન પડો, અને સેવકોએ કહ્યું ન માન્યું એટલે વિપ્રયોગ ફલદશાને ભોગવે જ એવો આશય છે. જેમ પંચાધ્યાયમાં વ્રજભક્તોને શ્રીઠાકુરજીએ કહ્યું, "ઘરે જાવ" પરંતુ વ્રજભક્તોએ એ વાત ન માની, એટલે રાસલીલાના ફલને પામ્યાં. હવે મર્યાદા માર્ગની રીતિ કહે છે જે વેદની મર્યાદા એ છે કે સેવક થવા આવે તો એક વાર ના કહેવી. તે સેવકના ભાવથી દઢતા જોવા માટે પછી તેની પૂર્ણ પ્રીતિ સેવક થવાની હોય તો સેવક કરવાથી તેને ફળ મળે. તેથી વૈષ્ણવને ના કહેલી જે આ માર્ગમાં ન પડો. એટલે કે આ માર્ગ વ્રજભક્તોનો છે. જેમ વ્રજભક્તો સર્વ સમર્પણ કરી શરણે થયા ત્યારે ખાનપાન દેહ-સુખ, બધું છૂટ્યું, અને વિપ્રયોગની ફલ દશાને ભોગવે છે. વિપ્રયોગના અનુભવમાં દેહ કૃશ થાય. વળી વિરહના શ્વાસ ઊઠે, નેત્રોમાં જલ ભરાય, કંઠ રૂંધાઈ જાય, બધા શરીરમાં પરસેવો થાય, મૂર્ચ્છિત થાય, હસી પડે, રુદન કરે, નૃત્ય કરે, ઈત્યાદિ ભાવો પ્રગટે પ્રેમલક્ષણા ભક્તિનું આ સ્વરૂપ છે. એ પ્રમાણે કહ્યું.

વાર્તાપ્રસંગ ૨ : પ્રભુદાસ રસોઈ સદા હાથથી કરતા. તેમાં એક દિવસ બગડી ગઈ. દાળ કાચી રહી લીટી બળી ગઈ. ત્યારે પ્રભુદાસના મનમાં એ આવ્યું એવી બગડી ગયેલી રસોઈ શ્રીઠાકુરજીને શું ધરવી ? તેથી ચરણામૃત મેળવીને લીધું.

ભાવપ્રકાશ : કેમકે જે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ છે તેમનું મન કોમલ છે. જેમ શ્રીઠાકુરજી અત્યંત કોમલ છે તેમ ભક્તોનું મન કોમલ છે. તેથી એમ વિચારે કે હું એવી સામગ્રી કેમ સમર્પું ? અને વળી દાઝ્યા અન્નનો દોષ પણ છે. એ પ્રમાણે વિચારીને શ્રીઠાકુરજીને સામગ્રી સમર્પી નહીં. વળી અણપ્રસાદિનો પણ મહાદોષ છે. તેથી ચરણામૃત મેળવી લીધું.

ત્યારે શ્રીઠાકુરજીએ શ્રીઆચાર્યજીને કહ્યું કે મેં પ્રભુદાસની રાહ જોઈ. પરંતુ આજ તેણે મને ભોગ ન ધર્યો. અને પોતે લીધું.

ભાવપ્રકાશ : એમાં એ બતાવ્યું કે યદ્યપિ શ્રીઠાકુરજી એક છે પરંતુ ભક્તોના ભાવથી જેટલા ભક્ત છે તેટલા ઠાકુર છે. એટલા પ્રભુદાસની ભાવનાના ઠાકુરે કહ્યું કે પ્રભુદાસે ભોગ નથી ધર્યો.

ત્યારે શ્રીઆચાર્યજીએ પ્રભુદાસને કહ્યું, તેં આજ શ્રીઠાકુરજીને ભોગ સમર્પ્યા વિના કેમ લીધું ? ત્યારે પ્રભુદાસે વિનંતી કરી, મહારાજ ! દાળ કાચી રહી અને અંગાખરી બળી ગઈ, તેથી ચરણામૃત પધરાવીને લીધું. ત્યારે શ્રીઆચાર્યજી કહે એવી રસોઈ કેમ કરી ? શ્રીઠાકુરજીએ બહુ વાર સુધી રાહ જોઈ તેથી સાવધાનીથી સુંદર રસોઈ કરી ભોગ ધરીને લેજે. તે દિવસથી પ્રભુદાસ સાવધાનીથી રસોઈ કરતા.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે યદ્યપિ ચરણામૃત મેળવીને લીધું તેથી અન્નદોષ મટ્યો. પરંતુ ભગવદ્ ભોગ્ય પદાર્થ ન થયો. તેથી વૈષ્ણવે જેવું શ્રીઠાકુરજીને ભોગ ધર્યું હોય તેવું લેવું. દહીં જુદું ધર્યું

હોય તો દહીંમાં ભાત મેળવીને પોતે ન લેવું. કેમકે દૂધભાત, દહીંભાત, અલગ અલગ ભક્તોના ભાવની સામગ્રી છે. તેથી ચરણામૃતની જેમ પ્રસાદી વસ્તુ પધરાવીને લેવી. કોઈ સામગ્રીમાંથી પોતાના સ્વાદ અર્થે ન લેવું. દાસધર્મ એ છે કે, પ્રભુનું ઉચ્છિષ્ટ, જેવું આરોગ્યનું હોય તેજ પ્રકારનું લેવું. પતિવ્રતાનું એ લક્ષણ છે, ઈત્યાદિ ભાવ જણાવ્યો.

વાર્તાપ્રસંગ ૩ : વળી એક સમય શ્રીઆચાર્યજી મહાપ્રભુ વ્રજમાં રાધાકુંડ ઉપર પધાર્યા. શીતકાલના દિવસ હતા તેથી તરત જ શ્રીઆચાર્યજીએ રસોઈ કરી ભોગ ધર્યો અને પોતે ભોજન કર્યું. પછી પ્રભુદાસને કહે કે મહાપ્રસાદ લે, ત્યારે પ્રભુદાસે કહ્યું, મહારાજ મેં સ્નાન કર્યું.

ભાવપ્રકાશ : તેનો આશય એ કે શ્રીઆચાર્યજીના બધા સેવકો પોતાની અલગ-અલગ રસોઈ કરતા અને તે લેતા. પરંતુ શ્રીઆચાર્યજીએ શ્રીકુંડમાં સ્નાન કરી રસોઈ કરી ભોગ ધર્યો તે સ્થલ શ્રીસ્વામિનીજીનું છે તેથી પોતાને બહું પ્રિય છે. હવે પ્રભુદાસ ઉપર કૃપા કરવાને માટે શ્રીઆચાર્યજીએ તેમને કહ્યું. મહાપ્રસાદ લો. ત્યારે પ્રભુદાસે મર્યાદાના વચન કહ્યાં, હું ન્હાયો નથી. તે સમયે શ્રીઆચાર્યજી પુષ્ટિલીલામાં મગ્ન છે. 'મહાપ્રસાદ લો.' એમ કહીને પ્રભુદાસને વ્રજનું સ્વરૂપ દેખાડ્યું, (જે અહીં મર્યાદાને સ્થાન નથી નહાવાની જરૂર નથી.)

શ્રીઆચાર્યજી મહાપ્રભુએ પોતે બે શ્લોક કહીને વ્રજનું સ્વરૂપ દેખાડ્યું તે શ્લોક

"વૃક્ષે વૃક્ષે વેણુધારી, પત્રે પત્રે ચતુર્ભુજઃ।
યત્ર વૃંદાવને તત્ર્ લક્ષ્યાલક્ષ્યકથાં કુત ॥૧॥
જલાદપિ રજઃ પુણ્ય રજસોડપિ જલવરમ્ ।
યત્ર વૃંદાવનં તત્ર સ્નાવા સ્નાવા કથા કુતઃ ॥૨॥

આ પ્રમાણે કહ્યું, અને પ્રભુદાસે વ્રજનું અલૌકિક સ્વરૂપ જોયું.

ભાવપ્રકાશ : વૃક્ષ વૃક્ષની નીચે વેણુધારી, સાક્ષાત શ્રીગોવર્ધનધર ભક્તોની સાથે લીલા કરે છે. એમાં વૃક્ષ ભગવદીય છે. તેમનાં પત્તાં કેવાં છે ? ચતુર્ભૂજ રૂપ છે. અથવા વૃંદાવનમાં વૃક્ષે વૃક્ષે વેણુધારી શ્રીગોવર્ધનધરરૂપ છે ચતુર્ભૂજરૂપ નારાયણે પત્તાંરૂપ થઈ તેવાં વૃક્ષોનો આશ્રય કર્યો છે, એવું વૃંદાવન છે. તે લક્ષ્યાલક્ષ્ય કથા છે. લૌકિક લોકમાં અલક્ષ્ય (ન દેખાય, ન સમજાય તેવી કથા) છે. પરંતુ ભગવદીયોને સ્વરૂપાત્મક છે, તે કથા કહી ન જાય આ વાતને ભક્તજનો જ જાણે. કૃષ્ણરૂપ વૃક્ષ છે તે લોકોને ન દેખાય તેવી જ વૃંદાવનની રજથી જલ શ્રેષ્ઠ છે, અને જલથી રજ શ્રેષ્ઠ છે. ત્યાં ન્હાવાની શું વાત કહીએ ? ચાહે જલથી ન્હાય, ચાહે રજ લગાવે, રજ ઉડીને લાગે એટલે ન્હાવાની અપેક્ષા રહે નહીં પરંતુ મર્યાદાને માટે ન્હાવું.

એ સાંભળીને પ્રભુદાસને વૃંદાવનના અલૌકિક દર્શન થયાં, ત્યારે વિના ન્હાયે મહાપ્રસાદ લીધો. આ પ્રકારે પ્રભુદાસ પ્રતિ શ્રીઆચાર્યજીએ શ્રીવૃંદાવનના અલૌકિક સ્વરૂપનું વર્ણન કર્યુ, જ્યાં વેદ-મર્યાદાની ગમ્ય નથી.

વાર્તાપ્રસંગ ૩ : વળી એક સમય શ્રીઆચાર્યજી મહાપ્રભુ શ્રીગોવર્ધનધરના મંદિરમાં શ્રીગોવર્ધનધરનો શ્રૃંગાર કરતા હતા. ત્યારે એવું મનમાં આવ્યું કે આજ દહીં હોય તો સમર્પિએ તેથી પ્રભુદાસને કહે જા, કંઈથી દહીં મળે તો લઈ આવ, ત્યારે પ્રભુદાસ ચાલ્યા, તે એક ભરવાડણી મળી તેને પૂછ્યું, તારી પાસે દહીં છે ?ત્યારે એણે કહ્યું દહીં મીઠું સુંદર છે. પરંતુ તું મને શું આપીશ ? ત્યારે

પ્રભુદાસે કહ્યું. મને દે. જે તું ભરવાડણીએ માગે તે હું તને આપું. ત્યારે ભરવાડણીએ કહ્યું એક ટકો દઈશ, બીજું શું તું શું તું મને મુક્તિ આપીશ ? ત્યારે પ્રભુદાસે કહ્યું, જા, તને ટકો અને મુક્તિ બંને આપ્યાં. ત્યારે ભરવાડણીએ કહ્યું, કેમ માનું ? એટલે પ્રભુદાસે એક કાગળ ઉપર લખી દીધું, કે દહીંના બદલે મુક્તિ આપી. તે કાગળ ભરવાડણી પોતાના છેડે બાંધીને પોતાના ઘેર આવી. ત્યારે તેણીએ પડોશમાં કહ્યું, આજે હું દહીંના બદલે મુક્તિ લઈ આવી છું. ત્યારે પડોશણે કહ્યું, “અરી જા, તને વેરાગીએ ઠગી લીધી, મુક્તિ શું દેશે ? ત્યારે તે ભરવાડણીએ કહ્યું. એમ ન બને એ તો મોટા મહાપુરુષ છે; મને સાચે જ મુક્તિ આપી છે, મને કાગળ પણ લખી દીધો છે, મારે છેડે બાંધ્યો છે, તેઓ જૂઠું ન બોલે. ત્યારે તેણીએ કહ્યું હવે ખબર પડશે.

પછી એની દેહ જ્યારે છૂટી ત્યારે યમદૂતો આવ્યા. એટલામાં જ વિષ્ણુદૂતોએ આવીને યમદૂતોને કહ્યું, છોડી દો એને, એની મુક્તિ કરીશું. ત્યારે યમદૂતોએ કહ્યું, મુક્તિનું સાધન તો કંઈ કર્યું નથી, મુક્તિ કેવી રીતે થશે ? ત્યારે વિષ્ણુદૂતે કહ્યું, આને શ્રીઆચાર્યજીના સેવક પ્રભુદાસે દહીંને બદલે મુક્તિ આપી છે, તેથી અમે લઈ જઈશું. ત્યારે યમદૂતો પાછા ગયા અને વિષ્ણુદૂતો એને વિમાન ઉપર બેસાડીને લઈ ચાલ્યાં. ત્યારે તે ભરવાડણે કહ્યું, મારી પડોશણને આ વાતનો વિશ્વાસ નથી. તેથી તેને કહીને પછી ચાલો. ત્યારે વિષ્ણુદૂત પડોશણને કહે, શ્રીઆચાર્યજીના સેવકે દહીંના બદલે આને મુક્તિ આપી છે તેથી આ ભરવાડણને અમે લઈ જઈએ છીએ. ત્યારે પડોશણ પોતાના ઘરથી દોડીને આવી, જુએ છે તો તે ભરવાડણી ખરી પડી છે. ત્યારે તે પડોશણે વ્રજવાસીઓને કહ્યું કે છેડે એક ચિઠ્ઠી બાંધી છે તે જુઓ. ત્યારે તે ભરવાડણના છેડે જુએ તો કાગળમાં દહીંને બદલે મુક્તિ લખી છે. ત્યારે તેને વિશ્વાસ આવ્યો પછી તે પણ ચાલી, જે હું પણ તે મહાપુરુષ પાસે જઈ મુક્તિ લઉં. પછી તે આચાર્યજીની સેવક થઈ કૃતાર્થ થઈ.

અહીં શ્રીઆચાર્યજીએ દહીં ભોગ ધર્યું. ત્યારે શ્રીનાથજી કહે, દહીં બહુ જ મીઠું સુંદર લાવ્યો. શું આપ્યું ? ત્યારે પ્રભુદાસ કહે, મહારાજ ! બહુ મોંઘુ આવ્યું છે, દહીંના બદલે મુક્તિ આપી છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, ભક્તિ કેમ ન આપી ? શ્રીઠાકુરજી પ્રીતિથી આરોગ્યા છે. મુક્તિ તુચ્છ વસ્તુ શી દીધી ? ત્યારે પ્રભુદાસ કહે, મહારાજ ! મુક્તિ એણે જ માગી, જો ભક્તિ માંગત તો ભક્તિ આપત.

ભાવપ્રકાશ : એનું કારણ એ કે તે દિવસ દાન એકાદશી હતી. તેથી તે દિવસે દહીં અવશ્ય જોઈએ. તેથી શ્રીઆચાર્યજી કહે, આજ દહીં અવશ્ય જોઈએ. વળી શ્રીઆચાર્યજીના સેવકનું મહાત્મ્ય દેખાડ્યું કે ભક્તિ મુક્તિ દેવાનું તેમનામાં સામર્થ્ય છે. આ પ્રભુદાસ જલોટા શ્રીઆચાર્યજીના એવા પ્રતાપી ભક્ત હતા. તેમની વાર્તાનો પાર નથી. ॥ વાર્તા ૨૦ ॥

॥ વાર્તા ૨૧ ॥

હવે શ્રી આચાર્યજી મહાપ્રભુના સેવક, પ્રભુદાસ ભાટ, સિંહનંદમાં રહેતા .તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ-

ભાવપ્રકાશ : તે લીલામાં લલિતાજીની સખી છે, કલહંસી એનું નામ છે, તે સિંહનંદમાં એક ભાટ હતો. તેના ઘરે પ્રકટ્યા. તે પ્રભુદાસનો પિતા દેશાધિપતિની આગળ ચાલતો, દેશાધિપતિનાં કવિત કરતો દ્રવ્ય બહુ જ હતું. પ્રભુદાસ દસ વર્ષના થયા. પરંતુ તે મહા મૂર્ખ થયા. પિતાએ બહુ ભણાવ્યા પરંતુ ભણ્યાં નહીં, પછી પિતાની દેહ છૂટી પછી પ્રભુદાસ જ્યારે વર્ષ પંદરના થયા ત્યારે દિલ્હીમાં આવ્યા ત્યારે

દેશાધિપતિની પાસે ગયા. ત્યારે દેશાધિપતિએ કહ્યું, કંઈ કવિત કહો, ત્યારે પ્રભુદાસે કહ્યું કવિત કોને કહે છે તે હું જાણતો નથી, અને હું કાંઈ તમારાથી ચાહતો નથી. ઠાકુર ખાવાને દે છે. શું તું પાળીશ ? ત્યારે દેશાધિપતિએ કહ્યું, એને ગામ બહાર કાઢી મૂકો ત્યારે એ દિલ્હીથી ઉદાસ થઈને ચાલ્યા તે મથુરા આવી વિશ્રાંત ઘાટ ઉપર રોવા લાગ્યા કે ભગવાને મને મૂર્ખ કેમ કર્યો હવે હું ક્યાં જાઉં ? જ્યાં જાઉં ત્યાં આદર સન્માન તો કોઈ કરતું નથી. આ પ્રકારે ચિંતામાં હતા. તે જ સમયે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી વિશ્રામઘાટ ઉપર પધાર્યા. ત્યારે તેને દૈવી જાણીને પોતે કહ્યું પ્રભુદાસ ! તું રૂવે છે કેમ ન્હાઈ લે ત્યારે પ્રભુદાસ ન્હાયા. પછી આચાર્યજીએ તેમને નામ નિવેદન કરાવ્યું ત્યારે પ્રભુદાસને પોતાના સ્વરૂપનું અને શ્રીઆચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન થયું એટલે તે જ સમયે આપને દંડવત કરી આ એક દોહો કર્યો-

"જબ તેં બિછુર્યો નાથસોં, પરયો જગત ભવ કૂપ ।
તા હિત નલ્લભ પ્રગટ વ્હે , દરસાયો નિજ રૂપ ॥"

એ સાંભળીને શ્રીઆચાર્યજી બહુ પ્રસન્ન થયા,. ત્યારે કહે, પ્રભુદાસ તને આ માર્ગ સ્ફૂર્યો. હવે તમે ભગવદ્સેવા કરો. ત્યારે પ્રભુદાસે કહ્યું મહારાજ ! આ બધી આપની કૃપા, કેવલ પ્રમેય બલથી આપે મને અંગીકાર કર્યો. મારા જેવો દુઃખી કોઈ ન હતો, અને ક્ષણમાં મને સુખના સમુદ્રનો અનુભવ કરાવ્યો. હવે એક વિનંતી છે કે મને ક્યારેય દુસંગ ન રહે. એક દૃઢ વિશ્વાસ આપના ચરણનો રહે, ત્યારે શ્રીઆચાર્યજી પ્રસન્ન થઈને કહે, જા એમ જ થશે. પછી મથુરામાં એક સ્વરૂપ લાલજીનું ન્યોછાવર દઈને લઈ આવ્યા. તેને શ્રીઆચાર્યજીએ પંચામૃત સ્નાન કરાવીને પ્રભુદાસના માથે પધરાવી દીધું, અને આપે પ્રસન્ન થઈને કહ્યું, સેવાની બધી રીતિ આપમેળે સ્ફુરશે, તેથી હવે તારા ગામે જઈ સેવા કરું ત્યારે પ્રભુદાસ દંડવત કરી શ્રીઠાકુરજીને પધરાવી સિંહનંદ આવ્યા, અને ઘરના કુટુંબનો સંગ છોડીને અલગ ઘર લઈ ભગવદ્સેવા કરવા લાગ્યાં લગ્ન તો એમનું થયું ન હતું.

વાર્તાપ્રસંગ ૧ : તે પ્રભુદાસ સદા એક પ્રીતિથી સેવા કરતા. રાત્રિએ વૈષ્ણવોનો સંગ કરે. દ્રવ્ય ઘરમાં ઘણું હતું. તે ભગવદ્સેવા, ગુરુસેવા, વૈષ્ણવસેવામાં લગાડ્યું. અને લૌકિક વૈદિક બધું છોડી દીધું. એમ કરે એટલે વૈષ્ણવ વખાણે અને જ્ઞાતિનિંદા કરે. પરંતુ પ્રભુદાસ કોઈની વાત ન સાંભળે એમ કરતાં વૃદ્ધ થયા પછી શરીરમાં અસાવધાનતા થઈ, સાવધાનતા છૂટી ગઈ. ત્યારે જ્ઞાતિના બધા મળીને તેમને 'પૃથોદક તીર્થ' લઈ આવ્યા ત્યારે ત્યાં સાવધાનતા થઈ. આંખ ખોલી જુએ તો પૃથોદક તીર્થ છે. ત્યારે બધાને કહ્યું, મને અહીં કેમ લાવ્યા ? ત્યારે બધા જ્ઞાતિનાએ કહ્યું, આ પૃથોદક તીર્થ છે, તમે અસ્વસ્થ થયા એટલે લાવ્યા છીએ. ત્યારે પ્રભુદાસ કહે આ પૃથોદક શું મને કૃતાર્થ કરશે ? હું તો શ્રીઆચાર્યજી મહાપ્રભુનો સેવક છું . તમે મને એક વર્ષ પર્યંત અહીં રાખશો તો પણ મારો દેહ અહીં નહીં છૂટે. તેથી તમે મને સિંહનંદ લઈ ચાલો, હું શ્રીઠાકુરજીના ચરણારવિંદના દર્શન કરીશ ત્યારે મારો દેહ છૂટશે. એમ પ્રભુદાસે કહ્યું, પરંતુ જ્ઞાતિના બધા સંબંધી માને નહીં. પ્રભુદાસને પાંચ-સાત દિવસ પૃથોદકમાં રાખ્યા. ત્યારે પ્રભુદાસ સારા થયા. ચાલવા ફરવા લાગ્યા, સંબંધી હારીને પ્રભુદાસને ઘરે લાવ્યા, ત્યારે પ્રભુદાસે ન્હાઈને શ્રીઠાકુરજીને વિનંતી કરી, મહારાજ ! શ્રીઆચાર્યજીએ તમને મારા માથે પધરાવ્યા છે અને આ બાવરા લોકોએ આપના ચરણાવિંદનો આશ્રય છોડાવીને પૃથોદકનો આશ્રય કરાવ્યો. પરંતુ આપ એવું કેમ કરો કે મારે દેહ ત્યાં છૂટે ? એ પ્રકારે શ્રીઠાકુરજીને વિનંતી કરી ઠાકુરજીને સિંહનંદમાં એક વૈષ્ણવને માથે પધરાવી દંડવત કરી મંદિરની બહાર આવી સઘળા વૈષ્ણવોને ભગવદ્સ્મરણ કરી દેહ છોડી દીધી. ત્યારે

સિંહનંદમાં સઘળા વૈષ્ણવો જ્યાં ભગવદ્‌વાર્તા કરવા જતા ત્યાં પ્રભુદાસની નિત્ય વડાઈ કરતા કે પ્રભુદાસ ધન્ય છે. મોટા ભગવદીય છે કે જેમણે તીર્થનો આશ્રય ન કર્યો. શ્રી ઠાકુરજીનો આશ્રય કર્યો.

તે સિંહનંદમાં એક કીરત ચોધરી હતો.

ભાવપ્રકાશ : તે કંસનો ધોબી હતો. શ્રીઠાકુરજીએ એનાં વસ્ત્ર મથુરામાં લૂંટ્યા હતા. તેનો અવતાર હતો.

તે આ વૈષ્ણવોની પાસે આવીને નિંદા કરવા લાગ્યો કે પ્રભુદાસે પૃથોદક તીર્થથી આવીને આ હિડંબ દેશમાં દેહ છોડ્યો છે તો તેમની વડાઈ કેમ કરો છો ? ત્યારે ગામનો ચોધરી જાણી વૈષ્ણવો ચૂપ થઈ રહ્યા. એ પ્રકારે બે-ચાર દિવસ નિંદા કરી, એક દિવસ રાત્રિએ તે સૂતા હતા ત્યારે ચારે જણા આવીને મુદગલ લઈ કીરત ચોધરીને ખાટથી ઊંધો પછાડી અને મારવા લાગ્યા ત્યારે કીરત ચોધરીએ કહ્યું, તમે મને કેમ મારો છો ? તમારું શું બગાડ્યું છે ? ત્યારે તે ચારે જેઓ વિષ્ણુદૂત હતા તે કહે, તું પ્રભુદાસની નિંદા કેમ કરે છે ? તેથી આજ તને મારીને તારું હાડ ભાંગીને ભુક્કા કરીશું. ત્યારે કીરત ચોધરીએ આજીજી કરી નાક ઘસીને કહ્યું. હવે હું પ્રભુદાસની નિંદા નહીં કરું, વખાણ કરીશ, મને ન મારો, ત્યારે વિષ્ણુદૂત કહે આજે છોડીએ છીએ, પરંતુ હવે ક્યારેય નિંદા કરીશ નહીં. એમ કહી વિષ્ણુદૂત ગયા. પછી બીજા દિવસે વૈષ્ણવો મળીને પ્રભુદાસની વડાઈ કરતા હતા ત્યાં કીરત ચોધરી આવ્યો. એટલે બધા વૈષ્ણવો ચૂપ થઈ ગયા, ત્યારે કીરત ચોધરીએ કહ્યું, વૈષ્ણવો ! તમે કહ્યું તે સાચું છે, પ્રભુદાસ મોટા ભગવદીય છે. એમને તીર્થથી શું કામ ? એમને તો શ્રીઠાકુરજીનો આશ્રય હતો. એ પ્રકારે વડાઈ ઘણી કરી, ત્યારે વૈષ્ણવો ચક્તિ થઈ ગયા. અને પૂછ્યું કે તમે તો પહેલાં નિંદા કરતા હતા અને આજે બહુ વડાઈ કરો છો તેનું કારણ શું ? ત્યારે કીરત ચોધરીએ પોતાની પીઠ દેખાડી અને કહ્યું, કે ચાર જણે મને રાત્રિએ બહુ માર્યો, અને કહ્યું કે તું પ્રભુદાસની નિંદા કેમ કરે છે ? તેઓ તો મોટા ભગવદીય હતા. હવે તમે સુખેથી એમની વડાઈ કરો. આથી વૈષ્ણવો પ્રસન્ન થઈ વડાઈ કરવા લાગ્યા. તે પ્રભુદાસ એવા ભગવદીય હતા.

ભાવપ્રકાશ : એ પ્રભુદાસની વાર્તામાં એ સિદ્ધાંત થયો કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે કોઈ તીર્થનો આશ્રય કરવો નહીં, શ્રીઆચાર્યજીનો જ આશ્રય રાખવો અને ભગવદીયની નિંદા કરે તો આ લોકમાં પણ દુઃખ પામે અને મરે ત્યારે નર્કમાં જાય, કેમ કે ભગવાનને ભગવદીય છે. ભગવાન પોતાનો અપરાધ સહે, પરંતુ ભગવદીયનો અપરાધ નથી સહી શકતા. તે પ્રભુદાસ એવા ભગવદીય હતા. ॥ વાર્તા ૨૧ ॥

॥ વાર્તા ૨૨ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક, પુરુષોત્તમદાસ, સ્ત્રી—પુરુષ ક્ષત્રી, આગ્રામાં રાજઘાટ ઉપર રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ પુરુષોત્તમદાસ લીલામાં શ્રીચંદ્રાવલીજી અંતરંગ સખી છે. પુરુષોત્તમદાસનું નામ માધવી. એમની સ્ત્રીનું નામ માલતી છે. આગ્રામાં રાજઘાટ ઉપર બન્ને ક્ષત્રીના ઘર પાસે હતા ત્યાં બન્નેએ જન્મ લીધો. તે બન્ને ક્ષત્રીને પરસ્પર બહુ જ મિત્રતા હતી. તેથી બન્ને જણાએ કહ્યું, આપણા બેટા-બેટીનો વિવાહ કરીએ તો સારું. એટલે બન્નેનો વિવાહ થયો પછી વર્ષ દિવસની અંદર બન્નેના પિતાની દેહ છૂટી. હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આગ્રા પધાર્યા તે સમયે પુરુષોત્તમદાસ અને એમની સ્ત્રી બારી ઉપર બેઠા હતાં શ્રીઆચાર્યજીના દર્શન થતાં જ બન્નેએ આપસમાં વાતો કરી કે એમના શરણે

જઈએ, પછી પુરુષોત્તમદાસ દોડીને આવ્યા અને વિખરાએલા વાળ અને ઉઘાડે માથે શ્રીઆચાર્યજીને દંડવત કર્યા અને વિનંતી કરી, મહારાજ અમને કૃપા કરી શરણે લો. મારા ઘરે પધારો, ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે અડેલમાં આવજો, શ્રીગુસાંઈજી પાસે નામ પામજો, ત્યારે પુરુષોત્તમદાસે કહ્યું, મહારાજ ! શ્રીગુસાંઈજી અને આપમાં શો ભેદ છે ? તેથી આપ જ સેવક કરો. શરીરનો શો ભરોસો છે ? પછી આપના દર્શન દુર્લભ છે. આ પ્રકારે દૈવી જીવ છે તેથી સ્વરૂપનું જ્ઞાન થયું. ત્યારે શ્રીઆચાર્યજી પુરુષોત્તમદાસના ઘરે પધાર્યા અને પુરુષોત્તમદાસને અને એમની સ્ત્રીને નામ નિવેદન કરાવ્યું ત્યારે પુરુષોત્તમદાસે અને એમની સ્ત્રીએ વિનંતી કરી, મહારાજ ! હવે અમને શી આજ્ઞા છે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, ભગવદસેવા કરો. ત્યારે પુરુષોત્તમદાસે કહ્યું, મહારાજ ! શ્રીઠાકુરજી પધરાવી આપો, સેવા કરીએ ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમારા માથે કલંક આવશે, ત્યારે તમે ગંગા ન્હાવાને જજો. તે સમયે અડેલ આવજો. તમારા માથે શ્રીઠાકુરજી પધરાવી દઈશું. કારણ તમારી બન્ને જણાની માતાઓ છે તે આસુરી જીવ છે, તેથી કલેશ કરશે ત્યારે પુરુષોત્તમદાસ અને તેમની સ્ત્રીએ કહ્યું જે અમારી બન્નેની માતા તો અમારા ઉપર ઘણો જ સ્નેહ રાખે છે. તો કલેશ કેમ થશે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે કે હજુ સુધી તમે વૈષ્ણવ ન હતા તેથી પ્રીતિ કરતીતી. વૈષ્ણવ થયા સાંભળશે ત્યારે જોશો. તેથી અમે અહીંથી જલદી પધારીશું. કલેશ અમને ગમતો નથી. ત્યારે પુરુષોત્તમદાસે સ્ત્રી સહિત ડરીને તુર્ત જ ભેટ જે બની આવી તે કરી પછી શ્રીઆચાર્યજીને વિદાય કર્યા. શ્રી આચાર્યજી કલેશ જાણી તત્કાલ અડેલ પધાર્યા.

પછી પુરુષોત્તમદાસ અને એમની સ્ત્રી ડરીને ત્રણ દિવસ સુધી પોતાની માતાને પોતે વૈષ્ણવ થયા છે તે જણાવ્યું નહીં. કોરું દૂધ લાવીને પીને રહ્યાં. દરમ્યાન પુરુષોત્તમદાસની માતાએ ગળામાં માળા દેખી, ત્યારે કહ્યું બેટા ! ગળામાં માળા કેવી ? આપણે ક્ષત્રી છીએ, તેને તો જનોઈ સર્વોપરી છે. માળા કેવી ? ત્યારે પુરુષોત્તમદાસ બોલ્યા નહીં. એટલે તેમણે પુરુષોત્તમદાસની સ્ત્રીનું માથું, ગળું, ઉઘાડીને જોયું તો તેના ગળામાં પણ માળા જોઈને બહુ જ રોઈ, અને કહ્યું, એ સ્ત્રી-પુરુષ બન્ને વેરાગી થયા. પછી જઈને પુરુષોત્તમદાસની માતાએ પુરુષોત્તમદાસની સ્ત્રીની માતાને કહ્યું, તારી બેટી અને મારો બેટો એ બન્નેએ માળા પહેરી છે, બન્ને વેરાગી થયાં. હવે શું કરવું ? ત્યારે તેણે કહ્યું ચાલો, એમની માળા ઊતરાવો, નહીં તો બન્ને મરીશું. પછી બન્નેએ આવીને સ્ત્રી-પુરુષને કહ્યું કે આ જ ક્ષણે માળા ઉતારો , નહીં તો બંનેની હત્યા તમને લાગશે. ત્યારે પુરુષોત્તમદાસે દસ-વીસ ક્ષત્રી સગા-સંબંધીને બોલાવીને બધાંની આગળ માતાને કહ્યું કે આ માળા તો અમારા શિરના સાટે છે. માથું જાય તો ચિંતા નહીં. પરંતુ માળા તો નહીં છોડીએ, વળી તમારે માળાથી શું કામ છે ? તમારું મન હોય તો અમારા ભેગા રહો, જોઈએ તે લો, અને કહો તો તમને અલગ ઘર કરી દઈએ, મનુષ્યચાકર રહેશે, જે તમને જોઈએ તે લો, અમારાથી બનશે તે તમારી ટહેલ અમે પણ કરીશું. અને ઈચ્છા હોય તો તમે પણ આજ ઘરમાં રહો, અમે અલગ ઘર રાખીને રહીએ. તમે કહો તેમ કરીએ પરંતુ કલેશ ન કરો. માળા તો અમે સર્વથા નહીં છોડીએ, અને તમારા હાથનું અડેલું ખાનપાન પણ નહીં કરીએ, તમે માળા પહેરો, વૈષ્ણવ થાવ, ત્યારે તમારા હાથનું કામ આવે.

એ સાંભળીને બન્નેની માતાએ ક્રોધ કરીને કહ્યું કે, તમે બન્ને વેરાગી થયા અને હવે અમને પણ વેરાગી કરો છો ? અમે તમને પાળ્યાં, હવે તમારા મનથી અમે ચમાર, ભંગી ઠર્યા ! અમારું અડેલું જલ નહીં લો ! અમે બન્ને તમારા ઉપર મરીશું. આ પ્રકારે પાંચ દિવસ સુધી જલ કોઈએ ન લીધું. બધા સગા

સંબંધી ગામના હાકેમે પણ આવીને સમજાવ્યાં. પરંતુ બન્ને ન માને. પછી રાત્રિએ પુરુષોત્તમદાસ સ્ત્રી-પુરુષ સૂઈ ગયા ત્યારે બન્નેની માતા ઘરમાં કૂવો હતો તેમાં પડી તે દેહ છૂટી ગયો. સવારે પુરુષોત્તમદાસે બન્નેનો સંસ્કાર કર્યો ત્યારે જ્ઞાતિના બધા કહેવા લાગ્યા કે તમે બન્ને સ્ત્રી-પુરુષને હત્યા લાગી છે. તેથી ગંગાજી ન્હાઈ આવો એટલે સ્ત્રી-પુરુષે વિચાર કર્યો કે આપણે શ્રીઆચાર્યજી પાસેથી ભગવદસેવા પધરાવવી છે તેથી ચાલો એટલે બન્ને જણ ત્યાંથી ચાલ્યા પ્રયાગ આવ્યા ત્યાં ન્હાયા પછી અડેલમાં આવીને શ્રીઆચાર્યજી, શ્રીગુસાંઈજીને દંડવત કરી બધી વાત કહી જે મહારાજ ! આપે કહ્યું હતું તે જ થયું. બંનેની માતા મરી, હવે કલેશ મટ્યો. માટે હવે ભગવદસેવા પધરાવી દો. ત્યારે શ્રીઆચાર્યજી કહે બન્ને આસુરી જીવ હતી. પરંતુ તમે વૈષ્ણવ થયા તેથી તેમની ગતિ થશે, જે કુલમાં વૈષ્ણવ થાય તનું સઘળું કુળ કૃતાર્થ થશે (થાય) તમે ભગવદસેવા કરો.

પછી અડેલમાં એક પૂજામાર્ગીય વૃદ્ધ બ્રાહ્મણ હતો તેના ઘરે લાલજી હતા. તેને કહે કે તમારાથી પૂજા ન થતી હોય તો શ્રીઠાકુરજી અમને આપો. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું, હું એ વિચારતો હતો કે ઠાકુર કોને આપું ? હવે મારાથી પૂજા થતી નથી. ત્યારે શ્રીઆચાર્યજીએ પંચામૃત સ્નાન કરાવીને પુરુષોત્તમદાસના માથે તે ઠાકોરજી પધરાવ્યા.થોડા દિવસ અડેલમાં રહી સેવાની બધી રીતિ શીખીને પછી બન્ને વિદાય થઈ આગ્રામાં આવ્યાં. બધી જ્ઞાતિની રસોઈ, બ્રાહ્મણ ભોજન વગેરે લૌકિક અપવાદ પણ મટાડી બન્ને સ્ત્રી-પુરુષ ભગવદસેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ : એક સમય શ્રીગુસાંઈજી આગ્રા પધાર્યા, તે પુરુષોત્તમદાસનાં ઘરે ઊતર્યા. ત્યારે પુરુષોત્તમદાસની સ્ત્રી છુપાઈ રહી ત્યારે શ્રીગુસાંઈજીએ પુરુષોત્તમદાસને પૂછ્યું કે તારી સ્ત્રી ક્યાં છે ? પુરુષોત્તમદાસે કહ્યું કે મહારાજ ! જનોઈ તૂટી હશે. ત્યારે શ્રીગુસાંઈજીએ જાણ્યું કે "અલગ બેઠી હશે" એટલે શ્રીગુસાંઈજીએ સ્નાન કરીને રસોઈ કરી. દાળભાત, પાંચ સાત શાક, ખીર, બધું કર્યું. રોટી વેલવાના સમયે પુરુષોત્તમદાસની સ્ત્રી ન્હાઈને આવીને બેઠી. ત્યારે શ્રીગુસાંઈજીએ પૂછ્યું, "તું ક્યાં ગઈ હતી ?"ત્યારે તેણે કહ્યું, મહારાજ કંઈ કામ હતું. (તેથી નહોતી આવી.)

ભાવપ્રકાશ : હવે અટકાવનો દિવસ પાંચમો હતો, તેથી તે સ્ત્રી છુપાઈ રહી, કેમ કે વિના ન્હાયે શ્રીગુસાંઈજીને મુખ કેમ દેખાડે ?

પછી રોટી વેલી દીધી. બધી રસોઈ શ્રીગુસાંઈજીને કરીને શ્રીઠાકુરજીને ભોગ ધર્યા પછી ભોગ સરાવી અનોસર કરાવ્યા ત્યારે પુરુષોત્તમદાસ સ્ત્રી-પુરુષ શ્રીગુસાંઈજીને કહે, મહારાજ ! આજ થાળ કટોરામાં ભોજન કરો, ત્યારે શ્રીગુસાંઈજી કહે, શ્રીઠાકુરજીના પાત્રમાં કેમ ભોજન કરીએ ? અમે તો પાતળમાં ભોજન કરીશું. પુરુષોત્તમદાસ કહે, મહારાજ ! દ્રવ્ય ઘટી ગયું નથી, બીજા નવા પાત્રો આવશે આ પ્રકારે તેમણે કહીને શ્રીગુસાંઈજીને શ્રીઠાકુરજીના પાત્રમાં જ ભોજન કરાવ્યું.

ભાવપ્રકાશ : તે એથી કે શ્રીગુસાંઈજીમાં ભાવ છે. અને લીલામાં શ્રીચંદ્રાવલીજી શ્રીઠાકુરજીની સાથે તે જ પાત્રમાં ભોજન કરતા અને પોતે શ્રી ચંદ્રાવલીજીની સખી છે, બધી લીલાની સ્ફૂર્તિ છે. તેથી શ્રીઠાકુરજીના પાત્રમાં ભોજન કરાવ્યું. અને સ્ત્રી-પુરુષને શ્રીગુસાંઈજીમાં સ્નેહ બહુ છે. તેથી તેમણે વિચાર્યું કે બીજા પાત્રમાં ઠલાવવાથી સામગ્રીનો સ્વાદ ફરી જશે. સામગ્રી બધી શીતલ થઈ જશે, અને બીજા પાત્રમાં ઠલાવવાથી ભોજન કરવામાં ઢીલ થશે તે પણ ઠીક નહીં, તેથી સ્નેહથી તે જ પાત્રમાં ભોજન કરાવ્યું.

પછી શ્રીગુસાંઈજી ભોજન કરવા બિરાજ્યા ત્યારે પુરુષોત્તમદાસની સ્ત્રી પાસે આવીને બેઠી અને કહ્યું, મહારાજ ! આ સામગ્રી આરોગો, ત્યારે શ્રીગુસાંઈજી કહે મને જોઈશે તે હું લઈશ, ત્યારે પુરુષોત્તમદાસની સ્ત્રીએ કહ્યું, મહારાજ ! નંદરાયજીના ઘરે જેમ આરોગો છો તે જ પ્રકારે બધા વૈષ્ણવના ઘરે આરોગો.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું, કે નંદરાયજીના ઘરે તો ભક્તોનો જેવો મનોરથ તેમ જ આરોગો છો. અને અહીં કહો છો, મને રુચે તેમ લઈશ. તે કેમ બનશે ?

આ પ્રકારે શ્રીગુસાંઈજી સાથે પ્રેમસંયુક્ત વાર્તા કરી, વારંવાર બધી સામગ્રી આરોગાવીને શ્રીગુસાંઈજીને પ્રસન્ન કર્યા. પછી ઠાકુરજીની શય્યા, શ્રીઠાકુરજીના બિછાનાં, તકિયાં, ઉપર શ્રીગુસાંઈજીને પોઢાવીને સ્ત્રી-પુરુષ ચરણસેવા કરવા લાગ્યા. ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું, હવે તમે બન્ને જણ ઊઠો, જઈને મહાપ્રસાદ લો. ત્યારે પુરુષોત્તમદાસ સ્ત્રી-પુરુષ કહે, મહારાજ ! મહાપ્રસાદ તો નિત્ય લઈશું, પરંતુ આ સેવા ક્યાં ? આ પ્રકારે શ્રીગુસાંઈજીને નિત્ય નૌતમ પ્રીતિથી હઠ કરીને પાંચ-સાત દિવસ રાખ્યા. નિત્ય નવાં પાત્ર, શય્યાં, વસ્ત્ર, થાય. એવાં સ્ત્રી-પુરુષ કૃપાપાત્ર ભગવદીય હતા.

ભાવપ્રકાશ : આમની વાર્તામાં એ સિદ્ધાંત થયો કે ગુરુમાં શ્રીઠાકુરજીથી અધિક પ્રીતિ એમની છે, તે પ્રમાણે વૈષ્ણવો કરે ત્યારે ફલને પામે. ।। વાર્તા ૨૨ ।।

।। વાર્તા ૨૩ ।।

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક ત્રિપુરદાસ કાયસ્થ, શેરગઢના વાસી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ-

ભાવપ્રકાશ : એ લીલામાં શ્રીઠાકુરજીની અંતરંગ સખી છે. જે ભક્તોને વિગતવાર કંઈ સંદેશો કહેવો હોય, દેવો હોય, તો હરણીના હાથે દેતા, એનાં નેત્ર મોટા અને વિશાલ છે તેથી લીલામાં તેનું નામ હરણી છે. એ શેરગઢમાં એક કાયસ્થને ત્યાં જન્મ્યાં, એક રાજાને ત્યાં તેમનો પિતા બધું કામ કરતો, તે દરમિયાન દિવાન કહેવડાવતો જ્યારે ત્રિપુરદાસ વર્ષ બારના થયા ત્યારે એને સાથે જ રાખતા, બધું કામ ત્રિપુરદાસને શિખવાડ્યું. હવે રાજા એક વખત આગ્રા દેશાધિપતિની પાસે ગયો. ત્યારે ત્રિપુરદાસને સાથે લઈ તેનો પિતા રાજાની સાથે આગ્રા આવ્યો. થોડા દિવસ આગ્રામાં રહીને રાજા દેશાધિપતિથી વિદાય થઈને દેશમાં ચાલ્યો., તે ગોવર્ધનધરના દર્શને આવ્યો. સાથે ત્રિપુરદાસ પણ પિતા સહિત આવ્યા. દિવસ ત્રણ ગોવર્ધનમાં રહ્યાં. ત્યારે ત્રિપુરદાસનું મન શ્રીનાથજીના સ્વરૂપમાં આસક્ત થઈ ગયું. ચોથે દિવસે રાજાએ જ્યારે વિદાય થઈને ચાલવાની તૈયારી કરી ત્યારે તે સાંભળીને ત્રિપુરદાસને વિરહ-જ્વર ચઢી આવ્યો, વ્યાકુલ થયા. ત્યારે પિતાએ પૂછ્યું, ત્રિપુરદાસ કેમ છે ? ત્યારે ત્રિપુરદાસે કહ્યું મારો દેહ છૂટશે જો તમે મને લઈ ચાલશો તો. તેથી કા તો તમે પણ મહિના બે રહો કે રાજાના સંગે જાવ. હું પછીથી સારી રીતે દર્શન કરીને આવીશ. તો મારા પ્રાણ રહે. ત્યારે ત્રિપુરદાસના પિતાએ રાજાને બધા સમાચાર કહ્યા. જે આ પ્રકારે મારો પુત્ર કહે છે. ત્યારે રાજાએ કહ્યું શી ચિંતા છે ? અસવારી અને મનુષ્ય અહીં રાખીને ચાલો, પછીથી બેટો આવી રહેશે. ત્યારે પિતાએ આવીને કહ્યું, બેટા, તમે અહીં રહો, ચિંતા ન કરો. એ સાંભળતાં જ ત્રિપુરદાસને આનંદ થયો. જ્વર ઊતરી ગયો. પછી પિતાએ પ્રસન્ન થઈ પાલખી મનુષ્ય દીધાં અને કહ્યું કે બેટા જલદી આવજે. હું વૃદ્ધ થયો છું , રાજાનું કામકાજ કરવું છે, ત્યારે ત્રિપુરદાસ કહે, તમે ચાલો, હું જલદી આવીશ, એટલે પિતા રાજાની સાથે ગયો. રસ્તે જતા એક

જમીનદારથી રાજાને લડાઈ થઈ, ત્યાં ત્રિપુરદાસના પિતાને ગોળી વાગી. તેથી તે મરી ગયો, અને રાજા તે જમીનદારને મારીને આગળ ચાલ્યો. પછી રાજાએ ત્રિપુરદાસ પાસે એક માણસ મોકલ્યો તેણે બધા સમાચાર ત્રિપુરદાસને કહ્યા. તે સાંભળી ત્રિપુરદાસ પ્રસન્ન થયા કે ભલું થયું, હવે મારે બીજું કોઈ બંધન તો છે નહિ. હવે શ્રીગોવર્ધનધરના દર્શન સદા કરીશ.

પછી પિતાનું કર્મ માનસી ગંગા ઉપર બધું કર્યું. શુદ્ધ થાય પછી નિત્ય બધાં દર્શન કરતાં ત્યારે શ્રીઆચાર્યજી એક દિવસ ત્રિપુરદાસને કહે કે તું કોણ છે ? બે મહિના થયા દર્શન કરે છે ? હવે તારે ઘેર જા. ત્યારે ત્રિપુરદાસે કહ્યું, મહારાજ ! હવે હું ક્યાં જાઉં ? માતા તો જન્મથી મરી, પિતા હવે મર્યો. મારું લગ્ન તો થયું નથી, અને મારું મન શ્રીનાથજીના સ્વરૂપમાં અટક્યું છે, તેથી હવે હું ક્યાં જાઉં ? ત્યારે શ્રીઆચાર્યજી ત્રિપુરદાસની પ્રીતિ જોઈને કહે, અમે એવું કરી દઈએ કે જ્યાં તું રહે ત્યાં શ્રીનાથજીના દર્શન થયા કરે, એક ક્ષણનો પણ વિયોગ ન થાય ત્યારે ત્રિપુદાસે દંડવત કરીને વિનંતી કરી કે મહારાજ ! મને એ જ જોઈએ છીએ. કેમ કે મારાથી મગાય નહીં. નિત્ય ખર્ચ પણ જોઈએ, અને શ્રીનાથજીના દર્શન વિના મારાથી રહી પણ શકાતું નથી તે ચિંતા હતી. તેથી આપ કૃપા કરીને જેમ આજ્ઞા કરો તેમ હું કરું. ત્યારે શ્રીઆચાર્યજીએ ત્રિપુરદાસને નવડાવીને નામ-નિવેદન કરાવ્યું અને શ્રીનાથજીના ચરણામૃત મહાપ્રસાદ આપ્યા. ત્યારે નેત્રોની આગળ શ્રીનાથજીના સ્વરૂપમાં દર્શન થવા લાગ્યા. પછી શ્રીઆચાર્યજી કહે હવે તમે અહીંથી જાવ, જ્યાં રહેશો ત્યાં પ્રભુ તમને દર્શન આપશે, તું ઠાકુરજીને કદી પણ પીઠ નહીં દે પછી ત્રિપુરદાસ શ્રીઆચાર્યજીને દંડવત કરી વિદાય થઈ ચાલ્યા ત્યારે એ પણ કહ્યું કે શ્રીનાથજીના ચરણામૃત મહાપ્રસાદ લીધા વિના જલ ન લેવું આ પ્રમાણે મનમાં નિશ્ચય કરી ઘરે આવ્યા.

વાર્તાપ્રસંગ ૧ : તે ત્રિપુરદાસને શ્રીનાથજી વિષે બહુ જ મમત્વ હતું. શ્રીનાથજીને પીઠ કદી પણ ન દેતા. શ્રીનાથજીના ચરણામૃત, મહાપ્રસાદ વિના જલ પણ ન લેતા. તે ત્રિપુરદાસ એક તુરકની ચાકરી કરતા. તે તુરક તરફથી તે એક પરગણા ઉપર ગયા. ત્યાં બહુ કમાણા જે વસ્તુ નવીન આવે, અન્ન, શાક, ફલ, વસ્ત્ર, તે પહેલાં શ્રીનાથજીને અંગીકાર થાય તે પછી પોતે કંઈક લે અને ત્રિપુરદાસ બેસતાં ઊઠતાં ચાલતાં શ્રીનાથજીને પીઠ ન દેતા.

ભાવપ્રકાશ : તે શું કે શ્રીનાથજીના સ્વરૂપને ભૂલવું તે જ પીઠ છે. તે સદા શ્રીનાથજીનાં દર્શન કરતાં જ બધું કામ કરતા.

અને વર્ષોવર્ષ સુંદર ડગલો શ્રીનાથજીને મોકલતા, શ્રીગુસાંઈજી પહેલાં ત્રિપુરદાસનો ડગલો સુંદર જોઈને અંગીકાર કરાવતા. એક સમયે તે મ્લેચ્છે ત્રિપુરદાસ પાસેથી હિસાબ લીધો ત્યારે થોડાક પૈસા ત્રિપુરદાસ પાસે લેણા નીકળ્યા તે એમની પાસે માગ્યાં. ત્યારે ત્રિપુરદાસે કહ્યું મારી પાસે હમણાં તો નથી. કમાવીને ભરી દઈશ, ત્યારે તે તુરકે બધું ઘર લૂંટી લીધું અને ત્રિપુરદાસને બંદીખાનામાં નાખ્યા. અર્ધરાત્રિ જ્યારે થઈ ત્યારે ચાર જણાએ આવીને તે તુરકને ખાટ ઉપરથી ઊંધો નાખી દીધો અને મુગદળથી મારવા લાગ્યા. ત્યારે તે તુરકે કહ્યું મને કેમ મારો છો ? મેં તમારું શું બગાડ્યું છે ? ત્યારે વિષ્ણુદૂતે કહ્યું ત્રિપુરદાસને બંદીખાનામાં કેમ નાખ્યાં ? તને મારીને તારાં હાડકાં તોડી નાખીશું. ત્યારે તે તુરકે આજીજી કરી નાક ભૂમિમાં ઘસીને કહ્યું, હું હમણાં જ જઈને છોડી દઈશ. તમે ન મારો. ત્યારે વિષ્ણુદૂત ગયા. પછી તે તુરકે ત્રિપુરદાસ પાસે જઈને કહ્યું, તમારા ઘેર જાવ. ત્યારે ત્રિપુરદાસે કહ્યું હવે રાત્રિ ઘણી થઈ ગઈ છે તેથી સવારે જઈશ. ત્યારે તે તુરકે કહ્યું કોઈનો જીવ લઈશ ! આ જ સમયે જાવ, ત્યારે ત્રિપુરદાસ

ઘરે આવ્યા.

એટલામાં ભેટીઆ શ્રીનાથજીના આવ્યા. તેમણે ત્રિપુરદાસને ચરણામૃત મહાપ્રસાદ આપ્યો. ત્યારે ત્રિપુરદાસે વિચાર્યું કે વર્ષોવર્ષ તો શ્રીનાથજીની જડાવર (શિયાળામાં પહેરવાનાં વસ્ત્ર) મોકલતો હતો પરંતુ હવે તો કંઈ પાસે નથી તો શું કરવું ? પછી એક લખવાનો ખડિયો રહ્યો હતો, એનું મહોડું ઉપરનું રૂપાનું હતું, તે વેચી એક રંગીન ખાદીનું થાન લઈ આવી શ્રીજીના ભંડારી (ભેટીઆ) ને આપ્યું અને કહ્યું, શ્રીગુસાંઈજીને કહેશો નહીં. શ્રીનાથજીના ભંડારમાં આપજો. શું કરીએ ?. હવે હું કંઈ લાયક નથી. પછી ભેટીઆએ તે રંગીન થાન શ્રીનાથજીના ભંડારમાં આપ્યું, પ્રબોધિનીના દિવસે શ્રીગુસાંઈજીએ મંડપ કરી દેવ-ઉત્થાપન કરી શ્રીનાથજીને ડગલા ઓઢાવ્યા ત્યારે શ્રીનાથજી કહે કે મને ઠંડ ઘણી લાગે છે એટલે બીજો ડગલો ઓઢાવ્યો. ત્યારે ફરી શ્રીનાથજીએ કહ્યું, મારી ઠંડી ગઈ નહીં, ઘણી લાગે છે ત્યારે ગુસાંઈજીએ બીજી અંગીઠી ધરી, એક આંગી કરીને (રૂનું વસ્ત્ર પહેરાવીને) રજાઈ ઉપરથી ઓઢાવી, તો પણ શ્રીનાથજીએ કહ્યું કે મને ઠંડી ઘણી લાગે છે, ત્યારે શ્રીગુસાંઈજીએ વિચાર્યું કે કોઈ વૈષ્ણવોની જડાવર આવી છે તે અંગીકાર નથી થઈ તે કારણે ઠંડી લાગે છે. એટલે શ્રીગુસાંઈજીએ ભંડારીને બોલાવીને કહ્યું કે જડાવર કોની કોની આવી છે ? તે વૈષ્ણવોનાં નામ સંભળાવો, પછી ભંડારીએ નામ સંભળાવ્યાં. ત્યારે શ્રીગુસાંઈજી કહે, ત્રિપુરદાસની વર્ષે ને વર્ષે આવતીતી તે તો સંભળાવી નહીં. ત્યારે ભંડારીએ કહ્યું, મહારાજ ! ત્રિપુરદાસને દ્રવ્યનો સંકોચ છે તેથી જડાવર નથી આવી, એક ખાદીનું થાન આવ્યું છે. તે મેલું ચૂંથાયેલું પડ્યું છે ત્યારે શ્રીગુસાંઈજી કહે તે રંગી ત્રિપુરદાસની જલદી લાવો, ભંડારી તે લઈ આવ્યો. ત્યારે શ્રીગુસાંઈજી દરજીને કહે, જલદી દોરા નાખીને દુલાઈ (રજાઈ) જેવું કરી દે. એટલે દરજીએ દોરા નાખીને દુલાઈ કરી દીધી અને શ્રીગુસાંઈજીએ તે દુલાઈ શ્રીનાથજીને ઓઢાવી ત્યારે શ્રીનાથજીએ કહ્યું, હવે મારી ઠંડી ગઈ છે, ગરમી થઈ ! પછી શિયાળામાં દસ-પાંચ વાર તે દુલાઈ શ્રીજીએ અંગીકાર કરી અને ભક્તવશ્યતા દેખાડી તે વાત જ્યારે ત્રિપુરદાસે જાણી ત્યારે ગદ્‌ગદ્‌ થઈ આ પદ ગાયું, તે પદ-

રાગ આશાવરી

નવરંગ લલન બિહારી મેરો કહે, જાડો મોહિ અધિક સતાય ।
પહેરી કવાઈ, ઓઢિ લઈ ફરગુલ, તોહું સીતસતાવત આય ॥૧॥
અચરજ ભયે સુનિ વલ્લભ-નંદન, કનક અંગીઠી ધરી મંગાય ।
પુનિ જીય સોચિ મંગાઈ ઉઢાઈ, ભજિ ગઈ સીત હંસે જદુરાય ॥૨॥
એસે પરમ કૃપાલદયાનિધિ બિસરત નહી સુધિ કરત સહાય ।
'ત્રિપુરારી' ગિરિધારી કી બાતેં, કહા જાતે કોઉ દેહુ બતાય ॥૩॥

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે મારો ભક્ત તેની પ્રીતિની વસ્તુ હોય તે આ પ્રકારે હું અંગીકાર કરું છું, વસ્તુનો વિચાર નથી.

વાર્તાપ્રસંગ ૨ : વળી એક સમય ત્રિપુરદાસ તેજ તુરકની સાથે 'અટક' ગયા હતા. ત્યારે એક દિવસ સવારે રસોઈયાએ કહ્યું કે આજ શ્રીનાથજીનો મહાપ્રસાદ કે ચરણામૃત નથી. ત્યારે ત્રિપુરદાસે કહ્યું પહેલાથી કેમ ન કહ્યું ? વધારે લઈ લેત. પછી રસોઈયાને કહ્યું જે રસાઈ કરી ભોગ ધરીને તમે પહોંચજો, મને ન બોલાવતા. એમ કહીને ત્રિપુરદાસે પોતાના મનમાં એ નિશ્ચય કર્યો જ્યાં સુધી દેહ ચાલશે ત્યાં સુધી કામકાજ કરીશ, પરંતુ ચરણામૃત મહાપ્રસાદ વિના જલ નહીં લઉં, એ નિર્ધાર કરી રાજદ્વાર ગયા

ત્યારે શ્રીગોવર્ધનધર વરસ દસના બાલકનું રૂપ ધરી ત્રણ થેલીઓ લઈને આવ્યા. એક થેલીમાં તો શ્રીનાથજીનો મહાપ્રસાદ, એક થેલીમાં શ્રીનાથજીનું ચરણામૃત અને એક થેલીમાં શ્રીઆચાર્યજીનું ચરણામૃત. એ લઈને તે રસોઈઆને કહે આ ચરણામૃત મહાપ્રસાદની થેલી ત્રિપુરદાસે મોકલી છે, અને કહ્યું કે જ્યારે તું શ્રીઠાકુરજીથી પહોંચી લે ત્યારે મને બોલાવી લેજે. ત્યારે રસોઈઆએ રસોઈ પહોંચી શ્રીઠાકુરજીને ભોગ ધર્યો અને ત્રિપુરદાસને બોલાવવા મનુષ્ય રાજદ્વાર મોકલ્યો. તેણે ત્રિપુરદાસને જઈને કહ્યું ત્યારે ત્રિપુરદાસે કહ્યું કે જે હું તો કહી આવ્યો છું કે હું નહીં આવું, તમે પહોંચજો. તેથી જઈને કહેજે કે તમે પહોંચો મારી રાહ ન જોતા. ત્યારે એ મનુષ્યે પાછા આવીને ત્રિપુરદાસના સમાચાર કહ્યા કે એ નહીં આવે.તમે પહોંચજો ત્યારે તે રસોઈઆએ કહ્યું કે તું એક વાર ફરી વખત જા. ત્રિપુરદાસને કહેજે કે તમે બાલકના હાથે ચરણામૃત મહાપ્રસાદની થેલીઓ મોકલી અને કહ્યું જે મને બોલાવજો અને, અને હવે ના કેમ કહો છો ? ત્યારે ફરી મનુષ્યે જઈને આ વાત કહી એટલે ત્રિપુરદાસે રાજદ્વારથી ઘરે આવીને રસોઈઆને કહ્યું,, મને કેમ બોલાવ્યો ? હું ચરણામૃત મહાપ્રસાદ વિના જલ પણ લઉં ? ત્યારે રસોઈઆએ કહ્યું, તમે બાલકના હાથે ચરણામૃત, મહાપ્રસાદની થેલી મોકલી અને કહેવરાવ્યુ કે મને બોલાવજો અને હવે એમ કહો છો ? આ થેલી ત્રણે ધરી છે. ત્યારે ત્રિપુરદાસ તે જોઈને કહે, એ બાલક ક્યાં છે ? ત્યારે રસોઈઆએ કહ્યું, બાલક તો થેલી દઈ ચાલ્યો ગયો. હું શું જાણું એ ક્યાં છે ? ત્યારે ત્રિપુરદાસે વિચાર્યું, મેં ઠાકુરજીયે બહુ શ્રમ કરાવ્યો. હવેથી કોઈ વાતનો હઠ ન કરવો. મનમાં બહુ જ ખેદ કર્યો, તે ત્રિપુરદાસ એવા ભગવદીય હતા.

ભાવપ્રકાશ : શ્રીઠાકુરજી રસોઈયાને થેલી દઈ ગયા પરંતુ ત્રિપુરદાસને એથી નહીં જણાવ્યું કે મને બાલક-ભેખમાં જોશે તો બહુ જ કલેશ એને થશે, અને ત્રિપુરદાસને તો અષ્ટપ્રહર સ્વરૂપનો અનુભવ છે તેથી જણાવ્યું નહીં, અને રસોઈઓ સાધારણ વૈષ્ણવ હતો. તેથી બાલકનો ભેખ કરી પોતાના સ્વરૂપનો અનુભવ કરાવ્યો. આ વાર્તામાં એ સિદ્ધાંત થયો કે ત્રિપુરદાસને સ્વરૂપાશક્તિ છે, સદા શ્રીઠાકુરજીના સન્મુખ છે, છતાં ચરણામૃતનો પણ નેમ-નિશ્ચય વૈષ્ણવ રાખે તો શ્રીઠાકુરજી એના ઉપર પ્રસન્ન થાય વળી પ્રભુને શ્રમ જાણી દુઃખ ન થાય તો મર્યાદા માર્ગીય થઈ જાય. એમ તો જીવોનાં કાર્ય અર્થે પ્રભુ શ્રમ કરે, પરંતુ તેથી પુષ્ટિમાર્ગીય પ્રસન્ન નથી. કેમ કે પુષ્ટિમાર્ગીય પોતાના સુખ અર્થે કંઈ ચાહના પ્રભુથી રાખતા નથી. દુઃખ આવે તો પણ શરીરનો ભોગ વિચારીને ભોગવે. તેથી પોતે બંદીખાને પડ્યા ત્યારે પણ ત્રિપુરાદાસે મંનમાં શોક ન કર્યો. પછી વિષ્ણુદૂતે તે તુરકને દંડ દઈ છોડાવ્યા, તેમાં પ્રભુએ ભક્તવત્સલતા પ્રગટ કરી. અને વર્ષે વર્ષે ત્રિપુરદાસ જ્યારે સુંદર ડગલો મોકલતા તે માગીને શ્રીજીએ અંગીકાર કર્યો નહીં, પરંતુ વિરહપ્રીતિની “રંગી” મોકલી તે પ્રીતિના વશ થઈ અંગીકાર કરી, ત્યારે ઠંડી ગઈ. એમાં એ જણાવ્યું કે દ્રવ્યનો સંકોચ વૈષ્ણવને થાય તો પણ અનુગ્રહ કરવાને માટે જ છે તેમ સમજવું, કેમકે વર્ષે વર્ષે સુંદર ડગલો મોકલત અને આ વરસે ન મોકલાણો તેથી સંકોચ થવાથી તાપ થયો. જો દ્રવ્ય થયે સેવા ન કરો તો તાપ ક્યાંથી થશે ? તેથી સેવા કરવાવાળો દૈવી જીવ હોય તો દ્રવ્યમાં પણ સેવા બને. અને સંકોચમાં પણ સેવા બને તેથી ત્રિપુરદાસની વાર્તાનો પાર નથી. એમણે ભાવ હૃદયમાં રાખ્યો, કોઈની આગળ પ્રકાશ નહીં કર્યો. તેથી સ્વરૂપ-સેવા નહીં પધરાવી. મનથી જ માનસી કરી અષ્ટ પ્રહર મગ્ન રહેતા સંયોગ રસનો જ અનુભવ કર્યો. લીલામાં પણ એમને સંયોગ રસ છે, શ્રીઠાકુરજીના સંબંધી સખી છે. તે ત્રિપુરદાસની વાર્તાનો પાર નથી તે ક્યાં સુધી કહીએ ? ॥ વાર્તા ૨૩ ॥

॥ વાર્તા ૨૪ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, પૂરણમલ જેમલ ક્ષત્રી, અંબાલયમાં રહેતા તેમની વાર્તાનો ભાવ કહીએ—

ભાવપ્રકાશ : એ લીલામાં લલીતાજીની સખી છે, એમનું નામ 'ચિત્રલેખા' છે. શ્રીસ્વામિનીજીની કુંજ રચનામાં નાના પ્રકારનાં ચિત્રો કરે છે. તે અંબાલયમાં એક ક્ષત્રીના ઘરે જન્મ્યા. તે પૂરણમલનો પિતા હથિયાર બાંધીને ચાકરી કરતો. પૂરણમલને એક ઝવેરીનો સંગ થયો. તેઓ ઝવેરાતનો ધંધો શીખ્યા. પછી વરસ વીસના થયા ત્યારે માતા-પિતાનો દેહ છૂટ્યો. પૂરણમલનું લગ્ન થયું. પણ સ્ત્રી સાધારણ મળી. પૂરણમલનું મન ભગવાનમાં બાલપણથી જ હતું. જ્યાં ત્યાં કથાવાર્તા સાંભળે, મર્યાદાની રીતે ચાલે. સ્ત્રીનું મન ઠાકુરજીમાં ન જોયું ત્યારે પોતાના ઘરમાં અલગ જગા કરી દીધી. ચાર રૂપિયાનો મહિનો કરી દીધો. દ્રવ્ય ઘણું હતું તેથી મનુષ્યના હાથે સ્ત્રીનો ખર્ચ મોકલી આપતા. પોતે તેની સાથે બોલતા પણ નહીં. વૈરાગ્ય પણ એવો દૃઢ હતો.

વાર્તાપ્રસંગ : એ પૂરણમલની ગાંઠમાં ઘણું દ્રવ્ય હતું. એક સમય રાત્રિએ પૂરણમલને દૈવી જાણી શ્રી ગોવર્ધનધરે સ્વપ્નમાં કહ્યું કે વ્રજમાં ગોવર્ધન પર્વત છે ત્યાં અમે પ્રકટ થયા છીએ તો તું ત્યાં આવીને અમારું મંદિર સિદ્ધ કર અને શ્રીઆચાર્યજીનો સેવક થા. પછી સવાર થયું ત્યારે પૂરણમલે બધું દ્રવ્ય ભેગું કરી વ્રજમાં આવી શ્રીગોવર્ધનધરનાં દર્શન કર્યા પછી રામદાસ ભીતરિયાને પૂછ્યું કે મને શ્રીનાથજીએ મંદિર સિદ્ધ કરવાની આજ્ઞા આપી છે તેથી હું આવ્યો છું. ત્યારે રામદાસ, સદુપાંડ બધાં કે કે શ્રીનાથજી તો શ્રીઆચાર્યજીના ઠાકુર છે, હમણાં બે ચાર દિવસમાં શ્રી આચાર્યજી પધારવાના છે, ત્યારે એમને પૂછીને એમની આજ્ઞા હોય તો મંદિર સિદ્ધ કરવું. પછી શ્રીઆચાર્યજી પધાર્યા ત્યારે પૂરણમલે દંડવત કરી વિનંતી કરી કે મહારાજ ! મને સેવક કરો, અને શ્રીનાથજીએ મંદિર સિદ્ધ કરવાની આજ્ઞા કરી છે તેથી આપ આજ્ઞા દો, તો હું સિદ્ધ કરાવું, ત્યારે શ્રીઆચાર્યજીએ પૂરણમલે નામ-નિવેદન કરાવીને કહ્યું આગ્રાથી કારીગરને બોલાવો. એટલે પૂરણમલે કારીગર બોલાવ્યા. ત્યારે શ્રીઆચાર્યજી એમને કહે, મંદિરનો નકશો કરી લાવો, એટલે કારીગરે મંદિરનો નકશો શિખરબંધ કર્યો, ધજા-કલશ સહિત ત્યારે શ્રીઆચાર્યજી કારીગરને કહે કે અમારા શ્રીઠાકુરજીનું મંદિર શિખરબંધ, ધ્વજા કલશનું નહીં પણ નંદરાયજીના ઘરની રીતે કરો. ત્યારે કારીગરે બીજી વાર ઘરની માફક નકશો કર્યો. શ્રીઆચાર્યજીના હસ્તમાં જ્યારે નકશાનો કાગળ આવ્યો ત્યારે તે જ શિખરબંધ ધ્વજા-કલશ બની ગયા. ત્યારે શ્રીઆચાર્યજી કહે, નકશો શિખરબંધ કેમ કર્યો ! ત્યારે કારીગરે કહ્યું, મહારાજ ? અમે તો ઘરની માફક કર્યો હતો અને હવે શિખરબંધ ધ્વજા કલશવાળો થયો, તેનું કારણ અમે જાણતા નથી. ત્યારે શ્રીઆચાર્યજી કહે અમે બેઠા છીએ, અમારી આગળ નકશો તૈયાર કરો. ત્યારે કારીગરે ઘરની માફક જેમ શ્રીઆચાર્યજીએ કહ્યું તે રીતિથી નકશો કર્યો. જ્યારે નકશો તૈયાર થયો ત્યારે શિખરબંધ ધ્વજા-કલશ ચકવાળો થઈ ગયો. ત્યારે શ્રીઆચાર્યજીએ જાણ્યું કે શ્રીઠાકુરજીની ઈચ્છા એ છે જે જગતમાં પૂજાઈ ઘણા જીવોનો ઉદ્ધાર કરવો. તેથી દેવાલયની રીતિ અહીં રાખવી ઉચિત છે. પછી શ્રીઆચાર્યજીએ શ્રીગિરિરાજને પૂછ્યું કે પ્રભુ-ઈચ્છા તમામ ઉપર મંદિર બંધાવવાની છે, અને મંદિર બનશે ત્યારે લૌકિક રીતિથી તમને શ્રમ ઘણો થશે. ત્યારે શ્રીગોવર્ધનજી કહે, અમને પરમ સુખ છે. અમારા પ્રભુને માટે જે કરો તેમાં હું પ્રસન્ન છું. તેથી સુખેથી મંદિરના માટે લૌકિક રીતિ બધી કરો, મને કંઈ દુઃખ નથી.

ભાવપ્રકાશ : તેથી જ પછી શ્રીગુસાંઈજી પણ વૈષ્ણવોને સેવા-દર્શનાર્થે ગોવર્ધન ઉપર ચઢવ દેતા. પરંતુ જ્યાં ત્યાં સામગ્રી સેવા વગેરે ચઢવાની આજ્ઞા નથી.

ત્યારે શ્રીઆચાર્યજીએ પૂરણમલને આજ્ઞા આપી કે જલદી મંદિર સિદ્ધ કરાવો. પછી મંદિરની નીમ ખોદી, તે નીમ ભરાઈ ગઈ એટલામાં પૂરણમલનું દ્રવ્ય ઘટી ગયું ત્યારે પૂરણમલ કમાવાને ગયા.

ભાવપ્રકાશ : દ્રવ્ય ઘટ્યું તેનો અભિપ્રાય એ છે કે પૂરણમલના પિતાનું કમાવેલું દ્રવ્ય હતું. તે પિતાના મરે પુત્રની સત્તા થાય તેથી પૂરણમલની સત્તા જાણીને શ્રીનાથજીએ અંગીકાર કર્યું, પરંતુ લૌકિક મનોરથ કરી પિતા દ્રવ્ય કમાયો હતો તેથી કાર્ય સિદ્ધ ન થયું અને જો આ દ્રવ્યથી જ મંદિર બને તો પૂરણમલની વિત્તજા સેવા સિદ્ધ ન થાય. તેથી દ્રવ્ય ઘટ્યું. પછી દૂર પૂરણમલ મંદિરની સેવા નિમિત્ત કમાવા ગયા. એમાં એ જણાવ્યું કે વૈષ્ણવને વેપાર કરવો તે ભગવદ્‌સેવા, ગુરુસેવા અને વૈષ્ણવ સેવાનો મનોરથ કરીને કરવો ત્યારે જ દ્રવ્યથી સેવા સિદ્ધ થાય અને વિત્તજા સેવા થઈ કહેવાય.

પછી પૂરણમલ ગયા ત્યારે બીજા વૈષ્ણવો રાજસી કેટલાક હતા તેમણે આપને કહ્યું કે આજ્ઞા હોય તો અમે મંદિર સિદ્ધ કરાવીએ. ત્યારે શ્રીઆચાર્યજી કહે પૂરણમલ આવીને સિદ્ધ કરાવશે.

ભાવપ્રકાશ : તે એથી કે પ્રભુએ પૂરણમલને મંદિર સિદ્ધ કરવાની આજ્ઞા દીધી છે, અને પૂરણમલનો મનોરથ સિદ્ધ કરાવવો છે.

તે પછી પૂરણમલ ઝવેરાતનો ધંધો કરી થોડા દિવસમાં ઘણું દ્રવ્ય કમાઈને આવ્યા.

ભાવપ્રકાશ : એમાં વૈષ્ણવોને એ જણાવ્યું કે કંઈ સેવા સંબંધી મનોરથ કરી વેપાર કરીએ અને કાર્ય સિદ્ધ થવાનું ન હોય તો વેપાર પણ સિદ્ધ ન થાય, ત્યારે વૈષ્ણવ બધું ભગવદિચ્છા માને, હરખ-શોક ન કરે. પ્રભુને જેટલું કરાવવું હોય તેટલું સહજમાં સિદ્ધ થાય.

તે દ્રવ્ય લઈને પૂરણમલ આવ્યા, મંદિર સિદ્ધ કરાવ્યું, ત્યારે શ્રીઆચાર્યજીએ સુંદર મુહૂર્ત જોઈને શ્રીગોવર્ધનધરને મંદિરમાં પધરાવ્યા. અક્ષયતૃતિયાનો દિવસ હતો ત્યારે પૂરણમલે બહુ દ્રવ્ય ખર્ચ કર્યું. આભૂષણ, વસ્ત્ર, સામગ્રી, ભેટ આદિમાં ઘણું દ્રવ્ય ખર્ચ્યું ત્યારે શ્રીઆચાર્યજી પ્રસન્ન થઈને પૂરણમલને કહે કે તારો મનોરથ હોય તે બાકી રાખીશ નહીં, બધું કરજે. ત્યારે પૂરણમલે શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજાધિરાજ ! મારો એ મનોરથ છે કે પોતાના હાથથી શ્રીજીને બહુ સુગંધીવાળો અરગજા શ્રીઅંગમાં સમર્પું. ત્યારે શ્રીઆચાર્યજી કહે, સુખેથી મનોરથ કરો. એટલે પૂરણમલે અત્યંત સુગંધી અરગજા સિદ્ધ કરીને શ્રીજીના સર્વાંગમાં લગાડ્યો, બહુ જ આનંદ પામ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ પોતાના શ્રીઅંગનો પ્રસાદી ઉપરણો પૂરણમલને ઓઢાવ્યો. પછી દ્રવ્ય ઘણું બચ્યું, તે પૂરણમલે શ્રીઆચાર્યજીને ભેટ કર્યું.

ભાવપ્રકાશ : પૂરણમલનો મનોરથ એથી થયો કે પૂરણમલને પોતે લીલામાં ચિત્રલેખા સખી છે એવું પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું. ત્યારે શ્રીઆચાર્યજીને પ્રસન્ન જાણીને મનમાં વિચાર કર્યો કે મેં મંદિર સિદ્ધ કરાવ્યું તે સેવા તો લીલામાં યે મળે છે, કુંજ સમ્હારવાની; પરંતુ શ્રીઆચાર્યજી મુખ્ય શ્રીસ્વામિનીજી રૂપ છે. તેમની કૃપાથી કંઈ શ્રીઅંગની સેવા કરી લઉં એમ વિચાર્યું કારણ અરગજા લેપનની સેવા સંયોગ સમયે શ્રીસ્વામિનીજી પોતાના શ્રીહસ્તથી પ્રભુને સમર્પે છે, અને વિપ્રયોગ સમયે લલિતાજી શ્રી ઠાકુરજીને સમર્પે છે. કેમકે અરગજા સમર્પવાની સેવા શ્રીસ્વામિનીજી કૃપા વિના ક્યાંથી મળે ? તેથી શ્રીઆચાર્યજીની કૃપાથી પૂરણમલનો મનોરથ સિદ્ધ થયો, અને શ્રીઆચાર્યજીએ પોતાનો પ્રસાદી ઉપરણો ઓઢાવ્યો, તેથી

પૂરણમલનું બધું શરીર માનસી સેવા યોગ્ય, અલૌકિક થઈ ગયું. તેથી પૂરણમલે ભગવદસેવા ન પધરાવી. માનસીમાં મગન થયા. મંદિર કરાવ્યું તેમાં વિત્તજા સેવા સિદ્ધ થઈ. એમાં એ જણાવ્યું કે ભાવ કરીને એક સેવા કરી તેમાં અરગજા લગાવવાનું ફલ પ્રાપ્ત થયું. અને શરીરથી અને ધનથી મંદિર સિદ્ધ કરાવ્યું. તેટલામાં જ તનુજા-વિત્તજા સેવા સિદ્ધ થઈ ગઈ. તેથી ભાવ વિના જન્મભર તનુજા-વિત્તજા સેવા કરે પરંતુ ફલ રૂપ માનસી મળતી નથી. જ્યારે પ્રીતિથી એક જ વારમાં ફળ મળ્યું. તેથી પ્રીતિ સર્વોપરી ફળને સિદ્ધ કરે છે, એ જણાવ્યું.

પછી વર્ષના વર્ષ શ્રીગુસાંઈજી પૂરણમલને પ્રસાદી ડગલો મોકલતા.

ભાવપ્રકાશ : તે ડગલો શ્રી ગોવર્ધનધરનું સ્વરૂપ છે. તે દ્વારા પૂરણમલ પાસે આપ જ પધારતા. તે પૂરણમલના હૃદયમાં અગાધ ભાવ છે. અષ્ટ પ્રહર લીલામાં મગન રહે છે, તેથી એમની વાર્તાનો ભાવ ક્યાં સુધી કહીએ ? એવા ભગવદીય પૂરણમલ છે કે જેમને શ્રીનાથજીએ પોતે જ પ્રમેય બલથી ઘરમાં દર્શન દઈને મંદિર સિદ્ધ કરવાની આજ્ઞા આપી. ॥ વાર્તા ૨૪ ॥

॥ વાર્તા ૨૫ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક, યાદવેંદ્રદાસ કુંભાર, મહાવનમાં રહેતા. તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ લીલામાં નંદરાયજીની જે ગાયો હતી તેમાં આખલા છે એનું નામ મદોન્મત્તા. બધા કહેતા કોઈ આખલો એની સાથે આવી ન શકતો. શ્રીઠાકુરજીએ એને બહુ જ ખવડાવ્યું છે, શ્રીજમનાજીમાં ન્હવાયો છે. તે મહાવનમાં એક કુંભારને ત્યાં જન્મ્યા. નારાયણદાસ બ્રહ્મચારીના ઘરે તેઓ માટીનાં પાત્રો લાવતા, તેથી નારાયણદાસે દૈવી જાણી યાદવેંદ્રદાસને એક દિવસ મહાપ્રસાદ લેવડાવ્યો. ત્યારે યાદવેંદ્રદાસની બુદ્ધિ નિર્મલ થઈ ગઈ. તેથી નારાયણદાસને કહે, મને શ્રીઆચાર્યજીનો સેવક કરાવો. ત્યારે યાદવેંદ્રદાસે કહ્યું કે એ મેં પહેલાં જ મનમાં ધારણ કરી લીધું છે, જે આજ પછી મા-બાપના હાથનું ન ખાવું, ન જલ લેવું. શ્રીઆચાર્યજીના વૈષ્ણવના હાથનું લઈશ. પરંતુ હવે મારા ઘરનું મહોડું નહીં જોઉં. આ સાંભળીને નારાયણદાસ પ્રસન્ન થઈને કહે, તું અમારા ઘરમાં રહેજે, શ્રીઆચાર્યજી પધારે ત્યારે સેવક થજે. ત્યારથી તે નારયણદાસના ઘરમાં જ રહેતા. લાકડાં છાણાં વીણીને લઈ આવતા. પછી શ્રીઆચાર્યજી મહાવન પધાર્યા ત્યારે નારાયણદાસના ઘરે ઉતર્યા. ત્યારે નારાયણદાસે આપને વિનંતી કરીને યાદવેંદ્રદાસને સેવક કરાવ્યા. તેઓ શ્રીઆચાર્યજીના સારા સેવક થયા.

વાર્તાપ્રસંગ ૧ : એ યાદવેંદ્રદાસ શ્રીઆચાર્યજીના પરમ કૃપાપાત્ર ભગવદીય હતા. જ્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ તથા શ્રીગુસાંઈજી પોતે પરદેશ પધારતા ત્યારે તે પરદેશ સાથે રહેતા. યાદવેંદ્રદાસ ત્યારે આટલી વસ્તુ લઈ સાથે ચાલતા, એક કનાત, એક હડવાઈ. બે ચાર દિવસનું સીધું. એક નાની રાવટી એટલું લેતા, અને માર્ગમાં વૈષ્ણવ થાકીને ચાલતા ત્યારે મુકામ ઉપર જઈ બધી પરચાગીરી કરતા. રાત્રિના ચોકી પહેરો દેતા, એવી સેવા કરતા.

વાર્તાપ્રસંગ ૨ : વળી એક સમય શ્રીગુસાંઈજી શ્રીગોકુલ બિરાજતા હતા. ફાગણ વદી ૭નો દિવસ હતો. રાત્રીનો દોઢ વાગ્યો હતો તે સમયે શ્રીગુસાંઈજીએ શ્રીમુખથી કહ્યું કે આ સમય જો મંદિરનો પાયો ખોદ્યો જાય તો સારો દૃઢ થાય. એવું મુહૂર્ત છે. કહીને પોતે તો પોઢ્યા.

ત્યારે યાદવેંદ્રદાસે તત્કાલ પાયો ખોદ્યો. બે પ્રહરમાં બધું ખોદીને માટીનો ઢગલો કર્યો. પછી

શ્રીગુસાંઈજી જાગ્યા અને જોયું ત્યારે કહ્યું, આ માટી કેવી છે ? ત્યારે વૈષ્ણવોએ કહ્યું, યાદવેંદ્રદાસે બધી ખોદી છે ! ત્યારે શ્રીગુસાંઈજી યાદવેંદ્રદાસને પૂછે જે આ માટી તમે ખોદી છે ? ત્યારે યાદવેંદ્રદાસે કહ્યું કે આપે શ્રીમુખથી કહ્યું તે જ સમયે મંદિરનો પાયો ખોદ્યો છે. પછી મજાર કારીગરોએ પાયો એક મહિનામાં ભર્યો, એટલી માટી ખોદી. તેઓ એવા સામર્થ્યવાલા હતા. પછી મંદિર બન્યું. શ્રીનવનીતપ્રિયાજી આદિ બિરાજ્યા. ત્યારે શ્રીગુસાંઈજી યાદવેંદ્રદાસના ઉપર બહુ જ પ્રસન્ન થયા.

વાર્તાપ્રસંગ ૩ : બીજું શ્રીનાથજીદ્વારમાં જલની ખેંચ જાણી યાદવેન્દ્રદાસે રૂદ્રકુંડની પાસે એક કૂવો પોતાના હાથથી ખોદ્યો. તેની માટી પકવી કૂવો પાકો બાંધ્યો પરંતુ જલ ખારું નીકળ્યું. ત્યારે યાદવેન્દ્રદાસ ગંગાજી ગયા. ત્યાં જઈ ગંગાજીમાં ઊભા રહી તર્પણ કરવા લાગ્યા, અને વિનંતી કરી કે આવું જલ મીઠું કરો, પછી જ્યારે જલ મીઠું જાણ્યું ત્યારે નીકળી આવ્યા.

ભાવપ્રકાશ : એનું કારણ એ કે બધા જગતમાં ઉત્તમ ગંગાજલ નિર્દોષ છે. શ્રીનાથજીની સેવામાં નિર્દોષ પદાર્થ વિનિયોગ થાય તેથી ગંગાજી ગયા. આ યાદવેન્દ્રદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. તેમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૨૫ ॥

॥ વાર્તા ૨૬ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, શ્રીગુસાંઈદાસ સારસ્વત (બ્રાહ્મણ) મથુરામાં રહેતા. તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ લીલામાં શ્રી ગિરિરાજજી પાસે ગોવિંદકુંડ છે ત્યાં કદંબનું વૃક્ષ છે ત્યાંના પોપટ છે. શ્રીઠાકુરજી વેણુનાદ કરતા ત્યારે નાદરસ-અધરામૃતનું પાન તેઓ કરતા. તે ગુસાંઈદાસ પૂ[illegible]માં સારસ્વત બ્રાહ્મણના ઘરે જન્મ્યા. વર્ષ ચૌદના તેઓ થયા ત્યારે એક બ્રાહ્મણના મુખથી શ્રીભાગવતનું પારાયણ અને ભગવદગીતા તેમણે સાંભળી. પછી વિરક્ત થઈ તીર્થ કરવા લાગ્યા. તે તીર્થ કરવામાં ચોવીસ વર્ષ થયાં. પછી મથુરામાં આવ્યા ત્યારે વિશ્રાંતઘાટ ઉપર શ્રીઆચાર્યજી સંધ્યાવદન કરતા હતા. તે દર્શન કરી ગુસાંઈદાસના મનમાં આવ્યું કે મેં તીર્થ ઘણા કર્યા પરંતુ હવે એમની શરણે જાઉં. ત્યારે તેમણે શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! મને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તારું મન તીર્થ કરવામાં છે તો સેવક થઈને શું કરીશ ? ત્યારે ગુસાંઈદાસે કહ્યું મહારાજ ! આપ જે આજ્ઞા કરશો તે કરીશ. હવે તીર્થ કરતાં કરતાં હાર્યો. હવે તો મથુરામાં એક જગ્યા લઈને રહીશ. ત્યારે શ્રીઆચાર્યજીએ ગુસાંઈદાસને નામ નિવેદન કરાવ્યું. પછી કહે ભગવદસેવા કરો, ત્યારે કહે, મહારાજ ! આપ શ્રીઠાકુરજી પધરાવી દો. તેમની સેવા કરું. હવે એક વૈરાગી પાસે ચતુર્ભુજ શ્યામ સ્વરૂપ શ્રીઠાકુરજીનું હતું તે વૈરાગી શ્રીઆચાર્યજીને સ્વરૂપ આપી દ્વારકા ચાલ્યો ગયો. ત્યારે શ્રીઆચાર્યજીએ તે ઠાકુરજીને પંચામૃત સ્નાન કરાવી ગુસાંઈદાસને માથે પધરાવ્યા.

વાર્તાપ્રસંગ ૧ : તે ગુસાંઈદાસ મથુરામાં એક ઘર લઈ ત્યાં સેવા કરવા લાગ્યા ત્યારે શ્રીઠાકુરજી ગુસાંઈદાસને સાનુભાવ જણાવવા લાગ્યા. એક વૈષ્ણવ ગુસાંઈદાસના ઘરે શ્રીઠાકુરજીનાં નિત્ય દર્શન કરવાને આવે. તે મનમાં શ્રીઠાકુરજીને પ્રાર્થના કરે કે મહારાજ, મારા માથે પધારો તો હું સેવા કરું. આ પ્રકારે મનમાં નિત્ય વિનંતી કરે. ત્યારે ગુસાંઈદાસ વૈષ્ણવને કહે, કે અમારી પાસે રહો તો સેવા કરો. ત્યારે તે વૈષ્ણવે ના કીધી પછી કેટલાક દિવસમાં શ્રીઠાકુરજીએ ગુસાંઈદાસને પ્રેરણા કરી ત્યારે ગુસાંઈદાસ તે વૈષ્ણવને કહે, હવે તમે શ્રીઠાકુરજીને પધરાવીને સેવા કરો. તો વૈષ્ણવે કહ્યું, તમે શું કરશો ? ત્યારે

ગુસાંઈદાસે કહ્યું, હું બદરીકાશ્રમ જઈશ, ત્યાં મારો દેહ છૂટશે. ત્યારે તે વૈષ્ણવે કહ્યું, કદાચિત દેહ ભગવદ ઈચ્છાથી ન છૂટયો અને પાછા આવો ત્યારે ? પ્રભુની ગતિ જાની ન જાય. ત્યારે ગુસાંઈદાસે કહ્યું. પ્રભુ એવું નહીં કરે, અને કદાચિત હું આવીશ તો તમારા દ્વારે પડ્યો રહીશ. શ્રીઠાકુરજી તો તમારા ઉપર પ્રસન્ન છે. હું પાછા પધરાવીશ નહીં. હું ફક્ત દર્શન કરી લઈશ, ત્યારે તે વૈષ્ણવે શ્રીઠાકુરજીને પધરાવી સારી રીતિથી સેવા કરવા લાગ્યો, અને ગુસાંઈદાસ બદરીકાશ્રમ ગયા. ત્યાં વિરહ કરી દેહ છોડ્યો.

ભાવપ્રકાશ : તે દેહ છોડી લીલામાં પોપટ થયા.

પછી કેટલાક દિવસમાં ગુસાંઈદાસની દેહ છૂટવાના સમાચાર તે વૈષ્ણવ પાસે આવ્યા. ત્યારે તેણે કહ્યું જે શ્રીઆચાર્યજીના વૈષ્ણવ જૂઠું ન બોલે અવશ્ય દેહ છોડી, પછી મન લગાડીને સેવા કરવા લાગ્યો.

ભાવપ્રકાશ : તે ગુસાંઈદાસે કેટલાક દિવસ જ્યારે ભગવદસેવા કરી ત્યારે પોતાના સ્વરૂપનું તેમને જ્ઞાન થયું. ત્યારે શ્રીઠાકુરજીએ જણાવ્યું કે હવે તું આ વૈષ્ણવના માથે મને પધરાવીને બદરીકાશ્રમ જા. ત્યાં વિરહ કરીને દેહ છોડી લીલામાં પક્ષી થઈશ. તારું સાધન સિદ્ધ થઈ ચૂક્યું. તેથી ગુંસાઈદાસ ગયા. અને તે વૈષ્ણવ શ્રીચંદ્રાવલીજીની સખી લીલામાં હતી. ચતુરા એનું નામ હતું. તે મથુરામાં એક સનોડિયાના ઘરે જન્મ પામ્યા. પછી માતા-પિતા સ્ત્રી બધાં મરી ગયાં. અકેલા રહ્યા. તે શ્રીઆચાર્યજીના સેવક હતા. તેમને ભગવદસેવાનો તાપ ઘણો, પછી એક દિવસ શ્રીઠાકુરજી તેને સ્વપ્નામાં કહે કે તું ગુસાંઈદાસના શ્રીઠાકુરજીનાં નિત્ય દર્શન કરજે. તે શ્રીઠાકુરજી તારે માથે પધારશે. તે વૈષ્ણવ આથી ગુસાંઈદાસના ઘરે નિત્ય દર્શન કરતો. પછી શ્રીઠાકુરજી કૃપા કરીને તેના ઉપર પધાર્યા. તેથી મૂળમાં જેવો જીવ હોય તે જ પ્રકારનું સાધન કર્યાથી ફલ મળે. તે ગુસાંઈદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. ॥ વાર્તા ૨૬ ॥

॥ વાર્તા ૨૭ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક, માધવભટ્ટ કાશ્મીરી કાશ્મીરમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ માધવભટ્ટ લીલામાં જશોદાજીની દાસી છે. તે પરમ ચતુર છે. શ્રીઠાકુરજીની શય્યા બિછાવવી, જલ લઈ આવવું વગેરે તેની સેવા છે. કુમારી રાધા સહચરીના સંગમાં છે, રત્ની એનું નામ છે.

વાર્તાપ્રસંગ ૧ : એ માધવભટ્ટ કાશ્મીરમાં એક બ્રાહ્મણના ઘરે પ્રગટ્યા. પ્રથમ તે માધવભટ્ટ કેશવભટ્ટના સેવક થયા તે કેશવભટ્ટ કાશ્મીરમાં કથા કહેતા. કેશવભટ્ટ જ્યારે શ્રીઆચાર્યજીની પાસે મળવાને આવ્યા ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ શ્રીસુબોધિનીજી કહેતા તે કેશવભટ્ટ સાંભળવાને આવતા, અને માધવભટ્ટ મન લગાડીને દાસભાવનાથી સાંભળતાને પછી જ્યારે શ્રીઆચાર્યજી કથા કહી ચૂકતા ત્યારે માધવભટ્ટ શ્રીઆચાર્યજીના વૈષ્ણવોની પાસે જઈ બેસતા અને વૈષ્ણવોના મુખથી વાર્તા સાંભળતા. પછી એક દિવસે કેશવભટ્ટે માધવભટ્ટને કહ્યું કે હું કથા કહું છું તે તું સાંભળવા નથી આવતો અને હાંસી મશ્કરીની વાર્તા કેમ સાંભળે છે ? ત્યારે માધવભટ્ટે કહ્યું, તમારી કથા કરતાં શ્રીઆચાર્યજીના સેવકોની હાંસી મશ્કરીની વાર્તા મને સારી લાગે છે, તેથી ત્યાં જાઉં છું. માધવભટ્ટની વાત સાંભળીને કેશવભટ્ટે મનમાં વિચાર કર્યો કે હવે આ મારા કામનો નથી, તેથી શ્રી આચાર્યજીને ભેટ કરીશ પછી કેટલાક દિવસમાં કેશવભટ્ટ ઘરે જવા લાગ્યા. ત્યારે શ્રીઆચાર્યજીને કહે, મેં આપની કથા સાંભળી છે તેથી આ

માધવભટ્ટને આપની ભેટ કરું છું. આ મારા કામનો નથી. ત્યારે માધવભટ્ટ શ્રીઆચાર્યજી મહાપ્રભુની પાસે રહ્યા. પછી કેશવભટ્ટ વિદાય થઈ ચાલ્યા ગયા. ત્યારે એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને પ્રશ્ન કર્યો કે મહારાજ ! આપના શ્રીમુખથી કથા માધવભટ્ટે પણ સાંભળી અને કેશવભટ્ટે પણ સાંભળી, તેમાં માધવભટ્ટને જ્ઞાન થયું અને કેશવભટ્ટને કેમ નહીં થયું ? તેનું કારણ શું ? ત્યારે શ્રીઆચાર્યજી કહે કે કેશવભટ્ટે બરાબરી બેસીને કથા ન સાંભળી તેથી બોધ ન થયો, અને માધવભટ્ટે દાસભાવથી મન લગાડીને સાંભળ્યું તેથી તેને જ્ઞાન થયું.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે કથા શ્રવણમાં દાસભાવ હોય તો જ ફલરૂપ થાય. અને અહંકારીને કહે તો પણ સાંભળ્યાનું ફલ ન થાય એમ જણાવ્યું. મૂળમાં માધવભટ્ટ લીલા સંબંધી છે તેથી શ્રીઆચાર્યજીની વાણી ફલિત થઈ અને કેશવભટ્ટ લીલા સંબંધી નથી, મર્યાદામાર્ગીય છે. સ્વર્ગ તથા મુક્તિના અધિકારી છે તેથી શ્રીઆચાર્યજીની વાણી ફલિત ન થઈ. પછી કેશવભટ્ટ વિદાય થઈને દેશમાં ગયા.

અને માધવભટ્ટને શ્રીઆચાર્યજીએ નામ-નિવેદન કરાવ્યું. ત્યારે માધવભટ્ટે વિનંતી કરી, મહારાજ ! હવે અમને શું કર્તવ્ય છે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, તમે ભગવદ્‌સેવા કરો. ત્યારે માધવભટ્ટે કહ્યું, એ લાલજીનું સ્વરૂપ મારા બાપ-દાદાના વખતથી સદા રહે છે તે સ્વરૂપને સદા મારી પાસે રાખું છું. તુલસી, ચંદન ચઢાવી ધૂપ-દીપ કરી નૈવેદ્ય ધરી, આહવાહન-વિસર્જન કરું છું. પૂજા માર્ગની રીતથી સેવા કરું છું. હવે આપ આજ્ઞા દો તે પ્રકારે સેવા કરું. ત્યારે શ્રીઆચાર્યજી કહે, જા, સ્વરૂપ લઈ આવ. ત્યારે માધવભટ્ટને જઈને સ્વરૂપ લઈ આવ્યા. પછી શ્રીઆચાર્યજીએ તે સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી માધવભટ્ટને માથે પધરાવ્યું. પછી માધવભટ્ટ કેટલાક દિવસમાં પુષ્ટિમાર્ગની રીતિ શીખીને આજ્ઞા માંગી કાશ્મીર પોતાના ઘરે આવ્યા, અને પ્રીતિપૂર્વક સેવા કરવા લાગ્યા.

કેટલાક દિવસમાં શ્રીઠાકુરજી તેમને સાનુભાવ જણાવવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૨ : જે ગામમાં માધવભટ્ટ રહેતા તે ગામમાં એક મોટો ગૃહસ્થ રહેતો. તેને એક પુત્ર હતો તે મરી ગયો ત્યારે તે બહુ જ દુ:ખથી વિલાપ કરવા લાગ્યો એને કહ્યું કે આને કોઈ જીવાડે તો હું જીવું, નહીં તો સાથે હું પણ મરીશ. એ પ્રકારે કહે, પડી જાય અને ધરતી ઉપર આળોટે ત્યાં એક વૈષ્ણવ આવી નીકળ્યા. તેણે તે ગૃહસ્થની આવી દશા જોઈને કહ્યું જે ગામમાં માધવભટ્ટ સરખા ભગવદીય છે ત્યાં આવું દુ:ખ કેમ હોય ? આ વાત સાંભળીને તે ગૃહસ્થ માધવભટ્ટ પાસે દોડી આવ્યો. દંડવત કરીને બહુ વિલાપ કરવા લાગ્યો અને કહ્યું, તમે મોટા મહાપુરુષ છો મારો પુત્ર મરી ગયો છે તેન જીવાડી દો નહીં તો હું પણ એની સાથે મરીશ. એ પ્રકારે તેને બહુ દુ:ખી જોઈને માધવભટ્ટને દયા આવી તેથી માધવભટ્ટે એક શ્લોક કરીને શ્રીઠાકુરજીના આગળ ધર્યો. તે શ્લોક—

દયાલોરસમર્થસ્ય દુ:ખાયૈવ દયાલુતા ॥
વિશ્વોદ્ધારણદક્ષશ્ચ શાસ્ત્રેષ્વેકસ્ય શોભના ॥

ભાવપ્રકાશ : એનો અર્થ એ કે આપ દયાલુ છો. તે કેવા દયાલુ છો કે અસમર્થ ઉપર દયાલુતા આપ જ કરો છો. અને દયાલુતાનું લક્ષણ એ છે કે દુ:ખી ઉપર દયા પ્રકટ થાય તે જ દયાલુતા છે. એવા એક આપ જ છો અને વિશ્વોધરણમાં એવા આપ જ ચતુર છો, બધાં શાસ્ત્રોમાં આપને જ ગાયા છે, આ દયાલુતા આપને જ શોભે છે, તેથી દુ:ખનો નાશ કરો.

આ શ્લોક સાંભળીને શ્રીઠાકુરજી કહે, આ કેટલીક વાત છે ? તમને દયા આવી છે તો એને જઈને કહો, તારો પુત્ર જીવ્યો ત્યારે માધવભટ્ટ બહાર આવીને કહે કે જા તારો પુત્ર જીવ્યો. ત્યારે ગૃહસ્થના મનમાં થયું જે કંઈ ઔષધિ તો આપી નહીં. માત્ર મુખથી કહી દીધું છે. એટલામાં તે ગૃહસ્થના ઘરના મનુષ્યે આવીને કહ્યું, તમારો પુત્ર જીવ્યો, વધામણી આપો. ત્યારે તે દોડીને ઘરમાં જઈ જુએ તો પુત્ર જીવ્યો છે. પછી વધામણી કરી અને કહ્યું, માધવભટ્ટ મોટા ભગવદીય છે, જેનાં વચન આવાં છે કે જીવ્યો કહેતાં માત્ર જીવ્યો. પછી રાત્રિએ માધવભટ્ટે પોતાના મનમાં વિચાર કર્યો કે આ કામ મેં બહુ જ અનુચિત કર્યું. સંસારમાં અનેક લોકો દુઃખી છે, તેથી હવે આ ગામમાં રહેવાનો ધર્મ નથી. તેથી અરધી રાત્રિના સમયે શ્રીઠાકુરજીને ઝાંપીમાં પધરાવીને ચાલ્યા. તે અડેલમાં શ્રીઆચાર્યજીની પાસે આવી રહ્યા. તેથી વૈષ્ણવે દયા પણ વિચારીને કરવી. લૌકિકમાં મહાત્મ્ય પ્રકટ કર્યાથી ગામ છોડ્યું, ત્યારે ધર્મ રહ્યો નહીં. તો પછી ઘણું દુઃખ થતું. તેથી લૌકિકની માફક રહે તો ધર્મ રહે. શ્રીઠાકુરજીને પરિશ્રમ ન થાય અને વૈષ્ણવને પણ દુઃખ ન થાય માધવભટ્ટ સર્વ સામર્થ્યવાન હતા તોયે ભાગવું પડ્યું. તેથી વૈષ્ણવે વિચારીને કામ કરવું.

વાર્તાપ્રસંગ ૩ : બીજું, માધવભટ્ટને લખવાનો બહુ અભ્યાસ હતો. શ્રીઆચાર્યજી મહાપ્રભુએ શ્રીભાગવતની ટીકા, શ્રીસુબોધિનીજી કરી, તે માધવભટ્ટ લખતા જાય. જ્યાં માધવભટ્ટ ન સમજતા ત્યાં કલમ છોડી બેસી રહેતા. પછી શ્રીઆચાર્યજી માધવભટ્ટને સમજાવતા ત્યારે લખતા વળી માધવભટ્ટ શ્રીઆચાર્યજીની આગળ આવી એવી રીતે બેસતા કે પગ ન દેખાય.

ભાવપ્રકાશ : કેમ કે શાસ્ત્રમાં કહ્યું છે કે મોટાની આગળ સિદ્ધ આસન પણ ન બેસવું અને પગ ન દેખાય એમ બેસવું. તેથી તેઓ દાસભાવથી બેસતા.

વાર્તાપ્રસંગ ૪ : વળી એક સમય શ્રીઆચાર્યજી મહાપ્રભુ જ્યારે પરદેશ પધારતા ત્યારે માધવભટ્ટ સાથે જતા. શ્રીસુબોધિની લખતા. એક દિવસ પાછલી રાત્રિના માધવભટ્ટ લઘુશંકા માટે ઊઠ્યા, ત્યાં ચોરોએ તીર માર્યું. તે માધવભટ્ટને લાગ્યું. ત્યારે શ્રી આચાર્યજી મહાપ્રભુજીનું નામ લીધું, અને નામ લેતાં જ માધવભટ્ટનો દેહ છૂટ્યો. ત્યારે વૈષ્ણવોએ એમના દેહનો સંસ્કાર કર્યો. પછી એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! માધવભટ્ટ સરખા ભગવદીયની આ પ્રકારે અવસ્થા કેમ થઈ ? ત્યારે શ્રીઆચાર્યજી શ્રીમુખથી કહે, માધવભટ્ટને પરલોકમાં તો કંઈ હાનિ નથી, પરંતુ એને એક ભગવદ્ અપરાધ પડ્યો હતો. તેની શિક્ષા મળી ત્યારે વૈષ્ણવોએ પૂછ્યું, કે મહારાજ ! એવો શો અપરાધ પડ્યો હતો ? ત્યારે શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી કે એ પહેલા પોતાના સેવ્ય શ્રીઠાકુરજીની શય્યા ફૂલોની બિછાવતા ત્યારે એક દિવસ ફૂલોમાં અજાણે સૂઈ રહી ગઈ. માધવભટ્ટે તે જાણ્યું નહીં. તે સુઈ શ્રીઠાકુરજીના શ્રીઅંગમાં સ્પર્શ થઈ, તે અપરાધથી આમ થયું છે, પરંતુ એની દેહ સાવધાનીથી ભગવદ્ નામ લેતા છૂટી છે તેથી એને કંઈ બાધક નથી, એણે શ્રીનાથજીના ચરણારવિંદને પ્રાપ્ત કર્યા છે, હવે એને કંઈ કર્તવ્ય બાકી રહેલ નથી.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે પુષ્ટિમાર્ગમાં શય્યા ઉપર ફૂલ બિછાવવાની રીતિ શ્રીઆચાર્યજીએ પ્રકટ કરી નથી. કારણ જે એ લૌકિક ફૂલ છે અને દાંડી કઠણ છે. વળી તે એક ક્ષણમાં કરમાઈ જાય, વસ્ત્રોમાં ફૂલોના ડાઘા પડે તેથી ફૂલ અલગ ધરાય, પ્રભુને સુગંધી માત્ર આવે. અને લીલામાં

રીતિ છોડી. લીલામાં ફૂલોની શય્યાનું વર્ણન જાણી માધવભટ્ટે શય્યા કરી તે પ્રભુને ઠીક ન લાગ્યું. તેથી માધવભટ્ટને દંડ દઈને બધા વૈષ્ણવોને શિક્ષા આપી કે શ્રીઆચાર્યજીએ આ પુષ્ટિમાર્ગમાં જે રીતિ પ્રકટ કરી છે અને ગ્રંથોમાં જે પ્રકારે આજ્ઞા કરી છે, તે જ પ્રકારે સેવા કરવી અને ચાલવું, અને જો મનથી કલ્પિત પ્રકારે સેવા કરે તો શ્રીગોવર્ધનધરને રૂચે નહીં યદ્યપિ લીલામાં વર્ણન પણ હોય તો પણ પોતાના માર્ગમાં જેટલી આજ્ઞા શ્રીઆચાર્યજી શ્રીગુસાંઈજીની હોય તેટલું જ કાર્ય કરે તો પ્રભુ વહેલા પ્રસન્ન થાય. અથવા માધવભટ્ટ પ્રથમ મર્યાદા રીતિથી શ્રીઠાકુરજીની પૂજા કરતા. મર્યાદામાં ફૂલોની શય્યા કરતા હતા ત્યારથી અપરાધ છે, તેનો દંડ થયો. પછી લીલામાં અંગીકાર થયો, એમ જણાવ્યું, શ્રીઆચાર્યજીના શરણથી જન્મ જન્મનો અપરાધ હોય તે આજ જન્મમાં ભોગવી લે, પછી બાધક ન રહે, એવો શ્રીઆચાર્યજીના શરણનો પ્રતાપ છે, જે સર્વ અપરાધ ભોગવી લીલામાં પ્રાપ્ત થાય. અહીં જ ભોગ છૂટે.

પછી માધવભટ્ટની દેહ છૂટી ત્યારે શ્રીઆચાર્યજી કહે, હવે શ્રીસુબોધિનીજી રહ્યાં, ભગવદ્દ્ઇચ્છા એટલી જ પ્રકટ કરવાની હતી.

ભાવપ્રકાશ : એમાં જે જણાવ્યું કે શ્રીઠાકુરજીને પાસે બોલાવતા હતા. પહેલા આજ્ઞા આગળ થઈ તે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ ન માની, ત્યારે માધવભટ્ટને આ અપરાધના મિષથી લીલામાં બોલાવી ત્રીજી આજ્ઞા કરી. પછી શ્રીઆચાર્યજીએ 'અંતઃકરણ પ્રબોધ'ગ્રન્થ કરી અંતર્ધ્યાન લીલા કરી. તે માધવભટ્ટની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૨૭ ॥

॥ વાર્તા ૨૮ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, ગોપાલદાસ વાંસવાડના વાસી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ ગોપાલદાસ શ્રીયમુનાજીની સખી છે, 'રસપ્રકાશિકા' એમનું નામ છે. એ લીલામાં એવી વાર્તા ભક્તોથી કરે કે બધાના મનમાં રસનો પ્રકાશ થઈ જાય. તે ગોપાલદાસ વાંસવાડામાં એક ક્ષત્રી હતો તેના ઘરે પ્રગટ થયા. તે ક્ષત્રી વૈશ્યવૃત્તિ કરતો હતો અને શરાફીની દુકાન પણ કરતો. તે ક્ષત્રીને ચાર બેટા આગળ થયા તે મરી ગયેલા. પાંચમા ગોપાલદાસ જ્યારે થયા ત્યારે ક્ષત્રીએ માનતા કરી કે આ પુત્ર જીવે તો તીર્થરાજ પ્રયાગમાં એનું મુંડન (વાળ ઉતારવા) કરીશ. પછી ગોપાલદાસ વર્ષ પાંચના થયા પરંતુ તે ક્ષત્રીનું મન વેપારમાં ઘણું તેજી પ્રયાગ જઈ ન શકે. એમ કરતાં ગોપાલદાસ વર્ષ અગ્યારના થયા ત્યારે ક્ષત્રીએ એક ગાડી કરી પોતાના ગુમાસ્તા અને ચાકર સંગે કરી દીધા. અને કહે કે ગોપાલદાસને પ્રયાગમાં મુંડન કરાવી જલદી લઈ આવો. તો પછી ગોપાલદાસનો વિવાહ કરીએ. એ પ્રકારે ગોપાલદાસ વાંસવાડાથી ચાલ્યા. પછી પ્રયાગમાં આવી ગોપાલદાસે શ્રીગંગાજી, યમુનાજીના દર્શન કર્યાં. તે દૈવી હતા તેથી એમને અલૌકિક દર્શન થયા. ત્યારે ગોપાલદાસ તે ગુમાસ્તાને કહે, હું તો અહીં વાળ નહીં મુંડાવું. આ તીર્થ ક્ષેત્રથી કોસ પાંચ બહાર જઈ મુંડાવીશ. શું મને નર્કમાં નાખવો છે ? આ રસરૂપ જલ તેની મહીં વાળ નાખું ? ત્યારે ગુમાસ્તાએ બહુ બહુ સમજાવ્યો કે તમારા પિતાની માનતા છે અને આ પ્રયાગ તીર્થમાં મુંડાવવાનું બહુ ફલ છે ત્યારે ગોપાલદાસે કહ્યું કે પિતા મૂર્ખ છે, જે એવી માનતા કરી, અને મને એવું ફલ જોઈએ નહીં. બ્રાહ્મણોએ તીર્થમાં દાન લેવાને માટે એવાં ફલ કહ્યાં છે. હું તો અહીં કદીએ નહીં મુંડાવું, પછી ગોપાલદાસે પ્રયાગથી પાંચ કોસ ગંગા પાર જઈ મુંડન કરાવ્યું. પછી ન્હાઈને કરી પ્રયાગમાં પોતે ન્હાયા. દાન-પુણ્ય

માલા, ચંદનથી કરી અને પાંચ રાત્રિ ત્યાં રહ્યા.

તે સમયે શ્રીઆચાર્યજી પણ પ્રયાગમાં પધાર્યા હતા. ગોપાલદાસ નિત્ય પૂજન ત્રિવેણીનું કરતા પાંચમા દિવસે શ્રીઆચાર્યજી ગોપલાદાસની પાસે પોતે જ સ્નાન માટે પધાર્યા, તે દૈવી જાણી કૃપા કરવા માટે ગોપાલદાસ તો ન્હાતા હતા. ત્યારે શ્રીઆચાર્યજીએ ત્રિવેણીમાંથી એક અંજલિ (ખોબો) જલ ભરીને ગોપાલદાસ ઉપર નાખ્યું. ત્યારે ગોપાલદાસે પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું. અને શ્રીઆચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન થયું. ત્યારે ગોપાલદાસે જલમાં જ માથું નમાવ્યું અને બન્ને હાથ જોડીને શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! હું મહાન પાપી છું. બહુ જન્મ સંસારમાં ભટક્યો, હવે મારા ઉપર કૃપા કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ દૈન્યતા જોઈ ગોપાલદાસને જલમાં જ નામ નિવેદન કરાવ્યું અને માર્ગનો સિદ્ધાંત હૃદયમાં સ્થાપન કરી દીધો. પછી ગોપાલદાસને કહે, ભગવદસેવા કરો. ત્યારે ગોપાલદાસે બહાર આવીને વસ્ત્ર પહેર્યાં, અને શ્રીઆચાર્યજીએ ન્હાઈને વસ્ત્ર અપરસનાં પહેરી મધ્યાહ્નની સંધ્યા કરી. પછી ગોપાલદાસને કહે, તું ભગવત્સ્વરૂપ લઈ અડેલ આવજે, એમ કહી આપ તો અડેલ પધાર્યા. પછી ગોપાલદાસે પ્રયાગમાં ન્યોછાવર દઈ લાલજીનું સ્વરૂપ લઈ અડેલમાં આવ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીઠાકુરજીને પંચામૃત સ્નાન કરાવીને ગોપાલદાસે માથે પધરાવ્યા. પછી પાંચ દિવસ ગોપાલદાસ અડેલમાં રહી પુષ્ટિમાર્ગની રીતિ બધી શીખ્યા. પછી શ્રીઆચાર્યજીથી વિદાય થઈને વાંસવાડામાં પોતાના ઘરે આવ્યા. ત્યારે ગુમાસ્તાએ ગોપાલદાસના પિતાને બધા સમાચાર કહ્યા, કે આ તમારા બાલકે પ્રયાગથી પાંચ કોસ (દશ માઈલ) ગંગાપાર જઈ મૂંડન કરાવ્યું છે. અમે બહુ કહ્યું પણ માન્યું નહીં, અને વૈષ્ણવ થઈ આવ્યો છે. ત્યારે ગોપાલદાસના પિતાએ કહ્યું, થયું તે ખરું, બોલીશ નહીં. કેમ કે ગોપાલદાસના ઉપર માતા-પિતાનો બહુ સ્નેહ હતો. તેથી વિચાર્યું કે આ કદાચ ઘર છોડીને નીકળી જશે. તેથી ગોપાલદાસને કંઈ કહ્યું નહીં.

પછી મા-બાપે કહ્યું, ભૂખ્યા હશો માટે કંઈ ખાવ. ત્યારે ગોપાલદાસે કહ્યું, હું તો તમારું જલ નહીં પીઉં. તમે જઈ શ્રીઆચાર્યજીના સેવક થઈ આવો તો મારે તમારે બને. નહીં તો મને થોડીક જગા અલગ કરી દો. તેમાં હું રહીશ. ત્યારે પિતાએ કહ્યું તારું લગ્ન કરવું છે, તે કેમ થશે ? ત્યારે ગોપાલદાસે કહ્યું, હમણાં આ સમયે જગા તો કરી દો પછી જે થશે તે ખરું, હમણાં તો લગ્ન નથી કરવું ને ? ત્યારે પિતાએ ઘરમાં જગા કરી દીધી. ત્યાં ગોપાલદાસે જગા ખાસા કરીને શ્રીઠાકુરજીની રસોઈ કરીને ભોગ ધરી મહાપ્રસાદ લીધો. પછી શ્રીઠાકુરજીનું મંદિર સિદ્ધ કરાવ્યું. પ્રીતિથી સેવા કરવા લાગ્યા. પછી પિતાએ ગોપાલદાસની સગાઈ કરી. લગન પણ થયું, પરંતુ સાસરામાં કે ઘરમાં, કોઈના હાથનું જલ ન લીધું. પછી ગોપાલદાસે પિતાને કહ્યું કે તમે શ્રીઆચાર્યજીના સેવક થાવ તો સારું નહીં તો હું સ્ત્રીને સેવક કરાવી લાવું. ત્યારે માતા-પિતાએ કહ્યું, દ્રવ્ય જોઈએ તે લો, સ્ત્રીને સેવક કરાવો. અમે તો સેવક નહીં થઈએ. પછી ગોપાલદાસે સ્ત્રીને કહ્યું, કે તું સેવક થા. માતા-પિતાનું, જ્ઞાતિનું, ખાનપાન છોડે તો મારે તારે બને. ત્યારે સ્ત્રીએ કહ્યું હું સેવક થઈશ. પરંતુ માતાપિતાનું ખાનપાન તો નહીં છોડું. ત્યારે ગોપાલદાસે મનમાં વિચાર્યું કે શ્રીઆચાર્યજીની સેવક તો કરાવું, જો ઉત્તમ જીવ હશે તો આપથી જ બધો ધર્મ સિદ્ધ થશે.

પછી ગાડી ઉપર સ્ત્રીને ચઢાવી વાંસવાડાથી ચાલ્યા. તે કેટલાક દિવસમાં પ્રયાગ આવ્યા. અડેલમાં આવી શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! મારાં માતા-પિતા તો સેવક ન થયાં. મેં બહુ કહ્યું, પણ માન્યાં નહીં. આ સ્ત્રીને સાથે લાવ્યો છું. તેને નામ નિવેદન કરાવી કૃપા કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, આ તમારી સ્ત્રી પુષ્ટિ જીવ નથી, તેથી નિવેદન ન કરાવ. એનાથી ધર્મ નહીં બને. એ

જ્યાં ત્યાં ખાશે, એને નામ સંભળાવી દઈશું. તારા સંબંધથી તારાં માતા-પિતા અને સ્ત્રીનો ઉદ્ધાર થશે. લીલા-સંબંધ નહીં થાય. ત્યારે ગોપાલદાસે કહ્યું, કૃપા કરી નામ જ સંભળાવો. એટલે શ્રીઆચાર્યજીએ ગોપાલદાસની સ્ત્રીને નામ સંભળાવ્યું. પછી ગોપાલદાસ કેટલાક દિવસ શ્રીઆચાર્યજી પાસે રહીને ત્યાંથી વિદાય થઈ. વાંસવાડા પોતાના ઘરે આવ્યા અને ભગવદ્સેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ : તે ગોપાલદાસે પોતાના ઘરના દરવાજા પાસે માર્ગમાં મળવાવાળાને માટે એક વિશ્રામ-સ્થળ બંધાવી રાખેલ. જે આવે તે ત્યાં ઊતરે, ગોપાલદાસ મનમાં વિચારે કે ગામમાં તો એવો કોઈ વૈષ્ણવ નથી જેનાથી ભગવદકથા વાર્તા કરીએ. તેથી વિશ્રામ-સ્થલ થશે તો કોઈ વૈષ્ણવનો મિલાપ થશે. એ મનોરથ વિચારી વિશ્રામ-સ્થલ કર્યું.

ભાવપ્રકાશ : વિશ્રામ-સ્થલને ધર્મશાલા નહીં કહી, તે એથી કે ધર્મશાલા બનાવવાનું પુણ્ય ઘણું છે. અને પુણ્યના ફલનો મનોરથ હોય તો પુષ્ટિમાર્ગીયોને તે બાધક છે.

હવે માર્ગે ચાલવાવાળા ત્યાં આવી ઊતરતા. હંમેશાં સાજના તે સ્થલમાં ગોપાલદાસ જતાં જે ઊતર્યા હોય તેમને પૂછતા. તેમાં કોઈ ભૂખ્યો હોય તેમને ખાવાનું આપતા અને કોઈ વૈષ્ણવ હોય તો એમને પોતાના ઘરે લાવી પ્રીતિથી મહાપ્રસાદ લેવડાવતા. બે-ચાર દિવસ રાખતા અને ખર્ચી ન હોય તેમને ખર્ચી દેતા એમ કરતાં એક દિવસ પદ્મારાવલ સાચોરા બ્રાહ્મણ ત્યાં આવ્યા, ત્યારે ગોપાલદાસે તેમને પૂછ્યું, તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? ક્યાં જશો ? પદ્મારાવલે કહ્યું, અમે સાચોરા બ્રાહ્મણ છીએ. અમને શ્રી રણછોડજીનાં દર્શન ઉપર પ્રીતિ છે. અમારો યજમાન માવજી પટેલ ઉજ્જૈનમાં છે, એની પાસેથી ખર્ચી લઈ દ્વારકા જઈ શ્રી રણછોડજીનાં દર્શને જઈએ છીએ. જ્યારે ખર્ચી ખૂટે છે ત્યારે ફરી ઉજ્જૈનમાં જઈ માવજી પટેલથી ખર્ચી લઈ દ્વારકા જઈને દર્શન કરીએ છીએ.

ત્યારે ગોપાલદાસે પદ્મરાવલનાં એ વચન સાંભળી દેવી જીવ જાણી વાત વિચારી કે જેવી પ્રીતિ રણછોડજીમાં છે એવી શ્રીઆચાર્યજીમાં થાય તો આ બ્રાહ્મણનું કાર્ય થઈ જાય. એમ વિચારીને ગોપાલદાસે પદ્મારાવલને કહ્યું કે તમારાથી શ્રીરણછોડરાયજી ક્યારેય બોલે છે ? વાત કરે છે ? ત્યારે પદ્મારાવલે ગોપાલદાસને કહ્યું, શ્રીરણછોડરાયજી કોઈથી બોલે છે ? વાત કરે છે ? ત્યારે ગોપાલદાસે કહ્યું. હા પ્રયાગની પાસે અડેલમા શ્રીઆચાર્યજી મહાપ્રભુંજી બિરાજે છે તે શ્રીરણછોડજી પ્રકટ થયા છે, તે બોલે છે, વાત ચિત કરે છે. ત્યારે પદ્મરાવલે ગોપાલદાસને કહ્યું, હું જાઉં ? મને રણછોડજી જેવાં દર્શન થશે ? ત્યારે ગોપાલદાસે કહ્યું જેવાં રણછોડજી દર્શન દે છે તેવાં જ દર્શન શ્રીઆચાર્યજી આપશે અને તમારાથી બોલશે. ત્યારે પદ્મારાવલને બહુ આતુરતા થઈ કે ક્યારે અડેલ જાઉં ? ક્યારે શ્રીઆચાર્યજી શ્રીરણછોડજી રૂપથી મારી સાથે બોલે ? પછી ગોપાલદાસ તો પોતાના ઘરે આવ્યા. રાત્રિએ પદ્મારાવલને નિદ્રા ન આવી કહે કે અડેલ ક્યારે જાઉં ? પછી પ્રાતઃકાલે ઊઠી ચાલ્યા તે કેટલાક દિવસોમાં ઉજ્જૈન આવ્યા. ત્યારે માવજી પટેલે પદ્મારાવલને કહ્યું કે રાવલજી ! આ વખતે તમે બહુ જલદી ઉજ્જૈન કેમ આવ્યા ? અને તમારું મન ઉચાટમાં દેખાય છે તેનું કારણ શું ? ત્યારે પદ્મારાવલે કહ્યું, અડેલમાં શ્રીરણછોડજી પ્રકટ થયા છે બધાથી બોલે છે વાતચીત કરે છે, તેથી પ્રાતઃકાલ હું અડેલ જઈશ. ત્યારે માવજી પટેલે કહ્યું, રાવલજી ! હું પણ તમારી સાથે શ્રીરણછોડજીના દર્શન માટે ચાલીશ. ત્યારે પદ્મરાવલે કહ્યું, તમે રાજશી લોકો છો, અમે તો પગે ચાલીશું. તમારી સાથે ભીડ જાપ્તો અસ્વારી રહેશે, તે કેમ બને ? ત્યારે માવજી પટેલે કહ્યું, હું એકલો તમારી સાથે પગે ચાલી આવીશ. ત્યારે પદ્મારાવલ કહે તૈયારી કરો. પ્રાતઃકાલ

ચાલીશું.

પછી માવજી પટેલ પોતાના ઘરે આવીને પોતાની સ્ત્રી વિરજોને કહે, અમે સવારે પદ્મારાવલ સાથે અડેલ જઈશું. ત્યાં શ્રીઆચાર્યજી શ્રીરણછોડજીના રૂપથી દર્શન દે છે અને બધાથી બોલે છે. ત્યારે વિરજોએ કહ્યું હું પણ તમારી સાથે આવીશ ત્યારે માવજી પટેલે કહ્યું તમે સ્ત્રીજન કેવી રીતે ચાલશો ? હું તો પગે ચાલીશ, જાપ્તા અસ્વારી નહીં રહે. ત્યારે વિરજોએ કહ્યું હુ પણ તમારી સાથે પગે ચાલીશ. ત્યારે માવજી પટેલે પદ્મારાવલને કહ્યું, મારી સ્ત્રી પણ સાથે ચાલવાનું કહે છે, ત્યારે પદ્મારાવલે કહ્યું એકલી પગે કેમ ચાલેશે ? માવજી પટેલે કહ્યું એકલી પગે ચાલવાનું કહે છે. ત્યારે પદ્મારાવલે કહ્યું તો ત્રણે જણા ચાલીશું. એટલે માવજી પટેલે ઘરમાં આવી તૈયારી કરી. રખવાળો ઘરમાં રાખી વિરજોને સાથે લઈ આવ્યા અને ત્રણે જણા અડેલ જવા નીકળ્યા.

ભાવપ્રકાશ : કેમ કે તેઓ દેવી જીવ છે, તેથી એમના મનમાં શ્રીઆચાર્યજીના દર્શનની સાંભળતાં માત્ર જ આર્તિ થઈ. લીલામાં પદ્મારાવલ દ્વારકા લીલાના અધિકારી છે, શ્રીરૂકમણીજીની સખી છે. જ્યારે શ્રીઠાકુરજીએ શ્રીરૂકમણીજીની સાથે પરિહાસ કર્યો ત્યારે રૂકમણીજી મૂર્ચ્છિત થઈને પડી ગયા ત્યારે શ્રીરૂકમણીજીએ સમજાવ્યા. આ સખી તે વખતે ત્યાં ઊભી હતી. એનું નામ 'વિમલા' હતું. તે હસી, ત્યારે રૂકમણી વિમલા સખી ઉપરખિજ્યાં કે હું મૂર્છા ખાઈને પડી ત્યારે તું કેમ અલગ ઊભી રહી ? શ્રીઠાકુરજીએ મારી ટહલ કરી તે તું કેમ જોઈ રહી ? શ્રીઠાકુરજીએ મારી વેણી બાંધી મુખ ધોયું તે અમારો ધર્મ નહીં. અમે ઠાકુરજીની ટહલ કરીએ તે ઉચિત છે. શ્રીઠાકુરજીએ અમારા માટે કર્યું તે અનુચિત છે. જો તું મારી ટહલ કરતી તો શ્રીઠાકુરજી શા માટે કરતા ? આ પ્રમાણે રૂકમણીએ કહ્યું પરંતુ તે બોલી નહીં, હસીને ચૂપ થઈ રહી ત્યારે રૂકમણીજી ક્રોધ કરીને કહે, જા ભૂમિમાં પડ. તું મારી શેની સખી ? તું મારા કામની નહીં તે વિમલા સખી પદ્મારાવલ થયા. તેથી જ શ્રીરણછોડજીના દર્શનમાં એમની આસક્તિ બહુ થઈ. પૂર્વ સંબંધ દૃઢ છે, અને માવજી પટેલ અને વિરજો એ બન્ને વ્રજલીલા સંબંધી શ્રીચંદ્રાવલીજીની બન્ને સખી છે. લીલામાં માવજીનું નામ 'રૂપા' છે અને વિરજોનું નામ 'હરખા' છે. તેથી એમની શ્રીગુસાંઈજીમાં વ્રજલીલામાં આસક્તિ થઈ.

પછી ચાર પાંચ મનુષ્ય સાથે લીધાં અને પ્રયાગમાં આવ્યા, ત્યારે પેલી પાર અડેલનું દર્શન થયું. ત્રણે જણાને એવી આતુરતા થઈ કે શ્રીયમુનાજીમાં થઈને સામેપાર જઈએ. એટલામાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી મધ્યાહ્નની સંધ્યા કરવાને માટે શ્રીયમુનાજીના કિનારે પધાર્યા, ત્યારે સામેપાર પદ્મારાવલ, માવજી પટેલ અને વિરજોને અતિઆતુર જોઈને એક વૈષ્ણવને આપ કહે, નાવ લઈ જલદી પાર જાવ, પદ્મારાવલ સાંચોરા બ્રાહ્મણ, માવજી પટેલ અને વિરજોને બેસાડીને લઈ આવો. ત્રણ જણાને કહેજો કે શ્રીરણછોડજીએ નાવ મોકલી છે, માટે જલદી ચાલો. ત્યારે તે વૈષ્ણવે નાવ લઈ સામે પાર જઈ પૂછ્યું, પદ્મારાવલ, માવજી પટેલ, વિરજો કોનું નામ છે ? ત્યારે એ ત્રણે બોલ્યાં, કે અમારું નામ છે. ત્યારે તે વૈષ્ણવે કહ્યું, શ્રીરણછોડજીએ તમારે માટે નાવ મોકલી છે, તો જલદી ચાલો. ત્યારે એ ત્રણે જણ બહુ પ્રસન્ન થયા કે સાચે જ શ્રીરણછોડજી પ્રગટ થયા છે, અમને આવતાં વાર નથી થઈ ત્યાંતો અમારું નામ લઈને બોલાવ્યા અને નાવ પણ મોકલી. પછી આતુરતાથી નાવ પર બેસીને પાર આવ્યા અને શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યાં. ત્યારે શ્રીઆચાર્યજીએ જાણ્યું જે એમનો ભાવ શ્રીરણછોડજીમાં છે તેથી જો શ્રીરણછોડજી રૂપથી દર્શન દઈશ તો એમનો ભાવ વધશે. તેથી આપે શ્રીરણછોડજી રૂપે દર્શન દીધાં. ત્યારે

ત્રણે જણે દંડવત કર્યા. પછી પદ્મારાવલે વિનંતી કરી, મહારાજ ! ગોપાલદાસની કૃપાથી અમને દર્શન થયાં. ગોપાલદાસે અમને કહ્યું છે કે તમે શ્રીઆચાર્યજીના સેવક થજો. તેથી હવે કૃપા કરી અમારો ત્રણે જણાનો અંગીકાર કરો. અમે આપને શરણે છીએ.

ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીયમુનાજીમાં ત્રણે જણાને નવડાવી નામ-નિવેદન કરાવ્યું. પછી માવજી પટેલના સાથે જે મનુષ્યો હતા તેમને નામ સંભળાવ્યું. પદ્મારાવલને પોતાના મંદિરમાં સાથે લઈ આવ્યા. પછી પોતે ભોજન કરવા પધાર્યા. પદ્મારાવલના મનમાં આવ્યું કે શ્રીરણછોડજીને ભોગ ધરાય છે તેજ રીતે શ્રીઆચાર્યજી ભોજન કરતાં દર્શન થાય તો જૂઠણ લઈએ. ત્યારે પદ્મારાવલના મનની વાત શ્રીઆચાર્યજીએ જાણી અને પદ્મારાવલને અંદર બોલાવ્યા. પદ્મારાવલ અંદર જઈ જુએ છે તો શ્રીરણછોડજીરૂપથી આપ ભોજન કરે છે. તેથી મનમાં બહુ પ્રસન્ન થયા. પછી શ્રીઆચાર્યજી કહે, હવે સંદેહ ગયો ? ત્યારે પદ્મારાવલે વિનંતી કરી મહારાજ ! અમે જીવ તુચ્છ બુદ્ધિ છીએ. તેથી મનમાં વારંવાર એમ આવ્યું. આપ તો સાક્ષાત્ શ્રીરણછોડજી છો. પછી આપે ભોજન કરીને પદ્મારાવલને જુઠણની પાતાળ ધરી. માવજી પટેલ વિરજોને પણ જુઠણ મહાપ્રસાદ ધર્યો. ત્રણે જણા મહાપ્રસાદ લઈને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની પાસે આવ્યા ત્યારે પદ્મારાવલે વિનંતી કરી, મહારાજ ! હવે અમને શી આજ્ઞા છે? ત્યારે શ્રીઆચાર્યજી કહે, સેવા કરો. ત્યારે પદ્મારાવલે વિનંતી કરી, મહારાજ ! મારું મન જેવું આપના દર્શનમાં અને રણછોડજીમાં આસક્ત છે, એવું જ મન સેવામાં જો લાગે તો સેવા કરું, નહીં તો ન કરું, ત્યારે શ્રીઆચાર્યજી કહે, તારો મનોરથ શ્રીઠાકુરજી પૂરો કરશે.

ભાવપ્રકાશ : તે એ કે શ્રીરણછોડજી પાસે દ્વારકા લીલામાં તારી પ્રાપ્તિ થશે, અને તે મનોરથ શ્રીઠાકુરજી પૂર્ણ કરશે.

પછી ત્રણે જણાને આજ્ઞા કરી કે અમે ઉજ્જૈન પધારીશું, થોડા દિવસમાં, ત્યારે તમારા ઘરમાં શ્રીઠાકુરજી પધરાવી દઈશું, અને માવજી પટેલ અને વિરજોના માથે પણ સેવા પધરાવીશું, એટલે તમે સેવા કરજો. હવે તમે ત્રણે જણા ઘેર જાવ અને પાછળથી ઉજ્જૈન પધારીશું, ત્યારે તમારો મનોરથ સિદ્ધ થશે. એટલે પદ્મારાવલ, માવજી પટેલ અને વિરજો એ ત્રણે જણા દંડવત કરી વિદાય થઈ ચાલ્યા તે કેટલાક દિવસે ઉજ્જૈન આવ્યાં. તે ગોપાલદાસ એવા ભગવદીય હતા, જેમના રંચક સંગથી પદ્મારાવલ, માવજી પટેલ અને વિરજો ત્રણેને શ્રીઆચાર્યજીનું શરણ મળ્યું. તેથી ગોપાલદાસની વાર્તા ક્યાં સુધી કહીએ ? ॥ વાર્તા ૨૮ ॥

॥ વાર્તા ૨૯ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક પદ્મારાવલ સાચોરા બ્રાહ્મણ ઉજ્જૈનના તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ-

વાર્તાપ્રસંગ ૧ : એ સેવક થયા તે પ્રકાર તો ઉપર કહી આવ્યા. (ગોપાલદાસની વાર્તામાં પછી શ્રીઆચાર્યજી ઉજ્જૈન પધાર્યા ત્યારે પદ્મારાવલના ઘરે ઊતર્યા અને પદ્મારાવલની સ્ત્રીને નામ-નિવેદન કરાવ્યું. પછી પદ્મારાવલને કહે ક્યાંયથી ભગવદ્સ્વરૂપ લઈ આવો પદ્મારાવલની જ્ઞાતિમાં એક સાચોરાના ઘરે ભગવસ્વરૂપ અષ્ટભુજાજીનું હતું, તેણે પદ્મારાવલ કહે, એ ઠાકુરજી અમને આપો. ત્યારે તેણે કહ્યું, લઈ જાવ, અમારાથી સેવા બનતી નથી. બે વાર ન્હાવાનું નથી એટલે પદ્મારાવલ તે શ્રીઠાકુરજીને લઈ આવ્યા. તે ઠાકોરજીને શ્રીઆચાર્યજીએ પંચામૃત સ્નાન કરાવી પાટ બેસારી પદ્મારાવલના સાથે

ત્યારે માવજી પટેલ અને વિરજોએ વિનંતી કરી મહારાજ અમારા માથે સવરૂપ પધરાવો તો અમે પણ સેવા કરીએ ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, તમારે માથે શ્રીગુસાંઈજી સેવા પધરાવશે.

ભાવપ્રકાશ : કેમકે, અમે તમને શરણ લઈ પોતાના કર્યા, પરંતુ બધો મનોરથ શ્રીગુસાંઈજી દ્વારા સિદ્ધ થશે.

ત્યારે માવજી પટેલ અને વિરજો દંડવત કરી ભેટ ધરી ઘરે ગયા. પછી પદ્મારાવલે વિનંતી કરી, મહારાજાધિરાજ ! હું તો મૂર્ખ છું. કંઈ ભણ્યો નથી, કંઈ સમજતો નથી, અને અહીં અમારી જ્ઞાતિના બ્રાહ્મણ કર્મજડ સ્માર્ત છે. તે લોકો મને દુઃખ દે છે કે.તું શું સમજી સેવક થયો ? ત્યારે શ્રીઆચાર્યજીએ પોતાના ચરણાવિંદનું પ્રસાદી ચંદન અને ચરણામૃત પદ્મારાવલને આપ્યું. મુખમાં જ મેલતાં બધા વેદ પુરાણ અને શાસ્ત્રનું જ્ઞાન તેમને થઈ ગયું. તે પછી મોટા મોટા પંડિતો બધાને તેઓ પ્રતિ ઉત્તર આપે તે બધા નીચું માથું કરી હારીને ઊઠી જતા.

ભાવપ્રકાશ : શ્રીઆચાર્યજીએ પ્રસાદી ચંદન અને ચરણામૃત આપ્યાં. તે બન્ને દેવોનો અભિપ્રાય એ છે કે ચંદનના લેવાથી તો બધું જ્ઞાન થયા, અને ઉચ્છલિત રસ થઈ જાય તો શરીર છૂટી જાય અથવા બધાની આગળ લીલાની વાર્તા કરે. વિના કહે રહ્યો ન જાય. ત્યારે ચરણામૃતથી શરીર સ્થિર થઈ રહે. ભક્તિ રસ ઉચ્છલિત થઈ બહાર ન જાય, હૃદયમાં સ્થિર થઈ રહે. તેથી પ્રસાદી ચંદન અને ચરણામૃત બન્ને આપ્યાં.

વાર્તાપ્રસંગ ૨ : એક સમયે પદ્મારાવલે શય્યા નવી બનાવી ત્યારે શ્રીઠાકુરજી પદ્મારાવલને કહે, શય્યા નાની છે. મારાથી પોઢાતું નથી. ત્યારે પદ્મારાવલે પ્રસન્ન થઈને મોટી શય્યા બનાવરાવી ત્યારે શ્રીઠાકુરજી સુખેથી પોઢવા લાગ્યા. એ પ્રકારે સાનુભાવ જણાવવા લાગ્યા. એક દિવસ પદ્મારાવલની સ્ત્રીએ ખીર ગરમ સમર્પી પછી ભોગ ધરાવી આરતી કરી. તેજ સમયે શ્રીઆચાર્યજી મહાપ્રભુ પધાર્યા, ત્યારે શ્રીઠાકુરજીએ શ્રીઆચાર્યજીને પોતાના હાથ અને હોઠ દેખાડ્યા કે પદ્મારાવલની સ્ત્રીએ ગરમ ખીર સમર્પી, તેથી મારા હોઠ અને હાથ લાલ થયા છે. આ પ્રકારે શ્રીઆચાર્યજીએ કહ્યું, પણ પદ્મારાવલની સ્ત્રીએ ન કહ્યું.

ભાવપ્રકાશ : કેમ જે સ્ત્રી સાધારણ વૈષ્ણવ છે. તેથી શરણના પ્રતાપથી ઉદ્ધાર થશે. પરંતુ લીલા સંબંધી નથી.

ત્યારે શ્રીઆચાર્યજીએ પદ્મારાવલ અને પદ્મારાવલની સ્ત્રીને કહ્યું, તમે શ્રીઠાકુરજીને ગરમ ખીર કેમ સમર્પી ? શ્રીઠાકુરજીના હાથ અને હોઠ લાલ થાય છે (ખીર ગરમ લાગી તેથી). ત્યારે પદ્મારાવલે કહ્યું, મહારાજ ? અમે જાણ્યું જે ગરમ સામગ્રી સારી તેથી ગરમ સમર્પી. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, બીજી સામગ્રી ગરમ ધરીએ તેની ચિંતા નહીં, પરંતુ ખીર ગરમ ન ધરીએ, ત્યારે પદ્મારાવલે કહ્યું. મહારાજ ! ખીર ગરમ હતી. તો શ્રીઠાકુરજીએ ઠંડી કેમ ન થવા દીધી ? ગરમ કેમ આરોગી ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, શ્રીઠાકુરજી બાલક છે. અને બાલકને ખીર બહુ જ પ્રિય છે. તેથી પહેલાં ખીરમાં હાથ નાખે છે, બીજી સામગ્રી ગરમ હોય તો પછી આરોગે, ખીર પહેલા આરોગે તેથી ગરમ ન ધરીએ.

ભાવપ્રકાશ : આ પ્રકારે શ્રીઆચાર્યજીએ પદ્મારાવલને અને તેમની સ્ત્રીને સમજાવ્યાં, બાલકનું ના લઈને પરંતુ અંદરનું ખીરનું સ્વરૂપ નહીં કહ્યું. કેમકે સ્ત્રી લીલાસંબંધી નથી અને પદ્મરાવલ દ્વારકાની રાજસ લીલા સંબંધી છે. તેથી પદ્મરાવલને શ્રીઠાકુરજીએ અનુભવ જણાવ્યો પરંતુ વ્રજભક્તોની લીલાનો

અનુભવ નથી. અને ખીર શ્રીસ્વામિનીજીના ભાવની સામગ્રી છે, તેથી શ્રીઠાકુરજીને બહુ જ પ્રિય છે. ખીરનો ભાવ નારાયણદાસ બ્રહ્મચારીની વાર્તામાં કહ્યો છે. એટલે ખીર જોઈને શ્રીઠાકુરજીની ધીરજ ખૂટી જાય છે. તેથી ખીર ઠંડી કરીને ધરીએ અને જ્યાં ત્યાં ખીરને ઠંડી કરવી એમ લખ્યું છે, બીજી સામગ્રીને ઠંડી કરવી એમ કંઈ કહ્યું નથી. જેમ શ્રીઆચાર્યજીને સખડી અને ઠંડી ખીર કોમલ ભાવે પ્રિય છે, તે જ રીતે શ્રીગુસાંઈજીને નાના પ્રકારની અનસખડી પ્રિય છે. અને તે પ્રભુપ્રૌઢ ભાવથી આરોગે છે. પરંતુ પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવોનો જેવો અધિકાર તેવો જ અનુભવ છે.

વાર્તાપ્રસંગ ૩ : વળી એક સમય પદ્મારાવલ શ્રીરણછોડજીના દર્શને દ્વારકાજી ચાલ્યા. ત્યારે શ્રીરણછોડજીએ સ્વપ્નમાં કહ્યું કે રાજનગર (અમદાવાદ)માં એક અમારો સેવક છે. તેના ઘેર તમે જજો, ત્યાં સામગ્રી કરજો, ત્યારે પદ્મારાવલ કહે કે મહારાજ ! હું તો એને જાણતો નથી, અને વિના બોલાવ્યો કોના ઘરે જાઉં ? ત્યારે શ્રીરણછોડજીએ કહ્યું, કે પોતે જ તમને બોલાવવા આવશે. પછી પદ્મારાવલ રાજનગરમાં આવ્યા.

ભાવપ્રકાશ : તે એથી કે પદ્મારાવલ શ્રીરણછોડજીની લીલા સંબંધી છે. તેથી શ્રીરણછોડજીએ વિચાર્યું કે કઈ વ્રજલીલામાં જો તે મગ્ન થાય તો મારા હાથથી જાય. તેથી કહે, અમારો સેવક છે તેના ઘરે જજે, એ વાત પદ્મારાવલને પણ ગમી. જો વ્રજલીલામાં મગ્ન હોત તો એ કહેત કે તમારો સેવક છે પરંતુ શ્રીઆચાર્યજીનો સેવક હોય તો મને ઠીક પડે. પરંતુ એમને તો શ્રીરણછોડજી ઉપર પ્રેરભાવ ઘણો છે: શ્રીઆચાર્યજીનું સ્વરૂપ પણ શ્રીરણછોડજીના રૂપથી અનુભવ જણાવે છે. અને પદ્મારાવલના બેટા કૃષ્ણભટ્ટ થશે તે શ્રીગુસાંઈજીની લીલા-સંબંધી થશે. ત્યારે કૃષ્ણભટ્ટને શ્રીઠાકુરજી અનુભવ કરાવશે. એમાં એ જણાવ્યું કે જેવો જીવ હોય તેટલું શ્રીઆચાર્યજીના સ્વરૂપને જાણે અને તેટલો શ્રીઠાકુરજી અનુભવ જણાવે. જો શ્રીઆચાર્યજીને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ જાણતા હોત તો શ્રીગોવર્ધનધર અનુભવ જણાવતા જો શ્રીઆચાર્યજીને પૂર્ણ પુરુષોત્તમ શ્રીગોવર્ધનધરથી અધિક જાણ્યા હોત તો વ્રજલીલાનો અનુભવ પણ થતો. એ સિદ્ધાંત દેખાડ્યો.

પછી શ્રીરણછોડજી તે રાત્રિએ પોતાના સેવકને કહે, પદ્મારાવલ ઉજ્જૈનથી તારા ગામ આવશે, તો એમને તારે ઘરે લાવીને સારી રીતિથી રસોઈ સામગ્રી કરાવજે. ત્યારે તે સેવકે કહ્યું, હું પદ્મારાવલને કેવી રીતે જાણીશ ? ત્યારે શ્રીરણછોડજીએ કહ્યું, પદ્મારાવલ પ્રસિદ્ધ છે, તું જાણીશ.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે તમે બન્ને મારા સંબંધી છો તેથી હું તમારા બન્નેનો મેળાપ કરાવી દઈશ.

પછી પદ્મરાવલે રાજનગરમાં વિચાર્યું કે હું શ્રીરણછોડજીના સેવકને જાણતો નથી તેથી એક ઉપાય કરું. પછી સાથે વિદ્યાર્થી હતો તેને કહ્યું, તું ગામમાં જઈ કોરા અન્નની અલગ અલગ ભિક્ષા પાંચ-સાત ઠેકાણેથી માગી લાવ. બધાની ભિક્ષા અલગ અલગ રાખજે. એટલે તે વિદ્યાર્થી ગામ જઈ કોરી ભિક્ષા પાંચ-સાત ઠેકાણેથી માગીને લઈ આવ્યો. ત્યારે પદ્મારાવલે તે વિદ્યાર્થીને કહ્યું કે જે-જેની ભિક્ષા માગીને લાવ્યો છે તેને પાછી આપી આવ ત્યારે તે વિદ્યાર્થી અન્ન પાછું આપવા ગયો. એટલે શ્રીરણછોડજીના સેવકે કહ્યું, કે ભિક્ષા લઈ ગયા અને પાછી આપવા કેમ આવ્યા ? ત્યારે વિદ્યાર્થીએ કહ્યું કે અમારા સ્વામીની જેવી આજ્ઞા. એમણે કહ્યું લઈ આવો, એટલે લઈ ગયો. હવે એમણે કહ્યું, ભિક્ષા જેની છે તેને પાછી આપી આવો. તેથી પાછી આપવા આવ્યો છું. ત્યારે તેણે કહ્યું તમારા સ્વામીનું નામ શું

છે ? ત્યારે વિદ્યાર્થીએ કહ્યું કે પદ્મારાવલ. ત્યારે તેણે ભિક્ષા પાછી દીધી. પછી તે વિદ્યાર્થીની સાથે પદ્મારાવલની પાસે આવ્યો અને કહ્યું, રાવલજી ! અમારા ઘરે ચાલો, રસોઈ કરો. ત્યારે પદ્મારાવલે કહ્યું હું તો કોઈના ઘરે જતો નથી. ત્યારે શ્રીરણછોડજીના સેવકે કહ્યું કે મને શ્રીરણછોડજીની આજ્ઞા છે કે પદ્મારાવલને તારા ઘરે રસોઈ સામગ્રી કરાવજે, તેથી હું બોલાવવા આવ્યો છું. અને મને આજ્ઞા કરી છે તે રીતે તમને પણ આજ્ઞા કરી હશે, તમે પણ શ્રીરણછોડજીના કૃપાપાત્ર છો તેથી મને કહ્યું, ત્યારે પદ્મારાવલ બહુ પ્રસન્ન થઈને કહે કે મને પણ આજ્ઞા કરી છે તેથી ચાલો. ત્યારે તેના ઘરે આવી રસોઈ-સમાગ્રી કરી શ્રીરણછોડજીને ભોગ ધરી મહાપ્રસાદ તે સેવકને પણ ધર્યો.

ભાવપ્રકાશ : એના હાથનું એથી ન લીધું કે તે વાણિયો હતો. તેથી બન્ને જણે મહાપ્રસાદ લીધો અને વિદ્યાર્થીને પણ મહાપ્રસાદ લેવડાવ્યો. પછી રાત્રિએ તેના જ ઘરે રહ્યા. શ્રીરણછોડજીની બન્ને જણ વાર્તા કરી પ્રસન્ન થયા. સમાન ભાવના બન્ને મળે ત્યાં સુખ ઊપજે.

પછી પ્રાતઃકાલે પદ્મારાવલ ચાલવા લાગ્યા ત્યારે તે સેવકે કહ્યું, થોડા દિવસ રહો. ત્યારે પદ્મારાવલે કહ્યું, મારાથી રહી શકાય નહીં, શ્રીરણછોડજીના દર્શનની બહુ જ આતુરતા એટલે તે શ્રીરણછોડજીના સેવકે તેમને વિદાય કર્યા. પછી પદ્મારાવલ દ્વારકા ચાલ્યા.

વાર્તાપ્રસંગ ૪ : હવે એક દિવસ ભિક્ષામાં લોટ બહુ મળ્યા અને ઘી થોડું મળ્યું. ત્યારે પદ્મારાવલે બધી આટાની રોટલી કરી. જેટલી ઘીમાં ચોપડાઈ તેટલી ચોપડી અને બાકીની વિના ચોપડી નીચે રાખી અને સાથે દાળ ધરીને ભોગ સમર્પ્યો અને વિનંતી કરી કે મહારાજ ! ચોપડી ચોપડી રોટલી આરોગજો. વિના ચોપડી રોટલી રહેવા દેજો, ના આરોગતા. પરંતુ શ્રીઠાકુરજીએ તો બધી રોટલી આરોગી, અને આરોગેલી રોટલી ઊલટ-પલટ કરી દીધી. પછી જયારે ભોગ સરાવ્યો ત્યારે પદ્મારાવલે જાણ્યું ને શ્રીઠાકુરજી તો બધી રોટલી આરોગ્યા છે. ત્યારે શ્રીઠાકુરજીને કહે, જે મહારાજ ! રૂખી રોટલી કેમ આરોગ્યા ? ત્યારે શ્રીઠાકુરજીએ પદ્મારાવલને કહ્યું કે મને ભોગ કેમ ધર્યો ? જે મારી આગલ ભોગ ધરીશ તે હું આરોગીશ. ત્યારે પ્રસન્ન થઈ મહાપ્રસાદ લેવા બેઠા. કેટલીક રોટલી તેમાંથી બાંધી રાખી. તે દિવસની રોટલીનો સ્વાદ બહુ જ અલૌકિક હતો. નિત્ય રસોઈ કરી ભોગ ધરી મહાપ્રસાદ લેવા બેસે ત્યારે તે રોટલીમાંથી એક ટુકડો મેળવી મહાપ્રસાદ લેતા.

ભાવપ્રકાશ : એ પ્રકારનું માહાત્મ્ય હૃદયમાં આવ્યું તેથી રોટલીની આભડછેટ ન ગણતા. જન્મભેર એ રોટલી લીધી. એ દિવસનું સ્મરણ અને પ્રભુની દયાલતાનું સ્મરણ કરવાને માટે.

પછી શ્રીરણછોડજીથી વિદાય થઈને ચાલ્યા, ત્યારે માર્ગમાં વાંસવાડા આવ્યા ત્યારે પદ્મારાવલ ગોપાલદાસના ઘરે ગયા. ગોપાલદાસના ઘરે રાત્રિ રહ્યા. ત્યાં રસોઈ કરી ભોગ ધરી મહાપ્રસાદ લીધો. ત્યારે ગોપાલદાસને પદ્મારાવલે કહ્યું, તમારી કૃપાથી મને શ્રીઆચાર્યજીના દર્શન થયાં. સાક્ષાત્ શ્રીરણછોડજી પ્રકટ થયા છે, મને અંગીકાર કરી કૃતાર્થ કર્યો. ત્યારે ગોપાલદાસ કહે શ્રીઆચાર્યજી એવા જ દયાલુ છે.

ભાવપ્રકાશ : મનમાં જાણ્યું કે એ એટલું જ પાત્ર છે, તેથી રણછોડજીનો ભાવ થયો, ભગવદિચ્છા. સંસારથી છૂટી કૃતાર્થ તો થયો.

પછી પ્રાતઃકાલે પદ્મારાવલ ગોપાલદાસથી વિદાય થઈ ઉજ્જૈન આવી ભગવદસેવા કરવા લાગ્યા. એ પદ્મારાવલ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. ॥ વાર્તા ૨૯ ॥

॥ વાર્તા ૩૦ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, પુરુષોત્તમદાસ જોશી સાચોરા, ગુજરાતના વાસી, તેમની વાર્તાનો ભાવ કહીએ—

ભાવપ્રકાશ : તે પુરુષોત્તમ જોશી લીલામાં વિશાખાજીની સખી છે. 'ગુનચુડા' એમનું નામ છે. અને પુરુષોત્તમ જોશીની સ્ત્રી આ 'ગુનચુડા'ની સખી છે. 'દુર્વાસા' એમનું નામ છે.

તે બન્ને ગુજરાતમાં અલગ અલગ સાચોરા ઘરે જન્મ્યા. પછી પુરુષોત્તમ જોશીનું લગ્ન થયું. વર્ષ સત્તરના પુરુષોત્તમ જોશી થયા ત્યારે એક સમય શ્રીઆચાર્યજી ગુજરાત પધાર્યા. પુરુષોત્તમ જોશી મધ્યાહ્ન સમયે એક તલાવ ઉપર સંધ્યા કરતા હતા ત્યારે શ્રીઆચાર્યજી તલાવ ઉપર પધારીને સંધ્યાવંદન કરવા લાગ્યા. તે પુરુષોત્તમ જોશીની તરફ આપે કૃપા કરીને દૈવી જાણીને જોયું, ત્યારે પુરુષોત્તમ જોશીએ શ્રીઆચાર્યજી પાસે આવી નમસ્કાર કરીને પૂછ્યું, મહારાજ ! કર્મ માર્ગ મોટો કે જ્ઞાનમાર્ગ મોટો ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, જેના મનમાં દૃઢ જે માર્ગ આવે, જેમાં જેનો વિશ્વાસ હોય તેના મનથી તો તે માર્ગ મોટો અને મોટો તો ભક્તિમાર્ગ છે, જેમાં જીવ કૃતાર્થ થાય અને જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગથી કૃતાર્થ કઠિણતાથી થાય. તે કોઈથી બની શકે નહિ, કેમકે કષ્ટસાધ્ય છે. આ કાલમાં શરીરને કષ્ટ આપ્યું ન જાય. જો કોઈ યદી શરીરનું કષ્ટ સહે તો મન ઠેકાણે ન રહે. તેથી ભક્તિમાર્ગીય જીવ કૃતાર્થ થાય. બીજો આશય નથી. ત્યારે પુરુષોત્તમ જોશીએ કહ્યું કે મહારાજ ! ભક્તિનું સ્વરૂપ શું તે કૃપા કરીને કહીએ ત્યારે શ્રીઆચાર્યજી કહે, ભક્તિનું સ્વરૂપ વર્ણન કરીએ તો પાર ન આવે, પરંતુ કંઈક તને કહું છું ત્યારે 'ભક્તિવૃદ્ધિની,' ગ્રંથ કરી અગિયાર શ્લોક પુરુષોત્તમ જોશીને સંભળાવ્યા, કેમ કે એ ઉત્તમ અધિકારી છે. તેથી બધું જ્ઞાન તેમને થઈ ગયું. ત્યારે શ્રીઆચાર્યજીને દંડવત કરી તેમણે વિનંતી કરી, મહારાજ ! આટલા દિવસ અમે કર્મમાર્ગમાં રચ્યાપચ્યા રહ્યા પરંતુ કંઈ હાથ આવ્યું નહીં. વૃથા જન્મ ખોયો. હવે આપ અમને શરણે લો. આજ્ઞા કરો તે અમે કરીએ. ત્યારે શ્રીઆચાર્યજીએ દૃઢ પ્રીતિ જોઈને નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું અને માથા ઉપર ચરણ ધર્યા, હૃદય ઉપર ચરણ ધર્યા. અને કહે કે તને ભક્તિમાર્ગ સ્ફુરશે, દૃઢ એકાંગી ભક્તિનો તું અધિકારી છે. ત્યારે પુરુષોત્તમ જોશીએ વિનંતી કરી કે મહારાજ ! મારા ઘરે પધારો. સ્ત્રીને અંગીકાર કરો ત્યારે શ્રીઆચાર્યજી પુરુષોત્તમ જોશીને ઘેર પધારી સ્ત્રીને નામ-નિવેદન કરાવ્યું પછી આજ્ઞા આપી કે તમે ભગવદસેવા કરો, ત્યારે પુરુષોત્તમ જોશીએ કહ્યું, મહારાજ ! મારા ઘરમાં શ્રીઠાકુરજી છે તેની મર્યાદાની રીતિએ પૂજા કરો હતો. હવે આપ જેવી આજ્ઞા કરો તેવી રીતે સેવા કરું. ત્યારે શ્રીઆચાર્યજીએ લાલજીને પંચામૃત સ્નાન કરાવી પાઠ બેસાડ્યા અને પુરુષોત્તમ જોશીને માથે પધરાવ્યા, માબાપે તો પહેલાંથી જ દેહ છોડી હતી, તેથી બંને જણાં પ્રીતિથી સેવા કરવા લાગ્યા. પછી શ્રીઆચાર્યજી શ્રીદ્વારકા પધાર્યા. ત્યારબાદ પુરુષોત્તમ જોશીએ બહુ સેવા કરી, ભગવદ્‌ભાવમાં મગન રહેતા. અવ્યાવૃત્ત થઈને રહેતા. કોઈની આગળ પોતાના હૃદયનો ભાવ પ્રકટ કરતા નહીં.

વાર્તાપ્રસંગ ૧ : એક સમય પુરુષોત્તમ જોશીના મનમાં આવ્યું કે શ્રીગોકુલ જઈ શ્રીગુસાંઈજીના દર્શન કરીએ. તેથી લોકોની આગળ જ્ઞાતિમાં કહે કે અમે કાશી જઈ આવીએ. પછી બરસાનાનું નામ લઈ સ્ત્રી સાથે એક ઘોડા ઉપર શ્રીઠાકુરજીને પધરાવીને ચાલ્યા. તે કેટલાક દિવસમાં ઉજ્જૈન આવ્યા. ઉજ્જેનમાં પૂછ્યું જે પદ્મારાવલના બેટા ક્યાં રહે છે ? શ્રીગુસાંઈજીના સેવક છે. તેમને મળીએ ત્યારે લોકોએ કહ્યું, પદ્મારાવલના ચાર બેટા છે. તેમાં ત્રણ ભેગા રહે છે અને એક કૃષ્ણભટ્ટ અલગ રહે છે ત્યારે

પુરુષોત્તમ જોશીએ વિચાર કર્યો કે પહેલાં ત્રણ બેટાના ઘરે ચાલીએ પછી ત્રણ બેટાની પાસે આવ્યો, ત્યારે ત્રણે બેટાએ મળીને થોડુંક અન્ન આપ્યું. ત્યારે પુરુષોત્તમ જોશીએ વિચાર કર્યો કે પદ્માવલના બેટા આવા કેમ જાણી એ ? એ તો કોરા બ્રાહ્મણ જણાઈ આવે છે. જેમનામાં પ્રીતિનું એક પણ લક્ષણ નથી. પરંતુ અન્ન પાછું ફેરવીએ તો કહેશે કે થોડું જાણીને ફેર્યું, તેથી એમનાથી બોલવું નહીં. પછી આ વાત કૃષ્ણભટ્ટે સાંભળી કે પુરુષોત્તમ જોશી આવ્યા છે, ત્યારે કૃષ્ણભટ્ટ પુરુષોત્તમ જોશીને પ્રીતિથી પોતાના ઘેર લઈ ગયા. સુંદર સામગ્રી કરી શ્રીઠાકુરજીને ભોગ ધરી પુરુષોત્તમ જોશીને અને એમની સ્ત્રીને પ્રીતિથી મહાપ્રસાદ લેવડાવ્યો અને વિનંતી કરી દિવસ ચાર-પાંચ ઘરમાં રાખ્યા ત્યારે પુરુષોત્તમ જોશીએ કહ્યું, પદ્માવલના બેટા તો એવા જ જોઈએ. અને ત્રણ બેટાએ તો થોડુંક અન્ન દીધું જેમાં ભૂખ્યા રહ્યા. પછી પુરુષોત્તમ જોશી ચાલવા લાગ્યા. ત્યારે કૃષ્ણભટ્ટ એમની સાથે ચાલ્યા. તે મુકામ પણ જઈ ઊતર્યા, તે પછી રાત્રિના જ્યારે કૃષ્ણભટ્ટ સૂતા પછી થોડીવારે સ્ત્રીને કહ્યું. કૃષ્ણભટ્ટ ઊંઘ્યા ? ત્યારે સ્ત્રી કહે, હા ઊંઘ્યા ત્યારે ભગવદ્‌વાર્તા લીલાનો ભાવ સ્ત્રીને કહે કૃષ્ણભટ્ટની આગળ ન કહે કારણ કે યોગ્યતા ન હોય તો કેમ કહીએ ? એમ બે-ચાર દિવસ વીત્યા. ત્યારે કૃષ્ણભટ્ટે મનમાં જાણ્યું કે એ તારાથી ભગવદ્‌વાર્તા છુપાવીને કરે છે, મારાથી નથી કરતા, તો હવે હું એમનાથી ભગવદ્‌વાર્તા કહેવડાવું.

પછી પ્રાતઃકાલ જ્યારે મજલ ચાલ્યા ત્યારે કૃષ્ણભટે પુરુષોત્તમ જોશીની સ્ત્રીને કહ્યું કે એક તરફ તમે થોભજો, હું ભગવદ્‌વાર્તા ચલાવું છું ત્યારે પુરુષોત્તમ જોશીની સ્ત્રીએ ઘોડાની પાસે આવી કૃષ્ણભટ્ટને કહ્યું કે સારું પછી એક તરફ કૃષ્ણભટે પકડીને એવી ભગવદ્‌વાર્તા કરી કે પુરુષોત્તમ જોશીની દેહાનુસંધાન ન રહ્યું, રસમાં મગન થઈ ગયા, ઘોડા ઉપરથી નીચે ઊતરવા લાગ્યા. ત્યારે બંને તરફથી એમને રોકી લીધા. પછી એમ કરતાં જ્યારે મજલ પર આવી પહોંચ્યા ત્યારે ઘોડા ઉપરથી ઊતરવા લાગ્યા ત્યારે પુરુષોત્તમ જોશીએ કહ્યું, મને ઘોડા ઉપરથી કેમ ઉતારો છો ? હમણાં જ બેઠો છું ત્યારે પુરુષોત્તમ જોશી સાવધાન થઈ ઊતર્યા પરંતુ ભગવદ્‌વાર્તાનો આવેશ ઊતર્યો નહીં. પછી કૃષ્ણભટ્ટથી વાર્તા કરવા લાગ્યા. રાત્રિ દિવસ ભગવદ્‌લીલા રસમાં મગન રહે એમ કરતાં શ્રીગોકુલ આવ્યા ત્યાં શ્રીગુસાંઈજીને દંડવત કરી પુરુષોત્તમ જોશીએ કહ્યું, મહારાજ ! કૃષ્ણભટ્ટ ઉપર આવી કૃપા ક્યાંથી થઈ ? ત્યારે શ્રીગુસાંઈજી શ્રીમુખથી કહે કે કૃષ્ણભટ્ટને ચાચા હરિવંશનો સંગ છે, તેથી એવી કૃપા છે. ત્યારે પુરુષોત્તમ જોશીનો સંદેહ નિવૃત્ત થયો. ત્યારથી મન ખોલીને ભગવદ્‌વાર્તા કરવા લાગ્યા. પછી કેટલાક દિવસ શ્રીગોકુલ રહીને શ્રીગુસાંઈજીથી વિદાય થઈને કૃષ્ણભટ્ટની સાથે પુરુષોત્તમ જોશી સ્ત્રી સહિત ચાલ્યા. તે ભગવદ્‌વાર્તા કરતાં કેટલાક દિવસ ઉજ્જૈન આવ્યા, પછી કૃષ્ણભટ્ટે પ્રીતિથી ઘરમાં રાખ્યા, ભગવદ્‌વાર્તા કરી બહુ પ્રસન્ન થયા. પછી પુરુષોત્તમ જોશી કૃષ્ણભટ્ટથી વિદાય થઈ ગુજરાતમાં પોતાના ઘરે આવ્યા. સ્નેહપૂર્વક તેઓ ભગવદસેવા કરતા, લૌકિક જાણતા નહીં, એવા ભગવદીય પુરુષોત્તમ જોશી સ્ત્રી સહિત છે, એમની વાર્તા ક્યાં સુધી કહીએ.

ભાવપ્રકાશ : એમની વાર્તામાં એ સિદ્ધાંત થયો કે પાત્ર વિના ભગવદ્‌વાર્તા કરી નહીં ॥ વાર્તા ૩૦ ॥

॥ વાર્તા ૩૧ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક જગન્નાથ જોશી, ખેરાળુના તેમની વાર્તાનો ભાવ કહીએ ીએ—

ભાવપ્રકાશ : એ જે પ્રકારે શરણે થાય તે આગળ એમની માતાની વાર્તામાં કહીશું.

વાર્તાપ્રસંગ ૧ : એક દિવસ જગન્નાથ જોશીએ શ્રીઠાકુરજીએ શ્રૃંગાર કરી વાગો પહોરાવીને રાજભોગનો થાળ સાજીને શ્રીઠાકુરજીની આગળ ધર્યો. પછી બહાર આવ્યા. ત્યારે જગન્નાથ જોશીના મનમાં એ આવ્યું કે શ્રીઠાકુરજી વાગો પહેરીને આરોગે છે, થાળ છોવાઈ જશે. એ વાત શ્રીઠાકુરજીએ જગન્નાથ જોશીના મનની જાણી તેથી લાત મારીને થાળ ચોકીથી નીચે નાંખી દીધો, ત્યારે જગન્નાથ જોશીએ ફરીથી સામગ્રી કરી થાળ ધોઈ ધર્યો ત્યારે શ્રીઠાકુરજીએ ફરી લાત મારી નીચે નાખી દીધો. ફરીથી સામગ્રી કરી તેમ જ થાળ ધર્યો. ત્યારે પણ ઠાકુરજીએ લાત મારીને નાખી દીધો. ત્યારે ચોથીવાર જગન્નાથ જોશી બહુ શ્રમિત થયા. માથું નીચું કરવા લાગ્યા, કે શો અપરાધ પડ્યો છે કે શ્રીઠાકુરજી જેટલી વાર થાળ ધર્યો તેટલી વાર તેમણે નાખી દીધો. સામગ્રી આરોગ્યા નહીં. એ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરતાં બહુ જ આતુરતા અને દીનતા આવી. ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું, કે તું થાળ છોવાયાથી ડરે છે તો મારી આગળ શા માટે ધરે છે ? એ સાંભળતાં જ જગન્નાથ જોશીએ નાક ઘસીને બહુ જ વિનંતી કરી, મહારાજ ! હું ચૂક્યો, મારો અપરાધ ક્ષમા કરો. હું તો કંઈ જાણતો નથી. એ પ્રકારે ઘણા કાલાવાલા કર્યા.

ભાવપ્રકાશ : એનો અભિપ્રાય શ્રીઆચાર્યજી શ્રીસુબોધિનીજીમાં કહે છે જે શ્રીઠાકુરજીની લીલામાં અને શ્રીઠાકુરજીના સ્વરૂપમાં બે ભાવના કરે તો શ્રીઠાકુરજી અપ્રસન્ન થાય. એક અસંભાવના બીજી વિપરીત ભાવના. અસંભાવના એ જે શ્રીઠાકુરજીએ અન્ય સાથે વિહાર કર્યો શ્રીઠાકુરજી હીન જાતિના ઘરે કેમ આરોગતા હશે ? શ્રીઠાકુરજીના અડ્યાથી આ વસ્તુ અભડાઈ જશે. અહીર જાતિને ત્યાં વિના ન્હાયે કેમ ભોજન કર્યું ? શ્રીઠાકુરજીને ફલાણો રોગ થયો. શ્રીઠાકોરજી નિત્ય તો પ્રમાણસર આરોગે છે. અન્નકૂટમાં આટલું બધું કેવી રીતે આરોગતા હશે ? શ્રીઠાકુરજી હવે વૃદ્ધ થયા. શ્રીઠાકુરજીએ આ લીલા કેમ કરી ? આવા નાના પ્રકારના કુતર્ક પ્રભુમાં નહીં કરવા કેમકે પુરુષોત્તમ સહસ્રનામમાં કહે છે કે 'તર્કાગોચરકાર્યકૃત' પ્રભુનું કાર્ય તર્કથી અગોચર છે. કોઈની બુદ્ધિમાં-તર્કમાં આવે નહીં. કર્તું. અકર્તુ અન્યથા કર્તું, સર્વ સામર્થ્ય યુક્ત છે. આ અસંભાવના કહેવાય. અને વિપરીત ભાવના એ કે શ્રીઠાકુરજીના શ્રીમુખમાં વાસ આવશે તેથી વાસન, દાતણ કરાવવું. એક ઠેકાણે ખરચૂની ભાવના કરવી. ચોરાશી કોસ વ્રજ છે. એક દિવસમાં કેવી રીતે ફરે ? આટલી ગાય છે કેવી રીતે દોહતા હશે ? આગળ વ્રજમાં પ્રકટ્યા હવે વ્રજમાં ક્યાં છે ? કંઈ વ્રજમાં દેખાતા નથી. હીન વસ્તુ ગાજર મૂળા, કલિંગડા, આદિ બધું શ્રીઠાકુરજીએ પ્રગટ કર્યું છે, તેનો ભોગ ધરવામાં શું બાધક છે ? ઈત્યાદિ વિપરીત ભાવના થઈ, પરંતુ જગન્નાથ જોશીના તો એક સરળ સ્વભાવથી તેમને આવી ભાવનાં થઈ, તેથી શ્રીઠાકુરજી બોલ્યા જે થાળ છોવાઈ જશે, મારી આગળ ન ધરીશ. ત્યારે અપરાધ ક્ષમા કરાવ્યો, પોતાને અજ્ઞાની માન્યા. એ પ્રકારે અસંભાવના, વિપરીત ભાવનાથી શ્રીઠાકુરજીએ અપ્રસન્ન થઈ જણાવ્યું કે એવું ન કરવું.

વાર્તાપ્રસંગ ૨ : બીજું, જગન્નાથ જોશી શ્રીઠાકુરજીને ગરમ ખીર ભોગ ધરે. તે જ પ્રકારે શ્રીઠાકુરજી ગરમ ખીર આરોગતા પછી કેટલાક દિવસમાં શ્રીઆચાર્યજી ખેરાળુ ગામમાં જગન્નાથ જોશીના ઘરે પધાર્યા, ત્યારે શ્રીઠાકુરજીના હોઠ અને જીભ બહુ જ રાતા જોયા, ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીઠાકુરજીને પૂછ્યું, બાવા ! જીભ, ઓષ્ઠ બહુ જ રાતા કેમ છે ? ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું કે જગન્નાથ જોશી ગરમ ખીર ભોગ ધરે છે, તેથી હું ગરમ આરોગું છું. ત્યારે શ્રીઆચાર્યજીએ જગન્નાથ જોશીને કહ્યું કે તું ગરમ

ખીર શ્રીઠાકુરજીને ભોગ ધરે છે ! ત્યારે જગન્નાથ જોશી કહે, મહારાજ ! અમે એમ જાણ્યું કે આપ ગરમ સામગ્રી આરોગો છો તેથી સમર્પિએ છીએ. શ્રીઆચાર્યજી કહે, ખીર બહુ ગરમ ન સમર્પિએ આંગળી નાખીને, જોઈએ. આંગળી સહે ત્યારે ભોગ ધરીએ. બીજી સામગ્રી ગરમ ધરીએ તેની ચિંતા નહિ. ત્યારથી જગન્નાથ જોશી ઠંડી કરીને ખીર ધરવા લાગ્યા.

ભાવપ્રકાશ : ત્યાં એ સંદેહ થાય કે શ્રીઠાકુરજી ગરમ કેમ આરોગ્યા ? જગન્નાથ જોશીને કેમ ન કહ્યું ? ત્યાં એમ જાણવું કે જે દિવસથી જગન્નાથ જોશીના મનમાં થાળ છોવાઈ જવાની અસંભાવના થઈ ત્યારથી બહુ અનુભવ ન જણાવતા, એમની પ્રીતિથી આરોગતા.

વાર્તાપ્રસંગ ૩ : વળી એક સમે જગન્નાથ જોશી શ્રીઆચાર્યજીના દર્શન અડેલ ચાલ્યા, તે માર્ગમાં અન્નકૂટનો દિવસ આવ્યો. ત્યારે શ્રીઆચાર્યજીનો એક સેવક સુથાર (મથુરાનો રહેવાળો) હતો તેને કહે, ગામમાં જઈને ઉત્તમ સામગ્રી જે મળે તે લઈ આવો. દાળ, ચોખા, ઘી, ખાંડ આદિ લાવો. ત્યારે તે વૈષ્ણવ ગામમાં ગયો. ગામ નાનું હતું, એક જુવાર મળે બીજું કંઈ ન મળે તેથી આવીને જગન્નાથ જોશીને કહ્યું કે આ ગામમાં જુવાર મળે છે, બીજું કંઈ મળતું નથી, ગામ નાનું છે, ત્યારે જગન્નાથ જોશી કહે, ભગવદિચ્છા, જુવાર લઈ આવો. ત્યારે વૈષ્ણવ જુવાર લઈ આવ્યા. પછી કહે એને વીણી ઝાટકીને લઈ આવો. ત્યારે તે વૈષ્ણવ જુવારને સારી રીતે વીણી ઝાટકીને લઈ આવ્યો. પછી જગન્નાથ જોશીએ જુવારને પાણીમાં ચઢાવી. ત્યારે તે વૈષ્ણવે કહ્યું, આ જુવારની ભૂસી છે તેને પાણીમાંથી બાંધીને ઉપર ધરી દો, તે બાફથી ઢોકળા જલદી થઈ જશે એટલે જગન્નાથ જોશીએ તેને બાંધીને ઉપર ધર્યા. પછી જ્યારે જુવારનું ઠુમર ખદબદવા લાગ્યું ત્યારે તે ભૂસીનાં ઢોકળાં જુવારમાં પડી ગયાં અને બધું એકઠું થઈ ગયું. ત્યારે જગન્નાથ જોશીએ તે જોઈને મનમાં બહુ ખેદ કર્યો. પછી ભગવદિચ્છા માનીને જેવું થયું તેવું ભોગ ધરીને મહાપ્રસાદ લીધો અને પછી સૂઈ રહ્યા. ત્યારે શ્રીઠાકુરજી જગન્નાથ જોશીને કહે કે મારા પેટમાં ઠુમરનું ઢોકળું દુઃખે છે. એટલે જગન્નાથ જોશીએ સુંઠ, અજમો, મીઠું, સમર્પ્યું. ત્યારે શ્રીઠાકુરજી કહે, મારા પેટમાં ચેન થયું. આથી જગન્નાથ જોશીએ મનમાં બહુ જ પાશ્ચાત્તાપ કર્યો કે આજ શ્રીઠાકુરજીને બહુ દુઃખ થયું. હવે સારું ગામ જોઈને મજલ ઉપર ઊતરીશું. તે દિવસથી સારું ગામ જોઈને ઉતરતા.

ભાવપ્રકાશ : આ વાર્તાનો અભિપ્રાય એ છે કે જગન્નાથ જોશીનો સરળ સ્વભાવ ઘણો છે, તેથી શ્રીઠાકુરજી પ્રસન્ન થયા. પહેલા થાળ છોવાવાની અસંભાવના તેમને અજ્ઞાનતામાં આવી હતી તેથી ઉદાસ થયા હતા, બહુ બોલતા નહીં. પરંતુ એમનો સરળ ભાવ હતો, કુતર્ક કે પંડિતાઈ કરી અથવા જ્ઞાન કરીને તર્ક ન હતો. સહજે મનમાં આવ્યું પછી કંઈ નહીં. શ્રીઠાકુરજી તેમનો સરલ સ્વભાવ જાણીને પ્રસન્ન થયા અને સ્નેહ જોવાને માટે જણાવ્યું કે મારા પેટમાં દુઃખે છે. ત્યારે એમનો સ્નેહ બહુ જ તેથી દુઃખ થયું, અને સૂંઠ, અજમો, મીઠું ભોગ ધર્યો. એટલે શ્રીઠાકુરજી એમના ઉપર બહુ જ પ્રસન્ન થયા, અને કહ્યું "હવે મારા પેટમાં ચેન છે." ત્યારે જગન્નાથ જોશીનું દુઃખ મટ્યું. વિદ્યાની ચતુરાઈ કે જ્ઞાની હોત તો કહેતા જે શ્રીઠાકુરના પેટમાં દુઃખે છે ? એ તો ઈશ્વર છે ? પરંતુ જગન્નાથ જોશી સીધા નિષ્કપટ ભગવદીય છે, તેથી શ્રીઠાકુરજી ફરી પ્રસન્ન થયા. એમાં એ જણાવ્યું કે જેના હૃદયમાં સ્નેહ હોય, જેનો સ્વભાવ સરળ હોય તેનાથી અપરાધ પડે તો પણ શ્રીઠાકુરજી કૃપા કરે, એનો બગાડ ન થાય.

વાર્તાપ્રસંગ ૪ : વળી એક સમય જગન્નાથ જોશીએ પોતાના ઘરે ઉત્થાપન પછી ભોગનાં કમાડ

ખોલ્યાં. દર્શન થતાં હતાં તે સમયે જગન્નાથ જોશી શ્રીઠાકુરજીને 'મૂઢો' (મોરછલ) કરતા હતા. તે સમયે એક ગરાસિયો રજપૂત દર્શને આવ્યો. તે દર્શન કરતો હતો અને બીજા પણ દશ-પાંચ વૈષ્ણવો દર્શન કરતા હતા. તે સમયે એક ડોશીએ ફૂલની માળા દઈને દૂરથી શ્રીઠાકુરજીના ઉપર નાખી. તે શ્રીઠાકુરજીના સિંહાસન ઉપર આવી પડી. તેથી જગન્નાથ જોશીને બહુ જ રીસ ચઢી. તેથી તે માળા લઈને પાછી બહાર ફેંકી ત્યાં બીજો એક રજપૂત હતો તેના ગળામાં તે માળા જઈ પડી. ત્યારે તે પહેલા ગરાસિયાએ પોતાના મનમાં કહ્યું કે મને જગન્નાથ જોશીએ માળા નહીં આપી તો હું ખરો રજપૂત ત્યારે કે જ્યારે જગન્નાથ જોશીને ઠાર મારું. તેથી તલવાર લઈને ફરે પરંતુ દાવ ન મળે. એક દિવસ જગન્નાથ જોશી ખરચુ, દાતણ પાણી કરીને ગામ બહારથી આવતા હતા ત્યારે તે ગરાસિયા રજપૂતે પાછળથી આવી જગન્નાથ જોશીના ઉપર તલવાર ચલાવી ત્યારે શ્રીઠાકુરજીએ આવી તે રજપૂતનો ઉપરથી હાથ પકડી લીધો. અને બોલ્યા, એને ન માર. ત્યારે તે રજપૂતે બહુ જ જોર કર્યું, પરંતુ હાથ ઉપર રહી ગયો, ચાલ્યો નહીં, જગન્નાથ જોશી પાછા ફરીને જુએ છે તો શ્રીઠાકુરજી શ્રમિત ઊભા છે, જગન્નાથ જોશીએ કહ્યું, ફિટ રે પાપી ! આ શું કર્યું? તે રજપૂત તલવાર નાખીને જગન્નાથ જોશીના પગમાં પડ્યો.

ભાવપ્રકાશ : કેમકે રજપૂતે જાણ્યું કે એ મહાપુરુષ છે. હાથ ચાલ્યો નહીં તેથી તલવાર ભૂમિમાં નાખીને પગે પડ્યો.

પછી કહ્યું, મારો અપરાધ ક્ષમા કરો. જગન્નાથ જોશીએ ઘણું કહ્યું પરંતુ છોડે નહીં. કહે મને સેવક કરો, તમે ભગવદીય છો, હું પાપી છું, તમ્હારી કૃપાથી મારો ઉદ્ધાર થશે, નહીં તો મારું ઠેકાણું નથી. ત્યારે જગન્નાથ જોશીને દયા આવી અને કહે ઘરે ચાલો, તમને નામ સંભળાવીશું. પછી ઘરે આવી પોતે ન્હાયા. તે રજપૂતને ન્હવડાવીને નામ સંભળાવ્યું પછી શ્રીગુસાંઈજી ગુજરાત પધાર્યા ત્યારે રજપૂતને શ્રીગુસાંઈજી પાસે ફરી નામ સંભળાવ્યું તે રજપૂત સારો વૈષ્ણવ થયો.

ભાવપ્રકાશ : ભગવદીયની પાછળ વૈરભાવથી મારવાને દોડ્યો પણ ઉદ્ધાર થયો. તો પ્રીતિ કરી ભગવદીયનો સંગ કરે તો તેનો ઉદ્ધાર થાય તેમાં શું કહેવું ? બીજું જગન્નાથ જોશીને મંદિરમાં શ્રીઠાકુરજીની આગળ ક્રોધ ચડ્યો તથા માલા બહાર ફેંકી ક્રોધ ચાંડાલનું રૂપ છે, તેથી અપરાધ પડ્યો તેનો દોષ નિવૃત્ત કરવાને માટે તે રજપૂત દ્વારા જગન્નાથ જોશીના ઉપર તલવાર ચલાવરાવી. તેથી અપરાધ દૂર થયો અને સાથોસાથ તે રજપૂતનો ઉદ્ધાર પણ કરવો હતો તેથી બુદ્ધિ કરી ગઈ અને જગન્નાથ જોશીના પગે પડ્યો તે રજપૂત લીલા સંબંધી હતો નહીં, મુક્તિનો અધિકારી હતો, 'રાસ પંચાધ્યાઈ'માં વચન છે 'કામ ક્રોધ ભયં સ્નેહમૈક્યં સૌહૃદય મેવં ચ' એટલે ક્રોધે કરીની તે રજપૂતને મુક્તિ થઈ. જગન્નાથ જોશી શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. ॥ વાર્તા ૩૧ ॥

॥ વાર્તા ૩૧-૧ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સેવકની, જગન્નાથ જોશીની માતા, ખેરાળુમાં રહેતી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

વાર્તાપ્રસંગ ૧ : તેને બે બેટા હતા. તેમાં મોટા બેટા નરહર જોશી અને નાના જગન્નાથ જોશી હતા.

વાર્તાપ્રસંગ : લીલામાં માતા તો સ્વામિનીજીની સખી છે 'છબિસિંધી' એમનું નામ છે છબિસિંધીની બે સખી છે. એમાં એકનું નામ ગંધરેખા અને બીજીનું નામ માતા છિબિસિંધીનું સ્વરૂપ અને નરહર જોશી

ગંધરેખાનું પ્રાકટ્ય અને જગન્નાથ જોશી 'સૌરભી'નું પ્રાકટ્ય છે. તે નરહર જોશી અને જગન્નાથ જોશીનો પિતા મહાદુષ્ટ હતો. કોઈ સાધુ સંત પંડિત બ્રાહ્મણ વૈષ્ણવને માનતો નહીં. ગામમાં કોઈ આવે તો દુઃખ દે, રાત્રિએ ચોરી કરાવે, લૂંટી લે, ભગવદધર્મનો તો એવો દ્વેષી હતો. એક સમયે શ્રીઆચાર્યજી અડેલથી દ્વારિકા પધાર્યા, તે કેટલાક દિવસમાં ગુજરાતમાં ખેરાળુ ગામમાં આવ્યા અને ગામ બહાર એક બગીચામાં ઊતર્યા ત્યાં જગન્નાથ જોશીની માતા જલ ભરવાને આવી. તે સમયે શ્રીઆચાર્યજી શ્રીસુબોધિનીજીની કથામાં યજ્ઞપત્નીનો પ્રસંગ કહેતા હતા, તે બાઈ આ સંભળીને બહુ જ પ્રસન્ન થઈ. ત્યારે શ્રીઆચાર્યજીને તેણે વિનંતી કરીને કહ્યું કે મહારાજ ! મને સેવક કરો અને કહ્યું કે અહીં રહેશો નહીં. મારો પતિ મહાદુષ્ટ છે, જાણશે તો રાત્રિએ ચોરી કરાવશે અને લૂંટશે. ત્યારે શ્રીઆચાર્યજી કહે શું લૂટશે ? તું એને જઈને કહેજે કે શ્રીઆચાર્યજી બાગમાં આવ્યા છે અને તું દૈવી જીવ છો પરંતુ હમણાં તને શરણે કેવી રીતે લઈએ ? ધર્મનો વિરોધી પતિ છે તે વર્ષ પાંચમાં મરશે. અને તેને બે બેટા થશે. પતિના મર્યા પછી તું અડેલમાં આવજે, તને સેવક કરીશું. હમણાં સેવક કરવી ઉચિત નથી. ત્યારે તે બાઈ દંડવત કરી જલ ભરી ઘરે ગઈ.

પછી આચાર્યજી ત્રણ રાત્રિ ખેરાળુમાં રહ્યા પરંતુ તે બાઈના પતિએ સાંભળ્યું. તો પણ આવ્યો નહીં. તે પછી આપ તો શ્રીદ્વારકા શ્રીરણછોડજી દર્શને પધાર્યા. ત્યારબાદ તે બાઈને ગર્ભ રહ્યો, તે વર્ષ દિવસની અંદર નરહર જોશી થયા. તેના ત્રીજા વર્ષે જગન્નાથ જોશી થયા. પછી જ્યારે પાંચ વર્ષ થયા ત્યારે એક સંન્યાસી પંડિત ખેરાળુમાં આવ્યા. બધા બ્રાહ્મણોથી તેણે ચર્ચા કરી પછી રાત્રિએ જગન્નાથ જોશીનો પિતા એ સંન્યાસીને લુંટવા ગયો ત્યારે તે સંન્યાસી પાસે ગડસા એટલે ઘાસના ટુકડા કરવાનું શસ્ત્ર હતું તેનાથી તેને માર્યો પછી સંન્યાસી ડરીને ભાગી ગયો. સવાર થયું એટલે લોકોએ આ જાણ્યું. તેથી જ્ઞાતિના બ્રાહ્મણોએ મળીને તેનો સંસ્કાર કર્યો ત્યારે તે બાઈને શ્રીઆચાર્યજીનાં વચન યાદ આવ્યા. પોતે શ્રીમુખથી કહ્યું હતું જે તારે બે પુત્ર થશે. તે થયા. પતિ પણ પાંચ વર્ષ પછી મર્યો. હવે હું તીર્થનું બહાનું કરી અડેલ જઈને શ્રીઆચાર્યજીની સેવક થઈ કૃતાર્થ થાઉં. હવે મારે પ્રતિબંધ તો કોઈ છે નહીં. ત્યારે પોતાના મનના પ્રમાણિક વ્યક્તિને ઘર સોંપી બન્ને બેટાને ઘરમાં રાખ્યા. દ્રવ્ય ઘણું હતું તેમાંથી થોડુંક સાથે લઈ તીર્થરાજ પ્રયાગ ન્હાવાનું બહાનું કરી ગાડી ભાડે કરી ગુજરાતથી ચાલી, કેટલાક દિવસમાં પ્રયાગ આવીને ન્હાઈ. ત્યાં દાન-પુણ્ય કંઈક કરી અડેલમાં આવી અને શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! આપે કહ્યું હતું તે બધું થયું. બંને બેટા પણ થયા, પતિ પણ મર્યો, હવે મારે કોઈ પ્રતિબંધ નથી, આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ છો. મને શરણે લો. જન્મ બધો તે વૃથા ગયો. ત્યારે શ્રીઆચાર્યજીએ તે બાઈને શ્રીજમનાજીમાં ન્હવડાવી નામ-નિવેદન કરાવ્યું અને કહ્યું, તું ભગવદસેવા કર. ત્યારે તે બાઈ શ્રીઆચાર્યજીને કહે, આપ સેવા પધરાવી દો, હું સેવા કરું. ત્યારે શ્રીઆચાર્યજી કહે, પ્રયાગમાં જઈ ભગવત્સ્વરૂપ લઈ આવો ત્યારે તે બાઈ પ્રયાગમાં ગઈ. એક કંસારાની પાસે શ્રીઠાકુરજી હતા તે ન્યોછાવર દઈને લઈ આવી શ્રીઆચાર્યજીએ તે સ્વરૂપને પંચામૃતથી ન્હવડાવી તે બાઈને માથે પધરાવી દીધા. પછી કેટલાક દિવસ શ્રીઆચાર્યજી પાસે રહી પુષ્ટિમાર્ગની રીતિ બધી શીખીને તે બાઈ પાછી વિદાય થઈને ગુજરાત આવી. રાજસેવાના બંધારણથી પ્રીતિપૂર્વક સેવા કરવા લાગી. કેટલાક દિવસમાં શ્રીઠાકુરજી તેને સાનુભાવ જણાવવા લાગ્યા.

પછી એના બે બેટા મોટા થયા, નરહરિ જોશી અને જગન્નાથ જોશી ત્યારે તેમને માતાએ કહ્યું.

તમે અડેલમાં જઈને શ્રીઆચાર્યજીના સેવક થઈ આવો. પછી ભગવદ્સેવા કરો અને એક આ મોહોર મારી તરફથી ભેટ કરી દંડવત કરજો. શ્રીઆચાર્યજીને સાક્ષાત્ પુરુષોત્તમ જાણશો. ત્યારે બંને નરહરિ જોશી અને જગન્નાથ જોશી ગુજરાતથી ચાલ્યા. તેમની પાસે વાંસની લાઠી પોલી હતી. તેમાં મોહોર રાખી. કેટલાક દિવસમાં અડેલ શ્રીજગન્નાથરાયજીના દર્શને પધાર્યા હતા, તેથી બંને ભાઈઓ મળીને વિચાર કર્યો કે ઘરે જઈશું તો માતા લડશે કે તમે સેવક થયા વિના કેમ આવ્યા ? તેથી આપણે તો પુરુષોત્તમપુરી ચાલીએ. તેથી બંને જણા ચાલ્યા અને પુરુષોત્તમપુરી આવ્યા. ત્યાં પૂછ્યું કે શ્રીઆચાર્યજી અહીં કઈ જગાએ બિરાજે છે ? ત્યારે એક વૈષ્ણવ મળી ગયો, તેણે બતાવી દીધું. એટલે બંને જણાએ આવીને શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યાં. ત્યારે શ્રી આચાર્યજીએ બંનેને પૂછ્યું કે તમારી માતા સારી છે ? ત્યારે બંને જણા આશ્ચર્ય પામીને ચક્તિ થઈ રહ્યા, કે અમારાથી કદીય શ્રીઆચાર્યજીનો મેળાપ થયો નથી. તેથી માતાએ કહ્યું કે સાક્ષાત્ ભગવાન શ્રીઆચાર્યજી છે તે વાત સાચી છે. પછી બંને ભાઈ કહે, મહારાજ ! આપની કૃપાથી સારી છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે શ્રીજગન્નાથજીના દર્શન કરી આવ્યા ? ત્યારે બંને ભાઈએ કહ્યું, મહારાજ ! હજુ તો અમે દર્શન નથી કર્યાં, સીધા આપની પાસે આવ્યા છીએ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, જાવ, દર્શન કરી આવો, એટલે બંને ભાઈએ આવી શ્રીજગન્નાથજીનાં દર્શન કર્યાં. ત્યારે ત્યાં શ્રીઆચાર્યજી શ્રીજગન્નાથજીની પાસે ઊભેલા છે એવા દર્શન થયાં. ત્યારે બંને ભાઈ કહે, અમે તો ઘરે દર્શન કર્યાં છે ! કદાચિત બીજો માર્ગ હશે તે માર્ગથી પધાર્યા હશે. પછી ત્યાંથી બંને ભાઈ દોડીને શ્રીઆચાર્યજી પાસે આવીને જુએ તો શ્રીઆચાર્યજી ત્યાં જ બિરાજ્યા છે. તેથી ચક્તિ થઈને જોવા લાગ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ પૂછ્યું, કે શ્રીજગન્નાથજીનાં દર્શન કરી આવ્યા ? ત્યારે બંને જણે કહ્યું, હા મહારાજ ! બંને જણ દર્શન કરી આવ્યા. પછી શ્રીઆચાર્યજી કહે, તમારા મનનો સંદેહ નિવૃત્ત થયો ? ત્યારે બંનેયે વિનંતી કરી, મહારાજ ! અમે અજ્ઞાની છીએ કે સંદેહ કર્યો. આપ તો સાક્ષાત્ પુરુષોત્તમ છો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, અમારી ભેટ તમારી માતાએ એક મોહોર મોકલી છે તે ભેટ કરો.

ભાવપ્રકાશ : બંને ભાઈએ મોહોર એ માટે ભેટ ન કરેલી કે ઈશ્વર હશે તો માગી લેશે, ભેટ માગી ત્યારે બંને ભાઈને વધારે વિશ્વાસ થયો.

પછી મોહોર ભેટ ધરીને વિનંતી કરી કે મહારાજ ! અમને કૃપા કરીને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજી બંને જણાને કહે કે જાવ, ન્હાઈ આવો. ત્યારે બંને ન્હાઈ આવ્યા. એટલે શ્રીઆચાર્યજીએ બંને જણાને નામ-નિવેદન કરાવ્યું. પછી કેટલાક દિવસ પર્યંત ત્યાં રહી શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યાં. પછી વિદાય થઈને બંને ભાઈ ચાલ્યા. તે ખેરાળુ ગામમાં પોતાના ઘરે આવી માતાનો બધો પ્રકાર કહ્યો, કે અમે અજ્ઞાની છીએ. પરંતુ પોતાનું માહાત્મ્ય શ્રીઆચાર્યજીએ અમને દેખાડી અમારો સંદેહ નિવૃત્ત કર્યો. ત્યારે માતાએ કહ્યું, મેં તમને પહેલાં જ કહ્યું હતું કે શ્રીઆચાર્યજી પૂર્ણ પુરુષોત્તમ છે. એમાં સંદેહ કેમ કર્યો ?

ભાવપ્રકાશ : શ્રીઆચાર્યજીએ બંને ભાઈને માહાત્મ્ય એથી દેખાડ્યું કે સરલ સ્વભાવના મુગ્ધ વૈષ્ણવો છે. તેથી કોઈ બીજા માર્ગનું માહાત્મ્ય જુએ અથવા કંઈ ચેટક કોઈનું દેખે તો ડગે નહીં. કેમકે શ્રીઆચાર્યજીનું માહાત્મ્ય હૃદયમાં થયું છે. હવે એમને લૌકિક વૈદિક બધું તુચ્છ લાગ્યું. આ દૃઢતાને માટે આટલું માહાત્મ્ય દેખાડ્યું.

પછી માતાની આજ્ઞા પ્રમાણે તેઓ સેવા કરવા લાગ્યા. તેમની માતા એવી શ્રીઆચાર્યજીની કૃપાપાત્ર ભગવદીય હતી, તેથી એમની વાર્તા ક્યાં સુધી કહીએ ? ॥ વાર્તા ૩૧ ॥

॥ વાર્તા ૩૧ (૨) ॥

હવે શ્રીઆચાયજી મહાપ્રભુજીના સેવક. નરહરિ જોશી, જગન્નાથ જોશીના મોટા ભાઈ, એમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એમનું લીલાનું અલૌકિક સ્વરૂપ ઉપર એમની માતાની વાર્તામાં કહી આવ્યા છીએ.

વાર્તાપ્રસંગ ૧ : તે નરહરિ જોશી એક સમયે શ્રીજગન્નાથરાયજીનાં દર્શનના બહાને પુરુષોત્તમપુરી શ્રીઆચાર્યજીનાં દર્શન માટે ચાલ્યા. પછી જ્યારે પટનાથી આગળ ચાલ્યા ત્યારે મજલ જઈ ઊતર્યા. પછી ન્હાઈને સામગ્રી, રોટલી દાળ કરી અને શ્રીઠાકુરજીને ભોગ ધર્યો. તે સમયે એક ઝાડ ઉપરથી એક વર્ષ દશનો બાળક પરમ સુંદર, નરહરિ જોશીના આગળ આવી હાથ લાંબો કરીને માગવા લાગ્યો. ત્યારે નરહરિ જોશી આશ્ચર્ય પામ્યા કે આ કોણ છે ? પછી તેમણે ભોગ સરાવીને ચોપડેલી બે રોટલી ઉપર દાળ ધરીને તે બાળકના હાથમાં દીધી. ત્યારે તે બાલક તે જ ઝાડ ઉપર ચઢી ગયો અને અંતધ્યાન થઈ ગયો. પછી ફરી નરહરિ જોશી જુએ તો ઝાડ ઉપર બાલક નથી. પછી બીજા દિવસે ફરી મજલ ઉપર ઊતર્યા. ન્હાઈને રસોઈ કરી ભોગ ધર્યા, ત્યારે ફરી ઝાડ ઉપરથી તે જ બાલક ઊતરી નરહરિ જોશીની પાસે આવી હાથ લાંબો કરીને ઊભો રહ્યો. ત્યારે નરહરિ જોશીએ કંઈ ન આપ્યું. ભોગ સરાવીને ગાયોનો ભાગ કાઢી પોતે પ્રસાદ લેવા બેઠા, ત્યારે શ્રીઠાકુરજી બાલક વેષથી તે ઝાડ ઉપર ચઢી અંતર્ધ્યાન થઈ ગયા. પછી શ્રીઠાકુરજી જગન્નાથ જોશીને કહે, મે નરહરિ જોશી પાસે જઈ હાથ લાંબો કરીને કાલે અને આજે માગ્યું, તો કાલે બે રોટલી અને દાળ આપી, અને આજે કંઈ ન આપ્યું. તેથી પાછો આવ્યો. ત્યારે જગન્નાથ જોશીએ તે મહિનો અને તિથિ લખી રાખી. નરહરિ જોશી જ્યારે આવશે ત્યારે આ વાત પૂછીશ.

પછી નરહરિ જોશીએ પુરુષોત્તમપુરી જઈ ત્યાં શ્રીઆચાર્યજીના દર્શન કર્યા. પછી જગન્નાથરાયજીનાં દર્શન કરી થોડાંક દિવસ ત્યાં રહી ત્યાંથી ચાલ્યા, તે કેટલાક દિવસમાં ખેરાળુ પોતાના ઘરે આવ્યા. ત્યારે જગન્નાથ જોશીએ શ્રીઆચાર્યજીના સકલ સમાચાર પૂછ્યા ત્યારે નરહરિ જોશીએ બધું કહ્યું, કે આપે માયાવાદનું ખંડન કર્યું છે અને આપ સારી રીતે બિરાજે છે. ત્યારે જગન્નાથ જોશીએ નરહરિ જોશીને પૂછ્યું કે ફલાણા દિવસે તમારા પાસે કોણ માગવા આવ્યું હતું તે તમે ન આપ્યું ? ત્યારે નરહરિ જોશી કહે, પટનાની આગળ ચાલ્યો ત્યારે પહેલા દિવસે એક વર્ષ દશના બાલકે આવી મારી આગળ હાથ લાંબો કરીને માગ્યું. તે બે રોટલી દાળ બાલકના હાથમાં આપી પછી તે બાલક ઝાડ ઉપર ચડી ગયો. ફરી ન દેખાયો. પછી બીજી મજલે ફરી ઝાડ ઉપરથી તે બાલક આવ્યો. ત્યારે મેં વિચાર કર્યો કે તે છળીયો હોય તો દેવું ઉચિત નથી. અને જો ભગવદ્‌સ્વરૂપ હોય તો મહાપ્રસાદ કેમ દઉં ? એમ વિચારીને મેં કંઈ ન દીધું. ત્યારે તે બાલક ઝાડ ઉપર ચઢી અંતર્ધ્યાન થઈ ગયો. ત્યારે જગન્નાથ જોશીએ કહ્યું તમે ખરાબ કર્યું તે તો ઠાકોરજીએ પોતે આવીને હાથ લાંબો કરીને માગ્યું હતું તમોએ ન આપ્યું તે ઠીક ન કર્યું. અને તમે પ્રથમ શ્રીઆચાર્યજીનાં દર્શને જગન્નાથરાયજી ગયા ત્યારે માતાએ એક મોહોર ભેટ આપી તે આપણે છુપાવી રાખી હતી અને સંદેહ થયો હતો કે ઈશ્વર હશે તો માગી લેશે. વળી આહે શ્રીજગન્નાથરાયજીના મંદિરમાં પણ દર્શન આપ્યાં અને ઘેર પણ દર્શન આપ્યાં એમ એકી સાથે દર્શન દઈ સંદેહ મટાડ્યો. આપણે તો એવા પુરુષોત્તમ શ્રીઆચાર્યજીના સેવક છીએ તેથી કોઈ છળીયો નિકટ ન આવે. શ્રીઆચાર્યજીની

જોશીનો સંદેહ ગયો.

ભાવપ્રકાશ : આ વાર્તાનો અભિપ્રાય એ છે કે જગન્નાથ જોશી ઉપર સેવક થતાં જ કૃપા થઈ, શ્રીઠાકુરજીમાં ચિત્ત લાગી ગયું. અને નરહરિ જોશીના મનમાં એટલી યોગ્યતા હતી કે હું મોટો ભાઈ છું અને જગન્નાથ જોશી નાનો ભાઈ છે, અને હું બહુ સમજું છું, તેથી નરહરિ જોશીને યદ્યપિ શ્રી ઠાકુરજીએ પોતાનું સ્વરૂપ જણાવ્યું, બાલક થઈ ઝાડ ઉપરથી આવી માંગ્યું, તો પણ નરહરિ જોશીએ શ્રી ઠાકુરજીને જાણ્યા નહીં. ત્યારે શ્રીઠાકુરજીએ જગન્નાથજી જોશીને કહ્યું, પરંતુ નરહરિ જોશીથી ન બોલ્યા. પછી તે જ્યારે ઘરે આવ્યા ત્યારે જગન્નાથ જોશીએ તેમને કહ્યું જે તમે સંદેહ કેમ કર્યો ? ખોટું કર્યું કે શ્રીઠાકુરજીને ન આપ્યું. એ સાંભળીને નરહરિ જોશીનું માન-મર્દન થઈ ગયું. કે મેં શ્રીઠાકુરજીને ન જાણ્યા. જગન્નાથ જોશી મોટા કૃપાપાત્ર છે આ પ્રકારે પોતાને હીન માની સેવા કરી. તે દિવસથી જેમ જગન્નાથ જોશીને શ્રીઠાકુરજી સાનુભાવ જણાવતા તેમ નરહરિ જોશીને પણ સાનુભાવ જણાવવા લાગ્યા. તેથી કોઈ પણ વૈષ્ણવને નાનો જાણી પોતાની યોગ્યતા માનવી નહીં. પોતાનાથી બધા વૈષ્ણવો મોટા જાણવા, ત્યારે શ્રીઠાકુરજી કૃપા કરે. એ સિદ્ધાંત પ્રકટ કર્યો.

વાર્તાપ્રસંગ ૨ : વળી એક સમય નરહરિ જોશી ગુજરાતમાં 'અલિયાણા' ગામે ગયા. ત્યાં નરહરિ જોશીના યજમાન હતા. તેમનું નામ મહીધર હતું. અને મહીધરની એક બહેન ફુલબાઈ હતી. તેમને નરહરિ જોશીએ કહ્યું, તમે શ્રીગુસાંઈજીના સેવક થાવ, વૈષ્ણવ થાવ તો અમારો તમારો મેળાપ રહે. ત્યારે મહીધર અને ફુલબાઈએ કહ્યું, કે બહુ સારું. શ્રીગુસાંઈજીને પધરાવો, અમે સેવક થઈશું. તમારી કૃપાથી વૈષ્ણવ થવાય તો જન્મ સફળ થાય. આ પ્રકારે બંને પ્રસન્ન થયા.

ભાવપ્રકાશ : કેમ કે બંને દૈવી જીવ છે, લીલામાં શ્રીચંદ્રાવલીજીની સખી છે. મહીધરનું નામ લીલામાં 'ફુરંગાશી' છે અને ફુલબાઈનું નામ 'ચંપલાનૈની' છે. એ બંને સુંદર બહુ જ છે. નેત્ર એમના પરમ સુંદર છે. એમના મનમાં સુંદરતાનો ગર્વ થયો. તેથી શ્રીચંદ્રાવલીજીના શાપથી ભૂમિમાં પ્રકટ્યા. પૂર્વલીલાનો સંબંધ છે, તેથી મહીધરનું લગ્ન થતાં જ સ્ત્રી મરી ગઈ. માતાપિતા મરી ગયાં. એક મહીધર અને ફુલબાઈ રહ્યાં. એ બંને ભેગાં રહેતાં. પિતાને દ્રવ્ય ઘણું હતું. વૈષ્ણવ થવાનું તેમને કહ્યું, ત્યારે બંને ભાઈ બહેન બહુ પ્રસન્ન થયા.

પછી કહે, શ્રીગુસાંઈજીને જલદી પધરાવો. ત્યારે નરહરિ જોશીએ ખેરાળુમાં આવી શ્રીગુસાંઈજીને વિનંતીપત્ર લખ્યો. તેમાં લખ્યું કે આપ કૃપા કરીને ગુજરાત પધારો તો કેટલાક જીવોનું કલ્યાણ થાય. પછી શ્રીગુસાંઈજી પધાર્યા, ખેરાળુમાં જગન્નાથ જોશીના ઘરે ઊતર્યા. ત્યારે ફુલબાઈએ મહીધરને કહ્યું કે હવે શું કરીએ ? ત્યારે ફુલબાઈને મહીધરે કહ્યું કે બહેન ! તું ચિંતા ન કર. રૂપૈયા-મહોરની ખીચડી કરી શ્રીગુસાંઈજીને ન્યોછાવર કરતાં આપણા ઘરે પધરાવીશું.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે એટલી ન્યોછાવર કરીશ તો ભેટનો શો સંદેહ કરે છે ?

એ સાંભળીને ફુલબાઈ અને નરહરિ જોશી મનમાં બહુ પ્રસન્ન થયાં કે મહીધરની પ્રીતિ તો સારી છે. પછી ખેરાળુ આવી નરહરિ જોશી, મહીધર અને ફુલબાઈએ દંડવત કરી વિનંતી કરીને આપને અલિયાણા ગામમાં પધરાવ્યા. પછી શ્રીગુસાંઈજી પધાર્યા ત્યારે મહીધર અને ફુલબાઈ રૂપૈયા મોહરની ખીચડી કરી શ્રીગુસાંઈજી ઉપર ન્યોછાવર કરતાં, લૂંટાવતાં અનેક વાજિંત્ર ગાનાદિક કરતાં, ઘરમાં પધરાવ્યા. પછી મહીધર અને ફુલબાઈને નવડાવીને આપે નામ-નિવેદન કરાવ્યું. એમના ઘરમાં પ્રથમ

શ્રીઠાકુરજી હતા જેની તેઓ મર્યાદા રીતિથી પૂજા કરતા. તે શ્રીઠાકુરજીને શ્રીગુસાંઈજીએ પંચામૃત સ્નાન કરાવી પાટ બેસાડ્યા, અને મહીધર અને ફુલબાઈને માથે પધરાવ્યા. મહીધર અને ફુલબાઈએ શ્રીઠાકુરજીને બહુ ભેટ કરીને પ્રીતિથી પાંચ દિન ઘરમાં રાખ્યા. પુષ્ટિમાર્ગની રીતિ બધી શીખ્યા. પછી શ્રીગુસાંઈજી દ્વારિકા પધાર્યા ત્યારે મહીધર અને ફુલબાઈએ નરહરિ જોશીને બહુ વિનંતી કરી, કે તમારી કૃપાથી અમે વૈષ્ણવ થયા. હવે અમારો નવો જન્મ થયો શ્રીગુસાંઈજીએ કૃપા કરી.

ભાવપ્રકાશ : વૈષ્ણવોનો સંગ એવો છે. 'આર્દ્રાર્દ્રીકરણત્વ' ભીંજ્યો વસ્ત્ર સૂકા વસ્ત્રને લાગે તો સૂકો વસ્ત્ર પણ ભીંજ્યો થાય. તેવી રીતે વૈષ્ણવના સંગથી વૈષ્ણવ થાય. જેમ શ્રીગિરિરાજના સંગથી પુલંદીઓને ભગવદ્‌ભાવ ઉત્પન્ન થયો. તેથી તાદશી વૈષ્ણવનો સંગ સર્વોપરિ છે.

પછી નરહરિ જોશી ભાઈ-બહેનથી વિદાય થઈ પોતાના ગામ ખેરાળુમાં આવ્યા. ત્યારે જગન્નાથ જોશી આગળ નરહરિ જોશીએ કહ્યું કે મહીધર અને ફુલબાઈની પ્રીતિ કહી ન જાય એવી છે. એ સારા વૈષ્ણવ થયા. ત્યારે જગન્નાથ જોશી કહે, શ્રીગુસાંઈજી જેના ઉપર કૃપા કરે એ ભગવદીય હોય એમાં શું કહેવું ? પછી સેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૩ : તે પછી કેટલાક દિવસમાં પ્રાતઃકાલ સમયે અલિયાણા ગામમાં આગ લાગી. નરહરિ જોશી ખેરાળુ ગામમાં બહાર જઈ દેહ-કૃત્ય તલાવ ઉપર કરી, નિત્ય કર્મ કરી ફૂલના કંડિયામાં ફૂલ-તુલશી ધરી, હાથમાં લઈ ઘરે આવતા હતા. તે સમયે નરહરિ જોશીએ જાણ્યું કે અલિયાણા ગામમાં આગ બહુ લાગી છે. તેમણે મનમાં વિચાર્યું કે મહીધર અને ફુલબાઈ હમણાં જ નવાં વૈષ્ણવ થયાં છે. એમનું ઘર જો બળશે તો કહેશે કે અમે વૈષ્ણવ થયાં તેથી ઉપદ્રવ થયો એવું મનમાં આવશે તો એમનો ધર્મ જતો રહેશે, બગાડ થશે. એમ વિચારી સારી જમીન જોઈ તુલસીનો કંડીઓ ભૂમિમાં મૂકી ઝારીથી જલ લઈ આસપાસ કુંડાલી કરી પાણી નાખ્યાં કર્યું. પછી અલીયાણા ગામમાં આગ બુઝી ગઈ. મહીધરનું ઘર એ પ્રકારે બચાવી નરહિર જોશી ફૂલ-તુલસી લઈ ઘેર આવ્યા. કેટલાક દિવસ પછી અલિયાણા ગામમાં મહિધરના ઘરે નરહરિ જોશી ગયા. ત્યારે મહીધર અને ફુલબાઈએ નરહરિ જોશીને કહ્યું કે અહીં અગ્નિનો ઉપદ્રવ ઘણો થયો હતો. તે શ્રીગુસાંઈજી કૃપાથી અમારું ઘર બચ્યું. નહિ તો શું જાણીએ શું થાત ? ત્યારે નરહરિ જોશી કહે, શ્રીગુસાંઈજી પરમ દયાલ છે. વૈષ્ણવની સદા રક્ષા છાયા કરતા જ આવ્યા છે, તેથી વૈષ્ણવનું સદા કલ્યાણ જ છે. આ પ્રકારે ભાઈ-બહેનનું સમાધાન કરીને પછી વિદાય થઈ ખેરાળુ પોતાના ઘરે આવ્યા.

પછી બંને ભાઈ-બહેન ઘરમાં સેવાથી પહોંચીને બેઠા હતા. ત્યારે નરહરિ જોશીએ જગન્નાથ જોશીને કહ્યું કે એક દિવસ અલિયાણા ગામમાં આગ લાગી, તે વખતે હું પ્રાતઃકાલ તલાવ ઉપરથી નિત્યકર્મ કરીને આવતો હતો. ફૂલ તુલસીની કરંડી મારા હાથમાં હતી. અલિયાણા ગામમાં આગ લાગી જાણી ત્યારે તુલસીની કરંડી મેં ભૂમિમાં ધરી ઝારીથી જલ લઈ તુલસીની આસપાસ પાણીનું કુંડાળું કરી તેનાથી મહીધર-ફુલબાઈનું ઘર બચાવ્યું. ત્યારે નરહરિ જોશીને જગન્નાથ જોશીએ કહ્યું, આટલો હઠ કરીને શ્રી ઠાકુરજીને શ્રમ કરાવ્યો તે ઉચિત નહીં. એ આપણા માર્ગની રીતિ નથી અને આપણે કોણ જે બચાવીએ ? શ્રીઠાકુરજી સર્વ સામર્થ્યયુક્ત છે. તે બધી લીલા કરે છે. ત્યારે નરહરિ જોશીએ જગન્નાથ જોશીને કહ્યું, મેં શ્રીઠાકુરજીથી હઠ નથી કર્યો. મારા મનમાં આવ્યું કે મહીધર અને ફુલબાઈ હમણાં જ વૈષ્ણવ થયા છે, ને હમણાં જ આગ લાગી. તેથી આ માર્ગમાંથી પ્રીતિ ઘટે તો એમને ભગવદપ્રાપ્તિમાં

અંતરાય થાય. હવે આ પ્રકારે ઘર બચવાથી એમનો દૃઢ વિશ્વાસ શ્રીગુસાંઈજીમાં અને પુષ્ટિમાર્ગમાં થયો છે. કારણ કે વૈષ્ણવ થયા તો બચ્યા આ દૃઢતાને માટે મેં આટલું કર્યું, મને કંઈ પ્રયોજન નથી, ત્યારે બન્ને ભાઈ હસીને ચૂપ થઈ રહ્યા કેમ જે પ્રભુ મહા કૌતુકી છે. એમની ઈચ્છાથી બધું થાય છે. એ નરહરિ જોશી, જગન્નાથ જોશી અને એમની માતા એ ત્રણે ભગવદીય હતા. ચાહે તે કરે. એમના સંગથી મહીધર અને ફુલબાઈને શ્રીઠાકુરજીમાં દૃઢ વિશ્વાસ થયો. પ્રીતિથી સેવા કરવા લાગ્યા પછી કેટલાક દિવસમાં શ્રીઠાકુરજી મહીધર ફુલબાઈને પણ સાનુભવતા જણાવવા લાગ્યા. તેથી એમની વાર્તા ક્યાં સુધી કહીએ? નરહરિ જોશી, જગન્નાથ જોશી અને એમની માતા મળીને વાર્તા એક જાણવી. ॥ ૩૧ (૨) ॥

॥ વાર્તા ૩૨ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક, રાણા વ્યાસ સાચોરા બ્રાહ્મણ, ગોધરાના વાસી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ રાણાવ્યાસ લીલામાં ઈન્દુલેખા શ્રીસ્વામિનીજીની સખી છે. તેની સખી છે. 'નાગવેલીકા' એમનું નામ છે. વર્ષ બારના એ રાણા વ્યાસ થયા ત્યારે એક વૈરાગીનો એમને સંગ થયો. તે વૈરાગી ચારે ધામ ફરીને આવ્યો હતો. તેણે બદ્રીકાશ્રમની વાત, શ્રીજગન્નાથરાયજીની વાત, શ્રીરંગનાથજીની વાત, શ્રીરણછોડજીની વાત વગેરે મહાત્મ્ય રાણા વ્યાસને કહ્યું. પછી રાણા વ્યાસ અડધી રાત્રે ઊઠીને ચાલ્યા, તે પહેલાં બદ્રીકાશ્રમ ગયા. ત્યાં માર્ગમાં બહુ દુઃખ પામ્યા. બદ્રીકાનાથજીના દર્શન તો કર્યા પરંતુ મનમાં પ્રસન્ન ન થયાં. કેમ જે અહીં ઠંડી ઘણી છે, અને માર્ગ એવો છે કે પ્રાણ જાય પછી શ્રી જગન્નાથરાયજી ગયા. ત્યાં દર્શન કરીને કંઈક પ્રસન્ન થયા. પછી રોગથી ઘણાં માંદા પડ્યા. તે એક મહિને સારા થયા ત્યારે મનમાં કહે, ફરી માંદો પડીશ તો મરીશ. તેથી ચાલ્યા, તે દક્ષિણમાં આવી રંગનાથજીનાં દર્શન કર્યાં. ત્યારે મનમાં કહે, એમનું દર્શન કેવી રીતે કરું ? ચરણના કરું તો મુખના ન થાય અને મુખના કરું તો ચરણનાં ન થાય ! એ બહુ મોટા છે. તેથી હવે દ્વારકા ચાલું. તે દ્વારકા આવ્યા. ત્યાં શ્રીરણછોડજીનાં દર્શન કર્યા. ચરણ સ્પર્શનું પંડ્યાએ કહ્યું, આટલું દ્રવ્ય ખર્ચો ત્યારે ચરણ સ્પર્શ થાય ત્યારે રાણા વ્યાસે મનમાં વિચાર્યું કે અહીં બ્રહ્મચારી દ્રવ્યને માટે ચરણ સ્પર્શ કરવા દે છે અને શ્રીઠાકુરજીનું દ્રવ્ય લઈ જાય છે તેથી અહીં પણ રહેવું ઉચિત નહીં. કેમકે જ્યાં ચિત્તમાં દોષ ઊપજે ત્યાં રહેવાથી કલ્યાણ ન થાય, બગાડ થાય. એમ વિચારી દ્વારિકાથી ચાલ્યા તે ગુજરાતમાં ગોધરા પોતાના ઘરે આવ્યા.

ત્યારે માતા-પિતા બહુ વૃદ્ધ થયા હતા. આઠ વર્ષે રાણા વ્યાસ પાછા આવ્યા. ત્યારે માતા-પિતાએ કહ્યું, બેટા ! તું ક્યાં નીકળી ગયો ? ઘરમાં રહેતો તો તારું લગ્ન કરત. હજુ પણ ઘરમાં રહો. આપણી જ્ઞાતિની રીતિએ ચાલો તો લગ્ન થાય ત્યારે રાણા વ્યાસે કહ્યું, હું તો સદા બ્રહ્મચારી રહીશ. લગ્ન કરી શું નર્કમાં પડું ? હું તો ઈન્દ્રિયજીત છું. ત્યારે માતા-પિતા ચૂપ થઈ રહ્યાં. પછી માતા-પિતાની દેહ છૂટી ત્યારે સંસ્કાર કરી મનમાં પ્રસન્ન થયા, કે બંધન છૂટ્યું. હવે હું ચાહીશ તે કરીશ. દશ-પાંચ હજાર રૂપિયા પણ છે. આ પ્રકારે ઈન્દ્રિયજીતનો અહંકાર હતો તેમાં દ્રવ્યનો અહંકાર થયો. એટલે ગર્વના મારે કોઈથી બોલે નહીં. ગામમાં મોટા સિદ્ધ કહેવડાવતા. જગન્નાથ જોશીએ પણ રાણા વ્યાસ પાસે નામ પામ્યું. પછી માતાના કહેવાથી જગન્નાથ જોશી શ્રીઆચાર્યજીના સેવક થયા. રાણા વ્યાસ થોડું ભણ્યા હતા. તેમના મનમાં આવ્યું કે આ ગામમાં તો બધા મૂરખ છે માટે કાશીમાં જઈ કોઈથી વાદ કરું તે પ્રમાણે

અહંકાર કરી રાણા વ્યાસ ઘરેથી થોડું દ્રવ્ય લઈ કાશીમાં મોટા મોટા પંડિતો જ્યાં વાદ કરતા હતા ત્યાં ગયા. પણ ત્યાં હાર્યા. એટલે લાજ લાગી. તેથી મનમાં વિચાર્યું કે અડધી રાત્રિએ ગંગાજીમાં ડૂબી મરીશ. પછી સાંજના ભૂખ્યા જ ગંગાજીના કિનારે હનુમાનઘાટ છે ત્યાં જઈ બેઠા. મનમાં કહે જે રાત્રિ થાય, કોઈ જાણે નહિ ત્યારે ગંગાજીમાં ડૂબું.

એવામાં ત્યાં શ્રીઆચાર્યજી પધાર્યા ત્યારે એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને પૂછ્યું કે મહારાજ ! ગંગાજીમાં ડૂબી મરે તેનું કંઈ ફલ ગંગાજી આપે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, અહંકાર કરીને, કોઈનાથી લડીને ડૂબે તો ફલ નહીં, સર્પયોની પામે, આત્મહત્યા લાગે મહાદુષ્ટ થાય અને રોગથી ગ્રસિત થાય, અને દીનતાપૂર્વક સંન્યાસ લઈ ડૂબે તો કંઈક ફલ મળે. પણ જો મસ્તી સમયે ઠાકુરમાં મન રહે તો. નહીં તો દુર્ગતી થાય. એ વાત સાંભળતાં જ રાણા વ્યાસે જાણ્યું કે આ મહાપુરુષ છે. એમ જાણીને શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે મહારાજ ! ભલી થઈ જે આ વૈષ્ણવે આપને વાત પૂછી હું ગંગાજીમાં ડૂબવા માટે ભૂખ્યો સવારથી બેઠો છું. અર્ધરાત્રિ જાય ત્યારે ડૂબું પરંતુ હવે મારો ઉદ્ધાર થાય તે પ્રકાર બતાવો હું આપની શરણે છું. ત્યારે શ્રી આચાર્યજી કહે, તમે પણ નામ આપો છો, સ્વામી કહેવાવ છો પોતાને બહુ યોગ્ય માનો છો પછી સેવક થવાની વાત કેમ કરો છો ? ત્યારે રાણા વ્યાસે વિનંતી કરી, મહારાજ ! અહંકાર તો ઘણો હતો પરંતુ કાશીમાં જ્યાં જ્યાં પંડિતોથી વાદ કર્યો ત્યાં ત્યાં હાર્યો. તેથી ગંગાજીમાં ડૂબવાને ઊભો છું. મારા ભાગ્યમાં કંઈ સારું થવાનું છે તે આ સમયે આપનું દર્શન થયું. બહુ દીન છું, અનાથ છું. તેથી આપ મારા ઉપર કૃપા કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ રાણા વ્યાસને કહ્યું કે જા, તું ગંગામાં ન્હાઈ આવ. ત્યારે રાણા વ્યાસ ગંગાજીમાં ન્હાઈ આવ્યા. પછી શ્રીઆચાર્યજીએ નામ સંભળાવી તેમને બ્રહ્મ સંબંધ કરાવ્યું અને આજ્ઞા આપી કે હવે જ્યાં જ્યાં પંડિતોથી હાર્યા છો ત્યાં ત્યાં જઈને બધે વાદ કરજો. બધાને જીતી આવશો પછી રાત્રિએ રાણા વ્યાસે રસોઈ કરી ભોગ ધરીને મહાપ્રસાદ લીધો મનમાં આનંદ થયો. પછી પ્રાતઃકાલ ન્હાઈને શ્રીઆચાર્યજીને દંડવત કર્યા, ત્યારે શ્રીઆચાર્યજીએ 'ચતુશ્લોકી'ગ્રંથ શીખવ્યો અને કહ્યું, કે જા, પંડિતોથી વાદ કરી આવ. ત્યારે સઘળા પંડિતોને એક જ વચનથી તેઓ જીત્યાં શ્રીઆચાર્યજીના પ્રમેયબલ પ્રતાપથી જય પામ્યા. પછી ત્રીજા પ્રહરે આવીને શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી. ત્યારે શ્રીઆચાર્યજી કહે, પંડિતો તો જીત્યા પરંતુ અહંકાર ન કરીશ. અહંકાર જે વસ્તુનો કર્યો તે જ વસ્તુનો નાશ થશે. ત્યારે રાણા વ્યાસે વિનંતી કરી, જે મહારાજ ! હવે અહંકાર નહીં કરું. અહંકાર કરી બહુ દુઃખ પામ્યો. હવે કૃપા કરો કે ભગવદ અનુગ્રહ થાય. મારો જન્મ એમ જ ભટકતાં વીત્યો ત્યારે શ્રીઆચાર્યજી કહે, ક્યાંયથી ભગવત્સ્વરૂપ લઈ આવો. ત્યારે રાણા વ્યાસ બજારમાં આવી એક લાલજીનું સ્વરૂપ ન્યોછાવર દઈને લઈ આવ્યા. એટલે શ્રીઆચાર્યજીએ તે સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી રાણા વ્યાસના માથે પધરાવી કહ્યું, તું ઘણું ભટક્યો, હવે ઘરમાં જઈ મન લગાવીને ભગવત સેવા કરો. ત્યારે રાણા વ્યાસ શ્રીઆચાર્યજીને દંડવત કરી વિદાય થઈ પોતાના ઘરે આવ્યા પછી સેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ : પહેલાં જગન્નાથ જોશી રાણા વ્યાસ પાસેથી નામ પામ્યા હતા. હવે જ્યારે જગન્નાથ જોશીએ સાંભળ્યું કે રાણા વ્યાસ શ્રીઆચાર્યજીના સેવક થયા છે ત્યારે જગન્નાથ જોશી ગોધરા આવ્યા, અને રાણા વ્યાસને મળ્યા. બંને જણા બહુ પ્રસન્ન થયા. પછી રાણા વ્યાસની પાસે જગન્નાથ જોશી ઘણું રહેતા.

ભાવપ્રકાશ : રાણા વ્યાસના મનમાં પંડિતાઈનો અહંકાર હતો તે દૂર થયો પરંતુ ઈન્દ્રિયજીતનો અહંકાર બાકી હતો. તેથી શ્રીઠાકુરજીએ એ અહંકાર દૂર કરવાને માટે એક કૌતુક રચ્યું.

ભગવદ ઈચ્છાથી એવું બન્યું કે ગોધરાની એક દેસાયણથી રાણા વ્યાસને સંગ થયો. તે વાત કોઈએ રાણા વ્યાસની રાજદ્વારમાં કહી. તેથી તે હાકેમના સિપાહીઓ રાણા વ્યાસને લેવાને આવ્યા ત્યારે જગન્નાથ જોશીએ રાણા વ્યાસને તથા દેસાયણને બીજા ગામે ભગાડી દીધાં. અને રાણા વ્યાસના ઘરમાં જગન્નાથ જોશી રહ્યા. ભગવદ સેવા કરી રાજભોગથી પહોંચ્યા, એટલામાં હાકેમના સિપાઈઓ આવ્યા અને કહે, રાણા વ્યાસ ક્યાં છે ? ત્યારે જગન્નાથ જોશીએ કહ્યું, શું કામ છે ? ત્યારે સિપાઈઓ કહે, રાણા વ્યાસે અન્યાય કર્યો છે તેથી હાકેમ પાસે લઈ જઈશું. ત્યારે જગન્નાથ જોશીએ કહ્યું, રાણા વ્યાસ તો કંઈ બહાર ગયા છે. ચાલો હું હાકેમને ઉત્તર દઈ આવું. ત્યારે સિપાઈઓએ જગન્નાથ જોશીને લઈ જઈ હાકેમ આગળ ઊભા રાખ્યા. ત્યારે હાકેમે કહ્યું કે રાણા વ્યાસ ક્યાં છે ? એમને લાવો. રાણા વ્યાસે બીજાની સ્ત્રી સાથે અન્યાય કર્યો છે, એમને કેમ ન લાવ્યા ? આ તો જગન્નાથ જોશી છે.

એમને તો હું સારી રીતે જાણું છું જેનું નામ જગન્નાથ જોશી તે કદીયે અન્યાય ન કરે. રાણા વ્યાસે અન્યાય કર્યો છે, તેથી રાણા વ્યાસને લઈ આવો. ત્યારે જગન્નાથ જોશીએ કહ્યું કે તમે મારી વાત સાંભળો. રાણા વ્યાસે અન્યાય નથી કર્યો, કોઈએ જૂઠી જ ચાડી કરી છે. જેનું નામ રાણા વ્યાસ તે કદીયે અન્યાય ન કરે. ત્યારે હાકેમે કહ્યું, કેમ જાણીએ જે રાણા વ્યાસે અન્યાય નથી કર્યો ? ત્યારે જગન્નાથ જોશી કહે, આપ જેમ કહો તેમ કરું. ત્યારે હાકેમે ગાડીના પૈયાની લોઢાની વાટ મંગાવી તેને અગ્નિમાં મૂકીને ગરમ કરી. જ્યારે લાલ થઈ ત્યારે હાકેમે કહ્યું. આને ઉઠાવીને ગળામાં નાખો. ગળામાં આનાથી ન બળો તો રાણા વ્યાસ સાચા ત્યારે જગન્નાથ જોશીએ તે વાટની આગળ આવી ઊભા રહીને કહ્યું કે રાણા વ્યાસે અન્યાય કર્યો હોય તો મારો હાથ બાળજો. એમ કહીને જગન્નાથ જોશીએ હાથમાં ઉઠાવી. તે વાટને ગળામાં પહેરી લીધી. ઘડી એક ઊભા રહ્યા ત્યારે હાકેમે અને બીજા બધા લોકોએ કહ્યું, જગન્નાથ જોશી કાઢો, તમે સાચા છો, ત્યારે જગન્નાથ જોશી કહે, આ કોના ગળામાં નાખું ? ત્યારે હાકેમે બહુ કાલાવાલા કરી વિનંતી કરી. પછી તેને ભૂમિ ઉપર નાખી એટલે ભૂમિ બળી ઊઠી. ત્યારે બધા આશ્ચર્ય પામીને કહે કે જગન્નાથ જોશી તમે ધન્ય છો. પછી હાકેમે જગન્નાથ જોશીને કહ્યું, હું તમારા ઉપર બહુ પ્રસન્ન છું તેથી તમે કંઈ માગો. ત્યારે જગન્નાથ જોશીએ તે હાકેમને કહ્યું, તમારી પાસે જેણે રાણા વ્યાસની ચાડી કરી હોય તેને કંઈ કહેશો નહીં, એ હું માગી લઉં છું, ત્યારે જગન્નાથ જોશીનાં એ વચન સાંભળીને હાકેમ અને બધા પ્રસન્ન થયા, અને કહે, તમે ધન્ય છો. ચુગલખોરને પણ બચાવ્યો. નહીં તો હું એને મરાવી નાખતો. આવા મનુષ્ય ધરતી ઉપર કોઈક જ હોય છે. પછી જગન્નાથ જોશી પોતાના ઘરે આવ્યા. રાણા વ્યાસ પણ ઘરે આવ્યા. તેમણે જગન્નાથ જોશીને કહ્યું, તમે મારા ઘરે આવ્યા. મારા માટે બહુ દુઃખ ભોગવ્યું ત્યારે જગન્નાથ જોશી કહે કે વૈષ્ણવ ક્યારેય હીન કાર્ય ન કરે.

ભાવપ્રકાશ : ત્યારે રાણા વ્યાસના મનમાં ઈન્દ્રિયજીતનો અહંકાર હતો તે છૂટી ગયો. પછી રાણા વ્યાસે ભગવદ્‌સેવામાં મન લગાડ્યું. એટલે શ્રીઠાકુરજી સાનુભાવ જણાવવા લાગ્યા.

ભાવપ્રકાશ : આ વાર્તામાં એ સિદ્ધાંત થયો કે અહંકાર, ગર્વ હોય ત્યાં સુધી શ્રીઠાકુરજી અનુભવ ન જણાવે. વળી પોતાના ભક્તોનો અહંકાર પોતે જ કૃપા કરીને દંડ દઈ છોડાવે છે. વૈષ્ણવથી ક્યારેય હીન કાર્ય બને નહીં, અને કદાચિત ભગવદીયથી ખોટું કામ કંઈ થાય તો મનમાં દોષબુદ્ધિ ન કરવી, અને

જીવ માત્ર ઉપર દયા રાખવી, ચોર હોય, ચુગલખોર હોય, તેને પણ પોતાનું ચાલે ત્યાં સુધી બચાવવો, રક્ષા કરવી, એ વૈષ્ણવનો ધર્મ છે. ઈત્યાદિ સિદ્ધાંત પ્રકટ કર્યો, અને રાણા વ્યાસ પહેલાં જ્યારે ઘરેથી નીકળ્યા ત્યારે બદ્રીનાથ, જગન્નાથ થઈ પછી દ્વારકામાં આવ્યા. ત્યાં માધવ સારસ્વતી એક પંડિત બ્રાહ્મણ હતો તેના સેવક થયા હતા અને નામ પામ્યા હતા. પછી કાશીમાં શ્રીઆચાર્યજીના સેવક થયા તે વાત ઉપર કહી આવ્યા છીએ.

વાર્તાપ્રસંગ ૨ : પછી રાણા વ્યાસ ગોધરાથી સિદ્ધપુર જઈ રહ્યા. એક દિવસ રાણા વ્યાસ અને જગન્નાથ જોશી સરસ્વતીમાં ન્હાઈને બેઠા બેઠા સંધ્યાવંદન કરતા હતા તે સમયે એક રજપૂતાણી જેનો ધણી મરી ગયો હતો તે સતી થવા આવી. ત્યારે જગન્નાથ જોશીએ રાણા વ્યાસને પૂછ્યું કે આ સતી થાય છે તેનો શો પ્રકાર છે ? ત્યારે રાણા વ્યાસે માથું હલાવીને જગન્નાથ જોશીને કહ્યું કે પ્રેતની સાથે વૃથા આ મનુષ્ય દેહ બાળે છે. આવો સુંદર દેઈ ભગવદસેવામાં લાગે તો ઉદ્ધાર થઈ જાય. પ્રેતના સંગે જે બળે છે, તે વૃથા જન્મ ખોવે છે. આ પ્રકાર માથું હલાવીને રાણા વ્યાસે કહ્યો. તે સમયે તે રજપૂતાણીની દ્રષ્ટિ રાણાવ્યાસ ઉપર હતી. તેમને માથું હલાવતા જોઈને તે રજપૂતાણીનું સત ઊતરી ગયું. એટલે તે રજપૂતાણીએ સાથેના લોકોને કહ્યું, કે હું સતી નહીં થઉં. મારું સત ઊતરી ગયું છે. ત્યારે લોકોએ તે રજપૂતાણીને કહ્યું કે તને ઘરમાં જવા નહીં દઈએ, તને અહીં જ બાળીશું. ત્યારે રજપૂતાણીએ કહ્યું કે ઘરમાં નહિ આવું. મને અહીં નદીના કિનારે ઝૂંપડી કરી દેજો, હું અહીં રહીશ, અને મને જો જોરાવરીથી બાળશો તો તમને બધાને હત્યા લાગશે, એમ કહી બધાને સોગંદ દીધા કે મને ન બાળો. ત્યારે તે મૃતકને બાળી સરસ્વતી નદી ઉપર એક ઝૂંપડી બનાવીને સગાંસંબંધી પોતપોતાને ઘરે ગયા. પછી બીજા દિવસે રાણા વ્યાસ અને જગન્નાથ જોશી સરસ્વતી ન્હાવાને ગયા ત્યારે તે રજપૂતાણીએ રાણા વ્યાસને પૂછ્યું, કે કાલે તમે મારી તરફ જોઈને માથું કેમ હલાવ્યું ? ત્યારે રાણા વ્યાસ તે રજપૂતાણીને કહે, અમે આપસમાં એવી અનેક વાતો કરતા હસતા હતા. એ વાતમાં તું શું લઈશ ? ત્યારે તે રજપૂતાણીએ કહ્યું, હવે મારાથી છુપાવો છો તેમ ? તમે માથું હલાવીને વાત કહી. તેથી મારું સત ઊતરી ગયું. હું બળી નહીં. તેથી મને યથાર્થ વાતો હોય તે કહો અને હવે જે મારું કર્તવ્ય હોય તે કહો. તે પ્રમાણે હું કરું. તમે અગ્નિમાં બળતાં બચાવી તો કૃપા કરીને વાત પણ કહેવી જોઈએ. આ પ્રકારે રજપૂતાણીએ બહુ આગ્રહ કર્યો, ત્યારે રાણા વ્યાસે કહ્યું અમે આપસમાં એ કહેતા હતા કે મનુષ્ય દેહ પરમ ઉત્તમ પામીને વૃથા પ્રેતની સાથે બળે છે. આ દેહથી શ્રીઠાકુરજીનું ભજન-સ્મરણ ન કરે તેને ધિક્કાર છે, એ મહાદુષ્ટ છે.

ભાવપ્રકાશ : જો આ દેહ શ્રીઠાકુરજીના અર્થે આવે તો કૃતાર્થ થાય. એના બરોબર બીજું કાંઈ નહીં. એ વાત કહેતા હતા.

ત્યારે રજપૂતાણીએ કહ્યું. હવે હું તમારે શરણે છું. જે પ્રકાર મને કહો તે પ્રકારે હું ભજન-સ્મરણ કરું. મારો પરલોક સુધરે એવી મારા ઉપર કૃપા કરો. ત્યારે રાણા વ્યાસે કહ્યું, હમણાં તો તને સૂતક છે. સૂતક ઉતર્યા પછી આવજે. ત્યારે તને અમે બધું કહીશું. પછી તે રજપૂતાણી દંડવત કરી પોતાની ઝૂંપડીમાં ગઈ. પછી તેને આર્તિ બહુ વધી એક ઘડી એક યુગ સમાન વીતે, કે ક્યારે સૂતક ઊતરે ? ક્યારે રાણા વ્યાસ મને બતાવે તે પ્રકારે હું શ્રીઠાકુરજીનું સ્મરણ ભક્તિ કરું.

ભાવપ્રકાશ : આ પ્રકારની આર્તિ દૈવી જીવ છે તેથી થઈ. લીલામાં રાણા વ્યાસ ઈન્દુલેખાની સખી મધુરા અને મધુરાની સખી નાગવેલિકાનું પ્રાકટ્ય રાણા વ્યાસનું છે. અને નાગવેલિકાની સખી

'રસએની' છે, તેની આજ્ઞાકારી છે. તે રસએનીનું પ્રાકટ્ય આ રજપૂતાણી છે. તેથી લીલામાં પણ પૂર્વે રાણા વ્યાસની આજ્ઞાકારી છે. તેથી રાણા વ્યાસના ઉપર આ રજપૂતાણીનો દૃઢ વિશ્વાસ થયો જે એમની દ્વારા મારો ઉદ્ધાર થયો.

પછી જ્યાં સુધી સૂતક રહ્યું ત્યાં સુધી રાણા વ્યાસ સરસ્વતી ઉપર ન્હાવાને આવે ત્યારે દર્શન નિત્ય કરી વિનંતી દૈન્યતા સાથે કરી જાય કે, અંગીકાર ક્યારે થશે ? એમ કરતાં સૂતક ઊતર્યું ત્યારે ન્હાઈને શુદ્ધ થઈને નદી ઉપર બેસી રહી. રાણા વ્યાસ જ્યારે સરસ્વતી ઉપર ન્હાવાને આવ્યા ત્યારે તે રજપૂતાણી રાણા વ્યાસની સન્મુખ આવી અને દંડવત કરીને વિનંતી કરી જે હવે મારા ઉપર કૃપા કરો. ત્યારે વ્યાસે કહ્યું, કાલ સવારે આવજે, ત્યારે તને કહીશું. એટલે તે દંડવત કરી ઝૂંપડીમાં ગઈ. દુઃખના મારે વિરહથી તે કંઈ ખાનપાન કરી શકી નહીં. પછી પ્રાતઃકાલ થયો ત્યારે ન્હાઈને નદી ઉપર બેસી રહી. એટલામાં રાણા વ્યાસ આવી સરસ્વતીમાં ન્હાઈને તે રજપૂતાણીને કહે, ફરી ન્હાઈ લે. ત્યારે તે ન્હાઈ, એટલે રાણા વ્યાસે તેને રેશમી વસ્ત્ર આપ્યું કે આને પહેરી લે. ત્યારે રજપૂતાણીએ તે પહેર્યું. પછી રાણા વ્યાસે બેસાડીને શ્રીઆચાર્યજીનું ધ્યાન-સ્મરણ કરીને તેને નામ સંભળાવ્યું. તે નામ સાંભળતાં જ રજપૂતાણીને ભગવદ્ભાવ ઉત્પન્ન થયો. ત્યારે તે સ્ત્રીએ રાણા વ્યાસને વિનંતી કરી કે હવે મને ટહેલ બતાવો તે કરું. ત્યારે રાણા વ્યાસે પોતાની ધોતી બતાવી કે સારી રીતે ધોઈને લઈ આવજો. અને અષ્ટાક્ષર મંત્રનો જપ આઠો પ્રહર મુખથી કર્યા કરજો. પછી બીજી પણ સેવા દઈશું. તે ધોતી સારી રીતે ધોઈ લાવી. રાણા વ્યાસે શ્રીઠાકુરજીની સેવા કરી રાજભોગ આર્તિના દર્શન તે રજપૂતાણીને કરાવ્યાં. પછી મહાપ્રસાદની પાતાળ ધરી એ પ્રકારે કેટલાક દિવસ ધોતી, ઉપરણા, પરદની, આદિ વસ્ત્ર ધોવાની સેવા આપી. તે રજપૂતાણી પણ પ્રીતિપૂર્વક બધા વસ્ત્રો ભાગ્ય માનીને ધોતી અને મહાપ્રસાદ રાણા વ્યાસને ઘરે લેતી.

ભાવપ્રકાશ : તે વસ્ત્ર ધોવાનું કારણ એ કે જેમ જેમ ભગવદીયનાં વસ્ત્રો ધુવે તેમ તેમ હૃદય શુદ્ધ થાય, જેમ જેમ વસ્ત્રનો મેલ છૂટે તેમ તેમ હૃદયમાંથી કામ, ક્રોધ, મદ, મત્સર, લોભ આદિ મેલ બધો દૂર થયો, એટલે શુદ્ધ થઈ.

પછી રાણા વ્યાસના ઘરમાં બધું કામકાજ સીધું સામગ્રી સિદ્ધ કરવું, આદિ ઉપરની બધી સેવા કરવા લાગી. એમ કરતાં કેટલાંક દિવસ પછી શ્રીઆચાર્યજી પધાર્યા ત્યારે રાણા વ્યાસે શ્રીઆચાર્યજીને પોતાના ઘરે પધરાવ્યા, અને વિનંતી કરીને રજપૂતાણીની બધી વાત કહી, અને કહ્યું જે આપ હવે કૃપા કરીને આને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ દૈવી જીવ જાણીને તે રજપૂતાણીને નામ-નિવેદન કરાવ્યું. પછી થોડા દિવસ રહીને પોતે દ્વારિકા પધાર્યા. પછી રજપૂતાણી રસોઈની બધી પરચારગી કરે. તેથી શ્રીઠાકુરજી તેને સાનુભાવ જણાવવા લાગ્યા. આ પ્રકારે રાણા વ્યાસના સંગથી તે રજપૂતાણીને ભગવત્પ્રાપ્તિ થઈ.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે ભગવદીયનો સંગ પરમ ઉત્તમ છે. ભગવદ્ભજન-સ્મરણ કરતાં પણ બહુ વખતે કૃપા થાય, પરંતુ ભગવદીય સર્વ સામર્થ્યયુક્ત છે. એનાં ક્ષણિક સંગથી ભગવાન કૃપા કરે, એમ જણાવ્યું.

તે રાણાવ્યાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા, જેમના સંગથી રજપૂતાણી ભગવદીય થઈ. તેથી એમની વાર્તા ક્યાં સુધી કહીએ ॥ વાર્તા ૩૨॥

॥ વાર્તા 33 ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક રામદાસ સાચોરા, રાજનગરના વાસી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ લીલામાં શ્રીસ્વામિનીજીની સખી ઈન્દુલેખા અને ઈન્દુલેખાની સખી સુભગા છે, તે સુભગાનું પ્રાકટ્ય રામદાસ છે, અને સુભગાની સખી 'સુભદ્રા' તે રામદાસની સ્ત્રી થઈને પ્રકટી છે. એ બન્ને રાજનગરમાં સાચોરા બ્રાહ્મણને ત્યાં પ્રકટ્યાં. વર્ષ નવના રામદાસ થયા અને વર્ષ આઠની આ સ્ત્રી થઈ ત્યારે મા-બાપે બન્નેનું લગ્ન કર્યુ. પરંતુ રામદાસને વૈરાગ્ય દશા બાલપણાથી હતી તેથી કોઈનાથી મોહ ન કરે, માતા-પિતાએ ભણાવ્યા ઘણા, પરંતુ કંઈ ભણ્યા નહીં. હવે એક વખત રામદાસ રાજનગરના તલાવ ઉપર બેઠા હતા. ત્યાં તેલી દશ-પાંચ ઢોર લઈને આવ્યો. તેણે બળદોને પાણી પીવડાવ્યું. તેમાં એક બળદ પાણી પીને તલાવ ઉપર ઢળી પડ્યો અને મરી ગયો. તેથી તે તેલી રોવા લાગ્યો. ત્યારે રામદાસ તો દશ વર્ષના બાળક છે. તે કંઈ જાણે નહીં. તેથી તેલીને કહે, આનું શું થયું ? આ પડ્યો છે તેને ઉઠાડો. ત્યારે તેલીએ કહ્યું, હવે એ શું ઊઠે ? એનો પ્રાણ નીકળી ગયો. ત્યારે રામદાસે કહ્યું, આજ પ્રકારે બધા મરી જશે ? ત્યારે તેલીએ કહ્યું. આજ દશા છે, આગળ બે દિવસ કે પાછળ એ સાંભળતાં જ રામદાસ ત્યાંથી ભાગ્યા, તે કેટલાંક દિવસમાં દ્વારકા આવ્યા અને શ્રીરણછોડજીનાં દર્શન કર્યા. ત્યાં શ્રીઆચાર્યજી સુબોધિનીજીની કથા કહેતા હતા, રામદાસ ત્યાં આવ્યા અને કથા સાંભળીને બહુ પ્રસન્ન થયા. મનમાં આવ્યું કે શ્રીઆચાર્યજીની સાથે રહીને કેટલાક દિવસ એમની કથા સાંભળીએ. એમના સેવક થઈએ તો સારું. પછી પોતે કથા કહી ચૂક્યા ત્યારે રામદાસે દંડવત કરી વિનંતી કરી, મહારાજ મને શરણે લો પાસે રાખો થોડાક દિવસ આપના શ્રીમુખની કથા સાંભળું ત્યારે શ્રીઆચાર્યજી કહે, તું કોણ છે ? ક્યાંથી આવ્યો ? ત્યારે રામદાસે બધી વાત કહી, હું રાજનગરમાં રહું છું. સાચોરાનો બેટો છું એક વખત ત્યાં તલાવ ઉપર એક બળદ તેલીનો મર્યો તે જોઈને મને વૈરાગ્ય આવ્યો, તેથી ઊઠીને ભાગ્યો. અહીં આપનાં દર્શન થયાં. ત્યારે શ્રીઆચાર્યજીએ વિચાર્યુ કે જીવ દૈવી છે પરંતુ અવસ્થા નાની છે. જો આને પાસે નહીં રાખીએ તો સંસારમાં દુઃસંગથી ખરાબ થઈ જશે. તેથી થોડા દિવસ સાથે રાખી એને દૃઢ વૈરાગ્ય થાય ત્યારે છોડવો. એમ વિચારીને રામદાસને કહ્યું જા, ન્હાઈ આવ. ત્યારે રામદાસ ન્હાઈ આવ્યા. પછી શ્રીઆચાર્યજીએ રામદાસને નામ સંભળાવી નિવેદન કરાવ્યું અને મહાપ્રસાદ લેવડાવી પાસે રાખ્યો.

પછી કેટલાક દિવસ રહીને શ્રીઆચાર્યજી દ્વારિકાથી પૃથ્વી પરિકમ્માએ પધાર્યા, રામદાસ સાથે ચાલ્યા, બધી રસોઈની પરવાનગી અને નાની મોટી ટહેલ બધી તે કરતાં શ્રીઆચાર્યજી રામદાસની પરીક્ષા લેવાને માટે કોઈ વાર થોડું ધરે, કોઈ વાર એકલી રોટી ધરે, પરંતુ એ ભાગ્ય માની મહાપ્રસાદ લે. મનમાં એમ ક્યારેય ન લાવ્યા કે આજે મને આ નથી ધર્યું. ત્યારે શ્રીઆચાર્યજી બહુ પ્રસન્ન થયા. પછી બધી સામગ્રી ધરતા. અને રસ્તે ચાલતાં માર્ગમાં જ્યાં કાંટા આવે ત્યાં રામદાસ માર્ગમાં જલદી જલદી રસ્તો ઠીક કરતા જાય, એક દિવસ રામદાસના પગમાં મોટો કાંટો વાગ્યો. ત્યારે રામદાસે મનમાં વિચાર્યું કે હું મારા પગમાંથી કાંટો કાઢવાને બેસી રહીશ તો શ્રીઆચાર્યજી મારા માટે ઊભા થઈ રહેશે તે ઠીક નહીં. મારો ધર્મ જાય. અને એમ પણ વિચાર્યું કે વળી આગળ આગળ પધારશે તો પણ માર્ગમાં કાંટા ઘણા છે, શ્રીઆચાર્યજીના ચરણાર્વિંદમાં જો કાંટા લાગે તો પણ મારો ધર્મ જાય. એમ વિચારીને પોતાના

પગનો કાંટો ન કાઢ્યો. માર્ગ ઠીક કરતા ચાલ્યા પછી થોડીક દૂર જઈ શ્રીઆચાર્યજી ઊભા રહીને કહે, રામદાસ ! તું તારા પગનો કાંટો કાઢી લે. તારા ઉપર હું બહુ પ્રસન્ન છું, જે જોઈએ તે માંગ. ત્યારે રામદાસ કહે, મહારાજ ! આપનું શરણ મને મળ્યું, હવે એનાથી અધિક શું છે ? તેથી મને એ દયા કરીને આપો કે આપનો આશ્રય સદા દૃઢ રહે, બીજાનો ન થાય. ત્યારે શ્રીઆચાર્યજી બહુ જ પ્રસન્ન થઈને કહે, એમ જ થશે. તેં બધુ માંગ્યું. પરંતુ હું પ્રસન્ન છું, તું કાંટો કાઢી લે, હું ઊભો છું. તને અપરાધ ક્યારેય નહીં લાગે. એટલે રામદાસે કાંટો કાઢ્યો.

એ પ્રકારે વર્ષ દશ શ્રીઆચાર્યજી સાથે રહી રામદાસે સેવા કરી. પરંતુ પ્રીતિ સદા એક રસ રહી એવા કૃપાપાત્ર ભગવદીય હતા. પછી દક્ષિણમાં શ્રીઆચાર્યજી બીજી પૃથ્વી પરિકમ્મા માટે પધાર્યા. ત્યાં એક બ્રાહ્મણે શ્રીઠાકુરજીનું સ્વરૂપ ભેટ કર્યુ અને કહ્યું, મારાથી પૂજા થતી નથી ત્યારે શ્રીઆચાર્યજીએ તે સ્વરૂપ પાસે રાખ્યું. કેટલાક દિવસ સેવા કરી પછી દક્ષિણમાં એક ગામની બહાર આવીને ઊતર્યા. ત્યારે કૃષ્ણદાસને કહે કે જા, ગામમાંથી સીધું સામગ્રી લઈ આવ, અને એક સુથાર પાસેથી વિના ખૂંટીની પાદુકા બનાવરાવીને લઈ આવો. એટલે કૃષ્ણદાસ સીધું સામગ્રી લઈ આવ્યા. ત્યારે શ્રીઆચાર્યજી રસોઈ કરી ભોગ ધરી પોતે આરોગીને રામદાસને કહે, મહાપ્રસાદ લે. એટલે રામદાસ મહાપ્રસાદ લઈ શ્રીઆચાર્યજીની પાસે આવ્યા.

વાર્તાપ્રસંગ ૧ : ત્યારે શ્રીઆચાર્યજીએ તે બ્રાહ્મણે જે ઠાકુર ભેટ આપ્યા હતા તે સ્વરૂપને પોતે પંચામૃત સ્નાન કરાવી રામદાસના માથે પધરાવ્યું. શ્રીઠાકુરજીનું નામ 'નટુવાગોપાળજી' રાખ્યું. અને તે પાદુકા (ચરણચાખડી)ની ઉપર ચરણારવિંદ ધરી રામદાસના માથે પધરાવી.

ભાવપ્રકાશ : કેમ જે આચાર્યજી તો પાદુકા પહેરતા ન હતા, ખુલ્લા ચરણથી ચાલતા, પૃથ્વી પાવન કરવાને માટે, પૃથ્વીનો મનોરથ પૂર્ણ કરવા માટે. પાદુકાજી તો સેવા કરવા અર્થે આપતા. તેથી શ્રીઆચાર્યજીની પાદુકામાં ખૂંટી નથી.

તે રામદાસના માથે શ્રીઠાકુરજી પધરાવીને આપે કહ્યું જે રામદાસ, હવે તમે ભગવદ્સેવા કરો. જ્યાં રહો ત્યાં હવે તમને ડર નથી. ભક્તિ તમને દૃઢ થઈ. ત્યારે રામદાસના મનમાં તો એ જ કે શ્રીઆચાર્યજીની પાસે રહું, પરંતુ આજ્ઞા કેમ ટાળું ? અને એમ પણ જાણે કે આપ કહે તે કરવું એમાં જ મારું કલ્યાણ છે એમ વિચારી દંડવત કરીને ચાલ્યા. પણ વિરહ બહુ જ વારંવાર પાછા ફરીને દર્શન કરી સ્વરૂપ હૃદયમાં ધરી ચાલ્યા. આથી શ્રીઆચાર્યજીનું હૃદય ભરી આવ્યું કે આવાં વૈષ્ણવથી વિયોગ થાય છે. પરંતુ રામદાસની સ્ત્રી દૈવી જીવ છે, અને પતિવ્રતા છે. તે ઘરમાં દુઃખી છે, કુટુંબમાં માબાપને ત્યાં રહે છે. તેના ઉદ્ધારને માટે શ્રીઆચાર્યજીએ વિદાય કર્યા. ત્યારબાદ રામદાસજીએ ત્રણ દિવસ સુધી શ્રીઠાકુરજીની સેવા અને શ્રીપાદુકાજીની સેવા કરી. ભોગ ધરે તે ગાયને લેવડાવી દેતા શ્રીઆચાર્યજીના વિયોગનું દુઃખ બહુ જ, તેથી પ્રસાદ લઈ ન શકાયો. ચોથા દિવસ ભોગ ધરીને પછી સરાવવા લાગ્યા ત્યારે શ્રીઆચાર્યજીએ દર્શન દઈને કહ્યું, તું મહાપ્રસાદ કેમ નથી લેતો ? હું તારી પાસે જ છું, તેથી મહાપ્રસાદ લેજે. ત્યારે રામદાસે ગાયનો ભાગ કાઢી મહાપ્રસાદ લીધો. એ પ્રકારે વિરક્ત દશાથી ફર્યા કરે. એક ઠેકાણે ન રહે. તે પ્રમાણે પૃથ્વી-પરિકમ્મા કરતાં પોતાના ગામમાં રાજનગરમાં આવ્યા. તે રામદાસનાં મા-બાપ તો મરી ગયાં હતાં. એમની સ્ત્રી મા-બાપના ઘરે હતી. રામદાસ પોતાના ઘરમાં આવી રહ્યા. રામદાસના સસરાએ જાણ્યું કે રામદાસ આવ્યા છે ત્યારે બેટીને કહ્યું, કે તારો ધણી આવ્યો

છે. તે ફરી કંઈ ચાલ્યા જશે, તો તું એને નહીં મેળવી શકે. તેથી તારું મન હોય તો ધણીની સાથે જા, અને તારું મન હોય તો અમારા ઘરે રહે. ત્યારે બેટીએ કહ્યું કે મને મારા ધણીની પાસે પહોંચાડી આવો બીજું મને કંઈ જોઈતું નથી. ત્યારે સસરો બેટીને લઈ રામદાસના ઘરે મૂકીને ચાલ્યો ગયો.

સ્ત્રી રામદાસની પાસે આવી પણ રામદાસ સ્ત્રીનો અંગીકાર ન કરે; બોલે નહીં. પછી રામદાસ બે ચાર દિવસ ઘરમાં રહ્યા, પછી દ્વારકા ઊઠી ચાલ્યા ત્યારે રામદાસની સ્ત્રી રામદાસના સાથે ચાલી નીકળી રામદાસ સાથે આવવા ન દે, ઇંટોથી મારે, પરંતુ સ્ત્રી પતિવ્રતા તેથી દૂર દૂર સાથે ચાલી જાય. રામદાસની પાતળમાં જૂઠણ બચે તે સ્ત્રી ખાય, ન બચે તો ભૂખી રહી જાય. એમ કરતાં મજલ ચાર થઈ. ત્યારે શ્રીરણછોડજીએ રામદાસને કહ્યું, તે સ્ત્રીનો કેમ અંગીકાર નથી કરતો ? ત્યાગ કેમ કર્યો ? ત્યારે રામદાસ શ્રીરણછોડજીને કહે, જે હું તો વિરક્ત વૈરાગી છું. મારે સ્ત્રીથી શું કામ છે ? ત્યારે શ્રીરણછોડજીએ કહ્યું, વિવાહ શા માટે કર્યો ? અને તું શ્રીઆચાર્યજીનો કૃપાપાત્ર સેવક થઈને આવી નિઠુરતા તને ન જોઈએ ! તું શ્રીઆચાર્યજીનો કૃપાપાત્ર સેવક છે. તેથી તને હું બહુ કહી શકતો નથી, પરંતુ સ્ત્રીનો અંગીકાર કર. એ પ્રકારે શ્રીરણછોડજીએ રામદાસને કહ્યું.

ભાવપ્રકાશ : એનું કારણ એ કે સ્ત્રી દૈવી છે. તેનાં અંગીકારને માટે તે પોતાની પાસેથી શ્રીઆચાર્યજીએ રામદાસને વિદાય કર્યા છે. છતાં તું કેમ અંગીકાર નથી કરતો ? અને રામદાસને શ્રીઆચાર્યજીએ દ્વારકામાં અંગીકાર કર્યા છે, તેથી દ્વારકા ચાલ્યા છે. શ્રીરણછોડજીનાં કેવલ દર્શન નિમિત્ત નથી જતા. શ્રીઆચાર્યજીનો સંબંધ વિચારી રામદાસ બધા દેશ ફરે છે. તેથી રણછોડજીની આજ્ઞા નહીં, દંડ પણ નહીં. તેથી શ્રીરણછોડજીએ કહ્યું તું શ્રીઆચાર્યજીનો સેવક છે, તેથી હું તને બહુ કહી શકતો નથી. શ્રીઆચાર્યજીએ કહેવડાવ્યું તે તેથી મેં તને કહ્યું કે સ્ત્રીનો અંગીકાર કર.

પછી મજલ ઉપર જઈ ઊતર્યા. ત્યારે સ્ત્રીને પાસે બોલાવીને કહે. તું ગાંઠ જોતી રહેજે, હું છાણા વીણી આવું ત્યારે સ્ત્રી પ્રસન્ન થઈને કહે કે આજ મારા ઉપર કૃપા છે. ત્યારે સ્ત્રીએ કહ્યું, હું છાણા વીણી લાવું ? ત્યારે રામદાસે કહ્યું, એ સ્ત્રીનું કામ નથી, હું વીણી લાવીશ. પછી છાણા લાવી રસોઈ કરી શ્રીઠાકુરજીને ભોગ ધર્યા પછી ભોગ સરાવી ગાયનો ભાગ કાઢી એક પાતાળ સ્ત્રીને ધરી, એક પોતાની ધરી, મહાપ્રસાદ બંને જણાએ લીધો. એમ કરતાં દ્વારકા આવ્યા. શ્રીરણછોડજીનાં દર્શન કર્યા ત્યારે શ્રીરણછોડજીએ કહ્યું, તું સ્ત્રીને 'નામ' દે તો જલ-સામગ્રી સિદ્ધ કરે, રસોઈની પરચારગી કરે, ત્યારે રામદાસ કહે, હું નામ કેમ દઉં ? નામ તો શ્રીઆચાર્યજી દે તે ઠીક. ત્યારે શ્રીરણછોડજીએ કહ્યું, મારી આજ્ઞા છે, તું નામ દે. પછી શ્રીઆચાર્યજી પધારે ત્યારે શ્રીઆચાર્યજી પાસે નામ સંભળાવજે. અને હું તને કહું છું તે શ્રીઆચાર્યજીની આજ્ઞાથી કહું છું. આપની ઇચ્છા વિના નથી કહેતો. ત્યારે રામદાસે સ્ત્રીને નામ સંભળાવ્યું. પછી સ્ત્રી પાસે જલ ભરાવવા લાગ્યા. પરચારગી રસોઈની કરાવવા લાગ્યા. પછી દ્વારકાથી પાછા ચાલ્યા ત્યારે રામદાસજીએ મનમાં વિચાર્યું કે હવે સ્ત્રીને સાથે લઈને ફરવું ઉચિત નથી. હવે એક જગાએ બેસીને ભગવદ્ભજન કરવું. એમ વિચારી રામદાસ કેટલાક દિવસ રાજનગર પોતાના ઘરે આવ્યા અને ભગવદ્સેવા કરવા લાગ્યા.

પછી કેટલાક દિવસમાં શ્રીઆચાર્યજી રાજનગર પધાર્યા, ત્યારે રામદાસ આપની પાસે જઈ દંડવત કરી આપને પોતાના ઘરે પધરાવી લાવ્યા, અને વિનંતી કરી, મહારાજ ! સ્ત્રીને નામ-નિવેદન કરાવો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તેં સ્ત્રીને નામ આપ્યું છે ફરી હવે કેમ નામ દેવાનું કહે છે ? ત્યારે

રામદાસે કહ્યું મહારાજ ! મેં તો શ્રીરણછોડજીના કહેવાથી નામ આપ્યું છે, અને શ્રીરણછોડજીએ પણ એમ કહ્યું છે જે શ્રીઆચાર્યજી પાસે પછી નામ અપાવજે. આપની ઈચ્છા હતી તેથી શ્રીરણછોડજી દ્વારા આપે આજ્ઞા કરી, તેથી મેં નામ આપ્યું. આપની ઈચ્છા ન હોય તે કાર્ય હું ક્યારેય ન કરું, અને સ્ત્રીને અંગીકાર કરવા માટે તો આપે મને પોતાની પાસેથી વિદાય કર્યો. તેથી હવે આ સ્ત્રીનો અંગીકાર કરો. ત્યારે શ્રીઆચાર્યજી રામદાસના ઉપર પ્રસન્ન થઈને સ્ત્રીને નામ દઈ બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી રામદાસના ઘરે પાક-સામગ્રી કરી શ્રીઠાકુરજીને ભોગ ધર્યા પછી ભોજન કરી રામદાસને અને રામદાસની સ્ત્રીને જૂઠણ ધર્યું અને રામદાસને આજ્ઞા કરી. હવે એક જગાએ ઘરમાં બેસીને બંને જણા ભગવદ્સેવા કરો. ત્યારે રામદાસે કહ્યું, મહારાજ ! એ જ મારા મનમાં હતું, અને એ જ આપે આજ્ઞા કરી. પછી શ્રીઆચાર્યજી દ્વારકા પધાર્યા. રામદાસ સૌ સહિત ભગવદ્સેવા કરે. અનોસર સમયે ભગવદ્વાર્તા ગ્રંથનો ભાવ સ્ત્રીને કહે. એ રીતે બંને જણા ભગવદ્સેવામાં મગ્ન રહેતા. તે રામદાસ સ્ત્રી સહિત એવા કૃપાપાત્ર ભગવદીય હતા. એમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૩૩ ॥

॥ વાર્તા ૩૪ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક ગોવિંદ દુવે, સાચોરા, ખેરાળુ ગામમાં રહેતાં. તેમની વાર્તાનો ભાગ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ ગોવિંદ દુવે દ્વારકા લીલા સંબંધી છે. ‘સત્યભામા’ની સખી છે. એમનું નામ લીલામાં ‘તન્મધ્યા’ છે. એમનું સ્વરૂપ સુંદર બહુ છે. એમની કટી સિંહના જેવી છે. શ્રીઠાકુરજી સત્યભામાના મહેલમાં જ્યારે પધાર્યા ત્યારે એ સખી તન્મધ્યા શ્રી ઠાકુરજીને કહે, હું તમારી દાસી છું. કોઈ દિવસ મને મળો. ત્યારે શ્રીઠાકુરજી હસીને કહે, સત્યભામાની આગળ કેમ બને ? એ વાત દૂરથી સત્યભામાએ સાંભળી એટલે ક્રોધ કરીને શાપ આપ્યો કે, તેં અમારી બરોબરી કરી તેથી ભૂમિ ઉપર પડ. ત્યારે એ લીલામાંથી પડી પછી અનેક જન્મ લીધા અને હવે સાચોરાના ઘરે પુત્ર રૂપે જન્મ્યા. વર્ષ પંદરના થયા ત્યારે માતા-પિતાને કહે, કોઈ તીર્થ કરો તો સારું. ત્યારે ગોવિંદ દુવેના મા-બાપે કહ્યું, કે બેટા ! તું હમણાંથી તીર્થનું મન કરે છે તો શું તું વૈરાગી થઈશ ? અમારું મન ઘર છોડીને ક્યાંય જવાનું થતું નથી. ઘરમાં ખાવા-પીવાનું સુખ છે. ત્યારે ગોવિંદ દુવે કહે કે હું વૈરાગી થઈશ. માટે મારું લગ્ન ભૂલીને પણ ન કરતા. અરે તમે સદા ઘરનું કામ કરતાં મરશો એમ મને જણાય છે. તેથી હું તો તીર્થ કરવા જઈશ. ત્યારે માતા-પિતાએ કહ્યું, અમે વૃદ્ધ છીએ, અમારા ગયા પછી તમારું મન હોય ત્યાં જજો. હવે આ સમયે તો અમારી ટહેલ કરો. રક્ષા કરો તો સારું ત્યારે ગોવિંદ દુવેએ કહ્યું, તમે એ વાત કહી તે તો સાચી, પરંતુ કાલની કંઈ ખબર પડે નહીં. કદાચિત હું મરી જાઉં ત્યારે મારો જન્મ તો બગડ્યો. અને પછી તમારી ટહેલ કોણ કરશે ? શ્રીઠાકુરજી બધાની રક્ષા કરે છે, જીવનું શું સામર્થ્ય છે ? તેથી હું દ્વારકા શ્રી રણછોડજીનાં દર્શન તો કરી આવું ત્યારે માતા-પિતાએ કહ્યું, અમે તને વાતોમાં જીતીએ નહીં, તમારું મન હોય તે કરો.

પછી ગોવિંદ દુવે દ્વારકા આવ્યા. શ્રીરણછોડજીના દર્શન કરી મનમાં બહુ સુખ થયું. ત્રણ વર્ષ દ્વારકામાં રહ્યા. તેમના માતા-પિતાએ ઘરમાં દેહ છોડ્યો તે ખબર ગોવિંદ દુવેએ સાંભળી મનમાં ખેદ કર્યો. કેમ જે માતા-પિતાએ કોઈ તીર્થ ન કર્યું. પછી ગોવિંદ દુવેના મનમાં એ આવ્યું કે માતાપિતાનું શ્રાદ્ધ તો કરી આવું. તેથી શ્રીરણછોડજીના દર્શન કરીને ચાલ્યા. ગયામાં આવીને શ્રાદ્ધ કર્યું. પછી ઘરે જવા

નીકળ્યા. તે ગયાથી કાશી આવ્યા. તેઓ જ્યારે 'મણિકર્ણિકા' ઘાટ ઉપર સ્નાન કરી સંધ્યાવંદન કરતા હતા તે સમયે શ્રીઆચાર્યજી શેઠ પુરુષોત્તમદાસના ઘરેથી મણિકર્ણિકા સ્નાન માટે પધાર્યા હતા. ગોવિંદ દુવેએ ત્યાં શ્રીઆચાર્યજીના દર્શન કર્યા ત્યારે જાણ્યું કે આ કોઈ મોટા પંડિત છે. તેથી ગોવિંદ દુવેના મન્માં એમ આવ્યું કે હું એમની પાસે કંઈ શ્રીઆચાર્યજીએ સ્નાન કરી સંધ્યાવંદન કર્યું, એટલે ગોવિંદ દુવેએ આવી શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! આપ મોટા પંડિત છો. મને કંઈ ભણાવશો ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, બહુ વિદ્યા તો તમારા ભાગ્યમાં નથી. મન લગાડીને ભણો તો અક્ષરજ્ઞાન થશે. પછી પોથી પાઠ વાંચી લેશો. ત્યારે ગોવિંદ દુવેએ કહ્યું. મહારાજ ! પોથી પાઠ જ ભલે. જેટલું આવડે તેટલું ખરું. ગીતા-ભાગવત તો વાંચું ત્યારે શ્રીઆચાર્યજી કહે ત્રીજા પહોરે મુકામ ઉપર આવજે. પછી ગોવિંદ દુવેએ ઘરે જઈ એક વ્યાકરણની પોથી એક બ્રાહ્મણ પાસે માંગી કે હું ભણીને તમને પાછી આપીશ ત્યારે તે બ્રાહ્મણે કહ્યું, તમે જ રાખો અને ભણો. પછી શ્રીઆચાર્યજી શેઠ પુરુષોત્તમદાસના ઘરે પધાર્યા. સામગ્રી કરી ભોગ ધરી ભોજન કર્યું.

અહીં ગોવિંદ દુવે ખાઈ પીને ત્રીજા પ્રહરે શ્રીઆચાર્યજી પાસે વ્યાકરણની પોથી લઈને આવ્યા અને નમસ્કાર કરીને બેઠા. ગોવિન્દ દુવેએ વ્યાકરણની પોથી કાઢી ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, વ્યાકરણ ક્યાં સુધી ભણીશ ? તને ગીતા ભણાવીશ. ગીતાના ભણવાથી વ્યાકરણ એની મેળે આવડી જશે ત્યારે ગોવિંદ દુવેએ કહ્યું, મહારાજ વ્યાકરણ ભણ્યા વિના ગીતા કેમ સમજાશે ? જગતમાં તો રીત છે કે વ્યાકરણ ભણે ત્યારે અક્ષરનું કંઈક જ્ઞાન થાય. પછી શાસ્ત્ર જુએ. ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમે કહીએ તેમ તું કરતો ખરો.ત્યારે ગોવિંદ દુવેએ કહ્યું, મહારાજ ! મારી પાસે તો ગીતાનું પુસ્તક નથી. એટલે શ્રીઆચાર્યજીએ પુસ્તક કાઢીને એક શ્લોક ગીતાનો ભણાવ્યો. પછી કહ્યું, અમારી આજ્ઞા છે, આખી ગીતા પાઠ કરી જા. ત્યારે ગોવિંદ દુવે આખી ગીતા અઢારે અધ્યાયનો પાઠ કરી ગયા. પછી શ્રીઆચાર્યજી ગીતાના એક શ્લોકનો અર્થ કરીને કહે, તું પણ અર્થ કર. ત્યારે ગોવિંદ દુવેએ એ શ્લોકનો અર્થ કર્યો. પછી શ્રીઆચાર્યજી કહે, મારી આજ્ઞા છે, આખી ગીતાનો અર્થ કરી જા. એટલે આખી ગીતાનો શ્લોકાર્થ કરી જા. એટલામાં પ્રહર રાત્રિ ગઈ. ત્યારે શ્રીઆચાર્યજી કહે, હવે તું જા, વ્યાકરણ સાધી લેજે. ગીતા-ભાગવત શ્લોકાર્થ તને આવડી ગયો. વધુ તારા ભાગ્યમાં નથી. પછી ગોવિંદ દુવે તે બ્રાહ્મણના ઘરે આવ્યા. જેનાથી વ્યાકરણ લાવ્યા હતા તેને ત્યાં ગયાં અને વ્યાકરણ બધું લગાડી દીધું. પછી અડધી રાત્રે સૂઈ રહ્યા. ત્યારે ગોવિંદ દુવેએ મનમાં વિચાર્યું કે શ્રીઆચાર્યજી ઈશ્વર છે. કારણ કે એકવાર એક શ્લોક ગીતાનો ભણાવ્યો તેમાં વ્યાકરણ પણ આવડ્યું. ગીતાના શ્લોકાર્થનું જ્ઞાન પણ થયું. આ જીવનું સામર્થ્ય નહિ, તેથી એમનો સેવક થઉં તો ઠીક.

પછી પ્રાતઃકાલ ન્હાઈને શ્રીઆચાર્યજીને આવીને દંડવત કર્યા અને વિનંતી કરી કે મહારાજ ! મને શરણે લો. નામ સંભળાવો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે બ્રાહ્મણ છો, અમે પણ બ્રાહ્મણ છીએ, તો સેવક કેમ થાઓ છો ? ત્યારે ગોવિંદ દુવેએ વિનંતી કરી મહારાજ ! અમે તો જીવ છીએ, આપના સ્વરૂપને શું જાણીએ ? પહેલાં તો આપને પંડિત બ્રાહ્મણ જાણતા હતા. પરંતુ હવે તો એમ જાણ્યા કે આપ ઈશ્વર છો. એકવાર એક શ્લોક ગીતાનો ભણાવ્યો તેમાં મને બધી ગીતાના શ્લોકાર્થનું જ્ઞાન થયું. તેથી કૃપા કરીને સેવક કરો. આપ અમારા અપરાધ ક્ષમા કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, ગંગાજી સ્નાન કરવા ચાલીશું ત્યાં તમને નામ સંભળાવીશું. પછી પોતે ગંગાજી પધાર્યા. ત્યાં ગોવિંદ દુવેને ગંગા-સ્નાન કરાવી નામ-નિવેદન

કરાવ્યું. પછી ગોવિંદ દુવે કહે હવે મને શી આજ્ઞા છે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, ભગવદસેવા કરો. ત્યારે ગોવિંદ દુવેએ શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! મારા પિતાના શ્રીઠાકુરજી છે તે અમારી જ્ઞાતિના બ્રાહ્મણના ઘરે છે, એમની સેવા કેમ કરું ? ત્યારે શ્રીઆચાર્યજીએ આજ્ઞા આપી કે તારા ઘરમાં ઠાકુરને લાવીને પંચામૃત સ્નાન કરાવી ભગવત્સેવા કરજે. પછી ગોવિંદ દુવે શ્રીઆચાર્યજીથી વિદાય થઈ કેટલાક દિવસમાં ઘરે આવ્યા, અને બ્રાહ્મણ પાસેથી ઠાકુરજી લઈને પોતાના ઘરે પંચામૃત સ્નાન કરાવી સેવા કરવા લાગ્યા. પરંતુ ભગવદસેવામાં મન લાગે નહીં, ચિત્તમાં ઉદ્વેગ રહે, અને શ્રીઆચાર્યજીએ આજ્ઞા આપી કે શ્રીઠાકુરજીને "તું પંચામૃત કરાવી લેજે" તે એથી કે ગોવિંદ દુવે વ્રજલીલા સંબંધી નથી. દ્વારિકાની રાજલીલા સંબંધી સત્યભામાની સખી છે, ત્યાં એમની પ્રાપ્તિ છે. તેથી આપે પંચામૃત સ્નાન ન કરાવ્યું. પછી શ્રીઆચાર્યજી અડેલ પધાર્યા. થોડા વખત પછી એક વૈષ્ણવ અડેલથી ગુજરાત ગયો. તે ગોવિંદ દુવેના ઘરે ઊતર્યો. ત્યારે ગોવિંદ દુવેએ શ્રીઆચાર્યજીના કુશલ સમાચાર પૂછ્યા ત્યારે તે વૈષ્ણવે કહ્યું, આપ કાશીથી અડેલ પધાર્યા છે ત્યાં થોડા દિવસ બિરાજશે. પછી પૃથ્વી પરિકમ્માએ પધારશે એમ મેં સાંભળ્યું છે, તે મેં તમને કહ્યું, પછી આપની ઈચ્છા. એમ કહી તે વૈષ્ણવ બીજા દિવસે દ્વારકા ગયો.

વાર્તાપ્રસંગ ૧ : ગોવિંદ દુવે ઘરમાં સેવા કરે પરંતુ મનમાં બહુ જ વિગ્રહ (વ્યગ્રતા) રહે. સેવામાં ચિત્ત લાગે નહીં. ત્યારે ગોવિંદ દુવેએ પત્ર શ્રીઆચાર્યજીને લખ્યો. મહારાજ ! મારા મનમાં બહુ જ વ્યગ્રતા રહે છે, ભગવદ્સેવામાં ચિત્ત લાગતું નથી. તો હું શું કરું ? તે પત્ર શ્રીઆચાર્યજી પાસે આવ્યો એટલે પોતે વાંચીને 'નવરત્ન' ગ્રંથ કરી લખી મોકલ્યો અને લખ્યું, આ નવરત્ન ગ્રંથનો પાઠ કરવાથી તારા મનની વ્યગ્રતા મટશે. તે પત્ર શ્રીઆચાર્યજીનો ગોવિંદ દુવેની પાસે આવ્યો ત્યારે ગોવિંદ દુવે પ્રસન્ન થઈને નવરત્નોનો પાઠ કરવા લાગ્યા. પાઠ કરતાં શ્રીઆચાર્યજીની કૃપાથી મનની વ્યગ્રતા, ચિંતા બધી મટી ગઈ. મન ભગવદસેવા કરવામાં લાગ્યું.

ભાવપ્રકાશ : ગોવિંદ દુવેના મનમાં વ્યગ્રતા થઈ તેનો અભિપ્રાય એ કે ગોવિંદ દુવે જીવ તો દ્વારકા સંબંધી છે અને સેવા ભાવના વ્રજની કરે, તેથી મન લાગે નહીં. ન રાજલીલામાં દઢતા થાય ન વ્રજલીલામાં. તેથી અનેક સાધનોમાં મન દોડે, કે તીર્થ કરું કે કોઈ વ્રત કરું કોઈ જપ કરું. ઈત્યાદિમાં મન ભટકે. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ નવરત્ન ગ્રંથ લખી મોકલ્યો કે તું ચિંતા ન કર. ચિત્તની ઉદ્વેગતા છે તે પ્રભુની લીલા જાણ, શ્રીઠાકુરજીમાંથી મન બીજી જગાએ જાય તે પણ ભગવદ્ઈચ્છા માની ચિંતા ન કરીશ. જેટલી બને તેટલી સેવા કરજે. ત્યારે ગોવિંદ દુવેનું મન સ્થિર થઈ ગયું. મન જો લૌકિક વૈદિકમાં જાય તો ભગવદ્ઈચ્છા માને. શ્રીરણછોડજીમાં મન બહુ જાય તેને ભગવદીચ્છા માને. ત્યાંની લીલામાં મગન રહે. કેમકે શાસ્ત્ર પુરાણમાં પ્રભુને મળવાના અનેક ઉપાય કહ્યા છે. જીવને કારણે જુદા જુદા માર્ગ દેખાડ્યા છે. જે જ્યાંનો અધિકારી છે તેમાં તેનું મન સ્વતઃ સિદ્ધ લાગે છે. તેથી જેમ રસ્તે ચાલવાવાળાને લોકો દશ ગામના માર્ગ બતાવે પરંતુ જેને જે ગામ જવું હોય તેજ ગામ જાય છે, તેથી જ રીતે કોઈ ભગવદી દ્વારા, કોઈ ગુરુ દ્વારા અગર કોઈ ઈશ્વર દ્વારા, એમ જેવો અધિકારી તેવો સંગ મળે અને તે માર્ગમાં ભાવ દઢ થાય છે. તે ગોવિંદ દુવેનો શ્રીરણછોડજીમાં ભાવ દઢ થયો છે, તેનું હવે વર્ણન કરે છે.

વાર્તાપ્રસંગ ૨ : એક સમે શ્રીઆચાર્યજી અડેલથી દ્વારિકા પધાર્યા. ત્યારે ગુજરાત થઈને પધાર્યા. ત્યારે ગોવિંદ દુવે, જગન્નાથ જોશી વગેરે પાંચ-સાત વૈષ્ણવો સાથે ચાલ્યા. પછી દ્વારકામાં શ્રીઆચાર્યજી

આવી પહોંચ્યા. ત્યારે ગોવિંદ દુવેએ શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે મહારાજ ! કંઈ કથાનો પ્રસંગ ચલાવો તે બહુ સારું, ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે, બહુ સારું. પરંતુ હમણાં તો મને અવકાશ નથી. અવકાશ હશે ત્યારે કહીશ.

ભાવપ્રકાશ : તેનો અર્થ એ કે તું વ્રજલીલા સંબંધી નથી, તેથી કોઈ વ્રજલીલા સંબંધી વિનંતી કરે તો કહું. તારા આગળ સુખ નહીં થાય એ અભિપ્રાયથી પોતે કહ્યું મને અવકાશ નથી.

ત્યારે ગોવિંદ દુવેએ કહ્યું, મહારાજ ! થોડી કહો. એટલે શ્રી આચાર્યજી મહાપ્રભુએ પુસ્તક ખોલી કથાનો આરંભ કર્યો. એટલામાં શ્રીરણછોડજી આવી ગોવિંદ દુવેથી વાતો કરવા લાગ્યા. ત્યારે ગોવિંદ દુવે વાતો કરતાં શ્રીરણછોડરાયમાં મગન થઈ ગયા. એ જ્ઞાન ન રહ્યું. કે શ્રીઆચાર્યજી કથા કહે છે, હું વાતો કેમ કરું ? ત્યારે શ્રીઆચાર્યજી પુસ્તક ઉપરથી દૃષ્ટિ ફેરવીને જુએ તો ગોવિંદ દુવે શ્રીરણછોડજીથી વાતો કરે છે. ત્યારે શ્રીઆચાર્યજી પુસ્તક બાંધીને પોતે ગોવિંદ દુવે ઉપર અપ્રસન્ન થઈને પોઢ્યા. પછી પ્રાતઃકાલ ઊઠીને પોતે રસોઈ કરી, ભોગ ધરી ભોજન કર્યું, અને પોતાના ખવાસ કૃષ્ણદાસ મેઘનને કહ્યું કે આજ પછી અમારા થાળનો મહાપ્રસાદ કોઈ વૈષ્ણવને ન આપીશ. દામોદરદાસ હરસાની અને તમે લેજો. પહેલા નિત્ય નિયમથી શ્રીઆચાર્યજીના થાળનો મહાપ્રસાદ વૈષ્ણવો લેતા, પછી પોતાના હાથનો લેતા નથી. ખવાસે એમ જ કર્યું, દામોદરદાસ જેમને દમલો કહેતા તે અને કૃષ્ણદાસે લીધો, બીજાને ન આપ્યો. તેથી તે દિવસે સઘળા વૈષ્ણવોએ ઉપવાસ કર્યો, ભૂખ્યા રહ્યા. પછી બીજા દિવસે શ્રીઆચાર્યજી શ્રીરણછોડજીના દર્શને પધાર્યા. ત્યારે રણછોડજીએ કહ્યું કાલે આપે બધા વૈષ્ણવોને મહાપ્રસાદ ન આપ્યો તેથી બધા વૈષ્ણવો ભૂખ્યા રહ્યા છે, તેથી જેમ કૃપા કરીને આપ બધા વૈષ્ણવોને થાળનો મહાપ્રસાદ દેતા હતા તેમજ આપ્યા કરો.

ભાવપ્રકાશ : એનું કારણ એ કે આપના શ્રીમુખની કથા સાંભળશે તો ગોવિંદ દુવે વ્રજલીલામાં મગન થઈ જશે, પછી મારા હાથ આવશે નહીં, એમ શ્રીરણછોડજીને લાગ્યું. તેથી ગોવિંદ દુવેને વાર્તામાં લગાડી કથા સાંભળવા ન દીધી અને જો કોઈ કથા વાર્તા કરે તે સમયે કોઈ વાત કરે તો જેનું મન કથામાં હોય તેના મનમાં બહુ દુઃખ થાય. જેમ સુંદર, મધુર ભોજન કરતાં કાંકરો દાંત નીચે આવે ત્યારે દુઃખ થાય, તેમજ કથામાં કોઈ બીજો વાતો કરે તો દુઃખ થાય. ત્યારે શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થયા, રસાભાસ થયો. આપમાં રસ ઊમટ્યો હતો, તે અંતર્ધાન થઈ ગયો. તેથી આપ પુસ્તક બાંધી પોઢી રહ્યા. અથવા બીજો અભિપ્રાય એ છે કે શ્રીઆચાર્યજીની કથામાં શ્રીરણછોડરાયજી વિઘ્ન કેવી રીતે કરી શકે ? તેથી સાક્ષાત પુરુષોત્તમ શ્રીગોવર્ધનધરે વિચાર્યું કે આપ રસમાં મગ્ન થયા છે, તેથી મારી અનેક પ્રકારની ભક્તો સાથેની લીલા છે, તે આવેશમાં કહેશે, અને આગળ સ્રોતા તો રાજલીલાનો અધિકારી છે, તે ઠીક નહીં. તેથી શ્રીગોવર્ધનધરે શ્રીરણછોડજીને પ્રેરણા કરી ગોવિંદ દુવેથી વાત કરાવી અને રસ ગોપ્ય કરી દીધો, તેથી બીજા દિવસે શ્રીરણછોડજીએ શ્રીઆચાર્યજીને કહ્યું, આપ વૈષ્ણવ પર અપ્રસન્ન કેમ થયા ? થાળનો મહાપ્રસાદ કેમ ન આપ્યો ? આ બધું કામ શ્રીગોવર્ધનનાથજીની ઈચ્છાથી થયું છે, મેં પણ નક્કી કર્યું, તેથી આપ જેમ નિત્ય વૈષ્ણવોને પ્રસાદ દેતા તેમ દીધા કરો.

ત્યારે શ્રીઆચાર્યજીએ મુકામ ઉપર આવી બધા વૈષ્ણવોને પૂછ્યું કે તમે કાલે મહાપ્રસાદ કેમ ન લીધો ? ત્યારે બધા વૈષ્ણવોએ વિનંતી કરી, મહારાજ ! કાલે થાળનો મહાપ્રસાદ ન મળ્યો તેથી મહાપ્રસાદ ન લીધો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, થાળનો પ્રસાદ તો ન દેતો, પરંતુ

જગાએથી થઈ તેથી દઈશ.

ભાવપ્રકાશ : એનો અર્થ એ કે તમારો દોષ નથી, એ કામ બધું પ્રભુ તરફથી થયું છે તેથી મહાપ્રસાદ દઈશ.

ત્યારે બધા વૈષ્ણવોએ વિનંતી કરી, મહારાજ ! અમે આપના ચરણારવિંદથી લાગ્યા છીએ. અમારું ભલું થાય તેમ કરશો. ત્યારે શ્રીઆચાર્યજીએ પોતાના ખવાસને આજ્ઞા આપી કે જેમ નિત્ય થાળનો મહાપ્રસાદ બધાને આપતા તેમ આપ્યા કરો. એટલે ખવાસે મહાપ્રસાદ આપ્યો, ત્યારે બધા વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધો પછી કેટલાક દિવસ દ્વારકામાં રહી શ્રીરણછોડજીથી વિદાય થઈ આપ અડેલ પધાર્યા. ત્યારે બધા વૈષ્ણવો અડેલ સુધી સાથે આવ્યા. પછી બધા વૈષ્ણવો વિદાય થઈ અડેલથી શ્રીઆચાર્યજીને દંડવત કરી પોતપોતાને ઘરે આવ્યા, ગોવિંદ દુવે પણ પોતાના ઘરે ખેરાળુ આવ્યા.

ભાવપ્રકાશ : શ્રીરણછોડજીના કહેવાથી મહાપ્રસાદ દીધો, પર ગોવિંદ દુવે સાથે રહ્યા ત્યાં સુધી કોઈ દિવસ કથા ન કહી, કેમ કે અધિકારી વિના વાર્તાનો રસ ન થાય એમ જણાવ્યું.

વાર્તાપ્રસંગ ૩ : વળી એક સમયે ગોવિંદ દુવે મીરાંબાઈનાં ઘરે ગયા. મીરાંબાઈ સાથે ભગવદ્‌વાર્તા કરતા થોડાક દિવસ ત્યાં રોકાયા. એ વાત શ્રીગુસાંઈજીએ સાંભળી કે શ્રીઆચાર્યજીના સેવક ગોવિંદ દુવે મીરાંબાઈની પાસે છે, વાર્તા-ચર્ચા કરે છે, ત્યારે શ્રીઆચાર્યજીએ એક શ્લોક લખીને વ્રજવાસીને આપ્યો, અને કહ્યું, મીરાંબાઈને ઘરે ગોવિંદ દુવે છે તેમને આ કાગળ આપી આવ. તેમાં આ શ્લોક લખ્યો.

ભગવત્પદપદ્મપરાગયુતો નહિ યુક્તતરં મરણેઽપિ તરામ્ ।
ઈતરાશ્રયણં ગજરાજગતો નહિ રાસભમપ્યુરરીકુરૂતે ॥૧॥

એમાં એ લખ્યું હતું કે હાથીની સવારી કરી તે ફરી ગધેડા ઉપર સવારી ન કરે, પણ જ્યાં જાય ત્યાં સુધી. કોઈ ભગવાનના પદકમલના પરાગનું આસ્વાદન કરીને ઈતરાગ્રય એટલે કે બીજાનો આશ્રય ન કરે, અન્ય રસને કદીયે ન ચાખે, મરણ પર્યંત દુઃખ સહે પરંતુ બીજો રસ ગ્રહણ ન કરે.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે શ્રીઆચાર્યજીનો તું સેવક થઈ અને અન્ય માર્ગી મીરાંબાઈને ત્યાં ભગવદ્‌વાર્તામાં અટક્યો ? તે આ પ્રકારે હાથીની સવારી છોડી ગધેડાની સવારી કરી ?

આ કાગળ વ્રજવાસીએ ગોવિંદ દુવેના હાથમાં આપ્યો. તે સમયે ગોવિંદ દુવે તલાવના ઉપર ગામ બહાર સંધ્યાવંદન કરતા હતા. કાગળ વાંચી તેઓ મીરાંબાઈને ત્યાંથી પોતાનો થેલો વસ્ત્ર લઈને ચાલ્યા. મીરાંબાઈએ બહુ જ સમાધાન કર્યું. પરંતુ બોલ્યા નહિ, ઊઠીને ચાલ્યા. પછી શ્રીગુસાંઈજી પાસે આવ્યા, દંડવત કર્યા, ત્યારે શ્રીગુસાંઈજી કહે, આપણા માર્ગની વાર્તા અન્યમાર્ગીની આગળ કરવી નહીં. એ પ્રકારે સમજાવ્યા. પછી ગોવિંદ દુવે શ્રીગુસાંઈજીથી વિદાય થઈ ઘરે આવ્યા.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે ગોવિંદ દુવેનું મન જ્યાં ત્યાં લગી જતું હતું. અને શ્રીગુસાંઈજીએ ગોવિંદ દુવેને શિક્ષા એથી આપી કે બીજા વૈષ્ણવો એમની દેખાદેખી સંગ ક્યારેય કરે તો આ માર્ગનું ફલ ન મળે. અને ગોવિંદ દુવેને તો ઠીક કે તેઓ દ્વારિકા લીલા સંબંધી છે. આ જ્ઞાન તો બીજાને છે નહીં, તેથી શ્રીગુસાંઈજીએ પોતાના વૈષ્ણવોને સાવધાન કરવા માટે કહ્યું, તેથી આ પુષ્ટિમાર્ગમાં શ્રીઆચાર્યજીના સંબંધ વિના બધું બાધક જાણવું. કોઈ હઠ કરે તો તેને કહેવું નહીં. શુદ્ધ પુષ્ટિમાર્ગીય નથી [illegible] વ્રજલીલાનો અનુભવ ન થાય તે ગોવિંદ દુવે મર્યાદા-પુષ્ટિ છે. ॥વાર્તા ૩૪॥

॥ વાર્તા ૩૫ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, રાજા દુવે, સાંચોરા, મણુંદમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ-

ભાવપ્રકાશ : એ બેઉ ભાઈ શ્રી લલિતાજીની સખી છે. એમનું નામ 'કુંજરી' છે. તે કુંજ રચનામાં નિપુણ છે. તે રાજા દુવે પ્રગટ્યા. બીજીનું નામ 'રસાલિકા' છે. ફૂલના રસમાં અલિ જે ભ્રમર જેમ લોભાય તેમ લીલા રસમાં મગ્ન રહે તે રસલિકા, માધો દુવેનું પ્રાગટ્ય છે. આ બે ભાઈઓ એક સાંચોરના ઘરે જન્મ્યા. એમનો પિતા બહુ ધર્મવાળો હતો. મર્યાદામાર્ગની રીતિથી તે શ્રીઠાકુરજીની પૂજા કરતો. એમના ઘરે સાધુ, સંત, વૈરાગી ભૂખ્યો નીકળે તો તેને ભૂખ્યો ન જવા દે. પ્રીતિથી રાખતો, એકાદશીનું જાગરણ સદા કરતો. તે રાજા દુવે, માધો દુવેના માતા-પિતા માંદા થયા ત્યારે બન્ને બેટાઓને કહે, હવે અમને આ સમયે શ્રીરણછોડજીનાં દર્શન કરાવો તો બહુ સારું ત્યારે રાજા દુવે, માધો દુવે બન્નેએ ડોલી ભાડે કરી માતા-પિતાને બેસાડી શ્રીઠાકુરજીને સાથે લઈ ચાલ્યા. પછી શ્રીરણછોડજીનાં દર્શન માતા-પિતાને કરાવ્યા. ત્યાં કેટલાક દિવસથી શ્રીઆચાર્યજી પધાર્યા હતા, તે પછી માતા-પિતાની દેહ ત્યાં છૂટી, ત્યારે રાજા દુવે, માધો દુવેએ તેમના સંસ્કાર કર્યા. સૂતક લાગ્યું તેથી ડોલા ઉપર બેસી રહેતા. ત્યારે રાજા દુવે, માધો દુવે લોકોને પૂછે જે અહીં ક્યાંય કથા-વાર્તા, ભગવદચર્ચા થતી હોય તો ત્યાં જઈએ. સૂતકના દિવસો નીકળતા નથી, ત્યારે એકે કહ્યું, શ્રીવલ્લભાચાર્યજી પૃથ્વી-પરિકમ્મા કરી અહીં ઊતર્યાં છે. તેઓ કથા બહુ સુંદર કહે છે. ત્યાં તમે ત્રીજા પ્રહરે જજો. ત્યારે રાજા દુવે માધો દુવેએ કહ્યું સારું અમને આજ તમે લઈ ચાલજો. પછી અમે નિત્ય જઈશું ત્યારે તેણે કહ્યું સારું પછી ત્રીજા પ્રહરે આવી રાજા દુવે. માધો દુવેને લઈ ગયો. પછી બન્ને ભાઈઓ દૂરથી દંડવત કરીને બેઠા ત્યારે શ્રીઆચાર્યજી કહે, આગળ આવો, ત્યારે બન્ને ભાઈ કહે, મહારાજ ! અમને સૂતક છે. તેથી દૂર બેઠા છીએ. ત્યારે શ્રીઆચાર્યજી કહે તમે બન્ને ભાઈ સદા શુદ્ધ છો, અમારી આગળ આવીને બેસો અને સંદેહ હોય તે પૂછો.

ત્યારે બન્ને ભાઈ પ્રસન્ન થઈ આગળ આવીને બેઠા. શ્રીઆચાર્યજીએ નંદમહોત્સવનું વર્ણન શ્રીભાગવત દશમસ્કંધના પાંચમા અધ્યાયનું વર્ણન કર્યું. બન્ને ભાઈને નંદાલયની લીલાનો અનુભવ કરાવી દીધો પછી કથા થઈ ચૂકી ત્યારે બન્ને ભાઈ દંડવત કરીને કહે, મહારાજ ! શું કરીયે ? સૂતક છે. નહીં તો શરણે લેવાની વિનંતી કરત. હવે અમારો જન્મ સફલ થયો કે આપનાં દર્શન મળ્યાં. ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમે તમારા મનની વાત જાણીએ છીએ. તમે બન્ને અમારા છો, સૂતક ઊતર્યા પછી અંગીકાર કરી તમારા સઘળા મનોરથ પૂર્ણ કરી પછી બીજી જગાએ જઈશું, તમે ચિંતા ફિકર ન કરો, હવે તમારે મુકામે જઈ કાલે આજ સમયે અહીં આવજો. ત્યારે મુકામ ઉપર ગયા. પછી બધી રાત્રિ નંદાલયની લીલાના અનુભવનો આવેશ રહ્યો. સવારે ઊઠીને બન્ને ભાઈએ પરસ્પર વાતચીત કરી કે હવે આપણે કૃતાર્થ થયા. શ્રીઆચાર્યજી સાક્ષાત્ પુરુષોત્તમ છે, કે એક દિવસની કથામાં લીલારસનો અનુભવ કરાવ્યો. પછી એ જ પ્રકારે સૂતકના દિવસ નીઠ નીઠ (જેમ તેમ કરીને) વિતાવ્યા. અગિયારમાં દિવસે ન્હાઈને શુદ્ધ થઈ શ્રીઆચાર્યજીની પાસે વહેલી સવારે આવી વિનંતી કરી મહારાજ ! અમને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજીએ બન્ને ફરી નવડાવીને નામ સંભળાવ્યું, બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી શ્રીઆચાર્યજી કહે, હવે તમે ભગવદસેવા કરો ત્યારે રાજા દુવે કહે, મહારાજ ! અમારા પિતાના ઠાકુર અમારી પાસે છે. પિતા-માતા પૂજામાર્ગની રીતથી સેવા કરતાં તેમણે અહીં આવી દેહ છોડ્યો છે. અમારા ઉપર આપની

કૃપા થઈ છે, તો હવે જે પ્રકારે આપ આજ્ઞા કરો તે પ્રકારે સેવા કરીએ.

ત્યારે શ્રીઆચાર્યજી કહે, જાવ, મુકામેથી શ્રીઠાકુરજીને લઈ આવો એટલે માધો દુવે જઈને શ્રીઠાકુરજીની ઝાંપી લઈ આવ્યા. પછી શ્રીઆચાર્યજીએ શ્રીઠાકુરજીને પંચામૃત સ્નાન કરાવી રાજા દુવે માધો દુવેના માથે પધરાવ્યા, અને આજ્ઞા કરી કે બધી જગ્યા એથી મન છોડીને નિરોધ કરી ભગવદ્‌સેવા કરજો, ત્યારે રાજા દુવે માધો દુવેએ વિનંતી કરી, જે મહારાજ ! નિરોધનું સ્વરૂપ શું છે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, નિરોધ બે પ્રકારના છે. એક સાધન દશાનો અને બીજો સિદ્ધ દશાનો સાધન દશાના નિરોધનું લક્ષણ એ જ સંસાર લૌકિક વૈદિક મનમાં ગમે નહીં. એમ જ મનમાં રહે કે ક્યારે ભગવદસેવા કરું, ક્યારે કથાવાર્તા કરું એમાં રુચિ થાય, મન કદી લૌકિકમાં જાય તે ફરી સેવામાં ખેંચીને લગાડે, એમ જાણે કે ભગવાનના જ આશ્રયથી બધું કાર્ય સિદ્ધ થાય છે. આ સાધનદશાનો નિરોધ કહેવાય. બીજો ફલ દશાનો નિરોધ એ કે મનનો આપમેળે જ એવો સ્વભાવ પડે કે તે શ્રીઠાકુરજીના સ્વરૂપના ધ્યાન વિના બીજી જગાએ જાય નહીં. લૌકિક વૈદિક કાર્ય કરે પરંતુ મન શ્રીઠાકુરજી વિના બીજી જગાએ જાય નહીં એ ફલ દશાનો નિરોધ. તેને આ સંસારનું સુખ દુઃખ અનેક તાપ બીજાને જે લાગે છે તે લાગે નહીં. મન શ્રીઠાકુરજી અને તેમની લીલા રસમાં મગ્ન રહે, આ નિરોધનો બીજો પ્રકાર છે.

ત્યારે રાજા દુવે માધો દુવેએ વિનંતી કરી, મહારાજાધિરાજ ! અમને તો બન્ને પ્રકારનો નિરોધ દુર્લભ છે. તેથી આપ જેમ અમને સંસાર સમુદ્રમાંથી ડુબતાં હાથ પકડીને શરણે લીધાં છે, તે જ પ્રકારે નિરોધનું દાન આપ કરશો તો અમને કંઈક સિદ્ધ થશે. બીજી પ્રકારે અમારું તો કોઈ સામર્થ્ય નથી. એ પ્રકારે બન્ને ભાઈની દીનતા અને સરલ સ્વભાવ જોઈને દશમસ્કંધ જેને નિરોધસ્કંધ કહે છે તેનો આપે 'નિરોધલક્ષણ' ગ્રંથ કરી તેનો બન્ને ભાઈને પાઠ કરાવીને કહ્યું, તમને બન્ને ભાઈઓને નિરોધ સિદ્ધ થશે. એમ કહી પોતાનું ચરણામૃત બન્ને ભાઈને આપ્યું. ત્યારે તત્કાલ બન્ને ભાઈનું મન અલૌકિક થઈ ગયું. લીલારસનો અનુભવ થવા લાગ્યો. પછી શ્રીઆચાર્યજી કહે, હવે તમારા ઘરે જઈ સેવા કરો, જેને નિરોધ થયો તેને બહુ બોલવું કે દેશોમાં ફરવું નહીં. તેથી ઘરે જાવ. દૈવી જીવ આવે તેમને નામ આપજો. તમને નિરોધ સિદ્ધ થયો છે. અને જે તમારો સંગ મન લગાવીને કરશે તેને પણ નિરોધ સિદ્ધ થશે. ત્યારે રાજા દુવે માધો દુવેની પાસે જે દ્રવ્ય હતું તે શ્રીઆચાર્યજીને ભેટ કરી આપનાથી વિદાય થઈ દ્વારકાથી ચાલ્યા, તે પોતાના ગામ મણુંદમાં આવ્યા. ઘરમાં આવી બન્ને ભાઈ ભગવદસેવા કરવા લાગ્યા, કંઈક દ્રવ્ય ઘરમાં હતું તેમાં નિર્વાહ કરે, કોઈનાથી વધારે બોલે નહીં. જે આવે તેના ઉપર દયા કરીને ખાનપાનનું સમાધાન કરે. ભગવદ્‌વાર્તા કરીને બન્ને ભાઈ શ્રીઠાકુરજીના લીલા-રસમાં મગન રહેતાં.

વાર્તાપ્રસંગ ૧ : જે ગામમાં રાજા દુવે, માધો દુવે રહેતાં તે ગામમાં બન્ને ભાઈ સાચોરા બ્રાહ્મણ બીજા રહેતા.તેમાંના મોટાભાઈનું નામ રામજી અને નાના ભાઈનું નામ હરિકૃષ્ણ હતું. તેમાં મોટોભાઈ રામજી ભણ્યો હતો તેથી તે ગામમાં પટેલના આગળ ચોતરા ઉપર બેસીને કથા કહેતો. બીજો નાનો ભાઈ મૂરખ હતો, તે મોટાભાંઈના ખેતરની રખેવાલી કરતો. એક સમયે મોટોભાઈ રામજી બીજા ગામે કાર્યથ ગયો ત્યારે કથા બંધ રહી. પછી એક દિવસ વર્ષા ઘણી થઈ. શીતકાલના દિવસ હતા, નાનોભાઈ સાંજન ખેતર ઉપરથી આવ્યો. ત્યારે ભાભીએ કહ્યું, રોટી ખાઈશ ? ત્યારે દીયરે કહ્યું, મને ઠંડી ઘણી લાગે છે તું મને રોટલી ગરમ કરી દે તો જમું. ત્યારે ભાભીએ કહ્યું. ખાવું હોય તો ખા. નહીં તો હું સૂઈ રહીશ તું શું ગામમાં પટેલના ચોતરા ઉપર કથા વાંચીશ ? કે દાદનો કોળ (લાગો) બહુ દિવસનો અટક્યો

તો પાછો લાવીશ જે હું તને ગરમ રોટલી કરી દઉં ? ખાવું હોય તો ખા. નહીં તો સૂઈ રહે મારી આગળથી ઊઠી જા. આવા ભાભીના વચન સાંભળીને તેને મનમાં ઘણું દુઃખ થયું, જેમ હૃદયમાં બાણ વાગે તેથી તે તત્કાલ ઘરમાંથી બહાર નીકળ્યો. પછી મનમાં વિચાર કર્યો કે હવે દેહનો ત્યાગ કરવો અથવા આ ગામ છોડીને કોઈ બીજા દેશમાં જવું. પાછું મનમાં એ આવ્યું કે ગામમાં રાજા દુવે, માધો દુવે મહાપુરુષ છે, એમને નમસ્કાર કરીને બીજે જઉં.

પછી રાજા દુવે, માધો દુવેના ઘરે આવી બન્ને ભાઈને નમસ્કાર કર્યા અને તે રોવા લાગ્યો. ત્યારે બન્ને ભાઈ કહે, તું કોણ છે ? પછી પાસે આવીને ઓળખીને કહે તું તો ફલાણાનો બેટો છે. અમારી જ્ઞાતિનો છે, ત્યારે તેણે કહ્યું, મારા દુઃખનો પાર નથી, હવે હું દેહત્યાગ કરીશ તેથી તમને નમસ્કાર કરવા આવ્યો છું, ત્યારે માધો દુવેએ કહ્યું, શ્રીઠાકુરજી સર્વ સામર્થ્યયુક્ત છે, તે બધું દુઃખ દૂર કરશે, તું તારું દુઃખ તો કહે, ત્યારે એણે બધા સમાચાર કહ્યા, જે મને ભાભીએ આવા વચન કહ્યા, તે હૃદયમાં ખૂંચે છે તેથી હું તમારા શરણે આવ્યો છું, મારું દુઃખ દૂર કરો. ત્યારે બન્ને ભાઈએ એનું સમાધાન કર્યું કે શ્રીઠાકુરજી બધું ભલું કરશે. પછી એને મહાપ્રસાદ લેવડાવ્યો અને કહ્યું, હવે સૂઈ રહે પછી સવાર થયું ત્યારે માધો દુવે એને જગાડીને કહે, હવે તું સ્નાન સંધ્યાવંદન કરીને અહીં આવજે. પછી તે દેહકૃત્ય કરી સ્નાનસંધ્યા કરીને આવ્યો, ત્યારે માધો દુવેએ રાજા દુવેને કહ્યું, હવે એને કહેવું હોય તે કહો, ત્યારે રાજા દુવેએ કહ્યું, તમારા જીભ ચાલી છે તેથી કંઈ તમે જ કહો. એ ઝાડ લગાડ્યું છે, આપણે એવું શા માટે કરવું ? અનેક સંસારમાં દુઃખી સુખી છે. ત્યારે માધો દુવેએ રાજા દુવેને કહ્યું, તમે શ્રીઆચાર્યજીના સેવક છો, આ બહુ દુઃખી છે એના ઉપર કૃપા કરો. ત્યારે રાજા દુવેએ કહ્યું, તમે કહો, ત્યારે માધો દુવેએ કહ્યું, આ કામ તમારા આગળ મને કહેવું ઉચિત નથી, ત્યારે રાજા દુવેએ કહ્યું, અમારી માટે કહો.

ભાવપ્રકાશ : રાજા દુવે કહે, "ઝાડ લગાડ્યું છે," તેનું કારણ એ કે લીલા સંબંધી દેવી નથી, કૃપા કરી ઉદ્ધાર થશે.

ત્યારે માધો દુવેએ શ્રીઠાકુરજીના મંદિરના દ્વાર આગળ તેને બેસાડીને શ્રીઆચાર્યજીનું સ્મરણ કરાવી અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કર્યો.નામ દઈ પછી અષ્ટાક્ષરની માળા જપ કરાવી એટલે તે સંસ્કૃત બોલવા લાગ્યો. ત્યારે માધો દુવેએ રાજા દુવેને કહ્યું, આજ્ઞા હોય તો આને એક માળાનો જપ બીજો કરાવું. ત્યારે રાજા દુવેએ અવશ્ય બીજો જપ કરાવો. ત્યારે માધો દુવેએ એક માળા અષ્ટાક્ષરનો બીજો જપ કરાવ્યો. ત્યારે તે શ્રીભાગવત પુરાણશાસ્ત્ર બધાના અર્થને જાણવા લાગ્યો, પછી માધો દુવેએ રાજા દુવેને કહ્યું, આજ્ઞા હોય તો એક જપ બીજો કરાવું, ત્યારે રાજા દુવેએ કહ્યું આ એટલું જ પાત્ર છે, આગળ રસ ઉછળશે.

ભાવપ્રકાશ : ના પાડી તેનો અર્થ એ કે ત્રીજી માળા જપાવે તો લીલારસનો અનુભવ થાય પરંતુ લીલાસંબંધી નથી, એથી આટલુ જ એને ઘણું છે.

પછા રાજા દુવેએ માધો દુવેને કહ્યું કે તમે તમારા મનમાં એમ ન લાવતા કે અમે આને આવો કર્યો છે. આ બધું શ્રીઆચાર્યજીની કૃપાથી જ થયું છે. અમારું તમારું સ્વરૂપ તો તમે જાણો છો. ત્યારે માધો દુવેએ કહ્યું, મારે શું છે ? કર્તા તો શ્રીઆચાર્યજી છે. પછી એને રાજભોગ આર્તિ પછી મહાપ્રસાદ લેવડાવ્યો. ત્રીજો પહોર થયો ત્યારે માધો દુવેએ એને કહ્યું, જાવ પટેલના ચબુતરા ઉપર કથા કહો. પોથી અમારી પાસેથી લઈ જાવ. એટલે તે પોથી લઈને બન્ને ભાઈને નમસ્કાર કરી પટેલના ચોતરા ઉપર બેસી

કથા કહેવા લાગ્યો. ત્યારે બે ચાર પટેલે જોઈને બધા પટેલોને જઈને કહ્યું કે ભટ્ટજી કથા કહે છે તો જલદી ચાલો. ત્યારે બધા પટેલો આવ્યા. આનું કહેવાનું તો કૃપાબલનું તેથી બહુ સુંદર કથા કહી. ત્યારે બધા પટેલોએ કહ્યું, તમે કથા તો બહુ જ સુંદર કહો છો પહેલાં કેમ કહેતાં ન હતા ? ત્યારે એણે કહ્યું, મારો મોટો ભાઈ કહેતો. બધાએ કહ્યું, હવે તમે જ કથા કહ્યા કરો. અમારા મહાન ભાગ્ય છે કે આવો બ્રાહ્મણ મળ્યો.

પછી બધા પટેલોએ મળીને વિચાર કર્યો કે ભટ્ટજીએ પ્રથમ કથા કહી તેથી ખાલી હાથે જાય તે સારું નહિ. એટલે બધા પટેલોએ ભટ્ટજીની સારી રીતે પૂજા કરી. પછી તે ઊઠીને માધો દુવે પાસે આવીને તે પૂજાનું દ્રવ્ય આગળ ધરી વિનંતી કરી, તમે મારા ગુરુ છો, તમારી કૃપાથી પટેલોના ચોતરા ઉપર કથા કહી આવ્યો બધા પટેલ પ્રસન્ન થયા. ત્યારે માધો દુવેએ કહ્યું આજ પછી આવું ન બોલીશ અમારા તમારા ગુરુ તો શ્રીઆચાર્યજી છે. અમે તો એમની આજ્ઞાથી નામ આપીએ છીએ, તેથી આ બધું દ્રવ્ય એમનું છે. શ્રીઆચાર્યજી પધારે ત્યારે એમને ભેટ કરજે, એમનો સેવક થજે, ત્યારે તેણે કહ્યું, હું ક્યાં રાખું ? તમે યોગ્ય જાણો તેમ કરો. ત્યારે માધો દુવેએ પૂજાનું દ્રવ્ય ધરી રાખ્યું. એવામાં જગન્નાથ જોષી અને રામદાસ અડેલ શ્રીઆચાર્યજીના દર્શને જતા હતા. તેમની સાથે તે દ્રવ્ય શ્રીઆચાર્યજીને મોકલી આપ્યું. પછી પટેલના ચોતરા ઉપર તે નિત્ય કથા કહેતો હતો. એટલામાં થોડા દિવસમાં મોટો ભાઈ આવ્યો. ત્યારે નાનાભાઈએ માધો દુવેને કહ્યું કે આજ્ઞા હોય તો દાદાનો ગિરાસ બહુ દિવસથી અટક્યો છે તે લેવાને જાઉં. ત્યારે માધો દુવેએ કહ્યું, હવે તમે જે કાર્ય કરશો તે સિદ્ધ થશે. શ્રીઆચાર્યજીની કૃપા છે તેથી, ત્યારે બન્ને ભાઈની આજ્ઞા લઈ લઈ નમસ્કાર કરી તે ગયો. એટલે ત્યાંના રજપૂત ઊઠીને પગે પડ્યા, અને કહ્યું કે અમારા મહાન ભાગ્ય છે કે તમે આવ્યા. પછી એમને સુંદર જગ્યા રહેવા આપી સીધું-સામગ્રી આપી રસોઈ કરાવી પછી રાત્રિએ બધા ભેગા થયા, ત્યાર એમને બોલાવીને કહે, કંઈ કથા સંભળાવો એટલે એક શ્લોક કહીને બધાને અર્થ સંભળાવ્યો. તે સાંભળીને બધાં પ્રસન્ન થયા. કહ્યું જે ભટ્ટજી બહુ યોગ્ય છે. પછી કહે, પાંચ રાત્રિ અહીં રહો પછી તમારી વિદાય કરીશું. પછી બધા મળીને વિચાર કરવા લાગ્યા કે ભટ્ટજીની વિદાય શું કરીએ ? ઘણાં દિવસે આપણા પ્રોહિતનો બેટો આવ્યો છે, બ્રાહ્મણનું ઋણ સારું નહીં. તેથી સો મણ અન્ન દો, અને સો રૂપિયા રોકડા દો અને એની ભૂમિનો કાગળ ફરી લખી દો. એ પ્રકારે આગળનું ઋણ બ્રાહ્મણનું આપણા ઉપર છે તેનાથી છુટીએ. ત્યારે બધાએ કહ્યું, બહુ સારું પછી બધાએ મળીને એકસો રૂપિયા રોકડા દીધા અને સો મણ અન્ન દીધું ત્યારે એણે કહ્યું, અન્ન મારા ઘરે મોકલી દો. એટલે અનાજ ગાડા ઉપર લાદીને ગાડું સાથે આપ્યું. અને ફરીથી નવો કાગળ લખી દીધો અને કહે અમે જમીનદાર છીએ તેથી પ્રતિવર્ષ તમારો ગરાસ લઈ જજો.

ભાવપ્રકાશ : કેમ કે બ્રાહ્મણનું ઋણ બહુ માથે ચઢે તો આપી ન શકાય, માટે પ્રતિ વર્ષ લઈ જવાનું કહ્યું.

પછી વસ્ત્ર નવાં આપ્યાં. એક ગાય, એક ભેંશ સુંદર દૂધની આપી, માણસો સાથે મોકલ્યા. તે બધું લઈને પોતાના ઘરે તે આવ્યો. પોતાના ઘરના દ્વાર ઉપર આવી ભાભીને કહે, પટેલના ચોતરા ઉપર કથા પણ કહી આવ્યો અને બાપ-દાદાનો ગરાસ પણ પાછો લઈ આવ્યો છું. હવે બારણું ખોલો. ત્યારે ભાભીએ કમાડ ખોલ્યું, એનું તેજ જોઈને ચકિત થઈ ગઈ પછી મોટો ભાઈ જુએ તો એના મુખ ઉપર ભગવત તેજ બિરાજે છે, ત્યારે ડરીને કહ્યું, ભાઈ ! અંદર આવો, પછી એણે ભાભીને નમસ્કાર કરીને

કહ્યું કે તમે મને શિખામણ આપી ! તેથી શ્રીઠાકુરજીએ મારો મનોરથ પૂરણ કર્યો. પટેલના ચોતરા ઉપર કથા પણ કહી આવ્યો છું અને દાદાનો ગરાસ પણ લઈ આવ્યો છું ત્યારે ભાઈ-ભોજાઈ બન્ને ડર્યાં કે આના ઉપર ભગવાનની કૃપા થઈ છે, તેથી શાપ દેશે તો ભસ્મ થઈ જઈશું. તેથી ભાઈ-ભોજાઈએ કહ્યું, સ્નાન કરો, કંઈક ખાવ ત્યારે એણે કહ્યું રાજા દુવે માધો દુવેને નમસ્કાર કરી આવું. પછી કંઈ કરું. ત્યારે મોટાભાઈએ કહ્યું એમની પાસે પહેલા જવાનું શું કારણ છે ? ત્યારે તેણે કહ્યું તમે તો મારા સ્વરૂપને જાણો છો, આ બધી કૃપા તો એમની જ થઈ છે. મારામાં શું છે ? ત્યારે મોટો ભાઈ પણ સાથે ચાલ્યો, કે મારા ઉપર કૃપા કરે તો ઠીક.

પછી બન્ને ભાઈએ આવી રાજા દુવે અને માધો દુવેને નમસ્કાર કર્યાં. નાનાભાઈએ બધો પ્રકાર કહ્યો સો રૂપિયા અને કપડાં આગળ ધર્યાં, અને કહ્યું કે સો મણ અનાજ છે તે રાખો. ત્યારે માધો દુવેએ કહ્યું, અન્ન વેચીને પૈસા કરો એ બધું શ્રીઆચાર્યજીનું છે. એમાં અમારું શું છે ? ત્યારે રાજા દુવેએ માધો દુવેને કહ્યું, કે બીજા ભાઈને આ પ્રકાર ન કહીશ. (કંઈક વિશેષ કૃપા ન કરશો)

પછી મોટાભાઈએ વિનંતી કરી કે જેમ મારા નાના ભાઈ ઉપર કૃપા કરી તેમ મારા ઉપર કરો, હું તમારે શરણે આવ્યો છું, ત્યારે માધો દુવેએ રાજા દુવેને કહ્યું કે આ વિનંતી કરે છે. ત્યારે રાજા દુવેએ કહ્યું કે અમે તો પહેલાં જ કહ્યું હતું કે ઝાડ ન લગાડો. તેથી હવે તમારે કરવું હોય તો આને પણ નામ માત્ર સંભળાવી દો. ત્યારે મોટાભાઈને ન્હવડાવીને નામ સંભળાવ્યું. પછી અન્ન વેચીને પૈસા કર્યાં. પછી કેટલાક દિવસમાં શ્રીઆચાર્યજી દ્વારિકા પધાર્યા ત્યારે સિદ્ધપુરમાં રાણા વ્યાસના ઘરે ઊતર્યા. તે ખબર રાજા દુવે માધો દુવેને મળી, એટલે બન્ને ભાઈને સાથે લઈને દ્રવ્ય બધું ભેટ કરી બન્ને ભાઈની બધી વાત કહી. પછી વિનંતી કરી કે મહારાજ ! આ બન્ને ભાઈને આપ નામ સંભળાવો ત્યારે શ્રીઆચાર્યજીએ બન્ને ભાઈને નામ સંભળાવ્યું. પછી પોતે દ્વારકા પધાર્યા, અને રાજા દુવે, માધો દુવે બન્ને ભાઈને સાથે લઈ ઘરે આવ્યા. રાજા દુવે, માધો દુવેના સંગથી આ બન્ને ભાઈ સાચોરા કૃતાર્થ થયા.

તે રાજા દુવે, માધો, એવા ભગવદીય હતા. તેમની વાર્તા ક્યાં સુધી કહીએ.

ભાવપ્રકાશ : આ રાજા દુવેદુવે માધો દુવેને નિરોધ સિદ્ધ થયો. એમના હૃદયનો અલૌકિક ભાથુ લીલા સંબંધી છે, તે કોઈ ન જાણે, તે બંને ભાઈ એવા ભગવદીય હતા. ।।વાર્તા ૩૫।।

॥ વાર્તા ૩૬ ॥

હવે શ્રી આચાર્યજી મહાપ્રભુજીના સેવક, ઉત્તમશ્લોકદાસ સાચોરા બ્રાહ્મણ. તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

વાર્તાપ્રસંગ ૧ : એ ઉત્તમશ્લોકદાસ શ્રીનાથજીના સેવકોની રસોઈ કરતા અને બધાને પોતે પ્રીતિથી પીરસતા. તેથી બધા વૈષ્ણવો તેમને મહતારી (માતા કહીને) કહીને બોલાવતા તે ઉત્તમશ્લોકદાસનું સેવકોના ઉપર મમત્વ બહુ જ હતું. તેથી શ્રીગુસાંઈજી એના ઉપર બહુ જ પ્રસન્ન રહેતા.

ભાવપ્રકાશ : તે ઉત્તમશ્લોકદાસ અને ઈશ્વર દુવે લીલામાં શ્રીચંદ્રાવલીજીની સખી છે. એમનામાં સાત્ત્વિક ભાવ ઘણો છે, શ્રી ચંદ્રાવલીજી અને બધી સખીઓને પ્રીતિથી સામગ્રી આરોગાવતા. એક સમે શ્રીચંદ્રાવલીજીએ શ્રીઠાકુરજી તથા શ્રીસ્વામિનીજીને પોતાની કુંજમાં પધરાવ્યાં. અને શ્રીચંદ્રાવલીજી પોતાના હાથથી બંને સ્વરૂપોને પીરસતાં હતા. ત્યારે આ બંને સખીઓના મનમાં એ ગર્વ થયો કે બધી સખીઓને

નિત્ય પીરસીએ છીએ તો આજ બંને સ્વરૂપ પધાર્યા છે તો તેમને પણ અમે પીરસીએ તો સારું. એમ વિચારી શ્રીચંદ્રાવલીજીને પૂછ્યું નહીં અને બીજો થાળ ઉઠાવીને ચાલી. એટલામાં શ્રીચંદ્રાવલીજી આવીને કહે, ક્યાં જાવ છો ? ત્યારે ગર્વથી કહે શું અમે ન પીરસીએ, શ્રીઠાકુરજીને ?' ત્યારે ચંદ્રાવલીજી કહે, અહીં ગર્વ કરે તેનું કામ નથી. માટે ભૂમિ ઉપર પડો. તેથી બન્ને ભૂમિ ઉપર અનેક જન્મ પામ્યા. લીલામાં એકનું નામ 'મેના' છે. ઉત્તમશ્લોકદાસ તે 'સુશીલા'નું પ્રાક્ટ્ય, હવે ઈશ્વર દુવે 'મેના' સખીનું પ્રાગટ્ય છે. તે બંને ગુજરાતમાં ગોધરામાં સાચોરાને ત્યાં જન્મ્યાં. એક કાયસ્થની રસોઈ તે બન્ને જણા કરતા. તે કાયસ્થ એક વખત આગ્રા આવ્યો. દેશાધિપતિ પાસે ત્યારે એ બન્ને જણા પણ આગ્રા આવ્યા.

તે સમયે શ્રીઆચાર્યજી પણ આગ્રા પધાર્યા હતા. અને રાજઘાટ શ્રીયમુનાજીના તીરે સંધ્યાવંદન કરતા હતા. તે સમયે ઉત્તમશ્લોકદાસ અને ઈશ્વર દુવે શ્રીયમુનાજી સ્નાન માટે આવ્યા તેઓ ન્હાતા હતા ત્યારે શ્રી આચાર્યજીએ સંધ્યાવંદન કરીને આ વચન કૃષ્ણદાસને કહ્યું કે બ્રાહ્મણ થઈને શૂદ્રની ટહેલ કરવી ઉચિત નથી. શૂદ્ર બ્રાહ્મણની ટહેલ કરે તે ઠીક છે એમ શ્રીભાગવતમાં કહ્યું છે, તે વાત ઉત્તમશ્લોકદાસ અને ઈશ્વર દુવે સાંભળીને કહે, મહારાજ ! આપ કહો છો તે સાચું, પરંતુ પેટને માટે શૂદ્રની ચાકરી કરીએ છીએ, શું કરીએ ? બીજો ગુણ તો અમારામાં છે નહીં, ભણ્યા નહીં તેથી શૂદ્રની રસોઈ કરી નિર્વાહ કરીએ છીએ. ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમે તમારા ઉપર નથી કહ્યું, અમે તો અમારા સેવકોથી વાતચીત કરીએ છીએ. અને ઈશ્વર બધાનું ભરણપોષણ કરે છે, વિશ્વાસ ઈશ્વર ઉપર કરવો જોઈએ, ત્યારે બંને જણાએ વિનંતી કરી, મહારાજ ! આપે તો શાસ્ત્રની વાત કહી, પરંતુ અહીં તો અમે આવા છીએ. આપ અમને સેવક કરો અને અમને બતાવો તે પ્રમાણે અમે કરીએ કે જેથી શૂદ્રની ટહેલ છૂટે ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે પણ બ્રાહ્મણ છો, યોગ્ય છો, સેવક કેમ થશો ? ત્યારે બંને જણ કહે, મહારાજ ! અમે બ્રાહ્મણ શેના ? બ્રાહ્મણનું કર્મ તો અમે જાણતા નથી, તેથી અમારા ઉપર કૃપા કરો, શરણે લો તો અમારી બુદ્ધિ કંઈક સારી થાય.

ત્યારે શ્રીવલ્લભાચાર્યજી કહે, આગળ આવો. પછી બંને જણાને બોલાવી નામ નિવેદન કરાવ્યું. પછી બંને ભાઈએ વિનંતી કરી, હવે અમને આજ્ઞા કરો તે અમે કરીએ. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે તમારા ગામ જઈ માતા-પિતાથી વિદાય થઈ ગોવર્ધન પર્વત પર આવજો ત્યાં શ્રીગોવર્ધનધરની સેવા કરજો. તેથી બંનેએ મળીને તે કાયસ્થથી હિસાબ કરી પોતાનું દ્રવ્ય લઈ ચાલ્યા. કાયસ્થે રાખવાને બહુ કહ્યું, મહિનો પણ વધારી આપવાનું કહ્યું પરંતુ રહ્યા નહીં ત્યાંથી ચાલ્યા તે ગોધરા પોતાને ઘરે આવ્યા. પછી માતા-પિતાને કહે, અમને આજ્ઞા આપો તો વ્રજમાં જઈએ. ત્યારે બંનેના માતા-પિતાએ કહ્યું, થોડા દિવસ રહો, અમે પણ સાથે ચાલીશું માતા-પિતાનાં મનમાં એવું કે એમ કહીને પુત્રને રાખીએ એમ કરતાં બાર મહિના વીત્યા. ત્યારે બંનેએ માતા-પિતાને કહ્યું કે તમે ચાલશો ? એક વર્ષ તો થયું ત્યારે ! તેઓ કહે, હવે ચાલીશું. એમ કરતાં પાંચ વર્ષ વીત્યા ત્યારે ઉત્તમશ્લોકદાસ તો માતા-પિતાને અને બીજાને જણાવ્યા વિના ગોવર્ધન ચાલ્યા ગયા. અને શ્રીનાથજીના દર્શન કરી શ્રીગુસાંઈજીને દંડવત કરી પોતાની બધી વાત કહી ત્યારે શ્રીગુસાંઈજીએ શ્રીગોવર્ધનધરની સેવા આપી. તે બધા સેવકોને બહુ પ્રીતિથી પીરસતા, તેથી ઉત્તમશ્લોકદાસને બધા સેવકો મહતારી કહીને બોલાવતા.

તે ઉત્તમશ્લોકદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. ।।વાર્તા ૩૬।।

॥ વાર્તા ૩૭ ॥

હવે શ્રીઆચાર્યજીના સેવક, ઈશ્વર દુવે સાચોરા બ્રાહ્મણ, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એમનું લીલાનું સ્વરૂપ તો ઉપર કહ્યું છે. આગ્રામાં જે પ્રકારે સેવક થયા છે તે પણ ઉપર કહ્યું છે. ઉત્તમશ્લોકદાસ આવ્યા તેના છ મહિના પછી ઈશ્વર દુવેના માતા-પિતાએ દેહ છોડી ત્યારે ઈશ્વર દુવેએ ગિરિરાજ આવી શ્રીનાથજીનાં દર્શન કરી શ્રીગુસાંઈજીને દંડવત કરી બધો પ્રકાર કહ્યો કે અમે અને ઉત્તમશ્લોકદાસ સાથે સેવક થયા છીએ, અને શ્રીઆચાર્યજીની આજ્ઞા છે કે શ્રીગોવર્ધનધરની સેવા કરજો, તેથી હવે જેમ આજ્ઞા કરો તેમ કરીએ. ત્યારે શ્રીગુસાંઈજી કહે ઉત્તમશ્લોકદાસ શ્રીનાથજીની રસોઈ અને સેવકોને પીરસવાની સેવા કરે છે, તેથી બન્ને મળીને તેજ સેવા કરો. તેથી બન્ને સેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ : પછી કેટલાક દિવસમાં ઉત્તમશ્લોકદાસની દેહ છૂટી ત્યારે શ્રીગુસાંઈજીએ ઈશ્વર દુવેનું નામ ઉત્તમશ્લોક રાખ્યું. તે ઉત્તમશ્લોકદાસ શ્રીગોવર્ધનનાથજીની રસોઈ કરતા અન સેવકોને પીરસતા. અને પોતાની ગાંઠનું ઘી મંગાવી વધારે પીરસતા.

ભાવપ્રકાશ : તે એથી કે સેવક પોતાનો નેક પામે તેમાં મારી શી સેવા છે ? કંઈ પોતાના ગાંઠથી પોતાની સત્તાનું પીરસું તો સેવા છે. એ ભાવથી પીરસતા અને સામગ્રીમાંથી ઘી પીરસતા તેનું કારણ એ કે ઘીથી બધા શરીરમાં બળ વધે તો પ્રભુની સેવા ભલીભ્રાંતિથી કર, થાકે નહીં, તેથી વિશેષમાં ઘી પીરસતા.

તેથી બધા સેવકો માતા કહીને બોલાવતા. એ વાત કૃષ્ણવોએ શ્રીગુસાંઈજીને કહી. તે સાંભળીને શ્રીગુસાંઈજીએ ઉત્તમશ્લોકદાસ ઉપર પ્રસન્ન થઈને પાસે બોલાવીને પૂછ્યું, તમે તમારી ગાંઠથી ઘી મંગાવીને સેવકોને કેમ પીરસો છો ? બધા સેવકોને પોતાનો નેક તો મળે છે. ત્યારે ઉત્તમશ્લોકદાસે કહ્યું, મહારાજ ! સેવકોને સેવામાં બહુ જ શ્રમ થાય છે. પર્વત ઉપર ચઢે છે, ઊતરે છે, તેથી શ્રીઠાકુરજીનું મન ખેદ પામે અને અધિક ઘી લેવાથી શરીરમાં બળ થાય તો સેવક સારી રીતથી સેવા કરે. એ વાત સાંભળીને શ્રીગુસાંઈજી બહુ પ્રસન્ન થયા અને કહ્યું,આને સેવકોમાં કેટલી વાત્સલ્યતા છે ! ત્યારે શ્રીગુસાંઈજી કહે, ઉત્તમશ્લોકદાસ ! તમે કંઈ મારી પાસે માંગો, હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. ત્યારે ઉત્તમશ્લોકદાસ કહે. મહારાજ ! હું આપના ઉપર ક્યારેય અપ્રસન્ન ન થાઉં એ હું માગું છું. ત્યારે શ્રીગુસાંઈજી કહે, એમજ થશે ત્યારે સઘળા આવું સાંભળીને કહે, એણે આ શું માંગ્યું ? જીવ પ્રસન્ન થયો તો શું અને અપ્રસન્ન થયો તો શું ? પ્રભુ પ્રસન્ન થવા જોઈએ. ત્યારે એક વૈષ્ણવે શ્રીગુસાંઈજીને વિનંતી કરી, મહારાજ ! ઉત્તમશ્લોકદાસે આ શું માગ્યું ? હું સદા આપના ઉપર પ્રસન્ન રહું ! ત્યારે શ્રીગુસાંઈજી કહે આ વાત તમે ઉત્તમશ્લોકદાસને પૂછો કે તમે આ શું માગ્યું ? ત્યારે બધા વૈષ્ણવોએ મળીને ઉત્તમશ્લોકદાસને પૂછ્યું કે તમે આ શું માગ્યું ? કે હું પ્રસન્ન રહું. ત્યારે ઉત્તમશ્લોકદાસે કહ્યું, મેં એથી માગ્યું કે હવે આ સમયે શ્રીગુસાંઈજી પ્રસન્ન છે, અને કોઈ સમયે સેવામાં અપરાધ પડે, અપ્રસન્ન થાય, ત્યારે મારું મન બગડે, મારું ઠેકાણું ન રહે, એથી માંગ્યું કે આપ અપ્રસન્ન થાવ તો પણ મારું મન ન બગડે. આ વાત સાંભળી બધા વૈષ્ણવો બહુ પ્રસન્ન થયા પછી શ્રીગુસાંઈજીએ બધા વૈષ્ણવોને કહ્યું ઉત્તમશ્લોકદાસ બહુ પહોંચીને (સમજીને) ઉત્તમોત્તમ માંગ્યું છે. હવે એનો બગાડ કદીયે નહીં થાય તે ઉત્તમશ્લોકદાસ એવા ભગવદીય હતા. સદા એકરસ પ્રીતિ શ્રીઠાકુરજીમાં, શ્રીગુસાંઈજીમાં, સેવકોમાં અને વૈષ્ણવોમાં નભાવી. તેથી એમની વાર્તા ક્યાં સુધી કહીએ ॥ વાર્તા ૩૭ ॥

॥ વાર્તા ૩૮ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, વાસુદેવ છકડા, સારસ્વત બ્રાહ્મણ સિંહનંદના વાસી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : વાસુદેવદાસ શ્રીનંદરાયજીનો મુખ્ય ખવાસ છે. નંદરાયજી જ્યાં જતા ત્યાં શ્રીનંદરાયજીનાં વસ્ત્ર-પાત્ર બધું સાથે લઈને ચાલતા. લીલામાં એમનું નામ 'મનસુખા' છે. તે વાસુદેવદાસ સિંહનંદમાં એક સારસ્વત બ્રાહ્મણને ઘરે જન્મ્યા. તે સારસ્વતને દ્રવ્ય ઘણું હતું. તે વાસુદેવદાસ વર્ષ તેરના થયા, તે ત્યાંના હાકેમે સિંહનંદમાંથી બધાની પાસે દંડ લીધો. વાસુદેવના પિતાનો બે હજારનો દંડ કર્યો ત્યારે વાસુદેવદાસે પિતાને કહ્યું કે હાકેમને દંડ શા માટે દેવો ? હાકેમથી લડી લઈશું. ત્યારે વાસુદેવદાસના પિતાએ કહ્યું, હાકેમથી લડી શકીશું ? ત્યારે વાસુદેવદાસે કહ્યું, એ વાતને હું સમજીશ, મને બતાવી દેજો.

પછી હાકેમના સિપાઈ ચાર આવ્યા. ત્યારે વાસુદેવદાસે એમને કહ્યું, અમે દંડ કઈ વાતનો આપીએ ? તેથી હાકેમને કહો. જો લડવું હોય તો લડે. દંડ તો અમે નહીં આપીએ ત્યારે તે ચાર સિપાઈ ગાળો આપવા લાગ્યા કે અમે તને પકડી જઈશું, ત્યારે વાસુદેવદાસે ચારેનાં હથિયાર ઝુંટવીને તેમને એવો ધક્કો દીધો કે ચારે જણા દૂર જઈ પડ્યાં. પછી તે લોકો હાકેમ પાસે જઈ પોકાર્યા જે વાસુદેવદાસ બ્રાહ્મણે અમને માર્યા અને હથિયાર ઝુંટવી લીધા, અને કહ્યું, હાકેમથી અમે લડી લઈશું, ત્યારે હાકેમ ક્રોધમાં આવી ગયો અને ચાલીસ સિપાઈ મોકલ્યાં અને કહ્યું, જે અત્યારે જ બ્રાહ્મણને બાંધી લાવો. પછી ચાલીસ સિપાઈઓને આવતા જોઈ વાસુદેવ દોડીને ચાલીસના અંદર પેઠા, કોઈની પાગ, કોઈનું હથિયાર લઈ કોઈને મુઠ્ઠી કોઈને લાતથી મારી બધાને ધરતીમાં પાડી નાખ્યા. અને હથિયાર છીનવી એક એક પાગમાં પાંચ-પાંચ દસ-દસને બાંધીને હથિયાર બધાનાં લઈ ઘરે આવ્યાં. એટલે બધાય હાકેમ પાસે જઈ ને પોકાર્યા, કે એક વર્ષ તેર-ચૌદનો બાલક છે. તેણે અમારા બધાના હથિયાર છીનવીને બધાના મુશ્કેટાટ બાંધ્યાં છે. તેથી તે બાલક કોઈ મનુષ્ય નથી પણ કોઈ દેવતા છે, તેથી તમે સાવધાન રહેજો, ત્યારે હાકેમે પોતાની સાથેના પાંચસો મનુષ્ય સારા જોઈને મોકલ્યા, પરંતુ મનમાં હાકેમ પણ ડર્યો. તેથી તેણે દરવાજા આગળ ગલીમાં એક છકડો આડો મુકાવીને માર્ગ બંધ કર્યો, અને તે છકડા ઉપર હજાર મણ પથ્થરની શિલા આડી દઈ પોતે હથિયાર લઈને વીસ મનુષ્યોની સાથે બેઠો. હવે પાંચસો સિપાઈઓને જોઈ વાસુદેવદાસે ફેંટ બાંધી, એક મોટો લઠ્ઠ લીધો તેને બધેથી લોઢાથી મઢ્યો મણ બેનો ભારે થયો, તે લઈ દોડીને સિપાઈઓની વચમાં આવી લઠ્ઠ ફેરવ્યો ને એક વાર ફેરવવામાં પચાસ-સાઠ એકના ઉપર એક એમ પડ્યા. જેમ કુંભારનો ચાક ફરે તે પ્રકારે દશ-પંદર ફેરા ફરી બધા સિપાઈઓને પાડ્યા. પછી ક્રોધના આવેશમાં વાસુદેવદાસ ભરાઈ ગયા, તે હાકેમ જ્યાં રહેતો હતો ત્યાં દોડ્યાં. ત્યાં હજાર મણનો છકડો આડો જોઈને તેને એક હાથથી ધક્કો દઈ ઉઠાવ્યો તે છકડો અને પથ્થર દૂર જ્યાં ત્યાં જઈ પડ્યાં. છકડો ટુક ટુક થઈ ગયો. અને છકડાનો અને પથ્થરનો અવાજ થયો તેથી વીસ સિપાઈઓ સાથે હાકેમ નાઠો અને સરસ્વતી નદીમાં તરી દૂર ભાગી ગયો. પછી વાસુદેવદાસે હાકેમનો ચોતરો તોડી પાડ્યો, પછી પોતાના ઘરે આવ્યા.

પછી રાત્રિએ હાકેમે પોતાના ઘરે આવી સિંહનંદના બે-ચાર સારા શરાફ કાપડીઆને બોલાવી કહ્યું, તમે વાસુદેવદાસના ઘરે જઈ સમાધાન કરી આવો કે અમે ચૂક્યા, જે તમારાથી દંડ લીધો. હવે તમે

કહો તો હાકીમી કરું અને કહો તો બીજા ગામે જાઉં, હવે જન્મભર તમને કંઈ નહીં કહું, તેમણે આવીને હાકેમની બધી વાત કહી, ત્યારે વાસુદેવદાસ કહે, અમારે શું હાકેમથી વેર છે ? આવો રહો, ત્યારે હાકેમ રહ્યો. બીજા દિવસે વાસુદેવદાસને મળાને હાકેમે કહ્યું, તમે મનુષ્ય નથી, કોઈ દેવતા છો. મારા ઉપર દયા રાખજો, કામ-કાજ હોય તો કહેજો અને છકડો ઉઠાવીને નાખી દીધો તે દિવસથી બધા ગામના લોકો તેમને વાસુદેવદાસ છકડા કહેતા. આ બન્યા પછી વાસુદેવદાસનો ગર્વ બહુ વધ્યો. કોઈને ગામમાં ગણે નહીં. તેઓ ગાળ દે તો પણ બધા ચૂપ થઈ રહેતા.

પછી એક સમય શ્રીઆચાર્યજી થાનેશ્વર પધાર્યા, ત્યારે કૃષ્ણદાસ સરસ્વતીમાં ન્હાંતા હતા. તે સમયે ભાગજોગથી વાસુદેવદાસ સિંહનંદમાં ન્હાવા આવ્યા. વાસુદેવદાસ જલ ઉછાળતા કૃષ્ણદાસ મેઘન પાસે આવ્યા, ત્યારે કૃષ્ણદાસ મેઘને કહ્યું, તું કોણ છે ? છાંટા દેતો આવ્યો છે ? રંચક દૂર સીધી રીતથી ન્હા. તારા છાંટા બધાને ઊડે છે. કૃષ્ણદાસના આ વચન સાંભળીને વાસુદેવદાસે કૃષ્ણદાસને મારવા હાથ ઉઠાવ્યો. કૃષ્ણદાસને તો શ્રીઆચાર્યજીની કૃપાબલ હતું, તેથી વાસુદેવના બંને હાથ પકડી લીધાં ત્યારે વાસુદેવદાસે ઘણુંય બલ કર્યું પરંતુ હાથ છુટ્યો નહિ એટલે મનમાં હાર માની પછી પૂછ્યું, તમે કોણ છો ? ત્યારે કૃષ્ણદાસ મેઘને કહ્યું, હું તો શ્રીવલ્લભાચાર્યજી સાક્ષાત પુરુષોત્તમ પ્રગટ્યા છે તેમનો સેવક છું, પછી કૃષ્ણદાસ મેઘને પૂછ્યું, તમે કોણ છો ?ત્યારે વાસુદેવદાસ કહે, હું સારસ્વત બ્રાહ્મણ છું,મારા મનમાં ગર્વ હતો કે મારી બરાબરી બલ કોઈમાં નથી મેં પાંચસો સિપાઈ સહિત હાકેમને હરાવ્યો. છકડો હજાર મણનો નાખી દીધો પણ મારા હાથ તો સહજમાં પકડ્યાં, મેં ઘણુંય બલ કર્યું, છુટ્યો નહીં. તમારો આવો પ્રભાવ છે તો તમારા સ્વામી કેવા હશે ? તેથી હું તમારી સાથે ચાલીને શ્રીઆચાર્યજીના દર્શન કરીશ. ત્યારે કૃષ્ણદાસે હાથ છોડી દીધાં. બંને જણ ન્હાઈને શ્રીઆચાર્યજી પાસે આવ્યાં. ત્યારે શ્રીઆચાર્યજી દામોદરદાસને કહે. દેખ દમલા ! ભગવદીય જેનો હાથ પકડે તેને સંસારથી પાર ઉતારે. કૃષ્ણદાસે સહજમાં વાસુદેવદાસનો હાથ પકડ્યો તેના ભાગ્યનું શું કહીએ ? ત્યારે વાસુદેવદાસે આવી શ્રીઆચાર્યજીને દંડવત કરી પછી વિનંતી કરી કે, મહારાજ ! મને શરણે લો, ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમને મનમાં ગર્વ ઘણો રહે છે તેથી અમારે શરણે આવીને શું કરશો ? અમારા શરણથી દીનતા થાય છે. ત્યારે વાસુદેવદાસ કહે, મહારાજ ! હવે મને ગર્વ નથી જોઈતો. ગર્વ કર્યાથી બગાડ છે, અહંકારીને ભગવદીય સૂઝતા નથી. કૃષ્ણદાસનો અપરાધ કર્યો હતો, પરંતુ ભગવદીયે મારા હાથ પકડ્યા તેથી ગર્વ ગયો. હવે આપ કૃપા કરો જેથી મારો જન્મ સફલ થાય, અને આપનું પ્રાકટ્ય તો અમારા જેવા અધર્મોના ઉદ્ધાર અર્થે જ છે, ત્યારે શ્રીઆચાર્યજીએ વાસુદેવદાસને નામ-નિવેદન કરાવ્યું, અને કહે, તારું નામ વાસુદેવદાસ છકડા. આગળ ગર્વમાં છક્યો રહેતો હવે ભગવદ્રસમાં છક્યા રહેશો. તેથી છકડા અને પાંચેઈન્દ્રિય વિષયની અને છઠ્ઠું મન તેને વશ કરીશ, તેથી તારું નામ છકડા. અને (૧) એશ્વર્ય (૨) વીર્ય (૩) યશ (૪) શ્રી (૫) જ્ઞાન (૬) અને વૈરાગ્ય. આ છએ ધર્મ શ્રીઠાકુરજીમાં રહે છે તે તારામાં રહેશે, તેથી નામ છકડા. આ પ્રકારે કૃપા કરી આશીર્વાદ દઈ શ્રીઆચાર્યજીએ બધા ધર્મો હૃદયમાં પધરાવી દીધાં. તેથી માનસી સેવા ફલરૂપમાં તેમનું મન લાગી ગયું તેથી ભગવદ્સેવા એમના ઉપર નહીં પધરાવી, ત્યારે વાસુદેવદાસે કહ્યું, મહારાજ ! સિંહનંદમાં પધારો ને મારા માતા-પિતાને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમને સરસ્વતી નદી ઉલંઘવી નથી સિંહનંદ નહીં જઈએ. તેથી જા, જેની શ્રદ્ધા સેવક થવાની હોય તેને લાવજે બીજાને ન કહીશ. ત્યારે વાસુદેવદાસ શ્રીઆચાર્યજીને દંડવત કરી સિંહનંદમાં

પિતાને કહે, શ્રીવલ્લભાચાર્યજી થાનેશ્વર પધાર્યા છે તેથી તમે તેના સેવક થાવ, હું તેમનો સેવક થઈ આવ્યો છું. ત્યારે માતા-પિતાએ કહ્યું, અમે કાલ સવારે ચાલી જઈશું. આજ તો ખાનપાન કરી ચૂક્યાં છીએ.

એમના પડોશમાં સાસુ-વહુ રહેતાં હતા, ક્ષત્રાણી હતા. સાસુનું નામ 'ગોરજા' અને વહુનું નામ 'સમરાઈ.' એમણે જ્યારે આ વાત સાંભળી ત્યારે વાસુદેવદાસને પૂછ્યું, તમે માતા-પિતાને સવારે ક્યાં લઈ જશો ? ત્યારે વાસુદેવદાસે જે પ્રકારે પોતે સેવક થયા હતા તે બધો પ્રકાર કહ્યો, કે હું આવો અહંકારી દુષ્ટ હતો છતાં મને અંગીકાર કર્યો. ત્યારે સાસુ-વહુએ કહ્યું, સવારે અમને પણ સાથે લઈ ચાલજો. પછી એ વાત આખા સિંહનંદનાં બધા માણસોએ સાંભળી કે થાનેશ્વરમાં શ્રીવલ્લભાચાર્યજી મોટા મહાપુરુષ પધાર્યાં છે. જેમના સેવક વાસુદેવદાસ છકડા આવો અહંકારી હતો તે થયો છે. તેથી ગામ બધું દર્શન કરવાને થાનેશ્વર આવ્યું. તેમાં કેટલાંક નામ પામ્યા, કેટલાકે સમર્પણ કર્યું. થાનેશ્વર ગામમાં પણ ઘણા જણા સેવક થયા, પછી સવારે વાસુદેવદાસ માતા-પિતાને અને સાસુ-વહુને સરસ્વતીમાં નવડાવી શ્રીઆચાર્યજીની પાસે આવી દર્શન કર્યા. દંડવત કર્યા, પછી વાસુદેવદાસે વિનંતી કરી, મહારાજ ! આ મારા માતા-પિતા છે એમને શરણે લો, અને આ સિંહનંદમાં સાસુ-વહુ રહે છે. આ વહુનો ધણી મરી ગયો છે. તે બંને આપની શરણે છે. ત્યારે સાસુ-વહુને નામ સંભળાવી નિવેદન કરાવ્યું. અને વાસુદેવના માતા-પિતાને નામ સંભળાવ્યું. ત્યારે વાસુદેવદાસે શ્રીઆચાર્યજી મહાપ્રભુને વિનંતી કરી, મહારાજ ! માતા-પિતાને બ્રહ્મસંબંધ કરાવો ત્યારે શ્રીઆચાર્યજી કહે, એમનો એટલો જ અધિકાર છે. એમનાથી નિવેદન નહીં સધાય . તારા સંબંધથી એમનો ઉદ્ધાર કરી દીધો, ત્યારે સાસુએ વિનંતી કરી, મહારાજ ! હવે અમને શું કર્તવ્ય છે ? તે આપ કૃપા કરીને કહો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે ભગવદ્‌સેવા કરો, ત્યારે સાસુએ વિનંતી કરી, મહારાજ ! અમને સેવા પધરાવી આપો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે સરસ્વતી નદીમાં જાવ, ત્યાં તમને ભગવદ્‌સ્વરૂપ પ્રાપ્ત થશે તે લઈ આવો, ત્યારે સાસુ સરસ્વતી ઉપર આવી જુએ તો જલના કિનારે એક ઠાકુર બિરાજે છે. તે જોઈને બહુ પ્રસન્ન થઈ. તે સ્વરૂપ લાવીને શ્રીઆચાર્યજીને આપ્યું. ત્યારે શ્રીઆચાર્યજી પ્રસન્ન થઈને તેને પંચામૃત સ્નાન કરાવીને સાસુ-વહુના માથે પધરાવ્યા. શ્રીઠાકુરજીનું નામ 'શ્રીદામોદરજી' ધર્યું. પછી કહે, ઘરે જઈને સેવા કરો, ત્યારે સાસુ વહુ ઘરે આવી. સાસુ ચતુર હતી તે સેવા કરતી. વહુ ભોળી હતી તે ઉપરની પરચારગી કરતી. તે સાસુ-વહુની વાર્તા આગળ ઉપર કહીશું, ત્યાં એમની લીલાના સ્વરૂપનો ભાવ કહીશું. પછી વાસુદેવદાસને શ્રીઆચાર્યજી કહે, હવે માતા-પિતાને ઘરે લઈ જાવ ત્યારે વાસુદેવદાસે કહ્યું, મારું મન આપની સાથે રહેવાનું છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે હમણાં તો તમે માત-પિતાને ઘરે લઈ જઈ ગામમાં રહો. માતા-પિતાની દેહ થોડા દિવસમાં છૂટશે ત્યારે તમો અમારા ઘરમાં આવી રહેજો. ત્યારે વાસુદેવદાસ દંડવત કરી માતા-પિતાને સિંહનંદ લઈ ગયા. અને શ્રીઆચાર્યજી પૃથ્વી પરિકમ્મા માટે પધાર્યા.

વાર્તાપ્રસંગ ૧ : એક વખત શ્રીઆચાર્યજી અડેલમાં બિરાજતા હતા. ત્યારે એક દિવસે ભંડારીએ શ્રીઆચાર્યજીને કહ્યું, મહારાજ, આ જ ભંડારમાં સીધુ-સામાન કંઈ નથી. ત્યારે શ્રીઆચાર્યજીએ એક સોનાની કટોરી શ્રીઠાકોરજીના મંદિરમાંથી લાવી દીધી અને કહ્યું, આજના લાયક રાજભોગ પર્યંતની સામગ્રી લઈ આવો. વિશેષ ન લાવતો. વાણિયાને ત્યાં આ કટોરી ઘરેણે ધરી આવજે. ત્યારે ભંડારી સોનાની કટોરી લઈ વાણિયાને ત્યાં ધરી રાજભોગની બધી સામગ્રી લઈ આવ્યો. પછી સામગ્રી કરી

શ્રીઠાકુરજીને ભોગ ધરી સમયાનુસાર ભોગ સરાવી આર્તિ કરી અનોસર કરાવ્યા. મહાપ્રસાદ બધો શ્રીયમુનાજીમાં પધરાવી દીધો. અને બાકી વધ્યો તે ગાયને ખવડાવી દીધો. પોતે, પરિકર, બધા સેવકો સહિત ભૂખ્યા જ બેસી રહ્યાં

ભાવપ્રકાશ : આમ વૈષ્ણવને શિક્ષા આપી કે ઠાકુરજીની વસ્તુ હોય તે વૈષ્ણવે નહીં લેવી. ઠાકુર જે રીતે આરોગે એ રીતિ બધાને શીખવી.

અહીં સિંહનંદના સઘળા વૈષ્ણવે મળીને આચાર્યજીની ભેટની મહોર ત્રીસ હતી. તે વાસુદેવદાસ છકડાને આપી, એને કહ્યું જે આ શ્રીઆચાર્યજીને પહોંચતી થાય તો ઠીક. ત્યારે વાસુદેવદાસ વૈરાગીનો વેષ ધરી બધી મહોરને લાખનો ગોળો શાલીગ્રામ જેમ કરી તેમાં રાખી અને તે ગોળાને ચંદન ચડાવતા ચાલ્યા તે સિંહનંદના ચાલ્યા થાનેશ્વર રહ્યા. વૈષ્ણવોને ઘેર મહાપ્રસાદ લીધો. દિલ્હીના ચાલ્યા મથુરા રહ્યા. મથુરાના ચાલ્યા આગરા રાત્રિ રહ્યા. વૈષ્ણવોને ઘેર મહાપ્રસાદ લીધો. માર્ગમાં ચોર ઠગ મળ્યા તે જાણે કે વૈરાગી છે, શાલીગ્રામ પૂજતા હોય છે.

ભાવપ્રકાશ : વાસુદેવદાસના શરીરમાં બળ ઘણું હતું છતાં એમ કેમ કર્યું ? તે એથી કે રસ્તામાં સૂઈ જાય ત્યારે કોઈ ચોરી કરે તો શું થાય ? સન્મુખ કોઈનું તો સામર્થ્ય નથી કે લઈ શકે. અને ગુરુની સેવા માટે શાલીગ્રામની રીતિ કરીને લઈ ગયા હતા. તે ભગવદ્-અપરાધ પણ મનમાં ન લાવ્યા. તે એથી કે ગુરુનું કાર્ય કરવું છે, કોઈ પ્રકારથી ગુરુ સેવા બને. તેથી ભગવદ-અપરાધ બાધક નહીં. ભગવદસેવામાં ગુરુ અપરાધથી ડરતું રહેવું એ જણાવ્યું.

પછી આગરાથી ચાલ્યા તે બે દિવસે ચણા-ચવેણીથી કામ ચલાવ્યું. ત્રીજા દિવસના ત્રીજા પ્રહરે, જે દિવસે શ્રીઆચાર્યજી ભૂખ્યા બિરાજી રહ્યાં હતા. તે દિવસે અડેલ આવ્યા, ગામ બહાર આવી લાખનો ગોળો ફોડી મહોર કાઢીને આવ્યા અને શ્રીઆચાર્યજી મહાપ્રભુ આગળ ધરી,અને વિનંતી કરી, મહારાજ ! સિંહનંદના વૈષ્ણવોની ભેટ છે, ત્યારે શ્રીઆચાર્યજી કહે છે વાસુદેવદાસ ? આટલી મહોર તું કેવી રીતે લાવ્યો ? માર્ગમાં ચોર-ઠગ ઘણાં છે, ત્યારે વાસુદેવદાસે કહ્યું મહારાજ ! એ વાત તો હું નહીં કહું, આપ સાંભળીને ખીજો. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે, અમે તારા ઉપર પ્રસન્ન થઈશું. નહીં ખીજીએ. જેવી રીતે લાવ્યો તે કહી દે ત્યારે વાસુદેવદાસે બધો પ્રકાર કહ્યો કે લાખનો ગોળો ચંદન ચઢાવતો ચઢાવતો લાવ્યો છું. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે, એમ ન કરીએ. ભગવત્સ્વરૂપનો આકાર કરી પછી બીજો પ્રકાર કરવો પડે તે ઠીક નહીં. ત્યારે વાસુદેવદાસે કહ્યું. મહારાજ ! કંઈ પ્રતિષ્ઠા કરી ન હતી, લાખનો ગોળો બાંધ્યો હતો. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે, તો પણ એમ ન કરીએ. પછી ભંડારીને બોલાવીને ત્રીસ મહોર શ્રીઆચાર્યજી મહાપ્રભુએ આપી અને કહે, મંગલાથી લઈ સેન પર્યંતની સામગ્રી લઈ વાડકી છોડાવીને લઈ આવો. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુએ સેન પર્યંત પહોંચી શ્રીઠાકુરજીને અનોસર કરાવી પોતે ભોજન કર્યું. તે પછી અક્કાજી આદિ બધા પરિકરે ભોજન કર્યું. વાસુદેવદાસને મહાપ્રસાદ પાતળ ધરી. બધા સેવક વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધો. પછી ત્રીસ મહોરની પહોંચ આપે લખી દીધી. બીજા દિવસે વાસુદેવદાસને વિદાય કર્યા. તે વાસુદેવદાસ કેટલાક દિવસમાં સિંહનંદ આવી પહોંચ્યા. પત્ર વૈષ્ણવોને આપ્યો. ત્યારે બધા વૈષ્ણવોએ પ્રસન્ન થઈ વાસુદેવદાસને પૂછ્યું કે તમે એટલી દૂર મહોર કેવી રીતે લઈ ગયા ? રસ્તો તો સારો નથી. ઠગ ચોરનો ડર ઘણો જ છે. ત્યારે વાસુદેવદાસે તે વૈષ્ણવો આગળ બધો

વાર્તાપ્રસંગ ૨ : વળી એક સમય શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના મોટા પુત્ર શ્રીગોપીનાથજી આગરા પધાર્યા. ત્યાં શ્રીગુસાંઈજીની ભેટની સો મહોર હતી તે વૈષ્ણવોએ શ્રી ગોપીનાથજીને આપી. એટલામાં સિંહનંદથી વાસુદેવદાસ છકડા આગરે આવ્યા તે સમયે શ્રીગોપીનાથજીએ કહ્યું કે કોઈ વૈષ્ણવ છે કે સોનામહોર અડેલમાં પહોંચાડે ? ત્યારે વાસુદેવદાસે કહ્યું કે મહારાજ ! મને દો, હું પહોંચાડીશ. ત્યારે ગોપીનાથજીએ શ્રીગુસાંઈજીને પત્ર લખી દીધો અને સો મહોર વાસુદેવદાસ છકડાને આપી. ત્યારે વાસુદેવદાસે તેવી જ રીતે લાખનો ગોળો કરી ચંદન ચઢાવતા વૈરાગી વેષથી ચાલ્યા. માર્ગમાં ચણા ચવેણા લે. પછી ત્રીજા દિવસે અડેલ આવી લાખમાંથી મહોર કાઢી શ્રીગુસાંઈજી આગળ આવી દંડવત કરી શ્રીગોપીનાથજીનો પત્ર દઈને મહોર આપના આગળ ધરી. ત્યારે શ્રીગુસાંઈજીએ પત્ર વાંચીને મહોર ગણીને ભંડારીને આપી. પછી વાસુદેવદાસને મહાપ્રસાદ લેવડાવ્યો. તે પછી બીજા દિવસે મહોરની પહોંચ શ્રીગુસાંઈજીએ પોતે લખી વાસુદેવદાસને આપી, ત્યારે વાસુદેવદાસ શ્રીગુસાંઈજીને દંડવત કરી અડેલથી ચાલ્યા તે ત્રીજા દિવસે આગ્રા આવી શ્રીગુસાંઈજીનો પત્ર વાસુદેવદાસે શ્રીગોપીનાથજીને આપ્યો. ત્યારે શ્રીગોપીનાથજી તે પત્ર વાંચીને વાસુદેવદાસ ઉપર બહુ પ્રસન્ન થયા. પછી પૂછ્યું. આટલી મહોર માર્ગમાં એકલા કેવી રીતે તમે લઈ ગયા ? તે પ્રકાર તો અમને કહો ? ત્યારે વાસુદેવદાસે બધો પ્રકાર શ્રીગોપીનાથજીને કહ્યો ત્યારે શ્રીગોપીનાથજી વાસુદેવદાસને કહે કે એમ ક્યારેય ન કરવું. ત્યારે વાસુદેવદાસ છકડા ચૂપ થઈ રહ્યા.

ભાવપ્રકાશ : તે એથી કે મર્યાદાની એવી આજ્ઞા છે કે આ પ્રમાણે કરવાથી દોષ લાગે પણ ગુરુના કાર્યાર્થ એમાં શો દોષ છે ? એ પ્રકારે વાસુદેવદાસ પુષ્ટિ કાર્ય જ સર્વોપરી જાણતા. તેથી આ પ્રકારે સેવા કરી.

વાર્તાપ્રસંગ ૩ : વળી એક સમય શ્રીગુસાંઈજી શ્રી મથુરામાં બિરાજતા હતા. ત્યારે શ્રીઠાકુરજીને રાજભોગથી પહોંચી પોતે ભોજન કરી બેઠકમાં પધાર્યા. ત્યારે આગ્રામાં રૂપચંદનંદા શ્રીગુસાંઈજીના સેવક હતા તેમને શ્રીગુસાંઈજીએ પત્ર લખ્યો. તેમાં વસંત પંચમીની સામગ્રી મંગાવી. પછી વાસુદેવદાસને બોલાવીને પત્ર આપીને શ્રીગુસાંઈજી કહે કે આટલી સામગ્રી આગરાથી રૂપચંદનંદા પાસેથી લઈને સાંજ સુધી આવી જજો. અને એક છાબડું મહાપ્રસાદનું મંગાવી એક ચાદરની ઝોલી બનાવી વાસુદેવદાસના ગળામાં નાખી મહાપ્રસાદ તેમાં ભર્યો. ત્યારે વાસુદેવદાસે શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે મહારાજ ! જોડા પહેરીને મહાપ્રસાદ કેમ લઉં ? ત્યારે શ્રીગુસાંઈજી કહે, તમને દોષ નથી. શ્રીઠાકુરજીની સેવા માટે જાવ છો તેથી જોડા પહેરીને આનંદથી પ્રસાદ લેતા ચાલ્યા જજો. ત્યારે વાસુદેવદાસ પ્રસાદ લેતા જ મથુરાથી ચાલ્યા. આગરામાં જઈને રૂપચંદનંદાના ઘરે ગયા. તે સમયે રૂપચંદનંદા મહાપ્રસાદ લઈ હાથ ધોતા હતા. વાસુદેવદાસ છકડાને જોઈને ભગવત્સ્મરણ કરી પોતે ઘરમાં કહે. મોટો હાંડો ધરી રસોઈ ચપવો. ત્યારે વાસુદેવદાસે કહ્યું. રસોઈ થશે ત્યાં સુધી હું નહીં રહું. પત્ર વાંચી મને સામગ્રી અપાવી દો. હમણાં જ મથુરા જઈશ, ત્યારે રૂપચંદનંદાએ શ્રીગુસાંઈજીનો પત્ર માથે ચઢાવી વાંચીને પોતાના ભાઈને કહે કે ઘરમાં જેટલો અનસખડી મહાપ્રસાદ હોય તે બધો એક ટોકરામાં લઈ 'છારહ્યું' દરવાજે જઈ બેસજો. હું બજારમાં થઈને આવું છું.

પછી રૂપચંદનંદા વાસુદેવદાસને બજારમાંથી વસંત લાયક સુંદર વસ્ત્ર આદિ સામગ્રી લઈને દેવા લાગ્યા. ત્યારે વાસુદેવદાસે કહ્યું, મારો હાથ પ્રસાદી છે, તેથી તમે મારી પીઠ ઉપર સામગ્રી બાંધી દો.

ત્યારે રૂપચંદનંદાએ વાસુદેવદાસની પીઠ ઉપર બધી સામગ્રી બાંધી, પત્ર લખીને આપ્યો, અને વાસુદેવદાસની સાથે છારછુ દરવાજે આવી ભાઈ પાસેથી મહાપ્રસાદનો ટોકરો લઈ વાસુદેવદાસની ઝોલી ભરી દીધી. પછી વિદાય કરીને બન્ને ભાઈ ઘરે આવ્યા અને વાસુદેવદાસ મહાપ્રસાદ લેતા લેતા આગરાથી ચાલ્યા તે ત્રીજો પ્રહર થયો ત્યારે મથુરા આવ્યા. શ્રીગુસાંઈજી જાગીને જ્યારે ગાદી ઉપર બિરાજ્યા હતા તે જ સમયે વાસુદેવદાસ આવીને ઊભાં રહ્યા. પછી ગુસાંઈજીને વિનંતી કરી કે મહારાજ ! મારો હાથ પ્રસાદી છે અને સામગ્રી બધી મારી પીઠ ઉપર બાંધી છે. ત્યારે શ્રીગુસાંઈજી પ્રસન્ન થઈ આપે ઊઠીને વાસુદેવદાસની પીઠથી સામગ્રી ખોલી લીધી. પછી રૂપચંદનંદાનો પત્ર વાંચીને શ્રીગુસાંઈજી બહુ પ્રસન્ન થયા. પછી શ્રીગુસાંઈજી વાસુદેવદાસને શ્રીમુખથી કહે, કે વાસુદેવદાસ ! તારા માટે મહાપ્રસાદની પાતલ ઢાંકી રાખી છે, તે અંદર જઈ મહાપ્રસાદ લો, ત્યારે વાસુદેવદાસે ન્હાઈને મહાપ્રસાદ લીધો. પછી બધી સામગ્રી શ્રીગુસાંઈજીએ સિદ્ધ કરી રાખી. સવારે વસંત પંચમી હતી તે ઉત્સવ કર્યો. વાસુદેવદાસને દર્શન કરાવ્યાં. એ વાસુદેવદાસ સેવામાં આ પ્રકારે તત્પર રહેતા.

વાર્તાપ્રસંગ ૪ : વળી શ્રીગુસાંઈજી સેવાથી પહોંચી ખવાસને કહે કે આસન ઝારી, સંધ્યાવંદનનો સાજ લઈને વિશ્રાંત ઘાટ ઉપર ચાલજે. આપ પાંચ દશ વૈષ્ણવો તથા વાસુદેવદાસ છકડાને સાથે લઈ વિશ્રામ ઘાટ નિત્ય પધારતા, ત્યાં શ્રીગુસાંઈજી સંધ્યાવંદન કરીને પછી શ્રીકેશવરાયજીના દર્શને અને જન્મસ્થાને નિત્ય દર્શને જતા. એક દિવસ મથુરિયા ચોબેએ મળીને કાજી પાસે જઈ શ્રીગુસાંઈજીની ચુગલી કરી કે તમે આમની લાગાબંધી બે એક દિવસ કરો તો એમના સેવકો એવા છે કે તમને હજારો રૂપિયા આપશે. ત્યારે કાજી બસો મનુષ્યો હથિયાર બંધ સાથે લઈ જન્મસ્થાનની આસપાસ આવી ઊભો થઈ રહ્યો પછી જ્યારે શ્રીગુસાંઈજી કેશવરાયજીનાં દર્શન કરી બહાર પધાર્યા ત્યારે કાજીના મનુષ્યો સાવધાન થવા લાગ્યા. એટલે શ્રીગુસાંઈજીને વાસુદેવદાસે વિનંતી કરી કે મહારાજ ! આ લોકોની દૃષ્ટિ ખરાબ દેખાય છે. ત્યારે શ્રીગુસાંઈજી કહે, તારું એ શું કરશે ? આપણે એમનાથી કંઈ વેર નથી, તેથી આગળ ચાલ. ત્યારે વાસુદેવદાસ આગળ ચાલ્યા એટલે કાજીના મનુષ્યો પાસે આવીને કહે, હવે ક્યાં જશો ? ત્યારે વાસુદેવદાસે ફરીથી શ્રીગોસાંઈજીને વિનંતી કરી કે મહારાજ ! એ ખરાબ દૃષ્ટિથી આવ્યા છે. ત્યારે શ્રીગુસાંઈજી કહે, તારાથી થાય તે તું કર. એટલે વાસુદેવદાસે ચાર પગલાં આગળ ચાલી એકની પાસે ઢાલ અને ગદા હતી તેને એક થપ્પડ મારી. લાગતાં જ તે પડી ગયો. ત્યારે વાસુદેવદાસે એની ઢાલ અને ગદા લઈને વીસ-પચીસ મનુષ્યોને પાડી દીધા. એટલે બધા ભાગીને એક મોટી હવેલીની અંદર કાજી સહિત જઈને કમાડ લગાડી દીધાં. ત્યારે વાસુદેવદાસે શ્રીગુસાંઈજીને કહ્યું કે ભલે એકઠા એક ઘરમાં ઘૂસ્યા છે. આપ કહો તો ચારે તરફથી હવેલીની ભીંત પાડી નાખું. બધા દબાઈ મરશે. ત્યારે શ્રીગુસાંઈજી કહે, એમ ન કર. તારું એ શું બગાડે છે ? આપણે વિશ્રાંત ચાલો. પછી શ્રીગુસાંઈજી વિશ્રાંત ઘાટ પધારીને સંધ્યાવંદન કરી ઘેર પધાર્યા.

બીજા દિવસે શ્રીગુસાંઈજી જન્મસ્થાને દર્શને પધાર્યા, ત્યારે કાજીએ બે ચાર મનુષ્યને સાથે લઈ ગળામાં પટકો નાંખી શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો. મને લોકોએ આપની ચુગલી કરી હતી. તે હવે હું એમનાથી સમજીશ કે મને કન્હૈયા અને ભીમથી લડાવે છે. આપ સાક્ષાત્ કનૈયા છો. આપે આ બધાને બચાવ્યા, નહીં તો આ ભીમ બધાને મારતો પરંતુ હવે કંઈ ટહેલ આજ્ઞા કરો. ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું, કે તમને જેણે ચુગલી કરી હોય તેને તમે કંઈ કહેતા નહીં. ત્યારે

કાજી વિનંતી કરીને ગયો, અને મનમાં કહ્યું, કે જુઓ, દુષ્ટોએ તો એમની ચુગલી કરી, પરંતુ આ કન્હૈયા એવા દયાળુ છે કે વેરી ઉપર પણ દયા કરી. એ વાસુદેવદાસ એવા કૃપાપાત્ર હતા.

વાર્તાપ્રસંગ ૫ : વળી સિંહાનંદમાં વૈષ્ણવોના ઘરે ઉત્સવમાં જ્યારે મોટો ઉત્સવ થતો ત્યારે તો વાસુદેવદાસને મહાપ્રસાદ માટે બોલાવતા, અને નાના ઉત્સવમાં દશ-વીશ વૈષ્ણવો જ્યારે બોલાવતાં. તેમાં વાસુદેવદાસને ન બોલાવતા. પછી કેટલાક દિવસમાં સિંહનંદના બધા વૈષ્ણવો શ્રીગુસાંઈજીના દર્શને શ્રીગોકુલ આવ્યા ત્યારે વાસુદેવદાસે શ્રીગુસાંઈજીને વિનંતી કરી કહ્યું, મહારાજ ! આ વૈષ્ણવો ઉત્સવ કીર્તનમાં મને બોલાવતા નથી. ત્યારે શ્રીગુસાંઈજીએ વૈષ્ણવોને કહ્યું, કે તમે વાસુદેવદાસને ઉત્સવ કીર્તનમાં કેમ નથી બોલાવતા ? શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીય છે, એમને બોલાવ્યા વિના કેમ ચાલે ? ત્યારે વૈષ્ણવોએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી, મહારાજ ! મોટા ઉત્સવમાં તો બોલાવીએ છીએ અને નાના ઉત્સવમાં દસ-વીસ વૈષ્ણવોની સામગ્રી એકલા લે તો પણ ભૂખ્યા રહે, ત્યારે અપરાધ પડે તેથી નથી બોલાવતા. ત્યારે શ્રીગુસાંઈજી કહે, બંધારણ બાંધો કે બસો વૈષ્ણવોને બોલાવવાને મનોરથ હોય તો સોને બોલાવો. સોમાં વાસુદેવદાસ અને સોનો મનોરથ હોય તો પચાસ અને પચાસમાં વાસુદેવદાસ અને પચાસનો મનોરથ હોય તો પચ્ચીસ અને પચ્ચીસમાં વાસુદેવદાસ. દશનો મનોરથ હોય તો પાંચ અને પાંચમાં વાસુદેવદાસ. દશ સુધી તો એમને બોલાવો, અને પાંચ બે બોલાવો તો એમને નહીં. ત્યારે વૈષ્ણવોએ કહ્યું, મહારાજ એ ભૂખ્યા રહે તો અપરાધ પડે ત્યારે શ્રીગુસાંઈજી કહે એમાં અપરાધ નહીં, એ પ્રકારે કરજો, ત્યારથી સિંહનંદના વૈષ્ણવો વાસુદેવદાસને ઉત્સવમાં બોલાવવા લાગ્યા.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે ભગવદીય એક જ બોલાવીએ તેમાં બધા આવ્યા જાણીએ. ભગવદીયના આવ્યાથી શ્રીઠાકુરજી જલદી પ્રસન્ન થાય છે.

વાર્તાપ્રસંગ ૬ : વળી વાસુદેવદાસના યજમાન આગરામાં બહુ જ રહેતા હતા. તેથી પિતૃપક્ષમાં વાસુદેવદાસ આગરા જતા. ત્યાં દરેક ક્ષત્રીઓનું નોતરું માનતા, બધાના ઘરે મહાપ્રસાદ લેતા. ધોતી ઉપરણા તથા કપડાનું દાન દક્ષિણા બધું લઈને પંદર દિવસનું ભેગું કરી પછી જ્યારે શ્રાદ્ધ પક્ષ થઈ ચૂકે ત્યારે દક્ષિણાના પૈસાના ચોખા અને ખાંડ લઈ શ્રીગોકુલ આવી ભંડારમાં આપતા, અને કપડાં બધી જગાએ છન્ના મંદિર વસ્ત્ર હાથ પોછવાને માટે શાકઘર, ભંડાર, પાનઘર, ફૂલઘર, આદિમાં નવા વસ્ત્ર મૂકતા. શ્રીગુસાંઈજી બધી જગાએ નવા વસ્ત્ર જોઈને પૂછતા કે બધી જગાએ એક જ સાતે નવા વસ્ત્રો ક્યાંથી આવ્યા ? ત્યારે બધા સેવકો કહે, મહારાજ ! વાસુદેવદાસ લાવ્યા છે, એમણે કર્યા છે. ત્યારે શ્રીગુસાંઈજી વાસુદેવદાસને પૂછે, એટલાં નવાં વસ્ત્રો તમે ક્યાંથી લાવ્યા ? ત્યારે વાસુદેવદાસ કહે મહારાજ, આગ્રામાં ક્ષત્રી મારા યજમાન રહે છે. શ્રાદ્ધપક્ષમાં હું ત્યાં જઈ પંદર દિવસ રહીને એમને ત્યાં મહાપ્રસાદ લઉં છું. તે લોકો દક્ષિણા અને કપડાં આપે છે. તે દક્ષિણાના ચોખા ખાંડ લઈ ભંડારમાં આપું છું. વસ્ત્રના છન્ના આદિ કરું છું. ત્યારે શ્રીગુસાંઈજી પ્રસન્ન થઈને કહે કે જુઓ ભગવદીનું કાર્ય, લૌકિકને અલૌકિકમાં લગાડી દીધું છે. પછી વર્ષના વર્ષ જ્યારે શ્રીગુસાંઈજી બધી જગ્યાએ નવા છન્ના, પોતાં, મંદિર વસ્ત્ર જુએ ત્યારે પૂછે કે વાસુદેવદાસે કર્યા હશે ! ત્યારે બધા સેવક કહેતા, આગ્રાથી વાસુદેવદાસ લાવ્યા છે. શ્રીગુસાંઈજી વાસુદેવદાસના ઉપર તેથી બહુ જ પ્રસન્ન રહેતા.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે લૌકિક વૈદિક કાર્યાર્થ ભગવદીય વૈષ્ણવને કંઈ આપીએ તો પણ ભગવદીય અલૌકિક કરી દે. આગ્રાના યજમાન શ્રાદ્ધ કરીને શ્રદ્ધાના નામથી આપતા, અને

વાસુદેવદાસ તે લઈ શ્રીગુસાંઈજીના ઘેર અંગીકાર કરાવતા. તેમાં તે ક્ષત્રી લોકો પણ કૃતાર્થ થતા, અને એમના પિતૃઓ પણ કૃતાર્થ થઈ જતા. એ વાસુદેવદાસના હૃદયમાં એવો દૃઢ ભગવદાશ્રય હતો કે લૌકિકને કંઈ મનમાં લાવતા જ નહીં. શ્રાદ્ધના નામથી મહાપ્રસાદ પણ લેતા. શ્રાદ્ધ સંબંધી વસ્તુ લઈ અલૌકિક કરતા, પરંતુ એમને કંઈ બાધક ન થતું. એવું ભગવદ્બળ હતું. સદાનંદાલયની લીલાનું અવગાહન કરે. અહીં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની ટહેલ કરે, ફરી લીલારસનો અનુભવ કર્યો, પરંતુ નિકુંજલીલાનો નહીં. નંદાલયની લીલાનો છે. તે વાસુદેવદાસ છકડા એવા ભગવદીય હતા. તેથી એમના માથે શ્રીઠાકુરજી પધરાવ્યા નહીં. લીલામાં પણ વસ્તુ સામગ્રી લાવીને શ્રીયશોદાજીને આપતા.

વાર્તાપ્રસંગ ૭ : અને જ્યારે શ્રીગુસાંઈજી પરદેશ પધારતા, ત્યારે વાસુદેવદાસ સાથે જતા. તે એક છકડાનો ભાર ઉઠાવીને સાથે ચાલતા. તેથી બધા એમને વાસુદેવદાસ છકડા કહેતા. એવા ટેકના વૈષ્ણવ હતા. તેથી વાસુદેવદાસની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૩૮ ॥

॥ વાર્તા ૩૯ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, સારસ્વત બ્રાહ્મણ, કૃષ્ણદાસ ઘઘરી ક્ષત્રી અને યાદવેંદ્રદાસ વાણિયા બાબાવેણુના ખવાસ, આ ત્રણેયની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ પૂર્વમાં કાશી-પ્રયાગના વચ્ચે એક ગામ હતું ત્યાં રહેતા. બાબા વેણુ અને કૃષ્ણદાસ એ બન્ને લીલામાં વિશાખાજીની સખી છે. લીલામાં બાબાવેણુ તો 'સોરસેની' કૃષ્ણદાસનું નામ 'કામલતા' અને સોરસેનીની એક સખી 'તિલકની' તે યાદવદાસ, બાબાવેણુના ખવાસ થયા. એ ત્રણે અનેક જન્મ એથી પામ્યા કે એક દિવસ વિશાખાજીએ એમને કહ્યું, શ્રીનંદરાયજીના ઘરે જઈ આવો. શ્રીઠાકુરજી જાગ્યા હોય તો વસ્ત્ર માંગીને લઈ આવીએ. ત્યારે ત્રણે શ્રીનંદરાયજીના દ્વાર ઉપર આવી. તે સમયે શ્રીઠાકુરજીએ ત્રણૈયને પૂછ્યું કે વિશાખાજી ક્યાં છે ? ત્યારે ત્રણેએ કહ્યું, અમને ખબર નથી. અમે તો આપના દર્શન માટે આવ્યા છીએ માટે જે કંઈ વિશાખાજીને કહેવું હોય તે અમને જ આજ્ઞા કરો. આ પ્રકારે વિશાખાજીની બરાબરીનું સૌભાગ્ય પોતાનામાં જાણ્યું, ત્યારે શ્રીઠાકુરજી હસીને ચૂપ થઈ રહ્યા, અંદર જશોદાજી પાસે પધાર્યા, અને ત્રણે સખી દ્વાર ઉપર બેઠી રહી કેમ કે શ્રીઠાકુરજી હસીને અંદર પધાર્યા છે તે ફરી હમણાં જ બહાર પધારશે, એમ જાણી દ્વાર ઉપર બેઠી. એ વાત એક સખીએ વિશાખાજીને જઈને કહી. તેથી વિશાખાજી દોડીને આવ્યાં. જુએ છે તો ત્રણે આપસમાં હસે છે, ત્યારે વિશાખાજીએ શાપ આપ્યો કે ભૂમિમાં જન્મ લો. આ અભિમાનનું ફલ તેથી ત્રણે પડ્યાં. બાબાવેણુ એક સારસ્વત બ્રાહ્મણના ઘરે જન્મ્યા. તે વર્ષ તેવીસ-ચોવીસના થયા. એ બાબાવેણુ જાને કૃષ્ણદાસ બન્ને આપસમાં પરમ મિત્ર હતા સાથે જ રહેતા. અને યાદવેન્દ્રદાસના ઘરે ખાનપાનનો સંકોચ હતો, તેથી યાદવેન્દ્રદાસ બાબાવેણુની ખવાસી ટહેલ કરતા. તે બાબાવેણુ દેવીના ઉપાસક હતા. દેવીને સર્વોપરી જાણતા.

એક દિવસ શ્રીકલ્યાણજી ઠાકુરજીએ બાબાવેણુને સ્વપ્નામાં કહ્યું, હું કલ્યાણી દેવી છું, આ ગામના તલાવમાં છું. તું મને બહાર કાઢ. મારી પૂજા કર, ત્યારે પ્રાતઃકાલે બાબાવેણુએ એ વાત પોતાના મિત્ર કૃષ્ણદાસને કહી. પછી બન્ને જણા તલાવમાં પેઠા. છાતી બરાબર પાણી તલાવમાં હતું. તે બધે ખોળતા બાબાવેણુના હાથમાં કલ્યાણરાયજી આવ્યા. ત્યારે બાબાવેણુએ તલાવથી બહાર આવી તે તલાવના ઉપર જ ઘરમાં જે દ્રવ્ય હતું તેનું નાનું સરખું મંદિર બનાવી દેવીના ભાવથી દેવીની સ્થાપના કરી અને કલ્યાણી

દેવી નામ ધર્યું. પછી ગામના લોકો દેવી જાણી બહુ માનતા કરે તેમાં બાબાવેણુ અને કૃષ્ણદાસ અ યાદવેન્દ્રદાસનો નિર્વાહ થાય. એમ કરતાં પાંચ વર્ષ વીત્યાં. એક સમયે શ્રીઆચાર્યજી કાશીથી અડે પધારતા હતા ત્યારે તે ગામમાં આવી શ્રીકલ્યાણરાયનાં મંદિર પાસે એક આંબાના વૃક્ષની નીચે બિરાજ્ય તે સમયે બાબાવેણુ અને કૃષ્ણદાસ નજીકમાં બીજું ગામ હતું ત્યાં ગયા હતા. ત્યારે મંદિરમાં શ્રીકલ્યાણરાયજીએ શ્રીઆચાર્યજીને બોલાવ્યા કે આપ અંદર પધારો. ત્યારે શ્રીઆચાર્યજી મંદિરની અં જઈને જુએ તો શ્રીઠાકુરજીએ ઘાઘરો વગેરે લૂગડાં પહેર્યાં છે ત્યારે શ્રીઆચાર્યજીએ પૂછ્યું, દેવીની માફ કેમ બેઠા છો ? ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું શું કરું ? આ ગામમાં શ્રીઠાકુરજીને કોણ જાણતું નથી. અ બાબાવેણુ, કૃષ્ણદાસ, યાદવદાસ, દૈવી જીવ છે. તેમનો ઉદ્ધાર કરવા માટે મેં દેવી થઈ બાબાવેણુથી પૂ કરાવી છે. કેમકે બાબાવેણુ દેવીનો ઉપાસક છે, હવે આપ મને શ્રીઠાકુરજીનું સ્વરૂપ કરો. અહીં ચાર ઘ આપ બિરાજો. ‘બાબાવેણુ, કૃષ્ણદાસ, યાદવદાસ, ખવાસને અંગીકાર કરી પછી આગળ પધારો. ત્ય શ્રીઆચાર્યજીએ ઘાઘરા, લૂગડાં ઉતારી ઘાઘરાને એક ખીલી ઉપર મૂકી દીધો. બીજા લૂગડાને ફાડી એ પરદની પહેરાવીને પાગ બાંધી દીધી. પછી પોતે આંબાના વૃક્ષની નીચે જઈ બિરાજ્યા.

એટલામાં જ બાબાવેણુ અને કૃષ્ણદાસ અને યાદવદાસ ખવાસ ત્રણે આવ્યા. શ્રીકલ્યાણરાયજીના મંદિરમાં જઈ જુએ તો પાગ ધોતી પહેરીને બેઠા છે. ત્યારે બાબાવેણુ કહે, અહીં કો આવ્યું ? જે મારી દેવીનાં કપડાં ઉતાર્યા ત્યારે શ્રીકલ્યાણરાયજીએ કહ્યું, મને અડશો નહીં, હું શ્રીકલ્યાણરાયજી ઠાકુર છું. ત્યારે બાબાવેણુએ કહ્યું, ઠાકુરને તો આ ગામમાં કોઈ માનતું નથી. અને મા અપરાધ શો કે અડવાની ના કહો છો ? ત્યારે શ્રીકલ્યાણરાયજીએ કહ્યું, આંબાના વૃક્ષ નીચે શ્રીઆચાર્ય બિરાજે છે, તેમનો તું સેવક થઈ આવ અને ગામના લોકો ઠાકુરને ન માને તો તારે અને અમારે ગામ લોકોથી શું કામ છે ? તારા ઘરમાં સાતસો રૂપિઆ કોઠામાં નીચે દાટ્યા છે તે કાઢીને મારી સેવાપૂ કરજે. પરંતુ પહેલા તમે જઈને શ્રીઆચાર્યજીના સેવક થઈ આવો એટલે ત્રણે જણા શ્રીઆચાર્યજી પા આવીને કહે, મહારાજ ! અમને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે ત્રણે જણ તલાવમાં ન્હાઈ આવ ત્યારે ત્રણે જણ તલાવમાં ન્હાઈને શ્રીઆચાર્યજી પાસે આવ્યા. એટલે શ્રીઆચાર્યજીએ ત્રણેયને ના સંભળાવી નિવેદન કરાવ્યું પછી શ્રીઆચાર્યજી બાબાવેણુને કહે, હવે તમે એક કામ કર શ્રીકલ્યાણરાયજીને તમારે ઘરે લઈ ગુપ્ત રીતિથી સેવા કરો. અને આ શ્રીકલ્યાણરાયજીના મંદિરમાં કો દેવીને બેસાડી કોઈને રાખી દો. તે પૂજા ચલાવશે તમે કંઈ દેવીની પૂજાનું ન લેતા. ત્યારે બાબાવેણુ કહ્યું, મહારાજ ! આપ મારા ઘરે પધારીને બે દિવસ રહી જેમ સેવાની રીતિ હોય તેમ કૃપા કરી બતા દો. આ ગામમાં કોઈ જાણતું નથી. ત્યારે શ્રીઆચાર્યજી શ્રીકલ્યાણરાયજીને પધરાવી બાબાવેણુના પધાર્યા. ત્યાં બાબાવેણુના ઘરમાં નીચેના કોઠામાંથી સાતસો રૂપિયા નીકળ્યા, તે લાવીને શ્રીઆચાર્યજી આગળ ધર્યા, ત્યારે શ્રીઆચાર્યજી કહે, આ અમારા કામના નથી. આ તમને આપ્યા છે, અને તારો વિશ્વાસ શ્રીઠાકુરજીમાં થાય તેથી દીધા છે, તેથી તમે રાખો.

પછી શ્રીઆચાર્યજીએ ચાર દિવસ ત્યાં રહી શ્રીકલ્યાણરાયજીને પંચામૃત સ્નાન કરાવી બાબાવે અને કૃષ્ણદાસના માથે પધરાવી પુષ્ટિમાર્ગની બધી રીતિ બતાવી અને આજ્ઞા કરી શ્રીઠાકુરજી તમને આ કરે તેમ કરજો. એ પ્રકારે સમજાવી પોતે અડેલ પધાર્યા. પછી બાબાવેણુ અને કૃષ્ણદાસ મળીને સે કરવા લાગ્યા. યાદવ ખવાસ બધી ઉપરની ટહેલ કરતા હતા. ત્યારે બાબાવેણુએ એક બ્રાહ્મણને દશ-પાં

રૂપિયા દઈ દેવીને બેસાડીને તેને પૂજા સોંપી દીધી. તે બ્રાહ્મણ પ્રસન્ન થઈ સેવા કરતો. ગામની જીવિકા હતી તે ખાતો. બાબાવેણુ અને યાદવ ખવાસને તો કોઈ સગો રહ્યો ન હતો. કૃષ્ણદાસને બે ભાઈ હતા. તે આવી શ્રીઆચાર્યજી પાસે નામ પામ્યા અને સાધારણ વૈષ્ણવ થયા. આ પ્રકારે બહુ દિવસ વીત્યા.

હવે શ્રીગોવર્ધનધર પ્રકટ થઈ ગોવર્ધન ઉપર બિરાજ્યા હતા અને શ્રીગુસાંઈજી સેવા કરતા હતા. તે સાંભળીને બાબાવેણુ અને કૃષ્ણદાસ અને યાદવ ખવાસનું મન થયું કે શ્રીગોવર્ધનધરનાં અને શ્રીગુસાંઈજીના દર્શન કરીએ. તે બાબાવેણુ હૃદયના નેત્રોથી જોતા, શ્રીગોવર્ધનધરના સ્વરૂપના દર્શન કરતા. અને કૃષ્ણદાસને વિરહ અષ્ટપ્રહર રહેતો કે ક્યારે લીલામાં પ્રાપ્તિ થશે. તેઓ કીર્તન ગાઈને નિર્વાહ કરતા પછી એક દિવસ શ્રીકલ્યાણરાયજીએ ત્રણે જણાને આજ્ઞા આપી કે તમે શ્રીગોવર્ધનાથજીના દર્શને જાવ; હવે તમારી ત્રણેની ત્યાં પ્રાપ્તિ થશે. ત્યારે બાબાવેણુએ કહ્યું, આપ હવે કોના માથે પધારશો ? ત્યારે શ્રીકલ્યાણરાયજીએ કહ્યું, કૃષ્ણદાસના બે ભાઈઓ છે, તેમના માથે મને પધરાવી તમે જાવ. ત્યારે બાબાવેણુ કૃષ્ણદાસના બન્ને ભાઈઓને બોલાવીને કહે, તમારા મહાન ભાગ્ય છે. મને લગાડીને તમે શ્રીઠાકુરજીની સેવા કરોજો. આ ઘર વસ્તુ બધી તમોને સોંપું છું અમે ત્રણ વ્રજમાં જઈશું. ત્યાં ત્રણે જણાની દેહ છૂટશે. ભગવદીચ્છા એવી જણાય છે. ત્યારે બન્ને ભાઈ સેવા કરવા લાગ્યા. એટલે પ્રસન્ન થઈ તે ત્રણે ચાલ્યા. તે કેટલાક દિવસમાં મથુરા આવ્યા.

વાર્તાપ્રસંગ ૧ : તે બાબાવેણુ હૃદયના નેત્રોથી જોતા હતા. એ ત્રણે જણ કેશવરાયજીના દર્શને ચાલ્યા, તે મથુરામાં આવી દર્શન કર્યા. દર્શન કરતાં જ કૃષ્ણદાસને શ્રીગોવર્ધનધરના દૂરથી દર્શન થયાં. ત્યારે કૃષ્ણદાસને શ્રીગોવર્ધનદરના દર્શનનો અત્યંત વિરહ થાય, તે આ કીર્તન કૃષ્ણદાસે ગાયું-

રાગ બિલાવલ
આલી ! તૂ દૃખરી નયનન ગિરિવરધર ।
સહચરી કહત દુતિય સબચરી સો પરમ મુદીત પ્યારી રાધાવર ॥
ભૂષન ભૂષિત અંગ, સોહત-બસન, મોહક કનક કાન્તિ હરી ॥
ચિતૈં ચિત હરત વિશ્વ જુવતિનકે, સર્વસ દેત કર કમલ કરિ ॥
ઉપમા કહા દેઉં જો લાયક, વરનો કહા કિસોર વૈસ વરુ ॥
સુરતિ અંત લટકત બ્રજ આવત 'કૃષ્ણદાસ' બડભાગ કલ્પતરુ ॥

તે પદ ગાતાં જ કૃષ્ણદાસની દેહ શ્રીકેશવરાયજીના મંદિરમાં જ છૂટી ગઈ. ત્યારે બાબાવેણુ અને યાદવ ખવાસે કૃષ્ણદાસની દેહનો અગ્નિ-સંસ્કાર કરીને બાબાવેણુએ યાદવ ખવાસને કહ્યું કે કૃષ્ણદાસને ગોહ મારી ગઈ, અને અમે તો શ્રીગોવર્ધનનાથજીના દર્શન કરીને દેહ છોડીશું.

ભાવપ્રકાશ : એનો આશય એ કે ગોહ-કાલ રૂપ છે. અમારા પાસેથી એને પહેલાં જ લઈ ગઈ, એમ કહ્યું, તેમાં કાળ બે પ્રકારનો છે. કાળ શ્રીઠાકુરજીનો મુખ્ય અધિકારી છે. જયારે કૃષ્ણદાસને વિરહ થયો તે વિરહથી એમની દેહદશા ભૂલી જવાઈ, લીલામા મગન થઈ ગયા. ત્યારે બાબાવેણુને સંભળાવીને કીર્તન કર્યું. કે હે અલી ! બંને લીલામા વિશાખાજીની સખી છે. તેથી બાબાવેણુને કહે, નેત્રોથી ગિરિવરધરને જો. તું જયાં ત્યાં કેમ ભટકે છે ? હું નેત્રોથી ગિરિવરધરને જોઉં છું. બીજી જગાએ નેત્રો જતા નથી. તે વાત આગળ ખોલી દીધી. "સહચરી કહતિ દુતીય સહચરી સો"કૃષ્ણદાસ સહચરી છે તે

નેત્રો લાગ્યાં છે: આ પ્રકારે કીર્તન કરી પોતાના હૃદયનો ભાવ બાબાવેણુએ જણાવ્યો. એટલે એમનો વિરહ શ્રીગોવર્ધનધર સહી ન શક્યા એ કાળ છે તે ભગવાનની વિભૂતિ છે, મુખ્ય અધિકારી છે. ઈચ્છાશક્તિનું સાક્ષાત્ સ્વરૂપ છે, તેથી શિક્ષાપાત્રમાં કહ્યું છે કે,

યતઃ કાલસ્તદ્વિભૂતિઃ કાલઃ કલયાતમહમ્ ।
મુખ્યાધિકાર્યપિ હરેરિચ્છા શક્તિસ્વરૂપવાન્ ॥૧॥

એ 'કાલે' પ્રભુની ઈચ્છા જાણી તત્કાલ કૃષ્ણદાસને પ્રભુની પાસે પહોંચતા કરી દીધા. ત્યારે બાબાવેણુએ કહ્યું, કૃષણદાસને ગોહ મારી લઈ ગઈ કેમ કે તેનો અર્થ એ કે કૃષ્ણદાસની અહંતા મમતાત્મક વાસનારૂપ દેહને ગોહ મારી લઈ ગઈ કેમ કે જ્યાં સુધી લિંગ દેહ ન પડે ત્યાં સુધી ભગવત્પ્રાપ્તિ ન થાય. તે લિંગ દેહને ગોહ મારી એને લઈ ગઈ એમ કહ્યું, પછી પોતાની વાત કહી કે શ્રીગોવર્ધનધરના દર્શન કરી આ લિંગ દેહને છોડીશું. તેમાં એ જણાવ્યું કે અમને કૃષ્ણદાસના જેવો હજુ વિરહ થયો નથી. જ્યારે શ્રીગોવર્ધનધરના દર્શન કરીશું ત્યારે વિરહ થશે. અને ત્યારે દેહ છોડીશું, આ પ્રકારે બાબાવેણુએ દીનતા જણાવી કે અમારું કાર્ય શ્રીગોવર્ધનધર કરશે.

પછી બાબાવેણુ અને યાદવ ખવાસ બંને મથુરાથી ચાલ્યા તે શ્રીનાથજીદ્વાર આવ્યા. શ્રીનાથજીના દર્શન કર્યા. બાબાવેણુએ શ્રીનાથજીની આગળ કીર્તન કર્યા. ત્યારે શ્રીનાથજીના કંઠથી ફૂલની માળા પડી. ત્યારે રામદાસે એક બીડું તથા પ્રસાદી માલા બાબાવેણુને આપી.

ભાવપ્રકાશ : એનો અર્થ એ કે શ્રીનાથજીએ તમને વિરહ આપ્યો. હવે આ દેહથી વિદાય આપી, હવે લીલામા પ્રાપ્ત થયો અને માલા શ્રીનાથજીના કંઠથી વડી થઈ તે એથી કે માલા ભક્તરૂપ છે. ભક્તોના હાથ વિરહ છે. જ્યારે વ્રજભક્તિ વિરહ દે ત્યારે આવે. તે માલાને લેતાં જ વિરહ થયો. અને બીડું દીધું તેનો ભાવ એ કે જેના ઉપર પ્રસન્ન થાય તેને બીડું મંગલરૂપ દે. તે રામદાસજીએ બીડું દઈએ જણાવ્યું કે પ્રભુ તમારા ઉપર પ્રસન્ન છે.

પછી બાબાવેણુએ દંડવત કરી માલા બીડાં લઈ પર્વતથી નીચે ઉતરી દેહ છોડી દીધો ત્યારે બાબાવેણુના દેહનો સંસ્કાર યાદવ ખવાસે કર્યો. પછી શુદ્ધ થઈ શ્રીગુસાંઈજીના દર્શને આવ્યા, ત્યારે શ્રીગુસાંઈજીએ એમને ભગવદીય જાણી સેવા આપી તે યાદવદાસ કરવા લાગ્યા. પરંતુ મનમાં ખેદ રહેતો. પછી યાદવ ખવાસે વિચાર્યું કે હવે અહીં રહીને શું કરવું ? જ્યાં બાબાવેણુ છે ત્યાં જઈએ તો સારું.

ભાવપ્રકાશ : કેમ કે લીલામાં પણ યાદવ ખવાસ બાબાવેણુની સખી છે. તેથી બાબાવેણુની ટહેલ કરી પ્રસન્ન કરે છે. એટલે હવે બાબાવેણુના સંગ વિના એનાથી રહેવાતું નથી, તેથી વિરહ થયો.

ત્યારે યાદવ ખવાસે વિચાર્યું કે કૃષ્ણદાસના દેહનો સંસ્કાર કર્યો. હવે મારી દેહનો સંસ્કાર કોઈ વૈષ્ણવ સેવક કરે તો સેવામાં એમને અંતરાય પડે, તેવું આપણે ન કરવું. એમ વિચારી શ્રીનાથજીના દર્શન કરી અનોસર પછી વનમાં જઈ ત્યાં ભૂમિમાં પડેલી લાકડીઓને નિત્ય એકઠી કરી આવ. એમ કરતાં જાણ્યું કે હવે દેહના સંસ્કાર લાયક લાકડીઓ ભેળી થઈ છે. ત્યાર પછી પોતે શ્રીનાથજીના દર્શન કર્યા અને બધા સેવકોને ભગવદ્સ્મરણ કરી શ્રીગુસાંઈજીને દંડવત કરી પછી અગ્નિ લઈને વનમાં આવ્યા. તે જે તરફની હવા હતી તે તરફ ચિતામાં અગ્નિ મૂકી. ફરી વખત શ્રીનાથજીની ધ્વજાને દંડવત કરી તે ચિતા ઉપર બેસી ગયા. પછી શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઈજીના ચરણારવિંદનું સ્મરણ કરી

છોડીને લીલામાં પ્રાપ્ત થયા. અગ્નિમાં બળીને પોતાના હાથથી શરીરનો સંસ્કાર કર્યો, અને પહેલાં બાબાવેણુએ યાદવેન્દ્રદાસને કહ્યું હતું કે વિલંબ ન કરજે, તું જલદી આવજે. પછી શ્રીગુસાંઈજીએ સેવા સોંપી હતી તેથી એટલા દિવસ વિલંબ થયો. એ યાદવેંન્દ્રદાસ એવા ભગવદીય હતા કે કાળ એમના વશમાં હતો. પછી એક વૈષ્ણવે શ્રીગુસાંઈજીને પૂછ્યું કે મહારાજ ! યાદવદાસ દિવસ બે-ત્રણથી દેખાતા નથી ! ત્યારે શ્રીગુસાંઈજી કહે, યાદવદાસ તો દેહ છોડી પ્રભુને પામ્યા. ત્યારે વૈષ્ણવે કહ્યું. શરીરનો સંસ્કાર ક્યાં થયો ? ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું, મનમાં લાકડી એકઠી કરી પોતે જ પોતાના સંસ્કારનો ઉપાય કર્યો.

ભાવપ્રકાશ : તે એથી કે કોઈ વૈષ્ણવને ભગવત્સેવામાં અંતરાય કેમ કરું ?

તે બાબાવેણુ, કૃષ્ણદાસ અને યાદવ ખવાસ અલૌકિક દૈવી જીવ હતા. એમનું અલૌકિક સામર્થ્ય હતું એવા કૃપાપાત્ર ભગવદીય હતા, એમની વાર્તા ક્યાં સુધી કહીએ ॥ વાર્તા ૩૯ ॥

॥ વાર્તા ૪૦ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, જગતાનંદ, સારસ્વત બ્રાહ્મણ થાનેશ્વરના વાસી તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ જગતાનંદ ભામા સખી જે શ્રીસ્વામિનીજીની સખી છે, તેમની સખી છે. લીલામાં એમનું નામ 'માધુરી' છે, એ થાનેશ્વરમાં એક બ્રાહ્મણના ઘરે જન્મ્યા. તે વર્ષ બારના થયા ત્યારે કાશીમાં જઈ વિદ્યા ભણ્યા. વર્ષ બાર કાશીમાં રહી વિદ્યા અને શ્રીભાગવત ભણ્યા. પછી થાનેશ્વરમાં આવી સરસ્વતી નદીના ઉપર શ્રીભાગવતની કથા કહેતા. તેમાં એમની જીવિકા નિર્વાહ લાયક ચાલી જતી.

વાર્તાપ્રસંગ ૧ : એક વખત થાનેશ્વર શ્રીઆચાર્યજી પધાર્યા, ત્યારે પ્રાતઃકાળની સંધ્યા કરી બિરાજ્યા હતા એટલામાં જગતાનંદ આવી સરસ્વતીમાં ન્હાઈ શ્રીભાગવતની કથા કહેવા લાગ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ મનમાં વિચાર્યું કે આ જગતાનંદ દૈવી જીવ અમારો છે, એનો અંગીકાર કરવો, એમ વિચાર કરીને જગતાનંદની સન્મુખ જઈ આપ બિરાજ્યા. ત્યારે જગતાનંદે જાણ્યું કે કોઈ પંડિત બ્રાહ્મણ છે, ત્યારે જગતાનંદે એક શ્લોક શ્રીભાગવતનો વેણુગીતનો કહ્યો. 'પ્રાયો બતામ્બવિહગાઃ' એ શ્લોક કહી પછી એનો અર્થ કરી શ્રીઆચાર્યજીને પૂછ્યું કે આ પ્રમાણે જ અર્થ છે કે કંઈ બીજો છે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, આ શ્લોકમાં અનેક ભાવો છે, બહુ જ અર્થો છે. આવડતાં હોય તો કહો. ત્યારે જગતાનંદે કહ્યું, મહારાજ ! શ્લોકાર્થ મને આવડતો હતો તે મેં કહ્યો. હવે આપ બીજું કહો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, વ્યાસ આસને તમે બેઠા છો, તો વ્યાસ આસનનો અતિક્રમ કરી અમે કેમ કહીએ ? ત્યારે જગતાનંદે આસનેથી ઊતરી કહ્યું, આપ બિરાજીને કહો, મને સાંભળવાની ઇચ્છા છે. ત્યારે શ્રીઆચાર્યજી સુબોધિનીનો અર્થ તે શ્લોકનો કરવા લાગ્યા. તે કહેતાં સવારથી ત્રીજો પ્રહર થયો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, આ શ્લોકની વ્યાખ્યા બે ત્રણ મહિના સુધી ચાલશે, તમે ભૂખ્યા છો તેથી ઊઠો. ત્યારે જગતાનંદે જાણ્યું કે આ સાક્ષાત્ ઈશ્વર છે. પછી જગતાનંદે દંડવત કરી વિનંતી કરીને કહ્યું, મહારાજ ! આપ સાક્ષાત્ પુરુષોત્તમ છો, ચાહો તેટલા દિવસ અર્થ કરી શકો, હવે કૃપા કરીને મારા ઘરે પધારો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમે અમારા સેવક સિવાય કોઈના ઘરે જતા નથી. ત્યારે જગતાનંદે વિનંતી કરી, મહારાજ ! મને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી કે જાવ, ન્હાઈ આવો, એટલે જગતાનંદ સરસ્વતીમાં ન્હાઈ અપરસમાં આવ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી

જગતાનંદના ઘરે પધાર્યા.

ત્યાં જગતાનંદને કહે, તમે ભગવદ્સેવા કરો, ત્યારે જગતાનંદે કહ્યું, મહારાજ ! મારા એક ઠાકુર લાલજી છે, તે સદ્દ, તુલસીમાં રહે છે. તેમની ઉપર એક લોટી જલ ચઢાવું છું. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તે ઠાકુરજીને લાવો, એટલે જગતાનંદ શ્રીઠાકુરજીને લઈ આવ્યા. ત્યારે શ્રીઆચાર્ય શ્રીઠાકુરજીને પંચામૃત સ્નાન કરાવી પાટ બેસાડ્યા, જગતાનંદના માથે પધરાવ્યા. પોતે જગતાનંદના ઘરે પાક સામગ્રી કરી શ્રીઠાકુરજીને ભોગ ધર્યો. પછી પોતે ભોજન કરી જગતાનંદને જૂઠનની પાતળ ધરી, પછી રાત્રિએ શ્રીઆચાર્યજીએ આ શ્લોક કહ્યો.

પટનીયં પ્રયત્નન સંવહેતુવિવર્જિતમ્ ।
વૃત્યર્થ નૈવ યુન્જીત પ્રાણૈઃ કંઠગતૈરપિ ॥

જગતાનંદે આ સાંભળતાં જ જલથી સંકલ્પ કર્યો કે આજ પછી વૃત્તિ અર્થે શ્રીભાગવત નહીં કહું. બીજાં શાસ્ત્રો કહીશ ત્યારે શ્રીઆચાર્યજી કહે, શ્રીભાગવતને કહીને જીવિકા કદીયે ન કરવી, પ્રાણ જાય તો ભલે જાય.આ પ્રકારે જગતાનંદના ઘરે રહી પુષ્ટિમાર્ગની રીતિસેવાની શીખથી પોતે પૃથ્વી પરિકમ્માએ પધાર્યા. ત્યારે જગતાનંદ મન લગાડીને ભગવદ્સેવા કરવા લાગ્યા. બીજા પુરાણની કથા, મહાભારત આદિ કહેતા. તેનાથી જીવિકા કરતા. પછી ભગવત્સેવા કરતા કેટલાક દિવસમાં શ્રીઠાકુરજી સાનુભાવ જણાવવા લાગ્યા. તે જગતાનંદ મહાન ભગવદીય હતા. તેમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૪૦॥

॥ વાર્તા ૪૧ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, આનંદદાસ વિશ્વંભરદાસ ક્ષત્રી પ્રયાગમાં રહેતા. તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ લીલામાં કુમારિકાની બન્ને સખી છે, લીલામાં આનંદદાસનું નામ 'નાગરી' અને વિશ્વંભરદાસનું નામ 'મલ્લિકા' છે. એ પ્રયાગમાં એક ક્ષત્રીના ઘરે જન્મ્યા. એમનું મન બાલપણથી વૈરાગ્ય દશામાં રહે. ખાનપાન વસ્ત્રાદિક દેહ સુખ કંઈ ન કરે. જેવું માતા-પિતા દે તેવું ખાય અને પહેરે. માતા-પિતા સુંદર વસ્ત્રો પહેરાવી દે તો પ્રયાગમાં ત્રિવેણીના કિચડમાં મેલું કરીને પહેરે. માતા-પિતા ખિજે, ગાળો દે, પરંતુ બોલે નહીં, જો ઘરેણા પહેરાવે તો કોઈ બ્રાહ્મણને, વૈરાગીને દઈ આવે. અને માતા-પિતા પૂછે તો કંઈ બોલે નહીં, જ્યારે એમ કહે, કે આપણા ખાવા પહેરવાથી શું છે ? કંઈ પરમાર્થ કરો તો સારું છે. આ વાત માતા-પિતાને ગમે નહીં. પછી માતા-પિતાએ આનંદદાસની સગાઈ કરી. ત્યારે આનંદદાસે કહ્યું, મારો વિવાહ ન કરતા હું તો વૈરાગી છું, તે વાત માતા-પિતા માને નહીં અને લગ્નની તૈયારી કરી. દિવસ એક લગ્નનો બાકી રહ્યો, ત્યારે આનંદદાસે નાનાભાઈ વિશ્વંભરદાસને કહ્યું, કે માતા-પિતા તો માનતા નથી, આપણું લગ્ન કરશે તો આપણે બંધીખાનામાં પડીશું. માટે શો ઉપાય કરવો છે ? ત્યારે નાનાભાઈએ વિશ્વંભરદાસને કહ્યું, આ ગામ છોડી ક્યાંય નીકળી ચાલો, તો આપણે બચીશું. એટલે બંને ભાઈ સંધ્યા સમયે નાવ ઉપર બેસી શ્રીયમુનાજીની પાર જઈ ચિત્રકુટમાં જઈ રહ્યા. ત્યાં પર્વતોની શોભા જુવે, અને વનફલ ખાઈને આઠ દિવસ કહ્યા. અહીં માતા-પિતા બધું ગામ ખોળીને હારી ગયાં. પછી પિતાએ કોઈનાથી સાંભળ્યું કે બે ભાઈ ચિત્રકુટમાં જઈ રહ્યા છે. એટલે નવમા દિવસે તે ચિત્રકૂટ આવ્યા. તે પુત્રોની દશા જોઈને કહે કે હવે તમે ઘરે ચાલો. તમારું લગ્ન નહીં કરીએ. અમે વૃદ્ધ છીએ. અમારો દેહ છૂટે ત્યારે તમારા મનમાં આવે તેમ કરજો. હમણાં તમને બાલ્યાવસ્થામાં વનવાસ ઉચિત

નથી, ત્યારે બંને ભાઈ બોલ્યા, વનવાસ તો બાલપણમાં જ ઠીક છે. પરંતુ તમે આવ્યા છો તેથી તમારી સાથે ચાલીશું. પરંતુ અમારા લગ્નની બંનેના લગ્નની ચર્ચા ન કરો અને અમારા પાછળ ન પડો. અમે ચાહે તે કરીશું, કંઈ ચોરી, અન્યાય કરીએ તો રોકજો. અમને તો વૈરાગી અતિત પ્રિય છે. તેમની પાસે બેસીશું. તે તમને ગમતું નથી તેથી ઘર છોડ્યું. ત્યારે પિતાએ કહ્યું, હવે તમે ઘરે ચાલો. તમારા મનમાં આવે તેમ કરજો, અમે તમારી પાછળ નહીં પડીએ. ત્યારે બંને ભાઈ પિતાની સાથે ઘરે આવ્યા. પછી બંને ભાઈ દિવસમાં એક વખત આવી ખાનંપાન કરી જાય. પછી કથા વાર્તા જ્યાં સાંભળે અને ત્યાં જ ધરતી ઉપર પડી રહે. દેહનું દુઃખ સુખ મનમાં ગણે નહીં.

એક સમય બંને ભાઈ શ્રીયમુનાજીના તટે બેસીને જ્ઞાનની વાર્તા કરતા હતા કે ભાઈ ! જન્મ તો બધો વીત્યો પણ પ્રભુથી ઓળખાણ ના થઈ. મન શ્રીઠાકુરજીમાં ન લાગ્યું. કથા વાર્તા ઘણી સાંભળી પરંતુ મન વશ ન થયું. આપણો મનુષ્ય જન્મ વૃથા ગયો, હવે ફરીથી ચોરાસી ભોગવીશું. શું કરીએ ? કંઈ ઉપાય દેખાતો નથી. આ પ્રકારે પરસ્પર વાતચીત કરી. પછી ધીરજ છૂટી ગઈ ત્યારે શ્રીયમુનાજીના કિનારે પોતાનું માથું પીટીને રૂદન કર્યું. શરીરની શુદ્ધ ન રહી રાત્રિએ બંને ત્યાં જ પડી રહ્યાં. ત્યારે અર્ધ રાત્રિ સમયે શ્રીઠાકુરજીએ શ્રીઆચાર્યજીને કહ્યું કે બંને ક્ષત્રિના બાલક શ્રીયમુનાજીની પેલી રેતીમાં પડ્યાં છે. તે મને મારા માટે બહુ તાપ છે. તો આપ પધારીને તેમનો અંગીકાર કરો. નહીં તો એમનું થોડા દિવસમાં શરીર છૂટી જશે, ત્યારે શ્રીઆચાર્યજી કૃષ્ણદાસ મેઘન આદિ વૈષ્ણવોને જગાડીને તે જ સમયે શ્રીયમુનાજીના તીરે પધાર્યા. ઘાટ ઉપર તો કોઈ ન હતું, નાવ બાંધી છે. ત્યારે આપ વૈષ્ણવોને કહે, તમે નાવ ચલાવતાં તો જાણતા નથી. પરંતુ જેમ આવે તેમ ચલાવી, નાવ પાર જશે. મારી ઇચ્છા છે. ત્યારે વૈષ્ણવે નાવ ચલાવી તે નાવ બંને ભાઈ રેતીમાં પડ્યા હતા ત્યાં આવી લાગી. એટલે શ્રીઆચાર્યજીએ શ્રીહસ્તમાં જમના જલ લઈ વેદમંત્ર ભણી બંને ભાઈના ઉપર છાંટ્યું ત્યારે બંને ભાઈઓ ઊઠીને શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! એમનો અંગીકાર કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, સવાર થશે ત્યારે નામ સંભળાવી દઈશું. એટલે બંને ભાઈએ કહ્યું, મહારાજ ! સવાર સુધી દેહ રહે, ન રહે. આ દેહનું શું પ્રમાણ છે ? અને આજે બંને જણાએ કંઈ ખાનપાન તો કર્યું નથી. તેથી આપ ઢીલ ન કરો. શ્રીઠાકુરજીની કૃપાથી આપના દર્શન થયા. સવારે શું જાણીએ જે કેવી બુદ્ધિ થઈ જાય ! ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમારી બુદ્ધિ કદીયે બગડશે નહીં. તમે ઉત્તમ જીવ છો, અને તમે ખાનપાન કર્યું હોય તોય શુદ્ધ છો. પછી બંનેને નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી નાવ ઉપર બેસાડી પાર પોતાના સાથે બંનેને લઈ ગયા.

સવાર થયું ત્યારે શ્રીઆચાર્યજી સ્નાન કરી શ્રીઠાકુરજીની સેવાથી પહોંચી બંને ભાઈને કહે તમે ભગવદ્‌સેવા કરો ત્યારે બંને ભાઈએ વિનંતી કરી, મહારાજ ! અમારું મન તો સંન્યાસ લેવાનું છે પરંતુ બીજી જગ્યાએ મન જતું નથી. અમારું મન ઠેકાણે રહે, ત્યાગ દશા છૂટે તો ઘરમાં રહી શકાય. અને ત્યારે ભગવદ્‌સેવા બને. ત્યારે શ્રીઆચાર્યજીએ ચરણામૃત આપ્યું. 'સંન્યાસ નિર્ણય' ગ્રંથ કરીને બંને ભાઈને સંભળાવ્યો. તેથી રસ જે ઉછલિત હતો તે ભગવદ્‌રસ હૃદયમાં સ્થિર થયો. મનનો ઉદ્વેગ મટી ગયો. ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીનવનીતપ્રિયાજીનાં પ્રસાદી વસ્ત્ર આપ્યા. અને કહ્યું, તમે એમને પધરાવી ઘેર જઈને સેવા કરજો. તમારું મન સદા શ્રીઠાકુરજીની લીલામાં રહેશે. લૌકિક વૈદિક તમને કંઈ બાધા નહીં થાય. પછી બંને ભાઈ શ્રીઆચાર્યજીને દંડવત કરી વિદાય થઈ ઘરે આવ્યા.

રોવા લાગ્યા, બેટા ! બે દિવસથી તમે આવ્યા નહીં, ખાનપાન ક્યાં કર્યું હશે ? અમે જ્યાં સુધી જીવીએ છીએ ત્યાં સુધી એકવાર અમને મોઢું દેખાડ્યા કરો. ત્યારે બંને ભાઈએ કહ્યું, અમને જગા કરી દો તો અમે ઘરમાં રહીએ. ત્યારે માતા-પિતાએ કહ્યું કે આ બધી જગા તમારી છે, જ્યાં ચાહો ત્યાં રહો. ત્યારે બંને ભાઈએ કહ્યું કે નહીં અલગ જગા કરી દો. તમારી જગામાં અમે નહીં આવીએ અને અમે કહીએ ત્યાં તમે ન આવો. તો અમે ઘરમાં રહીએ, ત્યારે એક અલગ જગા બતાવી, પછી બંને જણે જગા ખાસા કરી શ્રીઠાકુરજીને પધરાવ્યા. બંનેએ મળીને રસોઈ કરી ભોગ ધરી મહાપ્રસાદ લીધો. પછી ભગવદ્‌વાર્તા કરે. લીલારસમાં મગન થઈ ગયા. સંન્યાસ નિર્ણયનો ભાવ અને લીલાનો પણ ભાવ વિચારે. રાત-દિવસ રસમાં મગન રહે. તેથી માતા-પિતા બહુ સુખ પામ્યા કે પુત્ર ઘરમાં છે ન મળે તો શું થયું ?

વાર્તાપ્રસંગ ૧ : રાત્રિના બંને ભાઈ ભગવદવાર્તા કરે તેમાં ક્યારેય નાનાભાઈને નિદ્રા આવી જાય અને મોટો ભાઈ રસમાં મગ્ન થઈ કહે જાય ત્યારે શ્રીઠાકુરજી હુંકારો દેતા જાય. તે એથી કે નાના ભાઈને નિદ્રા આવી છે. અને જો હું હુંકારો નહીં આપું તો આ મોટો ભાઈ નહીં કહે . તેથી શ્રીઠાકુરજી હુંકારો દેતા. પછી જ્યારે નાનો ભાઈ જાગે ત્યારે તે કહે, જે મેં તો અહીં સુધી જ સાંભળ્યું છે. પછી તો મને નિદ્રા આવી. ત્યારે મોટાભાઈએ કહ્યું, તમને નિદ્રા આવી તો હુંકારો કોણે આપ્યો ? ત્યારે નાનો ભાઈ કહે, હું તો સૂઈ ગયેલો, મને ખબર નથી. ત્યારે મોટાભાઈએ કહ્યું, શ્રીઠાકુરજીએ હુંકારો આપ્યો હશે. તેથી બન્ને ભાઈ પ્રસન્ન થયા. જે આચાર્યજીની કાનિથી શ્રીઠાકુરજી સાનુભાવ જણાવવા લાગ્યા. તે બન્ને ભાઈ આ પ્રકારે બાલપણથી લૌકિક-વૈદિક જાણતા નહીં, સંસારનો તાપ રંચકે વ્યાપ્યો નહીં.

ભાવપ્રકાશ - એમની વાર્તામાં આ સિદ્ધાંત થયો કે, શ્રીઠાકુરજીનો વિરહ જેને હોય તેને તરત જ પ્રભુ કૃપા કરે.

આનંદદાસ વિશ્વંભરદાસ બન્ને શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. એમની વાર્તા ક્યાં સુધી કહીએ ॥ વાતા ૪૧ ॥

॥ વાર્તા ૪૨ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સેવકની, એક બ્રાહ્મણી અડેલમાં રહેતી તેની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ બ્રાહ્મણી લલિતાજીની સખી છે. એમનું નામ 'શશીકલા' છે. તે અડેલમાં એક બ્રાહ્મણના ઘરે પ્રગટી. જ્યારે તે વર્ષ નવની થઈ ત્યારે તેનું લગ્ન અડેલમાં એક બ્રાહ્મણના ઘરે થયું. તે રોગી હતો. જ્યારે એ બ્રાહ્મણી વર્ષ પિસ્તાલીસની થઈ ત્યારે રોગનો માર્યો તેનો ધણી મર્યો. લૌકિક વિષય આદિ ઘરનું સુખ આ બ્રાહ્મણીએ જાણ્યું નહીં. પછી એકલી થઈ ત્યારે ભગવદીચ્છાથી મનમાં એમ આવ્યું કે હવે શ્રીઆચાર્યજીની સેવક થઉં. તેથી જઈને શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી કે મહારાજ ! મને શરણે લો. જન્મ બધો લૌકિક પતિની ટહેલમાં વીત્યો. તે પણ મરી ગયો. હવે હું આપના શરણે આવી છું એમ કહી રોવા લાગી. ત્યારે શ્રીઆચાર્યજીને દયા આવી. કહે જા, શ્રીયમુનાજીમાં ન્હાઈ આવ. ત્યારે તે બ્રાહ્મણી શ્રીયમુનાજીમાં ન્હાઈ આવી, એટલે શ્રીઆચાર્યજીએ તેને શ્રીનવનીતપ્રિયાજીની આગળ બેસાડી નામ-નિવેદન કરાવી કહ્યું, હવે તું ભગવદસેવા કર. જેનાથી કૃતાર્થ થઈશ. પછી બ્રાહ્મણીએ કહ્યું, મને સેવા પધરાવી દો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, કાલ તને સેવા દઈશું. આજ અહીં રહે. પછી પોતે તેને જૂઠણની પાતળ ધરી. એ પ્રસાદ લઈ ત્યાં રહી પછી પ્રાતઃકાલ થયો ત્યારે તે બ્રાહ્મણી દેહકૃત્ય કરી

શ્રીયમુનાજીમાં ન્હાઈને આવી એટલામાં એક બ્રાહ્મણ દક્ષિણથી આવ્યો. તેણે શ્રીઆચાર્યજીને એક શ્રીભાગવતનું પુસ્તક અને એક લાલજીનું સ્વરૂપ દઈને કહ્યું, હું કાશી જઈ સંન્યાસ ગ્રહણ કરીશ, તેથી આપ આ રાખો.

વાર્તાપ્રસંગ ૧ : શ્રીઆચાર્યજીએ તે શ્રીલાલજીના સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી એ બ્રાહ્મણીના માથે પધરાવ્યું. અને શ્રીબાલકૃષ્ણજીનું નામ ધર્યું. પછી તે બ્રાહ્મણી શ્રીઆચાર્યજીને દંડવત કરી વિદાય થઈ શ્રીબાલકૃષ્ણજીને પધરાવી પ્રીતિથી સેવા કરવા લાગી. શ્રીઠાકોરજી સાનુભાવ જણાવવા લાગ્યા. તે બ્રાહ્મણી નિષ્કપટ, ભોળી બહુ જ હતી.અને નિષ્કંચન, દ્રવ્ય નહીં, તેથી માટીનો કુંજો શ્રીઠાકુરજી આગળ ભરીને રાખે રસોઈમાં પણ માટીનાં પાત્ર, અને ઘર પણ એકદમ નાનું તે જ ઘરમાં રસોઈ, મંદિર, શ્રીઠાકોરજીની સામગ્રી વગેરે રાખે, આચાર-ક્રિયા પણ બહુ સમજે નહીં, અને નેત્રથી થોડું દેખાય. પરંતુ પ્રીતિપૂર્વક સેવા કરે તેથી શ્રીઆચાર્યજી અને શ્રીઠાકુરજી પ્રસન્ન રહેતા. યજમાનને ત્યાંથી જે મળે તેમાં નિર્વાહ કરે તેથી વૈષ્ણવો બધા આપસમાં ચર્ચા કરવા લાગ્યા કે આ બ્રાહ્મણીના માથે શ્રીઆચાર્યજીએ ભગવદસેવા કેમ પધરાવી છે ? આ કંઈ આચાર તો સમજતી નથી, વળી દ્રવ્ય પણ નથી, તેથી અમારા માથે પધરાવે તો અમે સારી રીતે સેવા કરીએ. આ પ્રકારે આપસમાં ચર્ચા કરે, પરંતુ શ્રીઆચાર્યજીને કહી શકે નહીં.

પછી એક દિવસ એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! તે બ્રાહ્મણીને દ્રવ્યનો સંકોચ ઘણો છે. અને આચાર ક્રિયામાં સમજતી નથી. આંખોથી પણ સૂઝતું નથી. તેથી શ્રીઠાકુરજી કોઈ બીજા વૈષ્ણવના માથે પધરાવી દો તો સેવા સારી રીતથી થાય. ત્યારે શ્રીઆચાર્યજી કહે, આચાર-ક્રિયા કે દ્રવ્યથી ઠાકુરજી પ્રસન્ન નથી. શ્રીઠાકુરજીમાં પ્રીતિ જોઈએ. તે બ્રાહ્મણીની પરમ પ્રીતિ છે. જેમ તે બ્રાહ્મણી કરે છે તેમ શ્રીઠાકુરજી માની લે છે. ત્યારે વૈષ્ણવ ચૂપ થઈ ગયો. પછી શ્રીઆચાર્યજી શ્રીયમુનાજી ઉપરથી સંધ્યાવંદન કરીને પધારતા હતા ત્યારે તે બ્રાહ્મણીના દ્વાર આગળ થઈને નીકળ્યા. ત્યારે વૈષ્ણવે કહ્યું, મહારાજ ! તે બ્રાહ્મણીનું ઘર આ જ છે. આપ પધારી સેવાની રીત જુઓ એને દર્શન આપો. ત્યારે શ્રીઆચાર્યજી બ્રાહ્મણીના ઘરે પધાર્યા. તે સમયે બ્રાહ્મણી રોટી કરતી હતી. શ્રીઆચાર્યજીને પધાર્યા જાણ્યા નહીં રોટી કરીને એક ધરે ને ચોપડે અને શ્રીઠાકુરજી રોટલી ઉઠાવીને આરોગે બ્રાહ્મણીને નેત્રથી દેખાય નહીં તેથી રોટી હાથથી ખોળે. તે મળે નહીં ત્યારે મુખથી કહે, રોટી ઉંદર-બિલાડી લઈ જાય છે. હાથ ધરતીમાં ઠોકે. ફરી રોટલી કરે. ત્યારે શ્રીઆચાર્યજી બ્રાહ્મણીને કહે કે તારી રોટલી શ્રીઠાકુરજી આરોગે છે. ઉંદર-બિલાડી નથી. તારા મહાન ભાગ્ય છે.ત્યારે તે બ્રાહ્મણીએ કહ્યું મહારાજ ! આપ પધાર્યા તે મને દેખાતું નથી તેથી જાણ્યું નહીં. મારો અપરાધ ક્ષમા કરો, મારે દ્રવ્ય નથી છતાં આપની કાનિથી શ્રીઠાકુરજી આરોગે છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તું જેમ કરે છે તેમજ શ્રીઠાકુરજી પ્રસન્ન થઈ માને છે. તે જ પ્રકારે સદા કરજે. આ પ્રકારે બ્રાહ્મણી ઉપર પ્રસન્ન થઈ સમાધાન કરી શ્રીઆચાર્યજી પોતાને ઘરે પધાર્યા. પછી બધા વૈષ્ણવોને આપ કહે જે શ્રીઠાકુરજી સ્નેહના ભૂખ્યા છે, તે બ્રાહ્મણી ઉપર પ્રસન્ન છે ત્યારે વૈષ્ણવોએ જાણ્યું કે આ બ્રાહ્મણી ઉપર મહાન કૃપા છે. તેથી શ્રીઠાકુરજી આ પ્રકારે બધી રોટલીઓ નિત્ય હાથમાં ઉઠાવી લે છે. ત્યારે તે બ્રાહ્મણી કહેતી મેં બધી રોટલી કરી પરંતુ જાણ્યું નહીં ઉંદર-બિલાડીએ લીધી હશે. પરંતુ શ્રીઠાકુરજી આરોગીને તે બ્રાહ્મણીને બધી રોટલી પાછી આપતા, તે બ્રાહ્મણીની સાથે નિત્ય શ્રીઠાકુરજી એવી ગમ્મત કરતા. પરંતુ એ બ્રાહ્મણીનો સ્વભાવ સરળ ઘણો. નિત્ય એ પ્રકારે કહે અને

શ્રીઠાકુરજી એની પ્રીતિને એવા વશ થયા કે વિના ભોગ ધરે તે કરતી જાય અને આપ આરોગતા જાય. પછી આપી દે. એ બ્રાહ્મણી શ્રીઆચાર્યજીની એવી કૃપાપાત્ર હતી

ભાવપ્રકાશ : આ વાર્તામાં એ સિદ્ધાંત થયો કે નિષ્કપટ ભાવ શ્રીઠાકુરજીને ઘણો પ્રિય છે, ચતુરાઈથી પ્રસન્ન નહીં, કેવળ પ્રીતિને વશ છે. ॥ વાર્તા ૪૨ ॥

॥ વાર્તા ૪૩ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુની સેવકની, એક ક્ષત્રાણી, પ્રયાગમાં રહેતી, તેના વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : હવે જ્યાં ત્યાં નામ શ્રીગોકુલનાથજીએ કહ્યા નથી. માતા-પિતા હીન નામ રાખતા, કોઈનું ફકીરા, ઘસીટા, વગેરે તેથી વૈષ્ણવોને હીન નામથી શ્રીગોકુલનાથજી કહેતા નહીં. તેથી કોઈ કોઈ વૈષ્ણવનું નામ પ્રકટ નથી કર્યું.

આ ક્ષત્રાણી લીલામાં શ્રીસ્વામિનીજીની સખી છે. ‘નીલા’ એનું નામ છે. તે પ્રયાગમાં એક ક્ષત્રીને ત્યાં પ્રકટી, તે ક્ષત્રી બહુ જ દ્રવ્યપાત્ર હતો. કોઈને ગણતો નહીં, તેણે પ્રયાગમાં એક ક્ષત્રીને ઘરે દીકરી આપી. ગરીબ ઘર હતું ત્યાં આપી. પછી એક દિવસ જમાઈને જમવા બોલાવ્યો, તેને આવતા બે ઘડીની ઢીલ થઈ. એટલે સાસુ-સસરા બધાએ અહંકાર કરીને જમી લીધું. બેટીએ કહ્યું જમાઈને નોતર્યા છે એટલે તે આવશે ત્યારે હું જમીશ. ત્યારે પિતાએ કહ્યું, તે નહીં આવે તો શું અમે બેસી રહીશું ? તારે જમવું હોય તો જમ નહીં તો બીજાને આપી દઈએ. ત્યારે બેટીએ કહ્યું, હું તો મારા ધણીના જમ્યા વિના નહીં જમું તેથી મા-બાપે ક્રોધ કરીને બધું વાપરી નાખ્યું. પછી જમાઈ આવ્યો. ત્યારે સાસુ-સસરા કોઈ એનાથી બોલ્યું નહીં. પરંતુ સ્ત્રીએ પતિને કહ્યું, હવે આમના ઘરમાં જલ પીવાનો ધર્મ નથી, બધી વાત પતિને કહી.ત્યારે પતિએ કહ્યું, તું મા-બાપના ઘરે કદી પણ આવવાનું નામ ન લે તો હું તને ઘરે લઈ ચાલું, ત્યારે એણે કહ્યું, મને લઈ ચાલો, આ જન્મમાં તો ક્યારેય મા-બાપનું નામ નહીં લઉં. પછી બંનેએ પોતાના ઘરે આવી રસોઈ કરી ભોજન કર્યું. પછી સસરાના મનમાં એ આવ્યું કે બેટી રાંડ થાય તો ભલે થાય, પરંતુ જમાઈને મારવો એટલે કંઈક દ્રવ્ય આપી મારવાવાળા મનુષ્યોને પાછળ કર્યા. એક દિવસ જમાઈના માતા-પિતા અને બેટી-વહુ મકરસ્નાન માટે સવારે નીકળ્યા. ત્યારે તે મનુષ્યોએ તેમાંથી ત્રણેને માર્યા, એક તે શ્રત્રીની બેટીને છોડી. એ વાત હાકેમે જયારે જાણી એટલે તેનુ ઘર લૂંટી લીધું, પછી તેના ઘરમાં આગ લાગી ત્યારે એ ક્ષત્રાણીના માતા-પિતા કુટુંબ બધાં બળ્યા. એકલી આ રહી તે ચરખા કાંતીને નિર્વાહ કરે.

એક દિવસ જમનાજીને ન્હાવાને ગઈ. કાર્તિકના દિવસો હતા, પાછલી બે ઘડી રાત્રિ ગઈ ત્યારે ન્હાવાને ગઈ. ન્હાઈને કપડાં પહેરી લોટાથી જલ ભર્યું. ત્યાં એક શ્રીઠાકુરજી લાલજીનું સ્વરૂપ લોટામાં આવ્યું પણ એને ખબર પડી નહીં. પછી ન્હાઈને ઘરે આવી તુલસીને લોટાનું જલ ચઢાવ્યું, ત્યારે તુલસીની પાસે શ્રીઠાકુરજી જઈ બેઠા. તે જોઈને ચક્તિ થઈ. આ સ્વરૂપ ? શું એની ઈચ્છા છે ? એમ વિચાર કરતાં તુલસીની પાસે બેઠી. તે સમયે દેહની શુદ્ધિ ન રહી. એવી ચિંતા થઈ કે હવે હું કોને પૂછું? કોઈ ઘરમાં છે નહીં. રસોઈનું સ્મરણ પણ ભૂલી ગઈ. કોઈવાર શ્રીઠાકુરજીને હાથમાં લે, કોઈ વાર ફરી તુલસીમાં ધરી દે, એમ વિચાર કરતાં અડધી રાત્રિ થઈ, ત્યારે શ્રીઠાકુરજી કહે છે તું શું વિચાર કરે છે? સવારે ઊઠીને પ્રયાગની શ્રીઆચાર્યજી પાસે જઈ સેવક થઈ મારી સેવા કર હું તારા ઉપર કૃપા કરવાને

માટે શ્રીયમુનાજીમાંથી તારા લોટામાં આવ્યો છું. આથી તે પ્રસન્ન થઈ અને બધી રાત્રિ ભૂખી તુલસી પાસે બેસી રહી. પ્રાતઃકાલ થયો, ત્યારે શ્રીઠાકુરજીને લઈ શ્રીઆચાર્યજી પાસે અડેલ જઈ દંડવત કરી બધી વાત કહી, વિનંતી કરી, મને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તારા મોટાં ભાગ્ય છે. તારા કુટુંબમાં તું દૈવી છે તેથી શ્રીઠાકુરજીએ તારા ઉપર કૃપા કરી. જેથી સેવા કર્યા વિના પહેલા જ તારાથી બોલ્યા. પછી તે ક્ષત્રાણીને નામ સંભળાવી નિવેદન કરાવ્યું. પછી શ્રીઠાકુરજીને પંચામૃત સ્નાન કરાવી પાટ બેસાડી તે ક્ષત્રાણીને માથે પધરાવ્યા. અને કહ્યું તું ઘરે જા. મન લગાડીને એની સેવા કરજે. એનું નામ શ્રીબાલકૃષ્ણજી છે, એટલે બાળકની માફક સ્નેહ રાખજે. ત્યારે તે ક્ષત્રાણી શ્રીઆચાર્યજીને દંડવત કરી શ્રીઠાકુરજીને પધરાવી પ્રયાગમાં પોતાના ઘરે આવીને સેવા કરવા લાગી.

વાર્તાપ્રસંગ ૧ : તે બાઈ ચરખો કાંતે અને સૂતર વેચે. તેમાંથી બે પૈસા જુદા રાખે, એમ કરતાં જ્યારે થોડા પૈસા ભેગા થયા ત્યારે દિવસ દશ-બારની બાલભોગની સામગ્રી કરી રાખી. ઘી ખાંડ લાવી મેંદો છાણીને લાડુ કર્યા. પછી હાંડી ભરી મોઢું બાંધીને મંદિરમાં છીંકા ઉપર ધર્યું, મનમાં વિચાર્યું કે દિવસ દસ-બાર તો બાલભોગ કરવાથી નિશ્ચિંત થઈ. પછી રાજભોગથી પહોંચીને અનોસર કરાવી મહાપ્રસાદ લઈ ચરખો કાંતવા બેઠી, ત્યારે શ્રીઆચાર્યજીની કાનિથી શ્રીઠાકુરજીએ સિંહાસન પર બેસી છીંકા ઉપરથી લાડુની હાંડી ઉતારી અને સિંહાસન ઉપર લઈને બેઠા અને હાંડીમાંથી લાડુ આરોગવા લાગ્યા. એટલે મંદિરમાં હાંડીનો અવાજ થવા લાગ્યો. ત્યારે તે ક્ષત્રાણીએ મનમાં વિચાર કર્યો કે મંદિરમાં હાંડીનો શબ્દ થાય છે. તો સામગ્રીની હાંડીમાં ઉંદર-બિલાડી તો નહીં પહોંચી હોય ને ? એમ વિચારીને ધીમેથી કમાડ ખોલી જુએ તો શ્રીઠાકુરજી હાંડીને સિંહાસન ઉપર લઈ બેઠા છે અને તેમાંથી લાડુ આરોગે છે. એ જોઈને ક્ષત્રાણી છાતી કૂટવા લાગી અને બોલી, આ સામગ્રી તો આપના માટે જ કરી હતી, દિવસ દસ-બારની તે આજે જ બધી આરોગ્યા ? ત્યારે શ્રીઠાકુરજી કહે, તું ઝાઝી સામગ્રી કરીને નિશ્ચિંત થઈને બેઠી તે ઠીક નહીં, મને તો નિત્ય નવી તાજી સામગ્રી હોય તે રુચે છે. વાસી સામગ્રી શું કામની ? ત્યારે તે ક્ષત્રાણીએ દંડવત કરીને વિનંતી કરી, મહારાજ ! હું ચૂકી કે એમ કર્યું. હવે નિત્ય તાજી સામગ્રી કરીશ, આળસ નહીં કરું. પછી તે ક્ષત્રાણી નિત્ય નવી સામગ્રી કરીને ધરવા લાગી.

ભાવપ્રકાશ : શ્રીઠાકુરજી બધી સામગ્રી એથી આરોગ્યા કે નિત્ય નવી સામગ્રી કરવાની આરતી રહે. જો તે નિશ્ચિંત રહેશે તો મનનો નિરોધ નહીં થાય, જ્યાં ત્યાં ભટકશે, તેથી બધી આરોગ્યા. અને વૈષ્ણવને એ જણાવ્યું કે વાસી સામગ્રી કામની નહીં, તાજી નિત્ય નવી સામગ્રી અતિ પ્રિય છે.અને તે ક્ષત્રાણીએ છાતી એથી કૂટી કે પુષ્ટિમાર્ગની મર્યાદા એવી છે કે વૈષ્ણવ જે ભોગ ધરે તે શ્રીઠાકુરજી આરોગે. અહીં તો શ્રીઠાકુરજીએ મર્યાદા છોડી. સામગ્રી પોતે જ પોતાના હાથથી આરોગ્યા. તેવી રીતે કદાચ મને છોડે તો ? આ મર્યાદા છોડી તમે મને છોડે તો અનર્થ થાય. અને આ ભાવ પણ છે કે શ્રીઠાકુરજી પોતે લઈને આરોગ્યા તેમાં સેવા સિદ્ધ ન થઈ. મને આજ્ઞા કરી હોત તો હું મારા હાથથી આરોગાવત મારી સેવા ગઈ, તે સેવાને માટે છાતી કૂટી. કેમ કે સામગ્રી શ્રીઠાકુરજીને માટે કરી હતી તે શ્રીઠાકુરજી આરોગ્યા તેમાં તો તે પ્રસન્ન થઈ, પરંતુ છાતી કૂટી તે એથી કે સેવા ગઈ તે માટે. વળી આ વાર્તામાં એ જણાવ્યું છે કે સામગ્રી શ્રીઠાકુરજીને માટે વિચારીને કરીએ તો શ્રીઠાકુરજી પ્રીતિથી આરોગે. અને જો બીજો મનોરથ કરે, દાખલા તરીકે લોકોનું સમાધાન કરવું છે. એમને આ વસ્તુ બહુ ભાવે છે, એવો વિચાર આવે તો દૃષ્ટિથી અંગીકાર કરે, પરંતુ પ્રસન્ન થઈને ન આરોગે. તેથી શ્રીઠાકોરજીને

આરોગાવવાના ભાવથી સામગ્રી કરવી. તે ક્ષત્રાણી શ્રીઆચાર્યજીની એવી કૃપાપાત્ર ભગવદીય હતી. તેની વાર્તા ક્યાં સુધી કહીએ, ॥ વાર્તા ૪૩ ॥

॥ વાર્તા ૪૪ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સેવકની સાસુ-વહુ ક્ષત્રાણી, સાસુનું નામ ગોરજા અને વહુનું નામ સમરાઈ, જે સિંહનંદમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ બન્ને લીલામાં શ્રીસ્વામિનીજીની સખી જે ચંદ્રભાગા , તેમની સખી છે. તેમનું નામ લીલામાં 'નંદા' સખી, સાસુ થઈ તેનું નામ ગોરજા. અને 'વૃંદા' સખી વહુ થઈ એનું નામ સમરાઈ, તે બંને સિંહનંદમાં રહેતી, એમને શ્રીઆચાર્યજીએ જે પ્રકારે સેવક કર્યા તે વાસુદેવદાસની વાર્તા ઉપર કહી આવ્યા છીએ.

વાર્તાપ્રસંગ ૧ : તે શ્રીઠાકુરજીની સેવા કરતી, એક સમય શ્રીઆચાર્યજી થાનેશ્વર પધાર્યા. થાનેશ્વર અને સિંહનંદની વચ્ચે સરસ્વતી નદી છે. શ્રીઆચાર્યજી તે સરસ્વતી નદીનું ઉલ્લંઘન કરતા ન હતા.

ભાવપ્રકાશ : કેમ કે સરસ્વતીના આપ પતિ છે, તેથી સ્ત્રીનું ઉલ્લંઘન કેમ કરે ? તેથી સિંહનંદમાં પોતે ન પધારતા.

તેથી સિંહનંદના વૈષ્ણવો થાનેશ્વર આવીને શ્રીઆચાર્યજીનાં દર્શન કરતા. શ્રીઆચાર્યજી જ્યારે થાનેશ્વર પધાર્યા ત્યારે વથૈયાએ જઈને સિંહનંદમાં બધા વૈષ્ણવોને વધામણી દીધી કે શ્રીઆચાર્યજી થાનેશ્વર પધાર્યા છે, ત્યારે સાસુએ વહુને કહ્યું કે હું શ્રીઆચાર્યજીના દર્શને જાઉં છું, તું શ્રીઠાકુરજીને જગાડીને પહેલાં મંગલા કરી શ્રૃંગાર કરજે. તે પછી રાજભોગ ધરીને શ્રીઠાકુરજીથી પહોંચજે. હું શ્રીઆચાર્યજીનાં દર્શન કરીને આવું પછી તું જજે. ત્યારે વહુ પ્રસન્ન થઈ કે, આજે હું શ્રીઠાકુરજીને શ્રૃંગાર કરીશ, ભોગ ધરીશ પછી સાસુને કહ્યું, તમે દર્શન કરી આવો, પછી હું જઈશ. એટલે સાસુ શ્રીઆચાર્યજીનાં દર્શન કરવા થાનેશ્વર ગઈ. અહીં વહુએ જલદી ન્હાઈને શ્રીઠાકુરજીને મંગલભોગ ધરી પછી શ્રૃંગાર કર્યો. પછી બધી રસોઈ કરી થાળ કટોરા સાજીને શ્રીઠાકુરજીની આગળ ભોગ ધર્યો. ટેરો લગાડીને બેઠી, બધા પાત્રો માંજીને રસોઈ પોતી એટલામાં સમય થયો ત્યારે ભોગ સરાવવાને ગઈ. જઈને જુએ તો થાળી, કટોરા, બધી સામગ્રીથી જેમ ને તેમ ભર્યા છે. ત્યારે શ્રીઠાકુરજી કહ્યું, મહારાજ ! મારી સાસુ તો સિંહનંદ શ્રીઆચાર્યજીનાં દર્શને ગઈ છે, અને હું તો કાંઈ જાણતી નથી. મને સાસુએ કહ્યું તે પ્રકારે કર્યું, પણ તમે આરોગ્યા નહીં. હવે હું શું કરું ? પછી ફરી વહુએ જાણ્યું કે હું કંઈ ચૂકી હઈશ. રસોઈ વખતે છૂટી ગઈ હશે, તેથી ફરી પાત્ર બધા માંજી રસોઈ પોતી સારી રીતે ન્હાઈ ફરી રસોઈ કરી, થાળ કટોરામાં સામગ્રી ધરી શ્રીઠાકુરજીને ભોગ ધર્યો. અને ટેરો લગાડી બહાર આવી, રસોઈનાં પાત્રો માંજી રસોઈ પોતી, ભોગ સરાવતી વખતે સામગ્રી ફરી જેમ ને તેમ સ્થાપિત જોઈ બહુ જ દુઃખ પામવા લાગી, કહ્યું મહારાજ ! હું તો કાંઈ જાણતી નથી. આપ કેમ નથી આરોગતા ? પછી રુદન કરતી જાય ને મનમાં કહ્યું, મારાથી કંઈ મોટો અપરાધ પડ્યો છે તેથી શ્રીઠાકુરજી નથી આરોગતા. પછી ફરી ત્રીજી વાર અપરસ કાઢી સાવધાન થઈ રસોઈ કરી થાર-કટોરામાં સામગ્રી ધરી શ્રીઠાકુરજીને ભોગ ધર્યો. પછી ટેરો લગાડીને રસાઈનાં પાત્રો માંજી રસોઈ પોતી ને ટેરો સરકાવી ભોગ સરાવવા ગઈ, ત્યારે પણ બધી સામગ્રી જેમની તેમ જોઈ ત્યારે તો મહા દુઃખ થયું, જે ત્રણ વાર મેં રસોઈ કરી પણ ત્રણે વાર શ્રીઠાકુરજી આરોગ્યા

નહીં. દુઃખી અને શ્રમિત પણ ઘણી થઈ, તેથી મૂર્છા આવી, પછાડ ખાઈને ભૂમિમાં પડી ગઈ, શ્રમને લીધે કંઠ સુકાઈ ગયો. ત્યારે શ્રીઠાકુરજીએ સિંહાસનથી ઊઠી પોતાની ઝારી વડે જળ પીવડાવ્યું. એટલે સાવધાન થઈ નેત્ર ખોલ્યાં. એ વહુનું દુઃખ શ્રીઠાકુરજીથી સહન ન થયું તેથી પધાર્યા.

ભાવપ્રકાશ : કેમ કે સરળ હતી. છળકપટ જાણતી નહીં.

પછી શ્રીઠાકુરજીએ પ્રસન્ન થઈ વહુને કહ્યું, તું ખેદ કેમ કરે છે ? તેં ત્રણ વાર રસોઈ કરી તે ત્રણે વાર હું આરોગ્યો છું, તું સંદેહ કેમ કરે છે ? ત્યારે વહુએ કહ્યું, હું કેમ માનું ? સામગ્રી તો બધી જેમની તેમ ધરી જ હતી, ત્યારે શ્રીઠાકુરજી કહે, જેમાં મારો હાથ પડે તે વસ્તુ ઘટે નહીં. અને તું ન માને તો કાલે સવારે તારા જોતાં આરોગીશ, તેથી હવે તું મહાપ્રસાદ લે. હું ત્રણે વાર આરોગ્યો છું અને તે કંઈ લીધું નથી. તેથી તું શિથિલ છો, ત્યારે વહુએ ઊઠીને સખડી બધી ગાયને ખવડાવી દીધી પોતે કંઈ ન લીધું. શ્રાઠાકુરજીએ ઝારીનું જલપાન કરાવ્યું તે જ લઈને રહી.

ભાવપ્રકાશ : તે એ માટે કે શ્રીઠાકુરજી સાચું કહે છે કે મારું એમ જ સમાધાન કરે છે ? સવારે ભોજન કરતાં જોઈશ ત્યારે મહાપ્રસાદ લઈશ.

પછી સવાર માટે સામગ્રી પૈણીને સિદ્ધ કરીને સૂઈ રહી. પ્રાતઃકાલ થતાં જ દેહકૃત્ય કરી ન્હાઈને મંગલા, શ્રૃંગાર કરી જલદી જ રસોઈ બધી સિદ્ધ કરી, થારી-કટોરામાં પધરાવી શ્રીઠાકુરજીની આગળ ભોગ ધરી. પછી ટેરો કરવા લાગી ત્યારે શ્રીઠાકુરજી કહે, હવે તું ટેરો શા માટે લગાડે છે ? ફરી તને વિશ્વાસ નહીં આવે. માટે તારા દેખતાં આરોગું છું. એટલે તે પાસે બેઠી. શ્રીઠાકુરજી સારી રીતથી બધી સામગ્રી આરોગ્યા. પછી વહુથી હાસ્ય-વિનોદ કરી બધા રસનો અનુભવ કરાવ્યો. ઠાકુરજી શ્રીદામોદરજીએ આ બધી વાત શ્રીઆચાર્યજીને કહી કે મને સમરાઈ બહુ સુખ આપે છે. તે વાત શ્રીઆચાર્યજીએ મનમાં રાખી કે સમરાઈ દર્શને આવશે ત્યારે પૂછીશું. પછી શ્રીઠાકુરજીએ સમરાઈએ જે પ્રમાણે કહ્યું તે જ પ્રમાણે આરોગ્યા. છતાં બધી સામગ્રી જેમની તેમ જોઈ ત્યારે વહુના મનમાં વિશ્વાસ આવ્યો, કે શ્રીદામોદરજી કાલે ત્રણ વાર આરોગ્યા એમાં સંદેહ નથી. પછી અનોસર કરાવી વહુએ મહાપ્રસાદ લીધો.

આ પ્રકારે પાંચ દિવસ સુધી નિત્ય શ્રીઠાકુરજીને પોતાની આગળ આરોગાવ્યું. પછી સાસુએ શ્રીઆચાર્યજીની વિદાય માંગી. ત્યારે શ્રીઆચાર્યજી કહે, વહુને જલદી દર્શને મોકલી દેજે. સાસુએ ઘેરે આવીને કહ્યું, કે તું હવે શ્રીઆચાર્યજીનાં દર્શન કરી આવ. ત્યારે વહુએ શ્રીઆચાર્યજીની પાસે આવી દંડવત કર્યા. તે સમયે શ્રીઆચાર્યજી રસોઈ કરતાં હતા. ત્યારે વહુને કહ્યું, જા ન્હાઈ આવ, રોટી વેલી દે, ત્યારે સમરાઈ ન્હાઈને આવી અને રોટી વેલવા લાગી. ત્યારે શ્રીઆચાર્યજી સમરાઈને કહે, તારી વાત બધી શ્રીઠાકુરજી શ્રીદામોદરજીએ અમારી આગળ કહી છે. તને બધા રસનો અનુભવ જણાવ્યો, તારા મહાન ભાગ્ય છે. ત્યારે સમરાઈએ કહ્યું કે શ્રીઠાકુરજીના પેટમાં એટલી વાત પણ ન ટકી ? તો એમને શું કહીએ ? આખર તો બાલક છે ! એ વાત સાંભળી શ્રીઆચાર્યજી બહુ પ્રસન્ન થયા અને કહે, આવા વૈષ્ણવને તો ઘરે જઈને દર્શન દેવા ઉચિત છે, પરંતુ શું કરીએ, સરસ્વતી ઉલંઘવી નથી પછી દિવસ બે રહી સમરાઈએ શ્રીઠાકુરજીની બધી વાત શ્રીઆચાર્યજીને કહી પછી ત્રીજે દિવસે આજ્ઞા માગી ત્યારે શ્રીઆચાર્યજી કહે આવા વૈષ્ણવને આજ્ઞા કેમ આપીએ ? સદા એની વાર્તા સાંભળીએ, પરંતુ શ્રીઠાકુરજી એનાથી પ્રસન્ન છે, એના વિના રહી શકતા નથી, તેથી વિદાય દીધી. પછી સમરાઈએ દંડવત કરી

વિનંતી કરી, મહારાજ ! આ બધું આપની કૃપાથી છે. નહીં તો ક્યાં શ્રીઠાકુરજી અને ક્યાં સંસારી જીવ આપની કા’નિથી શ્રીઠાકુરજી અમારા જેવા ઉપર કૃપા કરે છે, એમ કહીને તે ચાલી. તે વહુની દીનત જોઈને શ્રીઆચાર્યજી બહુ પ્રસન્ન થયા, કે આવા વૈષ્ણવ દુર્લભ છે. શ્રીઠાકુરજી જેનાથી બોલે તેને આવી દીનતા હોય.

પછી વહુ ઘરે આવી. શ્રીઆચાર્યજીના બધા સમાચાર સાસુને કહ્યા કે આપણા ઉપર બહુ કૃ છે. એટલામાં વહુની રંચક આંખ લાગી નિદ્રા આવી કારણ શ્રમિત થઈને આવી હતી. એટલામાં સા ભોગ ધરી વાસણ માંજવા લાગી, ત્યારે વહુ ચોંકી પડી જે શ્રીઠાકુરજી કેવી રીતે આરોગતા હશે ? પછ ન્હાઈને મંદિરમાં ગઈ. શ્રીઠાકુરજીને ફરી પોતાની આગળ આરોગાવ્યા. ત્યારે સાસુએ શ્રીઠાકુરજી જણાવ્યું કે રસોઈની ઉપર ટહેલ તું કર અને શ્રૃંગાર વહુ કરશે, ભોગ વહુ ધરશે, વહુના હાથથી હું સા રીતથી આરોગું છું. ત્યારે સાસુએ વહુને કહ્યું, શ્રીઠાકુરજી તારા ઉપર બહુ જ પ્રસન્ન છે. માટે શ્રૃંગા તું કરજે. ભોગ પણ બધો તું ધરજે. હું રસોઈ કરી, અને ઉપરની ટહેલ કરીશ. પછી વહુ નિત્ય નૌત શ્રૃંગાર કરતી, પાસે બેસીને નિત્ય શ્રીદામોદરજીને સામગ્રી આરોગાવતી. શ્રીઠાકુરજી સદા પ્રસન્ન રહેત તે સાસુ વહુ એવા ભગવદીય શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર સેવક હતા. તેમની વાર્તા ક્યાં સુધી કહીએ

ભાવપ્રકાશ : આ વાર્તામાં જણાવ્યું કે નિષ્કપટ પ્રીતિ શ્રીઠાકુરજીને પ્રિય છે. ॥ વાર્તા ૪૪ ।

॥ વાર્તા ૪૫ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સેવકની કૃષ્ણાદાસી શ્રીરુકમણીજીની ખવાસી કરતી, તેમ વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : આ કૃષ્ણાદાસી શ્રીસ્વામિનીજીની અંતરંગીની સખી છે. ‘વ્રજમંગલા’ લીલા એમનું નામ છે. એ પૂર્વમાં પટણાથી બે કોસ ઉપર એક ગામ છે ત્યાં ગૌડ બ્રાહ્મણને ત્યાં જન્મી. તે પા વર્ષની થઈ ત્યારે એક દિવસ માતાની સાથે ગંગા સ્નાને ગઈ. ત્યાં એક નાવ સામે પારથી આવતી હત તે નાવ કાષ્ટની ભરી હતી. અને તેમાં ફક્ત નાવિકો હતા. વર્ષાઋતુ હતી. એવામાં તે નાવ ફાટ નાવિક બધા તરીને પાર આવ્યા. કાષ્ટ બધું તણાયું. કાંઠા ઉપર જ્યાં કૃષ્ણા ઊભી હતી તે ભેખડ તૂટી પડી ગંગાજીમાં તેથી કૃષ્ણા અને કૃષ્ણાની માતા બન્ને ગંગાજીમાં પડી. માતાનો દેહ તો છૂટી ગયો. પ કૃષ્ણા બાલક હતી તેના હાથમાં એક લાકડું આવી ગયું. તે લાકડું પાંચ કોસ દૂર જઈને કિનારે આવ ત્યાં શ્રીઆચાર્યજી સંધ્યાવંદન કરતા હતા, આ છોકરી ત્યાં રોવા લાગી. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું. કોણ બાલક છે ? જુઓ તો ? આ પ્રવાહમાં તણાતી આવી છે. આને ગામમાં પહોંચતી કરો. પટ અહીંથી પાંચ કોશ (દશ માઈલ) છે, ત્યારે કૃષ્ણદાસ તે છોકરીની બાંહ પકડીને શ્રીઆચાર્યજી પાસે લ આવ્યા. શ્રીઆચાર્યજીએ તેને દૈવી જાણીને નામ સંભળાવી નિવેદન કરાવ્યું. પછી કહે, કોઈ વૈષ્ણવ પ મહાપ્રસાદ હોય તો આને ખવડાવો.ત્યારે કૃષ્ણદાસે મહાપ્રસાદ ખવડાવ્યો, પછી શ્રીઆચાર્યજી ક આપણે પુરુષોત્તમપુરી જગન્નાથજીના દર્શને પધારવું છે. તેથી કોઈ માણસ બોલાવી લાવો, આને પટ પહોંચાડો. એટલે કૃષ્ણદાસ એક માણસ પૈસા ઠરાવીને લાવ્યા. તેને એક રૂપિયો આપ્યો ત્યારે તેણે છોકરીને તેડી લીધી પછી શ્રીઆચાર્યજી કૃષ્ણદાસને કહે, આ છોકરીનું પટણામાં ઠેકાણું પાડીને આવ ત્યાં સુધી અમે અહીં બેઠા છીએ.

પછી કૃષ્ણદાસ સાથે ગયા તે પટણા આવ્યા. ત્યાં હરિવંશ પાઠક મળ્યા. તે કાશી રહેત

પટણામાં વહેવારને માટે આવતા ત્યારે હરિવંશ પાઠકને કૃષ્ણદાસે કહ્યું, આ છોકરીનું ઠેકાણું તમે પાડી દેજો. શ્રીઆચાર્યજી મારા માટે બિરાજી રહ્યાં છે. તેથી હું જાઉં છું. ત્યારે હરિવંશ પાઠકે તે છોકરીને પ્રસાદ લેવડાવ્યો. કૃષ્ણદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પાસે આવ્યા. પછી પોતે પુરુષોત્તમપુરી પધાર્યા.

પછી હરિવંશ પાઠકે સાત દિવસ સુધી આખા ગામમાં તપાસ કરી ત્યારે એકે બતાવ્યું કે ફલાણા ગામના બ્રાહ્મણની બેટી છે, ગૌડ બ્રાહ્મણ છે. એટલે એના ઘરે કહેવડાવ્યું. તેથી તેનો પિતા આવ્યો અને કહ્યું, બેટી ચાલ, માતા તો તારી મરી, તું કેવી રીતે બચી ? બેટીને નામ-સમર્પણ થયું હતું. દૈવી જીવ તેથી બુદ્ધિ નિર્મલ થઈ ગયેલી, એટલે તેણે કહ્યું, તમારા મનથી તો મારી મા મરી અને હું ન મરી કેમ કે હું શ્રીઆચાર્યજીની સેવકની થઈ છું. તેથી વૈષ્ણવ વિના બીજા હાથનું પાણી નહીં પીઉં ત્યારે પિતાએ હરિવંશ પાઠકને કહ્યું, તમે વૈષ્ણવ છો. જેવી અમારી બેટી તેવી આ તમારી બેટી. તમે ઘરમાં રાખો બે ચાર વર્ષ પછી એનું લગ્ન કરી દેજો. અમારા હાથનું જલ પીવાની આ ના કહે છે. અને અમારી પાસે કંઈ પૈસા પણ નથી તેથી એનું લગ્ન ક્યાંથી કરીશું ? ત્યારે હરિવંશ પાઠક કહે, ભલે ભગવદ્ઈચ્છા. શ્રીઆચાર્યજીની સેવકને કેવી રીતે કાઢી મુકાય ? કાશીમાં અમારું ઘર છે ત્યાં સ્ત્રીઓ સાથે રહેશે. ત્યારે એના પિતાએ કહ્યું, ભલે, એમ કહી તે છોકરીનો પિતા ઘરે ગયો.

પછી હરિવંશ પાઠક તે છોકરીને લઈને કાશી આવ્યા. પછી તે વરસ દસની થઈ ત્યારે સગાઈ ખોળે પણ કોઈ બ્રાહ્મણ સગાઈ કરે નહીં. કેમ જે અમે એને કેમ વિવાહીએ ? એની જાતનું ખાન-પાનનું ઠેકાણું નથી. વળી આ છોકરી બધાને પોકારીને કહે કે શ્રીઆચાર્યજીનો સેવક હોય તેના હાથથી ખાનપાન કરીશ. તેથી એને કોણ વિવાહે ? ત્યારે હરિવંશ પાઠકે તે છોકરીને કહ્યું કે હવે અમારા ઘરમાં તારો નિર્વાહ થશે નહીં. બે વર્ષ પછી તારી અવસ્થા તરુણ થશે, ત્યારે નિંદા કરશે કે કુંવારી કન્યાને ઘરમાં રાખી છે. તેથી હવે તારે શું ઇચ્છા છે ? ત્યારે કૃષ્ણાએ કહ્યું, મને અડેલમાં શ્રીઆચાર્યજીના ઘરે મોકલી દો. ત્યાં હું રહીશ ત્યારે હરિવંશ પાઠક કૃષ્ણાને સાથે લઈ અડેલ આવી શ્રીગુસાંઈજીને દંડવત કરી બધી વાત કૃષ્ણાની કહી. ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું, કૃષ્ણ અમારી છે. તે વહુજી પાસે રહેશે. પછી કૃષ્ણાએ શ્રીગુસાંઈજીને દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! હું તો જન્મથી આપની દાસી છું . શ્રીઆચાર્યજીએ મારો હાથ પકડ્યો છે માટે આપનાં ચરણારવિંદ વિના મારું ક્યાંય ઠેકાણું નથી. ત્યારે શ્રીગુસાંઈજીએ કૃષ્ણાની દીનતા જોઈ બહુ પ્રસન્ન થઈને કહ્યું, આ મારું પ્રાકટ્ય તો તમારા સરખા વૈષ્ણવ માટે છે. આ ઘર તમારું છે. સુખેથી રહો ત્યારે કૃષ્ણા શ્રીરુકમણીજી વહુજીની ખવાસીમાં રહી. પછી હરિવંશ પાઠક શ્રીગુસાંઈજીથી વિદાય થઈને કાશી આવ્યા. કૃષ્ણા આખા ઘરનું કામ-ટહેલ કરે. તે રીતે બધો પરિવાર પ્રીતિથી વશ કરી લીધો. કૃષ્ણા કહે તે જ થાય. શ્રીગુસાંઈજી પણ શ્રીઆચાર્યજીની કૃપાપાત્ર સેવકની જાણી કૃષ્ણાની કાનિ બહુ રાખતા.

વાર્તાપ્રસંગ ૧ : કૃષ્ણા રુકમણી વહુજીની ખવાસી કરતી, એક સમય શ્રીરુકમણીજી વહુને ગર્ભાધાન રહ્યું. ત્યારે કૃષ્ણાએ કહ્યું, વહુજીને પુત્ર થશે, તેમનું નામ શ્રીગોકુલનાથજી રાખીશ. પછી ગર્ભના દિવસો પૂરા થયા. ત્યારે શ્રીરુકમણીજી વહુજીના પેટમાં પીડા ઊપડી, ત્યારે કૃષ્ણા જઈને એક પંડિત જોષીને પૂછી આવી કે અત્યારે મુહૂર્ત કેવું છે ? ત્યારે જોષીએ કહ્યું, હમણાં બેચાર દિવસ સારા નથી. ત્યારે કૃષ્ણાદાસીએ આવી શ્રીરુકમણીના પેટ ઉપર હાથ ફેરવીને કહ્યું, મહારાજ ! હમણાં ન પધારતા. બે ચાર દિવસ સારા નથી. ત્યારે તત્કાળ પીડા રહી ગઈ. પાંચ સાત દિવસ વિત્યા ત્યારે

કૃષ્ણાદાસીએ ફરી તે પંડિત જોષીની પાસે જઈ પૂછ્યું, કે હવે મુહૂર્ત કેવું છે ? ત્યારે તે જોષીએ કહ્યું, આજ બહુ સુંદર દિવસ છે, ત્યારે કૃષ્ણાએ આવી શ્રીરુકમણી વહુજીના પેટ ઉપર હાથ ફેરવીને કહ્યું, મહારાજ ! આજે બહુ સુંદર મુહૂર્ત છે. મુહૂર્ત આજે સારું છે તો હવે પધારો. ત્યારે તત્કાળ બાલક પ્રગટ થયા. પછી શ્રીગુસાંઈજીએ નામકરણ કર્યું તે વલ્લભ નામ ધર્યું. પરંતુ કૃષ્ણાએ પહેલાંથી શ્રીગોકુલનાથજીનું નામ રાખ્યું છે, તેથી જગતમાં પ્રસિદ્ધ શ્રીગોકુલનાથજી નામ પડ્યું. ઘરમાં શ્રીવલ્લભ કહેતા, અને જન્મપત્રિકામાં શ્રીકૃષ્ણ નામ છે, તે શ્રીગુસાંઈજીએ ગોપ્ય રાખ્યું. તે કૃષ્ણાની એવી કા'નિ રાખતા. વળી જ્યારે શ્રીઘનશ્યામજીનો જન્મ થયો. ત્યારે નામકરણ સમયે શ્રીવલ્લભજીએ કહ્યું, એમનું નામ શ્રીગોકુલનાથજી રાખો ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું, એ નામ તો તમારું જ છે. ઘરમાં તમને વલ્લભ કહે છે પણ આખા જગતમાં તો તમારું નામ શ્રીગોકુલનાથજી છે. કૃષ્ણા ભગવદીયે તમારુ નામ રાખ્યું છે તે ફેરવાય નહિ.

વાર્તાપ્રસંગ ૨ : વળી એક સમય શરદ ઋતુ આવી, ત્યારે રુકમણી વહુજીએ કૃષ્ણાને કહ્યું, કોઈ શરદ નિશાનુ વર્ણન કરો, ત્યારે કૃષ્ણાએ 'શરદ નિશા' કરીને ગાયું. ત્યારે શ્રીગુસાંઈજીએ બહુ જ પ્રસન્ન થઈને કહ્યું, જાણે રાસમાં ઊભા રહીને ગાન કર્યું છે. તે કૃષ્ણાને નંદાલયની લીલા, રાસાદિક લીલાનો અનુભવ છે. તેણે બહુ જ કીર્તનો કર્યા છે. અષ્ટ પ્રહર ભગવદ્રસમાં મગ્ન રહેતી. તે કૃષ્ણાદાસી શ્રીઆચાર્યજીની એવી કૃપાપાત્ર ભગવદીય હતી, એની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૪૫ ॥

॥ વાર્તા ૪૬ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક બુલામિશ્ર, સારસ્વત બ્રાહ્મણ, પશ્ચિમમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ લીલામાં શ્રીસ્વામિનીજી સખી વિશાખાજી તેમની સખી છે. લીલામાં એમનું નામ 'સુમંદિરા' છે. એ લાહોરમાં પશ્ચિમ દિશામાં સાવસ્વત બ્રાહ્મણના ઘેરે પ્રકટયા. તે દશ વર્ષના થયા, ત્યારે પિતાએ બુલામિશ્રને કહ્યું, કંઈ શાસ્ત્ર ભણું તો સારું છે. નહીં તો મારી માફક મૂર્ખ રહેશો, ત્યારે બુલામિશ્રે કહ્યું, કોઈ પંડિત નક્કી કરી મને બતાવો, ત્યાં હું ભણું. પછી લાહોરમાં એક પંડિત પાસે તેમને ભણવાને બેસાડ્યા. ત્યારે તે પંડિતે કહ્યું, મારી દશ-પાંચ રૂપિયાથી પૂજા કરો તો ભણાવું ત્યારે બુલામિશ્ર ઊઠીને ઘેર આવી બેઠા. ત્યારે પિતાએ કહ્યું, ઘરમાં ફરી કેમ આવ્યો ? ઘરમાં બેઠ્યો ભણીશ ? તું જન્મથી ઘરમાં જ રહ્યો છે તેથી સ્ત્રીનું કામ શીખીશ. બહાર નીકળતાં લાજ લાગી હશે. ત્યારે બુલામિશ્રે કહ્યું, અહીં તો જેની પાસે ભણવા જઈએ છીએ તે દ્રવ્ય માંગે છે. તેથી હવે હું કાશી ભણવા જઈશ. તમે મને મ્હેણાં કેમ મારો છો ? ત્યારે પિતાએ કહ્યું, તું ઘરમાંથી બહાર નીકળવાનું મન તો નથી કરતો, તો કાશી કેવી રીતે જઈશ ? ત્યારે બુલામિશ્રે ઊઠીને પિતાને નમસ્કાર કર્યા અને કહ્યું કે હું આ ચાલ્યો. પરંતુ પિતાના માનવામાં આવ્યું નહીં. એમ માન્યું કે એ ક્યાં એકલો જશે ? કોઈ સ્થળે બેસી રહેશે. તેથી પિતા બોલ્યા નહીં. અને બુલામિશ્ર તો ચાલ્યા. રસ્તામાં ચુન માગીને ખાય. એ પ્રકારે કેટલાક દિવસમાં કાશી આવ્યા. ભિક્ષાવૃત્તિથી નિર્વાહ કરે અને ભણવાને પંડિત પાસે જાય. એ પ્રકારે ત્રણ વર્ષ સુધી ભણવાનો યત્ન બહુ કર્યો. પરંતુ રંચક પણ વિદ્યા ન આવી ત્યારે પંડિતે કહ્યું, અમે અનેક વિદ્યાર્થીને ભણાવ્યા પરંતુ તારા જેવો ગૂઢ ન જોયો. ત્રણ વર્ષ સુધી તું પણ ભણવાને મથ્યો અને હું ભણાવતાં થાક્યો, પરંતુ તને અક્ષરનું

તું શા માટે મહેનત કરે છે ? વિદ્યા તારા ભાગ્યમાં નથી. આથી બુલામિશ્રના

મનમાં બહુ જ દુઃખ થયું કે વિદ્યા ભણવાને માટે ઘર છોડ્યું, આટલું દુઃખ સહ્યું, પરંતુ વિદ્યા ન આવી. તેથી હું હવે સરસ્વતી ઉપર મરીશ. પછી ગંગાજીના તીરે કાશીથી દૂર જઈ જ્યાં કોઈ મનુષ્ય નહોતું ત્યાં અન્ન જલ છોડીને બેઠા. તે રીતે ત્રણ રાત અને ત્રણ દિવસ વિત્યા, પણ જલ પણ ન લીધું.

ત્યારે સરસ્વતીએ ગંગાના અંદરથી બુલામિશ્રને કહ્યું કે તું મારા ઉપર કેમ મરવાને બેઠો છે ? હું તો ભગવાનની દાસી છું. ભગવાન જ્યાં મને મોકલે ત્યાં હું જાઉં. અને જગતમાં સર્વ કાર્યના કર્તા તો ભગવાન છે. તે ભગવાનનું ભજન તું કર. ભગવાન પ્રસન્ન થશે તો વિદ્યા તો શું ? જે ઇચ્છીશ તે મળશે. પછી મારા ઉપર મરવા બેસે તો તું ભલે મર હું ભગવાનની ઈચ્છા વિના કોઈની પાસે ન જાઉં. અને જો ભગવાનની ઈચ્છા હોય તો શૂદ્રચાંડાલની પાસે પણ જાઉં અને તે પંડિત થઈ જાય. ભગવાનની ઈચ્છા ન હોય તો ભણ્યા હોય તે પણ મૂર્ખ થઈ જાય, કેવો પણ બ્રાહ્મણ હોય પરંતુ હું ન જાઉં. આ મેં તને બતાવ્યું. હવે તારું મન આવે તો મર, ચાહે જીવ પરંતુ ભગવાનની ઈચ્છા તને વિદ્યા આપવાની નથી. ત્યારે બુલામિશ્રે કહ્યું, મારાથી ભગવદસ્મરણ ભજન તો બનશે નહીં, પરંતુ હમણાં સુધી તારા ઉપર મરતો હતો તે હવે ભગવાનના ઉપર મરીશ. પરંતુ વિદ્યા આવે ત્યારે જ જલપાન કરીશ. ત્યારે સરસ્વતી તો ગઈ. પછી તે ભગવાનનું નામ વિષ્ણુ વિષ્ણુ કહેવા લાગ્યો, રાત દિવસ કહે. ત્યારે ભગવાને સરસ્વતીને કહ્યું, તેં મારા માથે મરવાને બ્રાહ્મણ બેસાડ્યો. હવે જા, મારી ઈચ્છા છે, એને વિદ્યા દે, અને ખાનપાન કરાવી આવ.

એટલે સરસ્વતી સ્ત્રીનું સ્વરૂપ ધરી બુલામિશ્ર પાસે આવી કહે, બ્રાહ્મણ નેત્ર ખોલ. ત્યારે બુલામિશ્રે નેત્ર ખોલીને પૂછ્યું. તું કોણ છે ? ત્યારે તેણે કહ્યું. હું સરસ્વતી છું. મને ભગવાને મોકલી છે. તેથી હવે હું તારી પાસે આવી છું. તું વિદ્યા જોઈએ તેટલી લે. બુલામિશ્રે કહ્યું, હમણાં કાલે જ તો તું મને કહી ગઈ કે વિદ્યા મારા ભાગ્યમાં નથી. તો આજ હવે વિદ્યા દેવા કેમ આવી છો ? ત્યારે સરસ્વતીએ કહ્યું. ભગવાનની ઈચ્છા એમ થઈ કે વિદ્યા દો. ત્યારે બુલામિશ્રે કહ્યું, ભગવાનની ઈચ્છા હવે વિદ્યા દેવાની કેમ થઈ ? પહેલાં તો ન હતી. જો પહેલાં હું ત્રણ વર્ષ ભણ્યો ત્યારે કંઈક આવડત અને ભગવાને હવે તમને મારી પાસે કેમ મોકલી ? ત્યારે સરસ્વતીએ કહ્યું, તમે રાત દિવસ ભગવાનનું નામ લીધું તેથી ભગવાન તમારી ઉપર પ્રસન્ન થયા છે. તમારાં પાપ દૂર થઈ ગયાં તેથી ભગવાને મને મોકલી. તમે મન લગાડી ભગવન્નામ લીધું તેનો આ પ્રતાપ ત્યારે બુલામિશ્રે કહ્યું, કે ભજવાથી ભગવાનનું નામ શ્રેષ્ઠ છે જેને લીધે ભગવાન પ્રસન્ન થયા, તો હવે હું વિદ્યા નથી ચાહતો. વિદ્યાર્થી ભગવન્નામ મોટું જોયું, તેથી હવે તું જા. વિદ્યા મારે ન જોઈએ. હવે ભગવાન જ આવશે. તો દર્શન કરીશ અને ત્યારે જ કંઈ લઈશ. ત્યારે સરસ્વતીએ ભગવાનને જઈ કહ્યું, મહારાજ ! એ તો વિદ્યા નથી લેતો. આપનાં દર્શન ચાહે છે. ત્યારે ભગવાન પ્રસન્ન થયા કે એવો આ કાળમાં કોણ છે જે મને ચાહે ? તેને હું પણ ચાહીશ. પછી ભગવાને ગંગાજીની ભીતરથી વાણી દ્વારા કહ્યું કે બ્રાહ્મણ, હવે તું ખાનપાન કર. પાંચ દિવસ થયા જલ નથી લીધું તેથી હું તારા ઉપર પ્રસન્ન છું. વિદ્યા આદિ જે વર જોઈએ તે માગ. ત્યારે બુલામિશ્રે કહ્યું, મહારાજ ! હવે મારે કંઈ ન જોઈએ. આપ કૃપા કરી મને એકવાર દર્શન દો. ત્યારે ભગવાને કહ્યું કે તમે અડેલમાં શ્રીવલ્લભાચાર્યજી બિરાજે છે ત્યાં જઈ એમને શરણે થાવ ત્યારે તમને મારાં દર્શન ત્યાં થશે. ત્યારે બુલામિશ્ર કહે, મહારાજ ! એકવાર મને દર્શન દો. આપનાં દર્શન કરવાથી મને માયા નહીં લાગે. નહીં તો મેં ખાનપાન કર્યું અને અનેક લોકોનો સંગ થયો એટલે માયા લાગશે.

પછી મનનું અને બુદ્ધિનું ઠેકાણું નહીં. વળી અડેલ જાઉં અને વચમાં જ મને મારી નાખે તો હું શું કરું? ત્યારે ભગવાને પ્રસન્ન થઈ બુલામિશ્રને ચતુર્ભુજ રૂપથી દર્શન દઈને કહ્યું, હવે તમે અડેલ જાવ. શ્રીઆચાર્યજી તમારો મનોરથ પૂર્ણ કરશે. અને તમને માયા નહીં લાગે. ત્યારે બુલામિશ્રે દંડવત કરી વિનંતી કરી મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો. મેં આપનાથી હઠ કર્યો, ક્યાં હું તુચ્છ જીવ અને ક્યાં આપ પુરુષોત્તમ ? મારું કહ્યું આપે કર્યું. પરંતુ આપની માયાએ મને જગતમાં અનેક પ્રકારે ભટકાવ્યો છે. બહુ કલેશ દીધો તેથી મેં આપના દર્શનની વિનંતી કરી. ત્યારે ભગવાન બુલામિશ્રનું સમાધાન કરી અંતરધ્યાન થયા. પછી બુલામિશ્રે ખાનપાન કર્યું. ભગવન્નામનું મહાત્મ્ય જોયું. તેથી દૃઢ વિશ્વાસ થયો. અષ્ટપ્રહાર ભગવાન્નામ લેતાં અડેલ ચાલ્યા. પછી કેટલાંક દિવસમાં અડેલ આવી શ્રીઆચાર્યજીના દર્શન કરી દંડવત કર્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ બુલામિશ્રને કહ્યું કે તું ધન્ય છે, કે આવી ધીરજ અને દૃઢતા રાખી અને આ દેહથી ભગવાનનાં દર્શન પામ્યો. ત્યારે બુલામિશ્રે શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! દર્શન થયાં તે તો આપની કૃપા. પરંતુ ભગવાનના સ્વરૂપનો આનંદ છે તેનો અનુભવ નથી. તે આપ કૃપા કરીને શરણે લો ત્યારે થાય. ત્યારે શ્રીઆચાર્યજી કહે, હવે શરણે થઈને શું કરીશ ? ભગવદ્પ્રાપ્તિ તો તમને થઈ ગઈ. ભગવાનનું વરદાન છે. તને વચન આપ્યું છે કે માયા નહીં લાગે. હવે તારે શું જોઈએ ? ત્યારે બુલામિશ્રે કહ્યું, ભગવદ્પ્રાપ્તિ જે મુક્તિ છે તે તો હું ઈચ્છતો નથી મને તો ભક્તિ પ્રાપ્ત થાય અને તે આપની કૃપાથી થાય માટે શરણે લો. અને ભગવાને પણ આપને બતાવ્યા છે, તેથી હું આપની શરણે આવ્યો છું.

ત્યારે શ્રીઆચાર્યજીએ બુલામિશ્રને કહ્યું, શ્રીયમુનાજીમાં તું ન્હાઈ આવ. એટલે બુલામિશ્રે શ્રીયમુનાજીમાં સ્નાન કરી અપરસમાં આવ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ નામ સંભળાવી નિવેદન કરાવ્યું. અને 'કૃષ્ણાશ્રય' ગ્રંથ કરી તેનો પાઠ કરાવ્યો. તેથી બુલામિશ્રને શ્રીઠાકુરજીની લીલાનો અનુભવ થવા લાગ્યો, બધા શાસ્ત્ર, પુરાણ, વેદના આશયનું જ્ઞાન થઈ ગયું. શ્રીઆચાર્યજીએ એમને માનસી ફલરૂપ સેવાનું દાન કર્યું, તેથી મન અલૌકિક થઈ શ્રીઠાકુરજીમાં લાગ્યું. પછી શ્રીઆચાર્યજી કહે, હવે તમે ઘેર જાવ. ત્યારે બુલામિશ્રે વિનંતી કરી, મહારાજ ! હવે મને ઘરે શા માટે મોકલો છો ? મારે ઘરથી શું કામ છે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમને ઘરે એ માટે મોકલીએ છીએ કે તમારા સંગથી કેટલાક જીવો કૃતાર્થ થશે અને ભક્તિનો વિસ્તાર થશે. હવે તમને સંસાર દુઃખ તો લાગશે નહીં જ્યાં રહેશો ત્યાં અમારી પાસે જ છો. અને જેમ ભગવાન સર્વ સામર્થ્યયુક્ત છે, તેમ ભગવદીય પણ સર્વ સામર્થ્યયુક્ત છે. તેથી ઘરે જાવ માતા-પિતા વૃદ્ધ છે, તમારા સંગથી એમની ગતિ થશે.

ત્યારે બુલામિશ્ર દંડવત કરી શ્રીઆચાર્યજીથી વિદાય થઈને ચાલ્યા. તે કેટલાક દિવસમાં લાહોર આવ્યા. માતા-પિતાને તેમના આવવાથી સુખ થયું. પછી બુલામિશ્રે ઘર ખાસા કરી રસોઈ કરી શ્રીઠાકુરજીને માનસી રીતિથી ભોગ ધર્યો. એક પાતાળ માતા-પિતાને ધરી દીધી, એક ગાયની કાઢી, એક પાતાળ આવ્યા ગયા વૈષ્ણવની, કોઈ ભૂખ્યાને આપીને મહાપ્રસાદ લે. શ્રીભાગવત, સુબોધિની, શ્રીઆચાર્યજીના ગ્રંથના ભાવમાં મગ્ન રહેતા. યજમાન ક્ષત્રી ઘણા હતા તેથી જે આવે તેમાં નિર્વાહ કરે.

વાર્તાપ્રસંગ ૧ : લાહોરમાં એક ક્ષત્રી બુલામિશ્રનો યજમાન હતો તેને બે સ્ત્રી હતી, પરંતુ સંતતિ ન હતી. તેથી કોઈએ તે ક્ષત્રીને કહ્યું તમે હરિવંશ પુરાણ સાંભળો તો તમારે પુત્ર સંતતિ થાય. ત્યારે તે ક્ષત્રિએ બુલામિશ્ર પાસે આવીને ઘણી વિનંતી કરી, કે તમે મને હરિવંશ પુરાણ સંભળાવો તો તમારી

કૃપાથી મારે સંતતિ થાય. ત્યારે બુલામિશ્રે કહ્યું, હમણાં મને અવકાશ નથી. અવકાશ હશે ત્યારે સંભળાવીશ.

ભાવપ્રકાશ : એનો અર્થ એ કે પુત્ર અર્થે હરિવંશ પુરાણ સાંભળે છે, તેથી પુત્ર થવાનો હશે તો ભગવદઈચ્છાથી હું એમને સંભળાવું, અને જો ન થવાનો હોય તો શ્રીઠાકુરજીને શ્રમ શા માટે કરાવું ? કેમ કે મારા સંભળાવ્યાથી શ્રીઠાકુરજી મારો યશ પ્રગટ કરવા માટે તેને પુત્ર દે, તે મારે નથી કરવું. તેથી કહ્યું, અવકાશ હશે ત્યારે સંભળાવીશ. એ પ્રકારે કહી વિદાય કર્યા. ત્યારે શ્રીઠાકુરજીએ વિચાર્યું કે ભગવદીય પાસે કોઈ મનોરથ કરે તે ખાલી કેમ જાય ? બુલામિશ્રને શ્રીઠાકુરજીએ કહ્યું એ ક્ષત્રીને પુત્ર થશે. તું સંભળાવજે.

તે પછી એક દિવસ અચાનક બુલામિશ્ર યજમાન ક્ષત્રીને ઘરે આવ્યા, ત્યારે તે ક્ષત્રીએ ઘણું આદર-સન્માન કરી પોતાના હાથથી બુલામિશ્રના ચરણ માથે ધરી તેમને સુંદર આસન ઉપર બેસાડયા. ત્યારે બુલામિશ્રે તે ક્ષત્રીને કહ્યું, તમે સ્ત્રી સહિત ન્હાઈને નવાં વસ્ત્રો પહેરીને બેસો. ત્યારે બંને સ્ત્રી-પુરુષ ન્હાઈને નવાં વસ્ત્રો પહેરીને આવ્યા. ત્યારે બુલામિશ્ર હરિવંશ પુરાણનો એક શ્લોક બોલ્યા, તે શ્લોક—

“ઈદ મયા તે હરિકીર્તનં મહત્ શ્રીકૃષ્ણમાહાત્મ્યં પરમદ્ભુતમ્ ।”

એ શ્લોક કહી એનો અર્થ કહ્યો કે શ્રીકૃષ્ણનું કીર્તન ઉપર જે કહ્યું તેનું મહાત્મ્ય પરમ અદ્ભુત છે. જે સાંભળે તેના ભાગ્યનો પાર નહીં. પરમ દુર્લભ એ શ્લોકમાં બધા રૂપને પામે છે. પછી મંત્રાક્ષત ભણીને તે મોટી સ્ત્રીના ગોદમાં આપ્યા. ત્યારે તે ક્ષત્રી બુલામિશ્રને કહે, આ તમે શું કર્યું ? આ મોટી સ્ત્રીને તો સ્ત્રી ધર્મ પણ થતો નથી, અક્ષત નાની સ્ત્રીને કેમ નહીં આપ્યા ? ત્યારે બુલામિશ્ર કહે શ્રીઠાકુરજી પુત્ર દેવાવાળા હશે તો આને જ પુત્ર થશે. શ્રીઠાકુરજી સર્વ સામર્થ્યવાન છે. એમ કહી બુલામિશ્ર ઊઠ્યા અને ઘરે ચાલવા લાગ્યા. ત્યારે એ ક્ષત્રીએ કહ્યું, મને કૃપા કરીને સંપૂર્ણ હરિવંશ પુરાણ સંભળાવો. ત્યારે બુલામિશ્ર કહે, તમારો મનોરથ છો પુત્ર માટે આખું પુરાણ સાંભળવાનો છે તેથી પુત્ર તમને થશે. બધું પુરાણ સાંભળવાનું ફલ તમે વિચાર્યું છે તે થયું. હવે બધું પુરાણ સાંભળવાનું પ્રયોજન શું ?

ભાવપ્રકાશ : આ બુલામિશ્રે એથી કહ્યું કે, એમને અવકાશ ક્યાં ? કે બધું પુરાણ સંભળાવે. ભગવદીચ્છાથી કહેવાનો સંયોગ બની આવ્યો.

આ પ્રમાણે કહી બુલામિશ્ર ઘરે આવ્યા. પછી મોટી સ્ત્રીને ગર્ભ રહ્યો અને પુત્ર થયો.

ભાવપ્રકાશ : આ વાર્તામાં ભગવદ્ભક્તોને મોટી વડાઈ આપી છે. કેમકે ભગવદીય ભક્તિ-મુક્તિના દાતા છે. ચાહે તો તત્કાલ શ્રીઠાકુરજીને મેળવી આપે. આ પુત્ર તો તુચ્છ ફલ છે. ત્યાં એમ સમજવું કે, પુત્ર લૌકિક નથી આપ્યો પરંતુ પરમ ભગવદીય પુત્ર આપ્યો છે. તે પુત્ર શ્રીગુસાંઈજીનો સેવક થઈ બધા કુળનું કલ્યાણ કરશે. તેથી ભગવદીય જે દે તે અલૌકિક જ દે. લૌકિક દે તો નહીં દીધા બરાબર છે. કેમકે પુત્ર તો તેને કહીએ જે માતા-પિતાનો ઉદ્ધાર કરે. નહીં તો જેમ પશુ, કુત્તા, ગધાને પણ પુત્ર થાય છે તેમ ગણાય. તેથી સંસારી હોય તો પણ પશુ સમાન છે. જેથી બુલામિશ્રે જેવો પુત્ર શાસ્ત્રમાં વખાણ્યો છે તેવો પુત્ર આપ્યો.

તે બુલામિશ્ર શ્રીઆચાર્યજીના બહુ કૃપાપાત્ર ભગવદીય હતા. સદા માનસી ફલરૂપ સેવામાં અને ભગવદ્સેવામાં મગ્ન રહેતા. તેથી બુલામિશ્રની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૪૬ ॥

॥ વાર્તા ૪૭ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, રામદાસ મેવાડા બ્રાહ્મણ, મીરાંબાઈના પ્રોહિત હતા, મેવાડમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ શ્રીસ્વામિનીજીની સખી વિશાખા, તેમની સખી છે. લીલામાં એમનું નામ 'કંદર્પા' છે. એ સદા શ્રીસ્વામિનીજીના નામનું કીર્તન કરતી. એનું રૂપ બહુ સુંદર હતું. એક દિવસ કંદર્પા પોતાનો શ્રૃંગાર કરતી હતી ત્યારે શ્રીસ્વામિનીજી પધાર્યા ત્યારે કંદર્પા શ્રૃંગાર કરતી હતી તે ઊઠી નહીં. તેથી વિશાખાએ શ્રાપ આપ્યો કે આટલો ગર્વ ! અમારી સ્વામિનીજીનું ઊઠીને સન્માન ન કર્યું ? જા, ભૂમિ ઉપર પડ ! તે પછી અહીં અનેક જન્મ થયા. પછી મેવાડમાં એક બ્રાહ્મણના ઘરે જન્મ્યા. વરસ બાવીસના તે થયા ત્યારે રામદાસના પિતા રામદાસને સાથે લઈને શ્રીરણછોડજીનાં દર્શને ગયા. ત્યાં શ્રીઆચાર્યજી પધાર્યા હતા. રામદાસને આપનાં દર્શન થયાં. ત્યારે રામદાસે પિતાને કહ્યું, શ્રીઆચાર્યજીના સેવક તમે અને અમે થઈએ તો સારું. ત્યારે રામદાસના પિતાએ કહ્યું, જે એ પણ બ્રાહ્મણ છે અને અમે પણ બ્રાહ્મણ છીએ. તો અમે સેવક કોના થઈએ ? હવે તું આવું કહીશ તો તું જાણે. ત્યારે રામદાસ ચૂપ થઈ રહ્યા. પછી પિતાથી છાના શ્રીઆચાર્યજી પાસે જઈ રામદાસે દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! મારું મન આપના સેવક થવાનું ઘણું છે અને મારો પિતા પણ જો સેવક થાય તો ભગવદ્ધર્મ ઘરમાં બને, કલેશ ન થાય. તેથી મારા પિતાને કંઈ આપનું માહાત્મ્ય દેખાડો તો તે સેવક થાય. કેમ કે અજ્ઞાની જીવ છે, અહંકારથી ભર્યો છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તું દૈવી છે, તારો પિતા સાધારણ છે. તેથી તારી પાછળ કૃતાર્થ થશે. તું જે વાત પિતાને કહીશ તે સાચી થશે. તું જ પિતાને માહાત્મ્ય દેખાડજે.

ત્યારે રામદાસ દંડવત કરી પિતા પાસે આવ્યા ત્યારે પિતા રસોઈ કરતો હતો. તે રસોઈ કરતાં બધો હાથ બળી ગયો, તેથી પિતા દુઃખી થયો. ત્યારે રામદાસે કહ્યું, એક વાત હું કહું, જો તમે માનો તો. ત્યારે પિતાએ કહ્યું, કહો. ત્યારે રામદાસે કહ્યું, હું હાથમાં જળ લઈ તમારી આગળ સોગંદ ખાઉં છું કે શ્રીઆચાર્યજી ભગવાન હોય તો આ જલથી તમારો હાથ સારો થઈ જજો. જો બીજો પ્રકાર હોય તો તમારો હાથ સારો ન થજો. આ પ્રકારે કહી જલ તમારા હાથ ઉપર નાખીશ જો હાથ તમારો સારો થાય તો શ્રીઆચાર્યજીના સેવક થજો. ત્યારે પિતાએ કહ્યું, હાં, હાં, આ પ્રકારે થશે તો સેવક થઈશ. ત્યારે રામદાસ હાથમાં જલ લઈ કહે, શ્રીઆચાર્યજી સાક્ષાત્ ભગવાન હોય તો આ જલથી પિતાનો હાથ સારો થઈ જજો. એમ કહી રામદાસે પોતાના હાથનું જલ પિતાના હાથ ઉપર નાખ્યું. તેથી હાથ સારો થઈ ગયો. ત્યારે રામદાસે કહ્યું, ચાલો હવે શ્રીઆચાર્યજીના સેવક થાવ. ત્યારે પિતાએ કહ્યું, બેટા ! તું બ્હાવરો થયો છે. ભાગ્યમાં એમ જ લખ્યું હતું તેથી મારા પુણ્યથી હું સારો થયો છું. રસોઈ તો કરું. ત્યારે રામદાસે ક્રોધિત થઈને કહ્યું, કે તમે આટલા ઉપર ના કહી (ફરી ગયા) તો બંને આંખોથી આંધળા થઈ જાવ. એટલે તત્કાલ તેની બંને આંખોમાં ફુલાં પડી ગયા. પિતા આંધળો થઈ ગયો. ત્યારે પિતાએ રામદાસને કહ્યું, આ તેં શું કર્યું ? હવે હું સેવક જરૂર થઈશ. તું જે કહે તે જ કરું. મારી આંખો સારી થાય તો, ત્યારે રામદાસે કહ્યું, હવે તો શ્રીઆચાર્યજીના સેવક થશો ત્યારે આંખ સારી થશે, નહીં તો બહુ દુઃખ પામશો ત્યારે પિતાએ કહ્યું, ચાલો જલદી, પછી બીજું કાર્ય થશે.

રામદાસે પિતાનો હાથ પકડી શ્રીઆચાર્યજીની પાસે આવીને દંડવત કર્યા. ત્યારે પિતાએ વિનંતી

કરી જે મહારાજ ! આપનો પ્રતાપ પ્રસિદ્ધ જોયો તોયે મારા મનમાં ન આવ્યું તેથી હું આંધળો થયો છું. હવે હું આપની શરણે આવ્યો છું. મારું દુઃખ દૂર કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ રામદાસને કહ્યું, તું શ્રીજમુનાજીમાં ન્હાઈ આવ. તારા પિતાને અહીં બેસી રહેવા દે, ત્યારે રામદાસ શ્રીયમુનાજીમાં ન્હાઈને શ્રીઆચાર્યજી પાસે આવ્યા. શ્રીઆચાર્યજીએ તેમને નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી રામદાસના પિતાને નામ સંભળાવ્યું. ત્યારે રામદાસે શ્રીઆચાર્યજીનું ચરણામૃત પોતે લઈ તેના પિતાના નેત્રોથી લગાડીને કહ્યું, હવે નેત્ર પહેલાં જેવા થઈ જાવ. પછી આંખ સારી થઈ ગઈ, ત્યારે પિતાએ શ્રીઆચાર્યજીને દંડવત કરીને કહ્યું, મહારાજ ! હવે મને શું કર્તવ્ય છે ? જેમાં હું સુખ પામું તે વાત બતાવો, ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે તમારા પુત્ર રામદાસના કહેવામાં રહેશો તો સદા સુખી રહેશો. કૃતાર્થ થઈ મુક્તિ પામશો. પછી રામદાસે કહ્યું, મહારાજ ! મને ભગવત્સેવા પધરાવી દો. ત્યારે શ્રીઆચાર્યજીએ પ્રસાદી વસ્ત્ર દીધાં અને કહ્યું, આની સેવા મન લગાવીને કરજે. રામદાસ પછી દંડવત કરી પિતાને લઈ ડેરા ઉપર આવ્યા. પછી પિતાને કહ્યું, હવે હું રસોઈ કરીશ, તમે ઉપરની પરચારગી કરી દેજો, ત્યારે પિતાએ કહ્યું, કે તમે કહેશો તેમ કરીશ. પછી રામદાસે રસોઈ કરી અને વસ્ત્ર સેવાને ભોગ ધર્યા. પછી પિતાની પાતળ અને ગાયનો ભાગ કાઢી મહાપ્રસાદ લીધો. શ્રીઆચાર્યજી તો અડેલ પધાર્યા. અને રામદાસ પિતાને લઈને મેવાડ આવ્યા અને ઘરમાં રહ્યા. તે પછી ઘરનાં બધાં રામદાસની આજ્ઞામાં રહેતા.

વાર્તાપ્રસંગ ૧ : પછી એક દિવસ રામદાસજી મીરાંબાઈને ત્યાં ગયા. ત્યાં મીરાંબાઈના ઠાકુર આગળ શ્રીઆચાર્યજીનાં કીર્તન ગાતા હતા. ત્યારે મીરાંબાઈએ કહ્યું, કોઈ વિષ્ણુપદ શ્રીઠાકુરજીનું ગાવ. ત્યારે રામદાસને રીસ ચઢી અને કહ્યું, દારી રાંડ ! આ શું આ તારા ધણીના છે ? જા, આજ પછી તારું મુખ નહીં જોઉં. પછી તે ગામમાંથી કુટુંબ લઈને ઊઠી ચાલ્યા, ત્યારે મીરાંબાઈએ ઘણું કહ્યું, એમને દક્ષિણા દેવા લાગી પણ ન લીધી. કુટુંબ લઈ બીજા ગામમાં જઈ રહ્યા. તે રામદાસજી એવા ટેકના કૃપાપાત્ર ભગવદીય હતા. પોતાના પ્રભુમાં તે એવા અનુરક્ત હતા જે કરી મીરાંબાઈનું મુખ ન જોયું.

ભાવપ્રકાશ : આ વાર્તામાં એ જણાવ્યું કે પહેલાં તો અન્યમાર્ગીય પાસે જઈએ નહીં, જઈએ તો પોતાના માર્ગની વાત ન કરીએ. પોતાના માર્ગનાં કીર્તન ન કરીએ. જો કરીએ તો કલેશ થાય. ચતુઃશ્લોકીમાં કહે છે—

વિજાતીયકાન્તે નિજધર્મસ્ય ગોપનમ્ ।
દેશે વિધાય સતતં સ્થૈયમિત્યેવ ભાવયે ॥૧॥

આ પ્રકારે પોતાના ધર્મને ગોપ્ય કરી દેશાન્તરમાં રહેવું. રામદાસે જે સમય શ્રીઆચાર્યજીનાં કીર્તન ગાયાં તે સમયે શ્રીગોવર્ધનધરે વિચાર્યું કે રામદાસે શ્રીઆચાર્યજીનાં કીર્તન ગાયાં છે તો માર્ગની વાર્તા પણ કહેશે. તેથી મીરાંબાઈ દ્વારા કહેવડાવ્યું કે શ્રીઠાકુરજીનાં કીર્તન ગાય. ત્યારે રામદાસને જ્ઞાન થયું કે મેં આ શું કર્યું ? શ્રીગોવર્ધનધરને શ્રમ કરાવ્યો. ત્યારે એમણે મનમાં વિચાર્યું કે હવે આ ગામમાં જલ પીવું ઉચિત નથી. કેમ કે કદાચિત ગામમાં રહીએ તો મીરાંબાઈનું મુખ જોવું પડે. અમે છીએ બ્રાહ્મણ, વળી મીરાંબાઈના પ્રોહિત. દ્રવ્યની લાલચ આ જગતમાં બહુ બૂરી છે. લોભથી ધર્મ જશે તેથી આ ગામમાં જલ ન લેવું. તેથી બધા કુટુંબ સહિત બીજા ગામમાં જઈ રહ્યા. તેથી એમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૪૭ ॥

॥ વાર્તા ૪૮ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, રામદાસ ચૌહાણ રજપૂત, બુંદેલ ખંડવાસી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : લીલામાં એ લલિતાજીની સખી છે. એમનું નામ 'મધુએની' છે. એમના મનમાં એ રહે છે કે હું લલિતાજીની માફક બેઉ સ્વરૂપોને બીડી આરોગાઉં. ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું, આ તારો મનોરથ કોઈ કાલમાં પૂર્ણ થશે તે વાત લલિતાજીએ સાંભળીને મધુએનીને શાપ આપ્યો. જે તું છાની બીડી આરોગાવીશ તો હું શું કરીશ ? જાવ ભૂમિમાં રહો. એવો ગર્વ કર્યો ? પછી તેના સંસારમાં અનેક જન્મ થયા. હવે તે બુંદેલખંડમાં એક રજપૂતના ઘરે જન્મ્યા. ત્યાં વર્ષ બારના થયા. તે રામદાસનો પિતા બુંદેલખંડના રાજાનો ચાકર હતો. એક દિવસ પિતાએ કહ્યું, ચાલો રાજાથી મેળાવું. કેમકે રાજાને નિત્ય મળતા રહો તો તારી ચાકરી થઈ જશે. ત્યારે રામદાસે કહ્યું, હું રાજાની પાસે જઈશ નહીં, કેમ કે હું રાજાને સલામ નહીં કરું. અને રાજાની ચાકરી પણ નહીં કરું. હું શ્રીઠાકુરજીની ચાકરી કરીશ. જેમાં જન્મ સુધરે. રાજાની ચાકરીથી શું કામ છે ? એ સાંભળીને પિતાએ કહ્યું કે તને વૈરાગી મળ્યો લાગે છે. ભરમાવ્યો છે. રાજાની ચાકરી નહીં કરે તો ખાઈશ ક્યાંથી ? ત્યારે રામદાસે કહ્યું શું આખા જગતનું પાલન રાજા કરે છે ? પાલન તો શ્રીઠાકુરજી કરે છે. તમે મૂર્ખ છો, તેથી એમ જાણો છો કે અમારું પાલન રાજા કરે છે. એ સાંભળીને પિતા મનમાં બહુ બળ્યો, પરંતુ એક જ છોકરો અને વ્હાલો ઘણો, તેથી કંઈ બોલ્યો નહીં.

પછી ઘરમાં એક મનુષ્ય રાખ્યો, કે જેથી વૈરાગી આવવા ન પામે. કોઈ વૈરાગીની સંગતિ આ રામદાસને થઈ છે તેથી આ એવો થયો છે તેથી મનુષ્ય રાખ્યો. રામદાસ તો રામકૃષ્ણનો જપ કરે. ન કોઈથી બોલે ન વાત કરે. આ વાત એક રજપૂતે સાંભળી. રામદાસની આ વાર્તા બધી તેણે રાજાની આગળ કહી. ત્યારે રાજાએ રામદાસના પિતાને કહ્યું, કે જા, તારા છોકરાને અહીં લઈ આવ. આટલો મોટો થયો તોએ મારી પાસે ન લાવ્યો ? ત્યારે રામદાસના પિતાએ તે રાજાની આગળ હાથ જોડીને ડરીને કહ્યું કે, મારા છોકરાને કોઈ વૈરાગીનો સંગ થયો છે તેથી બુદ્ધિ બગડી છે. તે મને પણ ગણકારતો નથી. તેથી મેં મનુષ્ય રખવાળી માટે બેસાડ્યો છે કે જેથી કોઈ વૈરાગીને મળવા ન પામે. થોડા દિવસમાં સમજે એટલે લાવીશ. હજુ અજ્ઞાની છે. ત્યારે રાજાએ કહ્યું, સમજાવીને કાલે મારી પાસે લાવ. નહીં તો હું એને બોલાવીને કેદખાનામાં નાખીશ. ત્યારે કેવી રીતે ભાગશે ? વળી અમે સાંભળ્યું છે કે મને સલામ નહીં કરે ! તે જોઉં કેમ નહીં કરે ? ત્યારે રામદાસનો પિતા ડરીને ઘરે આવી રામદાસને કહે, જો હજુએ કંઈ બગડ્યું નથી, રાજા પાસે ચાલ. નહીં તો રાજા કેદખાનામાં રાખશે. ત્યારે રામદાસે કહ્યું, તમે મને શું ડરાવો છો ? ભાગ્યમાં જો કેદખાનું અને દુઃખ લખ્યું તો કોઈથી ટળશે નહીં. હું રાજા પાસે આપમેળે ચલાવીને નહીં જાઉં. પિતા સમજાવીને થાક્યો પણ રામદાસે માન્યું નહીં. પછી બીજો દિવસે થયો. ત્યારે રામદાસના પિતાને કહ્યું, તું બેટાને લાવ્યો નહીં ? તેથી આ તારો જ દોષ છે, હવે તું ખબરદાર રહેજે, તને સમજીશ. ત્યારે રામદાસના પિતાએ ડરીને રાજાને કહ્યું, મારા ઉપર રીસ ન કરો. ઘરમાં પુત્ર છે તેને બોલાવીને સમજાવો. મેં બહુ સમજાવ્યો પણ એ માને નહીં. ત્યારે રાજાએ દશ મનુષ્યો બોલાવીને કહ્યું, રામદાસને લઈ આવો. ત્યારે મનુષ્યોએ આવીને રામદાસને કહ્યું, તમને રાજા બોલાવે છે. ત્યારે રામદાસે કહ્યું, મારે રાજાને શું કામ છે ? હું આવીશ નહીં. ત્યારે મનુષ્યો રામદાસનો હાથ પકડી બાંધીને

રાજા પાસે લઈ ગયા અને જઈને બધી વાત કહી કે આ પ્રકારે બોલ્યો, મારે રાજાથી શું કામ છે ? ત્યારે અમે તેને બાંધીને લાવ્યા. ત્યારે રાજાએ રામદાસને કહ્યું, તું મને સલામ નહીં કરે તો હું તને મારીશ, કેદખાને નાખીશ ત્યારે રામદાસે કહ્યું, તું તને પોતાને તો બચાવ ! મને શું મારીશ ? ત્યારે રાજાએ કહ્યું, આને કેદખાનામાં રાખો. કંઈક મારજો ડરાવજો. ખાવાને ન આપતા. જે પ્રકારે સીધો થાય, મને સલામ કરે, તેમ કરજો. પછી રામદાસને કેદખાને નાખી અનેક દુઃખ દીધાં, પણ રામદાસ કંઈ બોલ્યા નહીં. આ વાત રાજાની રાણીએ સાંભળી ત્યારે કહ્યું, આ તમે શું કર્યું ? દશ-બાર વર્ષનો છોકરો તમને સલામ ન કરે તો શું થયું ? એને આટલું દુઃખ દીધું તે સારું નહીં શું જાણીએ શું થશે. હવે આનું પરિણામ કાંઈક ખરાબ આવશે. તેથી હજુએ તે બાલકને છોડી દો. એ પ્રકારે રાણીએ રાજાને સમજાવ્યો. પરંતુ રાજાએ માન્યું નહીં.

ત્રીજા દિવસે અર્ધરાત્રિએ દક્ષિણથી બીજા રાજાની ફોજ આવી, તેની સાથે લડાઈ થઈ. તે રાજાએ આ રાજાને માર્યો, ગામ લૂંટ્યું, રામદાસનો પિતા ક્યાંક ભાગી ગયો. બધા કેદખાનામાંથી છુટ્યા. પછી રામદાસ બુંદેલખંડથી ચાલ્યા તે મથુરા આવ્યા. વ્રજમાં બધું જોઈ પ્રસન્ન થયા. ત્યારે વિચાર્યું કે મારો પિતા ક્યાંક આવી નીકળે તો મને લઈ જશે તેથી ગોવર્ધનની કંદરામાં અપ્સરા કુંડ ઉપર રહ્યા. તેની અંદર આખો દિવસ બેસતા, ભગવન્નામ લેતા. રાત્રિ થાય ત્યારે વ્રજવાસીઓના ઘરેથી માગીને લાવે જે મળે તેમાં નિર્વાહ કરતા.

વાર્તાપ્રસંગ ૧ : પછી જ્યારે શ્રીઆચાર્યજીએ પ્રથમ જ શ્રીનાથજીને પ્રકટ કર્યા ત્યારે કાચું નાનું મંદિર કરી તેનાં ઉપર ઘાસનું છાપરું બનાવીને શ્રીનાથજીને પાટ બેસાડ્યા. ત્યારે રામદાસને શ્રીઠાકુરજીએ જણાવ્યું કે તું શ્રીઆચાર્યજીનો સેવક થઈ મારી સેવા કર.

ભાવપ્રકાશ : કેમકે તેં લીલામાં મારી પાસે માંગ્યું હતું કે લલિતાજીની સેવા મને મળે. ત્યારે મેં કહ્યું હતું કે કોઈ કાળમાં સિદ્ધ થશે. તે સમયે હવે તારી સેવાનો આવ્યો છે.

પછી રામદાસે આવીને શ્રીઆચાર્યજીને દંડવત કર્યા, ત્યારે શ્રીઆચાર્યજીએ રામદાસને પાસે બોલાવી નામ-નિવેદન કરાવીને કહ્યું, તમે શ્રીનાથજીની સેવા કરો. વ્રજવાસીઓના ઘરેથી જે કંઈ દૂધ-દહીં અન્ન સામગ્રી આવે તે શ્રીગોવર્ધનનાથજીને ભોગ ધરી તમે નિર્વાહ કરજો. પછી શ્રીઆચાર્યજીને સદ્દૂપાંડે, કુંભનદાસ, આદિ વ્રજવાસીઓને કહ્યું તમે શ્રીનાથજીની બધી રીતે સંભાળ રાખજો. તે પછી દૂધ-દહીં, માખણ, અન્ન, સીધા સામગ્રી બધા વ્રજવાસી ત્યાં દઈ જતા. રામદાસ ભોગ ધરીને નિર્વાહ કરતા. પછી જ્યારે પુરણમલને શ્રીનાથજીએ મંદિર સિદ્ધ કરવાની આજ્ઞા આપી ત્યારે પુરણમલ આવ્યા અને મંદિર સિદ્ધ કરાવવા લાગ્યા.ત્યારે દ્રવ્ય ઘટી ગયું. ફરી કમાઈને આવી મંદિર સિદ્ધ કરાવ્યું, ત્યારે રામદાસની દેહ છૂટી લીલામાં પ્રાપ્ત થયા.

ભાવપ્રકાશ : કેમ કે એમનો મનોરથ એકાંત સેવાનો હતો, તે એકલા સેવા કરી લીલામાં ગયા.

વાર્તાપ્રસંગ ૨ : હવે શ્રીનાથજીનું મન વૈભવ વધારવાનું થયું. તે નવા મંદિરમાં બિરાજ્યા ત્યારે શ્રીઆચાર્યજીએ સદ્દૂપાંડેને કહ્યું. દશ-પાંચ વ્રજવાસી સેવા કરે એવા હોય તો સેવા કરે. ત્યારે સદ્દૂપાંડેએ કહ્યું, મહારાજ ! વ્રજવાસીથી સેવા નહીં થઈ શકે કારણ એમને ઘરનું કામ હોય છે, ત્યારે શ્રીઆચાર્યજીએ રાધાકુંડથી બંગાલીઓને બોલાવી રૂદ્રકુંડ ઉપર એક મઢી એમને કરાવી દીધી અને શ્રીનાથજીની સેવા સોંપી પછી કૃષ્ણદાસ અધિકારીએ બંગાલીને કાઢ્યા. રામદાસ સાચોરા બ્રાહ્મણને

મુખિયા-ભીતરીયા કર્યા. તે બધું કૃષ્ણદાસની વાર્તામાં કહ્યું છે. તે વ્રજવાસી બધા પહેલાં શ્રીનાથજીને દેવદમન કહેતા પછી ગાયો ભેટ થઈ ત્યારે ગોપાલ નામ કહેવા લાગ્યા. પછી શ્રીઆચાર્યજીએ શ્રીગોવર્ધનનાથ નામ ધર્યું. એ પ્રકારે રામદાસે ભારપૂર્વક સેવા કરી છે. એ માનસી સેવામાં મગ્ન રહેતા. તે રામદાસ એવા ટેકના કૃપાપાત્ર વૈષ્ણવ હતા. તેથી એમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૪૮ ॥

॥ વાર્તા ૪૯ ॥

હવે શ્રીઆચાર્યજીના મહાપ્રભુજીના સેવક રામાનંદ પંડિત, સારસ્વત બ્રાહ્મણ, થાનેશ્વરના તેમની વાર્તાનો ભાવ કહીએ.

ભાવપ્રકાશ : એ નિકુંજમાં 'તમચર' (કુકડા) છે. એક સમયે રાત્રિ ઘડી છ પાછલી રહી ત્યારે એ તમચર બોલી ઊઠ્યો. એટલે શ્રીઠાકુરજીએ જાણ્યું જે સવાર થયું. તેથી ઊઠ્યા. ત્યારે લલિતાદિક સખીએ કહ્યું કે હજી રાત્રિ ઘણી છે. ત્યારે શ્રીસ્વામિનીજી ક્રોધ કરીને બોલ્યા કે આવા પક્ષીનું અહીં શું કામ ? જેણે સમય વિના મનમાં ખેદ કરાવ્યો. તેથી એનો સંસારમાં જન્મ થાવ. તેથી એ તમચર સંસારમાં અનેક જન્મ પામ્યા. હવે એ થાનેશ્વરમાં એક સારસ્વત બ્રાહ્મણને ઘરે જન્મ્યા. થાનેશ્વરમાં તેમનું લગ્ન થયું. વર્ષ ત્રીસના થયા ત્યારે માતા-પિતાએ દેહ છોડ્યો. પછી સ્ત્રી-પુરુષ રહ્યા. રામાનંદ શ્રીભાગવત આદિ પુરાણ વાંચતા, કથા કહેતા તેથી એમને બધા પંડિત કહેતા તેઓ લોકોથી ચર્ચા પણ કરતા.

એક સમય શ્રીઆચાર્યજી થાનેશ્વર પધાર્યા, ત્યારે રામાનંદ ચર્ચા કરવાને આવ્યા, પરંતુ શ્રીઆચાર્યજી આગળ વાણી બંધ થઈ ગઈ. કહે કંઈ અને નીકળે કંઈ. ત્યારે શ્રીઆચાર્યજી રામાનંદને કહે, તમે વાદ કરવા આવ્યા છો તે આમ કેમ બોલો છો ? ત્યારે રામાનંદને લાજ લાગી, તેથી તે ઘરમાં જઈ સરસ્વતીનું પૂજન અને જપ કરવા બેઠા, અને કહ્યું કે સરસ્વતી પ્રસન્ન થાય ત્યારે જ જલપાન કરું. રાત્રિ દિવસ એમ બેઠા, ત્રણ દિવસ વિત્યા, ત્યારે સરસ્વતીએ પ્રસન્ન થઈ કહ્યું, હું પ્રસન્ન છું તારા મનમાં આવે તે માગ. ત્યારે રામાનંદ પંડિતે કહ્યું, મને કોઈ પંડિત જીતે નહીં, હું બધાને જીતું, એ માગું છું, ત્યારે સરસ્વતીએ કહ્યું, કે જા, એમ જ થશે. પછી અહંકાર કરી ફરી શ્રીઆચાર્યજીની પાસે વાદ કરવાને આવ્યા, ત્યારે તે વખતે પણ વાણી બંધ થઈ ગઈ. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, હવે તો તું સરસ્વતીને પ્રસન્ન કરી વાદ કરવા આવ્યો છે, તો ફરી એમ કેમ બોલે છે ? ત્યારે રામાનંદને બહુ લાજ આવી. ઘરમાં જઈ તેજ પ્રમાણે ફરી સરસ્વતીનું આરાધન કર્યું. સરસ્વતીએ ફરી પ્રસન્ન થઈને રામાનંદને કહ્યું, હવે શું માંગે છે ? વિદ્યા તો તને આપી છે. ત્યારે રામાનંદે કહ્યું, મને શી વિદ્યા આપી ? હું શ્રીઆચાર્યજીથી વાદ કરવા ગયો ત્યાં તો કંઈ ઉત્તર નીકળતો નથી ? ત્યારે સરસ્વતીએ કહ્યું કે મેં તને પંડિત જીતવાનું વરદાન આપ્યું છે, કંઈ ઈશ્વર જીતવાનું નથી કહ્યું. શ્રીઆચાર્યજી તો સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર છે. તેમનાથી તું વાદ કરવાને ગયો તો કેવી રીતે જીતીશ ? તેથી તું તારું ભલું ઈચ્છે તો શ્રીઆચાર્યજીની શરણે જા અને સંસારથી છૂટી કૃતાર્થ થા, એમને તો તું કદીયે નહીં જીતે. ત્યારે રામાનંદે જઈને શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી. મહારાજ ! મેં આપના સ્વરૂપને જાણ્યું નહીં, આપ સાક્ષાત્ ઈશ્વર છો, અને કહ્યું હું જીવ છું. મારા ઉપર કૃપા કરીને મને શરણે લો. મારા અપરાધ ક્ષમા કરો. હું આપનાથી જીવ-બુદ્ધિ કરીને વિવાદ કરવા આવ્યો ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, તમે પંડિત છો, અમારા સેવક થઈ શું કરશો ? ત્યારે રામાનંદે કહ્યું, મહારાજ ! હવે મને ભૂલાવો નહીં. હું આપને શરણે આવ્યો છું. મારો અંગીકાર કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, જા ન્હાઈ આવ, ત્યારે રામાનંદ પંડિત

સરસ્વતીમાં ન્હાઈને શ્રીઆચાર્યજી પાસે આવ્યા. પછી શ્રીઆચાર્યજીએ તેમને નામ નિવેદન કરાવ્યું. ત્યારે રામાનંદે વિનંતી કરી કે મહારાજ ! મારા ઘરે પધારો, મારી સ્ત્રીને અંગીકાર કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે હવે તો પૃથ્વી પરિકમ્મા જવાની તૈયારી છે. તેથી જલદી સ્ત્રીને અહીં લાવ. નામ સંભળાવી દઉં. પછી ફરી થાનેશ્વર પધારીશું. ત્યારે તારા ઘરે ઊતરીશું. એટલે રામાનંદ ઘરે જઈને પોતાની સ્ત્રીને લાવ્યો. ત્યારે શ્રીઆચાર્યજીએ રામાનંદની સ્ત્રીને નામ સંભળાવ્યું. પછી રામાનંદે કહ્યું, મહારાજ ! મને ભગવત્સેવા પધરાવી દો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તારે શ્રીમદ્ભાગવતનું પુસ્તક છે તેને તું ભોગ ધરજે. બીજી સેવા તમારાથી થવી કઠણ છે. પછી રામાનંદ દંડવત કરી સ્ત્રી સહિત પોતાના ઘરે આવ્યા અને શ્રીઆચાર્યજી પૃથ્વી પરિકમ્માએ પધાર્યા.

વાર્તાપ્રસંગ ૧ : પછી એક સમયે શ્રીઆચાર્યજી થાનેશ્વર પધાર્યા ત્યારે રાત્રિએ રામાનંદના ઘરે ઊતર્યા.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે રસોઈ સામગ્રી બીજા વૈષ્ણવના ઘરે કરી.

પાછલી રાત્રિએ રામાનંદે ઊઠીને સ્ત્રીને કહ્યું, જલદીથી છાણ ઉઠાવ, નહીં તો વૈષ્ણવો ઊઠીને બધું છાણ લઈ જશે. એ વાત રામાનંદની શ્રીઆચાર્યજીએ સાંભળી, ત્યારે આપે ઊઠીને મનમાં બહુ ક્રોધ કર્યો કે આ પ્રકારે છાણનું કહે છે જે વૈષ્ણવો છાણું ઉઠાવીને લઈ જશે. તો વૈષ્ણવોનું બીજું સમાધાન શું કરશે ? વૈષ્ણવો મારા પ્રાણપ્રિય, તેમને માટે આવી વાત કહી ? તેથી શ્રીઆચાર્યજીએ ક્રોધ કરી હાથમાં જલ લઈને વેદમંત્ર ભણીને રામાનંદના ઉપર છાંટીને કહ્યું, “મેં તારો ત્યાગ કર્યો.”એમ કહી તે જ સમયે સાથેના વૈષ્ણવોને લઈને ત્યાંથી ચાલી નીકળ્યા, તે થાનેશ્વરથી ત્રણ કોસ ઉપર એક ગામ ‘અમીતીર્થ’ છે ત્યાં જઈને સ્નાન સંધ્યા કર્યાં. જે સમયે રામાનંદના ઘરેથી શ્રીઆચાર્યજી ઊઠીને ચાલવા લાગ્યા તે સમયે થાનેશ્વરના વૈષ્ણવોએ ઘણી વિનંતી કરી, જે મહારાજ ! અમારા ઘરે પધારો, ત્યારે શ્રીઆચાર્યજી કહે, હવે આ સમયે તો આ ગામમાં જલપાન પણ નહીં કરું. એમ કહી પધાર્યા, ત્યાં રહ્યા નહીં.

ભાવપ્રકાશ : તે એથી કે શ્રીઆચાર્યજીનો અપરાધ રામાનંદે કર્યો હોત તો થોડો દંડ દઈ ક્ષમા કરતા, પરંતુ વૈષ્ણવોનો અપરાધ છે તે જલદીથી છૂટે નહીં, તેથી આ ગામમાં રહ્યા નહીં. વળી જ્યારે બ્રહ્મસંબંધની આજ્ઞા શ્રીગોકુલમાં શ્રીઠાકુરજીએ શ્રીઆચાર્યજીને કરી, ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું હતું કે જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો તેને હું નહીં છોડું, તે પરીક્ષા જોવાને માટે શ્રીઆચાર્યજી આપે અપરાધનું બ્હાનું કાઢીને તેમનો ત્યાગ કર્યો. કેમ જે આ સમયે ઠીક પડશે. વળી શ્રીઆચાર્યજીએ ઘણો ક્રોધ એથી કર્યો જે રામાનંદે સ્ત્રીને કહ્યું, છાણ જલદી ઉઠાવ નહીં તો વૈષ્ણવો લઈ જશે. વૈષ્ણવોનું નામ લીધું તેથી આપને ક્રોધ ઊપજ્યો. કેમકે કોઈ એકાદ વૈષ્ણવનું નામ લઈ કહેતા તો એક-બે વૈષ્ણવોનો અપરાધ થતો, પણ એમણે તો ‘વૈષ્ણવો’ કહ્યા અને વૈષ્ણવમાં તો મુખ્ય વ્રજભક્તિ આદિ બધાને વાત લાગુ પડે. તેથી શ્રીઆચાર્યજીને બહુ ક્રોધ ચઢ્યો. આપ ‘નવરત્ન’માં કહે છે કે ‘નિવેદનં તુ સ્મર્તવ્યં...’ આ નિવેદનનું સ્મરણ તાદશી વૈષ્ણવોથી મળીને કરે તો નિવેદનનું ફલ અને ભાવ સમજાય અને ધોળમાં પણ એમ કહ્યું છે જે ‘તન, મન, ધન સમર્પણ કરીને, વૈષ્ણવને અનુસરીએજી.’ વળી આ કીર્તન—

હોં વારી ઈન વલ્લભીયન પર ।
મેરે તનકો કરો બિછોના, સીસ ધરોં ઈનકે ચરનન તર ॥૧॥
ભાવ ભરિ દેખો મેરી અખિયન, મણ્ડન મધ્ય બિરાજત ગિરિધર ।

યે તો મેરે પ્રાણ જીવન ધન, દાન દિયે હે શ્રીવલ્લભ વર ॥૨॥
માયા વાદ ખંડ ખંડન કો, પ્રગટ ભજે શ્રીવિઠ્ઠલ દ્વિજવર ।
'રસિક' કહે આસ ઈનકી કરિ, વલ્લભીયન કી ચરનરજ અનુસર ॥૩॥

આવો ભાવ વૈષ્ણવમાં હોવો જોઈએ તેને બદલે કહે કે 'વૈષ્ણવો છાણ ઉઠાવીને લઈ જશે !' એટલે વૈષ્ણવોને છાણના ચોર ઠરાવ્યા ! તેથી શ્રીઆચાર્યજીએ ક્રોધવંત થઈ બધા વૈષ્ણવોને શિક્ષા આપી કે વિચારીને બોલાવું વૈષ્ણવ પર પ્રીતિ રાખવી.

વાર્તાપ્રસંગ ૨ : પછી શ્રીઆચાર્યજી પૃથ્વી પરિકમ્માએ પધાર્યા. અહીં શ્રીઆચાર્યજીના તિરસ્કારથી રામાનંદ વિકલ થઈ ગયા. જ્યાં ત્યાં બજારમાં ખાનપાન કરે. મર્યાદા બધી છૂટી ગઈ. પરંતુ એટલી મર્યાદા રહી કે જે કંઈ ખાનપાન કરે તે પહેલાં એમ કહે જે 'શ્રીગોવર્ધનનાથજી આરોગજો.' આ પ્રકારે સમર્પણ કરીને ખાય. એક દિવસ રામાનંદ બજારમાં ચાલ્યા જતા. તે એક કંદોઈ જલેબી કરતો હતો. તે તાજી જોઈને રામાનંદે તે વેચાતી લઈ તે જ સ્થળે બજારમાં કહ્યું, 'શ્રીગોવર્ધનનાથજી આરોગજો.' આ પ્રમાણે સમર્પણ કરી જલેબી ખાધી. તે જે સમયે રામાનંદે શ્રીનાથજીને જલેબી આરોગાવી તે સમયે શ્રીઆચાર્યજી શ્રીનાથજી દ્વાર હતા. શ્રીનાથજીને રાજભોગ આવ્યો હતો. સમય થયે શ્રીઆચાર્યજી ભોગ સરાવવાને મંદિરમાં પધાર્યા. અને આચમન મુખવસ્ત્ર કરાવ્યું. ત્યારે શ્રીનાથજીના મુખારવિન્દમાં જલેબીનો ટૂક જોઈ શ્રીઆચાર્યજી શ્રીનાથજીને કહે કે આજ કોઈ ઉત્સવ તો નથી, જલેબી કેવી રીતે આરોગ્યા ? ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે તમારા સેવકે મને જલેબી આરોગાવી છે ? તે હું આરોગ્યો છું. ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે ક્યા વૈષ્ણવે જલેબી આરોગાવી છે ? ત્યારે શ્રીનાથજીએ કહ્યું, રામાનંદ પંડિત થાનેશ્વર ગામનાએ આરોગાવી છે. તે હું આરોગ્યો છું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, કે મેં તેનો ત્યાગ કર્યો છે, એની સમર્પી કેમ આરોગ્યા ? ત્યારે શ્રીનાથજીએ કહ્યું, મેં તમને વચન આપ્યું છે કે જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો તેને હું કેમ છોડું. તેથી તમે ત્યાગ કર્યો, પરંતુ તમે પહેલાં મને સોંપ્યો છે, તેથી હું કેમ છોડું? ત્યારે શ્રીઆચાર્યજી ચૂપ થઈ રહ્યા. પછી અનોસર કરીને શ્રીઆચાર્યજી મંદિરથી બહાર પધાર્યા, ત્યારે આપે દામોદરદાસ હરસાનીને કહ્યું કે રામાનંદ પંડિતના હાથની શ્રીનાથજી જલેબી આરોગ્યા અને કહ્યું કે હું એને કેમ છોડું ? ત્યારે દામોદરદાસે પૂછ્યું કે મહારાજ આપે એનો ત્યાગ કર્યો છે અને શ્રીનાથજીએ પક્ષ કાં તો તે જીવનો અંગીકાર ક્યારે કરશો ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે હવે વૈષ્ણવનો અપરાધ જો નહીં કરે તો એનો લાખ જન્મે અંગીકાર કરીશ. શું થયું ? જે શ્રીનાથજી જલેબી આરોગ્યા તો ? પછી એક વૈષ્ણવ શ્રીનાથજીનાં દર્શન કરીને થાનેશ્વર ગયાં. ત્યારે રામાનંદે તે વૈષ્ણવને પૂછ્યું, કે ક્યારેય મારી વાત શ્રીઆચાર્યજી આગળ નીકળી હતી ? ત્યારે તે વૈષ્ણવે કહ્યું કે તારા હાથની જલેબી શ્રીનાથજી આરોગ્યા, ત્યારે શ્રીઆચાર્યજીને દામોદરદાસ હરસાનીએ પૂછ્યું કે આપ રામાનંદને ક્યારે અંગીકાર કરશો ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, આજ પછી વૈષ્ણવનો અપરાધ નહીં કરે તો લાખ જન્મે અંગીકાર કરીશ, એટલી વાત ચાલી હતી ત્યારે રામાનંદે પ્રસન્ન થઈને કહ્યું, કે ભલે લાખ જન્મમાં મારો અંગીકાર કરવાનું તો કહ્યું તે પછી રામાનંદની બુદ્ધિ સુંદર થઈ ગઈ, વૈષ્ણવના અપરાધથી ડરવા લાગ્યા. પંડિતાઈનો અહંકાર હતો તેથી અપરાધ પડ્યો તે દૈન્યતા થઈ. પછી સ્વપ્ન દ્વારા લાખ જન્મ ભોગવાવી કૃપા કરી શ્રીઆચાર્યજીએ અંગીકાર કર્યો. તે રામાનંદ શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીય હતા. તેથી તેમની વાર્તા ક્યાં સુધી કહીએ.

ભાવપ્રકાશ : અંગીકાર કર્યો તે શાથી ? શ્રીઆચાર્યજી વૈષ્ણવને દંડ દે છે તે શિક્ષા માટે, સ્વરૂપતઃ ત્યાગ નથી. જેમ માતા-પિતા પુત્રને દંડ દે છે તે શિક્ષાર્થ જ. પુત્રનું અહિત ન કરે, તેમજ જાણવું. જો શ્રીઆચાર્યજીએ અંતઃકરણથી ત્યાગ કર્યો હોત તો શ્રીનાથજી એમના હાથથી સામગ્રી કદીયે ન આરોગત. કેમ કે શ્રીઆચાર્યજીના સેવક છે તેથી જેવી ઈચ્છા શ્રીઆચાર્યજીની હોય તે પ્રમાણે શ્રીનાથજી કરે, શ્રીઆચાર્યજી રંચક પણ પ્રસન્ન હોય તો શ્રીઠાકુરજી એનો કદીયે અંગીકાર ન કરે. તો શ્રીઆચાર્યજી જેનો ત્યાગ કરે તેના હાથની સામગ્રી શ્રીગોવર્ધનધર કેમ આરોગે ? તેથી અહીં શ્રીઆચાર્યજીના અંતઃકરણનો ત્યાગ નથી તેથી શ્રીઆચાર્યજીએ વેદમંત્રથી જળ છાંટીને ત્યાગ એ માટે કર્યો કે મર્યાદા રીતિથી ત્યાગ છે લોકોને દેખાડવા માટે. બધા જાણે કે ત્યાગ છે, પરંતુ લીલા-સૃષ્ટિ જાણે કે દૈવી છે તે તો શ્રીઆચાર્યજીના અંગરૂપ છે. જેમ અંગનો ત્યાગ નહીં તેમ દૈવી જીવોનો ત્યાગ નહીં. તેથી શ્રીનાથજી આરોગ્યા. શ્રીઆચાર્યજી 'અંતઃકરણ પ્રબોધમાં કહે છે—

"ચાંડાલી ચેદ્રાજપત્ની જાતા રાજ્ઞા ચ માનિતા ।
કદાચિદપમનેડપિ મૂલતા કા ક્ષતિર્ભવેત્ ॥૧॥"

ચાંડાલી જ્યારે રાજપત્ની, માનવતી થઈ, ત્યારે તેનું અપમાન પણ થાય, પરંતુ રાણીપણું ન જાય. માન અપમાન તો થાય જ. અને 'નવરત્ન' ગ્રંથમાં પણ કહ્યું કે—

'અજ્ઞનાદથવા ક્ષાનાત્ કૃતમાત્મનિવેદનેમ્ ।
યૈ કૃષ્ણસાત્ કૃતપ્રાણૈઃસ્તેષાં કા પરિદેવના ॥

જ્ઞાન અથવા અજ્ઞાન કરીને જેનું નિવેદન ભગવાનમાં થયું છે તે શ્રીકૃષ્ણનો પ્રાણપ્રિય થયો, તેની પરિવેદના, દુઃખ ચિંતા શા માટે ? તેથી રામાનંદ દ્વારા આટલો સિદ્ધાંત પ્રગટ કરવા માટે આપે મર્યાદા રીતિથી ત્યાગ કર્યા. જેમ રાસપંચાધ્યાયીમાં ભક્તોનું માન જોઈ અંતર્ધ્યાન થયા એટલે શું છોડી ગયા ? નહીં. ભક્તોને પ્રભુ છોડે જ નહીં, બહારથી એમના હૃદયમાં જઈ બેસે. તે જ રીતે બધાના જોતાં ત્યાગ કર્યો એમાં વૈષ્ણવોનો અપરાધ આવો મોટા છે એમ બતાવ્યું. વળી વૈષ્ણવોએ સંભાળીને બોલવું, કેમ કે આશ્રય, અન્યાશ્રય બધુ વચનમાં છે. ઉપરની વાર્તામાં તે બાઈએ સંસારી મનુષ્યથી પ્રસન્ન થઈને કહ્યું. "તમે મને જીવાડી" ત્યારે શ્રીઠાકુરજી તેને ત્યાંથી પધારી ગયા અને રજો ક્ષત્રાણી પાસે શ્રીઆચાર્યજીએ ઘી માંગ્યું તે ન આપ્યું તો પણ રાત્રિએ વિનંતી કરી સામગ્રી આરોગાવી, તેથી એક વચન અહંકારનું બધા ધર્મોનો નાશ કરે, અને એક વચન પ્રસન્નતાનું હોય તો પ્રભુ પ્રસન્ન થાય. તેથી વૈષ્ણવે સંભાળીને બોલવું એમ જણાવ્યું. વળી માહાત્મ્યવાળા જીવો છે તેમને દૃઢતા જણાવી. પુષ્ટિમાર્ગમાં અંગીકાર કર્યો છે તેથી શ્રીઠાકુરજીએ આટલું થાય છતાં તેને ન છોડ્યો અને જલેબી આરોગી. સમર્પણીનો ત્યાગ નહીં. શ્રીઠાકુરજીનાં વચન પ્રમાણ કર્યા, જે બ્રહ્મસંબંધ આજ્ઞા આપી ત્યારે કહ્યું છે કે જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો તેને હું નહીં છોડું. તે વચન અહીં સાચાં કરી દેખાડ્યાં.

વળી વૈષ્ણવોને શ્રીગોવર્ધનધરે આમાં એવું જણાવ્યું કે રામાનંદે વિકલ થઈને મને બજારની જલેબી ધરી તે પણ હું શ્રીઆચાર્યજીની કા'નિથી સેવક જાણી આરોગ્યો, તો સુંદર રીતિથી સામગ્રી ધરે તે ઘણી પ્રીતિથી આરોગું છું, અને વળી એ પણ જણાવ્યું કે યદ્યપિ રામાનંદ ભ્રષ્ટ, વિકલ થયા હતા તો પણ શ્રીનાથજીને સમર્પીને ખાનપાન કરતા. એટલી મર્યાદા ન છોડી. અને જે વૈષ્ણવ અસમર્પિત ખાય છે તે રામાનંદથી પણ નીચે ગયા. ત્યાગ તો તેવાનો જ થયો જાણવો. તેથી સમર્પ્યા વિના કંઈ ન લેવું

વળી શ્રીઆચાર્યજી રામાનંદનો ત્યાગ કરી ત્યાં રહ્યા નહીં, તે એથી કે અંતઃકરણનો ત્યાગ નથી. તેથી જો આપ ત્યાં રહે અને રામાનંદ વિનંતી કરી ફરી પ્રસન્ન કરે તો આટલો સિદ્ધાંત ક્યાંથી પ્રકટ થાત ! અને શ્રીઆચાર્યજી જ્યારે શ્રીનાથદ્વારા હોય ત્યારે જ જલેબી રામાનંદ આરોગાવે તેનું કારણ એ કે બધા વૈષ્ણવો રામાનંદનો ત્યાગ થયો એમ જાણે છે. તેથી આપે દેખાડ્યું કે ત્યાગ નથી કર્યો. રામાનંદ તો શ્રીનાથજીની પાસે બેઠા છે. વળી એ પણ જણાવ્યું કે લૌકિક-વૈદિક દેહ જે ત્યાં વિકલ થઈ છે તેનો ત્યાગ કર્યો. અલૌકિક, આધિદૈવિક દેહ જે શ્રીગોવર્ધનધરની પાસે જ છે, તે સેવા કરે છે ઇત્યાદિ ભાવ પ્રગટ દેખાડ્યા. ॥ વાર્તા ૪૯ ॥

॥ વાર્તા ૫૦ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, વિષ્ણુદાસ છીપા, આગ્રાની પાસે એક ગામ છે ત્યાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ—

ભાવપ્રકાશ : એ લીલામાં શ્રીચંદ્રાવલીજીની સખી છે. ‘કમળા’ એમનું નામ છે. તે આગ્રાની પાસેના એક ગામમાં એક છીપાને ત્યાં પ્રકટ્યા. પછી વર્ષ વીસના થયા ત્યારે તેમનું લગ્ન થયું. પછી પિતા વસ્ત્ર છાપી દે તે વિષ્ણુદાસ આગ્રામાં જઈને વેચી આવે. એમ કરતાં એક સમય શ્રીઆચાર્યજી આગરે પધાર્યા. તે વખતે વિષ્ણુદાસ સુંદર છીંટનાં થાન લઈ આગ્રે આવ્યા હતા. ત્યારે શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસને કહ્યું, આ છીપાની પાસે છીંટ સારી છે તે તું લે. જે માંગે તે આપ. ત્યારે કૃષ્ણદાસે વિષ્ણુદાસને કહ્યું આ છીંટના થાન (તાકા) અમને દે. પૈસા જે થાય તે તું લે. ત્યારે વિષ્ણુદાસે ચારગણું મૂલ્ય કહ્યું, એટલે કૃષ્ણદાસે બધા રૂપિયા ગણી દીધા. અને કહ્યું, બીજા સારા થાન હોય તો લઈ આવ. ત્યારે વિષ્ણુદાસ ચક્તિ થઈ રહ્યા. એમને લાગ્યું કે આ તો કોઈ મહાપુરુષ અલૌકિક જીવ છે કેમ જે મૂલ્ય ન કર્યું અને આખું થાન લીધું તેના પૈસા આપ્યા. માટે એમને છીંટ આપવી ઉચિત નથી. એમનો પૈસો મારા ઘરમાં આવશે તો બધું ઘર વૈરાગી થઈ જશે. તેથી વિષ્ણુદાસે કહ્યું પૈસા તમારા પાછા લો. મારે છીંટના થાન મને પાછા આપો. ત્યારે કૃષ્ણદાસે કહ્યું, તું બહુ મૂર્ખ દેખાય છે ! તે મૂલ્ય કહ્યું, તેટલા પૈસા આપ્યા, હવે આ થાન ક્યારેય પાછા મળે નહીં. તારો ટોટો હોય તો બીજા પણ રૂપિયા લે. ચારગણા તો પૈસા લીધા છે. ત્યારે વિષ્ણુદાસે કહ્યું, તમે મહાપુરુષ છો, તેથી તમારું દ્રવ્ય ઘરમાં આવે તો બધું ઘર વૈરાગી થાય, તેથી હું વેચતો નથી. માટે થાન પાછા આપો. નહીં તો આ રૂપિયા પણ રાખો. બીજાં થાન પણ રાખો પરંતુ તમારા રૂપિયા મને પચે નહીં. ત્યારે કૃષ્ણદાસે કહ્યું આ થાન શ્રીઆચાર્યજીએ શ્રીમુખથી વખાણ કરીને કહ્યું કે લે, તેથી તું કોટી ઉપાય કરે તો પણ આ થાન પાછા મળે નહીં. અને શ્રીઆચાર્યજીના સેવક વિના બીજા કોઈનું અમે લેતા નથી તેથી રૂપિયા તારા મનમાં આવે તેટલા લઈ જા. થાન તારા મનમાં આવે તો લાવજે તારા મનમાં ન આવે તો ન લાવજે. ત્યારે વિષ્ણુદાસે કહ્યું, શ્રીઆચાર્યજી ક્યાં છે ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું, આ પીપળાના ઝાડ નીચે બિરાજે છે.

વિષ્ણુદાસે આવીને શ્રીઆચાર્યજીનાં દર્શન કરી દંડવત કરીને કહ્યું, મહારાજ ! આપના સેવકમાં આટલો ધર્મ છે તો આપ તો ભગવાન છો. હવે મને શરણે લો.ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમને શરણે કેવી રીતે લઈએ ? તમે છીપાઓમાં રહો છો ? આચાર ક્રિયા પુષ્ટિમાર્ગીય કેવી રીતે નભશે ? ત્યારે વિષ્ણુદાસે વિનંતી કરી, મહારાજ ! હવે જ્યારે આપનો સેવક થયો છું તો પછી જ્ઞાતિવ્યવહારનો ડર શો છે ? મા-બાપ માનશે, આપના સેવક થશે. તો એમના ભેગો રહીશ. નહિ તો અલગ ઘર કરીને રહીશ. તેથી

કૃપા કરીને મને શરણે લો. ત્યારે આચાર્યજીએ કહ્યું, જા શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવ, એટલે વિષ્ણુદાસ શ્રીયમુનાજીમાં ન્હાઈ અપરસમાં આવતા હતા તે અટકી ગયા. કારણ કોઈનું જૂઠું પાંદડું ઊડીને દેહથી લાગ્યું. તેથી ફરી ન્હાવાને ચાલ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, વિષ્ણુદાસ ! પાછા કેમ ચાલ્યા ? ત્યારે વિષ્ણુદાસે કહ્યું, મહારાજ ! પત્તું ઊડીને દેહથી લાગ્યું તેથી છોવાઈ ગયો, તેથી ફરી ન્હાવા જાઉં છું. ત્યારે શ્રીઆચાર્યજી કહે, હમણાંથી તું છુવા-છૂતમાં સમઝે છે ? ત્યારે વિષ્ણુદાસે વિનંતી કરી મહારાજ ! હું શું જાણું જે કોને છુવા-છૂત કહે છે ! આપની કૃપાથી જાણી શકાય છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, ઊભો રહે. અમારે પણ શ્રીયમુનાજીના તીરે મધ્યાન્હની સંધ્યા કરવી છે તેથી ત્યાં તને નામ સંભળાવીશું. ત્યારે વિષ્ણુદાસે વિનંતી કરી, મહારાજ ! મારા માટે આપ શ્રમ ન કરો. ન્હાઈને આવીશ. આપ આપની ઈચ્છાથી પધારો તો સુખેથી પધારો. મારા માટે પધારો તો મને અપરાધ પડે ત્યારે શ્રીઆચાર્યજી પ્રસન્ન થઈને કહે, તમારા સરખા વૈષ્ણવોને માટે તો લીલામાંથી પધાર્યા છીએ અને પરિકમ્મા કરીએ છીએ. માયાવાદ ખંડન કરી ભક્તિમાર્ગનું સ્થાપન કરીએ છીએ. અનેક ગ્રંથો બધા વૈષ્ણવોને માટે કર્યા છે. તો આવું તું કેમ કહે છે જે શ્રમ ન કરો ! ત્યારે વિષ્ણુદાસે કહ્યું, મહારાજ ! મારે તો કહેવું જોઈએ. સેવકનો આ ધર્મ છે, પછી શ્રીઆચાર્યજી શ્રીયમુનાજીના તીરે પધારી વિષ્ણુદાસને ન્હવડાવી નામ સંભળાવ્યું અને બ્રહ્મસંબંધ કરાવ્યું. ત્યારે વિષ્ણુદાસે વિનંતી કરી મહારાજ ! હું મૂર્ખ છું, તેથી એવી કૃપા કરો કે શ્રીભાગવત આદિ આપના ગ્રંથનું કંઈક જ્ઞાન થાય, આપના માર્ગનો સિદ્ધાંત સમજાય. ત્યારે શ્રીઆચાર્યજીએ 'સેવા-ફલ' ગ્રંથ કરી વિષ્ણુદાસને સંભળાવ્યો. તે સાંભળીને વિષ્ણુદાસે વિનંતી કરી મહારાજ ! 'સેવા-ફલ' ગ્રંથના સાંભળવાથી બધા શાસ્ત્ર-પુરાણનું જ્ઞાન થયું. પરંતુ 'સેવા-ફલ' ગ્રંથનો અભિપ્રાય સમજવામાં ન આવ્યો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, જે 'સેવા-ફલ' ગ્રંથ એવો જ કઠણ છે. સારું કર્યું તેં પૂછ્યું. પછી આપે 'સેવા-ફલ'ની ટીકા કરીને સંભળાવી ત્યારે માર્ગનો સમગ્ર સિદ્ધાંત વિષ્ણુદાસને હૃદયારૂઢ થયો. તેમાં મગન થઈ ગયા.

પછી કૃષ્ણદાસે કહ્યું, આ તારું છીંટનું સ્થાન છે, જોઈએ તો લઈ જા. અગર પૈસા લે. અથવા ભેટ કરો. ત્યારે વિષ્ણુદાસે કૃષ્ણદાસને વિનંતી કરી, કે મેં તમારા સંગથી શ્રીઆચાર્યજીનું શરણ મેળવ્યું. તમે ભગવદીય થઈ આવું મને ન કહો. કોની છીંટ અને કોણ ભેટ કરે ? આ બધું પ્રાણ-શરીર જ્યારે જ્યાં શ્રીઆચાર્યજી કહે, ત્યાં વિનિયોગ કરાવજો. ત્યારે કૃષ્ણદાસ પ્રસન્ન થઈ ચૂપ થઈ રહ્યા. પછી શ્રીઆચાર્યજી વિષ્ણુદાસને કહે, હવે તમારા ઘરે જાવ. ત્યારે વિષ્ણુદાસે કહ્યું, કે મહારાજ ! હવે મારું ઘર તો આપના ચરણકમલની રજમાં છે તે છોડીને ક્યાં જાઉં ? ત્યારે શ્રીઆચાર્યજી પ્રસન્ન થઈને કહે કે તે તો સાચું, પરંતુ અમે તો અડેલ પધારીએ છીએ. તમે પણ તમારા ગામમાં રહો. પછી શ્રીગુસાંઈજી જ્યારે શ્રીગોકુલવાસ કરે ત્યારે તમે શ્રીગોકુલ જઈ શ્રીગુસાંઈજી પાસે રહેજો. હવે તમને સંસાર બાધા કરી શકશે નહીં. જેથી મન આવે ત્યાં રહો. વળી તમે શ્રીગુસાંઈજીની લીલા-સંબંધી છો તેથી તમારો બધો મનોરથ શ્રીગુસાંઈજી પૂર્ણ કરશે. અમે તમને અંગીકાર કરી પોતાના કર્યા છે. તમે સદા ભગવત્સેવામાં મગન રહેશો. પછી વિષ્ણુદાસ દંડવત કરી પોતાને ગામ આવ્યા. શ્રીઆચાર્યજી એ અડેલ પધારીને શ્રીનવનીતપ્રિયાજીને વિષ્ણુદાસની છીંટ અંગીકાર કરાવી. અહીં વિષ્ણુદાસે ઘરમાં આવી માબાપને કહ્યું, હું જુદો રહીશ. ત્યારે મા-બાપ કહે, અલગ રહેવાનું કારણ શું છે ? ત્યારે વિષ્ણુદાસે કહ્યું, મારું મન એમ જ કહે છે કે હું જુદો જ રહું. પછી સ્ત્રી આવી ત્યારે સ્ત્રીને કહે, તું શ્રીઠાકુરજીની સેવા કરે તો અડેલ

જઈને તને સેવક કરાવું. તારા હાથનું જલ ત્યારે લઈશ. નહીં તો તું મારી પાસે આવીશ નહીં. ત્યારે સ્ત્રી દશ-વીશ ગાળો દઈ ચાલી ગઈ અને કહ્યું કે તેં શ્રીઠાકુરજીની પૂજા કરવાનું નામ લીધું તેથી હું તારું મુખ નહીં જોઉં. વૈરાગણ ફકીરણ હોય તે શ્રીઠાકુરજીને પૂજે. મારે મા-બાપ, ભાઈ બધાં છે. હું કેવી રીતે પૂજું ? ભલું થયું જે એની મેળે ચાલી ગઈ. પછી વિષ્ણુદાસ થોડુંક કપડું છાપે, તે આગ્રા વેચી આવે. તેમાં દેહનિર્વાહ થાય અને દિવસ-રાત માનસી સેવામાં અને શ્રીઆચાર્યજીના ગ્રંથ શ્રીસુબોધિનીજીના ભાવમાં મગન રહે.

વાર્તાપ્રસંગ ૧ : પછી કેટલાક દિવસમાં શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલ વાસ કર્યો,ત્યારે વિષ્ણુદાસ છીપા વૃદ્ધ થયા હતા. એટલે શ્રીગોકુલ આવી શ્રીગુસાંઈજીને દંડવત કરી વિનંતી કરી બધો પ્રકાર કહ્યો, કે આ પ્રકારે શ્રીગુસાંઈજીએ કૃપા કરીને મને શરણે લીધો અને પછી આપને સોંપ્યો છે, તેથી આપની શરણે આવ્યો છું. કોઈ ટહેલમાં રાખો. ત્યારે શ્રીગુસાંઈજી વિષ્ણુદાસના ઉપર પ્રસન્ન થઈને કહે, કે તમે શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર છો, તેથી તમો કહો ત્યાં રાખીએ. ત્યારે વિષ્ણુદાસે વિચાર્યું કે હવે હું વૃદ્ધ થયો છું, બીજી સેવા જન્મભર નભશે નહીં. તેથી શ્રીગુસાંઈજીની દોઢી ઉપર રહું.

ભાવપ્રકાશ : કેમ કે સૂરદાસજીએ ગાયું છે કે “મારગ રોકી પર્યો હઠ દ્વારે, પતિત શિરોમની સૂર” તે હું પતિત છું. શ્રીગુસાંઈજીના દ્વાર ઉપર શ્રીગુસાંઈજી આવતાં જતાં મને દર્શન દઈને પાવન કરશે. તેથી વિષ્ણુદાસે કહ્યું, મહારાજ ! આપની પોળ (દોઢી) ઉપર રહેવાનું મારું મન છે.

ત્યારે શ્રીગુસાંઈજી કહે, સારું પોળ ઉપર રહો પછી વિષ્ણુદાસ પોળ (દોઢી-મુખ્ય દ્વાર) ઉપર રહ્યા. શ્રીગુસાંઈજી જ્યારે પધાર્યા ત્યારે વિષ્ણુદાસને પૂછે કે વિષ્ણુદાસ ! પ્રસન્ન છો ? ત્યારે વિષ્ણુદાસ કહે, આપના ચરણકમલના આશ્રયથી પ્રસન્ન છું. એ પ્રકારે શ્રીગુસાંઈજી વિષ્ણુદાસ ઉપર કૃપા કરતા.

વાર્તાપ્રસંગ ૨ : તે વખતે જ્યાં ત્યાંથી બ્રાહ્મણ પંડિતો શ્રીગુસાંઈજી સાથે વાદ કરવાને આવતા. વિષ્ણુદાસે વિચાર્યું કે પંડિતો શ્રીગુસાંઈજી પાસે વાદ કરવાને આવે છે તો એમને હું જ પ્રતિઉત્તર આપી વિદાય કરી દઉં તો શ્રીગુસાંઈજીને આટલો શ્રમ ન કરવો પડે. એમ વિચારી જે પંડત આવે એમનાથી વાદ કરી નિરુત્તર કરી દેતા. તેથી પંડિત મનમાં સમજતા કે જેના પોળીયામાં આવું સામર્થ્ય છે કે અમારાથી જવાબ ન અપાયો તો શ્રીગુસાંઈજી સાથે અમે શું વાદ કરીશું ? આમ વિચારી બધા બ્રાહ્મણો દ્વાર ઉપરથી નિત્ય પાછા જતા. ત્યારે એક દિવસે શ્રીગુસાંઈજીએ વૈષ્ણવોને પૂછ્યું કે આજકાલ પંડિત બ્રાહ્મણો વાદ કરવા નથી આવતા તેનું કારણ શું ? ત્યારે વૈષ્ણવોએ કહ્યું, મહારાજ ! પંડિત તો ઘણા આવે છે, પરંતુ દ્વાર ઉપર વિષ્ણુદાસ એમનાથી વાદ કરીને નિરુત્તર કરી દે છે, તેથી ચાલ્યા જાય છે. ત્યારે શ્રીગુસાંઈજીએ વિષ્ણુદાસને બોલાવીને કહ્યું. તમને તો શ્રીઆચાર્યજીનું કૃપાબલ એવું જ છે. તેથી તમને બધા શાસ્ત્રોમાં અભિનિવેશ છે. તેથી પંડિતોને નિરુદ્ધર કરો છો. પરંતુ અમારા દરવાજેથી બ્રાહ્મણ ખાલી હાથે જાય તે ઠીક નહીં. તેથી અમારી પાસે એમને આવવા દેજો એમનાથી ચર્ચા કરી, એમને કાંઈ દઈને વિદાય કરીશું. ત્યારે વિષ્ણુદાસ દંડવત કરીને કહે, મહારાજ ! હવે આવવા દઈશ. હું આપને શ્રમ થાય તેમ સમજીને વિદાય કરી દેતો. હવે આવવા દઈશ. તે વિષ્ણુદાસ ઉપર એવી કૃપા હતી.

ભાવપ્રકાશ : અને ‘નામરત્ન’ ગ્રંથ શ્રીનાથજી શ્રીગુસાંઈજીના લાલજીએ કર્યો છે તેમાં કહ્યું છે કે ‘વિપ્રદારિદ્ર્યદાવાગ્નિ’ એટલે કે બ્રાહ્મણનું દારિદ્ર રૂપી જે દાવાગ્નિ તેને બુઝાવવાવાળા. (દારિદ્રયને મટાડવાવાળા શ્રીગુસાંઈજી છે.) તેથી આ નામ પ્રકટ કરવાર્થ બ્રાહ્મણનું બહુ સમાધાન કરી દ્રવ્યાદિક દઈ

વિદાય કરતા.

વાર્તાપ્રસંગ ૨ : વળી એક મથુરાનો ભટ્ટ હતો. તે શ્રીગુસાંઈજીને નિત્ય કહેતો કે તમારા બધા વૈષ્ણવોને હું એક દિવસ જમાડું. ત્યારે શ્રીગુસાંઈજી કહેતા કે તમે આ વાતમાં ન પડો, એમાં શું લેશો ? પરંતુ તે માનતો નહીં, નિત્ય કહેતો. આપ તે સાંભળીને ચુપ રહેતા. તે ભટ્ટ શ્રીગુસાંઈજીનો સાસરો હતો પછી તેણે શ્રીગુસાંઈજીને નોતર્યા. ત્યારે શ્રીગુસાંઈજી એને ઘરે મથુરામાં ભોજન માટે પધાર્યા ત્યારે શ્રીગુસાંઈજી વિષ્ણુદાસને કહે કે જલની ઝારી લઈ અમારી સાથે ચાલો ત્યારે વિષ્ણુદાસ જલની ઝારી લઈ શ્રીગુસાંઈજી સાથે ચાલ્યા. પછી શ્રીગુસાંઈજીને હાથ ધોવડાવી શુદ્ધ આચમન કરાવ્યું. પછી શ્રીગુસાંઈજી કહે, અમે શ્રીગોકુલ પધારીએ છીએ, તું થાળનો મહાપ્રસાદ લઈ થાળ માંજીને આવજે. એમ કહી શ્રીગુસાંઈજી તો શ્રીગોકુળ પધાર્યા. વિષ્ણુદાસ પોતાની પાસેના જલથી પોતાનું કરી થાળનો સઘળો મહાપ્રસાદ લેવા લાગ્યા. ત્યારે તે ભટે બીજી સામગ્રી લઈ વિષ્ણુદાસ પાસે આવીને કહ્યું, આ જૂઠણ કેમ ખાવ છો ? હું સુંદર સામગ્રી ધરું તે લો. ત્યારે વિષ્ણુદાસે કહ્યું, મને તમારું નહીં જોઈએ. જો મારી પાતળમાં ધરશો તો મારી પાતળ અભડાઈ જશે. આથી તે ભટ્ટ ક્રોધ કરી ચાલ્યો ગયો. અને વિષ્ણુદાસ મહાપ્રસાદ લઈ શ્રીગોકુલ આવ્યા. અને દ્વાર ઉપર બેસી રહ્યા. પછી તે ભટે શ્રીગોકુલ આવીને શ્રીગુસાંઈજીને કહ્યું કે તમારા સેવક શૂદ્રે મને આવું કહ્યું, કે મારી પાતાળમાં સામગ્રી ધરશો તો મારી પાતાળ અભડાઈ જશે. ત્યારે શ્રીગુસાંઈજી કહે, તમે તો કહેતા હતા કે બધા સેવકોને ભોજન કરાવીશું, પણ એક સેવક શૂદ્રને પણ જમાડી ન શક્યા ? તો બધા સેવકોને કેમ જમાડશો ? ત્યારે ભટ શરમાઈને ચુપ થઈ રહ્યા. તે વિષ્ણવદાસ એવા કૃપાપાત્ર ભગવદીય હતા. તેથી એમની વાર્તા ક્યાં સુધી કહીએ.

ભાવપ્રકાશ : આ વાર્તામાં જણાવ્યું કે ભટ્ટના હાથનું કંઈ ન લેવું. કેમ કે ભટ્ટને ત્યાં શ્રીગુસાંઈજીનું સંકલ્પેલું દ્રવ્ય જાય છે તેથી ન લેવું. તેથી જ શ્રીગુસાંઈજી તે ભટ્ટને ત્યાં વિષ્ણુદાસ ભગવદીયને લઈ ગયા. કારણ કે એ બધા ધર્મમાં નિપુણ છે, ચૂકશે નહીં. જો સાધારણ વૈષ્ણવને લઈ જાત અને તે ભટ્ટના હાથનું ખાત તો તેનો ધર્મ જાત. વળી આગળ વૈષ્ણવોની બુદ્ધિ ઓછી છે અને તેઓ ભટ્ટને ત્યાં ખાવા લાગે તો વૈષ્ણવધર્મ કેવી રીતે વધે ? તેથી વિષ્ણુદાસ કહે, મારી પાતળ અભડાશે. એમાં ભટ્ટનું સ્વરૂપ બતાવ્યું કે જે સામગ્રીનો સ્પર્શ ભટ્ટ કરે તેને અભડાઈ ગયેલી વસ્તુ જાણવી. ત્યાં એ સંદેહ મોટો છે કે ઉત્તમ બ્રાહ્મણ છે. શ્રીગુસાંઈજીના સગાસંબંધી છે. શ્રીગુસાંઈજી એમના હાથનું લે છે, તો વૈષ્ણવને શો દોષ ? એ સંદેહ છે. ત્યાં કહે છે કે શાસ્ત્રમાં દેહ સંબંધી કહ્યા છે, અને ભાવસંબંધી પણ કહ્યા છે. દેહ સંબંધી યાદવ અને કંસાદિક, અને ભાવ સંબંધી વ્રજભક્તો. તે યાદવોને પણ શ્રીઠાકુરજીએ પૃથ્વી ઉપર ભારરૂપ જાણ્યા તેથી તેમનો નાશ કર્યો. અને વ્રજભક્તોનો ભાવ સંબંધ હતો તેથી વ્રજભક્તોના પ્રેમથી વશ થયા. યદ્યપિ શ્રીઠાકુરજી યાદવોની સાથે રહ્યા. પરંતુ તેમને ભગવદ્સ્વરૂપનું જ્ઞાન ન થયું. અને વ્રજભક્તોને જન્મ થતાં જ જ્ઞાન થયું. નંદરાયજીના ઘરે આવી બધી ગોપીઓ પગે પડી તે પ્રકારે શ્રીગુસાંઈજીને સગાસંબંધી ભટ તરીકે જાણે છે. કોઈ નિંદક પણ છે, દ્રવ્યાદિક લેવાની ચાહના પણ કોઈ રાખે છે. તેથી વધુ ક્યાં સુધી કહીએ ? તેમને આસુરાવેશી જાણવા, અને ભક્તોનો તો દાસભાવ છે. દાસધર્મ એવો છે કે સ્વામીનું જૂઠણ લેવું. તેથી ભટ્ટના હાથનું લેતો એવી બુદ્ધિ સર્વથા નાશ જ થાય, અને ભટ્ટના હાથનું શ્રીગુસાંઈજી લે છે તે તો ઈશ્વર છે. જેમ શ્રીઠાકુરજી દાવાનળ પાન કરી ગયા પણ બીજાથી તે ન થાય. તેમજ શ્રીગુસાંઈજી જ્ઞાતિવ્યવહાર માટે લે. પરંતુ વૈષ્ણવે ન લેવું.

વળી જેમ ગંગાજલ જમનાજલ કોઈ દીન જાતિ પોતાના પાત્રમાં ભરી લાવે તો વૈષ્ણવ ન લે તેમ મહાપ્રસાદ તો ઉત્તમ ગંગાજલ છે. જેમ આકાશથી નિર્મલ સ્વાતિનું બુંદ વર્ષે છે, પરંતુ પાત્રભેદથી છીપ મોતી થાય, વાંસમાં વંશલોચન થાય. સર્પના મુખમાં પડે તો વિષ થાય . એ પ્રકારે ભેદ છે. તેથી ભ તથા અન્યમાર્ગીયના હાથનું સર્વયા ન લેવું. ત્યાં કોઈ કહે કે કોઈ કોઈ ભટ્ટ નામ સમર્પણ કરી સેવા ક છે તો તેમના હાથનું કેમ ન લેવું ? ત્યાં કહે છે કે એમને ભગવદ્દધર્મ સ્પર્શ કરે જ નહીં. કેમ કે નામ સમર્પણ શ્રીગુસાંઈજીના બાલકથી લે. પાછી જ્ઞાતિબુદ્ધિ કરે છે તેથી બધો ધર્મ નાશ થાય છે. એમની શ સેવા ? અને શું સમર્પણ ? ગુરુમાં જ્ઞાતિબુદ્ધિ કરે, જૂઠણ ચરણામૃત ન લે, ત્યારે હીન ધર્મ કહેવાય. વળ કોઈ એવા હોય કે જૂઠણ ચરણામૃત ન લે,.. ત્યારે હીન ધર્મ કહેવાય. વળી કોઈ એવા હોય કે જૂઠણ ચરમામૃત લે. જ્ઞાતિબુદ્ધિ ન કરે અને વૈષ્ણવની રીતિએ રીતિએ ચાલે, તે પણ જ્યારે બીજા ભટ્ટના હાથ લે ત્યારે તેવો જ થાય. તેથી ભક્તિ તો વૈષ્ણવને જ શ્રીગુસાંઈજીએ આપી છે, અને ત્યાં જ છે. એને મા વિષ્ણુદાસ દ્વારા બધા વૈષ્ણવોને શિક્ષા આપી. ॥ વાર્તા ૫૦ ॥

॥ વાર્તા ૫૧ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક જીવણદાસ ક્ષત્રી સિંહનંદનાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ જીવણદાસ લીલામાં શ્રીયમુનાજીની સખી છે. ત્યાં 'ઈશ્વરી' એનું નામ છે, તે સિંહનંદમાં એક ક્ષત્રીના ઘરે જનમ્યા. ૧૮-૨૦ વર્ષના થયા ત્યારે જીવણદાસનો પિતા જીવણદાસને લઈ સિંહનંદથી દિલ્હી આવ્યો, તે દિલ્હીમાં દલાલી કરવા લાગ્યો. આ જીવણદાસને રાગ-રંગનો ઈશ્ક ઘણો. તેથી જે કંઈ કમાય તે વેશ્યા ભવૈયાને દઈ નાચ જુએ. પિતા કમાયા તેમાં ખાય. એ વાત પિતાએ સાંભળી ત્યારે જીવણદાસના ઉપર ઘણું ખીજ્યો. અને કહ્યું કે તું આજ પછી નાચ તમાશામાં જઈશ નહીં. ત્યારે જીવણદાસે કહ્યું, કે હવે નહીં જઉં. પછી એનાથી તો રાગ-રંગ સાંભળ્યા વિના રહેવાય નહીં, તેથી પિતાથી છાના જતા. તેથી પિતાએ ફરી સાંભળ્યું એટલે જીવણદાસ ઉપર બહુ ખીજીને કહ્યું. તું દિલ્હીથી સિંહનંદ જા, શહેરમાં તારું કામ નથી. પછી પિતાએ જીવણદાસને બે રૂપિયા આપ્યા અને કહ્યું. થોડા દિવસ સિંહનંદમાં આપણા ઘરમાં રહી મારી પાસે આવજે. એટલે જીવણદાસ બે રૂપિયા લઈ સિંહનંદ ચાલ્યા માર્ગમાં રાગ-રંગ વિના તો રહેવાય નહી. વળી સિંહનંદમાં તો બધા મનુષ્યો ઓળખાણના, તેથી ત્યાં સાંભળ્યું કે જોયું ન જાય. અને પિતાએ તો ઘરે મોકલ્યો છે, એમ વિચાર કરતાં માર્ગમાં ઊભા ઊભા બે ઘડી વીતી ગઈ, એટલામાં એક ભવૈયાનો સંઘ આવ્યો, તે આગ્રા જતો હતો. તે સંઘ જોઈને જીવણદાસે પૂછ્યું તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? ક્યાં જશો ? ત્યારે એમણે કહ્યું, અમે ભવૈયા છીએ, પશ્ચિમથી આવ્યા છીએ, આગ્રા જઈશું, ત્યારે જીવણદાસે વિચાર્યું આગ્રા મોટું શહેર કહે છે, તે જોવું જોઈએ ઘરે જઈ શું કરીશ ? પછી જીવણદાસ એ ભવૈયાની સાથે આગ્રા આવ્યા.

આગ્રામાં કાપડની દલાલી કરે, તેમાં ખાન-પાન કરે. જે અધિકમાં કમાય તેમાં રાગ-રંગ સાંભળી આવે. એ પ્રકારે ત્રણ વર્ષ રહ્યા. પિતાએ જાણ્યું કે પુત્ર કંઈ માર્ગમાં મરી ગયો કે કોઈ બીજે દેશ નીકળી ગયો. રાગ-રંગનો ઈશ્ક ખરાબ હોય છે તેથી ગયો, એમ વિચારી રોઈને બેસી રહ્યો. અહીં આગરામાં એક સમયે ઠગ લોકો સારા કપડાં પહેરીએ આવ્યા. તેમણે જીવણદાસને કહ્યું કે અમારે સારાં સારાં કપડાં લેવા છે. ત્યારે જીવણદાસ એક કપડાંવાળાની દુકાનેથી રૂપિયા સોનો માલ લાવ્યા અને ઠગ લોકોને

બતાવ્યો તે ઠગોએ વાતોમાં સાંજ પાડી. પછી જીવણદાસને કહ્યું કે સવારે જે માલ રાખી તેના પૈસા આપીશું. તેથી તમે વહેલી સવારે આવી જજો. જીવણદાસ ઠગોનો ઉપરનો વૈભવ ઘરેણાં કપડાં જોઈ. એવું સમજ્યા કે એ ભલા માણસો છે. પછી જીવણદાસ તો રાત્રિએ રાગ-રંગ સાંભળવા ગયા. અહીં ઠગ બધા કપડાં લઈ ચાલ્યા ગયા. સવાર થયે જીવણદાસ આવીને જુએ તો કોઈ નહીં લોકોને પૂછ્યું ત્યારે લોકોએ કહ્યું તે તો ઠગ હતા. દશ-પાંચનું સીધું સામગ્રી પણ લઈ ગયા છે. ત્યારે જીવણદાસે તે કપડાંના વેપારીની પાસે જઈને કહ્યું, તમારો માલ આ પ્રકારે બધો ગયો છે. એટલે તે વેપારીએ જીવણદાસને કેદખાનામાં નાખ્યા. ત્રણ દિવસ વિત્યા અન્ન જલ વિના ત્યારે જીવણદાસે વેપારીને કહ્યું, હવે મારા પ્રાણ નિશ્ચય જશે તેથી એક કામ તમે કરો. મારા પિતા દિલ્હીમાં દલાલી કરે છે એમને હું લખીશ, અને સિંહનંદમાં મારે ઘર છે ત્યાં લખીશ. તમે મને યમુનાસ્નાન કરાવો. કેમકે અમારા ગામમાં શ્રીવલ્લભાચાર્યજીના સેવક બધા વૈષ્ણવો આપસમાં વાતો કરતા હતા કે શ્રીયમુનાજીમાં ન્હાવાથી અને પાન કરવાથી બધું દુઃખ જાય છે, નવીન દેહ થાય છે. વૈષ્ણવો જૂઠું બોલે નહીં. તમે શ્રીયમુનાજીમાં મને ન્હાવા દો. તમારા રૂપિયાનો ઉપાય કંઈ કરું. ત્યારે તે વેપારીના મનમાં દયા આવી. તેણે કહ્યું, અમે તને ઘરમાં જ જમનાજલથી નવડાવી દઈએ, તો ખાનપાન કરો ત્યારે જીવણદાસે કહ્યું કે મોટું પુણ્ય તો ધારામાં ન્હાવાનું છે. તેથી મને શ્રીયમુનાજી ન્હાવા દો તો સારું નહીં તો હું જલ પણ નહીં લઉં. મારો કંઠ સૂકાય છે. હવે આજકાલમાં મારો પ્રાણ જશે અને હત્યા તેમોને લાગશે.

ત્યારે તે વેપારીએ ચાર મનુષ્યો સાથે મોકલ્યા અને કહ્યું કે એના હાથ બાંધીને જમનાજીમાં ન્હવડાવી લાવો. ક્યાંક એ ડૂબી ન મરે તે જોજો અને તેને મજબૂત પકડી રાખજો. પછી તે ચારે મનુષ્યો બે હાથ બાંધીને જીવણદાસને શ્રીયમુનાજીના તીરે લઈ ગયા અને તેમને ન્હવડાવ્યા. ત્યાં શ્રીઆચાર્યજી સંધ્યાવદન કરતા હતા, વૈષ્ણવો દશ-વીશ ગાતા હતા, તે સમયે શ્રીઆચાર્યજીની દૃષ્ટિ જીવણદાસ ઉપર પડી. ત્યારે શ્રીઆચાર્યજી જીવણદાસને જોઈને કહે, આ કોણ છે ? આના હાથ બાંધી ચાર મનુષ્યોએ પકડ્યો છે. એને અહીં લાવો. ત્યારે બધા વૈષ્ણવોએ જઈ તે ચાર મનુષ્યોને સમજાવ્યા એટલે જીવણદાસને પકડી મનુષ્યો શ્રીઆચાર્યજી પાસે આવ્યા, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું જીવણદાસ, રાગ-રંગ બીજો હવે જોઈશ, સાંભળીશ ? ત્યારે જીવણદાસે કહ્યું, મહારાજ ! આ રાગ-રંગનું ફલ તો ભોગવું છું, પિતાનું કહ્યું ન માન્યું તેથી ભોગવવું પડ્યું. ત્યારે શ્રીઆચાર્યજી કૃષ્ણદાસને કહે, આ જીવણદાસને સો રૂપિયા ક્યાંકથી અપાવી અમારા ખાતે લખાવી છોડાવી દો. એ સાંભળતાં જ ગામના દસવીશ વૈષ્ણવોએ વિનંતી કરી. મહારાજ ! એટલા માટે કૃષ્ણદાસને આપ શા માટે મોકલો છો ? અમે છોડાવી લાવીશું, ત્યારે શ્રીઆચાર્યજી કહે જલદી એને છોડાવી લાવો. એટલે એક વૈષ્ણવે જીવણદાસની સાથે જઈ તે વેપારીને કહ્યું જીવણદાસને છોડી દો. રૂપિયા સો અમારી પાસેથી લો. પછી સો રૂપિયા દઈ જીવણદાસને શ્રીઆચાર્યજી પાસે લાવ્યા ત્યારે જીવણદાસે શ્રીઆચાર્યજીને દંડવત્ કરી વિનંતી કરી, મહારાજ ! આ લૌકિક બંદીખાનેથી આપે છોડાવ્યો તો તેવે આ સંસારરૂપી બંદીખાનામાંથી પણ મને છોડાવો, અને ધન્ય શ્રીયમુનાજી અને ધન્ય આપના વૈષ્ણવો છે. કેમકે એક દિવસે સિંહનંદમાં પોતાના ઘરે કાર્ય માટે હું વૈષ્ણવોની પાસે ગયો હતો ત્યારે વૈષ્ણવો આપસમાં કહેતા હતા કે શ્રીયમુનાજીમા ન્હાવાથી બધું દુઃખ જાય છે. નૂતન શરીર થાય, તે સત્ય કહ્યું. હું હમણાં જ ન્હાયો અને આ લૌકિક દુઃખ ગયું, અને હવે સંસારનું દુઃખ પણ આપની કૃપાથી જશે. આપ સેવક કરશો ત્યારે નૂતન શરીર પણ થઈ જશે. તેથી

આપના વૈષ્ણવો ધન્ય છે. એક ક્ષણનો સંગ કર્યો તેના ફળનો પાર નથી. ત્યારે શ્રીઆચાર્યજી કહે, શ્રીયમુનાજીમાં ન્હાઈ આવ એટલે જીવણદાસ શ્રીયમુનાજીમાં ન્હાઈને શ્રીઆચાર્યજીની પાસે આવ્યા ત્યારે શ્રીઆચાર્યજીએ જીવણદાસને નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી આપ કહે તું અમારા સાથે ચાલ. અમે સિંહનંદ તને પહોંચાડીશું, અહીં રહીશ તો પાછો દુઃસંગ લાગશે તો ફરી બગડીશ. પછી શ્રીઆચાર્યજી વૈષ્ણવોના ઘરે પધાર્યા. રસોઈ કરી ભોગ ધરી ભોજન કરી જૂઠણની પાતળ જીવણદાસને ધરી. જીવણદાસે ચોથા દિવસે મહાપ્રસાદ લીધો. તેનો દેહ ઉત્તમ થઈ ગયો.

પછી શ્રીઆચાર્યજી આગ્રાથી જીવણદાસને સાથે લઈ પધાર્ય તે થાનેશ્વર આવ્યા. ત્યારે એક વૈષ્ણવને સિંહનંદ મોકલ્યો અને કહ્યું, જીવણદાસના ઘરે કહેજે કે જીવણદાસ આવ્યો છે. ત્યારે એક વૈષ્ણવે સિંહનંદ જઈ જીવણદાસના પિતાને કહ્યું તમારો પુત્ર શ્રીઆચાર્યજીની સાથે થાનેશ્વર આવ્યો છે. ત્યારે જીવણદાસનો પિતા પ્રસન્ન થઈને સિંહનંદથી દોડી આવ્યો અને જીવણદાસને થાનેશ્વરમાં મળ્યો. પછી રોઈને છાતીથી લગાડ્યો અને કહ્યું, પુત્ર, તું ક્યાં ગયો હતો ? અમે તો માન્યું હતું કે તું મરી ગયો. ત્યારે જીવણદાસે બધી વાત કહી કે આ પ્રકારે શ્રીઆચાર્યજીએ મને બંદીખાનેથી છોડાવી સાથે લીધો, અને કૃપા કરી. પરંતુ હવે તમે ઘરમાં જઈ મારી સ્ત્રી, માતા બધાને અહીં લઈ આવો. તમે બધા શ્રીઆચાર્યજીના સેવક થાવ તો હું ઘરમાં આવું. નહીં તો હું ઘરમાં નહીં રહું. ત્યારે પિતાએ કહ્યું, હું બધાને બોલાવી લાવીશ તું કહીશ એમ કરીશ. પછી જીવણદાસનો પિતા સિંહનંદમાં જઈ બધાને થાનેશ્વર લઈ આવ્યો, અને શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! જીવણદાસના પ્રાણ રાખ્યા એ અમારા ઉપર મોટો ઉપકાર કર્યો. હવે અમે બધા આપની શરણે છીએ, નામ સંભળાવો. ત્યારે શ્રીઆચાર્યજી નામ સંભળાવ્યું. પછી જીવણદાસે શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! બધાને બ્રહ્મસંબંધ થાય તો સારું. ત્યારે શ્રીઆચાર્યજી કહે, આ બ્રહ્મસંબંધનાં અધિકારી નથી એમનો નામથી જ ઉદ્ધાર થશે. પછી જીવણદાસે કહ્યું, મહારાજ ! હવે મને શી આજ્ઞા છે ? ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીનવનીતપ્રિયાજીનાં પ્રસાદી વસ્ત્ર જીવણદાસના માથે સેવા માટે પધરાવીને કહ્યું, હવે તમે ઘરમાં રહી સેવા કરો. ત્યારે જીવણદાસ, માતા-પિતા સ્ત્રી સહિત શ્રીઆચાર્યજીને દંડવત કરી વિદાય થઈ સિંહનંદમાં આવ્યા.

પછી જીવણદાસે માતા-પિતાની આગળ કહ્યું કે સો રૂપિયા આપી તમે મને કેદખાનામાંથી છોડાવ્યો છે. એવા દયાલુ શ્રીઆચાર્યજી છે. ત્યારે માતા-પિતાએ કહ્યું, ગુરુનું ઋણ માથે ન રાખવું, તેથી બધાં ઘરેણાં કપડાં વેચ્યાં, તેનાં એકસો દશ રૂપિયા આવ્યા. ત્યારે પિતાએ જીવણદાસને કહ્યું, જીવણદાસ ! આ બધા રૂપિયા શ્રીઆચાર્યજીને આપી આવ. માથે ગુરુનું ઋણ સારું નહીં, એટલે જીવણદાસે એક્સો દશ રૂપિયા લઈ શ્રીઆચાર્યજીની પાસે જઈને ધર્યા, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, જે તમે આટલો સંકોચ શા માટે રાખો છો ? તમે તો અમારા છો. અમે પ્રસન્ન છીએ તેથી તમને કંઈ બાધક ન હતું. ત્યારે જીવણદાસે કહ્યું, મહારાજ ! અમે શું લાયક છીએ ? આપે જે ઉપકાર કર્યો છે તેનાં આ બધાં રોમરોમ આપનાં દેવાદાર છે. આપ જ્યાં વેચશો ત્યાં વેચાઈશું. વિનાં મોલના ગુલામ છીએ. સંસારરૂપી નર્ક ભોગવતા હતા તેમાંથી આપે છોડાવ્યાં. આવી વિનંતી, દૈન્યતા સાંભળી બહુ પ્રસન્ન થઈ શ્રીઆચાર્યજીએ કહ્યું, જીવણદાસ ! હવે તમને સંસારનું સુખદુઃખ બાધા નહીં કરે. વળી જે તમે મનમાં ધારશો તે બધો મનોરથ તમારો પૂર્ણ થશે. હવે ઘરે જઈ ભગવત્સેવા કરો. પછી જીવણદાસ દંડવત કરી ઘરે આવ્યા અને શ્રીઆચાર્યજી પૃથ્વી પરિક્મ્માએ પધાર્યા જીવણદાસ પ્રીતિથી સેવા કરતા વૈષ્ણવનો

સ્નેહપૂર્વક નિત્ય સત્સંગ કરતા. થોડા વખતમાં શ્રીઠાકુરજી સાનુભાવ જણાવવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૨ : એક સમય સિંહનંદના વૈષ્ણવો બધા મળીને અડેલ શ્રીઆચાર્યજીનાં દર્શને આવતા હતા તેમાં જીવણદાસ પણ હતા. એક દિવસ માર્ગમાં મુકામે ઊતરી પોત-પોતાનો ચોકો કરી બધા વૈષ્ણવો રસોઈ કરતા હતા, તે સમયે મેહ ચઢી આવ્યો. ચારે તરફથી ઘટા આવી છાંટા પડવા લાગ્યા. ત્યારે બધા વૈષ્ણવો કહે, મેહ આવ્યો આજ રસોઈ થવી કઠણ છે ત્યારે જીવણદાસ બધા વૈષ્ણવોને કહે, તમે ચિંતા ન કરો. પછી જીવણદાસે મેઘની તરફ જોઈને કહ્યું, તને શ્રીઆચાર્યજીની આણ છે, હમણાં ન વરસીશ. તેથી મેહ રહી ગયો. પછી બધા વૈષ્ણવો રસોઈ કરી શ્રીઠાકુરજીને ભોગ ધરી મહાપ્રસાદ લઈ પોતાને ઠેકાણે જઈ સૂતા ત્યારે જીવણદાસ મેહને કહ્યું, હવે આણ છૂટી, તારા મનમાં આવે તેટલો વરસજે. એટલે વરસ્યો. એટલે બધા વૈષ્ણવો ચકિત થઈ રહ્યા. પછી બધા વૈષ્ણવોએ અડેલમાં આવીને શ્રીઆચાર્યજીના દર્શન કરી દંડવત કર્યા. શ્રીઆચાર્યજીએ બધાનું સમાધાન કર્યું. પછી એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને કહ્યું મહારાજ ! માર્ગમાં એક દિવસ રસોઈ કરતાં મેહ ચઢી આવ્યો ત્યારે જીવણદાસે આપની આણ દીધી. તેથી તત્કાલ મેહ રહી ગયો. ત્યારે શ્રીઆચાર્યજી જીવણદાસને કહે, તે આણ દીધી હતી અને છતાં મેહ વરસત તો તું શું કરત ? ત્યારે જીવણદાસે કહ્યું, મહારાજ ! એવો તે કોણ છે કે આપની આણ દીધા પછી વરસે ? ઇંદ્ર સહિત ધરતી ઉપર નાખી દઉં. આપના પ્રતાપથી ! ત્યારે શ્રીઆચાર્યજી ચૂપ થઈ રહ્યા. તે જીવણદાસ એવા ટેકના કૃપાપાત્ર ભગવદીય હતા. તેમની વાર્તા ક્યાં સુધી કહીએ.

ભાવપ્રકાશ : ત્યાં એ સંદેહ થાય કે જીવણદાસ તો ભગવદીય કૃપાપાત્ર હતા, પોતાની આણ કેમ ન દીધી ? શ્રીઆચાર્યજીની કેમ દીધી ? ત્યાં કહે છે કે જીવણદાસ પોતાની આણ દેતા તો પણ મેહ ન વરસતો. પરંતુ જીવણદાસને પોતાનું માહાત્મ્ય પ્રકટ કરવું રૂચતું નથી કારણ કે ઘણું માહાત્મ્ય વધે તો ક્યારેક અહંકાર આવે. તેથી અનિષ્ટ જ થાય. શ્રીઆચાર્યજી પણ અપ્રસન્ન થાય કે તુચ્છ કાર્યમાં શ્રીઠાકુરજીને શ્રમ કરાવ્યો, જીવણદાસ હૃદયમાં પુષ્ટિમાર્ગની રીતિ જાણે છે તેથી શ્રીઆચાર્યજીનું માહાત્મ્ય વૈષ્ણવોને દેખાડ્યું. ॥ વાર્તા ૫૧ ॥

॥ વાર્તા ૫૨ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી સેવક ભગવાનદાસ, સારસ્વત બ્રાહ્મણ, હાજીપરના, તેમની વાર્તાનો ભાવ કહી છીએ—

ભાવપ્રકાશ : એ લીલામાં વિશાખાજીની સખી છે, લીલામાં એમનું નામ 'સુગંધિ'ની છે. તે હાજીપુરમાં એક સારસ્વત બ્રાહ્મણના ઘરમાં જન્મ્યા. તેઓ પટણામાં એક યજમાનના ઘરે એક વખતે ગયા. ત્યાં કેટલા દિવસ રહ્યા તે સમયે ભગવાનદાસ વર્ષ સત્તરના હતા. તે યજમાનની તેમણે બહુ ટહેલ કરી. પછી જવા લાગ્યા ત્યારે એ યજમાન પાવલીના પૈસા દેવા લાગ્યા. ત્યારે ભગવાનદાસે ક્રોધ કરીને કહ્યું, મને ન જોઈએ. તું લખપતિ થઈને મને આટલા દિવસ રાખીને આ દક્ષિણા આપી ? મારે કંઈ ન જોઈએ તે પાવલી છોડીને ઘરે ચાલી આવ્યા. પિતાની આગળ રૂદન કર્યું, કે અને ઠાકુરે એવા બ્રાહ્મણ કેમ કર્યા કે બે પૈસાને માટે રાજસી લોકોની ચાકરી કરવી પડે ? આ મોટા પાપનું ફલ છે. ત્યારે પિતાએ કહ્યું હું પરદેશી જાઉં છું ને પૂર્વથી કમાઈને લાવીશ. ત્યારે ભગવાનદાસે કહ્યું તમે વૃદ્ધ છો ન જાવ, હું જઈશ.

પછી ભગવાનદાસ પટણાની આગળ ચાલ્યા. તે વખતે શ્રીઆચાર્યજી કાશીથી પુરુષોત્તમક્ષેત્ર પધારતા હતા ત્યાં માર્ગમાં ભગવાનદાસને દર્શન થયા. ત્યારે ભગવાનદાસે કહ્યું, મને સારા પંડિત બ્રાહ્મણનો માર્ગમાં સાથ મળ્યો. રસ્તામાં શ્રીઆચાર્યજી શ્રીમુખની વાર્તા વૈષ્ણવોને કહેતા તે તેઓ પાછળ બેસીને સાંભળતા. પછી મુકામ ઉપર ઊતર્યા ત્યારે શ્રીઆચાર્યજીએ ભગવાનદાસને કહ્યું, જા, કૃષ્ણદાસ પાસેથી જોઈએ તેટલું સીધું લે, અને કૃષ્ણદાસને કહ્યું કે, આપણું નિત્યનું સીધું લીધા પછી આ બ્રાહ્મણ જે માગે તે આપજો. ત્યારે કૃષ્ણદાસ ભગવાનદાસને સાથે લઈ ગયા. પોતાનું સીધું સામગ્રી લઈને કહ્યું, તમારે જોઈએ તો લો. ત્યારે ભગવાનદાસે કહ્યું, શેર ખાંડ, શેર ઘી, અને પાશેર લોટ આપો. લોભના માર્યા બેત્રણ દિવસનું સીધું લઈ આવ્યા. તેમાંથી થોડું વાપર્યું અને બીજું પાસે રાખ્યું. એ પ્રકારે દિવસ ત્રણ સુધી માગ્યું અને કૃષ્ણદાસે આપ્યું, પછી ચોથા દિવસે કૃષ્ણદાસને કહે, મને કંઈ કામ-ટહેલ બતાવો. પાણી લાઉં, વાસણ માંજુ, ત્યારે કૃષ્ણદાસ કહે તમે શ્રીઆચાર્યજીના સેવક તેથી તમારા હાથનું પાણી કામ ન આવે. વળી પાત્ર પણ અડાડ્યું ન જાય, ત્યારે ભગવાનદાસે શ્રીઆચાર્યજીને પૂછ્યું મહારાજ ! આપનું જલ શૂદ્ર લાવે છે, વાસણ માંજે છે, તો હું તો બ્રાહ્મણ છું. મારાથી કેમ સેવા નથી કરાવતા ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમારાં મતમાં ભગવાનને જે કોઈ ન જાણે શૂદ્રથી પણ હલકો જાણવો, ભગવાનને જે જાણે તે જ સર્વોપરી બ્રાહ્મણ એટલો ભેદ છે. તેથી બીજાથી સેવા નથી કરાવતા. ત્યારે ભગવાનદાસે કહ્યું મહારાજ ! એ કેમ જાણીએ જે વૈષ્ણવો ભગવાનને જાણે છે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, શ્રીઠાકુરજી કૃપા કરે ત્યારે સમજી શકાય. ત્યારે શ્રીઠાકુરજી કૃપા કરે ત્યારે સમજી શકાય. ત્યારે ભગવાનદાસે કહ્યું, કૃપા કયા પ્રકારે કરે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, ગુરુ પ્રસન્ન થાય ત્યારે શ્રીઠાકુરજી પ્રસન્ન થાય છે એમ સમજીએ એટલે ભગવાનદાસે કહ્યું, મારે તો કોઈ ગુરુ નથી, આપ જ મને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે સેવક થવું બહુ કઠણ છે. તમે બ્રાહ્મણ છો તેથી પોતાનું મહત્ત્વ માનો, અને સેવક થયે તો દાસ થવું પડે. તેથી સેવક ન થાવ. ત્યારે ભગવાનદાસે કહ્યું, હવે તો હું તો દાસ થઈશ. સ્વામી પદ ઘણા દિવસ કર્યું, તેમાં દુઃખ જ મળ્યું તેથી હવે મને સેવક કરો, એટલે શ્રીઆચાર્યજીએ તેમને નામ સંભળાવીને પછી તેમના પાસે પાણી ભરાવ્યું, અને પાત્રો મંગાવ્યા, ચોકો દેવડાવ્યો. પછી જૂઠણની પાતળ ધરી તે મહાપ્રસાદ ભગવાનદાસે લીધો તેથી બુદ્ધિ ફરી. તેમને લાગ્યું કે મેં આપનું સીધું ત્રણ દિવસ લોભ કરીને ખાધું તે બહુ ખોટું કર્યું, પછી ગાંઠમાં પાંચ રૂપિયા હતા તે શ્રીઆચાર્યજીને ભેટ ધરી વિનંતી કરી, મહારાજ ! મેં આપનું સીધું-સામગ્રી લોભ કરીને ખાધું તે ઠીક ન કર્યું. પરંતુ અમે અજ્ઞાની છીએ, આપના સ્વરૂપને નહીં જાણ્યું, તેથી આપરાધ ક્ષમા કરો. આપ સાક્ષાત્ ઈશ્વર છો, હવે બ્રહ્મસંબંધ કરાવો. ત્યારે શ્રીમહાપ્રભુજી આપ કહે, કાલે તમને સમર્પણ કરાવીશું. વળી આ રૂપિયા પાંચ તું તારી પાસે ખર્ચના રાખ તારે કામ આવશે. ત્યારે ભગવાનદાસે વિનંતી કરી, કે મહારાજ ! આ આપને ભેટ કરી ચૂક્યો, હવે હું કેમ રાખું ? ત્યારે શ્રીઆચાર્યજીએ રાખ્યા. પછી ભગવાનદાસે એક વર્ષ શ્રીઆચાર્યજી મહાપ્રભુની સાથે રહી ટહેલ કરી, ઉષ્ણકાલમાં મોટો પંખો બનાવી માર્ગમાં છાયા કરતા. જ્યાં આપ પોઢતા ત્યાં જમીન સરખી કરી સુંદર બિછાનું બિછાવતા. રસોઈની પરચારગી કરતા. ત્યારે શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઈને પોતાની પાદુકાની સેવા દીધી. અને કહ્યું, તમે એમની સેવા સુંદર રીતિથી કરજો. હવે તમે ઘરે જાવ. ત્યારે ભગવાનદાસે કહ્યું. મારા ઘરે પધારો અને મારા કુટુંબને આપ શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તારા કુટુંબી દૈવી જીવ નથી, તેથી શરણે નહીં થાય તેથી તું જ સેવા કરજે.

પછી ભગવાનદાસ વિનંતી કરી વિદાય થઈ હાજીપુર પોતાના ગામમાં આવ્યા. ત્યાં અલગ જગા ઘરમાં કરી મન લગાડીને સેવા કરવા લાગ્યા કેટલાક દિવસમાં શ્રીઠાકુરજી સાનુભાવ જણાવવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ : પછી કેટલાક દિવસમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુ ભગવાનદાસના ઘરે પધાર્યા. પાક-સામગ્રી કરી ભોજન કર્યું. ભગવાનદાસને જૂઠણની પાતળ ધરી. ભગવાનદાસના મા-બાપને અને સ્ત્રીને નામ સંભળાવ્યું. પછી પોતે અડેલ પધાર્યા. તે જે ઠેકાણે શ્રીઆચાર્યજી મહાપ્રભુ બિરાજતા હતા ત્યાં ભગવાદાસ ચોતરી કરી નિત્ય પોતું કરતા. નિત્ય સવારે ન્હાઈને દંડવત કરતા. તેઓ એમ જાણતા કે સાક્ષાત શ્રીઆચાર્યજી અહીં બિરાજે છે, ભગવાદાસને આપ કાયમ દર્શન દેતા અને વાર્તા કરતા. તે ભગવાનદાસ એવા શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર હતા. તેમની વાર્તા કયાં સુધી કહીએં ॥ વાર્તા ૫૨ ॥

॥ વાર્તા ૫૩ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, ભગવાનદાસ, સાચોરા બ્રાહ્મણ, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : જા ભગવાનદાસ, લીલામાં લલિતાજીની સખી છે. એમનું નામ લીલામાં સુંદરી છે એ ગુજરાતમાં રાજનગરની પાસે એક ગામ છે, ત્યાં સાચોરાના ઘરે જન્મ્યા. એ વર્ષ આઠના થયા ત્યારે રાજનગરના એક પંડિત બ્રાહ્મણ પાસે ભણવા જતા, દશ વરસ વિદ્યા ભણ્યા પછી તે પંડિત શ્રીરણછોડજીના દર્શને નીકળ્યો. તેની સાથે ભગવાનદાસ પોતે પણ શ્રીરણછોડજીના દર્શને ગયા, ત્યાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપ પધાર્યા ત્યારે તે પંડિત શ્રીઆચાર્યજી સાથે વાદ કરવા આવ્યો. પણ વાદ કરવામાં પંડિત હાર્યો. અને પછી તે પોતાના મુકામે ગયો. પછી ભગવાનદાસને એ પંડિતે કહ્યું, જે કાશી જઈ ફરી વધારે ભણીને શ્રીઆચાર્યજીથી વાદ કરીશ. તું મારી સાથે ચાલ. ત્યારે ભગવાનદાસે તે પંડિતને કહ્યું, મારે તો શ્રીરણછોડજીનાં દર્શન કરવાં છે. હજુ કાલે જ આવ્યો છું. આજે કેમ પાછો ચાલું ? એક મહિનો તો દર્શન કરું ? ત્યારે પંડિતે કહ્યું હું તો જઉં છું પરી ક્યારેક મળીશું. એમ કહી પંડિત તો કાશીએ ગયો.

પછી ભગવાનદાસે શ્રીઆચાર્યજી પાસે આવી દંડવત્ કરીને વિનંતી કરી, કે મહારાજ ! એ પંડિત વાદ કરવામાં નિરુત્તર થયો તેથી લાજ પામીને કાશી ગયો છે. હું એની પાસે ભણ્યો છું હવે આપ મને ભણાવશો ? ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આપ કહે, તમે ઘણું ભણીને શું કરશો ? ત્યારે ભગવાનદાસે કહ્યું, મહારાજ ! ઘણું ભણ્યો હોઉં તો ઘણું દ્રવ્ય કમાઉં, જ્યાં ત્યાં પંડિતોની સભામાં આદર થાય, જે કોઈ શાસ્ત્રની ચર્ચા કરે તેની સાથે વાદ કરું, સંસારમાં પૂજા થાય: ત્યારે શ્રીઆચાર્યજી કહે વિદ્યા ભણીને બે ફલ થાય છે. વિદ્યા ભણી શાસ્ત્ર વાંચે ત્યારે શાસ્ત્ર છે તે શીતલ જલરૂપ બને. અંદરના નેત્ર છે તે ખૂલે, બધી વસ્તુનું જ્ઞાન થાય પરંતુ સત્પુરુષને તે જ્ઞાન થાય શીતલ જલવત શાંત ચિત્ત થઈ જાય. દુઃખને સુખને ભગવદીચ્છા માને જગતમાં જીવમાત્રમાં ભગવદ્બુદ્ધિ થાય, દીનતા, સંતોષ, નિર્મલતા, ક્રોધાદિ રહિત યાય અરે ભગવાનનો આશ્રિત થાય તો તેનું ભણનું સફલ છે. તો આ લોકમાં અને પરલોકમાં પણ સુખ પામે અને ઓછું પાત્ર વિદ્યા ભણે તો તે વિદ્યા તેને અગ્નિરૂપ થાય. એક તો કામ, ક્રોધ, મદ, માત્સર્યમાં જીવો ફસાણો છે. અને વધુ વિદ્યા ભણ્યાનો મદ થાય એટલે પછી કોઈને જગતમાં ગણે નહીં. રાત્રી-દિવસ અહંકાર રૂપી અગ્નિમાં બળ્યા કરે. આ લોકમાં તે જીવ જેટલું દુઃખી રહે અને પરલોકમાં નર્કને પામે. એથી તમે બહુ શાસ્ત્ર ભણો નહીં. જે ભણ્યા છો તે જ ઘણું છે. અને દ્રવ્યાદિક

છે તે તો ભાગ્યથી મળે છે મોટા મોટા પંડિત રાજસી મૂર્ખોની ચાકરી કરે છે. તેથી સંતોષ, દયા રાખો કામ, ક્રોધ, લોભાદિકમ મોહને છોડી શ્રીઠાકુરજીનું ભજન કરો જીવિકા ભગવાને જે વિચારી હશે તે ભગવદીચ્છાથી ભાગ્ય પ્રમાણે મળી જ રહેશે.

એ પ્રકારે સિદ્ધાન્ત રૂપ શ્રીઆચાર્યજીનાં વચન સાંભળીને ભગવાનદાસના હૃદયમાં ભગવદ્ધર્મનો પ્રવેશ થયો. પછી શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી મહારાજ ! હવે મારા મનનો સંદેહ બધો દૂર થઈ ગયો છે. સર્વમાં ભગવદ્ભજન શ્રેષ્ઠ છે. તેથી હવે મને કૃપા કરીને શરણે લો. જે પ્રકારે આપ બતાવો તે પ્રકારે ભગવદભજન કરું. ત્યારે શ્રીઆચાર્યજી કહે, જા ન્હાઈ આવ. એટલે ભગવાનદાસ ન્હાઈને શ્રીઆચાર્યજીની પાસે આવ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ નામ સંભળાવીને નિવેદન કરાવ્યું. પછી ભગવાનદાસે કહ્યું, મહારાજ ! મારું મન આપની પાસે રહીને આપની સેવા કરવાનું છે. ત્યારે શ્રીઆચાર્યજીને મહાપ્રભુજી કહે, અમારી પાસે તમારાથી રહી નહીં શકાય. જીવથી અનેક અપરાધ થાય છે. ક્યારેક અમારી અપ્રસન્નતા થાય તો તને ભગવદ્પ્રાપ્તિમાં અંતરાય થાય, અને આ વૈષ્ણવો જે છે તે અમારા સ્વભાવને જાણી ગયા છે તેથી એ અમારી પાસે રહી શકે છે. માટે તમે ઘરે જાવ. થોડા દિવસ વૈષ્ણવોનો સંગ કરો. પછી ગોવર્ધન પર્વત ઉપર શ્રીગોર્વધનનાથજી પ્રકટ થશે. ત્યારે ત્યાં જઈ શ્રીગુસાંઈજીની આજ્ઞા પ્રમાણે સેવા કરજો. તમારો બધો મનોરથ શ્રીગુસાંઈજી પૂર્ણ કરશે. પછી આપે બ્રહ્મસંબંધનો શ્લોક અને અષ્ટાક્ષર મંત્ર લખી દીધો. અને કહ્યું, જે રસોઈ કરી આને ભોગ ધરી નિર્વાહ કરજો. ત્યારે ભગવાનદાસે વિનંતી કરી, મહારાજ ! આપ અહીં જ્યાં સુધી બિરાજો ત્યાં સુધી તો આપની સેવા કરું ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, સુખેથી કરો. પછી ભગવાનદાસ જલ લાવતા અને રસોઈની બધી પરચારગી કરતા. શ્રીઆચાર્યજી જયારે કથા કહેતા ત્યારે પાછળ ઊભા રહીને ચમર કરતા, એટલે શ્રીઆચાર્યજીએ બહુ પ્રસન્ન થઈને પોતે 'ચતુઃશ્લોકી' કરી હતી તે ભગવાનદાસને ભણાવી અને કહ્યું, પહેલાં તારું મન ભણવામાં હતું તો હવે તને વેદ, પુરાણ, ભાગવત, બધાનો અર્થ સ્ફુરશે. હું પ્રસન્ન થયો છું, હવે તમે ઘરે જાવ. ત્યારે ભગવાનદાસ દંડવત કરીને ઘરે ગયા અને શ્રીઆચાર્યજી પરિક્મ્માએ પધાર્યા.

પછી ભગવાનદાસ ઘણા દિવસ સુધી ઘરમાં રહ્યા. કેટલાક દિવસ પછી ભગવાનદાસની સ્ત્રીની દેહ છૂટી ત્યારે ભગવાનદાસ મનમાં પ્રસન્ન થયા કારણ કે હવે ઘરનું બંધન છૂટ્યું. હવે વ્રજમાં જઈશ. પછી થોડા દિવસમાં વૈષ્ણવોના મુખથી સાંભળ્યું, કે શ્રીગિરિરાજ ઉપર શ્રીગોવર્ધધર બિરાજે છે અને શ્રીગુસાંઈજી સેવા શ્રૃંગાર કરે છે. એટલે ભગવાનદાસે ઘરની બધી વસ્તુ વેચીને, ઘર એક જ્ઞાતિનો બ્રાહ્મણ હતો તેને આપ્યું. મા-બાપ અગર બીજું તો કોઈ હતું નહીં. તેથી ગિરિરાજજી જવા રવાના થયા. તે કેટલાક દિવસમાં ગિરિરાજ ઉપર આવી શ્રીનાથજીનાં દર્શન કર્યાં. પછી શ્રીગુસાંઈજીને દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! આ પ્રકારે મને શ્રીઆચાર્યજીએ શરણ લીધો છે અને આજ્ઞા કરી હતી કે શ્રીગુસાંઈજી પાસે જજે. તેથી હું આપના પાસે આવ્યો છું. ઘરનું કંઈ બંધન મને છે નહીં. તેથી મને કૃપા કરીને કંઈક સેવા બતાવો, ત્યારે શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈને કહ્યું, તમે શ્રીનાથજીના ભીતરિયા થાવ. રસોઈ બાલભોગની સેવા કરો. પછી ભગવાનદાસ સેવામાં ન્હાયા. તેઓ સુંદર સામગ્રી કરતા.

વાર્તાપ્રસંગ ૧ : એક દિવસ ભગવાનદાસે સામગ્રી કરી તે દાઝી તેથી બગડેલી સામગ્રી ભોગ ધરી. પછી જયારે શ્રીગુસાંઈજી ભોગ સરાવવા પધાર્યા ત્યારે બગડેલી સામગ્રી જોઈ તેથી ભગવાનદાસ

ઉપર બહુ ખીજ્યા, અને સેવાથી બહાર કર્યા. ત્યારે ભગવાનદાસ એક ખૂણામાં બેસી રૂદન કરવા લાગ્યા, કે હું હવે શું કરું ?

ભાવપ્રકાશ : શ્રીગુસાંઈજી એથી ખીજ્યા કે સામગ્રી બગડી ગઈ તો બીજી કરવી'તી પણ બગડેલી વસ્તુ પ્રભુને કેમ ભોગ ધરી ? ફરી સામગ્રી કરવાનું આળસ કેમ કર્યું, અમને કહેતા તો અમે સામગ્રી કરત અથવા બીજા ભીતરિયા પાસે કરાવી લેત એમ વિચારીને ભગવાનદાસ ઉપર ખીજ્યા.

પછી ભગવાનદાસ ગોવિંદકુંડ ઉપર અચ્યુતદાસ પાસે આવ્યા. બધા સમાચાર તેમને કહ્યા કે હવે હું શું કરું ? મને સેવાથી બહાર કર્યો છે. ત્યારે અચ્યુતદાસે કહ્યું સામગ્રી સાવધાનીથી કરીયે હવે તમે ચિંતા ન કરો. શ્રીગુસાંઈજી પરમ દયાલ છે. ફરી તમને સેવા દેશે. તેથી ગોવિદકુંડ ઉપર જઈ બેસો, શ્રીગુસાંઈજી ગોવિંદકુંડ ઉપર મધ્યાન્હની સંધ્યા કરવા નિત્ય પધારતા. વળી અચ્યુતદાસ વૃદ્ધ હતા અને માનસી સેવામાં મગ્ન રહેતા હતા. તેથી તેમને નિત્ય દર્શન દેવાને આપ પધારતા. તે પ્રમાણે ગોવિંદકુંડ ઉપર સંધ્યા કરી અચ્યુતદાસની પાંસે શ્રીગુસાંઈજી પધાર્યા, ત્યારે જોયું તો અચ્યુતદાસના નેત્રમાંથી જલ બહુ જ વહે છે. તે જોઈને શ્રીગુસાંઈજી અચ્યુતદાસને કહે, તમને એવું મોટું શું દુઃખ છે ? ત્યારે અચ્યુતદાસે શ્રીગુસાંઈજીને કહ્યું મહારાજ ! શ્રીઆચાર્યજીએ જીવોને તમને સોંપ્યા છે, તેથી આપને ઘણા જીવો અંગીકાર કરવા છે, આપ હમણાંથી જીવનો દોષ જોવા લાગ્યા. તો જીવનો ઉદ્ધાર હવે કેમ થશે ? વળી જયારે શ્રીગોવર્ધનનાથજીએ બ્રહ્મસંબંધની આજ્ઞા આપી ત્યારે કહ્યું છે કે જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો તેના સકલ દોષ દૂર થશે, અને આપ દોષ જોવા લાગ્યા તેનું મને મોટું દુઃખ છે. હવે જીવનો કયા પ્રકારથી ઉદ્ધાર થશે ? ત્યારે શ્રીગુસાંઈજી અચ્યુતદાસને કહે, તમે ચિંતા ન કરો. મેં ભગવાનદાસને શિખામણ દીધી છે. વળી આ વાત તમારા દ્વારા શ્રીઆચાર્યજીએ મને કહી છે. તેથી આજ પછી કોઈ વૈષ્ણવ ઉપર નહીં ખીજું. ત્યારે અચ્યુતદાસ પ્રસન્ન થયા. પછી શ્રીગુસાંઈજી ગોવિંદકુંડથી ભગવાદાસનો હાથ પકડીને શ્રીનાથજીના મંદિરમાં લઈ ગયા અને કહ્યું સેવા સામગ્રી સાવધાનીથી કરજો ત્યારે ભગવાનદાસે પ્રસન્ન થઈને આ કીર્તન ગાયું -

"શ્રીવિઠલેશ ચરણ કમલ, પાવન ત્રિલોક કરન, દરસ પરસ સુંદર વર, વારં વાર વંદે ॥
સમરથ ગિરિરાજ ધરન, લીલા નિજ પ્રગટ કરન. સંતન હિત માનુષ તનુ વૃન્દાવન ચન્દે ॥૧॥ ચરણોદક લેત પ્રેત, તતછન તે મુક્ત ભયે, કરુણામય નાથ સદા, આનંદ નિધિ કન્દે ॥ વારને 'ભગવાનદાસ' વિહરત સદા રસિક રાય, જય જય જશ બોલિ બોલિ, ગાવત શ્રુતિ છન્દે ॥૨॥

આ કીર્તન સાંભળીને શ્રીગુસાંઈજી પ્રસન્ન થયા. પછી ભગવાનદાસ સેવામાં મન લગાડીને ભયસંયુક્ત સેવા કરવા લાગ્યા. કેટલાક દિવસમાં શ્રીનાથજી તેમને સાનુભાવ જણાવવા લાગ્યા. તે ભગવાનદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. તેથી એમની વાર્તા કયાં સુધી કહીએ.
॥ વાર્તા ૫૩ ॥

॥ વાર્તા ૫૪ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક અચ્યુતદાસ, સનોઢિયા બ્રાહ્મણ, મથુરાના વાસી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ અચ્યુતદાસ લીલામાં લલિતાજીની સખી છે. 'મથુરા' એમનું નામ છે, એ એવું

જન્મ્યા. તે વર્ષ નવના થયા ત્યારે માતા-પિતાની સાથે દિવાળીએ ગોવર્ધનની પરિક્મ્મા કરવા આવ્યા. તે અચ્યુતદાસનું મન ગોવર્ધનની શોભા જોઈ ત્યાં લાગી ગયું. ત્યારે મા-બાપને કહે હું તો ગોવર્ધનમાં રહીશ. ત્યારે પિતાએ કહ્યું, કેમ બેટા ! વૈરાગી થવાનું મન છે ? ત્યારે અચ્યુતદાસે કહ્યું, હું તો વૈરાગી છું. મારું લગ્ન તો થયું જ નથી, આપણા સગાંસંબંધી અન્યોરમાં છે ત્યાં થોડાક દિવસ રહીંશ. ગોવર્ધનની દશ-વીશ પરિક્મ્મા કરી મન થશે ત્યારે આવીશ. ત્યારે મા-બાપ અચ્યુતદાસને સંબંધીને સોંપીને મથુરામાં આવ્યા.

વાર્તાપ્રસંગ ૧ : એ અચ્યુતદાસ આન્યોરમાં રહેતા. ક્યારેક પરસોલી, કાયરેક શ્રીકુંડ ક્યારેક શ્રીગોવર્ધન એ પ્રકારે રહેતા. પછી આચાર્યજી જ્યારે ગોવર્ધનની તરહટીમાં પધાર્યા ત્યારે આન્યોરમાં સદૂપાંડેને તેના ઘર સહિત સેવક કર્યા અને શ્રીનાથજીને પર્વતના અંદરથી બહાર પધરાવ્યાં. ત્યારે અચ્યુતદાસને દૈવી જીવ જાણી નામ-નિવેદન કરાવી કહ્યું, તમે શ્રીનાથજીની સેવા કરો. ત્યારે અચ્યુતદાસે શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! મારા ઉપર એવી કૃપા કરો કે એકાન્તમાં રહું અને માનસી સેવામાં મન લાગે ત્યારે શ્રીઆચાર્યજીએ પોતાનું ચરણામૃત આપ્યું. તેનું અચ્યુતદાસે પાન કરી હાથ અને નેત્રોથી લગાડી, મસ્તક ઉપર લગાડી, હૃદયથી લગાડ્યું એટલે અચ્યુતદાસનાં નેત્ર અલૌકિક થઈ ગયાં, લીલાનાં દર્શન કરવા લાગ્યા.

ભાવપ્રકાશ : જેમ મર્યાદા માર્ગમાં મહાદેવજી ગંગાજીને મસ્તક ઉપર ધરી ભક્તરાજ થયા, તેમ અચ્યુતદાસ શ્રીઆચાર્યજીનું ચરણોદક માથે ધરીને તેની છાયામાં સદા રહ્યા, હૃદયે લગાડ્યું એટલે બધી લીલા માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થયો પછી શ્રીઆચાર્યજીએ 'સિદ્ધાન્ત મુક્તવલી' ગ્રન્થ કરીને ભણાવ્યો. તેથી માનસી સેવામાં મગ્ન થઈ ગયા. તેઓ ગોવિન્દકુંડની પાસે ગુફામાં રહેતા નેત્ર પ્રેમ રસથી ભર્યાં રહેતાં. શ્રીગુસાંઈજી નિત્ય તેમને દર્શન દેવા પધારતા. ઉપરનો આ ભાવ મર્યાદા રાખવા માટે કહ્યો. પરંતુ શ્રીગુસાંઈજી તો તેમના દર્શન કરવા પધારતા. કારણ કે શ્રીગુસાંઈજીને શ્રીઆચાર્યજીનો અનુભવ તેમનામાં થતો. અચ્યુતદાસના નેત્રમાં શ્રીમહાપ્રભુજી ઝલકતા તેથી શ્રીગુસાંઈજી માર્ગની રીતિ ભ્રાંતિ, શ્રીનાથજીની લીલાનો ભાવ વગેરે તેમને પૂછીને બહુ પ્રસન્ન થતા. તે અચ્યુદાસના પરમાર્થી પણ એવા કે ભગવાનદાસને શ્રીગુસાંઈજીને સેવામાંથી કાઢેલા તે ફરી વિનંતી કરી ભગવાનદાસનો સેવામાં અંગીકાર કરાવ્યો. જે સામગ્રી શ્રીગુસાંઈજી શ્રીનાથજીને ધરતા તેનો અચ્યુતદાસ ગોવિન્દકુંડ ઉપર બેસીને બધો જ અનુભવ કરતા, અને શ્રીગુસાંઈજીને બધું કહેતા. આજ આ સામગ્રી સુંદર થઈ. આ પ્રકારે શ્રીજીએ સામગ્રી અંગીકાર કરી વગેરે કહેતા તેથી શ્રીગુસાંઈજી અચ્યુતદાસ પાસે રાજભોગ ધરીને નિત્ય પધારતા. તે અચ્યુતદાસની વાર્તાનો બહુ પ્રકાશ નથી કર્યો. કેમકે એમને વિપ્રયોગ છે. રસ સંબંધી વાર્તા લોકમાં પ્રકાશ કરવી નહીં. તેથી એનું વર્ણન કર્યું નથી.

તે અચ્યુતદાસ એવા ભગવદીય હતા. એમની વાર્તા ક્યાં સુધી કહીએ ॥ વાર્તા ૫૪ ॥

॥ વાર્તા ૫૫ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક અચ્યુતદાસ ગૌડ બ્રાહ્મણ, મહાવનના વાસી તેમની વાર્તાનો ભાવ કહીએ—

ભાવપ્રકાશ : એ લીલામાં વિશાખાજીની સખી અંતગૃહગતામાં છે. ત્યાં એકની પ્રાપ્તિ છે. લીલામાં એમનું નામ 'મોહિની' છે. જ્યારે [illegible]

મહાવનમાં એક ગૌડ બ્રાહ્મણના ઘરે જન્મ્યા. પછી જ્યારે નારાયણદાસ બ્રહ્મચારીના ઘરે શ્રીઆચાર્યજી પધાર્યા ત્યારે અચ્યુતદાસને નામ આપ્યું. તે વખતે તેઓ સાત વરસના હતા. નારાયણદાસ બ્રહ્મચારી પાસે તેઓ આવતા જતા. જ્યારે તેઓ વર્ષ વીસના થયા ત્યારે તેમણે નારાયણદાસને પૂછ્યું જે અમને નામ સંભળાવ્યું અને સેવક કર્યા તે કયાં છે ? એમનું નામ શું છે ? ત્યારે તો હું બાલક હતો કંઈ સમજતો ન હતો. હવે દર્શન કરું તો સમર્પણ કરું. ત્યારે નારાયણદાસે કહ્યું, શ્રીઆચાર્યજી એમનું નામ છે અને તીર્થરાજ પ્રયાગની પાસે અડેલ ગામમાં બિરાજે છે. ત્યારે અચ્યુતદાસે કહ્યું, ગિરિરાજની પરિકમ્મા કરી પછી અડેલ જઈશ. અચ્યુતદાસને ગિરિરાજની પરિકમ્મામાં બહુ પ્રેમ હતો મહિનામાં બે ચાર પરિકમ્મા કરતા, પછી અચ્યુતદાસ ગિરિરાજની પરિકમ્મા કરી અડેલ ચાલ્યા. તે કેટલાક દિવસમાં જઈ પહોંચ્યા. શ્રીઆચાર્યજીને દંડવત કરી ઊભા રહ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, અચ્યુતદાસ ! તમે કયાંથી આવ્યા ? ત્યારે અચ્યુતદાસે કહ્યું, મહારાજ ! વ્રજથી આવ્યો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, વ્રજમાં તમે શું કરતા હતા ? ત્યારે અચ્યુતદાસે કહ્યું, બે ચાર પરિકમ્મા મહિનામાં શ્રીગિરિરાજજીની કરતો અને મહાવનમાં નારાયણદાસ બ્રહ્મચારી આપના વૈષ્ણવ છે તેમનો સંગ કરતો. મને આપે બાલપણમાં નામ સંભળાવ્યું હતું. હું આપનું નામ જાણતો ન હતો પણ નારાયણદાસે બધો પ્રકાર બતાવ્યો. હવે મને સમર્પણ કરાવો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, જાવ, શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવો. ત્યારે અચ્યુતદાસ શ્રીયમુનાજી સ્નાન કરીને શ્રીઆચાર્યજીની પાસે આવ્યા ત્યારે શ્રીઆચાર્યજીએ નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી અચ્યુતદાસને કહે તેં ગિરિરાજની પરિકમ્મા ઘણી કરી, પરંતુ કંઈ ચમત્કાર જોયો ? ત્યારે અચ્યુતદાસે કહ્યું, મહારાજ ! મેં તો ચમત્કાર જોયો નહીં. ત્યારે શ્રીઆચાર્યજી કહે, ગિરિરાજજીની ત્રણ પરિકમ્મા એક સાથે કરીશ તો કંઈક ચમત્કાર જોઈશ.

એટલે અચ્યુતદાસે શ્રીઆચાર્યજીને દંડવત કરી વિદાય માગી અને ત્યાંથી ચાલ્યા. મનમાં એમ કે ક્યારે ગોવર્ધન જઈ ક્યારે પરિકમ્મા એક સામટી કરું. એ પ્રકારે અતિ આતુર થયા. પછી થોડા દિવસમાં મહાવન આવ્યા અને નારાયણદાસને બધો પ્રકાર કહ્યો કે શ્રીઆચાર્યજીએ કૃપા કરીને બ્રહ્મસંબંધ કરાવ્યું. હવે એક સાથે ગોવર્ધનની ત્રણ પરિકમ્માની આજ્ઞા કરી છે તેથી હું ગોવર્ધન જાઉં છું. પછી ગોવર્ધન આવીને રાત્રે સૂઈ રહ્યા જ્યારે રાત્રિ પ્રહર એક રહી ત્યારે ઊઠી દેહકૃત્ય કરી માનસી ગંગામાં ન્હાઈ ને પરિકમ્મા શરૂ કરી. દોઢ પ્રહર દિવસ ચઢે એક પૂરી કરી. પછી બીજી શરૂ કરી, તે ઘડી છ દિવસ પાછલો રહ્યો ત્યારે પૂરી કરી. ત્રીજી શરૂ કર્યા પછી જ્યારે અપ્સરાકુંડની પાસે આવ્યા ત્યારે ભૂખથી થાકી ગયા. રાત્રિ ઘડી એક ગઈ, ત્યારે એક ગોવાલીયાએ અચ્યુતદાસ પાસે આવીને કહ્યું, વેરાગી તું આગળ ક્યાં જાય છે, સિંહ બેઠો છે, પાછો ફર, ત્યારે અચ્યુદાસે કહ્યું, પાછો કેમ ફરું ? શ્રીઆચાર્યજીનું વચન છે કે એક સામટી ત્રણ પરિકમ્મા કરજે. તેથી પાછો નહીં ફરું. ત્યારે ગોવાળિયો અંતર્ધ્યાન થઈ ગયો. પછી અચ્યુતદાસ આગળ ચાલ્યા અને જુએ તો માર્ગની વચ્ચોવચ્ચ સિંહ બેઠો છે ત્યારે વિચાર કર્યો કે પરિકમ્મા તો છોડવી નથી. સિંહ ખાય તો ભલે ખાય. પછી ધીરજ ધરી સિંહની પાસે જતાં જ જુએ તો સુંદર ગાય ઊભી છે. ત્યારે ગાયની પરિકમ્મા કરી પૂંછ માથે ચઢાવી પછી આગળ ચાલ્યા. પ્રહર એક રાત્રિ ગયે પરિકમ્મા પૂરી. પછી મહાવનમાં આવીને નારાયણદાસને કહ્યું, કે ગોવાળિયો, સિંહ અને ગાય જોયા એનું કારણ શું ? ત્યારે નારાયણદાસે કહ્યું, કે એ અભિપ્રાય તો શ્રીઆચાર્યજી જાણે એટલે અચ્યુતદાસ ફરી અડેલ જવા નીકળ્યા. થોડાક દિવસ પછી અડેલ આવીને શ્રીઆચાર્યજીનાં દર્શન કર્યા,

ત્યારે શ્રીઆચાર્યજીએ પૂછ્યું, ત્રણ પરિકમ્મા ગિરિરાજની એક સાથે કરી તેં કંઈ જોયું ? ત્યારે અચ્યુતદાસે કહ્યું, ગોવાળિયાને જોયો પછી સિંહ જોયો. તે સિંહનાં પછી ગાયના સ્વરૂપે દર્શન થયાં એમાં કંઈ હું સમજ્યો નહીં, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, જે ગોવાળિયો રૂપે તો શ્રીઠાકુરજી પોતે હતા. તારી ધીરજ જોવા માટે તને ડરાવ્યો અને સિંહ ગિરિરાજજી હતા. તું પાસે ગયો ત્યારે ગાય રૂપ થઈ દર્શન દીધાં. તારાં મોટાં ભાગ્ય છે. પરંતુ દશા કાચી છે, હજુ તને પ્રેમ નથી. તેથી લીલા સહિત દર્શન ન દીધાં. ત્યારે અચ્યુતદાસે દર્શન કરી દંડવત કરી, શ્રીઆચાર્યજી મહાપ્રભુને વિનંતી કરી, મહારાજ ! પ્રેમનું દાન કૃપા કરીને કરો. આપ કહો તે હું કરું કે જેથી મને લીલાનો અનુભવ થાય ત્યારે શ્રીઆચાર્યજી કહે તમે ભગવદ્‌સેવા કરો તો પ્રેમ થાય ત્યારે અચ્યુતદાસ કહે મહારાજ ! સેવા પધરાવી દો, જે પ્રકારે બતાવો તે પ્રકારે સેવા કરું. જે પ્રકારે મને લીલાનો અનુભવ થાય તે પ્રમાણે કરો. શ્રીઆચાર્યજી કહે, હવે અમે વ્રજ તરફ જઈએ છીએ. અમારી સાથે તું ચાલ. ત્યાં તારો બધો મનોરથ પૂર્ણ થશે એટલે શ્રીઆચાર્યજીની સાથે અચ્યુતદાસ ચાલ્યા.

પછી અડેલથી પાંચ મજલ ઉપર એક નાનું ગામ આવ્યું. ત્યાં એક તલાવ હતું સઘન બગીચી અને તલાવવાળી સુંદર જગા જોઈ શ્રીઆચાર્યજી કહે, આજ અહીં પાક સામગ્રી કરીશું. પછી આપે અચ્યુતદાસને કહ્યું, તું ન્હાઈ આવ, જલ ભરી લાવ. એટલે અચ્યુતદાસ તલાવમાં ન્હાઈને નીકળ્યા. નીકળીને જુએ છે તે તલાવના કિનારે એક નાનું સરખું પીપરીનું વૃક્ષ છે તેની નીચે લીલા ઘાસ ઉપર એક શ્રીઠાકુરજી બિરાજે છે ત્યારે અચ્યુતદાસે દોડીને શ્રીઆચાર્યજીને કહ્યું, મહારાજ ! તલાવના કિનારે પીપળી નીચે લીલા ઘાસ ઉપર એક શ્રીઠાકુરજીનું સ્વરૂપ છે. ત્યારે શ્રીઆચાર્યજીએ પધારી તે સ્વરૂપને હાથમાં પધરાવી પોતાના ઉપરપણાથી રજ પોછીને અચ્યુતદાસને આપ્યું અને કહ્યું, તું રસોઈ કરી એમને ભોગ ધરજે. પછી વ્રજમાં ચાલજે. તારા ઘરમાં પધરાવીશું. અચ્યુતદાસ સુંદર સ્વરૂપ જોઈને બહુ પ્રસન્ન થયા. શ્રીઆચાર્યજીના શ્રીહસ્તનો સ્પર્શ તો થઈ ચૂક્યો છે તેથી રસોઈ કરી ભોગ ધર્યો, પછી અચ્યુતદાસ નિત્ય એમ કરતાં કરતાં શ્રીઆચાર્યજીની સાથે મહાવન આવ્યા. ત્યારે શ્રીઅચ્યુતદાસે પોતાના ઘરમાં શ્રીઆચાર્યજીને પધરાવ્યા. ત્યાં શ્રીઆચાર્યજીએ શ્રીઠાકુરજીને પંચામૃત સ્નાન કરાવી પાટ બેસાડ્યા અને શ્રીમદનમોહનજી નામ ધર્યું, અને અચ્યુતદાસના ઘરમાં રહી પુષ્ટિમાર્ગની બધી રીતિ બતાવી. પછી પોતે નારાયણદાસ બ્રહ્મચારીના ઘરે એક રાત્રિ રહી પછી ગિરિરાજજી થઈ પોતે દ્વારકા પધાર્યા.

વાર્તાપ્રસંગ ૧ : તે અચ્યુતદાસ શ્રીમદનમોહનજીની સેવા ભલિ ભાંતિથી કરતા. પછી થોડાક દિવસમાં શ્રીમદનમોહનજી અચ્યુતદાસને સાનુભાવ જણાવવા લાગ્યા. લીલારસનો અનુભવ કરાવે. વાતો કરતા, જે જોઈએ તે માંગી લેતા પછી જ્યારે શ્રીગુસાંઈજીની પાસે અચ્યુતદાસ આવતા ત્યારે શ્રીગુસાંઈજી અચ્યુતદાસને દંડવત કરવા ન દેતા, અને કહેતા જે તમારા હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજે છે. અચ્યુતદાસ એવા ભગવદીય હતા. ઘણા દિવસ સુધી શ્રીમદનમોહનજીની સેવા મન લગાવીને કરી, પછી જ્યારે શ્રીઆચાર્યજીએ આસુર વ્યામોહ લીલા કરી ત્યારે અચ્યુતદાસે શ્રીમદનમોહનજી પધરાવી દીધા. પછી વિરહ ઘણો થયો તેથી રહેવાય નહિ. પછી બદ્રીકાશ્રમ જઈ અન્ન જલ છોડી દેહ ત્યાગ કર્યો. અંતગ્રહગતાની પ્રાપ્તિ થઈ. શ્રીઠાકુરજીના શ્રીમુખમાં પ્રવેશ કર્યો. પછી મદનમોહનજીને શ્રીગોપીનાથજીની પાસે પધરાવ્યા એ અચ્યુતદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. શ્રીઆચાર્યજીનો વિરહ સહન ન કરી શક્યા. તેથી એમની વાર્તા ક્યાં સુધી કહીએ ॥ વાર્તા ૫૫ ॥

॥ વાર્તા ૫૬ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક; અચ્યુતદાસ, સારસ્વત બ્રાહ્મણ કડામાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ લીલામાં શ્રીયમુનાજીની સખી છે. એનું નામ 'રસાત્મિકા' છે. સદા સંયોગમાં મગન રહેતી તે અચ્યુતદાસ કડામાં એક બ્રાહ્મણ સારસ્વતને ઘરે પ્રગટ્યા. તે વર્ષ અગિયારના થયા ત્યારે તેમનું લગ્ન થયું. પછી ચાર વર્ષે સ્ત્રી મરી ગઈ, ત્યારે અચ્યુતદાસને ઘણું દુઃખ થયું. ચાર દિવસ સુધી ખાધું નહીં. બહુ દુઃખી થાય એક દિવસે માતા-પિતાએ ઘણું કહ્યું, પરંતુ માન્યું નહીં. કહ્યું જે હું વૈરાગ્ય લઈશ ત્યારે પિતાએ કહ્યું, કે તું કહે તો તારા બે લગ્ન કરી દઉં એમ કહીને સમજાવ્યો. અને ખવરાવ્યું પછી દશ દિવસ પછી પિતા મરી ગયો. ત્યારે અચ્યુતદાસને વિશેષ દુઃખ થયું. પછી ચાર દિવસમાં માતા મરી ગઈ, ત્યારે અચ્યુતદાસ ઘરેથી નીકળ્યા, તે બદ્રીનાથ થઈ શ્રીજગન્નાથજી ગયા. ત્યાં શ્રીઆચાર્યજી બિરાજતા હતા. આપ કથા કહે છે ત્યાં અચ્યુતદાસ બેઠા. કથા સાંભળી, પરંતુ દુઃખના માર્યા કંઈ સમજે નહીં. પછી કથા થઈ રહી ત્યારે શ્રીઆચાર્યજી કહે, અચ્યુતદાસ, તું આવો ઉદાસ કેમ છે ? ત્યારે અચ્યુતદાસ રોવા લાગ્યા. કહે, મહારાજ ! મારા દુઃખનો પાર નથી. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે, તું તારું દુઃખ કહે તો તેનો ઉપાય થાય. ત્યારે અચ્યુતદાસે કહ્યું, મહારાજ ! સ્ત્રી, મા-બાપ બધાં મરી ગયાં. મેં ક્યારેય દુઃખ જોયું નથી, તેથી હું શું કરું ? કાંઈ ઉપાય સમજતો નથી. ત્યારે શ્રીઆચાર્યજી કહે, જા ન્હાઈને આવ તારું બધું દુઃખ શ્રીઠાકુરજી દૂર કરશે. એટલે અચ્યુતદાસ સ્નાન કરીને આવ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ નામ સંભળાવી નિવેદન કરાવ્યું. પછી વેદમંત્ર ભણી એક અંજલિ જલ છાંટ્યું. ત્યારે અચ્યુતદાસના હૃદયમાં વિવેક, ધૈર્ય અને ભગવાનનો આશ્રય દૃઢ થઈ ગયો.

પછી શ્રીઆચાર્યજીને દંડવત કરીને અચ્યુતદાસે કહ્યું, મહારાજ ! મેં આટલું દુઃખ વૃથા જ કર્યું. કોની સ્ત્રી, કોના માતા-પિતા, આ શરીર મારું નહીં, તો શરીરના સંબંધીનું વૃથા જ દુઃખ કર્યું. હું ભગવાનનો દાસ થઈને ભગવાનને ભૂલ્યો તેથી દુઃખ પામ્યો. હવે હું આપના શરણે થઈ પરમ સુખ પામ્યો. હવે મને આપ ટહેલ બતાવો તે હું કરું ત્યારે શ્રીઆચાર્યજી કહે, તું અમારી સાથે રહે. જે ટહેલ તારાથી બને તે કરજે. ત્યારે અચ્યુતદાસ શ્રીઆચાર્યજીની સાથે રહ્યા. પછી એક પૃથ્વી-પરિકમ્માામાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સુંદર ટહેલ, તન મન લગાડીને તેમણે કરી, પછી શ્રીઆચાર્યજી જ્યારે અડેલ પધાર્યા ત્યારે પ્રસન્ન થઈને અચ્યુતદાસને કહે, હવે તમે ઘરે જઈને સેવા કરો. ત્યારે અચ્યુતદાસના નેત્રમાં જલ ભરાઈ આવ્યું તેઓ કહે મહારાજ ! આપનાં વચનામૃત સાંભળ્યા વિના, આપના દર્શન વિના મારાથી એક દિવસ પણ નહીં રહેવાય. લૌકિક દુઃખ આપે દૂર કર્યું છે. હવે આપ વિદાય કરો તો એ દુઃખ દૂર કરવાને કોણ સામર્થ્યવાન છે ? ત્યારે શ્રીઆચાર્યજીએ પ્રસન્ન થઈ પાદુકાજીની સેવા દીધી. અને કહ્યું, હું તારા ઉપર ઘણો પ્રસન્ન છું. જ્યાં તું રહીશ ત્યાં હું તને દર્શન દઈશ. તને જે સંદેહ હોય તે પૂછજે, તારો સંદેહ દૂર કરીશ. તેથી હવે ઘરે જઈ ભગવદ્સેવા કરો ત્યારે અચ્યુતદાસ શ્રીઆચાર્યજીને દંડવત કરી શ્રીઆચાર્યજીની પાદુકાજી માથે પધરાવી વિદાય થઈ કડામાં પોતાના ઘરે આવ્યા.

વાર્તાપ્રસંગ ૧ : તે અચ્યુતદાસ ભલી પ્રકારથી શ્રીઆચાર્યજીની પાદુકાજીની સેવા કરતા: શ્રીઆચાર્યજી મહાપ્રભુ અચ્યુતદાસને નિત્ય દર્શન દેતા. વાર્તા કરતા, પુષ્ટિમાર્ગની રીતિ તથા લીલાનો ભાવ કહેતા. તે અચ્યુતદાસ એવા ભગવદીય કૃપાપાત્ર હતા. પછી કેટલાક દિવસમાં શ્રીઆચાર્યજી

મહાપ્રભુજીએ સંન્યાસ ગ્રહણ કરી આસુર વ્યામોહ લીલા કરી, ત્યારે આપની પાસે એક વૈષ્ણવ હતો તેને બહુ વિરહ દુઃખ થયું. શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ પહેલાં તો વૈષ્ણવને કહ્યું હતું કે તું કડામાં અચ્યુતદાસ પાસે જજે. એ તારો સંદેહ બધો દૂર કરશે. પછી જ્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ વ્યાસુર વ્યામોહ લીલા કરી, ત્યારે તે વૈષ્ણવ વિરહથી દુઃખી થઈ કડામાં અચ્યુતદાસ પાસે આવીને શ્રીઆચાર્યજીના સંન્યાસ ગ્રહણની અને આસુર વ્યામોહ લીલાની વાત તેમને કહી ત્યારે અચ્યુતદાસે કહ્યું, શ્રીઆચાર્યજી એવું કદીયે ન કરે. તને મોહ થયો હશે. મહાપ્રભુજી ક્યારેય એવું કરે જ નહીં, તને ભ્રમ થયો છે. ત્યારે તે વૈષ્ણવે કહ્યું, હું કાશીમાં શ્રીઆચાર્યજીની સાથે હતો. હું તે જોઈને આવ્યો છું. ત્યારે અચ્યુતદાસ કહે, ઉત્થાપનનો સમય હવે બે ઘડીમાં થશે. ત્યારે તારો સંદેહ દૂર થશે. એટલે તે વૈષ્ણવ બેસી રહ્યો. પછી ઉત્થાપનનો સમય થયો ત્યારે અચ્યુતદાસે ન્હાઈને મંદિરના કમાડ ખોલી એ વૈષ્ણવને બોલાવીને શ્રીઆચાર્યજીના દર્શન કરાવ્યાં. તે વૈષ્ણવ જુએ તો શ્રીઆચાર્યજી બિરાજી પોથી જુએ છે. ત્યારે તે વૈષ્ણવ દંડવત કરી ચક્તિ થઈ રહ્યો. ત્યારે શ્રીઆચાર્યજી તે વૈષ્ણવને કહે કે કાશીમાં લૌકિક લીલા જોઈને સંદેહ ન કરીશ. હું મારા ભક્તોને ઘરે સદા બિરાજુ છું. હવે લૌકિક લોકોને દર્શન નહીં, ભગવદીયોને નિત્ય દર્શન છે. ત્યારે તે વૈષ્ણવનો સંદેહ ગયો. તે અચ્યુતદાસ સદા સંયોગરસમાં મગ્ન રહેતા. તે શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. તેથી એમની વાર્તા ક્યાં સુધી કહીએ.

ભાવપ્રકાશ : એ યમુનાજીની સખી છે. એમની સંયોગી લીલા સંબંધી વાર્તા અનેક છે, તે પ્રગટ કરાય નહિ. ॥ વાર્તા ૫૬ ॥

॥ વાર્તા ૫૭ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, નારાયણદાસ કાયસ્થ, અંબાલયના તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ લીલામાં કુમારિકાની સખી છે. લીલામાં એમનું નામ 'વ્રિજવલાસિની' છે. તે અંબાલયમાં એક કાયસ્થના ઘરે જન્મ્યા. પછી નારાયણદાસ મોટા થયા. વર્ષ વીસના થયા ત્યારે નારાયણદાસ પણ પિતાની સાથે દરબારમાં જતા. તેમનો પિતા દેશાધિપતિનું કામ કરતો. નારાયણદાસને જુગાર રમવાનું બહુ વ્યસન હતું. પિતા બહુ જ મારે, સમજાવે, પરંતુ જુગાર રમ્યા વિના ન રહે. પછી નારાયણદાસ એક દિવસ જુગાર રમતામાં એક હજાર રૂપિયા હાર્યા. એટલે નારાયણદાસના પિતા પાસે મનુષ્યો માગવા આવ્યા. આવીને કહે જે નારાયણદાસ જુગારમાં હાર્યો છે તે એને ઘેર્યો છે, તમે રૂપિયા આપો. ત્યારે નારાયણદાસના પિતાએ કહ્યું. જે નારાયણદાસ જ દેશે. તે પછી બહુ ખેંચતાણ થઈ ત્યારે નારાયણદાસના પિતાએ હજાર રૂપિયા આપ્યા અને દેશાધિપતિને કહીને નારાયણદાસને દેશથી બહાર કઢાવી મૂક્યો એટલે નારાયણદાસ દક્ષિણ દેશ ગયા. ત્યાં એક બ્રાહ્મણ પાસે રહીને કંઈક વિદ્યા ભણ્યા. પોથી વાંચવા લાગ્યા. જુગારનું વ્યસન છૂટી ગયું. પછી દશ-પાંચ છોકરાને ભણાવે તેમાં જીવિકા ચાલે.

એક દિવસ બજારમાં એક દુકાન ઉપર તેઓ છોકરાઓને ભણાવતા હતા. ત્યારે એક છોકરાથી કંઈ ભૂલ પડી તેથી તેને નારાયણદાસ મારતા હતા. એ વખતે કૃષ્ણદાસ બજારમાં શ્રીઆચાર્યજીને માટે સીધું સામાન લેવા આવ્યા હતા. કૃષ્ણદાસે નારાયણદાસને દૈવીજીવ જોઈને કહ્યું, નારાયણદાસ ! આમ છોકરાઓને ન મારીએ, દયા રાખિએ, ત્યારે નારાયણદાસ કહે, તમે તમારે કામે જાવ, તમારે શું કામ છે ? અમારું તો કામ જ છે. ત્યારે કૃષ્ણદાસે કહ્યું, આ રીતે મારે છે તો જુગારની પાછળ અંબાલયથી

ભાગ્યો, એમ હવે જો કોઈ બાળક મરી જશે તો હત્યા લાગશે. અને હવે ભાગીને ક્યાં જઈશ ? ત્યારે નારાયણદાસે કહ્યું, અંબાલયની વાત તમે જાણો છો ? મેં તમને ક્યારેય જોયા તો નથી. ત્યારે કૃષ્ણદાસે કહ્યું, હું શ્રીઆચાર્યજીની કૃપાથી તારી બધી વાત જાણું છું. મેં પણ તને નથી જોયો. પરંતુ તું ઉત્તમ દૈવી જીવ છો તેથી તને કહ્યું, આ બાલક ભણાવવાની જીવિકા છોડી દે. ત્યારે નારાયણદાસે કહ્યું, હું ખાઉં ક્યાંથી ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું, તું કાયસ્થ છો, કોઈની ચાકરી કર. ત્યારે નારાયણદાસે કહ્યું, હવે તારું કહ્યું કરું તો ખરાબ થાઉં, મારે આજ ઠીક છે. ત્યારે કૃષ્ણદાસ કહે, તું જાણે, દુઃખ પામીશ. એમ કહી કૃષ્ણદાસ સીધું-સામગ્રી લઈ શ્રીઆચાર્યજીની પાસે આવ્યા, અને શ્રીઆચાર્યજીને બધી વાત કહી, કે મહારાજ ! નારાયણદાસ કાયસ્થ એક અંબાલયનો અહીં છે. દૈવી જીવ છે, એને મેં સમજાવ્યો પણ માન્યો નહીં. બાળકોને ભણાવે છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, ન માન્યો તો શું થયું. તમે એને સમજાવ્યો એટલે તમને એ ખોળતો હમણાં જ આવશે. પછી શ્રીઆચાર્યજી રસોઈ કરી ભોગ ધરી ભોજન કરી ગામ બહાર બગીચો હતો ત્યાં પોઢ્યા.

પછી ત્રીજે પ્રહર નારાયણદાસે તે છોકરાને જોરથી પાકી ખેંચીને મારી એટલે તે છોકરો મૂર્છા ખાઈને પડ્યો. એટલે નારાયણદાસ ડરીને તે છોકરાને ઓરડામાં લઈ જઈ નાક મહોડું ઘણુંય મૂર્દ્યું પરંતુ જાગ્યો નહીં. ત્યારે નારાયણદાસને યાદ આવ્યું કે બે પ્રહર પહેલાંના તે મહાપુરુષના વચન સાચાં થયાં. એણે કહ્યું હતું કે હું શ્રીઆચાર્યજીની કૃપાથી બધું જાણું છું, માટે એ શ્રીઆચાર્યની સાથે હશે. એટલે ઓરડાને તાળું મારી ગામમાં બધાને પૂછતો ચાલ્યો કે પરદેશથી કોઈ શ્રીઆચાર્યજી આવ્યા છે ? ત્યારે એક પંડિત બ્રાહ્મણે કહ્યું કે શ્રીઆચાર્યજી પધાર્યા છે. માયાવાદ ખંડન કર્યો છે, ભક્તિમાર્ગ સ્થાપન કર્યો છે. એ ગામની બહાર બગીચામાં ઊતર્યા છે. આ સાંભળીને નારાયણદાસ દોડ્યા, તે બગીચાના દરવાજે આવ્યા. પછી કૃષ્ણદાસને જોઈ નારાયણદાસે કહ્યું, તમે વાત કહી તે બધી સાચી થઈ. તે છોકરાને મેં ફરી માર્યો તેથી મૂર્છિત થયો છે. એમ કહી કૃષ્ણદાસના પગે પડી રોવા લાગ્યો અને કહ્યું, તમે મારો અપરાધ ક્ષમા કરો, મેં તમારું કહ્યું ન માન્યું. ત્યારે કૃષ્ણદાસ કહે, તું રોઈશ નહીં. શ્રીઆચાર્યજીના દર્શન કર. એમની કૃપાથી બધું સારું થશે. ત્યારે નારાયણદાસે કહ્યું, હું શ્રીઆચાર્યજીને નથી જાણતો. તમે કૃપા કરીને લઈ ચાલો. ત્યારે કૃષ્ણદાસ નારાયણદાસને લઈ આવ્યા. શ્રીઆચાર્યજી પોઢીને ઊઠ્યા હતા ત્યારે નારાયણદાસે દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! મેં એમનું કહ્યું ન માન્યું તેથી દુઃખ પામ્યો. હવે હું આપની શરણે આવ્યો છું. મારા ઉપરનું કલંક છોડાવો. તે ગૃહસ્થનો છોકરો મૂર્છિત થયો છે, હું તેને ઓરડીમાં નાખી તાળું લગાવીને આવ્યો છું. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તે છોકરો તો સારો થઈ જશે, પરંતુ તું ફરી એજ કામ કરીશ ? ત્યારે નારાયણદાસે કહ્યું, મહારાજ ! હું આપનો દાસ છું. ગુલામ થઈ આપની પાસે રહીશ. આપ આજ્ઞા કરશો તે હું કરીશ. ત્યારે શ્રીઆચાર્યજી ઝારીમાંથી જલ લઈ વેદમંત્ર ભણી તેને એક પડિયામાં આપ્યું અને કહ્યું, આ જલ છોકરા ઉપર છાંટજે, છોકરો ઊઠશે. નારાયણદાસ તે જલ લઈને આવ્યા. ઓરડીનું તાળું ખોલી તે છોકરો મૂર્છિત પડ્યો હતો. તેના ઉપર જલ છાંટ્યું. એટલે તુર્ત જ તે છોકરો ઊઠ્યો. પછી તે છોકરાને ઘરે વિદાય કરી નારાયણદાસે શ્રીઆચાર્યજીની પાસે આવી વિનંતી કરી, મહારાજ ! હું આપની શરણે આવ્યો છું. મને સેવક કરો. મારા માથેથી આપે હત્યા ટાળી છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, જા સ્નાન કરી આવ. એટલે નારાયણદાસ ન્હાઈને અપરસમાં શ્રીઆચાર્યજી પાસે આવ્યા ત્યારે શ્રીઆચાર્યજીએ નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી કહે, હવે તું તારી વસ્તુ હોય તે

લઈ અમારી પાસે રહે. કોઈ બીજી જગાએ રહીશ તો દુઃસંગમાં પડીશ. એટલે નારાયણદાસે ગામમાં જઈ બધા છોકરાંઓને એમના મા-બાપને સોંપ્યા. પછી તે પોતાની વસ્તુ લઈને શ્રીઆચાર્યજી પાસે આવીને રહ્યા.

પછી શ્રીઆચાર્યજીના મુખથી વાર્તા સાંભળે. મહાપ્રસાદ લે. ચિત્તમાં આનંદ પામ્યા. પછી આપ દ્વારકા પધાર્યા ત્યાં સુધી નારાયણદાસ શ્રીઆચાર્યજીની સાથે રહ્યા. પછી શ્રીઆચાર્યજીએ કહ્યું. નારાયણદાસ ! તું તારા ઘરે જા. ત્યારે નારાયણદાસે વિનંતી કરી, મહારાજ ! મને પિતાએ જુગારી જાણીને દેશથી કાઢી મૂક્યો છે, હવે ઘરમાં કેવી રીતે રાખશે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, હવે રાખશે, ચિંતા ન કરીશ. ત્યારે નારાયણદાસે કહ્યું, મહારાજ ! માતા-પિતા સેવક નથી. તેથી મારો ધર્મ કેમ નભશે ? તે પ્રતિબંધ કરે તો મને મુશ્કેલી પડે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તારાથી સ્વરૂપસેવા તો નભશે નહીં. તારે બીજાની ચાકરી કરવી, ઘરમાં કોઈ સેવક નથી, તેથી હસ્તાક્ષર લખી દઉં છું. તેને સામગ્રી જે બને તે ભોગ ધરીને મહાપ્રસાદ લેજે. પછી બ્રહ્મસંબંધનો શ્લોક અને અષ્ટાક્ષર લખીને નારાયણદાસને આપ્યાં. ત્યારે નારાયણદાસે દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! આટલા દિવસ આપની પાસે રહ્યો, પરંતુ મારા અંતઃકરણમાં બોધ ન થયો. માટે એવી કૃપા કરો કે સંસારનું સુખદુઃખ કંઈ મને બાધા ન કરે, ચિત્ત શ્રીઠાકુરજીના ચરણાવિંદમાં લાગ્યું રહે. ત્યારે શ્રીઆચાર્યજીએ પોતાનું ચરણામૃત આપ્યું અને 'બાલબોધ' ગ્રંથ ભણાવ્યો.

પછી નારાયણદાસ શ્રીઆચાર્યજીને દંડવત કરી દ્વારકાથી ચાલ્યા તે ચાર વર્ષ પછી ઘરે આવ્યા, ત્યારે માતા-પિતા પ્રસન્ન થઈને કહે, ઘણા દિવસે પુત્ર આવ્યો કંઈ ભોજન કરો. જલ પીઓ. ત્યારે નારાયણદાસે કહ્યું, હું શ્રીઆચાર્યજીનો સેવક થયો છું. એટલે મારા હાથથી લઉં છું. આ શ્રીઆચાર્યજીની કૃપા થઈ છે. તમે તો મને જાણો છો. હું જુગારી હતો. બધું વ્યસન શ્રીઆચાર્યજીએ છોડાવ્યું. હવે મને થોડી અલગ જગા દો. ત્યાં બેસું. ભગવત નામ લઉં. તમે કામકાજ કહો તે કરું. ત્યારે પિતા બહુ પ્રસન્ન થયો કે જુગારનું વ્યસન તો છૂટ્યું. પછી ઘરમાં અલગ ઓરડો આપ્યો, ત્યાં ખાસ કરી નારાયણદાસ રહ્યા. બહુ કોઈથી બોલે નહીં. માતા-પિતા કહે તે કામ કરે, પોતાની રસોઈ કરી મહાપ્રસાદ લે ભગવદ નામ લે. પિતા પ્રસન્ન થયો કે મારી વૃદ્ધાવસ્થાએ નારાયણદાસ આવ્યો. હવે એની બુદ્ધિ સુંદર થઈ. પિતા નારાયણદાસને લઈને રાજદ્વારમાં ગયો. બાદશાહનું કામ બધું નારાયણદાસ પાસે કરાવવા લાગ્યો. પછી કેટલાક દિવસમાં પિતાએ દેહ છોડી.

વાર્તાપ્રસંગ ૧ : તે નારાયણદાસ હાકિમ થઈને કામ કરવા લાગ્યા. કામ ઘણું, છૂટી શકે નહીં શ્રીગોકુલ આવવાનું મન ઘણું. એટલે નારાયણદાસે એક મનુષ્ય ચાકર રાખ્યો અને એને ચાર રૂપિયાનો મહીનો કરી દીધો. અને એને કહે, તારું એ જ કામ કે મને ઘડીઘડીએ કહેજે, કે ભૈયાજી ! શ્રીગોકુલ શ્રીઆચાર્યજીના દર્શને ક્યારે ચાલશો એજ કહ્યા કરજે. પછી એ ચાકર નારાયણદાસની સાથે રહે અને ઘડીઘડીમાં એ કહે, ભૈયાજી ? શ્રીગોકુલ શ્રીઆચાર્યજીના દર્શને ક્યારે ચાલશો ? ત્યારે નારાયણદાસ કહેતા, હા, હમણાં ચાલીશું. નેત્રોમાં જલ ભરી લીલા રસમાં મગ્ન થઈ જતા. ફરી કામકાજ કરતો. ફરી એ ચાકર કહે એટલે ફરી એ મગ્ન થઈ જતા. અને વર્ષ ને વર્ષ શ્રીઆચાર્યજીને ભેટ મોકલતા. જન્મભર આ પ્રમાણે તેમણે શ્રીગોકુલનું સ્મરણ કરી શ્રીઆચાર્યજીમાં મન લગાડીને મગ્ન રહ્યા. તે નારાયણદાસ એવા ભગવદીય હતા. એમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૫૭ ॥

॥ વાર્તા ૫૮ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, નારાયણદાસ ભાટ, મથુરામાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ.

ભાવપ્રકાશ : એ નારાયણદાસ શ્રીગોકુલના વાંદરા છે. તે મથુરામાં એક ભાટને ત્યાં જન્મ્યા. તેઓ મોટા થયા પરંતુ કવિતા દોહા કંઈ આવડે નહીં. વિશ્રાન્ત ઘાટ ઉપર બેસી રહે. જે કંઈ કોઈ આપી જાય તેમાં જ નિર્વાહ કરે. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી ત્યાં પધાર્યા. આપ વિશ્રાન્ત ઘાટ ઉપર સંધ્યાવંદન મધ્યાહ્ન સમયે કરતા હતા, ત્યારે નારાયણદાસ ભાટે શ્રીઆચાર્યદાસજીના દર્શન કર્યા. ત્યારે તેના મનમાં એ આવ્યું કે આ મહાપુરુષ માટે એમને હું મારા ભાગ્યનું કાંઈ પૂછું તો ખરો ? જે મારા ભાગ્યમાં શું છે ? એમ વિચારી નારાયણદાસે શ્રીઆચાર્યજીને દંડવત કરી પૂછ્યું, મહારાજ ! અમે એવા મૂર્ખ કેમ થયા, ભાટ થઈને ન કવિતા આવડે ન દોહા આવડે ! સારું બોલવું પણ ન આવડ્યું ! વળી જયારથી જન્મ્યો ત્યારથી માગતા ખાતા દિવસો વિત્યા. ક્યારેય મને દ્રવ્ય મળશે ? મારા ભાગ્યમાં છે કે નહીં ? મારો હાથ તો કૃપા કરીને જુઓ ત્યારે શ્રીઆચાર્યજી કહે, ભલું થયું કે કવિતા દોહા નથી આવડતા, જો આવડતા હોત તો રાજસી લોકોના આગળ રખડતો હોત. સારું થયું કે ન ભણ્યો. વળી ભગવાન ઓછા પાત્રને દ્રવ્ય નથી આપતા તે પણ કૃપા કરે છે. દ્રવ્ય મળે તો દ્રવ્યમદથી તે અનેક જીવોનું અહિત કરે. વિષય આદિ પાપ કરે, વળી તું ભૂખ્યો તો ક્યારેય રહ્યો નથી. દ્રવ્ય તારા ભાગ્યમાં નથી. પરંતુ ઓછું પાત્ર જાણી પ્રભુ તને દ્રવ્ય નથી આપતા. રાત્રે તું ધ્રુવઘાટ જજે, ત્યાં દ્રવ્ય જોઈશ, પરંતુ લઈશ નહીં. ત્યારે નારાયણદાસ ઊઠીને ઘરે આવ્યા.

પછી રાત્રિ થઈ ત્યારે નારાયણદાસ ઊઠીને ધ્રુવઘાટ ગયા. ત્યાં જુએ તો સોના રૂપાના ઢગલા પડ્યા છે. તે લોભ કરીને લેવા લાગ્યા. ત્યારે શ્રીયમુનાજીના અંદરથી બે મનુષ્યે આવી નારાયણદાસને માર્યા, કે તને શ્રીઆચાર્યજીએ દ્રવ્ય લેવાનું કહ્યું છે ? તને શ્રીઆચાર્યજીના વચન સાચાં માનવાને માટે દ્રવ્ય દેખાડ્યું છે. શ્રીઆચાર્યજીની આજ્ઞા લઈને આવ, પછી દ્રવ્ય લઈ જજે. એટલે નારાયણદાસ ઘરે આવીને સૂઈ રહ્યા. પછી સવારે વિશ્રાન્ત ઘાટ ઉપર નારાયણદાસ આવી બેસી રહ્યા. શ્રીઆચાર્યજી જયારે પ્રાતઃકાલની સંધ્યા કરવાને વિશ્રાન્ત ઉપર પધાર્યા, ત્યારે નારાયણદાસે દંડવત કર્યા. ત્યારે શ્રીઆચાર્યજી કહે, આખર પશુ તો ખરો. વિશ્વાસ નહીં. ત્યારે નારાયણદાસે વિનંતી કરી, મહારાજ ! આપનાં વચન બધાં સાચાં છે. ધ્રુવઘાટ ઉપર દ્રવ્ય જોયું, તે લોભ કરીને લેવા લાગ્યો. ત્યારે બે મનુષ્યો જલથી નીકળીને મને મારવા લાગ્યા, અને કહે, શ્રીઆચાર્યજીની આજ્ઞા હોય તો લઈ જા. તો મહારાજ ! એ બે મનુષ્યો કોણ હતા ? અને આપે મને પશુ કહ્યો તેનું કારણ શું ? તે કૃપા કરીને કહો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, એ બે વરુણના દૂત હતા. એમણે તને ખજાનો લેવા ન દીધો તે સારું થયું. જો તું લેત તો તારો જન્મ બગડી જાત. અને તું લીલામાં શ્રીગોકુળનો વાંદરો છે, અસમ પિર્ત ખાઈને તુ સંસારમાં પડ્યો છે, દુઃખ ભોગવે છે, ત્યારે નારાયણદાસે વિનંતી કરી, મહારાજ ! મને આ સંસાર દુઃખથી છોડાવો હવે મને દ્રવ્યની ચાહના નથી. એટલે શ્રીઆચાર્યજીએ નારાયણદાસને શ્રીયમુનાજીમાં સ્નાન કરાવીને નામ-નિવેદન કરાવ્યું. પછી નારાયણદાસે કહ્યું, મહારાજ ! મને ભગવદ્સેવા પધરાવી આપો.. ત્યારે શ્રીઆચાર્યજી કહે, પશુથી કંઈ પુષ્ટિમાર્ગની સેવા બની છે ? તેથી તુ અષ્ટાક્ષર મંત્રનો જાપ રાતદિવસ કર્યા કર. અને તેનાથી જ ભગવદ્પ્રાપ્તિ થશે. અને આજ પછી શ્રીયમુનાજીના કિનારે કોઈથી કંઈ લઈશ નહીં. તું ઘરમાં

રહેજે. તને ઘરમાં જ બધું મળી રહેશે. વિશ્વાસ દૃઢ રાખજે. એમ કહી, આપ સંધ્યાવંદન કરી મહાવન પધાર્યા. નારાયણદાસ ઘરમાં આવીને બેસી રહ્યા. અષ્ટાક્ષર મંત્ર મુખથી કહેવા લાગ્યા.. તે જ દિવસે એક જણ રૂપિયા દસ ઘરમાં દઈ ગયો. નારાયણદાસને વિશ્વાસ વધ્યો. પછી ઘરમાં જ રહેતા શ્રીઆચાર્યજીનો આશ્રય કરી અષ્ટાક્ષર જપ્યા કરતા.

વાર્તાપ્રસંગ ૧ : તે નારાયણદાસ ભાટને શ્રીમદનમોહનજીએ આજ્ઞા કરી કે હું વૃંદાવનમાં રાધાબાગમાં છું. ત્યાંથી તું મને ધરતી ખોદીને પધરાવ. ત્યારે નારાયણદાસ વૃંદાવનમાં જઈ રાધાબાગમાં ખોદીને શ્રીમદનમોહનજીને પધરાવી મથુરા આવ્યા. પછી કેટલાક દિવસમાં અડેલથી શ્રીગોપીનાથજી મથુરા પધાર્યા. ત્યારે નારાયણદાસે શ્રીગોપીનાથજીને બધા સમાચાર કહ્યા. ત્યારે શ્રીગોપીનાથજીએ શ્રીમદનમોહનજીને પંચામૃત સ્નાન કરાવી પાટ ઉપર બેસાડ્યા. પછી કેટલાક દિવસ સુધી નારાયણદાસે સેવા કરી, થોડા વખતમાં નારાયણદાસનો દેહ છૂટ્યો. તેમને સગું સંબંધી કોઈ ન હતું, તેથી વૈષ્ણવોએ શ્રીગુસાંઈજીને કહ્યું, મહારાજ ! નારાયણદાસનો દેહ છૂટ્યો; હવે શ્રીમદનમોહનજીને ક્યાં પધરાવીએ ? ત્યારે જે બંગાલીઓએ કેટલાક દિવસ શ્રીનાથજીની સેવા કરી હતી તે બંગાલીઓને શ્રીમદનમોહનજી આપે પધરાવી દીધા.

ભાવપ્રકાશ : તેનું કારણ એ છે કે આ શ્રીઠાકુરજી શ્રીગોપીનાથના પાટ બેસાડેલા હતા. શ્રીગોપીનાથજી તો બલદેવજીનું સ્વરૂપ છે. તેમનો સેવ્ય મર્યાદા માર્ગીય ઠાકુરજી હતા. તેથી શ્રીગુસાંઈજીએ બંગાલીઓને મર્યાદા માર્ગીય પૂજા કરવાને આપ્યા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને ન આપ્યા, તેમ પોતે પણ ન રાખ્યા. શ્રીઆચાર્યજીના સેવ્ય હોત તો પોતે રાખત પણ શ્રીગોપીનાથજીએ પાટ બેસાડ્ય છે તેથી શ્રીવલ્લભકુલ અને વૈષ્ણવો દર્શન કરવા માટે જાય છે. તે નારાયણદાસ એવા ભગવદીય હતા ॥ વાર્તા ૫૮ ॥

॥ વાર્તા ૫૯ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, નારાયણદાસ લુહાણા, ઠઠ્ઠાના વાસી, તેમની વાર્તાન ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : તે નારાયણદાસ લીલામાં વિશાખાજીના સખી છે, લીલામાં એમનું નામ 'કેતકી' છે તે ઠઠ્ઠા ગામમાં એક લુહાણાને ઘરે પ્રકટ્યા. તે લુફાણો ગામમાં એક મોટો શેઠ હતો. તેણે મોટી વધા કરી. પછી નારાયણદાસ પાંચ વર્ષના થયા. ત્યારે નારાયણદાસના આખા શરીરે ગુમડાં થયાં. પિતાએ દે દેશથી ગુણી બોલાવી ઔષધ કર્યું, પરંતુ કોઈનાથી ગુમડાં સારા ન થયાં., ત્યારે નારાયણદાસના પિતા બધાને કહ્યું કે નારાયણદાસને સારો કરે તો તને લાખ રૂપિયા દઉં. એમ કરતાં પાંચ વર્ષ વીતી ગયા પરંતુ ફોડા ન ગયા. નારાયણદાસ સુકાઈ ગયા. પછી પૃથ્વી પરિક્મ્મા કરતાં શ્રીઆચાર્યજી ઠઠ્ઠા ગા પધાર્યા. ત્યારે કોઈએ નારાયણદાસના પિતાને કહ્યું કે શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે. માયાવાદ ખંડન ક છે. એમની કૃપા થાય તો નારાયણદાસ હમણાં સારા થઈ જાય એટલે નારાયણદાસનો પિત નારાયણદાસને ડોળીમાં બેસાડી હજાર રૂપિયા ભેટ લઈને આવ્યો. અને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને દંડવ કર્યા અને હજાર રૂપિયા આગળ ધર્યા. તયારે શ્રીઆચાર્યજીએ ખીજીને કહ્યું, શું અમે વૈદ્ય છીએ ? જે ફો સારા કરીએ ? અમારો તો જે કોઈ અમારે સેવક છે તેનું જ લઈએ છીએ, અને ભગવન્નામ સંભળાવી છીએ. શ્રીઠાકુરજીનું નામ અમારાથી સાંભળી જા અને આ દ્રવ્ય પાછું લઈ જા.

ત્યારે નારાયણદાસના પિતાએ શ્રીઆચાર્યજીના આગળ પાગ ધરી અને ચરણ પકડી દંડવત કરીને પડી રહ્યો. અને કહ્યું, આપ ઈશ્વર છો, આ પુત્ર મારા તરફથી મને દો છો. હું આપની શરણે છું. મારા ઉપર કૃપા કરશો ત્યારે હું ઘરે જઈશ. ત્યારે શ્રીઆચાર્યજી કહે, હવે તું તારા બેટાને ઘરે લઈ જા. અને તારા ઘરે પધારીને સારો કરી દઈશું, તેથી જગત જાણે નહીં. હમણાં જો સારો કરીએ તો બધા જાણે બધું જગત તો અનેક દુઃખોથી ભરેલું છે. અને લોકો અમારી પાછળ પડે. ત્યારે નારાયણદાસના પિતાએ કહ્યું, મહારાજ ! હું ઘરે જાઉં અને આપ અન્યત્ર પધારો તો હું ફરી આપના ચરણારવિંદ ક્યાં મેળવું ? તેથી મારા માથે હાથ મૂકો જે મારા ઘરે પધારશો. ચરણ ધરો તો મને વિશ્વાસ આવે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તારા માથે તો ચરણ-હાથ કંઈ નહીં ધરું. કારણ તું દૈવી નથી, તારા સ્વાર્થના માટે દીનતા કરે છે, તારામાં કંઈ પ્રીતિ નથી. પણ નારાયણદાસ દૈવી જીવ છે, એને અમારે શરણે લેવો છે. તેથી એને માથે હાથ ધરીશ. ત્યારે નારાયણદાસના પિતાએ કહ્યું, મહારાજ ! હું આટલી વિનંતી આ પુત્રને માટે જ કરું છું, બીજું મન્ને કંઈ ન જોઈએ. એના જ માથે હાથ ધરો. પછી શ્રીઆચાર્યજી નારાયણદાસની પાસે ડોલીમાં જઈ જુએ. તો તે પડ્યો છે ત્યારે બન્ને ચરણ તેના માથા ઉપર અને છાતી ઉપર ધરી પડદો નાખી દીધો, અને કહ્યું. હવે ઘરે લઈ જા. ત્યારે નારાયણદાસનો પિતા ઘરે લઈ જઈ નારાયણદાસને જુએ તો ગુમડાનું ક્યાંય નામ નથી. સુંદર દેહ છે, એટલે તે પુત્રને ગોદમાં લેવા લાગ્યો. ત્યારે નારાયણદાસે કહ્યું, મને સારો કર્યો તે ક્યાં છે ? ત્યારે નારાયણદાસના પિતાએ કહ્યું, ગામ બહાર તલાવ ઉપર છે, ત્યારે નારાયણદાસે કહ્યું, એક મનુષ્ય મારી સાથે કરી દો, ત્યાં હુ જઈશ ત્યારે પિતાએ કહ્યું, અસવારી ઉપર બેસીને જા. ઘોડો છે, પાલખી છે, ત્યારે નારાયણદાસે કહ્યું, ભગવાનના દર્શને તો ચાલીને જવું જોઈએ.

પછી નારાયણદાસે સાથે મનુષ્ય લઈ શ્રીઆચાર્યજીની પાસે આવી દંડવત કરી વિનંતી કરી, મને કૃપા કરી શરણે લો, અને આપે મને સારો કર્યો, મારા મસ્તક ઉપર અને છાતી ઉપર ચરણ ધર્યા પરંતુ મને દર્શન દીધા નહીં, તેનું શું કારણ ? ત્યારે શ્રીઆચાર્યજીએ તલાવમાં નારાયણદાસને ન્હવાડવીને નામ સંભળાવ્યું. પછી નારાયણદાસે કહ્યું, મહારાજ ! હું શરીરથી બહુ દુઃખી હતો અને મોટા ઘરમાં જન્મ થયો. તેથી દુઃસંગથી અષ્ટ પ્રહર ઘેરાયેલો એવો હું મહા દુષ્ટ અને પાપી, તેના ઉપર આપે આટલી કૃપા કરી, તે આપની જ બને. હવે મને જે આજ્ઞા આપ કરો તે પ્રમાણે હું કરું. જેથી મારો ઉદ્ધાર થાય. વિવેક ધૈર્ય કદીયે છૂટે નહીં, આપનાં ચરણમાં મન લાગ્યું જ રહે ત્યારે શ્રીઆચાર્યજી કહે, એ તો તને જ્યારે માથા ઉપર અને હૃદય ઉપર ચરણ ધર્યા ત્યારે જ બધો ધર્મ સ્થાપન કર્યો છે, હવે તને ભગવત્સેવા દઉં છું. પછી કંકુ મંગાવીને બંને ચરણાવિંદમાં લગાડી એક વસ્ત્ર ઉપર છાપીને આપના ચરણારવિંદની સેવા દીધી અને કહ્યું હવે તમે ઘેર જાવ તમને દૃઢ ભક્તિ દીધી છે. વળી આ હજાર રૂપિયા તારો પિતા નાખી ગયો છે તે તેને આપજે. ત્યારે નારાયણદાસે કહ્યું, મહારાજ ! આ મારા તરફથી ભેટ રાખો, પિતા તો થોડા દિવસમાં મરશે ત્યારે રાખીશું, આ દૈવી દ્રવ્ય નથી પછી શ્રીઆચાર્યજી કહે, તારું નામ નારાયણદાસ. પહેલા તને બધા નરિયો કહેતા. પછી નારાયણદાસ દંડવત કરી શ્રીઆચાર્યજીથી વિદાય થઈ ઘરે આવ્યા. પિતાને હજાર રૂપિયા પાછા આપ્યા. ત્યારે પિતાએ કહ્યું, આ તો મેં શ્રીઆચાર્યજીને ભેટ કર્યા હતા, તું કેમ લઈ આવ્યો ? એમણે મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. તને સારો કર્યો, બીજા વધુ લેવાની ઈચ્છા હોય તો દસ-પાંચ હજાર લઈ જા. ત્યારે નારાયણદાસે કહ્યું, એમને કંઈ નથી જોઈતું. એ તો કેવળ પરમાર્થ કરવાને માટે પ્રકટ્યા છે. એટલે પિતા ચૂપ થઈ ગયો

પછી નારાયણદાસ એક હવેલી અલગ લઈને રહ્યા. ત્યાં શ્રીઆચાર્યજીના ચરણારવિંદની સેવા કરવા લાગ્યા. શ્રીઆચાર્યજી તો પૃથ્વી પરિક્મ્મા કરવાને પધાર્યા. અહીં નારાયણદાસે બધાના હાથનું જલ છોડી દીધું. કોઈ વૈષ્ણવ આવે તો જલ ભરે કે પોતે જાતે ભરે ત્યારે પિતા આ સાંભળીને નારાયણદાસ ઉપર ખિજ્યો. કે તું શું મજૂર છો ? કે પાણી ભરે છે ? તને આ કોણે શીખવાડ્યું ? ત્યારે નારાયણદાસે કહ્યું, તું મારાથી ન બોલીશ. મારા મનમાં આવશે તે હું કરીશ. તું કોણ અને હું કોણ ? એ વાત સાંભળીને પિતા ક્રોધ કરીને કહે, મારું દ્રવ્ય બેઠો બેઠો ખાય છે, ખર્ચ કરે છે, અને મારાથી વાંકું બોલે છે ? ત્યારે નારાયણદાસે ઘરેણાં, વાસણ, દ્રવ્ય વગેરે જે હતું તે બધું પિતાના ઘરે મોકલી દીધું. એટલે પિતા રિસાયો, આ બધી વાત બાદશાહે સાંભળી, ત્યારે બાદશાહે નારાયણદાસને કુલ દિવાનગીરી સોંપી. દેશાધિપતિને ત્યાં નારાયણદાસ જે કરે તે થાય. ત્યાં દ્રવ્ય બહુ કમાયા. શ્રીઆચાર્યજીને બહુ જ ભેટ મોકલી. વૈષ્ણ જે આવે તેમને મન માન્યું દ્રવ્ય આપે. પ્રસન્ન કરીને વિદાય કરે. એમ કરતાં ઘણાં દિવસો વિત્યા.

વાર્તાપ્રસંગ ૧ : એક વખત નારાયણદાસ ઉપર બાદશાહ કોપ્યો. તેથી નારાયણદાસને બંદીખાનાંમાં મૂક્યા. પાંચ લાખ રૂપિયાનો દંડ કર્યો. તેનું બંધારણ બાંધ્યું કે પાંચ હજાર રૂપિયા નિત્ય ભરે, જે દિવસે પાંચ બજાર રૂપિયા ન ભર તે દિવસે પાંચસો કોરડા મારવા, હવે અડેલમાં બે બ્રાહ્મણ વૈષ્ણવ, શ્રીઆચાર્યજીના સેવક હતા, તેમની એક કન્યા ઉંમરલાયક થઈ, પણ લગ્ન કરવાને કંઈ દ્રવ્ય હતું નહી. તેથી બંનેએ વિચાર કર્યો કે ઠઠ્ઠા જઈએ. નારાયણદાસની પાસેથી કંઈ દ્રવ્ય લાવીને કન્યાનો વિવાહ કરીએ. એમ વિચારીને બંને ભાઈ બ્રાહ્મણ અડેલથી ચાલીને ઠઠ્ઠા આવ્યા. ત્યાં સાંભળ્યું કે નારાયણદાસ મળશે નહીં. એટલે વિચાર્યું કે પ્રાતઃકાલ ઊઠીને જઈશું ત્યારે એક મનુષ્યે નારાયણદાસને જઈને કહ્યું કે બે બ્રાહ્મણ શ્રીઆચાર્યજીને મહાપ્રભુજીના સેવક આવ્યા છે તે તમને બંદીખાને સાંભળીને પ્રાતઃકાલ ચાલ્યા જશે. ત્યારે નારાયણદાસે તે બંને વૈષ્ણવોની પાસે પોતાનો માણસ મોકલ્યો અને કહ્યું કે, મને તમો પ્રાતઃકાલ દર્શન દઈને પછી બીજા ગામ જજો. મારા મહાન ભાગ્ય કે તમે આ સમયે મને દર્શન દીધા, ત્યારે તે મનુષ્ય બંને બાહ્ય વૈષ્ણવને કહ્યું, કે નારાયણદાસને મળીને બીજી જગે જજો.

પછી પ્રાતઃકાલ ઊઠીને બંનેએ દેહકૃત્ય કરીને સ્નાન કર્યું. પછી શ્રીઆચાર્યજીના અને શ્રીનાથજીના ચરણામૃત મહાપ્રસાદની થેલી લઈને નારાયણદાસની પાસે આવ્યા, ત્યારે નારાયણદાસ ઊઠીને મળ્યા. પ્રીતિથી બેસાડ્યા. બંને વૈષ્ણવે શ્રીઆચાર્યજીનું ચરણામૃત, શ્રીનાથજીનું ચરણામૃત અને મહાપ્રસાદની થેલી આપી, નારાયણદાસે ઊઠીને તે માથે ચઢાવી લીધી. પછી નારાયણદાસ શ્રીઆચાર્યજીના કુશળ સમાચાર પૂછી કહે, મારું મોટું ભાગ્ય છે કે વૈષ્ણવે મને બંદીખાનામાં દર્શન દીધાં. તેથી આજ મને કેદ પૂરી થઈ જશે. હવે મેં જાણ્યું કે મારા ઉપર શ્રીઆચાર્યજીની અને શ્રીઠાકુરજીની કૃપા છે, કે આ સ્થળે અને આ સમયે મને વૈષ્ણવે દર્શન દીધા. આ પ્રકારે વાતો કરે છે, એટલામાં પાંચ હજારની પાંચ થેલી નારાયણદાસના ઘરેથી આવી, દ્વારપાલે પાંચ થેલીઓ ઉપર મહોર છાપ કરીને નારાયણદાસની પાસે મોકલી નારાયણદાસે એ થેલીઓને માટે વૈષ્ણવોને વાતોમાં લગાડી રાખ્યા હતા. પછી થેલી આવી એટલે વૈષ્ણવોને કહે, આ તમે લઈને જલદી જાવ, કાં તો બીજે ગામ ચાલ્યા જજો. અગર અહીં ક્યાં પ્રકટ ન થતા, બે ચાર દિવસમાં જજો. હમણાં તો આટલું જ બને છે, તમે આવ્યા પણ કંઈ ટહલ બની નહીં ! એમ કહી વૈષ્ણવને દંડવત કરી વિદાય કર્યા, અને કહ્યું શ્રીઆચારયજીને મારી

તરફથી દંડવત કરજો અને આ દ્રવ્યથી કન્યાનો વિવાહ કરી દેજો, પછી વૈષ્ણવ પાંચ હજાર રૂપિયા લઈને ઘરે આવ્યા.

એટલામાં જ તે બાદશાહ દીવાનખાનાંમાં આવીને બેઠો. ત્યારે દીવાનને કહ્યું, નારાયણદાસની પાંચ થેલી આવી ? ત્યારે દીવાને કહ્યું, થેલી આવી છે ? દ્વારપાલ પાસે મહોર કરાવી નારાયણદાસ પાસે મોકલી છે, પછી ખજાનચીને પૂછ્યું, કે નારાયણદાસના પાંચ હજાર રૂપિયા આવ્યા ? ત્યારે ખજાનચીએ કહ્યું, મારી પાસે તો નથી આવ્યા. એટલે તેણે ક્રોધ કરીને કહ્યું, નારાયણદાસને બંદીખાનામાંથી લાવો, પછી મનુષ્યે નારાયણદાસને લાવી દેશાધિપતિ આગળ ઊભા કર્યા, ત્યારે દેશાધિપતિએ કહ્યું, નારાયણદાસ આજ થેલી કેમ નથી આવી ? એટલે નારાયણદાસે કહ્યું, આ જ થેલી ન આવી શકી ત્યારે બાદશાહે કોરડાવાળાને બોલાવીને કહ્યું, ડરાવજે પણ મારીશ નહીં, એટલે કોરડાવાળા નારાયણદાસની બંને તરફ ઊભા રહી ડરાવવા લાગ્યા. બાદશાહે કહ્યું, તારી ખાલ દેહથી ઊડી જશે નહીં તો સાચું કહે જે ઘરેથી થેલી તારી પાસે આવી છે, તે ક્યાં સંતાડી છે ? તે સાચું કહી દે ત્યારે નારાયણદાસે કહ્યું, મારા ગુરુભાઈ બે બ્રાહ્મણ આવ્યા હતા. એમની કન્યાના વિવાહમાં કાંઈ હતું નહીં. તે દૂરથી મારી આશા કરીને આવ્યા હતા, તેથી પાંચે થેલી એમને આપી મનમાં વિચાર્યુ કે આજે પાંચસો કોરડા ખાઈ લઈશ. એમનું તો કામ થાય ! તેથી થેલી મેં એમને આપી છે. હવે તમારા મનમાં આવે તે કરો.

નારાયણદાસની વાત સાંભળતાં જ બાદશાહ ઘડી એક ચૂપ રહ્યો. મનમાં વિચાર્યું કે આ ભૂમિ ઉપર આવા પરમાર્થી લોકો છે ! તેમના ધર્મથી આ ભૂમિ ઊભી છે. પછી દેશાધિપતિએ કહ્યું, નારાયણદાસ તને શાબાશ છે. હું તારા ઉપર ઘણો પ્રસન્ન થયો છું. તું ગુરુના ધર્મમાં આવો સાચો છે ? પછી ઘોડો, સિરપાવ મંગાવી નારાયણદાસને કહ્યું. આગળ જેમ કામકાજ કરતા તેમ જ કરો, દંડ બધો માફ કર્યો અને નારાયણદાસને સિરપાવ પહેરાવી, ઘોડા ઉપર ચઢાવી ઘરે મોકલ્યા. બંને બ્રાહ્મણ વૈષ્ણવે આ સાંભળ્યું કે નારાયણદાસ બંદીખાનેથી છૂટ્યા છે, સરપાવ પહેરી, ઘોડે ચઢી ઘેર આવ્યા છે. તેથી પ્રસન્ન થઈ નારાયણદાસને મળવા આવ્યા. ત્યારે નારાયણદાસ ઊઠીને મળ્યા, અને કહ્યું તમારા દર્શનથી હું છૂટ્યો પછી હજાર મહોરની થેલી શ્રીઆચાર્યજીને ભેટ કરવા એ વૈષ્ણવોના હાથમાં આપી. બીજુ પણ એ વૈષ્ણવોને કંઈક આપીને કહે, મારા દંડવત શ્રીઆચાર્યજીને આગળ કરજો. પછી બંને ભાઈ નારાયણદાસથી વિદાય થઈને ચાલ્યા. તે કેટલાક દિવસમાં ગોકુલ આવ્યા. ત્યાં શ્રીઆચાર્યજી પધાર્યા હતા, તેથી નારાયણદાસના દંડવત કરી હજાર મહોર ભેટ ધરી અને બધા સમાચાર નારાયણદાસના કહ્યા. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે, વૈષ્ણવ પર આવી પ્રીતિ જોઈએ એવો ધર્મ જેના હૃદયમાં હોય તેનું સદા કલ્યાણ જ થાય. પછી બંને બ્રાહ્મણ વૈષ્ણવોએ શ્રીઆચાર્યજીથી વિદાય થઈ અડેલમાં આવી સારી રીતીથી કન્યાનો વિવાહ કરી દીધો. તે નારાયણદાસ એવા શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીય હતા. એમનું નામ પહેલા 'નરિયો' હતું તે શ્રીઆચાર્યજીના સેવક થયા ત્યારે શ્રીઆચાર્યજીએ એમનું નામ નારાયણદાસ રાખ્યું.

ભાવપ્રકાશ : બન્ને ભાઈ બ્રાહ્મણ વૈષ્ણવો સાધારણ નામધારી હતા. તે પુષ્ટિલીલા સંબંધીતો હતા નહીં. તેથી તેમની વાર્તા નહીં કહી શ્રીઆચાર્યજીએ શરણે લીધા, તે શરણના પ્રતાપથી સંસાર-દુઃખથી છૂટીને મુક્તિના અધિકારી થઈ ગયા આ નારાયણદાસ મોટા ભગવદીય હતા, એમની વાર્તા ક્યાં સુધી કહીએ. ।। વાર્તા ૫૯ ।।

॥ વાર્તા ૬૦ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુની સેવકની એક ક્ષત્રાણી જે સિંહનંદમાં એકલી રહેતી, તેના વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ લીલામાં નવનંદમાં મોટા ઉપનંદ છે તેમની વહુનું નામ સુનંદા છે, તે ક્ષત્રાણીનું પ્રાકટ્ય છે. તેથી બાલભાવ છે,. તે સિંહનંદમાં એક ક્ષત્રીને ઘરે જન્મી. પછી વર્ષ અગ્યારની થઈ ત્યારે લગ્ન થયું. લગ્નના એક મહિના પછી એનો વર હતો તેને શીતલા નીકળી તેથી તે મરી ગયો. પછી એના મા-બાપનાં ઘરમાં રહેતી બધું કામકાજ કરતી. વર્ષ તીસની થઈ ત્યારે મા-બાપ પણ મરી ગયા. એક ભાઈ હતો. તેનાથી તેને પ્રીતિ ઘણી. પરંતુ ભાઈની સ્ત્રી ભોજાઈથી ન બને. તેથી આ ક્ષત્રાણીએ બીજું ઘર લઈ લીધું. ત્યારે ભાઈએ કહ્યું અલગ કેમ થઈ ? ત્યારે બહેને કહ્યું, કે નિત્યનો કલેશ સારો નહીં. અલગ થઈ તો શું થઈ ગયું ? હુંતો તારી આજ્ઞામાં છું, કામકાજ કહેજે. ત્યારે ભાઈએ સો રૂપિયા દઈને બહેનને કહ્યું, તું ખર્ચ માટે રાખ. ત્યારે બહેને કહ્યું, મારે તો હમણાં ખરચી છે. ન હોય ત્યારે આપજે. ત્યારે ભાઈએ કહ્યું હમણાં મારો હાથ વહેવારમાં ચાલે છે, જે આપું તે લીધા કર પછી શું જાણીએ શું છે ? ત્યારે તેણે રૂપિયા રાખ્યા. પછી સાસુ-વહુ સિંહનંદમાં શ્રીઆચાર્યજીની સેવકની હતા ત્યાં નિત્ય જવા લાગી, ત્યારે એક દિવસ તે ક્ષત્રાણીએ કહ્યું, કંઈ કામકાજ શ્રીઠાકુરજીની સેવા મારાથી કરાવો, ત્યારે એ સાસુ-વહુએ કહ્યું, તું શ્રીઆચાર્યજીની સેવકની હોત તો સેવા કરાવત. ત્યારે એણે કહ્યું, હવે શ્રીઆચાર્યજી પધારે ત્યારે મને સેવક કરાવજો.

પછી સાસુ-વહુના શ્રીઠાકુરજીએ કહ્યું કે આ ક્ષત્રાણી વેલ-બુટી સારી કાઢી જાણે છે. તો એના પાસે મારા વાગાની બુટી કઢાવી મને પહેરાવ. ત્યારે વહુએ શ્રીઠાકુરજીને કહ્યું, એ શ્રીઆચાર્યજીની સેવક નથી, અને બુટી કાઢીને તે કંઈ લેશે નહીં. એથી હું કેવી રીતે તેની પાસે બુટી કઢાવું ? ત્યારે શ્રીઠાકુરજી તે વહુને કહે, તે ક્ષત્રાણી દૈવી જીવ છે. તેથી તું બુટી કઢાવ. થોડાક દિવસમાં શ્રીઆચાર્યજી પધારશે ત્યારે તે સેવક પણ થશે, કૃપાપાત્ર ભગવદીય થશે. તેથી તું બુટી કઢાવ, મારી આજ્ઞા છે, તને બાધક નહીં ત્યારે વહુએ એક સફેદ વાગો તે ક્ષત્રાણીને આપ્યો અને કહ્યું, આમાં નાની નાની બુટી કાઢી દે. તેથી તે પ્રસન્ન થઈ. ભાગ્ય માનીને પોતાના ઘરે વાગો લઈ જઈ અપરસમાં બુટી કાઢી યદ્યપિ કોરા વસ્ત્રની ચિંતા નહીં, તો પણ શ્રીઠાકુરજીની જાણી અપરસમાં કાઢી અને વહુને આપી. તે વહુએ શ્રીઠાકુરજીને વાગો અંગીકાર કરાવ્યો. પછી જ્યારે રાત્રિ થઈ ત્યારે શ્રીઠાકુરજી તે ક્ષત્રાણીને સ્વપ્નમાં કહ્યું, મેં તારી કાઢેલી બુટીને પ્રીતિથી અંગીકાર કરી છે. હવેથી શ્રીઆચાર્યજી બે દિવસમાં પધારશે માટે તારા ભાઈના ઘરે જે શ્રીઠાકુરજી છે તે ભાઈથી માગીને તારા ઘરે લઈ આવ. તેની તું સેવા કરજે. પછી તે ક્ષત્રાણીની નીંદ ઊડી, તે કહે, ક્યારે સવાર થાય અને ક્યારે હું ભાઈ પાસે જઉં ? પછી સવાર થયું ત્યારે ક્ષત્રાણી ભાઈ પાસે ગઈ. ત્યાં ભાઈ-ભોજાઈ બે દિવસથી લડ્યા હતા. કલેશ કરી રસોઈ કરી ન હતી ત્યારે ભાઈએ કહ્યું, બહેન તમે કેમ આવ્યા ? ત્યારે એણે કહ્યું. મારું મન એકલું ક્યાંય લાગતું નથી, તો તમે તમારા શ્રીઠાકુરજી મને દે તો હું પૂજા કરું. ત્યારે ભાઈએ પ્રસન્ન થઈને કહ્યું, બહેન ! આ ભલી વાત કહી, ઠાકુર બે દિવસથી ભૂખ્યા બેઠા છે, મારી વહુ નિત્ય કલેશ કરે છે તેથી તું લઈ જા. ત્યારે એણે કહ્યું, તમે તમારા હાથથી દો. હું લઈ જાઉં તો કદાચિત તમારી વહુ મને લડે. ત્યારે ભાઈએ ન્હાઈને શ્રીઠાકુરજી આપ્યા. તે પ્રસન્ન થઈ ઘરે લાવી, અને રસોઈ કરી ભોગ ધરી મહાપ્રસાદ લીધો.

પછી શ્રીઆચાર્યજી જ્યારે થાનેશ્વર પધાર્યા ત્યારે વહુએ કહ્યું, કે શ્રીઆચાર્યજી પધાર્યા છે. હું દર્શને જાઉં છું, તું ચાલીશ ? ત્યારે તે ક્ષત્રાણીએ કહ્યું, હું ભાઈને ત્યાંથી શ્રીઠાકુરજી લઈ આવી છું તે ઘરેથી લઈ આવું. ત્યારે વહુએ કહ્યું, જલદી લઈ આવ. એટલે તે ક્ષત્રાણી શ્રીઠાકુરજીને લઈ આવી અને વહુના સાથે થાનેશ્વર આવી અને શ્રીઆચાર્યજીને દંડવત કર્યા. ત્યારે વહુએ ક્ષત્રાણીના બધા સમાચાર કહ્યા. પછી વિનંતી કરી કે મહારાજ ! હવે એને કૃપા કરીને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, હું જાણું છું, આના ઉપર શ્રીઠાકુરજીએ પહેલાં જ કૃપા કરી. પણ ક્ષત્રાણીને કહે છે, જા તું સ્નાન કરી આવ. ત્યારે તે ક્ષત્રાણી સરસ્વતીમાં ન્હાઈને શ્રીઆચાર્યજીની પાસે આવી. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુએ તેને નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. શ્રીઠાકુરજીએ પંચાદમૃતથી સ્નાન કરાવી 'શ્રીનવનીતપ્રિયાજી' નામ ધર્યું અને તે ક્ષત્રાણીના માથે પધરાવ્યા. પછી આપ કહે, મન લગાડીને સેવા કરજે ત્યારે ક્ષત્રાણી અને વહુ શ્રીઆચાર્યજીને દંડવત કરી વિદાય થઈ સિંહનંદમાં આવી સેવા કરવા લાગ્યા. પછી ચોથા દિવસે તે ક્ષત્રાણીની પ્રીતિ જોઈ શ્રીઠાકુરજી સાનુભાવ જણાવવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ : તે ક્ષત્રાણીનું દ્રવ્ય બધું થઈ રહ્યું, અકિંચન થઈ ગઈ, તેથી તે સેવાથી પહોંચીને સૂતર કાંતતી, તેમાં સેવા કરી નિર્વાહ કરતી. તેના ઘરના દરવાજે કાછણ (શાક વેચવાવાળી) શાક, ફૂલ, મેવો આદિ વેચવાને આવે ત્યારે શ્રીઠાકુરજી પોકારીને કહે, અરી મા ! શાકવાળી આવી છે, તું લે. ત્યારે તે ક્ષત્રાણી દમડી દમડીનું બધી પ્રકારનું થોડું થોડું શાક લેતી. મેવાવાળી ફલવાળી જ્યારે આવે ત્યારે પણ શ્રીઠાકુરજી પોકારીને કહે, અરી મા ! મેવા-વલ વેચાવા આવ્યા છે. ત્યારે એક પૈસામાં બધી તરેહના મેવા તે લેતી. તે કાછણ (શાકવાળી) આનો મોટો બેટો એને ઘરમાં બહુ વહાલો છે, બહાર લોકોની નજર લાગે તે માટે કાઢતી નથી. તેથી આ ક્ષત્રાણીને પહેલાં આપી જાય, પછી બીજે જાય. તેથી ગામમાં કમાણી તેને ઘણી થતી. એ માટે સૌ પહેલાં બેચાર વાર દ્વાર ઉપર બોલી આ બાઈને બધી તરેહનું શાક વગેરે દઈ જાય અને આ ક્ષત્રાણી જે દે તે લઈ જાય.

એ ક્ષત્રાણી કેટલીક કાકડી આદિ કાચી સમર્પે, કેટલીક તળીને સમર્પે, કેટલાકના ભજિયા કરે, એ પ્રકારે રંચકરંચક બધો પ્રકાર પ્રીતિપૂર્વક કરી ભોગ ધરે, વળી કોઈ વખત શાકવાળી દૂર નીકળી જતી ત્યારે શ્રીઠાકુરજી દ્વાર ઉપર જઈ દોડીને એ કાછણને પોકારે કે તું જલદી આવ, મારા મા લેશે, ત્યારે એ શબ્દ સુંદર સાંભળી શાકવાળી દોડી આવતી. એટલે શ્રીઠાકુરજી અંદર દોડી આવતા. એટલે શાકવાળી કોઈને જોતી નહીં, ત્યારે તે ક્ષત્રાણી કહેતી, લાલા ! બહાર ન જઈએ નજર લાગી જાય. ત્યારે શ્રીઠાકુરજી કહેતા શાકવાળી ચાલી જતી તો ક્યાંથી લેતી ? ભોગ ધરતી ત્યારે તે ક્ષત્રાણી કહેતી, લાલા ! બીજી શાકવાળી ઘણીયે આવશે, પરંતુ તમે મંદિરથી બહાર ન જાવ, ગામના ખરાબ લોકોની દૃષ્ટિ લાગશે, વળી કોઈવાર શાકવાળી પોકારીને ચાલી જાય, અને તે બાઈ સેવા ટહલમાં ન સાંભળે, ત્યારે શ્રીઠાકુરજી લૌકિક બાલકની માફક આવી ઝઘડો કરે, કે શાકવાળી તો ગઈ, હવે તું ક્યાંથી લાવીશ ! શું ભોગ ધરીશ શાક વિના તો હું નહીં આરોગું, ત્યારે તે ક્ષત્રાણી કહેતી, લાલા ! હું તો બીજી શાકવાળી આવશે તેનાથી લઈશ, અને જો નહીં આવે તો બજારથી લાવી બધી પ્રકારનું કરીશ. તમે હઠ ન કરો, પ્રસન્ન રહો. ત્યારે શ્રીઠાકુરજી બાલકની માફક તેના કાંધા ઉપર ચઢીને કહેતા, ક્યારે લાવીશ ? આ પ્રકારે કૃપા કરતા. વળી જે દિવસે પૈસા બાલભોગની સામગ્રી કરવાને ન હોય તે દિવસે રોટી ચોપડને ઢાંકીને ધરે, પછી શ્રીઠાકુરજી ક્યારે પ્રહર રાત્રિ ગયો ક્યારેક આધિ રાત્રિએ જાગીને કહેતા મા ! મને ભૂખ લાગી છે, ત્યારે

તે બાઈ કહેતી, લાલા ! આજ તો પકવાન કંઈ નથી, રોટી છે, ત્યારે શ્રીઠાકુરજી કહેતા, મને 'તોતરી' કરી દે, ત્યારે તે બાઈ રોટીમાં ઘી બધે લગાડી ખાંડ થોડી થોડી ભભરાવી હાથથી વણીને શ્રીઠાકુરજીના હાથમાં દેતી. અને તે શ્રીઠાકુરજી બાલકની માફક દાંતથી તોડી તોડીને આરોગતા, પછી જલ આરોગી, બીડી આરોગી પોઢતા, ત્યારે તે બાઈનાં મનમાં બહુ ખેદ થતો કે આજ લાલાને માટે કંઈ પકવાન ન કરી શકી . પૈસા નથી, માટે કંઈથી ઉધાર લાવીને પકવાન કરી રાખું રાત્રિએ સૂકી રોટી આરોગ્યા પછી એક દિવસ પ્રાતઃકાલ ઊઠીને પાવલીનું ઘી ઉધાર લાવી ઘરમાં મેંદો ઝીણી બે ચાર તરેહમાં પકવાન કરીને ધરી રાખ્યા. પછી જ્યારે અર્ધ રાત્રિ થઈ ત્યારે શ્રીઠાકુરજી જાગ્યા અને કહે મા ! મને ભૂખ લાગી છે ત્યારે તે ક્ષત્રાણીએ ઊઠીને પકવાન આગળ ધર્યા, તે ઠાકોરજી આરોગીને તે ક્ષત્રાણીને કહે, આજ રોટી કેમ નહીં ધરી ? તારી પાસે પૈસા તો ન હતા, પકવાન ક્યાંથી કર્યા ? ત્યારે ક્ષત્રાણીએ કહ્યું, હું શું કરું લાલા ! મારે કોઈ કમાવાવાળો નથી અને મારી પાસે પૈસા નથી. અને સૂકી રોટલી સવારથી આપ આરોગો તેથી મારા મનમાં દુઃખ થતું, તેથા પાવલી ઉધાર લાવીને પકવાન કર્યા છે. બે ત્રણ દિવસમાં સૂતર વેચીને આપી દઈશ ત્યારે શ્રીઠાકુરજી કહે, મા ! ઉધાર લાવી કરજ કરી પકવાન કેમ કર્યા ? મને તો ચોપડેલી રોટી બહુ ભાવે છે. કરજ માથે ચડી જાય અને દઈ ન શકાય અને લેણાવાળા માંગે ત્યારે દુઃખ થાય તેથી આજ પછી ઉધાર ન લાવજે મને રોટલી રૂચે છે, તેથી રોટી ઘીથી ચોપડીને ધરી રાખજે, ત્યારે તે બાઈ તેમજ કરતી, સૂતરના પૈસા વધતા તેમાંજ પકવાન કરતી. જો પૈસા ન હોય તો રોટલી ચોપડીને ધરતી.

ભાવપ્રકાશ : શ્રીઠાકુરજીએ ઉધાર કરવાને એથી રોકી કે ઋણ છે તે હત્યા છે. શ્રીઠાકુરજીના સ્મરણમાં રહેલું મન કરજવાળામાં જાય. અને જ્યાં સુધી કરજ ન ચૂકવે ત્યાં સુધી એની સેવાનું ફલ એની પાસે નહીં. જ્યાંથી કરજ લીધું તેની પાસે છે. તેથી શ્રીઠાકુરજીએ તે બાઈને કરજ લેવાની ના કહી. ત્યાં એ સંદેહ થાય છે કે એ બાઈની પાસે શ્રીઠાકુરજી આ પ્રકારે બાલકની માફક કૃપા કરીને માગીને આરોગતા હતા તો લક્ષ્મી તો શ્રીઠાકુરજીની દાસી છે, તો એ બાઈને દ્રવ્ય કેમ નહીં આપ્યું ? બાલભોગ (અનસખડી) કરવાનો એવો સંકોચ કેમ થયો ? વ્રજમાં શ્રીઠાકુરજી પધાર્યા ત્યારે લક્ષ્મીજીએ તો વ્રજમાં આવી વ્રજનો આશ્રય કર્યો છે, તે વાત આપ 'પંચધ્યાયી'માં ગોપીકાગીતના અધ્યાયમાં કહે છે તો પછી એ બાઈ એવી નિષ્કંચન કેમ રહી ? આ સંદેહ થાય ત્યાં કહે છે કે લક્ષ્મી છે તે શ્રીઠાકુરજીની દાસી છે. શ્રીઠાકુરજીની ઈચ્છા પ્રમાણે કાર્ય કરે છે. આ બાઈને શ્રીઠાકુરજીએ એ માટે દ્રવ્ય ન આપ્યું કે જો દ્રવ્ય હોય તોઆ બાઈના મનનો નિરોધ ન થાય. અને તો ભક્તોની આરતી કેવી રીતે વધે ? દ્રવ્ય વિના રેંટિયો કાંતે તેમાં શ્રીઠાકુરજીને માટે મન લાગ્યું રહે જે હવે આટલું થશે તો હું ફલાણી સામગ્રી કરીશ, મારે લાલો રોટી આરોગે છે તેથી સારું સારું કંઈ જતન કરી આરોગાઉં. આ પ્રકારે તે બાઈનું મન પોતાનામાં લગાડવાને માટે શ્રીઠાકુરજીએ બહુ દ્રવ્ય તેને ન આપ્યું, તેમાં નિત્યનો નિર્વાહ થાય અને ધનનો મદ ન થાય. બાઈનો આ જ પ્રકારે પ્રભુએ નિરોધ કર્યો જ્યાં જેવી પ્રભુની ઈચ્છા ત્યાં તેવી લીલા કરે છે, વળી એ સંદેહ થાય કે અર્ધરાત્રિએ શ્રીઠાકુરજી એ બાઈ પાસે માગતા ત્યારે ન્હાવાની અગર અપરસની વાતનો કેવો વિચાર ? વળી શાકવાળી પોકારીને ચાલી જતી ત્યારે શ્રીઠાકુરજી તે બાઈના કંધા ઉપર ચઢીને ઝઘડો કરતા ત્યારે અપરસ ક્યાં ? મંદિરમાં પણ અપરસનો વિચાર કઈ રીતે સમજવો ?

આ સંદેહ થાય ત્યાં કહે છે કે શ્રીઆચાર્યના પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકુરજી મર્યાદા પુષ્ટિરીતથી બિરાજે

છે. બધે પુષ્ટિ પુરુષોત્તમના ભાવથી બધી સામગ્રી આરોગે છે. બધી વસ્તુ વસ્ત્ર આભરણનો અંગીકાર કરે છે. દર્શન દેવામાં પણ મર્યાદારીતિથી બિરાજે છે. બોલતા નથી, વળી ભગવદસ્વરૂપ બે પ્રકારના છે, એક ભક્તોદ્ધારક, બીજું સર્વોદ્ધારક જેમ મર્યાદા પુષ્ટિરીતિથી બધાને દર્શન આપે અને ભક્તોદ્ધારક સ્વરૂપે બધાને દર્શન નહીં. તેથી જ્યાં સુધી વૈષ્ણવને પ્રેમ ન હોય ત્યાં સુધી મર્યાદા-પુષ્ટિરીતિથી અંગીકાર કરી દર્શન દે છે. ભક્તોદ્ધારક સ્વરૂપ, સર્વોદ્ધારક સ્વરૂપમાંથી બહાર પ્રગટ થાય છે. તે જ્યાં જેવું કાર્ય હોય તેનું સ્વરૂપ ધારણ કરે છે. બાલક હોય, તરુણ હોય, વૃદ્ધ હોય, ગાય આદિ જેવું કાર્ય કરવું હોય તે પ્રકારનું સ્વરૂપ કરી તે ભક્તથી બોલે, અનુભવ કરાવે, અને મર્યાદા પુષ્ટિ સ્વરૂપ જે છે તેમના જ મુખ દ્વારા બોલે, અનુભવ જણાવે, આ ક્ષત્રાણી મંદિરમાં બધી મર્યાદા રાખીને સેવા અપરસ અને કામકાજ કરતી,અને શ્રીઠાકુરજી જ્યારે પધારે તથા અર્ધરાત્રિએ શ્રીઠાકુરજી જ્યારે પાસે આવીને માગે ત્યાં ભક્તોદ્ધારક સ્વરૂપ પ્રકટે. તેમાં અપરસ નહીં ત્યાં કેવળ પ્રેમ જ સર્વોપરી ધર્મ છે. પૂર્ણ બ્રહ્મ પુરુષોત્તમ, આનંદરૂપ ભક્તોની સાથે લીલા કરે, હસે, બોલે, અનુભવ જણાવે ત્યાં અપરસની મર્યાદાની સંભાવની નથી. ત્યાં કેવળ સ્નેહ જે સર્વોપરી છે.તે જ કારણરૂપ છે. આ પ્રકારે ભક્તોના ઘરેં પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકુરજી બિરાજે છે, તેથી કોઈ વૈષ્ણવ પોતાને ભક્તોદ્ધારક સ્વરૂપે કંઈ અનુભવ શ્રીઠાકુરજી જણાવે છે, તેવું જાણીને અપરસ ન રાખે તો અપરાધ પડે. મંદિરમાં તો શ્રીઠાકુરજીની સેવામાં તો પુષ્ટિમાર્ગની મર્યાદા સહિત સેવા કરે. અને પ્રેમમાં તો મર્યાદાનું કોઈ અનુસંધાને ન રહે. તેમાં જે કાર્ય બને કે બધું શ્રીઠાકુરજીને નિત્ય છે ઈરાદાપૂર્વક કરે છે શ્રીઠાકુરજી તો પ્રેમના ભૂખ્યા છે, મર્યાદાનું શું કામ છે ? એ પ્રકારે કલ્પિત જ્ઞાનથી મર્યાદા છોડે તો એને અપરાધી જાણવો. તે ક્ષત્રાણી શ્રીઆચાર્યજીની એવી કૃપાપાત્ર હતી. જેને બાલકની માફક શ્રીઠાકુરજી અનુભવ કરાવતા. લીલામાં પણ ઉપનંદગોપની વહુ છે. તેથી ત્યાં પણ પુત્રભાવ અને અહીંપણ પુત્રભાવ દૃઢ છે. તેથી તે ક્ષત્રાણી બાઈની વાર્તા કયાં સુધી કહીએ.

|| વાર્તા ૬૦ ||

|| વાર્તા ૬૧ ||

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સેવકની, દામોદરદાસ કાયસ્થની માતા વીરબાઈ જે શેરગઢમાં રહેતી, તેની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : લીલામા એવી પુલિંદી છે ત્યાં 'વનદેવી' એમનું નામ છે. શ્રીગિરિરાજજી સંગથી એને દૃઢ ભક્તિ થઈ છે. શ્રીઆચાર્યજી ગોવર્ધનધર પ્રકટ્યા એટલે ભૂમિ ઉપર બધો ભગવદીય પ્રકટ્યો છે. શેરગઢમાં એક કાયસ્થ દ્રવ્યપાત્ર ઘણો, તે કાશી ગયો. કાશીમાં એક કાયસ્થના ઘરે વીરબાઈ પ્રકટી હતી. તેની શેરગઢના કાયસ્થની સાથે સગાઈ થઈ. પછી લગ્ન થયું. તે વીરબાઈને એક પુત્ર શેરગઢમાં થયો. તેનું નામ દામોદરદાસ ધર્યું. તે દામોદરદાસ વર્ષ ૯ ના થયા ત્યારે શેરગઢમાં એક નવો હાકેમ આવ્યો. તે બહુ જ ખરાબ હતો. જેની પાસે દ્રવ્ય જુએ તેને કંઈક કલંક લગાડી દ્રવ્ય બધું લઈ લે. ચોરોથી ચોરી કરાવે, ત્યારે વિરબાઈના પતિએ કહ્યું. હવે શું કરીએ ? હાકિમ બધું દ્રવ્ય લઈ લેશે. ત્યારે સ્ત્રીએ કહ્યું, બધું દ્રવ્ય ભેગું કરી મને સોંપી દો. હું કાશી મારા મા-બાપને ઘરે જઈ રહું. જ્યારે બીજો હાકેમ આવશે ત્યારે આવીશ જો આ જ હાકેમ રહે તો પછીથી તમે પણ કાશી ચાલ્યા આવજો. ત્યારે વીરબાઈના પતિએ કહ્યું, તે સારું કહ્યું. પછી તે કાયસ્થે બધું દ્રવ્ય ભેગું કરી દશ-પાંચ દિવસમાં મહોર કરાવી વીરબાઈને સોંપી પછી પોતાનો બેટો દામોદરદાસ, બે બેટી તથા વીરબાઈ બધાને કાશી મોકલી

દીધા તે વીરબાઈ કાશી આવીને રહી.

ચાર મહિના પછી તે હાકેમે એક બ્રાહ્મણને કલંક લગાડી દીધું, દ્રવ્ય ઘર વગેરે લૂંટી લીધું. એન ગૌર સ્વરૂપના શ્રીઠાકુરજી મોટા અને એક લાલાજી હતા. તેમનાં ઘરેણાં, કપડાં, વાસણ, પણ હાકેમ લૂંટીને લઈ ગયો. તેથી તે બ્રાહ્મણની સ્ત્રી રોવા લાગી. ત્યારે બ્રાહ્મણે કહ્યું, તું રોઈશ નહીં, જો હવે શ થાય છે ? પછી હાકેમ જ્યારે બજારમાં ઘોડા ઉપર ચઢીને જતો ત્યારે તે બ્રાહ્મણે તલવાર લઈને ત હાકેમને મારી, તેથી તે ઘોડાથી પડ્યો. ત્યારે તેના છાતી ઉપર ચઢીને તે બ્રાહ્મણે કટારી પેઠુ પર મારી તેથી તે મરી ગયો. પછી હાકેમના મનુષ્યોએ તે બ્રાહ્મણને માર્યો. આ પ્રકારે બન્ને મર્યા. એ વાત રાજાએ સાંભળી એટલે બીજો હાકેમ શેરગઢ મોકલ્યો. તે બહુ ભલો મનુષ્ય આવ્યો. બધાને સુખ દીધું. તે બ્રાહ્મણ જે મર્યો તેની સ્ત્રીને બે રૂપિયા મહિનો કરી આપ્યા. શેરગઢમાં સુખ થયું. જેથી જે લોકો જ્યાં ત્યાં ભાગી ગયા હતા. તે બધા શેરગઢ આવ્યા. ત્યારે બ્રાહ્મણી જેનો ધણી માર્યો ગયો હતો. તેણે વીરબાઈના પતિને કહ્યું, કે મારાથી શ્રીઠાકુરજીની પૂજા નથી બનતી, મારી પાસે દ્રવ્ય પણ નથી. ત્યારે તે કાયસ્થે કહ્યું, મારી સ્ત્રી, બેટા, બેટી, કાશીમાં છે, હવે ગામમાં ચેન થયું છે તેથી અહીં બોલાવું છું, એમના આવ્યા પછી શ્રીઠાકુરજી અમે રાખીશું.ત્યારે બ્રાહ્મણીએ કહ્યું, બહુ સારું, શેરગઢની નદી છે ત્યાં તે બ્રાહ્મણ એક વખત ગયો ત્યાંથી તે ઠાકુર તેને પ્રાપ્ત થયા હતા. પછી એ કાયસ્થે પોતાની સ્ત્રી વીરબાળાને બોલાવવાને ગામના પ્રામાણિક ચાર સારા મનુષ્યોને કાશી મોકલ્યા. તે મનુષ્યો આવીને વીરબાળાને કહે જે હવે શેરગઢમાં બીજો હાકેમ આવ્યો છે તે ભલો મનુષ્ય છે, તેથી હવે તમે શેરગઢ ચાલો, તમારા ધણીએ બોલાવ્યા છે. ત્યારે વીરબાઈ બધાની સાથે ધનની પેટી લઈ બેટા દામોદરદાસ તથા બંને બેટી સહિત કાશીથી ચાલી. તે મજલ પાંચ આવીને નાનું સરખું ગામ હતું ત્યાં ઊતરી. ત્યાં તેની પાછળ ચોર લાગ્યા. જ્યારે રાત્રિ પ્રહર પાછલી રહી ત્યારે બધા મનુષ્યોને ઊંઘ આવી. એટલે ચોરે પેટી લીધી. સવાર થતું જાણી ગામની બહાર પેટી ધૂળમાં દાટીને તે ચોર ગામમાં આવી બેઠા.

પછી સવાર થતાં જ વીરબાઈએ કહ્યું, પેટી ગઈ, હવે શું કરું ? મારું તો સઘળું ઘરનું દ્રવ્ય એમાં જ હતું. ગામના લોકોને પૂછ્યું તો કહે, અમે શું જાણીએ ? ત્યારે વીરબાઈ તલાવ ઉપર બેસી રૂદન કરવા લાગી. એ અરસામાં શ્રીઆચાર્યજી પૃથ્વી પરિકમ્મા કરતાં તે તલાવ ઉપર પધાર્યા. પ્રાતઃકાલની સંધ્યા કરી. તલાવ ઉપર ત્યારે તે બાઈ રૂદન કરતી હતી. તેને જોઈ. આપે જાણ્યું આ દૈવી જીવ છે, પણ આવી દુઃખી કેમ છે ? ત્યારે તેને પૂછ્યું. એવું તને શું દુઃખ પડ્યું છે ? ત્યારે વીરબાઈએ કહ્યું, મહારાજ ! મને મહાન દુઃખ પડ્યું છે. કુટુંબ તો ઘણું દ્રવ્ય પણ ઘણું હતું પણ તે પેટી રાત્રિએ ચોરાઈ ગઈ. હવે મારું અહીં કોઈ નથી, કોને મારું દુઃખ કહું ? પછી જે પ્રકારે કાશીથી આવી તે બધું કહ્યું, ત્યારે શ્રીઆચાર્યજીને દયા આવી, આપ કહે રોઈશ નહીં. શ્રીઠાકુરજી બધું સારું કરશે, ત્યારે વીરબાઈએ દંડવત કરીને કહ્યું. મહારાજ ! દ્રવ્ય મળે તો અરધું આપ લો. અને અમારું સઘળું કુટુંબ આદિ આપની કૃપાથી જીવે. અને હું આપની દાસી થઈ જન્મભર આ ગુણ આપનો નહીં ભૂલું ત્યારે શ્રીઆચાર્યજી કહે, તું દૈવી જીવ છો. તેથી અમારી છો. અમારે તારું દ્રવ્ય જોઈતું નથી. કૃષ્ણદાસ મેઘનને શ્રીઆચાર્યજી મહાપ્રભુએ કહ્યું, ચોરોએ ધૂળમાં પેટી દાટી છે તે જઈને આને બતાવી આવ. એટલે કૃષ્ણદાસે તે વીરબાઈની સાથે જઈ સ્થળ બતાવ્યું. તે ધૂળ કાઢી નાખી અને પેટી લઈ શ્રીઆચાર્યજી પાસ આવી આગળ ધરી દીધી. વીરબાઈ કહે, મહારાજ ! આપ અડધું દ્રવ્ય મને આપો. અડધું આપનું છે. આ આપનું આપેલું મને મળ્યું

છે. અને મને સેવક કરો, ત્યારે શ્રીઆચાર્યજી કહે, હમણાં તો તું માર્ગમાં છો તેથી અમારા પુષ્ટિમાર્ગનો ધર્મ તારાથી બનશે નહીં. તેથી દ્રવ્ય તું લઈ શેરગઢ જા.અમે શેરગઢ પધારીશું ત્યારે તને સેવક કરીશું. અને તું કહીશ તે કરીશું. ત્યારે વીરબાઈએ વિનંતી કરીને કહ્યું, મહારાજ ! આપ તો સાક્ષાત ઈશ્વર છો. હું દ્રવ્ય આપું છું. પણ તે લેતા નથી તો શેરગઢ શા માટે પધારશો ? આપના દર્શન પરમ દુર્લભ છે. શ્રીઠાકુરજીએ મારા ઉપર કૃપા કરી જે આપે દર્શન દીધાં . તેથી મને નામ સંભળાવો. અને અડધું દ્રવ્ય લો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તારે ગામ આવી તને સેવક કરવી છે. જે બ્રાહ્મણ મર્યો છે. તેની સ્ત્રી પાસે જે ઠાકુરજી છે તે તારા માથે પધરાવવા છે, તેથી અમે શેરગઢ નિશ્ચય પધારીશું. ત્યારે તારું સર્વ કાર્ય થશે. ત્યારે વીરબાઈએ કહ્યું, મહારાજ ! શરીરનો ભરોસો નહીં, અને આપની પાસે વધારે બોલવું તે અપરાધ છે. તેથી મારા માથે ચરણ ધરી આપ કહો જે શેરગઢ પધારીશું. આપના ચરણ ધરવાથી મારું મન શુદ્ધ રહેશે. શ્રીઆચાર્યજી વીરબાઈની આવી પ્રીતિ જોઈને બહુ પ્રસન્ન થયા. પોતાના ચરણાવિંદ વીરબાઈના માથે ધરીને વચન આપ્યું કે અમે શેરગઢ પધારીને તારો અંગીકાર કરીશું, એટલે વીરબાઈ દંડવત કરીને બેટાબેટીને લઈને શેરગઢ ચાલી.

પછી કેટલાક દિવસમાં શેરગઢ આવીને પોતાના પતિને બધા વાત કહી કે, આ પ્રકારે આપે કૃપા કરી છે. તે શ્રીઆચાર્યજીએ કહ્યું છે કે એક બ્રાહ્મણીને ત્યાં ઠાકુર બિરાજે છે, ગૌર સ્વરૂપ છે, તે મારા ઉપર પધરાવવાના છે. તો તે બ્રાહ્મણી કોણ છે ? ત્યારે વીરબાઈના પતિએ કહ્યું તે બ્રાહ્મણી એકલી રહી છે. તેનો પતિ માર્યો ગયો છે, તે નિત્ય કહે છે કે મારા ઠાકુર પધરાવો. ત્યારે વીરબાઈએ પતિને કહ્યું ઢીલ ન કરો. તે ઠાકુર આપણા ઘરે લાવી રાખો. શ્રીઆચાર્યજી બેચાર દિવસમાં નિશ્ચય પધારશે. તે સમયે તે બ્રાહ્મણી ઠાકુર દે કે ન દે. શ્રીઠાકુરજી વચન કરીને લેજો જે ફરી પાછા દઈશું નહીં. ત્યારે બાઈના પતિએ તે બ્રાહ્મણી પાસે જઈને કહ્યું કે હવે અમારી સ્ત્રી બેટા-બેટી કાશીથી આવ્યા છે. તેથી ઠાકુરજી દેવા હોય તો દો નહીં તો અમે બીજા ઠાકુરજી પધરાવીશું. ત્યારે બ્રાહ્મણીએ કહ્યું, મેં તો તમને પહેલાં જ કહ્યું હતું કે મારાથી પૂજા થતી નથી માટે હમણાં જ લઈ જાવ, ત્યારે વીરબાઈના પતિએ કહ્યું, કદાચિત ફરી પાછા તમે ક્યારેય શ્રીઠાકુરજી પાછા માંગશો તો પધરાવી નહીં આપું, ત્યારે તે બ્રાહ્મણીએ કહ્યું. હવે હું શું પાછા માંગું ! દ્રવ્ય નથી, કોઈ મનુષ્ય પણ મારા ઘરે નથી. ત્યારે તે કાયસ્થે કહ્યું કે એક ઠાકુર હું લઉં એક તમે લો. અને મારા ઘરે પધરાવવા આવો, ત્યારે તે બ્રાહ્મણીએ લાલજી લીધા. મોટું ગૌર સ્વરૂપ હતું તે કાયસ્થ લઈ આવ્યા. બન્ને સ્વરૂપને પોતાને ઘેર પધરાવ્યા.

પછી ચાર દિવસમાં શ્રીઆચાર્યજી શેરગઢમાં પધાર્યા. આપ નદીના તીરે એક બાગમાં ઊતર્યા. ત્યારે કૃષ્ણદાસને કહે તે વીરબાઈને અમારી ખબર કહાવજે, આંહી લાવીશ નહીં. એનું મન પ્રસન્ન હોય તો આવે. એટલે કૃષ્ણદાસ ગામમાં ગયા. અને એના પુત્ર દામોદરદાસને જોઈને કહે, તું ઘરે જઈને તારી માતાને કહેજે કે નદીના તીર બગીચી છે ત્યાં શ્રીઆચાર્યજી પધાર્યા છે. એમ કહી કૃષ્ણદાસ શ્રીઆચાર્યજીની પાસે આવીને કહે છે. દામોદરદાસે પોતાની માતાને જઈને કહ્યું જે આચાર્યજી પધાર્યા છે, મને એમનો સેવક કહી ગયો છે. આ સાંભળતાં જ વીરબાઈ દોડી આવી. બગીચામાં આવી શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી કે મહારાજ ! મારે ઘરે પધારો. બધા કુટુંબને શરણે લો. શ્રીઠાકુરજી આપે કહ્યા હતા તે ઘરમાં લાવી રાખ્યા છે તે મારા માથે પધરાવો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તું દૈવી જીવ છો, તારાથી ભગવદસેવા બનશે. તેથી તને નામ અને બ્રહ્મસંબંધ બન્ને કરાવવા છે. અને

તારું કુટુંબ સાધારણ જીવ છે તેથી તેમને નામ સંભળાવીશું. તારા સંગથી બધાનો ઉદ્ધાર થશે. તેથી તું નદીમાં ન્હાઈ આવ. એટલે વીરબાઈ નદીમાં ન્હાઈને આવી, ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ એને નામ સંભળાવીને બ્રહ્મસંબંધ કરાવીને કહે, હવે તું ઘરે જા, તારા પતિને મોકલજે. એટલે અમે તારા ઘરે પધારીશું. ત્યારે વીરબાઈએ ઘરે આવી પતિને કહ્યું, નદી તીરે બગીચીમાં શ્રીઆચાર્યજી પધાર્યા છે તેથી વિનંતી કરી તેમને પધરાવો, અને બધા સેવક થાવ. ત્યારે પતિ કહે તું પણ સાથે ચાલ. પછી સ્ત્રી-પુરુષ બન્ને આવી શ્રીઆચાર્યજીને વિનંતી કરી ઘરે પધરાવ્યા બધાને શ્રીઆચાર્યજીએ નામ સંભળાવ્યું. પછી શ્રીઠાકુરજીને પંચામૃત સ્નાન કરાવી પાટ બેસાડ્યા અને વીરબાઈને માથે પધરાવ્યા. મોટું ગૌર સ્વરૂપ હતું તેમનું નામ શ્રીકપૂરરાયજી ધર્યું અને લાલજી હતા તેમનું નામ શ્રીનવનીતપ્રિયાજી ધર્યું અને આગળના કરેલા હિંડોળા પલનાથી શ્રીનવનીતપ્રિયાજીને ઝુલાવ્યા. વીરબાઈએ શ્રીઆચાર્યજીને વિનંતી કરીને પાંચ દિવસ પોતાને ત્યાં રાખ્યા અને પુષ્ટિમાર્ગની સેવાની રીતિ બધી સીખી પછી અડધું દ્રવ્ય શ્રીઆચાર્યજીનું ધરી રાખ્યું હતું તે ભેટ કર્યું પછી શ્રીઆચાર્યજી પૃથ્વી પરિકમ્માએ પધાર્યા.

વાર્તાપ્રસંગ ૧ : તે વીરબાઈ શ્રીઠાકુરજીની સેવા બહુ જ પ્રીતિથી કરવા લાગી કેટલાય દિવસોમાં શ્રીઠાકુરજી તેને સાનુભાવ જણાવવા લાગ્યા. પછી વીરબાઈનો ગર્ભ રહ્યો, પૂરા માસે ઘડી બે રાત્રિ પાછલી રહી ત્યારે પુત્ર પ્રસવ થયો. લોકો બધા બેટાની વધાઈ જ્ઞાતિ વ્યવહારમાં ફરવા લાગ્યા. શ્રીઠાકુરજીને ચાર ઘડી દિન ચઢી ગયો પણ કોઈએ જગાડ્યા નહિ. એટલે વીરબાઈ ઘણું જ દુઃખ કરવા લાગી કે મારા ઠાકુરજીને મોડું થયું. બધાને કહે, કે શ્રીઠાકુરજીને કોઈ જગાડો, પણ કોઈ જગાડે નહીં. એમ કરતાં પ્રહર દિન ચઢ્યો, ત્યારે તો વીરબાઈ મનમાં તાપ કરીને રોવા લાગી, કે આ પુત્ર પાપી ક્યાંથી આ સમયે થયો કે મારા ઠાકુર કાલના પોઢ્યા છે તે કોઈ જગાડતું નથી. હવે હું શું કરું ? આ પ્રકારે અત્યંત વિરહ થયો, ત્યારે શ્રીઠાકુરજી શય્યામાંથી બોલ્યા કે તું રૂદન શા માટે કરે છે ? કોઈ ન જગાવે તો તું જ મને જગાડ. ત્યારે વીરબાઈએ કહ્યું, મહારાજ ! હું આ અઘોર નર્કમાં પડી છું, કેવી રીતે આપને અડું ? ત્યારે શ્રીઠાકુરજી કહે, છાણ લાવી સ્નાન કરી કચ્છ બાંધીને મને તું જ જગાડ, હું બીજાથી સેવા નહીં કરાવું, મારી આજ્ઞા છે તેથી તને અપરાધ નહીં લાગે.

ત્યારે વીરબાઈએ ઊઠીને છાણ લગાડી સારી રીતે ન્હાઈ કચ્છ મારીને શ્રીઠાકુરજીને જમાડ્યા. પછી મંગળા કરીને શૃંગાર કરી રસોઈ કરી ભોગ ધરી પ્રસાદ લઈ પડી રહી. આ પ્રકારે તેર દિવસ પછી અપરસ કાઢી. પછી ચાલીસ દિવસ થયા ત્યારે બધાં વસ્ત્ર પાત્ર કાઢી અપરસ નવી કરી શ્રીઠાકુરજીને પંચામૃતથી સ્નાન કરાવી શુદ્ધ થઈ પુષ્ટિમાર્ગની રીતિથી સેવા કરવા લાગી. ત્યારે શ્રીઠાકુરજી પ્રસન્ન થઈ વીરબાઈને કહે, તેં મારી પણ આજ્ઞા માની ને સૂતક (પિંડરૂ)માં સેવા કરી અને પછી માર્ગની મોડ પ્રમાણે અપરસ કાઢી, તેથી હું તારા ઉપર ઘણો પ્રસન્ન છું. આ પ્રકારે વીરબાઈના ઉપર પ્રસન્ન થઈ પ્રસૂતિમાં પણ આપે સેવા કરાવી. પરંતુ બીજાથી ન કરાવી. તે વીરબાઈ એવી શ્રીઆચાર્યજીની કૃપાપાત્ર ભગવદીય હતી. તેની વાર્તા કયાં સુધી કહીએ.

ભાવપ્રકાશ : આમાં એ જણાવ્યું કે બહુ શુદ્ધ હોય, તો પણ પ્રીતિ વિના શ્રીઠાકુરજી સેવા ન કરાવે. અને કરે તો પણ પ્રીતિ વિના આપ સેવા માને નહીં અને કેવોય અપવિત્ર હીન, નીચ, હોય પરંતુ તેને પ્રતિ હોય તો તેનાથી ભગવત્સેવા કરાવે. એ જ પ્રકારે સૂતક, પિંડરૂ તથા મહિને અટકાવમાં પણ વીરબાઈએ સેવા કરી. ઘરમાં કુટુંબ પરિવાર તો ઘણો હતો છતાં તેનાથી સેવા ન કરાવી. વળી એની

વાર્તા અનિર્વચિનીય છે. જેમ પુલિંદીને ચરણારવિંદનાં કુમકુમ દ્વારા બધા રસનો અનુભવ કરાવ્યો તે જ પ્રમાણે પતિભાવથી અહીં પણ બધા રસનો અનુભવ કરાવ્યો, તે વાર્તા કહી ન જાય છતાં આટલી પણ લોક-વેદ વિરુદ્ધ વાર્તા કહી છે. પ્રેમની રીત અટપટી છે. ભગવદીય આ ભેદ જાણે, તેમને જ સાંભળવા યોગ્ય છે. બીજાને આવી વાર્તા ઉપર વિશ્વાસ ન આવે. તે વીરબાઈ સદા શ્રીઠાકુરજીની લીલા રસમાં મગન રહેતી. મૂળમાં પણ ગિરિરાજજી પરમ ભગવદીય હરિદાસવર્ય તેમનો સંગ છે. તેથી તેનો ભાવ અનિવર્ચનીય છે. ।। વાર્તા ૬૧ ।।

।। વાર્તા ૬૨ ।।

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, બેઉ સ્ત્રી-પુરુષ ક્ષત્રી, સિંહનંદનાં વાસી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : લીલામાં બેઉ શ્રીવિશાખાજીની સખી છે, પુરુષનું નામ 'રંગા' સ્ત્રીનું નામ 'હંસા' સખી એ બેઉ શ્રીયમુનાજીના સ્નાન માટે ગઈ. ત્યાં એમને શ્રીઠાકુરજી મળ્યા તે નાના પ્રકારની વિહાર-લીલામાં મગ્ન થઈ ગઈ. પછી શ્રીઠાકુરજી સાથે જલ વિહાર કરવા લાગી. ત્યાં શ્રીસ્વામિનીજી અને વિશાખાજી શ્રીયમુનાજી ન્હાવાને પધાર્યાં એટલે શ્રીઠાકુરજી શ્રીયમુનાજીમાંથી નિકળી વૃક્ષની આડમાં ઊભા રહ્યા. અને આ બન્ને સખી ચકિત થઈ જલમાં ઊભી રહી. ત્યારે શ્રીસ્વામિનીજી પોકારીને કહે, 'રંગા' 'હંસા' અમારી પાસે આવો. પણ એમનું મન શ્રીઠાકુરજીમાં લાગ્યું કે ક્યારે ફરી પધારે, તેથી એ સાંભળે નહીં. ત્યારે શ્રીસ્વામિનીએ કહ્યું, વિશાખા ! આ બન્ને તારી સખી બહુ નફટ છે. મેં બોલાવી તો પણ આવી નહીં. એટલે વિશાખાજીએ બોલાવ્યા "રંગા, હંસા અહીં આવો." તો પણ ન આવી, ત્યારે વિશાખાજી કહે, એવું માન-ગર્વ થયો કે આટલી બોલાવી પણ જવાબ ન આપ્યો ? માટે ભૂમિમાં પડો. ત્યારે બન્ને ભૂમિમાં પડી, તે સિંહનંદમાં બે ક્ષત્રીના ઘર હતાં, ત્યાં બન્ને પ્રકટ્યાં. સમય થયે વરસ દશનાં થયાં ત્યારે બંનેનો વિવાહ થયો પછી બંનેના મનમાં વૈરાગ્ય આવ્યો. બંને પોતાના મનમાં આપસમાં કહે કે વિષય આદિ સુખ તો પશુપંખીમાં પણ છે. પણ શ્રીઠાકુરજીએ મનુષ્ય દેહ દીધો છે તે વ્રતાદિ કરી દેહ ઇંદ્રિયનું દમન કરીએ. તેથી બન્નેએ વ્રત સાંધ્યાં. ભૂમિ ઉપર સૂવે, નિત્ય ફલાહાર લે, ક્યારેક દૂધ, ક્યારેક જલ આદિ લે. એકાદશી નિર્જલ કરે. કાર્તિકમાં એક દિન ફલાહાર, એક દિન નિર્જલ, આ પ્રકારે વ્રત કરી શરીર બંનેએ સુકાવી નાખ્યાં. ત્યારે બંનેના મા-બાપ ખીજાઈ ગયાં કે તમે હમણાંથી આવું કષ્ટ કરો છે તે શાને માટે ? હજુ તો તમારે ખાવા-પહેરવાના દિવસો છે, સુંદર ભોગ ભોગવો. શ્રીઠાકુરજીએ ચાર પૈસા આપ્યા છે તેથી સંસારનું સુખ ભોગવો. ત્યારે બંને જણ કહે, સંસારનું સુખ કુત્તા, ગધેડા હોય તે ભોગવે અમે તો વ્રત કરીશું. એટલે તે ચુપ થઈ રહ્યા.

પછી એક દિવસ મહા મહિનામાં સરસ્વતીમાં તેઓ ન્હાતા હતા, તે સમયે શ્રીઆચાર્યજી મહાપ્રભુ થાનેશ્વરમાં પધાર્યા. તે સમયે આપ સરસ્વતી ઉપર સંધ્યાવદન માટે પધાર્યા. ત્યારે આ બંનેને જલમાં ઊભા જોઈને થાનેશ્વરના વૈષ્ણવોને આપે પૂછ્યું કે આ સ્ત્રી પુરુષ કોણ છે ? આવી ઠંડીમાં જલમાં ઊભા છે, અતિ દુર્લભ છે, ત્યારે વૈષ્ણવે કહ્યું, મહારાજ ! એ બંને ક્ષત્રીના બેટા-બેટી છે, સ્ત્રી પુરુષ છે. એમણે લૌકિક સંસારનું સુખ જાણ્યું નથી. વ્રત સદા કરે છે અન્નની વસ્તુ લેતાં નથી. મહાકાષ્ટ કરી દેહ સુકાવી નાખે છે. મા-બાપ અગર બીજા કોઈનું કહ્યું માનતા નથી. ત્યારે શ્રીઆચાર્યજી કહે, એમને અમારી પાસે કોઈ ઉપાય કરીને લાવો. ત્યારે વૈષ્ણવો સામે પાર જઈ બંનેને કહે, તમે પાર ચાલો. શ્રીઆચાર્યજી

તમોને બોલાવે છે. તમને વ્રતનું જે ફલ જોઈએ તે મળશે. આ સાંભળીને બંને પ્રસન્ન થઈ વૈષ્ણવના સંગે પાર આવ્યાં, અને શ્રીઆચાર્યજીને દંડવત કરી ઊભા રહ્યા, ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, તમે આવું કષ્ટ કરીને વ્રત કરો છો તો મનોરથ શો છે ? તમને ફલ જોઈએ તે લો ત્યારે બેઉ કહે, મહારાજ ! ફલ તો બહુ મોટું ઇચ્છીએ છીએ અને સાધન તુચ્છ કરીએ છીએ તો ફલ કેમ મલશે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે કહો તો ખરાં. ત્યારે બેઉએ કહ્યું, અમને એ મનોરથ છે કે આ જન્મમાં આજ શરીરથી શ્રીઠાકુરજી અમારાથી બોલે અને કૃપા કરે. અને શ્રીઠાકુરજી તીર્થ વ્રત કર્યે અથવા સાધનથી કેવી રીતે મળશે ? તેથી અમે શું કરીએ ? થાકીને વ્રતાદિ કરીને શરીર છોડીશું. બીજો ઉપાય તો કંઈ જાણતા નથી. એટલે શ્રીઆચાર્યજી કહે, આટલું કષ્ટ વ્રત કરીને શરીરને દો છો તો શ્રીઠાકુરજીની સેવા સ્મરણમાં શરીર અને મન લગાડો તો આ જ જન્મમાં પ્રભુ કૃપા કરે, ત્યારે સ્ત્રી-પુરુષ બંનેએ કહ્યું, મહરાજ ! શ્રીઠાકુરજીની સેવા કેવી રીતે બને ? અમે કંઈ પાસે રાખ્યું નથી. આ બે કપડાં મેલાં પહેર્યું છે, અને માબાપની પાસે દ્રવ્ય છે, પણ તેઓ તો સંસારના સુખ માટે જે માગે તે દે, પરંતુ પરમાર્થને માટે અગર શ્રીઠાકુરજીના નામ ઉપર કોડી નહીં દે. અમારાથી દ્વેષ કરે છે, અને ભગવદ્સેવા દ્રવ્ય વિના કેમ થાય ? ત્યારે શ્રીઆચાર્યજી કહે કે એ દ્વેષ કરે તેમાં તે તમને સારું છે. બહિર્મુખથી બોલવું મટ્યું. વળી સેવા લાયક તમે બે-ચાર આઠ ઘડી કાંઈ ઉદ્યમ કરશો તો તેમાં જ તમને નિર્વાહ લાયક મળશે, તેમાં નિર્વાહ કરજો. સેવા અર્થે શરીરને કષ્ટ થાય ત્યારે ધીરજ ધરી દુઃખ સહો તો તમારું દુઃખ શ્રીઠાકુરજીથી સહ્યું ન જાય. શ્રીઠાકુરજી તમને અનુભવ જણાવશે. વળી અમે થાનેશ્વરના વૈષ્ણવને કહી દઈશું. તમને ઉધાર આપશે. વેપાર પણ સિદ્ધ કરી દેશે. પરંતુ તમારું મન ભગવદ્સેવા કરવાનું હોય તો શ્રીઠાકુરજી બધો ઉપાય કરશે. જો મન ન હોય તો તમારી વાત તમે જાણો.

ત્યારે બંનેએ કહ્યું, મહારાજ ! અમારું મન તો બહુ છે. મા-બાપના પ્રતિબંધથી ડરીએ છીએ. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે મા-બાપના પ્રતિબંધથી ન ડરો. અમે કહીએ તેમ કરો, તમારો બધો મનોરથ પૂર્ણ થશે. ત્યારે બંને પ્રસન્ન થઈ કહે, મહારાજ ! અમે આપની શરણે છીએ. જે પ્રકારે અમારું ભલું થાય તેમ કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, સ્નાન કરીને આવ્યા છો. અપરસમાં તો તમે છો માટે આગળ આવો ત્યારે બન્ને આગળ આવ્યા. એટલે આપે નામનિવેદન કરાવ્યું. પછી શ્રીઆચાર્યજી થાનેશ્વરના વૈષ્ણવોને કહે, હવે આમને માટે શ્રીઠાકુરજીનું સ્વરૂપ ઠીક કરો. ત્યારે એક નામધારી વૈષ્ણવ થાનેશ્વરનો હતો. તેણે કહ્યું, મહારાજ ! મારે બે સ્વરૂપ છે. તેથી એક લાલજી હું આપીશ. ત્યારે શ્રીઆચાર્યજી કહે, અહીં જલદી લાવો. ત્યારે તે નામધારી વૈષ્ણવ સ્વરૂપ લઈ આવ્યો. શ્રીઆચાર્યજી મહાપ્રભુએ તે સ્વરૂપને પંચામૃતથી સ્નાન કરાવી સ્ત્રી-પુરુષના માથે પધરાવ્યું. પછી સિંહનંદમાં વૈષ્ણવો જે શ્રીઆચાર્યજીનાં દર્શને આવ્યા હતા તેમને આપ કહે, આ બન્ને સ્ત્રી-પુરુષ અમારાં છે, માટે આ બન્ને કોઈ પ્રકારથી દુઃખ ને પામે તેમ કરજો. ત્યારે વૈષ્ણવો કહે, મહારાજ ! અમે પ્રાણની માફક એમને જે જોઈશે તે સિદ્ધ કરી દઈશું. તે સમયે સાસુ-વહુ પણ દર્શન કરવા આવ્યાં હતા. તેમણે કહ્યું, મારા ઘરમાં જગા ઘણી છે. તે હું તેમને આપીશ. સેવા સંબંધી બધું સિદ્ધ કરી દઈશ. સિંહાસન, શય્યા આદિ. ત્યારે શ્રીઆચાર્યજી સ્ત્રી-પુરુષને કહે, તમે વહુની સાથે જાવ. તમારા ઉપર પ્રભુ જલદી કૃપા કરશે. જ્યાં તે રહેશો ત્યાં સુખ પામશો. જેમાં પુષ્ટિમાર્ગનો ધર્મ સિદ્ધ હોય તે કાર્ય કરજો.

ત્યારે સ્ત્રી-પુરુષ શ્રીઆચાર્યજીને દંડવત કરી તે વહુના ઘરે આવ્યાં. વહુએ અલગ જગ્યા કરી ત્યાં

ઠાકુરજી પધરાવ્યા. એક વૈષ્ણવથી રૂપિયા ૨૨ ઉધાર માગી લાવ્યા. તેની સામગ્રી લાવ્યા. રસોઈ કરી શ્રીઠાકુરજીને ભોગ ધરી મહાપ્રસાદ લીધો. સાધન વ્રતાદિ બધું છોડી દીધું. વિષ્ણુપંચક વ્રત કરે. જયંતિ અને એકાદશી વ્રત રાખે, એને વિષ્ણુપંચક કહે છે એ પાંચે વ્રત ચાર જયંતિ એકાદશી વિષ્ણુ સંબંધી છે. તે વૈષ્ણવે અવશ્ય કરવાં. બીજા વ્રત નહીં કરવા. પછી સેવાથી પહોંચી પુરુષ બજારમાં ગયો. ત્યારે વૈષ્ણવો બહુ સન્માન કરીને કહે, તમે દુકાન કરો તો દ્રવ્ય લો. ચાકરી કરો તો મહિનો લો. જેમાં તમારું મન પ્રસન્ન હોય તે કરો ત્યારે આમણે કહ્યું, મારું મન દલાલી કરવામાં છે. પછી દલાલી કરવા લાગ્યા. વૈષ્ણવો પ્રીતિ કરી રૂપિઓ બે રૂપિયા નિત્ય એમને પેદા કરાવી દેતા. પછી રૂપિયા ૨૨૧ જે કરજના હતા તે તેમણે આપી દીધા અને ભગવદ્સેવા કરવા લાગ્યા. ત્યારે સ્ત્રી-પુરુષ બંનેના મા-બાપ એમની નિંદા કરવા લાગ્યાં. જે પહેલાં તો મોટા ત્યાગી હતા અને હવે વૈષ્ણવથી ભીખ માગીને નિર્વાહ કરે છે. બીજાના ઘરમાં રહે છે. અમને લાજ લગાડે છે. એવું જ કરવું હતું તો બીજા કોઈ ગામમાં જઈ રહેવું હતું. ઠાકુર થઈ લોકોને ઠગવાને મોટા ભક્ત થયા છે ! આ પ્રમાણે વાત બધાને કહે. પછી કોઈએ પુરુષને આ વાત જણાવી, તેથી પુરુષના મનમાં ખોટું લાગ્યું. ત્યારે સ્ત્રીને કહે કે તારા મા-બાપ અને અમારાં મા-બાપ આ પ્રમાણે જ્યાં ત્યાં નિંદા કરે છે. ત્યારે સ્ત્રીએ કહ્યું કે તમારા અમારા મા-બાપ સાચા છે. આપણી પાસે શું હતું ? એક કોડી ન હતી, બધું વૈષ્ણવોએ શ્રીઆચાર્યજીના સેવક જાણી કરી આપ્યું છે. તેથી આપણે સુખી છીએ. પરંતુ આ પ્રકારે શ્રીઠાકુરજી સેવા માનશે નહીં. આપણો ધર્મ નાશ થયો. વૈષ્ણવથી પૂજાઈને ધન લઈ આપણે નિર્વાહ કર્યો તેથી આપણને ધિક્કાર છે. માટે હવે એવી જગાએ ચાલો જ્યાં આપણને કોઈ વૈષ્ણવ જાણે નહીં ત્યાં જે કમાઈને લાવો તેમાં ભોગ ધરીને નિર્વાહ કરીશું. ત્યારે શ્રીઠાકુરજી પ્રસન્ન થશે. આપણા મા-બાપ સાચી નિંદા કરે છે. આપણે નિંદાને યોગ્ય છીએ કેમ કે શ્રીઠાકોરજીને પ્રસન્ન ખરવાને માટે શ્રીઆચાર્યજીની શરણે આવ્યા, અને સેવા પધરાવી છે. કંઈ વૈષ્ણવ થઈ પૂજાવાને માટે નહિ. પોતાની બડાઈને માટે વૈષ્ણવ નથી થયાં તેથી આપણો ધર્મ રાખવો જોઈએ. બને તો શ્રીઠાકુરજીને લઈને આ ગામથી બીજી જગાએ કંઈક દૂર નીકળી જઈએ. આ વાત સ્ત્રીની સાંભળીને પુરુષે કહ્યું : તું ધન્ય ! તું ધન્ય ! જે આવી શિક્ષાની વાત કહી. પછી બધી તૈયારી કરી સાસુ-વહુને કહે, હવે અમે જઈએ છીએ. તમારી બધી વસ્તુ સંભાળી લો ત્યારે સાસુએ કહ્યું. અમારો કંઈ અપરાધ હોય તો કહો ત્યારે વહુએ કહ્યું, અપરાધ નહીં. હવે એમના ઉપર શ્રીઆચાર્યજીની પૂર્ણ કૃપા થઈ છે. પછી સાસુ વહુથી વિદાય લઈ શ્રીઠાકુરજીને પધરાવી સ્ત્રી-પુરુષ નીકળી ચાલ્યાં. કોઈ વૈષ્ણવને અગર મા-બાપને પણ જણાવ્યું નહીં.

વાર્તાપ્રસંગ ૧ : એ બેઉ કેટલાક દિવસ આગ્રા આવી રહ્યા. ત્યાં એક કોઠો ભાડે લીધો. જગ્યા બિલકુલ નાની હતી, એથી એક ગોખલામાં શ્રીઠાકુરજી પધરાવ્યા ગોખલાની આગળ લાકડી અને માટીથી મુડગેલી બાંધી જગ્યા વધારી. તેના ઉપર શય્યા રહેતી એક તરફ રસોઈ કરે, એક તરફ સીધુ-સામગ્રી રાખે. રાત્રે સ્ત્રી-પુરુષ કોટડીના દરવાજા ઉપર સૂઈ રહે. દરવાજા ઉપર માર્ગ હતો. તે શીતકાલ ઉષ્ણકાલ તો આ પ્રકારે વીતાવ્યો. પછી વર્ષાઋતુ આવી. એટલે રાત્રિએ મેહ વર્ષે, ઓરડાના દ્વારે બંને બેઠા ભીંજે, એમ કરતાં અર્ધરાત્રિ ભીંજાતાં વીતી, ત્યારે શ્રીઠાકુરજી મંદિરમાંથી બોલ્યા, વૈષ્ણવ ! તમે કેમ ભીંજો છો ? અંદર આવો. ત્યારે સ્ત્રી-પુરુષે કહ્યું, મહારાજ ! ઓરડો બિલકુલ નાનો છે. અમારી મલમૂત્રની દેહ, અમે આપની પાસે કેમ સૂઈએ ? મર્યાદા ન રહે. ત્યારે શ્રીઠાકુરજી કહે અમે તો ચોરામાં છીએ તમે નીચે

આવો. તમે ભીંજો છો તેનું અમને બહુ દુઃખ છે. તમે અંદર આવો તો અમને સુખ થાય ત્યારે સ્ત્રી-પુરુષ અંદર આવી ધરતી ઉપર સૂતા. પરંતુ આખી રાત્રિ ડરતા રહ્યા, જે છીંક, ખાંસી, વાયુ સરે તો અપરાધ પડશે. આમ ભય કરતા રહ્યા પછી સવાર થયું ત્યારે શ્રીઠાકુરજીને પહોંચીને સ્ત્રી-પુરુષે મનમાં વિચાર કર્યો કે વર્ષાઋતુ આવી. આપણે અંદર સૂવું નથી. બહાર સૂઈએ તો ભીંજાઈએ. શ્રીઠાકુરજી દુઃખ પામે. તેથી એક નાનું સરખું છાપરું દ્વારે બનાવવું એટલે એક છાપરું દ્વાર ઉપર બનાવી બંને સ્ત્રી-પુરુષ બહાર આવી સૂતા ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું, અંદર કેમ ન સૂતા ? અમારી આજ્ઞા હતી. ત્યારે બંને જણાએ કહ્યું, મહારાજ અમે લૌકિક જીવ છીએ. તેથી અનોસરમાં પાસે આવવું ઠીક નહીં. આપની આજ્ઞા થઈ તેથી ભીંજાતા નથી, છાપરા નીચે સૂઈએ છીએ. ત્યારે શ્રીઠાકુરજી શુદ્ધ ભાવ જોઈને અનુભવ જણાવવા લાગ્યા. પછી માગી માગીને આરોગતા. તે સ્ત્રી-પુરુષ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. તેથી એમની વાર્તા ક્યાં સુધી કહીએ.

ભાવપ્રકાશ : એમની વાર્તામાં એ સિદ્ધાંત થયો કે શ્રીઠાકુરજીથી ડરતાં રહેવું. અપરાધ પડે તો બાધક થાય. દાસનો એ ધર્મ છે કે સ્વામીનો ભય રાખે, પ્રીતિથી સેવા કરે. અને પોતાનો ધર્મ ગોપ્ય રાખે તો શ્રીઠાકુરજી પ્રસન્ન થાય. તે સ્ત્રી-પુરુષની એવી પ્રીતિ હતી. ॥ વાર્તા ૬૨ ॥

॥ વાર્તા ૬૩ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો એક સેવક સુથાર, મિસ્ત્રીપણાનું કામ કરતો, અડેલમાં રહેતો, તેની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ લીલામાં શ્રીઠાકુરજીના અંતરંગી 'શ્રીદામા' સખાનું પ્રાકટ્ય છે, શ્રીસ્વામિનીજી, શ્રીદામોદરજી જે લીલા કરે તેનો અનુભવ કરે છે. તે શ્રીદામા શ્રીસ્વામિનીજીનો ભાઈ થાય. શ્રીઠાકુરજીનો અંતરંગ સખા છે. લીલાનો સહાયક છે, શ્રીસ્વામિનીજી બધી વાત શ્રીદામાથી પૂછતા. એક દિવસ શ્રીદામા શ્રીઠાકુરજીના કંધા ઉપર રમતમાં ચઢ્યો.' એ વાત સાંભળીને શ્રીસ્વામિનીજી અપ્રસન્ન થયા. શ્રીઠાકુરજીએ તો શ્રીસ્વામિનીજીને સમજાવ્યાં પણ માન્યા નહિ. શ્રીસુબોધિનીજીમાં પણ કહે છે કે શ્રીદામા માલાકરરૂપ છે તેથી શ્રીઠાકુરજીએ કંધા ઉપર ધર્યા, એમ કહ્યું તો પણ શ્રીસ્વામિનીજીને ઠીક ન લાગ્યું, તેથી શાપ દીધો. જા, ભૂમિમાં પડ, ત્યારે શ્રીદામા સુથારના ઘરે અડેલમાં જન્મ્યા. પછી જ્યારે તે સુથાર વર્ષ ૨૩ના થયા ત્યારે શ્રીઆચાર્યજીના દર્શન કરતાં જ તેનું મન આસક્ત થઈ ગયું, એટલે દંડવત કરીને વિનંતી કરી, મહારાજ મને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમારાથી પુષ્ટિમાર્ગનો ધર્મ કેમ નભશે ? જ્ઞાતિમાં ખાનપાન કરવું પડે ત્યારે સુથારે વિનંતી કરી. મહારાજ ! મારે ઘરથી શું કામ છે ? હું તો આપની પાસે બેસી આપનાં દર્શન કરીશ, આપના વિના ક્ષણ મારાથી રહી શકાતું નથી. ત્યારે શ્રીઆચાર્યજી કહે, જા શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવ. એટલે તે સુથાર ન્હાઈને શ્રીઆચાર્યજી પાસે આવ્યો. ત્યારે શ્રીઆચાર્યજીએ તેને નામ સંભળાવ્યું.

વાર્તાપ્રસંગ ૧ : એ સુથાર શ્રીઆચાર્યજીના સ્વરૂપ ઉપર આસક્ત થઈ ગયો. શ્રીઆચાર્યજીની પાસે બેસીને દર્શન કરે, તેથી સુથારના ઘરના બધા ભૂખે મરવા લાગ્યા. તેથી તે સુથારના કુટુંબી, માતા, સ્ત્રી, શ્રીઆચાર્યજીની માતા પાસે આવી ઈલમ્માગારૂજીને કહ્યું, આ સુથાર રાત્રિ દિવસ શ્રીઆચાર્યજીની પાસે રહે છે. સુથારનું કામ કંઈ કરતો નથી. અમે ખાનપાન ક્યાંથી કરીએ ? તેથી તમે શ્રીઆચાર્યજીને કહેજો. ત્યારે માતા ઈલમ્માગારૂજીએ શ્રીઆચાર્યજીને કહ્યું, તમે સુથારને પાસે કેમ બેસારો છો ? એના

ઘરના ભૂખે મરે છે, તેથી એને ઘરે વિદાય કરો તો પોતાના કામે જાય. ત્યારે શ્રીઆચાર્યજી તે સુથારને કહે, તમે તમારા ઘરે જાવ, કામકાજ કરો. ત્યારે કહ્યું, મહારાજ ! આપના દર્શન વિના મારાથી રહી શકાતું નથી. ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમારી માતા ખીજે છે તેથી તમે ઘરે જાવ. અમે ત્યાં આવીને દર્શન આપીશું. ત્યારે તે સુથાર દંડવત કરી ઘરમાં આવી કામકાજ કરે પરંતુ મન શ્રીઆચાર્યજીમાં કે ક્યારે પધારશે, ક્યારે મને દર્શન થશે પછી સુથારની પ્રીતિ જાણીને આપ તેની પાસે પધાર્યા. ત્યારે કામકાજ છોડીને શ્રીઆચાર્યજીથી તે વાર્તા કરવા લાગ્યો. તે નિત્ય એમ કરે, ત્યારે તે સુથારના ઘરનાં ફરી ઈલમ્માગારૂ માતાજીથી આવી કહે કે શ્રીઆચાર્યજી સુથાર પાસે જઈ બેસે છે ત્યારે તે કામકાજ છોડીને વાર્તા કરે છે તેથી તમે શ્રીઆચાર્યજીને કહેજો. ત્યારે ઈલમ્માગારૂએ શ્રીઆચાર્યજી કહ્યું, તમે સુથારના ઘરે કેમ જાવ છો ! એ વાતમાં સારું નહીં, સુથાર પાસે ન બેસો, ત્યારે શ્રીઆચાર્યજી કહે એમ જ કરીશું. તો પણ એની પ્રીતિ એવી કે શ્રીઆચાર્યજીને એકવાર તે સુથારને દર્શન દઈ આવતા. એવી કૃપા કરતા.

ભાવપ્રકાશ : એમાં અભિપ્રાય આ કે પહેલાં એને શરણે લીધો. પાસે બેસાડી વાર્તા કરી એનું મન સ્વરૂપમાં લગાડ્યું. પરંતુ વિરહ વિના રસ હૃદયરૂઢ થાય નહીં. તેથી એને ઘરે મોકલી વિરહ કરાવ્યો. પરંતુ દુઃખ સહ્યું ન જાય તેથી આપ પધારતા અને ત્યાં બેસતા, પછી આપને પૃથ્વી પરિકમ્મા કરવા પધારવું છે. એને એમ જ છોડી જાય તો વિરહ દુઃખ કરી વ્યાકુલ થાય તેથી પોતાની આગળ જ વિરહ કરાવી એને એવો કરી દીધો કે હૃદયમાં શ્રીઆચાર્યજીનાં દર્શન અષ્ટપ્રહર થાય. આ પ્રકારે એને દર્શન આપ્યાં એમ વ્રજમાં શ્રીઠાકુરજી પ્રકટ્યા ત્યારે વ્રજભક્તોને દર્શન દઈ પ્રેમ વધાર્યો. તે કેવો પ્રેમ વધ્યો કે પલકની ઓટ યુગ સમવીતે. પછી વિરહ વધારવાને માટે ગોચારણ લીલા કરી. તેમાં બધો દિવસ વેણુગીત, યુગલગીત ગાઈને નિર્વાહ કરે. સંધ્યા સમયની આશા રાખીને રહે. પછી મથુરા પધારવાના બહાને રાત્રિ-દિવસનો વિરહ આપ્યો, પરંતુ સંતોષ એટલો કે મથુરા પાસે છે, હમણાં આવશે. પછી દ્વારકા પધારવાના બહાને પૂર્ણ વિરહ કરાવી રાત્રિ-દિવસ વ્રજભક્તોને સ્વરૂપાનંદનો અનુભવ જણાવ્યો. તેવી જ કૃપા કરી સુથારને પૂર્ણ વિરહ કરાવી હૃદયમાં સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો, એટલે તે સુથારની બહાર દૃષ્ટિ હતી તે અંદરની દૃષ્ટિ થવાથી ઘરમાં મગન રહ્યો. પછી આપ પૃથ્વી પરિકમ્માએ પધાર્યા.

તે સુથાર એવો કૃપાપાત્ર ભગવદીય હતો. તેની વાર્તા અનિર્વચનીય છે, તેથી પ્રકાશ નથી કર્યો.

॥ વાર્તા ૬૩ ॥

॥ વાર્તા ૬૪ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો સેવક ક્ષત્રી હતો, પૂર્વમાં રહેતો પટનાથી ચાર મુકામ આગળ તે ક્ષત્રીને એક અન્ય માર્ગીયનો સંગ હતો. તેની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : લીલામાં એ ક્ષત્રી કુમારિકાના યુગમાં છે. લીલામાં એમનું નામ 'મોહની' છે, અને જે અન્નમાર્ગીય છે તે મોહનીની સખી છે. તેનું નામ 'લક્ષનિ' છે. તે અહીં પૂર્વમાં એક ગૌડ બ્રાહ્મણને ત્યાં જન્મ્યો. અને 'મોહની' એક ક્ષત્રીના ઘરે જન્મી, તે બેઉ વરસ આઠના થયા પછી એક પંડાના ઘરે બંને ભણવાને જતા તે બંનેનો પૂર્વે લીલાનો સંબંધ છે તેથી પ્રીતિ અહીં ઘણી વધી. પછી વર્ષ પંદરના બંને થયા, ત્યારે એક સમય શ્રીઆચાર્યજી શ્રીજગન્નાથજીના દર્શને પધાર્યા ત્યારે તે ગામમાં ઊતર્યા. ત્યારે તે ક્ષત્રીના પિતાના મનમાં થયું કે આમની સાથે શ્રીજગન્નાથજીના દર્શન કરીએ. તેથી પુત્રને લઈ

શ્રીઆચાર્યજીની સાથે ચાલ્યો, અને અન્યમાર્ગીય ઘરે રહ્યો. કેટલાક દિવસમાં શ્રીઆચાર્યજી શ્રીજગન્નાથ પધાર્યા. માયાવાદી ભેગા થયા હતા. તેમનાથી વાદ કરી માયાવાદ ખંડન કર્યો. ત્યારે તે ક્ષત્રાણીએ પિતા કહ્યું. શ્રીઆચાર્યજીના સેવક થઈએ તો સારું. ત્યારે પિતાએ કહ્યું, મારે તો શ્રીજગન્નાથજીરાયજીના ર નીચે મરવું છે. પછી તારા મનમાં આવે તે કર. ત્યારે પુત્રે કહ્યું તમે એવી હત્યા કેમ કરો છો શ્રીઆચાર્યજીના સેવક થાવ. શ્રીઠાકુરજીની સેવા અને સ્મરણ કરો. ત્યારે પિતા કહે હું વૃદ્ધ થયો છું મારાથી હવે કંઈ બે નહીં. અને હું મનોરથ કરીને જ આવ્યો છું. ત્યારે પુત્ર ચુપ થઈ રહ્યો. દશ દિવ પછી રથયાત્રા આવી, ત્યારે શ્રીજગન્નાથજી રથ ઉપર ચઢી બહાર પધાર્યા. તે વખતે પિયા રથના પૈડ નીચે મર્યો, ત્યારે તે પુત્રે શ્રીઆચાર્યજીની પાસે આવી પિતાની વાત કહી કે મહારાજ ! રથની નીચે માર પિતા મર્યો તેનું શું ફળ ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, મરવાનું ફળ ? ભગવાનની પ્રાપ્તિ થયા વિના ફળ ? મરતી સમય જ્યાં મન હોય ત્યાં જાય. પરંતુ એને સુખની કામના હતી તેથી સ્વર્ગમાં ગયો. થોડ દિવસ ભોગ કરી પડશે. પરંતુ તે દૈવી જીવ છે. તારા સંબંધથી એની મુક્તિ થશે.

પછી તે ક્ષત્રીએ શ્રીઆચાર્યજીને વિનંતી કરી મહારાજ ! મારો સેવાનો ઘણો મનોરથ છે, મ સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, હમણાં તો તને સૂતક છે. સૂતક ઉતરે એટલે સેવક કરીશું. પછ સૂતક ઊતર્યું. ત્યારે તે ક્ષત્રી આવ્યો. તેણે દંડવત કરી વિનંતી કરી મહારાજ ! મારો અંગીકાર કરો. ત્યા શ્રીઆચાર્યજીએ તેને નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી એ ક્ષત્રી એક લાલજીનું સુંદર સ્વરૂપ જોઈ ન્યોછાવર દઈ લઈ આવ્યો. શ્રીઆચાર્યજીએ તે સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી તે ક્ષત્રીના માથે પધરાવ્યું. પછી બે દિવસ તે ક્ષત્રીએ શ્રીઆચાર્યજીની પાસે રહી માર્ગની રીતિ શીખી અને આજ્ઞા માગી ત્યા શ્રીઆચાર્યજી કહે જા. ઘરમાં સેવા મન લગાડીને કરજે. ત્યારે તે ક્ષત્રી દંડવત કરી વિદાય થઈ ઘરે આવી સેવા સારી રીતિથી કરવા લાગ્યો. કેટલાક દિવસમાં શ્રીઠાકુરજી તેને સાનુભાવ જણાવવા લાગ્યા. પેલો અન્યમાર્ગીય બ્રાહ્મણ જે મર્યાદા માર્ગની રીતિથી શ્રીઠાકોરજીની પૂજા કરતો તેની સાથે આ ક્ષત્રીને ઘણો સ્નેહ હતો. આ ક્ષત્રીને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના શરણથી એ જ્ઞાન થયું કે અન્યમાર્ગીય બ્રાહ્મણ દૈવી છે, તેથી કોઈ પ્રકારે વૈષ્ણવ થાય તો સારું.

પછી એક દિવસ એ ક્ષત્રીએ અન્યમાર્ગીય બ્રાહ્મણને કહ્યું કે તમે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક થાવ તો સારું. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે હવે તો હું બીજા માર્ગનો સેવક થઈ ચૂક્યો છું. હવે વૈષ્ણવ કેવી રીતે થાઉં ? ત્યારે તે ક્ષત્રી વૈષ્ણવ બોલ્યો નહીં મનમાં દુઃખ પામ્યો કે દૈવી જીવ છે, પરંતુ વૈષ્ણવ ન થયો, તો શું કરું ? એમ ચિંતા કરતો ઘરે આવ્યો. શ્રીઠાકુરજી કહે, મનમાં ચિંતા ન કરીશ તે અન્યમાર્ગીય શ્રીઆચાર્યજીનો સેવક થઈ કૃપાપાત્ર ભગવદીય થશે. ત્યારે તે ક્ષત્રીએ કહ્યું, મહારાજ ! તે ક્યાં પ્રકાર થશે ? મેં એને વૈષ્ણવ થવાનું કહ્યું છતાં એણે ના કહી. એનું મન તો નથી ! ત્યારે શ્રીઠાકુરજી કહે, મારી ઈચ્છા એને અંગીકાર કરવાની છે તેથી એનું મન ફેરવી દઈશ. તું એક કામ કરજે. ક્યારેય પણ એ અન્યમાર્ગીય તને રસોઈ કરવાનું કહે, તો તું એના ઘરે સામગ્રી કરી એના ઠાકુરને ભોગ ધરીને મહાપ્રસાદ લેજે. ત્યારે તે ક્ષત્રીએ કહ્યું, એ અન્યમાર્ગીય ઠાકુરને ભોગ કેવી રીતે ધરું ? પ્રસાદ કેમ લઉં ? શ્રીઆચાર્યજીના માર્ગની રીતિ નથી. ત્યારે શ્રીઠાકુરજી કહે, મારી આજ્ઞાથી કરજે, તને બાધક નહીં. વળી તારો ધરેલો ભોગ હું ત્યાં આવીને આરોગીશ. તેથી તું મહાપ્રસાદ લેજે. પછી તે વૈષ્ણવ થશે.

વાર્તાપ્રસંગ ૧ : એક સમય શીતકાલના દિવસો હતો. ત્યારે તે ક્ષત્રી વૈષ્ણવ એક પ્રહર પાછલી

રાતે ઊઠીને ઘડી એક દિવસ ચઢ્યો ત્યારે રાજભોગ આરતી કરી અનોસર કરાવી તે અન્યમાર્ગીયના ઘરે ગયો. ત્યારે તે અન્યમાર્ગીય વૈષ્ણવે ઘણો આગ્રહ કર્યો કે આજ પાક-સામગ્રી અહીં કરો.

ત્યારે તે વૈષ્ણવ મનમાં ઘણો પ્રસન્ન થયો કે હવે આ વૈષ્ણવ થશે. શ્રીઠાકુરજીની આજ્ઞા વિચારી પાક-સામગ્રી અનસખડી તો કરી. જો કે શ્રીઠાકુરજીની આજ્ઞા હતી તેથી સખડી કરતા તો પણ બાધક નહોતું. પરંતુ એટલી સ્વમાર્ગની મર્યાદા રાખી.

પછી એણે અનસખડી કરી તેનો શ્રીઠાકુરજી આગળ ભોગ ધર્યો અને શ્રીઆચાર્યજીની કા'ન કહી શ્રીગોવર્ધનધરને વિનંતી કરી કહ્યું, સામગ્રી આરોગો અને દૈવી જીવનો અંગીકાર પણ કરો. ત્યારે શ્રીગોવર્ધનધર તત્કાલ ત્યાં પધારી સામગ્રી આરોગીને પાછા પધાર્યા. પછી તે અન્યમાર્ગીય વૈષ્ણવ બ્રાહ્મણને પણ પ્રસાદ ધર્યો. ક્ષત્રી વૈષ્ણવ પણ પ્રસાદ લઈ પોતાના ઘરે ગયો. પછી ત્રીજો પ્રહર થયો ત્યારે ન્હાઈને ઉત્થાપન કરાવ્યાં. તો તે અન્યમાર્ગીય તો મહાપ્રસાદ લઈને સૂતો તેના શ્રીઠાકુરજીને તે નિત્ય આવાહન વિસર્જન કરતો પછી તે વિભૂતિએ શ્રીઠાકુરજી દ્વારા તે અન્યમાર્ગીય બ્રાહ્મણને કહ્યું આજ અમે ભૂખ્યા છીએ. ત્યારે તે અન્યમાર્ગીયે કહ્યું, ભૂખ્યા કેમ છો ? શ્રીઆચાર્યજીના સેવક ક્ષત્રીએ ભોગ ધર્યો ને તમે કેમ ન આરોગ્યા ? ત્યારે તે વિભૂતિએ કહ્યું, તે વૈષ્ણવે શ્રીગોવર્ધનનાથજીનું સ્મરણ કર્યું તેથી તે આવીને આરોગ્યા અમે તો પુરુષોત્તમની વિભૂતિ છીએ, તેથી પુરુષોત્તમ પધારીને આરોગે ત્યાં અમારી પ્રતિ નહીં અમે મંત્રનું આવાહન કરે ત્યારે જુગવત પ્રતિમાં પ્રવેશ કરી આરોગીએ. વિસર્જન કરે ત્યારે ચાલ્યા જઈએ. એ રીત અમારી છે, અને પુરુષોત્તમ મંત્રને આધીન છે, તે ક્ષત્રીને એવો પ્રેમ છે કે પુરુષોત્તમ આરોગવા પધારે છે, જ્યાં પુરુષોત્તમ પધારીને આરોગે ત્યાં અમારું ન ચાલે. ત્યારે તે અન્યમાર્ગીય ધૂપ-દીપ કરી નૈવેદ્ય ધરી પછી વૈષ્ણવ ક્ષત્રી પાસે આવ્યો. આવીને કહ્યું, તમે અમને પહેલાં શ્રીઆચાર્યજીના સેવક થવાનું કહ્યું હતું પરંતુ તે અમે ન માન્યું તે ખોટું કર્યું. હવે અમને સેવક કરાવી વૈષ્ણવ કરો. આજ તમે મારા ઘરે રસોઈ કરી તેથી મારા ઘરે આજ પુરુષોત્તમ પધારીને આરોગ્યા. તમારો ધર્મ સૌથી ઉત્તમ છે, ત્યારે ક્ષત્રી વૈષ્ણવે કહ્યું, શ્રીઆચાર્યજી મહાપ્રભુ કાશીથી શ્રીજગન્નાથરાયજી પધારે છે. પાંચ સાત દિવસમાં અહીં પધારશે. ત્યારે સેવક થઈ વૈષ્ણવ થજે. હવે શ્રીઠાકુરજીએ તારા ઉપર કૃપા કરી છે.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું કે વૈષ્ણવ જેનો અંગીકાર કરવાનું વિચારે તેને શ્રીઠાકુરજી નિત્ય કૃપા કરે. વળી જેને ત્યાં વૈષ્ણવ એક દિવસ પણ આવી કંઈ અંગીકાર કરે તો શ્રીઠાકુરજીની મોટી કૃપા જાણવી. ભગવદીય અંગીકાર કરે તો શ્રીઠાકુરજીએ કર્યું તેમ જાણવું. તેથી ભગવદીયનો સંગ સૌને કૃતાર્થ કરે. આ સિદ્ધાંત પ્રગટ કર્યો. વળી સત્સંગ મોટો પદાર્થ છે, જે પૂર્ણ કૃપાથી મળે.

પછી શ્રીઆચાર્યજી પધાર્યા ત્યારે તે ક્ષત્રી વૈષ્ણવના ઘરે ઊતર્યા, એટલે તે ક્ષત્રી વૈષ્ણવ તે અન્યમાર્ગીય બ્રાહ્મણને કહે, શ્રીઆચાર્યજી મહાપ્રભુ પધાર્યા છે. ત્યારે તે અન્યમાર્ગીયે શ્રીઆચાર્યજી પાસે આવી દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! મને શરણે લો, કૃપા કરી મારા ઘરે પધારો. ત્યારે શ્રીઆચાર્યજીએ તેના ઘરે પધારી તે બ્રાહ્મણને નામ-નિવેદન કરાવ્યું. એના આખા કુટુંબને નામ સંભળાવ્યું. પછી એના શ્રીઠાકુરજીને પંચામૃત સ્નાન કરાવી પાટ બેસાડ્યા. સામગ્રી કરી ભોગ ધરી આપ આરોગ્યા, અને તે બ્રાહ્મણને જૂઠન ધરી. પછી આપ શ્રીજગન્નાથરાયજીના દર્શને પુરુષોત્તમ ક્ષેત્ર પધાર્યા. તે અન્યમાર્ગીય આ પ્રમાણે ક્ષત્રી વૈષ્ણવના સંગથી સારો વૈષ્ણવ થયો. આ ક્ષત્રી વૈષ્ણવ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. તેમની વાર્તા ક્યાં સુધી કહીએ ॥ વાર્તા ૬૪ ॥

॥ વાર્તા ૬૫ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક લઘુ (નાના) પુરુષોત્તમદાસ ક્ષત્રી, કવિ હતા. તે કાશીમાં રહેતા. તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ લીલામાં શ્રીનંદરાયજીના ઘરના ભાટ છે. એમનું નામ લીલામાં ‘ઉમાશંકર’ તે કાશીમાં એક ક્ષત્રીના ઘરમાં જન્મ્યા. પછી આઠ વર્ષના થયા ત્યારથી કવિતા-દોહા કરતા તે રાજાના, ધનપાત્રના, શેઠના, એવાના કવિત કરતા. એક વખત શ્રીઆચાર્યજી કાશી પધાર્યા. તે મણિકર્ણિકા ઘાટ ઉપર આપ જ્યારે સંધ્યાવંદન કરતા હતા અને કૃષ્ણદાસ, શેઠ પુરુષોત્તમદાસ વગેરે બધા ઊભા હતા ત્યાં લઘુ પુરુષોત્તમદાસ કવિ આવ્યા. ત્યારે શેઠ પુરુષોત્તમદાસ ડર્યા કે આ ધનપતિઓનાં કવિત કરે છે, તેથી મારો યશ જો ગાશે તો શ્રીઆચાર્યજી આગળ ઠીક નહીં. તેથી શેઠ પુરુષોત્તમદાસે લઘુ પુરુષોત્તમદાસને કહ્યું, કે આ સમયે મારું કવિત કે દોહા ન કરતા, ત્યારે લઘુ પુરુષોત્તમદાસે કહ્યું, ફરી તમારે-અમારે મિલાપ ક્યાં થાય ? હું તો તમારું કવિત ગાવાને અહીં આવ્યો છું તમારા મનમાં કાંઈ આવે તો આપજો, મનમાં ન આવે તો ન આપજો. પૈસા દેવા પડે તે માટે રોકો છો. ત્યારે શેઠ પુરુષોત્તમદાસે રૂપિયા પાંચ આપીને કહ્યું, ઘરે આવજે, બીજું પણ કંઈક દઈશું, પરંતુ આ સમયે શ્રીઆચાર્યજી અમારા ગુરુ સંધ્યાવંદન કરે છે. એમની આગળ મારો યશ ભૂલીને પણ ન કહેજે ત્યારે લઘુપુરુષોત્તમદાસ પ્રસન્ન થઈ કહે, હું બીજા રાજાના કવિત શ્રીઆચાર્યજીની આગળ કહીશ, તમારા નહીં કહું. ત્યારે પુરુષોત્તમદાસ શેઠ કહે, મારા કવિત ન કરજો. બીજાના તમે જાણો પછી લઘુ પુરુષોત્તમદાસ કવિએ શ્રીઆચાર્યજીની પાસે જઈ અનેક રાજાઓના પાંચ-દશ કવિત કહ્યા. ત્યારે શ્રીઆચાર્યએ દૈવી જીવ જાણી લઘુ પુરુષોત્તમદાસની તરફ કૃપા દૃષ્ટિ કરીને કહ્યું, લઘુ પુરુષોત્તમદાસ ! તું નંદરાયજીનો ભાટ ચારણ થઈ શ્રીઠાકુરજીનો યશ છોડી રાજસી લોકોનો યશ ગાય છે. તે ઠીક નહીં. તું કવિ છો, ચતુર છો, રાજાઓનો આવો યશ તેં કહ્યો તો એ રાજાઓમાં એવા ગુણ છે ? અનેક રોગ અને દુઃખોથી તેઓ ભરેલા છે. મૃતકવત્ અને પાપી છે. તેઓનો યશ ગાઈ મિથ્યા ભાષણ કર્યું તે ઠીક નહીં. ગાવાલાયક તો એક શ્રીઠાકુરજીનો યશ છે. એ સાંભળતાં જ લઘુ પુરુષોત્તમદાસને જ્ઞાન થયું, એટલે શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! બધો જન્મ એમ જ મિથ્યાભાષણ કરી ખોયો. હવે હું આપની શરણે છું, તો એવી કૃપા કરો કે સદા શ્રીઠાકુરજીનો યશ ગાઉં. મને શ્રીઠાકુરજીના યશનું જ્ઞાન નથી તેથી રાજસી લોકોનો યશ ગાયો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, ગંગામાં ન્હાઈ લે. અમે તને સમજાવીશું. ત્યારે લઘુ પુરુષોત્તમદાસ સ્નાન કરીને શ્રીઆચાર્યજીની પાસે આવ્યા. શ્રીઆચાર્યજીએ તેમને નામ સંભળાવી સમર્પણ કરાવ્યું અને પોતાનું ચરણામૃત આપ્યું ત્યારે લઘુ પુરુષોત્તમદાસ ને શ્રીઆચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન થયું.

વાર્તાપ્રસંગ ૧ : પછી તેઓ શ્રીગોવર્ધનાથજીના કવિત અને શ્રીઆચાર્યજીના કવિત એક સરખા હતા. એ પ્રકારે શ્રીઆચાર્યજીને સાક્ષાત પુરુષોત્તમ જાણવા લાગ્યા. તે દિવસથી રાજા આદિ ધનપતિને ત્યાં જવું, એમના કવિત કહેવા, બધું છોડી દીધું પછી કેટલાક દિવસમાં શ્રીઠાકુરજી સાનુભાવ જણાવવા લાગ્યા. સદા ભગવદ્લીલા રસમાં મગન રહેતા. એ પ્રકારે શ્રીઆચાર્યજીએ લઘુ પુરુષોત્તમદાસ ઉપર કૃપા કરી. આ લઘુ પુરુષોત્તમ મહાન ભગવદીય હતા. એમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ ૬૫ ॥

॥ વાર્તા ૬૬ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક કવિરાજ ભાટ સનોડીયા બ્રાહ્મણ મથુરામાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : લીલામાં કવિરાજ શાંડિલ્યમુનિ શ્રીનંદરાયજીના પુરોહિત છે. તે મથુરામાં એક પુરોહિતને ઘરે જન્મ્યા. તે ત્રણ ભાઈ હતા. તેમાં બે ભાઈ તો મૂર્ખ હતા. કવિરાજ દેવી દેવતાના કવિત રાજાનાં કવિત કરતા અને નિર્વાહ કરતા, તેથી સહુ કોઈ એમને કવિરાજ ભાટ કહેતા. મથુરામાં વિશ્રાન્ત ઘાટ ઉપર તેઓ કવિત કહેતા.

વાર્તાપ્રસંગ ૧ : એક દિવસ તેઓ વિશ્રાન્ત ઉપર ભૂતેશ્વર મહાદેવના કવિત કહેતા હતા તે સમયે શ્રીઆચાર્યજી મહાપ્રભુ મથુરા પધાર્યા. આપ વિશ્રાન્ત ઘાટ ઉપર સંધ્યાવદન કરતા હતા તે સમયે કવિરાજ ભાટને શ્રીઆચાર્યજીના દર્શન થયા. ત્યારે કવિરાજ માટે જાણ્યું કે આ મોટા પંડિત જેવા દેખાય છે તેથી એમને કાંઈ પૂછું. એટલે કવિરાજ ભાટે શ્રીઆચાર્યજીની પાસે આવી દંડવત કરી એક પ્રશ્ન કર્યો મહારાજ ! દેવી મોટી કે મહાદેવ ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, શાસ્ત્ર રીતિથી શ્રીઠાકુરજી મોટા. અને જેના મનમાં નિશ્ચય, જેને મોટા માન્યા, તે માટે તે મોટા, ત્યારે કવિરાજ ભાટે કહ્યું, મહારાજ ! શ્રીઠાકુરજીમાં અને મહાદેવજીમાં શો ભેદ છે ? ઈશ્વર બંને કહેવાય છે. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે કે જયારે ભગવાને મોહિનીરૂપ ધર્યું ત્યારે મહાદેવજી મોહિત થયા.. અને મહાદેવજી કોઈ રૂપ ધરે પરંતુ શ્રીઠાકુરજી મોહિત ન કરી શકે. તેથી ભગવાનને આધીન મહાદેવ છે, મહાદેવને આધીન ભગવાન નથી આટલું તારતમ્ય છે.

આ પ્રકારના વચન શ્રીઆચાર્યજીના સાંભળીને કવિરાજની બુદ્ધિ નિર્મલ થઈ ગઈ. ત્યારે કવિરાજે દંડવત કરીને વિનંતી કરી, મહારાજ ! મને શરણે લો, કેમ કે એક ક્ષણ આપના પાસે બેસવાથી, વાતો કરવાથી શ્રીઠાકુરજીમાં મન લાગ્યું. તો આપનો સેવક થઈ આપનો સંગ કરીશ તો નિશ્ચય શ્રીઠાકુરજી મારા ઉપર પ્રસન્ન થશે. તેથી મને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે કવિરાજ છો, કવિત કરો છો, તે સેવક થઈને શું કરશો ? ત્યારે કવિરાજે કહ્યું, મહારાજ ! આપના સંગ વિના એમ જ ભટકતો હતો. કંઈ જ્ઞાન તો હતું નહીં. શ્રીઠાકુરજીને છોડીને અનેક દેવતાઓના ગુણ ગાતો. હવે મારા ઉપર આપ કૃપા કરો કે જેથી સદા શ્રીઠાકુરજીના ગુણ ગાઉં. ત્યારે શ્રીઆચાર્યજી કહે, હવે તો અમે અડેલ પધારીએ છીએ. ત્યાં તમે ત્રણે ભાઈ સાથે આવજો. ત્યાં સેવક કરીશું. એમ કહી શ્રીઆચાર્યજી અડેલ પધાર્યા.

ભાવપ્રકાશ : તે એ માટે કે જો એની પ્રીતિ સેવક થવાની હશે તો ત્યાં આવીને સેવક થશે. પ્રીતિ વિના અંગીકાર નહીં. તેથી શ્રીઆચાર્યજીએ અડેલ આવવાનું કહ્યું. પછી આપ તો અડેલ પધાર્યા.

ત્યારે કવિરાજે પોતાના બન્ને ભાઈઓને કહ્યું કે અડેલ ચાલી શ્રીઆચાર્યજીના સેવક થઈ આવીએ. એટલે ત્રણે ભાઈ અડેલ ચાલ્યા તે કેટલાક દિવસમાં જઈ પહોંચ્યા. ત્યારે શ્રાઆચાર્યજી કહે, ન્હાઈને આવો, એટલે ત્રણે જણા ન્હાઈને આવ્યા. પછી આચાર્યજીએ કવિરાજ ભાટને નામ-નિવેદન કરાવ્યું. અને બન્ને ભાઈઓને નામ સંભળાવ્યું. પછી કવિરાજ ભાટે શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે મહારાજ ! અમે આગળ પૂર્વ જન્મમાં કોણ હતા ? શ્રીઠાકુરજીને ભૂલીને અમે સંસારમાં કેમ ભટક્યા ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે નંદરાયજીના મુખ્ય પુરોહિત છો. ભક્તિ સૂત્રો તો તમે જ પ્રગટ કર્યા છે. આ ભક્તિમાર્ગ તો તમારા કહેલા સૂત્રની સાક્ષીથી જગતમાં પ્રસિદ્ધ છે. તેથી તમે બધા મુનિઓમાં શ્રેષ્ઠ

છો. પછી એક સમય તમને અહંકાર થયો કે ભક્તિમાર્ગને હું બહુ જાણું છું. ત્યારે વિશ્વામિત્રે શ્રાપ આપ્યો કે ભૂમિ ઉપર પડો. મૂર્ખ થાય. એટલે તમારો જન્મભૂમિ ઉપર થયો. હવે દેહ છોડી ફરી શાંડિલ્યમુનિ થશો. ત્યારે કવિરાજ દંડવત કરી વિદાય થઈને મથુરાજી આવ્યા. પછી ગોવર્ધન ઉપર જઈ શ્રીનાથજીનાં દર્શન કરી શ્રીજી સન્મુખ કવિત કર્યાં. શ્રીઆચાર્યજીના અને શ્રીગોવર્ધનનાથજીનાં કવિત ઘણાં કર્યાં. લીલારસમાં મગન થયા. એ કવિરાજ ભાટ એવા ભગવદીય થયા. શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર હતા. એમના સંગથી એમના બે ભાઈઓનો ઉદ્ધાર થયો. તેથી કવિરાજની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૬૬ ॥

॥ વાર્તા ૬૭ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક ગોપાળદાસ ક્ષત્રી, પશ્ચિમમાં પંજાબમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : લીલામાં એ લલિતાજીની સખી છે, નૃત્યકલા એમનું નામ છે. એને એક સમય એવો મદ થયો કે મને જેવું સંગીતનું જ્ઞાન છે, એવું કોઈ સખીને કે લલિતાજીને પણ નથી. આ વાત મનમાં આવતાં જ લલિતાજીએ કહ્યું, જા મૂર્ખ ! ભૂમિમાં જન્મ લે. તે અપરાધથી પશ્ચિમમાં એક ક્ષત્રીના ઘરે જન્મ્યા. પછી મોટા થયા ત્યારે મનમાં આવ્યું કે વ્રજની યાત્રા અને પિતાનું શ્રાદ્ધ પણ કરી આવું, એમ વિચારી પશ્ચિમથી ચાલ્યા તે વ્રજમાં આવ્યા પછી મથુરા ન્હાઈને કાશીએ ચાલ્યા. કાશીથી ગયા જઈ પિતાનું શ્રાદ્ધ કરી પાછા કાશી આવ્યા. કાશીથી મથુરા ચાલ્યા ત્યારે માર્ગમાં શ્રીઆચાર્યજીનો સંગ થયો. ત્યાં એક મુકામે નાનું ગામ હતું ત્યાં રાત્રિએ ધાડ પડી તેથી ગોપાળદાસના હાથમાં રંચક તીર લાગ્યું. વસ્તુ ભાવ બધી લુંટાઈ ગઈ ત્યારે શ્રીઆચાર્યજીએ સવારે કહ્યું, ગોપાલદાસ શી ખબર છે ? ત્યારે તેણે કહ્યું, મહારાજ ખરચી વાસણ, વસ્તુ બધી ગઈ તેની તો ચિંતા નથી, આગ્રાથી હૂંડી કરી ઘરેથી મંગાવી લઈશ, પરંતુ બે-ચાર દિવસમાં આગ્રા ખર્ચી વિના કેવી રીતે પહોંચીશ એ ચિંતા છે. વળી હાથમાં રંચક લાગ્યું પણ છે તે તો સારું થઈ જશે. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું પ્રારબ્ધ ભોગ મટ્યો, હવે ચિંતા ન કરો. ખર્ચી જોઈએ તે કૃષ્ણદાસથી લેજો. ત્યારે ગોપાલદાસે કહ્યું, મહારાજ ! પ્રારબ્ધ ભોગ કેવો ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, આ વાતને દશ વર્ષ થયા. તું રાત્રિએ એક ગામ જતો હતો. ત્યારે માર્ગમાં બીજો ચોર બીજી જગાએથી ચોરી કરી જતો હતો. તે એને પકડીને બહુ માર્યો એની વસ્તુ ઝૂંટવી લીધી. તેનો બદલો મળ્યો. તારી વસ્તુ ગઈ અને ચોટ તને લાગી. તને યાદ છે ? ત્યારે ગોપાલદાસ કહે, મહારાજ ! બરોબર છે, એ વાતને દશ વર્ષ થયાં. પછી કૃષ્ણદાસ પાસેથી પાંચ રૂપિયા લઈને ચાલ્યા. મનમાં વિચાર કર્યો કે શ્રીઆચાર્યજી સાક્ષાત્ ઈશ્વર છે. દશ વર્ષની વાત મારી દેશની બધી બતાવી દીધી. તેથી એમનો હું સેવક થાઉં તો કૃતાર્થતા થાય. એમ વિચાર કરીને શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! મને કૃપા કરી શરણે લો અને મારું સંસાર-દુઃખ છૂટે એવો અનુગ્રહ કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, આગ્રા ચાલો ત્યાં તમને નામ સંભળાવીશું. ત્યારે ગોપાલદાસે વિનંતી કરી મહારાજ ! મને વિશ્વાસ નથી. એક ક્ષણમાં દેહ છૂટી જાય તો હું આપને ક્યાંથી મેળવું ? ફરી શરણ ક્યારે મળે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે સ્નાન કરી આવો. એટલે ગોપાલદાસ ન્હાઈ આવ્યા. પછી શ્રીઆચાર્યજીએ નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. ત્યારે ગોપાલદાસે વિનંતી કરી. જે મહારાજ ! હું મહામૂર્ખ છું. કંઈ આપના માર્ગનો પ્રકાર જાણતો નથી તેથી મને એવી કૃપા કરો કે પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થાય અને આપના સ્વરૂપનું કંઈ જ્ઞાન થાય.

ત્યારે શ્રીઆચાર્યજીએ પોતાના ચરણાવિદનું ચરણામૃત આપ્યું અને સિદ્ધાંતરહસ્ય ગ્રંથ ભણાવ્યો. એટલે ગોપાલદાસના હૃદયમાં પુષ્ટિમાર્ગના સિદ્ધાંતનો ભાવ હૃદયરુઢ થયો અને શ્રીઆચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન થયું. પછી ગોપાલદાસે દંડવત કરીને ચોખરી-છંદ, પદ, ઘણાં વર્ણન કર્યા. ત્યારે શ્રીઆચાર્યજી કહે ગોપાલદાસ તમારા ઉપર શ્રીઠાકુરજીની કૃપા થઈ છે. ત્યારે ગોપાલદાસ દંડવત કરીને કહે, મેં તો શ્રીઠાકુરજીનું નામ ક્યારેય લીધું નથી. તેથી શ્રીઠાકુરજી મને શું જાણે? આ બધી આપની કૃપા થઈ છે જે મારા સરખા અધમને શરણે લઈ આવું દાન કર્યું. ત્યારે શ્રીઆચાર્યજી ગોપાલદાસની દીનતા જોઈ પ્રસન્ન થયા અને આજ્ઞા કરી જે આ પ્રકારે વૈષ્ણવોને દીનતા જોઈએ. પછી શ્રીઆચાર્યજીની સાથે ગોપાલદાસ આગ્રા આવ્યા. વ્રજમાં પણ સાથે રહ્યાં. પછી ગોવર્ધનધરનાં દર્શન કરી શ્રીઆચાર્યજીથી વિદાય થઈ પંજાબ ગયા. તેઓ ચોખરા ગાન કરી તેમાં મગ્ન રહેતા.

વાર્તાપ્રસંગ ૧ : વળી એક સમય ગોપાલદાસ શ્રીઆચાર્ય ના દર્શને અડેલ આવ્યા ત્યારે શ્રીઆચાર્યજીનો જન્મદિન હતો. તેથી કેસરથી ન્હાઈ મર્કિડેય પૂજા કરવા આપ બિરાજ્યા. તે સમયે ગોપાલદાસે આ ચોખરો-છંદ બિલાવલ રાગમાં ગાયો-''માધવ પાસે ભરિ વૈશાખે, શ્રીવલ્લભ હરિ જનમ લિયો.''

એ ચોખરો સાંભળીને શ્રીઆચાર્યજી ગોપાલદાસના ઉપર પ્રસન્ન થયા. તે ગોપાલદાસ શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર એવા ભગવદીય હતા. તેમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૬૭ ॥

॥ વાર્તા ૬૮ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક જનાર્દનદાસ ચોપડા ક્ષત્રી થાનેશ્વરના વાસી, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ જનાર્દનદાસ લીલામાં કુમારિકાના યૂથમાં છે. લીલામાં એમનું નામ કૃષ્ણાવતી છે. તે થાનેશ્વરના એક ક્ષત્રીના ઘરે જન્મ્યા. તેમનો પિતા શસ્ત્ર બાંધીને થાનેશ્વરના હાકિમ પાસે ચાકરી કરતો. તે હાકિમ એક બીજા હાકિમ સામે લડવાને ચઢયો. તે સમયે જનાર્દનદાસનો પિતા શસ્ત્ર લઈ ચડયો. પણ જનાર્દનદાસનો પિતા કાયર ઘણો હતો, તેથી જ્યારે લડાઈ થવા લાગી ત્યારે જનાર્દનદાસનો પિતા ડરીને ભાગ્યો. તેણે ઘરમાં આવી સોળ વર્ષના જનાર્દનદાસ હતા તેમને કહ્યું, યુદ્ધમાંથી ભાગી આવ્યો છું. તેથી હાકિમ આવીને મને મારશે. ત્યારે જનાર્દનદાસે પિતાને કહ્યું, તમે ખોટું કર્યું. ક્ષત્રી થઈ રણમાંથી ભાગ્યા ! પરંતુ હવે આ દેશમાં રહેવું કઠણ છે ત્યારે જનાર્દનદાસના પિતાએ કહ્યું, હું પૂર્વ તરફ કાશીએ નીકળી જાઉં છું. એમ કહીને જનાર્દનદાસનો પિતા નીકળ્યો તે પૂર્વ દક્ષિણ તરફ નીકળી ગયો. અહીં જનાર્દનદાસના પિતા ભાગવાથી ફોજ ભાગી, તેથી હાકિમ પણ ભાગ્યો. પછી મામલો થાળે પાડી થાનેશ્વરમાં આવ્યો. ત્યારે બધા સિપાઈઓને પૂછ્યું કે પહેલું કોણ ભાગ્યું ? ત્યારે બધાએ કહ્યું કે જનાર્દનદાસનો પિતા ભાગ્યો. ત્યારે હાકિમે કહ્યું કે એને મારી આગળ પકડીને લાવો. પછી સિપાઈઓ ઘરે આવ્યા અને જનાર્દનને લઈ ગયા. ત્યારે હાકિમે કહ્યું, તારા પિતાને બતાવ, ક્યાં છે ? એ રણમાંથી ભાગ્યો તેથી મારી બધી ફોજ પણ રણમાંથી વિખેરાઈ ગઈ. તેથી એને મારીશ. પિતાને નહીં બતાવે તો તને મારીશ. ત્યારે જનાર્દનદાસે કહ્યું કે મારો પિતા ભાગીને આવ્યો પછી તમારાથી ડરીને પૂર્વ તરફ કાશીનું નામ લઈ ભાગી ગયો છે. અને હું તમારી આગળ છું. તો ફાવે તે કરો. ત્યારે હાકિમે કહ્યું, તું જૂઠો છે પિતાને ક્યાંક સંતાડી રાખ્યો છે, ત્યારે જનાર્દનદાસે કહ્યું મેં સંતાડી રાખ્યો હોય તો આ વાતનો

'મુચરકો' (અદાલતી પ્રતિજ્ઞા પત્ર) લખું, હું જૂઠું નથી કહેતો. ત્યારે તે હાકિમે જનાર્દનદાસને બંદીખાનામાં મૂક્યા બંદીખાનામાં તેમને મૂકતાં હાકિમના ઘરમાં આગ લાગી. તેથી હાકિમના પુત્ર, વહુ, બધું કુટુંબ બળી ગયું. હાકિમ એકલો રહ્યો. પછી હાકિમના મનમાં આવ્યું કે મેં ખોટું કર્યું જે જનાર્દનદાસને બંદીખાને નાખ્યો વિના દોષે એને મેં દંડ આપ્યો, તેનું આ ફલ મળ્યું. ત્યારે હાકિમે જનાર્દનદાસને બોલાવ્યા અને કહ્યું મેં તને વિના અપરાધે દંડ દીધો છે. તારો પિતા ભાગ્યો તેમાં તું શું કરે ? હું કંઈ નહીં કહું, થવા કાળ હતું તે થયું, અને તને વિશ્વાસ ન આવે તો ગામના દશ ભલા માણસોની આગળ લખી દઉં. પછી ગામના પ્રમાણિક શેઠને બોલાવી હાકિમે લકી લીધું જે જનાર્દનદાસનો પિતા ઘરમાં આવે તો મારે એને કંઈ દાવો નહીં. કંઈ કહું તો પાંચમાં જુઠો. પછી જનાર્દનદાસના પિતાની ચાકરીના પૈસા ઘણા દિવસના બાકી હતા તે જનાર્દનદાસને આપ્યા. જનાર્દનદાસે ઘરે આવી વિચાર્યું કે હવે પિતાને ઘરે લાવવો. પણ શો ઉપાય કરવો ? એ વિચાર્યું કે કાશીની આસપાસ હશે. હું જઈને બોલવી લાવું. નહીં તો તે ક્યારેય નહીં આવે. એમ વિચારી જનાર્દદાસ થાનેશ્વરથી ચાલ્યા તે આગ્રા આવ્યા. પછી આગ્રાથી ચાલ્યા ત્યારે માર્ગમાં બે મોહોરો પડેલી મળી, તે લઈને પ્રસન્ન થયા. અને શુકન તો સારા થયા કે સોનું મળ્યું. પછી ત્યાંથી મુકામ આગળ ચાલ્યા ત્યારે વાસુદેવદાસ છડકા મળ્યાં. તેમને જનાર્દનદાસે પૂછ્યું કે મારા પિતાને ક્યાંક જોયા ? ત્યારે વાસુદેવદાસ છડકાએ કહ્યું કે મેં તારા પિતાને જોયા નથી. પરંતુ એક વાત તને કહું જો તું માને તો કહું તું દૈવી જીવ છો તેથી કહું છું. ત્યારે જનાર્દનદાસે કહ્યું, તમે મોટા છો, મારા પુરોહિત છો. હું તમારો જજમાન બાલક બરાબર છું, તમે કહો તે કરું ત્યારે વાસુદેવદાસે કહ્યું, તું ઘરેથી નીકળ્યો છે તો શ્રીગોકુલ-મથુરા જજે. ત્યાં શ્રીઆચાર્યજીના દર્શન તને થશે. તેમની શરણે તું જજે. સંસારમાં બહુ દુઃખ ભોગવ્યું. હવે શ્રીઆચાર્યજીનો સેવક થાય તો તું કૃતાર્થ થઈશ. અને કાશીએ શા માટે ભટકે છે ? તારો પિતા તો દક્ષિણ ગયો છે, તે મહિના એકમાં ત્યાં મરશે, તેથી મેં કહ્યું તે કર. ત્યારે જનાર્દનદાસે કહ્યું, તમે કેમ જાણ્યું કે દક્ષિણ મારો પિતા ગયો છે. અને ત્યાં મહિના એકમાં મરશે ? કાળને કોઈ જાણે છે ? ત્યારે વાસુદેવદાસે કહ્યું કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની કૃપાથી કાળની વાત પણ જાણું છું. તું માર્ગમાં બે મોહોરો મેળવીને પ્રસન્ન થયો છે પણ આ મોહોર તમને બહુ દુઃખ દેશે, તેથી કોઈ બ્રાહ્મણને આપી દેજે. જેમ મેં મોહોરની વાત જાણી તેમ તારા પિતાનું મૃત્યુ બતાવ્યું. હવે તારું મન હોય તે કર. ત્યારે જનાર્દનદાસને દૃઢ વિશ્વાસ થયો કે વાસુદેવદાસે કહ્યું તે વાત સાચી છે. પછી વાસુદેવદાસને દંડવત કરી કહ્યું કે હવે હું શ્રીઆચાર્યજીનો સેવક નિશ્ચય થઈશ.

વાર્તાપ્રસંગ ૧ : તે જનાર્દનદાસ મથુરા થઈ શ્રીગોકુલ આવ્યા. શ્રીઆચાર્યજીનાં દર્શન કરી દંડવત કર્યા. મનમાં કહે કે પેલી જે બે મોહોર મળી છે એ બીજા બ્રાહ્મણને ક્યાં ખોળીશ, શ્રીઆચાર્યજીને ભેટ કરી દઉં પછી બંને મોહોર કાઢી શ્રીઆચાર્યજીને ભેટ કરી ત્યારે શ્રીઆચાર્યજી કહે, તું બહુ મૂર્ખ છો. માર્ગમાં પડેલી મહોર અમને ભેટ કરી ? અમને તે નથી જોઈતી. ત્યારે જનાર્દનદાસે ફરી દંડવત કરી વિનંતી કરી કે મહારાજ ! આપ પૂર્ણ પુરુષોત્તમ છો. વાંસુદેવદાસે મને માર્ગમાં કહ્યું છે કે શ્રીઆચાર્યજી સાક્ષાત ભગવાન છે, તેમની તું શરણે જજે. આ મહોર મારા કામની નથી, દુઃખરૂપ છે, તે આપ કૃપા કરીને શરણે લો અને આ મહોરો જેને દેવી હોય તેને દેજો. ત્યારે શ્રીઆચાર્યજી કહે મહોર તું ઉઠાવી લે. મથુરામાં ચોબા બ્રાહ્મણ ઘણા છે તેને દેજે. અને શ્રીગોવર્ધનનાથજીના દર્શને ચાલ, ત્યાં તને સેવક કરીશું. પછી જનાર્દનદાસ બંને મહોર લઈ શ્રીઆચાર્યજીની સાથે ગોવર્ધન આવ્યા. અન્યોરમાં જ્યારે

આવ્યા ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું જનાર્દનદાસ સ્નાન કરીને શ્રીગોવર્ધનનાથજીના દર્શને ચાલ. ત્યારે જનાર્દનદાસ સ્નાન કરીને શ્રીઆચાર્યજીની સાથે શ્રીગોવર્ધનનાથજીના દર્શન કર્યા. પછી શ્રીગોવર્ધનધરના સન્મુખ બેસાડીને તેમને નામ નિવેદન કરાવ્યું. પછી આપે કહ્યું, હવે તું ભગવદ સેવા કર, ત્યારે જનાર્દનદાસે કહ્યું, આપ જે પ્રકારે બતાવો તે પ્રકારે કરું. ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીનાગજીની પાગ જનાર્દનદાસને સેવા કરવા માટે આપી પછી દિવસ દસ જનાર્દનદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની સાથે અન્યોરમાં રહી એતન્માર્ગની રીતિ શીખ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ જનાર્દનદાસને કહ્યું કે હવે અમે પૃથ્વી પરિકમ્મા જઈશું. તું ઘરે જઈ ભગવદ્સેવામાં મન લગાડીને કરજે. પછી જનાર્દનદાસ શ્રીગોવર્ધનનાથજીના દર્શન કરી, શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને દંડવત કરી, વિદાય થઈ થાનેશ્વર પોતાને ઘરે આવ્યા. પછી પિતાનો દેહ છૂટ્યાના સમાચાર દક્ષિણથી આવ્યા, ત્યારે જનાર્દનદાસ મનમાં કહે કે વાસુદેવદાસ મહાન ભગવદીય છે. એમનું કહેવું બધું સાચું છે. પછી મન લગાડી ભગવદસેવા કરવા લાગ્યા. કેટલાક દિવસમાં શ્રીઠાકુરજી સાનુભાવ જણાવવા લાગ્યા. વળી સિંહનંદથી વાસુદેવદાસ થાનેશ્વર આવતા ત્યારે જનાર્દનદાસ વાસુદેવદાસને પોતાના ઘરે પ્રીતિથી રાખતા. કહેતા જે મેં તમારી કૃપાથી શ્રીઆચાર્યજીનું શરણ મેળવ્યું છે. તેથી તમે જ્યારે થાનેશ્વર આવો ત્યારે આ ઘર બધું તમારું છે, અહીં ઊતર્યા કરો. આમ એક વૈષ્ણવના સંગથી જનાર્દનદાસ ભગવદીય થયા. તેથી સત્સંગ ભગવદીયનો કરવો. તે જનાર્દનદાસ એવા ભગવદીય શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર હતા, એમની વાર્તા ક્યાં સુધી કહીએ.
॥ વાર્તા ૬૮ ॥

॥ વાર્તા ૬૯ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક ગડુ સ્વામી સનોડિયા બ્રાહ્મણ, શ્રીવૃંદાવનમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : તે લીલામાં શ્રીનંદરાયજીના ઘરની દાસી છે, બંદી એમનું નામ છે. શ્રીજશોદાજી જ્યારે દામોદરદાસ-લીલામાં શ્રીઠાકુરજીને બાંધવા લાગી ત્યારે એક દોરડું બંદીએ જશોદાજીને આપ્યું. એ રોહિણીએ સાંભળ્યું ત્યારે શાપ આપ્યો, કે તું દાસી થઈને તારું દોરડું. બાંધવાને શ્રીજશોદાજીને કેમ આપ્યું? તેથી ભૂમિમાં પડ એટલે બંદી મથુરામાં એક સનોડિયાને ત્યાં પુત્રરૂપે જન્મી. તે વર્ષ આઠના થયા ત્યારથી તેમની વૈરાગ્ય દશા હતી, તેથી મથુરા છોડી વૃંદાવનમાં એકલા આવી રહ્યાં. મથુરાથી સીધુ-સામાન દશ-પાંચ દિવસનું લાવી વૃંદાવનમાં કેશી ઘાટ ઉપર બેસીને વિચાર કરતા કે મન ક્યારે કૃપા થશે ? વળી વ્રજવાસીઓ બધા આવીને તેમને કહેતા જે અમને સેવક કરો. તેથી તેમને સેવક કરતા. તેમને એ જ કહેતા જે શ્રીઠાકુરજીનું નામ સદા મુખથી કહો.

વાર્તાપ્રસંગ ૧ : પછી એક દિવસ રાત્રિના ગડુ સ્વામીને વિરહ ઘણો થયો, જે જન્મ વિત્યો, આ મનુષ્ય દેહ વૃથા થઈ, તેથી જીવવું વૃથા છે, એમ કહેતાં નેત્રોમાંથી અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. પછી ગડુ સ્વામીને રંચક નિદ્રા આવી ત્યારે શ્રીઠાકુરજીએ કહ્યું કે સવારે શ્રીવલ્લભાચાર્યજી તારી પાસે કેશી ઘાટ ઉપર સ્નાન કરવાને પધારશે તેમને શરણે તું જજે. ત્યારે તારા ઉપર કૃપા થશે. પછી ગડુ સ્વામિની આંખ ખૂલી. તે કહેવા લાગ્યા, કે ક્યારે સવાર થાય અને ક્યારે હું શ્રીઆચાર્યજીની શરણે જાઉં. એટલામાં તો સવાર થયું, ત્યારે ગિરિરાજથી રાત્રિએ શ્રીઆચાર્યજી ચાલ્યા તે પ્રાતઃકાલ કેશીઘાટ પધારી શ્રીયમુનાજી સ્નાન કરી સંધ્યાવંદન કરવા બિરાજ્યા. ત્યારે ગડુ સ્વામીએ પૂછ્યું કે આ કોણ છે ? ત્યારે કૃષ્ણદાસ

મેઘને કહ્યું કે શ્રીવલ્લભાચાર્યજી ગિરિરાજથી પધાર્યા છે. ત્યારે ગડુસ્વામીએ દંડવત કરી શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે મહારાજ ! મને કૃપા કરી સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજી કહે કે તમે સ્વામી કહેવાવ છો, તમે પણ સેવક કરો છો, તેથી તમે સેવક થવાનું કેમ કહો છો ? ત્યારે ગડુ સ્વામીએ કહ્યું, મહારાજ ! મને ભગવદાજ્ઞા થઈ છે કે તું શ્રીઆચાર્યજીનો સેવક થજે, રછી તારા ઉપર કૃપા થશે. તેથી મને સેવક કરો. ત્યારે શ્રીઆચાર્યજી ગડુ સ્વામીને કહે કે સ્નાન કરી લો, એટલે ગડુ સ્વામીએ સ્નાન કરીને શ્રીઆચાર્યજીની પાસે આવ્યા, પછી શ્રીઆચાર્યજીએ તેમને નામ સંભળાવી નિવેદન કરાવ્યું. પછી ગડુ સ્વામીએ પોતાના જે સેવકો હતા તે બધાને શ્રીઆચાર્યજીની પાસે નામ સંભળાવ્યું.

ભાવપ્રકાશ : ગડુ સ્વામીએ શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! મારા માતા-પિતા તો બહિર્મુખ છે. તે મથુરામાં છે તેમને છોડીને હું આવ્યો છું. લગ્ન તો મારું થયું નથી, બાલપણથી વૈરાગ્ય દશામાં રહ્યો છું, હવે એવી કૃપા કરો કે મારું મન શ્રીઠાકુરજીની લીલાથી અન્યત્ર ન ભટકે. ત્યારે શ્રીઆચાર્યજીએ પોતાનું ચરણામૃત આપી 'ત્રિવિધનામાવલિ'રચી તેનો પાઠ કરાવ્યો. એટલે ગડુ સ્વામીને શ્રીઠાકુરજીની લીલાનો અનુભવ થવા લાગ્યો. એ માનસી સેવામાં મગન થઈ ગયા.

એ ગડુ સ્વામી શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. તેથી તેમની વાર્તા અનિવર્ચિય છે. માનસીનો પ્રકાર કહી ન શકાય. તેથી ગડુ સ્વામિની વાર્તાનો વિસ્તાર નથી કર્યો. ।। વાર્તા ૬૯ ।।

।। વાર્તા ૭૦ ।।

હવે શ્રીઆચાર્યજીના સેવક કન્હૈયાશાલ ક્ષત્રી, આગ્રામાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ કન્હૈયાશાલ લીલામાં લલિતાજીની સખી છે ત્યાં એમનું નામ 'કમોદિની' છે. તે આગ્રામાં એક ક્ષત્રીને ઘેર જન્મ્યા. ત્યાં દ્રવ્યનો સંકોચ પહેલેથી ઘણો હતો. પણ જે દિવસે કન્હૈયાશાલ જન્મ્યા તે જ દિવસે પિતા-માતાના ઘરમાંથી દ્રવ્ય નીકળ્યું. જન્મતાં જ લક્ષ્મી આવી તેથી આ બાલકનું નામ કન્હૈયાશાલ રાખ્યું. એ કારણથી માતા-પિતાની કન્હૈયાશાલ પ્રત્યે પ્રીતિ ઘણી વધી તેઓ મોટા થયા પણ ઘરની બહાર ન જવા દે, તેર વર્ષના થયા તે પિતાની દેહ છૂટી પછી કન્હૈયાશાલે માતાને કહ્યું, હવે મને બહાર જવા દો, હું મોટો થયો છું. મથુરા મોટું ધામ છે, ક્યારેય દર્શન નથી કર્યા. ત્યારે માતાએ કહ્યું કે બેટા તું મારી આંખથી દૂર ન થઈશ એટલે કન્હૈયાશાલ કંઈ બોલ્યા નહીં. પછી કન્હૈયાશાલનો એક મામો હતો, તે મથુરા ચાલ્યો ત્યારે કન્હૈયાશાલે માતાને કહ્યું કે હવે મામાની સાથે મથુરા મને ન્હાવાને જવા દે. નહીં તો હું એકલો ભાગી જઈશ... ત્યારે માતાએ ડરીને પોતાના ભાઈને કહ્યું, મારા બેટાને સાથે લઈ જા પણ ઘણા દર્શન ન કરાવીશ. બહુ ફેરવીશ નહીં, મથુરામાં નવડાવીને જલદી લાવજે. તમારે વ્રજમાં યાત્રા કરવી હોય, ફરવું હોય, મારા બેટાને મારી પાસે ઘેર પહોંચાડીને પછી ફરજે.

પછી કન્હૈયાશાલે મામાની સાથે મથુરાં આવી વિશ્રાન્ત ન્હાયા. ત્યારે કન્હૈયાશાલે મામાને કહ્યું, મને બધા વ્રજના દર્શન કરાવો ત્યારે મામાએ કહ્યું, તમારા માતાએ તો ના પાડી છે. ત્યાં કન્હૈયાશાલે કહ્યું, કે મારા ઉપર માનો મોહ ઘણો છે તેથી ના પાડી છે, પરંતુ હું ફરી ક્યારે આવીશ ? તેથી ચાલો, વ્રજના દર્શન કરું, પછી વન-પરિકમ્માએ નીકળ્યા તે પાંચ દિવસમાં ગોવર્ધન પહોંચ્યા. ત્યાં

તેની તરફ હસે, કોઈ મોઢામાં નાખી જાય તો ખાય. પહેરાવે તો વસ્ત્ર પહેરે. આ પ્રકારે શરીરનું ભાન ભૂલી ગયા. તેથી મામાને મહા ચિંતા થઈ, કે આ દશામાં તેને ઘેર લઈ જાઉં તો એની માતા રોશે. તેથી ગોવર્ધનમાં કન્હૈયાશાલને લઈને તે મામા રહ્યા. વૈરાગી, અતીત, વૈદ્ય, બધાને કહે કે કન્હૈયાશાલને કોઈ સારો કરે તો તે જે માગે તે હું દઉં. ઘણીય ઔષધી લોકોએ કરી, અનેક યંત્રમંત્ર કર્યા. પરંતુ કન્હૈયાશાલ સારા ન થયા. એમ કરતાં એક મહિનો વિત્યો. ત્યારે ઘરમાં માતાએ ઘણી ચિંતા કરી કે પુત્રની કંઈ ખબર પણ ન આવી, મારો ભાઈ પાંચ દિવસનું નામ લઈ ગયો છે. તે એક મહિનો થયો. કોઈ કારણ જણાય છે. તેથી એક મનુષ્યને બોલાવીને કહ્યું કે તું મથુરા જા, વ્રજમાં મારો ભાઈ અને પુત્ર ગયેલા છે, તેને જોઈ આવ કે તેઓ ક્યાં છે, શું કરે છે ? કેમ છે ? બધા સમાચાર લઈ આવ. એમને ન જણાવીશ, મને બધા સમાચાર આવીને કહેજે. તને રૂપિયા દશ આપીશ.

એટલે તે મનુષ્ય ચાલ્યો. તેને મથુરામાં ખબર મળી કે તેઓ ગોવર્ધનમાં છે, તેથી ગોવર્ધન આવી બન્નેને જોઈ આગ્રા પાછો આવ્યો. તેણે કન્હૈયાશાલની માતાને કહ્યું કે તારો બેટા તો બહાવરો થઈ ગયો છે, શરીરનું ભાન નથી, તારો ભાઈ જંત્ર-મંત્ર અનેક કરે છે, ઔષધ પણ કરે છે. આથી માતાને બહુ દુઃખ થયું, હું આ માટે જ પુત્રને બહાર નહોતી કાઢતી. હવે હું શું કરું ? પછી તે મનુષ્યને કહ્યું કે એક ડોલી ભાડે કરી લાવો, અને તમે મારી સાથે ચાલો, તમને દશ રૂપિયા બીજા આપીશ મને મારા પુત્ર પાસે પહોંચાડી દો. ત્યારે તે માણસ ડોલી ભાડે કરી લાવ્યો. એટલે તે માતા હજાર રૂપિયા લઈ ડોલી ઉપર બેસીને ચાલી તે ગોવર્ધન આવી પુત્રની પાસે જઈ પુત્રને હૃદયથી લગાડીને રુદન કર્યું. પછી ભાઈને ખીજીને કાઢી મૂક્યો. કે તેં મારા પુત્રને બહાવરો કર્યો છે, પછી અનેક ગુણીને તે માતાએ બોલાવ્યા, પરંતુ કન્હૈયાશાલ સારા ન થયા એટલે ગોવર્ધનના બધા વ્રજવાસીઓને પૂછ્યું કે કોઈ એવો મહાપુરુષ બતાવો કે મારા પુત્રને સારો કરે, તેમની હું દાસી થઈને રહું. તે સમયે સદ્દૂપાંડે અન્યોરથી ગોવર્ધન આવ્યા હતા, તેમને ડોસીએ પુત્ર વિશે પૂછ્યું ત્યારે સદ્દૂપાંડેએ કહ્યું, અમારા ગામમાં શ્રીઆચાર્યજી પધાર્યા છે, અને કેટલાય વ્રજવાસીઓને પરચો દઈને શરણે લીધાં છે. ગોવર્ધન પર્વતમાંથી શ્રીગોવર્ધનનાથજીને પ્રગટ કર્યા છે. તેથી શ્રીઆચાર્યજી સાક્ષાત ભગવાન છે. એમના મનમાં આવે તો આ તે શી વાત છે ? પરંતુ અમારું નામ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી આગળ લઈશ નહીં. ત્યારે તે ડોસીએ કહ્યું,, તમે મને તમારા ગામમાં લઈ ચાલો, હું વિનંતી કરી લઈશ. તમારું નામ નહીં લઉં. ત્યારે સદ્દૂપાંડે કહે, ચાલો, હું મારા ગામમાં જઉં છું. એટલે માતા કન્હૈયાશાલને સાથે લઈ અન્યોર આવી.

પછી એક ઘર વ્રજવાસીનું લઈ તેમાં કન્હૈયાશાલને બેસાડી દ્વારે તાળું માર્યું પછી આવીને શ્રીઆચાર્યજીને દંડવત કર્યા. ત્યારે શ્રીઆચાર્યજી કહે કે ડોશી અમે જાણ્યું છે તું શાને માટે આવી છે, તારા પુત્રને અહીં લઈ આવ, અમે સારો કરી દઈએ. વધારે વાત ન કર. એટલે ડોશી કન્હૈયાશાલને લઈને શ્રીઆચાર્યજી પાસે આવી. ત્યારે શ્રીઆચાર્યજીએ ઝારીમાંથી જલ લઈ વેદ-મંત્ર ભણી કન્હૈયાશાલ ઉપર છાંટ્યું. એટલે કન્હૈયાશાલ સાવધાન થઈ ગયા અને શ્રીઆચાર્યજીને દંડવત કરીને કહ્યું, મહારાજ ! હું તો ઘણો સુખી હતો વ્રજના ગોવર્ધન લીલામાં મગ્ન હતો ત્યાંથી આપે મને બહાર કેમ કાઢ્યો ? આપ તો અધિક દાન દેવા માટે પ્રકટ્યા છો. આ શું કર્યું ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, ઉચ્છલિત રસ, ઉપરનો પ્રેમ કોઈ દિવસ વહી જાય. તેથી તને સાવધાન કર્યો છે. અંદર સ્થિર પ્રેમ હોય અને લીલા રસનો અનુભવ હોય તો જગતમાં કોઈ જાણે નહીં. તે પ્રેમનો કદી નાશ થાય નહીં. ત્યારે કન્હૈયાશાલે વિનંતી

કરી, મહારાજ ! કૃપા કરીને સ્થિર પ્રેમનું દાન કરો, એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ કન્હૈયાશાલને ન્હવડાવી શ્રીગોવર્ધનનાથજીની સન્મુખ બેસાડી નામ-નિવેદન કરાવ્યું. સાક્ષાત શ્રીઠાકુરજીની લીલારસનો અનુભવ કરાવી દીધો. પછી કન્હૈયાશાલની માતાને નામ સંભળાવ્યું. પછી શ્રીઆચાર્યજીએ જેટલા નાના ગ્રંથો કર્યા હતા તે બધા કન્હૈયાશાલને ભણાવ્યા. પછી કન્હૈયાશાલને કહ્યું, હવે ઘરમાં જઈને રસનો અનુભવ કરો, હવે તમને સંસાર લૌકિક વૈદિક બાધા નહીં કરે, ત્યારે કન્હૈયાશાલની માતાએ હજાર રૂપિયા ભેટ ધરી વિનંતી કરી કે મહારાજ ! મારા ઉપર મોટી કૃપા કરી, આપ સાક્ષાત્ પુરુષોત્તમ છો. તમારા વિના મારા પુત્રને કોણ સારો કરત ? ત્યારે શ્રીઆચાર્યજી કહે હવે તું પુત્રને લઈને તારે ઘરે જા. ત્યારે કન્હૈયાશાલની માતાએ શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! એક વાર આગ્રા મારે ઘેર પધારો, આપની ઘણી ભેટ છે તે મારે ઘેર અંગીકાર કરી પાવન કરો, ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમે અડેલ પધારીશું ત્યારે તમારે ઘરે આવીશું. હવે તમે ઘરે જાવ, એટલે કન્હૈયાશાલ અને ડોશી દંડવત કરી શ્રીઆચાર્યજીથી વિદાય થઈ આગ્રા આવ્યા. કન્હૈયાશાલ તો લીલામાં મગ્ન રહેતા. અને ડોશી ઘરનું બધું કામ કરતી, પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી જ્યારે આગ્રા પધાર્યા ત્યારે કન્હૈયાશાલના ઘરે ઊતર્યા. બધા ગ્રંથના ભાવ, પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત, કન્હૈયાશાલના હૃદયમાં સ્થાપન કર્યો. પાંચ રાત્રિ રહ્યાં તે વખતે ડોશીએ ઘણી ભેટ કરી, પછી આપ અડેલ પધાર્યા.

વાર્તાપ્રસંગ ૧ : પછી શ્રીગુસાંઈજીએ શ્રીઅક્કાજીને પૂછ્યું કે માર્ગની વાર્તા દામોદરદાસ દ્વારા જાણી, પરંતુ શ્રીઆચાર્યજીને ગ્રંથ ક્યાં મળે ? ત્યારે શ્રીઅક્કાજીએ કહ્યું, આગ્રામાં કન્હૈયાશાલની પાસે ગ્રંથો છે, ત્યારે શ્રીગુંસાંઈજી કન્હૈયાશાલ ક્ષત્રીને ઘરે પધાર્યા. કન્હૈયાશાલે પરમ પ્રીતિથી શ્રીગુસાંઈજીને પધરાવ્યા. પછી શ્રીગુસાંઈજી કન્હૈયાશાલની પાસે શ્રીઆચાર્યજીના બધા ગ્રંથો ભણ્યા. પછી શ્રીગુસાંઈજીએ તે ગ્રંથોની ટીકા કરી અને કન્હૈયાશાલને કૃપા પરી ભણાવ્યા. પછી શ્રીગુસાંઈજીએ પોતાના ગ્રંથો દાનલીલા, ઉલ્લાસ, વ્રતચર્યા, આદિ રહસ્ય ગ્રંથો કર્યા હતા તે બધા કન્હૈયાશાલને ભણાવ્યા હતા. કન્હૈયાશાલને શ્રીગુસાંઈજી દંડવત કરવા ન દેતા, કહેતા કે તમારા હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજે છે. આ પ્રકારે શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઈજીની કૃપાથી કન્હૈયાશાલ સંયાગરસ અને વિપ્રયોગરસ એ બન્ને લીલાના રસમાં મગન રહેતા પછી શ્રીગુસાંઈજી અડેલ પધાર્યા.

ભાવપ્રકાશ : પછી કન્હૈયાશાલની માતાની દેહ છૂટી, ત્યારે કન્હૈયાશાલ કહે, આ પ્રતિબંધ મટ્યો. ક્ષણ ક્ષણમાં ખાનપાનનો પ્રતિબંધ કરતી ત્યારથી કન્હૈયાશાલને શરીરની વૃદ્ધિ હોય ત્યારે ખાનપાન કરે, નહીં તો એમ જ બેસી રહે.

વાર્તાપ્રસંગ ૨ : એક સમય શ્રીગુસાંઈજી અડેલથી આગ્રા પધાર્યા. ત્યાં કન્હૈયાશાલને ઘરે ઊતર્યા. પછી કન્હૈયાશાલને કહે, અમે દ્વારિકા પધારીશું. ત્યારે કન્હૈયાશાલે કહ્યું, હું પણ પાછળથી આવીને આપના દર્શન કરીશ ત્યારે શ્રીગુસાંઈજી કહે, તમે કઈ રીતે આવશો ? વૈષ્ણવ વિના તો કોઈથી તમો બોલતા નથી. માર્ગ લાંબો છે, ત્યારે કન્હૈયાશાલે કહ્યું, મારે બીજાથી શા માટે બોલવું પડશે ? હું તો આપની પાછળ આવીશ. ત્યારે શ્રીગુસાંઈજી કહે, તમને કૃપાનું બલ છે, જે ચાહો તે કરો, પછી શ્રીઆચાર્યજીના ગ્રન્થોની વાર્તા કન્હૈયાશાલ પાસે બે દિવસ શ્રીગુસાંઈજીએ કરી, પછી આપ તો દ્વારકા પધાર્યા.

ત્યારબાદ એક દિવસ કન્હૈયાશાલના મનમાં આવ્યું કે દ્વારકા જઈએ, શ્રીગુસાંઈજીને મળીએ.

એટલે નીકળીને ચાલ્યા. પણ માર્ગનું જ્ઞાન નહીં, કોઈથી બોલે નહીં. એમ ત્રણ દિવસ ચાલ્યા ગયા. તે વનમાં જઈ નીકળ્યા. સઘન વન, જલ નહીં, ત્યારે વિચાર્યું કે હવે દેહ છૂટશે, અટલે શ્રીઆચાર્યજીના ગ્રન્થનો એક વૃક્ષ નીચે બેસીને પાઠ કરવા લાગ્યા, એટલામાં એક ગોવાળિયો આવીને કહે, અહીં તું કેમ બેઠો છે ? અહીં સાંપ, વાઘ, વરુનો ડર છે, ત્યારે કન્હૈયાશાલે કહ્યું, હું શ્રીઆચાર્યજી મહાપ્રભુનો સેવક છું. સાપ, વાઘ, મારી પાસે કોઈ આવે નહીં, ત્યારે ગોવાળિયાએ કહ્યું, તલાવ તારી પાછળ છે તો જલ પી ! ત્યારે પાછળ જુઓ તો જલ ભર્યું છે. એટલે જલ પીવા લાગ્યા. એટલામાં તો બીજો ગોવાળીયો શ્રીનાથજીનો સખડી, અનસખડી મહાપ્રસાદ લઈને આવ્યો. અને કહ્યું, આ મહાપ્રસાદ તું લે, ત્યારે કન્હૈયાશાલે કહ્યું. મહાપ્રસાદ ક્યાંનો છે ? હું તો ઘરનો લઉં અથવા તો શ્રીગુસાંઈજીને ત્યાંનો લઉં. બીજાનો મહાપ્રસાદ લેતો નથી. ત્યારે ગોવાળિયાએ કહ્યું, આ શ્રીનાથજીનો પ્રસાદ છે. તું શ્રીરણછોડજી ઉપર હત્યા દેવાને નીકળ્યો છે ? જે આટલી હઠ કરે છે ? ત્યારે મહાપ્રસાદ જુએ તો શ્રીનાથજીનો જાણી મહાપ્રસાદને દંડવત કરીને લીધો, એવામાં ત્રીજો ગોવાળિયો આવ્યો અને કહ્યું, અહીં આવીને બેસીને શું કરે છે ? રણછોડજીના દર્શને જા, એટલે પાછળ ફરીને જુએ તો રણછોડજીનું મંદિર દેખાય છે, ત્યારે કન્હૈયાશાલે કહ્યું, ત્યાં શ્રીગુસાંઈજી પધાર્યા હોય તો જાઉં ત્યારે ગોવાળિયાએ કહ્યું, મને શ્રીગુસાંઈજીએ મોકલ્યો છે. તને સંદેશો કરવાને તેથી તું જલદી જા. ત્યારે કન્હૈયાશાલે શ્રીરણછોડજીના મંદિરમાં શ્રીગુસાંઈજી પાસે ગયા. ત્યારે શ્રીગુસાંઈજી આપ કહે, કન્હૈયાશાલ આવ્યા ? માર્ગમાં કોઈથી બોલ્યા નહીં ? ત્યારે કન્હૈયાશાલ કહે, મહારાજ ! મારે બીજાથી બોલવાનું શું કામ છે ? ત્યારે શ્રીગુસાંઈજી કહે, તમે ત્રણ ગોવાળિયાઓથી બોલ્યા, છતાં એમ કહો છો ? ત્યારે કન્હૈયાશાલે કહ્યું, મહારાજ ! મારી વાણી આપના વિના-બીજા કોઈ આગળ નીકળે જ નહીં ત્રણે ગોવાળિયાના સ્વરૂપે આપના વિના મને વનમાં સખડી, અનસખડી, કોણ આપી જાય ? બીજાના હાથનું કેવી રીતે લઉં ? આ બધી આપની કૃપા છે, પછી શ્રીગુસાંઈજીએ કન્હૈયાશાલનો હાથ પકડીને શ્રીરણછોડજીનાં દર્શન કરાવ્યા. પરંતુ કન્હૈયાશાલને શ્રીગોવર્ધનધરના દર્શન થયા પછી કન્હૈયાશાલને શ્રીગુસાંઈજી કહે કે શ્રીરણછોડજીનાં દર્શન કર્યા ? ત્યારે કન્હૈયાશાલે કહ્યું, આપની કૃપાથી શ્રીગોવર્ધનધરનેત્રોમાં લાગી રહ્યાં છે. તેથી શ્રીગોવર્ધનધરના દર્શન થયાં.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું છે કે કન્હૈયાશાલનનું વ્રજલીલા વિના બીજામાં મન જાય જ નહીં.

વાર્તાપ્રસંગ ૩ : ત્યારબાદ શ્રીગુસાંઈજી કન્હૈયાશાલને પોતાના મુકામ લાવીને કહે, હવે તમે અમારી સાથે આગ્રા ચાલજો. ત્યારે કન્હૈયાશાલે કહ્યું, મહારાજ ! આપ તો દૈવી જીવોનો અંગીકાર કરવા માટે પધાર્યા છો, તેથી આપને વાર લાગશે વળી મને એકલા રહેવું ઘણું ગમે છે. તેથી આપની કૃપાથી આગ્રા જઈ પહોંચીશ ત્યારે શ્રીગુસાંઈજી કહે કે તમને શ્રીઆચાર્યજીની કૃપાનું બલ છે, જે કરશો તે તમારે માટે સારું છે. પછી કન્હૈયાશાલ શ્રીગુસાંઈજીની આજ્ઞા લઈ આગ્રા ચાલ્યા. તે ભગવદાવેશમાં બે દિવસ ચાલ્યા ગયા. આગળ ઝાડી સઘન આવી, માર્ગ ન મળે, તેથી વૃક્ષ નીચે બેસી ગયા. ત્યાં શ્રીઆચાર્યજીના ગ્રન્થ, શ્રીગુસાંઈજી કૃત ટીકા, તથા રહસ્ય ગ્રન્થો વાંચવા લાગ્યા. એટલામાં એક ગોવાળિયાએ આવીને કહ્યું, તું અહીં કેમ બેઠો છે ? શ્રીયમુનાજીમાં સ્નાન કરવું હોય, જલપાન કરવું હોય તો ઘરે જા. કન્હૈયાશાલની દૃષ્ટિ તો પોથી ઉપર હતી, તે ઊંચી દૃષ્ટિ કરીને જુએ તો શ્રીયમુનાજી અને આગ્રા શહેર છે. પછી શ્રીયમુનાજીમાં સ્નાન કરી, જલપાન કેરી, પાઠપૂજન કરી ઘરે આવ્યા, પછી શ્રીગુસાંઈજી

દ્વારકાથી થોડા દિવસમાં આગ્રા પધાર્યા. ત્યારે કન્હૈયાશાલને પૂછ્યું, તમે આગારા કેટલા દિવસમાં અને કેવી રીતે આવ્યા ? ત્યારે કન્હૈયાશાલે કહ્યું, મને તો ખબર નથી, આપ જ મને દ્વારકા લઈ ગયા. અને આપે જ આગ્રા પહોંચાડ્યો. એટલું હું જાણું છું. ત્યારે શ્રીગુસાંઈજી પ્રસન્ન થઈને ત્રણ દિવસ કન્હૈયાશાલના ઘરમાં રહ્યા. ભગવદવાર્તા કરી બહુ જ પ્રસન્ન થયા, પછી શ્રીગુસાંઈજી અડેલ પધાર્યા. કન્હૈયાશાલને લૌકિક વૈદિક ક્રિયા જ્યારે શરીરનું ભાન હોય ત્યારે કરે. કન્હૈયાશાલની એવી લોક વેદથી પર વાત છે કે જે કહી કહેવાય તેવી નથી.

ભાવપ્રકાશ : કેમ કે કહીએ તો લોકોને શ્રીઠાકુરજીની લીલાના ભાવની ખબર નથી તેથી એમને વિશ્વાસ ન થાય. તેથી પ્રકાશ નથી કર્યો. પ્રેમની રીત અટપટી છે. સૂર ગાયું છે કે, ગોપીજન નિજ મારગ 'સૂર' ન્યારો દિખરીયો ॥

કન્હૈયાશાલ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા, એમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૭૦ ॥

॥ વાર્તા ૭૧ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક નરહરદાસ સેવક ગોંડીયા બ્રાહ્મણ બંગાલના તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ નરહરદાસ બંગાળમાં પ્રગટ્યા. લીલામાં એ કુમારિકાના યૂથમાં છે, ત્યાં એમનું નામ 'સુગંધરા' છે. જ્યારે એ મોટા થયા ત્યારે નરહરદાસની પ્રીતિ શ્રીજગન્નાથરાયજીમાં લાગી. પછી એક વખત લાગટ એક વર્ષ પર્યંત જગન્નાથજીમાં રહ્યા. પછી ઘરે આવ્યા. ત્યારે પિતાએ કહ્યું. બેટા ! હું તો હવે વૃદ્ધ થયો છું. તું યજમાનો પાસે જતો નથી તો મારા મર્યા પછી ક્યાંથી ખાઈશ ? તું વારે વારે જગન્નાથજીના દર્શને જાય છે. જગન્નાથજી કાંઈ આપે છે ? ત્યારે નરહરદાસે કહ્યું, જગન્નાથરાયજી બધા જગતને આપે છે, તે મને પણ આપે છે, આજ પછી તું મને કંઈ આપીશ નહીં. જો કે જગન્નાથજી મારું પાલન કરે છે કે નહીં ? ત્યારે નરહરદાસના પિતાએ કહ્યું, કે જગન્નાથજી બધાને આપે છે, તો ભેટ પૂજા કેમ લે છે ? બધા લેવાવાળા છે. આપવાવાળો કોઈ ઠાકુર નથી, જ્યારે હું તને ખર્ચી આપું છું ત્યારે તું જઈને શ્રીજગન્નાથરાયજીના દર્શન કરે છે, જો હું ન આપું તો ભીખ માંગીશ. આથી નરહરદાસને બહ ક્રોધ ચડ્યો. તેમણે પિતાને કહ્યું, તું ભગવાનનો નિંદક છો તેથી આ જ પછી તારું કંઈ લઈશ નહીં. અને તારા ઘરમાં નહીં રહું. તારું મુખ જોવું ઉચિત નથી. તેં એવી વાત કહી જે મ્લેચ્છ પણ ન કહે, એમ કહી ઘરેથી ઊઠી ચાલ્યા. ત્યારે પિતાએ ઘણા સમજાવ્યા, વિનંતી કરી કે હું ચૂક્યો. પરંતુ નરહરદાસ દૈવી જીવ હતા. તેથી શ્રીઠાકુરજીની નિંદા સાંભળી શક્યા નહીં.

પછી જગદીશ જઈને શ્રીજગન્નાથરાયના દર્શન કર્યા. પરંતુ કંઈ પાસે ન હતું. તેથી સમુદ્ર કિના જઈ બેઠા મનમાં વિચાર્યું કે કોઈ માગવું નહીં માગીને નિર્વાહ કરીશ તો મારો પિતા ક્યારેક અહીં આવ અને સાંભળે તો કહેશે કે મેં કહ્યું તે થયું તેથી જો જગન્નાથરાયજી દેશે તો ખાઈશ, નહીં તો થવા કાળ હશે તે થાશે. પછી રાત્રિ થઈ ત્યારે શ્રીજગન્નાથરાયજી મહાપ્રસાદ લઈ એક સોળ વર્ષના બાળકનું રૂ ધરીને આવીને કહે, બ્રાહ્મણ ! મહાપ્રસાદ લે, ત્યારે નરહરદાસે કહ્યું, હું મહાપ્રસાદની અવજ્ઞા કેમ કરું લાવો, પછી જગન્નાથરાયજીએ કહ્યું, તું પ્રાતઃકાલ શ્રીઆચાર્યજીની પાસે જઈ સેવક થજે, તારો બધ મનોરથ પૂર્ણ થશે. ત્યારે નરહરદાસે કહ્યું, હું તો આચાર્યજીને ઓળખતો નથી. ક્યાં જાઉં ? ત્યાં

શ્રીજગન્નાથરાયજી કહે, શ્રીવલ્લભાચાર્યજી પ્રસિદ્ધ છે. જેને પૂછીશ તે બતાવશે, મારું સ્વરૂપ આચાર્યજીને જાણજે.

પછી પ્રાતઃકાલે નરહરદાસ ઊઠીને પૂછતા પૂછતા આચાર્યજી પાસે ગયા. અને દંડવત કર્યા ત્યારે શ્રીઆચાર્યજી કહે આવો નરહરદાસ ! તને એવી જ ટેક શોભે જે પિતાનો તિરસ્કાર કરીને આવ્યા. આગળ પ્રહલાદજીએ પણ પિતાનું કહ્યું નહોતું માન્યું. તેથી તારું નામ હવે નરહરદાસ ખરું થયું, તું પુષ્ટિમાર્ગીય દેવી જીવ પરમ ઉત્તમ છે, ત્યારે નરહરદાસે જાણ્યું કે આ સાક્ષાત ઈશ્વર છે, મારા પિતાની બધા વાત કહી દીધી પછી નરહરદાસે વિનંતી કરી કે મહારાજ ! મને સેવક કરો. શ્રીઆચાર્યજી કહે કે હજુ તારું ચિત્ત દ્રવ્યમાં છે, તેથી હમણાં તને ભગવદનામ ફળશે નહીં. તેથી તું જઈને સમુદ્રના કિનારે બેસ. સમુદ્રની લહેરમાં તને દ્રવ્ય મળશે.તે દ્રવ્યથી જે મનોરથ શ્રીજગન્નાથરાયજીનો તેં વિચાર કર્યો છે તે પૂર્ણ કર પછી શરણે લઈશું, હવે તને સંસારદુઃખ બાધા નહીં કરે ત્યારે નરહરદાસે કહ્યું, મહારાજ દ્રવ્યમાં મારું મન બહુ છે. મનમાં તે કે મનમાન્યુ વાપરું, પિતા પણ સાંભળીને લજ્જા પામે કે જગન્નાથરાયજીના આવા ઠાકુર છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે કે જા, સમુદ્ર કિનારે તારો મનોરથ પૂર્ણ થશે, પછી નરહરદાસ જ્યાં કોઈ ન હતું ત્યાં જઈ સમુદ્રના કિનારે બેઠા. એટલામાં સમુદ્રના તરંગમાં સોના, રૂપા, હીરા, મોતી આદિનો નરહરદાસ આગળ ઢગલો થયો. તેને પોટલીમાં બાંધી મનમાં પ્રસન્ન થઈ શ્રીઆચાર્યજી પાસે આવી દેખાડીને કહ્યું કે, મહારાજ ! આપની કૃપાથી દ્રવ્ય ઘણું મળ્યું. ત્યારે શ્રીઆચાર્યજી કહે જા, શ્રીજગન્નાથજીનો મનોરથ કર. ત્યારે નરહરદાસે કહ્યું, મહારાજ ! હું દ્રવ્ય લઈ વાપરું તો મને બધા ગરીબ જાણે છે, તેથી રાજા દંડ દે તો હું શું કરું ? શ્રીઆચાર્યજી કહે, અમારું નામ લેજે, 'કોઈ નહીં દંડે ત્યારે નરહરદાસે કહ્યું, મહારાજ ! એમાંથી કંઈ આપ રાખો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, શ્રીજગન્નાથરાયજીનો મનોરથ કર અમારે કામ ન આવે. અમારે તો જે કોઈ અમારો સેવક હોય, ખરી મજૂરીનું દ્રવ્ય હોય એનો અંગીકાર કરીએ છીએ.

પછી નરહરદાસ એક જગા લઈ ત્યાં સોની, દરજી કાપડીયાઓને બોલાવ્યા, અને વાગા વસ્ત્ર, આભૂષણ, રસોઈ સામગ્રી, શ્રીજગન્નાથરાયજીની કરી. ગામમાં કોઈ ભૂખ્યો ન રહે, પંડાઓને પણ આપ્યું, બધા ચકિત થઈ ગયા કે આગળ તો નરહરદાસ ગરીબ હતો, તે આટલું દ્રવ્ય ક્યાંથી લાવ્યો ? જે પૂછે તેને નરહરદાસ કહે, શ્રીઆચાર્યજીએ આપ્યું છે, મનોરથ કરવાને. રાજા આ સાંભળીને આવ્યો. અને કહ્યું કે તે દ્રવ્ય ક્યાંથી મેળવ્યું. ત્યારે નરહરદાસે કહ્યું, શ્રીઆચાર્યજીએ મનોરથ કરવાને દીધું છે. પછી રાજાએ શ્રીઆચાર્યજીની પાસે આવીને પૂછ્યું. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, અમે કહ્યું છે કે શ્રીઠાકુરજીનો મનોરથ કર. રાજા શ્રીઆચાર્યજીના ભેદની વાત તો સમજયો નહીં તેણે જાણ્યું કે આપે આપ્યું હશે પછી રાજા ઘરે ગયો.

પણ નરહરદાસના પિતાએ સાંભળ્યું કે નરહરદાસ હજારોના મનોરથો કરે છે, ત્યારે નરહરદાસનો પિતા નરહરદાસની પાસે આવ્યો એટલે નરહરદાસે પિતાની તરફ પીઠ કરીને કહ્યું કે તું શ્રીઠાકુરજીનો નિંદક છો તેથી તારુ મુખ નહીં જોઉં. તું જો, શ્રીજગન્નાથરાયજીએ કેટલું દ્રવ્ય મને આપ્યું છે ? જેને શ્રીઠાકુરજીમાં વિશ્વાસ નથી તે આ જન્મમાં પણ દુઃખી છે, અને પરલોકમાં પણ ભ્રષ્ટ થાય છે. પરંતુ તું પિતા છો માટે શ્રીજગન્નાથરાયજીની ન્યોછાવર તું પણ કંઈક લઈ જા. પછી હજારો રૂપિયાનો માલ પિતાને દઈને કહ્યું આ જ પછી મને મુખ ન દેખાડીશ ! ત્યારે પિતા દ્રવ્ય લઈને ઘરે ગયો પછી

કેટલાક દિવસમાં દ્રવ્ય પણ ઘટ્યું, પછી મનોરથો પૂર્ણ કરી મનહરદાસે શ્રીઆચાર્યજી પાસે આવી દંડવ કરી વિનંતી કરી કે મહારાજ ! મને કૃપા કરીને શરણે લો, હવે મારું મન કોઈ વાતમાં નથી. આપ શરણે થવામાં છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, જા સ્નાન કરી આવ. એટલે નરહરદાસ ન્હાઈને શ્રીઆચાર્ય પાસે આવ્યા એટલે શ્રીઆચાર્યજીએ તેને નામ સંભળાવીને નિવેદન કરાવ્યું. એટલે નરહરદાસના હૃદય પુષ્ટિમાર્ગનું જ્ઞાન થયું. પછી શ્રીઆચાર્યજી દંડવત કરી તેમણે વિનંતી કરી, મહારાજ ! મેં બહુ ખોટું કા કર્યું છે. શ્રીઠાકુરજીને શ્રમ કરાવી દ્રવ્ય લઈ પોતાનો યશ પ્રગટ કર્યો છે. હું મહાદુષ્ટ છું મારો જ કેવો ? ઊલટું મન ખરાબ થઈ પરલોક બગડે તેથી મને ધિક્કાર છે, ઠાકુરજીનું દ્રવ્ય લઈ ઠાકુરનું કર્યુ તેથી મોટો સ્વાર્થ અજ્ઞાન કરી મેં માન્યો. હવે હું આપને શરણે છું. મારો પરલોક સુધરે, શ્રીઠાકુરજી કૃપ કરે તે પ્રકાર મને કહો.

ત્યારે નરહરદાસને શ્રીઆચાર્યજી કહે,તમે શ્રીઠાકુરની સેવા કરો. ત્યારે નરહરદાસે વિનંતી કરી મહારાજ ! મને શ્રીઠાકુરજી પધરાવી દો. એટલે શ્રીઆચાર્યજી તમે સમુદ્રના કિનારે ફરી જાવ. ત્ય ભગવદસ્વરૂપ તમને મળશે. તે લઈ આવો તેથી નરહરદાસ ફરીથી તે જ ઠેકાણે સમુદ્ર કિનારે જઈ બેઠા એટલામાં સમુદ્રની છોળમાં યુગલ સ્વરૂપ આવ્યા. એટલે નરહરદાસ યુંગલ સ્વરૂપને લઈને શ્રીઆચાર્ય મંહાપ્રભુ પાસે આવ્યા. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ યુગલ સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવી પછ શ્રીમદનમોહનજી નામ ધરી નરહરદાસ માથે પધરાવ્યા. ત્યારે નરહરદાસ શ્રીઆચાર્યજીને વિનંતી કરી મહારાજ ! મારા ઘરમાં પિતા બહિર્મુખ છે, તેથી મારાથી ઘરે ન જવાય અને અહીં મારો લૌકિક યશ થયો છે તેથી અહીં માગીને સેવા કરી ન શકાય. મારા યજમાન્ન બંગાલી, કાશીમાં ઘણા છે. ત્યાં આપ કહો તો જઈને ભગવદ સેવા કરું. ત્યારે શ્રીઆચાર્યજી કહે, જ્યાં ભગવદસેવા સારી રીતે બને તે જ દેશ ઉત્તમ છે. વળી અમને અહીં ઘણા દિવસ થયા છે તેથી અમે પણ દક્ષિણ જઈએ છીએ. તું કાશીએ સીધો જા. પછી શ્રીઆચાર્યજી તો દક્ષિણ પદાર્યા. અને નરહરદાસ કાશીમાં આવી શ્રીમદનમોહનજીની સેવા મન લગાવીને કરવા લાગ્યા. કેટલાક દિવસમાં શ્રીંમદનમોહનજી સાનુભાવ જણાવવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ : એ નરહરદાસે શ્રીમદનમોહનજીની સેવા ઘણાં વર્ષ સુધી સારી રીતે કરી. પછી શરીર થાક્યું, વૃદ્ધ થયા. તેથી સેવા ન થઈ શકી. એટલે શ્રીમદનમોહનજીને પધરાવીને શ્રીગોકુલ આવ્યા. શ્રીગુસાંઈજીને દંડવત કરી શ્રીમદનમોહનજી શ્રીગુસાંઈજીના ઘરે પધરાવ્યા. પછી શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલચન્દ્રમાજીની પાસે પધરાવ્યા તે શ્રીગોકુલચંન્દ્રમાજીની પાસે જુદા સિંહાસન પર બિરાજે છે. પછી નરહરદાસે જન્મભર વ્રજમાં ભાવના કરી માનસી સેવાથી નિર્વાહ કર્યો. તે નરહરદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. એમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૭૧ ॥

॥ વાર્તા ૭૨ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક શ્રીનરહર સંન્યાસી ગૌડ બ્રાહ્મણ, આગ્રાથી ગુજરાત જઈને એમનો પિતા રહ્યો. તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : નરહર સંન્યાસી લીલામાં શ્રૃતિરૂપા છે, મનસુખા ગોપની બેટી છે. એનું નામ ‘ગુલાબી’ છે. અને ગુલાબીની એક સખી હતી. ‘પોડરી’ એ વેણી કોઠારી ગુજરાતમાં થયા. એક સમય આગ્રામાં દુકાળ પડ્યો. ત્યારે નરહર સંન્યાસીનો પિતા આગ્રા છોડી ગુજરાત કુટુંબ છોડી જઈ રહ્યો. ત્યાં નરહર સંન્યાસી જન્મ્યા. તેઓ વર્ષ પંદરના થયા. ત્યારે નરહરને એ સંન્યાસીનો સંગ થયો. તેથી નરહર

સંન્યાસી થયા. તેમણે વર્ષ દિવસ સુધી તપસ્યા કરી, ઉષ્ણકાલમાં પચાગ્નિ તાપે, વર્ષાઋતુમાં જલની ધારા માથે લે, શીતકાલમાં પ્રાતઃકાલ જલમાં બેસતા. તે નરહર સંન્યાસીની માનતા ગુજરાતમાં ઘણી ચાલી. સેવક પણ ઘણા લોકોને કર્યા. વેણી કોઠારી પણ નરહર સંન્યાસીના સેવક થયા. તે નરહર સંન્યાસી સ્ત્રીને જુએ ત્યારે મુખ ઉપર કપડું નાખી દે, એવી ત્યાગ દશામાં રહે, તેઓ મહી નદીના કિનારે એકાન્તમાં જ્યાં પાસે કોઈ ગામ નહીં ત્યાં સ્થલ બનાવીને રહેતા. ત્યાંથી કોસ બે ઉપર ગામ હતું. ત્યાં કોઈ હિંદુ ઘાંચી હતો. તેને સંતાન ન હતું. તેથી તે ઘાંચીની સ્ત્રીએ વિચાર્યું કે નરહર સંન્યાસી મોટા મહાપુરુષ છે, તે કંઈ ઔષધ દે તો મારે પુત્ર થાય. કોઈ સ્ત્રીનું મુખ તે જોતા નથી. પછી એક દિવસ શીરો પૂરી કરી સંધ્યાસમયે તે ઘાંચણ નરહર સંન્યાસીની પાસે આવી. અને પોતાના મુખ ઉપર કપડું નાખી નરહર સંન્યાસીને બૂમ પાડી ત્યારે નરહર સંન્યાસી પાસે આવીને પૂછે છે તું કોણ છે ? ત્યારે એણે કહ્યું, હું ઘાંચણ છું. તમારા માટે શીરો પૂરી લાવી છું. તમે સ્ત્રીનું મુખ નથી જોતા તેથી મારા મુખ ઉપર વસ્ત્ર નાખ્યું છે ત્યારે નરહર સંન્યાસીએ કહ્યું, હું પણ બે દિવસનો ભૂખ્યો છું. પરંતુ તારી પ્રીત વધારે છે કે બે કોસથી મારા માટે લઈ આવી, એટલે નરહર સંન્યાસીએ તે લીધું તેથી તે ઘાચણ પ્રસન્ન થઈ કે એ લીધું તો ખરું.

પછી બીજા દિવસે ફરી સંધ્યા સમયે શીરો પૂરી લાવી, ત્યારે નરહર સંન્યાસીએ કહ્યું, હવે અહીં કોઈ છે નહીં, તેથી તું મુખ ખોલ, ત્યારે તે ઘાંચણે મુખ ખોલ્યું અને શીરો પૂરી લઈ આવી પછી નિત્ય સંધ્યા સમયે જાય. એમ કરતાં દિવસ દશ-બાર થયા. એક દિવસ શીરો પૂરી લઈને નરહર સંન્યાસીના ઓરડાની અંદર ગઈ. એટલામાં ગુજરાતનો હાકિમ નરહર સંન્યાસીની વડાઈ સાંભળીને મળવા આવ્યો. તે ઘાંચણ નરહર સંન્યાસીના ઘરમાં છુપાઈ રહી તે હાકિમ રાત્રિએ નરહર સંન્યાસીની પાસે રહ્યો. સવાર થતાં તે ઘાંચી બાઈના ધણીએ નરહર સંન્યાસી પાસે આવી કહ્યું, મારી વહુ કાલ સાંજની તમને શીરો પૂરી દેવા આવી છે તે ફરી ઘરે નથી આવી. રાત્રિએ તમે કેમ રાખી ? તમે તો સ્ત્રીનું મુખ જોતા નથી. ત્યારે નરહર સંન્યાસીએ કહ્યું અહીં તો નથી આવી. એટલે ઘાંચીએ કહ્યું, તમારા ઘરમાંથી નીકળે તો ? પછી ઘાંચીએ નરહર સંન્યાસીનું ઘર ખોળ્યું. અને સ્ત્રીને અંદરથી પકડીને કાઢી. તે જોઈને હાકિમ બહુ જ કોપ્યો. નરહર સંન્યાસીનું ઘર પાડી દઈને તેણે કહ્યું, અહીંથી બીજા દેશમાં નીકળી જા.

નરહર સંન્યાસી ત્યાંથી વ્રજમાં આવ્યા. મનમાં કહે સ્ત્રીનો સંગ જ એવો છે, ખોટો છે, જો સંગ થાત તો પરલોક બગડત, પ્રભુએ મને દંડ આપ્યો, એમ વિચારી વ્રજમાં ફરે છે. પછી વેણી કોઠારીએ સાંભળ્યું કે નરહર સંન્યાસી વ્રજમાં છે, ત્યારે મનમાં વિચાર્યું કે ઘણા દિવસ થયા છે. મારા ગુરુ નરહર સંન્યાસી છે, તેથી વ્રજમાં જઈ આવું અને નરહર સંન્યાસીને મળી આવું. એમ વિચારી વેણી કોઠારી ગુજરાતથી વ્રજમાં આવ્યા. અને વૃંદાવનમાં નરહર સંન્યાસીને મળ્યા. તેઓ ત્યાં રહ્યા. એક દિવસ વૃંદાવન શ્રીઆચાર્યજી પધાર્યા. ત્યારે નરહર સંન્યાસીને આપના દર્શન થયાં. ત્યારે નરહર સંન્યાસીએ વેણી કોઠારીને કહ્યું, જુઓ કેવા તેજસ્વી પુરુષ આવ્યા છે ? ત્યારે વેણી કોઠારીએ કહ્યું એમનો થોડાક દિવસ સંગ કરીએ તો એમના સ્વરૂપનું જ્ઞાન થાય. એટલે નરહર સંન્યાસીએ કહ્યું ચાલો, બંને જણા એમનો સંગ કરીએ. એ પ્રકારે બંનેએ વાતચીત કરી, શ્રીઆચાર્યજીની પાસે આવી દંડવત કરી, વિનંતી કરી, મહારાજ ! અમારું મન ચાર રાત્રિ આપનો સંગ કરવાનું છે. જો આપ પ્રસન્ન થઈ આજ્ઞા આપો તો અમે સાથે રહીએ ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમે દ્વારકા જવાનો વિચાર કર્યો છે. તમારું મન હોય તો

તમે પણ સાથે ચાલો, એટલે નરહર સંન્યાસી અને વેણી કોઠારી પણ સાથે ચાલ્યા.

માર્ગમાં નરહર સંન્યાસીએ શ્રીઆચાર્યજીને પ્રશ્ન પૂછ્યો કે અમારા મનમાં એક સંદેહ છે કે મહારાજ ! સંન્યાસ ધર્મ મોટો કે વૈષ્ણવ ધર્મ મોટો ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, એનો બધો પ્રકાર ભિન્ન છે. સંન્યાસ ધર્મ કલિયુગમાં સિદ્ધ થવો કઠણ છે. સંન્યાસ લીધા પછી જ્યાં સુધી જીવે ત્યાં સુધી નારાયણ વિના ક્યાંય બીજે ચિત્ત જાય તો બધા જન્મનો સંન્યાસ ધર્મ નાશ થાય અને ભક્તિ માર્ગમાં દુઃસંગથી ભ્રષ્ટ થાય તો પણ ભક્તિ બીજ જાય નહીં. ક્યારેક સત્સંગ મળે તો ફરી ભક્તિ વધે, શ્રીભાગવતમાં કહે છે કે જડભરતને મૃગના સંગથી ત્રણ જન્મનો અંતરાય થયો. પછી કૃતાર્થ થયો, ચિત્રકેતુ પાર્વતીના શાપથી વૃત્રાસુર થયો, અસુર યોનિમાં ગયો તો પણ ભક્તિ વધી. એટલું જ તારતમ્ય છે. વળી કવિયુગમાં ભગવદનામથી જે ચણ્ડાલ પર્યંત પવિત્ર થાય અને ઉદ્ધાર થાય. હવે તમે જ મનમાં વિચારો કે તેં તપસ્યા પણ કરી. સંન્યાસનો ધર્મ પણ સાધ્યો પરંતુ કંઈ સિદ્ધ થયું ? ત્યારે નરહર સંન્યાસીએ દંડવત કરી, વિનંતી કરી, મહારાજ ! હવે જે પ્રકારે ઉદ્ધાર થાય તેમ કરો. હું બધા ધર્મોમાં દુઃખ જ પામ્યો છું. મન નિર્મલ ન થયું. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે સંન્યાસી છો. જગતમાં પૂજ્ય છો. સેવક પણ કરો છો. તો સેવક થઈને તો દાસ થવું પડે. અને તમે તો સ્વામી પદમાં છો, તો દાસભાવ કેમં સિદ્ધ થશે ? તેથી સ્વામી પદને છોડો અને પછી શરણે થાવ. તો વૈષ્ણવ ધર્મ વધે. ત્યારે નરહરદાસે વિનંતી કરી, મહારાજ ! મેં હવે સ્વામીપદ છોડ્યું. હવે તો હું આપનો દાસ છું. જે આજ્ઞા કરો તે હું કરું. પછી શ્રીઆચાર્યજી કહે, આ જટાદાઢી કઢાવીને ભગવાં વસ્ત્ર બદલીને ઉજળાં વસ્ત્ર પહેરીને આવો તો સેવક થવાય. ત્યારે નરહર સંન્યાસી જટા, દાઢી, કપાવી, નવાં ઉજળાં વસ્ત્રો પહેરીને આવ્યા, ત્યારે શ્રીઆચાર્યજી કહે, આજે વ્રત કરો તેથી બધી ઈન્દ્રિયો શુદ્ધ થાય. કાલે તમને નામ સંભળાવીશું. નરહર સંન્યાસીએ તે પ્રમાણે વ્રત કર્યું. પછી બીજે દિવસે શ્રીઆચાર્યજીએ નામ-નિવેદન સંભળાવી નિવેદન કરાવ્યું.

વાર્તાપ્રસંગ ૧ : પછી નરહર સંન્યાસીએ શ્રીઆચાર્યજી મહાપ્રભુને વિનંતી કરી, મહારાજ ! વેણી કોઠારીને નામ સંભળાવશો. ત્યારે વેણી કોઠારીને ન્હવડાવીને આપે નામ નિવેદન કરાવ્યું. પછી નરહર સંન્યાસીએ શ્રીઆચાર્યજીને કહ્યું, મહારાજ ! મને વ્રત કરાવ્યું અને વેણી કોઠારીને વ્રત નહીં કરાવ્યું, તેનું કારણ શું ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, તમે સ્વામીપદમાં હતા. અને અનેક કર્મ-ધર્મ કર્યા. તેથી તમારું મન અનેક ઠેકાણે ફરતું હતું. અને આ ગૃહસ્થાશ્રમનું દુઃખ જાણે છે. કર્મ ધર્મ નથી જાણતો તેથી એને વ્રત નથી કરાવ્યું.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું છે કે અન્ય માર્ગમાં પડીને બહુ શાસ્ત્ર ભણે, બહુ યોગસાધના કરે, એને ભક્તિ જલદી ન થાય, અને સીધા નિષ્કપટને ભક્તિ જલદી સત્સંગથી ફલિત થાય.

પછી નરહર સંન્યાસી મોટા ભગવદીય કૃપાપાત્ર થયા. અને વેણી કોઠારી પણ મોટા ભગવદીય થયા. સદા માનસીમાં મગન રહે, પછી દ્વારિકા થઈ શ્રીઆચાર્યજી તો પૃથ્વી પરિકમ્માએ પધાર્યા., વેણી કોઠારી દ્વારિકામાં નરહરિ સંન્યાસી પાસે કેટલાક દિવસ રહી પછી ગુજરાત પોતાને ઘરે આવ્યા. નરહર સંન્યાસી સદા ફર્યા કરતા.

વાર્તાપ્રસંગ ૨ : એક સમય નરહર સંન્યાસી બદ્રીકાશ્રમ ફરતા ફરતા આવ્યા. ત્યાં શ્રીઆચાર્યજી મહાપ્રભુ પણ પધાર્યા હતા. ત્યાં નરહર સંન્યાસીને આપના દર્શન થયા. ત્યારે નરહર સન્યાસીએ

શ્રીઆચાર્યજી મહાપ્રભુને વિનંતી કરી, મહારાજ ! મેં પહેલાં સંન્યાસ ગ્રહણ કર્યો હતો, પછી આપની કૃપાથી ભક્તિ માર્ગમાં આવ્યો. સંન્યાસનો પ્રકાર તો હું જાણું છું, પરંતુ ભક્તિમાર્ગનો શો પ્રકાર છે. તે હું જાણતો નથી. માટે મને કૃપા કરીને કહો, ત્યારે શ્રીઆચાર્યજી કહે, તને ભક્તિ માર્ગના સંન્યાસનો પ્રકાર કહું છું. પછી શ્રીઆચાર્યજીએ ‘સંન્યાસ નિર્ણય’ ગ્રંથ કરી નરહર સંન્યાસીને ભણાવી તેનો ભાવ કહી સંભળાવ્યો. એટલે નરહર સન્યાસીના હૃદયમાં પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત સ્થિર થયો. ત્યારે શ્રીઠાકુરજીની લીલાનો અનુભવ થયો. અને લીલામાં મગન થઈ ગયા. પછી શ્રીઆચાર્યજી ત્યાંથી આગળ પધાર્યા. નરહર સંન્યાસી સ્વરૂપાનંદમાં મગન થઈ ફર્યા કરતા. તે નરહર સંન્યાસી શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા એમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૭૨ ॥

॥ વાર્તા ૭૩ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક સદ્દ્ પાંડે, સદ્દ્ પાંડેની વહુ ભવાની અને સદ્દ્ પાંડેની બેટી નરો, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ ‘શ્રીગિરિરાજજીની નીચે આન્યોરમાં રહેતા. લીલામાં સદપાંડે વૃષભાનજીના ભાઈ ‘ચન્દ્રભાન’ ગોપ નરો અને ભવાની ‘રામદે શ્યામદે’ જે જશોદાની નણંદ છે, તેમનું પ્રાકટ્ય છે.

વાર્તાપ્રસંગ ૧ : શ્રીઆચાર્યજી મહાપ્રભુ જ્યારે પૃથ્વી પરિકમ્મા કરતા દક્ષિણ ઝારખંડમાં પધાર્યા. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ દર્શન દઈને કહ્યું, કે તમે મારી સેવા જગતમાં પ્રકટ કરો તો દૈવી જીવ જલદી શરણે આવે. અમે વ્રજમાં ગોવર્ધન પર્વત ઉપર ત્રણ નામથી પ્રકટ્યા છીએ. દેવદમન, નાગદમન, અને ઈન્દ્રદમન. તેમનામાં મધ્યદમન છે તે હું છું. મારી આસપાસ બે દમન છે.

ભાવપ્રકાશ : એમનો ભાવ કહે છે. નાગદમન તો શ્રીઠાકુરજીના વામ ભાગમાં છે અને ઈન્દ્રદમન દક્ષિણ ભાગમાં છે. વામભાગમાં નાગદમન શ્રીયમુનાજીના સ્વરૂપથી છે. કેમ કે કાલ-સર્પનું દમન કર્તા છે. યમદંડ, કાલદંડ, શ્રીયમુનાજીની કૃપાથી દૂર થાય વળી શ્રીઠાકુરજી પ્રિયા છે, નિત્યસિદ્ધા. તેથી વામ ભાગે બિરાજી સેવા કરે છે. અને દક્ષિણ દિશાએ ઈન્દ્રદમન છે. તે ગિરિરાજાના સ્વરૂપથી સેવામાં તત્પર છે. કેમ કે હરિદાસ વર્ય છે, ભક્તોના શિરોમણી છે, ઈન્દ્રકોપના સમયે પ્રભુની ઈચ્છા જાણી આપ જ છત્રાકાર થઈ બધા વ્રજની રક્ષા કરી અને ઈન્દ્રને દંડ દીધો, અને યશ પ્રભુનો પ્રકટ કર્યો. તે એથી કે ભગવદીય પોતાનો યશ પ્રકટ કરતા નથી. તેથી શ્રીઠાકુરજીનો યશ પ્રકટ કર્યો. અને મધ્યમાં દેવદમન. તે એથી કે જેટલા અવતાર છે શ્રીજગન્નાથદેવ, નારાયણદેવ,આદિ તેમના માન-મર્દન કર્તા શ્રીગોવર્ધનધર છે. શ્રીભાગવતમાં કહ્યું છે-‘એતે ચાંશકલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયં” તેથી દેવદમન મારું નામ છે. તો મને પ્રકટ કરો.

ત્યારે શ્રીઆચાર્યજી દક્ષિણના ઝારખંડથી પૃથ્વી પરિકમ્મા છોડી વ્રજમાં પધાર્યા, શ્રીગોવર્ધન આવ્યા. તે સમયે પાંચ સેવક શ્રીઆચાર્યજીની સાથે હતા. દામોદરદાસ (હરસાની) કૃષ્ણદાસ મેઘન, મોટા રામદાસ. માધવદાસ અને નારાયણદાસ. પછી સંધ્યા સમયે શ્રીઆચાર્યજી સદુ પાંડેના દ્વારે ચોતરા ઉપર બિરાજ્યા. ત્યારે સદુએ આવીને દંડવત કરીને કહ્યું, સ્વામી કંઈ ખાશો ? ત્યારે કૃષ્ણદાસ મેઘને કહ્યું આપ શ્રીઆચાર્યજી કોઈના ઘરનું લેતા નથી. આપ સેવક કરે છે. સેવક થઈને જે દે છે તેનું લે છે. આ પ્રકારે વાર્તા કરતા હતા. એટલામાં પર્વત ઉપરથી શ્રીગોવર્ધન બોલ્યા, સદુ પાંડેની બેટીને કહે, નરો મારું નેગનું દૂધ લાવ, ત્યારે નરોએ કહ્યું, અહો, વારી જાઉં. લાલ ! લાવું છું. મારે પરોણા આવ્યા છે તેમનું સમાધાન

કરી લઉં, પછી દૂધ લાવું. ત્યારે શ્રીગોવર્ધનધર કહે, પરોણા આવ્યા તો ભલે આવ્યા, પરંતુ મને વાર લાગે છે એટલે નરો દૂધનો કટોરો ભરી પર્વત ઉપર જઈ શ્રીગોવર્ધનધરને પાયું. કંઈ બચ્યું હતું તે લઈને નરો નીચે આવી. ત્યારે શ્રીઆચાર્યજી કહે, તું ક્યાં ગઈ હતી ? ત્યારે નરોએ કહ્યું, પર્વતનો દેવતા દેવદમન છે તેમને દૂધ પાઈ આવી. ત્યારે શ્રીઆચાર્યજી કહે કટોરામાં દૂધ બચ્યું હોય તે અમને દે ત્યારે નરોએ દીધું. તે શ્રીઆચાર્યજીએ પાન કર્યું પછી સદુ પાંડે, નરો, ભવાનીના મનમાં એ આવ્યું કે એ કોઈના ઘરનું લેતા નથી, દેવદમનનું આરોગેલું લીધું. તેથી એમની એ દેવદમનની મહાન પ્રીતિ જણાય છે. તેથી સદુ પાંડેએ પૂછ્યું, મહારાજ ! અહીં આપ પધાર્યા છો તે વ્રજના તીર્થો કરવાને કે કાંઈ બીજો મનોરથ છે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમને દક્ષિણમાં ઝારખંડમાં દેવદમને કહ્યું હતું કે મને પ્રકટ કરો, હું ગોવર્ધન પર્વત ઉપર છું તેને માટે અહીં પધાર્યા છીએ. આ દેવદમન તમારા ઉપર મહાન કૃપા કરે છે, ત્યારે સદુ પાંડે નરો, ભવાનીએ વિનંતી કરી, મહારાજ ! તમે જીત્યા અને અમે હાર્યા. અમને સેવક કરો.

ભાવપ્રકાશ : એનો અર્થ એ કે અમારા વ્રજમાં ગોવર્ધનમાં આવે તે દહીં, દૂધ, રોટી, સીધું-સામગ્રી જે માગે તે અમે આપીએ. અને આપ તો સેવક વિના કોઈનું લેતા નથી, તેથી અમે હાર્યા. આપ સેવક કરો. અમે વ્રજવાસી જગતના પૂજ્ય, આપ અમારા પૂજ્ય.

ત્યારે શ્રીઆચાર્યજી કહે, કાલ સવારે તમને નામ સંભળાવીશું, પછી સવાર થયું ત્યારે સદુ પાંડે, નરો, ભવાની, ત્રણેયને ન્હવડાવીને બેસાડ્યા. પછી નામ સંભળાવીને નિવેદન કરાવ્યું. પછી શ્રીઆચાર્યજીએ કહ્યું, તમે દેવદમનની સેવા કરો. ત્યારે સધુ પાંડેએ કહ્યું, મહારાજ ! અમે વ્રજવાસી ગમાર છીએ, આચારવિચાર જાણતા નથી ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે, તમારો પ્રેમ દેવદમનમાં છે. તે જ સહુથી શ્રેષ્ઠ છે. તમે નિષ્કપટ શુદ્ધ ભક્ત છો. તેથી જેમ તમારાથી બને તેમ સેવા કરજો. પછી સદુ પાંડેએ સીધું, સામગ્રી, દૂધ, દહીં, ખાંડ, બધું આપ્યું. ત્યારે શ્રીઆચાર્યજીએ રસોઈ કરી ભોગ ધરી ભોજન કર્યું. પછી સદુ પાંડેના ચોતરા ઉપર વૈષ્ણવો સહિત આવીને આપ બિરાજ્યા ત્યારે સદુ પાંડેના ભાઈ માણિકચંદ, જે સદુ પાંડેથી અલગ રહેતા હતા તે આવ્યા.

ભાવપ્રકાશ : 'મધુમંગલ' સખા પ્રાગટ્ય માણેકચંદનું છે.

પછી સદુ પાંડે રાત્રિએ બધા વ્રજવાસીને કહે છે કે મારે ઘેર મોટા મહાપુરુષ પધાર્યા છે. તે સવારે દેવદમનનું પ્રાકટ્ય કરશે. તેથી બધા દર્શને આવજો, ત્યારે મોટા મોટા વૃદ્ધ વ્રજવાસી પ્રમાણિક બધા આવ્યા. માણેકચંદ, સદુ, પાંડે આદિ પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે, શ્રીગોવર્ધન પર્વત ઉપર દેવદમન કયા પ્રકારે પ્રગટ થયા છે તે કહો. ત્યારે સદુ પાંડેએ કહ્યું, મહારાજ ! અમારે એક ગોવાળિયો હતો. તે ગામની બધા ગાયોને ચરાવવા જતો હતો, તેમાં એક બ્રાહ્મણની મોટી ગાય હતી, તે બહુ જ દૂધ દેતી. પણ એક વખત તે ગાયને બ્રાહ્મણ દોહવા બેઠો ત્યારે તેણે કંઈ દૂધ ન આપ્યું. પછી ફરી સવારે દૂધ દોહવા બેઠો, ત્યારે પણ દૂધ ન દીધું. એમ ન આપ્યું, ત્યારે ત્રીજા દિવસે તે ગોવાળિયા ઉપર બ્રાહ્મણ ખીજ્યો કે મારી ગાય ઘણું દૂધ દેતી. મારી ગાયને તું દોહી લે છે. આ પ્રકારે ગોવાળિયાને ઘણો ધમકાવ્યો, ત્યારે તે ગોવાળિયાએ કહ્યું, હું તો તારી ગાય દોહતો નથી. આજ તારી ગાયની ખબર રાખીશ.

પછી તે ગોવાળિયા બધી ગાયોને વનમાં લઈ ગયો. તે ગાયને નજરમાં રાખી. જ્યારે તે ગાય પર્વત ઉપર ચઢી ત્યાં ગોવાળિયા પાછળથી સંતાઈને ગયો. તે ગાયે ગોવર્ધન પર્વત ઉપર જઈ એક

શિલામાં છેદ હતો ત્યાં આપ મેળે જ બધું દૂધ શ્રવી દીધું. ગોવાળિયા આ જોઈને ફરી બેસી રહ્યો, પછી ઘડી ચાર દિવસ પાછલો રહ્યો ત્યારે ફરી તે ગાય પર્વત ઉપર ચઢી અને તે છેદમાં દૂધ શ્રવી દીધું. પછી ગોવાળિયા બધી ગાયોને ઘરે લાવીને તે બ્રાહ્મણને કહે, તારી ગાય ગોવર્ધન પર્વત ઉપર એક છેદમાં બધું દૂધ શ્રવે છે. તેં મને જૂઠી જ ચોરી લાગડી. તને વિશ્વાસ ન હોય તો સવારે મારી સાથે ચાલજે. ત્યારે તે બ્રાહ્મણ કહ્યું, હું સવારે ચાલીશ. સવારે તે દૂધ દોહવાને બેઠો ત્યારે ગાય બધું દૂધ ઉપર ચઢાવી ગઈ, રંચ પણ ન આપ્યું. એટલે તે બ્રાહ્મણ ગોવાળિયાની સાથે ગયો. તે ગાયે પર્વત ઉપર જઈ દૂધ છેદમાં શ્રવી દીધું. પછી સાંજે પણ આજ પ્રકારે ગાય દૂધ શ્રવીને ઘરે આવી, ત્યારે તે બ્રાહ્મણે રાત્રિના બધા વ્રજવાસીઓને ભેગા કરી ગાયની આ વાત કહી. એટલે એક વૃદ્ધ વ્રજવાસીએ કહ્યું, કાં તો છેદના નીચે કંઈ દ્રવ્ય છે અગર કોઈ શ્રીઠાકુરજીનું સ્વરૂપ છે. એ બે વસ્તુ હોય ત્યાં ગાય દૂધ શ્રવે. પછી દશપાંચ વ્રજવાસીઓએ મળી છેદની નીચે જોવાનો વિચાર કર્યો. પ્રાતઃકાલ થયો ત્યારે દશપંદર વૃદ્ધ વ્રજવાસી મળી તે ગાયની પાછળ ગયા. જ્યારે ગાય તે છેદમાં દૂધ શ્રવીને પર્વતથી નીચે ઊતરી ત્યારે અમે જે શિલામાં છેદ હતો તે શિલાને ખોદીને ઊઠાવી તો નીચે સાત વર્ષનો બાલક નીકળ્યો. મેં પૂછ્યું તું કોણ છે ? ત્યારે તેણે કહ્યું, હું પર્વતનો દેવતા છું. દેવદમન મારું નામ છે. મને દૂધ-દહીં બહુ પ્રિય છે. તારી બેટ્ટી નરો સાથે સાંજ સવાર મને મોકલી આપજે, સવારે દૂધ-દહીં માખણ અને હવે શિલા પાછી ન મૂકશો. પછી બધા વ્રજવાસી પોતાના ઘરે આવ્યા. દેવદમનને આરોગાવી આવતા. સાંજે દૂધ આરોગતાવતા. ભૂખ લાગે ત્યારે આપ જ દેવદમન આવી માગીને લઈ જાય છે. આ પ્રકારે વ્રજવાસીઓને સુખ દેવદમને બહુ આપ્યું છે. વ્રજવાસી જે માનતા કરે તે દેવદમન પૂરી કરે છે. હવે આપની જેવી ઈચ્છા હોય તેવો મનોરથ કરો. અમે તો જે પ્રાકરે દેવદમન પ્રકટ્યા તે બધો પ્રકારે કહ્યો. ત્યારે માણેકચંદ સદ્દુ પાંડેના ભાઈએ કહ્યું, દેવદમન જ્યારે પ્રકટ્યા ત્યારે મને જણાવ્યું, હું ગિરિરાજ ઉપર પ્રકટ્યો છું, મને માખણ નિત્ય આપજે. તેથી હું માખણ નિત્ય સવારે દેવદમનને આરોગાવી આવું છું ત્યારે શ્રીઆચાર્યજી કહે, કાલે સવારે પર્વત ઉપર ચાલી દર્શન કરીશું.

પછી પ્રાતઃકાલ શ્રીઆચાર્યજી મહાપ્રભુએ સ્નાન કરી વૈષ્ણવ સહિત પર્વત ઉપર જવાનો વિચાર કર્યો અને સદ્દુ પાંડેને બોલાવ્યા. ત્યારે સદ્દુ પાંડે, માણેકચંદ પાંડે બંને આવ્યા ત્યારે માણેકચંદે કહ્યું, મહારાજ ! મને શરણે લશો. ત્યારે શ્રીઆચાર્યજીએ માણેકચંદને નવડાવી નમ-નિવેદન કરાવ્યું. પછી સદ્દુપાંડેને, માણકચંદને તથા પોતાની સાથેના વૈષ્ણવોને લઈને આપ પર્વત ઉપર પધાર્યા, તે વખતે શ્રીગોવર્ધનનાથજી ઊઠીને શ્રીઆચાર્યજી સામે પધાર્યા. શ્રીઆચાર્યજી શ્રીગોવર્ધનધરને ગોદમાં લઈ બંને કપોલ સ્પર્શી કહે, બાવા ! હવે તમારી શી ઈચ્છા છે ? ત્યારે ગોવર્ધનધર કહે, મારી સેવા પ્રકટ કરો. ત્યારે ગોવર્ધન પર્વત ઉપર નાનું સરખું મંદિર કરી અપ્સરા કુંડ ઉપર રામદાસ ચૌહાણ રજપૂત ગુફામાં રહેતા તેમને સેવક કરી શ્રીનાથજીની સેવા કરવાને કહ્યું. પાગ પરદનીનો શૃંગાર કરી. ઉપર ચંદ્રિકા મીણથી જોડી, મુકુટ સરખો કરી ધરાવ્યો. ગુંજાની માલા પહેરાવી, અને દૂધ દહીં, માખણ સદ્દુ પાંડે લાવ્યા તે ભોગ ધર્યો. પછી સદ્દુ પાંડેને કહ્યું, તમે સામગ્રી વસ્તુ જોઈએ તે રામદાસને આપજો. તે વખતે જમાનાવતામાં કુંભનદાસજી ગોરવા રહેતા હતા, તે આવી સેવક થયા. કુંભનદાસને કીર્તન ગાવાની સેવા આપી, ઘણા વ્રજવાસી ગિરિરાજની આસપાસના આ વખતે શ્રીઆચાર્યજીના સેવક થયા. એ પ્રકારે કેટલાક દિવસ સેવા થઈ. પછી મંદિર સિદ્ધ કરવાની આજ્ઞા પૂરણમલની કરી. જ્યારે મંદિર સિદ્ધ થયું

ત્યારે રામદાસ ચૌહાણ રજપૂતની દેહ છૂટી, એટલે શ્રીઆચાર્યજી સદ્દુ પાંડેને કહે, તમે સેવા કરો.

ત્યારે સદ્દુ પાંડેએ કહ્યું, મહારાજ ! અમે વ્રજવાસી કંઈ સેવા પૂજાની રીત જાણતા નથી. વળી ઘરનાં અનેક કામ ખેતી વગેરે હોય. તેથી આમારાથી સેવા નહીં બને. સામગ્રી વસ્તુ જે જોઈશે તે પહોંચાડીશું. ત્યારે શ્રીઆચાર્યજી સદ્દુ પાંડેને કહે, બીજો કોઈ વિચાર કરો. ત્યારે સદ્દુપાંડેએ કહ્યું, રાધાકુંડ, કૃષ્ણકુંડ ઉપર બંગાલી છે કહો તો બોલાવું. ત્યારે શ્રીઆચાર્યજી કહે બોલાવો. એટલે બંગાલીઓને બોલાવી રુદ્રકુંડ ઉપર તેમને ઝૂંપડી બનાવી દીધી. કૃષ્ણદાસને સેવક કરી અધિકારી કર્યા અને કહ્યું બંગાલીને જે જોઈએ તે મથુરા આગ્રાથી લાવી દોજો. પછી કૃષ્ણદાસે બંગાલીને કાઢી સેવામાં વૈષ્ણવ રાખ્યા, તે પ્રકારે બધો કૃષ્ણદાસની વાર્તામાં કહીશું. આ પ્રકારે સદ્દુપાંડે, નરો, ભવાની માણેકચંદ આદિને સેવક કરીને શ્રીગોવર્ધનનાથજીને બહાર પધરાવી સેવા પ્રકટ કરી.

વાર્તાપ્રસંગ ૨ : એક સમય શ્રીગોવર્ધનધર કહે, મને ગાય બહુ જ પ્રિય છે. ત્યારે શ્રીઆચાર્યજીએ સદ્દુ પાંડેને બોલાવી વેદ કર્મ કરવાની પોતાની પવિત્રી હતી તે દઈ કહે, એના પૈસા કરી શ્રીગોવર્ધનનાથજીને માટે ગાય લાવી દો. ત્યારે સદ્દુ પાંડેએ કહ્યું, મહારાજ ! અમારા ઘરે ગાય- ભેંસ છે તે બધી શ્રીગોવર્ધનનાથજીની છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમે કહીએ તેમ કરો. આ સોનું વેચી ગાય અમારી તરફથી શ્રીનાથજીને એ ભેટ કરીએ. અને તમે બધા વ્રજવાસી મળીને એક એક બબ્બે ગાય જુદી ભેટ કરો. ત્યારે સદ્દુ પાંડ તે પવિત્રી વેચી બે ગાય લાવ્યા. તે શ્રીઆચાર્યજીએ શ્રીનાથજીને ભેટ કરી, અને સદ્દુ પાંડે વ્રજવાસી આદિ કોઈએ એક ગાય ભેટ કરી કોઈએ બે ગાય ભેટ કરી, કોઈએ ચાર ગાય ભેટ કરી. એમ હજારો ગાય ભેટ થઈ. પછી ગાયોને રહેવા ગોપાલપુર ગામ વસાવ્યું, ગોપાલ નામ શ્રીઠાકુરજીનું ધર્યું. તે દિવસથી શ્રીનાથજીને ગાયો ઘણી વધી. ગાય શ્રીઠાકુરજીને બહુ પ્રિય છે છીતસ્વામીએ ગાયું છે કે,

રાગ-ગૌરી

આગે ગા, પીછે ગાય, ઈત ગાય, ઉત ગોવિંદકો ગાયનમેં બસિવોઈ રે ભાવેં ।
ગાયન કે સંગ ધાવે ગાયનમેં સચુ પાવે. ગાયનકી ખુરરેનું અંગ સોં લગાવે ॥૧॥
'ગાયન સો બ્રજ છાયો, વૈકુંઠ બિસરાયો, ગાયન કે હેતુ ગિરિ કર લે ઊઠાવે ।
'છીત સ્વામી' ગિરિધારી વિટ્ઠલેશ વપુ ધારી, ગ્વારિયાકો ભેષ કિયે, ગાયનમેં આવો ॥૨॥

એ પ્રકારે સદ્દુ પાંડે આદિ વ્રજવાસી બધાને શ્રીગોવર્ધનનાથજીએ સુખ આપ્યું.

વાર્તાપ્રસંગ ૩ : વળી એક દિવસ સદ્દુ પાંડેના ઘરે શ્રીગોવર્ધનનાથજી સોનાની કટોરી લઈને મંદિરમાંથી પધાર્યા. અને નરોના કહે, આમાં મને દૂધ આપી દે. ત્યારે નરોએ કહ્યું, આ કટોરી તો નાની છે. એમાં શું દૂધ માશે ? ત્યારે શ્રીનાથજી કહે તું આમાં આપતી જા હું પાન કરું. ત્યારે નરો દૂધ કટોરીમાં આપતી જાય અને શ્રીગોવર્ધનધર પાન કરતા જાય. આ પ્રકારે દૂધ પીને કટોરી નરોને ત્યાં જ મૂકીને રાત્રિએ પાછા આવી મંદિરમાં પોઢ્યા. પછી સવાર થયે નરોને ઘરની ટહેલ કરી દૂધ ગરમ કરી દહીં વલોવી પછી દૂધ, દહીં, માખણ નિત્યના નેગને લઈ સોનાની કટોરી લઈ મંદિરમાં આવી નરોએ કહ્યું, રાત્રિએ દેવદમન સોનાની કટોરી લઈ આવ્યો હતો, તે દૂધ પીને કટોરી મારા ઘરે નાખી આવ્યો છે. આખર બાલક તો ખરોને ! આ સોનાની કટોરી લો. ત્યારે બધા ભીતરિયા સેવક ચકિત થઈ ગયા કે નરો

વાર્તાપ્રસંગ ૪ : વળી સદુ પાંડેની પડોશમાં સદુ પાંડેનો નાનો ભાઈ માણેકચંદ વ્રજવાસી રહેતો હતો. એના ઘરે ગાય ભેંસ ઘણી, તે માણેકચંદની મા વૃદ્ધ ઘણી હતી. તે ડોશી માણેકચંદના ઘરે રહે, તે જ્યારે સવારે દહીંનું વલોણું થઈ ચૂકે ત્યારે માખણ, રોટી, દહીં, તે ડોશીની આગળ બધા ઘરના લોકો ધરી દેતા. ગામના બધા બાલકોને કલેઉ વાંટવાનો તે ડોકરીનો નિયમ હતો. તેથી બધા બાલક આન્યોરના ભેગા થઈ દ્વાર ઉપર બેસી રહે. જ્યારે તે ડોકરી બોલે જે અરે બધા છોકરાઓ ! પોતપોતાનું કલેઉ (નાસ્તો) લઈ જાવ. ત્યારે બધા બાલકો પાસે આવે. તેમાં શ્રીગોવર્ધનધર પણ વર્ષ સાતના બાલક થઈને આવે. પછી તે ડોશી એક-એક બાલકનો હાથ પકડી નામ પૂછી હાથમાં રોટી, માખણ, દહીં આપે. આ પ્રકારે બધાને આપે પછી જ્યારે શ્રીનાથજીનો હાથ પકડે અને પૂછે, તારું શું નામ છે ? ત્યારે શ્રીનાથજી કહે, મારું નામ દેવદમન. ત્યારે ડોકરી કહે, પર્વતનો દેવતા દેવદમન ? ત્યારે શ્રીનાથજી કહે, હાં હાં, ત્યારે રોટી ઉપર દહીં, માખણ ધરી હાથમાં દે, અને કહે, હું વારી જાઉં ! નિત્ય કલેઉ આ જ સમયે લઈ જજે. ત્યારે શ્રીનાથજી પધારે. આ પ્રકારે સદુ પાંડે આદિ વ્રજવાસીઓ ઉપર શ્રીગોવર્ધનધર કૃપા કરતા. બાલકની માફક માંગીને લેતા તે સદુ પાંડે, માણેકચંદ નરો ભવાની, સદુ પાંડે અને માણેકચંદની માતા ડોશી, એ શ્રીઆચાર્યજીનાં મહાન કૃપાપાત્ર ભગવદીય હતા. એમની વાર્તા ક્યાં સુધી કહીએ.
॥ વાર્તા ૭૩ ॥

॥ વાર્તા ૭૪ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, ગોપાલદાસ જટાધારી, ગોડ બ્રાહ્મણ પ્રયાગના, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ ગોપાલદાસ લીલામાં લલિતાજીની સખી છે. 'રસભદ્રા' લીલામાં એમનું નામ છે. એ પ્રયાગમાં એક ગૌડ બ્રાહ્મણના ઘરે પ્રકટ્યા. પછી વર્ષ છના થયા એ વખતે કાશીમાં નાગા વૈરાગી ઘણા આવ્યા. તેઓ કાશીમાં થોડા દિવસ રહી પ્રયાગમાં મકર સ્નાન માટે બધા આવ્યા. ગોપાલદાસ પણ પિતાની સાથે મકર સ્નાન માટે ગયા, તે ભીડમાં પિતાથી વિખુટા પડી ગયા. તેથી રોવા લાગ્યા ત્યારે એક નાગાએ કહ્યું, હું તને તારા પિતા પાસે લઈ ચાલીશ. એમ કહી પોતાના મુકામે જઈ ત્યાંથી પોતાની વસ્તુ ભાવ લઈ ગોપાલદાસને લઈને ભાગ્યો. પછી દક્ષિણમાં જઈ પોતાનો ચેલો કરીને રાખ્યો. એટલે ગોપાલદાસ તે નાગાઓની જમાતમાં રહ્યા. તે વર્ષ ત્રીસના થયા ત્યારે એ નાગો મર્યો, ત્યારે ગોપાલદાસના મનમાં આવ્યું કે તીર્થ કરીએ ત્યારે સો-પચાસ નાગા વૈરાગીનો સંઘ કરી દ્વારકા ગયા. પછી દ્વારકાથી તે જ સંઘ મથુરા ચાલ્યો. મથુરા સંઘ આવ્યો તેમાં ગોપાલદાસ પણ આવ્યા. તે સમયે વિશ્રાંત ઘાટ પર શ્રીઆચાર્યજી સંધ્યા વંદન કરતા હતા. ત્યાં ગોપાલદાસને શ્રીઆચાર્યજીના દર્શન થયા ત્યારે શ્રીઆચાર્યજી પાસે ઊભા થઈ રહ્યા, એટલે કૃષ્ણદાસ મેઘને કહ્યું, તું અહીં કેમ ઊભો છે ? તારો સંઘ નાગા વૈરાગીનો તો ગયો ? ત્યારે ગોપાલદાસે કહ્યું, મારો સંગ (સત્સંગ) ઘણા જન્મથી વિછરયો છે, તેથી હવે શ્રીઆચાર્યજી જો મારા ઉપર કૃપા કરે તો ફરી મને ભગવદીય અને ભગવાનનો સંગ મળે. ત્યારે શ્રીઆચાર્યજી સંધ્યાવંદન કરીને કહે, ગોપાલદાસ આવ્યો ? અને ત્યારે ગોપાલદાસે દંડવત કરીને કહ્યું, મહારાજ ! આપની કૃપા થઈ તો આવ્યો. પરંતુ મહારાજ હું ઘણું ભટક્યો, અનેક માર્ગમાં દુઃસંગમાં બધા પાપાચરણ કરી હું મહાદુષ્ટ થઈ ગયો. આપની કૃપાથી આ સંસાર સમુદ્રમાંથી તરીશ. બીજું તો મારું બલ કંઈ નથી. તેથી કૃપા કરી મને આપની શરણે રાખો.

ત્યારે શ્રીઆચાર્યજી કહે, જટા માથાની મુંડાવીને ન્હાઈ આવો પછી તમને નામ સંભળાવીશું. ત્યારે ગોપાલદાસ જટા મુંડાવી કૂવા ઉપર ન્હાઈ, પછી શ્રીયમુનાજીમાં ન્હાઈ શ્રીઆચાર્યજીની પાસે આવ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ નામ સંભળાવી નિવેદન કરાવ્યું. પછી ગોપાલદાસે વિનંતી કરી, મહારાજ ! હવે મને શી આજ્ઞા છે ? જે સેવા બતાવો તે કરું ત્યારે શ્રીઆચાર્યજી કહે, અમારી સાથે ગોવર્ધન ચાલો. ત્યાં શ્રીગોવર્ધનધરના બાગની સેવા કરો. પછી આચાર્યશ્રી મથુરાથી શ્રીગોવર્ધન પધાર્યા. ત્યાં આપ શ્રીનાથજી મંદિરમાં પધાર્યા. ત્યારે ગોપાલદાસને શ્રીનાથજીનાં દર્શન કરાવ્યા. એને શ્રીનાથજીના બાગની સેવા આપી, તે સેવા એવી કરે કે એક એક ફૂલ, ફળ, બધાં નજરમાં રાખે. બધા વૃક્ષની ચોકસાઈ રાખે. બાગમાં કંઈ કુડો-ઘાસ ન રહે. બધાં વૃક્ષ જલથી હરિયાળાં રાખે. એવો ભાવ વિચારે કે અહીં શ્રીઠાકુરજી ખેલવા માટે પધારે છે તેથી ઉત્તમ જગા રહે તો સારું. આ પ્રકારે કેટલાક દિવસ સેવા કરી.

દરમ્યાન એક વૈષ્ણવનો બાલક પોતાના શ્રીઠાકુરજીને માટે નિત્ય દશ-પાંચ ફૂલ ચોરીને લઈ જાય. ગોપાલદાસે ઘણોય યત્ન કર્યો કે કોણ ફૂલ લઈ જાય છે, પરંતુ ખબર ન પડી તેથી એક દિવસ ગોપાલદાસ એ બાગમાં સંતાઈ રહ્યા. તે વૈષ્ણવનો બાલક વર્ષ અગ્યારનો હતો. તેણે ચારે તરફ ગોપાલદાસ તપાસ કરી અને જાણ્યું કે હવે કોઈ નથી, ત્યારે પાંચ ફૂલ તોડ્યાં, એટલામાં ગોપાલદાસ દોડીને આવ્યા. પછી તે બાલકને પકડીને માર્યા. ત્યારે તે બાલક છોડાવીને ભાગ્યો. તેથી ગોપાલદાસ ક્રોધ કરીને તે બાલકની પાછળ દોડ્યા એટલે તે બાલક ભાગ્યો તે શ્રીનાથજીના મંદિરમાં સંતાયો. ત્યાં ભોગના દર્શનના કમાડ ખૂલ્યા હતા ત્યાં આવીને તે બાલક દર્શનમાં સંતાયો. ગોપાલદાસ રીસના માર્યા ત્યાં આવ્યા અને ક્રોધમાં મંદિરનું જ્ઞાન રહ્યું નહીં અને તે બાલકને એક ધોલ મારી. ત્યારે બધાએ છોડાવી દીધો. આથી શ્રીનાથજીને ઘણું ખોટું લાગ્યું જે ગોપાલદાસે મારી પણ આમન્યા ન રાખી ! મંદિરમાં માર્યો ! પછી ભૂલી પણ ગયા. વળી તે બાલકને આટલો દંડ થયો કેમ કે શ્રીનાથજીનાં ફૂલ પોતાના ઠાકુરને ધર્યા !

પછી પાનઘરની સેવામાં કોઈ ન હતું ત્યારે શ્રીઆચાર્યજીએ ગોપાલદાસ જટાધારી પાનઘરની સેવા આપી. પાનની સેવા તેઓ સુંદર રીતે કરવા લાગ્યા. પછી અષાઢના દિવસો આવ્યા. ગરમી બહુ પડે, ત્યારે ગોપાલદાસ પાન છાબ ઉપર બિછાવી ઉપર ભીનું કપડું ઢાંકી આખી રાત્રિ પંખો કરે. શ્રીઆચાર્યજીનો એ નિયમ હતો કે રાત્રિમાં બે-ત્રણ વાર ઊઠી બધા સેવકોને જોઈ જાય કે જેથી કોઈ સેવક લૌકિક વાર્તા કે કોઈની નિંદા ન કરવા પામે. પછી અર્ધ રાત્રિ સમયે એક દિવસ શ્રીઆચાર્યજી પધાર્યા. દૂરથી જુએ તો કોઈ સેવક કીર્તન ગાય છે, કોઈ સેવક ધોળ ગાય છે, કોઈ સેવક પંચાગ્યાયીનો પાઠ કરે છે. તે જોઈને આપ પ્રસન્ન થયા જે કોઈ લૌકિક વાત અગર કોઈની નિંદા નથી કરતા. પછી ગોપાલદાસને આવીને જુએ તો નિંદ્રાનું ઝોકું આવ્યું છે, પરંતુ પાન ને પંખો કરે છે ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ ગોપાલદાસના ઉપર બહુ પ્રસન્ન થયા આજ્ઞા કરી કે આ સહુથી શ્રેષ્ઠ છે કેમ જે નિંદ્રામાં પણ ભગવત્સેવા કરે છે.

વાર્તાપ્રસંગ ૧ : પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે કે ગોપાલદાસ ! સવારે તમે ન્હાઈને શ્રીનાથજીના મંદિરમાં અંદર જઈ શ્રીનાથજીને પંખો કરજો.

ભાવપ્રકાશ : કેમ કે પહેલાં ખેંચવાનો પંખો ન હતો. ત્યારે ગોપાલદાસ સવારે ન્હાઈને શ્રીનાથજીના મંદિરમાં શ્રીનાથજીની નિકટ જઈ શ્રીઆચાર્યજીને પંખો કરવા લાગ્યા. તે પ્રેમમાં મગન થઈ

ગયા. પછી અનોસરમાં પણ શ્રીઆચાર્યજીની આજ્ઞાથી પંખો કરતા. શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે કે ગોપાલદાસ ! અનોસરમાં આંખ મીંચીને પંખો કરજે. નેત્ર ખોલીશ નહીં. પછી રાત્રિમાં પણ આંખ મીંચીને પંખો કરતા, એવા ભગવદીય ગોપાલદાસ થયા કે શરીરનનો અધ્યાય, ઊંઘ વગેરે રાત્રિએ કંઈ બાધા ન કરતું. પછી રાત્રિએ એક દિવસ શ્રીનાથજી કહે કે ગોપાલદાસ ! નેત્ર ખોલ, મારાં દર્શન કર. ત્યારે ગોપાલદાસ કહે, મહારાજ ! મને શ્રીઆચાર્યજી મહાપ્રભુની આજ્ઞા નથી તેથી નેત્ર નહીં ખોલું ત્યારે શ્રીનાથજી ગોપાલદાસના મુખમાં મહાપ્રસાદ પણ ખવડાવી દેતા. પરંતુ ગોપાલદાસ નેત્ર ન ખોલતા. એ રીતે શ્રીઆચાર્યજીની આજ્ઞાનું પાલન કરતા. જે શ્રીનાથજીના કહેવાથી પણ આંખ ન ખોલતા. શ્રીસ્વામિનીજી પધારતાં, શ્રીગોવર્ધનધરથી વાતો કરતાં, બધું સાંભળતા. આ પ્રકારની કૃપા ગોપાલદાસ ઉપર હતી.

વાર્તાપ્રસંગ ૨ : એક દિવસ શ્રીનાથજીના મનમાં આવ્યું કે આ એ જ ગોપાલદાસ છે કે અમારી આગળ વૈષ્ણવનો બાલક આવી સંતાયો હતો તેને આણે ધોલ મારી હતી. આ એનો અપરાધ છે. તેથી એને દંડ દઈ શુદ્ધ કરવો. તેથી એને વિરહ દુઃખ કરાવી પછી અંગીકાર કરું. એમ વિચારીને ગોપાલદાસનું મન શ્રીનાથજીએ ફેરવ્યું. ત્યારે ગોપાલદાસના મનમાં આવ્યું કે હું એક વખત પૃથ્વી પરિકમ્મા કરી આવું.

ભાવપ્રકાશ : કેમ કે શ્રીગુસાંઈજીએ લખ્યું કે બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મ પ્રસીદતુ । જ્યારે જેવી બુદ્ધિ ભગવાન જીવને પ્રેરે તેવું કાર્ય તે જીવ કરે.

તેથી ગોપાલદાસે શ્રીઆચાર્યજી પાસે આવી વિનંતી કરી કે મહારાજ ! આપ આજ્ઞા આપો તો પૃથ્વી પરિકમ્મા કરવાનું મન છે, ત્યારે શ્રીઆચાર્યજી કહે, અવશ્ય કરો એટલે ગોપાલદાસ શ્રીઆચાર્યજીને દંડવત કરી ચાલ્યા, ત્યારે બધા વૈષ્ણવો ચકિત થઈ રહ્યા કે જેના ઉપર આવી કૃપા કે શ્રીનાથજી વાતો કરે, મહાપ્રસાદ પોતાના હસ્તથી ખવડાવે તેમની એવી બુદ્ધિ કેમ થઈ ? બધા વૈષ્ણવોના મનમાં એ સંદેહ થયો. ત્યારે એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે મહારાજ ! ગોપાલદાસ આવા ભગવદીય, તેમના મનમાં એવું કેમ આવ્યું કે સેવા છોડીને પૃથ્વી પરિકમ્મા કરવાને ચાલ્યા ? ત્યારે શ્રીઆચાર્યજી કહે કે એનો એક મોટો અપરાધ છે. એક વૈષ્ણવનો બાલક જે શ્રીનાથજી બાગમાં ફૂલ ચોરતો હતો તેને આ ગોપાલદાસે શ્રીનાથજીના મંદિરમાં માર્યો હતો. તે અપરાધનો દંડ પ્રભુ આપે છે, પણ તે આગળ જઈ શકે નહીં. વિરહ તાપથી દેહ છોડી લીલામાં પ્રાપ્ત થશે. ગોપાલદાસને પરલોકમાં કંઈ બાધક નથી.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું જે પાપ-પુણ્યનો ભોગ અહીં કરી ચૂકે ત્યારે ભગવત્પ્રાપ્તિ થાય.

આ સાંભળી બધા વૈષ્ણવોનો સંદેહ નિવૃત્ત થયો. પછી ગોપાલદાસ બે મજલ ગયા ત્યારે શ્રીનાથજીના સ્વરૂપાનંદની સુધ આવી. એટલે વિરહથી વ્યાકુલ થઈને પડ્યા. હાય ! હાય ! મારા જેવો દુષ્ટ કોણ હોય ! શ્રીનાથજીની સેવા, સ્વરૂપાનંદનો અનુભવ વૈષ્ણવનો સંગ, એ બધું છોડીને હું પૃથ્વી પરિકમ્માએ ચાલ્યો ? ધિક્કાર છે મને, ધિક્કાર મારી બુદ્ધિને જે આવું મનમાં આવ્યું' પછી ગોવર્ધનધરના સ્વરૂપનું ધ્યાન ધરી દેહ છોડી લીલામાં પ્રાપ્ત થયા.

ભાવપ્રકાશ : એ વાર્તામાં એ જણાવ્યું કે કોઈનો અપરાધ ન કરવો. અપરાધ છે તે ઉત્તમ ભગવદ્ધર્મમાં પણ બાધા કરે. ત્યારે ધર્મ છૂટી જાય, તેથી અપરાધનો સદા ભય રાખવો. વળી શ્રીઆચાર્યજીની આજ્ઞાનો દઢ વિશ્વાસ રાખવો. જે શ્રીઠાકુરજીએ પણ કહ્યું કે નેત્ર ખોલ, પરંતુ

શ્રીઆચાર્યજીની આજ્ઞા નહીં તેથી ન ખોલ્યાં. તેથી શ્રીનાથજી પ્રસન્ન થયા. આ પુષ્ટિમાર્ગમાં બધા અપરાધો દૂર કરવાને એક શ્રીઠાકુરજીનો વિરહ મુખ્ય સાધન છે. વિરહથી પ્રભુની પ્રાપ્તિ થાય એ સિદ્ધાંત બતાવ્યો.

એ ગોપાલદાસ શ્રીઆચાર્યજીના એવા ટેકના કૃપાપાત્ર ભગવદીય હતા, તેમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૭૪॥

॥ વાર્તા ૭૫ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, કૃષ્ણદાસ અને કૃષ્ણદાસ સ્ત્રી ગુજરાતી બ્રાહ્મણ, તે ગુજરાતમાં વાડ-ચોઈલા ગામ છે. ત્યાં વાડમાં રહેતા તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ લીલામાં શ્રુતિરૂપાઓમાં યુંયમાં છે મદનગોપાલની એ બંને બેટી 'નંદા' અને 'શુભદ્રા' એમનું નામ. શ્રીઠાકુરજી શ્રીચંદ્રાવલીજીને એકાંતમાં મળ્યાની વાત નંદા-શુભદ્રાએ કીર્તિજીને બધી કહી. ચંદ્રાવલીજી અને શ્રીકૃષ્ણે સંકેતમાં એકાંતમાં વાત કરતાં હતાં ત્યારે કીર્તિજી ખિજીને કહે, એવી વાત કોઈની કરીએ નહીં. એ વાત સાંભળીને શ્રીચંદ્રાવલીએ શાપ આપ્યો કે ભૂમિ ઉપર પ્રગટો, ત્યારે નંદા તો કૃષ્ણદાસ થયા અને શુભદા તેમની સ્ત્રી થઈ. 'વાડ'માં કૃષ્ણદાસ થયા. અને 'ચેઈલા'માં એક બ્રાહ્મણને ઘરે સ્ત્રી પ્રકટી. પછી મોટા થયા ત્યારે કૃષ્ણદાસનું લગ્ન થયું. બાલપણથી જ આ બન્નેની એવી રીત કે વૈરાગી, સાધુ, સંત આવે તે એમના ઘેરથી ખાલી ન જાય. એક દિવસ કૃષ્ણદાસની સ્ત્રી માટી લેવા ગામની દશ-પાંચ સ્ત્રીઓને સાથે લઈને ગઈ. ત્યાં માટી ખોદતાં ઉપરથી માટીની ભેખડ તૂટી પડી, તેમાં બધી સ્ત્રી દબાણી એવામાં ત્યાં શ્રીઆચાર્યજી આવી નીકળ્યા તે ભેખડ તૂટતાં જોઈ, એટલે બધા વૈષ્ણવોને કહ્યું, જલદી માટી હટાવો, અહીં સ્ત્રીઓ દબાઈ છે. તે સમયે ગુજરાતના વૈષ્ણવો ઘણાં સાથે હતા. તેમણે હાથોહાથ બધી માટી હટાવી અને બધી સ્ત્રીઓને કાઢી. તેમાં બે-ચાર તો અધમરી થઈ ગયેલી તેથી શ્રીઆચાર્યજીએ વેદમંત્ર ભણીને બધી સ્ત્રીઓ ઉપર જલ છાંટ્યું. એટલે બધી સાવધાન થઈ. એટલામાં ગામના લોકો પણ આવ્યા. પછી પોતપોતાના ઘરની સ્ત્રીઓને લઈ ગયા. ત્યારે કૃષ્ણદાસની સ્ત્રીએ શ્રીઆચાર્યજીને દંડવત કરી ને વિનંતી કરી, કે મહારાજ ! આપ કોણ છો ? જે અમને બધી દબાયેલીઓને, મરતાં બચાવી એવી આપે દયા કરી ભગવાન વિના આ સમયે બીજું કોણ સહાય કરે ? ત્યારે શ્રીઆચાર્યજી કહે, તું દૈવી જીવ છે, ભગવદીય છે. તેથી ભગવદીયની પાછળ બધી સ્ત્રીઓના પ્રાણ બચ્યા. ત્યારે કૃષ્ણદાસની સ્ત્રીએ વિનંતી કરી કે મહારાજ ! આપ કૃપા કરીને મારા ઘરે પધારો. મારી સતા અંગીકાર કરો, ત્યારે કૃષ્ણદાસ મેઘને કહ્યું, શ્રીઆચાર્યજી મહાપ્રભુ પોતાના સેવકોનું લે છે, બીજા કોઈનું કંઈ લેતા નથી. એ પ્રકારે વાત કરતા એટલામાં કૃષ્ણદાસે સાંભળ્યું કે સ્ત્રી માટીમાં દબાણી છે તેથી દોડી આવ્યા.

ત્યારે સ્ત્રીએ કહ્યું, આ શ્રીઆચાર્યજી મહાપ્રભુ સાક્ષાત ઈશ્વર છે. તેથી એમને બધી સ્ત્રીઓને કાઢીને જલ છાંટીને જીવાડી પરંતુ એ પોતાના સેવકોનું લે છે, બીજા કોઈનું લેતા નથી. ત્યારે કૃષ્ણદાસે શ્રીઆચાર્યજીને દંડવત્ કરી વિનંતી કરી, મહારાજ ! અમારા ઘરે પધારી અમને બંનેને સેવક કરો ત્યારે શ્રીઆચાર્યજી કૃષ્ણદાસના ઘરે પધારી કૃષ્ણદાસને સ્ત્રી સહિત નવડાવી નામ નિવેદન કરાવ્યું. પછીથી એ બન્નેએ વિનંતી કરી કે મહારાજ ! અમને સેવા પધરાવી દો. ત્યારે શ્રીઆચાર્યજી કહે તમને વૈષ્ણવ-સેવા આપી. આવ્યા ગયા વૈષ્ણવની સેવા કરજો. વળી નવનીતપ્રિયાજીના વસ્ત્રની સેવા પધરાવી આપી ત્રણ

રાત્રિ શ્રીઆચાર્યજી કૃષ્ણદાસને ઘરે રહી પોતે માર્ગની બધી રીતિ બતાવી. પછી આપ દ્વારકા પધાર્યા. કૃષ્ણદાસ સ્ત્રી સહિત સેવા કરે. આવ્યા ગયા વૈષ્ણવોનું સમાધાન કરે. પછી શ્રીઆચાર્યજી દ્વારિકાથી પાછા પધાર્યા ત્યારે એક રાત્રિ કૃષ્ણદાસના ઘરે રહી અડેલ પધાર્યા.

વાર્તાપ્રસંગ ૧ : પછી એક સમય દશ-પંદર વૈષ્ણવ ભેગા થઈ અડેલ શ્રીઆચાર્યજીના દર્શને ચાલ્યા. તે કૃષ્ણદાસના ઘરે આવી ઊતર્યા. તે દિવસે કૃષ્ણદાસના ઘરે સીધુ સામગ્રી કંઈ ન હતું. અને કૃષ્ણદાસ ઘરે ન હતા. પરંતુ સ્ત્રીએ બધા વૈષ્ણવોને દંડવત કરી ઘરમાં મુકામ કરાવ્યો. પછી વિચાર કર્યો કે ઘરમાં તો કાંઈ છે નહીં, અને કૃષ્ણદાસ ઘરે નથી, વૈષ્ણવ ભૂખ્યા હશે ? તેથી હવે હું શું ઉપાય કરું ? તે ગામમાં એક વાણિયો હતો. તે આ સ્ત્રીને સુંદર જોઈને એ વાણિયો કોઈ કોઈ વાર આ સ્ત્રીને ટોકે કે તું મારા ઘરે એક રાત્રિ આવે તો તને જે જોઈએ તે આપું ત્યારે તે સ્ત્રીએ વિચાર્યું કે વાણિયાની પાસે જાઉં. પછી તે વાણિયાની દુકાન પાસે આવીને તેને કહ્યું કે એક રાત્રિ આવીશ. સીધુ સામગ્રી જોઈએ છીએ. ત્યારે તે વાણિયાએ પ્રસન્ન થઈને જે માગ્યું તે આપ્યું ત્યારે તે સ્ત્રી સામગ્રી ઘરે લાવી. સ્નાન કરી શ્રીઠાકુરજીને ભોગ ધરી બધા વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવ્યો. બચ્યો તે ગાયોને ખવડાવી દીધો. પોતે એમાંથી કંઈ પણ ન લીધું પછી સીધુ-સામગ્રી લઈને કૃષ્ણદાસ સાંજે ઘરે આવ્યા. અને વૈષ્ણવોને જોઈને પ્રસન્ન થઈને બધાને મળ્યા. પછી પૂછ્યું, ક્યારે આવ્યા ? ત્યારે વૈષ્ણવોએ કહ્યું કે મધ્યાહ્ન સમે આવ્યા છીએ. ત્યારે કૃષ્ણદાસે સ્ત્રીને કહ્યું, વૈષ્ણવ ભૂખ્યા હશે, સીધુ લઈ રસોઈ કરો, ત્યારે સ્ત્રીએ કહ્યું કે એ મહાપ્રસાદ લઈ ચૂક્યા છે ચિંતા ન કરો. ત્યારે કૃષ્ણદાસે કહ્યું, વૈષ્ણવે ક્યાથી લીધું હશે ? ઘરમાં તો કંઈ હતું નહીં. ત્યારે સ્ત્રીએ જે પ્રકાર કર્યો તે બધાને કહ્યો. ત્યારે સ્ત્રીને દંડવત કરી કૃષ્ણદાસ કહે, તું ધન્ય છે કે મારો ધર્મ રાખ્યો પછી ફરી રાત્રિના રસોઈ કરી ભોગ ધરી વૈષ્ણવોને લેવડાવી સ્ત્રી-પુરુષે મહાપ્રસાદ લીધો. રાત્રિના વૈષ્ણવો સાથે મળી કીર્તન વાર્તા કરી, સવારે વૈષ્ણવ ચાલવા લાગ્યા. ત્યારે વિનંતી કરી કહ્યું, મારા ઘરેથી વૈષ્ણવ ભૂખ્યા ન જાય તેથી સ્ત્રી સહિત કૃષ્ણદાસે જલદી રસોઈ કરી ભોગ ધરી મહાપ્રસાદ લેવડાવી વૈષ્ણવોને પ્રીતિ સહિત વિદાય કરી થોડે દૂર સુધી કૃષ્ણદાસ પહોંચાડવા ગયા. પછી ઘરે આવીને સ્ત્રી સહિત મહાપ્રસાદ લીધો.

પછી સંધ્યા થઈ ત્યારે કૃષ્ણદાસે સ્ત્રીને કહ્યું, તું તે વાણિયાને કાલે વચન દઈને આવી છો, તે વાણિયો માર્ગ (રાહ) જોતો હશે એની સામગ્રીથી આપણો મનોરથ સિદ્ધ થયો છે. આપણો ધર્મ રહ્યો છે. તેથી તેનો મનોરથ પણ સિદ્ધ કરવો જોઈએ માટે ન્હાઈને શૃંગાર કરી લે. ત્યારે તે સ્ત્રીએ ઉબટનો લગાડી, ન્હાઈને કાજળ, બેંદી, સિંદુર લગાડી પગમાં મહાવર લગાડ્યું પછી ચાલવા લાગી. તે વખતે વર્ષાના દિવસો હતા, મેહ વર્ષવા લાગ્યો. અંધારું થઈ ગયું. ત્યારે કૃષ્ણદાસે કહ્યું, માર્ગમાં કીચડ થયો છે. તેથી તારો પગ કીચડથી ભરાશે અને પગના મેંદી ધોવાઈ જાય તે ઠીક નહીં. તે વાણિયો નારાજ થાય, તેથી તું મારા ખભા ઉપર ચઢી જા. હું તને તેની દુકાન ઉપર ઉતારી આવું. પછી સ્ત્રીને ખભા ઉપર ચઢાવી અને એની દુકાન ઉપર પહોંચાડીને કૃષ્ણદાસ પોતે ઘેર આવ્યા ત્યારે સ્ત્રીએ વાણિયાને બોલાવ્યો કે કમાડ ખોલ. એટલે તે વાણિયો મનમાં પ્રસન્ન થઈને લોટો પાણી સાથે લઈને આવ્યો અને કહ્યું. કીચડના પગ ધોઈ લે ત્યારે સ્ત્રીએ કહ્યું મારા પગ સૂકા અને સારા છે. ત્યારે વાણિયાએ કહ્યું, માર્ગમાં તો કીચડ ઘણો છે તો તારા પગ કોરા કેવી રીતે રહ્યા ? ત્યારે સ્ત્રીએ કહ્યું, મારા પગ કોરા છે, એ વાત પૂછીને તારે શું કામ છે ? તારું કામ તે તું કર. ત્યારે વાણિયાએ કહ્યું, તું આ વાત સાચી બતાવી દે. તારા પગ આવા

વરસાદમાં કોરા કેમ રહ્યા ? ત્યારે સ્ત્રીએ કહ્યું, મારા પતિ પોતાના ખભા ઉપર બેસાડીને મને તારી દુકાન ઉપર ઉતારી ગયા છે. ત્યારે વાણિયાએ કહ્યું, તેં આ વાત બધી સાચી કહી ? તારો પતિ મારે ત્યાં કેમ લાવ્યો ? વળી તું કોઈ દિવસ મારાથી બોલતી નહીં અને તેં આજે તેં તારા મુખથી કહ્યું જે હું એક રાત્રિ આવીશ. એમ કહીને ફક્ત સીધું-સામગ્રી લીધાં, કંઈ દ્રવ્ય આદિ નહીં માગ્યું. આ બધાનું કારણ મને કહે.

ત્યારે સ્ત્રીએ કહ્યું, મારા ઘરે વૈષ્ણવ મારા ગુરુભાઈ દશ-પાંચ આવેલા. ત્યારે ઘરમાં કાંઈ હતું નહીં. તેથી મેં વિચાર્યું કે આ દેહ શા કામમાં આવશે ? વૈષ્ણવો ભૂખ્યા રહેશે તે સારું નહીં. તેથી તેમને માટે સીધું હું લઈ ગઈ. વૈષ્ણવોને મહાપ્રસાદ લેવરાવ્યો તેથી મારે પતિ તારા ઉપર પ્રસન્ન થઈ તારી દુકાને ઉતારી ગયો છે તેથી તું તારા મનમાં ડરીશ નહીં. એ સાંભળીને વાણિયો પોતાની જાતને ધિક્કાર આપવો લાગ્યો અને કહ્યું, તમે સ્ત્રી-પુરુષ ધન્ય છો. પછી સ્ત્રીને દંડવત કરીને કહ્યું, તું મારી ધર્મની બહેન છો, મારો અપરાધ ક્ષમા કર, પછી એક નવી સાડી પહેરાવી કૃષ્ણદાસને ઘેર લઈ ચાલ્યો. ત્યાં જઈ કૃષ્ણદાસને દંડવત કરી વિનંતી કરી કે હું મહાપાપી છું. મારો અપરાધ ક્ષમા કરો. તમારો ધર્મ સાચો છે, હવે મને કૃપા કરીને શરણે લો. આ મારી ધર્મની બહેન છે અને તમે મારા બનેવી છો. મારા પૂજ્ય છો. મને હવે તમારા શરણે લઈને આ સંસાર દુઃખથી છોડાવો. ત્યારે કૃષ્ણદાસ કહે, અમે તો કોઈને સેવક કરતા નથી. અમે પણ શ્રીઆચાર્યજીના સેવક છીએ, તમે પણ શ્રીઆચાર્યજીના સેવક થઈ કૃતાર્થ થાવ. હવે થોડા દિવસમાં શ્રીઆચાર્યજી દ્વારકા પધારશે ત્યારે તમે સેવક થજો. પછી તે વાણિયો પોતાના ઘરે આવ્યો. ત્યાર પછી નિત્ય સવારે તે વાણિયો કૃષ્ણદાસને દંડવત કરી જતો હતો.

કેટલાક દિવસમાં શ્રીઆચાર્યજી તે ગામમાં પધાર્યા અને કૃષ્ણદાસના ઘરે ઊતર્યા. ત્યારે કૃષ્ણદાસે બધો પ્રકાર તે વાણિયાનો શ્રીઆચાર્યજી આગળ કહ્યો. અને વાણિયાની સેવક થવાની આર્તિ ઘણી છે એમ વિનંતી કરી. ત્યારે શ્રીઆચાર્યજી કૃષ્ણદાસને કહે. તે વાણિયાને બોલાવો. એટલે કૃષ્ણદાસ તે વાણિયાને જઈને કહે, શ્રીઆચાર્યજી મહાપ્રભુ પધાર્યા છે. ત્યારે તે વાણિયો કૃષ્ણદાસની સાથે આવી શ્રીઆચાર્યજીને દંડવત કરી વિનંતી કરી કે મહારાજ ! હું મહા અધમ છું. મારા ઉપર કૃપા કરો. ત્યારે શ્રીઆચાર્યજીએ તે વાણિયાને ન્હવડાવીને નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. અને જ્ઞાનચંડ નામ ધર્યું. પછી પોતે તે વાણિયાને કહે કે કૃષ્ણદાસના સંગથી તને જ્ઞાન થયું છે તેથી તું કૃષ્ણદાસનો સંગ કરજે. તે વડે તને ભગવત્પ્રાપ્તિ થશે. પછી કૃષ્ણદાસના ઘરે શ્રીઆચાર્યજી રસોઈ પાક ધરી ભોજન ધરી ભોજન કરી પોઢ્યા. પ્રાતઃકાલ થયે આગળ પધાર્યા. ત્યારે કૃષ્ણદાસ થોડીક દૂર પહોંચાડવા ગયા. ત્યારે શ્રીઆચાર્યજી કહે, કૃષ્ણદાસ ! તું ધન્ય છે કે અમે વૈષ્ણવસેવાની આજ્ઞા તને કરી હતી. તેવી જ તે વૈષ્ણવની સેવા તન, મન, ધનથી કરી, તેથી તારા સમાન બીજું કોઈ નથી. એમ કહી આપ પધાર્યા અને કૃષ્ણદાસ ઘરે આવ્યા. એવા ભગવદીય કૃષ્ણદાસ-સ્ત્રી-સહિત શ્રીઆચાર્યજીના કૃપાત્ર હતા, જેમના સંગથી વાણિયો ભલો વૈષ્ણવ થયો. તેથી કૃષ્ણદાસ-સ્ત્રી પુરુષની વાત ક્યાં સુધી કહીએ.

ભાવપ્રકાશ : તે વાણિયો લીલામાં લોપ છે. ‘પેલી’ એનું નામ છે. મૂલમાં દૈવી જીવ છે. તેથી કૃષ્ણદાસના સંગથી નામ-નિવેદન થયું. પછી સારો કૃપાપાત્ર થયો. તે કૃષ્ણદાસની વાર્તા અનિવર્ચનિય છે. વૈષ્ણમાં દૃઢ ધર્મ હોય તે આ વાર્તાને કહે. સાંભળે અને કાચી દશાવાળા વૈષ્ણવ આવું સાંભળીને ક્રિયા કરવાનું મન પણ કરે. તો ભ્રષ્ટ થાય કેમ કે કૃષ્ણદાસ સ્ત્રી-પુરુષ તો શ્રીઆચાર્યજીના અંગીકૃત છે. એમના હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજે છે. તેથી અગ્નિરૂપ છે. એમના ઉપર કોઈ લૌકિક દૃષ્ટિ કરે. ભસ્મ થઈ

જાય. આ તો વાણિયા ઉપર કૃપા કરવા માટે જ આ પ્રકાર કર્યો. અને વૈષ્ણવ ઠીક. પરંતુ વૈષ્ણવનો દાસ થઈ વૈષ્ણવની સેવા કરવી બહુ કઠણ છે. એ સિદ્ધાંત દેખાડ્યો. ॥ વાર્તા ૭૫ ॥

॥ વાર્તા ૭૬ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક, સંતદાસ ચોપડા ક્ષત્રી. આગ્રામાં સેઉના બજાર પાસે રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ લીલામાં ચંદ્રાવલીજીની સખી છે. 'ચંદ્રિકા' એમનું નામ છે. એક સમય ચંદ્રાવલીજીની સાથે યમુનાજીમાં ન્હાવાને તે ગઈ. ન્હાઈ ચૂકી, ત્યારે ચંદ્રાવલીજી કહે, શ્રીઠાકુરજી હજુ સુધી શ્રીયમુનાજીના તીરે પધાર્યા નહીં. તેથી તું જઈને જશોદાજીને ત્યાં ખબર કાઢી આવ. ત્યારે 'ચંદ્રિકા 'ચાલી. શ્રીનંદરાયજીના દ્વાર ઉપર શ્રીસ્વામિનીજી મળ્યાં. ત્યારે શ્રીસ્વામિનીજીએ પૂછ્યું કે ચંદ્રિકા ! તું ક્યાં ચાલી ? શ્રીચંદ્રાવલીજી ક્યાં છે ? ત્યારે ચંદ્રિકાએ કહ્યું હું નથી જાણતી ક્યાં છે ? ત્યારે સ્વામિનીજીએ કહ્યું તમે જૂઠું કેમ બોલો છો ? શ્રીઠાકુરજીને લેવા આવ્યા હશો. તમે પણ આ વાતમાં બહુ ચતુર છો. ત્યારે ચંદ્રિકાએ કહ્યું. આ વાતમાં તમે ચતુર છો કે શ્રીચંદ્રાવલીજી છે, હું તો કંઈ જાણતી નથી. હું તો શ્રીયમુનાજીમાં ન્હાઈ આવી છું. હવે મારા ઘરે જાઉં છું. આ ચતુરાઈમાં શું છે ? વ્રજના લોકો બધા ચર્ચા કરે છે. આ પ્રકારે અભિમાનપૂર્વક કહ્યું. ત્યારે શ્રીસ્વામિનીજી કહે, એવો મદ થયો છે તો ભૂમિ ઉપર પ્રકટો. મદ જાય ત્યારે અહીં આવજો. તેથી ચંદ્રિકા સખી આગ્રામાં એક ચોપડા ક્ષત્રો મોટો ધનાઢ્ય હતો તેના ઘરે જન્મી.

આ સંતદાસના પિતાને કોઈ સંતતિ ન હતી. તેથી વૈરાગી સંતજનોને પુત્ર નિમિત્ત સીધું સામાન આપતા. વળી બધાને વિનંતી કરે, મારે સંતતિ નથી, તમારી કૃપાથી થશે, ત્યારે એક વૈરાગીએ કહ્યું, પુત્ર તો મહાદેવ પ્રસન્ન થાય ત્યારે દે. ત્યારે તે ક્ષત્રીએ મહાદેવું પુજન-વ્રત એવું કર્યું કે બધું શરીર સુકાઈ ગયું. ત્યારે સ્વપ્નમાં મહાદેવને કહ્યું, તમારે શું જોઈએ છે તે કહો. ત્યારે તે ક્ષત્રીએ કહ્યું, સુંદર હરિભક્ત પુત્ર મારે થાય. ત્યારે મહાદેવે કહ્યું, મારા આપેલા જેટલા પુત્રો છે તે ભગવાનથી બહિર્મુખ છે અને તે હરિભક્ત પુત્ર માગ્યો તે હું ક્યાથી દઉં ? હરિભક્તનો સંગ તો હું યે સદા ચાહું છું. પરંતુ આનો જવાબ હું કાલે આપીશ. પછી મહાદેવે ભગવાન પાસે જઈને પૂછ્યું, મહારાજ ! એક ક્ષત્રીને હું વરદાન દેવા ગયો તેણે હરિભક્ત પુત્ર માગ્યો. તેથી તેના ભાગ્યમાં કંઈ છે કે નહીં ? ભગવાને કહ્યું, તેને જઈને કહેજે કે તારા ઘરે હરિભક્ત પુત્ર થશે અને તે બધા કુટુંબનો ઉદ્ધાર કરશે, એવો ભગવદીય લીલા સંબંધી જીવ મારી બરાબરનો પ્રકટશે. ત્યારે મહાદેવે એ ક્ષત્રીને બીજા દિવસે સ્વપ્નમાં કહ્યું કે તારા મહાન ભાગ્ય છે. તારા ઘરે એવો હરિભક્ત પુત્ર પ્રાપ્ત થશે કે તારું સઘળું કુલ પવિત્ર થશે, એમ કહીને મહાદેવ ગયા. તે ક્ષત્રી સ્વપ્ન જોઈને પ્રસન્ન થયો. પરંતુ મનમાં એમ જાણ્યું કે કંઈ નથી થયું. એ તો સ્વપ્નની વાત છે, જ્યારે ખરી થાય ત્યારે જાણીએ.

પછી એની સ્ત્રીને ગર્ભ રહ્યો, સમય થયે પુત્ર થયો. દ્રવ્ય પણ વધ્યું. પુત્ર મોટો થયો ત્યારે પિતાએ સંતદાસ એનું નામ ધર્યું પછી સેતદાસનો વિવાહ થયો. થોડા દિવસમાં સંતદાસનો પિતા મર્યો, એટલે સૂતકના દિવસો વિતે નહીં, ત્યારે જ્ઞાતિના એક ક્ષત્રીને સંતદાસ કહે, મારા દિવસ વિતતા નથી તેથી કંઈ કથા-વાર્તા થતી હોય તો સાંભળું. ત્યારે તે ક્ષત્રીએ કહ્યું, અહીં શ્રીઆચાર્યજી કન્હૈયાશાલ ક્ષત્રીને ઘરે પધાર્યા છે. તેમની કથા સાંભળો તો ભાવમાં મગન થઈ જાવ. ત્યારે સંતદાસ કહે, તમે જ્યારે ત્યાં

જાવ ત્યારે મને લઈ જજો. પછી ત્રીજા પ્રહરે તે ક્ષત્રીની સાથે સંતદાસ આવ્યા અને શ્રીઆચાર્યજીને દંડવત કરી ત્યાં બેસીને કથા સાંભળી પછી હૃદયમાં એ જ્ઞાન થયું કે શ્રીઆચાર્યજી પૂર્ણ પુરુષોત્તમ છે, એટલે સંતદાસે શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! કૃપા કરી મને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, હમણાં તો તમને સૂતક છે, સૂતક પછી તમને સેવક કરીશું. ત્યારે દંડવત કરી સંતદાસ ઘરે આવ્યા. પછી સૂતક સુધી નિત્ય કથા સાંભળવા જતા. શ્રીઆચાર્યજીના દર્શન કરી આવ્યા પછી ખાનપાન કરતા. પછી જ્યારે શુદ્ધ થયા ત્યારે ન્હાઈને શ્રીઆચાર્યજી પાસે આવી દંડવત કરી વિનંતી કરી, મહારાજ ! કૃપા કરી મારા ઘરે પધારો. મારા કુટુંબને અને મને પાવન કરો, એટલે શ્રીઆચાર્યજીએ સંતદાસના ઘરે પધારી સંતદાસને ન્હવડાવી નામ-નિવેદન કરાવ્યું ત્યારે સંતદાસે વિનંતી કરી કે, મહારાજ ! સ્ત્રીને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું, સ્ત્રીને નામ સંભળાવીશું. દૈવી નથી પરંતુ તારા સંગથી કૃતાર્થ થશે. પછી સ્ત્રીને નામ સંભળાવ્યું. ત્યારે સંતદાસે વિનંતી કરી, મહારાજ ! હવે મને ભગવત્સેવા પધરાવી દો. એટલે શ્રીઆચાર્યજીએ શ્રીનવનીતપ્રિયાજીનાં પ્રસાદી વસ્ત્ર સેવા માટે પધરાવી આપ્યા. પછી જગ્યા ખાલી કરી સંતદાસના ઘરે પાક-સામગ્રી કરી ભોગ ધરી ભોજન કરી, સંતદાસ સ્ત્રી-પુરુષને જૂઠણની પીતર આપશ્રીએ પોતે ધરી અને સ્ત્રી-પુરુષે મહાપ્રસાદ લીધો, પછી શ્રીઆચાર્યજી એકાન્તમાં એકલા બેઠા હતા. ત્યાં સંતદાસે જઈ દંડવત કરી વિનંતી કરી કે મહારાજ ! મારા ઉપર એવી કૃપા કરો કે આ દેહથી શ્રીઠાકુરજી અનુભવ જણાવે અને સંસારનું દુઃખ-સુખ બાધા ન કરે. આપનું સ્વરૂપ હૃદયારૂઢ થાય. પુષ્ટિમાર્ગીય ફલનો અનુભવ થાય. ત્યારે શ્રીઆચાર્યજીએ સંતદાસને 'પુરુષોત્તમ સહસ્રનામ' ભણાવ્યું, અને પોતે જે ગ્રંથ કર્યા હતા. તે પોથી સંતદાસને આપીને કહ્યું, તમને આ ગ્રંથ દ્વારા બધા મનોરથ પૂર્ણ થશે. અને કેટલાક દિવસમાં તમારા બધા દ્રવ્યનો નાશ થશે, જે દ્રવ્ય શ્રીઠાકુરજીમાં લગાડશો તે રહેશે. પરંતુ શ્રીઠાકુરજી વૈભવ વધાર્યા પછી જ્યારે દ્રવ્ય ન હોય ત્યારે તેમાંથી ખાનપાન કરે તો બહિર્મુખ થાય, માટે વિવેક રાખીને ધીરજ ધરજો, દૈવી છો તેથી તમારાથી ધર્મ નભશે, બીજાથી કઠણ છે. હું તારા ઉપર પ્રસન્ન છું. તેથી તને લૌકિક બાધા નહીં કરે. આ પ્રકારે સંતદાસ ઉપર કૃપા કરી આપ વ્રજમાં પધાર્યા. ત્યારે સંતદાસે સોના, રૂપાના વાસણ, આભૂષણ અનેક શ્રીઠાકુરજીના બનાવરાવી કેટલાક ઘરમાં રાખ્યા. કેટલાક શ્રીનાથજીને ત્યાં મોકલ્યા. અને કેટલાક શ્રીગુસાંઈજીને ત્યાં મોકલ્યાં.

વાર્તાપ્રસંગ ૧ : એ સંતદાસ બહુ જ દ્રવ્યસંપન્ન હતા. લાખ રૂપિયાનો વેપાર હતો. તે વેપારમાં બધું દ્રવ્ય ખોયું થોડુંક ચોરોએ લૂંટી લીધું. છોડુંક રાજાએ દંડમાં લીધું, પછી નિષ્કંચન થયા. પરંતુ મનમાં આનંદ થયો કે શ્રીઆચાર્યજીએ કહ્યું, તે થયું. પછી ચોવીસ ટકા પૂંજી રહી તેને લઈને સેઉના બજારમાં કોડી વેચવા લાગ્યા, પૈસાની કોડીઓની ઢગલી અલગ અલગ કરીને રાખતા પોતે કોઈથી બોલતાં નહીં. લોકો પૈસા મૂકીને કોડીની ઢગલી લઈ જતા. એમ અઢી પૈસા નિત્ય કમાતા.પોતે બેસીને પુસ્તક વાંચતા પછી અડધા પૈસાની ચવેણી, ઉષ્ણકાલમાં દાળ ભીંજવીને ધરતા, શતકાલમાં શેકેલા ચણા ધરતા, એક ટકામાં રાજભોગ ધરતા તે મહાપ્રસાદ લેતા. અડધા પૈસાની ચવેણી રાત્રિએ એમના ઘરે વૈષ્ણવ મંડલી થતી તેથી કીર્તન-વાર્તા થયા પછી વાંટતા આ પ્રકારે નિર્વાહ કરતાં એમ કરતાં ગૌડ દેશના નારાયણદાસ શ્રીગુસાંઈજીના સેવકે સાંભળ્યું કે સંતદાસને દ્રવ્યનો ઘણો સંકોચ છે. ત્યારે નારાયણદાસે સંતદાસને એક પત્ર લખ્યો. તેમાં સોના મહોરોની હૂંડી મોકલી. તે પત્ર ઉપર ટકો ટપાલીનો લખ્યો પત્ર આગ્રા આવ્યો. ત્યારે સંતદાસે વાંચીને અઢી પૈસા કમાતા હતા. તેમાંથી ટકો ટપાલીને આપ્યો. અને પોતે તે દિવસે રસોઈ

ન કરી હૂંડી નીકળી તે શ્રીગુસાંઈજીને શ્રીગેકુલમાં મોકલી. અને નારાયણદાસને પત્ર લખ્યો, તેમાં એમ લખ્યું હતું કે આ તમારી પ્રભુતામાં એક દિવસ રાજભોગ ન ધરાયો. હવે ક્યારેય આવી કૃપા ન કરતા ! અને હૂંડી તમારી શ્રીગુસાંઈજીને મોકલી છે. પછી હૂંડી જ્યારે શ્રીગોકુલ ચાંપાભાઈ શંકરભાઈ ભંડારી પાસે આવી ત્યારે ચાંપાબાઈ શંકરભાઈએ શ્રીગુસાંઈજીને વાંચી સંભળાવી અને કહ્યું, મહારાજ ! ગૌડ દેશના નારાયણદાસે સંતદાસને જે હૂંડી મોકલી છે. ત્યારે શ્રીગુસાંઈજી શ્રીમુખથી કહે કે સંતદાસ મહાન ભગવદીય શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર સેવક છે. તે વૈષ્ણવનું દ્રવ્ય કેમ રાખે ? તેથી અહીં મોકલ્યું.

ભાવપ્રકાશ : આ વાર્તામાં સંદેહ છે કે ચોવીસ ટકાની પુંજીમાં અઢી પૈસા કમાતા તેમાંથી ટકો ટપાલીને આપ્યો અને લખ્યું કે રાજભોગ ન ધરાયો, તો ચોવીસ ટકાની પુંજીનો આશય નથી કે કાલે કમાઈશું ? જેમનું સહજમાં જુગવાનમાં લાગે તે શ્રીઠાકુરજી પુંજી રાખીને રાજભોગ બંધ ન રાખે મન તો. તો સંતદાસ ચોવીસ ટકાની પુંજી રાખી અને રાજભોગ કેમ ન ધર્યો ? એક આ સંદેહ છે, વળી આગ્રા શહેરમાં સ્ત્રી સહિત રહ્યા છે તે અઢી પૈસામાં નિર્વાહ કયા પ્રકારે કરે ? ઘરમાં અનેક ખર્ચ, લાકડા, તેલ, ઘી, મીઠું, શાક આદિ જોઈએ. ઉત્સવ પવિતાં, શ્રીઆચાર્યજીનો જન્મદિવસ, વગેરેમાં શું છે ? આ બીજો સંદેહ ત્યાં આ ભાવ જાણવો જે સંતદાસનું બધું દ્રવ્ય જ્યારે ગયું ત્યારે શ્રીઠાકુરજીની સેવાનું મંડાણ શ્રીઠાકુરજીના દ્રવ્યથી રાખ્યું. વળી શ્રીઠાકુરજીના દ્રવ્યમાં ચોવીસ ટકા પુંજી કરી કોડી વેચતા, તે શ્રીઠાકુરજીની પુંજીમાંથી તો ટપાલીને આપ્યું ન જાય. તેથી કમાઈનો ટકો આપ્યો. ત્યારે એમની મજૂરીનો રાજભોગ ન થયો તેથી મહાપ્રસાદ ન લીધો. ટકાના લોટનો અલગ ભોગ ધરતા તે રાજભોગ જાણતા અને પ્રસાદ લેતા. અને નિત્યનો નેક ઘણો શ્રીઠાકુરજીના દ્રવ્યથી થતો. તેણે પોતાની રાજભોગની સેવા સિદ્ધ ન થઈ. તેથી ટપાલીને ટકો આપ્યો. અને નારાયણદાસને લખ્યું કે તમારી પ્રભુતામાં એક દિવસ રાજભોગ ન ધર્યો, કેમ જે મારી સત્તાનો ભોગ ન ધર્યો. એ પ્રમાણે સંતદાસે વિવેક, ધૈર્ય, અને આશ્રયનું રૂપ દેખાડ્યું. વિવેક એ કે શ્રીગુસાંઈજીને હૂંડી મોકલી, પોતાની સેવા ન થઈ તેથી રાજભોગ બંધ જાણ્યો. ધૈર્ય એ કે શ્રીઠાકુરજીના દ્રવ્યથી ખાનપાન ન કર્યું, અને આશ્રય એ કે મનમાં આનંદ પામ્યા, દુઃખ ક્લેશ ન પામ્યા.

આ પ્રકારે સંતદાસે શ્રીઆચાર્યજીના ગ્રંથને અનુસાર સેવા કરી તેઓ રસમાં મગ્ન રહેતા. એ સંતદાસની વાર્તા ક્યાં સુધી કહીએ ?

વાર્તાપ્રસંગ ૨ : સંતદાસને ઘરે વૈષ્ણવ મંડલી થાય ત્યારે ચોકમાં બધા વૈષ્ણવો બેસે, ત્યારે મહાદેવજી આવીને સંતાઈને ઘરના દ્વાર પાસે નિત્ય ભગવદ્વાર્તા સાંભળવા બેસતા. તે કોઈ જાણે નહીં. વળી આગ્રામાં એક શેઠ શ્રીગુસાંઈજીનો સેવક હતો, તે રાજસી હતો. એણે સાંભળ્યું કે સંતદાસને ઘરે રાત્રિએ વૈષ્ણવ મંડલી ભેગી થાય છે. અને ભગવદ્વાર્તા થાય છે, તે ઘણું સુખ થાય છે. ત્યારે તે શેઠે કહ્યું, મહાપ્રસાદ પણ કંઈ વાંટે છે ? ત્યારે એક વૈષ્ણવે કહ્યું, ચણા, ચવેણી, વાંટે છે. ત્યારે શેઠે કહ્યું હું મારા ઘરે વૈષ્ણવ મંડળી ભેગી કરી ઠોર લાડુ વાંટીશ. પછી તે શેઠે લાડુ, ઠોર કરી સાંજે બધા વૈષ્ણવોને કહેવડાવ્યું કે શેઠના ઘરે વૈષ્ણવ મંડલી ભેગી થાય છે અને ત્યાં ઠોર લાડુ વાંટે છે, પછી રસિકજન કથાવાર્તાના લોભી તો બધા સંતદાસના ઘરે ગયા. અને ખાનપાન લોભી અને શેઠની ખુશામત કરવાવાળા શેઠના ઘરે બેચાર વાર આવ્યા. આ પ્રકારે દસ-પંદર દિવસ વીત્યા ત્યારે શેઠે આવીને કહ્યું, હું ઠોર લાડુ વાંટું છું. તો પણ વૈષ્ણવો મારા ઘરે નથી આવતા, અને સંતદાસને ત્યાં ચણાની ચવેણી વંટાય

છે ત્યાં બધા જાય છે, ત્યારે એકે કહ્યું, આપણે એક દિવસ સંતદાસને ત્યાં ભગવદ્‌વાર્તા કીર્તનનું ઘણું સુખ થાય છે. તેથી બધા વૈષ્ણવો ત્યાં જાય છે. ત્યારે શેઠે કહ્યું, આપણે એક દિવસ સંતદાસને ત્યાં જોઈએ કે કેવો રસ આવે છે ! તે જ પ્રકારે આપણા ઘરે કરીશું.

પછી બે ચાર પોતાના સંગના વૈષ્ણવોને લઈ શેઠ સંતદાસના ઘરે આવ્યો. ત્યાં ભગવદ્‌વાર્તા થઈ તેમાં શેઠ કંઈ સમજ્યો નહીં. તેથી ઊંઘ આવી ગઈ. પછી કીર્તન વાર્તા થઈ ચૂકી ત્યારે ચણા વાંટ્યા. શેઠને પણ જગાડીને ચણા આપ્યા. શેઠે હાથમાં લીધા પરંતુ લાજના માર્યા મુખમાં ન મૂક્યા. હાથમાં લઈ ઊઠ્યો. પછી જોડા પહેરવા લાગ્યો ત્યાં ચણા નાખી દીધા. ત્યારે મહાદેવજી તે ચણા વીણવા લાગ્યા ત્યારે વૈષ્ણવોએ કહ્યું, આ કોણ છે ? ચોર, ચોર કહી પકડ્યા. ત્યારે સંતદાસે આવી વૈષ્ણવોને કહ્યું, એમ ન કહો, ભગવદ્‌વાર્તામાં ચોર શા માટે આવે ? પછી મહાદેવજીને સંતદાસે પૂછ્યું, તમે કોણ છો ? સાચું કહો, ત્યારે મહાદેવજી કહે, તમે ભગવદીય છો તેથી કહું છું. આ બધાને જવા દો પછી બધા વૈષ્ણવો ગયા. ત્યારે કહ્યું, હું મહાદેવ છું. સંતાઈને ભગવદ્‌વાર્તા કીર્તન સાંભળું છું. આજે પેલા શેઠે મહાપ્રસાદ ધરતી ઉપર નાખી દીધો તે મેં વીણીને ખાધો, મહાપ્રસાદ કોઈના પગ નીચે આવે તો અનર્થ થાય ત્યારે સંતદાસે કહ્યું, તમે દ્વારની પાસે કેમ બેસો છો ? અંદર આવ્યા કરો. ત્યારે મહાદેવે કહ્યું, તમે પુષ્ટિમાર્ગીય ભક્તોના વચમાં મર્યાદામાર્ગીયનો અધિકાર નથી. વળી તમે મગ્ન થઈને શ્રીઠાકુરજીની અનેક પ્રકારની વાર્તા કરો છો તે સાંભળવાનો મારો અધિકાર નથી તેથી જેટલો મારો અધિકાર છે તેટલું સાંભળું છું. તેથી દૂર બેસવું મને ઠીક લાગે છે, પછી સંતદાસજીને ત્યાંથી વિદાય થઈ મહાદેવજી અંતર્ધાન થયા. ત્યારે કમાડ લગાડી સંતદાસજી ઘરમાં આવ્યા. તે દિવસથી સંતદાસે એ રીત રાખી કે જ્યારે પોતાની મંડળીના બધા વૈષ્ણવો આવી ચૂકે ત્યારે દ્વારના કમાડ લગાડીને ભગવદ્‌વાર્તા કરે. કેમ કે કોઈ લૌકિક જીવ આવે તો ઠીક નહીં. તે સંતદાસ એવા ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૩ : વળી જ્યારે શ્રીગુસાંઈજીનો જન્મદિવસ આવતો ત્યારે સંતદાસ પ્રતિ વર્ષ શ્રીગુસાંઈજીના દર્શને શ્રીગોકુલ જતા. શ્રીગુસાંઈજી સંતદાસ ઉપર શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર સેવક જાણીને જ કૃપા કરતા. પછી કેટલાક દિવસમાં સંતદાસજીનું શરીર થાક્યું, વૃદ્ધ થયા. ત્યારે શ્રીગોકુલથી ચાંપાભાઈ શંકરભાઈને બોલાવ્યા. શ્રીગુસાંઈજીને વિનંતીપત્ર લખીને. ત્યારે શ્રીગુસાંઈજી ચાંપાભાઈ ભંડારીને કહે કે તમે આગ્રા સંતદાસ વૈષ્ણવના ઘરે જાવ, હવે એ દેહ છોડશે. તેથી ચરણામૃત લઈ મહાપ્રસાદ લઈ જાવ એટલે ચાંપાભાઈ શ્રીગુસાંઈજીનું ચરણામૃત લઈ મહાપ્રસાદ લઈ આગ્રા સંતદાસની પાસે આવ્યા. ત્યારે સંતદાસ પ્રીતિપૂર્વક ચાંપાભાઈ ભંડારીને ભેટ્યા. પછી ચાંપાભાઈએ સંતદાસને ચરણામૃત મહાપ્રસાદ આપ્યો. તે લઈને સંતદાસે ચાંપાભાઈને કહ્યું, આ ઘરમાં વાસણપાત્ર જે કંઈ છે તે બધું શ્રીગુસાંઈજીનું છે. પછી શ્રીઠાકુરજી અને શ્રીઠાકુરજીનું જે કંઈ દ્રવ્ય હતું તે તથા ઘરનું ખતપત્ર બધું ચાંપાભાઈને આપીને કહ્યું, કે ચાહો તો થોડાક દિવસ સ્ત્રી જનને ઘરમાં રહેવા દેજો, ચાહો તો હમણાં જ વેચીને પૈસા લો. આ પ્રકારે બધું ચાંપાભાઈને સોંપ્યું. પછી ચાંપાભાઈએ ઘરનું ખતપત્ર તથા બધાં વાસણ દ્રવ્ય લઈને શ્રીગોકુલ આવીને બધા સમાચાર શ્રીગોકુલજીને કહ્યા. ત્યારે શ્રીગુસાંઈજી કહે, સંતદાસ શ્રીઆચાર્યજીના સેવક છે, એમનો વિવેક, ધૈર્ય, આશ્રય, એમનાથી જ બને. પછી સેતદાસની દેહ ઘણી જ અશક્ત થઈ. વૈષ્ણવો ભેગા થયા તેઓ સંતદાસને કહે તમે કહો તો તમને રેણુંકા તીર્થ લઈ ચાલીએ. અને કહો તો મથુરા લઈ ચાલીએ. ત્યારે સંતદાસ કહે, રેણુકા, મથુરા મને શું કૃતાર્થ કરશે ?

જન્મભર શ્રીઆચાર્યજીનો આશ્રય કર્યો. હવે આ સમયે તીર્થનો આશ્રય કરું. ત્યારે બધા વૈષ્ણવોએ કહ્યું, તમે કહો તો તમને શ્રીગોકુલ લઈ જઈએ. ત્યારે સંતદાસ કહે, હવે હું શ્રીગોકુલ જઈને શું મારી રાખ ઉડાવું ? શ્રીગોકુલની સેવા તો મારાથી કંઈ બની નથી. તેથી હવે તમે બધા ભગવદ્‌નામ લો. ત્યારે બધા વૈષ્ણવો ભગવદ્‌નામ લેવા લાગ્યા. કોઈ તો પંચાધ્યાયનો પાઠ કરવા લાગ્યા, કોઈ કીર્તન કરવા લાગ્યા. પછી જ્યારે દેહ છોડવાનો સમય થયો ત્યારે સંતદાસે વૈષ્ણવોને કહ્યું, હવે તમે બધા ચૂપ થઈને મારી વાત સાંભળો. એટલે બધા વૈષ્ણવો ચૂપ થઈ ગયા. ત્યારે સંતદાસ કહે કે એક સમય શ્રીગુસાંઈજીનો જન્મદિન હતો તે દિવસે હું શ્રીગોકુલ ગયો ત્યારે શ્રીગુસાંઈજીનું કેસર સ્નાન કરી કેસરી ધોતી પહેરી અને ઉપરણો ઝટકીને ઓઢતા હતા. ત્યારે મેં જઈને દંડવત કર્યા. ત્યારે શ્રીગુસાંઈજી કહે, સંતદાસ ! હમણાં આવ્યા ? ત્યારે મેં કહ્યું, હા, મહારાજ ! હમણાં જ આવ્યો. ત્યારે મને પાછળથી આવ્યો જાણીને જલ મંગાવી પ્રભુએ મને ચરણોદક આપ્યું. આ ધ્યાન તે સમયનું કરીને દેહ છોડી લીલામાં પ્રાપ્ત થયા.

ભાવપ્રકાશ : એ સંતદાસ એવા ટેકી અને કૃપાપાત્ર ભગવદીય હતા કે કોઈ તીર્થનો આશ્રય ન કર્યો. એક શ્રીઆચાર્યજીનો દઢ આશ્રય રાખ્યો. શ્રીગોકુલ આવવાની ના કહી. હવે હું શું રાખ ઉડાવું ? તે આ કારણથી કે લીલા-સ્થલમાં લૌકિક દેહ શું પાડું ? અલૌકિક દેહથી જે સેવા બને શ્રીગોકુલની, શ્રીઠાકુરજીની, તે જ સારી છે. અને દેહનું શું ? ભગવદાશ્રય સર્વોપરી પદાર્થ છે. દેહ ગમે ત્યાં પડે તેથી શું એ જણાવ્યું.

પછી વૈષ્ણવોએ સંતદાસની દેહનો સંસ્કાર કર્યો. સંતદાસની આ બધી વાત એક વૈષ્ણવે શ્રીગોકુલ આવીને શ્રીગુસાંઈજીની આગળ કહી. ત્યારે શ્રીગુસાંઈજીને રોમાંચ થઈ આવ્યા. આપ કહે, સંતદાસ મહાન ભગવદીય હતા, એવો આશ્રય વૈષ્ણવે કરવો જોઈએ કે જેવો સંતદાસે કર્યો. આ પ્રકારે સંતદાસની બહુ જ પ્રશંસા કરી. તે સંતદાસ શ્રીઆચાર્યજીના આવા ભગવદીય કૃપાપાત્ર હતા. એમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૭૬ ॥

॥ વાર્તા ૭૭ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક, સુંદરદાસ માધવદાસ ગંગાપુત્ર બ્રાહ્મણ હતા, તે શ્રીજગન્નાથરાયજી કોસ દસ ઉપર એક પીપરી નામે ગામમાં રહેતા. તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : લીલામાં સુંદરલાલનું માધવદાસ, બન્ને કુમારિકાના યુથમાં રાધા-સહચરીની સખી છે. ત્યાં સુંદરદાસનું નામ ‘શીલા’ અને માધવદાસનું નામ ‘લાલા’ છે. અ બન્ને પૂર્વમાં પીપરી ગામમાં જન્મ્યા. સુંદરદાસ તો ગંગાપુત્ર બ્રાહ્મણના ઘરે જન્મ્યા, અને માધવદાસ સારસ્વત બ્રાહ્મણના ઘરે જન્મ્યા. તે માધવદાસનો પિતા એક મસ્જિદમાં પીર હતો. તેનો જ આશ્રય કરતો. મ્લેચ્છ જેમ કરે તે જ પ્રકારથી માલ પતાસાં નિત્ય ચઢાવે, એને પુત્ર ન હતો તેથી પીરની માનતા કરી, ત્યારે પુત્ર થયો. તેથી તે સારસ્વત બ્રાહ્મણને પીરમાં વિશ્વાસ થયો. પછી તે પીર સારસ્વતથી બોલતો, વાતો કરતો, તે વાત એ સારસ્વત બ્રાહ્મણ હિન્દુ થઈને પ્રકટ કરે તો નિંદા થાય તેથી બેટાનું નામ માધવદાસ રાખ્યું. કૃષ્ણચેતન્ય જે ગૌડ દેશના થયા. તેમના સેવક માધવદાસને કરાવ્યા. પરંતુ મનમાં દઢતા માધવદાસના પિતાની અને માધવદાસની પીરમાં હતી. ઉપરથી એક ઠાકુર લઈ રાખ્યા. તે લોકોને દેખાડવાને પૂજે. જ્યારે ઠાકુર આગળ ભોગ ધરે ત્યારે પીરનું નામ લઈને બોલાવે તે પીર બધું ખાઈ જાય તે ગામમાં સુંદરદાસ ગંગાપુત્ર બ્રાહ્મણ રહે, એની એ રીતિ કે કોઈ સંત મહંત, મહાપુરુષ આવે તેમની ટહેલ આખો દિવસ કરે. પગ

દાબે, પાણી, સીધું, બધું લાવી દે, બે કોશ સુધી પહોંચાડી આવે. આ પ્રકારે રહે.

એક સમય શ્રીઆચાર્યજી શ્રીજગન્નાથરાયજી પધાર્યા ત્યારે પીપરી ગામની પાસે તલાવ ઉપર ઊતર્યા. સુંદરદાસે ત્યાં આવીને દંડવત કરીને કહ્યું, હું આપના ચરણ દાબું ? પાણી લઈ આવું; સીધું સામગ્રી જે કંઈ કહો તે લઈ આવું. હું આ ગામમાં રહું છું. અને જે કોઈ સંત-મહંત મહાપુરુષ આવે તેમની હું ટહેલ કરું છું, હું ગંગાપુત્ર બ્રાહ્મણ ગૃહસ્થ છું. તેથી જે કંઈ ટહેલ આપ કહો તે હું કરું. ત્યારે કૃષ્ણદાસ કહે, કે તું અમારી વસ્તુ ભાવથી અલગ રહેજે. જો તું અડીશ તો છોવાઈ જઈશ, તેથી તું તારા કામે જા. અમારે કંઈ કામ નથી. જોજે, કોઈને અડતો નહીં. ત્યારે સુંદરદાસે કહ્યું, મારો શો અપરાધ છે કે કંઈ ટહેલ નથી બતાવતા ? હું તો જે વૈષ્ણવ આવે છે તે બધાની ટહેલ કરું છું. અને તમે કહો છો કે અડીશ નહીં તેનું કારણ શું ? હું તો બ્રાહ્મણ છું, ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે તું બ્રાહ્મણ છે તો તારા ઘરનો અહીં તો શ્રીઆચાર્યજીના સેવક હોય તેની પાસે ટહેલ કરાવીએ છીએ. એને જ બધે અડકાડીએ છીએ. બીજાની અડેલી વસ્તુ કંઈ કામ ન આવે. ત્યારે સુંદરદાસ જરા દૂર ઊભા રહ્યા. પછી વૈષ્ણવોને થોડી થોડી બધી જગા ખોદીને જલ લાવીને છાંટીને આસન બિછાવ્યું. તે ઉપર શ્રીઆચાર્યજી મહાપ્રભુ બિરાજ્યા. શ્રીઆચાર્યજીનું સ્વરૂપ જોઈને સુંદરદાસ મોહિત થઈ ગયા. પછી કૃષ્ણદાસ ગામમાં જઈ સીધું-સામગ્રી લાવ્યા. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ ન્હાઈને રસોઈ કરી. શ્રીઠાકુરજીને ભોગ ધરી પોતે ભોજન કર્યું. પછી સુંદરદાસને દૈવી જીવ જાણી મહાપ્રસાદ આપ્યો. મહાપ્રસાદ લેતાં જ સુંદરદાસની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ. એટલે સુંદરદાસે શ્રીઆચાર્યજીને વિનંતી કરી, મહારાજ ! આપ સાક્ષાત ઈશ્વર છો. મારો શો અપરાધ છે કે મારાથી ટહેલ ન કરાવી ? ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે કે અમારા સાથે વૈષ્ણવો છે, તે બધા અમારી રીત મર્યાદા જાણે છે. તમને હજુ અમારી રીત મર્યાદાની ખબર નથી, તેથી તમારી પાસે ટહેલ કરાવી નહીં. ત્યારે સુંદરદાસ કહે, મહારાજ ! મને શરણે લો. જે પ્રકાર મને તમે બતાવો તે પ્રકારે હું કંઈ આપની ટહેલ કરું. ત્યારે મારા મનમાં સુખ થાય. તેથી મને ચરણનો સ્પર્શ તો કરાવો, ત્યારે શ્રીઆચાર્યજીએ સુંદરદાસની દીનતા જોઈને સુંદરદાસને નામ સંભળાવી ચરણનો સ્પર્શ કરાવ્યો. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુ પોઢ્યા. ત્યારે સુંદરદાસે આખી રાત્રિ પરમ પ્રીતિથી ચરણસેવા કર્યા કરી. શ્રીઆચાર્યજી બે વાર રાત્રિએ કહે કે સુંદરદાસ ! તમે સૂઈ જાવ, ત્યારે સુંદરદાસે વિનંતી કરી કે મહારાજ ! સુવાનું તો નિત્ય છે, પરંતુ આ સેવા આપની ક્યારે મળશે ? પ્રાતઃકાલ થયું ત્યારે સુંદરદાસે શ્રીઆચાર્યજી મહાપ્રભુને દંડવત કરી વિનંતી કરી કે મહારાજ ! આપ કૃપા કરીને મારે ઘરે પધારો અને મારી સ્ત્રીનો અંગીકાર કરો. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ સુંદરદાસના ઘરે પધારી, આપ સ્નાન કરી, રસોઈ કરી, પછી સુંદરદાસને કહે, કે સુંદરદાસ ! સ્ત્રી સહિત ન્હાઈ આવો. પછી શ્રીઆચાર્યજીએ સુંદરદાસને બ્રહ્મસંબંધ કરાવી સ્ત્રીને ધર્મ સંભળાવી નિવેદન કરાવ્યું. પછી સુંદરદાસના ઘરે લાલજી ઠાકુર હતા તેમને પંચામૃતથી ન્હવડાવીને આપે ભોગ ધર્યો. પછી આપે ભોજન કરી સુંદરદાસને સ્ત્રી સહિત જુઠણ મહાપ્રસાદ આપ્યો. બે દિવસ સુંદરદાસના ઘરે રહી પુષ્ટિમાર્ગની બધી રીતિ બતાવી આપ તો શ્રીજગન્નાથરાયજીના દર્શને પધાર્યા, અને સુંદરદાસ સેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ : એ સુંદરદાસને માધવદાસ સાથે ઘણો સ્નેહ હતો. એથી સુંદરદાસે મનમાં વિચાર્યું કે આ માધવદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુનો સેવક થાય તો કૃતાર્થ થાય અને બધો અન્યાશ્રય છૂટે. પછી સુંદરદાસે માધવદાસ આગળ શ્રીઆચાર્યજી મહાપ્રભુની ઘણી વડાઈ કરી અને માધવદાસને કહ્યું કે

તમે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક થાવ તો આ જન્મમાં જ કૃતાર્થ થાવ. શ્રીઆચાર્યજી મહાપ્રભુ સાક્ષાત્ ભગવાન છે. ત્યારે માધવદાસે કહ્યું, મારે તો જે કંઈ છે, તે કૃષ્ણચૈતન્ય છે. ત્યારે સુંદરદાસ કંઈ બોલ્યા નહિ, કેમ કે બન્નેમાં સ્નેહ ઘણો હતો.

ભાવપ્રકાશ : લીલાનો સંબંધ દૃઢ છે, તેથી અહીં પણ દૃઢ સ્નેહ થયો. અને સુંદરદાસે માધવદાસનું કલ્યાણ આ જ જન્મમાં વિચાર્યું છે. તેથી પણ શ્રીઠાકુરજી તેનો અંગીકાર કરશે ભગવદીય જે વિચારે તે થાય.

પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુ શ્રીજગન્નાથરાયજીનાં દર્શન કરી કેટલાક દિવસ ત્યાં રહીને ફરી વખત ત્યાં પધાર્યા. ત્યારે સુંદરદાસના ઘરે ઊતરી સ્નાન કરી પાક સામગ્રી કરી અને ઠાકુરજીને ભોગ ધર્યો. ત્યારે માધવદાસ સુંદરદાસના ઘરે આવી સુંદરદાસની પાસે બેઠા. એટલામાં સમય થયો. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ ભોગ સરાવ્યો. ત્યારે માધવદાસે મહાપ્રસાદનો થાળ ભર્યો જોયો. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ ભોજન કરી પોઢ્યા. ત્યારે માધવદાસે સુંદરદાસને કહ્યું કે તારા ગુરુ શ્રીઆચાર્યજીના હાથે શ્રીઠાકુરજી આરોગતા નથી. મેં મહાપ્રસાદનો થાળ ભર્યો જોયો. અને મારા ઘરમાં હું જે શ્રીઠાકુરજીને ધરું છું તેમાંથી એક ગ્રાસ પણ રહેતો નથી, મારા ઠાકુર બધું ખાઈ જાય છે. ત્યારે સુંદરદાસે કહ્યું, કંઈ નથી રહેતું તો તમે શું ખાવો છો ? ત્યારે માધવદાસે કહ્યું કે અમારા ઘર લાયક જુદું કાઢી રાખું છું. ઠાકુરને વિશેષ હોય એટલે ધરું છું. એમાંથી કાંઈ ખાતો નથી. ત્યારે સુંદરદાસે કહ્યું, આ વાતનો ઉત્તર તમે પાછલા પહોરે આવજો ત્યારે તમને કહીશ. ત્યારે માધવદાસ ગયા. અને સુંદરદાસે સ્ત્રી સહિત મહાપ્રસાદ લીધો.

પછી શ્રીઆચાર્યજી આપ જાગ્યા ત્યારે સુંદરદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુને કહે, જે મહારાજ ! એક માધવદાસ સારસ્વત બ્રાહ્મણ છે તે કહે છે કે હું ઠાકુરજીના આગળ જે ધરું છું તે બધું મારા ઠાકુર ખાઈ જાય છે. એની થાળીમાં કંઈ જ રહેતું નથી. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે એ મૂર્ખ છે, એના ઘરે ભૂત ખાઈ જાય છે. શ્રીઠાકુરજીનો હાથ લાગે તે વસ્તુ ક્યારેય ઘટે નહીં. પણ તે માધવદાસ દૈવી છે. વળી તમારા મનમાં એનો ઉદ્ધાર કરવાનું આવ્યું છે. તેથી હવે એને શરણે લઈને વૈષ્ણવ અવશ્ય કરવો છે. ત્યારે સુંદરદાસ પ્રસન્ન થયા. પછી માધવદાસ આવ્યા ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ માધવદાસને પાસે બોલાવીને કહે, માધવદાસ ! તારા ઘરે ઠાકુરજી બધી સામગ્રી ખાઈ જાય છે ? ત્યારે માધવદાસે કહ્યું, હા, હા, કંઈ રહેતું નથી. થાળમાં બધું ખાઈ જાય છે. એવા મારા ઠાકુર છે. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે, કાલે જ્યારે તું ભોગ ધરે ત્યારે અમને પહેલાં ખબર કરજે, અમે પણ જોઈએ. ત્યારે માધવદાસે કહ્યું કાલ સવારે તમને ખબર કરીશ, પછી માધવદાસ ઘરે ગયા. સવારે ઊઠી રસોઈ કરી, પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુની પાસે જઈ કહ્યું, મહારાજ ! પધારો. એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુ ત્યાં મંદિરના દ્વાર ઉપર જઈ બેઠા. માધવદાસે થાળમાં બધી સામગ્રી ધરીને શ્રીઆચાર્યજીને દેખાડીને કહ્યું કે હવે હું ભોગ ધરું છું. ત્યારે શ્રીઆચાર્યજી કહે કે ધરો. પછી તે માધવદાસે ઠાકુરના આગળ ભોગ ધરીને પીરનું સ્મરણ કર્યું, તે પીર ભૂત હતો તેં આવ્યો. પરંતુ મંદિરની પાસે આવતા જ શ્રીઆચાર્યજી મહાપ્રભુને જોઈને અગ્નિથી બળવા લાગ્યો. અને શ્રીઆચાર્યજીને કહ્યું કે આજ હું ભૂખ્યો રહ્યો. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ ભૂતને કહે કે આજ સુધી તે ખાધું તે તો ખાધું, પરંતુ આજ પછી તું ક્યારેય અહીં આવીશ નહીં. ફરી અહીં આવીશ તો ભસ્મ થઈ જઈશ તેથી જલદી જા, ત્યારે તે પીર રોતો રોતો ભાગી

ગયો. પછી સમય થયો. ત્યારે માધવદાસ ભોગ સરાવવાને મંદિરમાં ગયો. ત્યાં જઈને જુએ તો થાળમાં બધી સામગ્રી જેમની તેમ ભરી છે. ત્યારે માધવદાસે શ્રીઆચાર્યજીને કહ્યું કે આજ તમે અહીં આવ્યા. એથી મારા ઠાકુર આરોગ્યા નહીં, ભૂખ્યા રહ્યા. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ માધવદાસને કંઈ કહ્યું નહીં. પોતે ચૂપચાપ સુંદરદાસના ઘરે પધાર્યા. ત્યાં રસોઈ કરી શ્રીઠાકુરજીને ભોગ કરી મહાપ્રસાદ લઈ આપ પોઢ્યા. પછી બધા વૈષ્ણવ તથા સુંદરદાસે મહાપ્રસાદ લીધો. રાત્રિ થઈ ત્યારે માધવદાસ સૂઈ રહ્યા. એવામાં અર્ધરાત્રિ થઈ ત્યારે શ્રીઠાકુરજીના અનુચરો આવીને માધવદાસને ખાટથી ઊંધો નાખીને મારવા લાગ્યા. ત્યારે માધવદાસે નાક રગડીને કહ્યું, તમે મને શા માટે મારો છો ? ત્યારે અનુચરોએ કહ્યું. શ્રીઆચાર્યજી તો ભગવત્સ્વરૂપ છે. તેમને તેં કહ્યું કે તમારા આવ્યાથી મારા ઠાકુર ભૂખ્યા રહ્યા. જે પીરનો તે આશ્રય કર્યો છે. જેને નિત્ય બોલાવે છે તે આજે શ્રીઆચાર્યજી બેઠા હતા તેથી તે અગ્નિથી બળવા લાગ્યો. અને ભાગી ગયો. તારા ઠાકુર તો આટલા દિવસમાં આજે જ આરોગ્યા છે. ત્યારે માધવદાસે કહ્યું, મેં શ્રીઆચાર્યજીના સ્વરૂપને જાણ્યું નથી. તેથી કહ્યું હવે સવારે અપરાધ ક્ષમા કરાવી સેવક થઈશ. હવે તમે મને ન મારો ત્યારે શ્રીઠાકુરજીના અનુચર કહે કે સવારે અપરાધ ક્ષમા કરાવીશ નહીં અને એમનો સેવક થઈશ નહીં તો રાત્રિએ અમે તને મારીને અધમૂઓ કરી. દઈશું. એમ કહીને શ્રીઠાકુરજીના અનુચરો ગયા.

પછી સવાર થયું, ત્યારે માધવદાસે શ્રીઆચાર્યજી મહાપ્રભુ પાસે આવીને દંડવત કરી વિનંતી કરી કે મહારાજ ! મેં આપનો અપરાધ ઘણો જ કર્યો છે. હું અજ્ઞાની જીવ છું, આપનું સ્વરૂપ શું જાણું ? આપ તો સાક્ષાત્ ભગવાન છો. હવે મારો અપરાધ ક્ષમા કરો. મારો પિતા પીરને બહુ જ માનતો. પછી મારો પિતા મર્યો ત્યારે મને કહ્યું કે તું આ પીરને જ માનજે. ઉપર દેખાડવાને ઠાકુર રાખ્યા હતા. તેથી આપ હવે કૃપા કરી મારા ઘરે પધારો. મને શરણે લો અને જે પ્રકાર બતાવો તે પ્રકારે હું ભગવદ્સેવા કરું. ત્યારે શ્રીઆચાર્યજીએ મહાપ્રભુ માધવદાસની દીનતાને જોઈને માધવદાસના ઉપર પ્રસન્ન થયા. અને માધવદાસના ઘરે કૃપા કરીને ફરી પધાર્યા ત્યાં સ્નાન કરી શ્રીઆચાર્યજી મહાપ્રભુએ માધવદાસને સ્નાન કરાવી નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી શ્રીઠાકુરજીને પંચામૃત સ્નાન કરાવી પાટ બેસાડી માધવદાસના માથે પધરાવ્યા. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુએ પોતે રસોઈ કરી શ્રીઠાકુરજીને ભોગ ધરીને પોતે ભોજન કર્યું. પછી શ્રીઆચાર્યજીએ માધવદાસને કહ્યું, માધવદાસ ! આ ગામમાં જેટલા વૈષ્ણવ હોય તે બધાને મહાપ્રસાદ લેવાને બોલાવી લાવ. ત્યારે માધવદાસે શ્રીઆચાર્યજી મહાપ્રભુને કહ્યું કે મહારાજ ! મહાપ્રસાદ તો થોડો છે, અને આ ગામમાં વૈષ્ણવો તો ઘણાં છે, તે બધાને કેમ પહોંચશે ? ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે કે તમે મૂર્ખ છો, મહાપ્રસાદ ક્યારેય ઘટે છે ? જા, બધા વૈષેણવોને બોલાવી લાવ એટલે માધવદાસ બધા વૈષ્ણવોને કહે છે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુ જલદી બોલાવે છે. માટે ચાલો, તે સાંભળતાં જ બધાં વૈષ્ણવો બધું કામકાજ છોડીને દોડી આવ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ બધાની આગળ મહાપ્રસાદની પાતળ ધરીને બધાને મહાપ્રસાદ લેવડાવી દીધો છતાં મહાપ્રસાદનો થાળ ભર્યોને ભર્યો જ રહ્યો. પછી શ્રીઆચાર્યજીએ માધવદાસને કહ્યું કે માધવદાસ ! જો વૈષ્ણવને દઢ વિશ્વાસ જોઈએ. મહાપ્રસાદ ક્યારેય ન ઘટે. આ પ્રકારનું માહાત્મ્ય શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ માધવદાસને તે સમયે તે જગાએ દેખાડ્યું.

ભાવપ્રકાશ : કેમ કે એને હજુ વિશ્વાસ નથી, નવા વૈષ્ણવ છે, કંઈ માહાત્મ્ય જુએ તો

શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનો દૃઢ વિશ્વાસ થાય. આશ્રય વિના ભગવત્પ્રાપ્તિ ફલ સિદ્ધ ન થાય. તેથી માહાત્મ્ય દેખાડ્યું.

ત્યારે માધવદાસને દૃઢ વિશ્વાસ થયો. પછી શ્રીઆચાર્યજીએ ત્યાં રહી માધવદાસને બધી રીતિભાંતિ પુષ્ટિમાર્ગની સેવાની બતાવી. ત્યારબાદ આપ કાશી પધાર્યા.

ભાવપ્રકાશ : આ વાર્તામાં સિદ્ધાંત એ થયો કે ભગવદીયના સંગથી ગમે તેવો દુષ્ટ હોય પરંતુ એનો ઉદ્ધાર થાય. વળી માધવદાસ ઠાકુરના આગળ ભોગ ધરે અને તે ભૂત ખાય તે વાત સંભવે નહીં. કેમ કે જ્યાં શ્રીઠાકુરજીનું નામ હોય ત્યાં ભૂત આદિનો પ્રવેશ ન હોય તો શ્રીઠાકુરજીની આગળ ભોગ ધરે તે ભૂત ખાય ?. પરંતુ ઉપર કહી આવ્યા કે માધવદાસને પિતાના સંગથી પ્રેતનો આશ્રય સિદ્ધ થયો હતો. તેથી ભૂત ખાઈ જતો એમાં એ જણાવ્યું કે ખોટા મનુષ્યનો સંગ કરે તો દુઃખ થાય સત્સંગ કરવાંથી કૃતાર્થ થાય.

તે સુંદરદાસના સંગથી માધવદાસ મોટા ભગવદીય થયા. શ્રીઠાકુરજી તેમને સાનુભાવ જણાવતા. તે સુંદરદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુના એવા કૃપાપાત્ર ભગવદીય હતા, એમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૭૭ ॥

॥ વાર્તા ૭૮ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, માવજી પટેલ અને એમની સ્ત્રી વીરજો, જે ઉજ્જૈનમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : માવજી પટેલ અને વીરજો જે પ્રકારે શ્રીઆચાર્યજીના સેવક થયા. તે બધું પદ્મા રાવલ તથા ગોપાલદાસની વાર્તામાં ઉપર કહી આવ્યા છીએ તેથી અહીં નથી કહ્યું, લીલામાં એ ચંદ્રાવલીજીની સખી છે. એ માવજી પટેલનું નામ 'રૂપા' છે. અને 'હરખા' વીરજોનું નામ છે. તે બંને ઉજ્જૈનમાં જન્મ્યા. માવજી પટેલ પાસે દ્રવ્ય ઘણું હતું. એક વાર વીરજો શ્રીગોકુલ આવી. ત્યારે શ્રીગુસાંઈજીએ વિનંતી કરી કે મહારાજ ! મને ભગવદ્‌સેવા પધરાવી આપો મેં શ્રીઆચાર્યજી મહાપ્રભુને વિનંતી કરી હતી ત્યારે આપે કહ્યું કે તમારો મનોરથ શ્રીગુસાંઈજી પૂર્ણ કરશે. તેથી આપ હવે મારા ઉપર કૃપા કરો, ત્યારે શ્રીગુસાંઈજીએ શ્રીનવનીતપ્રિયાજીનાં ખેલવાના ઠાકુરમાંથી એક લાલજી વીરજોને માથે પધરાવી આપ્યા. વીરજોએ ફરી શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે મહારાજ ! શ્રીઠાકુરજી જલદી કૃપા કરી અનુભવ જણાવે એવો ઉપાય કૃપા કરીને કહો. ત્યારે શ્રીગુસાંઈજી કહે, જેવો ભાવ અમારા ઉપર રાખો છો તેવો ભાવ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં રાખજો. તમારો બધો મનોરથ શ્રીઠાકુરજી પૂર્ણ કરશે. પછી વીરજોએ શ્રીગુસાંઈજીથી વિદાય થઈ. શ્રીઠાકુરજીને ઘરમાં પધરાવીને મોટો ઉત્સવ કર્યો. ગામે ગામના વૈષ્ણવોને બોલાવીને મહાપ્રસાદ ખર્ચી, વસ્ત્ર આદિથી બધાનું સમાધાન કર્યું. ઉજ્જૈનમાં પદ્મારાવલના બેટા કૃષ્ણભટ્ટના સંગથી તેમની અલૌકિક બુદ્ધિ થઈ. શ્રીઠાકુરજી સાનુભાવ જણાવવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૧ : વીરજો વર્ષમાં બે વખત વ્રજમાં શ્રીગોકુલ શ્રીગુસાંઈજીનાં દર્શને તથા શ્રીગોવર્ધનનાથજીના દર્શને આવતી ત્યારે એક ગાડું ગોળનું, અને એક ગાડું ઘીનું ભરીને સાથે લઈ આવતી. પંદર દિવસ તો શ્રીનાથદ્વારમાં રહેતી અને પંદર દિવસ શ્રીગોકુલમાં રહેતી ત્યારે શ્રીગોવર્ધનધરને સામગ્રી અંગીકાર કરાવતી. મહાપ્રસાદ આવતો તે ઢાંકી રાખતી. પછી બધા ગ્વાલ-બાલ ગાયો ચરાવીને આવતા ત્યારે બધો મહાપ્રસાદ લઈને ગાયોની ખીડકીમાં આવતી. ત્યાં ગાયોને અને

ગ્વાલોને મહાપ્રસાદ લેવડાવતી. ઘઉંની થુલી કરીને ગાયોને ખવડાવતી. બધા સેવકોની પહેરામણી કરતી, બધાને સેવકી દેતી. શ્રીનાથજીને નિત્ય નવા મનોરથ, આભૂષણ, વસ્ત્ર કરાવતી તેથી બધા સેવકો તેના ઉપર પ્રસન્ન રહેતા. વળી શ્રીગોકુલમાં શ્રીગુસાંઈજીને ભેટ પધરામણી કરતી અને બધા બાધકો, વહુ બેટીઓને પણ ભેટ પહેરામણી કરીને નિત્ય નવા મનોરથો કરતી.

વાર્તાપ્રસંગ ૧ : વળી એક સમય ઉત્સવના દિવસે વૈષ્ણવો મહાપ્રસાદ લેતા હતા. અને વીરજો અનસખડી પીરસતી હતી. ત્યારે વીરજોના મનમાં એ મનોરથ થયો કે બધા વૈષ્ણવોની મંડલી બેઠી હોય અને હું સખડી મહાપ્રસાદ પીરશું તેથી વીરજોએ કૃષ્ણભટ્ટને કહ્યું, મારા મનમાં આવો મનોરથ થયો છે કે બધા ગામ-ગામના વૈષ્ણવોને બોલાવી સખડી મહાપ્રસાદ હું મારા હાથથી બધા વૈષ્ણવોને પીરસું. ત્યારે કૃષ્ણભટ્ટ કહે, એ મનોરથ શ્રીગુસાંઈજી આજ્ઞા કરે તો ભક્તિભાવથી સિદ્ધ થાય. માટે બધા વૈષ્ણવોના સહિત શ્રીગુસાંઈજી પાસે શ્રીગોકુલ જઈએ અને આપ કહે તેમ કરીએ.પરંતુ આમનો રથ દ્રવ્ય સાધ્ય છે. ત્યારે વીરજોએ આવી માવજી પટેલને કહ્યું, મારો આ મનોરથ છે તે તમે પૂરણ કરો બધા વૈષ્ણવોને મારે હાથે મહાપ્રસાદ લેવડાવું મેં કૃષ્ણભટ્ટને પૂછ્યું ત્યારે કૃષ્ણભટ્ટે કહ્યું, એ દ્રવ્ય સાધ્ય છે, વૈષ્ણવોને શ્રીગોકુલ લઈ જઈએ. ત્યારે માવજી પટેલે કહ્યું, મારી પાસે લાખ સોના મહોર છે. જો એટલામાં કામ થાય તો સુખેથી કૃષ્ણભટ્ટને પૂછીને મનોરથ કરો. એટલે વીરજોએ કૃષ્ણભટ્ટ પાસે આવીને કહ્યું, લાખ મહોર છે એટલામાં મનોરથ પૂર્ણ થશે ? ત્યારે કૃષ્ણભટ્ટે કહ્યું, અવશ્ય તમારો મનોરથ પ્રભુ પૂર્ણ કરશે પછી વીરજોએ આવી માવજી પટેલને કહ્યું, કૃષ્ણભટ્ટે કહ્યું જે કે એટલામાં મનોરથ પૂર્ણ થશે. એટલે માવજી પટેલે દ્રવ્ય ભેગું કરી લક્ષ મહોર વીરજોને આપી. અને વીરજોને તે લક્ષ મહોર કૃષ્ણભટ્ટ આગળ ધરી વિનંતી કરી. હવે બધું તમારે હાથ છે. મારો મનોરથ પૂર્ણ કરો.

ત્યારે કૃષ્ણભટ્ટે ગામે-ગામના વૈષ્ણવોને પત્ર લખીને બોલાવ્યા., અસવાર, ગાડી ખર્ચી મોકલી. પ્રીતિપૂર્વક બધા વૈષ્ણવો ગુજરાત, .હાલારનાને ભેગા કરી બધાને અલગ ડેરા ખર્ચી આપ્યા. પછી ઉજ્જૈનથી કૃષ્ણભટ્ટ, વીરજો બધા વૈષ્ણવો સહિત શ્રીગોકુલ ચાલ્યાં. તે શ્રીનાથદ્વાર આવીને સમાજ સહિત શ્રીનાથજીનાં દર્શન કર્યા. શ્રીનાથજીને સામગ્રીવાળા વસ્ત્ર આભૂષણના મનોરથે કરી શ્રીગોકુલ આવ્યા. શ્રીનવનીતપ્રિયાજીનાં દર્શન કરી શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યા. પછી શ્રીગુસાંઈજીએ કૃષ્ણભટ્ટને વિનંતી કરી કે મહારાજ ! વીરજોના આ મનોરથ છે કે બધા વૈષ્ણવોને સખડી મહાપ્રસાદ હું તમારા હાથે પીરશું. તે માટે બધા વૈષ્ણવોના સમાજ સહિત આપની પાસે આવ્યા છીએ. આપ આજ્ઞા દો તો મનોરથ પૂર્ણ થાય ત્યારે શ્રીગુસાંઈજીએ મનમાં વિચાર્યું કે વીરજોનું મોટું ભાગ્ય છે કે આવો મનોરથ પ્રકટ્યો. પરંતુ હમણાં અમે આજ્ઞા દઈએ તો આ સમયમાં તો બાધા નથી, આ મનોરથ જગતમાં પ્રસિદ્ધ થાય. પરંતુ શ્રીઆચાર્યજીએ વેદ-મર્યાદા રાખી છે. તેથી અમને બધા લોકો.એમ કહેશે કે શ્રીગુસાંઈજી વેદ મર્યાદાના પાલન કરવાવાળા એમણે બધા બ્રાહ્મણોના પટેલના હાથે સખડી મહાપ્રસાદ લેવડાવ્યો ! આ પ્રકારે દોષ બુદ્ધિ કરી અનેક જીવનો બગાડ થશે. વળી વૈષ્ણવોનો મનોરથ પૂર્ણ ન કરીએ તો પુષ્ટિ-ભકિતનો વિરોધ થાય. તેથી ભક્તોના મનોરથને તો અવશ્ય પૂરો કરવો જોઈએ પછી એમ વિચાર્યું કે જેમાં મર્યાદા રહે, ભક્તોનો મનોરથ પૂરણ થાય અને બધા વૈષ્ણવો પ્રસન્ન થાય તેમ કરવું. ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે આ મનોરથ તો શ્રીજગન્નાથરાયજી, પુરુષોત્તમપુરીમાં સિદ્ધ થાય.તેમાં વૈષ્ણવો પણ બધા આવશે. ત્યારે કૃષ્ણભટ્ટે વીરજોને કહ્યું કે આ મનોરથ શ્રીજગન્નાથરાયજી ચાલીએ ત્યાં પુરુષોત્તમપુરીમાં સિદ્ધ થશે. ત્યારે

વીરજોએ કહ્યું, બહુ સારું પુરુષોત્તમપુરી ચાલો, શ્રીગુસાંઈજી પણ કૃપા કરીને પધારે તો બહુ સુખ થાય ત્યારે કૃષ્ણભટ્ટે શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે, મહારાજ ! આપ પણ કૃપા કરીને પુરુષોત્તમપુરી પધારો તો બહુ સુખ થાય ત્યારે શ્રીગુસાંઈજી કહે, અમે પણ પધારીશું, વૈષ્ણવો પ્રસન્ન થાય તેમ કરવું.

પછી શ્રીનંદ (સિંહનંદ) પશ્ચિમના વૈષ્ણવોને બોલાવ્યા, મથુરાના વૈષ્ણવોને સાથે લઈ શ્રીગુંસાંઈજી સહિત આગ્રા આવ્યા. આાગરામાં વૈષ્ણવોને લઈ સમાજ સહિત કાશી આવી કાશીના બધા વૈષ્ણવોને સાથે લીધા. આ પ્રકારે ગામગામના વૈષ્ણવોને સાંથે લીધા પછી જે ગામમાં ઊતરે ત્યાં નિત્ય નવી સામગ્રીના મનોરથો થાય. શ્રીગુસાંઈજીને ત્યાં પણ નિત્ય નવા મનોરથો થાય. વેપારી પોતાની ગાડી સીધાસામગ્રીની લઈને સાથે ચાલે બધા વૈષ્ણવોના હ્રદયમાં આનંદ, નિત્ય શ્રીગુસાંઈજીના દર્શન, નિત્ય નવા ઉત્સવ જેમ શ્રીકૃષ્ણની સવારી દ્વારકામાં નીકળી એ પ્રકારે વૈષ્ણવ, વૃદ્ધ વિગેરેને સવારી તરેહ તરેહની. જે ગામમાં ઊતર્યા તે ગામના લોકો દ્રવ્યાદિથી ખૂબ સુખી થયા. આ પ્રકારે ગામે ગામના વૈષ્ણવોને સાથે લઈ આપ શ્રીપુરુષોત્તમપુરી આવ્યા અને શ્રીજગન્નાથરાયજીનાં દર્શન કર્યા ત્યાં વિવિધ પ્રકારની સખડી, અનસખડી સામગ્રી કરાવી પછી વીરજોએ શ્રીગુસાંઈજીને પોતાના હાથે સખંડી, અનસખડીનો થાળ સાજીને ભોજન કરાવ્યું. ત્યારબાદ બધા વૈષ્ણવોને વીરજો પીરસીને પ્રેમમગ્ન થઈ ગઈ આનંદના આંસુ નેત્રોમાં ભરાયા, દેહમાં પુલકાવલી થઈ. મનમાં કહ્યું, ધન્ય શ્રીગુસાંઈજી અને કૃષ્ણભટ્ટ સરખા ભગવદીય કે મને આ સુખનો અનુભવ કરાવ્યો. પછી કેટલાક દિવસ પુરુષોત્તમપુરીમાં રહી નિત્ય નવા મનોરથ નાના પ્રકારની સામગ્રીના કર્યા. જે વૈષ્ણવોને જે રૂચે તે લેવડાવે પછી પુરુષોત્તમપુરીથી બધા સમાજ સહિત ચાલ્યા. તે એજ પ્રકારે પ્રતિદિન નિત્ય નવી સામગ્રી આરોગે એમ કરતા શ્રીગોકુલ આવ્યા. થોડા દિવસ શ્રીગોકુલ શ્રીનાથજીદ્વાર રહી નાના પ્રકારના મનોરથ કર્યા, પછી દ્રવ્ય બચ્યું તે વીરજોએ શ્રીગુસાંઈજીને ભેટ કર્યું, ત્યારે શ્રીગુસાંઈજી વીરજોના ઉપર બહુ પ્રસન્ન થયા આવો અલૌકિક વૈષ્ણવોનો મનોરથ કર્યા પછી વીરજો શ્રીગુસાંઈજીથી વિદાય થઈ સમાજ સહિત ઉજ્જૈન આવી, ત્યાં બધા વૈષ્ણોને પ્રીતિપૂર્વક મહાપ્રસાદ લેવડાવી ખર્ચી ન હતી તેમને ખર્ચી, વસ્ત્ર, પાત્ર દઈ બધાંને પ્રસન્ન કરી વિદાય કર્યા. તે વીરજો કૃષ્ણભટ્ટ સંગથી ભલી વૈષ્ણવ થઈ. આ માવજી પટેલ અને વીરજો એવાં શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીય હતાં. તેથી એમની વાર્તા ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૭૮ ॥

॥ વાર્તા ૭૯ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક ગોપાલદાસ ક્ષત્રી પશ્ચિમમાં રહેતા, અને નરોડાના વાસી તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ ગોપાલદાસ લીલામાં શ્રીનંદરાયજીના મુખ્ય ખવાસ છે. ત્યાં જશવંત એમનું નામ છે. તે જશવંત નંદરાયને જ્યારે વરૂણ પકડી લઈ ગયો તે દિવસે શ્રીનંદરાયજીને ઘાટ ઉપર બેસાડી પોતે પોતાના ઘરે પોતાના કાર્ય માટે ગયો. શ્રીનંદરાયજી એકલા હતા તેથી વરૂણે પકડ્યા. આ વાત શ્રીઠાકુરજીએ સાંભળી એટલે વરૂણ લોકથી શ્રીનંદરાયજીને લઈ આવ્યા ત્યારે શ્રીબલદેવજી ખવાસ જશવંતને કહે કે શ્રીનંદરાયજીને વરૂણ લઈ ગયો ત્યારે તું ક્યાં રહ્યો હતો ? ત્યારે જશવંતે કહ્યું, મારા ઘરે કંઈ કામે ગયો હતો ત્યારે બલદેવજીએ શાપ આપ્યો, કે જા ભૂમિમાં પડો. એટલો શ્રમ નંદરાયજીને કરાવ્યો. ખવાસ થઈ રાત્રિએ સાથે ન રહ્યો. પછી પશ્ચિમમાં ગોપાલદાસ નરોડામાં એક ક્ષત્રીના ઘરે પ્રકટ્યા. તે સાત વર્ષના થયા પછી વિદ્યા ઘણી ભણ્યા દ્રવ્ય બહુ જ હતું, અને રાજસી સ્વભાવ ઘણો

હતો દશ-પાંચ મનુષ્યો આગળ પાછળ ચાલતા કોઈને ગણકારતો નહીં. જે કોઈ ભલો મનુષ્ય હોય તેને એક બે દોષ લગાડતા. પછી પશ્ચિમમાં એક બીજું ગામ હતું ત્યાં ગોપાલદાસનો વિવાહ થયો. વિવાહ કરી સ્ત્રીને લઈ ગોપાલદાસ જ્યારે પિતા સહિત આવતા હતા ત્યારે ગામમાં એક મોટો પંડિત મળ્યો તેનાથી વાદ કરવા લાગ્યા. ત્યાં ત્રણ દિવસ માર્ગમાં મુકામ કરી રહ્યા. પરંતુ પંડિતથી જીતે નહીં. લડાઈ થઈ ત્યારે ગોપાલદાસનો પિતા છોડાવવા ગયો. પંડિતોના મનુષ્યોએ તીર માર્યું એટલે ગોપાલદાસનો પિતા મર્યો. ગોપાલદાસ હથિયાર લઈ દોડ્યા. ત્યારે તે પંડિત એના મનુષ્યો સહિત ભાગી ગયો. ગોપાલદાસે બહુ ખોળ્યો પરંતુ મળ્યો નહીં. પછી પિતાની દેહનો સંસ્કાર કરી ઘરે આવ્યા. ત્યારબાદ ગોપાલદાસ દ્વારકા શ્રીરણછોડજીનાં દર્શને ગયા. ત્યાં શ્રીઆચાર્યજી પધાર્યા હતા. ગોપાલદાસે ત્યાં સાંભળ્યું કે શ્રીઆચાર્યજી મહાપ્રભુ મોટા પંડિત છે. માયાવાદ ખંડન કર્યો છે. એટલે ગોપાલદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુથી વાદ કરવાને આવ્યા, તે તત્કાલ ચર્ચામાં હાર્યા. ત્યારે ગોપાલદાસે શ્રીઆચાર્યજી મહાપ્રભુને કહ્યું કે વૈષ્ણવ ધર્મમાં શું છે ? ઠાકુરજી તો બધાના હૃદયમાં બિરાજે છે. બધું જગત કૃષ્ણરૂપ આપ પણ કહો છોં, ત્યારે વૈષ્ણવ કુત્તા આદિથી અભડાઈ કેમ જાય છે ? બધું ભગવદ્રૂપ ગયું ત્યાં અભડાઈ જવું કેવું ?

ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે. અમારો તો વેદ માર્ગ છે. વેદશાસ્ત્ર એમ કહે છે કે જગત ભગવદ્રૂપ અને આટલો હીનથી અભડાઈ જાય અને આટલાં ઉત્તમ, દયા બધા ઉપર કરવી. એ કહ્યું તે વેદ રીતિ, અને તું નિર્ગુણ વ્યાપક કહે છે. સંસાર બધો બ્રહ્મરૂપ છે. તો તું બધામાં દોષ બુદ્ધિ કરી જેની તેની નિંદા કેમ કરે છે ? કપડાં કેમ પહેરે છે ? બ્રહ્મને તો કંઈ કરવાનું નથી, સાક્ષીવત થઈ રહે. હવે તું વિચાર આ પ્રકાર સાંભળીને ગોપાલદાસને જ્ઞાન થયું. ત્યારે ગોપાલદાસે કહ્યું, હવે હું આપની શરણે છું. મારો બધો જન્મ કુટિલતા કરતાં વીત્યો હવે મને શરણે લઈને કૃતાર્થ કરો. એટલે શ્રીઆચાર્યજી મહાપ્રભુએ ગોપાલદાસને ન્હવડાવી નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. ત્યારે ગોપાલદાસે કહ્યું કૃપા કરી આપ મારા ઘરે પધારો, ત્યારે ગોપાલદાસના ઘરે નરોડામાં શ્રીઆચાર્યજી મહાપ્રભુ પધાર્યા. ગોપાલદાસનો બેટો એક વખતે ચાર વર્ષનો હતો. તેને નામ સંભળાવી ગોપાલદાસની સ્ત્રીને નામ સંભળાવ્યું. ત્યારે ગોપાલદાસે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને વિનંતી કરી કે મહારાજ ! હવે એમની શી આજ્ઞા છે ? શ્રીઆચાર્યજી મહાપ્રભુ ગોપાલદાસને કહે, તમારાથી ભગવદસેવા તો બનશે નહીં, કેમ કે સ્ત્રી-પુત્ર દેવી નથી. તમે દેવી છો તેથી તમને વિરહ ઘણો છે. વિરહવાળાને હૃદયમાં અનુભવ ઘણો થાય બહારની ક્રિયા ન બને. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુએ ગદ્યમંત્ર અને પંચાક્ષર મંત્ર લખીને ગોપાલદાસને આપ્યાં અને કહે, એમને ભોગ ધરી ખાનપાન કરજો. વળી અમારી આજ્ઞા છે કે જે જીવ આવે તેને તમે નામ સંભળાવજો. જન્મથી સ્વામીપદમાં રહ્યા છો તેથી સ્વામીપદ તમને આપ્યું છે. જે વાદી આવે તેનાથી વાદ કરજો. તમને કોઈ નહીં જીતે. એમ ગોપાલદાસને કહી શ્રીઆચાર્યજી અડેલ પધાર્યા. પછી ગોપાલદાસ નામ સંભળાવતા. તેઓ મોટા ટેકીલા વૈષ્ણવ થયા. વાદીથી વાત કરે, મુખથી વાત નીકળે તેજ કરી દેખાડે શ્રીઆચાર્યજીના બલથી એમનો યશ પશ્ચિમમાં ફેલાયો.

વાર્તાપ્રસંગ ૧ : પછી એક સમય શ્રીઆચાર્યજી મહાપ્રભુ શ્રીદ્વારકા પધાર્યા. માર્ગમાં નરોડા ગામ આવ્યું. ત્યારે ત્યાં શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ ગોપાલદાસના ઘરે પધાર્યા. ત્યારે ગોપાલદાસ ઘેર ન હતા. ગોપાલદાસનો પુત્ર વર્ષ ચૌદનો હતો. ત્યારે ગોપાલદાસ બેટાને શ્રીઆચાર્યજી મહાપ્રભુએ પૂછ્યું

કે ગોપાલદાસ ક્યાં ગયા છે ? ગોપાલદાસના બેટાએ કહ્યું, મહારાજ ! શ્રીઠાકુરજીની સેવા માટે ગયા છે. તે વચન સાંભળી શ્રીઆચાર્યજી મહાપ્રભુ ગોપાલદાસના બેટા ઉપર બહુ જ અપ્રસન્ન થયા. કહે કે ગોપાલદાસનો પુત્ર આવું અનુચિત કેમ બોલ્યો ? હવે અહીં રહેવું ઉચિત નથી. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુએ વિચાર્યું કે ગોપાલદાસને આવવા દો. જોઈએ જે ગોપાલદાસની બુદ્ધિ કેવી છે ? એ કેવું બોલે છે ? એટલામાં ગોપાલદાસે આવી શ્રીઆચાર્યજી મહાપ્રભુને દંડવત કર્યા. ત્યારે શ્રીઆચાર્યજી કહે, કે ગોપાલદાસ ! તું ક્યાં ગયો હતો ? ત્યારે ગોપાલદાસે કહ્યું, મહારાજ ! પેટ લાગ્યું છે તે કંઈ વ્યાવૃત્તિએ ગયો હતો. એ વચન સાંભળી શ્રીઆચાર્યજી મહાપ્રભુ ગોપાલદાસ ઉપર ઘણાં પ્રસન્ન થયા અને કહે, વૈષ્ણવને આવું બોલવું જ ઉચિત છે, એવું બોલવું નહિ કે વ્યાવૃત્તિ, લૌકિક માટે જાય ત્યાં શ્રીઠાકુરજીની સેવાનું નામ લે.

ભાવપ્રકાશ : પુષ્ટિમાર્ગીયોની આ રીત છે કે સેવામાં જાય તો પણ લૌકિકનું નામ લે. ભગવદ્ધર્મનો પ્રકાશ ન કરે તે ભગવદીય સારો જીવ ન હોય તો લૌકિકમાં પણ પછી પોતાની વડાઈ અર્થે બધાની આગળ ભગવદ્સેવાનું નામ લે.

પછી ગોપાલદાસે વિનંતી કરી કે મહારાજ ! બે-ચાર દિવસ કૃપા કરીને રહો. આ પ્રકારે રાખવાને ઘણું કર્યું, પરંતુ શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે કે અમારે શ્રીદ્વારકા જલદી જવું છે. એમ કહી આપ પધાર્યા. ત્યાં રહ્યા નહીં.

ભાવપ્રકાશ : તે એથી જે ગોપાલદાસ તો ભગવદીય છે, પરંતુ ગોપાલદાસની સ્ત્રી-પુત્રની બુદ્ધિ ઠેકાણે નથી. તેથી આપ પધાર્યા, કારણ જે અહીં રહેવાથી આનંદ નહીં આવે.

વાર્તાપ્રસંગ ૨ : ગોપાલદાસને શ્રીનાથજીના દર્શનનો વિરહ ઘણો, તેથી શ્રીનાથદ્વાર આગળ આવી શ્રીનાથજીનાં દર્શન કર્યા. પછી ગોપાલદાસને જવર આવ્યો, લાઘણ થઈ. રાત્રિએ એક દિવસ ગોપાલદાસને તૃષા ઘણી લાગી. પાણી પાસે ન હતું. એક પોતાનો સેવક સાથે લાવ્યા હતા પણ તે સૂઈ ગયો હતો. ગોપાલદાસનો કંઠ સુકાઈ ગયેલો એથી બોલ ન નીકળે. ત્યારે શ્રીગોવર્ધનનાથજી પોતાની જલપાનની ઝારી લઈને ગોપાલદાસ પાસે આવી જલપાન કરાવી ઝારી ત્યાં જ મૂકીને પધાર્યા.

ભાવપ્રકાશ : તે એથી કે ગોપાલદાસનો યશ પ્રકટ કરવા માટે ઝારી મૂકી ગયા. સહુ કોઈ જાણે કે ગોપાલદાસ મહાન ભગવદીય છે. જેમને શ્રીનાથજીએ જલ પાયું, પણ જીવ કૃતાર્થ થાય. વળી ગોપાલદાસ રાજસી હતા તેથી કેવલ એમની ઉપરની ક્રિયા જોઈને વૈષ્ણવો નિંદા કરે તો એમને મહાઅપરાધ લાગે. તેથી ગોવર્ધનધર ઝારી ધરી ગયા. તેથી ગોપાલદાસને બધા ભગવદીય જાણે, નિંદા કોઈ ન કરે, એથી ઝારી ધરી. તેમાં એ પણ જણાવ્યું કે યદ્યપિ રાજસી છે તો પણ શ્રીઆચાર્યજીના સેવક મને (શ્રીનાથજીને) ઘણા પ્રિય છે, એમ બધાને જણાવવાને માટે શ્રીનાથજી ત્યાં ઝારી ધરી આવ્યા. વળી શ્રીગોવર્ધનધરનું હૃદય અતિ કોમળ છે. તેથી પોતાના ભક્તોનું દુઃખ સહી ન શકે.

પછી પ્રાતઃકાલ થયો ત્યારે બધા ભીતરિયા સ્નાન કરી શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં આવી જુએ તો ઝારી નથી. તેથી બધા ચિંતા કરવા લાગ્યા ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ મોટા રામદાસજીને કહ્યું કે ગોપાલદાસ રાત્રિએ ઘણા તરસ્યા થયા હતા. ત્યાં હું એમને જલપાન કરાવી ઝારી ધરી આવ્યો છું. ત્યારે રામદાસજીએ આવી ગોપાલદાસને કહ્યું કે, તમે રાત્રે જલ ક્યાંથી પીધું ? ત્યારે ગોપાલદાસ કહે મને તો જવર ચઢ્યો અને તૃષા ઘણી લાગી. કંઠ સુકાયો-તેથી વ્યાકુલ થયો હતો તેથી મને કંઈ ખબર નથી કે કોણ

જલપાન કરાવ્યું ? ત્યારે રામદાસજીએ ગોપાલદાસને કહ્યું કે તમને ગોવર્ધનધર જલપાન કરાવી ઝારી અહીં ધરી ગયા છે, તે અમે ઝારી લેવા આવ્યા છીએ. તમારાં મોટા ભાગ્ય છે. ત્યારે ગોપાલદાસ કહે, પ્રભુને આટલો શ્રમ કરવો પડ્યો ? પોતાના માણસ ઉપર ખીજ્યા. તેં પાણી પાસે કેમ ન રાખ્યું ? અને તું સૂઈ ગયો ? મને તરસ બહુ લાગી તેથી શ્રીઠાકુરજીને શ્રમ કરવો પડ્યો તે ખરાબ થયું. પછી રામદાસજી ગોપાલદાસનું સમાધાન કરી ઝારી લઈ મંદિરમાં આવ્યા. પછી ગોપાલદાસ સારા થયા એટલે શ્રીનાથજીનાં દર્શન કરી પોતાને ઘરે આવ્યા, પરંતુ શ્રીગોવર્ધનધરનો વિરહ અષ્ટપ્રહર એમને રહેતો.

વાર્તાપ્રસંગ ૩ : વળી એક દિવસ વિરહ ઘણો થયો. તેથી વિરહનો ચોખરો કરીને ગાયો—

"કેકી શિખંડી શ્યામ ધન કંઠ મનોહર હાર ।
ધન્ય તે દિન દેખિશું, નેનન નન્દકુમાર ॥"

વાર્તાપ્રસંગ ૪ : વળી એક સમય શ્રીગુસાંઈજી શ્રીદ્વારકાએ રણછોડજીના દર્શને પધાર્યા ત્યારે માર્ગમાં નરોડા ગામમાં આવ્યા. ત્યાં ગામ બહાર મુકામ કરીને ઊતર્યા, પછી ઉત્થાપનના સમયે ગોપાલદાસ શ્રીગુસાંઈજીના દર્શને ચાલ્યા ત્યારે બે જણા ગોપાલદાસની સાથે હતા. પછી ગુસાંઈજીના દર્શન ત્યાં જઈને કર્યા. ત્યારે બન્ને જણા ગોપાલદાસને કહે, અમને શ્રીગુસાંઈજી પાસે નામ અપાવો. ત્યારે ગોપાલદાસે કહ્યું, અમે પણ નામ આપીએ છીએ. અમે ઘરે જઈએ ત્યારે તમે અમારે ઘરે આવજો. અમે તમને નામ સંભળાવીશું, આ પ્રકારે બન્ને જણે ત્રણ વાર ગોપાલદાસને કહ્યું, જે અમારો મનોરથ એ છે કે અમને શ્રીગુસાંઈજી નામ સંભળાવે ત્યારે ત્રણે વાર ગોપાલદાસે કહ્યું, અમારા ઘરે આવજો અમે તમને નામ સંભળાવીશું. એ વાત બધી ગુસાંઈજીએ સાંભળી ત્યારે શ્રીગુસાંઈજી એ બન્નેને પૂછે કે તમે ગોપાલદાસને શું કહો છો ? ત્યારે એમણે કહ્યું, મહારાજ ! અમારો મનોરથ એ છે કે અમને કૃપા કરીને આપ નામ સંભળાવો. ત્યારે શ્રીગુસાંઈજીએ બન્નેને નામ સંભળાવી કૃતાર્થ કર્યા. પછી શ્રીગુસાંઈજીએ ગોપાલદાસને કહ્યું કે તમને તો શ્રીઆચાર્યજીએ અંગીકાર કર્યા છે. તે તો દઢ છે. પ્રભુ તમને કદી નહીં છોડે. પરંતુ જેટલા સેવક તમે નામ સંભળાવીને કર્યા છે તે બધા અમારા નહીં થાય પુષ્ટિમાર્ગીય બહિર્મુખ થશે. એ વાત બધા વૈષ્ણવોએ સાંભળી એટલે બધા શ્રીગુસાંઈજીના સેવક થઈ કૃતાર્થ થયા.. અને જે કોઈ રહી ગયા તે પુષ્ટિમાર્ગથી ભ્રષ્ટ થયા. તેમને શ્રીગુસાંઈજી 'ગંગોજ' કહેતા. આ ગોપાલદાસ સદા વિરહ દશામાં મગ્ન રહેતા. તેથી એમની વાર્તા ક્યાં સુધી કહીએ.

ભાવપ્રકાશ : જેમ ગંગાજીની ધારાથી જલ છૂટી અલગ જલ રહે તો તે બધા મનુષ્યોને પાપરૂપ છે. અને અડવાથી પણ દોષ લાગે. તદવત થયા. એમાં એ જણાવ્યું કે ગોપાલદાસને સ્વામીપદ મનમાં આવવાથી જીવોને બગાડ થયો. તેથી દીનતા મોટો પદાર્થ છે, બધા ફલને સિદ્ધ કરે છે. અને અહંકાર મહાબાધક છે એ દેખાડ્યું. આ ગોપાલદાસ તો શ્રીઆચાર્યજી મહાપ્રભુના એવા કૃપાપાત્ર ભગવદીય હતા જેમને શ્રીગોવર્ધનધર અનુભવ જણાવતા. જલપાન પોતાની ઝારીથી કરાવ્યું. ॥ વાર્તા ૭૯ ॥

॥ વાર્તા ૮૦ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક, બાદનારાયણદાસ પુષ્કરણા બ્રાહ્મણઃ સ્ત્રીપુરુષ મોરબીમાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ લીલામાં લલિતાજીની સખી છે. એમનું નામ 'શ્રુતિરૂપા' છે. અને એમની સ્ત્રીનું નામ 'ગંગા' છે.

વાર્તાપ્રસંગ ૧ : એ મોરબીમાં એક પુષ્કરણા બ્રાહ્મણને ઘેર જન્મ્યા. ત્યારે માતાપિતાએ એમનું નામ 'વાદા' રાખ્યું પછી જ્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક થયા ત્યારે શ્રીઆચાર્યજીએ એમનું નામ બાદનારાયણદાસ ધર્યું. વરસ તેરના થયા ત્યારે એમનો ગામમાં જ વિવાહ થયો. તે મોરબીમાં રહેતા. વળી એક વાછવભટ્ટ ગુજરાતી બ્રાહ્મણ હતા તે ગુજરાતમાં રહેતા. શ્રીભાગવતની કથા કરી નિર્વાહ કરતા. તે વાછવભટ્ટ શ્રીરણછોડજીના દર્શને ચાલ્યા ત્યારે માર્ગમાં મોરબી ગામ આવ્યું. ત્યારે બાદનારાયણે વાછવભટ્ટને પોતાના ઘરમાં રાખ્યા. વાછવભટ્ટના સેવક થઈ નામ પામ્યા. ઘરમાં ભટ્ટ પાસે શ્રીભાગવત બાદનારાયણે સંપૂર્ણ સાંભળ્યું. પછી વાછવભટ્ટ શ્રીદ્વારકાએ ગયા. કેટલાક દિવસમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુ શ્રીદ્વારિકા પધારતા હતા. ત્યારે મોરબી ગામની બહાર એક બગીચામાં ઊતર્યા. ત્યારે મોરબીના બધા વૈષ્ણવો શ્રીઆચાર્યજી મહાપ્રભુના દર્શને આવ્યા. તેમાં વાદા પણ આવ્યા. શ્રીઆચાર્યજી મહાપ્રભુએ તે સમયે શ્રીસુબોધિનીજીની કથા કહી. ભ્રમરગીતનો પ્રસંગ એવો કહ્યો કે વાદાને મૂર્છા આવી ગઈ. પછી એક પ્રહર પછી સાવધાન થયા. ત્યારે વાદા મનમાં કહે છે કે વાછવભટ્ટ પાસે ગયા શ્રીભાગવત સાંભળ્યું. પરંતુ આવો આનંદ ક્યાંય નથી આવ્યો. પછી વાદાએ શ્રીઆચાર્યજી મહાપ્રભુને દંડવત કરી વિનંતી કરી કે મહારાજ ! આપ કૃપા કરીને મને સેવક કરો, ત્યારે શ્રીઆચાર્યજી કહે, તું વાછવભટ્ટનો સેવક તો થઈ ચૂક્યો છે, હવે કેમ સેવક થાય છે ? અમે તો તને ફરી સેવક નહીં કરીએ. ત્યારે વાદાએ પોતાના ઘરે આવીને સ્ત્રીને કહ્યું કે શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે, તે તો સાક્ષાત ભગવાન જ છે, ભ્રમરગીતના પ્રસંગની કથા એવી કહી કે મને મૂર્છા આવી. પછી મેં સેવક થવાની વિનંતી કરી ત્યારે આપે ના કહી કે તું તો વાછવભટ્ટનો સેવક છે, હવે સેવક તને નહીં કરીએ. માટે હવે શું કરીએ ? જો શ્રીઆચાર્યજી મહાપ્રભુ સેવક કરે તો કૃતાર્થ આ જ જન્મમાં થઈએ. ત્યારે સ્ત્રીએ કહ્યું. તમને વિનંતી કરતા આવડી નહીં, મને લઈ ચાલો.

પછી વાદા અને વાદાની સ્ત્રી શ્રીઆચાર્યજી મહાપ્રભુ પાસે આવ્યા. ત્યારે વાદાની સ્ત્રીએ દંડવત કરીને કહ્યું કે મહારાજ ! મારા પતિએ આપને સેવક કરવાની વિનંતી કરી તે આપે ના કહી, પરંતુ આપ તો અમારા જેવા પતિત અને અધમ જે સંસારે પડ્યા છે તેમનો ઉદ્ધાર કરવાને પધાર્યા છો. તેથી શરણે લો, ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે, અમે તો એને એમ ના કહી છે કે વાછવભટ્ટના સેવક થઈ ચૂક્યા છો, ફરી કેમ સેવક થાઓ છો ? ત્યારે સ્ત્રીએ કહ્યું કે મહારાજ ! વાછવભટ્ટના સેવક થયા તેથી અમારો તો કાંઈ અર્થ સર્યો નહીં. એવા બ્રાહ્મણ જીવિકાને માટે જગે જગે શ્રીભાગવતની કથા કહેતા ફરે છે. તે અમારો ઉદ્ધાર શું કરશે ? તેથી આપ શરણે લઈ અમારો ઉદ્ધાર કરો. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે કે આજ તો સાંજ થઈ છે, સવારે તમને સેવક કરીશું. હવે તમે ઘરે જાવ. ત્યારે સ્ત્રી-પુરુષ બન્ને જણા શ્રીઆચાર્યજી મહાપ્રભુ ને દંડવત કરી ઘેરે આવ્યા. પછી સવાર થયે બન્ને જણાએ આવીને શ્રીઆચાર્યજી મહાપ્રભુને દંડવત કરી વિનંતી કરી કે મહારાજ ! કૃપા કરી અમારે ઘરે પધારી રસોઈ કરો. ત્યારે શ્રીઆચાર્યજી વાદના ઘરે પધારી સ્ત્રી-પુરુષ બન્ને જણને ન્હવડાવીને નામ સંભળાવી બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી પોતે રસોઈ પાક-સામગ્રી કરી ભોજન કર્યું, અને વાદાનું નામ બાદનારાયણદાસ ધરી શ્રીનવનીતપ્રિયાજીના પ્રસાદી વસ્ત્ર ભગવદ્‌સેવા માટે દઈ બે દિવસ બાદનારાયણને ઘરે રહ્યા. પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુ દ્વારકા પધાર્યા. સ્ત્રી-પુરુષ બન્ને જણ પણ શ્રીઆચાર્યજીના સંગે દ્વારિકા ગયા. શ્રીદ્વારિકાજીમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુ એક વર્ષ એક મહિના સુધી રહ્યા. ત્યારે બાદનારાયણદાસ અને

બાદનારાયણદાસની સ્ત્રીએ બધી સેવા કરી, જળ લાવવું, રસોઈની પરચારગી, ધોતી ઉપરણા શ્રીઆચાર્યજી મહાપ્રભુના નિત્ય ધુએ. ત્યારે શ્રીઆચાર્યજી મહાપ્રભુ પ્રસન્ન થઈને બાદનારાયણદાસને કહે તમે સ્ત્રી સહિત જઈ ઘરમાં ભગવદ્સેવા કરો. તે પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ પૃથ્વી પરિકમ્માએ પધાર્યા. અને બાદનારાયણદાસ, સ્ત્રી પુરુષ બંને જણ મોરબીમાં પોતાને ઘરે આવી વસ્ત્ર-સેવા પ્રીતિપૂર્વક કરવા લાગ્યા. શ્રીનવનીતપ્રિયાજી સાનુભાવ જણાવવા લાગ્યા. તે બાદનારાયણદાસ સ્ત્રી-પુરુષ બંને જણ શ્રીઆચાર્યજી મહાપ્રભુના એવા કૃપાપાત્ર ભગવદીય હતા, તેથી એમની વાર્તાનો ભાવ ક્યાં સુધી કહીએ.

॥ વાર્તા ૮૦ ॥

॥ વાર્તા ૮૧ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવક સુરદાસજી સારસ્વત બ્રાહ્મણ, દિલ્હીની પાસે સિંહ ગામ છે. ત્યાં રહેતા, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ સુરદાસજી લીલામાં શ્રીઠાકુરજીના અષ્ટ સખા છે તેમાં 'કૃષ્ણસખા' નું પ્રાગટ્ય છે. ત્યાં એ સંદેહ થાય કે નિકુંજ લીલામાં તો સખીજનોને અનુભવ છે. સખા ત્યાં નથી. તો સુરદાસજીએ રહસ્ય લીલા, અનુભવ વિના કેવી રીતે ગાઈ ? ત્યાં કહે જે શ્રીભાગવતમાં વર્ણન છે કે જ્યારે શ્રીઠાકુરજી આપ વનમાં ગૌચરણ લીલામાં સંધ્યાઓની સાથે પધારે છે ત્યારે સઘળી ગોપીજન ઘરમાં લીલાનો અનુભવ કરે છે, ઘરમાં વનવી બધી લીલાનું ગાન કરે છે. પછી જ્યારે શ્રીઠાકુરજી સંધ્યા સમયે વનથી ઘરે આવે છે. અને રાત્રિએ ગોપીજન સાથે નિકુંજમાં લીલા કરે છે. ત્યારે અંતરંગી સખીઓને વિરહ થાય છે, એટલે તે નિકુંજ લીલાનું ગાન કરે છે, અનુભવ કરે છે તે શાથી ? કુંજમાં સખીજનો છે તેમનાં બે સ્વરૂપો છે, તે કહીએ છીએ. પુંભાવના સખા અને સ્ત્રીભાવની સખી. દિવસમાં સખા દ્વારા અનુભવ અને રાત્રિએ સખી દ્વારા અનુભવ છે. કારણ વેદની જે ઋચા છે. તે ગોપી છે, અને વેદના જે મંત્રો છે તે સખા છે. પરંતુ ગોપીજનનો દેખાવ કુરૂપ સ્ત્રીનો છે. એમના પતિ છે ખરા પરંતુ એ સ્ત્રીઓ નથી. તે એવી રીતે કે જેમ શેકેલું અન્ન હોય તેનું ધરતીમાં બીજ ન ઊગે તેમજ આમને લૌકિક વિષય નથી. અહીં તો રસરૂપ લીલા સદાસર્વદા એક રસ છે. આ અંતરંગી સખા શ્રીઠાકુરજીના અંગરૂપ છે. તે સખીરૂપ અને સખારૂપ એમ બંને રૂપોથી રાત્રિ દિવસ લીલા કરે છે. તેથી સુરદાસ 'કૃષ્ણસખા' નું પ્રાગટ્ય છે. અને કૃષ્ણ સખાનું બીજું સ્વરૂપ સખી છે. જે લીલાકુંજમાં છે. તેમનું નામ 'ચંપકલતા' છે. તેથી સુરદાસને બધી લીલાનો અનુભવ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની કૃપાથી થશે. તે પ્રકાર હવે કહે છે.

ત્યાં આ સંદેહ થાય કે લીલા સંબંધી છે તો પહેલાંથી અનુભવ કેમ ન થયો ? એમનો મોહ કેમ થયો ? ત્યાં કહે છે કે શ્રીઠાકુરજી ભૂમિ ઉપર પ્રગટ થઈને લૌકિકની માફક લીલા કરે છે તે યશ પ્રગટ કરવાને માટે, તે લીલા ગાઈ જગતમાં લૌકિક જીવ કૃતાર્થ થાય છે. તેવી જ રીતે શ્રીઠાકુરજીના ભક્ત પણ જગતમાં લૌકિક લીલા કરી અલૌકિક બતાવે છે. જેમ રૂકમણીજી સાક્ષાત શ્રીલક્ષ્મીજીનું સ્વરૂપ છે, પરંતુ જ્યારે જન્મી ત્યારે દેવી પૂજીને વર માગ્યો. પછી શ્રીઠાકુરજીની પાસે બ્રાહ્મણ લગનને માટે મોકલ્યો. તે આ જગતમાં લીલા પ્રકટ કરવા માટે જેમ કાલિંદીએ સૂર્ય દ્વારા પ્રકટ થઈને શ્રીયમુનાજીમાં મંદિર કરી તપસ્યા કરી અર્જુનને કહ્યું કે હું શ્રીઠાકુરજીને વશ કરીશ ત્યારે શ્રીઠાકુરજીએ પોતે વિવાહ કર્યો. એ લીલા માત્ર છે. કેમ જે એ સદા શ્રીઠાકુરજીની પ્રિયા છે. વળી વ્રજમાં શ્રીસ્વામિનીજી અને

પ્રકટ્યા. અને શ્રીસ્વામિનીજી શ્રીવૃષભાનજીના ઘરે પ્રકટ થઈને ઠાકોરજીને મળવાના અનેક ઉપાય રાત્રિ દિવસ કર્યા. એ લીલા કેવલ જગતમાં પ્રકટ કરવાને માટે જ હતી. નહીં તો એ સદા એકરસ લીલા કરે છે. તેમજ સુરદાસે શ્રીઆચાર્યજીના સેવક થઈને ભગવત્લીલા ગાઈ, એમાં સ્વામીના યશ વધે. જેમના સેવક સુરદાસ જેવા ભગવદીય હોય તેમના સ્વામી શ્રીઆચાર્યજી આપ કેવા હોય ? માટે તેમની શરણે જઈએ, આ પ્રકારે જગતમાં લીલા કરી યશ પ્રકટ કર્યો. કેમ જે આગળ લૌકિક જીવો અને ભગવદ ગુણવાન કરી ભગવત્પ્રાપ્તિ કરી શકે.

એ સુરદાસજી જગત ઉપર પ્રકટ્યા. પરંતુ લીલાનું જ્ઞાન નથી. સુરદાસજી દિલ્હી પાસે ચાર કોશ આ તરફ એક સીંહી ગામ છે. અને જ્યાં રાજા પરીક્ષિતના બેટા જન્મેજયે સમર્પણ કર્યો છે તે ગામમાં એક સારસ્વત બ્રાહ્મણને ત્યાં પ્રકટ્યા. તે સુરદાસજીને જન્મથી જ નેત્ર નથી, તેમજ નેત્રોનો આકાર ઉપસેલો ભાગ કંઈ નથી. ઉપર ભ્રમર માત્ર છે. એ રીતિનું સુરદાસજીનું સ્વરૂપ છે. વળી ત્રણ બેટા આ સારસ્વત બ્રાહ્મણને હતા અને ઘરમાં બહુ નિષ્કંચક હતો. તે સારસ્વત બ્રાહ્મણને ઘરે ચોથા સુરદાસજી પ્રથમ પ્રકટ્યા. ત્યારે તેમના નેત્ર ન જોયા. આકાર પણ નહીં, આ પ્રકારે જોઈને તે બ્રાહ્મણે પોતાના મનમાં બહુ શોક કર્યો. અને દુઃખ પામ્યો કે જુઓ, એક તો વિધાતાએ અમને નિષ્કંચક કર્યા. અને બીજું ઘરમાં આવો પુત્ર જન્મ્યો. હવે આની ટહેલ કોણ કરશે અને કોણ એની લાઠી પકડશે ? આ પ્રમાણે બ્રાહ્મણ પોતાના મનમાં બહુ દુઃખ પામ્યો. કેમ કે જન્મ્યા પછી નેત્ર જાય એને આંધળો કહીએ. સૂર ન કહીએ. અને આ તો સૂર છે. તેથી માતા-પિતા અને ઘરના બીજા કોઈ એમનાથી પ્રીતિ ન કરે. જાણે કે નેત્ર વિનાનો પુત્ર શા કામનો ? તેથી એમનાથી કોઈ બોલતું નહીં.

એમ કરતાં સુરદાસજી વર્ષ છના થયા, ત્યારે પિતાને તે ગામના એક દ્રવ્યપાત્ર ક્ષત્રી જજમાને બે મહોર દાનમાં દીધી. આ બ્રાહ્મણ એ મહોરો લઈને પોતાના ઘરે આવ્યો અને પોતાના મનમાં બહુ પ્રસન્ન થયો, અને સ્ત્રી તથા ઘરમાં દેવ સંબંધી બેટાબેટી હતાં તેમને બધાને કહ્યું, કે ભગવાને બે મહોર દીધી છે. કાલે તેને વટાવીને સીધું સામાન લાવીશ. તેથી આપણાં ઘરમાં બેચાર મહિનાનું કામ ચાલશે. આ પ્રકારે બધાને બે મહોરો દેખાડી. ત્યાર પછી એક રાત્રિએ એક કપડામાં બાંધીને તેને તાકમાં ધરીને સૂઈ રહ્યો. રાત્રિએ બેય મહોરોને ઉંદર લઈ ગયા ને ઘરની છતના દરમાં ધરી દીધી. બ્રાહ્મણ સવારે ઊઠીને જુએ તો મહોર નહિ, ત્યારે સુરદાસના માતાપિતા છાતી કૂટવા લાગ્યા અને પોતાના મનમાં અતિ કલેશ કરવા લાગ્યા. તે દિવસે ખાનપાન પણ ન કર્યું. એ રીતે ઘણો વિલાપ કરવા લાગ્યા, એ જોઈને સુરદાસજી માતાપિતાથી બોલ્યા કે તમે આવો વિલાપ કેમ કરો છો ? ભગવાનનું ભજન સ્મરણ કરો, તેથી બધું ભલું થશે, આ પ્રમાણે સુરદાસજી એમનાથી બોલ્યા, ત્યારે માતાપિતાએ સુરદાસને કહ્યું, કે અમને કોઈ દિવસ સુખ ન થયું, અને અમને પેટ ભરીને અન્ન પણ નથી મળતું. ભગવાને અમને બે મહોર આપી હતી તે પણ એમ જ ગઈ. ત્યારે સુરદાસજી બોલ્યા કે જો તમે મને ઘરમાં ન રાખો તો હું હમણાં જ તમારી મહોર બતાવી દઉં, પણ પછી મને ઘરમાં રાખતા નહીં અને તમે મારી પાછળ ન પડતા, એ સાંભળીને માતાપિતાએ સુરદાસને કહ્યું કે, બીજું અમને શું જોઈએ ? તું અમને મહોરો બતાવી દે અને અમારી મહોર મળે પછી તારા મનમાં આવે ત્યાં તું જજે. અમે તને રોકીશું નહીં. ત્યારે સુરદાસ બોલ્યા કે છતમાં દર છે તે દરના મોહડા ઉપર પડી છે. ત્યારે આ બ્રાહ્મણે ત્યાંથી મહોર મેળવી.

પછી સુરદાસજી ઘરથી ચાલવા લાગ્યા, ત્યારે માતાપિતાને મોહ ઉત્પન્ન થયો. તેઓ કહે કે આ

સુરદસના શુકન બહુ સારા થયા. એના કહેવા પ્રમાણે તરત જ મહોર મળી છે. તેથી એ વિચારીને માતાપિતાએ સુરદાસને કહ્યું, કે સુરદાસ ! હવે તમે ઘરથી કેમ જાઓ છો ? હવેં તો મહોર મળી ગઈ છે. તેથી જ્યાં સુધી આ મહોરનું અનાજ રહે, ત્યાં સુધી તમે પણ ખાવ, પછી જ્યાં જવું હોય ત્યાં જજો. ત્યારે સુરદાસ બોલ્યા કે મને હવે તમારા ઘરમાં ન રાખો. જો મને ઘરમાં રાખશો તો તમારી મહોર ફરી જશે અને તમે દુઃખ પામશો. આ સાંભળીને માતાપિતા કાંઈ બોલ્યા નહીં, અને સુરદાસજી તો હાથમાં લાઠી લઈ ઘરથી નીકળ્યા. તે સિંહથી ચાલ્યા તે ચાર કાસ ઉપર એક ગામ હતું ત્યાં તલાવ ઉપર એક પીપળાના વૃક્ષ નીચે સુરદાસજી આવીને બેઠા અને તે તલાવનું જલ પીધું. બેચાર ઘડી દિવસ પાછલો રહ્યો હતો ત્યારે તે ગામનો બ્રાહ્મણ જમીનદાર ત્યાં આવીને સુરદાસજીને ઓળખીને કહેવા લાગ્યો કે મારી દશ ગાય ત્રણ દિવસથી મળતી નથી, કોઈ બતાવે તો બે ગાય તેને આપું, ત્યારે સુરદાસજીએ કહ્યું, મારે તમારી ગાય શું કરવી છે ? પરંતુ તું પૂછે છે તો કહું છું કે અહીંથી કોસ ઉપર એક ગામ છે. તે ગામના જમીનદારના મનુષ્યો રાત્રિએ આવીને તારી દશ ગાયો લઈ ગયા છે. તે જમીનદારના ઘરની અંદર એક બીજું ઘર છે ત્યાં જમીનદારે ઘોડા બાંધ્યા છે. અને એ ઘોડાઓની પાસે તારી ગાયો બાંધી છે. ત્યારે તે જમીનદાર દસ આદમીને સાથે લઈને ત્યાં જઈને જુએ તો ગાયો બાંધી છે. તે લઈ આવીને સુરદાસને કહ્યું કે સુરદાસ ! તમારા કહેવા પ્રમાણે મારી દશ ગાય મળી ગઈ છે તેથી આ બે ગાય તમે રાખો. ત્યારે સુરદાસજીએ કહ્યું કે હું પોતાનું જ ઘર છોડીને આવ્યો છું. અને શ્રીઠાકુરજીનો આશ્રય કરીને બેઠો છું તો હું તારી ગાય શા માટે લઉં ? ત્યારે તે જમીનદાર સુરદાસને બાલક જાણીને શિખામણની વાતો કરવા લાગ્યો કે અરે ! તું ફલાણા સારસ્વતનો બેટો છે અને નેત્રો તારે છે નહીં અને કોઈ મનુષ્ય પણ તારી પાસે નથી, તું તારું ઘર છોડીને રિસાઈને અહીં કેમ બેઠો છે ? નેત્ર છે નહીં, દિવસ કેમ જશે ? ત્યારે સુરદાસે કહ્યું કે મેં તારા ઉપર તો ઘર છોડ્યું નથી ! મેં તો નારાયણ ઉપર ઘર છોડ્યું છે. તે બધા જગતનું પાલન કરે છે તે મારું પણ પાલન કરશે અને જે હોનહાર હશે તે થશે. ત્યારે જમીનદારે કહ્યું હું પણ બ્રાહ્મણ છું, દાળ-રોટલી મારા ઘરે થઈ છે, કહે તો લાવું. ત્યારે સુરદાસે કહ્યું હું તો રસ્તામાં ચાલીને લાવેલી રોટલી નથી ખાતો. તે જમીનદારે પોતાના ઘરે જઈ પૂરી કરાવી અને દૂધ લઈ જઈ સુરદાસને જલ ભરી દઈને આપ્યું અને કહ્યું કે સુરદાસ તમે કોઈ વાતનું દુઃખ ન પાંમતા. જ્યાં સુધી ભગવાન મને ખાવાનું આપશે ત્યાં સુધી અહીં હું તમને આપી જઈશ અને સવારે આ તલાવ ઉપર અગર ગામમાં તમે જ્યાં કહેશો ત્યાં છાપરું કરી આપીશ.

પછી સવાર થયું ત્યારે તે જમીનદારે આવીને કહ્યું, કે તારું મન ક્યાં રહેવાનું છે ? ત્યારે સુરદાસે કહ્યું, હમણાં તો આ જ તલાવ ઉપર પીપળા નીચે થોડાંક દિવસ રહેવાનું મન છે. ત્યારે તે જમીનદારે ત્યાં એક ઝૂંપડું કરી દીધું અને ટહેલ કરવાને એક ચાકર રાખી દીધો. ત્યાર પછી એ જમીનદારે દશ પાંચ જણની આગળ વાત કરી કે ફલાણાનો બેટો સુરદાસ બહુ જ્ઞાની છે. અમારી ગાયો ખોવાઈ ગઈ હતી તે બતાવી દીધી. તે શુકનમાં સારું જાણે છે. મેં એને તલાવના ઉપર પીપળાના નીચે ઝૂંપડી બનાવી આપી છે અને તેના પાસે એક ચાકર રાખી દીધો છે. નિત્ય પૂરી દહીં મોકલું છું, તેથી જેને શુકન પૂછવું હોય ને તેની પાસે જઈને પૂછી આવજો. એ સાંભળીને બધા લોકો ગામના આવવા લાગ્યા ને કોઈ પૂછે તેને સુરદાસ શુકન બતાવે તે પ્રમાણે થાય તેવીં સુરદાસની બહુ પૂજા ચાલી. ભીડ લાગી રહે, ખાવાપીવાનું સારી રીતે આવવા લાગ્યું પછી કેટલાક દિવસમાં સુરદાસને માટે એક મોટું ઘર તલાવ ઉપર બનાવી

દીધું. વસ્ત્ર દ્રવ્ય વગેરે ઘણો વૈભવ ભેગો થયો. સુરદાસ સ્વામી કહેવાયાં ઘણા મનુષ્યો એમના સેવક થયા. જેને કંઠી બાંધવી હોય તે સુરદાસનો સેવક થાય. સુરદાસ વિરહનાં પદો સેવકોને સંભળાવતા તેથી ગાવાનો વાજાંનો બધો સાજ ભેળો થઈ ગયો. એ પ્રકારે સુરદાસ પીપળાના વૃક્ષ નીચે અઢાર વર્ષના થયા.

એક દિવસ રાત્રિએ તેવો સૂતા હતા તે સમયે સુરદાસને વૈરાગ્ય આવ્યો. ત્યારે સુરદાસજીએ પોતાના મનમાં વિચાર્યું કે જુઓ, હું ભગવાનને મળવા માટે વૈરાગ્ય કરીને નીકળ્યો હતો તે અહીં આવીને ફસાઈ ગયો. મારો પોતાનો યશ શા માટે વધારવો જોઈએ ? શ્રીપ્રભુનો યશ વધાર્યો હોત તો સારું, આમાં તો મારું અહિત થયું. તેથી હવે ક્યારે સવાર થાય અને અહીંથી હું કૂચ કરું. એમ કરતાં સવાર થયું ત્યારે એક સેવકને મોકલી માતાપિતાને બોલાવી બધું ઘર એમને સોંપી દીધું. પછી સુરદાસે એક વસ્ત્ર પહેરીને લાઠી લઈને ત્યાંથી કૂચ કરી. ત્યારે જે સેવકો માયાના જંજાળમાં હતા તેઓ સંસારમાં લપટાયા અને ત્યાં જ રહ્યા, અને કેટલાક સેવકો જે સંસારથી રહિત હતા તે સુરદાસની સાથે ચાલ્યા. પછી સુરદાસે મનમાં વિચાર્યું કે વ્રજ છે તે શ્રીભગવાનનું ધામ છે ત્યાં ચાલિયે. ત્યારે સુરદાસ ત્યાંથી ચાલ્યા તે મથુરાજી આવ્યા. ત્યાં વિશ્રામઘાટ ઉપર રહીને વિચાર કર્યો કે હું મથુરાજીમાં રહીશ તો અહીં પણ મારું માહાત્મ્ય વધશે અને આ કૃષ્ણની પુરી છે તેથી અહીં મારે મારું માહાત્મ્ય પ્રકટ કરવું નહીં. આ સંસારમાં અનેક લોકો સુખદુઃખ પામે છે તે બધા પૂછવા આવશે અને અહીં મથુરિયા ચોબા છે તે અહીં મારું માહાત્મ્ય વધશે તો દુઃખ પામશે, તેથી અહીં રહેવું ઠીક નહીં. એમ વિચારીને સુરદાસ મથુરા અને આગ્રાની વચ્ચોવચ્ચ ગઉઘાટ છે ત્યાં આવીને શ્રીયમુનાજીના તીરે સ્થલ બનાવીને રહ્યા. સુરદાસનો કંઠ બહુ સુંદર હતો. તેઓ ગાન વિદ્યામાં ચતુર અને શુકન બતાવવામાં પણ ચતુર, તેથી ત્યાં પણ ઘણા લોકો સુરદાસજીની પાસે આવતા. ત્યાં પણ સેવકો ઘણા થયા ને સુરદાસ જગતમાં પ્રસિદ્ધ થયા.

વાર્તાપ્રસંગ ૧ : ગઉઘાટ ઉપર સુરદાસ રહેતા ત્યારે કેટલાક દિવસ પછી શ્રીઆચાર્યજી મહાપ્રભુ પોતે અડેલથી વ્રજમાં પધરાવતા હતા ત્યારે કેટલાક દિવસમાં આપ ગઉઘાટ પધાર્યા. તે સમયે શ્રીઆચાર્યજીની સાથે સેવકોનો મોટો સમાજ હતો. બધા વૈષ્ણવો સહિત શ્રીઆચાર્યજીએ પોતે શ્રીયમુનાજીમાં સ્નાન કર્યું. ત્યાર પછી સંધ્યાવંદન કરી પાક કરવાને આપ પધાર્યા, અને સેવકો પણ બધા પોતપોતાની રસોઈ કરવા લાગ્યા. તે સમયે એક સેવક સુરદાસને ત્યાં આવ્યો. તેણે જઈને સુરદાસને ખબર કરી કે સુરદાસજી ! આજ અહીં શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે કે જેમણે કાશીમાં તથા દક્ષિણનાં માયાવાદ ખંડન કર્યો છે અને ભક્તિમાર્ગ સ્થાપન કર્યો છે, એ સાંભળી સુરદાસે પોતાના સેવકોને કહ્યું કે જ્યારે શ્રીવલ્લભાચાર્યજી ભોજન કરીને નિશ્ચિતતાથી ગાદીતકિયા ઉપર બિરાજે તે સમયે અમને ખબર કરજે. હું શ્રીવલ્લભાચાર્યજીના દર્શને ચાલીશ; એટલે તે સેવક દૂર આવીને રહ્યો. પછી જ્યારે શ્રીઆચાર્યજી આપ ભોજન કરીને નિશ્ચિતતાથી ગાદીતકિયા ઉપર બિરાજ્યા અને સેવકો પણ બધા આસપાસ આવી બેઠા, ત્યારે સેવકે જઈને ખબર કરી. એટલે સુરદાસ તેજ સમયે પોતાની સાથે બધા સેવકોને લઈને શ્રીઆચાર્યજીનાં દર્શને આવ્યા. ત્યાં આવીને શ્રીઆચાર્યજીને સાષ્ટાંગ દંડવત કર્યા ત્યારે શ્રીઆચાર્યજી શ્રીમુખથી કહે કે સુર ! કંઈ ભગવદ યશ વર્ણન કરો. ત્યારે સુરદાસે શ્રીઆચાર્યજીને દંડવત કરી કહ્યું, મહારાજ ! જેવી આજ્ઞા. પછી તે સુરદાસે આ પદ શ્રીઆચાર્યજીની આગળ ગાયું તે પદ.

રાગ ધનાશ્રી : હોં હરિ સબ પતિતનકો નાયક ॥ કો કરિ શકે બરાબરિ મેરી ઈતે માનકી લાયક॥૧॥ જો તુમ અજામિલ સોં કીની, સો પાતી લિખ પાઉં ॥ હોય વિશ્વાસ ભલો વિજય અપને ઔર

પતિતં બુલાઉં ॥૨॥ સિમિટ જહાં તહાં તેં સબ કોઈ આરે જરે ઈકઠોર ॥ અબકે ઈતને ઔર મિલાઉં બેર દુસરી ઓર ॥૩॥ હોકા હોડી મન હુલાસ કરિ, કરે પાપ ભરિ પેટા ॥ સબકોં લે પાયન તરિ પારો કરી હમારી ભેટા ! એસી કિતિક બનાઉં પ્રાનપતિ, સુમિરન વ્વે ભયો આડો । અબકી બેરનિબેર લઉં પ્રભુ, 'સુર' પતિત કી ટાંડો ॥૫॥ અને ત્યાર પછી બીજું પદ ગાયું.

રાગ ધનાશ્રી : પ્રભુ હોં સબ પતિતન ટીકો ॥ ઔર પતિત સબ ઘોસ ચારિ કે, હોં તો જન્મત હી કો ॥ બધિક-અજામિલ ગનિકા તારી, ઔર પુતના હીકો ॥ મોહિ છાંડી તુમ ઔર ઉધારે, મિટે સુલ ક્યોં જી કો ॥ કોઉન સમરથ શુદ્ધ કરન કોં, ખેચિ કહત હોં લીકો ॥ મરિયત લાજ 'સુર' પતિતન મેં, કહત સબે મોહિ નીકો ॥

એ સાંભળીને શ્રીઆચાર્યજી પોતે સુરદાસને કહે કે "સુર" થઈને આવો ગળગળો કેમ થાય છે ? કંઈ ભવલીલા વર્ણન કર.

ભાવપ્રકાશ : એનો આશય એ કે જીવ ભગવાનથી વિછર્યો ત્યારે પતિત તો થયો છે જ. તેને બહુ શું ? ભગવલ્લીલા ગાવ જેથી શુદ્ધ થવાય.

ત્યારે સુરદાસે શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે મહારાજ ! હું કંઈ ભગવલ્લીલામાં સમજતો નથી. ત્યારે શ્રીઆચાર્યજી શ્રીમુખથી કહે કે સુર ! શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવો. અમે તમને સમજાવી દઈશું, ત્યારે સુરદાસ પ્રસન્ન થઈને શ્રીયમુનાજીમાં સ્નાન કરીને અપરસમાં જ શ્રીઆચાર્યજી પાસે આવ્યા ત્યારે શ્રીઆચાર્યજીએ કૃપા કરીને સુરદાસને નામ સંભળાવ્યું. તે પછી સમર્પણ કરાવ્યું. પછી આપે દશમસ્કંધની અનુક્રમણિકા કરીને સુરદાસને સંભળાવી.

ભાવપ્રકાશ : અષ્ટાક્ષર મંત્ર સંભળાવ્યો. તેનાથી સુરદાસના સઘળા જન્મોનો દોષ મટાવ્યો અને સાત ભક્તિ પ્રાપ્ત થઈ પછી બ્રહ્મસંબંધ કરાવ્યું તેનાથી સાત ભક્તિ અને નવધા ભક્તિની સિદ્ધિ થઈ. પ્રેમલક્ષણા ભક્તિ રહી તે દશમસ્કન્ધની અનુક્રમણિકા સંભળાવી એટલે સિદ્ધ થઈ એ પ્રમાણે સંપૂર્ણ પુરુષોત્તમની લીલા સુરદાસના હૃદયમાં સ્થાપન થઈ.

તેથી સઘળી શ્રીસુબોધિનીનું જ્ઞાન શ્રીઆચાર્યજીએ સુરદાસના હૃદયમાં સ્થાપિત કર્યું એટલે ભગવલ્લીલા-યશ વર્ણન કરવાનું સામર્થ્ય થયું. અનુક્રમણિકાથી બધી લીલા હૃદયમાં સ્ફુરી. તે કેમ જાણીએ ? ત્યાં કહે છે કે શ્રીઆચાર્યજી આપે દશમસ્કંધની સુબોધિનીજીમાં મંગલાચરણની પ્રથમ કારિકા કરી છે. તે કારિકા કહીએ છીએ.

'નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિ-શાયિનમ્ ।
લક્ષ્મીસહસ્ત્ર-લીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ॥'

આ મંગળાચરણ પ્રમાણે સુરદાસે શ્રીઆચાર્યજીની આગળ નીચેનું પદ કરીને ગાયું.

રાગ બિલાવલ : ચકઈરી ચલિ ચરન સરોવર, જહાં નહીં પ્રેમ વિયોગ । જહાં બ્રહ્મનિશા હોતિ નહીં કબહૂ, સો સાયર સુખ યોગ ॥ સનકસે હંસ, મીનસે મુનિગન, નખ રવિ પ્રભા પ્રકાસ । પ્રફુલ્લિત કમલ નિમિષ નહીં સસિડર, ગુંજત નિગમ સુવાસ । જિહિં સર સુભગ મુક્તિ મુક્તાફલ સુકૃતિ વિમલ જલ પીજે । સો સર છાંડિ કુબુદ્ધિ વિહિંગમ, યહાંરહિ કહા કીજે ॥ જહાં શ્રીસહસ્ત્ર સહિત નિત ક્રીડત સોભિત સુરજદાસ અબ ન સુહાય વિષશરસ છિલ્લર, વા સમુદ્રકી આસ ॥

આ પદ દશમસ્કંધની કારિકાને અનુસાર કર્યું છે. જેમ શ્લોકમાં કહ્યું છે તેમજ સુરદાસે આ પદમાં

કહ્યું છે જે — 'જહાં શ્રીસહસ્ત્ર સહિત નિત્ય ક્રીડત, શોભિત સુરજદાસ આ કહ્યું તેમાં સમજાય છે કે સુરદાસને બધી લીલા શ્રીસુબોધિનીજીની સ્ફુરી છે એ સાંભળીને શ્રીઆચાર્યજીએ આપે શ્રીમુખથી સુરદાસને આજ્ઞા કરી કે સુર ! કંઈ નંદાલયની લીલા ગાવ. ત્યારે સુરદાસે નંદમહોત્સવનું કીર્તન વર્ણન કરીને ગાયું.

રાગ દેવગંધાર : વ્રજ ભયો મહરિકે પૂત જબ યહ બાત સુની । સુનિ આનંદે સબ લોગ ગોકુલ ગનિત ગુની ॥ બ્રજ પૂરવ પૂરે પૂન્ય રૂપી કુલ સુથરિ થુની । ગ્રહ લગ્ન નક્ષત્ર બોલે સોધિ, કીની વેદધુની ॥૧॥ (આ પદ પંદર કડીનું છે.)

નંદ મહોત્સવની આ મોટી વધાઈ સુરદાસે ગાઈ તેમાં શ્રીનંદરાયજીના ઘરનું વર્ણન કર્યું ત્યાં સુધી તો શ્રીઆચાર્યજી આપે સાંભળ્યું. ત્યાર પછી ગોપીજનના ઘરનું વર્ણન કરવા લાગ્યા, ત્યારે શ્રીઆચાર્યજી આપે શ્રીમુખથી સુરદાસને કહ્યું કે 'સુન સૂર સબનકી યહ ગતિ જો હરિચરણ ભજે.' આ પ્રમાણેની તુક પોતે કહીને સુરદાસને ચૂપ કરી દીધા.

ભાવપ્રકાશ : તે એ માટે વ્રજભક્તોનો આનંદ છે તે ભગવદીયોના હૃદયમાં અનુભવ કરવા યોગ્ય છે, બહાર પ્રકાશ થાય તે ઠીક નહીં. તેથી સુરદાસને રોકી દીધા વળી સુરદાસના હૃદયમાં એ પણ આવ્યું હતું કે મેં સેવક કર્યા છે તેની શી ગતિ થશે ? ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું—

'સુન સૂર સબનકી યહ ગતિ, જો હરિ ચરન ભજે ।'

પછી શ્રીઆચાર્યજી આપ પ્રસન્ન થઈને કહે કે સુરદાસ જાણે નંદાલયની લીલાની પાસે જ ઊભા છે એવું કીર્તન ગાયું. તે પછી શ્રીઆચાર્યજીએ સુરદાસને 'પુરુષોત્તમ સહસ્ત્રનામ' સંભળાવ્યું. ત્યારે બધી શ્રીભાગવતની લીલા સુરદાસના હૃદયમાં સ્ફુરી. તેથી સુરદાસે ભાગવતના સ્કંધથી દ્વાદશ સ્કંધ પર્યંતના કીર્તન વર્ણન કર્યા. તે ગૌઘાટ ઉપર શ્રીઆચાર્યજી આપ ત્રણ દિવસ રહ્યા. ત્યારે સુરદાસે જેટલા સેવક કર્યા હતા તે બધાને શ્રીઆચાર્યજીના સેવક કરાવ્યા. તે પછી શ્રીઆચાર્યજી પોતે વ્રજમાં પધાર્યા, ત્યારે સુરદાસ પણ શ્રીઆચાર્યજી સાથે વ્રજમાં આવ્યા. પ્રથમ શ્રીઆચાર્યજી મહાપ્રભુ આપ ગોકુલ પધાર્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ શ્રીમુખથી કહ્યું કે સુરદાસ શ્રીગોકુલના દર્શન કરો. ત્યારે સુરદાસજીએ શ્રીગોકુલને સાષ્ટાંગ દંડવત કર્યા. દંડવત કરતાં જ શ્રીગોકુલની લીલા સુરદાસજીના હૃદયમાં સ્ફુરી. પછી સુરદાસે પોતાના મનમાં વિચાર્યું કે શ્રીગોકુલની લીલાનું હું વર્ણન કેવી રીતે કરું ? કેમકે શ્રીઆચાર્યજીનું મન શ્રીનવનીતપ્રિયાજીના સ્વરૂપ ઉપર આસક્ત છે, તેતી શ્રીનવનીતપ્રિયાજીનું કીર્તન કરું, જેમાં શ્રીગોકુલની બાળલીલાનું વર્ણન હોય તેથી સુરદાસજીએ પદ ગાયું તે પદ—

રાગ બિલાવલ : સોભિતા કર નવનીત લિઓ ઘુટુરૂવન ચલત રેનુ તન મંડિત મુખ દધિ લેપકિએ ॥૧॥ ચારૂ કપોલ લોલ લોચન છબિ, ગોરોચન કો તિલક દિએ ॥ લટ લટકનિ માનો મત્ત મધુપગન માદક મધુહિ પિએ ॥૨॥ કઠુલી કંઠ વજ્ર કહરિનખ, રાજત હૈ રાખિ રૂચિર હિએ ॥ ધન્ય 'સૂર' એકો પલ યલ સુખ, કહા ભયો સત્ત કલ્પ જિએ ॥૩॥

આ પદ સાંભળીને શ્રીઆચાર્યજી આપ સુરદાસના ઉપર બહુ જ પ્રસન્ન થયા. તે પછી સુરદાસે બીજા પણ પદ બાળલીલાના શ્રીઆચાર્યજીને સંભળાવ્યાં. પછી શ્રીઆચાર્યજીએ વિચાર્યું કે શ્રીગોવર્ધનનાથજીનું મંદિર તો સિદ્ધ કરાવ્યું અને સેવાનું બંધારણ થયું. તેથી સુરદાસને શ્રીનાથજી પાસે રાખીએ ત્યારે સમય સમયના બધાં કીર્તનોનું બંધારણ પણ થવું જોઈએ. જેથી આગળ બહુ વૈષ્ણવો

સુરદાસનાં પદ ગાઈને કૃતાર્થ થશે. એમ વિચારીને સુરદાસને સાથે લઈને શ્રીઆચાર્યજી આપ શ્રીગોવર્ધન પધાર્યા. ત્યાં ઉપર પધારીને શ્રીનાથજીનાં દર્શન કર્યા. ત્યારે શ્રીઆચાર્યજી આપ શ્રીમુખથી સુરદાસને કહે કે સુર ! શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરો અને કીર્તન ગાવ. ત્યારે સુરદાસજીએ શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં. તે પછી સુરદાસજીએ પ્રથમ વિજ્ઞપ્તિનું પદ દૈન્ય સહિત ગાયું તે પદ—

રાગ ધનાશ્રી : અબ હોં નાચ્યો બહુત ગોપાલ ॥ કામ ક્રોધ હો પહરિ ચોલના, કંઠ વિષયકી માલ ॥૧॥ મહા મોહ કે નૂપુર બાજે, નિંદા શબ્દ રસાલ ॥ ભરમ ભરયો મન ભયો પખાવજ, ઉપર હંસ ગતિ ચાલ ॥૨॥ તૃષ્ણા નાદુ કરત ઘટ ભીતર નાનાવિધિ કે તાલ ॥ માયા કો કટિ ફેંટા બાંધ્યો, લોભ તિલક દિયો ભાલ ॥૩॥ કોટિક કલા કાછિ દિખરાઈ, જલ થલ સુધિ નહિ કાલ ॥ 'સુરદાસ'કી સબે અવિદ્યા દુર કરહુ નંદલાલ ॥૪॥

આ પદ સુરદાસજીએ શ્રીનાથજીને સંભળાવ્યું એ સાંભળીને શ્રીઆચાર્યજી આપ સુરદાસને કહે કે સુરદાસ ! હવે તો તમારા મનમાં કંઈ અવિદ્યા રહી નથી તમારી અવિદ્યા તો પ્રથમ જ શ્રીનાથજીએ દૂર કરી છે, તેથી હવે તમે ભગવદ્‌લીલા ગાવ જેમાં માહાત્મ્ય પૂર્વક સ્નેહ હોય.

ભાવપ્રકાશ : પરંતુ ભગવદીય જેટલી છે તે બધાની એજ બોલી છે કે પોતાને હીન કહે છે, તે ભગવદીયોનું લક્ષણ છે અને જે કોઈ પોતાને સારો કહે અને પોતાની વડાઈ કરે તે ભગવાનથી સદા બહિર્મુખ છે.

ત્યારે શ્રીઆચાર્યજી અને શ્રીગોવર્ધનનાથજીના આગળ સુરદાસે માહાત્મ્ય સ્નેહ યુક્ત કીર્તન કર્યાં, તે પદ—

રાગ ગેરી : કોન સુકૃત ઈન બ્રજબાસિન કો વદત બિરંચી સિવ શેષ ॥ શ્રીહરિ જિનકે હેત પ્રગટે માનુષ વેશ ॥ ધ્રુવ ॥ જ્યોતિ રૂપ જગ-ધામ જગદગુરુ, જગત-પિતા જગદીશ ॥ જોગ જગ્ય જપ તપ વ્રત દુર્લભ સો ગૃહ ગોકલુ ઈસ ॥૧॥ જાકે ઉદર લોક ત્રય જલ થલ, પંચ તત્ત્વ ચોખાન ॥ બાલક હે જુલત બ્રજ પલના, જસુમતિ ભવન-નિધાન ॥૨॥ ઈકઈક રોમ કૃપ વિરાટ સમ, આનંદ કોટિ બ્રહ્માંડ ॥ લિએ ઉછંગ તાહિ માત યશોદા, અપને ભરિ ભુજ-દંડ ॥૩॥ રવિ સસિ કોટી કલા સમ લોચન, ત્રિવિધ તિમિર ભજિ જાત ॥ અંજન દેત હેત સુત કે ચખ, લેકર કાજર માત ॥ ૪॥ ક્ષિતિ મિતિ ત્રિપદ કરી કરૂનામય, બલિછલિ દિયો હે પતાર ॥ દેહરી ઉલંધિ સકત નહીં સો પ્રભુ, ખેલત નંદ કે દ્વાર ॥૫॥ અનુદિત સ્ત્રવત સુધારસ પંચમ ચિંતામનિ સી ધેનુ ॥ સો ત્યાજ જસુમતિ કો પય પીવત, ભક્તન કો સુખ દેનુ ॥૬॥ વેદવેદાન્ત ઉપનિષદ ષટરસ, અરપે ભુગતે નાહિ ॥ સો હરિ ગ્વાલ-બાલ મંડલ મેં હંસિ હંસિ જુઠાનિ ખાહિ ॥૭॥ કમલાનાયક વૈકુંઠદાયક, સુખ દુઃખ જિનકે હાથ ॥ કાંધ કમરિયા હાથ લકુટિયા. બિરહન બન બચ્છ સાથ ॥૮॥ કરન હરન પ્રભુ દાતા ભોક્તા, વિશ્વંભર જગ જાનિ । તાહિ લગાઈ માખનકી ચોરી બાંધ્યો નંદજુ કી રાનિ ॥૯॥ બકી બકાસુર સંકટ તૃણાવર્ત અધ ધેનુક વૃષભાસ । કંસ કેસો કો યહ ગતિ દીની, રાખે ચરન નિવાસ ॥૧૦॥ ભક્ત વત્સલ હરિ પતિત ઉદ્ધારન, રહે સકલ ભરિપુર । મારગ રોકિ પરયો હરિ-દ્વારે, પતિત સિરોમનિ 'સુર' ॥૧૧॥

એ સાંભળી શ્રીઆચાર્યજી આપ બહુ પ્રસન્ન થયા.

ભાવપ્રકાશ : કેમ જે જેવો શ્રીઆચાર્યજીએ પોતે પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો તેજ અનુસાર સુરદાસજીએ આ કીર્તન ગાયું, શ્રીઆચાર્યજીના માર્ગનું સ્વરૂપ છે જે માહાત્મ્ય જ્ઞાનપૂર્વક દૃઢ સ્નેહ સર્વોપરી છે, તે

શ્રીઠાકુરજીને બહુ પ્રિય છે. પરંતુ જીવ માહાત્મ્ય રાખે, કેમકે માહાત્મ્ય વિના અપરાધનો ભય મટી જાય. તેથી પ્રથમ દશામાં માહાત્મ્ય યુક્ત સ્નેહ અવશ્ય જોઈએ. અને વ્રજભક્તોનો સ્નેહ છે તે તો સર્વોપરી છે તેથી ભક્તોના સ્નેહની આગળ શ્રીઠાકોરજીનું માહાત્મ્ય રહેતું નથી. શ્રીઠાકોરજી સ્નેહને વશ થઈ પાછળ પાછળ ફરે છે. તેથી જયાં સુધી એવો સ્નેહ ન થાય ત્યાં સુધી માહાત્મ્ય રાખવું. જો સ્નેહનું નામ લઈને માહાત્મ્ય છોડે અને શ્રીઠાકુરજી આગળ બેસે, વાતો કરે અને પીઠ દે તો ભ્રષ્ટ થઈ જાય તેથી માહાત્મ્ય વિચારે અને અપરાધથી ડરે તો કૃપા થાય અને જીવને જયારે સર્વોપરી સ્નેહ થશે ત્યારે આપમેળે જ બધુ છૂટે, કારણ સ્નેહ એવો પદાર્થ છે કે માહાત્મ્યને છોડાવી દેશે. દશમસ્કંધમાં વર્ણન છે કે શ્રીભગવાને વારંવાર માહાત્મ્ય વ્રજભક્તોને અને શ્રીયશોદાજીને દેખાડ્યું, પુતના વધ કરીને, સંકટ, તૃણાવર્ત વધ કરીને, યમલાર્જુનનો ઉદ્ધાર કરીને, બકાસુર ધેનુક કાલીદમન વગેરે લીલા કરીને માહાત્મ્ય દેખાડ્યું, પરંતુ વ્રજભક્તોનો સ્નેહ પરમ અદ્‌ભુત અનિર્વચનીય છે તેથી માહાત્મ્ય તથા ઈશ્વરભાવ ન થયો. એવા સ્નેહનું પ્રભુ કૃપા કરીને જેને દાન કરે તેને આપમેળે જ માહાત્મ્ય છૂટી જશે. અને જેનો સ્નેહ પતિ, પુત્ર, સ્ત્રી, કુટુંબમાં તથા દ્રવ્યમાં છે અને પોતાના દેહસુખમાં છે તે ભગવાનના માહાત્મ્યને છોડી લૌકિક રીતે કરે તો અપરાધી થાય. તેથી વેદ મર્યાદા સહિત, શ્રીઠાકુરજીના ભય સહિત સેવા કરે અને સાવધાન રહે એમ કહ્યું આ શ્રીઆચાર્યજી મહાપ્રભુના માર્ગની રીતિ છે તેથી માહાત્મ્યપૂર્વક સ્નેહ કરીએ. વળી માહાત્મ્યપૂર્વક સ્નેહ એટલે કે સમય સમય, ઋતુ અનુસાર સેવામાં સાવધાન રહે તેનું નામ માહાત્મ્યપૂર્વક સ્નેહ કહીએ.

પછી શ્રીઆચાર્યજી આપ કહે કે સુર ! તમને પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત ફલિત થયો છે તેથી હવે તમે શ્રીગોવર્ધનધરને ત્યાં સમય-સમયનાં કીર્તન કરો. તે સમયે સેનભોગ સરી ચૂક્યો હતો ત્યારે માનના કીર્તન સુરદાસજીએ ગાયા. પદ—

રાગ બિહાગુરો : બોલતિ કાહે ન નાગરિ બેનાં । તોહિ મિલનકોં બહુ કરત હે, ગિરિધરલાલ કમલદલ નેનાં ॥૧॥ જબ તેં દૃષ્ટિ પરી મોહન કીં, બિસરયો ગૃહ-સુખ સેનાં । રટત 'સુર રાધે કહિ, કહું બનમાલ કહું ઉપરેનાં ॥૨॥

રાગ બિહાગરો : સુખદ સેજ મેં પોઢે રસિકવર, રસમય અંગ સંગ જાય રેન જાગે હે । સિથિલ બસન ભુષન અલક છબિ સોહે, મુખ મુખસોં લપટ, ઉર લાગે હે ॥૧॥ ઝુક ઝુક આવે નયન. આલસ ઝલક રહ્યો, લટપટી બાત કહત, અતિ અનુરાગે હે ॥ 'સુરદાસ' નંદસુવન તુમ્હારો યસ જાનો પ્રાનપ્રિયા સુખ હી મેં રસ પાગે હે ॥૨॥

રાગ બિહાગરો : પોડે લાલ રાધિકા ઉર લાય । નવકુસુમ અરૂ નવલ સિજયા, નવ ચતુર દોઉ રાય ॥૧॥ ગાન કરત સહચરી દ્વારે સરસ રાગ જમાય । 'સુર' પ્રભુ ગિરિધરન સંગ સુખ રહ્યો ઉર લપટાય ॥૨॥

પછી સુરદાસજીએ આ પ્રકારનાં હજારો કીર્તનો નિત્ય પ્રાતઃકાલથી જગાવવાનાં લઈને સેન પર્યંતના કર્યાં.

વાર્તાપ્રસંગ ૨ : વળી એક સમય સુરદાસજી પાંચ-સાત વૈષ્ણવોની સાથે માર્ગમાં ચાલ્યા જતા હતા. ત્યાં દશ-પાંચ જણા ચોપડ રમતા હતા. ચોપડની રમતમાં તેઓ એવા તલ્લીન થયા હતા કે રસ્તામાં આવતા જતા કોઈ મનુષ્યની કંઈ ખબર ન રહે. આ પ્રકારે એમને મગ્ન જોઈને સુરદાસજીએ પોતાની

સાથેના વૈષ્ણવોની આગળ એક પદ ગાયું. પછી એ વૈષ્ણવોને સુરદાસજીએ કહ્યું કે જુઓ, આ પ્રાણી મનુષ્ય જન્મ વૃથા ખોવે છે. ભગવાને મનુષ્ય દેહ પોતાનું ભજન કરવા માટે આપ્યો છે છતાં આ દેહથી આ પ્રાણી વૃથા હાડ કૂટે છે. એમાં લૌકિકમાં તો નિંદા છે. કહે છે આ જુગારી છે, અને અલૌકિકમાં ભગવાનથી બહિર્મુખતા છે. તેથી ભગવાને તો જેને મનુષ્ય દેહ દીધો છે તેને આવી ચોપડ રમવી જોઈએ નહિ. તે સમયે સુરદાસે આ પદ કહીને સાથમાં વૈષ્ણવો હતા તેમને સંભળાવ્યું, તે પદ—

રાગ કેદારો : મન તું, સમજ સોચ વિચાર ॥ ભક્તિ બિના ભગવાન દુર્લભ, કહત નિગમ પુકાર ॥ સાધુ સંગતિ ડાર પાસા, ફેરી રસના સાર ॥ દાવ અબકે પર્યો પુરો ઉતરિ પેલી પાર ॥ છાંડિ સત્રહ સુન અઠારે, પંચ હી કો મારા ॥ દૂરિ તેં તજિ તીન કાને ચમક ચોંક બિચાર ॥ કામ ક્રોધ મદ લોભ ભૂલ્યો, ઠગ્યો ઠગિની નારિ ॥ 'સુર' હરિકે પદ ભજન બિન, ચલ્યો દોઉ કર ઝારિ ॥

એ સાંભળીને એ વૈષ્ણવોએ સુરદાસને કહ્યું કે સુરદાસજી ! આ પદમાં સમજ પડી નથી, અમને અર્થ કરીને સમજાવો ત્યારે સમજાય, ત્યારે સુરદાસજીએ તે વૈષ્ણવોને કહ્યું કે—

ત્રણ વસ્તુ ચોપડામાં જોઈએ, સમજ, સોચ અને વિચાર. એ ત્રણે વસ્તુ ભગવાનના ભજનમાં પણ જોઈએ. કેમકે જ્યારે પહેલાં સમજે ત્યારે ચોપડ ખેલે. તે જ રીતે ભગવાનને જાણશે તો ભજન કરશે. અને ચોપડમાં શોચ હોય કે આવી પાસી પડે તો હું જીતું. તેવી જ રીતે આ જીવને મૃત્યુનો સોચ હોય ત્યારે આ જીવ પ્રભુની શરણે જાય. અને ત્રીજી વસ્તુ જે વિચારે તે એ કે થોટને, પાસાના દાવને વિચારીને ચાલે કે અહીં સોગટી મરશે નહીં, ઇત્યાદિ. તેવો જ વિચાર વૈષ્ણવને હોય કે આ કાર્ય હું કરું છું તે સારું છે કે ખોટું? વિચાર હોય તો જીવ ખોટું કામ છોડીને ભગવદ્ધર્મની ચાલમાં ચાલે. વળી ચોપડમાં પાસાનો દાવ પડે ત્યારે બંને તરફના મનુષ્યો બૂમ પાડી ઊઠે છે. તેવી જ રીતે જગતમાં નિયમ જે વેદ પુરાણ છે તે પોકારી કહે છે કે ભક્તિ વિના ભગવાન દુર્લભ છે. વળી ચોપડમાં બીજો સાથ મળે, ત્યારે ચોપડ રમાય. તેવી જ રીતે ભગવાનની ભક્તિમાં ભગવદીય વૈષ્ણવની સંગત હોય ત્યારે ભક્તિ વધે, અને ચોપડ રમનારના મનમાં જેમ દાવનું સ્મરણ રહે છે કે આ દાવ પડે તો હું જીતું તેવી જ રીતે રસનાથી આ જીવ ભગવદ્વાર્તામાં મન લગાડીને બધા રસના સાર રૂપ એવું ભગવન્નામ કહ્યા કરે, અને જેમ ચોપડમાં સુંદર પૂરો દાવ પડે ત્યારે ગોટી પાર જાય અને ઊતરીને ઘરમાં આવે અને મરવાનો ભય મટે, તેવી જ રીતે મનુષ્ય દેહ સંસારથી પાર ઊતરવાને પૂરો દાવ બહુ પુન્યાઈથી મળે તો આ દેહથી ભગવદાશ્રય કરી સંસારથી પાર ઊતરી જાય છે. 'રાખિ સત્રે, સુનિ અઠારે' ચોપડમાં સત્તર અઢાર મોટા દાવ છે તેવી જ રીતે જગતમાં બધા પુરાણ છે તેમાં અઢારમું પુરાણ જે શ્રીભાગવત છે તે સાંભળ. વળી પાંચે ઈન્દ્રિયો, પંચપર્વા અવિદ્યા છે તેને માર. કેમ કે શાસ્ત્રનાં વચન છે જે—

૧. પતંગ-નેત્ર વિષયથી દીવામાં પડે. ૨. હાથી-સ્પર્શવિષયથી મરે. ૩. હરણ-શ્રવણ વિષયથી મરે. ૪. ભમરો-ગંધનાસિકાથી મરે અને ૫. માછલું-જીભના વિષયથી મરે. આ દરેક એક એક વિષયથી મરી પડે, તો મનુષ્ય તો પાંચેયનું સેવન કરે છે તેથી કાળ નિશ્ચય એનું ભક્ષણ કરે. તેથી પાંચે નાદને માર. જેમ ચોપડમાં ગોટી મારે છે તેમ માર. વળી ચોપડમાં બધાથી નાનો દાવ ત્રણ કાણાં છે તે કોઈ ઈચ્છતું નથી, તે જ રીતે તામસ, રાજસ, સાત્ત્વિક એ માયાના ગુણ છે એ ત્રણેનો બધો સંસાર જે ચોક

છે એમાં ચતુરાઈથી નાખ. ચતુરાઈ એ કે એને નાખ્યા પછી એની સામે જોઈશ નહીં, અને ચોપડમાં બધા શુધ બુધ ભૂલી જાય છે તે બધા જગતને ઠગશે. જેમ ચોપડ ખેલીને કામ-ક્રોધાદિ જંજાલ છે. વળી સ્ત્રીરૂપી ભગવદ્ મા । છે તે આ બધા જગતને ઠગશે જેમ ચોપડ ખેલીને હારીને બધા બંને હાથ ખંખેરીને ઊઠે છે, તે જ રીતે શ્રીઠાકુરજીના ચરણકમલના ભજન વિના બંને હાથ ખંખેરીને આ મનુષ્ય દેહ ખોઈએ છીએ. કંઈ સારો પરોપકાર તો નથી કર્યો. આ પ્રકારે સાંભળીને વૈષ્ણવો સુરદાસજીના ઉપર બહુ પ્રસન્ન થયા.

વાર્તાપ્રસંગ ૩ : વળી સુરદાસને જ્યારે શ્રીઆચાર્યજી જોતાં ત્યારે કહેતા કે આવો 'સુરસાગર' ! એનો આશય એ છે કે સમુદ્રમાં બધો પદાર્થ હોય છે તે જ રીતે સુરદાસે સહસ્ત્રાવિધિ પદો કર્યા છે. તેમાં જ્ઞાન-વૈરાગ્યનાં, અલગ અલગ ભક્તિ ભેદના અનેક ભગવદ્ અવતારનાં તેમ જ એ બધાની લીલાના વર્ણનો કર્યા છે. પછી એમનાં પદો જ્યાં ત્યાં લોકો શીખીને ગાવા લાગ્યા. ત્યારે એક સમય તાનસેને એક પદ શીખીને અકબર બાદશાહની આગળ ગાયું. તે પદ—

રાગ નટ : યહ સબ જાનો ભક્ત કે લચ્છન્ ! કોઉ નિંદો કોઉ વંદો કોઉ મારિ લેહુ ધન ગચ્છત ।।૧।। કોઉક આનિ લગાવત ચંદન, ડારિ ધુરી કોઉ દેત હે બચ્છન કોઉ કહે મૂરખ મહા અધર્મી, કોઉ કહે યહ બડો વિચચ્છન ।।૨।। ભલી બુરી મનમેં નહીં આવે, કૃષ્ણ ચરન રતિ કરે ન એક છિના 'સૂર' સુખ દુઃખ જિનકો નહિ વ્યાપે તિનકો ગિરિધર મિલે તતછિન ।।૩।।

આ સાંભળી દેશાધિપતિ અકબરે કહ્યું, એવા લક્ષણવાળા ભક્તોથી મેળાપ થાય તો કેવું સારું ? ત્યારે તાનસેને કહ્યું કે જેમણે કીર્તન કર્યું છે તે વ્રજમાં રહે છે અને સુરદાસજી એમનું નામ છે. એ સાંભળી દેશાધિપતિના મનમાં આવ્યું કે કોઈ ઉપાય કરીને સુરદાસજીને મળીએ. પછી દેશાધિપતિ દિલ્હીથી આગ્રા આવ્યો ત્યારે પોતાના હલકારાઓને કહ્યું, વ્રજમાં સુરદાસજી શ્રીનાથજીનાં પદો ગાય છે તેમની તપાસ કરીને મને મથુરામાં ખબર આપજો. અને આ વાત સુરદાસજી જાણે નહીં. ત્યારે તે હલકારાઓએ શ્રીનાથદ્વારમાં આવીને ખબર કાઢી, ત્યારે સાંભળ્યું કે સુરદાસજી તો મથુરા ગયા છે. ત્યારે તે હલકારાએ શ્રીમથુરાજીમાં આવીને સુરદાસજીને નજરમાં રાખ્યા કે આ સમયે અહીં બેઠા છે. પછી તે હલકારાઓએ દેશાધિપતિને ખબર કરી કે સાહેબ ! સુરદાસજી તો મથુરામાં છે. ત્યારે સુરદાસજીને અકબર બાદશાહે દશ પાંચ મનુષ્યો બોલાવવાને મોકલ્યા, એટલે સુરદાસજી દેશાધિપતિની પાસે આવ્યા ત્યારે દેશાધિપતિએ કહ્યું કે "સુરદાસજી ! તમે વિષ્ણુપદ ઘણાં કર્યા છે તેથી મને કંઈક સંભળાવો." ત્યાં સુરદાસે અકબર બાદશાહ આગળ એક પદ ગાયું, તે પદ—"મન રે તું કર માધોસોં પ્રીત ।। એ પદ ગાયું.

ભાવપ્રકાશ : આ પદ કેવું છે ? આ પદનું સ્મરણ રહે ત્યારે ભગવદ્નુગ્રહ થાય અને ભગવાનના ચરણારવિંદમાં મન લાગે. તેમજ સત્સંગમાં પણ મન લાગે. દેહાદિકમાંથી સ્નેહ ઘટે અને લૌકિક આસક્તિ છૂટે. ભગવાનનો પ્રેમ છે તે અલૌકિક છે. તેના ઉપર પ્રીતિ વધે.

આ પદ સાંભળી દેશાધિપતિ બહુ જ પ્રસન્ન થયો. પછી દેશાધિપતિના મનમાં આવ્યું કે સુરદાસજીની પરીક્ષા લઉં. ભગવાનનો આશ્રય હશે તો એ મારો યશ ગાશે નહીં. એ વિચારીને દેશાધિપતિએ સુરદાસને કહ્યું કે શ્રીભગવાને રાજ્ય આપ્યું છે તેથી બધા ગુણીજન મારો યશ ગાય છે.

તેમને હું દ્રવ્યાદિક આપું છું તેથી તમે પણ ગુણી છો, તેથી તમે પણ મારો કંઈક યશ ગાવ અને તમારા મનમાં જે ઈચ્છા હોય તે માગી લો. ત્યારે સુરદાસજીએ આ પદ ગાયું—

રાગ કેદારો : નાહિન રહ્યો મન મેં ઠોર । નંદનંદન લગત કેસે આનિએ ઉર ઓર ॥૧॥ ચલત ચિતવત દિવસ જાગત, સુપન સોવત રાતિ । હૃદય તેં વહ મદન મૂરતિ છિન ન ઈત ઉત જાતિ ॥૨॥ કહત કથા અનેક ઉધો, લાખ લોભ દિખાય । કહા કરોં ચિત પ્રેમ પૂરન, ઘટ ન સિંધુ સમાય ॥ સ્યામ ગાત સરોજ આનન, લલિત ગતિ મૃદુ હાસ 'સૂર' એસે દરસ કોં યે, મરત લોચન પ્યાસ ॥૪॥

એ પદ સાંભળીને દેશાધિપતિએ પોતાના મનમાં વિચાર્યું કે એ મારો યશ શા માટે ગાય ? એમને કંઈ લેવાની લાલચ હો તો એ મારો યશ ગાય. એ તો પરમેશ્વરના જન છે. તેથી એ તો ઈશ્વરનો યશ ગાશે. તે સુરદાસજીએ આ કીર્તનના પાછલા ચરણમાં કહ્યું છે કે-સૂર એસે દરસ કોં યે, મરત લોચન પ્યાસ' તેથી દેશાધિપતિએ સુરદાસને કહ્યું, કે સુરદાસ ! તમારે તો નેત્ર છે નહીં, તો તરસ્યાં કેમ મરે છે ? તેથી તમે આવું શું કહ્યું ? ત્યારે સુરદાસજીએ કહ્યું કે આ વાતની તમને શી ખબર છે ? આ નેત્ર તો બધાંને છે પરંતુ ભગવાનનાં દર્શનની તરસ કોઈને છે ? શ્રીભગવાનના દર્શનનાં તરસ્યા જે નેત્ર છે તે તો સદા ભગવાનથી પાસે જ રહે છે. તે સ્વરૂપાનંદના રસનું પાન ક્ષણ ક્ષણમાં કરે છે અને છતાં તરસ્યાં મરે છે. એ સાંભળી બાદશાહ અકબરે કહ્યું, કે એમનાં નેત્ર તો પરમેશ્વરની પાસે છે, તે પરમેશ્વરને જુએ છે, બીજાને જોતાં નથી. પછી બાદશાહે સુરદાસના સમાધાનની ઈચ્છા કરી બે-ચાર ગામ તથા દ્રવ્ય ઘણું આપવા લાગ્યો, પણ સુરદાસે કંઈ લીધું નહીં. ત્યારે અકબર બાદશાહ સુરદાસજીને કહે કે બાવા સાહેબ ! કંઈક તો મને આજ્ઞા કરો. ત્યારે સુરદાસજીએ કહ્યું કે આજ પછી અમને ક્યારેક ફરી બોલાવતા નહીં અને મને ક્યારેય મળતા નહીં.

ભાવપ્રકાશ : તે અકબર બાદશાહ વિવેકી હતો. કેમ કે તે યોગભ્રષ્ટતાથી મ્લેચ્છ થયો છે. પહેલા જન્મમાં એ બાલમુકુન્દ બ્રહ્મચારી હતો. એક દિવસ એણે ગાળ્યા વિના દૂધ પાન કર્યું. તેમાં ગાયનો એક વાળ પેટમાં ગયો. તે અપરાધથી એ મ્લેચ્છ થયો છે. પછી બાદશાહે સુરદાસને દંડવત કરીને સમાધાન કરીને વિદાય કર્યા.

વાર્તાપ્રસંગ ૪ : તે પછી સુરદાસજી શ્રીનાથદ્વાર આવ્યા પછી દેશાધિપતિએ આગ્રામાં આવીને સુરદાસનાં પદોની ખોળ કરી. જે કોઈ સુરદાસનાં પદ લાવે તેને રૂપિયા અને મહોર આપે. તે પદ ફારસીમાં લખાવીને વાંચે. પછી મહોરની લાલચથી બીજા પંડિત કવિશ્વર પણ સુરદાસનાં પદો બનાવીને લાવ્યા. ત્યારે અકબર બાદશાહે એમને કહ્યું કે આ પદ સુરદાસજીનું નથી. પૈસાને માટે એ લોકો પદની ચોરી કરે છે. ત્યારે પંડિત કવિશ્વરે કહ્યું કે તમે કેમ જાણ્યું કે આ સુરદાસનું પદ નથી ? આ તો સુરદાસનું જ પદ છે. ત્યારે બાદશાહે પોતાની પાસેથી સુરદાસનું પદ પોતાના કાગળ ઉપર લખાવ્યું, અને એ પંડિત કવિશ્વર એક પદ સુરદાસની છાપનું બનાવીને લાવ્યા તે બંને કાગળને જલમાં ધરીને કહ્યું કે ઈશ્વર સાચા હોય તો આ વાતનો ન્યાય કરી દેજો. એમ કહી બંને કાગળો જલમાં નાખી દીધા. ત્યારે પંડિત જોતસીનું બનાવેલુ પદ હતું તે કાગળ જલમાં ભીંજાઈ ગયો અને સુરદાસજીનું પદ હતું તે કાગળ જલમાં ભીંજાયો નહિ.

ભાવપ્રકાશ : એ આ રીતે કે જે ભગવદીયોને ભગવાન મળ્યા છે એમના પદ જે ગાશે તે સંસારથી તરશે, અને ચતુરાઈ કરી લૌકિક મનુષ્યનાં કાવ્ય કીર્તન કે કવિતા જે ગાશે તે આ પ્રકારે સંસારમાં ડૂબશે.

પછી પંડિત કવિશ્વરો લજ્જા પામીને નીચું માથું કરી પોતાના ઘરે ગયા. એ સુરદાસજી શ્રીઆચાર્યજીના એવા પરમ કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૫ : એ સુરદાસજીએ શ્રીનાથજીનાં કીર્તનની સેવા ઘણા દિવસ સુધી કરી વચ્ચે વચ્ચે કુંભનદાસજી, પરમાનંદદાસજીના કીર્તનના વારા આવતા ત્યારે સુરદાસજી શ્રીગોકુલમાં શ્રીનવનીતપ્રિયાજીનાં દર્શને આવતા, એક દિવસ સુરદાસજી શ્રીગોકુલ આવ્યા હતા ત્યાં બાલલીલાનાં પદો બહુ ગાયાં. એ સાંભળીને શ્રીગુસાંઈજી પોતે ઘણા પ્રસન્ન થયા. ત્યારે શ્રીગુસાંઈજીએ પોતે એક પલનાનું કીર્તન કરીને સંસ્કૃતમાં સુરદાસજીને શીખવાડ્યું. પછી શ્રીનવનીતપ્રિયાજી જયારે પાલનામાં બિરાજયા ત્યારે સુરદાસજીએ શ્રીગુસાંઈજી કૃત આ પાલનું ગાયું—'પ્રેંખ પર્યંક શયનમ્ ॥”

એ પદ સુરદાસજીએ શ્રીનવનીતપ્રિયાજીના આગળ ગાયું. પછી એ પદને અનુસાર સુરદાસજીએ ઘણાં પદો ગાયાં.

ત્યાર પછી બાલલીલાનાં પદ ઘણાં ગાયાં. તે પદ—

રાગ બિલાવલ : દેખિ સખી એક અદ્‌ભુત રૂપ । એક અંબુજ મધિ દેખયત બીસ દધિસુત જૂપ ॥૧॥ એક અવલી દોય જલધર ઉભય અર્ક અનૂપ । પંચ વારિજ ઢિંગ હિ દેખિયત કહો કહા સ્વરૂપ ॥૨॥ સિસુગતિ મેં ભઈ સોભા કરો કોઉ વિચારા 'સુર' શ્રીગોપાલ કી છબિ રાખિએ ઉર ધાર ॥૩॥

સોભા આજુભલી બનિ આઈ ! જલસુત ઉપર હંસ બિરાજત તા પર ઈન્દ્ર-બધુ દરસાઈ ॥૧॥ દધિસુત લિયો દિયો દધિ સુતકો, યહ છબિ દેખિ નંદ મુસિકયાઈ ! નીરજ સુત વાહનો કો ભચ્છન 'સુરસ્યામ' લે કીર ચુગાઈ ॥૨॥

ઈત્યાદિ પદો સુરદાસજીએ શ્રીનવનીતપ્રિયાજી આગળ ગાયાં. ત્યારે શ્રીગુસાંઈજી અને શ્રીગિરિધરજી આદિ બધા બાલકો કહેવા લાગ્યા કે અમે જે પ્રકારે શ્રીનવનીતપ્રિયાજીનો શૃંગાર કરીએ છીએ તેજ પ્રકારનાં કીર્તનો સુરદાસજી ગાય છે. તેથી આ સુરદાસજીના ઉપર ઘણી જ કૃપા છે.

વાર્તાપ્રસંગ ૬ : ત્યાર પછી શ્રીગુસાંઈજી આપ તો શ્રીનાથદ્વારા પધાર્યા. એટલે સુરદાસજીએ પણ શ્રીનાથજીદ્વાર જવાનો વિચાર કર્યો, તેથી શ્રીગિરિધરજી આદિ બધા બાલકોએ કહ્યું કે સુરદાસજી ! બે દિવસ શ્રીનવનીતપ્રિયાજીને બીજાં પણ કીર્તન સંભળાવો. પછી તમે જજો. ત્યારે સુરદાસજી શ્રીગોકુલમાં રહ્યા. તે પછી શ્રીગિરિધરજીને શ્રીગોવિંદરાયજી બાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજી એ ત્રણે ભાઈઓએ કહ્યું કે આ સુરદાસજી જેવો શૃંગાર શ્રીનવનીતપ્રિયાજીને થાય છે તેવાં જ વસ્ત્ર, આભૂષણનું વર્ણન કરે છે. તેથી એક દિવસ અદ્‌ભુત અનોખો શૃંગાર કરો. અને સુરદાસજીને જણાવો નહીં. જોઈએ એ કીર્તન કેવું કરે છે ? ત્યારે ગિરિધરજીએ કહ્યું કે સુરદાસજી ભગવદીય છે, તેમના હૃદયમાં સ્વરૂપાનંદનો અનુભવ છે, તેથી જેવો તમે શૃંગાર કરશો તેવું જ પદ સુરદાસજી વર્ણન કરીને ગાશે. તેથી ભગવદીયની પરીક્ષા

કરવી નહીં. ત્યારે એ ત્રણે બાલકોએ શ્રીગિરિધરજીને કહ્યું કે અમારું મન છે એમાં કંઈ બાધા નહીં. ત્યારે શ્રીગિરિધરજી કહે કે સવારે શ્રીનવનીતપ્રિયાજીનો જે શૃંગાર કરીશું. તે અદ્‌ભુત કરીશું. તે પછી સવારે શ્રીગિરિધરજી ત્રણે બાલકો સહિત શ્રીનવનીતપ્રિયાજીનાં મંદિરમાં પધાર્યા અને સેવામાં ન્હાયા. પછી શ્રીનવનીતપ્રિયાજીને જગાવ્યા. પછી ભોગ ધર્યો. ફરી ન્હાઈને શૃંગાર ધરાવવા લાગ્યા. ત્યારે અષાઢના દિવસો હતા. તેથી ગરમી ઘણી હતી તેથી શ્રીનવનીતપ્રિયાજીને કંઈ વસ્ત્ર નહીં ધરાવ્યાં મોતીની બે લડ મસ્તક ઉપર તિલક નકવેસર, કરણફૂલ, બીજું કંઈ નહીં. ત્યારે સુરદાસજી જગમોહનમાં બેઠા હતા ત્યાં એમના હૃદયમાં અનુભવ થયો. એટલે સુરદાસજીએ પોતાના મનમાં વિચાર્યું કે આજ તો શ્રીનવનીતપ્રિયાજીનો શૃંગાર કર્યો છે. એવો શૃંગાર તો મેં કદી જોયો નથી. અને સાંભળ્યો યે નથી કેવળ મોતી ધરાવ્યાં છે, અને વસ્ત્ર તો કંઈ ધરાવ્યાં નથી ! તેથી આજે મારે કીર્તન પણ અદ્‌ભુત ગાવાં જોઈએ. પછી જ્યારે શૃંગારના દર્શન ખૂલ્યાં ત્યારે શ્રીગિરિધરજીએ સુરદાસજીને બોલાયા અને કહ્યું કે સુરદાસજી દર્શન કરો અને કીર્તન ગાવ. ત્યારે સુરદાસજીએ બિલાવલમાં આ કીર્તન ગાઈ શ્રીનવનીતપ્રિયાજીને સંભળાવ્યું તે પદ—

રાગ બિલાવલ : દેખી રી હરિનંગમનંગા ! જલસૂત સૂષન અંગ બિરાજત બસન હીન છબિ ઉઠત તરંગા ॥ અંગ પ્રતિ અમિત માધુરી, નિરખિ લિજ્જિત રવિ કોટિ અનંગા ! કિલક્ત દધિસૂત મુખ લેપન કરિ, 'સૂર' હસત વ્રત યુવતિના સંગ ॥૨॥

એ સાંભળીને શ્રીગિરિધરજી આદિ બધા બાલકો પોતાના મનમાં બહુ જ પ્રસન્ન થયા, અને સુરદાસજીને કહેવા લાગ્યા કે સુરદાસજી ! આ તમે શું ગાયું ? ત્યારે સુરદાસજીએ વિનંતી કરી કે મહારાજ ! જેવો આપે અદ્‌ભુત શૃંગાર કર્યો તેવું જ મેં અદ્‌ભુત કીર્તન ગાયું છે. ત્યારે સઘળા બાલકો એ સાંભળીને સુરદાસજી ઉપર બહુ પ્રસન્ન થયા એ સુરદાસજી શ્રીઆચાર્યજી મહાપ્રભુના એવા પરમ કૃપાપાત્ર ભગવદીય હતા. એમને શ્રીઠાકુરજી નિત્ય હૃદયમાં અનુભવ કરાવતા. તે પછી શ્રીગિરિધરશ્રી આપ સુરદાસજીને સાથે લઈનેં શ્રીનાથજીદ્વાર આવ્યા. ત્યારે શ્રીગિરિધરજીએ બધા સમાચાર શ્રીગુસાંઈજીને કહ્યા કે આ પ્રકારે અદ્‌ભુત શૃંગાર શ્રીનવનીતપ્રિયાજીને બધાના મનોરથથી કર્યો, અને સુરદાસજીએ એવું કીર્તન ગાયું. એમના હૃદયમાં અનુભવ છે. ત્યારે શ્રીગુસાંઈજી આપ શ્રીગિરિધરજીને કહે કે સુરદાસની વાત શું કહીએ ?

વાર્તાપ્રસંગ ૭ : વળી સુરદાસજીની પાસે એક વ્રજવાસીનો બાલક હતો. તે સુરદાસજીનું બધું કામકાજ કરતો. એનું નામ ગોપાલ હતું. એક દિવસ સુરદાસજી મહાપ્રસાદ લેવા બેઠા ત્યારે આ ગોપાલને સુરદાસજીએ કહ્યું કે મને તું લોટીમાં જલ ભરી દેજે. ત્યારે ગોપાલ વ્રજવાસીએ કહ્યું કે તમે મહાપ્રસાદ લેવાને બેસો, હું જલ ભરી દઈશ. એમ કહીને ગોપાલ તો છાણ લેવા ગયો અને ત્યાં બે ચાર વૈષ્ણવો હતા તેમનાથી વાત કરવા લાગ્યો. એટલે સુરદાસજીને જલ દેવું ભૂલી ગયો સુરદાસજી તો મહાપ્રસાદ લેવા બેઠા. ત્યારે ગળામાં કોળીઓ અટક્યો. એટલે ડાબા હાથથી લોટો આમ તેમ જોવા લાગ્યા, પણ મળ્યો નહીં. ગળામાં કોળિયો અટક્યો હતો તેથી બોલાયું નહીં, એટલે સુરદાસજી વ્યાકુળ થયા. એટલામાં શ્રીનાથજી સુરદાસજીની પાસે આવીને પોતાની ઝારી ધરી ગયા. ત્યારે સુરદાસજીએ ઝારીમાંથી જલ લીધું. એવામાં ગોપાલ વ્રજવાસીને યાદ આવ્યું કે સુરદાસજીને હું જલ નથી આપી

આવ્યો, તેથી દોડ્યો આવ્યો. એટલામાં સુરદાસજી મહાપ્રસાદ લઈને આવ્યા. ત્યારે ગોપાલ વ્રજવાસીએ આવીને સુરદાસને કહ્યું કે સુરદાસજી ! તમે મહાપ્રસાદ લઈ ઊઠ્યા પણ તમે જલ ક્યાંથી પીધું ? હું તો છાણ લેવા ગયો હતો ત્યાં વૈષ્ણવની સંગે વાતો કરવામાં ભૂલી ગયો. ત્યારે સુરદાસજીએ વ્રજવાસીને કહ્યું કે તેં ગોપાલ નામ શા માટે ધરાવ્યું ? ગોપાલ તો એક શ્રીનાથજી છે, તેથી આજ મારી રક્ષા કરી નહીં તો ગળામાં એવો કોળિયો અટક્યો હતો કે જલ વિના બોલ ન નીકળે. ત્યારે હું વ્યાકુળ થયો એવામાં હાથમાં જલની ઝારી આવી તે મેં જલપાન કર્યું. તેથી મેં જાણ્યું કે તેં મૂક્યું હશે, અને હવે તું કહે છે કે હું નહોતો. તો પછી મંદિરવાળો ગોપાલ હશે. જો તો, ઝારી કેવી છે ?

ત્યારે ગોપાલ વ્રજવાસી જ્યાં સુરદાસજી મહાપ્રસાદ લેતા હતા ત્યાં આવીને જુએ તો સોનાની ઝારી છે. તે ઉઠાવીને ગોપાલે સુરદાસજીની પાસે આવીને કહ્યું કે આ ઝારી તો મંદિરની છે. ત્યારે સુરદાસજીએ આ ગોપાલ વ્રજવાસીને કહ્યું કે તેં ઘણું ખોટું કામ કર્યું. શ્રીઠાકુરજીને આટલો શ્રમ કરાવ્યો કે મારે માટે ઝારી લઈને શ્રીઠાકુરજીને આવવું પડ્યું. એ પ્રકારે સુરદાસજીએ ગોપાલદાસને બહુ કહ્યું, પછી કહ્યું કે ઝારી તું સાચવીને રાખજે, અને જ્યારે શ્રીગુસાંઈજી આપ જાગીને ઊઠે ત્યારે એમને સોંપી આવજે. શ્રીગુસાંઈજી જાગ્યા ત્યારે ગોપાલદાસે ઝારી લઈને શ્રીગુસાંઈજી પાસે આવી દંડવત કરી આગળ ધરી ત્યારે શ્રીગુસાંઈજી આપ કહે, એ ઝારી તારી પાસે કેવી રીતે આવી ? ઝારી શ્રીગોવર્ધનધરની છે. ત્યારે ગોપાલદાસે શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે મહારાજ ! આ અપરાધ મારાથી થયો છે. પછી બધી વાત કહી. ત્યારે આ વાત સાંભળીને શ્રીગુસાંઈજી આપે તત્કાલ સ્નાન કરીને ઝારી મંજાવી બીજું વસ્ત્ર લપેટીને મંદિરમાં જલની ઝારી લઈને પધાર્યા પછી ગોવર્ધનધરને જલપાન કરાવીને કહે, આજ તો સુરદાસની ખૂબ રક્ષા કરી. તમારા વિના વૈષ્ણવની રક્ષા કોણ કરે ? ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે સુરદાસજીના ગળામાં કોળિયો અટક્યો હતો તેથી વ્યાકુલ થયેલા તેથી ઝારી મૂકી આવ્યો.

ભાવપ્રકાશ : તે શાથી જે સુરદાસ વ્યાકુલ થયા છે હું જ વ્યાકુલ થયો. કેમ જે ભગવદીય છે તે મારું સ્વરૂપ છે.

તે પછી ઉત્થાપનમાં કમાડ ખોલ્યાં ત્યારે સુરદાસજીએ આવીને ઉત્થાપનનાં દર્શન કર્યા. પછી ઉત્થાપન સમયનો ભોગ શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીને ધરી સુરદાસજીની પાસે આવીને કહ્યું કે આજે ગોપાલે તમારા ઉપર મહાન કૃપા કરી છે. ત્યારે સુરદાસજીએ કહ્યું કે મહારાજ ! આ બધી વાતની કૃપા છે, નહીં તો શ્રીનાથજી મારા જેવા પતિતોને શું જાણે ? બધું શ્રીઆચાર્યજીની કાનિથી અંગીકાર કરે છે. ત્યારે શ્રીગુસાંઈજી આપ કહે, કે તમે મહાન ભગવદીય છો. ભગવદીય વિના આવી દીનતા ક્યાં મળે ? આ સુરદાસજી શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૮ : શ્રીનાથજીના મંદિરની નીચે ગોપાલપુર ગામ છે. ત્યાં એક વાણિયો રહેતો હતો. તે ગૃહકાર્ય અને લોભમાં આસક્ત હતો કે કોઈ દિવસ તેણે શ્રીનાથજીના દર્શન કર્યા ન હતા, અને શ્રીગુસાંઈજીની શરણે પણ આવ્યો નહોતો. તેની દુકાન ગોપાલપુરમાં પર્વત નીચે હતી. તે વાણિયો ગોપાલપુરમાં દુકાન ખોલતો તે પહેલા જે કોઈ વૈષ્ણવ શ્રીનાથજીના દર્શન કરી પર્વત ઉપરથી આવે તેને બોલાવીને પહેલાં પૂછતો કે આજે શ્રીનાથજીનો શો શૃંગાર છે ? ત્યારે એ વૈષ્ણવ એને કહેતો. પછી જ

તે જ પ્રકારે તે વાણિયો બધા વૈષ્ણવોની આગળ શ્રીનાથજીના દર્શનની વડાઈ કરતો કે જુઓ, આજે શ્રીનાથજીનો કેવો શૃંગાર થયો છે ? કેવાં અલૌકિક દર્શન થયાં છે ? એ પ્રકારે બધાને કહેતો. તે પોતે તો દર્શને કદીયે ન આવતો. વળી વૈષ્ણવોને દેખાડવાને માટે માલા પહેરી લેતા અને સુંદર તિલક અને સુંદર છાપા લગાવતો. વળી વૈષ્ણવો આગળ પ્રેમની વાર્તા કરતો. તેથી તે વૈષ્ણવો પ્રસન્ન થઈને એને વૈષ્ણવ જાણીને સીધું સામગ્રી લેતા. એ પ્રકારે પાખંડ કરી વિશ્વાસ દઈ દઈને બધા વૈષ્ણવોને ઠગે. તેણે દ્રવ્ય પણ ઘણું ભેગું કર્યું, પરંતુ કોડી એક ખર્ચે નહીં, એમ કરતાં તે સાઠ વર્ષનો થયો. એક દિવસ સુરદાસજીને એ વાણિયાએ કહ્યું કે સુરદાસજી ! આજે તમે જુઓ કેવો સુંદર શૃંગાર થયો છે ? વળી તમે તો કોઈ દિવસ મારી દુકાનેથી સીધું સામાન લેતા નથી અને કોઈ દિવસ મારી દુકાન ઉપર તમે આવતા પણ નથી. તમે આવા વૈષ્ણવ ગુણી છો, મારો અપરાધ શો કે મારી દુકાનેથી તમે સોદો લેતા નથી ? અને આ દુકાન તો તમારી છે, હું તો તમારા વૈષ્ણવનો દાસ છું. તેથી મારા ઉપર કૃપા કરો એ પ્રકારે વાણિયાનાં વચન સાંભળીને સુરદાસજીએ પોતાના મનમાં વિચાર્યું કે જુઓ, વાણિયો કેવું સુંદર બોલે છે ? લોભથી કપટ કરે છે, તેથી હવે, તેનું કપટ છોડાવવું. વળી વાણિયાએ કોઈ દિવસ શ્રીનાથજીનાં દર્શન કર્યા નથી. માટે એને દર્શન પણ કરાવવાં અને તેને વૈષ્ણવ પણ કરાવવો. એમ વિચારીને સુરદાસજીએ તે વાણિયાને કહ્યું કે જન્મભર કોઈ દિવસ દર્શન કર્યાં નથી તે હું જાણું છું. વળી તું વૈષ્ણવ પણ નથી તેથી હું તારી દુકાન ઉપર આવતો નથી. તું સત્ય કહી દે કે તેં જન્મભરમાં કોઈ દિવસ શ્રીનાથજીનાં દર્શન કર્યાં છે ? એ વચન સાંભળીને વાણિયો પોતાના મનમાં બહુ ભોંઠો પડી ગયો, અને તે વાણિયાએ સુરદાસને કહ્યું કે સુરદાસજી ! તમે આ વાત બીજાની આગળ ન કહેતા. હું એથી દર્શને નથી આવતો કે દુકાન છોડી દર્શને જાઉં તો અહીં વૈષ્ણવો માલ લીધા વિના પાછા જાય અને બીજાની દુકાનેથી લેવા લાગે ત્યારે હું ખાઉં શું ? અને કોઈ મારી પાસે એવો મનુષ્ય નથી કે જે સમયે દર્શનના કમાડ ખુલે તે સમયે મને આવીને ખબર કરે કે જેથી હું જલદી દોડીને દર્શન કરી આવું. ત્યારે એ વાણિયાને સુરદાસે કહ્યું કે તમે આવીને ખબર કરજો. હું ચાલીશ કારણ જે મારા મનમાં દર્શનની લાલસા બહુ છે. ત્યારે સુરદાસજી કહે, કે હું ઉત્થાપનના સમયે આવીશ. એમ કહીને સુરદાસજી તો ગયા. પછી જ્યારે ઉત્થાપનનો સમય થયો ત્યારે શંખનાદ થયા ત્યારે સુરદાસજીએ આવીને એ વાણિયાને કહ્યું કે હવે શંખનાદ થયા છે, દર્શનનો સમય છે. હવે ચાલો, ત્યારે એ વાણિયાએ સુરદાસજીને કહ્યું કે આ સમય ગામના લોકો સોદો લેવા આવે છે, એથી ભોગનાં કમાડ ખુલે તે સમયે તમે મને ખબર કરજો. ત્યારે સુરદાસજીએ પર્વત ઉપર આવીને શ્રીનાથજીના દર્શન કર્યાં અને કીર્તન કર્યાં. તે પછી શ્રીનાથજીના ભોગના દર્શનનો સમય થયો ત્યારે સુરદાસજીએ પર્વતથી નીચે ઊતરીને તે વાણિયાને કહ્યું, કે દર્શનનો સમય છે, તેથી હવે તો દર્શને ચાલો. ત્યારે તે વાણિયાએ સુરદાસજીને કહ્યું, સુરદાસજી હવે તો વનમાંથી ગાયો આવવાનો સમય થયો છે, તેથી મંદિરમાં આવું તો ગાયો આવીને મારું બધું અનાજ ખાઈ જાય. તેથી હવે તમે સેન આરતીના સમયે જણાવજો. ત્યાં સુધી ગાયો બધી પોતપોતાના ઘરે જશે. ત્યારે સુરદાસજીએ ભોગના સમયે જઈને દર્શન કર્યાં. તે પછી સંધ્યાના દર્શન કર્યા પછી સેન આરતીના દર્શનનો સમય થયો ત્યારે સુરદાસજીએ આવીને વાણિયાને ખબર કરી કે ચાલ, હવે સેન-આરતીના દર્શનનો સમય છે ત્યારે તે વાણિયાએ સુરદાસજીને કહ્યું, કે સુરદાસજી આજ તમને બહુ શ્રમ થયો છે. પરંતુ હવે દીવા કરવાનો સમય છે. કેમ કે હવે આ સમયે લક્ષ્મી આવે છે. તેથી દીવો ન હોય તો લક્ષ્મી

પાછી ફરી જાય અને કોઈ મારી દુકાનેથી અન્ન ચોરી લે તો હું શું કરું ? તેથી હવે હું સવારે પ્રાત:કાલ દર્શન કરી તે પછી દુકાન ખોલીશ. તેથી મને મંગલાના સમયે આવીને ખબર કરજો આજે મેં તમને બહુ ફેરા ખવડાવ્યા. ત્યારે સુરદાસજીએ મંદિરમાં આવીને શ્રીનાથજીનાં દર્શન કર્યાં. તે પછી સેનનાં કીર્તન ગાયાં.

પછી પ્રાત:કાલ થયું ત્યારે ન્હાઈને સુરદાસજીએ આવીને તે વાણિયાને કહ્યું કે મંગલાનો સમય છે, તેથી હવે ચાલ. ત્યારે તે વાણિયાએ કહ્યું કે સુરદાસજી ! હવે તો દુકાન સાફ કરીને માંડવી છે. વળી બોણીના સમયે કોઈ ઘરાક પાછું જાય તો આખો દિવસ ખાલી જાય તેથી દુકાન માંડીને શૃંગારના દર્શને ચાલીશ. તેથી શૃંગારને સમયે ફરી આવ્યા. ત્યારે વાણિયાએ કહ્યું, કે હજુ તો મેં કોઈની સારી બોણી પણ કરી નથી, અને ગાય ભટકે છે, તેથી હવે રાજભોગનાં દર્શન અવશ્ય કરીશ. જુઓ, તમે કાલથી મારા માટે બહુ ફરો છો, તમે મોટા ભગવદીય છો. ત્યારે સુરદાસજી ફરી શ્રીનાથજીના દર્શને પર્વત ઉપર આવ્યા, ત્યારે શ્રીનાથજીના શૃંગારના દર્શન કર્યા. તે પછી રાજભોગ આરતીનો સમય થયો ત્યારે સુરદાસજીએ તે વાણિયાને કહ્યું, કે હવે ચાલશો ? ત્યારે તે વાણિયાએ કહ્યું કે આ સમયે હું કેવી રીતે આવું ? હવે વૈષ્ણવો રાજભોગના દર્શન કરીને નીચે આવશે. તે બધા આ સમયે સીધું સામગ્રી લે છે. હું વૃદ્ધ છું. પર્વત ઉપરથી ઊતરીને કેવી રીતે જલદી આવી શકાય ? વળી આ વખત વેચવાનો છે, આ સમયે જે મળે તે મળે તેથી ઉત્થાપનના સમયે દર્શન કરીશ. એ પ્રકારે સુરદાસજી એ વાણિયાની સાથે ત્રણ દિવસ સુધી રહ્યા પરંતુ એ વાણિયો એવો લોભી કે દર્શને ન ગયો. તે પછી ચોથા દિવસે ન્હાઈને સુરદાસજી પ્રાત:કાલ મંગલના દર્શને ચાલ્યા, ત્યારે સુરદાસજીએ પોતાના મનમાં વિચાર્યું કે આ વાણિયાને ત્રણ દિવસ થયા પરંતુ દર્શને નહીં ગયો, તેથી આજ ન આવે તો એને ભય દેખાડવો અને દર્શન કરાવવાં. એમ વિચારીને સુરદાસજીએ એ વાણિંયાની પાસે આવીને કહ્યું કે ત્રણ દિવસ વીતી ચૂક્યા પરંતુ તું દર્શને ન ચાલ્યો, માટે આજ તો ચાલ. ત્યારે તે વાણિયાએ કહ્યું કે કંઈ બોણી કરી શૃંગારના દર્શન કરીશ. ત્યારે સુરદાસજીએ વાણિયાને કહ્યું કે હવે તો હું તારી વાત બધા વૈષ્ણવોમાં પ્રકટ કરીશ, કે આ વાણિઓ જુઠો ઘણો છે. એણે ક્યારેય શ્રીનાથજીના દર્શન નથી કર્યા અને આ વૈષ્ણવ પણ નથી. હવે તારી પાસે કોઈ વૈષ્ણવ સોદો લેવા આવશે તો હું તારા દોહા, ચોપાઈ, પદ, કુટીલતાનાં કરીને વૈષ્ણવોને સંભળાવીશ. એમ કહીને ભૈરવ રાગમાં એક પદ ગાયું—

રાગ ભૈરવ : આજ કામ કાલ કામ, પરસો કામ કરના । પહેલે દિન બોહોત કામ, વિમુખ ભયે ચરના ॥૧॥ જાગત કામ, સોવત કામ, કામ હી મેં પચિ મરના છાંડિ કામ, સુમરિ, શ્યામ, 'સુર' પકરિ સરના ॥૨॥

એ પદ સુરદાસજીએ એ વાણિયાને તે જ સમયે કરીને સંભળાવ્યું, ત્યારે તે વાણિયો પોતાના મનમાં ડર્યો પછી સુરદાસજીના પગે પડી તે વાણિયાએ વિનંતી કરી કે તમે મારા દોહા, કવિત, કંઈ વર્ણન ન કરો, અને મારી વાત કોઈ આગળ ન કરતા હું હમણાં જ તમારી સાથે ચાલીશ. પછી એ વાણિયો સુરદાસજીના સંગે આવ્યો. એટલામાં મંગલાના કમાડ ખૂલ્યા. સુરદાસજીએ શ્રીનાથજીને કહ્યું કે મહારાજ ! આ વાણિયો દૈવી જીવ છે, તેથી હવે એના મનનું આકર્ષણ કરીને એનો ઉદ્ધાર કરો. કેમકે એ તમારી ધ્વજાની નીચે રહે છે. ત્યારે શ્રીનાથજી કહે કે મારી પાસે રહે છે તેથી શું મને જાણે છે ?

તમારા બધા ભગવદીયોની કૃપા થાય ત્યારે જ મને પામે.

ભાવપ્રકાશ : કેમકે ગંગા યમુનામાં અનેક જીવો છે તે શું કૃતાર્થ છે ? માખી, મચ્છર, કીડી આદિ શ્રીપ્રભુના ઘણા જીવો છે, તે શું કૃતાર્થ છે ? ભગવદીયનો સંગ હોય ત્યારે જ કૃતાર્થ થાય. ત્યારે જ શ્રીપ્રભુને પામે. ભગવદીયોના સંગથી દાસભાવ થાય ત્યારે કૃપા થાય.

પછી શ્રીનાથજીએ વાણિયાને એવાં દર્શન દીધાં કે એનું મન હરી લીધું. પછી જયારે મંગલાનાં દર્શન થઈ ચૂક્યા ત્યારે તે વાણિયાએ સુરદાસજીના ચરણ પકડીને વિનંતી કરી કે મહારાજ ! મારો જન્મ સઘળો વૃથા ગયો. દ્રવ્ય જોડવામાં મારી પાસે દ્રવ્ય ઘણું છે. હવે તમે ચાહો ત્યાં એ દ્રવ્યને ખર્ચો, અને મને શ્રીગુસાંઈજીનો સેવક કરાવીને વૈષ્ણવ કરો. ત્યારે સુરદાસજીએ તે વાણિયાને કહ્યું કે તું ન્હાઈને કોઈને અડીશ નહીં. અહીં આવી બેસજે. એટલામાં શ્રીગુસાંઈજી પોતે શૃંગાર કરી ચૂક્યા, ત્યારે સુરદાસજીએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે મહારાજ ! આ વાણિયાને શરણે લો ત્યારે શ્રીગુસાંઈજી આપ શ્રીમુખથી સુરદાસજીને કહે કે સુરદાસજી ! તમે ભલો સાઈઠ વર્ષનો વૃદ્ધ બળદ નાથ્યો ! તમારા વિના આ વાણિયાનો બધો જન્મ વૃથા જતો. પછી શ્રીગુસાંઈજીએ પોતે તે વાણિયાને બોલાવીને શ્રીનાથજીની સંનધાનમાં બેસાડીને નામ આપી બ્રહ્મસંબંધ કરાવ્યું. ત્યારે તે વાણિયાની બુદ્ધિ નિર્મલ થઈ ગઈ. ત્યાર પછી બધાં દર્શન નિત્ય નેમથી કરવા લાગ્યો. વળીતે વાણિયાએ શ્રીગુસાંઈજીને બહુ ભેટ કરી, અને શ્રીનાથજીના વાગા, વસ્ત્ર, સામગ્રી કરાવી આભૂષણ કરાવ્યાં અને અંગીકાર કરાવ્યા. તે પછી એક દિવસે તે વાણિયાએ સુરદાસજીને કહ્યું કે, સુરદાસજી ! તમારી કૃપાથી મેં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યા અને હું વૈષ્ણવ થયો, તેથી હવે એવી કૃપા કરો કે આ જન્મમાં જ પ્રભુ મારો અંગીકાર કરે, અને મને સંસારનું દુઃખસુખ બાધા ન કરે. ત્યારે સુરદાસજીએ એક પદ કરી તે વાણિયાને શિખવાડ્યું.

રાગ ઝીલાવલ : કૃષ્ણ સુમિર તન પાવન કીજે ।। જો લો જગ સુપના સોં જીજે ।।

એ પદ ૬૦ કડીનું છે, ત્યારે એ વાણિયાને દઢભક્તિ થઈ. લૌકિકની વાસના બધી દૂર થઈ. જ્ઞાન-વૈરાગ્ય સહ સર્વોપરી ભક્તિ થઈ. શ્રીનાથજીના ચરણ કમલમાં દઢ આસક્તિ થઈ અને સ્વરૂપાનંદનો અનુભવ થયો.આ પ્રકારે સુરદાસજીના સંગથી એવો લોભી વાણિયો પણ કૃતાર્થ થયો. આ સુરદાસજી એવા ભગવદીય હતા.

ભાવપ્રકાશ : કેમ જે વાણિયો મૂલમાં દૈવી જીવ છે, શ્રીલલિતાજીની સખી છે, લીલામાં એનું નામ 'વિરજા' છે. સુરદાસનો સંગ પામીને એને લીલાનો અનુભવ થયો, તેથી ભગવદીયનો સંગ સર્વોપરી છે.

વાર્તાપ્રસંગ ૯ : વળી એક સમય શ્રીગોકુલથી પરમાનંદદાસ આદિ દસ પંદર વૈષ્ણો સુરદાસજીને મળવાને અને શ્રીગોવર્ધનનાથજીના દર્શન કરવાને આવ્યા. સેન આરતિના દર્શન કરી સુરદાસજીની પાસે આવ્યા. ત્યારે સુરદાસજીએ બધા વૈષ્ણવોનું બહુ આદર-સન્માન કર્યું, અને તે જ સમયે કીર્તન ગાયાં—

રાગ કાન્હરો : હરિજન સંગ છિનક જો હોઈ । કોટિ સ્વર્ગસુખ કોટિ મુક્તિસુખ, તા સમ લહ ન કોઈ ।।૧।। પૂરે ભાગ્ય પુન્ય સંચિત ફલ. કૃષ્ણ કૃપા વ્હે જાકે । 'સુરદાસ' હરિજન પદ મહિમા, કહત ભાગવત તાકે ।।૨।।

રાગ કાન્હરો : પ્રભુ જન પર પ્રસન્ન જબ હોઈ। તબ વૈષ્ણવજન દર્શન પાવે, પાપ રહે નહીં કોઈ ॥૧॥ હરિ-લીલા આવેસ હોઈ મન, સકલ બાસના નાસે। ‘સુર’ યહ નિશ્ચે બિચાર કરી, હરિસ્વરૂપ જબ ભાસે ॥૨॥

રાગ કાન્હરો : હરિ કે જનકી અતિ ઠકુરાઈ। મહારાજ ઋષિરાજ દેવમુનિ, દેખત રહે લજાઈ ॥૧॥ દ્રઢ વિશ્વાસ કીયો સિંહાસન તા પર બૈઠે ભુપ। હરિ-જસ બિમલ છત્ર સિર સોભિત, રાજત પરમ અનૂપ ॥૨॥ દ્રઢ વિશ્વાસ રાજ તાહિકો, તાકો લોગ બડો ઉચ્છાહ। કામ ક્રોધ મદ મોહ લોભ મિલિ, ભયે ચોર તેં શાહ ॥૩॥ હરિ પદ પંકજ પીયો પ્રેમરસ, તાહિ કે રંગ રાતે। મંત્રી જ્ઞાન ઔસર નહીંપાવત કહત બાત સંકાતે ॥૪॥ અર્થા કામ દોઉ રહે દુરિ, ધર્મ મોક્ષ સિર નાવે ॥ વિનય વિવેક વિચિત્ર પૌરિયા સોને કબહુ પાવો ॥૫॥ અષ્ટ મહાસિદ્ધિ દ્વારે કાઢી, કર જોરે ઉર લીને છડીદાર વૈરાગ્ય વિનોદી, ઝીક્કી બાહિર કીને ॥૬॥ માયા કાલ કછુ નહીં વ્યાપે, જો રસ-રીતિ યહ જાને। ‘સુરદાસ’ નર તન પાએ, ગુરુપ્રસાદ પહીચાને ॥૭॥

રાગ હમીર : જા દિન સંતે પાહુને આવત। તીરથ કોટિ સ્નાન કરન ફલ, દરસન હી તેં પાવત ॥૧॥ પ્રફુલ્લિત વંદન રહત નિસદીન પ્રતી, ચરનકમલ ચીત લાવત। મનકર્મબચન ઓર નહીં જાનત, સુમીરત ઓર સુમીરાવત ॥૬॥ મિથ્યાવાદ ઉપાધી રહિત વ્હે, બિમલ બિમલ જસ ગાવત। ‘સુરદાસ’ પ્રીતિ કરી ઉનસો જો હરી સુરત કરાવત ॥૩॥

આ પ્રકારે સુરદાસજીએ અનેક પદો વૈષ્ણવોને સંભળાવ્યા, ત્યારે બધા વૈષ્ણવો બહુ પ્રસન્ન થયા, પછી સુરદાસજીએ તે વૈષ્ણવોને કહ્યું, કે કંઈ મારા ઉપર કૃપા કરીને આજ્ઞા કરો. ત્યારે બધા વૈષ્ણવોએ સુરદાસજીને કહ્યું કે જ્ઞાન, યોગ, પરમતત્વ અને શ્રીઠાકુરજીના પ્રેમસ્નેહનું સ્વરૂપ સંભળાવો. ત્યારે સુરદાસજીએ આ કીર્તન સંભળાવ્યું. એ પદ—

રાગ બિહાગરો : જોગ સોં કોઈ નહીં હરી પાયે। નિજ આજ્ઞા તપ કીયો વિધાતા કબ રસરાસ ખીલાએ ॥૧॥ જોગ જુગતી સંકર આરાધત, પરમતત્ત્વ ચિત્ત લાએ। ભુજ ધરી ગ્રીવ કબહી નંદનંદન હિલમીલ કર સુર ગાએ ॥૨॥ બગદાવલ મહારીષી કબહુ, તૃન છાયા ન કરીએ। બરબત દુઃખી જાનિ નંદનંદન, કબ ગિરિવર કર છાએ ॥૩॥ અતિ તપપુંજ વિપ્ર દુર્વાસા, તૃન નીત પ્રતી ઉન ખાએ। ચક્ર સુદર્શન તપત મહામુની કબ મુખ અનલ સમાએ ॥૪॥ બહુત તપ કિયો માકંડે મુની આય સિંધુ ભરમાયે। સત કલ્પ બીતત તબ હરી, વરૂન ફાંસ મુકરાએ ॥૫॥ ભક્ત વીરહ કાતર કરૂણામય, વેદ નિરંતર ગાવે। કો જાહે જોંગ સુનત યહા ઉધો, ‘સુર’ સ્યામ મન ભાવે ॥૬॥

આ પ્રકારે અનેક કીર્તનો કરી વૈષ્ણવોને સમજાવ્યાં. ત્યારે બધા વૈષ્ણવો પ્રસન્ન થઈને કહે, કે સુરદાસજીના ઉપર મહાન ભગવત્કૃપા છે. તે પછી સવાર થયે બધા વૈષ્ણવોએ શ્રીનાથજીનાં દર્શન કર્યાં. તે પછી સુરદાસજીથી વિદાય થઈને ગોકુલ આવ્યા. એ સુરદાસજી શ્રીઆચાર્યજીના એવા પરમ કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૧૦ : આ પ્રકારે સુરદાસજીએ બહુ દિવસો સુધી ભગવત્સેવા કરી. તે પછી તેમણે જાણ્યું કે ભગવદીચ્છા નીજ ધામમાં બોલાવવાની છે.

ભાવપ્રકાશ : તે શાથી કે પ્રભુની એ રીત છે કે જ્યારે વૈકુંઠથી ભૂમિ ઉપર પ્રકટ થવાની ઈચ્છા કરે છે ત્યારે વૈકુંઠવાસી જે ભક્ત તેમને પહેલાં ભૂમિ ઉપર પ્રકટ કરે છે, તે પછી પોતે શ્રીભગવાન પ્રકટથી ભક્તોના સંગે લીલા કરે છે. પછી પોતાના ભક્તોને આ જગતથી વિરોધાને કરાવીને વૈકુંઠમાં લીલા કરે છે જેમ નંદ, યશોદા, ગોપીજન, સખા, વસુદેવ, દેવકી, યાદવ બધાને પહેલાં જ પ્રકટ કર્યા. તે પછી આપ પ્રકટ થઈએ ભૂમિ ઉપર લીલા કરી. પછી યાઘવોને મૂશલ દ્વારા અંતર્ધ્યાન લીલા ન દેખાડી. તે જ પ્રકારે શ્રીઆચાર્યજી, શ્રીગુસાંઈજી પુરથ પુરુષોત્તમ પ્રાક્ટય છે. એથી લીલા સંબંધી વૈષ્ણવો પ્રકટ કર્યા. હવે શ્રીઆચાર્યજી આપે અંતર્ધ્યાન લીલા કરી અને શ્રીગુસાંઈજીને કરવી છે, તેથી પહેલાં ભગવદીયોને નિત્ય લીલામાં સ્થાપન કરીને આપ પધારશે. ભગવદીયોને પોતાની લૌકિક અંતર્ધ્યાન લીલા દેખાડતા નથી, જેમ ચાચા હરીવંશજીને કહ્યું કે તમે ગુજરાત જાવ. એ પ્રકારે ગુજરાત મોકલી આપે અંતર્ધ્યાન લીલા કરી. એથી સુરદાસજીને નિત્ય લીલામાં બોલાવવાની ઈચ્છા શ્રીગોવર્ધનધરની છે એમ તેમણે જાણ્યું.

ત્યારે સુરદાસજીએ મનમાં વિચાર્યું કે મેં તો મારા મનમાં સવા લાખ કીર્તન પ્રકટ કરવાનો સંકલ્પ કર્યો છે તેમાંથી લાખ કીર્તન તો પ્રકટ થયાં છે. ભગવદીચ્છાથી પચીસ હજાર કીર્તનો બીજાં પ્રકટ કરવાં. તે પછી આ દેહ છોડીને જવું. આ પ્રકારે સુરદાસજી પોતાના મનમાં વિચાર કરતા હતા તે જ સમયે શ્રીગોવર્ધનનાથજીએ પોતે પ્રકટ થઈને દર્શન દઈને કહ્યું કે સુરદાસજી ! તમે જે સવા લાખ કીર્તનોનો મનમાં મનોરથ કર્યો છે તે તો પૂરણ થઈ ચૂક્યો છે. પચીસ હજાર કીર્તન મેં પૂરાં કરી દીધાં છે. તમે તમારા કીર્તનોના ચોપડા જુઓ. ત્યારે તે વૈષ્ણવ જુએ તો સુરદાસજીના કીર્તનોની વચ્ચે વચ્ચે ‘સુરશ્યામ’ની છાપ છે એવાં કીર્તનો બધી લીલાના છે તે પચીસ હજાર છે. આ વાત તે વૈષ્ણવે સુરદાસને કહી જે કાલ સુધી તો ‘સુરશ્યામ’નાં કીર્તનો હતાં નહીં અને આજે વચમાં છે ? સુરદાસજીએ શ્રીનાથજીને દંડવત કરીને કહ્યું કે હવે મારો મનોરથ આપની કૃપાથી પૂર્ણ થયો. તેથી હવે આપ આજ્ઞા દો તેમ કરું. ત્યારે શ્રીગોવર્ધનનાથજી કહે કે હવે તમે મારી લીલામાં આવીને લીલા રસનો અનુભવ કરો. એ આજ્ઞા કરીને શ્રીનાથજી આપ પધાર્યા ત્યારે સુરદાસજી શ્રીગોવર્ધનનાથજીને દંડવત કરીને મનમાં બહુ પ્રસન્ન થયા. પરંતુ પાસે બે વૈષ્ણવ સાધારણ હતા તે જાણે નહીં કે શ્રીઠાકુરજી આપ સુરદાસની પાસે પધાર્યા અને શી આજ્ઞા કરી. કેમ કે શ્રીઠાકુરજીના સ્વરૂપનો અનુભવ ભગવદીય વિના બીજા કોઈને થતો નથી.

વાર્તાપ્રસંગ ૧૧ : પછી સુરદાસજી પોતાના મનમાં વિચાર કરીને પરાસોલી આવ્યા. ત્યાં અખંડ રાસલીલા, બ્રહ્મરાત્રી કરીને કરી છે. ભગવાને રાસપંચાધ્યાયીની બધી લીલા ત્યાં કરી છે. જ્યાં તારાપતિ ચંદ્રમાં પ્રકટ્યો છે, ત્યાં ચંદ્રસરોવર છે. એવા અલૌકિક સ્થળમાં તેઓ આવ્યા.

ભાવપ્રકાશ : એ અષ્ટસખા પૈકીના શ્રીગિરિરાજજીમાં આઠ દ્વાર છે ત્યાંના એ અધિકારી છે. તેથી આઠે સખાઓએ પોત પોતાના દ્વાર ઉપર શ્રીગિરિરાજજીમાં જ દેહ છોડી છે. (૧) ગોવિંદકુંડ ઉપર એક દ્વાર છે, તેના સન્મુખ પરાસોલી ચંદ્રસરોવર છે. ત્યાં સુરદાસજી સેવામાં મુખિયા છે. (૨) અપ્સરા કુંડ ઉપર એક દ્વાર છે, ત્યાં સેવામાં છીત સ્વામી મુખિયા છે. (૩) સુરભી કુંડ ઉપર દ્વાર છે, પરમાનંદદાસ સેવામાં મુખિયા છે. (૪) ગોવિંદસ્વામિની કદમ ખંડી પાસે એક દ્વાર છે, ત્યાં ગોવિંદસ્વામી મુખિયા છે. (૫) રુદ્રકુંડ પાસે એક દ્વાર છે, ત્યાં ચતુર્ભુજદાસ સેવામાં મુખિયા છે. (૬)

છે તે માર્ગે થઈને રાસલીલામાં પધારે છે. ત્યાંની સેવાના કૃષ્ણદાસ અધિકારી મુખિયા છે. (૭) માનસી ગંગાની પાસે એક દ્વાર છે, તેની સેવામાં નંદદાસ મુખિયા છે. (૮) અન્યોરની સન્મુખ એક દ્વાર છે ત્યાં જમનાવતો ગામ છે તે દ્વારાના મુખિયા કુંભનદાસ છે. આ પ્રકારે શ્રીગિરિરાજજીમાં નિત્ય નિકુંજલીલા છે. તે નિકુંજ લીલાનાં આઠ દ્વાર છે, ત્યાંના આઠ સખા સખી રૂપ છે. તે સેવામાં સદા તત્પર રહે છે એટલે સુરદાસનું સ્થળ પરાસોલી છે.

પછી શ્રીગોવર્ધનનાથજીની ધ્વજાને સાષ્ટાંગ દંડવત કરીને ધ્વજાની સન્મુખ મુખ કરીને સુરદાસજી સૂઈ રહ્યા. પરંતુ મનમાં એ આવ્યું કે શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઈજીએ પોતે મારા ઉપર મહાન કૃપા કરી છે, શ્રીગોવર્ધનનાથજીની લીલાનો આજ દેહથી અનુભવ કરાવ્યો છે, પરંતુ આ સમયે એકવાર શ્રીગુસાંઈજી પોતે મારા ઉપર કૃપા કરીને દર્શન દે તો મારાં મોટાં ભાગ્ય ! શ્રીગુસાંઈજીનું નામ કૃપાસિંધુ છે, ભક્તોના મનોરથ પૂરણ કરવાવાળા છે, તે પૂરણ કરશે જ. આ પ્રકારે સુરદાસજી શ્રીગુસાંઈજીના સ્વરૂપનું ચિંતન કરતા હતા. અહીં શ્રીગુસાંઈજી પોતે શ્રીગોવર્ધનનાથજીનો શૃંગાર કરતા હતા. તે દિવસે શ્રીગુસાંઈજીએ સુરદાસજીને જગમોહનમાં બેસીને કીર્તન કરતા ન જોયા તે સમયે શ્રીગુસાંઈજી પોતે સેવકોને પૂછે તે સુરદાસજી ક્યાં છે ? ત્યારે એક વૈષ્ણવે વિનંતી કરી કે મહારાજ ! સુરદાસજી તો આજ મંગલા આરતિનાં દર્શન કરીને પરાસોલી બધા સેવકોને ભગવત્સ્મરણ કરીને ગયા છે ત્યારે શ્રીગુસાંઈજીએ પોતે જાણ્યું કે ભગવદીચ્છા સુરદાસજીને બોલાવવાની થઈ છે. તેથી આજ સુરદાસજી પરાસોલી ગયા છે. ત્યારે શ્રીગુસાંઈજીએ પોતે શ્રીમુખથી બધા વૈષ્ણવોને આજ્ઞા કરી કે 'પુષ્ટિમાર્ગનું જહાજ' (નાવ) જાય છે, જેને કંઈ લેવું હોય તે લો અને ત્યાં જઈને સુરદાસજીની ખબર રાખો. જો રાજભોગ આરતી પછી સુરદાસ રહેશે તો પણ હું આવું છું. ત્યારે બધા સુરદાસજીની પાસે આવ્યા.

ભાવપ્રકાશ : અહીં "જહાજ" કહેવાનો આશય એ છે કે જહાજમાં વેપારી વેપાર અર્થે અનેક વસ્તુ ભરે તે જ પ્રકારે સુરદાસજીના હૃદયમાં વિવિધ પ્રકારની અલૌકિક વસ્તુ ભરી છે.

આ સમયે સુરદાસજીએ શ્રીગુસાંઈજીના અને શ્રીગોવર્ધનનાથજીના સ્વરૂપમાં ન લગાડીને બોલવું છોડી દીધું. ત્યારે શ્રીગુસાંઈજીએ પંદર વ્રજવાસીઓને દોડાવ્યા કે ઘડી ઘડીના અમને સુરદાસજીના સમાચાર આવીને કહો. ત્યારે તે વ્રજવાસીઓએ આવીને શ્રીગુસાંઈજીને કહ્યું કે મહારાજ ! હવે તો સુરદાસજી કોઈ સાથે બોલતા નથી એમ કરતાં કરતાં રાજભોગ આરતીનો સમય થયો, એટલે રાજભોગ આરતી શ્રીગોવર્ધન નાથજીની કરીને શ્રીગુસાંઈજી પોતે પરસોલીમાં જ્યાં સુરદાસજી હતા ત્યાં પધાર્યા. ત્યારે શ્રીગુસાંઈજીની સાથે રામદાસ, કુંભનદાસ, ગોવિંદસ્વામી, ચતુર્ભુજદાસ, આદિ સઘલા વૈષ્ણવો સુરદાસજીની પાસે આવ્યા. ત્યારે જુએ તો સુરદાસજી અચેત થઈ રહ્યા છે. કંઈ દેહનું અનુસંધાન નથી. ત્યારે શ્રીગુસાંઈજીએ પોતે હાથ પકડીને કહ્યું કે સુરદાસજી ! કેમ છો ? ત્યારે સુરદાસજીએ તત્કાલ ઊઠીને દંડવત કરીને કહ્યું, કે બાવા ! આવ્યા ? હું આપની જ વાટ જોતો હતો. આ સમયે આપે મહાન કૃપા કરીને દર્શન દીધા. મહારાજ ! હું આપના સ્વરૂપનું જ ચિંતન કરતો હતો. તેજ સમયે સુરદાસજીએ સારંગ રાગમાં આ કીર્તન ગાયું.

રાગ સારંગ : દેખો દેખો હરિ જુ કો એક સુભાવ ॥ અતિ ગંભીર ઉદાર ઉદધિ પ્રબુ. જ્ઞાનિ-

સિરોમની રાય ।।૧।। રાઈ જિતની સેવા કો ફળ, માનત મેરુ સમાન ।। સમજદાસ અપરાધ સિંધુ સમ, બુંદ ન એકો માન ।।૨।। બદન પ્રસન્ન કમલ પદ સન્મુખ, દેખત હો હરિ જૈસે ।। બિમુખ ભએ કૃપા યા મુખકી, જબ દેખો તબ તેસે ।।૩।। ભક્ત વિરહ કાતર કરૂણભય, ડોલત પાછે લાગે ।। 'સુરદાસ' એસે પ્રભુકો ક્યોં દીજે પીઠ અભાગે ।।૪।।

એ પદ સુરદાસજીએ શ્રીગુસાંઈજીની આગળ ગાયું. ત્યારે શ્રીગુસાંઈજી પોતે પોતાના શ્રીમુખથી કહે કે આ પ્રકારે શ્રીઠાકુરજી પોતે પોતાના ભગવદીયોને દીનતાનું દાન કરે છે. એને પૂરણ કૃપા જાણીએ. દીનતાના રસના પાત્ર આ જ છે તે સમયે બધા વૈષ્ણવો શ્રીગુસાંઈજીની પાસે ઊભા હતાં. એમાંથી ચતુર્ભુજદાસે કહ્યું. સુરદાસજી પરમ ભગવદીય છે વળી સુરદાસજીએ શ્રીઠાકુરજીનાં લક્ષવિધિ પદો કર્યા છે. પરંતુ સુરદાસજીએ શ્રીઆચાર્યજી મહાપ્રભુનો યશ વર્ણન નથી કર્યો એ સાંભળીને સુરદાસજી કહે કે મેં તો બધો યશ શ્રીઆચાર્યજીનો જ વર્ણન કર્યો છે. જો હું આપને જુદા માનતો હોત તો જુદાં પદ ગાત પરંતુ તમે મને પૂછ્યું છે તો તમારી પાસે કહું છું જે આ કીર્તનને અનુસાર બધાં કીર્તનો જાણજો. પદ—

રાગ બિહાગરો : ભરોસો દઢ ઈન ચરનન કરો ।। શ્રીવલ્લભ નખ ચંદ્ર છટા બિનુ, સબ જગમાં જ અંધેરો ।। સાધન ઓર નહીં યા કલિમેં જાસોં હોત નિબેરો ।। 'સુર' કહે દ્વિવિધ આંધરો બિના મોલ કો ચેરો ।।૨।।

ભાવપ્રકાશ : આ કીર્તનમાં સુરદાસજીઓ પોતાના હૃદયનો ભાવ ખોલી દીધો છે. જે મને શ્રીવલ્લભના શરણનો દઢ ભરોસો છે. શ્રીઆચાર્યજીના નખ જે દશ, તે ચરણારવિંદના અલૌકિક મણિ રૂપ નખના પ્રકાશ વિના બધી ત્રિલોકીમાં અંધારું જ દેખાય છે. (એમ દેખાય) ભરોસો દઢ જાણીએ. આ કલિમાં શ્રીઆચાર્યજીના ચરણના આશ્રય વિના ફલસિદ્ધિનો બીજો ઉપાય નથી. હું અલગ વર્ણન શું કરું ? શ્રીગોવર્ધનધરમાં અને શ્રીઆચાર્યજીના સ્વરૂપમાં ભિન્ન એટલે દ્વિધિવપણું જોવામાં તો હું આંધળો છું. જેમ કૃષ્ણ અને સ્વામિનીજીને ભિન્ન સ્વરૂપે જાણી તે અજ્ઞાની, તેવી રીતે શ્રીગોવર્ધનધર અને શ્રીઆચાર્યજી છે. તેમનો હું વિના મોલનો દાસ છું. વિના મોલ એટલે શું ? કેવલ ભાવ કરીને જેમ રાસ પંચાગ્યાઈમાં વ્રજભક્તો ગોપિકાગીતમાં કહે, છે કે 'અશુલ્ક દાસિકા' એટલે વિના મૂલ્યની દાસી. અલૌકિક, જેનું મૂલ્ય નહીં. કેમ કે જે ભક્તિ કરીને પ્રભુથી અર્થ ચાહે તે બધા 'મૂલ્યના' દાસ કહેવાય છે. એમની ભક્તિ શ્રેષ્ઠ નહીં. તેમની નિષ્કામ ભક્તિ સર્વોપરી છે. તેને અમોલિકદાસ કહીએ, એ ભાવથી પ્રભુ વશ થાય જેમ પંચાધ્યાઈમાં શ્રીભગવાન કહે છે કે તમારું ભજન એવું છે કે મારાથી બદલો ન આપી શકાય. હું સદા તમારો ઋણી રહીશ. અમોલિકદાસના લક્ષણના ભાવે આ પદ ગાયું, આ પદ કેવું છે કે આ કીર્તનના ભાવથી (પાઠથી) સવા લાખ કીર્તનો જે સુરદાસજીએ કર્યા છે. તે બધાનો પાઠ થાય.

ત્યારે ચતુર્ભુજદાસ પ્રસન્ન થયા. પછી બધા વૈષ્ણવો અને શ્રીગુસાંઈજી પોતે કહ્યું કે સુરદાસજીના હૃદયનો મહા અલૌકિક ભાવ છે, તેથી શ્રીઆચાર્યજી પોતે સુરદાસજીને 'સાગર' કહેતા. જેમ સમુદ્ર અગાધ છે તેમ સુરદાસનું હૃદય અગાધ છે ત્યારે ચતુર્ભુજદાસ કહે કે સુરદાસજી ! તમારા વિના અલૌકિક ભાવ કોણ દેખાડે ? હવે થોડામાં શ્રીઆચાર્યજીનો આ પુષ્ટિભક્તિમાર્ગ છે. તેનું સ્વરૂપ સંભળાવો. કયા પ્રકારે પુષ્ટિમાર્ગના રસનો અનુભવ કરીએ ? ત્યારે તે સમયે સુરદાસજીએ આ પદ ગાયું. તે પદ-

રાગ સારંગ : ભજિ સખી ભાવ-ભાવિક દેવ ।। કોટિ સાધન કરો કોઈ તોઉ ન માને સેવા ।।૧।। ધુમકેતુ કુમાર માગ્યો કોન માહગ રીતિ ।। પુરુષતેં ત્રિય ભાવ ઉપન્યો સબૈ ઉલટી રીત ।।૨।। બસન ભુષન પલટી પહેરે ભાવ સોં સંજોઈ ।। ઉલટ મુદ્રા દઈ અંકન બરન સુધેં હોઈ ।।૩।। વેદવિધીકો નેમ નહીં જહાં, પ્રીતિકી પહેચાનિ । વ્રજ વધુ વશ કિયે મોહન 'સુર'ચતુર સુજાન ।।૪।।

ભાવપ્રકાશ : એ પદમાં જણાવ્યું છે કે શ્રીગોપીજનના ભાવથી પ્રભુ ભજે તેમના ભાવિક જે શ્રીગોવર્ધનધર તેમને ગોપીજનોના ભાવ કહી સખી ભાવથી ભજિયે કુંજ લીલામાં સખીજનોનો અધિકાર છે. તેથી સખીએ અહીં કહ્યું કે, વળી કોટી સાધન કરો પરંતુ એક પણ સેવા નથી માનતા, તેમનું દ્દષ્ટાંત જે સોળ હજાર કુમારિકાઓ થયા છે, ધુમકેતુ એવો જે અગ્નિ, તેના પુત્ર સોળ હજાર ઋષિ, એમણે રામચંદ્રજીના સ્વરૂપ ઉપર મોહિત થઈ દંડાકારણ્યમાં કહ્યું કે અમારાથી વિહાર કરો, ત્યારે એમને શ્રીરામચંદ્રજીને આજ્ઞા કરી કે વ્રજમાં તમે સ્ત્રી થઈ પ્રકટ થશો ત્યારે તમારો મનોરથ પૂર્ણ થશે. સ્ત્રીને વેદ કર્મમાં અધિકાર નથી. અને પૂર્ણ પુરુષોત્તમની લીલામાં મુખ્ય સ્ત્રી ભાવનો અધિકાર છે. આ ભક્તિ માર્ગની વેદથી ઊલટી રીતિ છે. જેમાં રાસ પંચાધ્યાઈમાં વ્રજભક્તોએ ઊલટા આભૂષણ, વસ્ત્ર ધારણ કર્યા. તે લોકમાં એને બાવરો કહે, જ્યારે સ્નેહમાં સર્વોપરી કહીએ. જેમ છાપમાં ઊલટા અક્ષર હોય તે શરીરમાં સીધા સારા અક્ષર થાય, તેમજ આ જગતમાં અજ્ઞાની અન પ્રભુની લીલામાં ચતુર હોયે તે પ્રપંચ ભૂલે તેને પ્રેમ કહીએ. મુખ્ય ભક્તિરસમાં વેદ વિધિનો નિયમ નથી. તેથી એવો જો પ્રેમ હોય તો શ્રીઠાકુરજીને વશ કરે, જેમ ગોપીજનોએ શ્રીઠાકુરજીને વશ કર્યા. તે શ્રીઠાકુરજી કેવા છે ? તે બધાયને મોહી નાખે, વળી શૂર છે. કોઈથી જીત્યા ન જાય, તો પણ પ્રેમને વશ છે. બધું ભૂલી જાય છે. પુષ્ટિમાર્ગની ભક્તિ અને પુષ્ટિમાર્ગનું સ્વરૂપ આવું છે. એ પ્રકારે સુરદાસજીએ કહ્યું.

ત્યારે ચતુર્ભુજદાસ આદિ બધા વૈષ્ણવોએ સુરદાસજીને ધન્ય ધન્ય કહ્યા. કહ્યું કે એમના ઉપર મહાન ભગવત્કૃપા છે. પછી સુરદાસજી કશું બોલ્યા નહીં ત્યારે શ્રીગુસાંઈજીએ પોતે સુરદાસજીને પૂછ્યું કે સુરદાસજી ! હવે આ સમય ચિત્તની વૃત્તિ ક્યાં છે ? ત્યારે તે સમયે સુરદાસજીએ એક પદ ગાયું તે પદ-

રાગ સારંગ : બલિ બલિ હીં કુંબરિ રાધિકા, નંદસુવત જાસોં રતિ માની ।। વે અતિ ચતુર તુમ ચતુરસીરોમની, પ્રીતિ કરી કૈસે રહે છાની ।।૧।। વે જો ધરત તન કનક પીત પટ સો તો સબ તેરી ગતિ ઠાની ।। તેં પુની સ્યામ સહજ યહ શોભા અંબર મીસએપને ઉર આની ।।૨।। પુલકીત અંગ અબ હી વ્હે આયો, નીરખી સુભગ નીજ દેહ સયાની ।। 'સુર' સુજાન સખી કે બુઝે, પ્રેમ પ્રકાશ ભયો વિહસાની ।।૩।।

પછી બીજું પદ આ ગાયું.

રાગ બિહાગરો : ખંજન નેપ રૂપ રસ માતે ।। અતીસે ચારૂ ચપલ અનીયારે, પલ પિંજર ન સમાતે ।। ચલી ચલી જાત નીકટ શ્રવન કે, ઉલટે ફીરત તાટંક ફંદાતે । 'સુરદાસ' અંજન ગુન અટકે. નાંતર અભ ઉડે જાતે ।।

એ પદ સુરદાસે ગાયું પછી સુરદાસજીનું જુગલ સ્વરૂપનું ધ્યાન ધરીને આ લૌકિક શરીર છોડીને

લીલાંમાં પ્રાપ્ત થયા. તે પછી શ્રીગુસાંઈજી આપ તો ગોપાલપુર પધાર્યા. પછી બદા વૈષ્ણવોએ મળીને સુરદાસના દેહનો અગ્નસંસ્કાર કર્યો.. તે પછી બધા વૈષ્ણવો શ્રીગુસાંઈજીની પાસે આવ્યા.

ભાવપ્રકાશ : એ સુરદાસજીના ચાર નામ છે. શ્રીઆચાર્યજી પોતે 'સુર' કહેતા. જેમ સુર થઈ રણમાંથી પગ પાછો ન દે, બધાની આગળ ચાલે, તે જ પ્રકારે સુરદાસની ભક્તિની દિવસે દિવસે ચઢતી દશા થઈ. તેથી તે શ્રીઆચાર્યજી આપ 'સુર' કહેતા વળી શ્રીગુસાંઈજી આપ 'સુરદાસ' કહેતા, તે દાસ ભાવમાં કદીયે ઘટ્યા નહીં. જેમ જેમ અનુભવ અધિક થયો તેમ તેમ સુરદાસજીને દીનતા અધિક થઈ. સુરદાસજીને ક્યારેય અહંકાર ન થયો. તેથી સુરદાસનું નામ કહ્યું. વળી ત્રીજું એમનું નામ 'સુરજદાસ' છે. શ્રીસ્વામિનીજીના સાત હજાર પદ સુરદાસજીએ કર્યા છે. તેમાં અલૌકિક ભાવ વર્ણન કર્યો છે. તેથી શ્રીસ્વામિનીજી કહેતાં કે 'સુરજથી જગતમાં જેમ પ્રકાશ થાય એ પ્રકારે સ્વરૂપનો પ્રકાશ કર્યો. ત્યારે સુરદાસજીએ ઘણાં કીર્તનોમાં 'સુરજ' છાપ ધરી. વળી શ્રીગોવર્ધનનાથજીએ પચીસ હજાર કીર્તન પોતે સુરદાસજીને કરી દીધા, તેમાં 'સુરશ્યામ' નામ ધર્યું. એ પ્રકારે સુરદાસજીના ચાર નામ પ્રકટ થયા. તેથી સુરદાસજીનાં કીર્તનોમાં એ ચારે છાપ કહી છે.

એ પ્રકારે સુરદાસજી માનસી સેવામાં સદા મગ્ન રેતાતેથી એમના માથે શ્રીઆચાર્યજીએ ભગવત્સેવા નહીં પધરાવી, કેમ કે સુરદાસજી માનસી સેવામાં ફલરૂપ અનુભવ છે. તે સદા લીલા રસમમાં મગ્ન રહેતા હતા. સુરદાસજીની વાર્તામાં આ સર્વોપરી સિદ્ધાંત છેકે દૈન્ય સમાન બીજો પદાર્થ કોઈ નથી. અને પરોપકાર સમાન બીજો ધર્મ નથી. તે વાણિયાને માટે સુરદાસજીએ એટલો શ્રમ કર્યો. પરંતુ તેનો અંગીકાર કરાવી તેનો ઉદ્ધાર કરી દીધો. શ્રીઆચાર્યજી, શ્રીગુસાંઈજી પોતે, અને બધા વૈષ્ણવ જીવોમાત્ર સુરદાસજી ઉપર બહુ પ્રસન્ન રહેતા. જે કોઈ સુરદાસજીને આવીને પૂછતા તેમને પ્રીતિથી માર્ગનો સિદ્ધાંત બતાવતા અને એમનું મન પ્રભુમાં લગાડી દેતા. તેથી સુરદાસજી જેવા ભગવદીય કોટીમાં દુર્લભ છે. એ સુરદાસજી શ્રીઆચાર્યજી મહાપ્રભુના એવા કૃપાપાત્ર ભગવદીય હતા, તેમની વાર્તાનો પાર નહીં. તે ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૮૧ ॥

॥ વાર્તા ૮૨ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક, પરમાનંદ સ્વામી બ્રાહ્મણ કનોજમાં રહેતા, જેમના પદ અષ્ટછાપમાં ગાઈએ છીએ, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ પરમાનંદદાસ લીલામાં અષ્ટ સખાઓમાં 'તોક' સખાનું પ્રાકટ્ય છે, તોક સખાનું બીજું સ્વરૂપ નિકુંજમાં સખીરૂપ છે. તે સ્વરૂપનું નામ 'ચંદ્રભાગા' છે, સુરભી કુંડની પાસે શ્રીગિરિરાજનું એક દ્વાર છે. તેની મુખિયા છે. એ કનોજમાં કનોજિયા બ્રાહ્મણને ત્યાં જન્મ્યા. તે દિવસે એમના પિતાને એક શેઠે ઘણું દ્રવ્ય દાન કર્યું. ત્યારે એ બ્રાહ્મણે પ્રસન્ન થઈને કહ્યું કે શ્રીઠાકુરજીએ મને પુત્ર આપ્યો અને ધન પણ ઘણું આપ્યું. તેથી આ પુત્ર મોટો ભાગ્યશાળી છે. એના જન્મતા જ મને પરમ આનંદ થયો છે, તેથી હું આ પુત્રનું નામ પરમાનંદદાસ જ રાખીશ. પછી જ્યારે નામ પાડવા લાગ્યા ત્યારે એ બ્રાહ્મણે કહ્યું કે પુત્રનું નામ તો હું પહેલાં જ 'પરમાનંદ' વિચારી ચૂક્યો છું. ત્યારે બધા બ્રાહ્મણો બોલ્યા કે તમે વિચાર્યુ છે તે જ નામ જન્મપત્રિકામાં આવ્યું છે. તેથી તે બ્રાહ્મણ ઘણો જ પ્રસન્ન થયો.

પછી એ બ્રાહ્મણે જાત કર્મ કરી બહુ દાન કર્યું. એમ કરતાં પરમાનંદદાસ મોટા થયા ત્યારે પિતાએ મોટો ઉત્સવ કર્યો. અને એમનું યજ્ઞોપવિત કર્યું.

એ પરમાનંદદાસ મોટા કૃપાપાત્ર ભગવદીય છે. લીલા મધ્યપાતી શ્રીઠાકુરજીના અંતરંગ સખા છે. જ્યારે શ્રીઆચાર્યજી પોતે શ્રીગોવર્ધનનાથજીની આજ્ઞાથી દૈવી જીવોના ઉદ્ધારાર્થે ભૂતલ ઉપર પ્રકટ થયા, ત્યારે તે જ રીતે શ્રીઠાકુરજી સહિત બધો પરિકર પ્રકટ થયો. તેથી દૈવી જીવો અનેક દેશાંતરમાં પ્રકટ થયા. ગોપાલદાસજીએ વલ્લભાખ્યાનમાં ગાયું છે કે ‘અનેક જીવને કૃપા કરવા દેશાંતર પ્રવેશ પરમાનંદદાસજી મોટા થયા, ત્યારે કવીશ્વર પણ થયા. અનેક પદ બનાવીને ગાતા. સ્વામી કહેવાતા અને સેવક પણ કરતા. પરમાનંદદાસની સાથે સમાજ ઘણો. અનેક ગુણીજન સાથે રહેતા. એક સમય કનોજમાં દુષ્કાલ પડ્યો. તેથી હાકિમની બુદ્ધિ બગડી. તેણે ગામમાંથી દંડ લીધો, અને પરમાનંદદાસના પિતાનું બધું દ્રવ્ય લૂંટી લીધું. ત્યારે માતાપિતા બહુ દુઃખી પામીને પરમાનંદદાસને કહે અમે તમારું લગ્ન પણ ન કરવા પામ્યા. બધું દ્રવ્ય એમ જ ગયું તેથી તું કમાવવાનો ઉપાય કર. કેમ કે તું ગુણી છે, અને તારે દ્રવ્ય બહુ આવે છે. તું એ દ્રવ્યને ભેગું કરે તો અમે તમારું લગ્ન કરીએ.. ત્યારે પરમાનંદદાસે પોતાના માતા-પિતાને કહ્યું કે મારે લગ્ન કરવું નથી: અને તમે આટલું દ્રવ્ય ભેગું કરીને શો પુરુષાર્થ કર્યો ? બધું દ્રવ્ય એમ જ ગયું. તેથી દ્રવ્ય આવવાનું ફલ એ જ કે વૈષ્ણવ અને બ્રાહ્મણને ખવડાવવું. તેથી હું દ્રવ્યનો સંગ્રહ ક્યારેય નહીં કરું. તમારે ખાવા વગેરે માટે જે જોઈએ તેટલું મારી પાસેથી લઈ લો. અને બેઠા બેઠા શ્રીઠાકુરજીનું નામ લીધા કરો. કેમ કે હવે નિર્ધન થયા છો. તેથી હવો તો ધનનો મોહ છોડો ! ત્યારે પિતાએ પરમાનંદદાસને કહ્યું કે તું તો વૈરાગી થયો છે; તને સંગત વૈરાગીની છે, તેથી તારી એવી બુદ્ધિ થઈ. અને અમે તો ગૃહસ્થી છીએ, તેથી અમારે ધન ભેગું કર્યા વિના કેમ ચાલે ? કુટુંબમાં, જ્ઞાતિમાં, ખર્ચીએ ત્યારે અમારી વડાઈ થાય, પછી પિતા ધનને માટે પૂર્વમાં ગયો. ત્યાં જીવિકા ન મળી. ત્યારે દક્ષિણમાં ગયો ત્યાં દ્રવ્ય મળ્યું એટલે ત્યાં રહ્યો અહીં પરમાનંદદાસે પોતાના ઘરે કીર્તનનો સમાજ કર્યો. ગામે ગામમાં પ્રસિદ્ધ થયા. વળી પરમાનંદદાસ ગાન-વિદ્યામાં પણ પરમ ચતુર હતા.

વાર્તાપ્રસંગ ૧ : એક સમય પરમાનંદદાસ કનોજથી મકર સ્નાન અર્થે પ્રયાગ આવ્યા અને ત્યાં રહ્યા. ત્યાં કીર્તનનો સમાજ નિત્ય કરે. ઘણાં લોકો એમના કીર્તન સાંભળવાને આવતા. ત્યારે સામે પાર અડેલમાં શ્રીઆચાર્યજી બિરાજતા હતા. અડેલથી લોકો કાંઈ કામ માટે ગામમાં આવતા તે પરમાનંદદાસના કીર્તનો સાંભળીને અડેલમાં જઈને શ્રીઆચાર્યજીને કહેતા તે એક પરમાનંદદાસ કનોજથી આવ્યા છે તે કીર્તન બહુ સારા ગાય છે. ત્યાં શ્રીઆચાર્યજી કહે કે પરમાનંદદાસ દૈવી જીવ છે. એમનો ગુણ પ્રસિદ્ધ હોય તે ઉચિત જ છે. ત્યાં શ્રીઆચાર્યજીનો સેવક એક ‘કપૂર’ ક્ષત્રી જળધરીયો હતો. એની રાગ ગાન ઉપર બહુ આસક્તિ હતી. આ વાત સાંભળીને એના મનમાં આવ્યું કે હું શ્રીઆચાર્યજી ન જાણે એમ પરમાનંદ સ્વામીનું ગાન સાંભળું કેમ કે શ્રીઆચાર્યજી પોતે સાંભળશે તો ખીજશે, કે તું સેવા છોડીને કેમ ગયો ? તેથી પ્રયાગ જઈ શકે નહીં. પરંતુ એ જલધારીયા કપૂરનું મન પરમાનંદજીના કીર્તન સાંભળવાનું ઘણું હતું.

ભાવપ્રકાશ : કેમ કે એને પૂર્વનો સંબંધ છે. લીલામાં એ ક્ષત્રી પરમાનંદદાસની સખી છે. એ ‘ચંદ્રભાગા’ની સખી ‘સોનજુહી’, એનું નામ છે. એ ક્ષત્રી સુદામાપુરીમાં એક ક્ષત્રીને ઘેર પ્રકટ્યો એનો

પિતા મહાવિષયી હતો. જ્યાં ત્યાં પરસ્ત્રી નો સંગ કરતો દ્રવ્ય ઘણું હતું. પણ વિષયમાં ખોયું, પછી રાજાએ બધું ઘર લૂંટી લીધું. એ ક્ષત્રીના માતાપિતા પુત્ર સહિત બધાને કેદમાં રાખ્યા. પછી તેના પિતા એક સિપાઈને કંઈ આપીને રાત્રિએ સ્ત્રી-પુરુષ અને આ પુત્રને લઈને કેદમાંથી ચાલ્યો. બે ત્રણ દિવસ તેઓ ચાલ્યાં. ત્યારે એક વનમાં જઈ નીકળ્યા. ત્યાં વાઘે એના માતાપિતાને માર્યા. અને આ પુત્ર વર્ષ ચૌદનો બન્યો. તે વનમાં બેઠો રુદન કરે છે. ભૂખ્યો-તરસ્યો હતો તેથી ચલાય નહીં. પછી ભાગ્ય યોગે પૃથ્વી પરિકમ્મા કરતાં શ્રીઆચાર્યજી તે વનમાં આવ્યા, ત્યારે આ ક્ષત્રીને પૂછ્યું કે તું કોણ છે ? એકલો વનમાં રુદન કરે છે ? ત્યારે એણે દંડવત કરીને પોતાનું વૃત્તાંત કહ્યું, ત્યારે શ્રીઆચાર્યજી પોતે કૃષ્ણદાસ મેઘનને કહે કે કંઈ મહાપ્રસાદ હોય તો એને ખવડાવીને જલપાન કરાવો, જેથી એનો પ્રાણ બચે. ત્યારે કૃષ્ણદાસ મેઘનની પાસે પ્રસાદ હતો તે ક્ષત્રીને ન્હવડાવીને ખવડાવીને જલ પીવડાવ્યું. ત્યારે તે ક્ષત્રીનું મન ઠેકાણું આવ્યું. પછી આ ક્ષત્રીએ શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે મહારાજ ! મને આપની પાસે રાખો. હું આપનો દાસ થઈને રહીશ. હવે મારા પિતા, બધું આપ જ છો. ત્યારે શ્રીઆચાર્યજી પોતે કહે કે તું ચિંતા ન કર. તું અમારી સાથે જ રહેજે ત્યારે એ ક્ષત્રી શ્રીઆચાર્યજીની સાથે જ રહ્યો.

તે પછી શ્રીઆચાર્યજીએ પોતે તે ક્ષત્રીને નામ બ્રહ્મસંબંધ કરાવ્યું અને જલ લાવવાની સેવા આપી. કેટલાક દિવસમાં શ્રીઆચાર્યજી પોતે અડેલ પધાર્યા. ત્યારે તે ક્ષત્રી શ્રીનવનીતપ્રિયાજીનાં દર્શન કરીને પોતાના મનમાં બહુ પ્રસન્ન થયો. અને કહ્યું કે હું અનાથ હતો. તે શ્રીઆચાર્યજી પોતે મને કૃપા કરીને શરણે લઈને સાથે લાવ્યા. મને સાક્ષાત શ્રીયશોદાત્સંગલાલિત શ્રીનવનીતપ્રિયાજીનાં દર્શન થયાં. ત્યારે ક્ષત્રી કપૂર જળધરીયાનું મન શ્રીનવનીતપ્રિયાજીના સ્વરૂપમાં લાગી ગયું. ત્યારે આ ક્ષત્રીએ પોતાનાં મનમાં વિચાર્યું કે તે હવે મને શ્રીનવનીતપ્રિયાજીની સેવા કંઈ મળે તો હું સદા સેવા કરું, અને દર્શન કરું. શ્રીઆચાર્યજી આપ તો સાક્ષાત પુરુષોત્તમ છે, એટલે આ ક્ષત્રીના મનની વાત જાણી, એને પાસે બોલાવીને કહ્યું કે તારા મનમાં સેવાની ભાવના આવી એ તારા મોટા ભાગ્ય છે. તેથી હવે તું શ્રીનવનીતપ્રિયાજીનાં જલધરાની સેવા કર્યા કર. ત્યારે એ ક્ષત્રીએ પ્રસન્ન થઈને શ્રીઆચાર્યજીને દંડવત કરીને વિનંતી કરી કે, મહારાજ ! મારા મનમાં પણ એવું હતું. આપ તો પરમ કૃપાળુ છો. તેથી મારો સર્વ મનોરથ પૂરણ કર્યો. તે પછી અતિ પ્રીતિથી તે ક્ષત્રી વૈષ્ણવ ઉપર પ્રસન્ન થઈને ખારું મીઠું જલ ભરવા લાગ્યો. કેટલાક દિવસમાં શ્રીનવનીતપ્રિયાજી પોતે સાનુભાવ જણાવવા લાગ્યા, પરંતુ એ ક્ષત્રીને સેવામાં અવકાશ નહીં કે એ પરમાનંદજીનાં કીર્તન સાંભળવાને જાય.

પછી એક દિવસ એકાદશીનો દિવસ હતો. તે દિવસે પ્રયાગથી એક વૈષ્ણવ શ્રીઆચાર્યજીના દર્શને અડેલ આવ્યા. ત્યારે એ ક્ષત્રી જલધરીઆએ વૈષ્ણવને પરમાનંદદાસ સ્વામીના સમાચાર પૂછ્યા ત્યારે વૈષ્ણવે કહ્યું કે નિત્ય તો રાત્રે ચાર ઘડી તથા પ્રહરનો સમાજ થાય છે. અને આજ તો એકાદશી છે. એટલે આખી રાત પરમનંદદાસ સ્વામીને ત્યાં જાગરણ થશે. એ વચન સાંભળીને ક્ષત્રી પોતાના મનમાં બહુ પ્રસન્ન થયો. અને વિચાર કર્યો કે આજ પરમાનંદ સ્વામીનાં કીર્તન સાંભળવાની તક મળી છે. તેથી જયારે શ્રીઆચાર્યજી આપ રાત્રિએ પોઢશે ત્યારે હું પ્રયાગમાં જઈ પરમાનંદ સ્વામીનાં કીર્તન સાંભળીશ. તે પછી રાત પડી ત્યારે એ ક્ષત્રી કપૂર જલધરીયો પોતાની સેવાથી પહોંચીને શ્રીઆચાર્યજીનાં શ્રીમુખની કથા સાંભળીને રાત્રિ દોઢ પ્રહર ગઈ. તે સમયે અડેલથી પ્રયાગ ચાલ્યો. ત્યારે પોતાના મનમાં

વિચાર્યું કે આ સમયે નાવ મલશે નહીં. તેથી તરીને જાઉં. એ તરવામાં બહુ પ્રવીણ હતા. પછી ઘાટ ઉપર આવી નાનું પોતિયું પહેરીને ધોતી ઉપરણા માથે બાંધ્યા. ગરમીના દિવસ હતા. તેથી તરીને જ્યાં પરમાનંદ સ્વામી કીર્તન કરતા હતા ત્યાં આવ્યા. એમનો પરમાનંદ સ્વામી સાથે પહેલા ક્યારેય મિલાપ થયો ન હતો. તેથી દૂર બેઠા. ત્યાં શ્રીઆચાર્યજીના સેવક પ્રયાગના વૈષ્ણવ બેઠા હતા એ આપને જાણતા હતા. એમણે પોતાની પાસે આ ક્ષત્રીને બેસાડી દીધા. તે જ્યાં પરમાનંદ સ્વામી બેઠા હતા. તેમની પાસે જઈ બેઠા. ત્યારે બીજા ગુણીઓએ પદ ગાયા. પછી પરમાનંદસ્વામીએ ગાવાનો આરંભ કર્યો. પરમાનંદસ્વામી વિરહના પદ ગાતા.

ભાવપ્રકાશ : કેમ કે એમનું સ્વરૂપ ઉપર કહી આવ્યા છીએ કે એ પરમાનંદદાસ લીલામાં વીછુર્યા છે. હજુ શ્રીઆચાર્યજી અને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થયા નથી. જ્યારે શ્રીઆચાર્યજી શ્રીનાથજીનાં દર્શન કરાવશે ત્યારે પરમાનંદદાસને લીલાનું જ્ઞાન થશે. શ્રીઆચાર્યજીના માર્ગનો એ સિદ્ધાંત છે કે ભગવદીયનો સંગ હોય ત્યારે શ્રીઠાકુરજી કૃપા કરે, તેથી શ્રીઆચાર્યજીએ પરમાનંદ સ્વામી ઉપર કૃપા કરવાને માટે પોતાના કૃપાપાત્ર ભગવદીય ક્ષત્રી કપુર જલધારીયાને ત્યાં મોકલ્યા. એ ક્ષત્રી કપુર જલધારીયા કેવા હતા કે જેમને શ્રીઠાકુરજી એક ક્ષણ પણ છોડતા નહીં. સદા એમની સાથે જ રહેતા તેથી સુરદાસજીએ ગાયું છે કે, ‘ભક્તવિરહકાતર કરૂણામય ડોલત પીને લાગે.’ અને ઉપર જગન્નાથ જોષીની વાર્તામાં પણ અહીં કહી આવ્યા છે કે જ્યારે તે રજપૂતે તરવાર કાઢી ત્યારે શ્રીઠાકુરજીએ પોતે પાછળથી આવીને તરવાર સહિત હાથ ઉપર જ રોકી દીધો. હાથ ચાલવા ન દીધો. શ્રીભાગવતમાં બધી જગ્યાએ વર્ણન છે કે ભગવદીય વૈષ્ણવના સંગે શ્રીઠાકુરજી વિચારે છે. પરમાનંદને હજુ વિયોગ છે. તેથી વિરહના પદ નિત્ય ગાતા.

રાગ બિહાગરો : વ્રજ કે બિરહી લોગ વિચારે ॥ બિનુ ગોપાલ ઠગે સે ઠાડે, અતિ દુર્બલ તનુ હારે ॥૧॥ માત જશોદા પંથ નિહારતિ સાંજ સવારે ॥ જો કોઈ કાન્હ કાન્હ કહિ ટેરત, અખિયન બહત પનારે ॥૨॥ યહ મથુરા કાજરકી રેખા જો નિકસે સોં કારે ॥ ‘પરમાનંદ’ સ્વામી બિનુ એસે ચંદ બિનુ તારે ॥૨॥

રાગ બિહાગરો-ગોકુલ સબ ગોકુલ ઉપાસી । જો ગાહક સાધન કે “ઉંધો”વેસબ બસત ઈસ પુરિ કાસી ॥૧॥ જદપિ હરિ હમ તજિ અનાથ કરી, અગ છાંડત ક્યોં રતિ કી ગાંસી । અપની સીતલતી તઉં ન છાંડત, યદ્યપિ વિધુ ભયો રાહું ગ્રાસી ॥૨॥ કિહિં અપરાધ જોગ લિખિ પાયોસ પ્રેમ ભજન તેં કરત ઉદાસી । ‘પરમાનંદ’ એસી કો બિરહનિ, માગે મુક્તિ છાંડી ગુનરાસી ॥૩॥

રાગ કાન્હરો- કૌન રસિક હૈ ઈન બાતકો ॥ નંદનંદન બિનુ કા સોં કહીએ, સુનરી સખી મેરે દુઃખ યા તન કો ॥૧॥ કહા વહ જમુના પુલિન મનોહર, કહાં વહ ખટપદ જલ-જાતન કો ॥૨॥ કહાં વહ સેજ પોઢાવો બન કો, ફૂલ બિછોના મૃદુ પાતન કો । કહાં વહ દરસ પરસ‘પરમાનંદ’ કમલ નૈન કોમલ ગાતન કો ॥

રાગ સોરઠ-માઈ કો મિલિથે નંદકિશોરે । એક બાર કો નૈન દિખાવે, મેરે મનકે ચોરે ॥૧॥ જાગત જામ ગિનત નહીં ખૂટત. ક્યોં પાઉગી ભોરે સુનરી સખી અબ કેસે જીજે, સુનિ તમચર ખગ રોરે ॥૨॥

જો પે સત્ય પ્રીતિ અંતરગતિ, જીન કાહું કરત નિહોરે । 'પરમાનંદ' પ્રભુ આન મિલેંગે, સખી સીસ જિનિ ફોરે ॥૩॥

આવાં ઘણાં કીર્તનો પરમાનંદદાસે ગાયાં. તે પછી ચાર ઘડી રાત રહી ત્યારે કીર્તન બંધ રાખ્યા. ત્યારે જે કોઈ જાગરણમાં આવ્યા હતા તે બધા પોતપોતાને ઘરે ગયા. પછી આ જલધરીયો ક્ષત્રી કપુર, પરમાનંદ સ્વામી ભગવદ્દસ્મરણ કરીને ત્યાંથી ચાલ્યો. પરમાનંદ સ્વામીનાં કીર્તન સાંભળીને તેણે પોતાનાં મનમાં બહુ પ્રસન્ન થઈને કહ્યું કે જેવો પરમાનંદ સ્વામીનો ગુણ સાંભળ્યો હતો તેવા જ છે. આ પ્રકારે પરમાનંદ સ્વામીનાં વખાણ કરતો કરતો તે ક્ષત્રી કપૂર શ્રીયમુનાજીના તટ ઉપર આવીને તે જ પ્રકારે તરીને આવી ધોતી ઉપરણા પરદની સહિત ન્હાઈને અપરસમાં જ આવ્યો. તે જ સમયે શ્રીઆચાર્યજી આ પોઢીને ઊઠ્યા હતા. તેથી શ્રીઆચાર્યજીના દર્શન કરી દંડવત કરી પોતાની જલઘરાની સેવામાં તત્પર થયા.

ભાવપ્રકાશ : આ પ્રકારે એ ક્ષત્રી કપૂર પરમાનંદ સ્વામીના ઉપર કૃપા કરવાને માટે પરમાનંદસ્વામિની પાસે ગયા. નહીં તો એમને શ્રીઠાકુરજી પોતે સ્વાનુભાવ હતા. તેથી એવા ભગવદીય શા માટે કોઈના ઘરે જાય ? પરંતુ પરમાનંદ સ્વામીના ઉપર કૃપા થવાની છે, તેથી શ્રીનવનીતપ્રિયાજીએ ક્ષત્રીકપૂર જલધરીયાનું મન પ્રેરીને એની સાથે આપ જ ત્યાં પધાર્યા. એની જ ગોદમાં બેસીને પરમાનંદ સ્વામીનાં કીર્તન આપે સાંભળ્યા.

એ પ્રકારે એ ક્ષત્રી જલધરીયા પરમાનંદ સ્વામીનાં કીર્તન સાંભળી જ્યારે પ્રયાગથી અડેલ ચાલ્યા, ત્યારે પરમાનંદ સ્વામી પણ શ્રમિત હતા તેથી સૂઈ ગયા.

ભાવપ્રકાશ : ત્યાં સંદેહ એ થાય કે પરમાનંદ સ્વામી આખી રાત્રિ જાગરણ કરીને ચાર ઘડી પાછલી રાત્રિ રહી ત્યારે સૂતા. તે સૂવાથી જાગરણનું ફલ જતું રહે છે. પરમાનંદ સ્વામી તો સુજ્ઞાન છે. તેથી એ કેમ સૂઈ રહ્યા ? ત્યાં કહે છે કે પરમાનંદ સ્વામી લીલા સંબંધી પુષ્ટિજીવ છે, તેથી એક શ્રીઠાકુરજીને ચાહે છે. જાગરણના ફલને નથી ચાહતા. એ પરમાનંદ સ્વામી એકાદશીના જાગરણનું મિષ માત્ર લઈને ભગવતનામ અધિક લેવાય તેને માટે જાગરણ કરતા હતા. એમને વિધિ અનુસાર જાગરણ કરી તેનું ફલ મેળવવાનું કંઈ પ્રયોજન નથી. તેથી પરમાનંદદાસ ચાર ઘડી રાત્રિ પાછલી રહી ત્યારે સૂઈ રહ્યા. તે એથી કે જાગરણનું ફલ જશે, પરંતુ ભગવતનામ લીધું તે ગુણ તો કોઈ કાલમાં જશે નહીં. તેથી ભગવન્નામ લેવાને માટે એ ચાર ઘડી પાછલી રાત્રિ સૂતા. કેમ કે સૂવે નહીં તો દ્વાદશીના દિવસે શરીરમાં આળસ રહે, વળી દ્વાદશીની રાત્રિએ દોઢ પ્રહર રાત્રિ સુધી કીર્તન કરવાં છે. તેથી જાગરણનો આશ્રય છોડીને ભગવન્નામ આશ્રય કરીને સૂઈ રહ્યા.

પછી નિદ્રા આવતાં જ પરમાનંદ સ્વામીને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં જુએ તો શ્રીઆચાર્યજીના સેવક ક્ષત્રી કપૂર જાગરણમાં બેઠા છે. અને એમની ગોદીમાં શ્રીનવનીતપ્રિયાજી બિરાજેલા જોયા. અને શ્રીનવનીતપ્રિયાજીને સ્વપ્નમાં હસીને પરમાનંદ સ્વામીને આજ્ઞા કરી કે આજ મેં તારા કીર્તન સાંભળ્યાં છે. શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર સેવક કપૂર ક્ષત્રી જલધરીયા તારે ત્યાં રાત્રિએ જાગરણમાં આવ્યાં, તેથી એમની સાથે હું પણ આવ્યો. આટલા દિવસમાં આજ મેં તારા કીર્તન સાંભળ્યાં છે.

ભાવપ્રકાશ : આમાં સંદેહ થાય કે શ્રીઠાકુરજી તો સદા સાંભળે છે. બધી જગે વ્યાપક છે. તેથી કહ્યું કે આજ મેં સાંભળ્યાં તેનું કારણ શું ? ત્યાં કહે છે કે આટલા દિવસથી અંગીકારમાં ઢીલ કરી હતી. એટલે અંતર્યામી સાક્ષીરૂપથી સાંભળ્યાં હવે અંગીકાર કરવો છે અને કૃપા કરવી છે. એટલે જલદી કૃપા કરવાનું લક્ષણ બતાવ્યું. તેથી કહે છે કે આજ મેં તારાં કીર્તન સાંભળ્યાં છે. આજ મેં તારા ઉપર કૃપા કરી. તેથી હવે જલદી મને પામીશ, આ આશય જાણવો.

પછી પરમાનંદ સ્વામી જાગ્યા. નેત્રોમાં શ્રીનવનીતપ્રિયાજીનું સ્વરૂપ રમી રહ્યું. કોટી કંદર્પ લાવણ્ય જે સ્વપ્નમાં દર્શન થયાં. તેનાથી હૃદયમાં જ્ઞાન થયું. ત્યારે પરમાનંદ સ્વામીના મનમાં બહુ ચટપટી લઈ. અને આતિ થઈ કે હવે હું ક્યારે શ્રીનવનીતપ્રિયાજીનાં દર્શન કરું ? તે પછી પરમાનંદ સ્વામીએ પોતાના મનમાં વિચાર કર્યો કે મેં આટલા દિવસ જાગરણ કર્યું અને કીર્તન પણ ગાયા પરંતુ મને એવા દર્શન ક્યારેય ન થયા. જે આજે થયાં છે. તે શ્રીઆચાર્યજીનો સેવક જલધરીયા ક્ષત્રી કપૂર આવ્યો. તેથી તેની ગોદીમાં થયા, તેથી શ્રત્રી કપૂર વિના શ્રીનવનીતપ્રિયાજીનાં દર્શન નહીં થાય, ત્યારે એમની પાસે ચાલો. એમને મળીએ ત્યારે આપણું કાર્ય સિદ્ધ થાય. એ વિચાર મનમાં કરીને પરમાનંદ સ્વામી તત્કાળ ઊઠીને અડેલ ચાલ્યા.

એટલામાં પ્રાતઃકાલ થયો. ત્યારે પોતે શ્રીયમુનાજીના તીરે આવ્યા. ત્યાં પ્રથમ જ નાવ પાર ચાલી. તેમાં બસીને પરમાનંદ સ્વામી પાર આવ્યા. તે વખતે શ્રીઆચાર્યજી શ્રીયમુનાજીમાં સ્નાન કરીને પ્રાતઃકાલની સંધ્યા કરતા હતા. ત્યારે પરમાનંદ સ્વાંમીને શ્રીઆચાર્યજીએ દર્શન અતિ, અદ્‌ભુત, અલૌકિક, સાક્ષાત શ્રીકૃષ્ણના સ્વરૂપે થયા જેવું શ્રીગુસાંઈજીએ શ્રીવલ્લભાષ્ટકમાં વર્ણન કર્યું છે. કે, "વસ્તુનઃ કૃષ્ણ એવ" એવા દર્શન કરીને પરમાનંદ સ્વામીએ મનમાં વિચાર કર્યો કે શ્રીઆચાર્યજીના સેવક કપુર ક્ષત્રીની ગોદમાં બેસીને શ્રીનવનીતપ્રિયાજી મારા કીર્તન કેમ સાંભળે ? કે જેને માથે શ્રીઆચાર્યજી જેવા ધણી બિરાજે છે ! તેથી હું પણ આપનો સેવક તઈશ, પરંતુ મારું સામર્થ્ય નથી. કે હું એમના સેવક થવાની વિનંતી કરું. તેથી એ ક્ષત્રી ફરી મળે તો એમને બધી વાત કહીને સેવક થવાની વિનંતી કરું. આવો વિચાર પરમાનંદ સ્વામી પોતાના મનમાં કરતા હતા. એટલામાં શ્રીઆચાર્યજીએ પોતે શ્રીમુખથી પરમાનંદ સ્વામીને આજ્ઞા કરી, કે પરમાનંદદાસ ! કંઈ ભગવલ્લીલા ગાવ. ત્યારે પરમાનંદદાસજીએ શ્રીઆચાર્યજીને સાષ્ટાંગ દંડવત કરીને આ પદ ગાયું.

રાગ સારંગ : કૌન બેર ભાઈ ચલી રે ગોપાલેં। હો નનસાર ગઈ હીં ન્યોં તે, બારબાર બૃજતિ બ્રજબાલૌં ॥૧॥ તેને તનકો રૂપ કહાં ગયો. ભામિનિ, ઓર મુખકમલ સુકાઈ રહ્યો ॥ સબ સૌભાગ્ય ગચયો હરિ કે સંગ પ્તદો સુકોમલ બિરહ રહ્યો ॥૨॥ કો બોલે કો નેન હમારે, કો ઉત્તર દોરિ બિકલ મન। સો સરવસુ અકૂર ચુરાયો, 'પરમાનંદ સ્વામી' જીવન ધન ॥૩॥

રાગ સારંગ-જિયકી સાધી જિયહી રહી રી ॥ બહુરી ગોપાલ દેખન નહીં પાએ, બિલપતી કુંજ અહીરી ॥૧॥ ઈક દીક હોજું સખી યહ મારગ, બેનચ જાતિ દહીં રી પ્રીતિ કે લિએ દાન મિસ મોહન, મેરી બાંહ ગહી રી ॥૨॥ બિનુ દેખે છિન જાત કલ્પ ભર, બીરહા નલ જુદહીરી ॥ 'પરમાનંદસ્વામી' દરસન, નૈનનિ નદી બહીરી ॥૩॥

રાગ સારંગ : વહ બાત કમલ દલ નૈનકી ॥ બાર-બાર સુધી આવત સજની, વહ દુરિ દેની સૈન કી ॥૧॥ વહ લીલા રાસ સરદ કૌ, ગૌરજ રંજિત આવની ॥ અરુ વહ ઊંચી ટેર મનોહર, મિસ કરિ મોહિ બુલાવની ॥૧॥ વે બાતેં સાલતિ ઉર અંતર, કો પર પીર હિ પાવે। 'પરમાનંદ' કહ્યો ન પરે કછુ, હિયો સુ રુંધ્યો આવે ॥૩॥

રાગ સારંગ-સુધિ કરતી કમલદલ નૈનકી। ભરી ભરી લેતી નીર અતી આતુર, રતી વૃંદાવન ચેન કી ॥૧॥ દે-દે ગાઢે આલિંગન મીલતી, કુંજલતા દ્રુમ એન કી। વે બાતે કૈસે બિસરતી, બાંહ ઉસીને સેન કી ॥૨॥ બસિ નિકુંજ રસ રાસ ખિલાએ, વ્યથા ગવાઈ મેન કી 'પરમાનંદ પ્રભુ' સોં ક્યોં જીવહિ, જો મોહત મૃદુ બેનકી ॥૩॥

આ પ્રકારે પરમાનંદદાસે વિરહના પદ શ્રીઆચાર્યજીના આગળ ગાયા એ સાંભળીને શ્રીઆચાર્યજી શ્રીમુખથી કહે છે પરમાનંદદાસ। કંઈ બાળલીલાના પદ ગાવ, ત્યારે પરમાનંદદાસ હાથ જોડીને શ્રીઆચાર્યજી ને વિનંતી કરી કે મહારાજ ! હું બાળલીલામાં કંઈ સમજતો નથી, ત્યારે શ્રીઆચાર્યજીએ પોતે શ્રીમુખથી પરમાનંદદાસને આજ્ઞા કરી કે તમે શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવો, અમે તમને સમજાવી દઈશું, પછી પરમાનંદદાસે શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે, મહારાજ ! આપનો સેવક ક્ષત્રી કપુર ક્યાં છે ? ત્યારે શ્રીઆચાર્યજી પોતે કહે છે કે કંઈ સેવા ટહેલમાં હશે. ત્યારે પરમાનંદદાસ શ્રીયમુનાજીમાં સ્નાન કરવાને ચાલ્યા, શ્રીઆચાર્યજી તો સેવાનો સમય હતો તે જલદી ત્યાંથી જ મંદિરમાં પધાર્યા અને શ્રીનવનીતપ્રિયાજીને જગાવ્યા. એટલામાં જ તે ક્ષત્રી જલધરીયો શ્રીયમુના જલ ભરવાને ગાગર લઈને શ્રીયમુનાજીને તીરે આવ્યો. એને જોઈ પરમાનંદ સ્વામીએ પરમ આનંદથી બંને હાથ જોડીને ભગવદ્સ્મરણ કરીને કહ્યું, કે રાત્રિએ કૃપા કરીને જાગરણમાં પધાર્યા હતા. ત્યારે શ્રીનવનીતપ્રિયાજીએ તમારા ખોળામાં બેસીને મારા કીર્તન સાંભળ્યા. પછી હું સૂઈ રહ્યો. ત્યારે શ્રીનવનીતપ્રિયાજીએ દર્શન આપ્યા. અને કૃપા કરીને આજ્ઞા કરી કે આજ સુધી મેં તારા કીર્તન સાંભળ્યાં છે. તેથી તમે મારા ઉપર મોટી કૃપા કરી. હવે તમારા દર્શને આવ્યો છું. તેથી હવે જે પ્રકારે શ્રીઆચાર્યજી પોતે મને શરણે લે અને શ્રીઠાકુરજી કૃપા કરીને મને નિત્ય દર્શન દે તે પ્રકાર કૃપા કરીને બતાવો. વળી મને શ્રીઆચાર્યજીએ આપે કૃપા કરીને શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન આપ્યાં છે. આ બધો તમારા સત્સંગનો પ્રતાપ છે.

ત્યારે એ વાત સાંભળીને ક્ષત્રી કપૂરે એમને કહ્યું કે તમારી ઉપર શ્રીઆચાર્યજીની કૃપા થઈ છે, તેથી તમને એવા દર્શન થયાં છે. અને તમને શરણ લેવાની આજ્ઞા આપે કરી છે તેથી તમે જલદી ન્હાઈને અપરસમાં જ શ્રીઆચાર્યજીની પાસે ચાલો. તમને પ્રભુ કૃપા કરીને શરણે લેશે. ત્યારે તમારે બધો મનોરથ સિદ્ધ થશે. અને રાત્રિએ હું જાગરણમાં તમારી પાસે ગયો તે વાત તમે શ્રીઆચાર્યજી આગળ કરતા નહીં. કારણ કે આપ મારા ઉપર ખીજશે. કે તું સેવા છોડીને કેમ ગયો હતો ? એ વચન પરમાનંદ સ્વામીને કહીને તે ક્ષત્રી વૈષ્ણવે તે યમુના જલની ગાગર ભરી અને પરમાનંદદાસ સ્નાન કરીને અપરસમાં જ શ્રીઆચાર્યજીની પાસે એ જલધરીયા ક્ષત્રીની પાછળ આવ્યા. તે સમયે શ્રીઆચાર્યજી શ્રીનવનીતપ્રિયાજીનો શૃંગાર કરીને શ્રીગોપીવલ્લભ ભોગ ધરી બિરાજ્યા હતા. તે સમયે પરમાનંદદાસ ન્હાઈને આવ્યા, ત્યારે શ્રીઆચાર્યજી આપ પરમાનંદદાસને કહે કે પરમાનંદદાસ બેસો. પછી શ્રીઆચાર્યજી આપ અંદર પધારી ભોગ સરાવીને પરમાનંદદાસને બોલાવને શ્રીનવનીતપ્રિયાજીની સન્નિધાન કૃપા કરી નામ સંભળાવ્યું તે

પછી બ્રહ્મસંબંધ કરાવ્યું પછી શ્રીભાગવત દસમસ્કંધની અનુક્રમણિકા સંભળાવી.

ભાવપ્રકાશ : તેનો હેતુ એ છે કે પ્રથમ પરમાનંદદાસને શ્રીઆચાર્યજીએ કહ્યું કે કંઈ ભગવલ્લીલા વર્ણન કરો. ત્યારે પરમાનંદદાસે વિરહનાં પદ ગાયાં. પછી શ્રીઆચાર્યજી પોતે પરમાનંદદાસને કહે કે બાળલીલા ગાવ. તેનો હેતુ એ છે કે બાલલીલા શ્રીનંદરાયજીના ઘરની લીલા છે, તે સંયોગ રસ છે, એટલે એકવાર સંયોગ થાય ત્યાર પછી વિરહ ફલ રૂપ થાય. કેમ કે રાસ પંચાધ્યાયીમાં વ્રજભક્તોને બોલાવીને લીલા કરી. તે પછી અંતર્ધાનમાં વિરહ ફલ રૂપ થયો. તેથી ભગવાન કહે, 'યથાડધનો લબ્ધધને વિનષ્ટે' જેમ ધન પામીને જાય ત્યારે તે ધનનું ચિંત્વન બહુ થાય તેવી રીતે પહેલાં શ્રીઆચાર્યજી આપ કહે કે બાલલીલા ગાવ, કેમ કે જે અનુભવ કરીને વિરહનું જ્ઞાન ફળે. પરમાનંદદાસે વિનંતી કરી કે મહારાજ ! હું કંઈ સમજતો નથી. તેનો આશય એ છે કે એમને સંયોગ રસ હજુ નથી. મૂળ લીલામાં હતો. તે વિસ્મરણ થયો છે. પરંતુ લીલામાંથી વિછુર્યાં છે અને દૈવી જીવ છે. તેથી વિરહ જનમથી જ ગાયો. હવે નામ સમર્પણ કરાવીને અજ્ઞાન-પ્રતિબંધ દૂર કર્યો. તે પછી શ્રીભાગવત દસમસ્કંધની અનુક્રમણિકા સંભળાવી, ત્યારે સાક્ષાત શ્રીનવનીતપ્રિયાજીના સ્વરૂપનો અનુભવ થયો. અને દસમની બધી લીલા સ્ફુરી, પરમાનંદદાસને દશમની અનુક્રમણિકા સંભળાવી તેનું કારણ એ છે કે સર્વોત્તમ ગ્રંથ શ્રીગુસાંઈજીએ પ્રકટ કર્યો છે, તેમાં શ્રીઆચાર્યજીનું નામ કહ્યું છે કે 'શ્રીભાગવતપીયુષસમુદ્રમથનક્ષમઃ' ત્યાં શ્રીભાગવતને શ્રીગુસાંઈજીએ અમૃતનો સમુદ્ર કહીને વર્ણન કર્યું છે. તેથી શ્રીઆચાર્યજી આપે અનુક્રમણિકા દ્વારા શ્રીભાગવતરૂપી સમુદ્ર પરમાનંદદાસના હૃદયમાં સ્થાપન કર્યો તે જ પ્રકારે પ્રથમ સુરદાસના હૃદયમાં અનુક્રમણિકા દ્વારા શ્રીભાગવત રૂપી સમુદ્રને સ્થાપન કર્યો હતો. તેથી વૈષ્ણવ તો અનેક શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર હતા. પરંતુ સુરદાસ અને પરમાનંદદાસ એ બે પછી શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી કે બાલલીલા ગાવ. હવે સંયોગરસનો અનુભવ કરો.

ત્યારે પરમાનંદદાસજીએ શ્રીઆચાર્યજીની આગળ બાલલીલાનાં પદ ગાયાં—

રાગ આસાવરી : માઈરી । કમલ નૈન શ્યામસુંદર ઝુલત હૈ પલના ॥ બાલ લીલા ગાવતિ સબ ગોકુલ કી લલના ॥૧॥ લાલકે અરૂન તરુન ચરનકમલ, નખ-મનિ રાસિ જ્યોતિ ॥ કુંચિત કચ ભંવરાકૃતિ, લર કેટકે ગજ-મોતિ ॥૨॥ લાલ અંગૂઠા ગહિ કમલ પાનિ, મેલત મુખ માંહી ॥ અપનો પ્રતિબિંબ દેખિ, પુનિ પુનિ મુસિકાહી ॥૩॥ રાની જસુમતિ કે પુન્ય પુંજ, નિરખિ નિરખિ લાલ ॥ 'પરમાનંદસ્વામી' ગોપાલ, સુત સ્નેહ પાલૈં ॥૪॥

રાગ બિલાવલ : જશોદા ! તેરે ભાગ્યકી કહીં ન જાઈ ॥ જો મૂરતિ બ્રહ્માદિક દુર્લભ સો પ્રગટે હે આઈ ॥૧॥ શિવ નારદ સનકાદિક મહામુનિ, મિલિવે કરત ઉપાઈ ॥ તે નંદલાલ ધૂરિધૂસર વપુ, રહત કંઠ લપટાઈ ॥૨॥ રતન જડિત પોઢાય પાલન, વંદન દેખિ મુસિકાઈ ॥ જૂલો મેરે લાલ જાઉં બલિહારી, 'પરમાનંદ' બતિ જાઈ ॥૩॥

રાગ બિલાવલ : મનીમય આંગન નંદ કે, ખેલત દોઉ ભૈયા ॥ ગૌર શ્યામ જોરી બની, બલ કુંવર કન્હૈયા ॥૧॥ નૂપુરી કંકન કિંકની, રૂનઝન બાજે ॥ મોહી રહી બ્રજ સુંદરિ, મનસિજ સુનિ લાજે ॥૨॥ સંગ જસુમતિ રોહિણી, હિતકારિની મૈયા ॥ ચુટકી દે દે નચાવહી, સુત જાનિ નન્હૈયા ॥૩॥ નીલપીત

પટ ઓઢની, દેખત મોહિ ભાવે ॥ બાલ વિનોદ પ્રમોદ સોં, પરમાનંદ ગાવે ॥૪॥

રાગ કાન્હરો : પ્યારે હરી કો વિમલ જસ ગાવતિ ગોપાંગના ॥ મનિમય આંગન નંદરાય કે, બાલ ગોપાલ કરત હેં રિંગના ॥૧॥ ગિરિ ગિરિ ઉઠત ઘુટુરુવન ટેકત જાનુપાનિ મેરો છગન કો મગના ॥ ધુસરધુરિ ઉઠાય ગોદ લે, માત યસોદા કે પ્રેમ કો ભાગ્યના ॥૨॥ ત્રિપદ ભૂમિ નાપી તબ ન આલસ ભરો, અબ જો કઠિન ભયો દેહરી ઉલંઘના ॥ 'પરમાનંદ પ્રભુ' ભક્તવત્સલ હરિ, રુચિર હાર કંઠ સોહે વધના ॥૩॥

એવાં પદ પરમાનંદદાસે બાલલીલાનાં ઘણાં ગાયાં. એ સાંભળીને શ્રીઆચાર્યજી પોતે બહુ પ્રસન્ન થયા. તે પછી પરમાનંદદાસ અડેલમાં શ્રીઆચાર્યજીની પાસે રહ્યા, ત્યારે શ્રીઆચાર્યજી પરમાનંદદાસને કહે હવે કે હવે-સમયનાં પદ નિત્ય શ્રીનવનીતપ્રિયાજીને સંભળાવ્યા કરો. એ સેવા તમને આપી. ત્યારે પરમાનંદદાસ નિત્ય નવાં પદો કરીને સમય-સમયનાં શ્રીનવનીતપ્રિયાજીને સંભળાવતા, અને જ્યારે શ્રીનવનીતપ્રિયાજીને અનોસર થાય ત્યારે પરમાનંદદાસ શ્રીઆચાર્યજીની આગળ અનેક વ્રજલીલાનાં કીર્તન કરતા. વળી શ્રીઆચાર્યજી પોતે શ્રીસુબોધિનીની કથા કહેતા, એ સમયે જે પ્રસંગની કથા આચાર્યજીના શ્રીમુખથી સાંભળે, તેજ પ્રસંગનાં કીર્તન, કથા થયા પછી, પરમાનંદદાસ શ્રીઆચાર્યજીને સંભળાવતા.

વાર્તાપ્રસંગ ૮ : એક દિવસ પરમાનંદદાસે શ્રીઠાકુરજીનાં ચરણારવિંદનું મહાત્મ્ય કથામાં શ્રીઆચાર્યજી શ્રીમુખથી સાંભળ્યું તે સમયે પરમાનંદદાસે એ મહાત્મ્ય સહિત કીર્તન શ્રીઆચાર્યજીની આગળ ગાયું. તે પદ—

રાગ કાન્હરો : ચરનકમલ વંદો જગદીશ જે ગોધન કે સંગ ધાએ ॥ જે પદ કમલ ધુરિ લપટાને, કર ગહિ (ગોપિનકે) કે ઉર લાએ ॥૧॥ જે પદકમલ યુધિષ્ઠિર પૂજિત રાજસુયયજ્ઞમેં ચલિ આયે ॥ જે પદકમલ પિતામહ ભીષમ ભારતમેં દેખન પાયે ॥૨॥ જે પદકમલ સંભુ ચતુરાનન હૃદે કમલ કે અંતર રાખે ॥ જે પદકમલ રામ-ઉર ભૂષન, બેદ ભાગવત મુનિ સાખે ॥૩॥ જે પદ કમલ લોકત્રય પાવન બલિરાજા કે પીઠ ધારે ॥ તે પદ કમલ 'દાસ પરમાનંદ' ગાવત પ્રેમ પીયુષ ભારે ॥૪॥

તે પછી શ્રીઆચાર્યજીની આગળ પ્રાર્થનાનું પદ ગાયું, તે પદ—

રાગ કાન્હરો : યહ માગોં ગોપીજનવલ્લભ ॥ માનુસ જનમ ઔર હરિસેવા બ્રજ બસિવો દીજે મોહિ સુલભ ॥૧॥ શ્રીવલ્લભકુલ કૌ હોઉચેરો, વૈષ્ણવજનકો દાસ કહાઉં ॥ શ્રીયમુનાજલ નિતપ્રતિ ન્હાઉં, મન ધર્મ બચન કૃષ્ણ ગુન ગાઉં ॥૨॥ શ્રીમદ્ભાગવત શ્રવન સુનોં નિત્ય, ઈન તજિ ચિત્ત કહું અનતન લાઉં ॥ 'પરમાનંદદાસ' યહ માંગત, નિત નિરખોં, કબહૂ ન અઘાઉં ॥૩॥

એ પદ પરમાનંદદાસે ગાયું, તે સાંભળીને શ્રીઆચાર્યજી મહાપ્રભુએ પોતે જાણ્યું કે આ પદમાં વ્રજના દર્શનની પ્રાર્થના કરી છે. તેથી પરમાનંદદાસને વ્રજના દર્શન અવશ્ય કરાવવાં. ત્યારે શ્રીઆચાર્યજીએ પોતે વ્રજમાં પધારવાની તૈયારી કરી. ત્યારે દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન, પરમાનંદદાસ અને યાદવેંદ્રદાસ આદી બધા વૈષ્ણવનો સંગ લઈ શ્રીઆચાર્યજી પોતે અડેલથી વ્રજ તરફ

ધાર્યા. વ્રજમાં આવતાં માર્ગમાં પરમાનંદદાસનું ગામ કનોજ આવ્યું. ત્યારે પરમાનંદદાસે શ્રીઆચાર્યજીને વિનંતી કરી પોતાના ભાગ્ય માનીને પરમ પ્રીતિથી પોતાના ઘરે પધરાવીને બધી સામગ્રી બજારથી લાવ્યા. અને જે વૈષ્ણવો સાથે હતા તેમને બહુ જ વિનંતી દીનતા કરીને બધાને સીધું સામગ્રી દઈ રસોઈ કરાવી પછી શ્રીઆચાર્યજીએ પોતે સખડી અનસખડી પાક સામગ્રી, કરીને શ્રીઠાકુરજીને ભોગ ધરીસરાવી પોતે ભોજન કર્યું. તે પછી પરમાનંદદાસ આદી બધા વૈષ્ણવોને મહાપ્રસાદ આપીને પોતે ગાદીતકિયા ઉપર બિરાજ્યા. પરમાનંદદાસ મહાપ્રસાંદ લઈ શ્રીઆચાર્યજીની પાસે આવીને દંડવત કરીને બેઠા. ત્યારે પોતે આજ્ઞા કરી, કે પરમાનંદદાસ ! કંઈ ભાગવદયશ ગાવ, ત્યારે પરમાનંદદાસે પોતાના મનમાં વિચાર્યું કે આ સમયે શ્રીઆચાર્યજીનું મન તો વ્રજલીલામાં શ્રીગોવર્ધનનાથજીની પાસે છે, તેથી વિરહનાં પદ ગાઉં. જેમાં એક ક્ષણ કલ્પ સમાન જાય તે પદ—

રાગ સોરઠ : હરિ તેરી લીલાકી સુધિ આવે ॥ કમલનૈન મનમોહન મૂરતિ, મન વિચિત્ર બનાવે ॥ એક વાર જાહિ મિલત મયા કરિ, સો કસે બિસરાવો ॥ મુખ મુસક્યાન બંક અવલોકન, ચાલ મનોહર ભાવે ॥૨॥ કબહુ નિબિડ મિમિર આલિંગત કબહુક પીકસુર ગાવે ॥ કબહુક સંભ્રમ કવાસિ કવાસિ કહી, સંગહિ ઉઠિ ઉઠ ધાવે ॥૩॥ કબહુ નૈન મૂંદિ અંતર ગતિ, મણિમાલા પહરાગે ॥ 'પરમાનંદ પ્રભુ' શ્યામ ધ્યાન કરિ એસે વિરહ ગંવાવે ॥૪॥

આ પદ પરમાનંદદાસજીએ ગાયું એમાં એમ કહ્યું કે 'હરિ તેરી લીલાકી સુધિ આવે.' તે જ સમયે શ્રીઆચાર્યજી આપ લીલામાં મગન થઈ ગયા.

ભાવપ્રકાશ : શ્રીગુસાંઈજીએ શ્રીઆચાર્યજીનું સ્વરૂપ શ્રીવલ્લભાકષ્ટકમાં વર્ણન કર્યું છે કે શ્રીમદ્‌વૃન્દાવનદુ પ્રકટિત રસિકાન્દસન્દોહરૂપ સ્ફૂર્જદ્રાસાદિલીલામૃત । એવા રસથી ભર્યા છે. વળી પુરુષોત્તમજીમાં શ્રીગુસાંઈજી શ્રીઆચાર્યજીનું નામ 'રાસલીલૈકતાત્પર્ય : કહ્યું છે, ત્યાં શ્રીઆચાર્યજીનું કાર્ય કહીએ છીએ. જે જે ગ્રંથ કર્યા તેમાં રાસલીલા જ તાત્પર્ય છે. બીજી કોઈ વાતમાં આપનું તાત્પર્ય નથી તેથી રાસલીલામાં મગ્ન થઈ ગયા.

તેથી ઉપરનું દેહાનુસંધાન પણ ન રહ્યું. ત્રણ દિવસ શ્રીઆચાર્યજીને મૂર્છા રહી તેથી નેત્ર મૂદીને ગાદીતકિયા ઉપર બિરાજ્યા હતા, અને દામોદરદાસ હરસાની આદિ વૈષ્ણવ જે મહાપ્રભુજીના સ્વરૂપને જાણતા હતા તે પાસે હતા. તેથી કોઈપણ વૈષ્ણવ બોલ્યા નહીં. બેઠા બેઠા ચુપ થઈને શ્રીઆચાર્યજીના દર્શન કરે.

ભાવપ્રકાશ : કેમ કે શ્રીઆચાર્યજી આપ પૂરણ પુરુષોત્તમ છે, તેથી આપને શરીરધર્મ બાધક નથી. મનુષ્ય દેહ ધારણ કર્યો તેથી મનુષ્યની ક્રિયા જગતમાં દેખાડે છે, પરંતુ એમને દેહનો ધર્મ બાધક નથી. એમ સમજી બધા સેવકો ત્રણ દિવસ સુધી બેસી રહ્યા.

પછી ચોથા દિવસે સાવધાન થઈને શ્રીઆચાર્યજીને નેત્ર ખોલ્યાં. ત્યારે બધા વૈષ્ણવો પ્રસન્ન થયા.

ભાવપ્રકાશ : ત્યાં પૂર્વપક્ષ થાય કે રાગલીલામાં મગન ત્રણ દિવસ કેમ રહ્યા ? ત્યાં કહે છે કે રાસલીલામાં ત્રણ જ જગા મુખ્ય છે. શ્રીગિરિરાજજી, શ્રીવૃંદાવન અને શ્રીયમુનાજી. શ્રીગિરિરાજજી

સ્વરૂપે બધી લીલાની સામગ્રી સિદ્ધ કરે છે. શ્રીવૃંદાવનની લીલા રસાત્મક કુંજ વિહારમાં અને શ્રીયમુનાજી બધા રાસનું મૂલ. એ પ્રકારે જલ સ્થલની લીલા છે. એક દિવસ શ્રીગિરિરાજજી સંબંધી લીલાનો અનુભવ કર્યો, કંદરામાં નિવાસ કીયો પ્યારી' આદી. બીજા દિવસે વૃંદાવન લીલા અને ત્રીજા દિવસે શ્રીયમુનાજીના પુલિનમાં રાસ, જલવિહારાદી. આ પ્રકારે ત્રણ દિવસ સુધી રસનો અનુભવ કર્યો. તે પછી ભૂમિ પર ભક્તિમાર્ગ પ્રકટ કરવાને, અનેક જીવોને શરણે લઈને લીલા રસનો અનુભવ કરાવવો છે તેથી ચોથા દિવસે શ્રીઆચાર્યજી આપ નેત્ર ખોલીને સાવધાન થયા.

ત્યારે પરમાનંદદાસ પોતાના મનમાં ડર્યો કે આવાં પદ કરી ક્યારેય નહીં ગાઉં, તે પછી પરમાનંદદાસે સીધાં સાદાં પદ ગાયાં.

ભાવપ્રકાશ : તે પરમાનંદદાસ એથી ડર્યા કે શ્રીઆચાર્યજી પોતે રસનો અનુભવ કરીને કદાચિત લીલારસમાં મગન થઈ જાય અને ભૂમિ ઉપર પધારવાનું મન ન કરે, તો આ દૈવી જીવોનો ઉદ્ધાર કેવી રીતે થશે ? તેથી પરમાનંદદાસે પોતાના મનમાં વિચાર કર્યો કે હવે હું ફરી વિરહનું પદ શ્રીઆચાર્યજી આગળ નહીં ગાઉં. કેમકે શ્રીઆચાર્યજી પોતે વિહારાત્મક સ્વરૂપ છે. સર્વોત્તમજીમાં શ્રીગુસાંઈજી પોતે શ્રીઆચાર્યજી પોતે શ્રીઆચાર્યજીનું નામ કહે છે કે 'વિરહાનુભવૈકાર્ય સર્વત્યાગોપદેટીકઃ' વિરહરસના અનુભવ અર્થે લૌકિકમાં બધું ત્યાગ કરવું તેવો ઉપદેશ કરે છે. એમાં વિરહનું સ્વરૂપ જણાવ્યું. વિરહ દશામાં લૌકિક વૈદિકની કંઈ સુધ ન રહે, ત્યારે વિરહ થયો જાણીએ.

રાગ રામકલી : માઈરી ! હો આનંદ મંગલ ગાઉં ॥ ગોકુલકે ચિંતામણી માધૌ જો માંગો સો પાઉં ॥૧॥ જબ તેં કમલ નૈન વ્રજ આયે સકલ સંપદા બાઢી ॥ નંદરાય કે દ્વારે દેખો, અષ્ટ મહાસિદ્ધિ કાઢી ॥૨॥ ફુલેફુલે સદા વૃંદાવન, કામધેનુ દુહી લીજે ॥ માગ્યો મેહ ઈન્દ્ર બરસાવે, કૃષ્ણ કૃપા કૃપા તેં જીજે ॥૩॥ કહત જસોદા સખિયન આગેં, હરિ ઉત્કર્ષ જનાવે ॥ 'પરમાનંદદાસ કો ઠાકુર, મુરલી મનોહર ભાવે ॥૪॥

તે પછી શ્રીઆચાર્યજી પોતે ભોજન કરીને પોઢ્યા, ત્યારે બધા વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધો. તે પછી પરમાનંદદાસે મહાપ્રસાદ લઈને શ્રીઆચાર્યજી આગળ આ પદ ગાયું :

રાગ ગોરી : બિમલ જસ વૃન્દાવન કે ચંદકો કહા—પ્રકાશ સોમ સુરજ કો જો મેરે ગોવિંદકો ॥૧॥ કહતી જસોદા ઔરન આગે વૈભવ આનંદ-કંદકો ॥ ખેલન ફિરત ગોપ-બાલક સંગ ઠાકુર 'પરમાનંદ'કો ॥૨॥

તે પછી પરમાનંદદાસે આ પદ ગાયું, તે પદ :

રાગ સારંગ : ચલી સખી નંદગામ જાઈ બસીએ ॥ બિરક ખેલત બ્રજચંદ જુ સોં હસીએ ॥૧॥ બસી બઠેન સબૈ સુખ માઈ, એક કઠીન દુઃખ દૂર કન્હાઈ ॥૨॥ માખન ચોરત દૂરી દૂરી દેખોં, સજની જનમ સુફલ કર લેખોં ॥૩॥ જલચર છીનુ છીનુ પ્યાસા કઠીન પ્રીતિ પરમાનંદદાસ ॥૪॥

તે પદ સાંભળીને શ્રીઆચાર્યજી પોતે કહે કે હવે વ્રજમાં ચાલીએ. પછી પરમાનંદદાસે જે સેવક કર્યા હતા તે બધાને શ્રીઆચાર્યજી પાસે લાવીને વિનંતી કરી કે મહારાજ ! આ જીવોનો અંગીકાર કરો

ારે શ્રીઆચાર્યજી પોતે પરમાનંદદાસને કહે કે આમને તમે નામ સંભળાવી સેવક કર્યા છે, તેથી હવે મારી પાસે એમને સેવક કેમ કરાવો છો ? ત્યારે પરમાનંદદાસ કહે કે મહારાજ ! આ તો પહેલી ામાં સ્વામીપણું હતું તેથી સેવક કર્યા હતા. અને હવે તો હું આપનો દાસ છું. 'સ્વામીપદ' તો જે ામી છે તેમને જ શોભે, દાસ થઈ સ્વામીપદ ચાહે તે મૂરખ છે, તેથી મેં અજ્ઞાનદશામાં સેવક કર્યા છે. વે આપ આમને શરણે લઈ ઉદ્ધાર કરો. ત્યારે બધાને શ્રીઆચાર્યજીએ નામ સંભળાવી સેવક કર્યા, તે છી બધા વૈષ્ણવોને સંગે લઈ કનોજથી વ્રજમાં પધાર્યા કેટલાક દિવસે શ્રીગોકુલ પધાર્યા. ત્યાં ગોવિંદ ઘાટ પર સ્નાન કરી શમી વૃક્ષની નીચે શ્રીઆચાર્યજી પોતે પોતાની બેઠકમાં આવી બિરાજ્યા. એક બેઠક ોદ્વારકાનાથજીના મંદિરની પાસે અંદર છે ત્યાં રાત્રિએ શ્રીઆચાર્યજીને વિશ્રામ કરવાની જગા છે. જ્યારે ાપ શ્રીગોકુલ પધારતા ત્યારે ત્યાં ઊતરતા શ્રીઆચાર્યજી પોતે શ્રીનવનીતપ્રિયાજીને પાલને ઝુલાવી ધિકાદવથી શ્રીજન્માષ્ટમીનો ઉત્સવ કર્યો છે. તે ઉપર ગજ્જન ધાવનની વાર્તામાં કહી આવ્યા છીએ. ત્યાં ીઆચાર્યજી પોતે સ્નાન કરી છોકરની નીચે પોતાની બેઠકમાં બિરાજ્યા હતા અને બધા વૈષ્ણવો રમાનંદદાસ સહિત સ્નાન કરી પ્રભુની પાસે બેઠા હતા. પછી શ્રીઆચાર્યજીએ શ્રીયમુનાષ્ટકનો પાઠ રમાનંદદાસને શિખવ્યો, ત્યારે પરમાનંદદાસના હૃદયમાં શ્રીયમુનાજીનું સ્વરૂપ સ્ફુર્યું એટલે ીયમુનાજીનો યશ તેમણે વર્ણન કર્યો તે પદ—

રાગ રામકલી : શ્રીયમુનાજી ! યહ પ્રસાદ હો પાઉં ॥ તિહારે નિકટ રહોં નિસબા સર રામકૃષ્ણ ુન ગાઉં ॥૧॥ મજ્જન કરોં બિમલ જલ પાવન ચિંતા કલહ બહાઉં ॥ તિહારી કૃપા તેં ભાનુકી તનયા હરિ પદ પ્રીત બઢાઉં ॥૨॥ વિનતી કરોં યહી વર માંગો અધમસંગ બિસરાઉં ॥ 'પરમાનંદ' ચારિ ફલ દાતા મદનગોપાલ લડાઉં ॥૩॥

રાગ રામકલી : શ્રીયમુનાજી દીન જાનિ મોહિ દીજે ॥ નંદકો લાલ સદવર માંગો ગોપિનકી દાસી મોહી કીજે ॥૧॥ તુમ હો પર ઉદાર કૃપાનિધિ ચરન શરન સુખકારી । તિહારે બસ લાડિલી વર્તત, નિર્તત ગિરિવરધારી ॥૨॥ વ્રજનારી સબ ખેલતિ હરિ સંગ, અદભુત રાસ બિલાસી ॥ તિહારે પુલિન મધિ કુંજ દ્રમ કમલ પહૂપ સુખરાગી ॥૩॥ શ્રમજલ ભરિ ન્હાત બ્રજસુંદિર, જલક્રીડા સુખકારી ॥ મનહું તારા મધ્ય ચંદ બિરાજત ભરિ ભરિ છિરકત નારી ॥૪॥ રાની જુ કે પાંઈ પરોં નિત્ય ગૃહકારજ સબ કીજૈ ॥ 'પરમાનંદદાસ' દાસી વ્હે, ચરન કમલ સુખ દીજે ॥૫॥

રાગ રામકલી : કાલિંદી-કલ્મષ હરની । રવિતનયા યમ અનુજા સ્યામા હહાસુંદરી ગોવિંદ ઘરની ॥ જય શ્રીકૃષ્ણવલ્લભા પતિતનકો પાવન ભવ તરની । સરનાગત કોં દેતિ અભય પદ, જનની તજત સે સુત કી કરની ॥૨॥ સીતલ મંદ સુગંધ સુધાનિધિ, ધારા ધરિ વપુ ઉતરી ધરની । પરમાનંદ પ્રભુ પદમ પાવની, જસ જુગ સાંખિ નિગમ નિત બરની ॥૩॥

એવાં પદ પરમાનંદદાસે શ્રીઆચાર્યજીના આગળ શ્રીયમુનાજીના તટ ઉપર ગાયાં. ત્યારે શ્રીઆચાર્યજીએ પોતે પ્રસન્ન થઈને પરમાનંદદાસને બાલલીલાનાં દર્શન કરાવ્યાં ત્યારે બાલલીલા વિશિષ્ટ પરમાનંદદાસને એવા દર્શન થયાં કે વ્રજભક્ત શ્રીયમુનાજલ ભરે છે ત્યારે પરમાનંદદાસે લીલાનાં એવા જ પદ શ્રીઆચાર્યની આગળ ગાયાં.

રાગ બિલાવલ : શ્રીયમુનાજલ ઘટ ભરિ લે ચલી ચંદ્રાવલિ નારિ । મારગમેં ખેલત મિલે, શ્રીઘનશ્યામ મુરારિ ॥૧॥ નેનન સોં નેના મિલે, મન રહ્યો હેલુભાઈ મોહન મૂરતિ મન બસી, પગ ધર્યો ન જાઈ ॥૨॥ મનકી પ્રીતિ પ્રગટ ભઈ, યહ પહેલી ભેટ પરમાનંદ ઐસે મિલી જૈસે ગુડમેં ચેંટ ॥૩॥

રાગ સારંગ : લાલ નેક ટેકો મેરી બહિયાં । ઓઘટ ઘાટ ચઢ્યો નહીં જાઈ રટપત હોં કાલિન્દી મહિયાં ॥૧॥ સુંદરશ્યામ કમલ દવ લોચન દેખિ સ્વરૂપ ગ્વાલિની અરૂજાની ઉપજી પ્રીતિ કામ અંતરગતિ તબ નગર નાગરી પહચાની ॥૨॥ હંસિ વ્રજનાથ ગહ્યો કર પલ્લવ જૈસે ગગરી ગિરન ન પાવે । પરમાનંદ ગ્વાલિ સુયાની, કમલ નેન સયાની કર પરસ્સોઈ ભાવે ॥૩॥

તે પછી પરમાનંદદાસે શ્રીગોકુલની લીલાનાં પદ ઘણાં કર્યા, જેમાં શ્રીગોકુલનું સ્વરૂપ જાણી શકાય છે તે પદ—

રાગ કાન્હરો : ગાવતિ ગોપી મધુ મૃદુબાની । જાકે ભવન બસત ત્રિભુવનપાત, રાજા નંદ જશોદા રાની ॥૧॥ ગાવત વેદ ભારતી ગાવતિ નારદાદિ મુનિ જ્ઞાનિ ॥૨॥ ગાવત ચતુરાનન જગ નાયક, ગાવમસેસ સહસ્ત્ર મુખ રાસ મન કર્મ બચન પ્રીતિ પદ અંબુજ, અબ ગાવત પરમાનંદદાસ ॥૩॥

રાગ કાન્હરો : રાની જસુમતિ ગૃહ આવતિ ગોપીજન । વાસર તાપ નિવારનકારન વારંવાર કમલમુખ નિરખન ॥૧॥ ચાંહત પકરિ દેહરિ ઉલ્લંઘન કિલકિ કિલકિ હુલસત મનહી મન । રાઈ લોન ઉત્તારી દુહંકર, વારિ ફેરિ ડારતિ તન મન ધન ॥૨॥ લેતિ ઉઠાય ચાંપતિ હિયો ભરિ પ્રેમ વિવિસ લાગે દૃઢ ઢરકન । લે ચલી પલના પોઢાવનકોં અરકસાય પોઢે સુંદરઘન ॥૩॥ દેતિ અસીસ સકલ ગોપીજન, ચિરંજીયો લાલ જો લોંગંગ જમન । 'પરમાનંદદાસ'કો ઠાકુર ભક્તવચ્છલ, ભક્ત મનરંજન ॥૪॥

રાગ હમીર : ગિરિધર સબ હી અંગકો બાંકે ॥ બાંકી ચાલ ચલત ગોકુલમ, છેલ છબીલો કહાં કૌ ॥૧॥ બાંકી મોહ ચરન ગતી બાંકી, બાંકો હૃદયો તાકો । પરમાનંદદાસ કો ઠાકુર, કીયો ખોર વ્રજ સાકો ॥૨॥

એ પ્રકારે પરમાનંદદાસે બહુ કીર્તન ગાયાં. પછી શ્રીગોકુલનાં દર્શન કરીને પરમાનંદદાસે શ્રીગોકુલ ઉપર ઘણી આસક્તિ થઈ, ત્યારે શ્રીઆચાર્યજીની આગળ એવાં પ્રાર્થનાનાં પદ ગાયાં કે મને શ્રીગોકુલનાં આપના ચરણાવિંદની પાસે રાખો, જેથી નિત્ય શ્રીઠાકુરજીના દર્શન કરું અને બધી લીલાનો અનુભવ થાય. તે પદ.

રાગ સારંગ : યહ માગોં જસોદાનંદન । ચરનકમલ મેરો મન મધુકર, યહ છબિ નેનન પાઉં દરસન ॥૧॥ ચરનકમલકી સેવા દીજે, દોઉ । રાજત બિજલતા ધન ॥ નંદનંદન હૃષભાનનંદિ મેરે સર્વસુ પ્રાનજીવન ધનં ॥૨॥ બ્રજ બસીવો જમુનાજલ અચીવો શ્રીવલ્લભકો દાસ યહે પુન । મહાપ્રસાદ પાઉં હરીગુન ગાઉં પરમાનંદદાસ દાસી જન ॥૩॥

રાગ કાન્હરો : યહ માંગો સંકર્ષન બીર ॥ ચરનકમલ અનુરાગ નિરંતર, ભાવત હે ભક્તનકી ભીર ॥૧॥ સંઘ દેહો તો હરિભક્તનકો, બાસ વૃંદાવન જમુનાતીર ॥ શ્રવણ દેહુ તો કૃષ્ણકથારસ, ધ્યાન દેઉ તો શ્યામ શરીર ॥ મનકામના સકલ પરિપૂરન સજ્જન બિમલ કાલિંદી નીર ॥ **પરમાનંદદાસકો**

ઠાકુર, ગોકુલ નાયક સબ વિધ ધીર ॥૩॥

એવાં કીર્તન પરમાનંદદાસે પ્રાર્થનાનાં ગાયાં. એ સાંભળીને શ્રીઆચાર્યજી પોતે પરમાનંદદાસના ઉપર બહુ જ પ્રસન્ન થયા.

વાર્તાપ્રસંગ ૩ : પછી શ્રીઆચાર્યજી પોતે પરમાનંદદાસ સહિત બધા વૈષ્ણવ સમાજને લઈને શ્રીગોકુલથી ગોવર્ધન પધાર્યા. ઉત્થાપનના સમયે શ્રીઆચાર્યજી આપ ગિરિરાજ પધાર્યા. ત્યાં સ્નાન કરી શ્રીઆચાર્યજી ગિરિરાજજી ઉપર શ્રીગોવર્ધનનાથજીના મંદિરે પધાર્યા. ત્યારે પરમાનંદદાસે ન્હાઈને શ્રીગિરિરાજજીને સાષ્ટાંગ દંડવત કરીને પર્વના ઉપર મંદિરમાં આવી ઉત્થાપનનાં દર્શન કર્યા. શ્રીગોવર્ધનનાથજીને સંભળાવો ત્યારે પરમાનંદદાસે પોતાના મનમાં વિચાર કર્યો કે હું શું ગાઉં ? કેમ જે રસના તો એક છે અને શ્રીગોવર્ધનનાથજીનું સ્વરૂપ અપાર છે. વળી એમની લીલા પણ અપાર છે. જે વસ્તુનું સ્મરણ કરું તેમાં જ બુદ્ધિલીન થઈ જાય છે. પરંતુ શ્રીઆચાર્યજીની આજ્ઞા છે તેથી કંઈ ગાવું તો ખરું. એવું ગાઉં કે જેમાં પ્રથમ તો અવતાર-લીલા, પછી કુંજલીલા. પછી ચરણારવિંદની વંદના, પછી સ્વરૂપનું વર્ણન તે પછી માહાત્મ્ય સહિત શ્રીઠાકુરજીની લીલા હોય પછી એવું પદ ગાયું, તે પદ—

રાગ બિલાવલ : મોહન નંદરાયકુમાર ॥ પ્રકટ બ્રહ્મ નિકુંજ નાયક, ભક્ત હિત અવતાર ॥૧॥ પ્રથમ ચરન-સરોજ વંદો સ્યાંમઘન ગોપાલ । મકર કુંડલ ગંડમંડિત ચારૂ નૈન બિસાલ ॥૨॥ બલરામ સહિત વિનોદ લીલા, સેસ સંકર હેત ! દાસ 'પરમાનંદ' પ્રભુ હરિ નિગમ બોલત નેતિ ॥૩॥

એ પ્રાર્થનાનું પદ ગાઈને પછી આસક્તિનાં પદ ગાયાં.

રાગ આસાવરી : માઈ મેરો માધો સોં મન માન્યો । આપનો મૃન ઓર વા ઢોટા કો એકમેક કરિ સાન્યો ॥૧॥ લોક વેદ કી કાનિ તજી મેં, ન્યોતિ આપુને આન્યો ॥ એક ગોવિંદચંદ કે કારન બેર સબન સોં ઠાન્યો ॥૨॥ અબ ક્યોં ભિન્ન હોહિ મેરી સજની દૂધ મિલ્યો અરૂ પાન્યો ॥ પરમાનંદ મિલે હે ગિરિધર હે પહેલો પહચાન્યો ॥૩॥

રાગ ગૌરી : મેં અપુનો મન હરિ સોં જોર્યો, હરિ સોં જોરિ સબન સોં તોર્યો ॥૧॥ આગે પાછે કો સોચ મિટ્યો અબ વાટ માંઝ મટુકા લે ફોર્યો ॥ કહેનો હોઈ સો કહો સખીરી કહાં ભયો કાહુને મુખ મોર્યો ॥૨॥ નવલ લાલ ગિરિધરન પ્રિયા સંગ પ્રેમરંગ મેં યર તન બોર્યો ॥ પરમાનંદ પ્રભુ લોગ હંસન દે, વિધિ-નિષેધ કો નાંતો તોર્યો ॥૩॥

રાગ કાન્હરો : તિહારી બાત મોહિ ભાવતિ લાલ ॥ બાર-બાર જસોમતિ કે ભવનમેં યહ સુનનકોં આવતિ જાતિ ॥૧॥ પાર પરોસી અનખ કરત હે ઓર કછુક લગાવતિ લાલ ॥ તાકી સાખિ વિધાતા જાને, જીહિ લાલચ ઉઠિ ધાવતિ લાલ ॥૨॥ દધિકો મથન અરૂ ગૃહ કો કારજ, તિહારો પ્રેમ બીસરાવતી લાલ ॥ 'પરમાનંદ' પ્રભુ કુંવર ભમિતો, તુમ દેખે સચુપાવત લાલ ॥૩॥

તે પછી શ્રીઆચાર્યજીએ શ્રીગોવર્ધનનાથજીની શેન આરતી કરી, તે સમયે પરમાનંદદાસે આ પદ ગાયું. એ પદ—

રાગ કેદારો : પૌઢે રંગમહલ ગોવિંદ ॥ રાધિકા સંગ સરદરજની, ઉદિત પૂનમચંદ ॥૧॥ વિવિધ

બિચિત્ર, ચિત્રચિત્રિત કોટિક બંદ ॥ નીરખી નીરખી બીલાસ બિલસત, દંપતી રસકૂંદ ॥૨॥ મલયચંદન અંગ લેપન, પરસ્પર આનંદ ॥ કુસુમ બીંજના બાર ઢોરે સજની પરમાનંદ ॥૩॥

એવાં પદ પરમાનંદદાસજીએ ઘણાં ગાયાં, એ સાંભળીને શ્રીઆચાર્યજી આપ બહુ પ્રસન્ન થયા. તે પછી શ્રીઆચાર્યજી શ્રીગોવર્ધનનાથને પોઢાવીને અનોસર કરીને પ્રસાદ લઈને નીચે પધાર્યા, ત્યારે શ્રીઆચાર્યજીએ રામદાસ ભીંતરિયાને કહ્યું કે પરમાનંદદાસને પ્રસાદી દૂધ મોકલી દેજો, એટલે રામદાસે દૂધ મોકલ્યું. ત્યારે પરમાનંદદાસ પ્રસાદી દૂધ લેવા લાગ્યા. તે ગરમ લાગ્યું. ત્યારે ઠંડું કરીને લીધું. પરમાનંદદાસ શ્રીઆચાર્યજી પાસે આવી દંડવત કરીને બેઠા ત્યારે શ્રીઆચાર્યજી પોતે પરમાનંદદાસ પૂછે કે પરમાનંદદાસ મહાપ્રસાદી દૂધ લીધું ? તે કેવું હતું ? ત્યારે પરમાનંદદાસે શ્રીઆચાર્યજીને કહ્યું, કે મહારાજ દૂધ તો ગરમ હતું. ત્યારે શ્રીઆચાર્યજીએ બધા ભીતરિયાઓને બોલાવી પૂછ્યું, કે દૂધ ગરમ કેમ ભોગ ધરો છો ? સુંદર સુહાતુ થાય ત્યારે ભોગ ધરવું. એટલે બધા ભીતરિયાઓએ કહ્યું, કે મહારાજ ! હવેથી સુહાતું ઠંડું કરીને ભોગ ધરીશું.

ભાવપ્રકાશ : પરમાનંદદાસને શ્રીઆચાર્યજીએ પોતે પ્રસાદી દૂધ એથી દેવડાવ્યું કે શ્રીઠાકુરજીને દૂધ બહુ પ્રિય છે. દૂધ નિકુંજ-લીલા સંબંધી રસનું દાન કરવાને માટે લેવરાવ્યું, અને સામગ્રી બગડી સુધરી વૈષ્ણવો વખાણે ત્યારે જાણવું કે શ્રીઠાકુરજી સારી રીતે આરોગ્યા છે. એ ભાવથી દૂધ આપ્યું.

તે પછી પરમાનંદદાસ દૂધ પીવાથી આખી રાત્રી લીલા રસનો અનુભવ થયો. રાત્રીની લીલામાં મગ્ન થઈને આ પદ ગાયાં. તે પદ—

રાગ કાન્હરો : આનંદસિંધુ બઢ્યો હરી તનમેં ॥ શ્રીરાધા પૂરન સસી મુખ નીરખત ઉમગી ચલ્યો બ્રજ વૃન્દાવન મેં ॥૧॥ ઈત રોક્યો યમુના ઉત ગોપી કછુ ઈક ફેલ પર્યો ત્રિભુવનમેં ॥ ના પરસ્યો કર્મઠ અરૂ જ્ઞાની, અટકી રહ્યો રસિકન કે મનમેં ॥૨॥ મંદ મંદ અવગાહત બુદ્ધિભલ ભક્ત હેત લીલા છીન છીન મેં ॥ કછુ એક લહ્યો નંદ-સુવન કૃપાતેં, સો દેખિયત ‘પરમાનંદ’ જનમેં ॥૩॥

રાગ કાન્હરો : પ્રિય મુખ દેખત હી રહીએ ॥ નૈનન કો સુખ કહત ન આવે, જા કારન દુઃખ સબહી સહીએ ॥૧॥ સુનો ગોપાલલાલ પાઈ લાગોં, ભલી પાંચ લે બહિએ ! હોં આસક્ત ભઈ યા રૂપ હી, બડે ભાગી તે લહીએ ॥૨॥ તુમ બહુનાયક ચતુરસિરોમની મેરી બાંહ દૃઢ ગહીએ । ‘પરમાનંદ સ્વામી’ મનમોહન, તુમહી પેં નિબહીએ ॥૩॥

રાગ ગૌરી : કોન રસ ગોપીન લીનો ઘૂંટ ॥ મદન ગોપાલ નીકટ પર પાએ, પ્રેમ કામ કી લૂંટ ॥૧॥ નીરખી રૂપ નંદનંદન કો, લોકલાજ ગઈ છૂટી ॥ ‘પરમાનંદ’ વેદ સાગર કી, મર્યાદા ગઈ તૂટ ॥૨॥

રાગ ગૌરી : યાતેં માઈ, ભવન છાડી બન જઈએ ॥ અખિ-રસ કનરસ બત-રસ સબરસ, નંદનંદન પેં પૈયે ॥૧॥ કર પલ્લવ ગહિ કંઠ બાહુ ધરિ, સંગ મિલેનુનેગૈયો । રાગ વિલાસ વિનોદ અનુપમ, માધો કે મન ભૈયે ॥૨॥ યહ સુખ સખી કહતનહિ’ આવે દેખત હુઃખ વિસરૌયે ! ‘પરમાનંદસ્વામી’ કો સંગમ, ભાગ્ય બડે તેં પૈયે ॥૩॥

રાગં હમીર : અમત નિચોય કિયો ઈક તેગે ઠોર બદન સુધારિ સુધાનિધિ તબ તેં બિધના રચિ ન ઔર ॥૧॥ સુનિ રાધે ઉપમા કહા દીજે, સ્યામ મનોહર ભએ હે ચકોર સાદર પાન કરત તુવ આનન, તૃષિત કામ બસ નંદ કિશોર ॥૨॥ કોન કોન અંગ કરોરી નિરુપન નવગુન સીલ રૂપકી રાસી ! પરમાનંદ પ્રભુકો ચિત્ત ચોર્યો લોચન બંધે પ્રેમકી પાશ ॥૩॥

રાગ બિહાગરો : યહ તન નવલ કુંવર પર વારોં ! નવ નિકુંજ મેં ગોરસ્યામ તન વારંવાર નિહારોં ॥૧॥ ઈતની ટહલ કૃપા કરી દીજે સંગ મિલી જીવ ઉધારો । 'પરમા નંદસ્વામી' કે મિલુ બિનુ, ઓર કાજ સબ બારોં ॥૩॥

એ પ્રકારે પરમાનંદદાસે આખી રાત્રિ લીલાનો અનુભવ કર્યો અને બહુ કીર્તન ગાયાં. તે પછી પ્રાતઃકાલ થયો ત્યારે શ્રીઆચાર્યજી પોતે સ્નાન કરીને પર્વત ઉપર પધાર્યા અને શ્રીગોવર્ધનનાથજીને જગાડ્યા, ત્યારે પરમાનંદદાસે આ પદ ગાયાં. તે પદ—

રાગ રામકલી : જાગો ગોપાલલાલ દેખો સુખ તેરો ॥ પાછો ગૃહકાજ ક્યે, નિત્ય નેમ મેરો ॥૧॥ વિગત નિસા અરૂણ ઉદિત ભયો ભાન ॥ ગુંજત અલી પંકજ બન, જાગીએ ભગવાન ॥૨॥ દ્વારેં ઠાઢે બંદીજન કહતે ઉચ્ચાર ॥ બંસ પ્રસંસ ગાવત હે હરિલીલા અવતાર ॥૩॥ 'પરમાનંદ સમી' ગોપાલ જાગ મંગલ રૂપ ॥ વેદ પુરાન પઢત જ્ઞાન મહિમા અનૂપ ॥૪॥

રાગ રામકલી : લાલ કો મુખ દેખન હોં આઈ ! કલ મુખ દેખી ગઈ દધી બેચના જાત હી ગયો બિકાઈ ॥૧॥ દીનતેં દુનો લાભ ભયો ઘર કાજર બદ્યીયા જાઈ ॥ આઈ હોં ધાય થંભાય સાથકી મોહન દેહુ જગાઈ ॥૨॥ સુની ત્રિય બચન વિહસ ઉઠ બેઠે નાગરી નિકટ બુલાઈ ॥ 'પરમાનંદ' સયાની ગ્યાલિન, સેન સંકેત બતાઈ ॥૩॥

રાગ રામકલી : ગ્યાલિન પિછવારે વ્હે બોલ સુનાયો ॥ કમલનૈન પ્યારો કરત કલેઉ કોર ન મુખ લોં આયો ॥૧॥ અરી મૈયા બન બ્યાન મૈયા, બછરા ઉહાઈ બિસરાયો ॥ મુરલી ન લીની લકુટીયા ન લીની અરબરાય કાઉ સખા ન બુલાનો ॥૨॥ ચકૃત ભઈ જુ કી રાની, નંદ સત્ય આહી કેંધો સુપનો પાયો ॥ ફુલે અંગ ન માય રસીકવર ત્રિભુવનરાય સિર-છત્રજુ છાયો ॥૩॥ બૈડે જાય નિકુંજ સદન મે વિવિધ ભ્રાંતિ કીયો મન ભાયે ॥ પરમંનંદ સયાની ગ્વાલિન ઉલટ અંગ ગિરિધર પ્રિય પાયો ।

આ પ્રકારનાં પદ પરમાનંદદાસે ઘણાં ગાયાં. તે પછી શ્રીઆચાર્યજીએ પરમાનંદદાસને શ્રીગોવર્ધનનાથજીના કીર્તનની સેવા આપી. પછી નિત્ય નવા પદ કરીને પરમાનંદદાસ શ્રીનાથજીને સંભળાવતા.

વાર્તાપ્રસંગ ૪ : એક દિવસ એક રાજા પોતાની રાણીને સાથે લઈને વ્રજમાં યાત્રા કરવા આવ્યો. તે રાજા શ્રીઆચાર્યજીનો સેવક હતો. શ્રીગોવર્ધનનાથજીના દર્શન કરીને ડેરામાં આવીને તે રાજાએ પોતાની રાણીને કહ્યું કે, શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન બહુ સુંદર છે, શ્રીગિરિરાજ ઉપર જઈને શ્રીગોવર્ધનનાથજીના દર્શન કરી આવ. ત્યારે રાણીએ રાજાને કહ્યું કે જેવી અમારી રીત છે તે રીતે પડદામાં દર્શન થાય તો હું કરું. ત્યારે રાજાએ રાણીને કહ્યું કે વ્રજના ઠાકુર છે, તે ઠાકુરના દર્શનમાં

પડદાનું શું કામ છે ? એ ઠાકુર વ્રજના છે, એ કોઈનો પડદો રાખતા નથી. એ પ્રકારે રાજાએ રાણીને બહુ સમજાવી, પરંતુ રાણીએ રાજાનું કહ્યું માન્યું નહીં. ત્યારે રાજાએ શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે મહારાજ ! મેં રાણીને બહુ સમજાવી પરંતુ એ માનતી નથી. એ પડદામાં દર્શન કરવાને ચાહે છે. ત્યારે શ્રીઆચાર્યજી પોતે કહે કે એને પડદામાં જ લઈ આવો, બધાના પહેલાં દર્શન કરાવી દઈશું. પછી રાણી પડદામાં આવી અને શ્રીનાથજીના દર્શન કરવા લાગી. ત્યારે શ્રીનાથજીએ (ભક્તોદ્વારક સ્વરૂપથી) સિંહાસનથી ઊઠીને સિંહપોરનાં કમાડ ખોલી દીધાં. એટલે ભીડ એ રાણી ઉપર પડી. તેથી એના દેહનાં બધાં વસ્ત્રો નીકળી ગયાં. તેથી રાણી બહુ લજ્જિત થઈ. જ્યારે રાજાએ રાણીને ડેરામાં આવીને બધાં સમાચાર કહ્યા ત્યારે રાજાએ રાણીને કહ્યું કે મેં તને પહેલાં જ કહ્યું હતું કે એ શ્રીનાથજી વ્રજના ઠાકુર છે. એમણે કોઈનો પડદો રાખ્યો નથી. તે સમયે પરમાનંદદાસ આ પદ ગાતા હતા. એની એક ટુક કહી હતી તે પદ—

'કોન યહ ખેલવેકી બાની ।
મદન ગોપાલલાલ કાહૂકી, રાખત નાહિન કાનિ ॥'

એ સાંભળીને શ્રીઆચાર્યજીએ પરમાનંદદાસને રોક્યા કે એમ ન કહીએ એમ કહો કે 'ભલી યહ ખેલવેકી બાની.'

ભાવપ્રકાશ : તે શાથી કે હમણાં જ પરમાનંદદાસને 'દાસ' પદવી આપી છે તેથી એ દાસ ભાવથી રહે અને એ રીતે બોલે તો પ્રભુ આગળ ઉપર કૃપા કરે. જ્યારે સંખ્ય ભાવ દૃઢ થાય ત્યારે બરાબરીથી વાર્તા થાય. તેથી વિના અધિકાર અધિક ભાવ ન કરવો. જો કરે તો નીચે પડે. એથી જ્યારે ઠાકુરજી સરળ ભાવનું દાન કરે ત્યારે જ બને. બીજો આશય શ્રીઆચાર્યજીએ પોતે પોતાનો સ્નેહ શ્રીગોવર્ધનજીમાં રાખ્યો છે. તે સર્વોપરી દેખાડ્યો કે સ્નેહીને આવી રીતે ન કહેવાય. જો કાર્ય સ્નેહી પ્રીતિથી ન કરે તો પણ કહીએ કે 'સારું કાર્ય કર્યું' એવી સ્નેહની રીતિ છે. તેથી શ્રીઆચાર્યજીએ પોતે પરમાનંદદાસને રોક્યા જે કોન યહ ખેલવકી બાન. એ પ્રકારે કદી ન કહીએ કહેવા અને રોકવા લાયક તો વ્રજભક્તો છે તેથી તે ચાહે તેમ બોલે. તેથી તમે તો એમ જ કહો, 'ભલી યહ ખેલવકી બાની.'

ત્યારે પરમાનંદદાસે એમ જ પદ ગાયું તે પદ—

રાગ સારંગ : ભી યહ ખેલવે કી બાની ॥ મદનગોપાલલાલ કાહૂકી રાખત નાહીન કાની ॥૧॥ અપને હાથ લે દે બનચરન હી, દૂધ ભાત ધૃત સાની ॥ જો બરજોં તો આંખ દીખાવે ઘર ઘરકદનદાની ॥૨॥ ચનરી જશોદા સુત કે કરતવ,યહ લે માંટ મથાની । ફોડી ઢોરી દધી ડારી અજીર મેં, કોન સહે નીત હાની ॥૩॥ ઠાડી હંસતી નંદજુકી રાની મુંદી કણલ સુખ પાની । 'પરમાનંદદાસ' યહ જાને, બોલી બુજી ધોં આનિ ॥૪॥

એ પદ સાંભળીને શ્રીઆચાર્યજી બહુ પ્રસન્ન થયા.

ભાવપ્રકાશ : એ પ્રકારે સહસ્ત્રાવધિકીર્તન પરમાનંદદાસે કર્યો. તેથી પરમાનંદદાસનાં પદોમાં બાલલીલાભાવ અને રહસ્ય ભાવના પણ ઝલકે છે. જે લીલાનો અનુભવ પરમાનંદદાસને થયો તે જ

લીલાના પદ પરમાનંદદાસે ગાયા પરંતુ શ્રીઆચાર્યજીએ પોતે પરમાનંદદાસને બાલલીલારાસનું દાન કર્યું છે તેથી બાલલીલા ગૂઢ પદોમાં ઝળકે છે.

વાર્તાપ્રસંગ ૫ : વળી એક દિવસે બધા ભગવદીયો સુરદાસજી, કુંભનદાસજી તથા રામદાસ આદી બધા વૈષ્ણવો મળીને જ્યાં પરમાનંદદાસ રહેતા હતા ત્યાં એમના ઘરે આવ્યા, ત્યારે બધા ભગવદીયોને પોતાના ઘરે આવેલા જોઈને પરમાનંદદાસ પોતાના મનમાં બહુ પ્રસન્ન થયા, કે આજ મારું મોટું ભાગ્ય છે બધા ભગવદીયો મારા ઉપર કૃપા કરીને પધાર્યા છે. ભગવદીયો કેવા છે ? કે સાક્ષાત શ્રીગોવર્ધનનાથજીનું સ્વરૂપ છે. તેથી આજે મારા ઉપર શ્રીગોવર્ધનનાથજીએ મહાન કૃપા કરી છે.

ભાવપ્રકાશ : કેમકે અનેક રૂપ લઈને શ્રીઠાકુરજી મારા ઘરે પધાર્યા છે. ભગવદીયના હૃદયમાં શ્રીઠાકુરજી પોતે બિરાજે છે તેથી મારા મોટા ભાગ્ય છે. હવે હું કૃતકૃત્ય થઈ ગયો, કેમકે બધા ભગવદીયોઓ કૃપા કરી છે. તેથી પ્રથમ તો આ ભગવદીયોની ન્યોછાવર કરવી જોઈ, તે એવી વસ્તુ કઈ છે જેથી બધા ભગવદીયોની ન્યોછાવર થાય ?

પછી પરમાનંદદાસે ભદવદીય વૈષ્ણવોને મળીને ઊંચે આસને બેસાડીને આ પદ ગાયું.

રાગ બિગાગરો : આએ મેરે નંદનંદ કે પ્યારે ॥ માલા તિલક મનોહદ બાનો, ત્રિભુવન કે ઉજીયારે ॥૧॥ પ્રેમ સહિત ઉર બસત નિરંતર, નેક હુ ટરત ન ટારે ॥ હદે કમલ કે મધ્ય બિરાજત, શ્રીબ્રજરાજ દુલારે ॥૨॥ કહા જાનો કોન પુન્ય ઉદય ભર્યો મેરે ઘર જુ પધારે ॥ 'પરમાનંદ' કરત ન્યોછાબરિ વારી વારી બહો વારે ॥૩॥

તે પછી બીજું પદ ગાયું.

રાગ બિહાગરો : હરિજન સંગ છીનક જો હોઈ ॥ કરેં કૃપા ગિરિધરન તીન પર પાતક રસે ન કોઈ ॥૧॥ સકલ કુતર્ક વાસના નસે હરી સમુરે સુમરાવે ॥ જડ વ્હે ચતુર મંદ બુદ્ધિ નિર્મલ, મનમોહન મન ભાવે ॥૨॥ માયા કલ કછૂ નહીં વ્યાપે જો હરિજન કોં જાને । 'પરમાનંદ' યહી મન નિશ્ચય હરિજન ગુન હી બખાને ॥૩॥

એવા પદ પરમાનંદદાસે ગાયાં એ સાંભળીને બધા ભગવદીયો પરમાનંદદાસની ઉપર ઘણા પ્રસન્ન થયા. ત્યારે પરમાનંદદાસે બધા વૈષ્ણવોને વિનંતી કરી કે આજ કૃપા કરીને મારા ઘરે પધાર્યા તેથી કંઈ આજ્ઞા કરો. ત્યારે રામદાસજીએ પૂછ્યું કે પરરમાનંદદાસ વ્રજમાં બધો પ્રેમ વ્રજભક્તોનો છે, શ્રીનંદરાયજી, ગોપીજન, ગ્વાલ, સખાઓનો, તેમાં બધાની શ્રેષ્ઠ પ્રેમ કોનો છે ?

ભાવપ્રકાશ : કેમકે તમારી બાલલીલામાં લગન ઘણી છે અને તમે કૃપાપાત્ર ભગવદીય છો, તેથી આ સંદેહ છે તે દૂર કરો, આ પ્રકારે રામદાસજીએ પરમાનંદદાસને એમ પૂછ્યું. તેનું કારણ કે શ્રીઆચાર્યજીના અભિપ્રાયથી શ્રીગોપીજનનો પ્રેમ ઘણો છે, અને પરમાનંદદાસે નંદાલયની લીલા અને બાલલીલાનું ઘણું વર્ણન કર્યું છે, તેથી શ્રીઆચાર્યજીના હૃદયના અભિપ્રાયની તેમને ખબર પડી છે કે નહીં. તેથી પરમાનંદદાસની પરીક્ષા લીધી.

તે સમયે પરમાનંદદાસે આ પદ ગાયું :-

રાગ નાયકી : ગોપી પ્રેમકી ધ્વજા ॥ જિન ગોપાલ કીયે બસ અપને, ઉપર ધરી શ્યામ ભુજા ॥૧॥ સુક મુનિ વ્યાસ પ્રશંસાકીની ઉદ્ધવ સંત સરાહી ॥ ભૂરી ભાગી ગોકુલ કી વનીતા અતી પુનિત દાસ 'પરમાનંદ' જો હરી સન્મુખ જાહી ॥૩॥

રાગ કાન્હરો : બ્રજજન સમ ઘર પર કોઈ નાહી ॥ જીન સબ તન મન હરી અર્પન કરી મોહન ધરે ઉર માહીં ॥૧॥ સદા સંગ ઠોલત મન મોહન, ગોપી ધરી ઉર ધ્યાન ॥ ગોપી ગોપી રટત નિરંતર, ભૂલી ગયે સબ જ્ઞાન ॥૨॥ જો ગોપી કી પદ જ ઉદ્ધવ, બ્રહ્માદીક સબ જાચે ! તા ગોપી ગૃહ માખન કાજેં સબ દીન ગિરિધર નાચે ॥૩॥ ગોપીજન ક્ષમ કોન બતાઉં, હરી હું પાન ન પાવે ॥ તો હોં મદ બુદ્ધિ કહા જાનો 'પરમાનંદ' ગુન ગાવે ॥૪॥

એ પદો પરમાનંદદાસે ગાયાં ત્યારે બધા વૈષ્ણવો કહે કે પરમાનંદદાસ તમે ધન્ય છો. એ પ્રકારે બધા વૈષ્ણવો પ્રસન્ન થઈને પરમાનંદદાસના વખાણ કરતા વિદાય થઈ પોતાને ઘરે આવ્યા, તે પછી પરમાનંદદાસે ઘણા દિવસે સુધી શ્રીગોવર્ધનનાથજીના કીર્તનની સેવા કરી.

વાર્તાપ્રસંગ ૬ : તે પછી એક દિવસ પરમાનંદદાસ શ્રીગુસાંઈજીના અને શ્રીનવનીતપ્રિયાજીના દર્શને ગોપાલપુરથી શ્રીગોકુલ આવ્યા. દર્શન કરીને રાત્રીએ ત્યાં રહ્યા, પછી પ્રાતઃકાલ શ્રીગુસાંઈજી સ્નાન કરીને શ્રીનવનીતપ્રિયાજીના મંદિરમાં પધાર્યા, ત્યારે પરમાનંદદાસને બોલાવ્યા. ત્યારે પરમાનંદદાસે આગળ આવીને દંડવત કર્યા, ત્યારે શ્રીગુસાંઈજી પોતે પરમાનંદદાસને કહે શ્રીઠાકુરજીને વ્રજની બધી લીલા બહુ જ પ્રિય છે. અને નિત્યલીલા વ્રજની શ્રીઠાકુરજીને સંભળાવે તે તો કોઈ કાલમાં પણ પાર ન પામે ! કેમ કે જો એક લીલાનો પાર ન પામીયે તો બધી લીલા કોણ ગાઈ શકે ? પરંતુ હું એક કીર્તન તમને કહું છું તેમાં બધી વ્રજની લીલાનો અનુભવ છે, તે તમે આ સમયે નિત્ય ગાજો. ત્યારે પરમાનંદદાસ કહે કે મહારાજ ! એ પદ કૃપા કરીને મને બતાવો હવે શ્રીગુસાંઈજી તો માર્ગના ચાલવાવાળા છે તેથી ભાષાના પદ કર્યા નહીં, તેથી સંસ્કૃતતમાં કીર્તન ગાયું, તે પદ-

રાગ રામકલી : મંગલ મંગલ બ્રજભુવિ મંગલમ્ । મંગલ તીહ શ્રીનંદયશોદા નામ સુકીર્તનમેતદ્રુચિરોત્સંગસુળાલિતપાલિતરૂપમ્ ॥૧॥ શ્રીકૃષ્ણ ઈતિ ગ્રુતીસારં નામ સ્વાર્તજ નશયતાપાપહમીત મંગલરાવમ્ । બ્રજસુંદવયસ્યસુરભિવૃન્દ મૃગીગણનીરૂપમભા મંગલ સીંધુચયાય ॥૨॥ મંગલમીષત્સ્મિત-યુતમીક્ષણયુન્નતનાસાપટુગતમુતકાફલચલનમૂ । કોમલ ચ લદડગુલીદલ સદત વેણુતીનદવીમો-હીતવૃન્નાવનભુવી જાતઃ ॥૩॥ મંગલમખીલ ગોપીશિતુ રતીમંથરગતીભમમોહિત-રાસસ્થિતગાનમ્ । ત્વંજયસતતં શ્રીગોવર્ધનધર પાલય નિજદાસાન્ ॥૪॥

એ પદ શ્રીગુસાંઈજીએ પોતે ગાઈને પરમાનંદદાસને ગવડાવ્યું. તે પરમાનંદદાસે ગાયું. ત્યારે મંગલ રૂપનાં, પરમાનંદદાસે બીજાં પણ પદ ગાયાં. તે પદ—

રાગ ભૈરવ : મંગલ માધૌ નામ ઉચ્ચાર ॥ મંગલ બદન કમલ કર મંગલ, મંગલ જન કી સદા સમ્હાર ॥૧॥ ખેલત મંગલ પૂજત મંગલ ગાવત મંગલ ગીત ઉદાર ॥ મંગલ શ્રવણ કથારસ મંગલ, મંગલ તન વસુદેવ કુમાર ॥૨॥ ગોકુલ મંગલ મધુવન મંગલ મંગલ રુચિ વૃન્દાવનચંદ ॥ મંગલ કરન ગોવર્ધનધારી મંગલ ભેખ જશોદાનંદ ॥૩॥ મંગલ ધેનુ રેનું ભુવ મંગલ, મંગલ મધુર બજાવત વેનુ ॥

મંગલ ગોપવધૂ પરિરંભન, મંગલ કાલિંદી પય ફેનુ ॥૪॥ **મંગલચરનમલદલ** મંગલ મંગલ કીરતિ જગત નિવાસ ॥ અનુદિન મંગલ ધ્યાન ધરત મુનિ મંગલ મતી 'પરમાનંદદાસ' ॥૫॥

એ પદ પરમાનંદદાસે ગાયું તે પછી ગુસાંઈજીએ મંગલભોગ સરાવીને મંગલા આર્તિ કરી તે સમયે પરમાનંદદાસે આ પદ ગાયું તે પદ-

રાગ ભૈરવ : મંગલ આરતી કરી મન મોર । બ્રહ્મ નિસા બીતી ભયો ભોર ॥૧॥ મંગલ બાઝત ઝાલર તાલ ॥ મંગલ રૂપ ઊઠે નંદલાલ ॥૨॥ મંગલ બાજત બની મૃદંગ મંગલ બાંસુરી સરસ ઉપંગ ॥૩॥ મંગલ ધૂપ દીપ કરી જોર । મંગલ ગાવત સબ મીલી કોર ॥૪॥ મંગલ ઉદયો મંગલ રાસ ॥ મંગલ મતી પરમાનંદદાસ ॥૫॥

આ પ્રકારે શ્રીગુસાંઈજીકૃત 'મંગલ મંગલ' અનુસાર પરમાનંદદાસે ઘણા કીર્તનો કર્યા પરંતુ શ્રીગુસાંઈજીકૃત 'મંગલ મંગલ' નીત્ય ગાતા.

ભાવપ્રકાશ : આમાં બધી વ્રજલીલા છે તે શ્રીઠાકુરજી નિત્ય સંભળાવે છે, વળી "મંગલ મંગલ'ના પાઠથી વ્રજલીલાનો બધો પાઠ થાય. વળી મંગલાનું પદ પરમાનંદદાસે કર્યું તેમાં કહ્યું, મંગલ તન વાસુદેવકુમાર તેમાં એ સંદેહ થાય કે પરમાનંદદાસ તો નંદનંદના ઉપાસક છે છતાં વાસુદેવકુમાર વ્રજલીલામાં કહ્યા તેનું કારણ શું ? ત્યાં કહીએ છીએ કે વેણુગીત અને યુગલ ગીતમાં ગોપિકાઓએ 'દેવકીસુત' કહ્યા છે તે કુમારરિકાઓના ભાવથી કહ્યા છે, તે કુમારિકા શ્રીયશોદાજીને માતા કહેતાં અને શ્રીઠાકુરજીમાં પ્રતિભાવ છે. એથી જ વસુદેવ સુત કહી પ્રતિભાવ દૃઢ કરે છે.

પછી પરમાનંદદાસ શ્રીગોવર્ધનધરના દર્શને શ્રીગોકુલથી શ્રીગિરિરાજજી આવ્યા. ત્યાં મંગલા આર્તિ પહેલાં "મંગલ મંગલ" પદ પરમાનંદદાસે ગાયું. (ત્યારથી) શ્રીગોવર્ધનધરને ત્યાં 'મંગલ-મંગલ'ની રીત થઈ. પરમાનંદદાસ એવા કૃપપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૭ : વળી જ્યારે જન્માષ્ટમી આવતી ત્યારે શ્રીગુસાંઈજી પોતે શ્રીનવનીતપ્રિયાજીને પંચામૃત સ્નાન કરાવીને શ્રુંગાર કરી શ્રીગિરિરાજ પર્વત ઉપર પધારીને શ્રીગોવર્ધનનાથજીના શૃંગાર કરતા. તે પછી રાજભોગથી પહોંચીને ફરી શ્રીગિરિરાજથી શ્રીગોકુલ આવતા. ત્યાં શ્રીનવનીતપ્રિયાજીને મધ્ય રાત્રીએ જન્મની રીતિ કરીને પલના ઝુલાવી, શ્રીનાથજીને ત્યાં નંદમહોત્સવ કરતાં. તે એક વખત જ્યારે જન્માષ્ટમી આવી ત્યારે શ્રીગુસાંઈજી પરમાનંદદાસને સંગે લઈને શ્રીગિરિરાજજીથી શ્રીગોકુલ પધાર્યા. જન્માષ્ટમીના દિવસે શ્રીગુસાંઈજીએ પોતે શ્રીનવનીતપ્રિયાજીને અભ્યંગ કરાવ્યા. તે સમયે પરમાનંદદાસે આ વધાઈ ગાઈ, તે વધાઈ—

રાગ ધનાશ્રી : મીલી મંગલ ગાવો માઈ, સબે મીલી આજુ લાલ કો જન્મદિવસ હે બાજત રંગ વધાઈ ॥૧॥ આંગન લીંપો ચોક પુરાવો વિપ્ર પઢન લાગે વેદ ॥ કરહું સિંગાર શ્યામસુંદર કો ચોવા ચંદન મેદ ॥૨॥ આનંદ ભરી નંદજુ કી રાની ફૂલી અંગ ન માઈ । 'પરમાનંદદાસ કો ઠાકુર' બહુત ન્યોછાવરી પાઈ ॥૩॥

પછી શ્રીગુસાંઈજીએ શ્રીનવનીતપ્રિયાજીને શૃંગાર કરીને તિલક કર્યું, તે સમયે પરમાનંદદાસે આ

પદ ગાયું —

રાગ સારંગ : આજ બધાઈ કો દીન નીકો ॥ નંદઘરની જસુમતી જાયો હે લાલ ભાંવતો જી કો ॥૧॥ પંચ શબ્દ બાજે બાજત હે ઘર-ઘર તેં આયો ટીકો ॥ મંગલ કલસ લીયે વ્રજસુંદરી ગ્વાલ બનાવત છીકો ॥૨॥ દેતી અસીસ સકલ ગોપીજન જીયો કોટી બરીસો ॥ 'પરમાનંદ કો ઠાકુર' ગોપ ભેખ જગદીસો ॥૩॥

રાગ સારંગ : ઘર ઘર ગ્વાલ દેત હે હેરી ॥ બાજત તાલમૃદંગ બાસુરી, ઢોલદમામ ભેરી ॥૧॥ લૂટત જટપટ ખાઈ મીઠાઈ, કહી ન શકત કોઈ ફેરી । ઉનમદ ગ્વાલ બદત નહીં કાહૂ વ્રજવનીતા સબ ઘેરી ॥૨॥ ધ્વજા પતાકા તોરનમાલા, સબે સિંગારી શેરી । જય જય કૃષ્ણ કહત પરમાનંદ, પ્રગટ્યો કંસ કો બેરી ॥૩॥

એ પ્રકારે પરમાનંદદાસે બહુ પદ ગાયાં તે પછી અર્ધરાત્રિના સમયે શ્રીગુસાંઈજી પોતે જન્મ કરાવીને શ્રીનવનીતપ્રિયાજીને પલનામાં પધરાવ્યા. શ્રીનંદરાયજી શ્રીયશોદાજી અને ગોપીગ્વાલનો ભેખ ધરાવ્યા. તે સમયે પરમાનંદદાસે આ પદ ગાયું-

રાગ ધનાશ્રી : જશોદા રાની સોવન ફૂલે ફૂલી । તુમ્હારે પુત્ર ભયો કુલમંડન વાસુદેવ સમતૂલી ॥૧॥ દેતી અસીસ બીરદ જે ગ્વાલિની, ગામ ગાઈ તે આઈ ॥ લે લે ભેટ સબે મીલી નીકસી મંગલ ચાર બધાઈ ॥૨॥ એસલેં દસક હોઈ જો ઓરે, સબ કોઈ સચુ પાવે ॥ બાઢો બંસ નંદ બાવા કો 'પરમાનંદ' જિય ભાવે ॥૩॥

ભાવપ્રકાશ : એ પદમાં પરમાનંદદાસજીએ કહ્યું કે એસે દસક હોઈ જો ઓરે, તો સબ કોઈ સચુ પાવે : એથી ભગવદીયોનાં વચન સત્ય કરવાને માટે શ્રીગુસાંઈજીના સાત બાલકો, શ્રીગુસાંઈજી તથા શ્રીઆચાર્યજી તથા શ્રીગોવર્ધનનાથજી એમ દસ સ્વરૂપે પ્રકટ થઈને બધાને સુખ આપ્યું છે. બધા એટલે બધા દૈવી, પુષ્ટિમાર્ગીય. આ પ્રકારે ભાવ સહિત પરમાનંદદાસજીએ કીર્તન ગાયાં.

પછી શ્રીનંદરાયજી અને ગોપી ગ્વાલ, વૈષ્ણવોના બે જૂથ અને પોતાના લાલજી બધાને લઈને દધિકાદવ કર્યો. ત્યારે પરમાનંદદાસનું ચિત્ત આનંદમાં મગ્ન થઈ ગયું એ સમયે પરમાનંદદાસ નાચવા લાગ્યા અને આ ગાયું. ત્યારે પ્રેમના આવેશમાં પરમાનંદદાસ રાગનો પણ ક્રમ ભૂલી ગયા. રાત્રિનો પણ સમય. અને સારંગમાં આ પદ ગાયું.

રાગ સારંગ : હેરી હે આજ નંદરાય કે આનંદ ભર્યો । નાચત ગોપી કરતિ કોલાહલ મંગલ ચાર ઠરો ॥૧॥ રાતી પીયરી ચોલી પહેરે, નોતમ જુમક સારી ચોવા ચંદન અંગ લગાએ, સેંદુર માર્ગ સવારી ॥૨॥ માખન દૂધ રહ્યે ભારિ ભાજન, સકલ ગ્વાવ લે આએ ॥ બાજત બેનું પખાવજ મહુવરી, ગાત ગીત સુહાયે ॥૩॥ હરદ દૂબ અક્ષત દધિ કુમકુમ, આંગન બાઢી કીચ । હસત પરસ્પર પ્રેમ મુદિત મન, લાગિ લાગિ ભુજ બીચ ॥૪॥ ચહું વેદ ધ્વનિ કરત મહામુનિ, પંચ શબ્દ ઢમ ઢોલ । 'પરમાનંદ' બઢ્યો ગોકુલમેં આનંદ હ્રદે કલોલ ॥૪॥

એ પદ ગાયા પછી પરમાનંદદાસ પ્રેમમાં મૂર્છા ખાઈને ભૂમિમાં પડી ગયા. ત્યારે શ્રીગુસાંઈજીએ

પોતે પોતાના શ્રીહસ્તથી પરમાનંદદાસને ઉઠાડીને ખોબામાં જલ લઈને વેદમંત્ર ભણીને પોતે પરમાનંદદાસના ઉપર છાંટ્યું. ત્યારે ઉચ્છલિત પ્રેમ જેથી વિકલતા હતી તે હૃદયમાં સ્થિર થયો, ત્યારે પરમાનંદદાસે બધી લીલાનો અનુભવત કર્યો અને ગાન કર્યું. એ પ્રમાણે પરમાનંદદાસના ઉપર શ્રીગુસાંઈજીએ કૃપા કરી, તે પછી આ પદ પરમાનંદદાસે ગાયું, તે પદ-

રાગ બિલાવલ : હાલરો હુલાવતી માતા ।। બલી બલી જાય ઘોષ સુખ દાતા ।।૧।। અતિલો હિત કર ચરન સરોજે । જે બ્રાહ્માદિક મનસા ખોજે ।।૨।। જસુમતિ અપનો પુણ્ય બિચારે । બારબાર મુખ કમલ નિહારે ।।૩।। અખિલ ભુવન પતિ ગરૂડાગામી નંદ સુવન 'પરમાનંદસ્વામી' ।।૪।।

ભાવપ્રકાશ : એ પ્રકારે 'અખિલ ભુવનપતિ ગરૂડાગામી' એમ પરમાનંદદાસે કહ્યું, અખિલ ભુવનપતિ એથી કે ભગવાન જે ગરૂડ ઉપર બિરાજમાન છે તે બધા જગતના પતિ છે, અને નંદસુવન ઠાકુર જે છે તે પરમાનંદદાસે કહ્યું, એ મારા સ્વામી છે.

આ કીર્તન સાંભળીને શ્રીગુસાંઈજી પોતે પરમાનંદદાસની ઉપર ઘણા પ્રસન્ન થયા. તે પછી પરમાનંદદાસે આ પદ કાન્હરા રાગમાં કરીને ગાયું પ્રેમમાં રાગનો ક્રમ નહીં, લીલાનો ક્રમ જેવી લીલાં કરી તે સ્ફુરી, તેવું પરમાનંદદાસે ગાયું તે પદ-

રાગ કન્હારો : રાનીજુ તીહારો ઘર સુબસ બસો ।। સુનહુ જશોદા તિહારે ઢોટા કો, ન્હાતહી જીની બાર ખસો ।।૧।। કોઉ કુરત વેદ મંગલ ધુનિ. કોઉ ગાગો કોઉ હસો ।। નીરખી નીરખી મુખ કમલ કો, આનંદ પ્રેમ હિયે હુલસો ।।૨।। દેતી અસીસ સકલ ગોપીજન કોઉ અતિ આનંદ લસો । 'પરમાનંદ' નંદ ગર આનંદ પુત્ર જન્મ ભયો જગત જસો ।।૩।।

આશિષનું પદ પરમાનંદદાસે ગાયું, ત્યારે શ્રીગુસાંઈજીએ પોતે પોતાના પુત્ર શ્રીગિરિધરજીને શ્રીનવનીતપ્રિયાજીની પાસે રાખીને દધિકાદવ કર્યો તે પછી પરમાનંદદાસને સાથે લઈને શ્રીગુસાંઈજીએ પોતે શ્રીગોવર્ધનનામજીના દર્શન કર્યા. તે દધિકાદવ જોઈને પરમાનંદદાસ લીલારસમાં મગન થઈ ગયા. તે પછી શ્રીગુસાંઈજી પોતે શ્રીગોવર્ધનનાથજીને રાજભોગ ધરીને બહાર પધાર્યા ત્યારે શ્રીગુસાઈજી પરમાનંદદાસની અલૌકિક દશા જોઈને કહે, કે કુંભનદાસનો જેમ કિશોરલીલામાં નિરોધ થયો તેમ બાલલીલામાં પરમાનંદદાસનો નિરોધ થયો છે, પછી પરમાનંદદાસ પર્વત નીચે ઊતરી શ્રીગોવર્ધનનાથજીની ધ્વજાને દંડવત કરી સુરભીકુંડ ઉપર આવીને પોતાને ઠેકાણે કુટીમાં આવી બોલવું છોડી દીધું. પછી નંદ મહોત્સવના રાસમાં મગન થઈ પરમાનંદદાસે પોતાની દેહ છોડવાનો વિચાર કરીને સુરભીકુંડ ઉપર આવીને સૂઈ રહ્યા. અહીં શ્રીગુસાંઈજીએ પોતે શ્રીનાથજીની રાજ ભોગ આરતિ કરીને અનોસર કરાવ્યા. પછી શ્રીગુસાંઈજી પોતે સેવકોને પૂછે કે આજ રાજ ભોગ આર્તિના સમયે પરમાનંદદાસને જોયા નહીં. કયાં ગયા ? ત્યારે એક વૈષ્ણવે શ્રીગુસાંઈજીને આવીને વિનંતી કરી કે મહારાજ ! પરમાનંદદાસજી તો આજ વિકલ જેવા દેખાય છે. કોઈથી બોલતા નથી અને સુરભીકુંડ ઉપર જઈને સૂઈ રહ્યા છે. ત્યારે શ્રીગુસાંઈજી પોતે તે વૈષ્ણવને સંગે લઈ સુરભીકુંડ ઉપર પધારીને પરમાનંદદાસની પાસે આવ્યા પરમાનંદદાસના માથા ઉપર શ્રીહસ્ત ફેરવીને શ્રીગુસાંઈજી પોતે પરમાનંદદાસને કહે કે પરમાનંદદાસ અમે તમારા મનની જાણીએ છીએ હવે તમારાં દર્શન દુર્લભ થયાં.

ત્યારે પરમાનંદદાસે ઊઠીને શ્રીગુસાંઈજીને સાષ્ટાંગ દંડવત કર્યા. તે સમયે આ પદ પરમાનંદદાસે ગાયું. તે પદ-

રાગ સારંગ : પ્રીતિ તો નંદનદન સો કીજે ॥ સંપતી બીપીર પ્રતીપાલે, કૃપા કરે તે જીજે ॥૧॥ પરમ ઉદાર ચતુર ચિંતામની, સેવક સુમરન માને ॥ ચરણ કમલકી છાયા રાખે અંતરગતિ કી જાને ॥૨॥ વેદ પુરાન ભાગવત ભાખે, કીયો ભક્ત ન મન ભાયો ॥ પરમાનંદ ઈન્દ્ર કો વૈભવ વિમ સુદામા પાયો ॥૩॥

આ પદ પરમાનંદદાસે શ્રીગુસાંઈજીને સંભળાવ્યું.

ભાવપ્રકાશ : પરમાનંદદાસજીએ આ પદમાં શ્રીગુસાંઈજીને પ્રાર્થના કરી કે પ્રીતિ પણ તમારાથી કરવી જે સદા કૃપા એક રસ કરો. પર કૃપાલુ પોતાના હસ્તકમલની છાયાથી પોતાના જનને રાખો છો. આ સમયે પણ મને દર્શન દઈ મારા મસ્તક ઉપર શ્રીહસ્તકમલ ધર્યા. મારા અંતઃકરણમાં મારો જે મનોરથ હતો તે પૂરણ કર્યો. વેદપુરાણા બધાં જ કહે તે કે સદા ભક્તોનું ગમતું કરી આનંદ આપ્યો છે. જેમ એક સમય ઇંદ્રની પદવી લાયક જીવ કોઈ ન જોયો, ત્યારે ભગવાને ઈન્દ્રનું કાર્ય ચલાવ્યું. આ પ્રસાદ (કૃપા) વૈષ્ણવ સુદમા ભક્તને આપ્યો. તેમાં સુદામાને વૈભવ મળ્યો પણ મોહ ન થયો તેથી પોતે વ્રજમાં જ લીલા કરે છે. તે પરમાનંદરૂપની કૃપા કરીને મને દાન દીધું. આપના ગુણ હું કયાં સુધી કહું ! એવી પ્રાર્થના પરમાનંદદાસજીએ શ્રીગુસાંઈજીને કરી.

આ પદ સાંભળીને શ્રીગુસાંઈજી આપ ઘણા પ્રસન્ન થયા. તે સમય એ વૈષ્ણવે પરમાનંદદાસને કહ્યું કે મને કંઈ સાધન બતાવો તે હું કરું, તેથી શ્રીઠાકુરજી મારી ઉપર પ્રસન્ન થઈને કૃપા કરે. ત્યારે પરમાનંદદાસ એ વૈષ્ણવને પ્રસન્ન થઈને કહે તમે મન લગાડીને સાંભળો. જે સુગમ ઉપાય છે તે હું કહું છું. આ વાતને મન લગાડીને સાંભળશો તો ફલસિદ્ધિ થશે. એ પ્રકારે પ્રીતિથી સમાધાન કરીને પરમાનંદદાસે એક પદ વૈષ્ણવને સંભળાવ્યું, તે પદ-

રાગ ભૈરવ : પ્રાત સમે ઊઠી કરીએ શ્રીલક્ષ્મન સુત ગાન ॥ પ્રગટ ભએ શ્રીવલ્લભ પ્રભુ, દેત ભક્તિ દાન ॥૧॥ શ્રીવિઠ્ઠલેસમહાપ્રભુ રૂપ હી સહાન ॥ શ્રીગિરિધર ઉદય ભયો ભાન ॥૨॥ શ્રીગોવિંદ આનંદકંદ મહા ભરનો ગુનગાન ॥ શ્રીબાલકૃષ્ણ બાલ કેલિ રૂપ હી સુહાન ॥૩॥ શ્રીગોકુલનાથ પ્રગટ કીયો મારગ બખાન ॥ શ્રીરઘુનાથલાલ દેખ મન્મથ હી લજાન ॥૪॥ શ્રીયદુનાથ મહાપ્રભુ, પૂરન ભગવાન ॥ શ્રીઘનશ્યામ પૂરન કામ, પોથી મેં ધ્યાન ॥૫॥ પાંડુરાંગ વિઠ્ઠલેસ, કરત વેદ ગાન । 'પરમાનંદ' નિરખી લીલા, થકે સુર વિમાન ॥૬॥

આ પ્રકારે એ કીર્તન પરમાનંદદાસે ગાયું એ સાંભળીને શ્રીગુસાંઈજી અને બધા વૈષ્ણવો પ્રસન્ન થયા તે પછી શ્રીગુસાંઈજીએ પરમાનંદદાસને પૂછ્યું કે, પરમાનંદદાસ ! હવે તમારું મન કયાં છે ? ત્યારે પરમાનંદદાસે આ કીર્તન સારંગમાં ગાયું-

રાગ સારંગ : રાધે બેઠી તિલક સંવારતિ ॥ મૃગનેની કુસુમારક ધરિ, નંદસુવનકો રૂપ બિચારતી ॥૧॥ દરપન હાથ સિંગાર બનાવતી, વાસર સમ જુગ ઢારતિ । અંતર પ્રતિ શ્યામસુંદરસોં,

હરિ સંગ કેલિ સમ્હારતિ ॥૨॥ બાસત ગત રજની બ્રજ આવત, મિલત ગોવર્ધનધારી । 'પરમાનંદ સ્વામી' કે સંગમ મુદિત ભઈ બ્રજનારી ॥૩॥

આ પ્રકારે જુગલ સ્વરૂપની લીલામાં મન લગાડીને પરમાનંદદાસ દેહ છોડીને શ્રીગોવર્ધનનાથની લીલામાં જઈને પ્રાપ્ત થય, પછી શ્રીગુસાંઈજીએ ગોપાલપુરમાં આવીને સ્નાન કરીને પર્વતના ઉપર શ્રીગોવર્ધનનાથજીને ઉત્થાપન કરાવ્યા. પછી સેન પર્યંત સેવાથી પહોંચીને અનોસર કરાવી પર્વતથી ઉતરી પોતાની બેઠકમાં આવી બિરાજ્યા બધા વૈષ્ણવોએ પરમાનંદદાસની દેહનો અગ્નિસંસ્કાર કર્યો, અને પછી ગોપાલપુરમાં આવીને શ્રીગુસાંઈજીની આગળ તેમની ઘણી બડાઈ કરવા લાગ્યા. તે સમયે શ્રીગુસાંઈજી પોતે એ વૈષ્ણવોની આગળ આ વચન શ્રીમુખ કહ્યું, કે પુષ્ટિમાર્ગમં બે સાગર થયા. એક તો સુરદાસ અને બીજા પરમાનંદદાસ. તેમનું હૃદય અગાધ રસ (રૂપ) ભગવલ્લીલા રૂપ જ્યાં રત્ન ભર્યા છે. આ પ્રકારે શ્રીગુસાંઈજીએ પોતે શ્રીમુખથી પરમાનંદદાસની સરાહના કરી એ પરમાનંદદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા, જેમના ઉપર શ્રીગોવર્ધનનાથજી સદા પ્રસન્ન રહેતા....તેથી એમની વાર્તાનો પાર નથી. તે અનિવર્ચનીય છે, તે કયાં સુધી કહીએ. ॥ વાર્તા ૮૨ ॥

॥ વાર્તા ૮૩ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુ સેવક કુંભનદાસજી, ગોરવા ક્ષત્રી, જમનાવતે રહેતા. જેમનાં પદ અષ્ટછાપમાં ગાઈએ છીએ, તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ.

ભાવપ્રકાશ : એ કુંભનદાસજી લીલામાં શ્રીઠાકુરજીના અર્જુન સખા અંતરંગ તેમનું પ્રાકટ્ય છે. એ દિવસની લીલામાં તો અર્જુન સખા છે અને રાત્રિની લીલામાં શ્રીસ્વામિનીજીની વિશાખા શકી છે. તેમનું બીજું સ્વરૂપ કૃષ્ણદાસ મેઘન છે જે સદા પૃથ્વી પરિકમ્મામાં શ્રીઆચાર્યજીની સાથે રહેતા. એ ભાવથી કુંભનદાસજી સખાભાવમાં અર્જુન સખારૂપ અને સખીભાવમાં વિશાખારૂપ છે શ્રીગિરિરાજમાં આઠ દ્વાર છે. તેમાં એક દ્વાર આન્યોર પાસે છે તેની સેવાના એ મુખિયા છે. એમના ગામનું નામ જમનાવતા એથી કહે છે કે શ્રીયમુનાજીના પ્રવાહ સારસ્વત કલ્પમાં બે હતા. એક તો જમનાવતા થઈને આગ્રાની પાસ જતો હતો. એને એક ચીરઘાટ થઈ શ્રીગોકુલ થઈને જતો આગળ બન્ને ધારા એક મળી સારસ્વત કલ્પમાં વહેતી. તે સમયે આગ્રા આદિ ગામ ન હતાં. બન્ને આગળ ગઈ હતી. ચીરઘાટથી ધારા થઈને શ્રીગિરિરાજ આવતી તેથી પંચાધ્યાઈનો રાસ ધારા એક મળીને પરાસોલીમાં ચંદ્રસરોવર ઉપર કર્યો. અંતર્ધ્યાન સમયે વ્રજભક્તો ચંદ્ર-સરોવરથી વૃક્ષલતાઓને પૂછતાં ચાલ્યાં તે ગોવિંદકુંડની પાસે થઈને અપ્સરા કુંડ ઉપર આવીને શ્રીઠાકુરજીનાં ચરણાવિંદના દર્શન કર્યા. તેથી અપ્સરાકુંડ ઉપર ચરણચિન્હ છે. ત્યાંથી આગળ ચાલીને રાધા સહચરીની વેણી ગૂંથી તે સિંદૂર, કાજળ, બધો શૃંગાર કર્યો, તેથી ત્યાં સિંદુરી, કાજળી, અને બાજની શિલા છે. તે પછી જ્યારે રુદ્રકુંડ ઉપર રાધા સહચરીને માન થયું ત્યારે શ્રીઠાકુરને કહ્યું કે મારાથી નથી ચલાતું, ત્યારે શ્રીઠાકુરજી કંધા ઉપર ચઢાવાના બહાને વૃત્ર નીચે જ અંતર્ધ્યાન થઈ ગયા. ત્યારે રાધા સહચરી રુદન કર્યું. 'હા નાથ, રમણશ્રેષ્ઠ કવાસિર મહાભુજ ! દાસ્યાસ્તે કૃપણયા મે સખે દર્શય સન્નિધિમ્' । તેથી એ કુંડનું નામ રુદ્રકુંડ છે. હજુ સુધી લોકો એને રુદ્રકુંડ કહે છે. પછી ત્યાં બધી ગોપી આવી મળી. પછી આગળ ચાલીને 'જાન' 'અજાન' વૃક્ષને પૂછતાં પૂછતાં જમાવતા

શ્રીજમનાજીની પુલિનમાં ગોપિકા ગીત ગાઈને બધા ભક્તોએ રુદન કર્યું. ત્યારે શ્રીઠાકુરજીએ પોતે પ્રકટ થઈને ફરી પરાસોલી ચંદ્રસરોવર ઉપર રાસ કર્યો. તે શ્રમ થયો, ત્યારે શ્રીયમુનાજીના જલમાં જલ વિહાર કર્યો. એ પ્રકારે સારસ્રકલ્પની પંચાધ્યાઈને રાસ શ્રીગિરિરાજજીની પાસે છે. વળી વ્રજભક્તો ખોળતાં ખોળતાં શ્રીઠાકુરજીને મળવાને માટે દૂર ગયાં. ત્યાં અંધારું જોઈને ત્યાંથી ફર્યા, એ અંધારું શ્યામઢાકને મળવાને માટે દૂર ગયાં. ત્યાં અંધારું જોઈને ત્યાંથી ફર્યા, એ અંધારું શ્યામઢાકની આગળ 'સામઈ' ગામ છે ત્યાં શ્યામવન છે, તે મહાસઘન છે, ત્યાંથી પાછા ફર્યા. ત્યાં (ગિરિરાજજીમાં) પંચાધ્યાયીને અનુસાર બધાં સ્થળ દર્શન દે છે, અને કાલી દહ ઘાટને પણ વૃંદાવન કહે છે. ત્યાં પણ બંસીબટ છે. ત્યાં શ્વેતવારાહ કલ્પમાં પંચાધ્યાઈનો રાસ કર્યો છે. અને સારસ્વત કલ્પમાં શરદ ઋતુ કરી રાસ કર્યો તે પરાસોની શ્રીગિરિરાજ ઉપર કર્યો પછી વસંત ચૈત્ર વૈશાખનો રાસ કેશીઘાટ પાસે બંસીબટ નીચે કર્યો. આ પ્રકારે રાસ બે જગાએ. પરંતુ મુખ્ય પંચાધ્યાયી સારસ્વતકલ્પનો રાસ ગિરિરાજનો આ પ્રકારે લીલાનો ભેદ છે. એ પ્રમાણે જમનાવતામાં એક ધારા શ્રીયમુનાજીની સારસ્વકલ્પમાં વહેતી, તેથી એ ગામનું ગામ જમનાવતા છે. નંદગામ બરસાના મધ્ય સંકેત પાસે ધારા થઈને શ્રીયમુનાવના આવી તેથી સંકેતનની પાસે શ્રીયમુનાજીને પધરાવ્યાનું ચિન્હ છે આ પ્રકારે એથી કહ્યો કે આજના જીવોને વિશ્વાસ દઢ થતો નથી, બધા ચિન્હોને જુએ સાંભળે ત્યારે વિશ્વાસ થાય, ત્યારે ફલ સિદ્ધ થાય અને ત્યારે ભાવ વધે તેથી ખોલીને કહ્યું.

વાર્તાપ્રસંગ ૧ : જમુનાવતામાં કુંભનદાસ રહેતા. ત્યાં પરાસોલી ચંદ્રસરોવર ઉપર કુંભનદાસના બાપદાદાનાં ખેતર હતાં, ત્યાં કુંભનદાસજી ખેતી કરતા. પરાસોલીમાં કુંભનદાસના ખેતી માટે ઘણું રહેતા હતા. એમને બાલપણથી ગૃહાશક્તિ ન્હોતી. જૂઠું બોલતા નહીં અને પાપાદિક કર્મ ન કરતા સીધા વ્રજવાસીની રીતિથી રહેતા જ્યારે કુંભનદાસજી મોટા થયા ત્યારે 'જેત' ગામની પાસે બહુલાવન છે ત્યાં કુંભનદાસનું લગ્ન થયું તે સ્ત્રી સાધારણ આવી. લીલા સંબંધી તો ન હતી, પરંતુ કુંભનદાસ સરખા વૈષ્ણવ ભગદીયનો સંગ નિષ્ફળ જાય નહીં. તેથી ઉદ્ધાર થશે પરંતુ હજી ગોવર્ધનનાથજી શ્રીગિરિરાજ ઉપર પ્રકટ્યા નથી જ્યારે ગોવર્ધનનાથજી શ્રીગિરિરાજ ઉપર પ્રકટ થઈને શ્રીઆચાર્યજીને પોતાથી પાસે બોલાવશે ત્યારે શ્રીઆચાર્યજી પોતે તેમને શરણે લેશે. અને ત્યારે એ ભગવદીય પ્રસિદ્ધ થશે.

એક સમય આચાર્ય પોતે પૃથ્વી પરિકમ્મા કરતા દક્ષિણમાં ઝારખંડમાં પધાર્યા ત્યારે શ્રીગોવર્ધનનાથજી શ્રીઆચાર્યજીને કહે કે અમે શ્રીગોવર્ધનમાં પ્રકટયા છીએ તેથી આપ અહીં આવીને અમને બહાર પધરાવીને અમારી સેવા જગતમાં પ્રકટ કરી પ્રકાશ કરો. ત્યાં શ્રીઆચાર્યજી પોતે પૃથ્વી પરિકમ્મા ત્યાં ઝારખંડમાં રાખીને સીધા વ્રજમાં પધાર્યા ત્યારે દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન, માધવભટ્ટ, નારાયણદાસ અને રામદાર સિકંદરપુરવાળા એ પાંચ સેવકો શ્રીઆચાર્યજીની સાથે હતા શ્રીઆચાર્યજી શ્રીગિરિરાજ પર્વતની નીચે અન્યોરમાં સદુપાંડેના દ્વાર ઉપર ચોતરો હતો તેની ઉપર આવી બિરાજ્યા પછી ગોવર્ધનનાથજીના પ્રાકટ્યનો પ્રકાર શ્રીઆચાર્યજીએ સાદુપાંડે અને એમના ભાઈ માણેકચંદ પાંડે. નરો ભવાની એ બધા જે સેવક હતા તેમને પૂછ્યો. તે બધો પ્રકાર ઉપર સદુપાંડેની વાર્તામાં કહી આવ્યા છીએ. પછી રામદાસ ચૌહાણ પૂછરી સામે ગુફામાં રહેતા તે સેવક થયા. તેમને શ્રીઆચાર્યજીએ શ્રીગોવર્ધનનાથજીની સેવા સોંપી રામદાસ વ્રજવાસી આદિ બીજા સેવક થયા. એ કુંભનદાસ જનમાવતા ગામમાં રહેતા હતા. ત્યાં એમણે સમાચાર સાંભળ્યા કે એક મોટા મહાપુરુષ

આન્યોરમાં આવ્યા છે એમણે શ્રીગોવર્ધનનાજી શ્રીઠાકુરને ગોવર્ધન પર્વતમાંથી પ્રકટ કર્યા છે, અને સદ્દુપાંડે આદિ વ્રજવાસી ઘણા લોકો સેવક થયા છે. ત્યારે કુંભનદાસ એ સાંભળીને પોતાની સ્ત્રીને કહે કે અન્યોરમાં જીને શ્રીઆચાર્યજીના સેવક થઈએ. એમની કૃપાથી શ્રીઠાકુરજી કૃપા કરશે. ત્યારે સ્ત્રીએ કહ્યું કે હું પણ ચાલીશ. મારે કોઈ સંતતિ, બેટા નથી, એ મહાપુરુષ આપે તો થાય. આ પ્રકારે વિચાર કરીને બન્ને જણાએ શ્રીઆચાર્યજીની પાસે આવીને દંડવત કર્યા. વિનંતી કરી કે મહારાજ ! ઘણા દિવસથી ભટકતો હતો હવે આપ મારા ઉપર કૃપા કરો, કુંભનદાસ તો દૈવી જીવ છે, તેથી શ્રીઆચાર્યજીના દર્શન કરી શ્રીઆચાર્યજીના સ્વરૂપનું જ્ઞાન થઈ ગયું, પછી શ્રીઆચાર્યજી પોતે કુંભનદાસને કહે કે તમે સ્ત્રી પુરુષ બન્ને જણ સંકર્ષણ કુંડમાં ન્હાઈને શ્રીઆચાર્યજી પાસે આવે. ત્યારે શ્રીઆચાર્યજીએ પોતે કુંભનદાસ અને એમની સ્ત્રીને નામ સંભળાવ્યું. ત્યારે સ્ત્રીએ શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે મહારાજ ! આપ મહાપુરુષ છો, મારે બેટા નથી, તેથી કૃપા કરો ત્યારે શ્રીઆચાર્યજી કૃપા કરીને કહે, તારે સાત બેટા થશે ત્યાં તે સ્ત્રી પોતાના મનમાં બહુ પ્રસન્ન થઈ, ત્યારે કુંભનદાસે પોતાની સ્ત્રીને કહ્યું કે આ શું તેં શ્રીઆચાર્યજી પાસે માંગ્યું ? શ્રીઠાકુરજી માગતી તો શ્રીઠાકુરજી દેતા. ત્યારે સ્ત્રીએ કહ્યું કે મને જે જોઈતું હતું તે મેં માગ્યું, અને જે તમારે જોઈએ તે તમે માગી લો, ત્યારે કુંભનદાસ ચૂપ રહ્યા.

પછી શ્રીઆચાર્યજી પોતે શ્રીગોવર્ધનધરનું નાનું સરખું મંદિર બનાવરાવીને તે મંદિરમાં શ્રીગોવર્ધનધરને પધરાવીને, રામદાસ ચૌહાણને સેવાને આજ્ઞા આપી. ત્યારે રામદાસ, સદ્દુપાંડે આદી વ્રજવાસી બધું સીધું સામગ્રી લઈ આવતા. એ રીતે શ્રીગોવર્ધનધરને પધરાવીને રામદાસ ચૌહાણને સેવાની આજ્ઞા આપી. પછી રામદાસ, સદ્દુપાંડે આદી વ્રજવાસી બધું સીધું સામગ્રી લઈ આવતા, તે દૂધ દહીં માખન શ્રીગોવર્ધનનાથજીને ભોગ ધરીને તે મહાપ્રસાદથી નિર્વાહ કરતા. વળી વ્રજવાસી સેવક, કુંભનદાસ આદી ભક્ત હતા તેમને શ્રીઆચાર્યજીએ આજ્ઞા કરી કે આ શ્રીગોવર્ધનનાથજી અમારું સર્વસ્વ છે તેથી એમની સેવામાં તમે તત્પર રહેજો, અને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યા વિના મહાપ્રસાદ ન લેતા. અને શ્રીગોવર્ધનનાથજીની સેવા સાવધાનીથી કરજો. એ કુંભનદાસ કીર્તન બહુ જ સુંદર ગાતા. કંઠ પણ એમનો બહુ સુંદર હતો. તેથી કુંભનદાસને શ્રીઆચાર્યજી પોતે કહે કે તમે સમય સમયના કીર્તન નિત્ય શ્રીગોવર્ધનનાથજીને સંભળાવજો. પ્રાતઃકાલ શ્રીઆચાર્યજી ગોવર્ધનનાથજીને જગાવીને કુંભનદાસને કહે, કે કંઈ ભગવલ્લીના વર્ણન કરો. ત્યારે કુંભનદાસે શ્રીગોવર્ધનનાથજીને દંડવત કરીને પહેલાં આ પદ ગાયું. પદ-

રાગ બિલાવ-સાંજ કે સાંચે બોલ તિહારે ॥
રજની અનત જગે નંદનંદન, આએ નિપટ સવારે ॥
આતુર ભએ નીલ પટ ઓઢે, પીયરે બસન બિસારે ॥
'કુંભનદાસ' પ્રભુ ગોવર્ધનધર, ભલે બચન પ્રતિપારે ॥

આ કીર્તન કુંભનદાસના મુખથી સાંભળીને શ્રીઆચાર્યજી પોતે કહે, કે કુંભનદાસ ! નિકુંજ લીલા સંબંધી રસનો અનુભવ થયો ! ત્યારે કુંભનદાસે દંડવત કરીને કહ્યું કે મહારાજ ! આપની કૃપાથી થયો. ત્યારે શ્રીઆચાર્યજી પોતે કહે, તમારા મોટા ભાગ્ય છે કે પ્રથમ જ પ્રભુએ તમને પ્રમેય બલનો અનુભવ જણાવ્યો. તેથી તમે સદા હરિરસમાં મગ્ન રહેશો ત્યારે કુંભનદાસે વિનંતી કરી કે મહારાજ ! મને તો

સર્વોપરી આ જ રાસનો અનુભવ કૃપા કરીને આપો. તેથી કુંભનદાસે તો બધાં કીર્તનો યુગલ સ્વરૂપ સંબંધી કર્યા છે. વધાઈ, પલના, કે બાલલીલા ગાઈ નહીં, એવા કૃપાપાત્ર ભગવદીય થયાં. એ પ્રકારે કુંભનદાસજી આદી વૈષ્ણવ ઉપર કૃપા કરી શ્રીઆચાર્યજી દક્ષિણના ઝારખંડમાં પૃથ્વી પરિક્મ્મા છોડીને પધાર્યા હતા. તે ફરી જીવોની ઉપર કૃપા કરવાને માટે પરિક્મ્મા કરવા પધાર્યા.

વાર્તાપ્રસંગ ૨ : અન અહીં કુંભનદાસજી નિત્ય સવારે જમુનાવતાથી શ્રીગિરિરાજ ઉપર શ્રીગોવર્ધનન્નાથજીના દર્શને આવતા. ત્યારે સમય સમયના કીર્તનો કરતા. શ્રીગોવર્ધનનાથજી પોતે કુંભનદાસને સાનુભાવ જણાવતા. સાથે રમવા લાગ્યા અને ખેલની વાર્તા કરતા. પછી થોડાક દિવસમાં એક યૌવનનો ઉપદ્રવ થયો. એ બધાં ગામોને લૂંટતો મારતો પશ્ચિમથી આવ્યો, તેનો મુકામ શ્રીગિરિરાજથી પાંચ ગાઉ આગળ થયો, ત્યારે સદુપાંડે, માણેકચંદ પાંડે, રામદાસજી, અને કુંભનદાસજી એ ચારે વૈષ્ણવોએ પોતાના મનમાં વિચાર કર્યો કે આ યવન ખરાબ આવ્યો છે. એ ભગવદ્ધર્મનો દ્વેષી છે. તેથી શો વિચાર કરવો ? એ ચારે વૈષ્ણવો શ્રીનાથજીના અંતરંગ હતા. એમનાથી શ્રીગોવર્ધનનાથજી વાર્તા કરતા. તેથી એ ચારે વૈષ્ણવોએ મંદિરમાં જઈને શ્રીનાથજીને પૂછ્યું, કે મહારાજ ! મહારાજ ! હવે શું કરીએ ? ધર્મવો દ્વેષી યવન લૂંટતો લૂંટતો આવે છે, તેથી આપ કૃપા કરીને આજ્ઞા કરો તેમ કરીએ. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ એ આજ્ઞા કરી કે અમને તમે ટોંડના ઘનામાં પધરાવીને લઈ ચાલો અમારું મન ત્યાં પધરાવાનું છે ત્યારે ચારે વૈષ્ણવોએ વિનંતી કરી કે મહારાજ ! આ સમયે સવારી કઈ જોઈએ ? ત્યારે શ્રીગોવર્ધનનાથજી કહે કે સદુપાંડેના ઘરે પાડો છે તે લઈ આવો. તેની ઉપર ચઢીને ચાલીસ. પછી સદુપાંડે તે પાડાને લઈ આવ્યા. ત્યારે શ્રીગોવર્ધનનાથજી એ પાડા ઉપર ચઢીને પધાર્યા.

ભાવપ્રકાશ : એ પાડો દૈવી જીવ હતો. એ લીલામાં શ્રીવૃષભનાજીના ઘરની માલણ છે. નિત્ય ફૂલોની માળા શ્રીવૃષભનાજીના ઘરે કરીને લઈ આવતી. લીલામાં 'વૃંદા' એનું નામ છે. એક દિવસ શ્રીસ્વામિનીજી બગીચામાં પધાર્યા ત્યારે વૃન્દાની પાસે એક બેટી હતી, તે તેને ખવડાવતી હતી. એથી એમણે ઊઠીને ન તો દંડવત કર્યા અને ન સમાધાન કર્યું, તો પણ શ્રીસ્વામિનીજીએ કંઈ કહ્યું નહીં. તે પછી શ્રીસ્વામીજીએ વૃન્દાને કહ્યું, કે તું શ્રીનંદરાયજીના ઘરે જઈને શ્રીઠાકુરજીને ઈસારતથી અમારું અહીં પધરાવવાનું કહેજે. ત્યારે શ્રીસ્વામિનીજીનાં વચન સાંભળીને વૃંદાએ કહ્યું, કે હમણાં મારે માળા કરીને શ્રીવૃષભનાજીને મોકલવી છે, તેથી હું તો જતી નથી. એ વચન સાંભળીને સ્વામિનીજીએ કહ્યું કે હું જ્યારે આવી ત્યારે તેં ઊઠીને સન્માન પણ ન કર્યું. અને એક કાર્ય કહ્યું તે પણ તારાથી ન બન્યું, તેથી તું આ બગીચામાં રહેવા યોગ્ય નથી. અને તું અહીંથી (લીલામાંથી) પ. ભુતલમાં. અને પાડાનો જન્મ લે. એ શાપ શ્રીસ્વામિનીજીએ તે માલણને આપ્યો. ત્યારે તો એ માલણ શ્રીસ્વામિનીજીના ચરણાવિંદમાં જઈ પડી અને બહુ જ વિનંતી સ્તુતિ કરવા લાગી, અને કહ્યું કે હવે આ કૃપા કરો કે જેથી કરી હું અહીં આવું ત્યારે તારો અંગીકાર થશે. પાડાનો દેહ છોડીને સખી દેહ ધરીને ફરી આ બાગની માલણ થઈશ. એ પ્રકારે એ માલણ સદુપાંડેના ઘરમાં પાડો થઈ.

તે જ ભેંસાના ઉપર શ્રીનાથજી પોતે ચડીને ટોંડના ઘરે પધાર્યા, ત્યારે શ્રીગોવર્ધનનાથજીને એક તરફથી રામદાસજી થાંભીને ચાલે અને બીજી તરફથી સદુપાંડે થાંભી રહે, અને કુંભનદાસ અને માણેકચંદ પાંડે વચમાં થાંભીને ચાલતા, તે માર્ગમાં કાંટા ઘણા લાગ્યા. વસ્ત્રો બધાં ફાટી ગયાં, બહુ દુઃખ પામ્યા.

એ ટોંડના ઘનાની વચમાં એક નિકુંજ છે, ત્યાં નદી (સરોવર) છે. કુંભનદાસ અને માણકેચંદ પાંડે એ બેઉ જણા શ્રીનાથજીની આગળ માર્ગ બતાવે. લતા-કાંટા ખસેડતા જતા. એ પ્રકારે ટોંડ ના ઘનાની અંદર એક ચબૂતરો છે, ત્યાં નાનું સરખું સરોવર છે અને એક ગોળ ચોક મંડળાકાર છે ત્યાં આવ્યા. પછી રામદાસજી અને કુંભનદાસજી શ્રીનાથજીને પૂછે કે આપ ક્યાં બિરાજશો ? ત્યારે શ્રીનાથજીએ પોતે આજ્ઞા કરી કે આ જ ચબૂતરા ઉપર બિરાજીશું. ત્યારે શ્રીનાથજીની નીચે પાડાની ઉપર જે ગાદી નાખી હતી તે જા ગાદી ચબૂતરા ઉપર બિછાવી તેની ઉપર શ્રીનાથજીને પધરાવ્યા.

પછી શ્રીનાથજીએ રામદાસજીને આજ્ઞા કરી કે તમે કંઈ ભોગ ધરીને અલગ ઊભા રહો. ત્યારે રામદાસજી તથા કુંભનદાસજી મનમાં વચારે કે કોઈ વ્રજવભક્તોનો મનોરથ પૂરણ કરવાને માટે અહીં લીલા કરી છે, પછી રામદાસજીએ થોડી સામગ્રી ભોગ ધરી ત્યારે શ્રીગોવર્ધનનાજી કહે બધી સામગ્રી ધરી દો. તે રામદાસજી ઉતાવળમાં બશેર આટાનો શીરો કરીને લાવ્યા હતા તે બધો ભોગ ધર્યો. પછી રામદાસજી શ્રીગોરવર્ધનનાથજીને કહે, કે બધી સામગ્રી ભોગ ધરી, પરંતુ અહીં રહેવું હોય ત્યારે શું કરીશું ? ત્યારે શ્રીગોવર્ધનનાથજી કહે કે અહીં રહેવું નથી આટલું જ કામ હતું. પછી કુંભનદાસ સહિત સદુપાંડે, માણકેચંદ પાંડે અને રામદાસજી એ ચારે જણ એક વૃક્ષની ઓંટમાં જઈ બેઠા. ત્યારે નિકુંજની અંદર શ્રીસ્વામિનીજીએ પોતાના હાથથી મનોરથની સામગ્રી કરી હતી તે લઈને શ્રીગોવર્ધનનાથજીની પાસે પધાર્યા. પછી મળીને ભોજન કરવાનો વિચાર કર્યો તે સામગ્રી કરતાં રંચક શ્રીસ્વામિનીજીને શ્રમ થયો. તે શ્રીગોવર્ધનનાથજીએ પોતે શ્રીમુખથી કુંભનદાસને આજ્ઞા કરી કે, કુંભનદાસ ! તું કંઈ આ સમયે કીર્તન ગાય તો મન પ્રસન્ન થાય, હું સામગ્રી આરોગું છું તે તું કીર્તન ગાય ત્યારે કુંભનદાસે પોતાના મનમાં વિચાર્યું કે પ્રભુનું મન કંઈ હાસ્ય પ્રસંગે સાંભળવાનું છે. વળી કુંભનદાસ આદિ ચારે વૈષ્ણવ ભૂખ્યા હતા અને કાંટા પણ વાગ્યા હતા, તેથી તે સમયે કુંભનદાસે એક પદ ગાયું તે પદ-

રાગ સારંગ : ભવતિ હે તોહિ ટોંડ કો ઘનો । કાંકા લાગે ગોખરું ભાગે ફટ્યો જાત યહ તનો ॥૧॥ સિંહે કહા લોકરી કો ડર, **યહ** કહા બાનિક બન્યો । 'કુંભનદાસ તુમ ગોવલર્ષનધર, વહ કોન રાંડ ઢેઢની કો **જન્મા** ॥૨॥

એ કીર્તન સાંભળીને શ્રીગોવર્ધનનાથજી અને શ્રીસ્વામિનીજી ઘણા પ્રસન્ન થયા. બધા વૈષ્ણવો પણ પ્રસન્ન થયા તે પછી માળાના સમયે કુંભનદાસજીએ આ પદ ગાયું. તે પદ—

રાગ માલકોસ : બોલત શ્યામ મનોહર બેઠે કમલ ખંડ ઓર કદમકી છૈયાં । કુસુમતિ દ્રુમ અલિ પીક ગુંજત, કોકિલા કલ ગાવત તહિયાં ॥૧॥ સુનત દુતિકાકે બચન માધુરી ભયો હુલાસ તન મન મહિયાં ॥ 'કુંભનદાસ પ્રભુ' બ્રજ જુવતિ મિલન ચલી, રસિક કૂંવર ગિરિધર પહિયાં ॥૨॥

એ પદ કુંભનદાસે ગાયું. એ સાંભળીને શ્રીગોવર્ધનનાથજી પોતે ઘણા પ્રસન્ન થયા ત્યારે શ્રીસ્વામિનીજીએ શ્રીગોવર્ધનધરને પૂછ્યું કે તમે ક્યાં પ્રકારે પધાર્યા ? ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે સદુપાંડેના ઘરે પાડો હતો તેના ઉપર ચઢીને પધાર્યા છીએ ત્યારે શ્રીગોવર્ધનનાથજીનાં વચન સાંભળીને શ્રીસ્વામિનીજી પોતે એ પાડાની તરફ જોઈને કૃપા કરીને કહે, કે આ તો મારા બાગની માલણ છે. તે મારી અવજ્ઞાથી પાડો થઈ, પરંતુ આજે એણે સારી સેવા કરી, તેથી હવે એનો અપરાધ નિવૃત્ત થયો.

એ રીતે કહી વિવિધ પ્રકારની કેલી ટોંડના ઘનામાં કરીને શ્રીસ્વામિનીજી બરસાના પધાર્યા.

ભાવપ્રકાશ : ત્યાં કાંટા ઘણા હતા તેથી શ્રીસ્વામિનીજી ત્યાં કેવી રીતે પધાર્યા ? એવી શંકા થાય ત્યાં કહે છે કે એ વ્રજનાં વૃક્ષ ધરમ સ્વરૂપાત્મક છે, જ્યાં જેવી ઈચ્છા હોય ત્યાં તેવી કુંજલતા ફલ-ફૂલ થઈ જાય છે. ક્યારેક બધા કાંટા તો આ લૌકિક લોકોને દેખાય છે. કુંજમાં બધા વ્રજભક્તો સહિત શ્રીઠાકુરજી પોત લીલા કરે છે. ત્યાં ગોપોને અને મર્યાદાવાળાને આ કાંટાની આડ થાય છે. નહીં તો સઘન ઘન બની જાય છે. વ્રજના ભક્તો સદા સેવામાં તત્પર રહે છે, તેથી આમાં સંદેહ નથી. અને શ્રીગોવર્ધનનાથજી પાડા ઉપર ચઢીને ટોંડના ઘનામાં પધાર્યા તે સમયે ચાર વૈષ્ણવો સાથે હતા ત્યારે માર્ગમાં વ્રજવાસી લોકો ઘણા મળતા પણ તે શ્રીગોવર્ધનનાથજીને જુએ નહીં જાણે કે પાડો લઈ ચાર જણ જાય છે. જો કાંટા ન હોય તો બધા વ્રજવાસી ત્યાં આવે. એ પ્રકારે કેવળ વ્રજભક્તોને સુખ દેવાને માટે શ્રીઠાકુરજીનો લીલા રસ છે. લૌકિકમાં ડરીને સંતાઈને પધારવું એ રસ છે. ઈશ્વરતાનો ભાવ વિચારવો નથી. ઈશ્વરતા વિચારીએ તો ભાગવું કેવું ? ડર જ્યાં માધુર્ય રસ છે ત્યાં છે. ઈશ્વરતામાં ડર નથી. આ પ્રકારની દૃષ્ટિથી જે રસિકજનો જુએ છે તેમને આનંદ ઉપજે છે. માટે જ્ઞાનનેત્રો (અલૌકિક નેત્રો)થી લીલા રસનો અનુભવ થાય છે.

જ્યારે શ્રીસ્વામિનીજી બરસાના પધાર્યા ત્યારે ચારે ભગવદીયોને શ્રીગોવર્ધનનાથ પોતાની પાસે બોલાવ્યા.

ભાવપ્રકાશ : ત્યાં આ સંદેહ થાય કે એ ભગવદીયો તો અંતરંગ છે. જ્યારે તેમને લીલાનો અનુભવ છે તે પછી શ્રીગોવર્ધનનાથજીએ એમને અલગ ઓટમાં કેમ વિદાય કર્યા ? ત્યાં કહે છે કે એ ભગવદીય યદ્યપિ સખી રૂપથી લીલાનાં દર્શન કરે છે તો પણ તેઓ હોય તો લજ્જા સંકોચ રહે. તેથી જ નિકુંજમાં જ્યારે બન્ને સ્વરૂપો લીલા કરે છે ત્યારે સખી બધી જાલરંધે લતાઓની આડમાં રહીને લીલાના સુખનું અવલોકન કરે છે. તેથી ગોવર્ધનનાથજીએ ભગવદીયોને થોડીક ઓટમાં બેસાડ્યા હતા, પછી બોલાવ્યા.

પછી જ્યારે વૈષ્ણવો આવ્યા ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ સદુપાંડેને કહ્યું કે હવે જુઓ, ઉપદ્રવ મટ્યો ? ત્યારે પાંડે ટોંડના ઘનેથી બહાર આવ્યા. એટલામાં શ્રીગોવર્ધનથી સમાચાર આવ્યા કે એ યવનની ફોજ આવી હતી તે પાછી ગઈ છે. ત્યારે સદુપાંડેએ આવીને શ્રીગોવર્ધનનાથજીને કહ્યું કે એ યવનની ફોજ તો ભાગી ગઈ. ત્યારે શ્રીગોવર્ધનધર કહે તો હવે મને ગિરિરાજ ઉપર મંદિરમાં પધરાવો ત્યારે શ્રીગોવર્ધનનાથજીને પાડા ઉપર બેસાડ્યા. પછી ચારે વૈષ્ણવોએ શ્રીનાથજીને શ્રીગિરિરાજ પર્વત ઉપર પધરાવ્યા. પાડો પર્વતથી ઊતરીને દેહ છોડીને ફરી લીલામાં પ્રાપ્ત થયો. પછી બધા વ્રજવાસી શ્રીગોવર્ધનનાથજીના દર્શન કરીને બહુ જ પ્રસન્ન થયાં અને કહેવા લાગ્યા કે ધન્ય છે દેવદમન ! જે એમના પ્રતાપથી એવો ઉપદ્રવ થયો હતો તે એક ક્ષણમાં મટી ગયો ત્યારે કુંભનદાસે શ્રીનાથજી આગળ આ પદ ગાયું તે પદ-

રાગ શ્રીરાગ : જયતી જયતી હરિદાસવર્યધરને ॥ વારી વૃષ્ટિ નિવારી, ધોખ આરતી ટારિ, દેવપતિ માન ભંગ કરીને ॥૧॥ જયતી પટ પીત દામિની રુચિર વર મૃદુલ અંગ સાંવલ જલદ વરને કર

અધર બેનુ ધરિ, ગાન કલ રઘુ, શબ્દ, સહજ, બ્રજ યુવતી જન ચિત્ત હરને ॥૨॥ જયતી વૃંદા બિપિન, ભૂમિ ડોલનિ અખિલ લોકવંદનિ અંબુરુહ ચરને ॥ તરનિ તનયા-તીર વિહાર નંદગોપ-કુમાર, દાસકુંભન નમતિ તુવ શરને ॥૩॥

રાગ શ્રીરાગ : કૃષ્ણ તરની તનયા તીર રાસમંડલ રચ્યો, અધર કર મધુર સુર બેનુ બાજે ॥ જુવતી જન જુથ સંગ, નિર્તત અનેક રંગ, નિરખિ અભિમાન કામ તજિ લાજે ॥૧॥ શ્યામ તન પીત કૈશેય સુભ પદ નખ ચન્દ્રિકા સકલ ભુવ તિમિર ભાજે ॥ લલિત અવતંસ ભુવ ધનુસ લોચન ચપલ, ચિતવની મનો મદનબાન સાજે ॥૨॥ મુખર મંજીર કટિ કિંકની કુનીત રવ બચન ગંભીર મનુ મેઘ ગાજે ॥ 'દાસ કુંભન' નાથ હરિદાસ વર્યધર નખસિખ સ્વરૂપ અદ્‌ભુત બિરાજે ॥૩॥

એવા કીર્તન કુંભનદાસે શ્રીગોવર્ધનનાથજીને ઘણાં સંભળાવ્યાં. એ સાંભળીને શ્રીગોવર્ધનનાથજી કુંભનદાસ ઉપર ઘણા પ્રસન્ન થયા. એ કુંભનદાસજીનાં પદ જગતમાં પ્રસિદ્ધ થયાં.

વાર્તાપ્રસંગ ૩ : કુંભનદાસે બહુ પદ બનાવ્યાં તે જ્યાં ત્યાં લોકો ગાવા લાગ્યા. તે પછી એક ગવૈયો કુંભનદાસજીનું એક પદ શીખ્યો. તે તેણે દેશાધિપતિની આગળ ગાયું. પછી ફતેપુર સીકરીમાં દેશાધિપતિનો મુકામ હતો ત્યાં તેણે એ પદ ગાયું. તે પદ-

રાગ ધનાશ્રી : દેખરી આવની મદન ગોપાલ કી ॥ સક્રવાહનગતિ નીરખ લાજત ગજગતિ અનુપ લટક ચાલકી ॥૧॥ શ્યામ તન કટિ બસન મન હરન સુંદરતા ઉર શ્રીમાલ કી । ભોંહ ધનુષ સજિ મનહુ મદન સર ચિતવની લોચન વિસાલકી ॥૨॥ રેનુમંડિત કુંતલ અલક શોભા કેસર કો તિલક ભાલ કી ॥ દાસ કુંભન ચારુ દાસ મોહે જગત, ગોવર્ધનધર કુંવર રસાલ કી ॥૩॥

એ કીર્તન સાંભળીને દેશાધિપતિનું મન એ પદમાં ચોંટી ગયું. તથા માથું ધુણાવ્યું. અને કહ્યું કે એવા એવા મહાપુરુષ ભૂમિ ઉપર થઈ ગયા કે જેમને એવાં દર્શન પરમેશ્વરનાં થતાં, ત્યારે એ ગવૈયાએ દેશાધિપતિને કહ્યું કે સાહેબ ! એ મહાપુરુષ એ પદના કરવાવાળા અહીં જ છે ત્યારે એ દેશાધિપતિએ તે ગવૈયાના ઉપર બહુ પ્રસન્ન થઈને પૂછ્યું કે તે મહાપુરુષ કયાં છે ? ત્યારે કલાવતે કહ્યું, કે શ્રીગોવર્ધનની પાસે જમનાવતા ગામ છે, ત્યાં આ મહાપુરુષ રહે છે અને કુંભનદાસજી એમનું નામ છે ત્યારે દેશાધિપતિએ કહ્યું એમને અહીં જ બોલાવો, અમે એમને મળીશું. પછી દેશાધિપતિએ પોતાના મનુષ્ય અને બધી પ્રકારની અસવારી કુંભનદાસને લેવા માટે તે જમનાવતા ગામમાં મોકલી. જ્યારે એ મનુષ્યો અસવારી લઈને જમનાવતા સીમમાં આવ્યા તે સમયે કુંભનદાસજી જમનાવતા ગામમાં તો હતા નહીં. પરાસોલી ચંદ્રસરોવર પોતાના ખેતર ઉપર બેઠા હતા, એ મનુષ્યોએ જમનાવતામાં આવીને પૂછ્યું, પછી ખબર કાઢીને ગામમાંથી એક મનુષ્યને લઈને એ લોકો કુંભનદાસજી પાસે આવ્યા, ત્યારે દેશાધિપતિના મનુષ્યોએ આવીને કુંભનદાસજીને કહ્યું, કે તમને દેશાધિપતિએ બોલાવ્યા છે. ત્યારે કુંભનદાસજીએ કહ્યું, અમે તો ગરીબ વ્રજવાસી છીએ, અમારું દેશાધિપતિને શું કામ છે કે હું ચાલુ ? ત્યારે દેશાધિપતિના મનુષ્યોએ કહ્યું કે બાવા સાહબ ! અમે તો કંઈ સમજતા નથી. અમને તો હુકમ છે કે તમે કુંભનદાસજીને લઈ આવો. આ ઘોડા, પાલખી તમારી સવારીને માટે આવ્યા છે તેમના પર સવાર થઈને ચાલો. અમે આવ્યા છીએ અને દેશાધિપતિએ મોકલ્યા છે. અમે તમને લઈને જઈશું. અને જો ન

લઈ જઈએ તો દેશાધિપતિનો હુકમ ટળે, તો દેશાધિપત અમને મરાવી નાખે, તેથી આપ ચાલો, અને એમને મળીને ચાલ્યા આવો. ત્યારે કુંભનદાસે પોતાના મનમાં વિચાર કર્યો કે આપદા આવી છે તેથી હવે ગયા વિના નહીં ચાલે. આપદા આવે તે પણ ભોગવવી.

પછી દેશાધિપતિએ જે સવારી મોકલી હતી અને તેની સાથે જે મનુષ્યો આવ્યા હતા એમણે કહ્યું કે બાવા સાહબ ! ઘોડા તથા પાલખી ઉપર ચઢીને જલદી ચાલો. ત્યારે કુંભનદાસે એ મનુષ્યોને કહ્યું કે હું તો ક્યારેય સવારીમાં બેઠો નથી. અમને કંઈ કહેશો નહીં, અમે જોડા પહેરીને પગે ચાલીશું, ત્યારે એ મનુષ્યોએ બહુ વિનંતી કરી, પરંતુ કુંભનદાસ સવારીમાં બેઠા નહીં, જોડા પહેરીને પગે ચાલ્યા. તે ફતેપુર સીકરીમાં દેશાધિપતિના મુકામની પાસે પહોંચ્યા ત્યારે દેશાધિપતિને ખબર કરાવી કે કુંભનદાસજી મહાપુરુષ આવ્યા છે. એટલે દેશાધિપતિએ કુંભનદાસને અંદર બોલાવ્યા ત્યારે અંદર ગયા, પછી દેશાધિપતિએ કહ્યું કે બાવા સાહબ ! આગળ આવો. ત્યારે કુંભનદાસજી લંગોટ પહેરીને ફાટી મેલી પાગ, પિછોડા, તૂટેલા જોડા સહિત દેશાધિપતિની આગળ જઈ ઊભા રહ્યા. ત્યારે દેશાધિપતિએ કહ્યું કે બાવા સાહબ ! બેસો એ સમયે ત્યાં જડાવની રાવટી હતી, તેમાં મોતીની ઝાલેરી લટકી રહી હતી અને સુગંધની મહેક આવે છે. પરંતુ કુંભનદાસજીના મનમાં બહુ દુઃખ છે કે જાણે જીવતા નરકમાં બેઠો છું. અને વિચાર્યું કે આનાથી તો મારા વ્રજનાં વૃક્ષો સારાં છે કે જ્યાં સાક્ષાત શ્રીગોવર્ધનધર ખેલે છે. એ પ્રકારે કુંભનદાસજી પોતાના મનમાં વિચાર કરતા હતા, એટલામાં દેશાધિપતિ બોલ્યા, કે બાવા સાહબ ! તમે વિષ્ણુ પદ ઘણાં ગાઓ ત્યારે દેશાધિપતિના વચન સાંભળીને એક તો કુંભનદાસજી મનમાં બળી રહ્યા અને બીજું દેશાધિપતિએ ગાવાનું કહ્યું. તેથી કુંભનદાસના મનમાં બહુ ખોટું લાગ્યું. ત્યારે કુંભનદાસે પોતાના મનમાં વિચાર કર્યો કે ગાયા વિના છૂટકારો થશે નહીં, અને આ યવનની આગળ શ્રીઠાકુરજીની લીલાના પદ તો ગવાય નહીં. તેથી હું શું ગાઉં ? મારી વાણીના સાંભળવાવાળા તો શ્રીગોવર્ધનનાથજી છે. અને આ યવને મને બોલાવીને શ્રીગોવર્ધનનાથજી વિયોગ કરાવ્યો છે, તેથી આને કંઈ સાંભળવું છે. એને ખોટું લાગે તો સારું. અને ખોટું લગાડીને એ મારું શું કરશે ? ત્યારે કુંભનદાસજીના મનમાં એ વાત આવી, "જાકો મનોહન અંગીકાર કરે, એકો કેસે ખસે નહીં શરતે જો જગ વેર પડે." એ વિચારી એક નવું પદ કુંભનદાસે દેશાધિપતિની આગળ ગાયું, તે પદ—

રાગ સારંગ : ભક્તન કોં કહા સિકરી કામ આવત જાત પન્હૈયા ટ્રટી બીસર ગયો હરિ નામ ॥૧॥ જાકો મુખ દેખે દુઃખ ઉપજે, તાંકો કરનો પર્યો પ્રણામ કુંભનદાસ લાલ ગિરિધર બીનુ યહ સબ જૂઠો ધામ ॥૨॥

આ પદ કુંભનદાસજીએ ગાયું એ સાંભળીને દેશાધિપરતિ પોતાના મનમાં બહુ બળ્યો. પછી એણે પોતાના મનમાં વિચાર્યું એમને કંઈ લેવાને લાલચ હોય તો એ મારી ખુશામદ કરે. એમને તો પોતાના ઈશ્વરથી કામ છે. એ વિચારીને અકબર બાદશાહે કુંભનદાસને કહ્યું કે બાવા સાબ ! મને આજ્ઞા ફરમાવો તે હું કરું ત્યારે કુંભનદાસે કહ્યું કે આજ પછી મને કદી બોલાવતા નહીં. ત્યારે દેશાધિપતિએ કુંભનદાસને વિદાય કર્યા. પછી કુંભનદાસ ત્યાંથી ચાલ્યા, તે મારગમાં આવતા કુંભનદાસના માનમાં શ્રીગોવર્ધનનાથજીનો વિરહ ક્લેશ બહુ થયો કે હવે શ્રીગોવર્ધનનાથજીનું મુખ ક્યારે જોઈશ ? એમ વિચાર કરતા માર્ગમાં આવતાં કુંભનદાસે વિરહનું પદ ગાયું તે પદ-

રાગ ધનાશ્રી કબ કહોં દેખિ હોં ઇન નેનન સુંદર શ્યામ મનોહાર મૂરતી અંગ અંગ સુખ દેનન ।।૧।। વૃંદાવન વિહાર દિન દિન પ્રતિ ગોપ-વૃંદ સંહ લેનન હસિ હસિ હરખિ પતૌબની પીવન બાંટી બાંટી પય ફેનન ।।૨।। ‘કુંભનદાસ’ કેતે દીન બીતે કીએ રેન મુખ સૈનન । અબ ગિરિધર બીનુ નીસ અરુ બાસર, મન ન પરત કહ્યું ચેને ।।

એવા પદો મારગમાં ગાતાં કુંભનદાસે શ્રીગિરિરાજ ઉપર આવી શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં. તે બે પ્રહર વીત્યા, તેમાં કુંભનદાસને જાણે બે યુગ વીત્યા તે પછી શ્રીગોવર્ધનનાથજીનું શ્રીમુખ જોતાં જ તેઓ બધું દુઃખ વિસરી ગયા, તે સમયે કુંભનદાસે એક પદ ગાયું-

રાગ ધનાશ્રી : નૈન ભરી દેખ્યો નંદકુમાર ।। તા દિન તે સબ ભૂલી હોં વિસયો પતિ પરિવાર ।।૧।। બિનુ દેખે હોં બિબસ ભઈ રી, અંગ અંગ સબ હારિ ।। તાતેં સુધિ હે સાંવરા મૂરતિ, લોચન ભરિ ભરિ વારિ ।। રૂપરાસિ પરિમિત નહીં માનો, કેસે મિલે કન્હાઈ ।। કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર, મિલિ બહુરિ ઉર લઈ ।।૩।।

રાગ ધનાશ્રી : હિલગન કકિન હે યા મનકી ।। જા કે લિયે દેખિ મેરી સજની લાજ ગઈ તબ તનકી ।।૧।। ધરમ જાઉં ઔર લોગ હસો સબ, અરુ આવો કુલ ગાહી સો ક્યં રહે તાહિ બિન દેખે, જો જાકો હિતકારી ।।૨।। રાસ લુબ્ધ નિમિષ નહીં છાડત, જ્યોં આધીન મૃગ ગાને ।। ‘કુંભનદાસ’ યહ સ્નેહ પરમકો, શ્રીગોવર્ધનધર જાને ।।૩।।

એવાં પદ કુંભનદાસજીએ ઘણાં જ ગાયાં. એ સાંભળીને શ્રીનાથજી પોતે કહે, કે કુંભનદાસ ! તું ધન્ય છે. મારા વિના એક ક્ષણ પણ તને કળ નથી તેથી મને પણ તારા વિના કંઈ ગમતું નથી. આ પ્રકારે કુંભનદાસજી અને શ્રીગોવર્ધનનાથજીની પરસ્પર પ્રીતિ હતી.

વાર્તાપ્રસંગ ૪ : વળી એક સમયે રાજા માનસિંહ દેશ-દેશમાં દિગ્વિજય કરીને આગ્રામાં દેશાધિપતિની પાસે આવ્યો. પછી દેશાધિપતિથી આજ્ઞા માંગીને પોતાના દેશ ચાલ્યો. ત્યારે માનસિંહે પોતાના મનમાં વિચાર્યું કે, બહુ દિવસમાં આવ્યો છું તેથી શ્રીમથુરાજીમાં ન્હાઈને આપણા દેશમાં જઉં તો સારું. રાજા માનસિંહે એમ વિચારીને મથુરાજી આવ્યો. ત્યાં વિશ્રાંત ઘાટ ઉપર ન્હાયો. પછી ચોબાઓએ મળીને કહ્યું કે શ્રીકેશવરાયજી ઠાકુરજીનાં દર્શને ચાલો. ત્યારે ગરમી ઘણી જ્યેષ્ઠ માસના દિવસો હતા અને મથુરિયા ચોબાઓએ રાજાને આવતો જાણીને શ્રીકેશવરાયજીને જરીની ઓઢણી, વાગા, પિછવાઈ ચંદરવા બધું ધર્યું. સોનાનાં આભૂષણ પહેરાવ્યાં પછી દર્શન કરીને રાજા માનસિંહે પોતાના મનમાં કહ્યું, કે આ લોકોએ મને દેખાડવાને માટે શ્રીઠાકુરજીને આટલી જરી લપેટી છે. પછી ભેટ ધરીને ચાલ્યા. પછી એમણે વિચાર્યું કે વૃંદાવનમાં શ્રીઠાકુરજીનાં મંદિરો છે ત્યાં દર્શને ચાલીશું. એટલે રાજા માનસિંહ શ્રીવૃંદાવનમાં આવ્યો. ત્યારે શ્રીવૃંદાવનના સંત મહંતોએ સાંભળીને મનમાં વિચાર્યું કે અહીં રાજા માનસિંહ દર્શન આવશે, એ જાણીને પોતાંના શ્રીઠાકુરજીને માટે ભારી ભારી જરીના ચીરા, વાગા પટકા, સૂથન, જરીના ઓઢણી ભારી ભારી ઓડાવી અને સોનાનાં આભૂષણ પહેરાવ્યાં. રાજા માનસિંહે આવીને બેચાર જગાએ મોટાં મોટાં મંદિરોમાં દર્શન કરી ભેટ કરી. ગરમી ઘણી લાગી. પછી મુકામે આવ્યો અને કહ્યું કે મને દેખાડવાને માટે આ કર્યું છે.

તે પછી રાજા માનસિંહ વૃંદાવનથી ચાલ્યો, તે ત્રીજા પ્રહરે શ્રીગોવર્ધનમાં આવ્યો. ત્યારે કોઈએ કહ્યું કે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શને ચાલશો ? ત્યારે રાજા માનહિસંહે કહ્યું કે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન તો અવશ્ય કરવાં છે. પછી ગોપાલપુરમાં આવીને દર્શનનો સમય પૂછ્યો ત્યારે કોઈએ કહ્યું કે ઉત્થાપનનાં દર્શન થઈ ચૂક્યાં છે અને ભોગનાં દર્શનની તૈયારી છે. એ સાંભળીને રાજા માનસિંહ પર્વત ઉપર ચઢ્યો. ગરમી ઘણી પડે. ઉઘાડા પગે ગરમીમાં વ્યાકુલ થઈને ઉપર ગયો. તે સમયે જ ભોગનાં કમાડ. ખૂલ્યાં હતાં. શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરતાં જ રાજા માનસિંહનાં નેત્રો ઠંડાં થઈ ગયાં. એ દિવસોમાં શ્રીગોવર્ધનનાથજીની સેવા બહુ વૈભવથી થતી હતી. ઉષ્ણકાલના દિવસો હતા તેથી ગુલાબના જલનો છંટકાવ થયો હતો. અરગજા (એક પ્રકારનું મિશ્રિત સુગંધી દ્રવ્ય)ની મહેક આવે છે. અને બેવડો પંખો ચાલે છે. સફેદ પાગ, પરદનીને શૃંગાર, શ્રીકંઠમાં મોતીની માલા અને મોતીનાં કર્ણફૂલ અને મોતીનાં સૂક્ષ્મ આભરણો પછી સુગંધ સહિત ઠંડી હવા લાગી ત્યારે રાજા માનસિંહનાં રોમરોમ શીતલ થયાં. સેવાની રીતી જોઈને રાજા માનસિંહે કહ્યું કે સેવા તો અહીં છે. શ્રીઠાકુરજી સુખથી બિરાજે છે. ભાગવતમાં શ્રીકૃષ્ણ પ્રકટ થયા સાંભળ્યા હતા, તે શ્રીગોવર્ધનનાથજી આ જ છે, આજે મારાં મોટા ભાગ્ય છે, કે મને આવાં દર્શન મળ્યાં તે સમયે શ્રીગોવર્ધનનાથજી આગળ કુંભનદાસજી પદ ગાતા હતા. તે જેવા શ્રીગોવર્ધનનાથજી કોટી કંદર્પ લાવણ્ય સ્વરૂપ મન હરણ બિરાજતા હતા, તેવાં રસ રૂપ કુંભનદાસજીએ પદ ગાયાં તે પદ-

રાગ નટ : રૂપ દેખિ નેની પલક લગે નહીં । ગોવર્ધનધર કે અંગ અંગ પ્રતિ, નીરખી નેન મન રહત તહીં ॥૧॥ કહા રી કહોં કછુ કહત ન આવે ચિત્ત ચોર્યો વે માંગ દહીં । 'કુંભનદાસ' પ્રભુ કે મિલિવેકી સુંદર બાત સખિયન સોં કહી ॥૨॥

રાગ નટ : પૂતરી પરોરિયા ઈનકે ભએ રી માઈ । કોંઈ રોકે યા મગ આવત ખંજન છોરિ દિએ પલક ન કપાટ દિયે રી માઈ ॥૧॥ ઠાડે રહત પ્રેમકે બાઢે નિસાબાસર સુખ ચિનએ રી માઈ । કુંભનદાસ લાલ ગિરિધરન નકે ભાજદન ફોદિ ઢંઢોરિ લિયે રી માઈ ॥૨॥

રાગ શ્રીરાગ : આવત ગિરિધર મન જુ હર્યો હો ॥ હોં અપને ઘર સુખ સોં બૈઠી નિરખી વંદન અચરા બિસર્યો હો ॥૧॥ રૂપ નિધાન રસિક નંદનંદન નીરખી નૈન ધીરજ ન ધર્યો હો । 'કુંભનદાસ' પ્રભુ ગોવર્ધનધર અંગ અંગ પ્રેમ પીયૂષ ભર્યો હે ॥૨॥

એવાં પદ કુંભનદાસજીએ ગાયાં. પછી ભોગનો સમય થઈ ચૂક્યો ત્યારે રાજા માનસિંહ દંડવ કરીને પોતાના મુકામે આવ્યો. પછી સેન આરતિના સમયે કુંભનદાસજીએ આ પદ ગાયું તે પદ-

રાગ કેદારો : લાલ કે બદન પવ આરતી વારોં ॥ ચારુ ચિતવનિ કરોં સાજ નીકી યુક્તિ બાતી અગનિત ધૃત કર્પૂર સોં બારોં ॥૧॥ સંખ ધુનિ ભેરી-મૃંદગ ઝાલર તાલ ઘંટા બાજે બહુત વિસ્તારોં । ગાઉં સામલ સુજસ રસના સુખસ્વાદ રસ, પરમ હરખ તન ચમર કર ડારોં ॥૨॥ કોટિ ઉદ્યોત રવિ ક્રાંતિ અંગ અંગ છબી સકલ ભૂલોક કો તિમિર ટારો । 'દાસ કુંભન' પિય લાલ ગિરિધરન કો રૂપ, દેખિ નયનન ભરિ ભરિ નિહારોં ॥૩॥

એ પ્રકારે સ્નેહનાં કીર્તનો ગાઈ પોતાની સેવાથી પહોંચીને. કુંભનદાસજીએ પોતાના ઘરે

જમનાવતામાં આવ્યા. ત્યાં રાજા માનસિંહ પોતાના મુકામે જઈ પોતાના મનુષ્યોની આગળ શ્રીગોવર્ધનનાથજીના સેવા-શૃંગારની વાર્તા કરવા લાગ્યા અને કહ્યું, કે શ્રીગોવર્ધનનાથજીની આગળ વિષ્ણુ પદ ગાતા હતા તે કોણ હતા ? એમણે એવાં પદ ગાયાં કે મનમાં રમી રહ્યાં છે. આવા પદ આજ સુધી મેં ક્યારેય સાંભળ્યાં નથી. ત્યારે એક વ્રજવાસીએ કહ્યું કે એ ગૌરવા છે, અને કુંભનદાસજી એમનું નામ છે. એ પોતાની ખેતીમાં જે અન્ન થાય છે તેનાથી જ નિર્વાહ કરે છે. તમે સાંભળ્યું જ હશે કે આગળ દેશાધિપતિએ બોલાવ્યા હતા પરંતુ કુંભનદાસજીએ કંઈ લીધું નહીં. એ મહાપુરુષ છે. ત્યારે રાજા માનસિંહે કહ્યું કે આજ તો રાત્રી થઈ છે, તેથી કાલે સવારે અમે પણ એમને મળીશું. પછી પ્રાતઃકાલે રાજા માનસિંહ ઊઠીને શ્રીગિરિરાજજીની પરિકમ્મા કરતો પરાસોલીમાં આવ્યો. ત્યાં પરાસોલીમાં ચંદ્ર સરોવર છે, ત્યાં કુંભનદાસજી ન્હાઈને ખેતરમાં બેઠા હતા. એટલામાં શ્રીગોવર્ધનનાથજી પોતે કુંભનદાસજી પાસે પધાર્યા ત્યારે શ્રીમુખ જોતાં જ કુંભનદાસજી શ્રીનાથજીને કહે, બાવા ! આગળ આવો. ત્યારે શ્રીનાથજી પોતે કુંભનદાસજીની ગોદીમાં બેસીને કહે, કે કુંબનદાસ ! હું તને એક વાત કહેવા આવ્યો છું.'' એ પ્રકારે કહેતા હતા એટલામાં રાજા માનસિંહ કુંભનદાસજી પાસે આવ્યો. તે જ સમયે શ્રીગોવર્ધનનાથજી પોતે ઊઠીને એક વૃક્ષની ઓટમાં જઈને ઊભા રહ્યા. તે કુંભનદાસની દૃષ્ટિ તો શ્રીગોવર્ધનનાથજીની સંગે ગઈ. જ્યાં ગોવર્ધનનાથજી ઊભા હતા. તે તરફ જોયા કરે. ત્યારે રાજા માનસિંહ કુંભનદાસજીને પ્રણામ કરીને પાસે બેઠો. પરંતુ કુંભનદાસજીએ તો રાજા માનસિંહની તરફ દૃષ્ટિ પણ ન કરી.

એ કુંભનદાસજીની એક ભત્રિજી હતી. તે જમનાવતાથી બેજર (જવ ચણા)નો આટો કથરોટમાં ભરીને કુંભનદાસજી રસોઈ કરવાને માટે લાવતી હતી. એ ભત્રીજીને એક વ્રજવાસીએ કહ્યું, તું જલદી જા. કુંભનદાસજી પાસે રાજા ગયો છે. એ કંઈ આપે તો તું લેજે. કેમ જે કુંભનદાસજી તો અડશે પણ નહીં. ત્યારે એ ભત્રીજી જલદી કુંભનદાસજી પાસે આવી, ત્યારે કુંભનદાસની દૃષ્ટિ એક વૃક્ષ તરફ હતી તે જોઈને કહે, કે બાવા ! રાજા બેઠો છે, કંઈ એનું સમાધાન કરો. ત્યારે કુંભનદાસજી કહે, કે શું કરું ? બેઠો છે તો કંઈ વાત કહેતા હતા તે પણ ભાગી ગયા. હવે વાત કહેશે કે નહીં કહે ? ત્યારે શ્રીગોવર્ધનનાથજીની આ ઈશારાથી કહે, કે હું તારા ઉપર ઘણો પ્રસન્ન છું. હું વાત કહીશ, તું ચિંતા ન કર. ત્યારે કુંભનદાસનું ચિત્ત ઠેકાણે આવ્યું. આ કુંભનદાસ અને શ્રીગોવર્ધનનાથજીની વાતો રાજા આદિ કોઈએ જાણી નહીં પછી આ કુંભનદાસજીએ ભત્રીજીને કહ્યું, બેટી ! આસન અને આરસી લાવે તો હું તિલક કરી લઉં. ત્યારે ભત્રીજીએ કહ્યું, કે બાવા ! (ઘાસનું) આસન પાડી ખાઈ ગઈ. અને આરસી (એટલે કથરોટનું જલ) પી ગઈ છે. આ વાત સાંભળીને રાજા માનસિંહે પોતાના મનમાં કહ્યું કે આસન ખાઈને આરસી પાડી પી ગઈ એ શું ? એટલામાં જ ભત્રીજી એક ઘાસનો પૂળો અને એક કથરોટમાં પાણી ભરીને લઈ આવી. તે પૂળાનું આસન બિછાવી દીધું. તે પૂળા ઉપર કુંભનદાસજી બેસીને કથરોટમાં પાણીમાં મુખ જોઈને તિલક કરવા લાગ્યા. ત્યારે રાજા માનસિંહે પોતાના મનમાં જાણ્યું કે કુંભનદાસજીનો દ્રવ્યનો ઘણો સંકોચ છે. આસન, આરસી તિલક કરવાની નથી. કુંભનદાસજી ત્યાગી હોવાનું સાંભળતા હતા તે જોયા. ત્યારે રાજા માનસિંહે આરસી સોનાની જડાઉ ઘરમાં હતી તે મનુષ્યો પાસે મંગાવી. પછી તે આરસી કુંભનદાસજીની આગળ ધરીને કહ્યું, બાવા સાહબ ! આમાં મુખ જોઈને તિલક કરો. ત્યારે કુંભનદાસે કહ્યું કે અરે ભાઈ ! હું આને રાખીશ ક્યાં ? અમારે તો ઘાસનાં ઘર છે. આ આરસી અમારા ઘરમાં હોય તો એની પાછળ કોઈ અમારો જીવ લે. તેથી અમારે જોઈએ નહીં. ત્યારે રાજા માનસિંહે

ના મનમાં વિચાર્યું કે એ આરસી લઈને શું કરશે ? શું આને વેચવા જશે ? આ તો એમના કામની તેથી કંઈ એવું દ્રવ્ય દઉં કે જન્મ પર્યંત ખાધા કરે, પછી હજાર મહોરની થેલી કે કુંભનદાસજીના ળ ધરી ત્યારે કુંભનદાસજીએ કહ્યું, કે આ અમારા કામની નથી. અમારે તો ખેતી થાય છે, તેમાં જે જ ઉપજે છે તે અમે ખાઈએ છીએ. બીજું કંઈ અમને જોઈતું નથી. ત્યારે રાજા માનસિંહે કહ્યું, કે ું ગામ જમનાવતા છે તે હું તમને લખી આપું. ત્યારે કુંભનદાસજીએ રાજા માનસિંહને કહ્યું, હું તો ણ નથી કે તમારું દાન લઉં. અને જો તમારે આપવું હોય તો બીજા કોઈ બ્રાહ્મણને આપજો. મને ન જોઈએ. ત્યારે રાજા માનસિંહે કહ્યું, તમે મને તમારો મોદી બતાવો. તેની પાસેથી સીધુ સામાન કરો. એટલે કુંભનદાસજીએ કહ્યું, જેવા અમે છીએ તેવો જ અમારો મોદી છે. ત્યારે રાજા માનસિંહે બતાવો તો ખરા ! હું એને આપીશ. ત્યારે કુંભનદાસજીએ કેરડાનું ઝાડ બતાવ્યું અને એક બોરનું બતાવીને કહ્યું, કે ઉષ્ણકાલમાં તો મોદી કેરડાં છે, તે ફૂલ અને કેરડાં આપે છે, અને શિયાળાનો મોદી નું ઝાડ છે, તે બોર ઘણા આપે છે. એનાથી કામ ચાલ્યું જાય છે. ત્યારે રાજા માનસિંહે કહ્યું, ધન્ય મને કે જેનાં વૃક્ષ મોદી છે ! મેં આજ સુધી મોટા મોટા ત્યાગી વૈરાગી જોયા, પરંતુ આ ભક્ત જેવા ી છે એવા ધરતી ઉપર નથી.

પછી રાજા માનસિંહે કુંભનદાસને પ્રણામ કરીને કહ્યું, કે બાવા સાહબ ! મને કંઈ તો આજ્ઞા ? ત્યારે કુંભનદાસજીએ કહ્યું, કે અમે કહીશું તે કરશો ? ત્યારે રાજા માનસિંહે કહ્યું, કે તમે જે આજ્ઞા તે હું મારું પરમ ભાગ્ય માનીને કરીશ. ત્યારે કુંભનદાસજીએ કહ્યું, કે આજ પછી તમે અમારી પાસે યે આવતા નહીં અને અમને કંઈ કહેતા નહીં ત્યારે રાજા માનસિંહે દંડવત્ કરીને કહ્યું, કે તમે ધન્યછો ાના ભક્ત તો હું આખી પૃથ્વીમાં ફર્યો તે ઘણા જોયા, પરંતુ શ્રીઠાકુરજીના સાચા ભક્ત તો એક તમને જોયા. એમ કહીને રાજા માનસિંહ ચાલ્યો ગયો. ત્યારે ભત્રીજીએ પાસે આવીને કુંભનદાસને કહ્યું કે માં તો કંઈ હતું નહીં. તેથી રાજા દેતો હતો તે કેમ ન લીધું ? ત્યારે કુંભનદાસજી કહે બેસ ગાંડી, ોવર્ધનનાથજી સાંભળશે તો ખીજશે, કે કુંભનદાસની ભત્રીજી બહુ લોભી છે. ત્યારે ભત્રીજીએ કહ્યું મેં તો હસવામાં કહ્યું હતું, મારે તો કંઈ જોઈતું નથી. ત્યારે કુંભનદાસજીએ કહ્યું કે બેટી કોઈનાથી ાની વાત હસવામાં પણ કદી ન કહીએ. તે પછી ગોવર્ધનનાથજી આવીને કુંભનદાસજીની ગોદીમાં ીને કહે, કે તું એક ક્ષણમાં એવો કેમ થઈ ગયો ? તારા મનમાં શું છે ? તું મને કહે. ત્યારે નદાસજીએ આ પદ ગાયું—

રાગ સારંગ : પરમ ભાવતે જિયકે મોહન, નેનન તે મતિ ટરો । જોં જીઉં તોં લો દેખોં બાર, ર પાઈ લાગોં ચિત્ત અનત ન ધરોં ॥૧॥ તવ સુખ ચિંતત તોહિ લોં લે લે અંગ ભરોં । રસિકન માંઝ સિક-નંદ-નંદન તુમ પિય મેરે સકલ દુઃખ હરો ॥૨॥ આવહુ સદા રહો ઘર મેરે, સ્યામ મનોહર સંગ ન કરો ॥ કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર તુમ બિનુ અંજન કાસોં કરો ॥૩॥

એ કીર્તન કુંભનદાસજીનું સાંભળીને શ્રીગોવર્ધનનાથજી ગળે લપેટાઈને કહે કે કુંભનદાસ ! હું ે એક વાત કહેવા આવ્યો છું. ત્યારે કુંભનદાસજીએ કહ્યું કે કહો, આપ જે સમયે વાત કહેતા હતા સમયે તો રાજા અભાગિયો આવી ગયો, તેથી આપ ભાગી ગયા. ત્યારથી મારું મન એ વાતમાં લાગી ું છે, તેથી એ વાત આપ કૃપા કરીને કહો ત્યારે શ્રીગોવર્ધનનાથજી આપ કુંભનદાસજીને કહે કે

કુંભનદાસ ! આજ સખાઓમાં હોડ પડી છે કે બધાના ઘરનું ભોજન અલગ અલગ જોઈએ. તેમાં સુંદર ભોજન કોના ઘરનું છે ? તેથી તમે પણ કંઈ મનોરથ કરો. હું એ વાત તને કહેવા આવ્યો છું. ત્યારે કુંભનદાસજીએ પૂછ્યું કે આપની રુચિ શેના ઉપર છે ? ત્યારે શ્રીગોવર્ધનનાથજી કહે, કે જવારની મહેરી (ઘેંસ), દહીં, દૂધ બેજરની રોટી અને ટેટીનું શાક અને અથાણું, એટલે કુંભનદાસજી ભત્રીજીને કહે ઘરેથી બેજરનો આંટો, ટેંટીનું શાક, અથાણું, દહીં, દૂધ જલદી લઈ આવ. ત્યારે ભત્રીજીએ કહ્યું કે બેજરનો આંટો, ટેટીનું શાક અથાણું દહીં એટલું તો હું લઈ આવી છું અને દૂધ જમાવવા માટે ઊનું થાય છે. ત્યારે કુંભનદાસ કહે, કે આજ દૂધ જમાવીશ નહીં. દૂધની હાંડી અને જુવાર ઘેરથી દળીને લઈ આવ. ત્યાં સુધી હું રસોઈ કરું છું. ત્યારે ન્હાઈને તો કુંભનદાસજી બેઠા જ હતા. તેથી બેજરની રોટી મીઠું નાખીને કરી. એટલામાં ભત્રીજી જમનાવતા ગામમાં જઈને જવાર દળીને દૂધની હાંડી લઈ આવી. ત્યારે કુંભનદાસજીએ હાંડીમાં પાણી નાંખીને જુવારની સામગ્રી સિદ્ધ કરી. એટલામાં સખાઓની છાક આવી. ત્યારે કુંભનદાસજીની સામગ્રી શ્રીગોવર્ધનનાથજીએ પાસે રાખી પછી ઘરના સખાઓને બોલાવીને આપ આરોગ્યા.

ભાવપ્રકાશ : કુંભનદાસજીની સામગ્રી વિશાખાજીએ દૂધમાં મિશ્રી નાખી શ્રીસ્વામિનીજીને આરોગાવી, અતિ મધુર કરી દીધી. કેમ કે વિશાખાજીનું પ્રાકટ્ય કુંભનદાસજી છે.

પછી જ્યારે શ્રીઠાકુરજીને કુંભનદાસજીની સામગ્રી બહુ સ્વાદવાળી લાગી તે સમયે કુંભનદાસજી કીર્તન ગાયાં. તે પદ—

રાગ સારંગ : વ્રજ મેં બડો મેવા યહ ટેંટી ॥ જાકો હોત હૈ સાગ સંધાનો ઔર બેજરકી રોટી ॥૧॥ લે લે ડલીયાં બીનની નીકસી, બડે ગોપ કી બેટી ॥ કુંભનદાસ લાલ ગીરધર સો વહે ગઈ જે ભેટા ભેટી ॥૨॥

રાગ સારંગ : ઘર પર તે આઈ હૈ છાક ॥ ખાટે મીઠે ઔર સલોને વિવિધ ભ્રાંતિ કે પાક ॥૧॥ મંડલ રચના જમુના તટ, સઘન લતા કી છાંહી ॥ ગોપી-ગ્વાલ સકલ મીલી જેમંત, મુખ હી સરાહત જાહી ॥૨॥ બાંટત બલ મોહન દોઊ ભૈયા, કર દોના અતિ સોહે ॥ ચાખત આપુન સખન મુખ દે કેં ગોપીજન મન મોહે ॥૩॥ ટેંટી કોહે સાગ સંધાનો રોટી ગોરસ મહેરી ॥ કુંભનદાસ ગિરિધર રસ-લંપટ, નાચત દે દે ફેરી ॥૪॥

એ પદો કુંભનદાસજીએ અતિ આનંદથી ગાયાં અને પોતાના મનમાં કહે કે શ્રી ગોવર્ધનનાથજીએ ભલી વાત કરી, કે આમાં આ લીલાનો અનુભવ થયો. આ પ્રકારે શ્રીગોવર્ધનનાથજીના કુંભનદાસજીના ઉપર કૃપા કરતા. તે દિવસે કુંભનદાસજી રસમાં મગ્ન થઈ ગયા. સાંજે શરીરની સુધ રહી નહીં તેથી પરાસોલીથી દોડ્યા, કે આજ મેં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન નથી કર્યાં. વિરહ મનમાં થઈ આવ્યો. તે સેન ભોગ સરતો હતો તે સમયે કુંભનદાસજી મંદિરમાં આવ્યા. મનમાં થાય કે ક્યારે દર્શન કરું ? એટલામાં સેનનાં કમાડ ખૂલ્યાં, ત્યારે કુંભનદાસજી શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરીને નેત્ર એક ટક લગાડીને આ પદ ગાયાં-

રાગ બિહાગ : લોચન મીલી ગમ જબ ચાર્યો ॥ હો વ્હે રહી ઠગી સી ઠાઢી ઉર અચરા ન સંવાર્યો

અપને સુભાઈ નંદ જુએ કે આ, સુંદર શ્યામ નિહાળ્યો ॥ ઈક ટક લગી ચરન ગતી થાકી, ક્યોં હું
નહીં ટાર્યો ॥૨॥ ઉપજી પ્રીતિ મદન મોહન સોં, ગૃહ કો રાજ બિરસાર્યો ॥ કુંભનદાસ ગિરિધર રસ
ભલો આરજપથ પાર્યો ॥૩॥

રાગ બિહાગરો : નંદન કે બલિ જૈયે ॥ સાવલ મૂદુલકલેવર કી છબી, દેખી દેખી સુખ પૈયે ॥૧॥
લોકપતિ ઠાકુર રસના રસિક બિમલ રસ ગૈયે ॥ કુંભનદાસ પ્રભુ ગિરિધર કો તન મન સરસવ
૨॥

રાગ કેદારો : છિનુ છિનુ બારીક ઓર હી ઓર ॥ જબ દેખોં નોતન સખી રી દૃષ્ટિ ન રહે કિઠોર
કહા કહો પરમિત નહીં, પાવત બોહોત કરી ચિત્ત દોર ॥ કુંભનદાસ પ્રભુ સૌભગ સીવા, ગિરિધર
ાય સીર મોર ॥૨॥

એ પ્રકારે રસના કીર્તનો કુંભનદાસે બહુ ગાયાં. તે કુંભનદાસજી એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૫ : વળી એક સમયે વૃંદાવનમાં સંતમહંતો કુંભનદાસજીને મળવાને શ્રીગિરિરાજ
. સાંભળ્યું હતું કે એમનાથી શ્રીઠાકુરજી સાક્ષાત બોલે છે.અને શ્રીસ્વામીજીની વધાઈ સુંદર રીતે ગાય
ી એમને મળીને પૂછીએ. શ્રીસ્વામીજીનું વર્ણન અમે પણ કર્યું છે તેથી જોઈએ કે કુંભનદાસજી કેવું
કરે છે ? એ વિચારીને હરિવંશ, હરિદાસ પ્રભુતિ, મહંત સ્વામી આવી કુંભનદાસજીને મળીને પૂછે
નદાસ ! તમે જુગલ સ્વરૂપના કીર્તન ક્ર્યા છે. અમે તમારા કીર્તન ઘણાં સાંભળ્યાં પણ છે. પરંતુ
મીજીનું કોઈ કીર્તન નથી સાંભળ્યું. તેથી આપ કૃપા કરીને કોઈ પદ શ્રીસ્વામીજીનું સંભળાવો. ત્યારે
ાસજીએ શ્રીસ્વામીજીનું એક પદ કરીને એમને સંભળાવ્યું.

રાગ રામકલી : કુંવરી રાધિકે તુંવ સકલ સૌભાગ્ય સીંવા યા બદન પર કોટી સત ચંદ વારોં ॥
કુરંગ સત કોટી નૈનન ઉપર, વરાને કરત જીયમેં બિચારોં ॥૧॥ કદલી સત કોટી જંઘન ઉપર, સીંગ
ટી કોટી પર ન્યોછાવર કદી ઉતારોં ॥ મત્ત ગજ કોટી સત ચાલ ઉપર, કુંભ સત કોટી ઈન કુંચન
ારી ડારોં ॥૨॥ કીર સત કોટી નાસીક ઉપર કુંદ સત કોટી દશનન ઉપર કાહે ન વારોં ॥ પકવ
બંદૂક સત કોટી અધરમ ઉપર વારી રૃચિ ગર્વ ટારોં ॥૩॥ નાગ સત કોટી બેની ઉપર કપોત સત
ીવ દુર સારોં ॥ કમલ સત કોટી કર, જુગલ પરવારને, નાહીન કોઉ ઉપમા જુ ધારોં ॥૪॥ દાસ
ત'' સ્વામીની સુનખ-સીખ અદ્ભુત સુકાની કહાં લે સંભારો ॥ લાલા ગિરધર કહત મોહી નોહી લોં
જો લોં યે રૂપ છિનું છિનું નિહારોં ॥૫॥

એ પદ કુંભનદાસે ગાયું એથી વૃંદાવનમાં સંતમહંતો બહુ પ્રસન્ન થયા. ને કહે કે અમે
મીજીનાં પદ ઘણાં કર્યાં છે. તેમાં ચંદ્ર આદિની ઉપમા ઘણી દીધી છે, પરંતુ કુંભનદાસ ? તમે તો
ડ ચંદ્રમા વારી નાખ્યાં છે, તેથી કુંભનદાસજીને શ્રીસ્વામીજીની આગળ જગતમાં કોઈ ઉપમા દેવા
જણાતું નથી એ પ્રકારે અદ્ભુત સ્વરૂપનું વર્ણન કર્યું તે પછી શ્રીકુંભનદાસથી વિદાય થઈને બધા
મમાં આવ્યા, એ કુંભનદાસજી કિશોર ભાવના લીલા રાસમાં મગ્ન રહેતા એ એવા કૃપાપાત્ર
ીય હતા.

વાર્તાપ્રસંગ ૬ : વળી એક સમય શ્રીગુસાંઈજીએ પોતે શ્રીગોકુલમાં શ્રીનવનીતપ્રિયાજીથી વિદાય થઈને શ્રીદ્વારકાજી પધારવાનો વિચાર કર્યો, તે પરદેશમાં દૈવી જીવોના ઉદ્ધાર માટે. શ્રીગોકુલજી શ્રીનાથજી દ્વાર આવીને આપે શ્રીગોવર્ધનનાથજીના શૃંગાર કર્યા તે પછી અનોસર કરાવીને તે પોતે ભોજન કરીને પોતાની બેઠકમાં ગાદીતકિયા ઉપર બિરાજ્યા હતા, ત્યાં સઘળા વૈષ્ણવો આવીને બેઠા હતા. ત્યારે કોઈ વૈષ્ણવે શ્રીગુસાંઈજીની આગળ એ વાત કરી કે મહારાજ ! કુંભનદાસજીના ઘરે આજકાલ તો દ્રવ્યનો ઘણો સંકોચ છે, કેમ કે ઘરમાં પરિવાર ઘણો છે. સાત બેટા છે. અને સાતે બેટાઓની વહુઓ છે. વળી આપ પોતે સ્ત્રી-પુરુષ અને એક ભત્રીજી, તેમાંથી આવ્યા ગયા વૈષ્ણવોનું સમાધાન કરે છે અને આવક તો થોડી સરખી છે. પરસોલીમાં ખેતી છે, તેમાં નિર્વાહ ટેંટી ફૂલોથી કરે છે. એ વાત સાંભળીને શ્રીગુસાંઈજીએ પોતાના મનમાં રાખી.

પછી જ્યારે કુંભનદાસજી શ્રીગુસાંઈજીના દર્શને આવ્યા. અને દંડવત કરીને ઊભા રહ્યા. ત્યારે શ્રીગુસાંઈજી કહે, કે કુંભનદાસજી ! બેસો. એટલે કુંભનદાસ બેઠા, પછી શ્રીગુસાંઈજીએ બધા વૈષ્ણવોને વિદાય કરીને કુંભનદાસજીને કહે છે કે કુંભનદાસજી ! અમે શ્રીદ્વારકાના મિષે પરદેશ જઈએ છીએ. ત્યાં અનેક વૈષ્ણવોથી મિલાપ થશે. વૈષ્ણવોએ ઘણા વિનંતી પત્રો લખ્યા છે. તેથી અવશ્ય જવું છે. તમે અમારી સાથે ચાલો. જેથી વિરહનો કલેશ બધા ન કરે. અને ભગવદીયોને સમય સારી રીતે વ્યતીત થાય. તમારા સંગથી વિયોગ દુઃખ ઓછું થશે. વળી અમે સાંભળ્યું છે કે તમારા ઘરમાં દ્રવ્યનો સંકોચ છે. તે પણ કાર્ય સુદ્ધ થશે તેથી તમારે સર્વથા આવવું જોઈએ, ત્યારે કુંભનદાસજીએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે, મહારાજ ! આપની સામે અમારાથી બહુ બોલાય નહિ. આપ આજ્ઞા તે જ અમારે કરવાનું એટલામાં ઉત્પાથનનો સમય થયો. એટલે શ્રીગુસાંઈજીએ સ્નાન કરી શ્રીગોવર્ધનનાથજીને ઉત્પાથન કરાવીને સેન પર્યંતની સેવાથી પહોંચીને પોતે બેઠકમાં પધાર્યા. ત્યારે શ્રીગુસાંઈજી પોતે કુંભનદાસજીને કહે કે, હવે તમે ઘરે જાવ, સવારે ઘેરથી વિદાય થઈને આવજો, રાજભોગ આરતિ પછી પરદેશ ચાલીશું. એટલે કુંભનદાસજી દંડવત કરી પોતાના ઘરે જમનાવતે આવ્યા.

પછી સવારે શ્રીગુંસાઈજીએ પોતે સ્નાન કરીને પર્વત ઉપર પધારીને શ્રીનાથજીને જગાડ્યા. સેવા શૃંગાર કરી રાજભોગ ધરી સમયાનુસાર ભોગ સરાવીને રાજભોગ આરતિ કરી, શ્રીગોવર્ધનનાથજીથી વિદાય થઈ પર્વતની નીચે પધાર્યા, અપ્સરાકુંડ ઉપર મુકામે જઈને સૂઈશું. ત્યારે બધા વૈષ્ણ[illegible] અને કુંભનદાસજી અપ્સરાકુંડ આવ્યા. ત્યારે કુંભનદાસજીના પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે હે મન ! હવે શું કરવું ? "કહિયે કહા કહિયા કી હોય ? પ્રાણનાથ બિછુરન કી વેર્ડન જાનત વિરલા કોય" એ પ્રકારે વિચાર કરતાં શ્રીગોવર્ધનનાથજીનો વિરહ હૃદયમાં વધી ગયો. પછી શ્રીગુસાંઈજી પોતે તંબુની અંદર જાગ્યા.. ત્યારે ઉત્થાપનનો સમય થયો હતો. ત્યારે કુંભનદાસ શ્રીનાથજીના દર્શનની યાદ આવી. નેત્રોમાંથી આંસુઓની ધારા ચાલી. શરીરમાં રોમાંચ થવા લાગ્યા પછી કુંભનદાસજી મુકામની પાસે જ એક વૃક્ષની નીચે ઊભા ઊભા ધીરે ધીરે ગાવા લાગ્યા તે પદ-

રાગ સારંગ : કીતે દીન વ્હૈ જુ ગએ બીનુ દેખે ॥ તહન કિશોર રસિક નંદનંદન કછુક ઉઠત મુખ રેખે ॥૧॥ વહ શોભા વહ કાંતિ વદનકી, કેટિક ચંદ બિસેખે ॥ વહ ચિતવનિ વહ હાસ્ય મનોહર, વહ નટવર વપુ ભેખે ॥૨॥ સ્યામ સુંદર સંગ મિલ ખેલન કી, આતેત જીય અપેખે ॥ 'કુંભનદાસ' છોલ

ગિરિધર બિનુ, જીવન જન્મ અલેખે ॥૩॥

આ કીર્તન કુંભનદાસજીએ અત્યંત વિરહ ક્લેશથી ગાયું. શ્રીગુસાંઈજીએ પોતે તંબુની અંદર બેસીને કુંભનદાસજીનું કીર્તન સાંભળ્યું. કુંભનદાસજીનો ક્લેશ શ્રીગુસાંઈજી પોતે પણ સહી ન શક્યાં. એટલે પોતે તંબુની બહાર પધારીને કુંભનદાસની દશા જોઈ. તો નેત્રોમાંથી જલ ચાલ્યું જાય છે. મહા વિરહ કરીને દુખી થઈ રહ્યા છે. ત્યારે શ્રીગુસાંઈજી આપ મુખથી કુંભનદાસજીને કહે, કુંભનદાસ ! તમે મંદિરમાં જઈને શ્રીગોવર્ધનનાથના દર્શન કરો. "તમારે પરદેશ થઈ ચૂક્યો."

ભાવપ્રકાશ : કેમ કે જેવી તમારી દશા અહીં છે એવી દશા ત્યાં શ્રીગોવર્ધનનાથજીની હશે. તે કેમ જાણીએ ? કે જેમ ગજ્જનધાવનને શ્રીઅક્કાજીએ પાન લેવાને મોકલ્યા પણ ગજ્જનથીતો શ્રીનવનીતપ્રિયાજીના વિરહની એક ક્ષણ પણ સહી ન જાતી. પાન લેવાને દ્વાર સીધી જતાં જ તેમને વિરહ જ્વર ચઢ્યો. તે દ્વાર પાસે જ દુકાનમાં પડી રહ્યા. મૂર્છા ખાઈને અહીં મંદિરમાં શ્રીઆચાર્યજીએ શ્રીનવનીતપ્રિયાજીને રાજભોગ ધર્યા. ત્યારે શ્રીનવનીતપ્રિયાજીએ મહાપ્રભુને કહ્યું કે મારે ગજ્જન આવશે ત્યારે હું આરોગીશ. ત્યારે શ્રીઆચાર્યજી બધાને પૂછે કે, ગજ્જન ક્યાં ગયો છે ? શ્રીઅક્કાજી કહે પાન ન હતા તેથી ગજ્જનને પાન લેવા મોકલ્યો છે. ત્યારે શ્રીઆચાર્યજી કહે, કે તમે જાણતા નથી કે ગજ્જન વિના નવનિતપ્રિયાજી એક ક્ષણ નથી રહેતા. તેથી ગજ્જનને પાન લેવા કેમ મોકલ્યો ? તે પછી ગજ્જનને બોલાવવાને એક વ્રજવાસી મોકલ્યો છે. ગજ્જનને બોલાવીને લઈ આવ્યો. ત્યારે ગજ્જને નવનીતપ્રિયાજીની પાસે આવીને કહ્યું, 'બાવા ! આરોગો.' ત્યારે નવનીતપ્રિયાજી આરોગ્યા. ગજ્જન વિના આપ વિરહ કરીને બેસી રહ્યાં. આ શ્રીઆચાર્યજીના માર્ગની મર્યાદા છે. કે જેવો ભક્તનો એક ચિત્તથી સ્વામીના ઉપર (અન્યય) ભાવ હોય તેવો જ સ્વામીનો ભાવ પણ દાસ વિશે હોય. શ્રીભગવાને પણ અર્જુન પ્રતિ કહ્યું છે કે યે યથા માં પ્રપધન્તે તાસ્તથેવ ભજામ્યહમ તેથી શ્રીગુસાંઈજી આપ કુંભનદાસને કહે કે, જેવું તમે અહીં શ્રીગોવર્ધનનાથજીના માટે વિરહ દુઃખ કરો છો, તેવું જ ત્યાં શ્રીગોવર્ધનનાથજી તમારા માટે વિરહ દુઃખ કરે છે. તેથી તમે જલદી જઈને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરો. તમારો પરદેશ થઈ ચૂક્યો."

એ પ્રકારે શ્રીગુસાંઈજીએ કુંભનદાસને આજ્ઞા આપી, એટલે કુંભનદાસનું રોમ-રોમ શીતલ થઈ ગયું. પછી મનમાં પ્રસન્ન થઈ શ્રીગુસાંઈજીને દંડવત કરી, અપ્સરા કુંડથી દોડીને શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં આવ્યા તે વખતે ઉત્થાપનના દર્શનનો સમય હતો, કમાડ ખૂલ્યાં. ત્યારે કુંભનદાસજીએ પદ ગાયું તે પદ–

રાગ નટ : જોપે ચોંટ મિલન કી હાંઈ ॥ તો ક્યોં રહ પરે સુનિ સજની, લાખ કરે કિન કોઈ ॥૧॥ જોંપે વિરહ પરસ્પર વ્યાપે તો કછુ જિય બને ॥ લોક લાજ કુલ કી મર્યાદા એકો ચિત ન ગીને ॥૨॥ 'કુંભનદાસ' જિહિ તન લાગી, ઓક કછું ન સુહાય ॥ ગિરિધર તો ય ભિનુ દેખે. છિન છિન કલ્પ વિહાય ॥૩॥

એ પદ સાંભળીને શ્રીગોવર્ધનનાથજી પ્રસન્ન થઈને કુંભનદાસજીને કહે, કે કુંભનદાસ ! હું તારા મનની વાત જાણું છું. કે તું મારા વિના રહી શકતો નથી, તેમ હું પણ તારા વિના રહી શકતો નથી. તેથી

હવે તું સદા મારી પાસે જ રહીશ. ત્યારે કુંભનદાસે બહુ પ્રસન્ન થઈને સાષ્ટાંગ દંડવત કરી અને હાથ જોડીને શ્રીગોવર્ધનનાથજીને વિનંતી કરી કે, મહારાજ ! મને એ જ જોઈએ છે, અને એ જ અભિલાષા હતી કે તમારાથી વિયોગ ન થાય. એ કુંભનદાસજી એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૭ : વળી એક સમય શ્રીગુસાંઈજીની પાસે કુંભનદાસજી બેઠા હતા. અને બધા વૈષ્ણવો પણ બેઠા હતા, ત્યારે શ્રીગુસાંઈજી આપ હસીને કુંભનદાસને પૂછે છે કે કુંભનદાસજી ! તમારે બેટા કેટલા છે ? ત્યારે કુંભનદાસજીએ શ્રીગુસાંઈજીને કહ્યું કે મહારાજ ! બેટા તો મારે દોઢ છે. ત્યારે શ્રીગુસાંઈજી કહે કે અમે તો સાત બેટા સાંભળ્યા છે અને તમે તો દોઢ કહ્યો, તેનું કારણ શું ? ત્યારે કુંભનદાસજીએ કહ્યું, મહારાજ ! એમ તો સાત બેટા છે. તેમાં પાંચ તો લૌકિક આશક્ત છે. એ બેટા શેના ? પૂરો એક બેટો તો ચતુર્ભુજદાસ છે. અને અર્ધો બેટો કૃષ્ણદાસ છે, તે શ્રીગોવર્ધનનાથજીની ગાયોની સેવા કરે છે.

ભાવપ્રકાશ : ત્યાં સંદેહ એ થાય કે ગાયોની સેવા તે સર્વોપરી છે, અને ગાયોની સેવા કરવાથી ઘણાં વૈષ્ણવ ઠાકુરજીને પામ્યા છે. અને કુંભનદાસજીએ કૃષ્ણદાસને અર્ધો બેટો કેમ કહ્યો ? ત્યાં કહે છે કે શ્રીઆચાર્યજીએ પોતે તો પુષ્ટિમાર્ગને પ્રકટ કર્યો છે. એ પુષ્ટિમાર્ગ વ્રજજનોના ભાવરૂપ માર્ગ છે. ભગવદીયે ગાયું છે કે 'સેવા રીતિ પ્રીતિ વ્રજજનકી જગહીત જગ પ્રગટાઈ.' તે વ્રજભક્તોની શી રીત છે ? શ્રીઠાકુરજીના સાંનિધ્યમાં તો સેવા કરે અને સ્વરૂપાત્મકનો અનુભવ કરી સંયોગ રસમાં મગન રહે છે અને શ્રીઠાકુરજી ગોચારણ અર્થે પધારે ત્યારે વ્રજભક્ત વિરહ રસનો અનુભવ કરી ગુણગાન કરે છે. આ પ્રકારે સંયોગ રસ અને વિપ્રયોગ રસનો અનુભવ જેને હોય તે પૂરો વૈષ્ણવ કહેવાય . અને જેમાં એક ન હોય તે અર્ધો વૈષ્ણવ કહેવાય. કૃષ્ણદાસ તો ગાયોની સેવા કરે છે. અને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન પણ કરે છે. પરંતુ વ્રજભક્તોની રહસ્યલીલાનો અનુભવ નથી તેથી તે અર્ધો છે. અને ચતુર્ભુજદાસ તો સંયોગ અને વિપ્રયોગ બંને રસના અનુભવયુક્ત સેવા કરે છે. અને લીલા સંબંધી કીર્તનનું પણ ગાન કરે છે. તેથી કુંભનદાસજીએ ચતુર્ભુજદાસને પૂરો બેટો કહ્યો.

આ કુંભનદાસજીના વચન સાંભળીને શ્રીગુંસાઈજી પોતે પ્રસન્ન થઈને કહે કે કુંભનદાસ ! તમે સાચી વાત કહી. જે ભગવદીય છે તે જ બેટા છે, બીજા ઘણાં થયા તે શા કામના ? એ ચતુર્ભુજદાસની વાર્તા તો શ્રીગુસાંઈજીના સેવકોમાં લખી છે. અને હવે કૃષ્ણદાસની વાર્તા કહીએ છીએ.

વાર્તાપ્રસંગ ૮ : એ કૃષ્ણદાસ શ્રીગોવર્ધનનાથજીની ગાયોના સેવા કરતા ગાયોના એ ગ્વાલ હતા. શ્રીગુસાંઈજી પોતે કૃષ્ણદાસને ગાયોના સેવા આપી હતી. તેથી એ સમયે ગૌશાળાની સેવા સારી રીતે કરીને તે પછી ગાયોની સાથે વનમાં જતા. ત્યાં આખો દિવસ ગાયો ચરાવતા. પછી સંધ્યા સમયે ગાયોને ઘેરીને લઈ આવતા. એક દિવસ કૃષ્ણદાસ ગાયો ચરાવીને ઘરે આવતા હતા, તેઓ પૂછરીની પાસે આવ્યા ત્યારે બધી ગાયો ગૌશાળામાં ગઈ. પરંતુ એક ગાય બહુ જ મોટી (જાડી) હતી, તેનું થાન ભારે હતું. તે દૂધ બહુ દેતી હતી. અને આંચળ પણ મોટા હતા.તે ગાય ધીરે ધીરે ચાલતી. એ ગાયની પાછળ કૃષ્ણદાસ આવતા હતા, એવામાં પૂંછરીની પાસે શ્રીગિરિરાજજીની કંદરામાંથી એક વાઘ નીકળ્યો. તેથી બધી ગાયો તો ભાગીને ગૌશાળામાં આવી, પરંતુ તે ગાય તો ધીરે ધીરે ચાલતી, તેથી એ ગાય ઉપર વાઘ દોડ્યો ત્યારે કૃષ્ણદાસે વાઘને લલકારીને કહ્યું, કે અરે અધર્મી ! એ શ્રીગોવર્ધનનાથજીની ગાય છે, અને તું ભૂખ્યો હો તો મારા ઉપર આવ. વાઘની એ રીતિ છે કે જે લલકારે તેની પાસે આવે ત્યારે વાઘ નિકટ આવ્યો. પછી

યારે કૃષ્ણદાસે તે ગાયને હાંકી ત્યારે તે ડરીને ભાગી તે ગૌશાળામાં આવી ગઈ. અને કૃષ્ણદાસને વાઘે ર્યા. અને બધી ગાયો જે ગૌશાળામાં આવી હતી તે ગાયોને ગોપીનાથ આદિ દોહવા લાગ્યા. તે પીનાથ ગ્વાલ મોટા કૃપાપાત્ર ભગવદીય હતા. તે જુએ છે તો શ્રીગોવર્ધનનાથજી તે મોટી ગાયને દુહે . અને કૃષ્ણદાસ એ ગાયનું વાછરડું પકડીને ઊભા છે. (એ સમયે) કુંભનદાસજી પણ ત્યાં ઊભા હતા. ાય વાછરડાને ચાટે છે. કુંભનદાસજીને પણ ગૌશાળામાં એવાં દર્શન થયાં તે પછી શ્રીગોવર્ધનનાથજીએ ાટી ગાયને દોહીને પોતે તો મંદિરમાં પધાર્યા. શ્રીગુસાંઈજીએ પોતે શ્રીગોવર્ધનનાથજીને સેનભોગ ધર્યો. છી કુંભનદાસજી પણ ગૌશાળામાંથી મંદિરમાં ચાલ્યા. તેઓ દંડવતી શિલાની પાછળ આવ્યા. એટલામાં માચાર આવ્યા કે કૃષ્ણદાસ ગ્વાલને વાઘે માર્યા છે. એ વાત સાંભળીને કુંભનદાસજી મૂર્છા ખાઈને પડ્યા. ાઈ દેહાનુસંધાન ન રહ્યું. કુંભનદાસને વ્રજવાસી, વૈષ્ણવ ઘણું ઘણું બોલાવે પરંતુ કુંભનદાસજી બોલે નહીં. છી એ સમાચાર કોઈએ શ્રીગુસાંઈજીને જઈને કહ્યા કે મહારાજ ! કુંભનદાસના બેટા કૃષ્ણદાસને વાઘે ાર્યા. અને કૃષ્ણદાસે ગાય બચાવી પોતે વાઘની આડે પડી દેહ છોડી. કૃષ્ણદાસ પૂછરીની તરફ પડ્યા છે. યારે શ્રીગુસાંઈજી કહે, એમ ન કહો, કેમ કે તે ગાય કૃષ્ણદાસને ક્યારે ય છોડે જ નહીં.

ભાવપ્રકાશ : કેમ કે જે અંત સમયે ગાય સંકલ્પ કરે છે તેને ગાય ઉત્તમ લોકમાં લઈ જાય છે. મને કૃષ્ણદાસે તો શ્રીગોવર્ધનનાથજીના ગાય બચાવી છે. તેથી શ્રીગોવર્ધનનાથજીની ગાય કૃષ્ણદાસને કદીયે ાહીં છોડે.

પછી શ્રીગુસાંઈજીએ પોતે પૂછ્યું કે કુંભનદાસજી ક્યાં છે ? ત્યારે કોઈ વૈષ્ણવે વિનંતી કરી, કે મહારાજ ! કુંભનદાસને તો પુત્રનો શોક ઘણો વ્યાપ્યો છે તેથી દંડવતી શિલાની પાસે મૂર્છા ખાઈને પડ્યા છે. લોકો બોલાવે છે પરંતુ કુંભનદાસજી કોઈથી બોલતા નથી. અચેત પડ્યા છે ત્યારે શ્રીગુસાંઈજી પોતે શ્રીનાથજીની સેવાથી પહોંચીને અનોસર કરાવી પર્વતથી નીચે પધારી દંડવતી શિલાની પાસે કુંભનદાસજી પડ્યા હતા ત્યાં પધાર્યા. તે સમયે વૈષ્ણવોએ બધા સમાચાર કહ્યા. ત્યારે શ્રીગુસાંઈજી પોતે જુએ તો કુંભનદાસજીની પાસે બધા લોકો ઊભા છે. તે સમયે લોકોએ કહ્યું કે મહારાજ ! કુંભનદાસ મહાન ભગવદીય છે. પરંતુ પુત્રનો શોક બહુ ખોટો છે. એ પીડાથી કોઈ બચ્યો નથી. ત્યારે શ્રીગુસાંઈજી પોતે કહે છે કે એમને પુત્રનો શોક નથી. અમને બીજું દુઃખ છે. તે તમે શું જાણો ? એમને એ દુઃખ છે કે સૂતકમાં શ્રીનાથજીના દર્શન કેવી રીતે થશે ? આ દુઃખથી પીડ્યા છે. હવે તમારો સંદેહ દૂર કરો.

પછી શ્રીગુસાંઈજીએ પોતે ભગવદીયોનું સ્વરૂપ પ્રકટ કરવાને માટે કુંભનદાસજીને પોકારીને કહ્યું કે કુંભનદાસ ! સવારે શ્રીનાથજીના દર્શને આવજો, તમને શ્રીગોવર્ધનનાથજીના દર્શન કરાવીશું. ત્યારે શ્રીગુસાંઈજીનાં એ વચન સાંભળીને કુંભનદાસજીએ તત્કાલ ઊઠીને શ્રીગુસાંઈજીને સાષ્ટાંગ દંડવત કર્યાં. અને વિનંતી કરી, કે મહારાજ ! આપના વિના મારા અંતઃકરણને કોણ જાણે ? ત્યારે શ્રીગુસાંઈજી પોતે કહે કે અમે જાણીએ છીએ તેમને સંસાર સંબંધી દુઃખ લાગે નહીં. જે કોઈ વૈષ્ણવ તમારો એક ક્ષણ પણ સંગ કરે તો એને લૌકિક દુઃખ ન લાગે, તે તમને શું ? તેથી જાવ, કૃષ્ણદાસના શરીરનો અગ્નિસંસ્કાર કરો. પછી સવારે દર્શને આવજો. ત્યારે કુંભનદાસજીએ શ્રીગુસાંઈજીને દંડવત કરીને જઈને કૃષ્ણદાસના શરીરનું ક્રિયાકર્મ કર્યું. શ્રીગુસાંઈજી પોતે બેઠકમાં જઈને બિરાજ્યા. બધા વૈષ્ણવો બેઠકમાં આવીને બેઠા.

હું ગૌશાળામાં જ્યારે ગૌદોહન કરતો હતો તે સમયે શ્રીગોવર્ધનનાથજી પોતે એ મોટી ગાયને દોહતા હતા. કૃષ્ણદાસે એ ગાયના વાછરડાને પકડ્યો હતો. અને એ ગાય વાછરડાને ચાટતી હતી. એવાં દર્શન ગૌશાળામાં મને થયાં. ત્યારે શ્રીગુસાંઈજી શ્રીમુખથી કહે કે એમાં આશ્ચર્ય શું ? એ કૃષ્ણદાસ એવા ભગવદીય હતા કે પોતે વાઘની આડે પડ્યા. અને શ્રીગોવર્ધનનાથજીની ગાયને બચાવી તેથી કૃષ્ણદાસના ઉપર શ્રીગોવર્ધનનાથજી એ પોતે પ્રસન્ન થઈને કૃષ્ણદાસને પોતાની લીલામાં પ્રાપ્ત કર્યા. તમે ભગવદીય છો તેથી તમને દર્શન થયા. બીજાને તો લીલાના દર્શન દુર્લભ છે. એ વાત સાંભળીને બધા વૈષ્ણવ વ્રજવાસી ઘણા જ પ્રસન્ન થયા કે સેવા પદાર્થ એવો છે કે પછી પ્રાત:કાલ કુંભનદાસજી શ્રીગોવર્ધનનાથજીના દર્શને આવ્યાં. ત્યારે શ્રીગુસાંઈજીએ સેવકોને આજ્ઞા કરી કે સૌથી પહેલાં કુંભનદાસજીને દર્શન કરાવી દો. તે પછી બીજા લોકો દર્શન કરશે; પછી શ્રીગુસાંઈજીએ સોથી પહેલાં કુંભનદાસને દર્શન કરાવી દીધાં. એ પ્રકારે કુંભનદાસજીના ઉપર શ્રીગુસાંઈજીએ પોતે અનુગ્રહ કર્યો.

ભાવપ્રકાશ : કેમ કે સૂતકીને મંદિરમાં કોણ આવવા દે ? તેથી કુંભનદાસને સૂતકમાં દર્શન કરાવ્યાં. એ રીતિ તે દિવસથી રાખી કે જેને સૂતક હોય તે પણ દર્શન કરે. આ પ્રકાર કુંભનદાસની કૃપાથી સૂતકાઓને દર્શન થવા લાગ્યા. એ રીતે શ્રીગુસાંઈજીએ પોતે એથી કરી કે વૈષ્ણવના હૃદયમાં સ્નેહ છે. એ આગળ કોઈ જાણશે નહીં. વૈષ્ણવોને દર્શનની છૂટી રહે તો તે વૈષ્ણવો પણ સુખ પામે અને શ્રીગોવર્ધનનાથજી પણ સુખ પામે. તેથી દર્શનની છૂટ રાખી.

પછી કુંભનદાસજી ભોગ પર્યંત દર્શન કરી પરસોલીમાં આવીને વિરહના પદો ગાતા તે પદ-

રાગ બિહાગરો : તિહારે મિલન બિનુ દુખિત ગોપાલ ।। અરિ આતુર કુલબધુ બ્રજ-સુંદર,પ્યારે વિરહ બેહા ।।૧।। સીતલચંદ તપત દેહત કિરનની કમલપત્ર ચલ જનુ બ્યાલ ।। ચંદન કુસુંમ સુહાય ન બાઢી હે તન જવાલ । 'કુંભનદાસ' નવ તન સ્યામ તુમ બિનુ, કનકલતા સૂકી માનો ગિષ્મ કાલ ।।૨।।

રાગ બિહાગરો : અબ દિન રાત પહારસે ભએ ।। તબ તેં નિઘટ નાહિન, જબ તેં હરિ મધુપુરી ગએ ।।૧।। યહ જો નિયત વિધાતાજુગ સમ, કીને જામ નએ ।। જાગત જાત બિહાત ન ક્યોં હું, એસે ભીત ઠએ ।।૨।। બ્રજવાસી સખ પરમ દીન અતિ વ્યાકુલ ચોચલએ ।। જયો બિનુ પ્રાન દુખિત જલરૂહ ગન. દારૂન હૃદે હુંએ ।।૩।। 'કુંભનદાસ' બિછુરિ નંદનનંદ બહુ સંતાપ દએ ।। અબ ગિરિધર બિનુ રહત નિરંતર, લોચન નીર છએ ।।૪।।

રાગ કેદારો : ઓરન કો સમીપ બિછુરનો આયો મેરે હી હીસા ।। સબ કોઉં સોવે અપુને સુખ આલી, મોંકો ચાહત જાગ ચહું નીસા ।।૧।। નાં જાનો યા બિધાતા કી, ગતિ મેરે આંક લિખે એસે કોન રીસા । કુંભનદાસ પ્રભુ ગિરિધર કહેત, નિસદિ હી રટે, જ્યોં ચાતકઘન ત્રિસા ।।૨।।

એ પ્રકારે પદ ગાઈને કુંભનદાસજીએ સૂતકના દિવસો વ્યતીત કર્યા. તે પછી શુદ્ધ થઈને કુંભનદાસ પોતાની સેવામાં આવ્યા. તે જેમ નિત્ય નેમથી સેવા કરતા હતા તે જ પ્રકારથી સેવા કરવા લાગ્યા. એ પ્રકારનો સ્નેહ કુંભનદાસજીનો શ્રીગોવર્ધનજીમાં હતો.

વાર્તાપ્રસંગ ૯ : વળી એક દિવસ શ્રીગોકુલજી અને બાલકૃષ્ણજી એ બંને ભાઈ મળીને

શ્રીગુસાંઈજીને કહે, કુંભનદાસજી ક્યારેય શ્રીગોપાલ નથી ગયા. તેથી કોઈ પ્રકારે શ્રીગોપાલ સુધી જાય તો કુંભનદાસજી શ્રીનવનીતપ્રિયાજીનાં દર્શન કરે, ત્યારે શ્રીગુસાંઈજી પોતે કહે કે, કુંભનદાસજી તો શ્રીગોવર્ધનનાથની રહસ્ય લીલામાં મગ્ન છે. એમનાથી શ્રીગોવર્ધનનાથજી હળ્યા છે. ત્યારે શ્રીગોકુલનાથજી કહે કે એમને લઈ જવાનો ઉપાય તો કરીએ પછી ન આવે તો ભગવદીચ્છા. ત્યારે શ્રીગુસાંઈજી પોતે કહે કે ઉપાય કરો, પરંતુ કુંભનદાસજી શ્રીયમુનાજીને પારે કદીયે નહીં ઊતરે. પછી થોડાક દિવસમાં શ્રીગુસાંઈજી પોતે શ્રીગોકુલ પધાર્યા. અને શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજી શ્રીનાથજી દ્વારમાં હતા, વૈશાખ સુદ ૧૧ના દિવસે શ્રીગોકુલનાથજી શ્રીબાલકૃષ્ણજીને કહે કે શ્રીગોકુલમાં શ્રીગુસાંઈજી છે અને આપણે બન્ને અહીં છીએ. તેથી કુંભનદાસજીએ કહ્યું કે કેવી રીતે લઈ ચાલીશું ? કુંભનદાસજી તો અસવારી ઉપર બેસતા નથી. એટલે શ્રીગોકુલનાથજીએ કહ્યું કે કુંભનદાસજી અસવારી ઉપર તો બેસશે નહીં અને દિવસમાં શ્રીગોવર્ધનનાથજીના દર્શન છોડીને ત્યાં જશે નહીં રાત્રી અજવાળી છે, એટલે આપણે પગે ચાલીશું. આ પ્રકારથી જઈએ. જુઓ, શું કૌતુંક થાય છે ! કુંભનદાસજી સરખા ભગવદીયનો સંગ તે આ બહાને થશે એ પણ મોટા લાભ થશે.

પછી બંને ભાઈ શ્રીગોવર્ધનનાથજીની સેન આરતી સુધીની સેવાથી પહોંચીને શ્રીનાથજીને પોઢાવી અનોસર કરી બહાર આવ્યા. તે કુંભનદાસજીનો હાથ પકડીને ભગવદવાર્તા લીલાનો ભાવ કહેવા લાગ્યા. ત્યારે કુંભનદાસ લીલા રસમાં મગ્ન થઈ ગયા. કંઈ સુધ રહી નહીં કે અમે ક્યાં છીએ. પછી શ્રીગોકુલનાથજી ભગવદવાર્તા કરતા કુંભનદાસજીનો હાથ પકડીને અન્યોરમાં તરફ પર્વતથી ઊતરીને શ્રીગોકુલ ચાલ્યા. કુંભનદાસજી તો રહસ્યવાર્તામાં મગ્ન છે. અને શ્રીબાલકૃષ્ણજી બે ચાર વૈષ્ણવોની સંગે ચુપચાપ કુંભનદાસજી અને શ્રીગોકુલમનાથજીની વાર્તા સાંભળતા શ્રીગોકુલ ચાલ્યા. માર્ગમાં શ્રીગોકુલનાથજી કુંભનદાસજીને પૂછે કે શ્રીસ્વામીજીનો શૃંગાર ક્યારેય ગોવર્ધનધર પણ કરે છે ? ત્યારે કુંભનદાસજી પ્રેમમાં મગ્ન થઈને કહે કે હાં હાં ! કરે છે, એક દિવસ આસો મહિનામાં શ્રીનાથજી અને સ્વામિનીજીએ લલિતાદિક સખી સાથે રાત્રિએ વનમાં ફૂલ વીણ્યાં. તે પછી તે સમાજ સહિત રાસ મંડલની પાસે શૃંગારનો ચોતરો છે. તે ઉપર બિરાજ્યા. વિશાખાજી તે વખતે શ્રીપ્યારીજીને શૃંગાર કરવા લાગી. ત્યારે શ્રીગોવર્ધનનાથજી કહે કે, આજ તો શૃંગાર હું કરીશ. પછી શ્રી ગોવર્ધનનાથજી શ્રીસ્વામિનીજી પાછળ વેણી ગૂંથવા ઊભા રહ્યા. ત્યારે મુખ આદિના દર્શન વિના બંનેથી રહેવાય નહીં. વિશાખાજી તો પરમ ચતુર છે. એમણે બંનેના હૃદયનો અભિપ્રાય જાણીને શ્રીસ્વામિનીજીની પાછળ એક દર્પણ ધર્યું ત્યારે તે દર્પણમાં બંનેના શ્રીમુખ સન્મુખ થયા. ત્યારે અવલોકવા લાગ્યા. પછી શ્રીઠાકુરજીએ મોટા લાંબા વાળ, શ્યામ ચીકણા, શ્રીહસ્તમાં કાંસકાથી સવારીને એક એક વાળમાં ઝીણાં મોતી પરમ ચતુરાઈથી પરોવીને શ્રીસ્વામિનીજીના મુખચંદ્રની શોભા દર્પણમાં જોઈને પ્રસન્ન થઈ ગયા. તેથી હાથમાંથી વાળ છૂટી ગયા. તેથી બધાં મોતી વાળમાંથી નીકળી રતન ખચિત શ્રૃંગારના ચોતરા ઉપર ફેલાઈ ગયા. ત્યારે બહુ હાસ્ય થયું કે આટલી વાર સુધી શ્રૃંગાર કર્યો તે એક ક્ષણમાં વડો થઈ ગયો એવું સખીઓએ કહ્યું, ત્યારે શ્રીઠાકુરજીએ વિશાખાને કહ્યું કે તમે વેણી પકડી રાખો. હું મોતી પરોવું. એટલે વિશાખાજીએ વેણી પકડી ત્યારે ફરી શ્રીઠાકુરજીએ વેણીનો મોતીઓથી શૃંગાર કરી માંગ સવારી પછી ફૂલોના આભૂષણ સુખીજનોને બનાવીને શ્રીઠાકુરજીને આપ્યો. તે શ્રીઠાકુરજી ધરાવતા જાય અને ક્ષણ ક્ષણમાં મુખચંદ્રની શોભા જોઈને

તિલક અને ચરણમાં મહાવર કર્યું, પછી શ્રીસ્વામિનીજીએ શ્રીગોવર્ધનધરનો શૃંગાર કર્યો. તે પછી રામવિલાસ આદિ અનેક લીલા કરી, આ પ્રકારે વાર્તા કરતાં કરતાં શ્રીગોકુલ સામે શ્રીયમુનાજીના તીર સુધી કુંભનદાસજી આવ્યા. પછી શ્રીગોકુલથી નાવ ઉપર ચઢીને શ્રીગુસાંઈજી પોતે આ પાર આવ્યા. સવાર પણ થયું, પણ કુંભનદાસજીને શરીરની સુધ રહી નહીં. લીલારસમાં મગ્ન હતા.

પછી કુંભનદાસજી સાવધાન થઈને જુએ તો સવાર થયું છે. એટલામાં શ્રીગુસાંઈજીને જોઈને શ્રીનાથજીનો હાથ છૂટી ગયો. અને કુંભનદાસજી મહા ઉતાવળથી દોડ્યા. જે શ્રીગોવર્ધનનાથજીને ત્યાં કીર્તન કોણ કરશે ? હાય હાય મારી સેવા ગઈ એ પ્રકારે મનમાં કહેતાં દોડ્યા, તે અત્યંત વેગથી દોડ્યા. બધા વૈષ્ણવો કુંભનદાસજીને પકડવાને પાછળ દોડ્યા. પરંતુ કુંભનદાસજી તો ભાગ્યા તે દોડ્યા જ જાય. કોઈને મળ્યા નહીં, પછી બધા પાછા શ્રીગુસાંઈજીની પાસે આવ્યા. ત્યારે શ્રીગુસાંઈજી કહે, હવે શું કુંભનદાસજીને પહોંચી શકશો ? એમને અહીં કેમ લઈ આવ્યા છો ? એ યમુનાજીની પાર ક્યારેય નહીં ઊતરે. અમે તમને પહેલાં જ કહ્યું હતું. ત્યારે શ્રીગોકુલનાથજીએ શ્રીગુસાંઈજીને કહ્યું જે પાર ન ઉતાર્યા તો શું થયું, પરંતુ આખી રાત્રિ ભગવદવાર્તાના ભાવમાં વિતાવી મહા અલૌકિક સિદ્ધિ પ્રાપ્ત થઈ, એ મોટો લાભ થયો. ભગવદીયોનો સત્સંગ એક ક્ષણ પણ દુર્લભ છે. આ સાંભળીને શ્રીગુસાંઈજી પોતે કહે છે કે એ તો તમે ઠીક કહ્યું, પરંતુ હવે આ સમય તો કુંભનદાસને દોડવું પડ્યું, અને જ્યાં સુધી કુંભનદાસ શ્રીગિરિરાજ ઉપર નહીં જાય ત્યાં સુધી શ્રીગોવર્ધનનાથજી જાગશે નહીં. કુંભનદાસજી જગાડવાના કીર્તન ગાશે ત્યારે જાગશે. એવા ભક્તના આધિન શ્રીગોવર્ધનનાથજી છે. તમારે ભગવદવાર્તા સાંભળવી હોય તો પરાસોલીમાં, જમનાવતમાં જઈને કુંભનદાસને પૂછજો, ત્યાં કુંભનદાસ તમને કહેશે.

તે પછી શ્રીગોકુલનાથજી અને શ્રીબાલકૃષ્ણજી બધા વૈષ્ણવ સહિત શ્રીગોકુલ પધાર્યા. પછી શ્રીગુસાંઈજીનો ઘોડો જીન સહિત પાર બાંધ્યો હતો તે ઉપર પોતે શ્રીગુસાંઈજી જલદીથી અસવાર થઈને ઘોડો દોડાવીને ચાલ્યા. કુંભનદાસજી તો દોડ્યા જતા હતા. ત્યાં આવીને શ્રીગુસાંઈજી કુંભનદાસને કહે, કે તમે ક્યારેય આ માર્ગને જોયો નથી તેથી તમે ભૂલી જશો તેથી ઘોડાની પાછળ દોડ્યા આવો. કુંભનદાસજી શ્રીગુસાંઈજીની પાછળ પાછળ દોડ્યા ચાલ્યા જાય.

અહીં રામદાસ ભીતરીયા આદી ન્હાઈને પર્વત ઉપર આવે, ત્યારે એ છોવાઈ જાય એમ કરતાં ચાર ઘડી દિવસ ચઢ્યો ત્યારે શ્રીગુસાંઈજી પોતે ગિરિરાજ પધારી ઘોડા ઉપરથી ઊતરીને તત્કાલ સ્નાન કરી પર્વત ઉપર મંદિરમાં પધાર્યા. ત્યાં જુએ તો બધા ભીતરીયા રામદાસ સહિત ન્હાઈને મંદિરમાં આવ્યા છે. ત્યારે શ્રીગુસાંઈજીએ પોતે પૂછ્યું કે રામદાસ ! આટલી વાર કેમ થઈ ? રામદાસે વિનંતી કરી કે મહારાજ ! આજ ન જાણે શું થયું છે. ચાર વાર ન્હાયા અને ચારે વાર ભીતરીયા છોવાયા. હવે પાંચમી વાર ન્હાઈને આવ્યાં છીએ એ કારણ સમજાયું નહીં. ત્યારે શ્રીગુસાંઈજી આપ કહે કે આ કુંભનદાસજીને શ્રીગોવર્ધનનાથજીઓ કૌતુક કર્યું છે. તે પછી શ્રીગુસાંઈજીએ શંખનાદ કરાવીને શ્રીગોવર્ધનનાથજીને જગાડ્યા. તે સમયે કુંભનદાસજીએ જગાવવાના પદો ગાયા એટલે શ્રીગોવર્ધનનાથજી ઊઠ્યા. ત્યારે કુંભનદાસજીએ પોતાના મનમાં જ બહુ હર્ષ માન્યો કે મારી કીર્તનની સેવા મને મળી. તે પછી રાજભોગ પર્યંત શ્રીગુસાંઈજી સેવાથી પહોંચ્યા. સવારે નૃહસિંહ ચતુર્દશી હતી તેથી કેસરી પીછોડા કુલ્હે સિદ્ધ કર્યા. તે પછી સેન પર્યંત સેવાથી પહોંચ્યા. એ પ્રકારે કુંભનદાસજી ક્યારેય શ્રીગોકુલ ન ગયા.

શ્રીગોવર્ધનનાથજીની લીલારસમાં મગ્ન રહેતા. એ કુંભનદાસજી એવા પરમ કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૧૦ : વળી એક સમયે પરાસોલીમાં કુંભનદાસજી ખેતર ઉપર બેઠા હતા અને શ્રીગોવર્ધનનાથજી કુંભનદાસની આગળ ખેતરમાં રમતા હતા. એટલામાં ઉત્થાપનનો સમય થયો. ત્યારે કુંભનદાસે ઊઠીને શ્રીગિરિરાજી જવાનું નક્કી કર્યું. ત્યારે શ્રીનાથજીએ કુંભનદાસને કહ્યું કે તું ક્યાં જાય છે ? ત્યારે તેમણે કહ્યું કે ઉત્થાપનો સમય થયો છે. તેથી ગિરિરાજ ઉપર શ્રીગોવર્ધનનાથજીના દર્શને જાઉં છું. ત્યારે શ્રીગોવર્ધનનાથજી કહે કે હું તો તારી પાસે ખેલું છું, તું ત્યાં કેમ જાય છે ? ત્યારે કુંભનદાસે કહ્યું કે મહારાજ ! અહીં તમે ખેલો છો અને દર્શન દો છો તે તો આપના તરફથી કૃપા કરીને. જો હમણાં જ આપ ભાગી જાવ તો તમારા ઉપર મારું કંઈ જોર ચાલે નહીં, અને મંદિરમાં તો શ્રીઆચાર્યજી મહાપ્રભુએ પધરાવ્યા છે, ત્યાંથી આપ ક્યાંય જાવ નહીં. ત્યાં બધાને દર્શન આપો છો. વળી મંદિરમાં દર્શવની આસક્તિ મને છે તેથી આપ ઘર બેઠા કૃપા કરીને દર્શન દો છો. આ સમયે કૃપા કરીને દર્શન દઈને આપ અનુભવ જણાવો છો તેઓ મંદિરની સેવા દર્શનના પ્રતાપથી, તેથી ત્યાં ગયા વિના ન ચાલે ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ હસીને કહ્યું કે કુંભનદાસ ! તારો ભાવ મહા અલૌકિક છે. તેથી જ હું તને એક ક્ષણ નથી છોડતો. તે પછી શ્રીનાથજી અને કુંભનદાસજી પરાસોલીથી સાથે ચાલ્યા. તે ગોવિંદકુંડ ઉપર આવ્યા. એટલામાં શેખનાદ થયા. એટલે શ્રીગોવર્ધનનાથજી મંદિરમાં ગયા. અને કુંભનદાસજી આન્યોર આવ્યા. ત્યાંથી પર્વત ઉપર પોતે ચઢી મંદિરમાં શ્રીગોવર્ધનનાથજીના દર્શન કર્યા, તે કુંભનદાસજી એવા ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૧૧ : એક દિવસ માલી બસો કેરીઓ મોટી મોટી બહુ સુંદર, ટોપલામાં ભરીને પરાસોલી ચંદ્રસરોવર આવ્યો. ત્યાં ટોપલો ઉતારીને કુંડની પાસે બધી કેરીઓ ભૂમિમાં ધરીને કપડાંથી પોંછી-પોંછીને મેલ લૂછવા લાગ્યો. તે સમયે કુંભનદાસજી રાજભોગ આરતીના દર્શન કરીને શ્રીગિરિરાજથી ચાલ્યા. તે ચંદ્રસરોવર જલ પીવાને આવ્યા. ત્યાં કેરીઓ બહુ સુંદર શ્રીગોવર્ધનનાથજીને લાયક જોઈને કુંભનદાસજીએ એ માલીને પૂછ્યું કે આ તું ક્યાં લઈ જઈશ ? ત્યારે એ માલીએ કહ્યું કે મથુરા લઈ જઈશ, ત્યાં એના દશ રૂપૈયા લઈશ, કુંભનદાસીની પાસે તો કંઈ પૈસાહતા નહીં, તેથી શું કરે ? પછી શ્રીગોવર્ધનનાથજીનું સ્મરણ કરીને કહે કે, મહારાજ ! આ સામગ્રી પરમ સુંદર છે. અને આપના લાયક છે. કેમ જે ઉત્તમ વસ્તુના ભોક્તા આપ જ છો, તેથી આપ આ કેરીઓ આરોગો. ત્યારે તુર્ત જ શ્રીગોવર્ધનનાથજી આવીને બધી કેરીઓ આરોગ્યા. પણ એ માલી ટોપલામાં આંબા ભરીને મથુરા ગયો. પછી સાંજ થઈ. ત્યારે એક રજપૂત ગામમાં મથુરા કંઈ કાર્યાર્થે આવ્યો હતો, તેણે કેરીઓ જોઈને કહ્યું, કે શું લઈશું ? ત્યારે માલીએ કહ્યું કે દશ રૂપિયાથી ઓછું નહીં લઉં, એટલે એ રજપૂતે દશ રૂપૈયા દઈને બધી કેરીઓ લઈને શ્રીયમુનાજીના તટ ઉપર આવ્યો. એ રજપૂતની સાથે એક સનોડિયા બ્રાહ્મણ હતો એને સો કેરી આપી, તે બંને જણાએ પચાસ પચાસ કેરી ઘરના માટે રાખીને પચાસ પચાસ બંનેએ શ્રીયમુનાજીના કિનારે બેસીને ખાધી તે પછી મથુરામાં એક દુકાન ઉપર બંને જણા સૂઈ રહ્યા. બંનેને સ્વપ્નામાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થયાં. પછી એ જાગ્યા ત્યારે એ રાજપૂતે કહ્યું કે બ્રાહ્મણદેવ ! તમે કંઈ જોયું ? ત્યારે એ બ્રાહ્મણે કહ્યું કે શ્રીગોવર્ધનનાથજી ઠાકુરના દર્શન થયાં છે. ત્યારે તે રાજપૂતે તે બ્રાહ્મણને પૂછ્યું કે શ્રીગોવર્ધનનાથજી આપ ક્યાં બિરાજે છે. ત્યારે એ બ્રાહ્મણે કહ્યું કે અહીંથી સાત ગાઉ

ઉપર શ્રીગોવર્ધન પર્વત છે, ત્યાં બિરાજે છે. ત્યારે તે રજપૂતે બ્રાહ્મણને કહ્યું કે તું મહા મુરખ છો કે એવા સ્વરૂપના સાક્ષાત દર્શન કર્યાં છે છતાં બીજી જગાએ કેમ ભટકે છે ? મેં એ સ્વરૂપનાં દર્શન કર્યાં, તેથી હવે મારાથી સહી શકાતું નથી. સવારે તું બધી કેરીઓ લે, અને હું તને રૂપિયા પાંચ આપીશ. અને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરાવી દે. એ રજપૂતે પચાસ કેરીઓ એ બ્રાહ્મણને આપી.

પછી એ બ્રાહ્મણે મથુરામાં પોતાને ઘરે આવીને પોતાની પાસેની સો કેરીઓ ઘરે આપીને તે રજપૂતની પાસે આવીને બન્ને જણા ચાલ્યા, તે શ્રીગોવર્ધનનાથજીની સેન આરતીના દર્શન બન્ને જણાએ કર્યા. શ્રીનાથજીએ એ રજપૂતનું મન હરી લીધું હતું. પછી દર્શન ચૂક્યા. ત્યારે તે રજપૂતે પોતાના હથિયાર કપડાં અને પાંચ રૂપૈયા એ બ્રાહ્મણને આપ્યા. અને દશ રૂપિયા બીજા હતા તે પાસે રાખ્યા. પછી એ બ્રાહ્મણે કહ્યું કે હું ઘેર જઈશ એમ કહી તે બ્રાહ્મણ મથુરા પોતાને ઘેર આવ્યો. એ રજપૂત એક ધોતી પહેરી દંડવત શિલાની પાસે ઊભો રહ્યો. એટલામાં શ્રીગોવર્ધનનાથજીને અનોસર કરાવીને શ્રીગુસાંઈજી પોતે પર્વતથી નીચે પધાર્યા. ત્યારે તે રજપૂતે દંડવત કરીને કહ્યું, કે મહારાજ ! હું બહુ દિવસથી ભટકતો હહત. હવે મારો અંગીકાર કરી આપના ચરણ પાસે રાખો. ત્યારે શ્રીગુસાંઈજી કહે, કે તમારા ઉપર કુંભનદાસની કૃપા થઈ છે. તેથી તારી આ દશા છે. તારા મહાન ભાગ્ય છે. પછી શ્રીગુસાંઈજીએ પોતે પોતાની બેઠકમાં પધારી એ રજપૂતને નામ સંભળાવ્યું, ત્યારે એ રજપૂતે દશ રૂપિયા ભેટ કર્યા. ત્યારે શ્રીગુસાંઈજી પોતે કહે કે, તારી પાસે રહેવા દે, કેમ કે તારી પાસે ખર્ચી નથી. તે બધી તેં બ્રાહ્મણને આપી છે. ત્યારે તે રજપૂતે દંડવત કરીને વિનંતી કરી કે મહારાજ ! હવે મારે રૂપિયાથી શું કામ છે ? હું તો હવે આપના શરણે છું. જે ટહેલ બતાવશો તે કરીશ.

પછી તે રજપૂતે વિનંતી કરી કે મહારાજ ! પૂર્વ જન્મનો હું કોણ છું ? અને કયા પુણ્યથી મને આપના દર્શન થયા છે ? ત્યારે શ્રીગુસાંઈજી પોતે કૃપા કરીને તેને કહે કે, તમે પહેલાં વ્રજમાં ગોપ હતા. પહેલાં શસ્ત્ર બાંધીને શ્રીનંદરાયજીની ગાયોની સાથે જતા પછી એક દિવસ તમે સર્પને માર્યો. તે અપરાધથી તમે સંસારમાં ઘણાં જન્મ લીધા પછી આ કેરીઓ કુંભનદાસજીએ જોઈ તે મન કરીને શ્રીગોવર્ધનનાથજીને સમર્પણ કરી. એ માલીની બધી કેરીઓ કુંભનદાસજીએ શ્રીનાથજીને અંગીકાર કરાવી. તે પછી એ માલીની પાસેથી દશ રૂપિયા દઈને તમે લીધી, તે પચાસ તમે રાખી તમે એ મહાપ્રસાદી લીધી, અને તમે દૈવી જીવ હતા તેથી તમારું મન ફેરવીને શ્રીનાથજીએ સ્વપ્નમાં દર્શન દીધાં. અને તે બ્રાહ્મણ દૈવી જીવન ન હતો. તેથી તેને સ્વપ્નમાં શ્રીનાથજીએ દર્શન આપ્યા. તો પણ તેને જ્ઞાન ન થયું. લીલામાં તમારું નામ નેના હતું. હવે તમે શ્રીનાથજીની ગાયોની સાથે શસ્ત્ર બાંધીને જજો અને શ્રીનાથજીની રસોઈનો મહાપ્રસાદ લો. શસ્ત્ર, કપડાં અમે તમને આપીશું. આજ તમે વ્રત કરો. કાલે તમને સમર્પણ કરાવીશું. ત્યારે એ રજપૂતે દંડવત કર્યા. તે પછી બીજા દિવસે શ્રીગુસાંઈજી પોતે શ્રીનાથજીનો શૃંગાર કરી તે રજપૂતને ન્હવડાવીને શ્રીનાથજીની સામે બ્રહ્મસંબંધ કરાવ્યું. ત્યારે એ રજપૂતની બુદ્ધિ નિર્મલ થઈ ગઈ. તે પછી એ રજપૂતને જૂઠણની પાતળ ધરી પછી શસ્ત્ર દઈને શ્રીગુસાંઈજીએ પોતે એની પ્રસાદી કપડાં દીધાં. એ લઈને ઘોડા ઉપર ચઢીને તે ગાયોની સંગે ગયો. ત્યારે એનું મન શ્રીગોવર્ધનનાથજીના સ્વરૂપમાં લાગ્યું. પછી કેટલાક દિવસમાં શ્રીનાથજીની ગાયોમાં તે રજપૂતને દર્શન દેવા લાગ્યા. તે પછી તે રજપૂત મોટો કૃપાપાત્ર ભગવદીય થયો.

ભાવપ્રકાશ : એમાં એ જણાવ્યું છે કે કુંભનદાસજીએ માનસી સેવામાં ભોગ ધર્યો તે શ્રીગોવર્ધનનાથજી આરોગ્યા. એ મહાપ્રસાદી આંબા લેવાથી તે રજપૂત ઉપર ભગવદનુગ્રહ થયો. તેથી ભગવદીય પોતાના હાથથી ભોગ ધરે છે. તેં તો શ્રીઠાકુરજી સર્વથા પ્રીતિથી આરોગે ને તે મહાપ્રસાદ અલૌકિક હોય તેમાં કહેવું શું ?

એ રજપૂતના બે બેટા હતા. તે બેટા રજપૂતની પાસે આવ્યા. ત્યારે તે રજપૂતે બન્ને બેટાઓને કહ્યું કે બેટા ! આપણે તો સિપાઈ છીએ. તે ક્યાંક લડાઈમાં વૃથા પ્રાણ જાત. મારા ઉપર પ્રભુએ કૃપા કરી છે. એટલે હવે તમે એમ જાણજો કે પિતા મરી ગયો છે. તેથી હવે તમે જાવ તમારું ઘર સંભાળો. અમારી રાહ ન જોતા, અમે તો નહીં આવીએ. પછી તે રજપૂતના બન્ને બેટા પોતાને ઘરે આવ્યા. અને બધા સમાચાર કહ્યા કે અમારા પિતા વૈરાગી થયા છે. તેથી હવે અમારે એનું શું કામ છે ? પછી બધા મોહ છોડીને બેસી રહ્યા.

ભાવપ્રકાશ : આ પ્રકારે મહાપ્રસાદ અને ભગવદીયનાં દર્શન જે દૈવી જીવ હોય તેને ફલીત થાય, એ સિદ્ધાંત જણાવ્યો.

એ કુંભનદાસજી એવા ભગવદીય હતા કે સહજમાં કેરીઓને મિલે રજપૂત ઉપર કૃપા કરી તેથી ભગવદીય જે કૃત્ય કરે છે તે ઓલૌકિક જાણવું. કેમ કે શ્રીગોવર્ધનનાથજી ભગવદીય વશ છે. વળી કુંભનદાસજીની સ્ત્રી અને પાંચ બેટા નામ માત્ર પામ્યા, તેથી કુંભનદાસજીના સંગથી ઉદ્ધાર થયો. અને કુંભનદાસજીની ભત્રીજી, જે ભાઈની બેટી હતી તે લગ્ન થતાં જ વિધવા થઈ. તેને લૌકિક સંબંધ થયો ન હતો.

ભાવપ્રકાશ : કેમ જે મૂલમાં દૈવી જીવ છે, લીલામાં એમનું નામ 'સરોવર' છે. એના માતા-પિતા મરી ગયાં છે. એથી એ કુંભનદાસના ઘરમાં રહેતી. લીલામાં વિશાખાજીની સખી છે તેથી અહીં પણ કુંભનદાસજી જેવા ભગવદીયનો સંગ થયો. તેથી તે ભત્રીજીને પણ શ્રીગોવર્ધનનાથજીના દર્શન દેતા એને સાનુભાવ જણાવતા.

વાર્તાપ્રસંગ ૧૨ : એક દિવસ શ્રીગુસાંઈજીનો જન્મ દિવસ આવ્યો. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ પોતાના મનમાં વિચાર્યું કે મારો જન્મદિવસ શ્રીગુસાંઈજીએ બધા વૈષ્ણવો સહિત જગતમાં પ્રકટ કર્યો. તેથી હું પણ હવે શ્રીગુસાંઈજીના જન્મ દિવસ પ્રકટ કરું એમ વિચારીને જ્યારે પોષ વદ આઠમે રામદાસજી શ્રીનાથજીમાં શૃંગાર કરતા હતા. અને તે સમયે કુંભનદાસ જ્યારે શૃંગારના કીર્તન કરતા હતા અને શ્રીગુસાંઈજી પોતે શ્રીગોકુલમાં હતા. ત્યારે શ્રીગોવર્ધનનાથજી રામદાસજીને કહે કે મારા જન્મ દિવસે શ્રીગુંસાઈજી પોતે મોટો ઓચ્છવ કરે છે. તેથી મારે પણ શ્રીગુસાંઈજીનો જન્મ દિવસ મનાવવો છે, તેથી તમે બધા મળીને શ્રીગુસાંઈજીના જન્મ દિવસનું મંડાણ કરો. મને સામગ્રી આરોગાવો. કાલે જન્મ દિવસ છે. ત્યારે રામદાસે વિનંતી કરી કે, મહારાજ ! શી સામગ્રી કરીએ ? ત્યારે શ્રીગોવર્ધનનાથજી કહે, જલેબી રસરૂપ કરો, ત્યારે રામદાસ અને કુંભનદાસજીએ કહ્યું કે બહુ સારું.

પછી રામદાસજીએ સેવાથી પહોંચીને બધા સેવકોને ભેગા કરીને કહ્યું કે સવારે શ્રીગુસાંઈજીનો જન્મ દિવસ છે. તેથી શ્રીગોવર્ધનનાથજીને સામગ્રી કરવી છે. ત્યારે સદુ પાંડેએ કહ્યું કે ઘી. ચૂમ જોઈએ

એટલા મારા ઘરેથી લેજો. પછી કુંભનદાસને ઘરે તો કંઈ હતું નહીં. તેથી બે પાડા અને બે પાડી એક વ્રજવાસીને વેચીને પાંચ રૂપૈયા લાવીને કુંભનદાસજીએ રામદાસને આપ્યા. બીજા બધા સેવકોએ એક રૂપૈયો કોઈએ બે રૂપૈયા એમ આપ્યા. તેની ખાંડ મંગાવી, અને ઘી, મેંદો સદુ પાંડે લાવ્યા. તેની આખી રાત્રિ જલેબી કરી પછી પ્રાતઃકાલ થયો ત્યારે રામદાસજીએ અભ્યંગ કરાવીને કેસરી પાગ, કેસરી વસ્ત્ર, વાઘા કુલ્હે જે શ્રીગુસાંઈજીએ પોતે, શ્રીગોકુલથી પોતાના શ્રીહસ્ત સિદ્ધ કરીને મોકલ્યો હતો તે પધરાવ્યા પછી ભોગ ધર્યો. ત્યારે શ્રીગોવર્ધનના થજી કુંભનદાસને કહે કે તમે શ્રીગુસાંઈજીની વધાઈ ગાઓ. ત્યારે કુંભનદાસે વધાઈ ગાઈ તે પદ-

રાગ દેવગંધાર : આદ વધાઈ શ્રીવલ્લભ દ્વારા । પ્રકટ ભએ પુરન પુરુષોત્તમ પુષ્ટિ કરન વિસ્તાર ॥૧॥ ભાગી ઉદે સબ દેવી જીવન કે નિઃસંધાન જન કિયે ઉદ્ધાર । કુંભનદાસ ગિરિધરન જુગલ વપુ નિગમ અગમ સબ સાધન સાર ॥૨॥

રાગ સારંગ : પ્રકટ ભયે શ્રીવલ્લભ આય ॥ સેવા રસ વિસ્તાર કરન કો, ગુંઢ જ્ઞાન સબ પ્રકટ દિખાય ॥૧॥ નિજજન સકલ કિયેજૂ પાવન, ઘર ઘર બંદનબાર બંધાય ! કુંભનદાસ ગિરિધર ગુન મહિમા, બંદીજન ચારન ગુન ગાય ॥

એ પ્રકારે કુંભનદાસજીએ બહુ વધાઈ ગાઈ. એ સાંભળીને શ્રીગોવર્ધનનાથજી ઘણા ઘણા પ્રસન્ન થયા. અને અહીં શ્રીગુસાંઈજી પોતે નવનીતપ્રિયાજીને અભ્યંગ કરાવી કેસરી વાઘા, કુલ્હે ધરાવી રાજભોગ ધરીને શ્રીનાથજીદ્વાર પધાર્યા ત્યારે રામદાસજી કહે, રાજભોગ આવ્યા છે. તેથી શ્રીગુસાંઈજી પોતે સ્નાન કરીને પર્વત ઉપર મંદિરમાં પધાર્યા. સમય થયે ભોગ સરાવી જઈને જુએ તો જલેબીના અનેક ટોપલાં ધર્યા છે. ત્યારે શ્રીગુસાંઈજી પાતે રામદાસને પૂછે છે કે આજે શો ઉત્સવ છે, કે આ સામગ્રી આટલી આરોગાવી છે ? ત્યારે રામદાસજીએ કહ્યું કે આજે આપનો જન્મ દિવસ શ્રીગોવર્ધનધરે માન્યો છે. અને બધા સેવકો પાસે સામગ્રી કરાવી છે. પછી શ્રીગુસાંઈજી પોતે ભોગ સરાવીને આરતી કરી, તે પછી અનોસર કરાવીને પોતે પોતાની બેઠકમાં પધાર્યા અને બિરાજ્યાં ત્યાં રામદાસને બોલાવીને શ્રીગુસાંઈજી પોતે પૂછે કે સામગ્રી ઘણી છે. અને સેવક મંદિરના થોડા છે. અને નિષ્કંચન છે, તો એટલી બધી સામગ્રી કયા પ્રકારે થઈ ! ત્યારે રામદાસજી કહે કે મહારાજ ! ઘી મેંદો તો સદુ પાંડેએ આપ્યો. અને પાંચ રૂપૈયા કુંભનદાસજીએ આપ્યા છે. અને વૈષ્ણવ કોઈએ એક, કોઈએ બે, જેનાથી બની આવ્યું તે આપ્યું. આમ રૂપૈયા ૨૧) થયા તેની ખાંડ આવી. તે શ્રીપ્રભુએ અંગીકાર કરી એકલામાં કુંભનદાસજીએ આવી શ્રીગુસાંઈજીએ દંડવત કર્યા. ત્યારે કુંભનદાસજીને શ્રીગુસાંઈજી પૂછે કે કુંભનદાસજી ! તમે પાંચ રૂપૈયા ક્યાંથી લાવ્યા ? તમારા ઘરની વાત તો અમે બધી જાણીએ છીએ.ત્યારે કુંભનદાસજીએ કહ્યું કે મહારાજ ! મારું ઘર ક્યાં છે ? મારું ઘર તો આપના ચરણારવિંદમાં છે. આ તો આપનું છે. બે પાડા અને બે પાડી અધિક હતી. તે વેચી દીધી છે. મારું શરીર, પ્રાણ, ઘર, સ્ત્રી, પુત્ર, વેચીને આપને માટે વિનિયોગ થાય ત્યારે વૈષ્ણવ ધર્મ સિદ્ધ થાય મહારાજ ! અમે તો સંસારી ગૃહસ્થ છીએ તેથી અમારાથી વૈષ્ણવધર્મ શું બને ? આ તો આપની કૃપા, દીન જાણીને કરો છો. એવા કુંભનદાસના વચન સાંભળીને શ્રીગુસાંઈજીનું હૃદય ભરાઈ આવ્યું. ત્યારે આપ કહે કે શ્રીઆચાર્યજી પોતે જેના ઉપર કૃપા કરીને આવી દૈન્યતા દે તેને પ્રાપ્ત થાય. અને ત્યારે શ્રીગોવર્ધનનાથજી સદા એમને વશ રહે. આ પ્રકારે શ્રીગુસાંઈજીએ પોતે કુંભનદાસની બહુ સરહના કરી,

ે કુંભનદાસ એવા કૃપાપાત્ર હતા.

વાર્તાપ્રસંગ ૧૩ : વળી એક સમયે કુંભનદાસજીએ શ્રીઆચાર્યજીને પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત પૂછ્યો.. યારે શ્રીઆચાર્યજીએ પોતે કૃપા કરીને ૮૪ અપરાધ, રાજસી, તામસી, સાત્વિક, ભક્તોના લક્ષણ, અને ાતઃકાલની સેનપર્યંતની સેવાનો પ્રકાર કહ્યો. બાલલીલા, કિશોરલીલાનો ભાવ કહ્યો. પછી કહ્યું કે જેના પર શ્રીગોવર્ધનનાથજીની કૃપા થશે તે આ કાલમાં પૂછશે અને કરશે, તમારા સરખા ભગવદીય પૂછશે ને કરશે આગળ કાલ મહા કઠણ આવશે.' અને ન કોઈ પૂછશે અને ન કોઈ કહેશે, આ પ્રકારે ીઆચાર્યજીએ પોતે કુંભનદાસને કહ્યું.

ભાવપ્રકાશ : કેમ કે સિંહણનું દૂધ સોનાના પાત્ર વિના રહે નહીં, તેવી જ રીતે ભગવદ્લીલાનો ાવ અને ભગવદ્ધર્મ ભગવદીય વિના બીજાના હૃદયમાં રહે નહીં.

વાર્તાપ્રસંગ ૧૪ : વળી એક દિવસ કુંભનદાસજીએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે મહારાજ ! ારા ઘરમાં સ્ત્રી છે, સાતમાંથી પાંચ બેટા છે અને સાતે બેટાની વહુઓ છે. પરંતુ ભગવદ્ભાવ કોઈમાં ઢ નથી. અને એક ભત્રીજી છે. તેને ભગવદ્ભાવ દઢ છે. તેનું કારણ શું ? ત્યારે શ્રીગુસાંઈજી પોતે બધા ષ્ણવોને સંભળાવીને કુંભનદાસને કહે છે કે તમે મન લગાડીને સાંભળો. હું એક પુરાણનો ઈતિહાસ કહું ું. ત્યારે બધા વૈષ્ણવો સાવધાન થયા.

પછી શ્રીગુસાંઈજી કહે કે એક બ્રાહ્મણ હતો, તેને એક કન્યા હતી. જ્યારે એ કન્યા લગ્નલાયક ઈ ત્યારે બ્રાહ્મણે એક બીજા બ્રાહ્મણને બોલાવીને કહ્યું કે મારી કન્યાનો વર પસંદ કરીને સારું ઠેકાણું ોઈને સગાઈ કરી આવો. ત્યારે એ બ્રાહ્મણ તો સગાઈ કરવાને ગયો. તે પછી બીજો બ્રાહ્મણ આવ્યો. ને પણ પેલા બ્રાહ્મણે એમ જ કહ્યું. તેથી બીજો બ્રાહ્મણ પણ સગાઈ કરવાને ગયો. પછી ત્રીજો બ્રાહ્મણ ાવ્યો તેને પણ એમ જ કહ્યું, ત્યારે ત્રીજો બ્રાહ્મણ પણ સગાઈ કરવાને ગયો. પછી ચોથો બ્રાહ્મણ આવ્યો. ને પણ એમ જ કહ્યું. ત્યારે ચારે બ્રાહ્મણ ચાર દિશાઓમાં ભગવદીચ્છાથી ગયા. તે બે-બે ત્રણ-ત્રણ ગાઉ પર એક ગામ હતું ત્યાં અલગ અલગ ગામોમાં ચારે બ્રાહ્મણોએ એ કન્યાની સગાઈ કરી. એક મહિના છી લગ્ન કરવાનું ઠરાવી બધા વરોને તિલક કરીને ચારે બ્રાહ્મણોએ આ બ્રાહ્મણની આગળ આવીને કહ્યું ગાઈ કરી તિલક કરી આવ્યા છીએ એક મહિના પછી પ્રાતઃકાલનું લગન છે. એ પ્રકારે ચારે બ્રાહ્મણોએ હ્યું, ત્યારે બેટીના પિતાએ કહ્યું કે આ તમે શું કર્યું ? બેટી તો મારી એક છે અને તમે ચારે જણ ચાર ર કરી આવ્યા, તે કેમ બનશે ? ત્યારે એ ચારે બ્રાહ્મણોએ કહ્યું કે તેં કહ્યું ત્યારે અમે સગાઈ કરી છે. મહિના પછી બેટીનું લગ્ન નહિ કરે તો અમે તારા ઉપર જીવ દઈશું. કેમ જે અમે તિલક કરી સગાઈ રી છે તે ક્યારેય ન છૂટે. ત્યારે એ બ્રાહ્મણે કહ્યું કે સારું મહિનો છે તે વખતની જોઈ લેવાશે ન જાણે થનાર છે. પછી ચારે બ્રાહ્મણોએ કહ્યું કે જ્યારે એક દિવસ લગનનો રહેશે. ત્યારે અમે લગ્ન કરાવવા ાવીશું એમ કહી ચારે બ્રાહ્મણ ઘરે ગયા.

એ બેટીના પિતાને પછી મહા ચિંતા થઈ કે હવે હું ક્યાં નીકળી જઉ ! જો પ્રાણ છૂટે તો પણ ન્યાની ખરાબી છે. તેથી હવે હું શું કરું ? તે ચિંતાને લીધે ખાનપાન બધું છૂટી ગયું. એમ ચાર દિવસ ખે ગયા. તે પછી પાંચમાં દિવસે નદી ઉપર આ બ્રાહ્મણ સંધ્યાવંદન કરતો હતો. ત્યારે એક ભગવદીય

ફરતા ફરતા આવી નીકળ્યા. તે નદીમાં ન્હાયા એટલામાં એ બ્રાહ્મણ મહાદુઃખીથી પોકારીને રડ્યો, ભગવદ ભક્તનું હૃદય કોમળ, તેથી એ બ્રાહ્મણનું દુઃખ સહી ન શક્યા, તેથી એ ભગવદભક્તે આ બ્રાહ્મણને પૂછ્યું, કે બ્રાહ્મણ ! તમને એવું શું દુઃખ છે કે તે પોકારીને રુદન કર્યું ? ત્યારે બ્રાહ્મણે પોતાની બધી વાત કહી. એ સાંભળીને એ ભગવદ્ભક્તે કહ્યું કે હું તો એક જગાએ રહેતો નથી, પરંતુ તારા માટે આ નદી ઉપર બેઠો છું. મને પ્રકટ કરીશ નહીં, અને જે દિવસનું લગન હોય તેનાથી એક દિવસ પહેલાં મને આવીને કહેજે. શ્રીઠાકુરજી ભલું કરશે. વળી હવે તમે ઘરે જઈને ખાનપાન કરો. ત્યારે એ બ્રાહ્મણે કહ્યું કે સારું. પછી જ્યારે એ લગનનો એક દિવસ રહ્યો ત્યારે પ્રાતઃકાલનો સમય હતો તે વખતે તે બ્રાહ્મણે એ ભગવદ્ભક્તની પાસે આવ્યો અને વિનંતી કરી કે કાલે પ્રાતઃકાલનું લગન છે, તેથી હવે કંઈ ઉપાય બતાવો. ત્યારે એ વૈષ્ણવે કહ્યું કે સંધ્યાએ આવજો. પછી સાંજે બ્રાહ્મણ એ ભગવદ્ભક્તની પાસે ગયો, ત્યારે એ ભક્તે કહ્યું કે તારી આગળ જે પશુ-પક્ષી આવે તેને તું પકડી લેજે. ત્યારે એ બ્રાહ્મણ નદી ઉપર બેઠો પ્રથમ બિલાડી આવી તેને પકડી. તે પછી એક કૂતરી આવી તેને પકડી. પછી એક ગધેડી આવી તેને પકડી પછી એ ભક્તે કહ્યું કે આ ત્રણેને એક કોઠામાં બંધ કર. એટલે કોઠામાં બંધ કર્યા. ત્યારે એ ભક્તે કહ્યું કે હવે તારી બેટી સૂઈ જાય ત્યારે એને પણ આ કોઠામાં પૂરી દેજે. તે પછી બેટી સૂઈ ગઈ ત્યારે તે બેટીને ખાટ સહિત કોઠામાં પૂરીને તાળું લગાડીને કહ્યું કે લગનની તૈયારી કરો.

પ્રહર રાત્રિ ગયે ચારે વર આવ્યા. સગાઈ કરવાવાળા ચારે બ્રાહ્મણોએ એમનું સમાધાન કરીને એમને બેસાડ્યા. એટલામાં લગ્નનો સમય થયો ત્યારે બ્રાહ્મણે ભગવદ્ભક્તને કહ્યું કે હવે લગ્નનો સમય થયો છે. ત્યારે ભક્તે કહ્યું કે કોટરી ખોલીને ચારે વરોને ચારે કન્યા દો અને લગ્ન કરી દો, પછી એ બ્રાહ્મણ તો તાળું ખોલીને જુએ તો ચારે કન્યા એક રૂપ, એક વય બરોબરીની જોઈ. તે ઓળખી ન શકાય તે ચાર કન્યા ચારે વરોને પરણાવી અને વિદાય કરી દીધી. પછી ચારે બ્રાહ્મણોને દક્ષિણા દઈ વિદાય કર્યા. પછી ભગવદ્ભક્તે કહ્યું કે, હવે અમે જઈશું ત્યારે બ્રાહ્મણે પગે પડીને કહ્યું, કે તમે મને જીવનદાન આપ્યું છે. આ ઘર તમારું છે તેથી આપને જે જોઈએ તે લો. ત્યારે ભક્તે કહ્યું કે અમને કંઈ જોઈતું નથી. તારું દુઃખ શ્રીઠાકુરજીએ દૂર કર્યું એજ બહુ મોટી વાત થઈ છે. પછી બ્રાહ્મણે પૂછ્યું કે ચારે કન્યાઓ સરખી થઈ છે. મને ખબર કેમ પડે કે મારી બેટી ક્યા વર સાથે પરણી છે ? કારણ બેટીને બોલાવવી હોય તો કેમ ખબર પડશે ? ત્યારે એ ભક્તે કહ્યું કે તારા ચાર જમાઈ છે, તેમને બેટીનાં લક્ષણ પૂછી લેજે. ત્યારે તને ખબર પડશે. મનુષ્યના લક્ષણ હોય તેજ તારી બેટી જાણજે. એમ કહી ભગવદ્ભક્ત તો ચાલ્યા ગયા.

ત્યારબાદ બ્રાહ્મણે કેટલાક દિવસ પછી ચારે જમાઈઓને ઘરે બોલાવ્યા અને જમાઈઓને માટે રસોઈ કરાવી. એક જણને ભોજને બેસાડ્યા, ત્યારે ભોજન કરતામાં એને પૂછ્યું કે મારી બેટી અનુકૂલ છે કે નહીં ? એના લક્ષણો કેવા છે ? ત્યારે એણે કહ્યું કે બધા ગુણ છે પરંતુ કૂતરીની માફક ભસે છે, જીભ ઠેકાણે નથી અને આચાર ક્રિયા નથી. તેથી પ્રિય નથી. પછી બીજા જમાઈને બોલાવ્યો તેને પૂછ્યું કે કહો મારી બેટીના લક્ષણ કેવા છે ? ત્યારે તેણે કહ્યું, તારી બેટીમાં લક્ષણ સારાં છે. પરંતુ ચટોકરી છે. શ્રીઠાકુરજીની વસ્તુ આવે તે ચોરીને ખાય છે. બિલાડીની દશા છે. પાંચ ઘરનું ખાધા વિના ચેન પડતું નથી. તે પછી ત્રીજા જમાઈને બોલાવીને પૂછ્યું કે મારી બેટીમાં લક્ષણ કેવાં છે ? ત્યારે તેણે કહ્યું કે તમારી બેટીમાં બધા લક્ષણ સારા છે. પરંતુ ઘરમાં આવે જાય ત્યારે ગધેડીની માફક ભૂંકે છે. સદા મલીન રહે

છે અને જેને તેને તથા મને પણ ગધેડીની માફક બન્ને પગોથી લાતો મારે છે. પછી ચોથા જમાઈને બોલાવીને પૂછ્યું કે મારી બેટીનાં લક્ષણ કહો. ત્યારે તેણે કહ્યું કે તમારી બેટીની શી વાત કરવી માનો લક્ષ્મી છે. કોઈ દેવી છે. બધાને પ્રિય, મીઠું બોલવું, ઉત્તમ ક્રિયા, આચાર વિચાર, પતિ, ગુરુ ઠાકુર અને વૈષ્ણવમાં પ્રીતિ છે. ત્યારે બ્રાહ્મણે જાણ્યું કે આજ મારી બેટી છે, તે પછી તે બેટી અને જમાઈને બોલાવતો. તેથી કુંભનદાસ ! જે મનુષ્યમાં વૈષ્ણવનાં લક્ષણ છે તે જ મનુષ્ય છે. બીજાને શું થયું જો મનુષ્ય દેહ મળી ? રાવણ, કુંભકર્ણ ખોટી ક્રિયાથી રાક્ષસ કહેવાયા. એથી જેની ક્રિયા તેનું તેવું જ રૂપ જાણવું, ભત્રીજી મોટી ભગવદીય છે, તેથી તમારા સંગથી કૃતાર્થ થશે. આ પ્રકારે શ્રીગુસાંઈજીએ પોતે કુંભનદાસજી આદી બધા વૈષ્ણવોને સમજાવ્યા કે કુંભનદાસજી શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૧૫ : પછી કુંભનદાસજીની દેહ આશક્તિ થઈ ત્યારે આન્યોરની પાસે સંકર્ષણ કુંડ ઉપર કુંભનદાસ આવીને બેસી રહ્યા. ત્યારે ચતુર્ભુજદાસે કહ્યું કે તમને તેડીને જમનાવતા ગામમાં લઈ ચાલીએ ? કુંભનદાસજી કહે કે હવે તો બે ચાર ઘડીમાં દેહ છૂટશે. તેથી હવે તો હું અહીં જ રહીશ. પછી ચતુર્ભુજદાસે શ્રીગોવર્ધનનાથજીની રાજભોગ આર્તિના દર્શન કર્યા. ત્યારે શ્રીગુસાંઈજી પોતે ચતુર્ભુજદાસને પૂછે કે કુંભનદાસને કેમ છે ? અને ક્યાં છે ? ત્યારે ચતુર્ભુજદાસે કહ્યું કે સંકર્ષણ કુંડ ઉપર બેઠા છે. ત્યારે શ્રીગુસાંઈજી પોતે કુંભનદાસની પાસે પધાર્યા. શ્રીગુસાંઈજીએ તે વખતે કુંભનદાસને કહ્યું કે કુંભનદાસ ! આ સમયે કઈ લીલામાં મન છે તે કહો. તે સમયે કુંભનદાસજી ઊઠી તો ન શક્યા તેથી માથું નમાવી મનથી દંડવત કરી આ કીર્તન ગાયા. તે પદ—

રાગ સારંગ : બિસરી ગયો લાલ કરત ॥ ગો-દોહન ॥ નિરખી અનુપ ચંદ મુખ ઈકટક રહ્યો હે સાંવરો મોહન ॥૧॥ નવ નાગરી વિચિત્ર ચતુર મન અંગ અંગ રૂપ સુઠોહન ॥ 'કુંભનદાસ' લાલ ગિરિધર મન હરયો કટિલી ભ્રોહન ॥૨॥

રાગ સારંગ : લાલ તેરી ચિતવનિ ચિત હી ચુરાવતી ॥ નંદગામ વૃષભાનપુરા બીચ મારગ ચલન ન પાવતી ॥૧॥ હોં ભરી હોં ડરી હોં નહિં કાહૂ લલિતા દૃગન ચલાવતી ॥ 'કુંભનદાસ' પ્રભુ ગોવર્ધનધર ધરયો સો ક્યોં ન બતાવતિ ॥૨॥

એ પદ કુંભનદાસજીએ ગાયા ત્યારે શ્રીગુસાંઈજીએ પોતે કહ્યું કે કુંભનદાસ ! આ લીલા તમે સંભળાવી પરંતુ અંતઃકરણ (મન) ક્યાં છે તે બતાવો, ત્યારે કુંભનદાસજીએ શ્રીગુસાંઈજીની આગળ આ પદ ગાયાં. તે પદ—

રાગ બિહાગરો : તોય મિલનકોં બોહોત કરત હે, મોહનલાલ ગોવર્ધનધારી । ઉત્તર મોહિ દેઉ કિન ભામિની, કહા કહોં હોં બાત તિહારી ॥૧॥ દેખી તું જો જરોખન કે મગ, તન સોહત જુમક કી સારી ! તન મન બસીરી લાલ ગિરિધર કે ચિત તેં ટરત ન ટારી ! કહીરી સખી હો કિહિં મગ આઉં, ત બમાઈ દે ઠોર સુચારી । 'કુંભનદાસ' પ્રભુ બૈઠે તહાં, દેખિયત હે જહાં ઊંચી ચિત્રસારી ॥૨॥

રાગ બિંહાગરો : રસિકની રસમેં રહત ગઢી ॥ કનક બોલી વૃષભાન નંદિની સ્યામ તમાલ ચઢી ॥૧॥ વિહરત શ્રીગિરિધરનલાલ સંગ, કૌન પાઠ પઢી । 'કુંભનદાસ' પ્રભુ ગોવર્ધનધર રતિ રસ કેલિ બઢી ॥૨॥

એ પદ ગાઈને કુંભનદાસજી દેહ છોડી નિકુંજલીલામાં પ્રાપ્ત થયા. પછી શ્રીગુસાંઈજી પોતે ગોપાલપુર પધાર્યા. ચતુર્ભુજદાસ આદી બધા પુત્રોએ કુંભનદાસજીનો સંસ્કાર કર્યો. તે કુંભનદાસજી લીલામાં અન્યોર પાસે છ ગામ છે ત્યાં દ્વાર ઉપર પ્રાપ્ત થયા. પછી શ્રીગુસાંઈજી ઉત્થાપનની સેન પર્યંતની સેવાથી પહોંચ્યા, પરંતુ કોઈ વૈષ્ણવથી બોલ્યા નહીં, ઉદાસ રહ્યા. ત્યારે રામદાસજીએ શ્રીગુસાંઈજીને કહ્યું કે મહારાજ ! એમ કેમ છો ત્યારે શ્રીગુસાંઈજી પોતે શ્રીમુખથી કહે કે આવા ભગવદીય અંતર્ધ્યાન થયા. હવે ભૂમિમાં ભક્તોનું નિરોધન થયું. આ પ્રકારે શ્રીગુસાંઈજીએ પોતે શ્રીમુખથી કુંભનદાસજીની સરાહના કરી એ કુંભનદાસજી શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. જેમના ઉપર શ્રીગુસાંઈજી સદા પ્રસન્ન રહેતા તેથી એમની વાર્તાનો પાર નહીં. એમની વાર્તા અનિર્વચનીય છે, તે ક્યાં સુધી કહીએ. ॥ વાર્તા ૮૩ ॥

॥ વાર્તા ૮૪ ॥

હવે શ્રીઆચાર્યજી મહાપ્રભુના સેવક, કૃષ્ણદાસ અધિકારી, જે અષ્ટછાપમાં છે, અને જેમનાં પદ ગાઈએ છીએ. તેમની વાર્તાનો ભાવ કહીએ છીએ—

ભાવપ્રકાશ : એ કૃષ્ણદાસજી લીલામાં અષ્ટસખા શ્રીઠાકુરજીના અંતરંગ, તેમનું એ પ્રાકટ્ય છે. દિવસની લીલામાં એ 'ઋષભ' સખા છે અને રાત્રિની લીલામાં 'શ્રીલલિતાજી' અંતરંગ સખી છે. એ લલિતાજીનાં પણ ચાર રૂપ છે. પોતે તો મધ્યા થઈ શ્રીગોવર્ધનનાથજી શ્રીસ્વામિનીજીની લીલા નિકુંજ સંબંધી અનુભવ કરે છે. અને લલિતાજીનું બીજું સ્વરૂપ ઋષભ સખા થઈને વનમાં સંગે જાય છે અને દિવસની લીલા રસનો અનુભવ કરે છે. અને ત્રીજું સ્વરૂપ દામોદરદાસ હરસાની થઈને શ્રીઆચાર્યજીની સાથે સદા રહેતા. તેમને શ્રીઆચાર્યજી આપ દમલા કહેતા. તે તો દામોદરદાસની વાર્તામાં ભાવ વિસ્તાર કરીને કહ્યો છે, અને લલિતાજીનું ચોથું સ્વરૂપ કૃષ્ણદાસજી, તેમણે શ્રીગોવર્ધનધરની પાસે રહીને અધિકાર કર્યો. શ્રીગિરિરાજજીનાં આઠ દ્વાર છે, તેમાં 'બિલછુ' બરસાના સન્મુખ દ્વાર, એક બારી છે. તે માર્ગે થઈને શ્રીગોવર્ધનનાથજી રાસ કરવા પધારતા. તે દ્વારના મુખિયા કૃષ્ણદાસ છે. એ કૃષ્ણદાસ ગુજરાતમાં એક 'ચિલોતરા' ગામ છે ત્યાં એક કણબીને ઘરે જન્મ્યા. એ કણબી તે ગામનો મુખી હતો. એ ગામમાં હાકિમી કરતો જે સમયે કૃષ્ણદાસ આ કણબી પટેલના ઘરે જન્મ્યા તે સમયે આ કણબીએ અનેક બ્રાહ્મણોને ગામથી ગામથી બોલાવીને ભેગા કરી એમને પૂછ્યું કે મારે આ બેટો થયો છે એનાં બધા લક્ષણ કહો, અને બેટાની આયુષ્ય કહો. હું એ બ્રાહ્મણને જન્મ ભરમાં જીવે ત્યાં, સુધી ખરચી દઉં. ત્યારે બધા બ્રાહ્મણોએ એ કણબીને કહ્યું કે અમને ચાહે તું કંઈ દે કે ન દે, પણ આ તારો બેટો તો શ્રીભગવાનનો ભક્ત થશે. કૃષ્ણદાસ એનું નામ થશે, અને આ તારા ઘરમાં નહી રહે. સાંભળીને એ કણબી પટેલ બહુ ઉદાસ થયો અને દાન પુણ્ય બહુ કર્યું, અને કૃષ્ણદાસ નામ ધર્યું.

પછી કૃષ્ણદાસ જ્યારે પાંચ વર્ષના થયા ત્યારથી જ ભગવદ્વાર્તા કથામાં જવા લાગ્યા. માતા પિતા ન જવા દે તો રૂવે, ખાનપાન ન કરે. ત્યારે માતાને પિતાએ કહ્યું, કે એને જવા દો. એ હમણાંથી જ વૈરાગીઓ સાથે પ્રીતિ કરે છે એટલે એ વૈરાગી થશે મને બ્રાહ્મણોએ પ્રથમ કહ્યું હતું. તેથી આ બેટામાં પ્રીતિ કરી મોહ લગાડવો નહીં. એ બધાને દુઃખ દેશે. પછી કૃષ્ણદાસ જ્યાં ત્યાં કથા સાંભળતા, એમ કરતાં

ૃષ્ણદાસ વર્ષ ૧૨-૧૩ના થયા ત્યારે એક વણઝારો એક દિવસ ગામની બહાર આવીને ઊતર્યો. તેણે ોતાનો માલ બધો 'ચિલોતરા' ગામમાં વેચીને રૂપિયા ચૌદ હજાર કર્યા. પછી રાત્રિએ ચોરોએ કૃષ્ણદાસના પિતાના ભેદથી (કહેવાથી) વણઝારાના ચૌદ હજાર રૂપિયા લૂંટ્યા. તે ચૌદ હજારમાં તેર હજાર રૂપિયા ૃષ્ણદાસના પિતાએ રાખ્યા. એ વાત કૃષ્ણદાસે જાણી ત્યારે કૃષ્ણદાસે પોતાના પિતાને કહ્યું કે તમે ખોટું ામ કર્યું છે, કેમ કે તમે પરાયા રૂપિયા વણઝારાના લુંટાવીને લીધા. તમે એને આપી દો. ત્યારે તમારું લ્યાણ થશે. ત્યારે પિતાએ કૃષ્ણદાસને માર્યા અને કહ્યું કે તું કોઈની આગળ કહીશ નહીં. અમે ગામના ાકેમ છીએ એટલે હાકેમનું એ જ કામ છે. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે હવે તમે ખરાબ થશો. એમ કહીને ૂપ રહ્યો. પછી જ્યારે સવાર થયું ત્યારે વણઝારો ચોરા ઉપર રુદન કરતો આવ્યો. તેણે આવીને ૃષ્ણદાસના પિતાને કહ્યું. અમને ચોરોએ લૂંટ્યા છે. ત્યારે કૃષ્ણદાસનાં પિતાએ કહ્યું, તું પાપમાં કેમ ન હ્યો ? હવે અમને શું કહે છે? એમ કહીને એ હાકેમે પોતાના મનુષ્યોને કહ્યું, કે આ વણઝારાને ગામથી હાર કાઢી મૂકો, એ સવારે રોતો આવ્યો છે, ત્યારે તેને કાઢી મૂક્યો. બધી પૂંજી ગઈ તેથી એ વણઝારો હાવિલાપ કરવા લાગ્યો.

એટલામાં કૃષ્ણદાસ દૂરથી દોડીને એની પાસે આવ્યા. કૃષ્ણદાસને દયા આવી ત્યારે કૃષ્ણદાસે નમાં વિચાર્યું કે પિતાનું અહિત થાય તો ભલે થાય પરંતુ આ વણઝારા પરદેશીનું ભલું કરવું. પછી ૃષ્ણદાસ વણઝારાની પાસે આવીને કહે તું એકાન્તમાં આવીને બેસ, હું તને એક વાત કહું. પછી એકાંતમાં ાણઝારાને લઈ જઈને કૃષ્ણદાસે કહ્યું કે તારો માલ રૂપિયા બધું ગયું તે મારો પિતા અહીંનો હાકેમ છે, ેણે ચોરી કરાવી છે. હજાર રૂપિયા ચોરોને આપીને બધો માલ મારા પિતાએ રાખ્યો છે. તેથી આ ગામમાં ારું નહીં ચાલે તેથી રાજનગર (અમદાવાદ) જઈને રાજાને ત્યાં ફરિયાદ કરજે. ત્યાં મને તું સાક્ષીમાં ોલાવજે. પરંતુ મારા પિતાના પ્રાણ ન જાય અને ચોરોના પણ પ્રાણ ન જાય અને તારું ભલું થાય એમ ું કરજે. એ પ્રકારે રાજા પાસે મને બોલાવજે હું બધો ઉત્તર આપીશ, તેથી તારો માલ, રૂપિયા બધું મળશે. છી એ વણઝારાએ રાજનગરમાં આવીને રાજાની પાસે બધી વાત કહી અને કહ્યું, કે પિતાએ તો ચોરી રાવી અને બેટાએ બતાવ્યું. પરંતુ કોઈના પ્રાણ ન જાય અને મારી વસ્તુ મળે તેવો ઉપાય કરો. ત્યારે ાજાએ કહ્યું. ધન્ય એ બેટો કે પિતાની ચોરીને બતાવી તેથી એને તો હું રાખીશ એમ કહીને પચાસ મનુષ્ય ને સિપાઈ બોલાવીને કહ્યું કે તમે 'ચિલોતરા'માં જઈને ત્યાંના હાકેમને બેટા સહિત પકડી લાવો. એ કારે જાવ કે કોઈ જાણે નહીં. ત્યારે પચાસ મનુષ્યો આવ્યા તે (દાવમાં) લાગ્યા રહ્યા.

પછી એક દિવસ સંધ્યા, સમયે એ હાકેમ ઘરના દ્વાર ઉપર ઊભો હતો અને એનો બેટો પણ ઊભો તો ત્યારે રાજાના મનુષ્યો હાકેમને પકડીને રાજનગર લાવ્યા. ત્યારે રાજાએ એને પૂછ્યું, કે તું હાકેમ થઈ રદેશીને લૂંટે છે ? આ વણઝારાના માલ રૂપૈયા દે. ત્યારે તે હાકેમે કહ્યું કે તમને કોઈએ જૂઠું જ ભરાવ્યું , હું તો આ બાબતમાં કંઈ જાણતો નથી ત્યારે રાજાએ કહ્યું કે તારો બેટો સોગંદ ખાઈને કહે તો સાચું ! યારે પિતાએ કહ્યું, કે બેટો કહી દે તો સાચું છે. ત્યારે રાજાએ કૃષ્ણદાસને પૂછ્યું કે તું સાચું બોલજે. યારે કૃષ્ણદાસે એ રાજાને કહ્યું કે જીવ છે, તેથી ચૂક્યો તો ખરો હજાર રૂપિયા ચોરોને આપ્યા અને તેર જાર રૂપિયા મારા પિતાએ રાખ્યા છે. મેં તે જ સમયે પિતાને સમજાવ્યા પરંતુ માન્યું નહીં તેનું ફલ મળ્યું રંતુ એનો, માલ રૂપિયા લઈ લો અને એને કંઈ કહેશો નહીં. ત્યારે કૃષ્ણદાસના પિતાને રાજાએ કહ્યું કે

હજુએ ચેન નહીં તો તારા પ્રાણ જશે. ત્યારે કૃષ્ણદાસનો પિતા બોલ્યો કે કામ તો ખરાબ થયું છે, પરંતુ આ વણઝારાને મારી સાથે મોકલો એના બધા રૂપૈયા ઘરથી દઈ દઈશ. ત્યારે રાજાને બસો મનુષ્યો સાથે રાખીને વણઝારાને અને કૃષ્ણદાસના પિતાને ઘરે મોકલ્યા, અને કૃષ્ણદાસને રાજાએ કહ્યું કે તમે મારી પાસે રહો, તમે સત્યવાદી છો ત્યારે કૃષ્ણદાસ કહે મને તમે શું કરશો ? હું સાચું કહીશ એટલે બધાનો બુરો બનીશ. આજનો સમય એવો જ છે. તેથી હું તો વૈરાગી થઈશ. હું પિતાના કામનો ન રહ્યો. એ પ્રકારે રાજાએ કૃષ્ણદાસને રાખવાનો ઘણો ઉપાય કર્યો પરંતુ કૃષ્ણદાસ રહ્યા નહીં. પછી પિતાના સંગે ઘરે આવ્યા ત્યારે પિતાએ ચોરોએ બોલાવીને પુત્રના બધા સમાચાર કહ્યા કે આ પુત્રે આપણી ખરાબી કરી છે, તેથી હજાર રૂપિયા લાવો. નહીં તો અમારા તમારા પ્રાણ જશે. ત્યારે એ ચોરોને હજાર રૂપિયા લાવી આપ્યા અને તેર હજાર ઘરમાંથી લઈને એ વણઝારાને ચૌદ હજાર રૂપિયા આપ્યા. અને લૂંટનો માલ દઈને એ વણઝારાને વિદાય કર્યો. તે પછી એ રાજાએ બીજો હાકેમ 'ચિલોતરા' ગામમાં મોકલ્યો.

કૃષ્ણદાસના પિતાએ પછી કહ્યું કે પુત્ર ! તેં એવું ખોટું કામ કર્યું કે હાકિમી પણ ગઈ અને આવેલું દ્રવ્ય પણ ગયું. ત્યારે કૃષ્ણદાસે પિતાને કહ્યું કે પિતા ! તમે એવું ખોટું કર્મ કર્યું હતું કે આ લોક પણ બગડત અને પરલોક પણ બગડત જીવ તો બચ્યો છે. હાકિમી છૂટી તો સારું થયું. જો હાકિમી હોત તો વધારે પાપ કરત ત્યારે પિતાએ કહ્યું, તું પહેલા જનમનો ફકીર છે, તેથી અમને પણ ફકીર કર્યા. હવે તારા મનમાં શું છે ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે તું થોડી ખર્ચી લઈ ઘરમાંથી કંઈ દૂર ચાલ્યો જા. ન તને જોઈશું, ન દુઃખ થશે, ત્યારે કૃષ્ણદાસ પિતાને નમસ્કાર કરીને ઊઠીને ચાલ્યા.

પછી મનમાં વિચાર્યું કે વ્રજ જઈએ બધાં તીર્થ કરવાં. તેથી કેટલાક દિવસમાં કૃષ્ણદાસ શ્રીમથુરાજીમાં આવીને વિશ્રાંતઘાટે ન્હાઈને વ્રજમાં નીકળ્યા. ત્યારે ફરતાં ફરતાં શ્રીગોવર્ધન આવ્યા. ત્યાં સાંભળ્યું કે દેવદમનનું મંદિર બન્યું છે. હમણાં બે-ચાર દિવસમાં ત્યાં બિરાજશે ત્યારે બહુ આનંદ થશે. દેવદમન જ્યારથી બહાર પ્રકટ્યાં શ્રીગિરિરાજ શ્રીગોવર્ધનમાંથી, ત્યારથી બધાને સુખ થયું છે અને બધાનાં મનોરથ પૂરણ કરે છે. એ સાંભળીને કૃષ્ણદાસ પોતાના મનમાં વિચારે કે હું પણ દેવદમનનાં દર્શન કરું. પછી આવીને કૃષ્ણદાસે દેવદમનનાં દર્શન કર્યાં. શ્રીઆચાર્યજીએ પોતે રાજભોગ આરતી કરી. ત્યારે દર્શન કરતાં કૃષ્ણદાસનું મન શ્રીગોવર્ધનનાથજીએ હરી લીધું. કૃષ્ણદાસની તરફ શ્રીગોવર્ધનનાથજી જોઈ રહ્યા. પછી ગોવર્ધનનાથજી શ્રીઆચાર્યજી મહાપ્રભુને કહે કે આ કૃષ્ણદાસ આવ્યો છે. બહુ દિવસથી વિખૂટો પડ્યો છે તેથી હું એને જોઉં છું, ત્યારે કૃષ્ણદાસના પાસે આવીને શ્રીઆચાર્યજીએ કહ્યું કે કૃષ્ણદાસ ! તું આવ્યો ? ત્યારે કૃષ્ણદાસે દંડવત કરીને વિનંતી કરી, મહારાજ ! આપની કૃપાથી આવ્યો છું. હવે મને શરણે રાખો. ત્યારે શ્રીઆચાર્યજી કહે, કે જા, જલદી ન્હાઈ આવ તારા સામે શ્રીગોવર્ધનનાથજી જોઈ રહ્યા છે, તેથી જલદી આવી જજે. ત્યારે કૃષ્ણદાસ દોડીને રૂદ્ર કુંડમાં ન્હાઈ આવ્યા. પછી કૃષ્ણદાસ શ્રીઆચાર્યજીની પાસે મંદિરમાં આવ્યા ત્યારે શ્રીઆચાર્યજીએ પોતે કૃષ્ણદાસને શ્રીગોવર્ધનનાથજીની સન્નિધામાં બેસાડીને નામ સમર્પણ કરાવ્યું. એ કૃષ્ણદાસદેવી જીવ છે તેથી તત્કાલ સઘળી લીલાનો અનુભવ થયો. તે જ સમયે કૃષ્ણદાસે આ કીર્તન ગાયું. તે પદ—

રાગ સારંગ : વલ્લભ પતિત-ઉદ્ધારન જાનો ॥ સરની લેત લીલા દરસાવત, તા પર ઢરત ગોવર્ધનરાનો ॥૧॥ સાધન વૃથા કરત દિન ખોવત, શ્રીવલ્લભ કો રૂપ ન જાને ॥ જાકી કૃપા કટાક્ષ સફલ

ફલ 'કૃષ્ણદાસ' તિન્હે જનમન માને ।।૨।।

એ સાંભળીને શ્રીઆચાર્યજી આપ પ્રસન્ન થયા. તે પછી શ્રીઆચાર્યજીએ પોતે શ્રીગોવર્ધનનાથજીને અનોસર કરાવ્યા. તે પછી મંદિર સિદ્ધ થયું ત્યારે સુંદર અક્ષય તૃતિયાનો દિવસ જોઈને શ્રીગોવર્ધનનાથજીને પાટ બેસાડ્યા. ત્યારે પૂરણમલના બધા મનોરથ સિદ્ધ થયા. પછી શ્રીઆચાર્યજી પોતે સદુ પાંડેને બોલાવીને કહે કે મંદિર તો મોટું થયું. એમાં શ્રીગોવર્ધનનાથજી બિરાજ્યા. પરંતુ હવે એમની સેવા માટે મનુષ્યનો બંદોબસ્ત કરવો જોઈએ. તેથી તમે સેવા કરો. ત્યારે સદુપાંડેએ વિનંતી કરી કે મહારાજ ! અમે તો વ્રજવાસી છીએ. આચાર વિચાર સેવાની રીતિ કંઈ સમજતા નથી. વળી ઘરનાં અનેક કામ છે તેથી આપ આજ્ઞા દો તો રાધા કુંડ ઉપર બંગાલીઓ રહે છે, અને અષ્ટપ્રહર ભજન કરે છે, તેથી એમને રાખો તો બોલાવી લાઉં. ત્યારે શ્રીઆચાર્યજી પોતે કહે કે બોલાવી લાવો. પછી સદુ પાંડે બંગાલી વીસ પચીસ બોલાવી લાવ્યાં એમને રૂદ્ર કુંડ ઉપર ઝૂંપડી બનાવી દીધી અને શ્રીગોવર્ધનનાથજીની સેવા આપી વળી કૃષ્ણદાસને ભેટીઆ કર્યા કે તમે પરદેશથી ભેટ લાવીને બંગાલીઓને આપજો, એ રીતે સેવા કરજો. એ પ્રકારે બધા બંગાલીઓને આપતા, અને રામદાસ ચૌહાણ રજપૂત જ્યારે નવું મંદિર બન્યું. ત્યારે દેહ છોડીને લીલામાં જઈને પ્રાપ્ત થયા. પછી બધી સેવા બંગાલી કરતા.

વાર્તાપ્રસંગ ૧ : એક સમયે કૃષ્ણદાસ શ્રીદ્વારકાજી તરફ ભેટ લેવાને ગયા. જ્યારે દ્વારકામાં શ્રીરણછોડજીનાં દર્શન કરીને વૈષ્ણવો પાસેથી ભેટ લઈને આવતા હતા. ત્યારે એક વૈષ્ણવ કૃષ્ણદાસની સાથે હતો. માર્ગમાં મીરાંબાઈનું ગામ આવ્યું, તેથી કૃષ્ણદાસ મીરાંબાઈના ઘરે ગયા. ત્યાં સંતમહંત અનેક સ્વામી બીજા માર્ગમાં બેઠા હતા. કોઈને આવે દસ દિવસને કોઈને આવે વીસ દિવસ થયા હતા. પરંતુ કોઈની વિદાય થઈ ન હતી. તેઓ ભેટને માટે બેઠા હતા. અને કૃષ્ણદાસે તો આવતાં જ કહ્યું કે હું તો ચાલીશ. ત્યારે મીરાંબાઈએ કહ્યું, કે થોડાક દિવસ સુધી કૃપા કરીને રહો. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે અમારે જ્યાં અમારા વૈષ્ણવ શ્રીઆચાર્યજીના સેવક હશે ત્યાં રહીશું. અન્ય માર્ગીયની પાસે અમે નથી રહેતા. ત્યારે મીરાંબાઈ ૧૧ મહોરો શ્રીનાથજીની ભેટની દેવા લાગી તે કૃષ્ણદાસે લીધી નહીં, અને કૃષ્ણદાસે મીરાંબાઈને કહ્યું કે તું શ્રીઆચાર્યજીની સેવક નથી તેથી અમે તારી મહોરોને પણ નહી અડકીએ એમ કહીને ઊઠીને ચાલ્યા ત્યારે સાથેના વૈષ્ણવે કહ્યું કે તમે શ્રીગોવર્ધનનાથજીની ભેટ કેમ પાછી વાળી ? ત્યારે કૃષ્ણદાસે એ વૈષ્ણવને કહ્યું કે ભેટની શી વાત છે ? ઘણીય ભેટ વૈષ્ણવોની પાસેથી લઈશું, શ્રીગોવર્ધનનાથજીને ત્યાં કોઈ વાતનો ટોટો નથી, પરંતુ બધા માર્ગના સ્વામી મહંત આટલા બધા એકઠા ક્યાં મળત ? તેથી બધાનું નાક નીચું તો કર્યું ! જાણશે કે અમે ભેટને માટે આટલા દિવસથી બેઠા છીએ અને શ્રીઆચાર્યજીના એક સેવક શુદ્રે આટલી મહોરો ભેટ ન લીધી. જેના સેવક આવા ટેકી છે તેમના ગુરુની શી વાત હશે ?

ભાવપ્રકાશ : શિક્ષાપત્રમાં કહ્યું છે કે 'તદીયાનાં મહદદુઃખ' તદીય જે ભગવદીય છે તેમને બીજું દુઃખ કંઈ નથી, જેવું અન્યમાર્ગીય વિજાતીયના સંગનું દુઃખ હોય છે. તેથી વિજાતીય સાથે બોલવું નહિ તેમજ સુખ છે વળી જો એનાથી વાર્તા કરે તો રસનું તિરોધાન થાય. રસાભાવ નિશ્ચય થાય તેથી કૃષ્ણદાસ મીરાંબાઈના ઘરે ગયા એટલું કહેવું પડ્યું તેથી મુખ્ય સિદ્ધાંત એ જણાવ્યો કે સ્વમાર્ગીય વિના કોઈથી બોલવું નહીં. અને કદાચિત ત્યાં જવું પડે તો પોતાના ધર્મને ગોપ્ય રાખે. તેથી શ્રીગુસાંઈજી પોતે ચતુઃશ્લોકીમાં કહે છે :

વિજાતીયજનાકર્ણ નિજધર્મસ્ય ગોપનમ્ ॥
દેશે વિધાય સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥૧॥

એવા દેશમાં જાય જ્યાં વૈષ્ણવ ન હોય ત્યાં પોતાનો ધર્મ પ્રકટ ન કરે, ત્યારે ધર્મ રહે, કેમ કે લૌકિકમાં પણ નિયમ છે કે ન્હાયો હોય તે બચીને ચાલે. તેમ ઉત્તમ જનને બધા પ્રકારથી બચવું પડે ત્યારે શ્રીઠાકુરજી ભોગને યોગ્ય વસ્તુ રહે વૈષ્ણવ ધર્મ આવો છે તેથી આ ધર્મની રક્ષા કરે તો થાય. એ સિદ્ધાંત પ્રકટ કર્યો.

વાર્તાપ્રસંગ ૨ : વળી શ્રીગોવર્ધનનાથજીનો શૃંગાર બંગાલી કરતા શ્રીઆચાર્યજીએ શ્રીગોવર્ધનનાથજીને મીનાનાં બધાં આભરણ સિદ્ધ કરાવ્યાં હતા. મોર પિચ્છનો મુકુટ, કાચની વાગા બધું બનાવી દીધું હતું. બંગાલીઓ શ્રીગોવર્ધનનાથજીની સેવા કરતા હતા. શ્રીગોવર્ધનનાથજીને જે ભેટ આવતી તે ભેગી કરીને બધી પોતાના ગુરુને ત્યાં તેઓ મોકલાવવા લાગ્યા. જ્યારે શ્રીઆચાર્યજીએ શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં કૃષ્ણદાસને અધિકારી કર્યા ત્યારે કૃષ્ણદાસ મથુરા આગરાથી સામગ્રી લાવી દેતા.

ભાવપ્રકાશ : એક અવધૂતદાસ શ્રીઆચાર્યજીના સેવક હતા. તે વ્રજમાં ફર્યા કરતા. એ મહાન કૃપાપાત્ર ભગવદીય હતા. તે અડીંગના વાસી હતા તે અવધૂતદાસજી કુમારિકાના યૂથમાં છે. તે રાસપંચાધ્યાઈમાં જ્યારે શ્રીઠાકુરજી પ્રકટ થયા ત્યારે આ ભક્ત બધા સ્વરૂપનાં દર્શન કરીને નેત્ર મૂંદીને યોગીની માફક મગન થઈ ગયા. એ ભક્ત પૈકીનું પ્રાકટ્ય અવધૂતદાસનું છે. લીલામાં એમનું નામ 'કેતિની' છે. તે અડીંગમાં એક સનોડીઆ બ્રાહ્મણના ઘરે જન્મ્યા. જ્યારે વ્રજમાં દુષ્કાળ પડ્યો ત્યારે મા-બાપ વાણિયાને બેટો આપીને પોતે પૂરવમાં ગયા. પછી અવધૂતદાસ વર્ષ પંદરના થયા, ત્યારે એ વાણિયાનું ઘર છોડીને મથુરામાં આવીને શ્રીઆચાર્યજીનાં દર્શન કરી વિનંતી કરી કે મહારાજ ! મને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજી પોતે કહે કે અમારી સાથે શ્રીગોવર્ધન ચાલો શ્રીનાથજીના સાન્નિધ્યે શરણે લઈશું. એટલે અવધૂતદાસ શ્રીઆચાર્યજીની સાથે શ્રીગિરિરાજ આવ્યા. પછી શ્રીઆચાર્યજી પોતે અવધૂતદાસને કહે કે તમે ગોવિંદકુંડમાં ન્હાઈ લો. ત્યારે અવધૂતદાસ ગોવિંદકુંડમાં ન્હાઈ આવ્યા પછી શ્રીઆચાર્યજી પોતે ગોવિંદકુંડમાં સ્નાન કરીને મંદિરમાં પધાર્યા, તે સમયે શ્રીગોવર્ધનધરને રાજભોગ આવ્યો હતો. સમય થયે ભોગ સરાવી અવધૂતદાસને બોલાવીને ગોવર્ધનધરની સાન્નિધ્યમાં બેસાડીને નામ નિવેદન કરાવ્યું. પછી અવધૂતદાસે શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે મહારાજ ! મારા મનમાં તો એ છે કે હું શ્રીગોવર્ધનનાથજીને હૃદયમાં ધરીને વ્રજમાં ફરું. ત્યારે શ્રીઆચાર્યજીએ પોતે હાથમાં જળ લઈને અવધૂતદાસના ઉપર છાંટ્યું. એટલે અવધૂતદાસની અલૌકિક દેહ થઈ ગઈ. ભૂખ તરસ, દેહાધ્યાસ કંઈ બાધા ન કરે, માનસી સેવામાં મગન થઈ ગયા. પછી શ્રીઆચાર્યજીએ રાજભોગ આર્તિ કરી. પછી એ ગોવર્ધનધરનાં સ્વરૂપને હૃદયમાં નખથી શીખા પર્યંત ધરીને વ્રજમાં સદા ફરતા સ્વરૂપાનંદમાં સદા મગ્ન રહેતા.

એમ કરતાં ઘણા દિવસ વીત્યા, ત્યારે એક દિવસ શ્રીગોવર્ધનનાથજીએ અવધૂતદાસને જણાવ્યું કે તમે કૃષ્ણદાસ અધિકારીને કહો કે આ બંગાલીઓને કાઢે. મારે મારો વૈભવ વધારવો છે, અને આ બંગાલી મને ભોગ ધરે છે તે એમની ચોટલીમાં એક દેવીનું સ્વરૂપ છે તેને મારી પાસે બેસાડે છે. તેથી એ

બંગાલીઓને જલદી કાઢો. ત્યારે અવધૂતદાસે એ વાત પોતાના મનમાં રાખી. પછી એક દિવસ કૃષ્ણદાસ શ્રીગોવર્ધનથી મથુરા જતા હતા ત્યારે માર્ગમાં અવધૂતદાસે કૃષ્ણદાસને પૂછ્યું, કે તમે ક્યાં જાવ છો ? ત્યારે કૃષ્ણદાસે અવધૂતદાસને કહ્યું, મથુરા જઉં છું, થોડી સામગ્રીં જોઈએ છે. ત્યારે અવધૂતદાસે પૂછ્યું કે શ્રીનાથજીની કોણ સેવા કરે છે ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે બંગાલી સેવા કરે છે. ત્યારે અવધૂતદાસે કૃષ્ણદાસને કહ્યું કે શ્રીગોવર્ધનનાથજીની ઈચ્છા બંગાલીઓને કાઢવાની છે, તેથી તમે બંગાલીઓને કાઢો. બંગાલીઓની ચોટલીમાં એક દેવીનું સ્વરૂપ છે.જ્યારે બંગાલી શ્રીનાથજીને ભોગ ધરે છે. ત્યારે ચોટલીમાંથી કાઢીને દેવીને પાસે બેસાડે છે, તે શ્રીગોવર્ધનનાથજીને ગમતું નથી, તેથી બંગાલીઓને કાઢો. આપે આજ્ઞા કરી છે. ત્યારે મેં તમને કહ્યું છે, ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે એ બંગાલી શ્રીઆચાર્યજીના રાખેલા છે તેથી શ્રીગુસાંઈજીની આજ્ઞા લઈ આવો અને જેમ બને તેમ જલદી એ બંગાલીઓને કાઢો. ત્યારે કૃષ્ણદાસ મથુરા જતા હતા તે અડીંગથી ફરીને શ્રીગોવર્ધન આવ્યા. ત્યાં આવીને બધા બંગાલીઓને કહ્યું કે હું અડેલમાં શ્રીગુસાંઈજીની પાસે જાઉં છું. કંઈ કામ છે. પછી બધા સેવકો, પોળીયા વ્રજવાસીઓને કહે કે તમે સાવધાન રહેજો, હું શ્રીગુસાંઈજીની પાસે અડેલ જાઉં છું.

તે પછી શ્રીગોવર્ધનનાથજી વિદાય થઈને કૃષ્ણદાસ અડેલ આવ્યા. તે પંદર દિવસમાં કૃષ્ણદાસ અડેલ શ્રીગુસાંઈજીની પાસે આવ્યા અને શ્રીગુસાંઈજીને દંડવત કર્યા. ત્યારે શ્રીગુસાંઈજીએ પૂછ્યું કે કૃષ્ણદાસ તમે શ્રીનાથજીની સેવા છોડીને કેમ આવ્યા ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે શ્રીગોવર્ધનનાથજીને પોતાનો વૈભવ વધરાવો છે, ને બંગાલીઓની ચોટલીમાં એક દેવી છે. તેને રાજભોગના સામે બેસાડે છે. અને જે ભેટ આવે તે બધા વૃંદાવનમાં પોતાના ગુરુને મોકલી દે છે. હમણાંથી જ તે કોઈને માનતા નથી અને આગળ બહુ દિવસ સુધી બંગાલી રહેશે તો ઝઘડો થશે તેથી બંગાલીઓને કાઢવાની આજ્ઞા આપો. હું જઈને કાઢીશ ત્યારે શ્રીગુસાંઈજી પોતે કૃષ્ણદાસને કહે છે શ્રી ગોપીનાથજીએ પહેલો પરદેશ પૂર્વનો કર્યો હતો. ત્યારે એક લાખ રૂપિયા પૂરવથી ભેટ આવી હતી. ત્યારે શ્રીગોપીનાથજીએ પ્રથમ અડેલમાં આવીને કહ્યું. આ પહેલા પરદેશની ભેટ શ્રીનાથજીની છે. એમ કહીને લાખ રૂપિયા લઈને શ્રીગોપીનાથજી શ્રીજીદ્વાર પધાર્યા હતા. ત્યાં રૂપા સોનાના થાળ કટોરા શ્રીનાથજીને કરાવ્યા. તે પછી સેવા શ્રૃંગાર કરી શ્રીગોપીનાથજી અડેલમાં આવ્યા. ત્યારે બંગાળીઓએ બધા થાળ કટોરા, દ્રવ્ય વગેરે વૃંદાવનમાં પોતાના ગુરુને ત્યાં મોકલી દીધેલું તે સમાચાર અમારી પાસે આવ્યા પરંતુ અમે શું કરીએ બંગાલીઓને શ્રીઆચાર્યજીએ રાખ્યા છે તેથી બંગાલીઓ કેમ નીકળશે ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે મહારાજ ! શ્રીગોવર્ધનનાથજીની ઈચ્છા એવી છે બંગાલીઓને કાઢવાની એથી આપ આ વાતમાં બોલો નહીં. હું જેમ બનશે તેમ બંગાલીઓને કાઢીશ ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે અવશ્ય બંગાલીઓને કાઢવા જોઈએ. બહુ દિવસ રહેશે ત્યારે ઝઘડો કરશે. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે મહારાજ ! મને બે પત્ર લખી દો. એક તો રાજા ટોડરમલના નામનો અને એક રાજા બીરબલના નામનો એટલે શ્રીગુસાંઈજી પોતે પત્રો લખી દીધા કે કૃષ્ણદાસ ગોવર્ધનમાં છે તે તમને કહે તે રીતે કરી દેજો અમારે બંગાલી કાઢવા છે અને બીજા સેવક રાખવા છે. અને કૃષ્ણદાસ શ્રીગોવર્ધનનાથજીના અધિકારી છે. તેથી તે કહે તે અમને પ્રમાણ છે આ લખીને કૃષ્ણદાસને બે પત્રો આપ્યા.

કૃષ્ણદાસ પછી શ્રીગુસાંઈજીને દંડવત કરીને ચાલ્યા. તે થોડાક દિવસમાં આગરા આવ્યા. ત્યાં રાજા ટોડરમલને અને બીરબલને બંને પત્ર શ્રીગુસાંઈજીના હસ્તાક્ષરના દેખાડ્યા. ત્યારે એમણે કહ્યું કે તમે કહો

તે અમે કરીએ. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે હમણાં તો હું શ્રીનાથજીદ્વાર બંગાલીઓને કાઢવાને જઉં છું. જો કદાચિત બંગાલીઓનો ગુરુ વૃંદાવનમાં છે તે દેશાધિપતિ અગળ પોકારે ત્યારે એમની ખબર રાખજો ત્યારે એ બન્ને જણાએ કહ્યું કે તમે જાવ. તમને શ્રીગુસાંઈજીની આજ્ઞા હોય તેમ કરો, અમે ઠીક રાખશું. પછી કૃષ્ણદાસ આગ્રાથી ચાલ્યા. તે મથુરા આવ્યા. મથુરાથી ગોવર્ધન આવ્યા. ત્યાં માર્ગમાં અવધૂતદાસ મળ્યા. ત્યારે અવધૂતદાસે કહ્યું કે કૃષ્ણદાસ ! ઢીલ કેમ કરી રાખી છે ? શ્રીનાથજીને પોતાનો વૈભવ વધારવો છે. તેથી બંગાલીઓને જલદી કાઢો. શ્રીગોવર્ધનનાથજીની ઇચ્છા છે. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે શ્રીગુસાંઈજીની આજ્ઞા લઈ આવ્યો છું અને હવે જતાં જ બંગાલીઓને કાઢું છું. એમ કહીને કૃષ્ણદાસ ચાલ્યા તે શ્રીનાથજી દ્વાર આવ્યા. તે રૂદ્રકુંડ ઉપર આવીને બંગાલીની ઝોંપડીમાં આગ લગાડાવી દીધી. ત્યારે શોર થયો એટલા બધા બંગાલી શ્રીનાથજીની સેવા છોડીને પર્વતથી નીચે ઊતરીને પોત-પોતાની ઝોંપડીમાં આવ્યા અને અગ્નિ બુઝાવા લાગ્યા. ત્યારે કૃષ્ણદાસે શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં બધી જગે પોતાના મનુષ્યો વ્રજવાસી બસો રાખ્યા હતા તે બેસાડી દીધા અને કહ્યું કે કોઈ પર્વત ઉપર ચઢે તેને તમે ચઢવા ન દેતા અને એક બ્રાહ્મણ સેવક ભીતરિયાઓને કહ્યું કે તમે શ્રીનાથજીની સેવામાં સાવધાન રહેજો, આમ કહીને કૃષ્ણદાસ પર્વતથી નીચે હાથમાં લાકડી લઈને ઊભા રહ્યા. પછી બંગાલી અગ્નિ બુઝાવીને બધા આવ્યા અને પર્વત ઉપર મંદિરમાં ચઢવા લાગ્યા. ત્યારે કૃષ્ણદાસે તે બંગાલીઓને કહ્યું કે હવે તમારું કામ સેવામાં નથી, અમે બીજા ચાકર રાખ્યા છે એ સેવા કરવાને ગયા છે. ત્યારે બંગાલીઓએ લડવાની તૈયારી કરી અને કહ્યું કે અમારો ઠાકુર છે, અમને શ્રીઆચાર્યજી મહાપ્રભુએ રાખ્યા છે. પછી કૃષ્ણદાસે બંગાલીઓને ભગાડી દીધા. તેઓએ મથુરા આવીને રૂપસનાતનને બધી વાત કહી જે કૃષ્ણદાસ જાતિનો શૂદ્ર એણે બધાની ઝોંપડી બળાવી દીધી અને બધાને મારીને સેવામાંથી બહાર કાઢી દીધા છે. આ પ્રકારે વાત કરતા હતાં એટલામાં કૃષ્ણદાસ પણ રથ ઉપર ચઢીને પચાસ વ્રજવાસીઓ હથિયારબંધ સાથે લઈને શ્રીમથુરાજી આવ્યા. તે પહેલાં રૂપસનાતનની પાસે ગયા. ત્યારે રૂપસનાતને કૃષ્ણદાસને ખીજીને કહ્યું કે, કેમ રે શૂદ્ર ! તેં આ બ્રાહ્મણોને કેમ માર્યાં છે ? એ વાત દેશાધિપતિ સાંભળશે તો તું શું જવાબ આપીશ ? ત્યારે કૃષ્ણદાસે કહ્યું, હું તો શૂદ્ર છું. પરંતુ મેં બ્રાહ્મણોને સેવક નથી કર્યા. તમે પણ અગ્નિહોત્રી બ્રાહ્મણ તો નથી. તમેય પણ કાયસ્થ છો. કાયસ્થ થઈને આ બ્રાહ્મણોને દંડવત કરાવી સેવક કરો છો તે તમે પણ હાકેમને જવાબ દેવામાં બહુ દુઃખ પામશો. તમારાથી જવાબ નહીં બને હું તો જવાબ આપીશ. તમારું મન હોય તો ચાલો, દેખો તો ખરા, તમારાથી શો જવાબ થાય છે ? અને શું કરો છો ? એ કૃષ્ણદાસના વચન સાંભળીને રૂપસનાતને કહ્યું, કે તમે જાણો અને એ જાણે અમે કંઈ જાણતા નથી. એ પ્રકારે રૂપસનાતન જે બધા બંગાલીઓના ગુરુ હતા. તેમણે વાત કહી.

ત્યારે બધા બંગાલીઓએ નિરાશ થઈને મથુરાનાં હાકેમ પાસે જઈને આ વાત કહી કે કૃષ્ણદાસે અમને શ્રીગોવર્ધનનાથજીની સેવામાંથી કાઢી મૂક્યાં છે તેથી તમે કોઈ પ્રકારે રખાવી દો. એ વાત કરતા હતા એટલામાં જ કૃષ્ણદાસ હાકેમની પાસે આવ્યા. તે કૃષ્ણદાસનું તેજ જોઈને જ તે હાકેમે ઊઠીને કૃષ્ણદાસ પાસે બેસાડીને પૂછ્યું કે તમે મોટા છો અને શ્રીગોવર્ધનનાથજીના અધિકારી છો તેથી તમે આ બંગાલીઓનો ગુન્હો માફ કરો. હવે થયું તે થયું પરંતુ હવે એમને ફેર રાખો. જે સેવા કરે. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે હવે તો અમે એમને નહીં રાખીએ. હવે એ અમારા ચાકર નહીં. એ ચાકર થઈ લડવાને તૈયાર થયા. એમની ઝોંપડી બળી ગઈ તો અમે એમની ઝોંપડીઓ બીજી બનાવરાવી દેતા. પરંતુ એ બધા શ્રીગોવર્ધનનાથજીની

સેવા છોડીને પર્વતથી નીચે કેમ ઊતરી આવ્યા ? તેથી હવે એમનું સેવામાં કામ નથી અને આપ કહો છો કે એમને રાખો. તો હવે અમે આ વાતનો પત્ર શ્રીગુસાંઈજીને લખીશું. એ કહેશે તેમ કરીશુ. ત્યારે એ હાકેમે કહ્યું કે સારી વાત છે. તમે શ્રીગુસાંઈજીને લખો પછી કૃષ્ણદાસ શ્રીનાથજીદ્વાર આવ્યા. અને બંગાલીઓ વૃંદાવનમાં રહ્યાં.

તે પછી ફરી એક દિવસે બંગાલી બધાએ ભેગાં થઈને દેશાધિપતિની પાસે આગરામાં આવીને શ્રીકૃષ્ણદાસની ચુગલી કરી, ત્યારે દેશાધિપતિ અકબર બાદશાહે કહ્યું કે કૃષ્ણદાસ કોણ છે ? કે આ બ્રાહ્મણોને પૂજામાંથી કાઢ્યા, તેમને બોલાવો ત્યારે રાજા ટોડરમલ અને બીરબલે અકબર બાદશાહને કહ્યું કે, શ્રીગોવર્ધનનાથજી ઠાકુર શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઈજીના છે. તેમણે પહેલાં એ બંગાલીને સેવામાં રાખ્યા હતા, એમને ખરચ આપતા. હવે એમને કાઢી મૂક્યા છે. ત્યારે દેશાધિપતિએ કહ્યું, બંગાલી જૂઠી ચાડી કરે છે, ચાકરનું શું છે ? તેથી કૃષ્ણદાસને બોલાવીને કહો કે એમનું મન હોય તો રાખે, ત્યારે દેશાધિપતિએ મનુષ્ય કૃષ્ણદાસને લેવાને શ્રીગિરિરાજ આવ્યા. કૃષ્ણદાસે તો પહેલાં જ બધું સાંભળ્યું હતું તેથી રથ ઉપર ચઢીને દશ-વીસ મનુષ્યો સાથે લઈને દેશાધિપતિના મનુષ્યોની સાથે આગ્રામાં આવ્યા. અને રાજા ટોડરમલ અને બિરબલે કહ્યું, કે બંગાલીઓએ જૂઠી ચુગલી કરી હતી તેથી કહી દીધું છે. અને ફરી પણ આ જ કહી દઈશું. જેથી આજનો દિવસ તમે અહીં રહો ત્યારે કૃષ્ણદાસ ત્યાં રહ્યાં. પછી રાજા ટોડરમલ અને બીરબલ દરબારના સમયે દેશાધિપતિની પાસે આવીને અકબરને કહે કે કૃષ્ણદાસ શ્રીગોવર્ધનનાથજીના અધિકારી આવ્યા છે અને એમનું મન બંગાલીઓને રાખવાનું નથી. બીજા ચાકર રાખ્યા છે અને એમને તો કાઢ્યા છે. ત્યારે દેશાધિપતિ કહે કે સારું એમનું મન હોય તેને ચાકર રાખે, એમાં જૂઠો ઝઘડો શો છે ? બંગાલીઓને કાઢી મૂકો. એટલે રાજા ટોડરમલ અને બીરબલે આવીને બંગાલીઓને કહ્યું કે, દેશાધિપતિનો હુકમ તમને કાઢી મૂકવાનો થયો છે, તેથી તમે ચૂપ થઈને ચાલ્યા જાવ. જો ઝઘડો કરશો તો દુઃખ પામશો, તેથી અમે તેમને સમજાવી દીધું, ત્યારે બધા બંગાલી નિરાશ થઈને ચાલ્યા ગયા. અને શ્રીવૃંદાવનમાં રહ્યા, અને કૃષ્ણદાસ રાજા ટોડરમલ અને બીરબલથી વિદાય થઈને ચાલ્યા આવ્યા. તે ગિરિરાજજી ઉપર જઈને આવ્યા તે પછી બે કાસદને બોલાવીને શ્રીગુસાંઈજીને વિનંતીપત્ર લખ્યો. તેમાં એ લખ્યું કે બંગાલીઓને આપની આજ્ઞાથી કાઢ્યા છે. તેઓ દેશાધિપતિ આગળ ઉત્તર થઈ ચૂક્યો છે અને હવે ઝઘડો મટી ગયો છે. બંગાલી રાજદ્વારમાં જૂઠા પડી ચૂક્યા છે. તેથી હવે આપ કૃપા કરીને પધારશો. તે બે જોડી કાસદની શ્રીગુસાંઈજી પાસે ગઈ ત્યારે ગુસાંઈજી પોતે પત્ર વાંચી અડેલથી જલદી પધાર્યા. અને શ્રીનાથજીદ્વાર આવીને કૃષ્ણદાસને બોલાવીને શ્રીગોવર્ધનનાથજીના સન્મુખ અધિકારીનો દુશાલો ઓઢાવ્યો. અને શ્રીગુસાંઈજી પોતે શ્રીમુખથી કહે કે કૃષ્ણદાસ ! તમે ભારી સેવા કરી છે. આ કામ તમારાથી જ થાય, જે બંગાલીઓને કાઢ્યા તેથી હવે બધો અધિકાર શ્રીગોવર્ધનનાથજીનો તમે જ કરો. અને પણ ચૂકીએ તો કહેજો કોઈ વાતનો સંકોચ ન રાખતા. બધા સેવક ટહેલવા ઉપર તમારો હુકમ, બીજાની શી વાત ? આવી જ સેવા તમે કરી તેથી શ્રીગોવર્ધનનાથજીને પણ કહેશો તે જ કરશે. તમે શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર છો. તમારી આજ્ઞામાં જે ચાલશે તે બધાનું ભલું થશે, તેથી હવે તમે શ્રીગોવર્ધનનાથજીની સેવા ભલી ભાંતિથી કરજો અને સાવધાન રહેજો. પછી કૃષ્ણદાસ શ્રીગુસાંઈજી અને શ્રીગોવર્ધનનાથજીને સાષ્ટાંગ દંડવત કરીને અધિકારીની બધી સેવા કરવા લાગ્યા. તે દિવસથી શ્રીનાથજીના અધિકારીની ગાદી બિછાવા લાગી. અને શ્રીગુસાંઈજીની આજ્ઞાથી કૃષ્ણદાસ ગાદી ઉપર બેસતા.

તે પછી બંગાલીઓએ સાંભળ્યું કે શ્રીગુસાંઈજી શ્રીગોવર્ધન પધાર્યા છે અને શૃંગાર કરે છે. ત્યારે બધા બંગાલીઓ મળીને શ્રીગુસાંઈજી પાસે આવ્યા. અને વિનંતી કરીને કહ્યું કે અમને શ્રીઆચાર્યજીએ શ્રીગોવર્ધનનાથજીની સેવામાં રાખ્યા હતા તે કૃષ્ણદાસે કાઢ્યા છે. તેથી આપ ફરી અમને સેવામાં રાખો. ત્યારે શ્રીગુસાંઈજી કહે કે તમે બધા શ્રીનાથજીની સેવા છોડી પર્વતથી નીચે આવ્યા, તે દોષ તમારો છે અને શ્રીગોવર્ધનનાથજીની ઈચ્છા તમને રાખવાની નથી. તેથી હવે તમને રાખ્યા ન જાય. બધા બંગાલીઓ બહુ વિનંતી કરવા લાગ્યા કે તમે અમારાથી સેવા ન કરાવો પરંતુ હવે અમે શું ખાઈએ ? શ્રીનાથજીની સેવા પાછળ અમારું ખાનપાનનું સુખ હતું. તેથી અમને કંઈ બીજી સેવા ટહેલ બતાવો અથવા કોઈ બીજા શ્રીઠાકુરજી બતાવો કે જેથી અમારો નિર્વાહ ચાલ્યો જાય. ત્યારે શ્રીગુસાંઈજીએ પોતે શ્રીગોપીનાથજીના સેવ્ય શ્રીમદનમોહનજીને આપીને કહ્યું કે એમની સેવા તમે કરો, એટલે બંગાલીઓ શ્રીમદનમોહનજીને લઈને વૃંદાવનમાં આવીને સેવા કરવા લાગ્યા.

ભાવપ્રકાશ : કેમ કે બલદેવજી મર્યાદારૂપ છે. તેથી એમના સેવ્ય ઠાકુર પણ મર્યાદારૂપ અને બંગાલીઓને મર્યાદાની પૂજા છે તેથી આપ્યા અને શ્રીગુસાંઈજીએ ઝઘડો પણ મટાવી દીધો.

તે પછી શ્રીગુસાંઈજીએ સાંચોરા, ગુજરાતી બ્રાહ્મણ ભીતરીયા સેવામાં રાખ્યા. મુખ્ય ભીતરીયા રામદાસને કર્યા.

ભાવપ્રકાશ : એ રામદાસ બ્રાહ્મણ સાંચોરા ગુજરાતમાં રહેતા એ લીલામા શ્રીચંદ્રાવલીજીની સખી છે, લીલામાં એમનું નામ મનોરમા છે. એમનો સાત્ત્વિક ભાવ છે અને ચંદ્રાવલીજીની આજ્ઞાકારી છે. જેમ શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકુરજીની લીલામાં લલિતા મધ્યાજી પરમ ચતુર છે. તે શ્રીગોવર્ધનનાથજીના કૃપાપાત્ર લલિતારૂપ કૃષ્ણદાસ બધી જગે જેમ હુકમ કરે તેમ મનોરમા રૂપથી રામદાસ મુખિયા ભીતરીયા શ્રીગુસાંઈજીની આગળ બધી ટહેલ કરે. તે રામદાસ ગુજરાતમાં એક સાંચોરા બ્રાહ્મણને ત્યાં જન્મ્યા. તે વરસ વીસના થયા ત્યારે માતાપિતાએ દેહ છોડી. તે પછી રામદાસજી રણછોડજીનાં દર્શને ગયા. ત્યાં શ્રીઆચાર્યજીનાં દર્શન થયા. તે સમયે શ્રીઆચાર્યજી કથા કહેતા હતા. તે કથા શ્રીઆચાર્યજીના મુખથી સાંભળીને રામદાસને જ્ઞાન થયું કે શ્રીઆચાર્યજી આપ સાક્ષાત ઈશ્વર છે. એમની શરણે રહીએ કૃતાર્થ થઈએ. એવો મનમાં નિશ્ચર્ય કર્યો તે પછી શ્રીઆચાર્યજી પોતે કથા કહી ચૂક્યા ત્યારે રામદાસે દંડવત કરીને વિનંતી કરી કે મહારાજ ! મને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજી કહે કે જાવ, ન્હાઈ આવો, એટલે રામદાસ ન્હાઈ આવ્યા પછી શ્રીઆચાર્યજીએ રામદાસને નામે નિવેદન કરાવ્યું. તે પછી રામદાસને કહે કે હવે તમે ભગવદ સેવા કરો. ત્યારે રામદાસે કહ્યું કે મારા પિતાના ઠાકુર મારી પાસે છે. આપ આજ્ઞા દો તો હું સેવા કરું ત્યારે શ્રીઆચાર્યજીએ પોતે રામદાસના શ્રીઠાકુરજીને પંચામૃત-સ્નાન કરાવી આપ્યા તે પછી રામદાસ કેટલાક દિવસ શ્રીઆચાર્યજીની પાસે રહ્યા અને સેવાની રીતિ-ભ્રાતિ શીખ્યા. તે પછી રામદાસે શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે મહારાજ ! શાસ્ત્ર તો હું કંઈ ભણ્યો નથી. પરંતુ આપ ગ્રંથ ભણવાની ઈચ્છા-અભિલાષા છે. ત્યારે શ્રીઆચાર્યજીએ મહાપ્રભુએ રામદાસને પોતાના ગ્રંથ ભણાવ્યા એટલે રામદાસજીના હૃદયમાં વ્રજની લીલા સ્ફુરી ત્યારે રામદાસે આ કીર્તન શ્રીઆચાર્યજીની આગળ ગાયું, તે પદ-

રાગ ગૌરી : ચલિ સખી ચલિ, અહો બ્રજ પેંઠ લગી હે, જહાં વિકાત હરિ-પ્રેમ સૂઠ સોંધો પ્રાનન

કે પલટે ઉલટ ધરોં જિય નેંમ ॥૧॥ ઔર ભાંતિ પાઈ બો દુર્લભ, કૌટિક ખર્ચો હેમ ! 'રામદાસ પ્રભુ' રત્ન અમોલિક સખી પિયત હે એમ ॥૨॥

આ પ્રકારે રસરૂપ પદ રામદાસજીએ બહુ ગાયાં એ સાંભળીને શ્રીઆચાર્યજી આપ બહુ પ્રસન્ન થયા. પછી રામદાસે શ્રીઆચાર્યજીથી વિદાય થઈને ગુજરાતમાં પોતાના ઘરે આવીને બહુ દિવસ સુધી સેવા કરી.

એક દિવસ એક વૈષ્ણવ રામદાસના ઘરે આવ્યો. ત્યારે રામદાસે પ્રીતિથી તે વૈષ્ણવને પોતાના ઘરમાં રાખ્યો પછી રામદાસે કહ્યું કે વૈષ્ણવનો સંગ દુર્લભ છે. તમે મહાન કૃપા કરી કે મારા ઘરે પધાર્યા ત્યારે વૈષ્ણવે કહ્યું કે સંગ કરવા લાયક તો પદ્મનાભદાસજી છે. જેનો એક ક્ષણ પણ સંગ થાય તો ભગવતકૃપા થાય એ સાંભળતાં જ રામદાસનાં મનમાં આવ્યું કે પદ્મનાભદાસનો સંગ કરું. તે પછી ચાર દિવસ રહીને તે વૈષ્ણવ તો ગયો, પછી રામદાસજી શ્રીઠાકુરજીને પધરાવીને શ્રીઠાકુરજીના ઘરે કનોજમાં આવ્યા ત્યારે પદ્મનાભદાસે પ્રીતિથી રામદાસને મહિના એક રાખ્યા. તે ભગવદવાર્તામાં મગન થઈ ગયા ત્યારે રામદાસજીએ કહ્યું કે જેવા તમારા વખાણ સાંભળ્યાં હતા તેવું જ તમારા સંગથી સુખ મળ્યું છે. હવે હું શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરી આવું. મારા ઠાકુરને તમે રાખો ત્યારે પદ્મનાભદાસજીએ રામદાસના ઠાકુરજી શ્રીમથુરેશજીની શય્યાજીની પાસે પધરાવ્યા. અને ગિરિરાજજીમાં શ્રીગુસાંઈજીએ પોતે પ્રસન્ન થઈને રામદાસને મુખિયા કર્યા. તે જનમભર શ્રીનાથજીની સેવા રામદાસે મન લગાડીને કરી આ પ્રકારે રામદાસજી રહ્યા તે પછી પદ્મનાભદાસજીની દેહ છૂટી, ત્યારે શ્રીગોવર્ધનનાથજીની પાસે શ્રીઠાકુરજીને બેસાડ્યા. ત્યારથી સદા શ્રીનાથજીની પાસે રહ્યા.

તે પછી શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીની સેવાનો વિસ્તાર વધાર્યો. તે રાજભોગ કરવા લાગ્યા, ભોગ સામગ્રીનો નેક કર્યો. સેવક બહુ રાખ્યા, દરજી, સોની, સુથાર, બધાનો નેક કરી દીધો. અને ભંડારી (અધિકારી) રાખ્યા, તે ભંડારીને ગાદી-તકિયા મળે એ પ્રકારે શ્રીગોવર્ધનનાથજીની ઈશ્વરતા આપે વધારી, અને બધા સેવકોની ઉપર કૃષ્ણદાસ અધિકારીને મુખિયા કર્યા, જે કામ હોય તે તમને પૂછવું. શ્રીગુસાંઈજી તો સેવા શૃંગાર કરી જાય અને કોઈને કંઈ કહે નહીં, કોઈ વાન કોઈ સેવક શ્રીગુસાંઈજીને પૂછે ત્યારે શ્રીગુસાંઈજી પોતે કહે કે કૃષ્ણદાસ અધિકારીની પાસે જાવ, અમે જાણીએ નહીં, એ પ્રકારે મર્યાદા રાખી એ પ્રકારે કૃષ્ણદાસનો વૈભવ ઘણો અને હુકમ ઘણો. જ્યાં જાય ત્યાં રથ, ત્યાં ઘોડા, બળદ, ઊંટ, ગાડી, અને પચાસ માણસો સાથે લઈ જાય, તે કૃષ્ણદાસ અધિકારી બધા દેશોમાં પ્રસિદ્ધ થયા. એ કૃષ્ણદાસ નિત્ય નવા પદ કરીને શ્રીગોવર્ધનધરને સંભળાવતા, એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૩ : એક દિવસ શ્રીગોવર્ધનનાથજીએ કૃષ્ણદાસને આજ્ઞા આપી કે શ્યામકુંભારને મૃદંગ સમેત સાથે લઈને તમે પરાસોલી સેન આરતિ જજો, ત્યાં રાસલીલા કરીશું. ત્યારે શ્રીગોવર્ધનનાથજીને દંડવત કરીને કૃષ્ણદાસ પર્વતથી નીચે આવ્યા. તે પછી શ્રીગોવર્ધનનાથજીએ શ્યામકુંભારને કહે કે તમને જ કૃષ્ણદાસ કહે ત્યાં મૃદંગ લઈને જજો. એ પ્રકારે શ્યામકુંભારને શ્રીનાથજીએ પોતે આજ્ઞા કરી.

ભાવપ્રકાશ : આ પ્રકારે શ્યામકુંભારને શ્રીનાથજીએ પોતે આજ્ઞા કરી તે એથી કે લીલામાં શ્યામકુંભાર વિશાખાજીની સખી છે. ત્યાં લીલામાં એમનું નામ 'રસતરંગિની' છે એમની મૃદંગની સેવા છે,

એક સમયે રસતરંગિનીએ શયન કર્યું હતું તે વખતે વિશાખાજીનું મન ગાન કરવાનું થયું ત્યારે સતરંગિનીને જગાડીને કહે કે તું મૃદંગ વગાડ. ત્યારે તેણે મૃદંગ વગાડ્યું. અને વિશાખાજી ગાન કરવા ાગી. પણ આળસને લઈને રસતરંગિની ચૂકી જાય ત્યારે વિશાખાજીને ક્રોધ કરીને કહે કે મને નિદ્રા આવે અને તમારું મન તો ગાન કરવાનું છે. તે કેમ બને ? ત્યારે વિશાખાજીએ તો મૃદંગ પોતે જ લીધી અને ોધ કરીને રસતરંગિનીને કહ્યું, કે તું મારી સખી નથી જઈને ભૂમિ ઉપર જન્મ લે અહંકાર કરીને બોલી નો આ દંડ છે. તેથી એ મહાવનમાં કુંભારના ઘરે જન્મ્યા. શ્યામકુંભાર નામ પડ્યું. તે બધા સમાજમાં તુર હતા. શ્રીગુસાંઈજીએ પોતે એમને બોલાવીને શ્રીનવનીતપ્રિયાજીની પાસે રાખ્યા, અને એ યામકુંભારને નામ નિવેદન કરાવ્યું. પછી શ્રીગોવર્ધનનાથજીનો વૈભવ વધ્યો ત્યારે કૃષ્ણદાસના મનમાં ાવ્યું કે મૃદંગ જોઈએ ત્યારે શ્રીગોવર્ધનનાથજી કહે શ્રીગોકુલમાં શ્યામકુંભાર છે તે મૃદંગ સારી વગાડે છે ને શ્રીગુસાંઈજીને કહીને અહીં રાખો. એટલે કૃષ્ણદાસે શ્રીગુસાંઈજીને કહ્યું કે શ્યામકુંભારને ીગોવર્ધનધરની સેવામાં રાખો. એ ઈચ્છા પ્રભુની છે ત્યારે શ્રીગુસાંઈજીએ પોતે શ્યામકુંભારને શ્રીગોકુલથી ોલાવીને શ્રીનાથજીની સેવામાં રાખ્યા. તે દિવસથી શ્યામકુંભાર શ્રીગિરિરાજ રહ્યા.

પછી કૃષ્ણદાસે શ્યામકુંભારને બોલાવીને કહ્યું કે શ્રીગોવર્ધનનાથજીની ઈચ્છા આજ પરાસોલીમાં ાસ કરાવવાની છે તેથી મૃદંગ લઈ આવો સેન આરતિ પછી ચાલીશું. ત્યારે શ્યામકુંભારે કહ્યું કે મને આજ્ઞા આપી છે તેથી મૃદંગ લઈને તમારી પાસે આવ્યો છું. પછી જ્યારે સેન આરતિ શ્રીગોવર્ધનનાથજીની ઈ ચૂકી ત્યારે કૃષ્ણદાસ શ્યામકુંભારને લઈને પરાસોલીમાં ચંદ્ર સરોવર છે, ત્યાં આવ્યાં ત્યાં જુએ છે તો શ્રીગોવર્ધનધર અને શ્રીસ્વામિનીજી બધી સખીઓ સહિત બિરાજ્યાં છે. તે વખતે શ્રીગોવર્ધનધરે શ્યામકુંભારને કહ્યું કે તું તો મૃદંગ બજાવ અને કૃષ્ણદાસને કહ્યું કે તું કીર્તન ગા. તે ચૈત્ર સુદી ૧૫ પૂનમના દિવસે રાત્રિ દોઢ પહોર અજવાળું ફેલાઈ ગયું. તે અલૌકિક રાત્રિ થઈ. શ્યામસુંદરે મૃદંગ વગાડી, વસંત ઋતુના સુંદર ફૂલ લતાઓથી ફૂલી રહ્યાં છે. ત્યારે શ્રીગોવર્ધનધર શ્રીસ્વામિનીજી સહિત નૃત્ય કરવા લાગ્યા. તે સમયે કૃષ્ણદાસે આ પદ ગાયું, તે પદ-

રાગ કેદારો : શ્રીવૃષભાનંદના નાચત લાલ ગિરિધરન સંગ, લાગ ડાટ ઉપર તીરપ રાસ રંગ રાચ્યો ! ઝપ તાલ મિલ્યો રાગ કેદારો સપ્ત સુરન અવધ સુઘર તાન રંગ રાચ્યો ॥૧॥ પાઈ સુખ સુરીત સિદ્ધિ ભરત કામ વિવિધ રિદ્ધિ અભિનવ વદન સમ સુહાગ હુલાસ રંગ રાખ્યો ! બનીતા સત જુથપ પીય નીરખી થક્યો સઘન ચંદ બલિહારી કૃષ્ણદાસ સુઘર રંગ રાખ્યો ॥૨॥

એ પદ સાંભળીને શ્રીગોવર્ધનધરે પ્રસન્ન થઈને પોતાના શ્રીકંઠની પ્રસાદી માળા કુંદનાં ફૂલોની માળા કૃષ્ણદાસને આપી ત્યારે કૃષ્ણદાસે પોતાના પરમ ભાગ્ય માન્યા રોમરોમમાં આનંદ ભરાઈ ગયો. રસમાં મગન થઈને બીજા પદ ગાયાં તે પદ-

રાગ માલવ : (૧) અલગ લાગન ઉપર તીરપ ગની નટવત બ્રજલલના રાસે ! ઉઘટત શબ્દ તતથઈ તતથેઈ મૃગ નયની ઈષદ હાસે ॥૧॥ ભાલ ચંદ લજાવત ગાવત બાંધન મદન ભ્રોહ ઘાસે, ચલત ઉરજ કટી કિંકિની કુંડલ શ્રમજલ કન શોભિત આસે ॥૨॥ તૃપુર કુનીત કણીત કટીમેખલા કટીતર કાછે નીલ સુવાસે ! અવઘટ તાનમાન બધાને મોહિત વિશ્વ ચરન ન્યાસે ॥૩॥ મોહનલાલ ગોવર્ધનધારી દીઝવત છેલ સુઘર લાસે ! અપને કંઠકી શ્રમજલ દલમલી માલા દેતી 'કૃષ્ણદાસે' ॥૪॥

(૨) તતથેઈ રાસમંડલ મેં બને નાચત પીય કે સંગ પ્રીતમપ્પ્યારો ॥ ગાવત સરસ સુજાત મિલવત ચપલ કુટીલ ભ્રોંહે અનીયારી ॥૧॥ માલવ રાસ અલાપતિ ભામીનિ લેતી ઉપર નાગર નારી । પ્યારી કે સંગ બેનુ બજાવત સુધરરાય શ્રીગોવર્ધનદારી ॥૨॥ કૃષ્ણદાસ પ્રભુ સૌભગં સીંવા સબ યુવતીન મેં સુકુમાર જોરી અદ્દ્ભુત પ્રગટીય ભૂતલ કેલીકલારસ મનુહારી ॥૩॥

(૩) ચંદ ગોવિંદ ગોપી તાર ગન બને રાસ મેં બનવારી । મુખ પ્રતાપ રંજિત વૃંદાવન નવલ યુવતીજન સુખકારી ॥૧॥ કમલનયન કમનીય મનોહર મનહરની ગોકુલ નારી । હસ્તકમલ પર ગલિત કુસમદલ નુન્યમાન, પ્રીતમ પ્યારી ॥૨॥ રસથયરાસ રસિકની ગામિની અતીરસાલ બને બિહારી । ‘કૃષ્ણદાસ’ પ્રભુ રસિક શિરોમની રસિકરાય ગિરિવરધારી ॥૩॥

(૪) સિખવતી હરી કો મુરલી બજાવત । સપ્ત રંધ્ર પર ધરત અંગુલી દલ કંધ બાહૂ ધરી મધુરે ગાવત ॥૧॥ સરસ ભેદ ગતી રાગ કન્હરો ગતી બિલાસવર નયન નચાવત । કૃષ્ણદાસ બલી વૈભવકી ગીરીધર પિય પ્યારી મન ભાવત ॥૨॥

એ પ્રકારે ઘણાં કીર્તન કૃષ્ણદાસે ગાયાં. શ્યામકુભારે મૃદંગ બહુ સુંદર વગાડી ત્યારે શ્રીગોવર્ધનધર શ્રીસ્વામિનીજીએ બધા વ્રજભક્તો સહિત અદ્દ્ભુત નૃત્ય કર્યું, તે શ્રીઆચાર્યજી મહાપ્રભુની કાનીથી કૃષ્ણદાસ ઉપર શ્રીગોવર્ધનધર એવી કૃપા કરતા. તે પછી શ્રીગોવર્ધનધર શ્રીસ્વામિનીજી સતિત વ્રજભક્તો અંતર્ધ્યાન થયા પછી કૃષ્ણદાસ અને શ્યામસુંદર મૃદંગ લઈને ગોપાલપુર આવ્યા.

વાર્તાપ્રસંગ ૪ : વળી એક દિવસ સુરદાસજીએ કૃષ્ણદાસને કહ્યું છે કે કૃષ્ણદાસ તમે જેટલાં કીર્તન કર્યાં તેમાં મારી છાયા આવે છે ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે હવે એવું પદ કરું કે તેમાં તમારી છાયા ન આવે. પછી કૃષ્ણદાસે એકાંતમાં બેસીને વિચાર કર્યો કે સુરદાસે જે વાત ગાઈ ન હોય તે ગાવી, એ વિચાર ક્યો, પછી જે લીલાનો વિચાર કરે તે જ લીલાનાં પદ સુરદાસજીએ તો ગાયાં છે, દાન, માન, ગાયોના વર્ણન, બધી લીલાનાં પદ સુરદાસજીએ ગાયાં હતાં. તેથી કૃષ્ણદાસજી વિચાર કરતાં થાક્યાં. મનમાં મોટી ચિંતા થઈ તેમાં કૃષ્ણદાસજીને એક પ્રહર ગયો. પછી થાકીને ઊઠી, બેઠા, કાગળ, લેખની, ખડિયો, કલમ મૂકીને મહાપ્રસાદ લેવા ગયા ત્યારે શ્રીગોવર્ધનધરે આવીને પદ પૂરું કરી ગયા. તે પદ-

રાગ ગોરી : આવત બને કાન્હા ગોપ-બાલક સંગ નેચુકી ખુરરેનુ છુરિત અલકાવલી ભ્રોંહ મન્મથ-ચાપ વક્રલોચન બાન, સીસ શોભિત મત્ત મયૂર-ચંદ્રાવલી ॥૧॥ ઉદિત ઉડુરાજા સંદર સિરોમની, બદન નીરખી ફૂલી નવલ જુવતી કુમુદાવલી । અરુન સંકુચિત અધર બિંબ ફલ હસ્ત કછુ પ્રકટ હોત કુંદ દસનાવલી ॥૨॥ શ્રવન કુંડલ ભાલ તીલક બેસરી નાક, કંઠ કૌસ્તુભમનિ સુભગ ત્રિવલાવલી । રત્ન હાટક ખચીત, ઉરસિ પદીકની પાંતિ, બીચ રાજતી શુભ્ર ઝલક મુક્તાવલી ॥૩॥ વલય કંકન બાજૂબંદ આજાનુભુજ, મુદ્રિકા કર-દલ બિરાજતી નખાવલી । કુનિત કર મુરલિકા મોહિત અખિલ વિશ્વ, ગોપીકા જન્મ-મનસી ગ્રથિત પ્રેમાવલી ॥૩॥ કટી છુદ્ર ઘંટીક જટીત હીરામનિ ભાભી અંબુજ વલિત ભ્રંગ રોમાવલી । ધાઈ કબહુક ચલત ભક્ત હીત જાની પીય ગંડ મંડિત રુચિર શ્રમજલકણાવલી ॥૪॥ પીત કૌશેય પરિધાન સુંદર અંગ, ચલત નુપુર ગીત શબ્દાવલી । હૃદય કૃષ્ણદાસ ગીરીધરનલાલા કી ચરનનખ-ચંદ્રિકા હરતી તીમીરીવલી ॥૫॥

એ પદ લખીને આપ તો પધાર્યા, તે નેચુકી ગાયનું વર્ણન સુરદાસજીએ કર્યું ન હતું. નેચુકી ગાય ેને જ કહીએ જે પહેલી વાર વિયાણી હોય તેનો સ્નેહ વાછડા ઉપર ઘણો હોય, એવી નેચુકી ગાય કોઈ ખા ગ્વાલથી ઘેરાતી નથી. એ વારંવાર પોતાના વાછડાને માટે ઘર તરફ જ ભાગે છે. એવી નેચુકીન ુથમાં શ્રીઠાકુરજી પોતે પધારે છે. ત્યારે નેચુકી ગાયની ખુર-રેણુ મુખ તરફ અલકો (વાળ) ઉપર લાગી ે. એ શ્રીઠાકુરજી પોતે એક તુર્ક કરી કાગળ ઉપર લખીને પધાર્યા તે પછી કૃષ્ણદાસે મહાપ્રસાદ આનંદથી ઈને આવીને કીર્તન પૂરું કર્યું. આ પ્રકારે કીર્તન પૂરું કરીને કૃષ્ણદાસજી પ્રસન્ન થઈને સુરદાસજીની પાસે સતા હસતા આવ્યા ત્યારે સુરદાસજીએ પૂછ્યું, કે આજ ઘણાં પ્રસન્ન થઈને આવો છો તે શું નવીન પદ ર્યું. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે આજ એવું પદ કર્યું છે કે જેમાં તમારા પદોની છાયા નથી ત્યારે સુરદાસજી હે કે તમે મને વાંચીને સંભળાવો તો સાંભળું ત્યારે કૃષ્ણદાસે પહેલી તુક કહી તે સાંભળીને કૃષ્ણદાસથી ુરદાસ બોલ્યા કે કૃષ્ણદાસ ! મારે અને તમારે વાદ છે કંઈ તમારા બાપથી વાદ નથી ? આમાં તમારું ું છે ? મેં નેચુકીને ન ગાઈ તે પ્રભુએ કહી દીધું, બીજા તો શ્રીઅંગના વર્ણના મારા હજારો પદ છે. તે તમે ગાઈન પૂરાં કર્યાં છે. આ વચન સુરદાસજીનું સાંભળીને કૃષ્ણદાસજી ચૂપ થઈ રહ્યા.

ભાવપ્રકાશ : ત્યાં આ સંદેહ થાય કે કૃષ્ણદાસજી તો લલિતાજીનું સ્વરૂપ છે અને ીગોવર્ધનનાથજીએ કૃષ્ણદાસનો પક્ષ કર્યો અને પદ બતાવ્યા તો પણ સુરદાસજીથી જીત્યા નહીં તેનું શું ારણ ? ત્યાં કહીએ છીએ કે કૃષ્ણદાસજી લલિતરૂપ છે. તે જ રીતે સુરદાસજી ચંપકલતા રૂપ છે. પરંતુ ધિકાર ભેદ છે. લીલામાં પણ શ્રીલલિતાજીની સેવા શ્રેષ્ઠ છે તે જ રીતે અહીં સેવાના ભેદથી કૃષ્ણદાસ ષ્ઠ છે. તે બધા સેવકોની સેવામાં સાવધાની રાખે તે જ રીતે અહીં સેવાના મંડાણનો વિસ્તાર કરવો, એમાં ષ્ણદાસ પરમ ચતુર છે. જેમ સોનીથી દરજીની સેવા ન થાય અને દરજીથી સોનીનાં આભૂષણનું કામ થાય તેમ બધા પોતપોતાની સેવામાં ચતુર છે. વળી શ્રીસ્વામિનીજીની બન્ને પ્રિય સખી છે. ીગોવર્ધનનાથજીની પ્રીતિ તો બન્નેના ઉપર છે. પરંતુ કૃષ્ણદાસના મનમાં રંચક અહંકાર આવ્યો કે મેં પણ ણાં કીર્તનો કર્યાં છે, તેથી જીત્યા નહીં.

એ કૃષ્ણદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ : એક સમય શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં સામગ્રી જોઈતી હતી. ત્યારે કૃષ્ણદાસ ાડુ મંગાવીને પોતે રથ ઉપર અસવાર થઈને શ્રીગોવર્ધનથી આગ્રા આવ્યા. આગ્રાના બજારમાં ગયા ત્યાં ક વેશ્યા પોતાની છોકરીને નૃત્ય શીખવતી હતી, તે છોકરી પરમ સુંદર બાર વર્ષની હતી, કંઠ પણ રમ સુંદર હતો. ગાન નૃત્યમાં ચતુર ઘણી હતી. એ વેશ્યા ખ્યાલ-ટપ્પા ગાતી હતી. તે છોકરીનું ગાન ષ્ણદાસના કાન ઉપર પડ્યું, તે કૃષ્ણદાસના મનમાં બેસી ગયું. તેથી પ્રસન્ન થઈ ગયા. ત્યારે કૃષ્ણદાસે ોતાનો રથ ઊભો રાખ્યો. પછી ભીડ ખસેડીને એ છોકરીનું રૂપ જોયું. અને ગાન સાંભળીને મોહિત ઈ ગયા.

ભાવપ્રકાશ : અહીં સંદેહ થાય કે કૃષ્ણદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુના કૃપાપાત્ર સેવક વેશ્યાના ાન ઉપર મોહિત કેમ થયા ? એ તો શ્રીઠાકુરજી ઉપર મોહિત છે, એમને અપ્સરા, દેવાંગના, તુચ્છ ખાય વળી શ્રીઆચાર્યજી પોતે 'જલભેદ' ગ્રંથમાં કહે છે કે-

'વેશ્યાદિસહિતામત્તાં ગાયકા ગર્તસંગીતાઃ ।
જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા-ગાનોપજીવિનઃ ॥

વેશ્યાદિ સહિત ગાયક ભાટ, કેમ, નીચનું ગાન, ભૂંડના ખાડાના જલવત છે. તેમાં ન્હાય જલ પીએ, તેવું નીચનું ગાન સમજવું, આ પ્રકારનો દોષ શ્રીઆચાર્યજીએ કહ્યો. છે. તેથી કૃષ્ણદાસ પરમ જ્ઞાનવાન મર્યાદાના રક્ષક તે વેશ્યાના ગાન ઉપર કેમ રીઝ્યા ? એમની દેખાદેખી બીજા કરે તો બહિર્મુખ થાય એ તો બધાને શિક્ષા દેવાને ઉદ્ધાર કરવાને પ્રકટ્યા છે. એ કૃષ્ણદાસ વેશ્યાના ઉપર કેમ રીઝ્યા ? એ સંદેહ થાય ત્યાં કહે છે કે અહીં કારણ બીજું છે. આ વેશ્યાની છોકરી દૈવી જીવ લલિતાજીની સખી છે. લીલામાં એમનું નામ 'બહુ ભાષિની' છે, એક દિવસ લલિતાજી શ્રીઠાકુરજીને માટે સામગ્રી કરતી હતી ત્યારે લલિતાજીએ બહુ ભાષિનીને કહ્યું કે તું મિશ્રી પીસીને લઈ આવ, એટલે બહુ ભાષિની મિશ્રીનો ડબરો ભરીને લઈ ચાલી. ત્યારે બીજી સખીને વાત કરતાં કરતાં છાંટો ઊડ્યો. તે મિશ્રીમાં પડ્યો. તેની બહુભાષિનીને ખબર નહીં. પછી મિશ્રીનો ડબરો લઈને તે લલિતાજીની પાસે આવી. ત્યારે લલિતાજી તો પરમ ચતુર છે, તે જાણી ગઈ, પછી બહુભાષિનીને કહ્યું કે આ સામગ્રી છોવાઈ ગઈ છે. તારા મુખથી છાંટો પડ્યો છે. ત્યારે બહુભાષિનીએ કહ્યું કે તમે જૂઠું બોલો છો, છાંટો તો નથી પડ્યો. વળી શ્રીઠાકુરજી સખા મંડલીમાં બધાની જૂઠણ પણ લે છે, ત્યારે લલિતાજીએ કહ્યું કે પ્રભુની લીલાને તું શું જાણે ? પ્રભુ પ્રસન્ન થઈ ચાહે તે કરે. તે બધું જ શોભે. પરંતુ પોતાના મનથી કંઈ હીન ક્રિયા કરે તે ભ્રષ્ટ થાય. તેથી તું હીન જગાએ જન્મીશ ત્યારે બહુભાષિનીએ કહ્યું કે તમે પણ શૂદ્રના ઘરે જન્મ લઈ મારો ઉદ્ધાર કરો. તમને છોડીને હું ક્યાં જાઉં ? આ પ્રકારે પરસ્પર શાપ થયો. તેથી કૃષ્ણદાસ શૂદ્રના ઘરે જન્મ્યા. અને બહુભાષિનીનો જન્મ માત્ર વેશ્યાના ઘરે થયો, પણ લૌકિક પુરુષનું મુખ ન જોયું. એટલે કૃષ્ણદાસના હૃદયમાં વેશ્યાનું ગાન પ્રિય લાગ્યું.

લિતાજી નો શાપ

એથી ઊભા રહીને નૃત્ય સાંભળીને કૃષ્ણદાસે મનમાં વિચાર્યું કે આ સામગ્રી તો અતિ ઉત્તમ છે. વળી દૈવી જીવ છે. એથી શ્રીગોવર્ધનનાથજીને લાયક છે. તેથી શ્રીગોવર્ધનનાથ પોતે એનો અંગીકાર કરે તો સારું એમ કૃષ્ણદાસે પોતાના મનમાં વિચાર કરીને દશ રૂપૈયા વેશ્યાને આપીને કહે કે અમારા મુકામે રાત્રિએ આવજો. એમ કહીને કૃષ્ણદાસજી જ્યાં હવેલીમાં હંમેશ ઊતરતા હતા તે જ હવેલીમાં ઊતર્યા અને સામગ્રી જે લેવી હતી તેનું ગાડું ભરાવી દીધું. તે પછી રાત્રિ પ્રહર એક ગઈ ત્યારે એ વેશ્યા સમાજ સહિત આવીને નૃત્યગાન કર્યું. તેથી કૃષ્ણદાસ બહુ પ્રસન્ન થયા. પછી એ વેશ્યાને રૂપિયા ૧૦૦) સો આપ્યા, અને એ વેશ્યાને કહે કે તારું ગાન નૃત્ય બધુ સારું છે. સવારે અમો શ્રીગોવર્ધન જઈશું, અમારો શેઠ તો ત્યાં છે, જો તારું મન હોય તો તું ચાલજે. ત્યારે એ વેશ્યાએ કહ્યું કે અમારે તો આજ જોઈએ, પછી એ વેશ્યા પોતાના મનમાં બહુ પ્રસન્ન થઈ કે આમણે આટલા રૂપિયા આપ્યા. તો શેઠ ન જાણે શું આપશે, ત્યારે પછી એ વેશ્યાએ ઘરે આવીને પોતાની ગાડી તૈયાર કરાવી. ગાવાનો સાજ બધો સુંદર બનાવી ગાડી ઉપર મૂકી દીધો પછી સવાર થઈ કૃષ્ણદાસની પાસે આવી, અને કૃષ્ણદાસ એ વેશ્યાને સાથે લઈને ચાલ્યા. તે મથુરા આવીને રહ્યા. બીજા દિવસે મથુરાથી ચાલ્યા. તે મધ્યાહ્ન સમયે ગોપાલપુર આવ્યા. પછી એ વેશ્યાને ન્હવડાવીને નવીન વસ્ત્ર પહેરવાને આપ્યું. એ તેણે પહેર્યું. ત્યારે કૃષ્ણદાસે મનમાં વિચાર્યું કે આ ખ્યાલ-ટપ્પા ગાશે ને શ્રીગોવર્ધનધર સાંભળશે તેથી હું એને એક પદ શિખવાડું. ત્યારે કૃષ્ણદાસે તે

વેશ્યાને પદ શિખવાડ્યું અને કહ્યું કે તું પૂર્વી રાગમાં ગાજે. તે પદ-

રાગ પૂર્વી : મેરો મન ગિરિધર છબી પર અટક્યો ॥ લલિત ત્રિભંગી અંગ ઉપર ચલિ ગયો તહાં હી ઠકિયો. ॥૧॥ સજલ શ્યામઘલ નીલ બરન હે, ફિરિ ચિત અનતન ભટ્કયો । કૃષ્ણદાસ કિયો, પ્રાન ન્યોછાવરિ યહ તન જગ સિર પટક્યો. ॥૨॥

એ પદ કૃષ્ણદાસે એ વેશ્યાને શિખવાડ્યું, પછી ઉત્થાપનનાં દર્શન થઈ ચૂક્યાં એટલે ભોગના દર્શનના સમયે એ વેશ્યાને સમાજ સહિત કૃષ્ણદાસ પર્વત ઉપર લઈ ગયા.

ભાવપ્રકાશ : ભોગના સમયે એથી લઈ ગયા કે ઉત્થાપનના સમયે નિકુંજમાંથી જાગી શ્રીઠાકુરજી પધારે છે. તેથી ઉત્થાપનનો ભોગ વહેલો આવવો જોઈએ. અને ભોગનાં દર્શન એટલે વ્રજના માર્ગમાં પધારે છે. ત્યારે અનેક ભક્તોને અંગીકાર કરે છે. અને આનો પણ અંગીકાર કરવો છે જેથી ભોગના સમયે કૃષ્ણદાસ વેશ્યાને પર્વત ઉપર લઈ ગયા.

પછી ભોગનાં કમાડ ખૂલ્યાં, ત્યારે એ વેશ્યાએ પહેલાં નૃત્ય કર્યું. તે પછી ગાન કરવા કૃષ્ણદાસે પદ કરીને શિખવાડ્યું હતું તે ગાયું. તે ગાત ગાતા છેલ્લી તુક આવી કે 'કૃષ્ણદાસ કિયો પ્રાન ન્યોછાવરી, યહ તન શિર પ્રકટ્યો' એ પદનું ગાન કરતાં જ તે વેશ્યાની દેહ છૂટી ગઈ. તે દિવ્ય દેહથી લીલામાં પ્રાપ્ત થઈ ત્યારે બધા સમાજી તથા તે વેશ્યાની માતા રોવા લાગી કે અમે આનાથી કમાઈ ખાતા હતા. હવે અમે શું કરીશું ? ત્યારે કૃષ્ણદાસે એમને નીચે લઈ જઈને કહ્યું કે હવે તો થયું તે થયું. એની એટલી જ આયુષ્ય હતી એ વાતને કોઈ શું કરે ? હવે તમે કહો તે તમને આપું. ત્યારે તેણે કહ્યું કે હજાર રૂપિયા આપો.. જેથી થોડાક દિવસ ખાઈએ પછી જે થવા કાળ હશે તે થશે. ત્યારે કૃષ્ણદાસે હજાર રૂપિયા દઈને તે બધાને વિદાય કર્યા. એ પ્રકારે એ વેશ્યાની છોકરીને શ્રીગોવર્ધનનાથજીએ પોતે કૃષ્ણદાસની કાનીથી અંગીકાર કરી.

ભાવપ્રકાશ : ત્યાં એ સંદેહ થાય કે શ્રીઆચાર્યજીના સંબંધ વિના આને લીલાની પ્રાપ્તિ કેમ થઈ ? ત્યાં કહીએ છીએ જે કૃષ્ણદાસના હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજે છે. કૃષ્ણદાસે જે પદ વેશ્યાની છોકરીને શિખવાડ્યું તે માત્ર છે. પરંતુ એ પદ દ્વારા શ્રીઆચાર્યજીનો સંબંધ કરાવ્યો, તેથી એ પહેલી તુકમાં કહે કે 'મેરો મન ગિરિધર છબી પર અટક્યો ! સઘળો ધર્મ, મન લગાડીને કરવાની રીત કરી છે. જીવે પોતાની બત્તા માની સ્ત્રી, પુત્ર દેહમાં મન લગાડ્યું છેતેથી સમર્પણ કરાવે છે કે ત્યાં કોઈ કહે છે કે જીવ તો બધું દઈ ચૂક્યો છે. એટલે કે પોતાની સત્તા છોડીને પ્રભુની સત્તા છે, તેથી મને તો શ્રીકૃષ્ણ જ ગતિ છે. તેથી આ પદમાં કહ્યું કે મારું મન બધું છોડીને શ્રીગોવર્ધનની છબી ઉપર અટક્યું છે. એ પ્રકારે કૃષ્ણદાસ દ્વારા શ્રી આચાર્યજીએ પોતે સંબંધ કરાવ્યો. એમ જાણવું તો પણ સંદેહ થાય કે ગુરુ વિના લીલામાં કઈ રીતે પ્રાપ્તિ થઈ ? અલીખાનને પ્રભુએ દર્શન દીધાં પછી અલીખાનને અલીખાનની બેટીને સેવક થવાનું કહ્યું. તેમને સેવક કરાવ્યા અહીં સેવક ન કરાવી એ સંદેહ થાય, કેમ કે બ્રહ્મસંબંધમાં શ્રીગોવર્ધનધરની પણ એ જ આજ્ઞા છે. કે જેને તમે બ્રહ્મસંબંધ કરાવશો તેનો હું અંગીકાર કરીશ. અને આને શ્રીઆચાર્યજી મહાપ્રભુ અગર શ્રીગુસાંઈજી દ્વારા બ્રહ્મસંબંધ ન થયું અને લીલામાં પ્રાપ્તિ કેમ થઈ ? ઉદ્ધાર થાય, પરંતુ લીલાની પ્રાપ્તિ દુર્લભ છે. બ્રહ્મસંબંધનું દાન કરવાને માટે જ શ્રીઆચાર્યજીના કુલનો વિસ્તાર થયો છે. કેમ કે સેવકોને શ્રીઆચાર્યજીએ નામ સંભળાવવાની આજ્ઞા આપી પરંતુ બ્રહ્મસંબંધની

ાીં. તેથી બ્રહ્મસંબંધનું દાન વલ્લભકુલથી જ થાય બીજાથી ફલિત નથી. એ સંદેહ થાય ત્યાં કહીએ છીએ વેશ્યાની છોકરી દેહ છોડીને લીલામાં ગઈ. ત્યાં લીલામાં લલિતાજી અને સ્વામીનીજી સદા બિરાજે છે. કૃષ્ણદાસજી લીલામાં લલિતારૂપ થઈને વેશ્યાને જગતમાંથી કાઢીને લીલામાં મોકલી, લીલામા લેતાજીએ શ્રીસ્વામિનીજી દ્વારા બ્રહ્મસંબંધ કરાવી પોતાની સેવામાં રાખી, કેમ કે તે લલિતાજીની સખી એ પ્રકારે બ્રહ્મસંબંધ થયું. જેમ મથુરામાં નાગરની બેટીને લીલામા બ્રહ્મસંબંધ શ્રીગુસાંઈજીએ કરાવ્યું. ભાવ જાણવો.

એ કૃષ્ણદાસ એવા ભગવદીય હતા.. જેણે વેશ્યાનો અંગીકાર કરાવ્યો.

વાર્તાપ્રસંગ ૬ : વળી એક સમયે બધા વૈષ્ણવો મળીને કુંભનદાસજીની પાસે આવ્યા ત્યારે એમને તિથી બેસાડીને પૂછ્યું કે આ જ મહાન કૃપા કરી, કંઈક આજ્ઞા કરો. ત્યારે વૈષ્ણવોએ કહ્યું કે તમારી સેથી કંઈ માર્ગની રીતિ સાંભળવાને આવ્યા છીએ ત્યારે કુંભનદાસજીએ કહ્યું કે માર્ગની રીતિમાં તો ણદાસ અધિકારી નિપુર્ણ છે. તેથી એમને પૂછો. ત્યારે એ વૈષ્ણવોએ કહ્યું કે અમારી સાથે ચાલો. તમારા ફથી અમે પૂછીશું. ત્યારે બધા બધા વૈષ્ણવો કુંભનદાસની સાથે કૃષ્ણદાસ પાસે ગયા.

ભાવપ્રકાશ : કુંભનદાસજીએ એથી ના કહી કે કુંભનદાસનું મન રહસ્ય લીલામાં મગન છે. તેથી જાણીએ કે પ્રેમમાં કઈ વસ્તુ નીકળી જાય ? અને કીર્તનમાં (તો) ગૂઢ રીતિથી લીલાનું વર્ણન કરેલું છે. ી જેવો જેનો અધિકાર છે. તેને કેવો કીર્તનમાં દેખાય છે. એને વૈષ્ણવોએ કહેવું પડે તે તો ખોલીને મજાવવું પડે, તેથી કુંભનદાસ કૃષ્ણદાસની પાસે બધા વૈષ્ણવોને લઈને આવ્યા.

ત્યારે બધા વૈષ્ણવોને જોઈને કૃષ્ણદાસ બહુ પ્રસન્ન થયા અને બધાને આદર કરીને બેસાડ્યા. તે મયે કૃષ્ણદાસે આ કીર્તન ગાયું. એ પદ-

રાગ સારંગ : ગિરધર જબ અપુનો કરી જાને ॥ આવે મન ભક્તનકી સે ભક્ત ચરનરજ સદા માને ॥૧॥ ભક્તનમેં મતિ ભક્તનમેં ગતિ હરિજન હરિ એક કરી માને ॥ કૃષ્ણદાસ મન, વચ, કર્મ ી, હરિજન સંગ હરિ ઉર આને ॥૨॥

એ પદ કૃષ્ણદાસે ગાયું. પછી કૃષ્ણદાસે પૂછ્યું કે આજ મારા ઉપર બધા ભગવદીયોએ કૃપા કરી, રી પાસે પધાર્યા. તેથી હવે પ્રસન્ન થઈને જે આજ્ઞા કરો તે હું કરું. ત્યારે કુંભનદાસજીએ કહ્યું કે બધા ણવોનું મન પુષ્ટિમાર્ગની રીતિ સાંભળવાનું છે. તેથી શું કહીએ ? શું સ્મરણ કરીએ ? જેનાથી આવા ષ્ટિમાર્ગનો અનુભવ થાય ? કૃપા કરીને સંભળાવો. ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે કુંભનદાસજી ! તમે બધી રીતે ગ્ય છો. શ્રીઆચાર્યજીના કૃપાપાત્ર ભગવદીય છો. તેથી જે તમે કહો તે ઉચિત છે. તમે મોટા છો તમારી ાગળ શું કહું ? તમારાથી કંઈ છાનું નથી. ત્યારે કુંભનદાસજી કૃષ્ણદાસને કહે કે તમે કહો. અમારી જ્ઞા છે. બધા સેવકોમાં તમે મુખ્ય છો. સેવકોનું કાર્ય તમારે હાથ છે. આ પુષ્ટિમાર્ગના અધિકારી તમે . તેથી તમે કહો, ત્યારે કૃષ્ણદાસે પહેલાં અષ્ટાક્ષરનો ભાવ કીર્તનમાં કહ્યો, તે પદ-

રાગ સારંગ : કૃષ્ણ શ્રીકૃષ્ણ શરણં મમ ઉચ્ચરે રેન દીન નિત્ય પ્રતિ સદા પલ છિન ઘડી, કરંત ધ્વંસ જન અખિલ અઘ પરિહરે ॥૧॥ હોત હરિરૂપ વ્રજભુપ ભાવે સદા, અગમભવ સિંધુકો બિના સાધન

તરે ॥ રહત નિસિદિવસ આનંદ ઉરમેં ભરે પુષ્ટિ લીલા સકલ સાર ઉરમેં ધરે ॥૨॥ રમા અજ સિવ સેષ સનકાદિશુક સારદા, વ્યાસ નારદ રટે પલક મુખ ના ટરે ॥ લાલ ગિરિધરનકી મહિમા અતુલ જગમગે, સરન 'કૃષ્ણદાસ' નિગમ નેતિ નેસી કરે ॥૩॥

આ અષ્ટાક્ષરનો ભાવ કહીને હવે પંચાક્ષરનો ભાવ કીર્તનમાં ગાયો. તે પદ-

રાગ સારંગ : કૃષ્ણ યે કૃષ્ણ મન માંહીગતિ જાનીએ ॥ દેહ ઇન્દ્રિય પાન દારા ગરાદિ વિત્ત, આત્મા સકલ શ્રીકૃષ્ણકી નાનીએ ॥૧॥ કૃષ્ણ મમ સ્વામી હો દાસ મન વચ કર્મ કર્તા યેહી સદા જિય આનીએ ॥ 'કૃષ્ણદાસનિનાથ' હરિદાસ વર્યધર ચરનરજ વલ્લભાધીશ મન સાનીએ ॥૨॥

આ બે કીર્તન કૃષ્ણદાસે ગાઈ સંભળાવ્યા. ત્યારે બધા વૈષ્ણવો પ્રસન્ન થઈને કહે કે કૃષ્ણદાસ ! તમે ધન્ય છો. બે કીર્તનમાં સંદેહ દૂર કર્યો. અને માર્ગનો બધો સિદ્ધાંત બતાવ્યો. તે પછી કૃષ્ણદાસથી વિદાય થઈને બધા વૈષ્ણવો પોતને ઘરે ગયા. એ કૃષ્ણદાસ શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા.

વાર્તાપ્રસંગ ૭ : વળી કૃષ્ણદાસને ગંગાબાઈ ક્ષત્રાણી સાથે બહુ સ્નેહ હતો.

ભાવપ્રકાશ : કેમ કે લીલામા શ્રૃતિરૂપામાં તામસી ભક્ત છે તે મથુરામાં એક સ્ત્રીને ઘરે જન્મી. પછી ૧૧ વર્ષની થઈ ત્યારે ગંગાબાઈનું મથુરામાં એક ક્ષત્રીના બેટા સાથે લગ્ન થયું. પણ ગંગાબાઈ ક્ષત્રાણીને જે પુત્ર થાય તે મરી જાય. એમ નવ પુત્ર થયા. તે પછી એક પુત્રી થઈ, એ પુત્રીનો વિવાહ ગંગાબાઈ ક્ષત્રાણીએ કર્યો. તે ગંગાબાઈની પુત્રીને ઘરેણું ઘણું હતું. તે પુત્રી મરી ગઈ. ત્યારે પુત્રીનું ઘરેણું લાખ રૂપિયાનું તેણે સંતાડી રાખ્યું. થોડું મથુરાના હાકેમને દઈને ઘરેણું બધું રાખ્યું. તે પછી વર્ષ ૫૫ની થઈ. ત્યારે ગંગાબાઈ ઝઘડાને લીધે શ્રીનાથજી દ્વાર આવીને રહી. ત્યારે કૃષ્ણદાસને મળીને શ્રીઆચાર્યજીને શરણે થવાનું કહ્યું. ત્યારે કૃષ્ણદાસે શ્રીઆચાર્યજીને વિનંતી કરી કે મહારાજ ! ગંગાબાઈ ક્ષત્રાણીને શરણે લો. ત્યારે શ્રીઆચાર્યજી પોતે કહે છે કે જીવ દેવી છે. પરંતુ હજુ મન શ્રીઠાકુરજીમાં નથી. ત્યારે કૃષ્ણદાસે વિનંતી કરી કે મહારાજ ! આપની કૃપાથી શ્રીગોવર્ધનનાથજી કૃપા કરશે પછી શ્રીઆચાર્યજીએ પોતે કૃષ્ણદાસના આગ્રહથી ગંગાબાઈને નામ નિવેદન કરાવ્યું. તે કૃષ્ણદાસ પહેલા શ્રીગોવર્ધનનાથજીના ભેટીયા થઈને પરદેશમાં જતા ત્યારે ગંગાબાઈ ક્ષત્રાણી મથુરામાં આવતી હતી. પછી કૃષ્ણદાસ શ્રીનાથજીદ્વાર આવતા ત્યારે ગંગા ક્ષત્રાણી પણ મથુરાથી બધી વસ્તુ લઈને શ્રીનાથજી દમવાર આવતી. ગંગાબાઈનું મન ભગવદ્ધર્મમાં લગાડવાને માટે કૃષ્ણદાસ બંને સમયનો મહાપ્રસાદ શ્રીનાથજીનો એના ઘેર મોકલતા. કેમ જે ગંગાબાઈની ખાનપાનમાં પ્રીતિ ઘણી હતી. તેથી કૃષ્ણદાસ બહુ જ સુંદર સામગ્રી શ્રીનાથજીને આરોગાવતા અને ગંગાબાઈને મોકલતા, અને ભગ[illegible]ર્મ એને સમજાવતા, પછી કૃષ્ણદાસ ગંગાબાઈને શ્રીનાથજીના બધા દર્શન કરાવતા. તે કૃષ્ણદાસના સંગથા ક્ષત્રાણીનું મન અલૌકિક થયું.

એક દિવસ શ્રીગુસાંઈજીએ પોતે શ્રીગોવર્ધનજીને રાજભોગ સમર્પતા હતા. તે સામગ્રી ઉપર ગંગાબાઈની દૃષ્ટિ પડી. ત્યારે શ્રીગોવર્ધનનાથજી પોતે રાજભોગ આરોગ્યા નહીં. તે પછી શ્રીગુસાંઈજીએ પોતે ભોગ સરાવ્યો. રાજભોગ આરતિ કરી. અનોસર કરી પોતે પર્વતથી નીચે પધાર્યા. પછી સેવક ભીતરીયાએ મહાપ્રસાદ લીધો અને શ્રીગુસાંઈજી પોતે પણ મહાપ્રસાદ લઈને પોઢ્યા. તે પછી શ્રીગોવર્ધનનાથજીએ આવીને રામદાસ ભીતરિયાને લાત મારીને જગાડ્યા, ત્યારે જાગ્યા. જુએ છે તો

ોવર્ધનનાથજી છે. એટલે રામદાસજી દંડવત કરીને હાથ જોડીને ઊભા રહ્યા. ત્યારે શ્રીગોવર્ધનનાથજી રામદાસને કહે કે હું તે ભૂખ્યો છું. પછી રામદાસે શ્રીગોવર્ધનનાથજીને વિનંતી કરી કે મહારાજ ! ુસાંઈજીએ રાજભોગ સમર્પ્યો હતો. અને તમે ભૂખ્યા કેમ રહ્યા ? ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે ભોગમાં તો સામગ્રી ઉપર ગંગાબાઈની દૃષ્ટિ પડી તેથી હું આરોગ્યો નથી. ત્યારે રામદાસ તરીયાએ શ્રીગુસાંઈજીની પાસે જઈને ચરણાવિંદથી દાબીને (આપને) જગાડ્યા અને વિનંતી કરી કે ારાજ ! શ્રીગોવર્ધનનાથજી આપ ભૂખ્યા છે. રાજભોગમાં ગંગાબાઈની દૃષ્ટિ પડી છે તેથી ોવર્ધનનાથજી પોતે રાજભોગ આરોગ્યા નથી એ સાંભળતાં જ શ્રીગુસાંઈજી પોતે તત્કાલ ઊઠીને ન કરીને શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં પધાર્યા. પછી રામદાસજી ન્હાઈને આવ્યા. એટલામાં બધા તરીયા પણ સ્નાન કરીને આવ્યા, ત્યારે શ્રીગુસાંઈજી પોતે શીતકાલ જાણીને બધા ભીતરીયાઓને કહે ડી અને બાત કરો જલદી સિદ્ધ થઈ જશે, તેથી તૈયાર કરો. ત્યારે ભીતરીયાઓએ વડી અને ભાત . તે શ્રીગુસાંઈજી પોતે શ્રીગોવર્ધનનાથજીને ભોગ ધર્યો. તે પછી રાજભોગની બધી સામગ્રી સિદ્ધ થઈ સેનભોગની પણ બધી સામગ્રી સિદ્ધ થઈ તેથી રાજભોગ-સેનભોગ બન્ને ભોગ સંગે જ ુસાંઈજીએ ધર્યા. પછી સમય થયે ભોગ સરાવ્યો. ત્યાર પછી શ્રીગોવર્ધનનાથજીને પોઢાવીને અનોસર વીને આપ બહાર પધાર્યા. ત્યારે એક ડબરાની વડી-ભાત શ્રીગુસાંઈજી પોતાના શ્રીહસ્તમાં લઈને તથી નીચે ઊતર્યા. બધા સેવકોએ વડી-ભાત રંચરંચ આપ્યો અને રંચક શ્રીગુસાંઈજી પોતે આરોગ્યા. -ભાતમાં બહુ જ સ્વાદ થયો. તેને શ્રીગુસાંઈજીએ પોતે શ્રીમુખથી બહુ વખાણ્યો. પછી રામદાસ આદિ સેવકોએ શ્રીગુસાંઈજીને કહ્યું કે મહારાજ ! આ સામગ્રી તો શીતકાલમાં કેટલીય વાર કરી છે પરંતુ જ બહુ સ્વાદ થયો. શ્રીગુસાંઈજી પોતે કહે કે શ્રીગોવર્ધનનાથજી આપ ભૂખ્યા હતા. તે કૃષ્ણદાસે કહ્યું મહારાજ ! આપ જ કરવાવાળા અને આપ જ આરોગવાવાળા. સ્વાદ કેમ ન થાય ? ત્યારે ુસાંઈજીએ પોતે તે સમયે શ્રીમુખથી કહ્યું કે એ અમારા જ કર્યા ભોગ ભોગવીએ છીએ.

ભાવપ્રકાશ : ત્યાં આ સંદેહ થાય કે શ્રીગોવર્ધનનાથજી આરોગ્યા નહીં તો શ્રીગુસાંઈજી પોતે ારે સરાવીને આચમન મુખ વસ્ત્ર કરાવ્યું. અને શ્રીગોવર્ધનધરને બીડી આરોગાવી. ત્યારે આપ ભૂખ્યા તે શ્રીગુસાંઈજીએ ન જાણ્યું, અને બીડી આરોગતાં શ્રીગોવર્ધનધરે શ્રીગુસાંઈજીને પણ ન કહ્યું કે હું જભોગ નથી આરોગ્ય. તેનું કારણ શું ? રામદાસ ભીતરીયાને કેમ કહ્યું ? એ સંદેહ થાય ત્યાં કહીએ એ કે એ દિવસે શ્રીગોકુલમાં શ્રીનવનીતપ્રિયાજીને ત્યાં શ્રીગિરિરાજજીએ વડી-ભાત કરાવ્યો હતો અને શોભાબેટીજીએ કર્યો હતો ત્યારે શ્રીગિરિવરજી અને શ્રીશોભાબેટીજીનાં મનમાં આવ્યું કે શ્રીગોવર્ધનધર તે પધારે અને નૌનત સામગ્રી આરોગે, તેથી ત્યાં બીજા સ્વરૂપે (ભક્તોદ્ધારક રૂપે) શ્રીગિરિરાજજી ારીને શ્રીગોવર્ધનધર વડી-ભાત આરોગ્યા, અને શ્રીગિરિધરજી, શ્રીશોભાબેટીજીનોતો મનોરથ હતો ી ભક્તોને અનુભવ કરાવે છે. તે સ્વરૂપે આરોગી પછી શ્રીગિરિરાજ પર્વતના ઉપર પધાર્યા. ત્યાં િરિરાજ ઉપર બધા સેવકો મહાપ્રસાદ લઈ ચૂક્યા હતા અને શ્રીગુસાંઈજી પોતે પોઢ્યા હતા. તે સમયે દિરમાં શ્રીસ્વામિનીજીએ પૂછ્યું કે કહો ! ક્યાં જઈ આવ્યા છો ? ત્યારે શ્રીગોવર્ધનધર કહે કે વડી- તનો શ્રીગોકુલમાં શ્રીગિરિધરજી, શ્રીશોભાબેટીજીનો મનોરથ હતો તે આરોગીને આવ્યો છું. એ ભળીને શ્રીસ્વામિનીજીએ પણ વડી-ભાત આરોગવાનો મનોરથ કર્યો. જે વડી-ભાત આરોગીએ તો

સારું. પણ અહીં તો રાજભોગ થઈ ચૂક્યા છે. ત્યારે શ્રીસ્વામિનીજીએ શ્રીનાથજીને કહ્યું કે જઈને રામદાસને કહે કે સામગ્રી ઉપર ગંગાબાઈ ક્ષત્રાણીની દૃષ્ટિ પડી છે. કેમ કે લીલા સૃષ્ટિનાં વચન પણ સિદ્ધ કરવા છે. શ્રીગુસાંઈજીને છ મહિનાનો વિપ્રયોગ છે.

તે એ માટે કે લીલામાં એક સમય શ્રીઠાકુરજીએ લલિતાજીને કહ્યું કે હું તારી નિકુંજમાં પધારીશ. એ વાત ચંદ્રાવલીજીએ સાંભળી તેથી ચંદ્રાવલીજીએ સેવા દ્વારા વિવિધ ચતુરાઈ કરી, શ્રીઠાકુરજીને લલિતાજીને ત્યાં છ મહિના સુધી પધારતાં રોક્યા, તેથી લલિતાજી વિરહ કરીને મહા કૃશ થઈ ગઈ. પછી એ વાત શ્રીસ્વામિનીજીએ જ્યારે જાણી ત્યારે શ્રીસ્વામિનીજી લલિતાજીને સંગે લઈને શ્રીઠાકુરજીની પાસે તે જ સમયે આવ્યાં, અને શ્રીઠાકુરજીને કહ્યું કે તમે છ મહિના સુધી મારી સખીને વિરહ આપ્યો તેથી હવે છ મહિના સુધી લલિતા સખીના વશમાં રહેશો, અને જેણે મારી સખીને દુઃખ દીધું છે. તે છ મહિના સુધી દુઃખ પામો. અને એને તમારા દર્શન ન થાય. એ વાત સાંભળીને શ્રીઠાકુરજી આપ ચૂપ થઈ રહ્યા. એ વાત એક સખીએ શ્રીચંદ્રાવલીજીને કહી. એ સાંભળીને શ્રીચંદ્રાવલીજી કહે, શ્રીસ્વામિનીજી ! શ્રીઠાકુરજી તો મોટા છે, તેથી એમને કંઈ કહી શકાય નહીં. પરંતુ લલિતા સખી થઈ આવું ખોટું કામ કર્યું ? શ્રીસ્વામિનીજીની સખી તે મારી સખી બરાબર છે. એણે મને શાપ દેવડાવ્યો કે છ માસ સુધી મને પ્રભુના દર્શન નહીં તેથી એ લલિતાએ શ્રીસ્વામીજીનો દ્રોહ કર્યો છે. કેમ કે શ્રીઠાકુરજીથી શ્રીસ્વામિનીજી પ્રકટ્યા છે. અને શ્રીસ્વામિનીજીના મુખચંદ્રથી શ્રીચંદ્રાવલી પ્રકટી છે. શ્રીચંદ્રાવલીજીથી બધી સ્વામીની સખી પ્રકટી છે તેથી શ્રીઠાકુરજીના દક્ષિણ ભાગમાં શ્રીચંદ્રાવલીજી બિરાજે છે. તે એથી કે બધી સખીઓની સ્વામીની રૂપ ચંદ્રાવલીજી બધામાં શ્રેષ્ઠ છે. તેથી શ્રીચંદ્રાવલીજીએ કહ્યું કે લલિતાએ સ્વામીને દ્રોહ કર્યો છે. તેથી આ લલિતાનું અકાલ મૃત્યુ થાવ અને પ્રેમયોનિને સામો શ્રીઠાકુરજી શ્રીસ્વામિનીજી પણ તેની રક્ષા ન કરી શકે અને કોઈથી પ્રેતયોનિ નિવૃત્ત ન થાય. મને શાપ અપાવડાવ્યો તેનું આ ફલ ભોગવો.

આ વાત કોઈ સખીએ લલિતાજીને કહી. એ સાંભળતાં લલિતા મહાકંપાયમાન થઈને તત્કાલ દોડીને શ્રીસ્વામિનીજીના ચરણોમાં આવીને પડી. પછી પોતાની બધી વાત કહી. ત્યારે શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકુરજીને બોલાવીને કહ્યું કે લલિતાજી આપણા હાથથી ગઈ. તેથી હવે કંઈ ઉપાય કરો. પછી શ્રીઠાકુરજી શ્રીસ્વામિનીજીને સાથે લઈને લલિતાજી સમાજ સહિત શ્રીચંદ્રાવલીને ત્યાં પધાર્યા. ત્યારે શ્રીચંદ્રાવલીજીએ તત્કાલ ઊઠીને શ્રીઠાકુરજીને શ્રીસ્વામિનીજીને નમસ્કાર કરીને ઊંચે આસને પધરાવ્યા. પછી પરમ પ્રીતિથી બંને સ્વરૂપોની પૂજા કરીને સુંદર સામગ્રી આરોગાવી. તે પછી બીડી આરોગાવી, શ્રીચંદ્રાવલીજી હાથ જોડીને ઊભા રહી ત્યારે બંને સ્વરૂપે પ્રસન્ન થઈને શ્રીચંદ્રાવલીજીને હાથ પકડીને પાસો બેસાડી. તે પછી શ્રીસ્વામિનીજી કહે, સુનો શ્રીચંદ્રાવલીજી ! તમારી પ્રીતિ તો મહાઅલૌકિક છે. અમારા તમારામાં કંઈ ભેદ નથી. અને આ લલિતા મારી સખી છે. તે તમારી પણ છે. તેથી હવે એને શાપ થયો તેનો છુટકારો કરો. ત્યારે શ્રીચંદ્રાવલીજી કહે, લલિતા આપણી છે, જે કંઈ થયું છે તે જગત ઉપર લીલા કરવાને અર્થે થયું છે. આ લલિતા પ્રેત થશે તેનો હું જ ઉદ્ધાર કરીશ એ મારું નિશ્ચય વચન છે. ત્યારે લલિતાએ શ્રીચંદ્રાવલીજીના ચરણોમાં પડીને કહ્યું કે મેં તમારો અપરાધ કર્યો તેનું ફલ પામી છું, ત્યારે શ્રીસ્વામિનીજીએ કહ્યું કે, આ બધો પરિકર કલિયુગમાં શ્રીગિરિરાજજી ઉપર લીલા કરવી છે. ત્યાં પ્રકટ થશે. શ્રીસ્વામિનીજીનાં આ વચન સાંભળીને શ્રીઠાકુરજી, શ્રીચંદ્રાવલીજી, લલિતા આદિ પ્રસન્ન

થયા. તેથી લીલાસૃષ્ટિમાં અલૌકિક સ્નેહ છે. અને અલૌકિક શાપ અને અલૌકિક જ ઈર્ષા છે. માયાકૃત નથી. ભૂમિ ઉપર યશ કરવાને અર્થે છે. ઈર્ષા શાપ જો મિષ માત્ર છે. ભૂમિના જીવ લીલાગાન કરી પ્રભુને મેળવે એ જ હેતુ છે. તેથી જો લૌકિક ઈર્ષા શાપ કોઈ જાણે તેનું ખોટું થાય અને અપરાધી થાય, માટે લીલાસૃષ્ટિમાં બધી અલૌકિક ક્રિયા છે તેમ જાણવું.

એ પ્રકારે શ્રીઠાકુરજી શ્રીસ્વામિનીજીની ઈચ્છાથી શ્રીગોવર્ધન ગિરિરાજમાં પ્રકટ થયા અને શ્રીસ્વામિનીજીની રૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુએ શ્રીગોવર્ધમધરને પ્રકટ કર્યા. લીલામા શ્રીચંદ્રાવલીજીથી ચંદ્રાવલીજીનું પ્રાગટ્ય, તે જ રીતે અહીં શ્રીઆચાર્યજીથી શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય અને લલિતા તે કૃષ્ણદાસ અધિકારી થયા. વળી શ્રીગોવર્ધનધરના અનેક સ્વરૂપ છે, પરંતુ બે જ રૂપ સદા રહે છે. તેમાં એક તો શ્રીઆચાર્યજી મહાપ્રભુએ ગિરિરાજમાં પધરાવ્યા. તે બિરાજમાન છે. અને એક સ્વરૂપ ભક્તોદ્ધારક સ્વરૂપથી ભક્તોને સુખ આપે છે. જે સ્વરૂપે કુંભનદાસ, ગોવિંદસ્વામીના સંગે રમત. જ્યાં જ્યાં ભગવદીય છે. અનુભવ કરાવે છે. તેથી જે સમયે શ્રીગુસાંઈજી ભોગ સમર્પતા હતા અને ગંગાબાઈ ક્ષત્રાણીની દૃષ્ટિ પડી તે સમયે શ્રીગુસાંઈજીએ રાજભોગ ધર્યો. તે આરોગ્યો તો હતો જ કેમ જે શ્રીગોવર્ધનધર આરોગે નહીં તો અસમર્પિત ખાઈને બધા સેવકો ભ્રષ્ટ થઈ જાય. તેથી શ્રીઆચાર્યજીએ મંદિરમાં પધરાવ્યા તે સ્વરૂપે આરોગ્યા. અને શ્રીસ્વામિનીજીએ શ્રી ગોવર્ધનધરને કહ્યું કે શ્રીગુસાંઈજીને છ મહિનાનો વિયોગ થાય. તેથી ગંગાબાઈનું નામ લેજો. કૃષ્ણદાસની અને ગંગાબાઈની પ્રીતિ છે એટલે ગંગાબાઈને શ્રીગુસાંઈજી કહેશે અને કૃષ્ણદાસને મ્હેણું મારશે, ત્યારે કૃષ્ણદાસને ખોટું લાગશે કેમ કે આ કાર્ય કરવું છે જેથી કૃષ્ણદાસના મનમાં ખોટું લાગશે, ત્યારે શ્રીગુસાંઈજીને વિયોગ થાય તેથી તમે જઈને કહો કે હું ભૂખ્યો છું. તેથી શ્રીનાથજીએ રામદાસને જઈને કહ્યું, પરંતુ રામદાસ આ ભેદ જાણે નહીં, પછી રામદાસે શ્રીગુસાંઈજીને કહ્યું. ત્યારે શ્રીનાથજીએ મનમાં જાણ્યું કે સામગ્રી ઉપર ગંગાબાઈની દૃષ્ટિ પડી છે. હવે અમારાથી અને કૃષ્ણદાસથી લીલામાં વાત થઈ હતી તે પૂરી કરવાના શ્રીનાથજીની ઈચ્છા છે. તે રીતે જ થશે એમ જણાય છે. તેથી હવે જે સેવા બને તે પ્રીતિથી કરવી, કેમ કે સેવા હવે દુર્લભ છે. એમ વિચારીને આપ તત્કાલ ન્હાયા અને વડી-ભાત અહીં નહીં થયો હતો અને શ્રીગોકુલથી આરોગીને આવ્યા તેથી ગિરિરાજના ઠાકુરને ધરવો તેથી જલદી સિદ્ધ કરી ધર્યો. તે પછી સેનભોગની સાથે રાજભોગ ધર્યો. અને પછી સેન આરતી કરી, અનોસર કરી મનમાં વિચાર્યું કે હવે શ્રીગોવર્ધનનાથજીના દર્શન મહાપ્રસાદ બધું જ દુર્લભ થશે. પછી વડી-ભાતની ડબરો ઉઠાવી મૃતિકાના જ પાત્રમાં ઠલાવી પર્વતથી ઉતરી રંચક રંચક બધાને આપ્યો. અને પોતે પણ લીધો બહુ વખાણ્યો.

પછી કૃષ્ણદાસે ભગવદ્ઈચ્છાથી વ્યંગ વચન કહ્યું, જે આપ જ કરવાવાળા અને આપ જ આરોગવાવાળા તો કેમ સ્વાદ ન થાય ? એમાં એ જણાવ્યું કે અમને ન પૂછ્યું, તમે જ જઈ સામગ્રી કરી અને તમે જ જઈને આરોગ્યા, એવું સૌભાગ્ય તમારું છે. આ વ્યંગ કૃષ્ણદાસે કહ્યું, ત્યારે કૃષ્ણદાસજી પોતે કહે કે આ તમારો જ કર્યો ભોગ ભોગવીએ છીએ. એમ કહીને બંને વાત જણાવી કે ગંગાબાઈ શ્રત્રાણીથી પ્રીતિ કરી અને બેસાડી રાખી તેથી એની રાજભોગની સામગ્રી ઉપર દૃષ્ટિ પડી, તે પણ તમારું કામ છે. નહીં તો ગંગાબાઈ ત્યાં કેમ જાય ? અને તમે લીલામાં શ્રીસ્વામિનીજીને શાપ દેવડાવ્યો તે પણ તમારું કાર્ય છે. તે તમારા જ કર્યા ભોગવીએ છીએ. એમાં એ જણાવ્યું કે અમને ખબર પડી ગઈ છે કે હવે

તમારું ભાગ્ય ખૂલ્યું, તેથી તમે કરો તે થશે. મનમાં તો આવી ચૂક્યું છે, હવે ઉપરથી કરવું છે તે કરશો.'

આ વાત સાંભળીને કૃષ્ણદાસના મનમાં બહુ જ ખોટું લાગ્યું. ત્યારે કૃષ્ણદાસે મનમાં વિચાર્યું કે શ્રીગુસાંઈજીના દર્શન બંધ કરવા પરંતુ એ વાતનો કયા પ્રકારથી ઉપાય કરવો ? શ્રીગોપીનાથજી શ્રીગુસાંઈજીના મોટા ભાઈ તેમના પુત્ર શ્રીપુરુષોત્તમજી એ વખતે બિરાજતા હતા. તેમને કૃષ્ણદાસે મળીને કહ્યું કે તમે શ્રીઆચાર્યજીના મોટા પુત્ર જે શ્રી ગોપીનાથજી તેમના પુત્ર છો તેથી તમે કેમ ચૂપ બેસી રહ્યા છો ? શ્રીગોવર્ધનનાથજીનાં સેવા શૃંગાર બધું કરો. શ્રીગુસાંઈજીએ પોતાના હુકમ બધે કરી રાખ્યો છે. કીકેત તો તમે છો. ત્યારે શ્રીપુરુષોત્તમજીએ કહ્યું કે અમારી સામર્થ્ય નથી કે શ્રીગુસાંઈજીથી ભંગાડીએ ત્યારે કૃષ્ણદાસે કહ્યું અમારી સાથે ન્હાઈને ચાલો પર્વત ઉપર જઈને શ્રીનાથજીના સેવા શૃંગાર કરો. બીજું અમે બધું કરી લઈશું. પછી પુરુષોત્તમજી ઉત્થાપનથી બે ઘડી પહેલાં ન્હાયા. તે કૃષ્ણદાસની સાથે પર્વત ઉપર જઈને બેસી રહ્યા અને કૃષ્ણદાસ દંડવતી શિલા ઉપર જઈને બેસી રહ્યા. એટલામાં શ્રીગુસાંઈજી પોતે સ્નાન કરી દંડવતની શિલાની પાસે આવ્યા, ત્યારે કૃષ્ણદાસે શ્રીગુસાંઈજીને કહ્યું કે શ્રીપુરુષોત્તમજી ન્હાઈને ઉપર મંદિરે પધાર્યા છે. ટીકેત તો એ છે. જેથી જ્યારે એ આપને બોલાવે ત્યારે આપ પર્વત ઉપર આવજો. હમણાં આપ પર્વત ઉપર ન ચઢો. શ્રીગોવર્ધનધરનાં દર્શન નહીં થાય ત્યારે શ્રીગુસાંઈજી શ્રીનાથજીની ધ્વજાને દંડવત કરી, લીલાની વાતનું સ્મરણ કરીને પરાસોલી પધાર્યા અને ત્યાં રહીને વિપ્રયોગનો અનુભવ કરવા લાગ્યા.

ભાવપ્રકાશ : શ્રીગોકુલમાં શ્રીનવનીતપ્રિયાજીને ત્યાં પણ એથી ન પધાર્યા કે શ્રીસ્વામિનીજીનાં વચન છે કે અમને અને શ્રીઠાકુરજીને પણ વિપ્રયોગ થશે. તેથી શ્રીગોકુલ જઈએ તો કેમ જાણીએ થાય ? તેથી હવે છ મહિના સુધી શ્રીઠાકુરજીથી મિલાપ થવો દુર્લભ છે, તેથી પરાસોલીમાં બેસી રહ્યાં.

વળી શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં પરાસોલીની તરફ એક બારી હતી. તેના ઉપર આવીને શ્રીગોવર્ધનનાથજી શ્રીગુસાંઈજીને દર્શન દેતા. શ્રીગુસાંઈજી પોતે આખો દિવસ પરાસોલીની બારી તરફ જોતા કૃષ્ણદાસ મંદિરમાંથી નીચે જાય ત્યારે શ્રીગોવર્ધનનાથજી બારી ઉપર આવી બેસતા. પછી કૃષ્ણદાસ એક દિવસ આન્યોરમાં આવ્યા. ત્યારે તેમણે બારી ઉપર શ્રીગોવર્ધનનાથજીને બેઠેલા જોયા. ત્યારે કૃષ્ણદાસે પ્રાતઃકાલ મંદિરમાં આવીને બારી પુરાવી દીધી અને શ્રીગોવર્ધનનાથજીને કહ્યું કે મેં તો શ્રીગુસાંઈજીને દર્શનની મના કરી છે, તમે બારી ઉપર કેમ બેઠા ? હવે એ તરફ ન જતા કૃષ્ણદાસ પરાસોલીની તરફ શ્રીનાથજીને ખેલવા પણ ન જવા દેતા. પછી શ્રીગોવર્ધનધરને શ્રીગુસાંઈજી બેઠા બેઠા વિજ્ઞપ્તિ કરતા. રામદાસ મુખિયા (ભીતરીયા) જ્યારે શ્રીગુસાંઈજી પાસે રાજભોગ આરતિથી પહોંચી જતા ત્યારે આપને શ્રીનાથજીનું ચરણોદક દેતા. શ્રીગુસાંઈજી પોતે ફૂલની માલા કરી રાખતા તે માલાની અંદર વિજ્ઞપ્તિ શ્લોક લખી દેતા, તે રામદાસજી લઈ જતા પછી શ્રીગોવર્ધનનાથજીને માલા પહેરાવતા. ત્યારે માલામાંથી વિજ્ઞાપ્તિનો પત્ર કાઢીને શ્રીનાથજી વાંચતા, અને એનો પ્રતિ ઉત્તર શ્રીનાથજી બીડાના પાન ઉપર પોતાની પીકથી સળી વડે લખી દેતા, અને રામદાસ આપતા. રામદાસ જ્યારે બીજા દિવસે રાજભોગથી પહોંચીને જતા ત્યારે શ્રીનાથજીનો લખેલો પત્ર શ્રીગુસાંઈજીને આપતા. તે શ્રીગુસાંઈજી પોતે વાંચીને પછી જલમાં ઘોળીને પાન કરતા, તેથી શ્રીનાથજીએ જગમાં કરેલા શ્લોક જગતમાં પ્રકટ ન થયા. શ્રીગુસાંઈજીએ પોતે વિજ્ઞપ્તિ કરી તે શ્રીનાથજી પોતે વાંચીને રામદાસજીને આપતા. તેથી 'વિજ્ઞપ્તિ' પ્રકટ

ઈ છે, એક દિવસ શ્રીગુસાંઈજીને ઘણો વિરહ થયો. ત્યારે આ લખ્યું-

ત્વદ્દર્શન વિહીનસ્ય ત્વદીયસ્ય તું જીવિતમ્ ।
વ્યર્થમેવ યથા નાથ । દુર્ભગાયા નવં વય : ॥

એ શ્લોક લખીને મોકલ્યો, જે તમારા ભક્તો છે. તે તમારા નામે જીવે છે તે વૃથા જ જીવે છે, દુર્ભગાવત. શ્રીગોવર્ધનનાથજીએ આ વાંચીને લખ્યું કે મેઘનું લક્ષણ એ છે કે વર્ષાનો સમય થાય ત્યારે ર્ષા આવીને વરસે જ આ વાત બધું જગત જાણે છે. એમ જ હમણાં કૃષ્ણદાસનો સમય થઈ ચૂકશે ત્યારે લાપ થશે એ તમે પણ જાણો છો અને અમે પણ જાણીએ છીએ. તેથી ધીરજ ધરી સમય થવા દો. ાટલો વિરહ કેમ કરો છો ? અને એ પત્ર રામદાસજી લઈને આવ્યા ત્યારે શ્રીગુસાંઈજીએ વાંચીને પોતે ા લખ્યું જે-

અંભુદસ્ય સ્વભાવોયં સમયે વારિ મુંચિત ।
તથાપિ ચાતક : ખિન્નો રટયેત્વ ન સંશયઃ ॥

મેઘનો તો એ સ્વભાવ છે કે સમય થશે ત્યારે જ વરસશે (મેળાપ થશે) પરંતુ ચાતકે મેઘ સાથે ીતિ કરી છે એવા ભક્ત છે કે તે તેમને (મેઘરૂપ શ્રીકૃષ્ણને) રટે જ છે, તને ચેન નથી. તેથી આપ ચાહો યારે સમય થા, તમારા વિના ધીરજ અમને નથી. ભક્તોને એ જ ધર્મ છે જો ચાતકની માફક સદા તમારી ાહ કર્યા કરે. આ પ્રમાણે લખી મોકલ્યું. આ પ્રકારે રામદાસ નિત્ય આવતા શ્રીગુસાંઈજીની પાસે બધા ેવક આવતા તે કૃષ્ણદાસજીને જાણતા. પરંતુ સેવકો પાસે કંઈ ચાલતું નહીં રામદાસજીને રોક્યા પણ મરા કે તમે શ્રીગુસાંઈજીની પાસે પત્ર લઈ જાવ છો અને પત્ર લઈ આવો છો તે વાત ઠીક નથી. ત્યારે રામદાસજી કહે કે અમે તો નિત્ય શ્રીગુસાંઈજીના દર્શને જઈશું. ચાહે અમને સેવામાં રાખો, ચાહે ન રાખો, ત્યારે કૃષ્ણદાસ ચૂપ થઈ રહ્યા. કેમ કે એવા સેવક ફરી ક્યાં મળે ? તેથી કૃષ્ણદાસ કંઈ બોલ્યા નહીં. તે પ્રમાણે પોષ સુદ ૬ થી અષાઢ સુદ ૫ સુધી શ્રીગુસાંઈજીએ વિપ્રયોગ કર્યો. પછી અષાઢ સુદ ૫ આવી. તે દિવસે રાજા બીરબલ શ્રીગોકુલ આવ્યો. ત્યારે શ્રીગુસાંઈજી તો પરાસોલી હતા અને શ્રીગિરિધરજી ગોકુલમાં ઘરે હતા. ત્યાં બીરબલે શ્રીગિરિધરજીની પાસે આવીને દંડવત કરીને પૂછ્યું કે શ્રીગુસાંઈજી કયાં છે ? અમને દર્શન કર્યે ઘણા દિવસ થયા છે. અમે એમના દર્શન કર્યા નથી. ત્યારે શ્રીગિરિધરજી બીરબલને કહે કે શ્રીગુસાંઈજી તો પરાસોલીમાં બિરાજી રહ્યા છે. કૃષ્ણદાસ અધિકારીએ શ્રીગુસાંઈજીના દર્શન બંધ કર્યા છે તેથી શ્રીગુસાંઈજી છ મહિનાથી બહુ ખેદ કરે છે. ત્યારે બીરબલે કહ્યું હમણાં જ હું જઈને કૃષ્ણદાસને કાઢું છું એમ કહીને બીરબલ મથુરાજી આવ્યો. મથુરાની ફોજદારી બીરબલની હતી. મથુરાથી પાંચસો મનુષ્ય બીરબલે મોકલ્યા. અને બીરબલે એમને કહ્યું કે ગોવર્ધનમાં જઈને કૃષ્ણદાસને પકડી લાવો, ત્યારે મનુષ્યો મથુરાથી ગયા. તે સાંજના સમયે ગોવર્ધનમાં આવ્યા પછી કૃષ્ણદાસને પકડીને એ મનુષ્યો મથુરામાં લઈ આવ્યા. ત્યારે બીરબલે અર્ધી રાત્રે જ માણસને શ્રીગોકુલ મોકલીને કહ્યું કે કૃષ્ણદાસને પકડી બંદીખાનામાં મૂક્યા છે. આપ શ્રી ગુસાંઈજીને લઈને શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં જાવ. એ સમાચાર મનુષ્યોએ શ્રીગિરિધરજીને કહ્યા.

ત્યારે રાત્રિએ જ શ્રીગિરિધરજી ઘોડા ઉપર અસવાર થઈને પરાસોલીમાં પધાર્યા, અને પછી

ાતઃકાલે જ અષાડ સુદ ૬ આવી તેથી શ્રીગિરિધરજીએ જઈને શ્રીગુસાંઈજીને નમસ્કાર કરીને કહ્યું કે ાપ શ્રીગોવર્ધનધરના મંદિરમાં પધારો અને સેવા-શૃંગાર કરો. ત્યારે શ્રીગુસાંઈજી પોતે શ્રીગિરિધરજીને હે કે કૃષ્ણદાસની આજ્ઞા હોય તે ચાલીએ. ત્યારે શ્રીગુસાંઈજીએ શ્રીગિરિધરજીને કહ્યું કે કૃષ્ણદાસને તો થુરાના બંદીખાનામાં મૂક્યા છે. એ સાંભળીને શ્રીગુસાંઈજી પોતે કહે કે અરેરે ! શ્રીઆચાર્યજી હાપ્રભુના કૃપાપાત્ર સેવક ભગવદીય કૃષ્ણદાસને આટલું કષ્ટ અરેરે ! પછી શ્રીગુસાંઈજીએ ીગિરિધરજીને કહ્યું કે તમે બીરબલને કહ્યું હશે. ત્યારે ગિરિધરજીએ કહ્યું કે અમે તો સહજમાં બીરબલને હ્યું હતું. શ્રીગુસાંઈજીના દર્શન કૃષ્ણદાસે બંધ કર્યાં છે. એટલું જ કહ્યું હતું. બીજું તો કંઈ કહ્યું નથી. ત્યારે ીગુસાંઈજી આપ કહે કે કૃષ્ણદાસ આવશે ત્યારે જ ભોજન કરીશ. એટલું સાંભળતાં જ શ્રીગિરિધરજી ત્કાલ ઘોડા ઉપર અસવાર થઈને શ્રીમથુરાજી આવ્યા. અને બીરબલને જઈને શ્રીગિરિધરજીએ કહ્યું છે “કાકાજી તો ભોજન ક્યારે કરશે કે જયારે કૃષ્ણદાસ ત્યાં જશે. તેથી કૃષ્ણદાસને છોડી દો.” ત્યારે ીરબલે કૃષ્ણદાસને બંદીખાનામાંથી બોલાવીને કહ્યું કે જો શ્રી ગુસાંઈજીની કૃપા ! તારા વિના ભોજન થી કરતા અને તે એમનાથી આવું કર્યું, તેથી હવે હું તને છોડું છું અને આ જ પછી જો તું શ્રીગુસાંઈજીથી ગાડીશ તો હું તને કદીયે નહીં છોડું. એ પ્રકારે બીરબલે કહીને કૃષ્ણદાસને શ્રીગિરિધરજીના હવાલે કરી ીધા. ત્યાને ગિરિધરજી કૃષ્ણદાસને લઈને પરસોલીમાં પદાર્યા. શ્રીગુસાંઈજી પોતે કૃષ્ણદાસને જોઈને ીગોવર્ધનનાથજીના અધિકારી જાણીને ઊઠીને ઊભા થયા. ત્યારે કૃષ્ણદાસે દીન થઈને શ્રીગુસાંઈજીને ંડવત કરીને ચરણસ્પર્શ કરીને આ પદ ગાયું, તે પદ-

રાગ સારંગ : તાહિ કો સિર નાહીએ જો શ્રીવલ્લભસૂત પદરજ રતિ હોય ! કીજે કહાં આન ઊંચે પદ, તિનસો કહાં સગાઈ મોય ।।૧।। જાકે મનમેં ઉગ્ર ભરમ હે શ્રીવિઠ્ઠલ શ્રીગિરિધર દોઈ ।।૨।। ાકો સંગ વિષમ વિષ હું તે ભૂલે ચતુર કરો જિન કોઈ ।।૨।। સાર વિચાર મતો કરિ, શ્રુતિ-વચ ગોધન લિયો નિચો ।। તહાં નવનીત પ્રગટ પુરુષોત્તમ સહજહી ગોરસ લિયો હે બિલો ।।૩।। ઉગ્ર પ્રતાપ દેખી અપને ચખ અસ્પ્રસાર જયોં ભિદે ન તોય । કૃષ્ણદાસ સુરતે અસુર ભએ, અસુર તે સુર ભએ, ચરનન છોય ।।૪।।

એ પદ સાંભળીને શ્રીગુસાંઈજી પોતે બહુ પ્રસન્ન થયા. ત્યારે કૃષ્ણદાસે પોતે વિનંતી કરી કે મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો અને હવે આપ શ્રીગોવર્ધનનાથજીની સેવામાં પધારો. ત્યારે શ્રીગુસાંઈજી પોતે કહે કે તમારી આજ્ઞા થઈ છે તો હવે ચાલીશું. પછી કૃષ્ણદાસને સંગ લઈને શ્રીગુસાંઈજી પોતે શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં પધાર્યા અને શ્રીગોવર્ધનનાથજીને દંડવત કર્યા પછી શૃંગારનો સમય હતો અને અષાડ સુદ ૬ નો દિવસ હતો તેથી કસુંબી કુલેહ અને પિછોડા ધરાવ્યા. અને રાજભોગ સુધી પહોંચ્યા. પછી ઉત્થાપનથી સેન પર્યંતની સેવાથી પહોંચીને સેન આરતી કરી. અને શ્રીગુસાંઈજીએ પોતે શ્રીનાથજીની સન્મુખ કૃષ્ણદાસને દુશાલો ઓઢાવ્યો, અને કહે કે શ્રીગોવર્ધનધરનો અધિકાર કરો. તમે ધન્ય છો. ત્યારે તે સમયે કૃષ્ણદાસે આ પદ ગાયુ; તે પદ-

રાગ કાન્હરો : પરમ કૃપાલ શ્રીવલ્લભાનંદન, કરત કૃપા નિજ હાથ દે માથે ।। જે જન શરનિ આએ અનુસર હી. ગહિ સોંપત શ્રીગોવર્ધનનાથે ।।૧।। પરમ ઉદાર ચતુર ચિંતામન, રાખત ભવધારા તે સાથે ।। ભજિ “કૃષ્ણદાસ” કાજ સબ સરહી જો જાન શ્રી વિઠ્ઠલનાથે ।।૨।।

એ પદ કૃષ્ણદાસે ગાયું અને વિનંતી કરી કે મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો, ત્યારે શ્રીગુસાંઈજી પોતે શ્રીમુખથી કહે કે તમારો અપરાધ શ્રીનાથજી ક્ષમા કરશે. તે પછી શ્રીગુસાંઈજીએ અનોસર કરાવીને બધાનું સમાધાન કર્યું. ત્યારે બધા વૈષ્ણવ અને સેવકો પ્રસન્ન થયા. પછી જેમ નિત્ય સેવા શ્રૃંગાર પોતે શ્રીગોવર્ધનધરજીને કરતા હતા તેમજ કરવા લાગ્યા. અને કૃષ્ણદાસ શ્રીગુસાંઈજીની આજ્ઞાથી અધિકારની સેવા કરવા લાગ્યા.

વાર્તાપ્રસંગ ૯ : વળી એક સમય શ્રીગુસાંઈજી પોતે શ્રીગોકુલમાં હતા ત્યારે કૃષ્ણદાસ શ્રીગોવર્ધનથી શ્રીગોકુલ આવ્યા. એટલે શ્રીગુસાંઈજીએ ઊઠીને શ્રીગોવર્ધનનાથજીના અધિકારી જાણીને કૃષ્ણદાસનું બહુ પ્રસન્નતાપૂર્વક સમાધાન કર્યું. અને પોતાની પાસે બેસાડ્યા. પછી શ્રીગોવર્ધનધરના કુશલ સમાચાર પૂછ્યા. અને કૃષ્ણદાસને પોતાના શ્રીહસ્તથી શ્રીનવનીતપ્રિયાજીનો મહાપ્રસાદ ધર્યો તે પછી સેનભોગનો મહાપ્રસાદ લેવડાવીને રાત્રિએ સુંદર સેજ શયન ઉપર કરાવ્યું. પછી જ્યારે પ્રાતઃકાલ થયો. ત્યારે કૃષ્ણદાસ ચાલવા લાગ્યા. તે સમયે કૃષ્ણદાસે શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે મહારાજ ! મારું મન વૃંદાવન જોવાનું ઘણું છે, ત્યારે શ્રીગુસાંઈજી પોતે કહે કે સારું જાવ, પરંતુ દુઃખ પામશો.

પછી કૃષ્ણદાસ યમુનાજીના પાર ગયા, શ્રીગુસાંઈજીએ ના કહી તો પણ મન ન માન્યું. ને વૃંદાવનથી ચાલ્યા. મધ્યાહ્ન સમયે વૃંદાવનમાં આવ્યા. ત્યારે વૃંદાવનના સંત મહંત કૃષ્ણદાસને મળવાને આવ્યા. તે સમયે કૃષ્ણદાસને જ્વર ચઢ્યો, એથી તરસ લાગી. કંઠ સુકાવા લાગ્યો, ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે તરસ લાગી છે. કંઠ સુકાય છે, ત્યારે સંત મહંતોએ કહ્યું કે જલદી જલ લાવીએ કૃષ્ણદાસ તો એકલા જ રથ ઉપર બેસીને ગયા હતા તેથી કૃષ્ણદાસે કહ્યું કે શ્રીગોકુલનો વલ્લભી વૈષ્ણવ હોય તેને જ કહો કે જલ લાવે. તો હું પીઉં. ત્યારે બધા સંત મહંતોએ કૃષ્ણદાસને તર્ક કરીને કહ્યું કે અહીં તો કોઈ વૈષ્ણવ નથી, શ્રીગોકુલનો ભંગી અહીં પરણ્યો છે, છે અહીં આવ્યો છે, એને તમે કહો તો બોલાવીએ. ત્યારે કૃષ્ણદાસે કહ્યું, કે એ શ્રીગોકુલનો ભંગી એ બધાથી શ્રેષ્ઠ છે. અને કહેજો કે કુંભનદાસના ઘરથી કોરું વાસણ લાવીને શ્રીયમુનાજીમાં ન્હાઈને જલ ભરી લાવે. ત્યારે એમણે જઈને ભંગીને કહ્યું કે કૃષ્ણદાસને જ્વર ચઢ્યો છે. તે તરસ્યા છે. તે કહે છે તેથી તું એમને માટે જલ લઈજા. ત્યારે એ ભંગી ત્યાંથી દોડ્યો તે સમયે શ્રીગુસાંઈજી પોતે નવનીતપ્રિયાજીનાં રાજભોગ આરતિ કરી શ્રીનાથજીદ્વાર પધારવાને ઘાટ ઉપર આવ્યા હતા. એટલામાં એ ભંગીએ કપડાની ઓટ કરીને મુખથી કહ્યું કે મહારાજ ! કૃષ્ણદાસ શ્રીવૃંદાવનમાં છે ત્યાં એમને જ્વર ચઢ્યો છે. અને તરસ્યા છે. જલ મારી પાસે માંગ્યુ છે તેથી હું વૃંદાવનથી અહીં દોડ્યો આવું છું. ત્યારે શ્રીગુસાંઈજી ખવાસ પાસેથી જલની ઝારી લઈને ઘોડા ઉપર અસવાર થઈને જલદી આપ વૃંદાવન પધાર્યા. અને કૃષ્ણદાસને રથ ઉપરથી ઉઠાવીને જલ પાયું. પછી કૃષ્ણદાસ સાવધાન થયા, જ્વર પણ ઊતરી ગયો. ત્યારે કૃષ્ણદાસે શ્રીગુસાંઈજીને દંડવત કરીને આ પદ ગાયું, તે પદ-

રાગ કાન્હરો : શ્રીવિઠ્ઠલજુ કે ચરનનિ કી બલિ ।। હમસે મતિત ઉદ્ધારન કારન પરમ કૃપાલ આપુ આએ ચલિ ।।૧।। ઉજ્જવલ અરુન દયા રંગ રંજિત, નવ નખચંદ્ર વિરહતમ નિર્દલ ।। સેવત સુખકર સોભ્મા પાવત, ભક્ત મુદિત લલિત પદ અંગુલિ ।।૧।। અતિસે મૃદુલ સુગંધ સુ સીતલ, પરસત ત્રિવિધ તાપ ડારત મલિ ।। કહ 'કૃષ્ણદાસ' બાર એક સુધી કરી તેરો કહા કરેગો રિપુ કલિ ।।૩।।

ને પદ ગાઈને કૃષ્ણદાસે શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે મહારાજ ! મેં આપનું કહ્યું ન માન્યું તેથી આટલું દુઃખ પામ્યો. તે પછી શ્રીગુસાંઈજીની સંગે કૃષ્ણદાસ શ્રીગોવર્ધન આવ્યા. સેન આરતિનો સમય થયો હતો. ત્યારે ગુસાંઈજીએ ન્હાઈ સેન આરતિ કરી, પછી કૃષ્ણદાસે આ પદ ગાયું તે પદ-

રાગ કાન્હરો : આજુકો દિન ધનિ ધનરિ માઈ, નેન ભરી દેખે નંદનંદન ॥ પરમ ઉદાર મનોહર મૂરતિ, તાપ હરત લખિ પુજત ચંદન ॥૧॥ નવલરાય શ્રીગોવર્ધનધારી રૂપ રાસી યુવતી મન ફંદન ॥ ધ્વજા વજકુંસ વહાં બિરાજત 'કૃષ્ણદાસ' કીનો પદ વંદન ॥૨॥

પછી શ્રીગુસાંઈજી અનોસર કરાવીને પર્વત નીચે પધાર્યા, એ પ્રકારે કૃષ્ણદાસે બહુ દિવસ સુધી શ્રીગોવર્ધનનાથજીનો અધિકાર કર્યો.

વાર્તાપ્રસંગ ૯ : પછી એક દિવસ એક વૈષ્ણવને આવીને કૃષ્ણદાસને કહ્યું કે મારે અહીં એક કૂવો બનાવરાવવો છે પણ મારે મારા દેશ જવું છે. તો હું તો મારા દેશ જઈશ તમે આ દ્રવ્ય રાખો. એમ કહીને એ વૈષ્ણવ કૃષ્ણદાસનો ત્રણસો રૂપિયા આપીને પોતાના દેશ ગયો. ત્યારે કૃષ્ણદાસે એ વૈષ્ણવના રૂપૈયામાંથી એકસો રૂપિયા એક કુલડામાં ધરીને બાગમાં એક આંબાના વૃક્ષ નીચે દાટી રાખ્યાં. તે પછી સુંદર મુહૂર્ત જોઈને પુંછરીની પાસે બાગમાં કૂવાનો આરંભ કર્યો. કેટલાક દિવસ પછી કૂવો બનીને તૈયાર થયો અને બસો રૂપિયા ખર્ચ થયો. પછી કૂવાનું મહોડું બનાવવાનું બાકી રહ્યું ત્યારે કૃષ્ણદાસજીએ મનમાં વિચાર્યું કે સો રૂપિયામાં મહોડું સારું બનશે. તે પછી શ્રીગોવર્ધનધરના ઉત્થાપનના દર્શન કરીને કૃષ્ણદાસ એ કૂવો જોવા ગયા અને કૂવાને જોવા લાગ્યા. તે વખતે કૃષ્ણદાસના હાથમાં લાકડી હતી. તે લાકડીને ટેકીને કૃષ્ણદાસ તે કૂવા ઉપર ઊભા હતા એટલામાં લાકડી ખસી, તેથી કૃષ્ણદાસ લાકડી સહિત કૂવામાં જઈ પડ્યાં, એટલે બધા મનુષ્યો જે પાસે ઊભા હતા તેમણે બૂમરાણ કરી, કે કૃષ્ણદાસ કૂવામાં પડ્યા કેટલાક મનુષ્યો દોડ્યા તે દોરડા ટોપલા લાવ્યા અને બે મનુષ્યો કૂવાની અંદર ઊતર્યા બહુ ખોળ્યા પરંતુ કૃષ્ણદાસનું શરીર ન મળ્યું. એ મનુષ્ય પાછા ફરી આવ્યા. તે સમયે શ્રીગુસાંઈજી શ્રીગોવર્ધનધરને સેનભોગ ધરીને બહાર બિરાજ્યા હતા અને રામદાસ ભીતરિયા શ્રીગુસાંઈજી પાસે બેઠા હતા, તે સમયે મનુષ્યોએ જઈને કહ્યું કે મહારાજ ! કૃષ્ણદાસ કૂવાને જોતા હતા તે લાકડી ખસી તેથી કૂવામાં પડ્યા. પછી મનુષ્ય કૂવામાં ખોળવાને ઊતર્યા પણ કૃષ્ણદાસનું શરીરે પણ મળ્યું નથી તે સમયે રામદાસ ત્યાં ઊભા હતા તે કહે 'તામસાનાચોગતિઃ' ત્યારે એ સાંભળીને શ્રીગુસાંઈજી આપ કહે કે રામદાસજી ! એમ ન કહીએ. કૃષ્ણદાસ શ્રીઆચાર્યજી મહાપ્રભુના કૃપાપાત્ર વૈષ્ણવ હતા. આ તો લીલા છે. કૂવામાં પડ્યા તો શું થયું ! શું જાણીએ કે શું રહસ્ય હશે !

ભાવપ્રકાશ : એનું કારણ શ્રીગુસાંઈજી આપ તો જાણતા હતા કે પ્રેતયોનિનો શાપ છે પણ તે આપે પ્રકટ ન કર્યું. તે કૃષ્ણદાસ આ દેહ સુધ્ધાં પ્રેત થયા, તે પૂછરીની પાસે પીપરનું વૃક્ષ છે તેની ઉપર જઈને બેઠા.

વાર્તાપ્રસંગ ૧ : વળી શ્રીગુસાંઈજી પોતે શ્રીમુખથી કહેતા કે કૃષ્ણદાસે શ્રીગોવર્ધનધરનો અધિકાર સારો કર્યો અને હવે એવા સેવક ક્યાં મળે ! વળી અધિકારી વિના કામ ચાલશે નહીં તેથી વિચાર કરવો જોઈએ. ત્યારે રામદાસજીએ વિનંતી કરી કે મહારાજ ! જેને તમે આજ્ઞા કરશો તે જ કરશે.

શ્રીગોવર્ધનનાથજીની સેવા ભાગ્યથી મળે છે. ત્યારે શ્રીગુસાંઈજી પોતે કહે, કે અમે ક્યાં જીવને કહીએ ! ક્યા જીવનો બગાડ કરીએ ! તો બહુ કઠણ છે અને બગડવાનું તત્કાલ બને છે.

ભાવપ્રકાશ : તે એથી કે શ્રીઆચાર્યજી શ્રીસુબોધિનીજીમાં કહે છે કે શ્રીભાગવતનારાયણે બ્રહ્માને સંભળાવ્યું છે, પરંતુ બ્રહ્મા સૃષ્ટિ કરવાના અધિકારી છે, તેથી શ્રીભાગવત ફલિત ન થયું. પછી બ્રહ્માએ નારદજીને કહ્યું પણ નારદજીને બધા દેશોમાં ફરવાનો અધિકાર છે, તેથી ફલિત ન થયું. નારદે વેદવ્યાસજીને કહ્યું તે વેદવ્યાસજી શાસ્ત્ર કરવાને અધિકારી છે, તેથી વ્યાસજીને પણ ફલિત ન થયું. પછી વ્યાસજીએ શુકદેવજીને કહ્યું, તે શુકદેવજીએ સર્વ ત્યાગ કર્યો તેથી તે પણ ત્યાગમાં લાવ્યા પછી પરીક્ષિતનો સર્વ ત્યાગ થયો ત્યારે અધિકારી શ્રીભાગવતના થયા, જ્યારે શુકદેવજીએ રાતદિવસ (સાત દિવસ) સુધી કથા કહી ત્યારે સાતમા દિવસે પરીક્ષિતને ભગવત્પ્રાપ્તિ થઈ તેવો જ આ શ્રીભાગવતરૂપ પુષ્ટિ માર્ગ છે, એના અધિકારી નિરપેક્ષ હોય તેને જ આ માર્ગ ફલિત થાય.

તેથી શ્રીગોવર્ધનધરનો અધિકાર અમે કોને દઈએ ? કોને બગાડ કરીએ ? ત્યારે રામદાસજી સાંભળીને ચૂપ થઈ રહ્યા, એટલામાં સેનભોગનો સમય થયો, ત્યારે સેનભોગ શ્રીગુસાંઈજીએ સરાવ્યા. પછી સેન આરતિ કર્યા પછી શ્રીગુસાંઈજીએ પોતે શ્રીગોવર્ધનધરને પૂછ્યું કે મહારાજ ! કૃષ્ણદાસની તો દેહ છૂટી અને અધિકારી વિના ચાલશે નહીં. તેથી આપ કહો તેને અધિકારી કરીએ, ત્યારે શ્રીગોવર્ધનનાથજી કહે કે અમે પણ ક્યા જીવનો બગાડ કરીએ ! જે કોઈ અધિકાર લેશે તેનો બગાડ થશે તેથી તમે એક કામ કરો કે અધિકારનો દુશાલો લઈને બધાની આગળ કહો, જેને અધિકાર કરવો હોય તે આ દુશાલે ઓઢે ત્યારે જે આવીને કહે તેને દો. જેને પડવું હશે તે આપ મેળે જ આવશે. તે પછી શ્રીગુસાંઈજીએ પોતે પ્રસન્ન થઈને શ્રીગોવર્ધનનાથજીને સેન કરાવ્યા. પછી બીજા દિવસે રાજભોગ આરતિના સમયે બધા વ્રજવાસી વૈષ્ણવોને ભેગા કરીને શ્રીગુસાંઈજીએ પોતે હાથમાં દુશાલો લીધો. પછી બધાને સંભળાવીને કહ્યું કે જેને શ્રીનાથજીના ઘરનો અધિકાર કરવો હોય તે આ દુશાલો ઓઢે. એ સાંભળીને કેટલાકે કહ્યું કે અમે કરીશું. ત્યાર પહેલાં એક ક્ષત્રી બોલ્યો હતો તેને દુશાલો ઓઢાડ્યો. તે પછી શ્રીગોવર્ધનનાથજીની આરતી કરી અનોસર કરાવી શ્રીગુસાંઈજી પોતે શ્રીગોકુલ પધાર્યા.

પછી કેટલાક દિવસ વિત્યા. ત્યારે એક સમય શ્રીગોવર્ધનનાથજીની ભેંસ ખોવાઈ ગઈ. તે જંગલમાં નીકળી ગઈ. ત્યારે ભેંસ ખોળવા માટે ગોપીનાથદાસ અને પાંચ સાત ગ્વાલ પૂછરી તરફ ગયા. એ બધા પરમ કૃપાપાત્ર ભગવદીય હતા. તે જુએ તો શ્રીગોવર્ધનનાથજી સખાઓ સહિત પૂછરી પાસે એક પીપરની નીચે ખેલે છે. અને ઉપર કૃષ્ણદાસ અધિકારી પ્રેત થઈને બેઠા છે. ત્યારે કૃષ્ણદાસ અધિકારીએ ગોપીનાથદાસને જય શ્રીકૃષ્ણ કર્યા અને કહ્યું કે અરે ભાઈ ! ગોપીનાથદાસ ગ્વાલ ! તું મારી વિનંતી શ્રીગુસાંઈજીને કરજે અને કહેજે કે પાપની અપરાધથી મારી આ અવસ્થા થઈ છે, અને શ્રીગોવર્ધનધર દર્શન દે છે તે આપની કૃપાથી દે છે.

ભાવપ્રકાશ : હવે શ્રીગોવર્ધનનાથજીની આગળ અધિકારીનો દુશાલો શ્રીગુસાંઈજીએ કૃષ્ણદાસને (બીજી વાર) ઓઢાડ્યો હતો. ત્યારે કૃષ્ણદાસે આ પદ ગાયું હતું. પરમ કૃપાલ શ્રીવલ્લભનંદન એ પદ ગાઈને કૃષ્ણદાસે શ્રીગુસાંઈજીને કહ્યું કે મહારાજ ! મેં છ મહિના સુધી આપને વિપ્રયોગ કરાવ્યો. તે આપ

મારો અપરાધ ક્ષમા કરો. ત્યારે શ્રીગુસાંઈજી પોતે કહે કે તમારો અપરાધ શ્રીનાથજી ક્ષમા કરશે. એ શ્રીગુસાંઈજીએ પોતે કહ્યું તેથી શ્રીગોવર્ધન દર્શન દે છે. અને બોલે છે, અને વાત્તો કરે છે. પરંતુ શ્રીગુસાંઈજી પોતે અપરાધ ક્ષમા નથી કર્યો, તેથી પ્રેતયોનિ છૂટતી નથી અને કૃષ્ણદાસ શ્રીગોવર્ધનનાથજીને પણ કહેતા કે મહારાજ ! મને દર્શન દો છો તો પ્રેતયોનિ કેમ છોડાવતા નથી ? ત્યારે શ્રીગોવર્ધનનાથજી કહે કે એ અમારા હાથમાં નથી. ઉદ્ધાર તો મારો શ્રીગુસાંઈજી હાથ છે. કેમ કે લીલામાં શ્રીચંદ્રાવલીજીનો શાપ છે કે પ્રેતયોનિ થાય તે કોણ છોડાવે તેથી યદ્યપિ શ્રીસ્વામિનીજીની સખી લલિતા રૂપ કૃષ્ણદાસ છે. પરંતુ આગળનું વચન વિચારીને છોડાવતા નથી તેથી કૃષ્ણદાસે ગોપીનાથદાસ ગ્વાલને કહ્યું કે તું મરી વિનંતી શ્રીગુસાંઈજીને કરજે. કેમ કે શ્રીગુસાંઈજીની કૃપા વિના મારી ગતિ નથી.

અને બિલછુની તરફ બાગમાં આંબાના વૃક્ષની નીચે, રૂપિયા બસો, એક કૂલડામાં ભરીને દાટ્યા છે તે કાઢીને કૂવાનું ઉપરનું મહોડું બનાવડાવી દેજો એ ગુસાંઈજીને કહેજો. વળી શ્રીનાથજીની ભેંસ તમે ખોળવા આવ્યા છો. તે ઘના (ઝાડોની સઘનઘટા)માં ચરે છે. પછી ગોપીનાથ ગ્વાલ ઘનામાંથી ભેંસ લઈને ગોપાલપુર આવ્યા. તે ભેંસને દોહી, ગોદોહન બધી ગાય ભેંસનું કર્યું, તે પછી શ્રીગુસાંઈજી પોતે શ્રીનાથજીની સેન આરતિ કરીને અનેસર કરાવી પર્વતથી ઊતર્યા અને પોતાની બેઠકમાં આવીને બિરાજ્યા. ત્યારે ગોપીનાથદાસે શ્રીગુસાંઈજીને દંડવત કરીને કહ્યું કે મહારાજ ! આજ શ્રીનાથજીની ભેંસ ખોવાઈ હતી. તે ખોળવાને પૂછરી તરફ અમો ગયા હતા. ત્યાં કૃષ્ણદાસ અધિકારીને પ્રેત થયેલા દેખ્યા. કૃષ્ણદાસ પીપળાના વૃક્ષ ઉપર બેઠા છે. કૃષ્ણદાસે મને ભગવદ્ સ્મરણ કર્યા અને આપને આ વિનંતી કરી છે કે હું પ્રેત છું. મેં આપનો અપરાધ કર્યો છે તેથી મને પ્રેતયોનિ પ્રાપ્ત થઈ છે, આપને હાથે મારો ઉદ્ધાર છે. વળી બાગમાં આંબાના વૃક્ષની નીચે કૂલડામાં સો રૂપિયા દાટ્યા છે તે કાઢીને કૂવાનું મહોડું બનાવવાનું કહ્યું છે. ભેંસ પણ કૃષ્ણદાસે બતાવી દીધી છે, જે અમે લઈ આવ્યા છીએ. ત્યારે શ્રીગુસાંઈજી પોતે પોતાના મનમાં વિચારે કે કૃષ્ણદાસને બહુ દુઃખ છે. હવે એમને પ્રેતયોનિમાંથી છોડાવવા. એમ કહીને તત્કાલ ઊઠીને બાગમાં પધાર્યા. ત્યાંથી રૂપિયા ૧૦૦ કાઢીને નવો અધિકારી કર્યો હતો એને દઈને કહ્યું કે આ રૂપિયાથી કૃષ્ણદાસવાળા કૂવાનું મહોડું બનાવડાવજો. તે પછી શ્રીગુસાંઈજી પોતે એ જ રાત્રિએ અવસાર થઈને મથુરાજી પધાર્યા. પ્રાતઃકાલ થયે શ્રીગુસાંઈજીએ પોતે પોતાના શ્રીહસ્તથી કૃષ્ણદાસનું ક્રિયામણ કરી ધ્રુવઘાટ ઉપર શ્રાદ્ધ કર્યું અને કૃષ્ણદાસની પ્રેતયોનિ છોડાવીને દિવ્ય શરીર કરીને લીલામાં પ્રાપ્ત કરાવ્યા તે બિલછુ સામે ગિરિરાજમાં બારી છે, તે દ્વારના મુખિયા કૃષ્ણદાસ છે. ત્યાં જઈને બિરાજ્યા આ પ્રકારે કૃષ્ણદાસની લીલાપ્રાપ્તિ શ્રીગુસાંઈજીએ પોતે કરાવી.

ભાવપ્રકાશ : ત્યાં એક સંદેહ થાય કે શ્રીગુસાંઈજીની કૃપાથી ઉદ્ધાર ન થયો ? તે પોતે મથુરામાં પધાર્યા અને ધ્રુવ ઘાટ ઉપર શ્રાદ્ધ કર્યું ! તે કૃપાથી શું શ્રાદ્ધ અધિક છે ? ત્યાં કહે છે કે ગોપીનાથદાસ અને ગ્વાલ કૃષ્ણદાસને પ્રેત થયેલા જોઈને આવ્યા, બધા સેવકો વ્રજવાસીઓની આગળ ગોપીનાથદાસ ગ્વાલે શ્રીગુસાંઈજીને કહ્યું કે, કૃષ્ણદાસ પ્રેત થયા છે અને તેમણે આપને વિનંતી કરી છે આપ મને પ્રેતયોનિથી છોડાવો જેથી શ્રીગુસાંઈજી ચાહે તો મનમાં વિચારે ને છુટકારો થાય પરંતુ પછી જો વ્રજવાસી કોઈ પ્રેત થાય તો શ્રીગુસાંઈજીને કહે કે આપ છોડાવો અને ન છોડાવો તો તમને દોષબુદ્ધિ થાય અને જીવનો બગાડ થાય. તેથી શ્રીગુસાંઈજીએ પોતે શ્રીમથુરાજીમાં પધારીને ધ્રુવઘાટ ઉપર શ્રાદ્ધ કર્યું અને એ બહાને છોડાવ્યા. તેથી

બધાએ જાણ્યું કે ધ્રુવ ઘાટનું શ્રાદ્ધ એવું જ છે. ધ્રુવઘાટનો આ મહિમા વધારીને પોતાનું મહાત્મ્ય, કાલ જાણીને ઢાંક્યું. બીજું કારણ એ છે કે કૃષ્ણદાસ એવા ભગવદીય હતા કે એમના તો કોટના કોટી પુરખાઓનો (પેઢીનો) ઉદ્ધાર થાય. કે શ્રીભાગવતમાં શ્રીનૃસિંહજીને પ્રહ્લાદે કહ્યું કે-

મહારાજ ! મારા પિતાનો ઉદ્ધાર થાય. ત્યારે શ્રીનૃસિંહજી કહે કે જે કુલમાં ભગવદ્‌ભક્ત થાય તેના એકવીશ પુરખા (પેઢી) તરે. તેથી તમે સંદેહ કેમ કરો છો ? તે પ્રહલાદજી તો મર્યાદા ભક્ત થયા અને કૃષ્ણદાસજી તો પુષ્ટિ માર્ગીય ભગવદીય થયા, તો એમના તો કોટાન કોટી પુરખાઓના (વડવાઓનો) ઉદ્ધાર છે, પરંતુ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સંબંધ વિના લીલામાં પ્રવેશ ન થાય, તેથી કૃષ્ણદાસના મિષે કરી તેમના વડવાઓને સૃષ્ટિમાં મુક્ત કર્યા કેમકે કૃષ્ણદાસજી શ્રીગુસાંઈજી બધો શ્રીગોવર્ધનધરનો પરિકર અલૌકિક છે. અહીં ઈર્ષા નથી તેથી ભૂમિ ઉપર ભગવદલીલા જાણી બધું કહેવું સાંભળવું.

આ પ્રકારે કૃષ્ણદાસની વાર્તા મહા અલૌકિક છે. શ્રીગુસાંઈજી કહે કે કૃષ્ણદાસે રાસત્દિક કીર્તન એવાં અદ્‌ભુત કર્યા છે કે બીજાથી ન થાય. શ્રીઆચાર્યજીના સેવક થઈને સેવા પણ એવી કરી જે બીજાથી ન બને. શ્રીનાથજીનો અધિકાર પણ એવો કર્યો કે બીજાથી ન થાય. આ પ્રકારે શ્રીગુસાંઈજીએ પોતે શ્રીમુખથી કૃષ્ણદાસનાં વખાણ કર્યા. એ કૃષ્ણદાસ અધિકારી શ્રીઆચાર્યજીના એવા કૃપાપાત્ર ભગવદીય હતા. એમના ઉપર શ્રીગોવર્ધનદાસ સદા પ્રસન્ન રહેતા. તેથી એમની વાર્તાનો પાર નથી. એમની વાર્તા અનિર્વચનીય છે તે ક્યાં સુધી કહીએ.

ઈતિશ્રી ચોરાશી વૈષ્ણવોની વાર્તા, જે શ્રીગોકુલનાથજીએ પ્રકટ કરી અને તેનો ભાવ શ્રીહરિરાયજીએ કહ્યો તે સંપૂર્ણ

સમાપ્ત

અમારા પ્રકાશનો

૨૫૨ વૈષ્ણવની વાર્તા

ત્રણ જન્મની
લીલા-ભાવના
સાથે....



ભાવ સિન્ધુ

ગો. વિઠ્ઠલનાથજી (ગુંસાઈજી)
નાચતુર્થ લાલન શ્રી ગોકુળનાથજી
વિરચિત

श्री श्री प्यारी राधे यमुना

ગર્ગ સંહિતા

મૂળ પ્રણેતા
શ્રીમદ્ ગર્ગાચાર્યજી
વિરચિત

કોઠારી પ્રકાશન ગૃહ